जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

# JAINSITE E-BOOKS LITERATURE

## JAIN HISTORY • JAIN GRANTH • JAIN SUTRA
## JAIN VIDHI • JAIN STORY • JAIN ASTROLOGY

And Many More Books in Gujarati, Hindi & English

જૈનસાઇટ ઈ-બુક્સ લિટરેચર ના સંપુર્ણ લાભાર્થી

## શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ,
(જુના નાગરદાસ રોડ), અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ०૬૯.





www.jainsite.com

Blessings : P. P. PANYAS SHREE NIPUNCHANDRA VIJAYJI M. S.
Inspired by : MUNI BHAGYACHANDRA VIJAYJI M. S.
Created by : nikhil sambhav NEVER STOP

E-mail: info@jainsite.com • Tel.: 09867711171

।। ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

## જૈન ઈ-બુક્સ ના સંપુર્ણ લાભાર્થી

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)



।। ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

ટ્રસ્ટની નોંધણી નં. F-4210 (BOM)
સોસાયટીની નોંધણી નં. Bombay 381/1976 G.B.B.S.D.

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ, (જુના નાગરદાસ રોડ),
અંધેરી (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૬૯.

## પ્રસ્તાવના

અનેક પરમોપકારક આચાર્ય દેવ જ્ઞાની, તપસ્વી મુનિરાજ, સેવાભાવી સાધ્વીજી ભગવંતોના અદ્ધિતિય-અદ્‌ભૂત-અવર્ણનીય આશિર્વાદથી તથા મહાપવિત્ર મંત્રોચ્ચાર અને વિધિ વિધાન દ્વારા સ્થાપિત આકર્ષક અલૌકિક અનેરૂ અને મનમોહક ૨૩મા ભગવાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી મનોરમ્ય, નેત્ર દિપક લાવણ્યમય પ્રતિમાજીને મૂળનાયક તરીકે બિરાજમાન કરેલ દેવવિમાન તુલ્ય તીર્થસમ જિનાલય એટલે મારું-તમારું અને આપણા સહુનુ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનું શિખરબંધી જિનાલય તથા ધીર-વીર-ગંભીર-સરળ-ભક્તિ-ધાર્મિક પાપભીરૂ દાનવીર અને ઉત્તમોત્તમ શ્રાવક-શ્રાવિકાઓથી બનેલો ૨૫મા તીર્થંકર તરીકે ઓળખાતો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ, અંધેરી (પૂર્વ) એટલે અમારો શ્રી અને સરસ્વતીથી સભર બનેલો વિનયી-વિવેકી અને ગુરૂભગવંતોનો કૃપાપાત્ર બનેલ ચારે તરફ એ દશે દિશાઓમાં જૈનમ્ જયતિ શાસનમ્ ની યશોગાથા નો વિજયઘોષ ૧૪ રાજલોકમાં ગુંજતો કરનાર એટલે અમારો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ અંધેરી (પૂર્વ) અનેક નાના મોટા ધાર્મિક અનુષ્ઠાનો કરનાર શ્રી સંઘોને મદદરૂપ બનનાર, અનેક પાંજરાપોળોને સહાયભૂત થનારો અનેક સાધુ-સાધ્વીજી ભગવંતોના વૈયાવચ્ચમાં સદાય અગ્રેસર, ગૃહ જિનાલયમાંથી શરૂ થયેલ આજે ઉત્તુંગ ગગનચુંબી આકર્ષક શિખરબદ્ધ જિનાલય જેમાં દેવ-દેવીઓની દેવકુલિકાઓ શોભી રહી છે. શ્રી સંઘમાં કાયમી આયંબિલ ખાતુ-બે બે પાઠશાળાઓ, જ્ઞાનભંડાર એટલે શ્રી સંઘ શક્તિનું નમૂનેદાર નજરાણું કહેવાય.

યુગદિવાકર પ. પૂ. ઉપકારી ગચ્છના નાયક આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. સા. ની શુભ પ્રેરણા માર્ગદર્શક તથા તેમની શુભ નિશ્રામાં નિર્મિત અને સ્થાપિત શ્રી જિનાલય તથા પ. પૂ. શતાવધાની આ. ભ. શ્રી જયાનંદસૂરીજીની પ્રેરણાથી તા. ૪-૪-૧૯૭૬ માં શ્રી સંઘની સ્થાપનાના સુંદર વિચારોનું બીજ આજે ઘેઘુરો ઘટાદાર વૃક્ષ સમાન બન્યો છે. ચમત્કારી અને અલૌકિક મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરીને જૈન-જૈનતરોની ઇચ્છાઓ ફળીભૂત થઈ છે.

નિસહાય-અબોલ બનેલા ઢોરોની અને પાંજરાપોળોને અમારા શ્રી સંઘે ઉદાર હાથે મદદ કરી છે તથા હાલમાં કેળવણી ક્ષેત્રે, મેડીકલ ક્ષેત્રે, સાધર્મિક ક્ષેત્રે, અનુકંપા ક્ષેત્રે પણ શ્રી સંઘની જ એક શાખા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ફાઉન્ડેશન દ્વારા આર્થિક સહાય ચાલુ છે.

**શ્રી શ્વે. મૂ. જૈન સંઘ વતી**

પ્રમુખ

શ્રી મોતીચંદ કાપડિયા ગ્રંથમાળા ગ્રંથાંક-૭

વાચક શ્રી ઉમાસ્વાતિ વિરચિત

# પ્રશમરતિ

[વિસ્તૃત ગુજરાતી વિવેચન સહિત]


વિવેચક

સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા

બી. એ., એલએલ. બી., સોલિસિટર અને નોટરી પબ્લિક



जैन साईट
JAINSITE.com
जैनम् जयति शासनम्



પ્રકાશક

શ્રી મહાવીર જૈન વિદ્યાલય

ઓગસ્ટ ક્રાંતિ માર્ગ

મુંબઈ-૪૦૦૦૩૬



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી મોતીચંદ કાપડિયા ગ્રંથમાળા ગ્રંથાંક-૭

વાચક શ્રી ઉમાસ્વાતિ વિરચિત

# પ્રશમરતિ

[ વિસ્તૃત ગુજરાતી વિવેચન સહિત ]

વિવેચક

સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા

બી. એ., એલએલ. બી., સોલિસિટર અને નોટરી પબ્લિક

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

પ્રકાશક

શ્રી મહાવીર જૈન વિદ્યાલય

ઑગસ્ટ ક્રાંતિ માર્ગ

મુંબઈ-૪૦૦૦૩૬

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકાશક :
જયંતીલાલ રતનચંદ શાહ
જગજીવન પોપટલાલ શાહ
રમણલાલ ચીમનલાલ શાહ
માનાર્હ મંત્રીઓ :
**શ્રી મહાવીર જૈન વિદ્યાલય**
ઑગસ્ટ ક્રાંતિ માર્ગ
મુંબઈ-૩૬

પહેલી આવૃત્તિ : નકલ ૨૦૦૦
વીર નિ. સં. ૨૫૧૨
વિ. સં. ૨૦૪૨
મે, ૧૯૮૬

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

કિંમત : 50 [redacted] રૂપિયા

મુદ્રક :
ઠાકોરભાઈ ગોવિંદભાઈ શાહ
શારદા મુદ્રણાલય
પાનકોર નાકા, ગાંધી માર્ગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકાશકીય નિવેદન

પરમ પૂજ્ય વાચક શ્રી ઉમાસ્વાતિ મહારાજે રચેલ 'પ્રશમરતિ' ગ્રંથ જૈન આચારનો મહત્ત્વનો ગ્રંથ છે. તે ૩૧૪ સંસ્કૃત આર્યાઓમાં રચાયેલો છે. તેમાં દુઃખના કારણભૂત રાગદ્વેષને જીતવાના જિનોપદિષ્ટ ઉપાયોનું વિશદ નિરૂપણ છે. આ નિરૂપણ સરળ અને બુદ્ધિગમ્ય છે, હૃદયસ્પર્શી અને વિચારપ્રેરક છે, વૈરાગ્યજનક અને આત્મભાવપ્રબોધક છે. પ્રધાનપણે આચારનો ગ્રંથ હોવાથી તેમાં તાર્કિક ચર્ચાઓ અને ખંડન-મંડન નથી. આગમોમાં પ્રતિપાદિત સમગ્ર આચારનું તેમાં આલેખન છે. **જૈનદર્શન આચારપ્રધાન છે એ હકીકત જો ધ્યાનમાં રાખીએ તો જૈનદર્શનના ખરા હાર્દનું પ્રતિનિધિત્વ કરતો આ ગ્રંથ ગણાય. આગમમર્મજ્ઞ ઉમાસ્વાતિ મહારાજે જેમ તત્ત્વાર્થસૂત્રમાં જૈન આગમોના પદાર્થોનો સંગ્રહ કર્યો છે તેમ પ્રશમરતિમાં જૈન આગમોના આચારનો — ખાસ કરીને આચારાંગસૂત્રના આચારનો — સંગ્રહ કર્યો છે.**

આ મનનીય કૃતિ ઉપર શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ભૂતપૂર્વ માનાર્હ મંત્રી શ્રી મોતીચંદભાઈ ગિરધરલાલ કાપડિયાએ સરળ ભાષાન્તર સાથે વિસ્તૃત વિવેચન ઈ. સ. ૧૯૪૯–૫૦માં લખ્યું હતું. તે આજ સુધી અપ્રકાશિત હતું. તેને સૌપ્રથમ પ્રકાશિત કરતાં અમે અત્યંત આનંદ અનુભવીએ છીએ. તેઓ વિદ્યાપ્રેમી, જ્ઞાનોપાસક, ધાર્મિક વૃત્તિવાળા, આત્માભિમુખ ગૃહસ્થ સાધક હતા. તેમને શાસ્ત્રોનું ઊંડું જ્ઞાન હતું. તેઓએ અનેક ગ્રંથો લખ્યા છે એ હકીકત સ્વાધ્યાય કરવામાં તેમની નિયમિતતાની દ્યોતક છે. વીસ વર્ષની વયે તેમણે શ્રી સિદ્ધર્ષિગણિવિરચિત સંસ્કૃત રૂપકકથા 'શ્રી ઉપમિતિભવપ્રપંચકથા' જેવા મહાગ્રંથના પ્રથમ પ્રસ્તાવનો અનુવાદ કર્યો ત્યારથી શરૂ થયેલો સ્વાધ્યાય નવેમ્બર ૧૯૫૦માં પ્રશમરતિનું આ વિવેચન પૂરું કર્યું ત્યાં સુધી ચાલ્યો છે. લેખનરૂપ સ્વાધ્યાય નવેમ્બર ૧૯૫૦માં સમાપ્ત થયો છે. વિવેચનની શરૂઆતમાં ઉમાસ્વાતિ મહારાજ વિશે પોતે પ્રસ્તાવનામાં લખશે એવી ઇચ્છા તેમણે વ્યક્ત કરી છે, પરંતુ તેઓ પ્રસ્તાવના જ લખી શક્યા નથી તેનું કારણ તેમની સ્વહસ્તે કરેલી નોંધ ઉપરથી કલ્પી શકાય તેમ છે. નોંધ અનુસાર તેમણે નવેમ્બર ૧૯૫૦માં વિવેચન પૂર્ણ કર્યું છે અને આપણે જાણીએ છીએ કે ૨૭ માર્ચ ૧૯૫૧માં આ પુણ્યપુરુષનું નિધન થયું છે એટલે કદાચ તબિયતની પ્રતિકૂળતાને કારણે છેલ્લા ચાર મહિના તેઓ લેખનકાર્ય કરી શક્યા લાગતા નથી અને પછી તો તેઓનું દેહાવસાન થાય છે. આ કારણે જ તેમને પોતાના આ લખાણને ફરીથી વાંચી સુધારવાનો સમય પણ મળ્યો નથી. આમ પ્રશમરતિનું વિવેચન તેમની છેલ્લી કૃતિ જણાય છે. તેમનું વિવેચન એક શ્રદ્ધાળુ સાધકનું વિવેચન છે. તેમની વાણીમાં નિરાડંબરતા, ગંભીરતા, અનુભૂતિનો રણકાર અને ઊંડી પ્રતીતિ દૃષ્ટિગોચર થાય છે.

શ્રી મોતીચંદભાઈએ વિદ્યાલયને આપેલી દીર્ઘકાલીન સેવાઓથી પ્રેરાઈ તેમના પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવવા સર મણિલાલ નાણાવટીના અધ્યક્ષસ્થાને ભવ્ય સમારંભ યોજાયો હતો, જે પ્રસંગે રૂા. ૭૦,૦૦૧ની થેલીની રકમમાં રૂા. ૫૦૦૧ ઉમેરી એ કુલ રકમ જૈન સાહિત્ય પ્રકાશન માટે તેઓએ વિદ્યાલયને અર્પણ કરી હતી. એને પરિણામે વિદ્યાલયે શ્રી મોતીચંદ કાપડિયા ગ્રંથમાળા શરૂ કરેલ છે. તેમાં આજ સુધી ૭ ગ્રંથો પ્રકાશિત થયા છે. આ વિવેચન સાતમો ગ્રંથ છે.

શ્રી મોતીચંદભાઈના પુત્રવધૂ શ્રીમતી વેણીબહેન તરફથી તા ૨૪–૬–'૮૫ના રોજ રૂા. ૫૦૦૦ સ્વ. વિનયચંદભાઈ કાપડીઆની સ્મૃતિમાં, રૂા. ૫૦૦૦ તેઓના પૌત્ર કુ. શસ્વથ જગત કાપડીઆ અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રૂા. ૫,૦૦૦ શ્રીમતી વેણીબહેનના પિતાશ્રી વનમાળીદાસ રાયચંદ વારૈયાની સ્મૃતિમાં એમ કુલ રૂપિયા પંદર હજાર મળેલ છે. વડીલની સ્મૃતિમાં શરૂ થયેલ આ જ્ઞાનપ્રવૃત્તિને પ્રોત્સાહિત કરવા તર્પણરૂપે તેમણે આપેલ આ રકમ બદલ અમે શ્રીમતી વેણીબહેન કાપડીઆનો હાર્દિક આભાર માનીએ છીએ.

પ્રશમરતિના આ વિવેચનમાં શ્રી મોતીચંદભાઈ આપણને તેમણે પોતે લખેલા કર્મવિષયક મોટા નિબંધને જોવાની ભલામણ કરે છે. આ નિબંધનું શીર્ષક છે 'જૈન દૃષ્ટિએ કર્મ.' તે આજ સુધી અપ્રકાશિત છે. આ નિબંધ ગ્રંથરૂપે બને તેટલો વહેલો પ્રકાશિત કરવાની અમારી ઉમેદ છે.

આ વિવેચનના સંપાદનનું કાર્ય સાહિત્યોપાસક શ્રી રતિલાલ દીપચંદ દેસાઈને સોંપવામાં આવ્યું હતું. તેમણે કાર્યનો આરંભ પણ કરી દીધેલો, પરંતુ પોતાની શારીરિક બિમારીના કારણે તેઓ તેમાં આગળ વધી શક્યા નહિ. એટલે તેમણે જ લા. દ. વિદ્યામંદિરના ડૉ. નગીનભાઈ જી. શાહને આ કામ સોંપવાની ભલામણ કરી. વિદ્યાલયે ડૉ. શાહને આ કામ કરવા નિમંત્રણ આપ્યું, જેનો તેમણે સહર્ષ સ્વીકાર કર્યો. આમ આ વિવેચનનું સંપાદન કરી આપવા બદલ અમે ડૉ. શાહનો આભાર માનીએ છીએ. આ પ્રસંગે આ ગ્રંથમાળાના સંપાદન-પ્રકાશનકાર્ય સાથે પ્રારંભથી સંકળાયેલા સદ્‌ગત શ્રી રતિલાલ દીપચંદ દેસાઈનું અમે પ્રેમપૂર્વક અને કૃતજ્ઞતાપૂર્વક સ્મરણ કરીએ છીએ અને તેમને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ. તેમની હયાતીમાં આ ગ્રંથનું પ્રકાશન ન થઈ શક્યું તેનું અમને દુઃખ છે.

આ ગ્રંથનું સ્વચ્છ અને સુઘડ મુદ્રણ અમદાવાદના શારદા મુદ્રણાલયે કરી આપ્યું છે. એના પ્રુફરીડિંગની જવાબદારી લા. દ. વિદ્યામંદિરના ડૉ. શ્રી રમણીકભાઈ મ. શાહે સંભાળી છે અને આનું બાઇન્ડિંગ મહાવીર બુક બાઇન્ડિંગ વર્કર્સે કરી આપ્યું છે. આ બધા પ્રત્યે અમે આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

जैनम् जयति शासनम्

ઑગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ-૩૬
મહાવીર જન્મ કલ્યાણક પર્વ
વિ. સં. ૨૦૪૨, તા. ૨૨-૪-૮૬

જયંતીલાલ રતનચંદ શાહ
જગજીવન પોપટલાલ શાહ
રમણલાલ ચીમનલાલ શાહ
માનાર્હ મંત્રીઓ
શ્રી મહાવીર જૈન વિદ્યાલય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



**શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ**

<જન્મ: તા ૭-૧૨-૧૮૭૯, ભાવનગર • અવસાન તા. ૨૭-૩-૧૯૫૧ મુંબઈ>

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# સંપાદકીય નિવેદન

૩૧૪ સંસ્કૃત શ્લોકોમાં રચાયેલા 'પ્રશમરતિ' ગ્રંથમાં જૈનધર્મનું સારભૂત તત્ત્વ આલિખિત છે. તેની શૈલી વિશદ અને સરળ છે, તેનું વિષયપ્રતિપાદન વ્યવસ્થિત અને સુગ્રથિત છે. આપણે સૌએ તેનો સ્વાધ્યાય, તેનું વાચન તેમ જ મનન કરવાં જોઈએ. તેનો ઉપદેશ એવો છે કે તેને વિવેકપૂર્વક નિષ્ઠાથી આચરણમાં ઊતારવાથી આત્મશુદ્ધિ અને આધ્યાત્મિક ઉન્નતિ અવશ્ય થાય જ. આવા તે ગ્રંથનો પરિચય આપણે કરીએ.

**શીર્ષક**—આ કૃતિનું શીર્ષક 'પ્રશમરતિ' છે. 'પ્રશમરતિ' એ 'પ્રશમ' અને 'રતિ' એ બે શબ્દોનો બનેલો સામાસિક શબ્દ છે. પ્રશમરતિ એટલે પ્રશમનો આનંદ. 'પ્રશમ'માં 'શમ' શબ્દ શમન, ઉપશાન્તિનો અર્થ આપે છે. શમનમાં ફરીથી આવિર્ભાવનો સંભવ છે. પરંતુ 'શમ'ની આગળ રહેલા 'પ્ર' ઉપસર્ગનો અર્થ છે 'આત્યંતિક.' આ શમન આત્યંતિક છે, એનો અર્થ એ કે જેમનું શમન થયું હોય તેમના આવિર્ભાવનો ફરી સંભવ જ નથી. આમ 'પ્રશમ'નો અર્થ 'આત્યંતિક શમન' છે, અર્થાત્ 'પ્રશમ'નો જૈન પારિભાષિક અર્થ થશે 'ક્ષય.' પ્રશમ કોનો? રાગદ્વેષનો. પ્રશમરતિ એટલે રાગદ્વેષના ક્ષયનો આનંદ—રાગદ્વેષના ક્ષયથી જન્મતો આનંદ.

જેટલા રાગદ્વેષ ઓછા તેટલી ચિત્તની શાન્તિ વધારે અને પરિણામે સુખ વધારે. આ તો સૌના અનુભવની વાત છે. હવે જો રાગદ્વેષનો આત્યંતિક નાશ સંભવતો હોય તો આત્યંતિક શાન્તિ અને સુખ સંભવે. પરંતુ કેટલાક રાગદ્વેષના આત્યંતિક નાશનો સંભવ સ્વીકારતા નથી. તેઓ નીચે પ્રમાણે દલીલ કરે છે — વ્યક્તિ જન્મે છે ત્યારે રાગદ્વેષ સાથે જ જન્મે છે અને મરે છે ત્યારે પણ તેના રાગદ્વેષ નાશ પામ્યા હોતા નથી. રાગદ્વેષની સંતતિ સ્વાભાવિક છે, અનાદિ છે. એટલે તેનો ઉચ્છેદ શક્ય નથી. આની સામે લગભગ બધા જ ભારતીય દાર્શનિકો જણાવે છે કે રાગદ્વેષનો ઉચ્છેદ શક્ય છે તે સુષુપ્તિના દૃષ્ટાન્તથી સમજાય છે. સ્વપ્નરહિત સુષુપ્તિમાં રાગદ્વેષ ઉદ્ભવતા નથી. સુષુપ્તિની અવસ્થા થોડા સમયગાળાની હોય છે જ્યારે મોક્ષની અવસ્થા અનન્ત કાળની હોય છે. સુષુપ્તિમાંથી જાગૃતાવસ્થા થાય છે પરંતુ મોક્ષાવસ્થામાંથી સંસારાવસ્થા થતી નથી. એટલે સુષુપ્તિમાંથી જાગેલાને પુનઃ રાગદ્વેષ ઉદ્ભવે છે, જ્યારે મુક્તને પુનઃ રાગદ્વેષ ઉદ્ભવવાનો સંભવ નથી. આમ કેમ? સુષુપ્તિની અવસ્થા રાગદ્વેષની ઉપશાન્તિની છે જ્યારે મોક્ષની અવસ્થા રાગ-દ્વેષના ક્ષયની છે. રાગદ્વેષોપશાન્તિની અલ્પકાલીન અવસ્થા રાગદ્વેષના આત્યંતિક ક્ષયની અનંતકાલીન અવસ્થાની સંભવિતતાને સૂચવે છે. વળી, તેઓ કહે છે કે રાગદ્વેષ આત્મદ્રવ્યના ધર્મો હોવા છતાં આત્મદ્રવ્યનું સ્વરૂપ જેમ નિત્ય છે તેમ તેઓ નિત્ય નથી. તેથી તેમનો અત્યંત ઉચ્છેદ શક્ય છે. ઉપરાંત, તેઓ જણાવે છે કે રાગદ્વેષ સ્વાભાવિક નથી એટલે તેમનું કારણ છે. રાગદ્વેષનું કારણ મિથ્યાજ્ઞાન–મિથ્યાદર્શન છે. આ મિથ્યાજ્ઞાનનો નાશ તેના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રતિપક્ષ તત્ત્વજ્ઞાનથી–સમ્યગ્દર્શનથી થાય છે. મિથ્યાજ્ઞાનનો નાશ થતાં રાગદ્વેષની ઉત્પત્તિનું કારણ રહેતું નથી. પરિણામે રાગદ્વેષ પણ નાશ પામે છે. રાગદ્વેષનો નાશ તેમની પ્રતિપક્ષ મૈત્રી આદિ ભાવનાથી પણ થાય છે. રાગદ્વેષનો નાશ કરવાના બીજા પણ ઉપાયો છે. આમ રાગદ્વેષ નિત્ય નથી, સ્વાભાવિક નથી, તેમનું કારણ જાણીતું છે અને તે કારણને દૂર કરવા સમર્થ એવો તેનો વિરોધી પણ જાણીતો છે. એટલે રાગદ્વેષનો ક્ષય શક્ય છે જ. પરિણામે રાગદ્વેષના ક્ષયથી જન્ય આત્યંતિક અનંત આનંદ પણ શક્ય છે. એથી તેના માટે સૌએ પ્રયત્ન કરવો જોઈએ, તે જ પરમ પુરુષાર્થ છે. 'પ્રશમરતિ' શીર્ષકનું આ હાર્દ છે.

**વિષય**—'પ્રશમરતિ' શીર્ષક જ તેના વિષયને યથાર્થપણે સૂચવે છે. આ કૃતિ પ્રથમ રાગદ્વેષનું સ્વરૂપ વર્ણવે છે. રાગની તે મમકાર તરીકે વ્યાખ્યા કરે છે અને દ્વેષની અહંકાર તરીકે વ્યાખ્યા કરે છે. તે જણાવે છે કે રાગનો વિસ્તાર માયા અને લોભમાં થાય છે જ્યારે દ્વેષનો વિસ્તાર ક્રોધ અને માનમાં થાય છે. પછી ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયોનું તે નિરૂપણ કરે છે. રાગદ્વેષને બંધનાં કારણો તરીકે જણાવી રાગદ્વેષને દૂર કરવાના વિવિધ ઉપાયોનું તે વિસ્તારથી આલેખન કરે છે. તે ઉપાયો છે—પાંચ વ્રતો, બાર ભાવના, દશ યતિધર્મો, ત્રિવિધ મોક્ષમાર્ગ અને ધ્યાન. આચારાંગસૂત્રમાં વર્ણવેલ આચારનો તે યોગ્ય રીતે સંગ્રહ કરે છે. ઉપરાંત, નવ તત્ત્વો, છ દ્રવ્યો, કેવલિસમુદ્ઘાત આદિનું પણ તે નિરૂપણ કરે છે. તત્ત્વાર્થસૂત્ર એ કઠિન દાર્શનિક કૃતિ છે, જ્યારે પ્રશમરતિ સરળ આચારપ્રધાન કૃતિ છે, જે યતિ અને શ્રાવક બન્નેને અનુલક્ષી રચાયેલ છે. તેનો વિષય તત્ત્વાર્થસૂત્રના વિષયથી કંઈ વધારે નથી. તત્ત્વાર્થસૂત્ર અને પ્રશમરતિની સમાંતર વિચારણા નીચે દર્શાવી છે.

| प्रशमरति | तत्त्वार्थसूत्र |
|---|---|
| १. मिथ्यादृष्ट्यविरमणप्रमादयोगास्तयोर्बलं दृष्टम् । तदुपगृहीतावष्टविधकर्मबन्धस्य हेतू तौ ॥३३॥ एवं रागो द्वेषो मोहो मिथ्यात्वमविरतिश्चैव । एभिः प्रमादयोगानुगैः समादीयते कर्म ॥५६॥ | मिथ्यात्वाविरतिप्रमादकषाययोगा बन्धहेतवः । (८.१) |
| २. स ज्ञानदर्शनावरणवेद्यमोहायुषां तथा नाम्नः । गोत्रान्तराययोश्चेति कर्मबन्धोऽष्टधा मौलः ॥३४॥ | आद्यो ज्ञानदर्शनावरणवेदनीयमोहनीयायुष्कनामगोत्रान्तरायाः । (८.५) |
| ३. पञ्चनवद्व्यष्टाविंशतिकश्चतुःषट्कसप्तगुणभेदः । द्विपञ्चभेद इति सप्तनवतिभेदास्तथोत्तरतः ॥३५॥ | पञ्चनवद्व्यष्टाविंशतिचतुर्द्विचत्वारिंशद्द्विपञ्चभेदा यथाक्रमम् । (८.६) |
| ४. प्रकृतिरियमनेकविधा स्थित्यनुभागप्रदेशतस्तस्याः ।... ॥३६॥ | प्रकृतिस्थित्यनुभागप्रदेशास्तद्विधयः । (८.४) |

जैन साईट
JAINSITE
जयतु जैनं शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| ५. प्राणवधानृतभाषणपरधनमैथुनममत्वविरतस्य ।..।।६० | हिंसानृतस्तेयाब्रह्मपरिग्रहेभ्यो विरतिर्व्रतम् । (७.१) |
| ६. ... तपसो निर्जरा फलं दृष्टम् । ७३ | तपसा निर्जरा च । (८.३) |
| ७. परपरिभवपरिवादात्मोत्कर्षाच्च बध्यते कर्म । नीचैर्गोत्रं ...।।१००।। | परात्मनिन्दाप्रशंसे...नीचैर्गोत्रस्य । (६.२४) |
| ८. भावयितव्यमनित्यत्वमशरणत्वं तथैकतान्यत्वे । अशुचित्वं संसारः कर्माश्रवसंवरविधिश्च ।।१४९।। निर्जरणलोकविस्तरधर्मस्वाख्याततत्त्वचिन्ताश्च । बोधेः सुदुर्लभत्वं च भावना द्वादश विशुद्धाः ।।१५०।। | अनित्याशरणसंसारैकत्वान्यत्वाशुचित्वास्रवसंवरनिर्जरालोकबोधिदुर्लभधर्मस्वाख्यातत्वानुचिन्तनमनुप्रेक्षाः । (९.७) |
| ९. सेव्यः क्षान्तिर्मार्दवमार्जवशौचे च संयमत्यागौ । सत्यतपोब्रह्माकिंचन्यानीत्येष धर्मविधिः ।।१६७।। | उत्तमः क्षमामार्दवार्जवशौचसत्यसंयमतपस्त्यागाकिंचन्यब्रह्मचर्याणि धर्मः । (९. ६) |
| १०. अविसंवादनयोगः कायमनोवागजिह्मता चैव । १७४ | योगवक्रता विसंवादनं चाशुभस्य नाम्नः । विपरीतं शुभस्य । (६. २१-२२) |
| ११. अनशनमूनोदरता वृत्तेः संक्षेपणं रसत्यागः । कायक्लेशः संलीनतेति बाह्यं तपः प्रोक्तम् ।।१७५।। | अनशनावमौदर्यवृत्तिपरिसंख्यानरसपरित्यागविविक्तशय्यासनकायक्लेशा बाह्यं तपः । (९. १९) |
| १२. प्रायश्चित्तध्याने वैयावृत्त्यविनयावथोत्सर्गः । स्वाध्याय इति तपः षट्प्रकारमाभ्यन्तरं भवति ।।१७६।। | प्रायश्चित्तविनयवैयावृत्त्यस्वाध्यायव्युत्सर्गध्यानान्युत्तरम् । (९.२०) |
| १३. अध्यात्मविदो **मूर्छां परिग्रहं** वर्णयन्ति निश्चयतः । ।।१७८।। | **मूर्च्छा परिग्रहः** । (७.१२) |
| १४. जीवाजीवाः पुण्यं पापाश्रवसंवराः सनिर्जरणाः । बन्धो मोक्षश्चैते सम्यक् चिन्त्या नव पदार्थाः ।।१८९।। | जीवाजीवास्रवबन्धसंवरनिर्जरामोक्षास्तत्त्वम् । (१.४) |
| १५. जीवा **मुक्ताः संसारिणश्च**...।।१९० | संसारिणो मुक्ताश्च । (२.१०) |
| १६. द्विविधाश्चराचराख्याः...।।१९१।। | संसारिणस्त्रसस्थावराः । (२.१२) |
| १७. पञ्चविधास्त्वेकद्वित्रिचतुःपञ्चेन्द्रियास्तु निर्दिष्टाः । क्षित्यम्बुवह्निपवनतरवस्त्रसाश्च षड्भेदाः ।।१९२।। | पृथिव्यम्बुवनस्पतयः स्थावराः । तेजोवायू द्वीन्द्रियादयश्च त्रसाः । पञ्चेन्द्रियाणि । (२.१३-१५) |
| १८. सामान्यं खलु **लक्षणमुपयोगो** भवति सर्वजीवानाम् । **साकारोऽनाकारश्च** सोऽष्टभेदश्चतुर्धा च ।।१९४।। | **उपयोगो लक्षणम्** । स द्विविधोऽष्टचतुर्भेदः । (२.८-९) स उपयोगो द्विविधः—**साकारोऽनाकारश्च** । (भाष्य २.९) |

JAINSITE.com
जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

१९. ज्ञानाज्ञाने पञ्चत्रिविकल्पे सोऽष्टधा तु साकारः । चक्षुरचक्षुरवधिकेवलदृग्विषयस्त्वनाकारः ॥१९५॥

ज्ञानोपयोगोऽष्टविधः—मतिज्ञानोपयोगः, श्रुतज्ञानोपयोगः, अवधिज्ञानोपयोगः, मनःपर्यायज्ञानोपयोगः, केवलज्ञानोपयोग इति, मत्यज्ञानोपयोगः, श्रुताज्ञानोपयोगः, विभङ्गज्ञानोपयोग इति । दर्शनोपयोगश्चतुर्भेदः, तद्यथा—चक्षुर्दर्शनोपयोगः, अचक्षुर्दर्शनोपयोगः, अवधिदर्शनोपयोगः, केवलदर्शनोपयोग इति (भाष्य २.९)

२०. भावा भवन्ति जीवस्यौदयिकः पारिणामिकश्चैव । औपशमिकः क्षयोत्थः क्षयोपशमजश्च पञ्चेति ॥१९६॥

औपशमिकक्षायिकौ भावौ मिश्रश्च जीवस्य स्वतत्त्वमौदयिकपारिणामिकौ च । (२.१)

२०. ते त्वेकविंशतित्रिद्विनवाष्टादशविधास्तु विज्ञेयाः ॥१९७॥

**द्विनवाष्टादशैकविंशतित्रिभेदा** यथाक्रमम् । (२.२)

२१. उत्पादविगमनित्यत्वलक्षणं यत्तदस्ति सर्वमपि । सदसद्वा भवतीत्यन्यथा**र्पितानर्पित**विशेषात् ॥२०४॥

उत्पादव्ययध्रौव्ययुक्तं सत् । तद्भावाव्ययं नित्यम् । **अर्पितानर्पितसिद्धेः** । (५. २९–३१)

२२. धर्माधर्माकाशानि पुद्गलाः काल एव चाजीवाः । पुद्गलवर्ज्यमरूपं तु रूपिणः पुद्गलाः प्रोक्ताः ॥२०७॥

अजीवकाया धर्माधर्माकाशपुद्गलाः । कालश्चेत्येके । रूपिणः पुद्गलाः । (५. १, ३८, ४)

२३. द्व्यादिप्रदेशवन्तो यावदनन्तप्रदेशकाः स्कन्धाः । परमाणुरप्रदेशो वर्णादिगुणेषु भजनीयः ॥२०८॥

आकाशस्यानन्ताः । सङ्ख्येयासङ्ख्येयाश्च पुद्गलानाम् । नाणोः । (५.९–११)

२४. सप्तविधोऽधोलोकस्तिर्यग्लोको भवत्यनेकविधः । पञ्चदशविधानः पुनरूर्ध्वलोकः समासेन ॥२१२

रत्नशर्करावालुकापङ्कधूमतमोमहातमःप्रभा भूमयो घनाम्बुवाताकाशप्रतिष्ठाः सप्ताधोऽधः पृथुतराः । जम्बूद्वीपलवणादयः शुभनामानो द्वीपसमुद्राः । सौधर्मैशानसानत्कुमारमाहेन्द्रब्रह्मलोकलान्तकमहाशुक्रसहस्रारेष्वानतप्राणतयोरारणाच्युतयोर्नवसु ग्रैवेयकेषु विजयवैजयन्तजयन्तापराजितेषु सर्वार्थसिद्धे च । (३. १, ७ तथा ४. २०)

२५. लोकव्यापि चतुष्टयमवशेषं त्वेकजीवो वा ॥२१३॥

लोकाकाशेऽवगाहः । धर्माधर्मयोः कृत्स्ने । एकप्रदेशादिषु भाज्यः पुद्गलानाम् । असंख्येयभागादिषु जीवानाम् । (५. १२–१५)

२६. धर्माधर्माकाशान्येकैकमतःपरं त्रिकमनन्तम् । कालं विनास्तिकाया जीवमृते चाप्यकर्तृणि ॥२१४॥

अजीवकाया धर्माधर्माकाशपुद्गलाः । द्रव्याणि जीवाश्च । आऽऽकाशादेकद्रव्याणि । निष्क्रियाणि च । (५.१,५,६)

जैन साईट
JAINSITE
જયમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| २७. धर्मो गतिस्थितिमतां द्रव्याणां गत्युपग्रहविधाता । स्थित्युपकर्ताऽधर्मोऽवकाशदानोपकृद्गगनम् ॥२१५॥ | गतिस्थित्युपग्रहो धर्माधर्मयोरुपकारः । आकाशस्यावगाहः । (५. १७–१८) |
| २८. स्पर्शरसगन्धवर्णाः शब्दो बन्धश्च सूक्ष्मता स्थौल्यम् । संस्थानं भेदतमश्छायोद्योतातपश्चेति ॥२१६॥ | स्पर्शरसगन्धवर्णवन्तः पुद्गलाः । शब्दबन्धसौक्ष्म्यस्थौल्यसंस्थानभेदतमश्छायाऽऽतपोद्योतवन्तश्च । (५. २३–२४) |
| २९. कर्मशरीरमनोवाग्विचेष्टितोच्छ्वासदुःखसुखदाः स्युः । जीवितमरणोपग्रहकराश्च संसारिणः स्कन्धाः ॥ ॥२१७॥ | शरीरवाङ्मनःप्राणापानाः पुद्गलानाम् । सुखदुःखजीवितमरणोपग्रहाश्च । (५. १९–२०) |
| ३०. परिणामवर्तनाविधिपरापरत्वगुणलक्षणः कालः । सम्यक्त्वज्ञानचारित्रवीर्यशिक्षागुणा जीवाः ॥२१८॥ | वर्तना परिणामः क्रिया परत्वापरत्वे च कालस्य । परस्परोपग्रहो जीवानाम् । (५.२२,२१) |
| ३१. पुद्गलकर्म शुभं यत्तत्पुण्यमिति जिनशासने दृष्टम् । यदशुभमथ तत्पापमिति भवति सर्वज्ञनिर्दिष्टम् ॥२१९॥ योगः शुद्धः पुण्याश्रवस्तु पापस्य तद्विपर्यासः । वाक्कायमनोगुप्तिर्निराश्रवः संवरस्तूक्तः ॥२२०॥ | कायवाङ्मनःकर्म योगः । स आस्रवः । शुभः पुण्यस्य । अशुभः पापस्य । (६.१–४) आस्रवनिरोधः संवरः । (९.१) |
| ३२. संवृततपउपधानात्तु निर्जरा कर्मसन्ततिर्बन्धः । बन्धवियोगो मोक्षस्त्विति...॥२२१॥ | तपसा निर्जरा च । सकषायत्वाज्जीवः कर्मणो योग्यान्पुद्गलानादत्ते । स बन्धः । कृत्स्नकर्मक्षयो मोक्षः । (९.३, ८.२–३, १०.३) |
| ३३. एतेष्वध्यवसायो योऽर्थेषु विनिश्चयेन तत्त्वमिति । सम्यग्दर्शनमेतत्तु **तन्निसर्गादधिगमाद्वा** ॥२२२॥ | तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम् । **तन्निसर्गादधिगमाद्वा** । (१.२–३) तेषां श्रद्धानं तेषु प्रत्ययावधारणम् । (भा० १.२) |
| ३४ **शिक्षागमोपदेशश्रवणान्येकार्थिकान्यधिगमस्य । एकार्थः परिणामो भवति निसर्गः स्वभावश्च** ॥२२३॥ | **निसर्गः परिणामः स्वभावः अपरोपदेश इत्यनर्थान्तरम्** ।...**अधिगमः अभिगम आगमो निमित्तं श्रवणं शिक्षा उपदेश इत्यनर्थान्तरम्** । (भा० १. ३) |
| ३५. ... । ज्ञानमथ पञ्चभेदं तत् प्रत्यक्षं परोक्षं च ॥ तत्र परोक्षं द्विविधं श्रुतमाभिनिबोधिकं च विज्ञेयम् । प्रत्यक्षं चावधिमनःपर्यायौ केवलं चेति ॥२२४–२२५॥ | मतिश्रुतावधिमनःपर्यायकेवलानि ज्ञानम् । तत् प्रमाणे । आद्ये परोक्षम् । प्रत्यक्षमन्यत् (१.९–१२) |
| ३६. **एकादीन्येकस्मिन् भाज्यानि त्वाचतुर्भ्य** इति ॥२२६॥ | **एकादीनि भाज्यानि युगपदेकस्मिन्नाचतुर्भ्यः** (१. ३१) |

JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| ३७. | सम्यग्दृष्टेर्ज्ञानं सम्यग्ज्ञानमितिनियमतः सिद्धम्। आद्यत्रयमज्ञानमपि भवति मिथ्यात्वसंयुक्तम् ॥२२७॥ | अप्रमाणान्येव वा । कुतः? मिथ्यादर्शनपरिग्रहात्... मिथ्यादृष्टेर्हि मतिश्रुतावधयो नियतमज्ञानमेवेति वक्ष्यते । (भा० १.१२)...सम्यग्दर्शनपरिगृहीतं मत्यादि ज्ञानं भवत्यन्यथाऽज्ञानमेवेति । (भा० १.३२) |
| ३८. | सामायिकमित्याद्यं छेदोपस्थापनं द्वितीयं तु । परिहारविशुद्धिः सूक्ष्मसंपरायं च यथाख्यातम् ॥२२८ | सामायिकच्छेदोपस्थाप्यपरिहारविशुद्धिसूक्ष्मसंपराययथाख्यातानि चारित्रम् । (९. १८) |
| ३९. | सम्यक्त्वज्ञानचारित्रसंपदः साधनानि मोक्षस्य । तास्वेकतराभावेऽपि मोक्षमार्गोऽप्यसिद्धिकरः ॥२३०॥ पूर्वद्वयसंपद्यपि तेषां भजनीयमुत्तरं भवति । पूर्वद्वयलाभः पुनरुत्तरलाभे भवति सिद्धः ॥२३१॥ | सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः । (१.१) एतानि च समस्तानि मोक्षसाधनानि । एकतराभावेऽप्यसाधनानीत्यतस्त्रयाणां ग्रहणम् । एषां च पूर्वस्य लाभे भजनीयमुत्तरम् । उत्तरलाभे तु नियतः पूर्वलाभः । (भा० १.१) |
| ४०. | आज्ञाविचयमपायविचयं च सद्ध्यानयोगमुपसृत्य । तस्माद्विपाकविचयमुपयाति संस्थानविचयं च । २४७ | आज्ञाऽपायविपाकसंस्थानविचयाय धर्ममप्रमत्तसंयतस्य । (९. ३७) |
| ४१. | तद्रूपकर्मविनाशो हि मोहनीयक्षये नित्यम् ॥२६७॥ युगपद् विविधावरणान्तरायकर्मक्षयमवाप्य ॥२६८॥ शाश्वतमनन्तमनतिशयमनुपममनुत्तरं निरवशेषम् । संपूर्णमप्रतिहतं संप्राप्तः स केवलज्ञानम् ॥२६९॥ | मोहक्षयाज्ज्ञानदर्शनावरणान्तरायक्षयाच्च केवलम् ।(१०.१) सर्वद्रव्यपर्यायेषु केवलस्य । (१. ३०) |
| ४२ | सूक्ष्मक्रियमप्रतिपाति काययोगोपयोगतो ध्यात्वा । विगतक्रियमनिवर्तित्वमुत्तरं ध्यायति परेण ॥२८१॥ | पृथक्त्वैकत्ववितर्कसूक्ष्मक्रियाप्रतिपातिव्युपरतक्रियानिवृत्तीनि । (९. ४१) |
| ४३. | देहत्रयविनिर्मुक्तः प्राप्यर्जुश्रेणिवीतिमस्पर्शाम् । समयेनैकेनाविग्रहेण गत्वोर्ध्वमप्रतिघः ॥२८८॥ सिद्धिक्षेत्रे विमले जन्मजरामरणरोगनिर्मुक्तः । लोकाग्रगतः सिद्ध्यति साकारेणोपयोगेन ॥२८९॥ | अनुश्रेणि गतिः । अविग्रहा जीवस्य । विग्रहवती च संसारिणः प्राक् चतुर्भ्यः । एकसमयोऽविग्रहः । (२. २७–३०) तदनन्तरमूर्ध्वं गच्छत्याऽऽलोकान्तात् । (१०.५) |
| ४४. | सिद्धस्योर्ध्वं मुक्तस्याऽऽलोकान्ताद् गतिर्भवति ॥२९४॥ | तदनन्तरमूर्ध्वं गच्छत्याऽऽलोकान्तात् (१०.५) |
| ४५. | पूर्वप्रयोगसिद्धेर्बन्धच्छेदादसंगभावाच्च । गतिपरिणामाच्च तथा सिद्धस्योर्ध्वं गतिः सिद्धा ॥२९५॥ | पूर्वप्रयोगादसङ्गत्वाद्बन्धच्छेदात्तथागतिपरिणामाच्च तद्गतिः । (१०. ६) |

JAINSITE.com जैन साइट

પ્રશમરતિનું કર્તૃત્વ — "પ્રશમરતિની ભાષા અને વિચારસરણી એ ગ્રંથ ઉમાસ્વાતિકર્તૃક હોવાનું માનવાને લલચાવે છે," એવો પંડિતશ્રી સુખલાલજીનો અભિપ્રાય છે. (જુઓ તત્ત્વાર્થસૂત્ર, ગુજરાતી પ્રસ્તાવના પૃ. ૨૦). તત્ત્વાર્થભાષ્ય ઉપરની પોતાની વૃત્તિમાં એક સ્થાને (૫.૬) સિદ્ધસેન ગણી કહે છે કે 'કારણ કે પ્રશમરતિમાં તેમણે જ કહ્યું છે કે.... (यतः प्रशमरतौ अनेनैवोक्तम्)' અને વળી બીજે સ્થાને (૯.૬) તે કહે છે 'વાચકે આને જ 'બલ' નામથી પ્રશમરતિમાં (ગાથા ૮૦) રજૂ કરેલ છે (वाचकेन त्वेतदेव बलसंज्ञया प्रशमरतौ उपात्तम्).' આ સ્પષ્ટપણે દર્શાવે છે કે સિદ્ધસેન ઉમાસ્વાતિને જ પ્રશમરતિના કર્તા માને છે. યાકિનીસૂનુ હરિભદ્રસૂરિ (ઈ. સ. આઠમી શતાબ્દી) પણ તત્ત્વાર્થભાષ્ય ઉપરની પોતાની ટીકામાં 'આ જ સૂરિએ અન્ય પ્રકરણગ્રંથમાં આમ કહ્યું છે (यथोक्तमनेनैव सूरिणा प्रकरणान्तरे)' એમ કહી પ્રશમરતિની બે ગાથાઓ ઉદ્ધૃત કરે છે. આ ઉપરથી ફલિત થાય છે કે હરિભદ્રસૂરિ પણ ઉમાસ્વાતિને જ પ્રશમરતિના રચયિતા ગણે છે. ધર્મરત્નપ્રકરણ ઉપરની પોતાની સ્વોપજ્ઞવૃત્તિમાં (રચનાસંવત ૧૨૭૧) શાન્તિસૂરિ સ્પષ્ટપણે જણાવે છે કે 'પૂર્વગતવેદી ઉમાસ્વાતિવાચકે જિનપ્રવચનની ઉન્નતિ કરવા માટે પ્રશમરતિ, તત્ત્વાર્થ આદિ અનેક મહાશાસ્ત્રો રચ્યાં છે (पूर्वगतवेदिना चोमास्वातिवाचकेन प्रणीतप्रवचनोन्नतिहेतुप्रशमरतितत्त्वार्थाद्यनेकमहाशास्त्रेण...).' આમ શાન્તિસૂરિના મતે પણ પ્રશમરતિના કર્તા ઉમાસ્વાતિ જ છે. વળી, પ્રશમરતિ અને તત્ત્વાર્થસૂત્રની સરખામણીમાં આર્થિક અને શાબ્દિક સામ્ય અમે દર્શાવ્યું છે, તે સામ્ય બંને કૃતિઓના કર્તા એક જ હોય એવું સૂચવે છે. અર્થાત્, ઉમાસ્વાતિ જ પ્રશમરતિના કર્તા છે. ઉપરાંત, સંબંધકારિકા ૨૩ – ૨૬માં આગમોના પદાર્થોનો સંગ્રહ કરવામાં રહેલી મુશ્કેલીનો જે ઉલ્લેખ છે તેનો જ પડઘો પ્રશમરતિના શ્લોક ૩ – ૪માં પડ્યો છે. આમ સમગ્રપણે વિચારતાં ઉમાસ્વાતિ જ પ્રશમરતિના કર્તા સિદ્ધ થાય છે.

પ્રશમરતિની રચના ઉમાસ્વાતિએ તત્ત્વાર્થસૂત્રની રચના કર્યા પછી કરી હોય એમ લાગે છે. નીચેની વિગતો આ માન્યતાને પુષ્ટિ આપે છે. તત્ત્વાર્થસૂત્રમાં સાત તત્ત્વો ગણાવવામાં આવ્યા છે, જ્યારે પ્રશમરતિ નવ તત્ત્વોની સમજૂતી આપે છે અને એ દ્વારા સદાચારના ફળ તરીકે શ્રાવકને સ્વર્ગની ખાતરી આપતો અંશ ઉમેરે છે (ગાથા ૩૦૩ – ૩૦૯). તત્ત્વાર્થસૂત્રમાં ન સમજાવવામાં આવેલી કેવલિસમુદ્ઘાતની પ્રક્રિયા અહીં સમજાવવામાં આવી છે (૨૭૩ – ૨૭૭). તત્ત્વાર્થસૂત્રમાં કાળનો દ્રવ્ય તરીકે સ્વીકાર નથી, જ્યારે અહીં પ્રશમરતિમાં કાળનો દ્રવ્ય તરીકે સ્વીકાર છે (૨૦૭). તત્ત્વાર્થસૂત્રમાં સ્થાવરોને ત્રણ પ્રકારના ગણાવ્યા છે, જ્યારે પ્રશમરતિમાં તેમને પાંચ પ્રકારના ગણાવ્યા છે (૧૯૨). તત્ત્વાર્થસૂત્રમાં પરસ્પરોપગ્રહને જીવનું કાર્ય (ઉપકાર) ગણ્યું છે, જ્યારે પ્રશમરતિમાં સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર, વીર્ય અને શિક્ષાને જીવનું કાર્ય (ઉપકાર) ગણ્યું છે (૨૧૮). આમ ઉમાસ્વાતિએ તત્ત્વાર્થસૂત્રમાં ન હોય એવી કોઈક નવી બાબતને પ્રશમરતિમાં ઉમેરી છે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને કેટલેક સ્થાને તત્ત્વાર્થસૂત્રમાં જે લખ્યું છે તેમાં સુધારો કરી પ્રશમરતિમાં તેને દાખલ કર્યું છે. આ દર્શાવે છે કે ઉમાસ્વાતિ મહારાજે પ્રશમરતિની રચના નિઃશંકપણે તત્ત્વાર્થસૂત્ર પછી કરી લાગે છે.

## પ્રશમરતિના કર્તા ઉમાસ્વાતિનો પરિચય—

ઉમાસ્વાતિ જૈન ધર્મની બધી શાખાઓને પહેલેથી આજ સુધી એકસરખા માન્ય છે. શ્વેતાંબરો તેમને પોતાની શાખામાં થયેલા માને છે અને દિગંબરો તેમને પોતાની શાખામાં થયેલા માને છે. દિગંબર પરંપરા તેમને ઉમાસ્વામી નામે પણ ઓળખે છે.

ઉમાસ્વાતિએ રચેલા તત્ત્વાર્થભાષ્યને અંતે પ્રશસ્તિ છે. આ પ્રશસ્તિ ઉમાસ્વાતિએ પોતે જ રચેલી છે. તેમાં નીચેની હકીકતો છે. (૧) તેમના ગુરુના ગુરુ વાચકમુખ્ય શિવશ્રી હતા. (૨) તેમના દીક્ષાગુરુ અગિયાર અંગના જાણકાર ઘોષનન્દી ક્ષમણ હતા. (૩) તેમના વિદ્યાગુરુ મૂલ નામના વાચકાચાર્ય હતા. (૪) તેમના વિદ્યાગુરુના ગુરુ મહાવાચક મુંડપાદ ક્ષમણ હતા. (૫) તેમનું ગોત્ર કૌભીષણિ હતું. (૬) તેમના પિતાનું નામ સ્વાતિ હતું. (૭) તેમની માતાનું નામ વાત્સી હતું. (૮) તેમનો જન્મ ન્યગ્રોધિકામાં થયો હતો. (૯) તેઓ ઉચ્ચનાગર શાખાના હતા. (૧૦) તેમણે તત્ત્વાર્થાધિગમસૂત્રની રચના કુસુમપુર (પાટલિપુત્ર, હાલનું બિહારમાં આવેલું પટણા)માં કરી હતી. પ્રામાણિક સંદેહ વિનાની આટલી જ ઐતિહાસિક વિગતો આપણને પ્રાપ્ત થાય છે.

તેમણે તત્ત્વાર્થાધિગમની રચના પાટલિપુત્રમાં કરી હતી એ હકીકત એવી સંભાવના સૂચવે છે કે તેમનું જન્મસ્થાન ન્યગ્રોધિકા પાટલિપુત્રની નજીક હશે.

તેઓ ક્યારે થયા એ બાબતે વિદ્વાનોમાં મતભેદ છે, પરંતુ એટલું તો ચોક્કસ છે કે ઈ. સ.ની પ્રથમથી ત્રીજી શતાબ્દીના ગાળામાં તે થયા હોવા જોઈએ. તેમના તત્ત્વાર્થસૂત્ર ઉપરની સૌથી પ્રાચીન ઉપલબ્ધ ટીકા પૂજ્યપાદની સર્વાર્થસિદ્ધિ છે. પૂજ્યપાદનો સમય ઈ.સ.ની પાંચમી શતાબ્દી છે. એટલે તે ઈ.સ.ના પાંચમા સૈકા પહેલાં ક્યારેક થયા છે. આનાથી કંઈક વધુ નિશ્ચિતતા તરફ જવું હોય તો તેમના તત્ત્વાર્થભાષ્ય અને દર્શનાન્તરના ગ્રંથોની શાબ્દિક અને આર્થિક સરખામણી કરવી જોઈએ. તત્ત્વાર્થભાષ્ય અને યોગસૂત્ર પરના વ્યાસભાષ્યમાં સોપક્રમ – નિરુપક્રમ આયુષ્યવિષયક જે ચર્ચા છે તેમાં શાબ્દિક અને આર્થિક સામ્ય ઘણું છે. તત્ત્વાર્થભાષ્યમાં જે ઉદાહરણો આપવામાં આવ્યાં છે તે અંગગ્રંથોમાં ઉપલબ્ધ નથી પરંતુ વ્યાસભાષ્યમાં છે. સંભવિત છે કે તત્ત્વાર્થભાષ્ય ઉપર વ્યાસભાષ્યની અસર હોય. જો એમ હોય તો તત્ત્વાર્થભાષ્ય ઈ.સ.ના બીજા સૈકાથી પ્રાચીન ન હોઈ શકે, કારણ કે વ્યાસભાષ્ય ઈ.સ.ના બીજા સૈકાથી પ્રાચીન હોય એમ માનવાને કોઈ કારણ નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉમાસ્વાતિ મહાવિદ્વાન છે. અત્યાર સુધીમાં ઉપલબ્ધ સમગ્ર જૈન સાહિત્યમાં ઉમાસ્વાતિ જ પ્રથમ સંસ્કૃત લેખક છે. જૈન આગમોના બધા પદાર્થોનો સંગ્રહ કુશળતાપૂર્વક સારી રીતે તત્ત્વાર્થસૂત્રમાં તેમણે કર્યો છે. તેથી તે અગિયાર અંગોનું દૃઢ જ્ઞાન ધરાવતા હતા એ પુરવાર થાય છે. આ કારણે જ પ્રશંસાસૂચક 'પૂર્વવિત્' વિશેષણ શ્વેતામ્બરાચાર્યો અને 'શ્રુતકેવલિદેશીય' વિશેષણ દિગમ્બરાચાર્યો તેમને આપે છે. આગમોના પદાર્થોનો સંગ્રહ તેમણે ઉત્કૃષ્ટ રીતે કર્યો હોઈ, હેમચંદ્રાચાર્ય તેમને સર્વોત્કૃષ્ટ સંગ્રહકાર ગણે છે. ભાષ્યસહિતના તત્ત્વાર્થસૂત્રનો અભ્યાસ કરતાં જણાય છે કે તેઓ વૈશેષિક, ન્યાય, યોગ અને બૌદ્ધ આદિ દાર્શનિક સાહિત્યથી સારી રીતે પરિચિત હતા. તેમણે તત્ત્વાર્થભાષ્યમાં પાણિનિવ્યાકરણનાં સૂત્રો ટાંક્યાં છે, આ હકીકત તેમના પાણિનિવ્યાકરણના અભ્યાસની સાક્ષી પૂરે છે. તેમની બહુશ્રુતતા અને લેખક તરીકેના તેમના સામર્થ્યના આધારે શ્વેતાંબરાચાર્યો તેમને પાંચસો ગ્રંથના કર્તા તરીકે સ્વીકારે છે.

**ઉમાસ્વાતિની કૃતિઓ**—પરંપરા અનુસાર ઉમાસ્વાતિએ પાંચસો પ્રકરણોની રચના કરી હતી. હરિભદ્રસૂરિ (ઈ.સ. બારમી શતાબ્દી) પોતાની પ્રશમરતિટીકામાં આનો ઉલ્લેખ કરે છે. હાલ ઉપલબ્ધ કૃતિઓથી વધારે કૃતિઓ તેમણે રચી છે, કારણ કે ઉત્તરાધ્યયનવૃત્તિના કર્તા ભાવવિજયજી ઉમાસ્વાતિને નામે કેટલાંક ઉદ્ધરણો આપે છે જે તેમની ઉપલબ્ધ કૃતિઓમાં મળતાં નથી, તેમ જ સિદ્ધસેન ગણી પોતાની તત્ત્વાર્થભાષ્ય ઉપરની વૃત્તિમાં (૭–૧૦ પૃ. ૭૮) ઉમાસ્વાતિના 'શૌચપ્રકરણ' નામના ગ્રંથનો ઉલ્લેખ કરે છે જે અત્યારે ઉપલબ્ધ નથી. વળી, તત્ત્વાર્થસૂત્ર અને તત્ત્વાર્થભાષ્ય ઉપરાંત પ્રશમરતિ, જંબૂદ્વીપસમાસ, પૂજાપ્રકરણ અને સાવયપણ્ણત્તિને પરંપરા તેમની કૃતિઓ ગણે છે. પ્રશમરતિ આદિ આ ચારમાંથી પ્રથમ બેને તો સામાન્યપણે તેમની કૃતિઓ તરીકે સ્વીકારવામાં આવેલ છે, પરંતુ બાકીની બેને તેમની કૃતિઓ તરીકે પ્રાયઃ સ્વીકારવામાં આવેલ નથી. આ ચારમાંથી કોઈ પણ કૃતિ તેમનું નામ ધરાવતી નથી. તેમણે તત્ત્વાર્થસૂત્ર તેમ જ તત્ત્વાર્થભાષ્યની રચનાને જ પોતાનું મુખ્ય જીવનકાર્ય ગણ્યું લાગે છે. પ્રશમરતિનો પરિચય તો આપણે કરી લીધો. એટલે હવે બાકીની કૃતિઓનો પરિચય કરી લેવો પ્રાપ્ત થાય છે.

(૧) **તત્ત્વાર્થસૂત્ર**—જૈન સાહિત્યમાં તત્ત્વાર્થસૂત્રની જે પ્રતિષ્ઠા છે તેવી પ્રતિષ્ઠા ભાગ્યે જ બીજા કોઈ ગ્રંથની છે. જૈન સમાજના બધા ફિરકાઓમાં તેનો સમાન આદર છે. જૈન આગમોના બધા પદાર્થોનો તે શ્રેષ્ઠ સંગ્રહ છે. એમાં લગભગ સાડા ત્રણસો સંસ્કૃત સૂત્રો છે. નાનામાં નાનાં સૂત્રો એકબે શબ્દો ધરાવે છે જ્યારે મોટાં સૂત્રો વધારેમાં વધારે પાંચ-સાત શબ્દો ધરાવે છે. એમને કંઠસ્થ કરી લેવાથી તેમ જ સમજી લેવાથી જૈન સિદ્ધાન્તનું ખાસ્સું પાંડિત્ય પ્રાપ્ત થઈ જાય છે. આ સૂત્રો દસ અધ્યાયોમાં વિભક્ત છે. પ્રથમ અધ્યાયમાં સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રને સમસ્તપણે મોક્ષનો ઉપાય જણાવી, સમ્યગ્-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દર્શનની વ્યાખ્યા કરી છે, જીવ વગેરે સાત તત્ત્વો ગણાવ્યાં છે અને તે તત્ત્વોને જાણવાનાં ઉપાયભૂત જ્ઞાનોનું નિરૂપણ કર્યું છે. આ અધ્યાયમાં મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય અને કેવળ એ પાંચ જ્ઞાનોનું વ્યવસ્થિત નિરૂપણ કરવામાં આવ્યું છે. વળી, આ જ અધ્યાયમાં નામ આદિ ચાર નિક્ષેપો, નિર્દેશ આદિ ચૌદ અનુયોગદ્વારો અને નૈગમ આદિ પાંચ નયોને જણાવવામાં આવ્યાં છે. બીજા અધ્યાયમાં જીવતત્ત્વનું સ્વરૂપ, સંસારી જીવના પ્રકારો, ઇન્દ્રિયોનાં ભેદ-પ્રભેદ, ઇન્દ્રિયોના વિષયો, જીવવર્ગોમાં ઇન્દ્રિયોની વહેંચણી, અંતરાલગતિ, જન્મના પ્રકારો, યોનિઓ, ઔદારિક આદિ પાંચ શરીરો, ચાર ગતિઓમાં લિંગની વહેંચણી અને અનપવર્તી આયુષ્યને ભોગવનારાઓનો નિર્દેશ આવે છે. ત્રીજા અધ્યાયમાં નારકોનું અને મધ્યલોકનું વર્ણન છે. ચોથા અધ્યાયમાં દેવો અને દેવલોકનું વર્ણન છે. પાંચમા અધ્યાયમાં દ્રવ્યના પ્રકારો, તેમનાં સાધર્મ્ય–વૈધર્મ્ય, તેમનું સ્થિતિક્ષેત્ર, તેમનાં કાર્યો, પુદ્ગલનું સ્વરૂપ, તેના પ્રકારો અને તેનાં ઉત્પાદક કારણો, પૌદ્ગલિક બંધ, દ્રવ્ય-સામાન્યનું લક્ષણ, કાળનું સ્વરૂપ, ગુણ અને પરિણામનાં લક્ષણો નિરૂપવામાં આવ્યાં છે. છઠ્ઠા અધ્યાયમાં આસ્રવનું સ્વરૂપ, આસ્રવના પ્રકારો અને કયા પ્રકારના આસ્રવથી કયાં કર્મો બંધાય છે તેનું વર્ણન છે. સાતમા અધ્યાયમાં વ્રતનું સ્વરૂપ, અણુવ્રત અને મહાવ્રત, વ્રતની સ્થિરતાના ઉપાયો, હિંસા આદિ દોષોનું સ્વરૂપ, વ્રતના અતિચારો, દાનનું સ્વરૂપ એ બધાની વિચારણા છે. આઠમા અધ્યાયમાં કર્મબંધના મૂળ હેતુઓ, કર્મબંધનું સ્વરૂપ, બંધના પ્રકૃતિ આદિ ચાર પ્રકાર, અને મૂલપ્રકૃતિ અને ઉત્તરપ્રકૃતિના ભેદોનું નિરૂપણ છે. નવમા અધ્યાયમાં સંવરનું સ્વરૂપ અને તેના ઉપાયો જણાવામાં છે. ઉપાયોમાં ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરીષહજય, ચારિત્ર અને તપની વિચારણા છે. દસમા અધ્યાયમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિના હેતુઓ, કર્મના આત્યંતિક ક્ષયનાં કારણો, મોક્ષનું સ્વરૂપ, મુચ્યમાન જીવનું ઊર્ધ્વગમન, ઊર્ધ્વગતિનાં કારણો, ક્ષેત્ર આદિ બાર બાબતો વડે સિદ્ધની વિશેષ વિચારણા આ બધું આલેખાયું છે. ટૂંકમાં, પ્રથમ અધ્યાયમાં જ્ઞાનમીમાંસા છે, બીજાથી પાંચમા અધ્યાયોમાં જ્ઞેયમીમાંસા છે અને બાકીના પાંચ અધ્યાયોમાં ચારિત્રમીમાંસા છે.

આ મૂળ સૂત્રો ઉપર ઉમાસ્વાતિએ પોતે જ ભાષ્ય લખ્યું છે. ત્યાર પછી દિગંબર આચાર્ય પૂજ્યપાદે સૂત્રો ઉપર સર્વાર્થસિદ્ધિ નામની ટીકા રચી છે. તેના પછી દિગંબર આચાર્ય ભટ્ટ અકલંકે તત્ત્વાર્થસૂત્ર ઉપર રાજવાર્તિક નામની ટીકા રચી છે. પૂજ્યપાદનાં સર્વાર્થસિદ્ધિગત મુદ્દાવાળા વાક્યોને તારવી, ગોઠવી અકલંકે તેમના ઉપર સ્ફુટ વિવરણ લખ્યું છે. આ દૃષ્ટિએ તેને સર્વાર્થસિદ્ધિનું વિવરણ કહેવાય. પરંતુ રાજવાર્તિકમાં દાર્શનિક ચર્ચાઓ અનેકાંતને આશ્રીને તેમ જ વિસ્તારથી કરવામાં આવી હોઈ તે વસ્તુતઃ સ્વતંત્ર ગ્રંથ જ બની રહે છે. ત્યાર બાદ વિદ્યાનન્દે સૂત્રો ઉપર તત્ત્વાર્થશ્લોકવાર્તિક નામની ટીકા રચી છે. પંડિતશ્રી સુખલાલજી રાજવાર્તિક અને શ્લોકવાર્તિક વિશે લખે છે કે "તત્ત્વાર્થ ઉપરના ઉપલબ્ધ શ્વેતાંબરીય સાહિત્યમાંથી એકે ગ્રંથ 'રાજવાર્તિક' કે 'શ્લોકવાર્તિક'ની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સરખામણી કરી શકે તેવો દેખાયો નથી. ભાષ્યમાં દેખાતો આછો દાર્શનિક અભ્યાસ સર્વાર્થસિદ્ધિમાં કંઈક ઘેરો બને છે અને તે રાજવાર્તિકમાં વિશેષ ઘટ્ટ થઈ, છેવટે શ્લોકવાર્તિકમાં ખૂબ જામે છે.” શ્લોકવાર્તિકમાં પૂર્વકાલીન અને સમકાલીન જૈનેતરોએ કરેલ હુમલાઓનો સમર્થ ઉત્તર છે. મૂળ સૂત્રો ઉપર લખાયેલી ભાષ્ય સિવાયની બધી મહત્ત્વની વ્યાખ્યાઓ દિગંબર આચાર્યોની છે.

(૨) **તત્ત્વાર્થભાષ્ય**—આ ભાષ્ય તત્ત્વાર્થસૂત્રની વ્યાખ્યા છે. તે ઉમાસ્વાતિની જ રચના છે, પરંતુ તેમાં દિગંબર પરંપરાને માન્ય ન હોય એવી કેટલીક બાબતોનો સ્વીકાર હોઈ, દિગંબરો તેને ઉમાસ્વાતિની કૃતિ નથી ગણતા. ભાષ્યમાં ‘અમે કહીશું’ (= वक्ष्यामि, वक्ष्यामः) એ રીતે જે વસ્તુ કહેવાની પ્રતિજ્ઞા કરવામાં આવી છે તે વસ્તુ પછી સૂત્રમાં જ કહેવામાં આવી છે. તેથી સૂત્ર અને ભાષ્ય બંનેના કર્તા નિઃસંદેહ એક જ છે એ પુરવાર થાય છે. સિદ્ધસેન ગણી તથા યાકિનીસૂનુ હરિભદ્રસૂરિ પણ ભાષ્યકાર તથા સૂત્રકારને એક જ માને છે. વળી દશવૈકાલિકની અગસ્ત્યસિંહકૃત ચૂર્ણિમાં ઉમાસ્વાતિના નામે જ સૂત્ર અને ભાષ્ય બન્ને ઉદ્ધૃત છે (પૃ. ૮૫). ભાષ્યની શૈલી પ્રાચીન છે. ભાષ્યમાં આગમાનુસારી વિવરણ વિશેષ છે, દાર્શનિક ચર્ચાઓ પ્રમાણમાં અલ્પ છે. કાળતત્ત્વ, કેવલિકવલાહાર, અચેલકત્વ, સ્ત્રીમોક્ષ જેવી જે બાબતોએ તીવ્ર મતભેદનું રૂપ ધારણ કર્યું છે તે બાબતો પરત્વેનો સાંપ્રદાયિક અભિનિવેશ ભાષ્યમાં દેખાતો નથી.

તત્ત્વાર્થભાષ્ય ઉપર સિદ્ધસેન ગણીએ આગમાનુસારી ટીકા રચી છે. યાકિનીસૂનુ હરિભદ્રસૂરિએ સાડા પાંચ અધ્યાય સુધી ભાષ્ય ઉપર વૃત્તિ લખી છે, ત્યાંથી આગળ દસમા અધ્યાયના અંતિમ સૂત્રના ભાષ્યને બાદ કરતાં બાકીના ભાષ્ય પર યશોભદ્ર આચાર્યે વૃત્તિ રચી છે અને દસમા અધ્યાયના માત્ર અંતિમ સૂત્રના ભાષ્ય પર યશોભદ્ર આચાર્યના અજ્ઞાતનામક શિષ્યે વૃત્તિ રચી છે. દેવગુપ્તસૂરિએ ભાષ્યની સંબંધકારિકાઓ ઉપર લખેલી વ્યાખ્યા મળે છે પણ ભાષ્ય ઉપર લખવા ધારેલ વ્યાખ્યા લખી હશે કે નહિ તે કહેવું મુશ્કેલ છે. આચાર્ય મલયગિરિએ તત્ત્વાર્થભાષ્ય ઉપર લખેલી વ્યાખ્યા ઉપલબ્ધ નથી. વાચક શ્રી યશોવિજયજીએ ભાષ્ય પર લખેલી વૃત્તિનો અપૂર્ણ પ્રથમ અધ્યાય જેટલો ભાગ મળે છે. આમ શ્વેતાંબર આચાર્યોનું વલણ મૂળ સૂત્રો પર નહિ પણ ભાષ્ય પર ટીકાઓ લખવાનું રહ્યું છે.

(૩) **જંબૂદ્વીપસમાસ**—આ કૃતિ ચાર આહ્નિકમાં વિભક્ત છે, છતાં અત્યંત લઘુ છે. પ્રથમ બે આહ્નિક જંબૂદ્વીપની ભૂગોળનું વર્ણન કરે છે. ત્રીજું આહ્નિક દ્વીપો અને સમુદ્રોનું નિરૂપણ કરે છે. ચોથા આહ્નિકમાં માપનાં સૂત્રોની ચર્ચા છે તેમ જ જંબૂદ્વીપની લાક્ષણિકતાઓનો સંગ્રહ છે. તત્ત્વાર્થસૂત્રના ૩.૧૫ના ભાષ્યમાં અન્તર્દ્વીપોનાં જે નામો આપ્યાં છે તે નામો જંબૂદ્વીપસમાસના ત્રીજા આહ્નિકમાં આપેલાં નામો સાથે બરાબર મળતાં છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરંતુ તે નામો આગમિક કે અનાગમિક યાદીઓ સાથે પૂરેપૂરા બંધબેસતા નથી. ઉમાસ્વાતિ જંબૂદ્વીપસમાસના કર્તા છે એ પારંપરિક માન્યતાના સમર્થનમાં આ હકીકત બળ પૂરે છે. જંબૂદ્વીપસમાસના ચોથા આહ્નિકમાં માપનાં જે સૂત્રો આપેલાં છે તે અને તત્ત્વાર્થસૂત્ર ૩.૧૧ના ભાષ્યમાં માપનાં જે સૂત્રો આપેલાં છે તે એકસરખાં છે, કેવળ એક જ સૂત્ર તત્ત્વાર્થભાષ્યમાં આપેલ સૂત્રથી જરા ભિન્ન છે. તત્ત્વાર્થભાષ્યનું આ સૂત્ર વધારે ચોક્કસ ગાણિતિક પરિણામ આપે છે. આ ઉપરથી જણાય છે કે જંબૂદ્વીપસમાસના તે સૂત્રમાં સુધારો કરી તત્ત્વાર્થભાષ્યમાં વધુ સારું સૂત્ર આપવામાં આવ્યું છે. આ બતાવે છે કે તત્ત્વાર્થભાષ્ય કરતાં કંઈક પહેલાં જંબૂદ્વીપસમાસની રચના ઉમાસ્વાતિએ કરી છે. એ સંભવ છે કે તત્ત્વાર્થસૂત્રના ત્રીજા અધ્યાયની રચનાની પૂર્વતૈયારી રૂપે ઉમાસ્વાતિએ જંબૂદ્વીપસમાસની રચના કરી હોય. કદાચ આ કારણે જ તત્ત્વાર્થસૂત્રનો ત્રીજો અધ્યાય અત્યંત સારભૂત અને સંક્ષિપ્ત બની ગયો છે.

**(૪) પૂજાપ્રકરણ**—૧૯ સંસ્કૃત શ્લોકમાં નિબદ્ધ પૂજાપ્રકરણ શ્રાવકને માટે એકવીસ પ્રકારની પૂજાઓ નિરૂપે છે. પ્રશમરતિના ૩૦૫મા શ્લોકમાં ગંધ, માલ્ય, અધિવાસ, ધૂપ, દીપ વગેરેને ગણાવવા દ્વારા પૂજાનો નિર્દેશ છે પરંતુ એથી વિશેષ કંઈ નથી. પૂજાપ્રકરણમાં તો પૂજાવિધિનું વિસ્તૃત નિરૂપણ છે. જુદા જુદા પ્રકારની પૂજાઓ દિવસના જુદા જુદા સમયે કરવાનું જણાવ્યું છે. ચક્ષુઓ નીચી કરી મૌન ધરી પદ્માસનમાં રહી પૂજા કરવાનું વિધાન કર્યું છે. વળી નવ અંગે નવ તિલકો કરવાનું કહેવામાં આવ્યું છે. પૂજા કરનારે પશ્ચિમાભિમુખ રહી પૂજા કરવી જોઈએ એમ કહ્યું છે. આવા વિસ્તૃત ક્રિયાકાંડના ઉલ્લેખને ઉમાસ્વાતિના જ્ઞાત ગ્રંથોમાં કોઈ સ્થાન નથી, જે આ કૃતિ ઉમાસ્વાતિની હોય એ વિશે શંકા પેદા કરે છે. ચારિત્રસુંદર ગણીએ પોતાના સંવત ૧૪૮૭માં રચેલા આચારોપદેશ નામના ગ્રંથમાં આ જ પૂજાપ્રકારો નિરૂપ્યા છે. તેથી કેટલાક વિદ્વાનો એમ માને છે કે પૂજાપ્રકરણ ઈ. સ. ની ૧૪મી શતાબ્દીથી ભાગ્યે જ જૂનું હોય.

**(૫) સાવયપણ્ણત્તિ**—આ ગ્રંથ ૪૦૦ પ્રાકૃત ગાથાઓમાં રચાયેલો છે. તે શ્રાવકના બાર વ્રતોનું (અણુવ્રતો, ગુણવ્રતો અને શિક્ષાવ્રતોનું) નિરૂપણ કરે છે. તે વ્રતોના અતિચારો અને તે વ્રતો સાથે સંબદ્ધ આવશ્યકોનું આલેખન પણ તે કરે છે. અનેક સ્થાનોએ તત્ત્વાર્થસૂત્રમાંથી ઉદ્ધરણો પણ આપવામાં આવ્યાં છે. સાવયપણ્ણત્તિમાં નિરૂપવામાં આવેલો મુખ્ય વિષય તત્ત્વાર્થસૂત્રના સાતમા અધ્યાયમાં છે. બાર વ્રતો અને તેમના અતિચારોના નિરૂપણની બાબતમાં સાવયપણ્ણત્તિ તત્ત્વાર્થસૂત્રથી જુદી પડે છે, પરંતુ સાવયપણ્ણત્તિગત તે નિરૂપણ ઉપાસકદશાની પરંપરાને બરાબર બંધ બેસે છે. વળી, સિદ્ધોના ભેદ કરવાની રીતો (ગાથા ૭૬–૭૭) પ્રજ્ઞાપના ૧.૭.૭–૧૦માં જણાવેલી તે રીતો સાથે બરાબર મેળ ખાય છે, તત્ત્વાર્થસૂત્રમાં જણાવેલી તે રીતો સાથે મેળ ખાતી નથી. ઉપરાંત, સાવયપણ્ણત્તિ પ્રાકૃત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રચના છે. આ બધા મુદ્દાઓ આ કૃતિને ઉમાસ્વાતિના નામે ચઢાવવાની વિરુદ્ધ જાય છે. કેટલાક વિદ્વાનો તેને હરિભદ્રસૂરિની કૃતિ માને છે.

**પ્રશમરતિ પરની સંસ્કૃત ટીકાઓ**—પ્રશમરતિ ઉપર બે સંસ્કૃત ટીકાઓ ઉપલબ્ધ છે—એક હરિભદ્રસૂરિએ (ઈ. સ.ની બારમી શતાબ્દી) લખેલી અને બીજી અજ્ઞાતકર્તૃક. અજ્ઞાતકર્તૃક ટીકા અવચૂરિસહિત છે. આ બંને ટીકાઓ શ્વેતાંબર પરંપરાની છે. કોઈ દિગંબર આચાર્યે તેના ઉપર ટીકા રચી નથી. તેનું કારણ એ જણાય છે કે પ્રશમરતિમાં મુનિનાં વસ્ત્રપાત્ર વિશે વિસ્તૃત નિરૂપણ છે, જે દિગંબરોને ઇષ્ટ નથી. આ બે સિવાય બીજી કોઈ ટીકા અત્યારે ઉપલબ્ધ નથી, પરંતુ આ બે સિવાયની બીજી ટીકાઓ હતી એ હરિભદ્રસૂરિની ટીકાને અંતે આપેલી ટીકાકારની પ્રશસ્તિના આધારે નક્કી થાય છે. હરિભદ્રસૂરિ કહે છે કે પોતે આ ટીકા પ્રાચીન ટીકાઓનું અધ્યયન કરીને લખી છે (परिभाव्य वृद्धटीकाः – प्रशस्ति ३)

આ ટીકાકાર હરિભદ્રસૂરિ ઈસ્વી સનની બારમી શતાબ્દીના હોઈ, આઠમી શતાબ્દીના યાકિનીસૂનુ હરિભદ્રસૂરિથી જુદા છે. વળી, નેમિનાહચરિઉના કર્તા વડગચ્છીય હરિભદ્રથી (૧૨૧૬ વિ. સં=૧૧૬૦ ઈ.સ.) પણ એ જુદા છે. ટીકાને અંતે આપેલ પ્રશસ્તિમાંથી જ્ઞાત થાય છે કે આ ટીકાકાર હરિભદ્રસૂરિ દેવસૂરિશિષ્ય જિનદેવના શિષ્ય હતા. તેમણે આ ટીકા જયસિંહદેવના રાજ્યકાળમાં અણહિલપુરપાટણમાં વિ. સં. ૧૧૮૫માં રચી છે.

હરિભદ્રસૂરિ પ્રશમરતિને બાવીસ અધિકારમાં (પ્રકરણમાં) વિભક્ત કરે છે. તેમની ટીકા સંક્ષિપ્ત અને સરળ છે. શ્લોકોનો શબ્દાર્થમાત્ર તે આપે છે. કોઈ પણ મુદ્દાની વિસ્તૃત ચર્ચા તેમાં નથી. પ્રાચીન શાસ્ત્રોમાંથી મહત્ત્વનાં ઉદ્ધરણો તે આપતી નથી. આગમોમાંથી બહુ જ થોડાં ઉદ્ધરણો હરિભદ્રે ટીકામાં આપ્યાં છે. આ તેમણે કરેલી પ્રતિજ્ઞાને અનુરૂપ છે. તેમની પ્રતિજ્ઞા ટૂંકમાં (**समासेन**) સમજૂતી આપવાની છે.

બીજી અજ્ઞાતકર્તૃક ટીકા હરિભદ્રની ટીકાથી વધારે પ્રાચીન લાગે છે. આ ટીકા હારિભદ્રીય ટીકાથી વધારે વિસ્તારવાળી છે. તે શ્લોકોનો શબ્દાર્થ કરવા ઉપરાંત આચારને લગતા કે દાર્શનિક મહત્ત્વના સિદ્ધાન્ત ખાબત વિસ્તારથી સમજૂતી આપે છે, એટલું જ નહિ પણ મહત્ત્વનાં ઉદ્ધરણો પણ શાસ્ત્રમાંથી આપે છે.

હરિભદ્રસૂરિની સમક્ષ આ અજ્ઞાતકર્તૃક ટીકા હોવાનો સંભવ લાગે છે. હરિભદ્રસૂરિ કેટલાંક એવાં પાઠાન્તરોનો ઉલ્લેખ કરે છે જે અજ્ઞાતકર્તૃક ટીકાની સ્વીકૃત વાચનામાં મળે છે. બીજું, હરિભદ્રસૂરિ બાવીસ અધિકરણોમાં પ્રશમરતિને વિભક્ત કરે છે, જ્યારે અજ્ઞાતકર્તૃક ટીકામાં કે તેણે સ્વીકારેલ વાચનામાં પ્રશમરતિને કોઈ પણ રીતે વિભક્ત કરવામાં આવેલ નથી. જો અજ્ઞાતકર્તૃક ટીકા હારિભદ્રીય ટીકા પછીની હોત તો અજ્ઞાતકર્તૃક ટીકામાં તે તે વિભાગનો સ્વીકાર અથવા નિર્દેશ હોત, પરંતુ તેમ નથી. ત્રીજું, અજ્ઞાતકર્તૃક ટીકાએ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વીકારેલ કેટલાક ખોટા પાઠોને હરિભદ્રસૂરિએ પોતાની ટીકામાં સુધાર્યા છે. વળી, પ્રશમરતિનો ૨૪૩મો શ્લોક (सम्यग्दृष्टिर्ज्ञानी विरतितपोबलयुतोऽप्यनुपशान्तः।) જે અજ્ઞાતકર્તૃક ટીકાની વાચનામાં છે તે ૧૨૭મા શ્લોકનું જ થોડાક ફેરફાર સાથે પુનરાવર્તન છે. આ ભૂલ હારિભદ્રીય ટીકામાં સુધારી લેવામાં આવી છે. ઉપરાંત, અજ્ઞાતકર્તૃક ટીકાએ સ્વીકારેલી વાચનામાં અગત્યનો શ્લોક ૨૭૭ (कार्मणशरीरयोगी) છોડી દેવામાં આવ્યો છે, પરંતુ હારિભદ્રીય ટીકાએ સ્વીકારેલી વાચનામાં તેને સ્વીકારવામાં આવ્યો છે. શ્રી મોતીચંદભાઈના વિવેચનવાળા આ સંસ્કરણમાં કુલ શ્લોકો ૩૧૩ના બદલે ૩૧૪ કેમ છે એનો ખુલાસો આમાંથી મળી રહે છે. તેમાં કોઈ પણ શ્લોક છોડી દેવામાં આવ્યો નથી.

**પ્રશમરતિની મહત્તા**—યાકિનીસૂનુ હરિભદ્રસૂરિ (ઈ. સ. આઠમી શતાબ્દી) પોતાની તત્ત્વાર્થભાષ્યટીકામાં તેમ જ શાન્તિસૂરિ (ઈ. સ. ૧૨૧૫) પોતાની ધર્મરત્નપ્રકરણ ઉપરની સ્વોપજ્ઞ વૃત્તિમાં પ્રશમરતિમાંથી શ્લોકો ટાંકે છે. આનો નિર્દેશ આપણે અગાઉ કરી ગયા છીએ. પોતાના મતને ઉમાસ્વાતિનું સમર્થન છે એ બતાવવા અભયદેવસૂરિ (ઈ. સ. દસમી શતાબ્દી) પોતાની સન્મતિતર્કપ્રકરણટીકામાં પ્રશમરતિમાંથી એક શ્લોક ટાંકે છે. પ્રશમરતિની ૧૨૦મી કારિકાને 'આચાર્યે કહ્યું છે કે (आचार्य आह)' એમ કહીને પોતાની નિશીથચૂર્ણિમાં જિનદાસ મહત્તર ઉદ્ધૃત કરે છે. આમ વિદ્વાન આચાર્યો પ્રશમરતિને જૈન આચારનો પ્રમાણભૂત ગ્રંથ માને છે. આ પ્રશમરતિની મહત્તા સૂચવે છે.

**શ્રી મોતીચંદભાઈનું ગુજરાતી વિવેચન**—શ્રી મોતીચંદભાઈએ કરેલું પ્રશમરતિનું વિવેચન વિસ્તૃત અને વિશદ છે. એક જ મુદ્દાને અનેક રીતે રજૂ કરી સમજાવવાની કળા શ્રી મોતીચંદભાઈને સિદ્ધ છે. ક્યારેક પુનરુક્તિ કરવી પડે તો તે પણ કરે છે. દાખલા-દલીલો પુષ્કળ આપે છે. શાસ્ત્રગ્રંથોનાં વચનોને પણ સમર્થનમાં ટાંકે છે. જૈન અને જૈનેતર, સંસ્કૃત અને પ્રાકૃત ગ્રંથોમાંથી સમીચીન ઉદ્ધરણો ઉદ્ધૃત કરે છે. લોકોક્તિઓ અને દૃષ્ટાંતકથાઓ આપીને વિષયને સુગ્રાહ્ય બનાવે છે. તેમની બહુશ્રુતતા અને તાર્કિકતા પદે પદે પ્રગટ થાય છે. ૧૧૪–૧૧૭ આ ચાર કારિકાઓની સમજૂતી આપતાં સમગ્ર આચારાંગ-સૂત્રનો વ્યવસ્થિત સાર જ એમણે આપી દીધો છે. પ્રશમરતિના દરેક શ્લોકના પ્રત્યેક શબ્દની સમજૂતી આપી પછી આખા શ્લોકના આશયને સ્પષ્ટ કરતું પોતાનું વિવેચન તેઓ આપે છે. તેમણે આખા ગ્રંથને વિષય પ્રમાણે એકવીસ પ્રકરણોમાં વિભક્ત કર્યો છે. પ્રત્યેક પ્રકરણનો ઉપક્રમ સંક્ષેપમાં પોતે રજૂ કરે છે અને એ રીતે પ્રકરણમાં આવનાર વિષયમાં સરળ રીતે પ્રવેશ કરાવે છે. પ્રકરણને અંતે પોતે ઉપસંહાર પણ લખે છે અને એ રીતે આખા પ્રકરણના બધા મુદ્દાઓને પોતાની રીતે સંક્ષેપમાં મૂકી આપે છે, જે વાચકને સમગ્રનો ખ્યાલ આપે છે. વિવેચનમાં આધ્યાત્મિક ખડતલપણું તેમ જ બૌદ્ધિક પ્રામાણિકતા અભિવ્યક્ત થાય છે. આ નર્યો વાણીવિલાસ નથી. ભાષા આડંબરરહિત, સીધી અને સચોટ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી મોતીચંદભાઈએ વિવેચનના પ્રારંભે (પૃ. ૫) જણાવ્યું છે કે પોતે શરૂઆતમાં ઉમાસ્વાતિનું જીવનચરિત્ર આપ્યું છે. આનો અર્થ એ કે વિવેચનની પ્રસ્તાવનામાં ઉમાસ્વાતિ વિશે લખવાની એમની ધારણા હતી. પરંતુ તેઓ પ્રસ્તાવના જ લખી શકયા નથી. તેમની સ્વહસ્તે લખેલી નોંધ અનુસાર નવેમ્બર ૧૯૫૦માં તેમણે વિવેચન પૂરું કર્યું છે, અને ચાર માસ પછી ૨૭ માર્ચ ૧૯૫૧માં તેમનું દેહાવસાન થયું છે. આ ઉપરથી સમજાય છે કે સ્વાસ્થ્યની પ્રતિકૂળતાને કારણે તેઓ પ્રસ્તાવના લખી શકયા નથી, એટલું જ નહિ પણ પોતે લખેલ વિવેચનને તેઓ ફરી સળંગ વાંચી શકયા પણ નથી. વળી, આ ઉપરથી આપણે સહેલાઈથી અનુમાન કરી શકીએ કે આ વિવેચન તેમની અંતિમ કૃતિ હોવી જોઈએ. આ વિવેચનમાં જેનો ઉલ્લેખ છે તે તેમનો કર્મ ઉપરનો વિસ્તૃત નિબંધ આજ સુધી અપ્રકાશિત છે. તેને વિદ્યાલય જેમ બને તેમ જલદી પ્રકાશિત કરવા ઇચ્છે છે.

**આભારદર્શન**—સંપાદન કરવાને બહાને મને પ્રશમરતિનો સ્વાધ્યાય કરવાનો અવસર આપ્યો તે માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો તેમ જ સદ્‌ગત મુરબ્બી શ્રી રતિલાલ દીપચંદ દેસાઈનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું. ઉપરાંત, આ કાર્ય કરવા મને પ્રોત્સાહિત કરવા બદ્દલ વિદ્યાલયના ડાયરેક્ટર શ્રી કોરાસાહેબનો હું અત્યંત ઋણી છું. લા. દ. વિદ્યામંદિરના ડૉ. રમણીકભાઈ મ. શાહે પ્રૂફવાચન કરી મને સહાય કરી છે, તે બદ્દલ તેમનો પણ હું આભાર માનું છું.

પ્રશમરતિ ગ્રંથ પોતે જ જૈન આચારની એક પ્રાંજલ રચના છે. વળી તેને અહીં શ્રી મોતીચંદભાઈ જેવા સમર્થ વિવેચક પ્રાપ્ત થયા છે. એટલે પ્રસ્તુત પ્રકાશન વાચકોને અતિ ઉપયોગી બની રહેશે એ નિઃશંક છે.

નગીનદાસ જીવણલાલ શાહ

૨૩, વાલકેશ્વર સોસાયટી,
અમદાવાદ – ૩૮૦ ૦૧૫.
અક્ષય તૃતીયા, ૨૦૪૨
તા. ૧૨–૫–૮૬

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# અનુક્રમણિકા


| | |
|---|---|
| પ્રકાશકીય નિવેદન | ૩ |
| સંપાદકીય નિવેદન | ૫ |
| પ્રકરણ નં. | પાના નં. |
| ૧. નમસ્કાર | ૩-૨૮ |
| ૨. વૈરાગ્ય | ૨૯-૪૫ |
| ૩. કષાયો અને વિષયો | ૪૬-૨૪૦ |
| ૪. આચાર | ૨૪૧-૩૧૬ |
| ૫. સુખ | ૩૧૭-૩૬૯ |
| ૬. ભાવના | ૩૭૦-૪૪૭ |
| ૭. યતિધર્મ | ૪૪૮-૪૮૯ |
| ૮. કથા | ૪૯૦-૫૦૪ |
| ૯. તત્ત્વ | ૫૦૫-૫૬૪ |
| ૧૦. સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્ર | ૫૬૫-૫૮૬ |
| ૧૧. પ્રશમ | ૫૮૭-૬૦૧ |
| ૧૨. શીલાંગ | ૬૦૨-૬૧૪ |
| ૧૩. ધ્યાન | ૬૧૫-૬૩૭ |
| ૧૪. ક્ષપકશ્રેણી | ૬૩૮-૬૫૮ |
| ૧૫. સમુદ્ઘાત | ૬૫૯-૬૬૬ |
| ૧૬. યોગનિરોધ | ૬૬૭-૬૭૫ |
| ૧૭. શૈલેશીકરણ | ૬૭૬-૬૮૩ |
| ૧૮. મોક્ષ | ૬૮૪-૬૯૪ |
| ૧૯. મુનિને | ૬૯૫-૭૦૪ |
| ૨૦. ગૃહસ્થને | ૭૦૫-૭૧૬ |
| ૨૧. ઉપસંહાર | ૭૧૭-૭૨૩ |
| શુદ્ધિપત્રક | ૭૨૪ |



JAINSITE.com જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રશમરતિ

[અર્થ તથા વિવેચન સહિત]

જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉમાસ્વાતિ મહારાજકૃત

# પ્રશમરતિ

## પ્રકરણ ૧લું : નમસ્કાર

સંસ્કૃત કવિઓનો એક નિયમ છે : ગ્રંથની પરિસમાપ્તિ નિર્વિઘ્ને થાય તે માટે ગ્રંથની આદિમાં મંગળાચરણ કરવું જોઈએ. आशीर्नमस्क्रिया वस्तुनिर्देशो वापि तन्मुखम् । એટલે ગ્રંથની શરૂઆતમાં કાં તો આશિષ આપવી, કાં તો કોઈ ઇષ્ટદેવને નમસ્કાર કરવો અને કાં તો પ્રસ્તુત ગ્રંથમાં શો વિષય આવવાનો છે, તે જણાવવું. આ ત્રણ : આશિષ, નમસ્કાર અને વસ્તુનિર્દેશ અથવા તેમાંનો કોઈ એકાદ વિષય ગ્રંથની શરૂઆતમાં જણાવવાની શૈલી છે, પદ્ધતિ છે. આ વાતને શૈલી અથવા પદ્ધતિ કહેવાનું કારણ તર્કસંગ્રહની શરૂઆતમાં આપ્યું છે. તેઓ બેવડી દલીલ કરે છે : કાદંબરી વગેરે ગ્રંથોમાં બાણભટ્ટે નમસ્કાર કર્યો, છતાં તે ગ્રંથ તેનાથી પૂરો ન થઈ શક્યો; ગ્રંથ પૂરો થવા પહેલાં તેમનું મરણ થઈ ગયું અને તેટલા માટે નમસ્કાર નિરર્થક છે, એમ દલીલ ત્યાં કરી છે. અને અનેક લેખકોએ નમસ્કાર કે આશિષ કે વસ્તુનિર્દેશ વગર ગ્રંથ શરૂ કરી દીધો તેઓના દશકુમારચરિતાદિ ગ્રંથો પૂરા થઈ ગયાના દાખલા મોજૂદ છે. આથી બન્ને રીતે નમસ્કાર કરવા છતાં ગ્રંથ પૂરો ન થયો અને નમસ્કારાદિ ત્રણમાંથી એકે શિષ્ટ સંપ્રદાયનું અનુસરણ ન કરવા છતાં ગ્રંથ પૂરો થયો, એવા દાખલા છે. તેથી ન્યાયના લેખકે દલીલ કરી છે કે, નમસ્કારાદિ ત્રણે વાત અર્થ વગરની હોઈ નકામી છે. આ પણ એક જાતની દલીલ છે, પણ આપણે તો પ્રાચીન સંપ્રદાયમાં માનનારા હોઈ આ સાંપ્રદાયિક પદ્ધતિને અનુસરવાનું માનવાવાળા છીએ. ત્યારે શરૂઆતમાં ત્રણમાંથી એક વાત કરવાની પદ્ધતિને આપણે સ્વીકારીએ છીએ.

તેમાં પ્રથમ નમસ્કારની વાત કરીએ. ત્યાં પોતાને ઇષ્ટ કોઈ પણ પુરુષ હોય, પોતાને જેના તરફ પૂજ્યભાવ હોય, પોતાના જે કોઈ ઇષ્ટદેવ હોય, તેનું નામ શરૂઆતમાં લેવું અથવા પોતાના ઉપકારી ગુરુ કે અન્ય જે કોઈના આભાર તળે પોતે હોય તેને યાદ કરવા, એ શિષ્ટ સંપ્રદાય છે. અમુકને જ નમસ્કાર કરવો અને બીજાને નહિ એવી સાંકડ નથી. અનેક ગ્રંથોમાં શંકર, બ્રહ્મા, વિષ્ણુ, શારદા (સરસ્વતી), જિન, તીર્થંકર અથવા પોતાના ગુરુને યાદ કરવામાં આવે છે. અને ઉપકારીને શરૂઆતમાં નમસ્કાર કરવો તે સારી વાત લાગે છે. મતઔદાર્યને કારણે તે પદ્ધતિ ખોટી નથી એમ લાગે છે.

આ ત્રણમાંની એક બાબત હોવી જ જોઈએ એવો આગ્રહ ન રાખવો જરૂરી છે. અંગ્રેજી અનેક મોટા નવલો તથા ગ્રંથોમાં આમાંનું કાંઈ હોતું નથી; વર્તમાન પદ્ધતિએ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લખાયેલા ગુજરાતી નવલકથા કે વિજ્ઞાનના ગ્રંથોમાં આમાંથી એક કે વધારે હોતું નથી, તેથી ન હોય તો વાંધો નથી, એટલી મતઉદારતા રાખવી એવી નમ્ર વિજ્ઞપ્તિ છે. આ આપણા પ્રશમરતિ ગ્રંથના કર્તાએ આ પદ્ધતિ સ્વીકારી છે. તે આ પ્રકરણને અંતે જણાશે.

બાકી, શુભ આશિષથી ગ્રંથની શરૂઆત કરવી, તમારું સારું થાઓ એમ વાંચનાર માટે ઇચ્છવું અને સારા દેવો વાંચનારનું સારું કરે એવી ઇચ્છા પ્રદર્શિત કરવી, એ લખનાર અને વાંચનાર બન્નેને માટે સારું છે. લેખકની શુભ ઇચ્છા અને તેનું અભિવ્યક્તત્વ બધી રીતે સુંદર છે, પણ તે પ્રાસંગિક અને પ્રસ્તુત હોય તો સારું લાગે; નકામો ઉચ્ચાર કરવો નહિ, તે વાત સ્વીકારવા જેવી છે, અને તેથી પ્રસ્તુત હોય તેવે વખતે અથવા તેવા ઘાટના માણસોને સારી ઇચ્છાઓ બતાવી આશીર્વાદ આપવા તે પ્રાસંગિક હોય તો તેમાં કાંઈ વાંધો લેવા જેવું નથી.

અને, ત્રીજી વાત વસ્તુનિર્દેશની છે, એટલે આ ગ્રંથમાં કયા પ્રકારની વસ્તુ આવશે તે વાત તો આ જમાનામાં ઉપોદ્ઘાતમાં પણ સ્વીકારાયલી છે. ઉપોદ્ઘાતમાં આ (પ્રસ્તુત) ગ્રંથનો વિષય શો છે તેની પ્રાસંગિક વિગતો આપવામાં આવે છે, તેથી આ ગ્રંથની શરૂઆતમાં બતાવી હોય તો તેમાં કાંઈ ખોટું નથી, કારણ કે પૂર્વકાળમાં ઉપોદ્ઘાત કે પ્રસ્તાવના લખવાનો રિવાજ નહોતો, પણ આપણે નામ સાથે કાંઈ સંબંધ નથી. વાંચનારને વસ્તુનિર્દેશ બરાબર કરાવવામાં આવે, તે બહુ ઉપયોગી થઈ પડે છે, કારણ કે પોતાના રસ કે આવડતને અંગે સદર સદર ગ્રંથ વાંચવો કે નહિ તેનો નિર્ણય કરવાને અંગે તે પ્રાસંગિક થઈ પડે છે.

તેથી આશીર્વાદ, નમસ્કાર અથવા વસ્તુનિર્દેશ—એ ત્રણે રીત અસલના લોકોએ ડહાપણથી સ્વીકારી હતી અને તે અંતપર્યન્ત પાળવામાં આવતી હતી. તેનું અનુસરણ કરવાની ભલામણ કરવામાં આવતી નથી, કારણ કે મુદ્રણની સગવડ થઈ ગયા પછી, જુદો જ ઉપોદ્ઘાત લખાય, તેમાં કે પ્રસ્તાવનામાં જરૂરી વાતો આવી જાય છે, પણ અસલની રીતિમાં વાંધો લેવા જેવી કોઈ બાબત નથી.

આ ગ્રંથના કર્તા ઉમાસ્વાતિ બહુ મોટા માનવંતા લેખક હતા, તે તેમના ચરિત્રની ઉપલબ્ધ થતી હકીકતથી જણાશે. જૈનની નીતિને લગતી લગભગ બધી બાબત તેમણે વેધક રીતે ગ્રંથમાં દાખલ કરી છે. અને એક અનુકરણયોગ્ય જૈન નાગરિક બનવા માટે આ ગ્રંથના સાદ્યંત અભ્યાસની જરૂર છે.

**ગ્રંથની શરૂઆતમાં ૨૪ જિનને નમસ્કાર—**

**नाभेयाद्याः सिद्धार्थराजसूनुचरमाश्चरमदेहाः ।**
**पञ्चनवदश च दशविधधर्मविधिविदो जयन्ति जिनाः ॥१॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અર્થ**—આદીશ્વર વગેરે અને સિદ્ધાર્થરાજાના રાજપુત્ર–મહાવીરસ્વામી અને છેલ્લા શરીરવાળા, પાંચ વધતા નવ અને દશ એટલે ચોવીશે જિનો દશ પ્રકારની ધર્મવિધિને જાણનારા જયવંતા વર્તે છે. (૧)

**વિવેચન**—આ પ્રથમ ગાથામાં મંગલિક સૂચવે છે.

**નાભેય**—નાભિ રાજાના પુત્ર તે આદીશ્વર ભગવાન અથવા ઋષભદેવ. મહાવીરસ્વામી જે છેલ્લા શરીરધારી તીર્થંકર થઈ મોક્ષ ગયા હતા, અને જેઓ શલાકાપુરુષની ગણતરીમાં આવી ગયા છે, તેમને અને સાથે પાંચ, નવ અને દશ એટલે ચોવીશે તીર્થંકરોને નમસ્કાર કરીને, તેઓનો વિજય ઇચ્છીને આ ગ્રંથની શુભ શરૂઆત કરવામાં આવે છે. આવી રીતે સ્તુતિ કરી તેઓ વિજયવંત વર્તે છે એમ ગ્રંથકર્તાએ તેઓને યાદ કર્યા અને વિનય બતાવ્યો તે યોગ્ય છે. આશીર્વાદ, નમસ્કાર અથવા વસ્તુનિર્દેશથી ગ્રંથની શરૂઆત કરવી, એ સનાતન નિયમ છે.

આ ગ્રંથના કર્તા ઉમાસ્વાતિવાચકનું ચરિત્ર શરૂઆતમાં આપ્યું છે, એ ઉપરથી જણાશે કે તેઓ મહાપ્રતાપી પુરુષ હતા અને તેમણે યોગ અથવા ચારે અનુયોગને નવીન ઓક આપ્યો છે.

**દશ યતિધર્મ**—સાધુ મહારાજ, જે યતિધર્મોને પાળે, તે યતિધર્મ. આ જ ગ્રંથનું પ્રકરણ સાતમું શ્લોક ૧૬૭–૧૮૧માં એનો વિસ્તાર કર્યો છે. આ યતિધર્મને જાણનાર અને પાળનાર તીર્થંકરો હતા અને તેમણે ઉપકારબુદ્ધિએ તે આપણને જણાવ્યા છે. ગ્રંથકર્તાએ એની મહત્તા ગ્રંથ શરૂ કરતાં જ પ્રથમ ગાથામાં બતાવી છે, તે ઘણી મહત્ત્વની વાત છે અને આપણું ધ્યાન તેની તરફ ખેંચે છે. આને માટે તદ્વિષયક પ્રકરણ જોવું.

**સિદ્ધાર્થરાજસૂનુ**—મહાવીરસ્વામી, ચોવીશમા તીર્થંકર. તેઓ આપણા આસન્ન ઉપકારી હોવાથી તેમને ખાસ યાદ કર્યા છે. અત્યારે મહાવીરસ્વામીનું શાસન વર્તે છે. તેઓ છેલ્લા તીર્થંકર હોવાથી તેઓને અત્ર ખાસ સંભાર્યા છે.

**ચરમદેહા**—તીર્થંકરોને તે ભવમાં આ છેલ્લું શરીર હોય છે, ત્યાર પછી તેઓ મોક્ષમાં ગયેલ હોવાથી, તેમને શરીર ધારણ કરવાનું હોતું જ નથી. તેઓ ચોક્કસ મોક્ષ જનાર હોવાથી તેઓ શલાકાપુરુષ પણ કહેવાય છે. દરેક આરામાં એવા ત્રેસઠ પુરુષો થાય છે : ચોવીશ તીર્થંકર, બાર ચક્રવર્તી, નવ વાસુદેવ, નવ પ્રતિવાસુદેવ અને નવ બળદેવ મળીને ત્રેસઠ શલાકાપુરુષો થાય છે. ચરમ દેહવાળા તો માત્ર તીર્થંકરો હોય છે; સર્વ ચક્રવર્તી, વાસુદેવ કે પ્રતિવાસુદેવ ચરમદેહવાળા હોતા નથી.

**પંચ, નવ, દશ**—એ ચોવીશની સંખ્યા સૂચવનાર શબ્દ છે. પાંચમાં નવ ભળે અને તેમાં દશ ભળે ત્યારે ચોવીશ થાય. એવી રીતે અષ્ટાપદની રચનામાં ચત્તારી–અટ્ઠ–દસ–દોય એટલે ચાર, આઠ, દશ અને બે મળીને ચાર બાજુએ ચોવીશ તીર્થંકર હોય છે. અહીં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમાં ફેરફાર કેમ કર્યો અને ૪, ૮, ૧૦ અને ૨ને બદલે પાંચ, નવ અને દશ શબ્દ કેમ મૂકચો તેનો હેતુ મને સમજાતો નથી. આવી રીતે ભગવાનનું નામ લઈ ચોવીશે તીર્થંકરોને સંભારી આ ઉત્તમ ગ્રંથની શરૂઆત કરે છે અને નમસ્કારવિધિનો ઉપચાર ગ્રંથકર્તા જાળવે છે.

દશ પ્રકારના યતિધર્મનું વિવેચન કરી શકાય, પણ તે વિષયના સાતમા પ્રકરણ ઉપર, ગ્રંથગૌરવભયે મુલતવી રાખ્યું છે. 'પંચ, દશ, નવ' શબ્દના ઉપયોગનો કોઈ ખુલાસો વાચકને જડે અને મળેલ હોય તો આ વિવેચકને લખી જણાવવા તસ્દી લે. મને તેનો ચોવીશના સરવાળા ઉપરાંત કાંઈ ખુલાસો જડચો નથી. (૧)

**વધારે નમસ્કાર અને તેનું કારણ—**

जिनसिद्धाचार्योपाध्यायान् प्रणिपत्य सर्वसाधूंश्च ।
प्रशमरतिस्थैर्यार्थं वक्ष्ये जिनशासनात् किञ्चित् ॥२॥

**અર્થ**—તીર્થંકર, સિદ્ધના સર્વ જીવો, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુને નમસ્કાર કરીને પ્રશમભાવની સ્થિરતા કરવાને માટે જૈન શાસનમાંથી કાંઈક કહીશ. (૨)

**વિવેચન**—આ ગ્રંથ કરવાનું કારણ ગ્રંથકર્તા પોતે આ બીજી ગાથામાં જણાવે છે. નમસ્કાર કરવાથી કરેલી શરૂઆત અત્ર પણ ચાલુ છે.

**પ્રણિપત્ય**—પ્રથમની આગલી ગાથામાં કરેલ નમસ્કાર કરવાનો ઉપચાર આ ગાથામાં પણ ચાલુ રાખે છે.

**જિન**—અષ્ટ મહાપ્રાતિહાર્ય, જ્ઞાનાતિશય, વચનાતિશય, પૂજાતિશય અને અપાયાપગમાતિશય–એ બાર ગુણે કરી બિરાજમાન તીર્થપતિ, એ જિનેશ્વરદેવ; તેમને નમસ્કાર કરીને ગ્રંથની શરૂઆત કરે છે. આ અરિહંત અને સામાન્ય કેવળીમાં ઘણો તફાવત છે. કેવળીને ઋદ્ધિ સામાન્ય પ્રકારની હોય. કેટલાક તો મૂંગા કેવળી થાય છે. ઋદ્ધિ ન જ હોય એમ નહિ પણ હોય કે ન પણ હોય. તીર્થંકરને તો અષ્ટ મહાપ્રાતિહાર્ય, ચોત્રીશ અતિશય, સમવસરણની ઋદ્ધિ જરૂર હોય છે. આ સંસારમાં જે ધર્મતીર્થ પ્રવર્તાવે તે તીર્થંકર કહેવાય છે.

**સિદ્ધ**—અષ્ટકર્મથી મુક્ત થઈ ગયેલા સામાન્ય કેવળજ્ઞાની કે તીર્થંકરો એ સર્વ સિદ્ધમાં સમાય છે. કર્મથી રહિત સર્વ સિદ્ધ. આ સિદ્ધમાં અંતિમ અવસ્થાને અંગે સર્વ અરિહંતો–તીર્થંકરનો પણ સમાવેશ થાય છે. સંસારમાં હોય ત્યાં સુધી તે જુદા છે.

**આચાર્ય**—પંચેન્દ્રિય સૂત્રમાં બતાવેલા છત્રીશ ગુણથી બિરાજમાન અને મૂળસૂત્રનો પાઠ બતાવનાર, તે આચાર્ય–ગચ્છાધિપતિ. તે ગુણો આ પ્રમાણે છે: પાંચ ઇન્દ્રિયોનો સંવર કરનાર, નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનાર; ચાર કષાય–ક્રોધ, માન, માયા અને લોભથી મુક્ત; પાંચ મહાવ્રતના ધારણ કરનાર; પાંચ પ્રકારના આચારને ધારણ કરનાર અને પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિ મળીને આઠ પ્રવચન માતાને પાળનાર. આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છત્રીશ ગુણનું વિવેચન વિસ્તારથી મેં નમસ્કાર મહામંત્રના લેખમાં કર્યું છે; તે છપાવાનો થયો સંભવ છે.

**ઉપાધ્યાય**—ગચ્છના નવદીક્ષિતોને અર્થ ભણાવનાર, અઠ્ઠાવીશ ગુણના ધારણ કરનાર આ ઉપાધ્યાયો ગચ્છના બહુ ઉપયોગી અંગ છે. એના ગુણના વિસ્તાર માટે જુઓ મારો લખેલ સદર નમસ્કાર મહામંત્રનો લેખ. આચાર્ય મૂળ સૂત્રપાઠ આપે છે અને ઉપાધ્યાય તેનો અર્થ કરે છે, વિસ્તાર અને રહસ્ય શિષ્યને પૂરાં પાડે છે, અને કોઈ પ્રકારના બદલાની અપેક્ષા વિના શિષ્યને ધર્મમાં સ્થિર કરે છે.

**સર્વસાધુ**—ભરત વગેરે પંદર ક્ષેત્રોમાં વર્તતા સર્વ સાધુઓ. આ ‘સર્વ’ શબ્દ ઇરાદાપૂર્વક સમજીને મૂકયો છે. એનું રહસ્ય મેં મારા લખેલા મહામંત્ર નમસ્કારના લેખમાં સ્પષ્ટ કર્યું છે, તે વાંચવો. સત્તાવીશ ગુણ ધારણ કરનાર સાધુઓ જે કોઇ પણ ક્ષેત્રમાં હોય તેને નમીને ગ્રંથકર્તા શરૂ કરે છે.

**પ્રશમરતિ**—ઉપશમપ્રીતિ, નિશ્ચલતા. આવા મહાન પુરુષો, જેઓ પોતે ઉપશમભાવને પામ્યા છે, તેને યાદ કરવાથી આપણામાં પણ ઉપશમભાવ પાકો થઈ જાય. જે પોતે પ્રાપ્ત કરી ચૂકયા હોય તે બીજામાં એ ગુણને ઝળકાવે, ટકાવે, સ્થિર કરે.

**જિનશાસન**—સર્વજ્ઞદર્શિત આગમો. એટલે આ ગ્રંથ હું મારી મતિ અનુસાર નથી લખતો, પણ સર્વજ્ઞ આગમમાં જે લખેલ છે, જે વાત ભગવંતે અપૂર્વ જ્ઞાનથી કહી છે, તે અનુસાર તેની તારવણી કરી હું લખું છું. મારો આમાં સ્વતંત્ર લેખ લખવાનો દાવો નથી. આ ગ્રંથકર્તાની અત્યંત મોટી નમ્રતા બતાવે છે. તેઓ જે કાંઈ કહેશે તે ગુરુપરંપરાથી ચાલી આવતી સર્વજ્ઞ આગમમાં કહેલી વાત છે. ઘણા ગ્રંથકર્તા સ્વતંત્ર ગ્રંથને લખવાનો દાવો કરે, ત્યારે ઉમાસ્વાતિએ ખુલ્લું જણાવ્યું છે કે, તેઓનો દાવો સ્વતંત્રતાનો નથી, તેમણે જે લખ્યું છે, તે ગુરુપરંપરાથી સર્વજ્ઞકથિત વાત છે; તેમાંની અગત્યની વાત છે.

અને, ગ્રંથ લખવાનો હેતુ કાંઈ ધન કે આબરૂ પ્રાપ્ત કરવાનો નથી, પણ ઉપશમ ગુણની પ્રાપ્તિ ને સ્થિરતા પ્રાપ્ત કરવાનો મહાન હેતુ છે. આ ઉપશમમાં પ્રીતિ કરવી, જમાવવી, સ્થાયી કરવી એ ઘણી અગત્યની વાત છે અને તે માટે તેઓ આ ગ્રંથ લખે છે. પોતાનું વાચન બતાવવા નહિ, પણ આવા વિશિષ્ટ હેતુથી ગ્રંથ લખવાની શરૂઆત કરે છે અને લેખકશ્રીની સરળતા એટલી બધી છે કે, તેઓ આ ગ્રંથને સ્વતંત્ર કહી શકત, છતાં ગુરુપરંપરાનો ક્રમ જાળવવાના ઇરાદાથી સર્વજ્ઞશાસનનો ઉલ્લેખ સહેતુક કરે છે. નમસ્કાર અને વસ્તુનિર્દેશ એ બન્ને જુદા આ શ્લોકમાં ગ્રંથકર્તાએ સાધ્યા છે. હજુ નમસ્કારનો હેતુ તો ચાલુ છે; આગળના હવે પછીના શ્લોકમાં પણ જોવાશે. (૨)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ગ્રંથકર્ત્તાની નમ્રતા—

यद्यप्यनन्तगमपर्ययार्थहेतुनयशब्दरत्नाढ्यम् ।
सर्वज्ञशासनपुरं प्रवेष्टुमबहुश्रुतैर्दुःखम् ॥३॥

**અર્થ**—જોકે અનંત સમાન અર્થવાળા શબ્દો, તેના અર્થ, તેનો હેતુ, તેનાં દૃષ્ટિબિન્દુઓ અને શબ્દોથી શાસનશહેર ભરપૂર છે અને મારા જેવા સાધારણ ભણેલાથી તેમાં દાખલ થવું મુશ્કેલ છે. (૩)

**વિવેચન**—આ શ્લોકમાં ગ્રંથકર્તા પોતાની વધારે પડતી નમ્રતા બતાવે છે, તે આપણે વાંચીએ.

અત્ર બતાવેલો વિચાર ચોથા શ્લોકનો પૂરક હોઈ આ અધૂરો વિચાર પ્રથમ સમજવા યત્ન કરીએ. ગ્રંથકર્તાએ પોતાની જાતને બહુ નહિ ભણેલા સાથે સરખાવવાની વાત કરી છે, તે તેમની નમ્રતા બતાવે છે. તેઓ કેવા અપૂર્વ વિદ્વાન છે, તે આ ગ્રંથ જોવાથી અને તેને અંગે અત્ર રજૂ કરેલ ચરિત્ર વાંચવાથી જણાશે.

પ્રથમ જે દૃષ્ટિબિંદુથી ગ્રંથકર્તા પોતાની જાતને અભણ અથવા અબહુશ્રુત કહે છે, તે જોઈએ. આપણી નજરે તો તેઓ વિદ્વાન ગણાય, તે તેઓનું ચરિત્ર જોવાથી માલૂમ પડશે. ગ્રંથકર્તા કહે છે કે અનેક રત્નોથી ભરપૂર સર્વજ્ઞશાસન નામના શહેરમાં પેસવાને પોતાની યોગ્યતા નથી; ઇચ્છા છે પણ લાયકાત નથી. આ સર્વજ્ઞશાસન પુર કેવું છે, તે ગ્રંથકર્તાની નજરે પ્રથમ જોઈએ. બીજાના ગામમાં પેસીને કબજો કરીને ઉમાસ્વાતિ મહારાજ તો ત્યાં ઘર બાંધવા ઇચ્છે છે. અને છતાં કહે છે કે, તેમ કરવાની—તેમાં પ્રવેશ કરવાની—પણ પોતાની યોગ્યતા નથી. આ અતિ નમ્રતાનું વચન છે. કર્તાના એવા મત સાથે આપણે મળતા થતા નથી, તે ગ્રંથ અને તેમાં બતાવેલા ગંભીર વિચારો અને વિચારો બતાવવાની પદ્ધતિ પર આધાર રાખે છે, અને તેમાં જણાય છે કે, જે સરળ રીતે ગંભીર વિચારનો પ્રવાહ લેખકશ્રીએ બતાવ્યો છે, તે તેમના આ વચનને નમ્રતાનું વચન જ કહેશે. તેઓ સંવેગરંગથી રંગાયલા છે, છતાં સર્વજ્ઞની અપેક્ષાએ તેઓ સર્વજ્ઞશાસનપુરમાં પ્રવેશ કરવાને પણ લાયક નથી, એવી વાત તેમણે કરી હોય તેમ લાગે છે.

**ગમ**—એકસરખા પાઠ. મૂળ સૂત્ર વાચનાર જાણે છે કે, એકસરખા અનેક પાઠો મૂળ આગમ અથવા સિદ્ધાંતમાં આવે છે. જેઓ સામાન્ય બુદ્ધિના સાધુ હોય છે, તેનાથી આ અનેક સરખા પાઠોમાં ગૂંચવણ થઈ જાય છે. તેઓના ગમા યાદ રહેતા નથી અને અનેક ગમા હોવાથી તેઓ આગમસમુદ્રમાં એ મોટો દરિયો હોવાથી, બરાબર પ્રવેશ કરી શકતા નથી. કહેવાની વાત એ છે કે આગમસમુદ્રમાં પ્રવેશ કરવો કે તેનો પાર પામવો એ મારા જેવા સાધારણ બુદ્ધિવાળા માટે અશક્ય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પર્યાય**—એકસરખા અર્થવાળા શબ્દોને પર્યાય કહેવામાં આવે છે. આ સમાનાર્થ શબ્દ એટલા બધા છે કે સામાન્ય બુદ્ધિવાળો ગૂંચવણમાં લેપાઈ જાય છે. આ આગમ તો મોટો દરિયો છે. તેમાં 'બુદ્ધિ' અને 'મતિ' જેવા એટલા બધા પર્યાયો આવે છે કે, માણસની સામાન્ય બુદ્ધિ આ શાસનપુરમાં પ્રવેશ જ કરી શકે નહિ, અથવા તેની ગૂંચવણ વધી જાય. અથવા એક શબ્દને બીજું નામ આપવું, તે તેનો પર્યાયવાચી શબ્દ કહેવાય છે. ઘણા સામાન્ય બુદ્ધિવાળા આ પર્યાયની ગૂંચવણમાં પડી જાય છે. આપણા ગ્રંથકર્તા જરા પણ ગૂંચવણમાં પડ્યા નથી, તેથી આ તેઓની નમ્રતા બતાવનાર વચન છે, એમ ગ્રંથનો ઊંડો અભ્યાસ કરવાથી લાગશે.

**અર્થ**—ભાવ અથવા રહસ્ય. જે વાત શાસ્ત્રમાં કરેલ હોય તેનું રહસ્ય જાણવું વધારે મુશ્કેલ છે. સાધારણ બુદ્ધિવાળા આ રહસ્યને જાણી શકતા નથી. આપણા ગ્રંથકર્તા (ઉમાસ્વાતિ) તો આ સામાન્ય કોટિના લેખક નથી. તે ગ્રંથ વાંચવાથી જણાશે.

**હેતુ**—જે-તેનું કારણ સમજાય, ત્યારે જ મૂળ વસ્તુ સમજાય છે. અન્યથા અનુપપત્તિ લક્ષણા. દાખલા તરીકે મધ્યમપદલોપી સમાસમાં વચ્ચેના પદમાં શું અધ્યાહાર છે, તે શોધવું. અથવા હેતુ નામની વ્યાપ્તિ ન બેસે તો બધી મહેનત નકામી થાય છે. આ હેતુ સમજવો કે સમજાવવો તે જરા મુશ્કેલ બાબત છે. જો વ્યાપ્તિ બરાબર ન હોય, તો પરિણામ (Conclusion) ખોટું આવે છે; દા. ત.

All poets are extraordinary men.
Hepolion was an extraordinary man.
Therefore Hepolion was a poet.

આ વ્યાપ્તિ તદ્દન ખોટી છે; તે શોધવા માટે બુદ્ધિનો વિકાસ જોઈએ. એવા અનેક હેતુઓ જૈન આગમગ્રંથોમાં વિદ્યમાન છે, તે ન સમજાય તેવી સામાન્ય બુદ્ધિ જેને હોય તે સર્વજ્ઞપુરમાં પ્રવેશ કરવાને માટે નાલાયક છે.

**નય**—દૃષ્ટિબિંદુ. નૈગમ વગેરે સાત નય છે. એક નયનો આધાર લઈ અમુક દૃષ્ટિબિંદુને વળગી રહી બોલવું કે વિચાર કરવો તે. જેમ અંધ પુરુષો હાથીને દોરડા જેવો કે સૂપડા જેવો કહે, પણ સર્વ દેખતા તે દૃષ્ટિબિંદુને સ્વીકારે નહિ, તેમ અમુક દૃષ્ટિબિંદુ લક્ષ્યમાં રાખે, પણ બીજી આંખ કે બીજાં દૃષ્ટિબિંદુ જુએ નહીં, તે નય. નય જૂઠા નથી, પણ એકદેશીય છે. આ નયજ્ઞાનથી જૈન અર્ણવ ભરેલો છે.

**શબ્દ**—અમુક વસ્તુને ઓળખાવનાર 'ઘટ' શબ્દ છે. અમુકને ઓળખાવનાર 'પટ' શબ્દ છે. આવા અનેક શબ્દ જૈન આગમસમુદ્રમાં ભરેલા છે. એમાં ગ્રંથકર્તા નમ્રતા બતાવતાં કહે છે કે, મારા જેવાનો ગજ ક્યાં વાગે? હું બધા શબ્દોને કેમ જાણું? આથી એ પુરમાં પ્રવેશ કરવાની મારી યોગ્યતા નથી. આ વધારે નમ્રતા બતાવવાનું કર્તાનું વચન છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**રત્ન**—આવા ગમ, પર્યાય, હેતુ, નય, શબ્દરૂપ રત્નોથી એ સર્વજ્ઞશાસનપુર ભરેલું છે, તેમાં મારા જેવા સામાન્ય માણસનું ગજું શું? આ નમ્રતા વધારે પડતી છે. તે આ ગ્રંથ જોવાથી માલૂમ પડશે.

**શાસનપુર**—આવાં અનેક કારણોથી શાસનને એક નગર કે ગ્રામ સાથે સરખાવવામાં આવે તો તેમાં મારા જેવાને પ્રવેશ કરવો પણ મુશ્કેલ છે. આ નમ્રતાની પરાકાષ્ઠા છે. ગ્રંથની શરૂઆતમાં આ ગ્રંથ લખવાની પોતાની યોગ્યતા નથી, એમ અનેક લેખકો જણાવે છે. ઉમાસ્વાતિજી તો કહે છે કે, જૈનપુરપ્રવેશ માટે પોતાની યોગ્યતા નથી, અથવા મારા જેવા અબહુશ્રુત તેમાં દાખલ થઈ શકે તે પણ મુશ્કેલ છે.

**દુઃખં**—ક્રિયાવિશેષણ છે. મુશ્કેલીથી એવો એનો અર્થ થાય છે. આ અવ્યય કર્ત્તાએ કેટલી યોગ્ય રીતે વાપર્યું છે, તે ખાસ વિચારવા લાયક છે.

**પ્રવેષ્ટું**—અંદર દાખલ થવું તે. ગામમાં પેસવાની પણ ઘણી મુશ્કેલી છે. ગામમાં પેસવાના સાંસાં હોય, ત્યાં ચંચુપ્રવેશ કેમ થઈ શકે? આ અતિ નમ્રતા બતાવનારું લેખકનું વચન છે. છતાં પણ લેખકે અતિ સુંદર ગ્રંથ લખી આ વાત નમ્રતાને જ માટે બતાવી છે, એમ સમજવું ખોટું નથી. ગ્રંથ આખો વાંચી આ અભિપ્રાય પર વાચક આવી જશે, એમ વિવેચનકારની ખાતરી છે. (૩)

**વધારે નમ્રતા**—

श्रुतबुद्धिविभवपरिहीणकस्तथाऽप्यहमशक्तिमविचिन्त्य ।
द्रमक इवावयवोञ्छकमन्वेष्टुं तत्प्रवेशेप्सुः ॥४॥

**અર્થ**—શાસ્ત્ર (આગમ) જ્ઞાનથી ઉત્પન્ન થતી અથવા આવતી બુદ્ધિથી રહિત એવો હું (ગ્રંથકર્ત્તા) પોતાની અશક્તિને અવિચારતો થકો રાંકની પેઠે વધેલું-સધેલું એકઠું કરવા અને તે નગરમાં પ્રવેશ કરવાનો ઇચ્છુક છું. (૪)

**વિવેચન**—જે નમ્રતા ગ્રંથકર્ત્તાએ આ ગ્રંથની શરૂઆતમાં બતાવી છે, તે જ રંગમાં તે તે વિશેષ રજૂ કરે છે.

**શ્રુતબુદ્ધિ**—બુદ્ધિના ચાર પ્રકાર છે: ઔત્પાતિકી બુદ્ધિ, વૈનયિકી બુદ્ધિ, કાર્મણિકી બુદ્ધિ, પારિણામિકી બુદ્ધિ. આની વધારે વિગત માટે જુઓ મારો કર્મ પરનો લેખ. ઔત્પાતિકી બુદ્ધિ કુદરતી. અને વારંવાર એક ને એક કામ કરતાં તે કામ કરવાની સરળતા પ્રાપ્ત થઈ જાય, તે કાર્મણિકી બુદ્ધિ સમજવી. આવા પ્રકારની કુદરતી બુદ્ધિ કે વારંવાર એક ને એક કામ કરવાથી થતી બુદ્ધિથી હું રહિત છું. મારામાં કોઈ સ્વાભાવિક બુદ્ધિ નથી કે ખાસ આવડત નથી. ગ્રંથકર્ત્તા શ્રી ઉમાસ્વાતિ મહારાજનું આ અતિનમ્રતાનું વચન છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિભવ**—ધન. જે પ્રકારની બુદ્ધિઓ આગળ જણાવી તેવી સંપત્તિ વગરનો, મારા જેવો રાંક માણસ, તે મોટા ધનવાન નગરમાં પ્રવેશ કરવાની ઇચ્છા ધરાવે છે, તે એક પ્રકારની ધૃષ્ટતા છે. ધનવાળા નગરમાં પ્રવેશ તો તાલેવંતે જ કરવો, કારણ કે તેમાં અધકચરો ગરીબ તો તણાઈ જ મરે.

**પરિહીણક**—તે વગરનો મારા જેવો સામાન્ય રંક માણસ, ખાસ બુદ્ધિશક્તિ વગરનો—તે આમ મોટા ધનવાન તાલેવંતનું અનુકરણ કરવા જાય, તે એક પ્રકારની નાને મોઢે મોટી વાત કરવા જેવું છે.

**દ્રમક**—રંકની જેવો હું, રાંકડો, ભિખારી. હું તો એક તદ્દન રાંક માણસ છું. મારામાં કોઈ અસાધારણ બુદ્ધિશક્તિ નથી, પણ ભિખારીનું અનુકરણ હું કરું છું. ગ્રંથના મહાન લેખક આ વધારે પડતી નમ્રતા દાખવે છે.

**અવયવ**—ભાંગેલા ધાન્યને. તમે દાણાબજારમાં જોયું હશે કે, ત્યાં ભિખારી કે રાંક લોકો ભાંગેલ-તૂટેલ અરધા દાણા બજારમાં પડ્યા હોય તે વીણવા જાય છે, તેવી રીતે હું તો તીર્થંકર અને બીજા પૂર્વકાળના મહાજ્ઞાનીઓએ ઝાપટી નાખેલ અનાજના દાણા વીણી વીણીને તમારી પાસે રજૂ કરવા દ્વારા તે નગરમાં દાખલ થવા ઇચ્છું છું.

**ઉંછક**—ઝીલન; ઉપાડી લેવું તે. એ નગરમાં વેરાઈ ગયેલા અર્ધા ભાંગેલા તૂટેલા દાણાને હું તો મેળવવા અને તે મેળવીને આપની પાસે રજૂ કરવા ઇચ્છું છું. ગ્રંથકર્ત્તાનો મૌલિકતા પર જરા પણ દાવો નથી, તે અત્ર નોંધ કરવા જેવું છે.

**અન્વેષ્ટુમ્**—શોધવાને માટે. ગામમાં જે દાણા ભાંગ્યા તૂટ્યા પડેલા હોય તે વીણીને તમારે માટે શોધીને એકઠા કરવા હું ઇચ્છું છું. દાણા મારા નથી, તે આખા પણ નથી. તે સર્વજ્ઞ શાસનપુરમાં અહીં-તહીં પડેલા છે. તે એકઠા કરવા હું ઇચ્છું છું.

**પ્રવેશેપ્સુ**—એ નગરમાં પ્રવેશ કરવાને હું ઇચ્છા રાખું છું. હું તો ત્યાં પડેલા અર્ધાપર્ધા હોય તે દાણા શોધવા માટે તે નગરમાં પ્રવેશ કરવાની ઇચ્છા રાખું છું.

આ વધારે પડતી નમ્રતા બતાવે છે. આપણે 'ઉપમિતિભવપ્રપંચા કથા' પણ દ્રમકથી જ શરૂ થતી જોઈએ છીએ. તે જેમ દાણા ઉપાડવા કે તેની શોધ કરવા ગામમાં જાય છે, તેના જેવો હું છું, એમ ગ્રંથકર્ત્તા નમ્રભાવે કહે છે. અથવા દ્રમકનો અર્થ વામનજી—નીચો માણસ પણ થાય. નાનો માણસ ધૂળધોયાનો ધંધો કરી જેમ ગામમાં પડેલા દાણા વીણવા અને તે દ્વારા પોતાનો નિર્વાહ કરવા અહીંતહીં આંટા મારે છે, તેના જેવો પાઠ ભજવવા હું સર્વજ્ઞપુરમાં પ્રવેશ કરવા ઇચ્છા રાખું છું. પોતે કોઈ જાતની મૌલિકતાનો દાવો ન કરતાં, આવી રીતે દાણા વીણવાનો ધંધો કરનાર છે, તે કેટલું નમ્રતાનું વચન છે, તે ગ્રંથનો અભ્યાસ કરશે તે જાણશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વર્તે**—છું, વર્તું છું. એ શબ્દ અધ્યાહાર છે એમ ટીકાકાર કહે છે. અને ગાથાને છેડે તે અક્ષર હોય તો ભાવ બરાબર સ્પષ્ટ થાય છે. હું સર્વજ્ઞપુરમાં પ્રવેશ કરવાની ઇચ્છાવાળો "વર્તું છું" (૪)

**પૂર્વકવિઓની પ્રશંસા—**

**बहुभिर्जिनवचनार्णवपारगतैः कविवृषैर्महामतिभिः ।**
**पूर्वमनेकाः प्रथिताः प्रशमजननशास्त्रपद्धतयः ॥५॥**

**અર્થ**—જિનવચનરૂપ સમુદ્રનો પાર પામેલા અનેક કવિવૃષભો, જેઓ મહાબુદ્ધિશાળી હતા, તેઓએ શાંતિને ઉત્પન્ન કરનાર શાસ્ત્ર-પદ્ધતિઓ અનેક પ્રસિદ્ધ કરી છે. (૫)

**વિવેચન**—આવા પ્રશમના ગ્રંથ પૂર્વકાળના મહાપંડિત કવિઓએ અનેક બનાવ્યા છે. અને જુદી જુદી પદ્ધતિ સ્વીકારી છે, તે બતાવીને ગ્રંથની શરૂઆતમાં પોતાનું ગૌણપણું આ ગાથામાં બતાવે છે.

**જિનવચનાર્ણવ**—હજુ કવિ-લેખક પોતાની નમ્રતા બતાવતાં કહે છે કે, અગાઉના વિશિષ્ટ લેખકો અને ખાસ કરીને મહાકવિઓ મોટા દરિયા જેવા જૈન શાસનની પ્રશમ-પદ્ધતિઓનો પાર પામેલ છે. આવા તો અનેક વિદ્વાનો થઈ ગયા છે. તો તેવા મોટા વિદ્વાન કવિઓ પાસે હું કોણ માત્ર? આ અતિ નમ્રતા બતાવવાનું વચન છે. એમની પહેલાં કોઈ મહાકવિઓએ પ્રશમને માટે પદ્ધતિ બતાવી હોય તો તે આપણે માટે જળવાઈ રહેલ નથી. અથવા બીજી રીતે જૈન શાસનના સર્વ ગ્રંથોનો સાર પ્રશમ-ઉપશમ છે. તેથી તેમાં પદ્ધતિ હોય પણ ખરી; પણ આ નવીન વાત નવીન પ્રકારે બતાવવામાં ઉમાસ્વાતિ ફતેહમંદ થયા છે. આ ગાથા દ્વારા લેખક પોતાની વધારે પડતી નમ્રતા બતાવે છે.

**કવિવૃષૈઃ**—કવિ-વૃષભ, વિશિષ્ટ કવિ. તેઓએ કોઈ કવિનું ખાસ નામ નથી લખ્યું, તેથી આ પણ નમ્રતા બતાવનાર વચન સમજવું.

**મહામતિભિઃ**—અતિ બુદ્ધિશાળી. પૂર્વકાળના મોટા કવિઓ મહાબુદ્ધિશાળી થઈ ગયા છે. તેઓએ પ્રશમની જુદી જુદી પદ્ધતિ બતાવી છે, તેને અનુસરીને પોતે લખે છે એમ આવતી ગાથાથી સ્પષ્ટ થશે. આ ગ્રંથમાં મૌલિકતાનો દાવો નથી, પણ પદ્ધતિ બતાવવાની વાત છે. અને નમ્રતા બતાવવામાં તેઓ (ગ્રંથકર્તા) ખૂબ આગળ વધતા જાય છે, તે સાતમી ગાથામાં જોવામાં આવશે.

**પૂર્વમ્**—પૂર્વકાળે. ઉમાસ્વાતિ વાચકજીએ એવા દાખલા આપ્યા હોત તો તેમનો યુગનિર્ણય કરવામાં ઘણી મદદ મળત, પણ અહીં તો બાધેભારમે લખ્યું છે, તે વચન આપણે સ્વીકારવું કે સમજવું જ રહ્યું. બાકી દાખલાઓ આપ્યા હોત તો તેનો ભાવ સમજાત અને ઉમાસ્વાતિની તારીખ મુકરર કરવામાં તે બહુ ઉપયોગી થાત અને આપણને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રશમરસના જીવંત દાખલાઓ મળત. મારી પહેલાંના ચૌદપૂર્વધારી અને મહાબુદ્ધિશાળી પુરુષોએ શાસ્ત્ર પદ્ધતિએ આ પ્રશમની વાત કરી છે. તેમની પાસે હું તો અનુકરણ કરનાર બાળક છું.

**પ્રશમજનનશાસ્ત્રપદ્ધતયઃ**—શાંતિ, ઉપશમ. આ વાક્ય દ્વારા શાંતિની કે પ્રશમ અથવા ઉપશમની કેટલી જરૂર છે, તે ગ્રંથકર્તા સૂચવે છે. આવો પ્રશમરસ કેવી રીતે થાય તેની શાસ્ત્રપંક્તિ પૂર્વકાળમાં અનેક પરોપકારી બુદ્ધિશાળી લખી ગયા છે. એટલે હું તો તેઓને પગલે ચાલી, તેમનું અનુકરણ કરું છું. પણ શાસ્ત્રપદ્ધતિ અને મૌલિકતા તો તેઓના ગ્રંથોથી જોઈ શકાત. આ બધી વાત અહીં બતાવી હોત તો ઘણી ઉપયોગી માહિતગારી આપણને મળત.

આ શ્લોકમાં ગ્રંથકર્તાએ પૂર્વકાળનું મહત્ત્વ વધાર્યું અને, પોતાની નમ્રતા બતાવવા દ્વારા, પૂર્વપુરુષોને મહાબુદ્ધિ–વૈભવશાળી વાસ્તવિક રીતે કહ્યા. આ ગ્રંથ પ્રશમનો છે, અને તે મહામતિ પુરુષોનું અનુકરણ છે, તે મૌલિક ગ્રંથ નથી, તેમ જણાવવું, એ નમ્રતાની પરાકાષ્ઠા બતાવે છે. આ ઉપરથી એમ જણાય છે કે, ઉમાસ્વાતિના વખતમાં શાંતરસના અનેક ગ્રંથો વિદ્યમાન હશે. આપણે કમનસીબે એવો કોઈપણ પ્રાચીન ગ્રંથ મળતો નથી, પણ એવા ગ્રંથો ઉમાસ્વાતિના સમયે વિદ્યમાન હશે એમ જણાય છે (૫).

**કર્તાની વિશેષ નમ્રતા (અને) અનુકરણ—**

**ताभ्यो विसृताः श्रुतवाक्पुलाकिकाः प्रवचनाश्रिताः काश्चित् ।**
**पारम्पर्यादुच्छेषिकाः कृपणकेन संहृत्य ॥६॥**
**तद्भक्तिबलार्पितया मयाऽप्यविमलाल्पया स्वमतिशक्त्या ।**
**प्रशमेष्टतयाऽनुसृता विरागमार्गैकपदिकेयम् ॥७॥**

**અર્થ**—તે પુરુષોના શ્રુતગ્રંથનું રહી ગયેલ તુચ્છ ધાન્ય પણ પ્રવચનની પદ્ધતિનો આશ્રય લેનાર અને પરંપરાથી ચાલી આવતા ખાધાનું અવશેષ, તે તુચ્છ રાંકડાએ એકઠું કરીને તેની ભક્તિના બળે આપેલ જાડી અને થોડી બુદ્ધિ–શક્તિને આધીન કરીને, મને પોતાને પ્રશમનો શોખ હોવાથી; મેં આ વૈરાગ્યના રસ્તાની એક માણસ ચાલી શકે તેવી પગદંડી જેવા ગ્રંથની રચના કરી છે. (૬–૭)

**વિવેચન** (છઠ્ઠા શ્લોકનું)—આ શ્લોકમાં પાંચમા શ્લોકથી શરૂ કરેલ નમ્રતા હજુ ચાલુ અને અધૂરી છે. વર્તમાન પદ્ધતિએ નમ્રતા બતાવવાની એક રીતિ હોય છે, તેને લેખકશ્રી સ્વીકારતા હોય છે; તે સાતમા શ્લોકથી જણાશે.

**વિસૃતાઃ**—તેમનામાંથી ગળી આવેલી, વધારાસુધારાની. એઓ તો મોટા દરિયા જેવા હતા, તેમાંથી વધારાની રહી ગયેલી એવી. એટલે તેઓએ તો પેટ ભરીને ભોગવેલી, પણ જમ્યા પછી જેમ કેટલાક પાછું (સાવકારી) મૂકે છે, તેની માફક વધારા–ઘટાડાની ચીજ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પુલાકિકાઃ**—અંગ્રેજી કોશ પ્રમાણે આનો અર્થ ટૂંકાણે "ચોખાનું ધોણ" એમ થાય છે. ટીકાકારના કહેવા પ્રમણે ધાન્ય–અનાજના અવયવ તરીકે રહેલા; મારા ધારવા પ્રમાણે, સંબંધ પરથી, તેનો અર્થ જમ્યા પછીનું એઠું–સાવકારી કરવો યોગ્ય છે. ધાન્યનો અવયવ પણ એ જ આશયથી વપરાયો હોય તેમ જણાય છે. એટલે શ્રુતજ્ઞાનના ઘણા શબ્દો નીકળ્યા હતા; તેના અવયવભૂત, તેના વધારાના–ઉચ્છિષ્ટ શબ્દો હાલ રહેલા છે. આ ભાવ "ઉચ્છેષિકા" શબ્દથી વધારે સ્પષ્ટ થાય છે.

**પારંપર્ય**—આ વાત ગ્રંથકર્તા પોતાના ઘરની નથી કહેતા, ગુરુપરંપરાથી જણાયેલી તે કહે છે. મૌલિકતાનો દાવો આ રીતે કર્તાશ્રી મૂકી દે છે; છતાં અમુક ગોઠવણે પુસ્તક બનાવવું, અમુક વાત આગળ-પાછળ મૂકવી તે દરેક મૌલિકતા માગી લે છે. એટલે આપણે એમનો અમૌલિકતાનો દાવો સ્વીકારતા નથી. પરંપરા–ગુરુપરંપરા માટે લેખકને કેટલું માન છે, તે અત્ર નોંધ કરવા અને અનુકરણ કરવા જેવું છે.

**ઉચ્છેષિકા**–ટૂંકામાં કહેતાં, બાકી રહી ગયેલા. આ જ ભાવ ઉપર "પુલાકિકા"માંથી નીકળે છે. પુલાકિકા શબ્દ મારી પાસેના કોઈ પણ કોષમાંથી નીકળતો નથી. પુલાક-લબ્ધિ એટલે નાના થઈ જવાની લબ્ધિ; તેમાંથી આ શબ્દ નીકળ્યો હશે એમ મારું અનુમાન છે.

**કૃપણ**—તુચ્છ–રાંક, ભિખારી. જેમ રાંક ભિખારી, વધ્યું ઘટ્યું હોય તે પણ સંગ્રહી રાખે, તેમ મહાશ્રુતસાગરરૂપ દરિયામાંથી કોઈ ઘટાડો–વધારો હોય તે અહીં સંઘરી રાખ્યો છે. પોતાની નમ્રતા બતાવતાં પોતાને ભિખારીની ઉપમા આપતાં પણ ગ્રંથકર્તાને ખેદ નથી થતો, તે નોંધ કરવા જેવું છે.

**સંહૃત્ય**—સંઘરીને, જાળવી રાખ્યો છે. એક ભિખારી હોય તે ખાધા પછી વધેલ વસ્તુ નાખી ન દેતાં, સંઘરી રાખે તેમ મહાશ્રુતસમુદ્રનો સંઘરો અહીં કર્યો છે. (૬)

**વિવેચન** (સાતમા શ્લોકનું)—આ ગાથા આગલી ગાથાના અનુસંધાનમાં છે. ગ્રંથકર્ત્તા એમાં પણ લેખકને શોભે તેવી નમ્રતા બતાવે છે.

**ભક્તિબલ**—મને જે પ્રશમમાં રસ થયો છે, તે તેમની ભક્તિના બળે કરીને થયો છે. મારી તેમની તરફની ભક્તિનું મને જોર મળ્યું, પણ આ સંબંધી પ્રેરણા (inspiration) મારી ભક્તિથી આવેલ છે. એટલે અહીં જે કાંઈ લખાયું છે, તેની પ્રેરણા મને તેમનાથી – પ્રભુ મહાવીર અને તેના પશ્ચાતકાલીન મહામતિ શિષ્યોથી – મળી છે.

**અવિમલા**—ખડબચડી, કલુષા. મેં તો આમાં જે ભાષા વાપરી છે, તે ભાંગીતૂટી છે. અને એ મહામતિ પૂર્વપુરુષોની આગળ ટકે તેવી નથી. ગ્રંથ આખો જોતાં તેમને જે કહેવાનું હતું તે સ્પષ્ટ છે, સમજાય તેવી ભાષામાં લખી જણાવ્યું છે. તેથી, મારી નજરે તો આ પણ નમ્રતાનું વચન છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સ્વમતિશક્ત્યા**—મારી બુદ્ધિના બળથી. મારી શક્તિ તો અલ્પ છે; મારી બાળબુદ્ધિની શક્તિ અનુસાર. આ નમ્રતા બતાવવા જતાં ગ્રંથકર્ત્તાએ મૌલિકતા બતાવી દીધી છે. આ ગ્રંથ તે કોઈ ગ્રંથનું અનુકરણ નથી, પણ પોતામાં શક્તિ હોય તેના પ્રમાણમાં ખડબચડી ભાષામાં, નાનકડો ગ્રંથ લખી નાખ્યો છે. આમાં ગ્રંથકર્તાની મૌલિકતા જણાઈ આવે છે.

**પ્રશમેષ્ટતયા**—પ્રશમ-ઉપશમ મને ગમતો હોવાથી. આથી ગ્રંથકર્ત્તાએ આ ગ્રંથ પૂરા રસથી લખ્યો છે, કારણ કે, તેમને પ્રશમરસ ગમે છે. લેખક જ્યારે ઇષ્ટ વિષય પર લખે, ત્યારે ઘણું સારું લખે છે; એ વેઠ ઉતારવા લખતો નથી.

**એકપદિકા**—વૈરાગ્યનો મોટો રસ્તો છે; તેમાં માત્ર એક એક માણસ જ ચાલી શકે તેમ પગદંડી—નાની કેડી. આ ગ્રંથ કાંઈ મોટી સડક નથી, વૈરાગ્યના રસ્તાને જોડનાર એક પગદંડી જેવો આ ગ્રંથ છે. એકદંડી પગથી હોય, ત્યાં માત્ર પગ જ મુકાય; એમાં સામેથી કોઈ આવી શકે જ નહિ અને તેથી નાનકડા રસ્તાને પગદંડી કહેવામાં આવે છે. રેલવે અને એરોપ્લેનના આ યુગમાં આ એકદંડીની મહત્તા આપણને સમજાય નહિ, પણ એ ઉપયોગી તો જરૂર હતી. નાળોમાં એક ગાડું જ ચાલે, પણ "નાળનાં ગાડાં નાળમાં ન રહે," તેવી રીતે એક માણસ માત્ર ચાલી શકે તેને એકપદી કહેવામાં આવતી હતી. ખેતરને છેડે તે ઘણીવાર હોય છે અને નાના રસ્તા અથવા મોટા રસ્તાને ટૂંકાણમાં જોડનાર આવી એકપગી હોવી એ ઘણી ઉપયોગી છે. પણ ગ્રંથકર્તા તેને રસ્તાના પ્રમાણમાં એકપદી કહીને તેની કિંમત ઓછી આંકે છે. આ પદ્ધતિ ખૂબ વિચારવા લાયક છે, પોતાની પદ્ધતિના બણગા ફૂંકનાર ઉપોદ્‌ઘાતના લેખકોએ અનુસરવા યોગ્ય છે.

**અલ્પયા**—અને પોતે બહુ નથી લખ્યું, પણ ઘણું થોડું લખ્યું છે. આ પણ વિવેક-વચન છે; લેખકની નમ્રતા બતાવે છે. એક વિષય-કષાય ઉપર તેમણે ૮૭ ગાથાઓ લખી છે, છતાં તેઓ અલ્પતાનો દાવો કરે, તે મારે મન વધારે પડતી વાત છે. હું તો એને પણ નમ્રતાનું વચન ગણું છું.

આ ગ્રંથની રચના કરતાં, ઉપમિતિભવપ્રપંચાના લેખક સિદ્ધર્ષિ પેઠે, તેમને જીર્ણ પાંદડાંને લાવવા પડ્યાં નથી, કે પોતાનો બચાવ તાણી ખેંચીને કરવો પડ્યો નથી, પણ ગ્રંથની શરૂઆત બહુ સુંદર રીતે કરી છે. આ સંબંધી વધારે ચર્ચા તેમના ચરિત્ર વિભાગમાં કરવાનું રાખવામાં આવે છે.

આ આખો ગ્રંથ "આર્યા"માં લખાયલો છે. આર્યા માત્રામેળ છંદ છે. એની ચાર પંક્તિમાં ૧૨–૧૮,૧૨–૧૮ માત્રા હોય છે. તેઓ પિંગળશાસ્ત્રને બરાબર જાળવી રહ્યા છે. (૭)

ગ્રંથકારની પૂર્વપુરુષો તરફની ભક્તિ નોંધવા જેવી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સામાન્ય માફી—**

यद्यप्यवगीतार्था न वा कठोरप्रकृष्टभावार्था ।
सद्भिस्तथाऽपि मय्यनुकम्पैकरसैरनुग्राह्या ॥८॥

**અર્થ**—જોકે આ ગ્રંથ જાણેલી હકીકતને કહેનાર છે અને સખત, આકરા તથા ગૂંચવણભર્યા ભાવાર્થવાળો નથી. તો પણ સજ્જન પુરુષોએ મારી ઉપર દયા કરીને કૃપા કરવી. (૮)

**વિવેચન**—આ ગાથામાં સામાન્ય માફી માગવામાં આવી છે. આ વિવેકનું વચન છે, પણ હૃદયપૂર્વકનું છે.

**અવગીતાર્થા**—મોટા માણુસોને આ પુસ્તકમાં કાંઈ ખાસ નવીન ન લાગે, તો તેમણે આ ગ્રંથ વાંચવાની તસ્દી માટે, મને ક્ષમા કરવાની મારી ઉપર કૃપા કરવી. આ ક્ષમા માગવાની એક રીત છે. આ ઉમાસ્વાતિથી વધારે જાણકારને અંગે લખાયેલ છે. નવીનતાનો દાવો છોડી દેવો એ ઘણી વધારે પડતી નમ્રતા બતાવે છે.

**કઠોર**—આકરી. વિદ્વાન માણુસોને ચાલુ વાર્તા ગમતી નથી; તેઓને તો કઠોર-આકરી, સમજણમાં તરત ન ઊતરે તેવી વાત વધારે ગમે છે. આ ગ્રંથ એવો આકરો અને પંડિતોને મુશ્કેલીમાં નાખે તેવો નથી. 'ન વા' એટલે આમાં કઠોર ભાષાપ્રયોગ નથી; સાદી સીધી સરળ વાત કરી છે. તે તેઓને ન ગમે તો તેઓએ મને ક્ષમા કરવી. મેં તો સાદી વાત સાદા શબ્દોમાં કરી છે.

**પ્રકૃષ્ટ**—બહુ ઊંડી ઊંડી ગંભીર વાત આ ગ્રંથમાં નથી. વિદ્વાન બુદ્ધિવાનો એવી ગંભીર વાત આ પુસ્તકમાં ન જુએ, સાદી વાત સાદી રીતે કરેલી જુએ અને તેમને તેમાં કંટાળો આવે તો મને ક્ષમા કરવી. કહેવાની વાત એ છે કે, આ ગ્રંથમાં ઘણી મુશ્કેલ કે ન સમજાય તેવી વાત કરી નથી, પણ સાદી વાતો સાદી રીતે કરી છે. તે પંડિતોને લાગે કે, આવી સાદી વાત કરવા માટે પુસ્તક શું લખ્યું ? તો તેઓએ મને ક્ષમા કરવી.

**સદ્‌ભિઃ**—સજ્જન, બુદ્ધિમાન. જેમને અઘરાં પુસ્તકો વાંચવાની ટેવ પડેલી છે. તેઓએ સાદી વાત તરફ દયા કરવી.

**અનુકંપારસૈઃ**—સહાનુભૂતિ, દયા. તેઓને આ વાત સાદી લાગે, તો મારા પર કૃપા કરીને મારો ગ્રંથ વાંચવો.

**અનુગ્રાહ્ય**—મારા પર દયા કરવી; મારા પર કૃપા કરીને મારો આ ગ્રંથ વાંચવો. આ ગ્રંથમાં કાંઈ નવીનતા નહિ લાગે, તો પણ તેમણે આ ગ્રંથ વાચવાની લીધેલ તસ્દી માટે મને માફ કરશો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અગાઉના વખતમાં કઠોર ભાષાએ લખાયેલા ગ્રંથને આવકાર મળતો હશે એમ લાગે છે. જે મોટા મોટા સમાસો વાપરે અથવા અતિ ગંભીર વાતો કરે, તે ગ્રંથ વખણાતો હશે, ને ગ્રંથકર્ત્તાને વખાણ મળતા હશે. તેઓ (તેવા ગ્રંથકારો) મોટા ગણાતા હશે, તેથી આ પ્રમાણે લખ્યું છે. [પણ] આજકાલ તો મહાત્મા ગાંધીએ ગુજરાતી લેખનશૈલી એવી સાદી કરી નાખી છે કે, ચાર ચોપડી ભણેલ પણ તે ખુશીથી સમજી શકે. તે પદ્ધતિનું અનુસરણ હાલ તો સાર્વત્રિક છે, તેથી આવી માફી માગવાની કે ખુલાસો આપવાની જરૂર ન હોય તેમ લાગે છે, પણ બાણ કે દંડીની પદ્ધતિ જોતાં આવા ખુલાસાની જરૂર રહે છે. (૮)

**સજ્જન-લક્ષણ—**

**कोऽत्र निमित्तं वक्ष्यति निसर्गमतिसुनिपुणोऽपि वाद्यन्यत् ।**
**दोषमलिनेऽपि सन्तो यद् गुणसारग्रहणदक्षाः ॥९॥**

**અર્થ**—કુદરતી રીતે અતિ હોંશિયાર-પ્રવીણ હોવાથી, દોષથી મલિન થયેલો હોય તો પણ, સજ્જન પુરુષ (સંત) સાર લેવાને માટે કુશળ હોય છે–આ બીજું કારણ છે. અને સદોષ વસ્તુ હોય તેના પણ સારગુણો ગ્રહણ કરવામાં અને દોષનો ત્યાગ કરવામાં ચતુર હોય છે. આનું કારણ જણાવે છે. (૯)

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**વિવેચન**—વાંચનાર સારા માણસ છે એમ ધારીને પોતાની નમ્રતાની વાત અંગે ગ્રંથકર્ત્તા, આ ગાથામાં, વધારે નમ્રતા બતાવે છે.

**નિમિત્તં**—આવી રીતે ગ્રંથ કરવાનું કારણ શું? પ્રસંગ શો? તો તેના જવાબમાં વાચકની સજ્જનતાનું જ બીજું કારણ બતાવે છે, બાકી કાંઈ ખાસ પ્રસંગ નથી. તે વાત અત્ર સ્પષ્ટ કરે છે.

**નિસર્ગ**—પોતાની બુદ્ધિથી સ્વ-ભાવને પામેલા, એટલે સજ્જન પુરુષોમાં આવા પ્રકારની બુદ્ધિ સાહજિક હોય છે. તેઓ સ્વાભાવિક રીતે જ ગુણ ગ્રહણ કરવામાં ચતુર હોય છે.

**સુનિપુણ**—ભારે હોંશિયાર હોય છે. વસ્તુનું રહસ્ય જાણી લેવું અને માત્ર સારી ચીજ ઉપાડી લઈ તેને જ પકડી લેવી એ કામમાં સજ્જન પુરુષો પણ કાબેલ હોય છે.

**વાદ્યન્યત્**—બીજા અસંત પુરુષોની વાત જવા દો. 'દી' એટલે વિનાશ (decay) એવો અર્થ થાય છે. અહીં તો સારા માણસની વાત કરી છે, આપણે તો અત્ર સજ્જનની વાત ચાલે છે, તેથી અસજ્જન કેવા, તેની વાત જ જવા દો. 'વાદી અન્યત્' એમ પણ વ્યુત્પત્તિ થઈ શકે. વાદી એટલે બોલનારો.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**દોષમલિન**—દોષથી મલિન થયેલી વસ્તુ, સદોષ વસ્તુ. સજ્જન માણુસો તો સદોષ વસ્તુમાંથી પણ રહસ્ય—સારતત્ત્વ ગ્રહણ કરે છે. ખરાબમાંથી પણ સાર શોધે એવી સજ્જનની રીત હોય છે. રસ્તે મરેલ કૂતરું જોયું તો, કૃષ્ણે તેના મૃત શરીર પર મુખ ન મચકોડ્યું, પણ તેની સરસ દંતપંક્તિનાં વખાણ કર્યાં 'અહો! આની દાંતની હાર કેવી સુંદર છે?' એમ મડદામાંથી પણ કૃષ્ણે સાર શોધી કાઢ્યો.

**સારગ્રહણ**—દોષવાળી વસ્તુમાંથી પણ સાર કે તત્ત્વ ગ્રહણ કરવામાં તેઓ ઘણા કાબેલ હોય છે.

કુદરતી રીતે સારી બુદ્ધિ હોય કે ગમે તેવું બોલનાર હોય તો પણ તેઓ ખરાબમાંથી સારી વાતને ગ્રહણ કરે, એ જ આ પુસ્તક લખવાનું નિમિત્ત છે. મારે કોઈ નામ-પ્રસિદ્ધિ મેળવવી નથી. પણ મારી સજ્જન માણસોને વિજ્ઞપ્તિ છે કે, તેમણે આવા સાધારણ ગ્રંથમાંથી પણ, તેઓના સ્વભાવ પ્રમાણે, સાર ગ્રહણ કરવો; એમ કરવું એ એમનો સ્વભાવ છે, અને મારી વિનંતી છે કે, તેઓએ પોતાની દક્ષતાનો આવો ઉપયોગ કરવો. આ રીતે, નિમિત્ત કારણ બતાવવા દ્વારા પણ, ગ્રંથકર્તાએ (ઉમાસ્વાતિ વાચકે) પોતાની નમ્રતા બતાવી છે. આવી રીતે નમ્રતા બતાવવી એ સાધારણ વાત નથી. માણસ કે લેખક પોતાનાં ગુણગાન અને પ્રશંસા કરવા લલચાઈ જાય છે, તેને બદલે આ ગ્રંથના લેખકે બીજી જ નીતિ સ્વીકારી છે; એ અત્યંત આનંદપ્રદ છે. (૯)

JAINSITE.com जैन साहित्य जयति शासनम्

**સજ્જન-સ્વીકાર એટલે જ પ્રકાશ**—

**सद्भिः सुपरिगृहीतं यत्किञ्चिदपि प्रकाशतां याति ।**
**मलिनोऽपि यथा हरिणः प्रकाशते पूर्णचन्द्रस्थः ॥१०॥**

**અર્થ**—સારા માણસો (સજ્જનો)એ સારી રીતે સ્વીકારેલ હોય, તે ગમે તેવું હોય તો પણ, તે જાહેરાતમાં જરૂર આવે છે; દાખલા તરીકે હરણિયું મેલુંઘેલું હોય, પણ પૂરેપૂરા ચંદ્રમાં રહેલું હોય તો જેમ પ્રકાશ—જાહેરાત પામે છે, શોભે છે તેમ. (૧૦)

**વિવરણ**—પોતાનું પુસ્તક સજ્જનો સ્વીકારે તો વધારે સારું, એ જે ચાલુ માગણી કર્તાની છે, તેના સમર્થનમાં વાત કરે છે.

**સુપરિગ્રહિત**—સારી રીતે સ્વીકારેલું. સજ્જનની પાસે પોતાનો ગ્રંથ પસાર કરાવવા આટલી વિજ્ઞપ્તિ કરે છે. તે સહેતુક છે. એનો દાખલો પણ અત્ર આવે છે. ગ્રંથ સારો હોવો જોઈએ. અને સજ્જનોએ તેનો સારા ગ્રંથ તરીકે ખૂબ સ્વીકાર કર્યો હોય તો, જેવી તેવી ગાંડીઘેલી વાત હોય તો પણ, અન્ય તેનો સ્વીકાર કરે છે અને પુસ્તકની જાહેરાત થાય છે. વાત એ છે કે, વાત ગમે તેવી ગ્રંથમાં લખેલ હોય, તેના પર આધાર નથી, પણ સજ્જન-સંત પુરુષોએ તેનો સારી રીતે અંગીકાર કરવો જોઈએ. તમે સજ્જન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હો, તો આ ગ્રંથનો સ્વીકાર કરો, પછી તેમાં કાંઈ કાલુંઘેલું લખ્યું હશે તે પણ સ્વીકારને કારણે પસાર થઈ જશે. સજ્જનોએ તેનો સ્વીકાર કરવાની વાત તેટલા માટે મહત્ત્વની છે.

**યત્કિંચિદપિ પ્રકાશતાં**—જરા જેટલી, સાર વગરની વસ્તુ હશે તે પણ. ભલે વાત બરાબર છણાયેલી ન હોય કે સામાન્ય બાબત હોય, પણ જો સજ્જન પુરુષો તેનો સ્વીકાર કરશે તો તે પ્રસિદ્ધિને પાત્ર થશે. તેથી સજ્જનોને મારી વિજ્ઞપ્તિ છે કે, તેઓએ આ જેવી તેવી રીતે લખાયલું પુસ્તક સ્વીકારી લેવું, તેમ કરીને તેની મહત્તા વધારવી. આટલી મારી સજ્જનોને પ્રાર્થના છે, અને તેના સમર્થનમાં એક લોકપ્રસિદ્ધ દાખલો આપે છે.

**મલિનો હરિણુઃ**—મેલોઘેલો હરણ. પ્રાચીન કાળમાં એવી માન્યતા હતી કે ચંદ્રમાં હરણ છે; અત્યારના વૈજ્ઞાનિકો એને પર્વતની હારમાળા કહે છે. આપણે આ પ્રાચીન માન્યતાને દૃષ્ટાંત તરીકે સમજવા યત્ન કરીએ.

**પૂર્ણચંદ્રસ્થઃ**—પૂનમને દિવસે આખી રાત પૂર્ણચંદ્ર જાગે, તેમાં રહેલ મલિન હરણિયું પણ પ્રકાશ પામે છે, તેવી રીતે જો સન્મનુષ્યો આ ગ્રંથનો સ્વીકાર કરે, તો તે પણ પ્રસિદ્ધિને પામે, એટલા માટે તેમના સ્વીકાર માટે હું પ્રાર્થના કરું છું. સજ્જન પુરુષના આ ગ્રંથના સારી રીતે સ્વીકારવાથી મારી મહેનત લેખે લાગશે. તેથી, તેઓના સ્વભાવ અનુસાર, તેઓ આ પુસ્તકનો સ્વીકાર કરે એમ હું (ઉમાસ્વાતિ) પ્રાર્થના કરું છું. તો જો સજ્જન પુરુષો આ ગ્રંથને પકડી લેશે, તો તેની મહત્તા થશે. મારી વિજ્ઞપ્તિ તો એક જ છે કે આપ સજ્જન પુરુષો આ ગ્રંથનો સ્વીકાર કરો, પછી બધા સારાં વાનાં થઈ રહેશે; કારણ કે મને સજ્જન પુરુષોની સજ્જનતાની ખાતરી છે. માટે મારી વિજ્ઞપ્તિ આપ માનો. ચંદ્રમાં પર્વત, ડુંગરા કે જંગલ છે કે હરણિયું છે, તેની આ ચર્ચા કરવાનું સ્થાન નથી. અહીં તો પ્રાચીન માન્યતા ઉપર રૂપક આપવામાં આવે છે. (૧૦)

**બાળકનું કાલું વચન—**

> **बालस्य यथा वचनं काहलमपि शोभते पितृसकाशे ।**
> **तद्वत् सज्जनमध्ये प्रलपितमपि सिद्धिमुपयाति ॥११॥**

**અર્થ**—બચ્ચાંઓનું વચન કાલુંઘેલું હોય તે માબાપની પાસે જેમ શોભાને પામે છે, તે પ્રમાણે સજ્જન પુરુષોમાં અર્થ વગરની બોલાયેલી વાત પણ ખ્યાતિ પામે છે. (૧૧)

**વિવેચન**—સજ્જનની પાસે આ ગ્રંથનો સ્વીકાર કરાવવામાં શો લાભ છે, તેની તે જ વાત બીજા દાખલાથી સિદ્ધ કરે છે. મતલબ, સજ્જનને પ્રાર્થના અને તે માટેની ગ્રંથકર્તાની વિજ્ઞપ્તિ આ ગાથામાં પણ ચાલુ જ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**બાલસ્ય**—નાનું બચ્ચું હજુ જરા બોલતું થયું હોય, તે કદાપિ તોતડું-બોબડું કે કાલુંઘેલું બોલે તો પણ માતા-પિતા કે ઘરનાં સર્વને ગમે છે તેની પેઠે. (આગળ કહેવાશે)

**કાહલ**—કાલુંઘેલું, અસ્પષ્ટ. બાળક ગમે તેવું અચોક્કસ કે કાલુંઘેલું વચન બોલે, તે સક્કરપારાને સકલપાલા કહે કે ઘીને "જી" કહે, બાપાને આપા કહે, તો પણ માત-પિતા મોટાભાઈ આદિ ઘરનાં સર્વને તે વચન સારાં લાગે છે. કોઈ બાળક-બચ્ચાને સાંભળી એવું નથી કહેતું કે આ અસ્પષ્ટ વચન બોલે છે. તેનું કાલુંઘેલું વચન સાંભળીને પણ માબાપ વગેરે રાજી થાય છે.

**પિતૃ**—માબાપ, મોટાભાઈ, કાકા–એમ આ એક પિતૃ શબ્દથી તે બાળકના જન્મ્યા પહેલાં જન્મેલનો આખો વર્ગ સમજવો.

**પ્રલાપત**—લવેલું, ગમે તેમ બોલાયલું, વગર વિચારે કાઢેલ–લવેલ, એ એનો અસલ અર્થ છે. જેમ બાળક માબાપ પાસે કાલુંઘેલું કે અસ્પષ્ટ વચન બોલે તે ટીકાપાત્ર થતું નથી, પણ ઊલટા માબાપ વગેરે વડીલવર્ગ તેથી રાજી થાય છે, તેમ હું આ ગ્રંથમાં ગાંડી ઘેલી કે જેવીતેવી વાત કરી જાઉં, તો તે પણ સજ્જન પુરુષો સારા અર્થમાં લઈ લેશે એવી સજ્જન પુરુષો માટે મને ખાતરી છે. તેઓ કહેશે કે, 'હશે! હજુ એ બાળક છે! કદાચ જેવું તેવું બોલી નાખે તો આપણે તેને સારા અર્થમાં સમજવું જોઈએ, અથવા તેનો ખરાબ અર્થ હોય તો તેને સારા અર્થમાં લેવો જોઈએ.'

**સિદ્ધિ**—ખ્યાતિ, આબરૂ. કદાચ આ પુસ્તકમાં મેં જેવુંતેવું લખ્યું હોય તો પણ સજ્જનપુરુષો જો આ ગ્રંથનો સ્વીકાર કરે તો બસ છે. કારણ કે મારા બચ્ચા જેવાં કાલાં-ઘેલાં વચનને પણ તેઓ સારા અર્થમાં સમજી જશે. કારણ કે, આગળ જણાવ્યું તેમ, સજ્જનનો એ સ્વભાવ છે.

લેખકને પોતાનું પુસ્તક મનનીય થાય તે માટે કેવી કેવી દલીલ કરવી પડે છે, તે ખાસ વિચારવા લાયક છે. આ ગ્રંથના લેખક નમ્ર ભાવે કહે છે કે, આ પુસ્તકની ખ્યાતિનો બધો આધાર સજ્જન પુરુષો તેની ગણના કરી સ્વીકાર કરે તેમાં છે. કદાચ કોઈ સ્થાને મેં અગડં-બગડં લખ્યું હશે તો તેને પણ તેઓ સારા અર્થમાં સમજી લેશે અને મારા અપલાપને પણ ચલાવી લેશે. આ એક દલીલ કરવાની પદ્ધતિ છે. અને પ્રાચીન પુરુષોએ એવી અનેક માગણીઓ કરી છે, તે બતાવે છે કે, લેખક અત્યંત નમ્રતા બતાવે છે. આ વાતની ખાતરી પુસ્તક વાંચવાથી જ થાય તેમ છે. (૧૧)

**પુનરુક્તિ દોષ થતો નથી, તે જરૂરી છે—**

**યે તીર્થકૃત્પ્રણીતા ભાવાસ્તદનન્તરૈશ્ચ પરિકથિતાઃ ।**
**તેષાં બહુશોઽપ્યનુકીર્તનં ભવતિ પુષ્ટિકરમેવ ॥૧૨॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અર્થ**—જે ભાવોને તીર્થંકર મહારાજે કહેલા છે, અને તેના પછીના બહુ જ નજીક રહેનાર ગણધરો વગેરેએ જે ભાવોને અનેકવાર ચર્ચ્યા છે, તે ભાવોને વારંવાર કહેવામાં આવે તો, તે વચન પુષ્ટિને માટે જ થાય છે. (૧૨).

**વિવેચન**—આમાં પુનરુક્તિ દોષ નથી થતો, અને એક ને એક જ વાત કરી છે તે જરૂરી છે, લાભકર છે, દોષરૂપે ગણવાની નથી. તે હકીકત આ ગાથામાં વધારે ચોખવટથી કહે છે.

**તીર્થકૃત્પ્રણીતાઃ**—તીર્થંકર મહારાજે કહેલી વાતો. આ સર્વનું મૂળ તીર્થંકરે કહેલા ભાવોનું પુનરાવર્તન છે. તીર્થંકરોએ જે કહ્યું તેમાનું બન્યું તેટલું ગણધરે ઝીલ્યું અને ઝીલવામાંથી બન્યું તેટલું સૂત્રમાં ગૂંથ્યું. જેમ એક ધૂળનું ઢેકું પાણીવાળું હોય તેને ભીંત સાથે લગાવવામાં આવે અને ઘણો ભાગ ભીંતે ચોંટી જાય અને તેનો થોડો ભાગ જમીન પર પડી જાય, તેમ તેમનો ભાવ ઘટતા ઘટતા આટલું રહેલ છે, તેમાં પુનરુક્તિનો સવાલ જ નથી. આ વાત આગળ જતાં તેરમા શ્લોકમાં સ્પષ્ટ કરશે. અધ્યાત્મ શરીરની પુષ્ટિનો જ મુદ્દો છે.

**અનન્તરૈઃ**—તીર્થંકર મહારાજના વખતમાં ગણધરો વગેરેએ એ ભાવ ઝીલી એનું વારંવાર કીર્તન કર્યું; તે જ ભાવો—ઓછા થઈ ગયેલા ભાવો—તે વારંવાર બોલવા એ તો અધ્યાત્મશરીરને પુષ્ટ બનાવવાનું કામ છે. અને એ ભાવ કાંઈક ઓછો હોય, તેમાં પુનરુક્તિના દોષની કલ્પના કરવી એ પણ અયોગ્ય છે, કારણ કે એ બોલનારનો હેતુ અધ્યાત્મ-આંતર શરીરને પુષ્ટિ કરવાનો છે.

**બહુશઃ**—અનેક વાર અને અનેક રીતે. એમાં પુનરુક્તિદોષનો સવાલ નથી, પણ એ તો એવા પવિત્ર ભાવો છે કે, તેનો થોડો અંશ વારંવાર બોલવો બોલાવવો જોઈએ.

**અનુકીર્તન**—એમાં શ્રવણ, મનન વગેરે પાંચે પ્રકારના સ્વાધ્યાયનો સમાવેશ થાય છે. એ ભાવો જ એટલી ઊંચી હદના છે કે, તેને વારંવાર કહેવામાં આવે, તેમ અધ્યાત્મ શરીરને પુષ્ટ—મજબૂત કરે તેવા હોય છે. તીર્થંકરે કહેલા અને ગણધરે સૂત્રરૂપે ગૂંથેલા ભાવોનું ફરી ફરીને કહેવું, સમજાવવા તે આત્મ-શરીરને કે અધ્યાત્મશરીરને પુષ્ટિ કરનાર છે; જેમ ઘી-દૂધનો ખોરાક સ્થૂળ ઔદારિક શરીરને પુષ્ટિ કરે છે, તેમ તીર્થંકર મહારાજે કહેલ ભાવો એક અથવા બીજા રૂપમાં કહેવામાં આવે, તે અધ્યાત્મ-શરીરને પૌષ્ટિક જ છે; આમ અધ્યાત્મશરીરનું પોષણ થાય છે, તેથી તે વારંવાર બોલવા જરૂરી છે. અને ગ્રંથકર્તા કહે છે કે તેમ કરવું જરૂરી છે.

આ ગ્રંથમાં આ ગાથાથી મૌલિકતાનો દાવો ગ્રંથકર્તા તદ્દન છોડી દે છે. તેઓ કહે છે કે, ભગવાન તીર્થપતિએ કહેલા ભાવોને ફરીફરીને બોલવા તે જરૂરી છે, અને મારા પૂર્વપુરુષોએ જે ભાવ રજૂ કર્યા તે કોઈ વાર તે શબ્દમાં અને કોઈ વાર મેં મારા શબ્દોમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રજૂ કર્યા છે. મારો મૌલિકતાનો દાવો નથી. આમ લખવા છતાં તેઓએ ભારે મૌલિકતા બતાવી છે. તે ગ્રંથ વાંચવાથી જણાશે. મતલબ, તેઓ તીર્થપતિને, તેમના પૂર્વાચાર્યોને અનુકૂળ રહ્યા છે, તેઓએ ઘરની એક પણ વાત કરી નથી. કદાચ નવીન ભાવ આપ્યો હશે, તો તે અસલના ભાવને અનુકૂળ રહીને હશે. અહીં નમ્રતાની પરાકાષ્ઠા બતાવી છે. (૧૨)

**શા માટે પુનરુક્તિ દોષ થતો નથી?—**

यद्वद्विषघातार्थं मन्त्रपदे न पुनरुक्तदोषोऽस्ति।
तद्वद्रागविषघ्नं पुनरुक्तमदुष्टमर्थपदम् ॥१३॥

**અર્થ**—જે પ્રમાણે ઝેર કે અફીણની અસર નાશ કરવાને અંગે એક ને એક મંત્રપદ વારંવાર બોલાય, તેમાં પુનરુક્તિ દોષ નથી, તેમ રાગરૂપ ઝેરને હરવાને અંગે, તે ઝેર આકરું હોવાથી, એમાં પુનરુક્તિનો દોષ થતો નથી. (૧૩)

**વિવેચન**—પુનરુક્તિ દોષ થતો નથી, તેનું કારણ આ ગાથામાં સ્પષ્ટ કરતાં તેને લાગુ પડે તેવો દાખલો આપે છે.

**વિષઘાત**—ઝેર ઉતારવા માટે, સર્પનું કે ગરલનું ઝેર લાગી ગયું હોય તો તે મટાડવા માટે મંત્રપદ—એકનો એક મંત્રપાઠ બે-દશ-સો-વાર-અનેકવાર બોલવામાં આવે છે; કારણ કે મંત્ર તો થોડા અક્ષરોનો જ હોય. ગારુડી કે ઝેર ઉતારનાર આખો વખત મંત્રના તેના તે જ અક્ષરો બોલ્યા કરે છે, ફરી ફરીને બોલ્યા કરે છે. મંત્રોચ્ચાર કરનાર, મંત્રને માનનાર, પુનરાવર્તનનો દોષ કરતો નથી, પણ ઝેર ઊતરતાં સુધી મંત્રનું પુનરાવર્તન કર્યા જ કરે છે, તેમાં કાંઈ દોષ લાગતો નથી.

**પુનરુક્ત**—ફરી ફરીને તે ને તે જ પદ કે પાઠ બોલવાનો દોષ તે કરે છે, એવો તેને ખ્યાલ પણ આવતો નથી અને તેના ફફડતા હોઠ જોઈ અથવા મંત્રપદ સાંભળી, તે ને તે પાઠ વારંવાર સાંભળે, તેમને પણ ઝેર ઉતારનાર કોઈ જાતનો દોષ કરતો હોય એમ લાગતું નથી, એટલું જ નહિ, પણ એ એનો ગુણ ગણાય છે, એ એની લાયકાત ગણાય છે.

**રાગવિષ**—રાગ અને દ્વેષ મનનાં ઝેર છે. એ ઝેરનો નાશ કરનાર જે મંત્ર છે, તેનું જુદી જુદી રીતે ફરી ફરીને ઉચ્ચારણ થાય, તેમાં પુનરુક્ત દોષ થતો નથી. રાગદ્વેષનો આ વ્યાધિ કેટલો આકરો છે, તે આપણે ત્રીજા પ્રકરણમાં જોશું.

**અદુષ્ટ**—"અદૂષણવત્" એવો અર્થ ટીકાકાર કરે છે; એમાં કાંઈ વાંધો નથી. સર્પનું ઝેર ઉતારનાર મંત્રાક્ષરોને વારંવાર બોલ્યા કરે છે, તેમ રાગદ્વેષનું વિષ એટલું આકરું છે કે એ મંત્રાક્ષરો ગમે તેટલી વાર બોલાય, તેમાં પુનરુક્તિ જેવા દોષનો સદ્ભાવ નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પદમ્**—સૂત્રના રહસ્યને સમજાવનાર હોઈ એ ચલાવી લેવા જેવી હકીકત છે. અને એમાં શાસ્ત્રદૃષ્ટિએ કાંઈ વાંધો નથી.

જેમ ઝેર ઉતારનાર એક ને એક મંત્ર ફરી ફરીને ઉચ્ચારે છે અને ધીમે ધીમે ઝેરની અસર ઊતરતી જાય છે અને પીડા-વેદના ઘટતી જાય છે, તેમ રાગદ્વેષ તો ઝેરથી પણ વધારે સખત આંતરવિષ છે, તેને દૂર કરવાના પદમાં પુનરુક્તિનો સવાલ જ નથી.

સંસ્કૃતના અભ્યાસીને પુનરુક્તિ દોષ શો છે તે સમજવું મુશ્કેલ નથી. એક વાત ફરીવાર કરવી તેને પુનરુક્તિ દોષ અલંકારશાસ્ત્રમાં બતાવ્યો છે. આવો કોઈ દોષ આ ગ્રંથ લખવામાં થતો નથી, એવો આ ગ્રંથકર્ત્તાનો બચાવ છે. તેઓ કહે છે કે, પ્રાણીને રાગદ્વેષનું ઝેર એવું લાગી ગયેલું છે કે, તેનો નાશ કરનાર શબ્દ વારંવાર વપરાય તો તેમાં દોષ નથી. મંત્રોચ્ચાર કરતાં "फुट् फुट् स्वाहा" કે એવા શબ્દો, અને ઘણી વાર આખો મંત્ર, ફરી ફરીને બોલાયા કરે છે, એમાં બોલનાર પુનરુક્તિ દોષ કરે છે, એવો બોલનાર કે સાંભળનારને ખ્યાલ પણ આવતો નથી. ગ્રંથકર્તા અનેક દાખલા આપી જણાવે છે કે, રાગદ્વેષનું ઝેર પ્રાણીને એવું સખત ચઢી ગયેલું છે કે તેને દૂર કરનાર મંત્ર તીર્થંકરે કહેલા કે ગણધરે ગૂંથેલા શબ્દોમાં ફરી ફરીને કહેવામાં આવે તો તેને પુનરુક્તિ ન ગણવી. આ બચાવ બીજા દાખલાઓ આપી લેખક સિદ્ધ કરવા પ્રયત્ન કરે છે, તે આપણે જોઈએ. (૧૩)

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**પુનરુક્તિને દોષ ન કહેવાનો બીજો દાખલો—**

**यद्वदुपयुक्तपूर्वमपि भैषजं सेव्यतेऽर्तिनाशाय ।**
**तद्वद्रागार्तिहरं बहुशोप्यनुयोज्यमर्थपदम् ॥१४॥**

**અર્થ**—જેમ વ્યાધિના નાશને માટે પ્રથમ ઉપયોગમાં લીધેલું ઓસડ વ્યાધિના નાશ માટે ફરીવાર વપરાય છે, તેમ રાગરૂપી પીડા-વ્યાધિને હરનાર ઓસડ હોય તે અનેકવાર ઉપયોગમાં લેવામાં આવે છે. (૧૪)

**વિવેચન**—આ ગ્રંથ પુનરુક્તિ દોષ કરતો નથી, તેને માટે વળી એક વધારે દલીલ આ ગાથામાં આપે છે.

**ઉપયુક્ત**—અગાઉ પ્રયુક્ત. તમે કોઈ વૈદ્ય કે દાક્તરને ત્યાં જાઓ ત્યારે સારું છે એમ જણાય એટલે વૈદ્ય અથવા દાક્તર તેની તે દવા આપે છે; એવો સાધારણ નિયમ છે. એ દવામાં જેમ પુનરુક્તિ દોષ લાગતો નથી, તેમ રાગદ્વેષના આકરા ઝેરના ઓસડને વારંવાર તેના તે જ આકારમાં અપાય, તેમાં પુનરુક્તિદોષનો સવાલ જ રહેતો નથી.

**ભેષજ**—ઔષધ. તમે હોસ્પિટલમાં જાઓ કે કોઈ દાક્તર કે વૈદ્ય પાસે દવા કરાવવા જાઓ, તે જેમ તેની તે દવા ચાલુ રાખે છે તેને પુનરુક્તિ દોષ લાગતો નથી, તેમ તીર્થંકરે કહેલું રાગ-દ્વેષનું ઓસડ એનું એ આપતાં, એમાં પુનરુક્તિ દોષ થતો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સેવ્યતે**—ફરી વખત લેવામાં આવે છે, તે પ્રમાણે. અર્તિનાશાય–પીડાનો–રોગનો નાશ કરવાના હેતુથી. ઘણી વખત ટી. બી. કે એવા રાજરોગ જેવા વ્યાધિમાં એકની એક દવા સાત માસ કે તેથી વધારે વખત લેવામાં આવે, તો લેનારને તેમાં પુનરુક્તિ દોષ જણાતો નથી; આપનારને તેમાં વાંધો લાગતો નથી. રાગ-દ્વેષ એવા આકરાં દરદો છે કે તેને માટે જે ઉપચાર કરવામાં આવે, તેમાં પુનરુક્તિ દોષ થાય છે એવો સવાલ થવો જ ખોટો છે. એમાં ઉદ્દેશ એકની એક વાત ફરી ફરીને કરવાનો નથી, પણ સંસારી પ્રાણીને રાગદ્વેષથી બચાવવાનો છે. આ કારણે પુનરુક્તિ દોષનો સવાલ જ રહેતો નથી.

**રાગાર્તિ**—રાગની પીડાને હરનાર જે ઉપાય-ઓસડ છે, તેને માટે વારંવાર કહેવામાં આવે તો કોઈ પ્રકારનો પુનરુક્તિ દોષ થતો નથી. પુનરુક્તિ દોષ તો લેખનમાં થાય, અહીં તો ઉદ્દેશ જ જુદો છે. આશય ફરે દોષનો સવાલ જ રહેતો નથી.

**બહુશઃ**—અનેક રીતે એ ઓસડ આપવામાં આવે, કોઈ વાર અનુપાન ફેરવવામાં આવે, પણ તેનું તે ઓસડ અપાય તો તેમાં ફરી ફરીને એવી વાત કરવાનો દોષ થતો નથી.

**અર્થપદં**—સૂત્રનાં અર્થ કરે, વસ્તુને સમજાવે તેવું પદ, વચન અથવા ઉપદેશનો વિસ્તાર, વચન સમજાય તેવું બોલવું તે. આ જ અર્થમાં સદર શબ્દ આવતી ગાથામાં પણ યોજાયેલ છે.

કહેવાની બાબત એ છે, મંત્રના પદને વારંવાર ફરીફરીને બોલવામાં આવે છે, તેમ રાગરૂપ ઝેરના વચનને એક ને એક રૂપમાં ફરીફરીને બોલવું, એમાં પુનરુક્તિદોષ થાય છે, એવો વિચાર પણ બરાબર નથી. તેથી અગાઉના તીર્થંકર અને ગણધરોએ તેમ જ ઋષિમુનિએ કહેલી વાત ફરીફરીને કહેવી, તેમાં પુનરુક્તિદોષ થાય છે એ વિચાર જ ખોટો છે. આ તો આકરું ઝેર છે, તેથી તેને દૂર કરનાર ઓસડ પણ ફરીફરીને અપાય તેમાં પુનરુક્તિદોષની કલ્પના કરવી પણ અનુચિત છે; મતલબ, એવો કોઈ દોષ થતો નથી. એમાં બોલવા ખાતર કોઈ વાત બોલાતી નથી, પણ મંત્રની જેમ આ એકની એક વાત અનેક રૂપે કહેવાય છે. આમાં કર્તાનો ઇરાદો જોવા જેવો છે. (૧૪)

**એક વધુ દાખલો તે જ મુદ્દા પર—**

**वृत्त्यर्थं कर्म यथा तदेव लोकः पुनः पुनः कुरुते ।**
**एवं विरागवार्ताहेतुरपि पुनः पुनश्चिन्त्यः ॥१५॥**

**અર્થ**—જીવન માટે જેમ લોકો તેનું તે કામ ફરી ફરીને કરે છે, તેમ જ વૈરાગ્ય-વાર્તાના કારણને વારંવાર વિચારવું ઘટે છે. (૧૫)

**વિવેચન**—આમાં પુનરુક્તિ દોષ થતો નથી, તે જ વાત એક વધારે દાખલો આપીને આ ગાથામાં કર્તા કહે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વૃત્તિ**—જીવન માટે, આજીવિકા માટે, પોતાનું પેટ ભરવા માટે.

**લોક**—લોક પેટ ભરવા માટે તેનું તે જ કામ ફરીફરીને કરે છે. નિશાળીઓ તેના તે જ પાઠો ફરીફરીને દરરોજ વાંચશે, વકીલ હશે તો ઉપરનો વાદી જણાવે છે કે, એમ લખી દરરોજ અનેક દાવાઅરજી લખશે, દાક્તર દવાના ભરતિયા (prescription) લખ્યા જ કરશે. આવી રીતે તે એકનું એક કામ કરે છે, તેમાં તેને પુનરુક્તિ લાગતી નથી, તેમ જ આ પુસ્તક માટે સમજવું. વેપારી કે કડિયા-સુતારનું કામ ભરણ-પોષણને અંગે છે, તેમ મારો ઇરાદો તમને શુદ્ધ હકીકત સમજાવવાનો છે, તેથી અગાઉ કવિએ કે તીર્થંપતિએ કહેલી વાત ફરીફરીને કરવાથી પુનરુક્તિદોષ થતો નથી, કારણકે ઇરાદો ફેર છે.

**તદ્દેવ**—દુનિયાદારી ચલાવવા, ભરણ-પોષણ કરવા લોકો એક ને એક કામ કરતા જોવામાં આવે છે; તેઓને પુનરુક્તિદોષ લાગતો નથી, તેમ મને પણ એની એ વાત કરવામાં પુનરુક્તિદોષ લાગતો નથી. જેમ ખેડૂત ખેતી કરે તેને એનું એ કામ વર્ષો સુધી દરરોજ ઊઠીને કરવાનું હોય છે, તેમાં તેને પુનરુક્તિદોષ લાગતો નથી, તેમ મારે માટે સમજવું.

**વિરાગવાર્તાહેતુ**—રાગદ્વેષ ઊઠી જાય એવી વાતોનું કારણ ગમે કેટલી વાર ફરી-ફરીને કહેવામાં આવે, તેમાં પુનરુક્તિદોષ થતો નથી.

**ચિંત્ય**—એ વિરાગ ઉત્પન્ન કરે તેવી વાતનો હેતુભૂત વારંવાર ચિંતવવો, ખૂબ ધ્યાન પર – મન પર લેવો અને લક્ષ્યમાં રાખવો.

તમે ગમે તે ધંધો લો, કાપડિયો હશે તો નેનકલાકથી માંડીને ગામઠી (સ્વદેશી) માલ, એ ને એ અનુક્રમમાં, એક પછી એક આવતા આડતિયાને બતાવશે; લુહાર ગરમ લોઢાને દરરોજ સવારના ટીપ્યા કરશે. એમાં મુદ્દાની વાત એ છે કે, એમાં કોઈને પુનરુક્તિ-દોષ લાગતો નથી, તેમ તમારે આ દાખલાથી જાણવું કે, એકનો એક મંત્ર વારંવાર બોલવામાં આવે, તેમાં વિષઘાત કે એવો કોઈ ઉદ્દેશ હોય છે; દવા લેવામાં વ્યાધિ મટવાનો હેતુ હોય છે અને વેપાર ધંધા કે કારીગીરીમાં પૈસા કમાવાનો હેતુ હોય છે, તેમ પૂર્વના અત્યંત જ્ઞાની પુરુષો અને તીર્થંકરે કરેલી વાત તે ને તે આકારમાં કહેવામાં આવે, તેમાં ઉદ્દેશ વિરાગતા લાવવાનો કે રાગદ્વેષ ઘટાડવાનો હોઈ, પુનરુક્તિદોષ થતો નથી; તેમ મેં અહીં જે વાત કરી છે, તેમાં પુનરુક્તિદોષનો સવાલ જ નથી.

આ વ્યાધિ આકરો, ઊંડો અને અનંતભવનો હોઈ, તેના ઉપાયો બતાવવામાં આવ્યા છે, તેમાં પુનરુક્તિનો કોઈ મારી સામે દોષ લાવે તો તે અસ્થાને છે, અયોગ્ય છે. (૧૫)

**અભ્યાસ કરવાનું કારણ**—

> દૃઢતામુપૈતિ વૈરાગ્યભાવના યેન યેન ભાવેન।
> તસ્મિંસ્તસ્મિન્ કાર્યઃ કાયમનોવાગ્ભિરભ્યાસઃ ॥૧૬॥



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અર્થ**—જે જે પ્રકારે વૈરાગ્યભાવના વધારે મજબૂત થાય અને જામી જાય તે સર્વમાં મન-વચન-કાયાના યોગથી અભ્યાસ કરવો. (૧૬)

**વિવેચન**—પોતાની કહેવાની વાતનો ગ્રંથકર્તા ઉપસંહાર કરતાં છેવટે બચાવ કરે છે અને તેમ કરીને આ પ્રકરણુ પૂરું કરે છે.

**દઢતા**—સ્થિરતા, મજબૂતાઈ, જે કોઈ રીતે વૈરાગ્યભાવ મજબૂત થાય, તેનો મન-વચન-કાયાથી અભ્યાસ કરવો.

**વૈરાગ્યભાવના**—વિરાગભાવ, સંસાર કે સંસારી પ્રાણી તે કોઈ પણુ પદાર્થ ઉપરનો રાગ ઊડી જાય, એવી ભાવનાવૃત્તિ થાય તેમાં, કાંઈ પણુ વિચાર ન કરતાં, મન-વચન-કાયાથી અભ્યાસ પાડવો, અમુક કરવાથી એમાં પુનરાવૃત્તિ થશે એવો ખ્યાલ પણુ ન કરવો. આપણો ઉદ્દેશ વિરાગભાવને મેળવવાનો, તેને પોષવાનો અને તે માટે મક્કમ થવાનો છે, એ નિરંતર લક્ષમાં રાખવું.

**ભાવ**—ભાવના ગમે તેમ વિરાગને પોષે તેવી વાત કરવાની કે થવાની હોય, તેને યોજનાપૂર્વક પુષ્ટિ આપવી અને તેમાં પુનરાવૃત્તિ થશે કે બીજું થશે એવી ભાંજગડમાં ન પડવું.

**કાય-મનો-વાગ્**—મનથી, વચનથી અને કાયાથી. એમાંના બે કે ત્રણુથી – જેટલાથી બને તેટલાથી.

**અભ્યાસ**—એની સુંદર વ્યાખ્યા "પાતંજલ યોગદર્શન"માં આપી છે. નિરંતર પ્રયાસ કરવો અને તેનો અભ્યાસ કરવો.

મતલબ, એમાં આ દોષ થશે કે પેલો દોષ થશે એવી મથામણુમાં ન પડતાં મનથી, વચનથી અને કાયાથી, બેથી કે ત્રણેથી અભ્યાસ પાડવો અને વગર આંતરો પાડે તેને માટે પોતાની સર્વ શક્તિ કે આવડતનો ઉપયોગ કરવો, એ ટૂંકો સાર છે.

આ પ્રાણીને સંસારનો રસ એવો છે કે, અનાદિ વાસનાને લીધે એ તેમાં પડ્યા જ કરે છે. એ લાગ જ જોઈ રહે છે અને એ પુરુષ કે સ્ત્રી, વસ્તુ કે પૌદ્ગલિક પદાર્થ તરફના આકર્ષણુમાં પડી જાય છે. તેને છેવટે જો પુનરુક્તિનું બહાનું મળે અને રાગમાં પડવાનું થાય, તો તેને તે ચોંટી પડે છે, કારણુ કે એ એની ઘણા વખતની રીત છે, માટે એનો રાગ ઓછો થતો હોય તો તેનો તેણે અભ્યાસ પાડવો જોઈએ, અને તેમાં પુનરાવૃત્તિ દોષ થશે, એવું બહાનું એને મળવું જ ન જોઈએ. આ જીવ એવો છે કે એને બહાનું મળે તો તુરત સરકી જાય છે, કારણુ કે, ઘણા વખતથી તે તેની ભાવપ્રકૃતિ થઈ ગઈ છે. પણુ પ્રત્યેક પ્રાણીની ફરજ છે કે વિરાગભાવ જેનાથી થાય તે વાતને કોઈ પણુ યોગથી પકડી લેવી અને તે વાતને મક્કમપણે વળગી રહેવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ તો અભ્યાસ કરવાની વાત છે; અભ્યાસ કરતાં કરતાં લીટાં દોરવાના એકડા થઈ જશે, આવો અવસર ફરીફરીને નહિ મળે. સમજ-શક્તિ, મનુષ્યજન્મ, દેવ-ગુરુ-ધર્મની જોગવાઈ એ બધાંનો લાભ લેવાનો અભ્યાસ પાડવાની આ તક છે. માટે, નકામી ખટપટમાં ન પડતાં વિરાગભાવનો અભ્યાસ પાડો અને તેમાં પુનરુક્તિદોષ થશે કે નહિ થાય, તેવા બહાનાનો વિચાર ન કરો.

સંસાર એને લાત મારે, તો પણ, ઘણા કાળના અભ્યાસને લઈને, પ્રાણી તેને ચાટતો જાય છે. તેથી, પુનરુક્તિ થતી હોય તો તેનો દોષ વહોરીને પણ, આ વિરાગ–વીતરાગ ભાવના–ફરીફરીને કરવી, એમ કહેવામાં આવે છે. અભ્યાસ કરવાનો અનંત ભવે પણ જોગ મળે, ત્યારે કાં તો તેમાં મન લગાડતો નથી, કાં તો વચન બોલતો નથી, કાં તો શરીરથી ગોટા વાળે છે. એણે મન-વચન-કાયાથી અભ્યાસ કર્યો નથી, નહિ તો તેની આ દશા ન જ હોય. તેટલા માટે પુનરુક્તિ થતી હોય તો, તેને ભોગે કહેવામાં આવે છે કે, આ વિરાગનો ભાવ જે રસ્તે થાય તે રસ્તે પ્રયત્ન કરવો. આ પ્રાણી તો, બે અક્ષર લખતાં આવડે એટલે, પોતાને વિરાગભાવ થયો છે એમ માની આત્મવંચના કરે છે. આ વૈરાગ્ય-ભાવને બને તે રીતે, મજબૂત કરવાનું પોતાના હિત માટે આવશ્યક છે. એટલે આ પુનરુક્તિથી દોષિત ગ્રંથ છે, એવી ચર્ચા કે ભાંજગડમાં ન પડતાં આત્મહિત સાધો. (૧૬)

* * *

આ રીતે અહીં પ્રથમ પ્રકરણ પૂરું થાય છે. તેમાં નમસ્કાર ઉપરાંત આ ગ્રંથમાં શું કહેવાનું છે, અને કયા હેતુથી કહેવાનું છે, તે સંબંધી વાત કરી છે. અગાઉ જણાવ્યું તેમ, ગ્રંથની શરૂઆતમાં આશીર્વાદ, નમસ્કાર અને વસ્તુનિર્દેશ—આ ત્રણ બતાવવાનો ક્રમ ભારતીય સંસ્કૃતિએ સ્વીકાર્યો છે. કેવી યુક્તિથી આ વાત કર્તાએ સાબિત કરી છે, તેની પદ્ધતિ ખાસ અનુકરણ કરવા યોગ્ય છે.

આ ગ્રંથની શરૂઆતમાં નમસ્કાર કરવામાં આવ્યો છે અને પછી આ ગ્રંથમાં આવવાના ઉદ્દેશને જાળવી રાખ્યો છે અને આશીર્વાદ ધ્વનિમાં છે, એટલે ત્રણે હકીકતનો સીધી રીતે ઉપયોગ કરવામાં આવ્યો છે. આ લેખકની જ્ઞાનસમૃદ્ધિ બતાવે છે. એમણે ખૂબ વિચાર કરીને અસાધારણ રીતે ગ્રંથની શરૂઆત કરવામાં પ્રથમથી જ સંપ્રદાયથી ચાલી આવતી આ ત્રણે બાબતો જાળવી લીધી છે. આ રીતે તેઓએ સંપ્રદાય જાળવવામાં બહુ દીર્ઘદૃષ્ટિથી કામ કર્યું છે અને લોકોને પોતાની નમ્રતા બતાવતાં, અતિ સુંદર ગ્રંથની યોજના કરી આપી છે.

આ ગ્રંથ લખતાં તેઓએ જરા પણ મૌલિકતાનો દાવો કર્યો નથી, છતાં આખો ગ્રંથ તદ્દન મૌલિક છે. કોઈ પણ વિદ્વાન માણસ તે અમુક બીજા ગ્રંથનું અનુકરણ છે એમ બતાવી શકશે નહિ. આ ભારે ખૂબીની વાત છે. અને તેઓએ આ ગ્રંથમાં આવેલી બાબતો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ફરીફરીને કહેવાની વાતના બચાવમાં ત્રણ દાખલાઓ મૂકીને કમાલ કરી છે. વિષઘાત માટે મંત્રનો પુનઃ પુનઃ ઉચ્ચાર, વ્યાધિ દૂર કરવા માટે ઔષધનું દિવસાનુદિવસ સેવન અને આજીવિકા માટે એનું એ જ કામ દરરોજ કરવામાં પુનરુક્તિદોષ થતો નથી. આ ત્રણે દાખલા, જે બાબત તેઓ ઠસાવવા માગે છે તેને એટલા બરાબર લાગતા છે કે, હૃદયને સીધો સ્પર્શ કરે છે. આ ગ્રંથકર્તાની એ બલિહારી છે, કે તેમણે લીધેલી વાતને તેઓ બરાબર ન્યાય આપી શક્યા છે. અને સાથે ગ્રંથકર્તાની વીતરાગ તીર્થંકર તરફની ભક્તિ ખૂબ અનુકરણ કરવા અને પ્રશંસવા યોગ્ય, તરી આવે તેવી રીતે નમસ્કારની નીચે એવી સરસ રીતે અને અસરકારક રીતે ગોઠવેલી છે, કે તે સહૃદય વાચકને જરૂર અસર કરે. અને તીર્થંકરોએ કહેલા અને ગણધરે રચેલા ભાવોનું ફરીવાર કથન થાય તો તે તંદુરસ્ત છે, પુષ્ટિકર છે અને એમાં પુનરુક્તિનો દોષ થતો નથી, તેથી આ ગ્રંથમાં કહેલા ભાવો ફરીવાર કદાચ કહેવામાં આવ્યા હોય, તો તેમાં દોષાપત્તિ નથી, પણ લાભ જ છે. આ રીતે પુનરુક્તિદોષ આ ગ્રંથને અંગે થતો નથી એમ કોઈ પણ દૃષ્ટિબિંદુએ જોવામાં આવશે.

વર્તમાનમાં જે પદ્ધતિએ ઉપોદ્ઘાત લખાય છે અને તેમાં લેખક પોતાની વાત કહે છે, તે પદ્ધતિએ આ પહેલું પ્રકરણ લખાયેલું છે. અને ગ્રંથકર્તાએ તે લખીને ઘણા અગત્યના ખુલાસા કરી વાચકને ન્યાય આપ્યો છે. અને પોતે કરેલ પુનરાવર્તન કદાચ માનવામાં આવે તો તેમાં પણ કાંઈ દોષ નથી, એ ઘણી દલીલથી અને દાખલાઓથી બતાવી આપ્યું છે. અને લેખકશ્રીએ શ્રોતા કે વાચકને વિદ્વાન કહી એક પ્રકારે તેની ખુશામત પણ સહેતુક કરી છે. 'સજ્જન' શબ્દ એમણે વિદ્વાન વાચક માટે વાપરી તેઓને પણ મુખ્ય સ્થાન તરફ ખેંચ્યા છે અને એ રીતે ગ્રંથની ઘણી સુંદર શરૂઆત કરી છે. આવી સુંદર શરૂઆત ઘણાં ઓછાં પુસ્તકોમાં જોવામાં આવે છે. કેટલાક લેખકો તો પોતાની લાંબી લાંબી અપ્રસ્તુત વાતો કરે છે, ત્યાગ કરવા યોગ્ય આ પદ્ધતિ ઉપર ગ્રંથકર્તા ગયા જ નથી અને ઘણી સારી રીતે નમસ્કારનું કામ કરતાં તેઓએ જે કહેવું જોઈએ, તે કહી દીધું છે. આ મહત્તા સમજવા માટે આપણે ગ્રંથમાં પ્રવેશ કરીએ અને બાકી કોઈ કથન રહી ગયું હશે તો ઉપોદ્ઘાતમાં આવશે એમ ધારી અત્ર વિરમીએ.

॥ इति प्रथमं नमस्कारप्रकरणम् ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ ૨ જું : વૈરાગ્ય

હવે આપણે રાગ-દ્વેષ પર વિજય મેળવવાનું નવું પ્રકરણ શરૂ કરીએ છીએ. કષ એટલે સંસાર. જેનાથી સંસારનો લાભ થાય, જેથી સ્વર્ગ–મોક્ષ દૂર જતાં જાય, તે કષાય. આ કષાય પર વિજય મેળવવાની બહુ જરૂર છે, એમાં જે પ્રાણી સંસારને વધારવા ઇચ્છતાં હોય, તેઓ કષાયને ચાહે છે. તેઓ જેના તેના પર ક્રોધ કરે છે અને માન તો Self-respectના નામે આઠ પ્રકારે કરી જાણે પોતાની ફરજ બજાવતાં હોય તેમ વર્તે છે. દંભસેવી ધર્મિષ્ઠ તરીકે મનાય છે અને છેવટે લોભ કરી સર્વ ગુણોનો નાશ કરે છે. આ ક્રોધ, માન, માયા, લોભ એ ચારનો સમુચ્ચય કષાય છે. એથી સંસાર ઘણો વધી જાય છે. એમાં સારો દેખાવ માત્ર જ હોય છે, પણ પરિણામે અંદર તો પ્રાણી કષાયોથી ભરપૂર ભરેલો હોય છે, અને કેટલીક વાર ગૃહસ્થાઈમાં લેવાઈ જઈ, મોટા દેખાવા ખાતર, કષાય કરી સંસારને વધારે છે. તેટલા માટે આપણે સંસારના મૂળને પોષનાર આ કષાયો – ક્રોધ, માન, માયા અને લોભ—ને, સંસાર વૃદ્ધિ પામી ન જાય અને આવો અપૂર્વ માનવદેહ મળેલો છે, તે હારી ન બેસાય, તેટલા માટે, બરાબર પિછાનવા જોઈએ. તેને પિછાની લે ત્યાર પછી પ્રાણી કષાયથી આગળ વધી જઈ, ધ્યાનમાં પ્રવેશ કરી, અંતે સમુદ્ઘાત કરી, કર્મને સરખાં કરી નાખે છે અને છેવટે તેથી મુક્ત થઈ પોતે અજર-અમર થાય છે અને સંસારનો હંમેશ માટે ત્યાગ કરે છે. આવા અજર-અમર, સિદ્ધ-બુદ્ધ થવાનો માર્ગ અથવા મોક્ષે પહોંચવાનો માર્ગ કષાય પર વિજયમાં છે. એટલા માટે આપણે પ્રથમ તો ઇન્દ્રિયોને (સ્થૂળ ચીજને) ઓળખવી પડશે અને પછી કષાયો કેવા કેવા હોય છે તે બરાબર સમજી તે પ્રત્યેકના વિજયની ચાવીઓ હસ્તગત કરવી જોઈશે. જો આપણને જન્મ–જરા–મરણનો કંટાળો આવ્યો હોય અને આ સર્વ પ્રકારની ઉપાધિમાંથી મુક્ત થઈ મોક્ષે જવા ઇચ્છતા હોઈએ, તો કષાયોને બરાબર ઓળખવા જોઈએ અને તે પર કયા માર્ગે વિજય કરવો, તેની ચાવી પ્રાપ્ત કરવી જોઈએ. નહિ તો એક ખાડામાંથી બીજામાં એમ ને એમ આપણે અનંત સંસાર વધારી મૂકીએ છીએ. તેટલા માટે કષાય પર વિજય કોણ અને કેવી રીતે કરી શકે તે ચાવી, આ ગ્રંથમાં બતાવવામાં આપણું ધ્યાન ખેંચ્યું છે. અને કષાયોને ઓળખી તે પર વિજય કરવાની ચાવી બતાવી છે. તેટલા માટે સંસારનો નાશ કરવાની અને જન્મ-જરા-મરણના આંટાફેરા દૂર કરવાની આપણી ઇચ્છા પાકા પાયા પર રચાયલી હોય, તો આપણે પ્રથમ તો કષાયોને ઓળખવા જોઈએ અને તેના વિજયની ચાવીઓ હસ્તગત કરવી જોઈએ.

એમાં જે વાત બતાવવામાં આવી છે, તેમાં સંસારની મર્યાદા બાંધી તેનો નાશ કરવાની ચાવીઓ બતાવવામાં આવશે, તે આપણે સમજવી જોઈએ અને કષાય પર વિજય મેળવવા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માટે શું શું કરવું પડે, તે જાણી અંતે કષાય પર સંપૂર્ણ વિજય કરવો જોઈએ. આને મનુષ્યપણાની નબળાઈ ન ગણવી, કારણ કે સર્વ મનોવિકારને છોડ્યા વગર આપણો આરો નથી અને મનોવિકારના વિજયમાં કષાયો ભારે અગત્ય ધરાવતા હોઈ આપણે તે અગત્યનો મુદ્દો હાથ કરીને, તે કષાયોને યથાસ્વરૂપે ઓળખીને ધ્યાનમાર્ગ પર આગળ વધવું જોઈએ. એમાં આપણે ગોટા વાળીએ અથવા મનમનામણાં કરીએ, તે આપણા પોતાના હિત ખાતર આપણને પરવડે તેમ નથી. તેટલા માટે આપણે કષાયોને ઓળખી લઈ, તે પરના વિજયના માર્ગોને સંભાળી લઈએ. આપણો ઉદ્દેશ સંસારનો નાશ કરવાનો છે, તેના ત્રાસને ઘટાડવાનો છે અને તેમાંથી બચવાના માર્ગો શોધવાનો છે.

આ પ્રકરણ અતિ અગત્યનું હોઈ આપણું ધ્યાન ખેંચે છે. અને તે વારંવાર વિચારવા-લાયક હોઈ ખૂબ ચર્ચા, નિદિધ્યાસન, અભ્યાસ માગે છે. અને ખાસ ધ્યાન રાખવું કે એમાં લગભગ મૂળભૂત મૌલિક વાતો જ કહેવામાં આવી છે. તમે કષાયોને સમજો અને તે પર વિજય મેળવો, તેટલા માટે વૈરાગ્યની વાત પ્રથમ કહેવામાં આવી છે, અને તેના પર્યાયો કેવા કેવા છે તે બતાવ્યું છે. આ સર્વનો મુદ્દો વૈરાગ્ય દ્વારા આપણે કષાયને સમજવાનો છે, તે સમજો.

**વૈરાગ્યના પર્યાયો—**

**माध्यस्थ्यं वैराग्यं विरागता शान्तिरुपशमः प्रशमः।**
**दोषक्षयः कषायविजयश्च वैराग्यपर्यायाः ॥१७॥**

**અર્થ**—માધ્યસ્થ્ય, વૈરાગ્ય, વિરાગતા, શાંતિ, ઉપશમ, પ્રશમ, દોષક્ષય, કષાયવિજય – એ સર્વ વૈરાગ્યના પર્યાયો છે. (૧૭)

**વિવેચન**—આ વૈરાગ્યના પ્રકરણમાં પ્રથમ વૈરાગ્ય માટે કયા કયા શબ્દો શાસ્ત્રકારે બતાવ્યાં છે, તે કોશકારની પદ્ધતિએ આપે છે અને તમે કોઈ પણ ગ્રંથ વાંચતા હો, તેમાં એ શબ્દો આવે તો તે વૈરાગ્યના બીજા શબ્દો (other words) છે, એમ સમજી લેજો. આ પ્રકરણને છેડે વૈરાગ્યની વ્યાખ્યા આપવામાં આવશે અને યોગગ્રંથકારો એને માટે જે કહે છે તે વખતે તેમાં કેટલો ચમત્કાર છે તે તમારા ખ્યાલમાં આવશે. આઠે શબ્દો વૈરાગ્યના પર્યાયવાચી છે તે સમજવા માટે આપણે આઠે શબ્દ સમજી લેવા પ્રયત્ન કરીએ.

**૧. માધ્યસ્થ્ય**—મધ્યસ્થતા, રાગરહિત પ્રાણીને મધ્યસ્થ કહેવાય. તેવાપણું તે માધ્યસ્થ્ય. એ અતિ ઊંચો ગુણ છે. એને સમજવા માટે "શાંત સુધારસ"માં સોળમી ભાવના માધ્યસ્થ્યની આપવામાં આવી છે, તે બરાબર વાંચી જવી અને તેનો હેતુ હૃદયમાં ઉતારવો. મધ્યસ્થ માણસ કોઈનો ગેરવાજબી પક્ષ કરતો નથી અને એના મધ્યસ્થપણાના ગુણથી એ આગળ વધે છે. "કુમારસંભવ"માં કાલિદાસે કહ્યુ છે કે, अभ्यर्थनाभंगभयेन

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

साधु-माध्यस्थमिष्टेऽप्यवलंब्यतेऽर्थे । એટલે સાધુ પુરુષ કોઈ પાસે માગણી કરે, તેનો ભંગ થાય તે ખાતર મધ્યસ્થપણું ઇચ્છે છે. અને તેના અવલંબનથી સંસાર તરી જાય છે, અને કોઈ વસ્તુની યાચના કરતા નથી. એ મધ્યસ્થપણું વૈરાગ્યનું કારણ છે અને તેટલા માટે બીજા શબ્દ તરીકે વપરાય છે.

૨. **વૈરાગ્ય**—વૈરાગ્ય. વૈરાગ્યના પર્યાય બતાવવાના શ્લોકમાં ‘વૈરાગ્ય’ શબ્દ શા માટે મૂકયો હશે, તે મને સમજાતું નથી. કદાચ પાદપૂરણ અર્થે, માત્રામેળના છંદમાં મૂકયો હોય તેમ લાગે છે. એ ગમે તેમ હો, તેનો અર્થ ઉપરના તથા છેલ્લા વિવેચનમાં સ્પષ્ટ થશે. રાગનો અભાવ, વિરાગ, એ અર્થમાં એ શબ્દ વપરાયો છે. सर्ववस्तु भयान्वितं भुवि नृणां वैराग्यमेवाभयम्—આવું અભય આપનાર અને બધી વસ્તુ આ દુનિયાની ભયથી ભરેલી હોઈ વૈરાગ્ય, અભયને પોકારે છે; તે અહિંસાપોકાર સર્વત્ર અભય હોય, તેમાં નવાઈ નથી.

૩. **વિરાગતા**—રાગરહિતપણું, તે વિરાગ. તે શબ્દની પણ વૈરાગ્યના પર્યાયવાચી શબ્દ તરીકે ઉપયુક્તતા નથી, કારણ કે વૈરાગ્યમાં વિરાગતા આવી જાય છે. વાચક ખોટે માર્ગે દોરાઈ ન જાય તે માટે આ શબ્દ પણ વૈરાગ્યનો પર્યાયવાચી છે, એમ અત્ર જણાવ્યું છે.

૪. **શાંતિ**—એ પણ વૈરાગ્યનો પર્યાયવાચી શબ્દ છે. પદ્મપુરાણમાં કહ્યું છે કે, यत्किंचिद्वस्तु संप्राप्य स्वल्पं वा यदि वा बहु । या तुष्टिर्जायते चित्ते सा शांतिः कथ्यते बुधैः ॥ એટલે વસ્તુ થોડી મળે કે વધારે મળે, પણ મનમાં મળ્યાનો આનંદ થાય અથવા અલ્પ મળવાનો ખેદ થાય નહિ, તેને ડાહ્યા માણસો શાંતિ કહે છે. વિષયથી મનને નિવારવું, તે પણ શાંતિનો અર્થ થાય છે. મન ઉપર અંકુશ રાખવો તે પણ શાંતિ છે અને કષાયો પર વિજય મેળવવો તે પણ શાંતિ છે. ઉપદ્રવના નિવારણને પણ શાંતિ ગણવામાં આવે છે. અને કોઈને વારવું તે તેની શાંતિ કરવા બરાબર છે. આ સર્વ વૈરાગ્યના પર્યાયવાચી શબ્દો છે.

૫. **ઉપશમ**—અંદર ભડભડ બળતી વાતને દાબી દઈ ઉપર ઉપરથી વૈરાગ્ય ધારણ કરવો તે પણ વૈરાગ્યનો પર્યાયવાચી શબ્દ છે. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી કહે છે કે “ઉપશમ સાર છે પ્રવચને.” આ ક્રોધનો ત્યાગ અથવા ઉપશમ, તેને જૈન ધર્મનો સાર કહેવામાં આવ્યો છે, તે વાત બહુ સમજવા યોગ્ય છે. ઉપશમ પણ વૈરાગ્યનો પર્યાયવાચી શબ્દ છે એ અત્ર જણાવ્યું છે.

૬. **પ્રશમ**—એટલે શાંતિ. અંતરથી ધૂંધવાતા અગ્નિ ઉપર રાખોડી વળી જાય ત્યારે – દેખાય નહિ તે ઉપશમ અને અગ્નિ છુપાયેલો પણ ન હોય, તે પ્રશમ. પ્રશમ એટલે શાંતિ અથવા નિવૃત્તિ, એમાં વૈરાગ્યવાસના હોય તો તે પ્રશમના નામને યોગ્ય છે અને તે પણ વૈરાગ્યનો પર્યાયવાચી શબ્દ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૭. **દોષક્ષય**—દોષોનો સર્વથા નાશ થવો, તેને દોષક્ષય કહેવામાં આવે છે. વીતરાગમાં આ ગુણ જરૂર હોય છે. બાકી દાવો કરવામાં આવે, તો તે ગુણની ભજના સમજવી. દોષક્ષય એટલે વાંક ભગાડવા પૂરતો પ્રસંગ ન આવે તેવી આત્મસ્થિતિ. એ વૈરાગ્યના પર્યાય તરીકે વપરાય છે.

૮. **કષાયવિજય**—આ આઠમો વૈરાગ્યનો પર્યાયવાચી શબ્દ છે. કષાયથી સંસારનો લાભ થાય છે. એ જૈનનો પારિભાષિક શબ્દ છે. એમાં ક્રોધ, માન, માયા અને લોભનો સમાવેશ થાય છે. કષાયવિજય એ વૈરાગ્યનો પર્યાયવાચી શબ્દ ગણાય છે; એ કષાયો મનોવિકારને કરનારા છે અને કષાયનો અંશ પણ અંદર હોય ત્યાં સુધી એ સંસારને વધારનાર છે. એટલા માટે એના વિજયને ગ્રંથકારે વૈરાગ્યનો પર્યાયવાચી શબ્દ કહ્યો છે. તે સુયોગ્ય છે.

આ રીતે વૈરાગ્યના આઠ પર્યાયવાચી શબ્દો છે, તે તમે વૈરાગ્યના કોઈ પણ ગ્રંથમાં જોશો અને બરાબર ઓળખી લેશો. શબ્દ ગમે તે વાપર્યો હોય, પણ તે વૈરાગ્યનો વિષય છે એમ સમજવું. (૧૭)

**રાગના પર્યાયો**—

> **इच्छा मूर्च्छा कामः स्नेहो गार्ध्यं ममत्वमभिनन्दः ।**
> **अभिलाष इत्यनेकानि रागपर्यायवचनानि ॥१८॥**

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

**અર્થ**—ઇચ્છા, મૂર્છા, કામ, સ્નેહ, ગાર્ધ્ય, મમત્વ, અભિનંદ, અભિલાષા વગેરે અનેક રાગનાં પર્યાયવચનો છે. (૧૮)

**વિવેચન**—વૈરાગ્યમાં જે રાગની વાત કરી, તે રાગ માટે પણ અનેક ગ્રંથકારે જુદા જુદા શબ્દો વાપર્યા છે. તે વૈરાગ્યવાસિત પુરુષોએ જરૂર લક્ષમાં લેવા જોઈએ. રાગને દૂર કરવા માટે એ પ્રત્યેક શબ્દ ખાસ ઉપયોગી હોઈ એના પર્યાયવાચી શબ્દો ધ્યાનમાં રાખવા જોઈએ; એટલે આપણને ગ્રંથવાચન વખતે અથવા તેને સમજવા માટે તે બહુ ઉપયોગી થાય, કારણ કે વૈરાગ્ય એટલે વિરાગપણાનો ભાવ હોવાથી આપણે રાગને બરાબર સમજવો જોઈએ, એનો પર્યાયવાચી શબ્દ બીજા ગ્રંથોમાં આવે, તો તે રાગને અંગે શબ્દ વપરાયેલ છે એમ સમજવું. આ વાત મગજની ચોખવટ માટે ઘણી જરૂરી છે અને તેને ગ્રંથકારે અહીં સહેતુક દાખલ કરી છે. તે પ્રકરણને છેડે સમજાઈ જશે. રાગના પર્યાયવાચી શબ્દો નીચે પ્રમાણે છે, તે ધારી રાખવા—

૧. **ઇચ્છા**—इष् ધાતુ પરથી નીકળેલો એ શબ્દ છે. જેનું મન થાય તે કરવું તે ઇચ્છા છે. અત્ર વક્તવ્ય એ છે કે, ઇચ્છા શબ્દને પણ રાગના પર્યાયવાચી શબ્દ તરીકે અનેક ગ્રંથકારે વાપર્યો છે. ઇચ્છાનિવૃત્તિ કરીને છેવટે ઇચ્છાનો રોધ કરવામાં આવે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યારે જ મુક્તિ થાય છે અને મોક્ષ અને સંસારને સરખા ગણવા પડે છે. માટે ઇચ્છાને રાગના વિભાગ તરીકે રાગનો પર્યાયવાચી શબ્દ ગણવામાં આવેલ છે. બીજા ગ્રંથ વાંચતાં ઇચ્છાના રોધની વાત આવે, ત્યાં રાગનો ક્ષય કરવાની વાત છે એમ સમજવું.

૨. **મૂર્છા**—બાહ્ય વસ્તુ માટે એટલું લાગે કે પ્રાણી તેની સાથે એક થઈ જાય, તે જાણે છે કે વસ્તુ પર છે, પરની છે, સાથે આવવાની નથી, છતાં તેની ખાતર બેભાન થઈ જાય તે મૂર્છા. તેની સાથે વિયોગ થાય ત્યારે રડવા બેસે તે મૂર્છા. મૂર્છા પ્રાણી અથવા પદાર્થની હોઈ શકે છે. એને માટે જ્યારે કે જ્યાં વર્ણન આવે તે રાગનો પર્યાયવાચી શબ્દ છે એમ સમજવું. મોહનો એ પર્યાયવાચી શબ્દ છે અને अहं ममेति मंत्रोऽयं मोहस्य जगदान्ध्यकृत् । એટલે 'હું' અને 'મારું'એ મોહ આંધી લાવનાર છે અને આખું જગત તેનાથી ફસાય છે. તેને ચેતવણીરૂપે આ મૂર્છા-મોહનો મહિમા જ્યાં બતાવવામાં આવ્યો હોય, ત્યાં તેને રાગના બીજા શબ્દ તરીકે જાણવો. બાહ્ય વસ્તુ સાથે પ્રાણી એટલો તદાકાર થઈ જાય છે કે તેને ચેતવણી આપવા યોગ્ય છે.

૩. **કામ**—એટલે પ્રીતિ, અભિલાષ. કામનો અર્થ આંબાનું ઝાડ એમ પણ કોશકાર બતાવે છે, પણ અહીં પ્રેમ-પ્રીતિની વાત છે, કારણ, આપણે તેને રાગના પર્યાય તરીકે બતાવવો છે. ઇષ્ટ વસ્તુની પ્રાર્થના એ પણ કામ છે. જ્યાં જ્યાં આ શબ્દ વપરાયો હોય અથવા શાસ્ત્રમાં એના વિશે ચર્ચા-વિચારણા ચાલી હોય, ત્યાં તે રાગના પર્યાય તરીકે વપરાયેલ છે, એમ સમજી લેવું.

JAINSITE जैनम् जयति शासनम्

૪. **સ્નેહ**—જે આપણને વહાલા હોય, તેના તરફ આકર્ષણ થાય તે સ્નેહ. દુનિયાદારી સ્નેહ તો બહુ લાંબો વખત ટકતો નથી. ઘડપણ આવે તે ઊતરી જાય છે, અને મરણ વખતે ઓળખાણ રહેતી નથી. આવો સ્નેહ કેટલો નકામો છે, તેનું વર્ણન યથાસ્થાને કરવામાં આવ્યું છે. અહીં તો ભાવ એટલો છે કે એ શબ્દ જ્યાં વપરાયો હોય ત્યાં તે રાગનો પર્યાયવાચી શબ્દ છે એમ સમજવું.

૫. **ગાર્ધ્ય**—એક વસ્તુ ઉપરના પ્રેમથી કે મનુષ્યના આકર્ષણથી ખેંચાઈને તેની ખાતર ઊંડા ઉતરાઈ જવાય, તે ગાર્ધ્ય. એનો 'લોભિયાપણું' એમ અર્થ કોશકાર કરે છે, પણ અહીં તેનો અમર્યાદ આકાંક્ષા અથવા વસ્તુ કે માણસમાં મર્યાદા મૂકીને ઊંડા ઊતરવું તેમ અર્થ સમજવો. જ્યારે હદ-મર્યાદા ઓળંગી પ્રાણી એની ખાતર ન કરવા યોગ્ય કરી બેસે છે, ત્યારે તેને ગાર્ધ્ય કહેવાય છે. એ રાગનો પર્યાયવાચી શબ્દ છે.

૬. **મમત્વ**—આ પણ મોહનો જ પર્યાયવાચી શબ્દ છે. 'અહં' અને 'મમ' એના મંત્રોએ જગતને આંધળું કરેલું છે. એટલે જ્યાં જ્યાં મમત્વની વાત આવે, અથવા જ્યાં મારાપણું જણાય ત્યાં મમતા છે. તે મમત્વ શબ્દ રાગનો પર્યાયવાચી શબ્દ છે અને



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મારાપણું પોતાની માન્યતા પર જ આધાર રાખનાર રાગનો પર્યાયવાચી શબ્દ છે, એટલું ધ્યાનમાં રહે. આ વસ્તુ મારી છે અને તે મારા તાબાની છે કે હું તેનો સ્વામી છું, એ રાગથી જ થાય છે.

**૭. અભિનન્દ**—આ પણ રાગનો પર્યાયવાચી શબ્દ છે. કોશ પ્રમાણે તેનો અર્થ 'થોડું સુખ' થાય છે. ઇષ્ટ વસ્તુ મળતાં મનમાં આનંદ થાય, તે અભિનન્દ. કોઈ આપણી તારીફ કરે, ત્યારે આપણા મનમાં આનંદ થાય તે અભિનન્દ. એ પણ રાગનો જ પર્યાયવાચી શબ્દ છે.

**૮. અભિલાષ**—ઇચ્છા અથવા લોભને અભિલાષ કહેવામાં આવે છે. ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ માટે મનોરથ સેવવા, તે અભિલાષ. તે મને મળે તો સારું, એમ ઇચ્છવું તે અભિલાષ. એવા પ્રકારની ચાહના કરવી; વસ્તુ કે માણસને ઇચ્છવા તે અભિલાષ શબ્દમાં આવે છે. એ પણ રાગનો પર્યાયવાચી શબ્દ છે તે ધ્યાનમાં રાખવું.

આ આખા વર્ગમાં આઠ શબ્દો બતાવ્યા. એવા અનેક શબ્દો રાગના પર્યાય તરીકે જણાય છે. તે માટે સંબંધ પરથી તે સમજી લેવા. આ શ્લોકથી પર્યાય શબ્દનો સંકેત બતાવવામાં આવ્યો છે. હવે પછીના શ્લોકમાં રાગથી ઊલટો દ્વેષ શબ્દ છે, તેનો સંકેત બતાવશે. બંને ત્યાજ્ય છે, એમ 'ઉપમિતિભવપ્રપંચા કથા'ના કર્તા શ્રીસિદ્ધર્ષિ કહે છે. એકને 'રાગકેસરી' અને બીજાને 'દ્વેષગજેન્દ્ર'નું ત્યાં ઉપનામ આપ્યું છે. (૧૮)

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

**દ્વેષના પર્યાયવાચી શબ્દો**—

**ईर्ष्या रोषो दोषो द्वेषः परिवादमत्सरासूयाः ।**
**वैरप्रचण्डनाद्या नैके द्वेषस्य पर्यायाः ॥१९॥**

**અર્થ**—ઇર્ષ્યા, રોષ, દોષ, દ્વેષ, પરિવાદ, મત્સર, અસૂયા, વૈર, પ્રચંડન આદિ અનેક દ્વેષના પર્યાયશબ્દો છે. (૧૯)

**વિવેચન**—આગળના શ્લોકમાં જણાવ્યું છે, તે પ્રમાણે દ્વેષને હાથી સાથે સરખાવી તેનું 'દ્વેષગજેન્દ્ર' નામ શ્રીસિદ્ધર્ષિએ આપ્યું છે. એના પર્યાયવાચી અનેક શબ્દો છે, તે આવે ત્યારે દ્વેષને ઉદ્દેશીને તે વર્ણવાયા છે, એમ સમજવું. આપણે તે પર્યાયવાચી શબ્દો વિચારીએ.

**૧. ઇર્ષ્યા**—કોઈ માણસ ફતેહ પામતો હોય, તેની અદેખાઈ કરવી, તેની પાસે વસ્તુ હોય તે આપણી થાઓ અને તે તે વસ્તુ વગરનો થઈ જાય, એમ ઇચ્છવું તે ઈર્ષ્યા; એમાં ઈર્ષ્યા અને ઈર્ષા બન્ને સાચા શબ્દો છે અને તે ઈર્ષ્ય્ ધાતુમાંથી નીકળે છે. એ જ્યાં જ્યાં વપરાય, ત્યાં ત્યાં તે દ્વેષનું એક રૂપ છે, એમ સમજવું. પડોશીની અદેખાઈ કરવી, તેની પાસે પૈસા તો કાળા બજારના છે એમ કહેવું તે સર્વ ઈર્ષ્યાના વિભાગમાં આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૨. રોષ**—એનો અર્થ ક્રોધ, કોપ થાય છે. જે ઘરમાં આગ ઊઠે અને પાણીનો જોગ ન થાય, તો તે ઘરને પ્રથમ બાળે છે. ક્રોધનો પણ એવો જ સ્વભાવ છે; એ ક્રોધ કરનારને તો જરૂર બાળે છે, પણ એને ખમાવનાર કોઈ હાજર ન હોય, તો તે ચેપી રોગ થઈ સામાને અથવા બાજુનાને પણ ક્રોધી બનાવે છે. એનાથી ચેતવાની જરૂર બતાવવા એને દ્વેષનો પર્યાયવાચી શબ્દ કહ્યો છે. ભડભડ સળગતા ક્રોધને કૃશાનુ કહ્યો છે. તે રોષનો બીજો શબ્દ છે. એ સર્વથી ચેતવા સંક્ષેપમાં જણાવી દીધું કે તે પણ દ્વેષનો પર્યાયવાચી શબ્દ છે. અને ક્રોધ હંમેશા દ્વેષના ઘરનો જ હોય છે, જ્યારે માન અને માયા રાગના ઘરના હોય છે. લોભ રાગથી થાય છે. આવું કષાયનું સ્વરૂપ છે તે આપણે આવતા ત્રીજા પ્રકરણમાં જોઈશું.

**૩. દોષ**—અપરાધ, કસૂર, વાંક એ સર્વ આત્માને મલિન કરનાર છે. અને દ્વેષ એને જન્મ આપનાર હોવાથી એને દ્વેષનો પર્યાયવાચી શબ્દ ગણવામાં આવ્યો. જ્યાં દોષો સંબંધી વાત આવે ત્યાં મૂળે તે વાત દ્વેષના ઘરની છે, એમ સમજવું.

**૪. દ્વેષ**—દ્વેષનો પર્યાય દ્વેષ શા માટે હોઈ શકે, તે મને સમજાયું નથી. પણ તે, એક જ અર્થના શબ્દો એકઠા કરવામાં આવ્યા છે, તે કારણે હોવું જોઈએ. આ આત્માને મલિન કરનાર દુર્ગુણ છે અને ગમે તે રીતે ટાળવા યોગ્ય છે. કહેવાની મતલબ એ છે કે, વીતરાગ હોય તે વીતદ્વેષ પણ જરૂર હોય. આની વ્યાખ્યા આવતા પ્રકરણમાં થશે.

**૫. પરિવાદ**—પારકાની નિંદા, પર ઉપર આરોપ તે પરિવાદ. ખોટું તહોમતનામું આપવું તે દ્વેષના ઘરની વાત છે. સામાનો ઉત્કર્ષ થતો હોય, તે ન જોતાં એને આળ ચઢાવવું, તે પણ આ પરિવાદમાં સમાય છે. એ શબ્દ જ્યાં વપરાયો હોય, ત્યાં તે દ્વેષના ઘરનો પર્યાયવાચી શબ્દ છે એમ જાણવું.

**૬. મત્સર**—આમાં અને પહેલા શબ્દ ઈર્ષ્યામાં ફેર શું છે તે જાણવો મુશ્કેલ છે. મત્સરમાં અદેખાઈનું તત્ત્વ છે. તેમ ઈર્ષ્યામાં અદેખાઈનું તત્ત્વ છે. અહીં તો કહેવાનો ભાવાર્થ એમ જણાય છે કે, જ્યાં મત્સર શબ્દ પર વિવેચન થાય ત્યાં દ્વેષના પર્યાયવાચી શબ્દ તરીકે તમારે સમજી લેવું.

**૭. અસૂયા**—ગુણ ઉપર દોષનું આરોપણ કરવું, તે અસૂયા. તેવી વૃત્તિ અદેખાઈથી થાય છે. તે પણ દ્વેષજન્ય પર્યાયવાચી શબ્દ છે, તેમ સમજવું. આ સર્વ અને બીજા અનેક દ્વેષના પર્યાયવાચી શબ્દો છે એ સંકેત ધ્યાનમાં રાખવો.

**૮. વૈર**—એનો અર્થ કોશકાર વીરપણું પણ કરે છે. અહીં તો તેને દુશ્મનાવટ—સામી પ્રીત—ના અર્થમાં વાપર્યો છે. જ્યાં વૈર શબ્દ પર વિવેચન આવે ત્યાં તે દ્વેષના ઘરનું છે એમ સમજવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૯. **પ્રચંડ**—હુન્નર-કળાથી ભારી થયેલને પ્રચંડ-આકરો કહે છે. એ નામનો એક દાનવ છે, એમ કોશકાર કહે છે. ઘણા અર્થમાં એ શબ્દ વપરાય છે.

એવા દ્વેષ માટે અનેક શબ્દો સમાનાર્થ છે, તે વિદ્વાન વાંચકોએ સમજી લેવા. (૧૯)

**કષાયી જીવની વ્યાખ્યા—**

**रागद्वेषपरिगतो मिथ्यात्वोपहतकलुषया दृष्टया ।**
**पञ्चास्रवमलबहुलाऽऽर्तरौद्रतीव्राभिसन्धानः ॥२०॥**

**અર્થ**—રાગ-દ્વેષથી ચારે બાજુએ ઘેરાઈ ગયેલો, મિથ્યાત્વથી મેલી થયેલી કલુષિત દૃષ્ટિ વડે, પાંચે આશ્રવો રૂપ પુષ્કળ મળને પરિણામે, આર્ત્ત-રૌદ્ર ધ્યાનના પરિણામવાળો. (૨૦)

**વિવેચન**—આ ગાથામાં કષાયી જીવનું વર્ણન કરે છે. તે તેવીસમી ગાથા સુધી ચાલવાનું છે. તેના ઉપર પછી કષાયનું આવતા પ્રકરણમાં વર્ણન કરશે. આ ગ્રંથકારનો ક્રમ છે. દીન-દુઃખી, કષાયી જીવને ઓળખવો હોય, તો તે આવા પ્રકારનો હોય છે. એના જે વિશેષણો આ અને પછીની ત્રણ ગાથામાં આપ્યાં છે તે બરાબર સમજવાં. એટલે એવા પુરુષનું ઓળખાણ પડે અને આપણામાં કેવી રીતે તે વિશેષણો લાગુ પડે છે, તે પર વિચાર કરવાથી આ ત્રીજા પુરુષને આપવાનો ઉપદેશ આપણને પણ લાગુ પડે અને આ એક ફેરો નકામો ન થતાં કામ થઈ જાય. એ કષાયી માણસોને ઓળખવા માટે આ ગાથામાં ત્રણ વિશેષણો આપવામાં આવ્યાં છે. બધો મેળ ત્રેવીશમી ગાથામાં મળશે. ધ્યાન રાખીને આ વિશેષણોને સમજી લેવાં અને પોતાની જાતને લાગુ કરવા આપણે પ્રયત્ન કરીએ. એ વિશેષણો આપણે એક પછી એક વિચારીએ—

રાગ-દ્વેષથી ઘેરાયેલો. જે રાગ-દ્વેષના પર્યાયવાચી શબ્દો આગલી ગાથામાં આપવામાં આવ્યા, તેનાથી ચારે બાજુએ ઘેરાઈ ગયેલો આ કષાયી માણસ હોય. એની દીનતા અને દુઃખો પણ કષાયને પરિણામે થાય છે. અને મહામુશ્કેલીએ મળેલો મનુષ્યભવ એ હારી જાય છે. કર્મ આવવાના જે ઘણા રસ્તા છે, તે સર્વને આશ્રવ કહેવામાં આવે છે અને તે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, અને યોગમાં આવી જાય છે. તેમાં કષાયો રાગદ્વેષને લાગે છે અને પ્રાણીને હતાશ કરી નાખે છે. રાગદ્વેષ તેના ઉપર એક પ્રકારનો ઘેરો ઘાલે છે. અને એને એક ખાડામાંથી બીજામાં નાખે છે, અને પ્રાણી આ અનાદિ-અનંત સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે. અને તે ભવ્ય હોય તો પણ અસંખ્યાત ભવ્યોની પેઠે એ અભવ્યને કોટે વળગે છે. આ સંસાર કદી ભવ્યમય થવાનો નથી, કારણ કે ભવ્ય હોય તો પણ અભવ્યને ગળે વળગેલા તેઓ અભવ્ય જેવા જ છે. અને મિથ્યાત્વ એની દૃષ્ટિને કલુષિત બનાવે છે. આ મિથ્યાત્વને બરાબર સમજવા યોગ્ય છે. એના તત્ત્વાર્થમાં ઉમાસ્વાતિ મહારાજે ત્રણ ભેદ પાડ્યા છે: અભિગ્રહીત મિથ્યાત્વ, અનભિગ્રહીત મિથ્યાત્વ અને સંદેહાત્મક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મિથ્યાત્વ. એનો વિસ્તાર સમજવા માટે તત્ત્વાર્થની ટિપ્પણ વગેરે જોવાં. આ મિથ્યાત્વના જોરથી નજર કલુષિત થઈ જાય છે, એટલે પ્રાણી સાચી વાતને ખોટી માને છે અને ખોટી વાતને સાચી માને છે. જેની નજર બગડેલી છે, એવા કમળાના વ્યાધિવાળાને સર્વ પીળું દેખાય છે, તેમ જ મિથ્યાત્વથી જેની નજર કલુષિત થયેલી હોય છે, તે સાચી વાતને સાચી ન જાણતાં બધે ખોટો જ રંગ જુએ છે અને એક ખાડામાંથી બીજા ખાડામાં પડે છે. એને સંસારનો આરો દેખાતો નથી કે જડતો નથી. એવી રીતે મિથ્યાત્વ એની નજરને પાપમય બનાવી દે છે. અને એ મિથ્યાત્વથી હેરાન-પરેશાન થઈ જાય છે. આવા પ્રાણીને સાચી વાત કદી પણ સમજાતી નથી. એને સંસારનો અભ્રરંગ બતાવવામાં આવે તો તે સ્થાયી રંગ છે એમ માને છે, અને તેના પર સ્થાયી તરીકે આસક્તિ કરે છે. એવા ઊંધા ચશ્મા પહેરી એ દુનિયાના સંબંધોને સ્થાયી કે ઘરના માને છે અને પુદ્ગળમાં આસક્તિ રાખે છે. અથવા ઇન્દ્રિયજન્ય સુખોને એ પોતાનાં અને સ્થાયી માને છે. મતલબ, એની કલુષિત-પાપી દૃષ્ટિમાં જે કાંઈ આવે છે તે ઊલટું જ આવ્યા કરે છે અને તે સંસાર વધારનાર જ હોય છે. આવી રીતે તેનાં દીનતા અને દુઃખમાં વધારો થયા કરે છે. અને પાંચે આશ્રવો (પ્રાણાતિવાદ, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ) એનું આર્ત-રૌદ્ર ધ્યાન સાથે અભિસંધાન કરાવે છે. એને આર્ત્ત-રૌદ્ર ધ્યાનમાં રસ એટલો પડી જાય છે કે, એને સંસાર જ સૂઝે છે. એ જાણે છે કે, આ સર્વ અસ્થિર, અલ્પકાળની રમત છે, તો પણ તેમાં તે આસક્ત થાય છે અને પરિણામે એને મિથ્યાત્વના જોરથી સ્થિર કે અનંતકાળની જાણે છે અને સંસારમાં રખડપટ્ટી કરી વધારે હેરાન-પરેશાન થાય છે. આ આર્તધ્યાન અને રૌદ્રધ્યાનને બરાબર ઓળખવા માટે “જૈનદૃષ્ટિએ યોગ” જોવા વિજ્ઞપ્તિ છે. એ આશ્રવનાં ધ્યાનો છે અને સંસારી જીવના ઉધામા છે.

હવે આપણે વિશેષ સમજણ માટે મિથ્યાત્વને સમજવા પ્રયત્ન કરીએ. મિથ્યાત્વ એટલે મિથ્યાદર્શન. આ સમ્યગ્દર્શનથી ઊલટું હોય છે. સમ્યગ્દર્શનમાં તાત્ત્વિક શ્રદ્ધા હોય છે; જ્યારે મિથ્યાત્વમાં તેનો અભાવ હોય છે. યથાર્થ શ્રદ્ધાનો અભાવ અથવા અયથાર્થ વસ્તુ પર શ્રદ્ધા એવા એના ભેદ પડે છે. ચકલા, મેના, પોપટ વગેરે તદ્દન મૂઢ દશામાં હોય, તે એક વિભાગમાં મૂઢ દશામાં પડે છે. ઉપરનો અયથાર્થ વસ્તુમાં શ્રદ્ધા થવી એ બીજો વિભાગ છે અને તે વિચારદશામાં હોય છે. વિચારશક્તિનો વિકાસ થયો હોય, છતાં અભિનિવેશ કે પૂર્વગ્રહથી અયથાર્થ વસ્તુ ઉપર શ્રદ્ધા લાગે, ત્યારે વિચારદશામાં આ મિથ્યાત્વની પ્રાપ્તિ થાય છે. એમાં વિચારક પ્રાણી પણ એકાંત સેવે છે, એક પ્રકારના ધોરણ પર ચઢી જાય છે અને શ્રદ્ધા ઉપર કુઠારાઘાત કરે છે. ઉપદેશજન્ય આ મિથ્યાત્વને અભિગ્રહીત મિથ્યાત્વ કહે છે, ત્યારે ઉપર કહેલાં મેના, પોપટને અનભિગ્રહીત મિથ્યાત્વ હોય છે. અનાદિકાળના ભારને લીધે આ મિથ્યાત્વ દશા થાય છે, તે અનભિગ્રહીતની કોટીમાં આવે છે. કીટ, પતંગ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વગેરેને અમુક ગતિના થયા તે ખાતર થાય તે અનભિગ્રહીત મિથ્યાત્વની કોટીમાં આવે છે. જેની ચેતના મૂર્છા પામેલ હોય અને જે સ્વતંત્ર મત બાંધી શકે તેમ ન હોય, તેમનું ઉપદેશશૂન્ય મિથ્યાત્વ અનભિગ્રહીતની કોટીમાં આવે છે; એની ચેતના જ હ્રાસ પામેલી હોય છે, એ સ્વતંત્ર વિચાર પોતા માટે કરી શકતા નથી. આ મિથ્યાત્વથી દૃષ્ટિ કલુષિત–પાપમય થાય છે અને, સમજણપૂર્વક અથવા વગર સમજ્યે, પ્રાણી શ્રદ્ધા વગરનો થઈ જાય, તેને "मिथ्यात्वउपहत कलुषया दृष्टया" એમ ઉપર વર્ણવ્યો છે.

**પંચાશ્રવ**—પાંચ આશ્રવો તે હિંસા, અસત્ય, ચોરી, બ્રહ્મચર્યનો ત્યાગ અને પરિગ્રહનો સ્વીકાર એ પાંચને ગણવામાં આવ્યા છે. એનાથી પ્રત્યેકથી દોષ-મેલ ઘણો થાય છે. એ ત્યાગવા યોગ્ય છે. એના વિસ્તાર માટે અને એને સમજવા માટે આ જ ગ્રંથકારના તત્ત્વાર્થસૂત્રનો સાતમો અધ્યાય જુઓ. એના દેશત્યાગ અને સર્વત્યાગ માટે એ જ સાતમા અધ્યાયનું બીજું સૂત્ર જોવું. (૨૦).

**કષાયી જીવની વધારે વ્યાખ્યા (પૂરક)—**

**कार्याकार्यविनिश्चयसंक्लेशविशुद्धिलक्षणैर्मूढः ।**
**आहारभयपरिग्रहमैथुनसंज्ञाकलिग्रस्तः ॥२१॥**

**અર્થ**—કરવા જેવું છે કે નહિ કરવા જેવું છે, તેના વિવેકનિશ્ચયથી મૂઢ રહેલો પ્રાણી અને સંકલેશ તથા વિશુદ્ધિનાં લક્ષણોથી મૂઢ પ્રાણી, આહાર, ભય, મૈથુન તથા પરિગ્રહ સંજ્ઞારૂપ ક્લેશથી લેવાઈ ગયેલો–હણાઈ ગયેલો (પ્રાણી)-(કષાયી પ્રાણી છે,) એમ વધારે સમજવું. (૨૧)

**વિવેચન**—કાર્યાકાર્ય-વિચાર, અમુક કામ કરવા જેવું છે, કે અમુક કામ કરવા જેવું નથી, તેનું જેને જ્ઞાન હોય છે, તે વિવેકી પ્રાણી કહેવાય છે. આવડતની ખામીને લીધે અથવા નિર્ણય કરવાની અશક્તિને કારણે, જે કરવા ન કરવાનો વિવેક જ કરી શકતો નથી અને કયા વર્તનથી પ્રાણીનું ચિત્ત કિલષ્ટ–વધારે ખરાબ–થાય છે અને કયા વર્તનથી તે સારું–વિશુદ્ધ થાય છે, આવા પ્રકારના કાર્યાકાર્યના વિચારને ન સમજનાર અને ખરાબ મન અને વિશુદ્ધ મન કયાં કારણોથી અને કેવા વર્તનથી થાય છે, તે ન સમજનાર પ્રાણી હજારો દુઃખોને ખમે છે અને સંસારમાં રખડપટ્ટી કરે છે, અને સિદ્ધ-બુદ્ધ થઈ કદી મોક્ષ જતો નથી. એ છેવટનો ભાગ ત્રેવીશમા શ્લોકથી સમજવો, તે રાગથી અને દ્વેષથી પીડાઈ, કાર્યાકાર્યના વિવેકને જાણતો નથી; આવા કાર્ય–અકાર્યને નહિ જાણનાર પ્રાણી પણ સંસારમાં ખૂબ રખડે છે અને મનને સંકલેશ કરનાર અને મનની શુદ્ધિનાં જે લક્ષણો છે, તેને જાણવાની પણ ચિંતા કરતો નથી અને સંસારમાં રખડયા કરે છે અને મોત આવે ત્યારે મરીને એક ખાડામાંથી બીજા ખાડામાં પડીને આયુષ્ય પૂરું કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સંક્લેશ**—क्लेशकर्मविपाकाशयैरपरामृष्टः पुरुषविशेषः ईश्वरः—એટલે જેને ક્લેશ, કર્મ અને તેના વિપાકો ન લાગે, તે પુરુષવિશેષ ઈશ્વર (આદર્શ તરીકે) છે. અને જે પ્રાણીના મન પર ક્લેશ અસર કરતા હોય તે સંસારી છે. અને સંસારમાં રખડનાર છે. આવા પ્રકારના ક્લેશથી મૂઢ પ્રાણી સંસારી હોઈ દીન-દુઃખી થાય છે, તે ત્રેવીશમા શ્લોકથી જાણવું.

**સંશુદ્ધિ**—'ક્લેશે વાસિત મન સંસાર'–એવા મનને વિશુદ્ધ કરવાના ઉપાયો સમજવા અને અમલમાં મૂકવા તે મનની સંશુદ્ધિ જાણવી. ક્લેશ અને સંક્લેશ લગભગ એક જ છે. વધારે પડતો ક્લેશ સહન કરવો તે સંક્લેશ છે. આવા સંક્લેશમય મનને વિશુદ્ધ કરવાના ઉપાયો શાસ્ત્રકારે બતાવ્યા છે, તે જેને કદી ન આવડે તે સંક્લેશ–વિશુદ્ધિના ઉપાયના જ્ઞાનથી વિમૂઢ આત્મા છે. 'સંક્લેશ' અને 'વિશુદ્ધિ' યોગના શબ્દો છે; તે પાતંજલ યોગદર્શનના અભ્યાસીને નવા નથી.

**સંજ્ઞા**—આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ એટલે ખાવું–પીવું, બીવું, સ્ત્રી સાથે વિષય સેવવો અને વસ્તુનો સંઘરો કરવો એ ચારે સંજ્ઞા સર્વ પ્રાણીને સાધારણ છે, એટલે પશુ, પક્ષી, જળચર વગેરે સર્વ પ્રાણીને આ ચારે સંજ્ઞા આવડે છે. એ ચારે સંજ્ઞા અનેક તોફાન કરાવે છે. એ તોફાનમાં ફસાઈ જે સંસારમાં રખડે તે સંજ્ઞાને આધીન થાય છે અને નકામો દીન-દુઃખી થાય છે અને કષાયને આધીન થાય છે.

આ ૨૧–૨૪ શ્લોકમાં કષાયના ઠપકાને પાત્ર કેવો પ્રાણી થાય છે તેનું વર્ણન શરૂ કરી કષાયો કેવા છે, કેવા પરિણામવાળા છે, અને એનાથી પ્રાણીઓ કેવા દીનદુઃખી થાય છે, તેનું વર્ણન શરૂ કરી તે દ્વારા કષાયને નોતરે છે અને આવો કષાયનો વિષય તે રાગ-દ્વેષનો વિષય છે, એમ જણાવી તે વિષય શરૂ કરે છે તે આપણે આવતા પ્રકરણમાં જોશું. સંજ્ઞાથી પ્રાણીને ક્લેશ થાય છે અને સંસારમાં રાચ્યો-માચ્યો રહે છે અને સંસારને સર્વસ્વ માને છે અને તેના વગર પોતાનું શું થશે–એમ વિચારે છે. તે સર્વનું કારણ આ સંજ્ઞાઓ છે અને તે સર્વ પ્રાણીઓને સામાન્ય છે. તે ગમે તે ગતિમાં જાય ત્યાં આ આહારાદિ ચાર સંજ્ઞા તેને સંસાર સાથે એકમેક રાખે છે અને પ્રાણી તેનાથી ઉપરવટ થવા તૈયારી કરે ત્યારે પણ, સંજ્ઞા નૈસર્ગિક હોઈ, તેને હેરાન કરે છે અને સંસારમાં વધારે રખડાવે છે. આ સંજ્ઞા નૈસર્ગિક હોવા છતાં પ્રાણીને તોફાનમાં રાખે છે અને તેમાં પ્રાણી એટલો ઊંડો ઊતરી જાય છે કે, તે પછી (તેને સ્થિતિ) જાણે કુદરતી જેવી જ લાગે છે.

જન્મ-મરણ—આવી રીતે વારંવાર જન્મવું અને સર્વને છોડીને મરી જવું, એ એને સાધારણ થઈ ગયું છે. તેના જન્મ-મરણના આ ફેરા મટાડવા આ ગ્રંથનો ઉદ્દેશ છે, એટલે હવે કષાય સંબંધી વાત થાય તે પર ધ્યાન આપજો. (૨૧).

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંસારી જીવનું વર્ણન ચાલુ—

क्लिष्टाष्टकर्मबन्धनबद्धनिकाचितगुरुर्गतिषु ।
जन्ममरणैरजस्रं बहुविधपरिवर्तनाभ्रान्तः ॥२२॥

**અર્થ**—તે મલિન છે, આઠ કર્મનાં બંધનોથી બંધાયેલો છે, સખત બંધાયેલો હોઈ ભારે થયેલો છે, અને જન્મ-મરણ દ્વારા સતત અનેક પ્રકારની સેંકડો ગતિઓમાં ચકરાવા મારતો ભમે છે. (૨૨)

**વિવેચન**—**ક્લિષ્ટ**-ક્લેશોથી દૂષિત. રાગ-દ્વેષ એ કે ક્રોધ આદિ ચાર ક્લેશો છે. જૈન પરિભાષામાં તે કષાયો છે.

**અષ્ટકર્મબંધનબદ્ધ**—કર્મો આઠ પ્રકારનાં છે-જ્ઞાનાવરણીય વગેરે. તે કર્મો પૌદ્ગલિક છે. તે આત્માને લાગે છે. આત્માને કર્મો લાગવાનું કારણ કષાયો છે.

**નિકાચિત**—કર્મોથી ગાઢ રીતે બંધાયેલો. નિકાચના એ કર્મની દસ દશાઓમાંની એક છે. કર્મની આ દશા હોય તો કર્મને ભોગવ્યે જ છૂટકો.

**ગુરુ**—ભારે. આત્માને બંધાયેલા કર્મના ભારથી આત્મા ભારે થાય છે અને પરિણામે તેની સ્વાભાવિક ઊર્ધ્વગતિ થતી નથી.

**ગતિશત**—મૂળ તો ચાર ગતિઓ છે-દેવ આદિ. પરંતુ અવાન્તર સેંકડો ગતિઓ છે. વધુમાં વધુ ચોરાશી લાખ જીવયોનિ છે.

**જન્મ-મરણ દ્વારા**—જીવ એક ગતિમાંથી બીજી ગતિમાં જન્મ-મરણ દ્વારા જાય છે.

**પરિવર્તના**—ચકરાવા. 'પુદ્ગલપરાવર્ત' શબ્દમાં આ શબ્દ વપરાયેલો છે. (૨૨)

સંસારી જીવનું વધારે વર્ણન-

दुःखसहस्रनिरन्तरगुरुभाराक्रान्तकर्षितः करुणः ।
विषयसुखानुगततृषः कषायवक्तव्यतामेति ॥२३॥

**અર્થ**—આંતરા વગર હજારો દુઃખના આકરા ભારથી દબાઈ ગયેલો અને કરુણા ઉપજાવે તેવો અને વિષયસુખની તરસવાળો એવો જીવ હોય છે. એના સંબંધના કષાયોને હવે જણાવવામાં આવે છે. (૨૨).

**વિવેચન**—આ ચાર શ્લોક સાથે વાંચવા યોગ્ય છે. રાગદ્વેષથી હેરાન થયેલો અને મિથ્યાત્વે જેની દૃષ્ટિ કલુષિત કરેલ છે એવો આ દુઃખી આત્મા, કાર્યાકાર્યના વિવેક વગરનો અને આ સર્વ ક્લેશનું કારણ શું છે, તે નહિ સમજનારા મૂઢ માણસની માફક, આ સંસારમાં જન્મ-મરણના ફેરામાં ફર્યા કરે છે. તેની હીનતા તરફ નજર કરીએ તો

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ ભારે દયાને પાત્ર છે. અને કેટલીક વાર નિકાચિત બંધન બાંધતો અને જ્યાં ત્યાં ગમે તે ગતિમાં ભમી ભમીને થાકી ગયેલો આ ચેતન દયા ઉપજાવે તેવી સ્થિતિમાં હોય છે. એમાં એની સ્થિતિ પર વૈરાગ્ય લાવવા આ ગાથામાં વધારો કરે છે. એણે નરકગતિમાં હજારો દુઃખો સહન કર્યાં છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં કહે છે કે—

**न सा जाई, न सा जोणी, न तं ठाणं न तं कुलं।**
**न जाया, न मुआ जत्थ सव्वे जीवाऽणंतसो ॥**

(એવી કોઈ જાતિ નથી, એવી કોઈ યોનિ નથી, એ યોનિમાં એવું કોઈ સ્થાન નથી અને એવું કોઈ કુલ નથી, જ્યાં પ્રત્યેક પ્રાણી અનંત વાર જન્મમરણ ન પામ્યો હોય.) મતલબ, આ જીવ સામાન્ય રીતે બધી ગતિમાં જઈ આવ્યો છે અને એક કરતાં વધારે વાર પણ ગયો છે. આવી રખડપટ્ટીના ભારથી એ હેરાન હેરાન થઈ ગયો છે, કારણ કે દરેક ગતિમાં તે અનેક દુઃખ પામ્યો છે અને જેમ બળદ ઉપર ભાર લાદવામાં આવે તો તેના ભારથી તે હેરાન થઈ જાય છે, તેમ આકરા જન્મ-મરણનાં દુઃખોથી આ જીવ હેરાન-પરેશાન થઈ ગયો છે. પ્રાણી આવાં અનેક દુઃખથી ભરેલો છે, તેથી તેના ઉપર કરુણા-દયા ઉત્પન્ન થાય તે સ્વાભાવિક છે. એવો આ જીવ છે. એના તરફ નજર કરતાં, એનો ઇતિહાસ વિચારતાં, એ સર્વ સ્થાનકે અનંત વાર જઈ આવ્યો હોઈ એ કરુણાપાત્ર છે. અને વિષયસુખની એની તરસ જોઈએ તો એ કદી છિપાતી જ નથી. એટલે એની તરફ વધારે કરુણા ઉત્પન્ન થાય છે. પણ એ તો પૌદ્ગલિક વિષયો અને ઇંદ્રિયના સુખની પછવાડે દોટ મૂકીને વગર સમજ્યે મૂઢ માનસવાળો થઈ દોડ્યા જ કરે છે; એની વિષયસુખની લાલસા કદી તૃપ્ત થતી નથી, અને એ દોટ મૂકીને દોડ્યા કરે છે. એમાં વસ્તુતઃ સુખ ન હોવાથી એ નકામો અટવાયા કરે છે અને સાચું સુખ–આત્મિક સુખ–તેનામાં છે, તેની પાસે છે, તેને તે મૂઢ હોઈ જાણતો નથી. અને આવી રીતે હેરાન થયા કરે છે. એની પાંચે ઇંદ્રિયનાં સુખ મેળવવાની તરસ જોઈ હોય તો તે કદી છિપાતી જ નથી અને જન્મમરણમાં જીવ પાણી માટે વલખાં મારે અને સુખ મેળવવા ઇચ્છા કરે, પણ ત્યાં એની તરસ કદી છિપાતી નથી, કારણ કે જેને તે પાણી ધારે છે, તે ઝાંઝવાનાં ખોટાં જળ છે, તેમ વિષયમાંથી હવે શાંતિ મળશે, એવી ઇચ્છાથી એ વિષયો તરફ દોડે છે, પણ એનું એમાં કાંઈ વળતું નથી. જેમ રણમાં મૃગજળ છે, જળ હોય જ નહિ, તેમ ઇંદ્રિયના વિષયોમાં સુખ હોય જ નહિ, એ મૂર્ખ પ્રાણી જાણતો નથી, અને સુખ અહીંથી મળશે, પણેથી મળશે, ત્યાંથી મળશે, એવી આશામાં દોડ્યા કરે છે.

એટલા માટે કષાય પ્રાણીને કેટલો હેરાન કરે છે, તે વાત જાણવી ઉચિત હોઈ આપણે આવતા પ્રકરણમાં કષાયને બરાબર સમજી લઈએ. કષાય પર સ્વતંત્ર ઉલ્લેખ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવતા પ્રકરણમાં આવશે. તે માટે આ વૈરાગ્યની ભૂમિકા કરી. કષાયનો અત્યંત અગત્યનો વિષય આવતા પ્રકરણમાં આવનાર છે. એ કષાયનો વિષય ઠપકાને પાત્ર છે એવો પણ અર્થ વક્તવ્યનો ના થઈ શકે. (૨૩)

* * *

આ પ્રમાણે અહીં વૈરાગ્ય પ્રકરણ પૂરું થાય છે. એમાં આ સંસારનો કોઈ પણ પદાર્થ રાગ કરવા લાયક નથી, પછી તે ગમે તેવો દેખાવમાં સારો લાગતો હોય પણ તે પૌદ્ગલિક હોઈ અંતે નાશ પામવાનો છે, અને આપણી પ્રીતિને તે પાત્ર નથી. આપણે વૈરાગ્યની વાત પાતંજલની નજરે વિચારીએ. તેઓ કહે છે કે, दृष्टानुश्रविकविषयवितृष्णस्य वशीकारसंज्ञा वैराग्यम् – પ્રથમ અધ્યાયના પંદરમા સૂત્રમાં તૃષ્ણારહિત માણસના વૈરાગ્યની આ પ્રમાણે વ્યાખ્યા આપી છે. તેટલા ઉપરથી દીઠેલ અને સાંભળેલ સર્વ બાબતો ઉપર વશીકાર સંજ્ઞા થાય, તે તૃષ્ણારહિત માણસમાં વૈરાગ્ય કહેવાય છે. દેખેલ વિષય, તે આપણી નજરની વાત છે અને દેવલોક, સ્વર્ગ, અપવર્ગ એ સાંભળેલ વાત છે. બન્ને દીઠેલ અને સાંભળેલ વાત જેને ન હોય અથવા વશ થયેલી હોય, તે તૃષ્ણારહિત માણસમાં વૈરાગ્ય હોય છે. આવી વ્યાખ્યા ત્યાં વૈરાગ્યની કરવામાં આવી છે, તે ધ્યાન ખેંચનારી છે અને મુદ્દાસરની છે. સર્વ પ્રકારના ઇંદ્રિયભોગો તરફ રાગ કે ઇચ્છા જવી ન જોઈએ. આનું નામ ખરો વૈરાગ્ય છે અને તેવો વૈરાગ્ય પ્રાપ્ત કરવા આપણો પ્રયાસ છે. એમાં કોઈ દંભ નથી. એવા પ્રકારની ચિત્તવૃત્તિ ઉપર જ્યારે નિરોધ આવે, એટલે કોઈ પ્રકારની ઇચ્છા ન થાય, ત્યારે ત્યાં ખરા વૈરાગ્યની જમાવટ થઈ છે એમ સમજવું. રાગથી કષાય ન થાય અને મનમાંથી તૃષ્ણા મરી જાય, ત્યારે પછી મન વશ આવે, તે મન ચિત્તવૃત્તિનો સાચો નિરોધ કરે છે અને તેવા પ્રકારનું મન બનાવવું તે સાચો યોગ છે, એમ યોગની જે વ્યાખ્યા ભગવાન પતંજલિએ કરી છે, તે પરથી સહજ માલૂમ પડે છે.

JAINSITE

આ વૈરાગ્યની બાબતમાં જૈન કવિઓએ પણ ઘણું લખ્યું છે. આખા શાસ્ત્રનો સાર આપતાં શ્રીમદ્ યશોવિજય ઉપાધ્યાય કહે છે કે, 'ઉપશમસાર છે પ્રવચને, સુજસ વચન પ્રમાણો રે,' એટલે ઉપશમ આખા જૈન શાસ્ત્રનો સાર છે. એટલે કષાયો, જેના પર વિવેચન આવતા પ્રકરણમાં થવાનું છે, તે પર વિજય મેળવીને ઉપશમભાવને ખીલવવો એ આખા જૈન શાસનનો સાર છે. સોમપ્રભાચાર્ય 'સિંદૂરપ્રકર'માં વૈરાગ્યને અંગે કહે છે કે, વૈરાગ્ય સઘળાં કર્મોનો ક્ષય કરે છે અને તેને નિર્મૂળ કરી નાખે છે:

**चण्डानिलस्फुरितमब्दघटां दवार्चिर्वृक्षव्रजं तिमिरमण्डलमर्कबिंबम् ।**
**वज्रं महीध्रनिवहं नयते यथान्तम्, वैराग्यमेकमपि कर्म तथा समग्रम् ॥९०॥**

—'પ્રચંડ પવનનું સ્ફુરણ મેઘઘટાનો જેમ સપાટામાં નાશ કરે છે, અથવા દવની આકરી જ્વાળા વૃક્ષસમૂહને નાશ પમાડે છે, અને સૂર્યનું નાનું સરખું બિંબ અંધારાને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉડાડી દે છે, અથવા નાનકડું વજ્ર પર્વતોના સમૂહનો નાશ કરે છે, તેમ એકલો વૈરાગ્ય સર્વ કર્મોનો નાશ કરે છે.''

તે જ ગ્રંથકાર આગળ લખે છે :—

भोगान् कृष्णभुजङ्गभोगविषमान् राज्यं रजःसन्निभं,
बंधून् बंधनिबंधनानि विषयग्रामं विषान्नोपमम् ।
भूतिं भूतिसहोदरां तृणमिव स्त्रैणं विदित्वा त्यजं-
स्तेष्वासक्तिमनाविलो विलभते मुक्तिं विरक्तः पुमान् ॥

—'વૈરાગ્યયુક્ત માણસ મોક્ષને પ્રાપ્ત થાય છે? તો કહે છે કે શબ્દાદિ ભોગોને કૃષ્ણસર્પના દેહસમાન જાણીને અને રાજ્યને ધૂળ સમાન ગણીને તથા બંધુ સ્વજનને બંધનના કારણરૂપ જાણીને તથા ઇંદ્રિયોના વિષયસમૂહને વિષ ભેળવેલા ભોજન (અન્ન) સમાન જાણીને તથા ઋદ્ધિને વિભૂતિની બહેન-ભસ્મ સમાન જાણીને તથા સ્ત્રીસમૂહને તણખલાની માફક ત્યાગીને મુક્તિને પામે છે. તે પુરુષ કેવો છે? આસક્તિનો ત્યાગ કરનાર છે અને તે પ્રાણી રાગ-દ્વેષથી અનાકુળ છે.' આમ સોમપ્રભાચાર્ય કહે છે તે સમજવું.

આવી રીતે જૈન શાસ્ત્રકારોએ વૈરાગ્યને અંતે અનેક સ્થાને રાગદ્વેષનો ત્યાગ કરવાની વાત કરી છે, તેમ સમજીને આ ૧૭-૨૩ આઠ શ્લોકમાં જે હકીકત કહી છે તે બરાબર સમજવી. એને માટે ભર્તૃહરિ કહે છે કે, આ દુનિયાની સર્વ વસ્તુ ભયથી ભરેલી છે, પણ वैराग्यमेवाभयम् એટલે માત્ર વૈરાગ્ય જ અભય—ભય વગરનો છે. તમે જ્યાં જાઓ અને જે વસ્તુને જોશો, અરે, ખુદ મનુષ્યપણું કે કોઈ સારી પૌદ્‌ગલિક ચીજ જોશો, તો તેને પિતાને પુત્રનો અને સ્ત્રીને પતિનો એમ દુન્યવી સર્વ મનુષ્યો કે વસ્તુઓને—કુદરતી કે કૃત્રિમ ભય લાગેલો છે, પણ વૈરાગ્યને કોઈનો ભય નથી અને તેના પર તે જાતિઅનુભવથી ભાર મૂકે છે અને સાથે 'નિશ્ચયાત્મક' 'જ' (एव)નો ઉચ્ચાર છે—વૈરાગ્ય જ માત્ર ભય વગરનો છે એમ કહે છે.

અને તમે વાસ્તવિક જોશો તો રાગ કે દ્વેષ કોઈ પ્રાણી ઉપર થાય, તેમાં આખરી પૃથક્કરણમાં સ્વાર્થ જ દેખાશે; ઘરડા માણસમાં કોઈને સ્વાર્થ નહિ હોવાથી 'આ ડોસો તો ખાટલો કે તેની પાંગત મૂકતો જ નથી,' 'મરે નહિ ને માંચડો મેલે નહિ,' આવી આવી કહેવતો ઘડપણને અકારું બનાવે છે, અને તે બતાવે છે કે સ્નેહ કે દ્વેષ સ્વાર્થમય છે. આ વાત પૂર્ણ પૃથક્કરણ કરીને ગ્રંથકર્તાએ નક્કી કરી છે અને આપણો અનુભવ તેની સાક્ષી પૂરે છે. અને તમે રાગ અને દ્વેષનું બરાબર અવલોકન કરશો, તો તેની પાછળ પણ સ્વાર્થનો ભાવ જણાશે. તમે જોશો કે, જુવાન દીકરો અરળાઉ હોય અથવા ગાંડો કે રોગી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય, તો માબાપ, જે સ્વાર્થ વગરનો પ્રેમ રાખનારા ગણાય છે, તેમનો પુત્ર ઉપર સ્નેહ હોતો નથી અને ઘડપણમાં સ્ત્રીનો પ્રેમ ઓછો થતાં થતાં અંતે ક્ષય પામી જાય છે. વૈરાગ્યમાં આવા પ્રકારનો સ્વાર્થ ન હોવાથી એને નિશ્ચયપૂર્વક અભય કહેવામાં આવ્યું છે. તે અનુભવ કરવા જેવું છે. આ વાત તો સ્વાર્થના સંઘટ્ટ વખતે પણ દેખાય છે અને તેવે પ્રસંગે સગો ભાઈ કે સગી બહેન પણ ઊભાં રહેતાં નથી. તે ઉપરાંત આપણે સમજવું ઘટે કે, સ્વાર્થ, સ્નેહ એ સર્વ થોડા દિનના મહેમાન છે. અંતે જ્યારે મરણ નક્કી છે અને ઘરબાર, પુત્ર–સ્ત્રી–કોઈ આપણું નથી, 'આવ્યા ત્યારે બંધ હાથે હતા, જઈશું ત્યારે ઉઘાડે હાથે જઈશું' એવી સ્થિતિ હોવાને કારણે કામ કાઢી લીધા જેવો આ મનુષ્યાવતાર છે અને પોતાનું કામ કાઢવા માટે વૈરાગ્ય ઉત્પન્ન થાય તેવા પ્રસંગો હાથ ધરવા અથવા તેવાના દાખલા લેવા સમુચિત છે.

આપણે કાળા બજારના વેપારો જોયા અને તે કરનાર તરફ ઘૃણા બતાવી; તો હવે આપણે આપણું કામ કાઢી લેવા પૂરતી સંસાર ઉપર નજર નાખીએ અને કામ કરીએ, તો આ મનુષ્યત્વની જિંદગાની સફળ થાય, નહિ તો, અનંતા ભવ કર્યા, તેમાં આ ભવનો એકનો વધારો થાય અને આપણે ખાલી સંસારને ભૂલી જઈએ. રાગદ્વેષનો ત્યાગ કરવા માટે વૈરાગ્યના પ્રસંગો તો જીવનમાં ઘણાને ઘણા આવે છે, પણ તે ઉપર ધ્યાન રહેવું જોઈએ. એ પ્રસંગો નોંધવા જોઈએ અને બને તેટલો તેમાંથી વૈરાગ્ય તારવવો જોઈએ. બાકી દરેક માણસ પોતાનું જીવન તપાસશે, તો તેને બહુ વૈરાગ્યના પ્રસંગો યાદ આવશે. કેટલી વાર પાછા પડયા અને પોતાના કયા કયા મિત્રો, જેની સાથે રમ્યા–હસ્યા હોઈશું તે ગયા, તે એક જ વાત વૈરાગ્ય માટે પૂરતી છે. પણ વાત એમ છે કે પ્રાણી આવી બાબતમાં ઘણી યાદશક્તિ ધરાવતો નથી અને ગયા તેને જવા દઈ પોતે કરતો હોય તે કરે છે. આ પ્રાણી કાર્ય–અકાર્યને જાણતો નથી અને મનની વિશુદ્ધિ કરવી જોઈએ તેનાથી અજાણ્યો રહે છે અને મૂરખ માણસ જેવા ચેનચાળા કરે છે, તેથી હેરાન–પરેશાન થાય છે.

વાસ્તવિક રીતે માણસ જેના ઉપર રાગ કે દ્વેષ કરે છે તેમાં રાગ કે દ્વેષ કરવા લાયક કંઈ નથી. એ થોડા અહીં બેસી રહેનાર છે? અને વસ્તુઓ પણ કાળક્રમે સડન, પડન કે વિધ્વંસણને પામી, ન ગમે તેવી થઈ જાય છે. અને દ્વેષ તો ડાહ્યો માણસ કરે જ નહિ, કારણ કે એ તો એક પ્રકારનો વલવલાટ કે ઉશ્કેરાટ છે અને સમજુ માણસ કદી ઉશ્કેરાય નહિ તેમ લેવાઈ જાય નહિ, તેમ બીજાને લે નહિ. એટલે એકંદરે રાગ કે દ્વેષ કરવા લાયક નથી. તમે જોશો તો જણાશે કે, વીતરાગને તેટલા માટે વીતરાગ કહ્યા છે. એની નજરે સર્વ જીવ સરખા છે, એને કોઈ મારો અને પારકો નથી. અને વીતરાગ હોય તે સાથે જ વીતદ્વેષ પણ હોય છે. એટલે વીતરાગત્વમાં રાગ–દ્વેષનો નિષેધ જ સમજવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તમે જૈન ધર્મનો કોઈ પણ ગ્રંથ વાંચો, તો તેમાં વૈરાગ્યની વાતો આવશે. તમારે તે ધ્યાનપૂર્વક વાંચવી અને સમજવું કે, આપણે પોતે પણ અહીં બેસી રહેનાર નથી અને પરભવમાં ઢોલિયા ઢાળી રાખ્યા નથી. એટલે જે આવે તે સહન કરવું અને વસ્તુ વસ્તુગતે પોતાના ધર્મ તરફ ખેંચાય છે. અને સ્ત્રી, પુત્ર કે માતા-પિતા કે મિત્રો કે સંબંધીઓ કોઈ આપણાં નથી. આ જીવ એકલો આવ્યો છે અને એકલો જવાનો છે અને ઋદ્ધિ–સિદ્ધિ સર્વ અહીંનું અહીં રહી જનાર છે. એમાં જે સારાં કે ખરાબ કામ કર્યાં, તે જ માત્ર સાથે આવે છે. અને આ જીવનની ફત્તેહનો આધાર તો તેમાં સાધેલી મોક્ષસન્મુખતામાં જ છે. એટલે આપણે સમજણપૂર્વક મોક્ષ નજીક ગયા તો ફેરો સફળ છે અને બીજું સર્વ ફાંફાં છે.

વૈરાગ્ય સમજવા માટે જૈનનો કોઈ પણ ગ્રંથ વાંચવો અથવા તેનાં ભાષાંતર વાંચવાં. વૈરાગ્ય કરવા માટે કોઈ પણ ધર્મગ્રંથ અનુકરણીય છે. 'યોગવાસિષ્ઠ' અથવા ભર્તૃહરિનું 'વૈરાગ્યશતક' કે જૈનનું 'વૈરાગ્યશતક' વૈરાગ્યની ભાવનાને ખાસ પોષે છે. એટલે જીવન સફળ કરવા માટે વૈરાગ્યગ્રંથો વાંચવા અને વૈરાગ્યની વાસનાનો નિરંતર અભ્યાસ રાખવો. એ વાત ચીવટથી વળગી રહેવા લાયક છે અને જીવનની ફત્તેહમાં બરાબર મદદ કરનારી છે, માટે વાંચવાનો અભ્યાસ રાખવો અને વાંચીને પચાવવું અને તેને જીવી જવું. નકામી કુવાર્તા કે કુકથા ન કરવી અને વૈરાગ્યભાવને જમાવવો. તે માટે આત્માવલોકન અને જગદવલોકન, ઉઘાડી આંખ રાખીને, કરવું અને જીવનની અસ્થિરતા વિચારવી.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

॥ इति वैराग्यप्रकरण ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ ૩ જું : કષાયો અને વિષયો

કષાય એ કર્મબંધનનો પાંચ પૈકી એક હેતુ છે, એટલે વૈરાગ્ય માટે એમને બરાબર સમજવા જોઈએ. કારણ કે તે [કષાયો] કર્મબંધનના આંતરિક હેતુઓ છે. અને જેમ એક કપડાને રંગ કેટલો ચઢાવવો તેનો નિર્ણય પ્રાણી કરે છે, તેમ કર્મ કેવું છે, ક્યારે ફળ આપશે, કેવું ફળ આપશે અને કર્મના ઉદય વખતે તે કેવો ભાગ ભજવશે તેનો નિર્ણય કષાય કરનાર હોવાથી મિથ્યાત્વ, અવિરતિ, યોગ અને પ્રમાદ સાથે એને કર્મના બંધનના હેતુનું સ્થાન આપવામાં આવ્યું છે. તે માટે કષાયોને વિગતવાર સમજવાની જરૂર છે અને સમજીને તેમનો ત્યાગ કરવા યોગ્ય છે.

કષાયને સમજવા માટે બાળ જીવોને માટે ઉદયરત્નની ચારે કષાય પરની સજ્ઝાય જાણવા યોગ્ય છે. એમણે સાદી અને વહેવારુ ભાષામાં સમજાય તેટલા માટે સારું વિવેચન કર્યું છે, અને પાંચ પ્રતિક્રમણના પુસ્તકમાં તેને યોગ્ય સ્થાન આપવામાં આવ્યું છે. આપણે કષાયોને તેટલા માટે બરાબર સમજીને તેમનું સ્થાન ક્યાં છે, તે સારી રીતે જાણી લઈએ જેથી કર્મબંધનની intensity, એનું ભારે-હળવાપણું શું થાય છે અને કેમ થાય છે, તે ગ્રાહ્યમાં બરાબર આવી જાય. કર્મથી ડરી જવાની જરૂર નથી, કારણ કે પુરુષાર્થથી કર્મ પર પણ સામ્રાજ્ય મેળવી શકાય છે. અને ઘણાએ તેના પર વિજય પ્રાપ્ત કર્યો છે. એટલે કષાયને સમજવાની બહુ જરૂર છે, આત્માને હિતકારી છે અને અંતે આ સર્વ ઉપાધિનો ત્યાગ કરાવનાર છે. આપણે ગ્રંથકારના વચનને સમજીએ તો, તેમાંથી આત્મ-કલ્યાણ થાય તેમ છે. આપણે તે સમજવા પ્રયત્ન કરશું. પણ તે પહેલાં એ ક્રોધ, માન, માયા અને લોભને બરાબર સમજવા અહીં યત્ન કરીએ, કારણ કે કષાયમાં એ ચારે મનોવિકારનો સમાવેશ થાય છે.

**ક્રોધ**—આ પ્રથમ કષાય છે; એ દ્વેષના ઘરનો હોય છે. જેમ આગ લાગી હોય અને ઘરને બાળે છે અને જળનો જોગ ન થાય તો, પાસેની વસ્તુને પણ બાળે છે, તેમ ક્રોધનું પણ છે. ક્રોધને યશોવિજય અને ઉદયરત્ને કૃશાનુ (અગ્નિ) સાથે સરખાવ્યો છે અને અગ્નિ જેમ ઘરને અને, પાણીનો જોગ ન થતાં, પાસેની ચીજ, ગમે તેવી હોય તેને, બાળી મૂકે છે તેમ ક્રોધ પણ કરે છે. એટલે એની અગ્નિ સાથે સરખામણી, સ્વભાવની બાબતમાં, કરવામાં આવી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**માન**—માનના આ લેખક (ઉમાસ્વાતિ મહારાજ) આઠ વિભાગ પાડશે અને તે દરેક પર દૃષ્ટાંત આપશે. નીચેનું સ્વાધ્યાય [સજ્ઝાય] વાંચવા-વિચારવાલાયક છે. માન પોતે લે અને બહારથી લે અને આ જમાનામાં તો તે Self-respect (સ્વમાન) ના નામથી ઓળખાય છે. એને વર્તી લેવા જોઈએ. આઠ મદનો સ્વાધ્યાય (સજ્ઝાય) કવિશ્રી માનવિજયજીનો છે, તે પ્રથમ સમજી લેવો—

મદ આઠ મહામુનિ વારીએ, જે દુર્ગતિના દાતારો રે;
શ્રી વીર જિણેસર ઉપદીશે, ભાખે સોહમ ગણધારો રે. મદ૦ ૧

હાં જી જાતિનો મદ પહેલો કહ્યો, પૂર્વે હરિકેશીએ કીધો રે;
ચંડાળતણે કૂળ ઉપન્યો, તપથી સવી કારજ સીધ્યો રે. મદ૦ ૨

હાં જી કુળમદ બીજો દાખીઓ, મરિચી ભવે કીધો પ્રાણી રે;
કોડાકોડી સાગર ભવમાં ભમ્યો, મદ મ કરો કોઈ ઇમ મન જાણી રે. મદ૦ ૩

હાં જી બળમદથી દુઃખ પામીઆ, શ્રેણિક વસુભૂતિ જીવો રે;
ભોગવ્યાં દુઃખ નરકતણાં, મુખ પાડતા નિત રાડો રે. મદ૦ ૪

હાં જી સનત્કુમાર નરેસરુ, સુર આગળ રૂપ વખાણ્યું રે;
રોમ રોમ કાયા બગડી ગઈ, મદ ચોથાનું એ ટાણું રે. મદ૦ ૫

હાં જી મુનિવર સંયમ પાળતાં, તપનો મદ મનમાં આયો રે;
થયા કુરગડુ રૂષિરાજીઆ, પામ્યા તપનો અંતરાયો રે. મદ૦ ૬

હાં જી દેશ દશારણનો ધણી, રાય દશાર્ણભદ્ર અભિમાની રે;
ઇંદ્રની બુદ્ધિ દેખી બુઝિયો, સંસાર તજી થયો જ્ઞાની રે. મદ૦ ૭

હાં જી સ્થૂલિભદ્રે વિદ્યાનો કર્યો, મદ સાતમો જે દુઃખદાઈ રે;
શ્રુતપૂરણ અર્થ ન પામીઆ, જુઓ માનતણી અધિકાઈ રે. મદ૦ ૮

રાય સુભૂમ ષટ્ખંડનો ધણી, લોભનો મદ કીધો અપાર રે;
હય ગય રથ સબ સાગર ગળ્યું, ગયો સાતમી નરક મોઝાર રે. મદ૦ ૯

ઇમ તન, ધન, જોબન, રાજ્યનો, મ ધરો મનમાં અહંકારો રે;
એ અસ્થિર અસત્ય સવી કારમું, વિલસે ક્ષણમાં બહુ વારો રે. મદ૦ ૧૦

મદ આઠ નિવારો વ્રત ધરી, પાળો સંયમ સુખકારી રે;
કહે **માનવિજય** તે પામશે, અવિચળ પદવી નરનારી રે. મદ૦ ૧૧

આ સ્વાધ્યાય અહીં જરા લાંબો થયો છે, પણ આખા સજ્ઝાયને હેતુસર દાખલ કરેલ છે. એના દાખલા આઠે મદના વિચારવા યોગ્ય છે. યથાસ્થાન તેનું નિરૂપણ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉદયરત્ન કહે છે કે, માનથી વિનય ન આવે, વિનય વગર વિદ્યા ન ચઢે, વિદ્યા વગર સમકિત–શ્રદ્ધા ન આવે, સમ્યક્ત્વ વગર ચારિત્ર ન આવે અને ચારિત્ર વગર મોક્ષ થાય નહિ. એટલે માન દરેકે નિવારવા યોગ્ય છે. આપણે એ સર્વ માનને યથાસ્થાને વિચારીશું. માનસંબંધમાં દુર્યોધનનું દૃષ્ટાંત વિચારવા યોગ્ય છે. રાવણ માનમાં સર્વસ્વ હારી ગયો એ જાણીતી વાત છે. હું રાવણ—આવું અભિમાની વચન બોલનારનાં માન પણ અંતે રહ્યાં નહિ; અને રામલક્ષ્મણને હાથે એ ભારે હાર પામ્યો, એનો ઇતિહાસ જાણીતો છે. એ રાગથી અને પોતાના વખાણની ટેવથી ઉત્પન્ન થાય છે.

**માયા**—એ ત્રીજો કષાય છે. એમાં અને કપટ અથવા દંભમાં ફેર નથી. એ પણ રાગજન્ય કષાય છે. ગરજ હોય ત્યારે તેનો પોતાનો થઈ જાય, પણ મનમાં આંતરો રાખે અને પ્રેમ કરીને તેને દગો દે, એ માયાનું મુખ્ય લક્ષણ છે, તે આપણે આગળ જોશું. મોઢે 'જી જી' કરે અને હૃદયમાં કિન્નો રાખે, એ એનું મુખ્ય લક્ષણ છે. આવા માયાવી માણસથી ચેતવાની બહુ જરૂર છે.

**લોભ**—એ છેલ્લો અથવા ચોથો કષાય છે. એ એક ગુણનો નાશ નથી કરતો, પણ સર્વ ગુણનો નાશ કરે છે. લોભથી પ્રાણી કાળા બજાર કરે છે, અને જાણે ધનમાં જ બધું આવી રહ્યું છે, તેમ માને છે. લોભી માણસ સગપણ કે સ્નેહ જોતો નથી અને સગા ભાઈ કે બહેનને મીઠું મીઠું બોલી ભોળવે છે. ઉપર સુભૂમ ચક્રવર્તીનું દૃષ્ટાંત આપ્યું છે તે લોભ નામના મનોવિકારને લાગુ પડશે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

એમ ક્રોધ, માન, માયા અને લોભ એ ચારે મનોવિકારો અત્યંત હાનિ કરનારા છે, તે હવે જે પ્રકરણ શરૂ થાય છે, તેમાંથી જણાશે. વાત એવી છે કે કર્મની ગાઢતા એ કષાયબંધનના પર આધાર રાખે છે એટલે કષાય એ ખરેખર, સંસારમાં બહુ રખડાવનાર અને સંસારને વધારી મૂકનાર છે. એમને બરાબર ઓળખવા. લોભને આકાશ સાથે સરખાવેલ છે. આકાશનો છેડો આવે, તો લોભનો છેડો આવે. અને લોભના ત્યાગીને વંદન કરવાની જે વાત ઉદયરત્ને કરી છે તે ઉચિત છે. ઘણી વખતે બીજા કષાયોનો ત્યાગ જરાક હળવા મનોવિકાર હોવાથી સહેલાઈથી થઈ શકે છે, પણ લોભનો ત્યાગ કરવો વધારે મુશ્કેલ છે. એ ચારે કષાયનું સ્વરૂપ જુદી જુદી રીતે સમજવા જેવું છે અને સમજીને ત્યાગવા યોગ્ય છે. જે કષાય ત્યાગે અથવા તેના પર વિજય મેળવે, તેનો સંસાર ઘણો ઓછો રહે છે. માટે આપણે કષાયને સમજીએ. તે કષાયો પર વિજય મેળવવા માટે આ આખું પ્રકરણ લખવામાં આવ્યું છે.

એટલો જ મહત્ત્વનો વિષય પાંચ ઇંદ્રિયના વિષયો છે. તે પણ કષાયની પેઠે પ્રાણીને સંસારમાં ખૂબ રખડાવે છે. તે વિષયો કોણ કોણ છે, કેવા છે, તેનું પણ આ પ્રકરણમાં ઓળખાણ કરવામાં આવશે. રાગ અને દ્વેષે કરેલા આ વિષયો અને કષાયોને ઓળખ્યા,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એટલે કર્મ-બંધનમાં—ખાસ કરીને રસબંધનને અંગે–ઘણો ફેર પડી જાય તેમ છે. આપણે એમને ઓળખવા બનતો પ્રયત્ન કરીએ.

**કષાયોની ઓળખાણ—**

**स क्रोधमानमायालोभैरतिदुर्जयैः परामृष्टः ।**
**प्राप्नोति याननर्थान् कस्तानुद्देष्टुमपि शक्तः ? ॥२४॥**

**અર્થ**—તે ક્રોધ, માન, માયા અને લોભથી લેવાઈ ગયેલો જીવ જે અનર્થોને પ્રાપ્ત કરે છે, તેનું કથન કરવાને પણ કોણ સમર્થ હોય છે? અથવા કોણ સમર્થ થાય છે? (૨૪)

**વિવેચન**—આવા પ્રકારના ક્રોધ, માન, માયા અને લોભના સંબંધમાં જે પ્રાણી આવે છે, તેનું વર્ણન કરવું મુશ્કેલ છે. તમારે તે માટે જોવું હોય તો 'ઉપમિતિભવ-પ્રપંચા કથા' વાંચવી. તેમાં આ ચારે કષાય માટે એક એક પ્રસ્તાવ રચાયો છે. ત્રીજા પ્રસ્તાવમાં ક્રોધનો વિસ્તાર છે; ચોથા પ્રસ્તાવમાં માનનો વિસ્તાર છે; પાંચમા પ્રસ્તાવમાં માયાનો વિસ્તાર છે અને છઠ્ઠા પ્રસ્તાવમાં લોભનો વિસ્તાર છે. એમણે અનર્થપરંપરા કેટલી કરી છે, તે વર્ણવવાની જરૂર જ નથી; પૂર્વ કવિઓએ તે વર્ણવી છે, અને એક-બે નહિ, પણ સેંકડો અનર્થો આ ક્રોધ, માન, માયાથી થાય છે, એની અનર્થ-પરંપરા જાણવી હોય તો મહાસમર્થ સિદ્ધર્ષિ જેવા કવિઓ જોઈએ. એકાદ અનર્થ હોય તો તો જાણે સમજ્યા, પણ અનર્થની પરંપરા હોય તેને વર્ણવવાને કોણ શક્તિમાન થાય? છતાં એવા દાખલા તરીકે એક એક કે વધારે અનર્થો આ ગ્રંથમાં બતાવશે.

એટલે ક્રોધ, માન, માયા અથવા લોભ અથવા એ ચારે અતિ દુર્જય છે, એનો વિજય કરવો ઘણો મુશ્કેલ છે અને એનાથી જે પ્રાણી લેવાઈ જાય છે તે અનર્થ-પરંપરાને હારબંધ વહોરી લે છે. એ અનર્થની હારમાળા જાણવી હોય તો, અમે તે કામ માટે અશક્ત છીએ, પણ એકાદ દાખલો આપી તે અત્યંત દુર્જય છે એમ જણાવીએ છીએ. એક એક અનર્થો, જે હવે ગણાવવામાં આવશે, તે પણ એટલા આકરા અને ભયંકર છે કે, સમજુ માણસ કષાયને દુર્જય જ ગણે અને તેને વશ ન પડવાની ભલામણ કરે. આવા આ આકરા કષાયો છે. તેની સામે પડીને તે પર વિજય મેળવવો ભારે આકરો છે. આ એ વાત લક્ષમાં રાખી આપણે કષાયને અનર્થ-પરંપરા લાવનાર તરીકે ઓળખીએ અને એના સંબંધમાં જ ન આવવા નિશ્ચય કરીએ. બાકી કષાયની વચ્ચે રહી તે પર વિજય મેળવનાર ધન્ય છે. પણ તમે આવતા શ્લોકમાં વાંચશો, તે અનર્થો પણ આકરા છે, ભયંકર છે, એટલે કષાયને અહીં અતિ દુર્જય ગણવામાં આવ્યા છે. તમે તેના સંબંધમાં જ ન આવો તે સારી વાત છે; અથવા કષાય આકરા છે એટલું સમજી તેનાથી દૂર હટી જાઓ એવી ચેતવણી રૂપે અત્ર કષાયોને વર્ણવવામાં આવ્યા છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનર્થ એટલે અનિષ્ટ, આપણને ન ગમે તેવું. આપણે બીજાને પણ ન ઇચ્છીએ તેને — અર્થ વગરનાને — અનર્થો કહેવાય. (૨૪)

**પ્રત્યેક કષાયથી થતા અનર્થોની રૂપરેખા—**

**क्रोधात् प्रीतिविनाशं मानाद्विनयोपघातमाप्नोति ।**
**शाठ्यात् प्रत्ययहानिं, सर्वगुणविनाशनं लोभात् ॥२५॥**

**અર્થ**—ક્રોધથી પ્રીતિનો નાશ થાય, માનથી વિનય ગુણનો નાશ થાય, માયાથી વિશ્વાસનો નાશ થાય અને લોભથી સર્વ ગુણોની ઉપર હડતાલ પડે છે. (૨૫)

**વિવરણ**—આ ચારે પૈકી પ્રત્યેક કષાયથી સુધરી ન શકે તેવું નુકસાન થાય છે. માટે એ કષાયો કરવા જેવા કે અનુસરવા જેવા નથી. તે પ્રત્યેક કષાયથી કેટલી હાનિ થાય છે તે વિચારીએ—

ક્રોધથી પ્રીતિનો નાશ થાય છે. પ્રીતિનો અર્થ કોશકાર આનંદ, હર્ષ અથવા સંતોષ આપે છે. અત્યારની ભાષામાં જેને પ્રેમ અથવા love, affection કહે છે, તેની ગેરહાજરી કરી નાખે છે. એટલે ક્રોધી સ્વભાવના પુરુષના સંબંધમાં કોઈ વહાલી સ્ત્રી તેના પર પ્રેમ કરતી નથી કે ભાઈઓ ભાઈઓમાં અથડામણ ઊભી થાય છે. ક્રોધથી આવડું બધું નુકસાન થાય છે. ક્રોધીની પડખે કોઈ ચડતો નથી. એવા ક્રોધી ધમધમતા માણસને ઓળે પણ અંતે કોઈ ઊતરતો નથી. એવા માણસનું કોઈ સગું થતું નથી. એને બધા દૂરથી નમસ્કાર કરે છે અને એવો માણસ દૂરનો દૂર રહે એમ ઇચ્છે છે. એ પાસે આવે તો સારો નહિ, એટલે ક્રોધી માણસની નજીક કોઈ આવતું નથી અને તેનું કોઈ સારું બોલતું નથી. એને તો ન જ દીઠા હોય તો સારા, એમ ક્રોધી માણસને માટે સર્વ ધારે છે.

માનથી વિનય-નમ્રતા ગુણનો નાશ થાય છે. અભિમાની માણસો પોતાના આઠમાંથી કોઈ પણ બાબતનો મદ કરે છે. (એ આઠે જાત પર હવે પછી વર્ણન આવશે) જ્યાં અભિમાન હોય ત્યાં પ્રાણી વિનયગુણને હાનિ કરે છે અને વિનય તો ધર્મનું મૂળ હોવાથી ધર્મનો નાશ કરે છે. વિનયી માણસને શરમાળપણું કે નમ્રતા વધારે હોય છે. એ ગુણનો માન નામનો કષાય ઘાત કરે છે. અભિમાની માણસને પોતાની જ વાત યાદ આવ્યા કરે છે, એટલે એ બીજાના સંબંધની વાત કરતો નથી અને પોતામાં ગુણ હોય કે પોતાનું કુળ કે જાતિ સારી હોઈ તેની વાત કર્યા કરે છે. અમારા બાપદાદા આવા, તેમણે કેટલાં દેશતેડાં કર્યાં, કેટલા માણસોને જમાડ્યા અને પોતે તો અદ્‌ભુત જ્ઞાની કે બહાદૂર લડવૈયો છે, એવી એવી ડીંગ મારે કે સાચી વાત કરે; તેને બીજા માટે કાંઈ લાગતું નથી. પોતે પોતાની વાત કરવી, એ અશિષ્ટ છે; સારા માણસોને તે ગમતું નથી અને વિનયગુણ આખો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઊડી જાય છે. એટલે આવા માણસ પાસે કોઈ મોટો નથી, અને કોઈની વાત કરવાની તેને ફુરસદ પણ હોતી નથી; એ તો પોતાની વાતમાં નિર્ભર રહી પોતાનું જ હાંકયે રાખે છે અને પોતા માટે જ જાણે આખી દુનિયા હોય એવો વર્તાવ નાના-મોટા પાસે કરે છે.

માયાથી લોકોનો વિશ્વાસ ઊડી જાય છે. એના સંબંધમાં એવી ચેતવણી મળે કે, એ કાળાબજારિયો છે, સગી બહેનને પણ છોડે તેવો નથી, આવી જેની આબરૂ થાય, તેના ઉપર કોઈનો વિશ્વાસ રહેતો નથી. આવી રીતે લોકોનો વિશ્વાસ જાય તો પછી આ જીવનમાં જીવવા જેવું કાંઈ ભાગ્યે જ રહે છે. લોકો તો એવા પ્રાણીનો વિશ્વાસ ન કરે, એની આબરૂ જાય. આ માયાથી થતો અનર્થ બતાવ્યો.

અને લોભ નામનો દુર્ગુણ તો સર્વ ગુણોનો ઘાત કરે છે. બીજા કષાયો તો એક એક દુર્ગુણ લાવે, પણ આ લોભ તો સર્વ ગુણોનો નાશ કરે. દશ યતિધર્મ, ક્ષમા, આર્દવ, માર્જવ વગેરે આગળ આવનાર છે, તે અથવા શ્રાવકના બત્રીશ ગુણ એ લોભથી નાશ પામે છે; કારણ કે લોભિયો બહુધા ધનેચ્છુ હોય છે; એને ગુણની બહુ પડેલી હોતી નથી. એ તો વહેવાર માત્ર ધનની આરાધના માટે કરે છે. આવી રીતે બીજા કષાયો કરતાં લોભ આકરો કષાય છે, કારણ કે બીજા કષાયો એક એક ગુણની હાનિ કરે છે, પણ લોભ તો બધા કષાયોને રહેવા દઈ સર્વ ગુણની હાનિ કરે છે. એટલું કહેવું જ પૂરતું છે. (૨૫)

JAINSITE .com જૈન સાહિત્ય જયતિ શાસનમ્

### વ્યક્તિગત ક્રોધ(કષાય)થી અનર્થપરંપરા—

क्रोधः परितापकरः सर्वस्योद्वेगकारकः क्रोधः ।
वैरानुषङ्गजनकः क्रोधः क्रोधः सुगतिहन्ता ॥२६॥

**અર્થ**—ક્રોધ મનની અવ્યવસ્થાને કરનાર છે, સર્વને ઉદ્વેગ કરનાર છે, વેરને વધારનાર છે અને ક્રોધ સારી ગતિને હણનાર છે. (૨૬)

**વિવેચન**—ઉપરની ગાથામાં ચારે કષાયો કેવી અનર્થપરંપરા કરે છે, તે બતાવે છે. તેમાં આપણે પ્રથમ ક્રોધને ઓળખી લઈએ.

ક્રોધ તો ચોતરફ અવ્યવસ્થાને કરનાર છે. તમે કોઈ ક્રોધી માણસના પરિચયમાં આવ્યા હો તો તે ચોતરફ વ્યવસ્થા કરવાને બદલે અવ્યવસ્થા કેટલી ફેલાવે છે, તે જણાય. ક્રોધને પરિણામે એનું મગજ જ કામ કરતું નથી. એવા ક્રોધને કયો ડાહ્યો માણસ કરે? અપિતુ ન જ કરે. અનર્થપરંપરામાંની આ પહેલી વસ્તુ છે. હવે બીજી જાણો: ક્રોધ સર્વને ઉદ્વેગ કરાવે છે. ઉદ્વેગ એ ભયનું બીજું નામ છે; પ્રાણી ગમે તે કામ કરે, તેમાં સ્થિરતા હોવી જોઈએ અને ઉદ્વેગી માણસ કદી સ્થિર ચિત્તે, વગર ભયે કામ કરી શકતો નથી. સર્વ પ્રાણીને સર્વ ગતિમાં મહા ધમાલ અને ભય કરાવનાર ક્રોધ આ રીતે પ્રાણીને એક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્થાનકે બેસવા દેતો નથી. અને બધાંનાં મન ઊંચા-નીચાં કરાવી તેને હેરાન હેરાન કરી મૂકે છે, અને સર્વને ઉદ્વેગ કરાવે છે. ક્રોધ થાય ત્યારે માણસ લાલચોળ થઈ જાય છે. અને લાલચોળ-ઊંચાનીચા થઈ જવું એ અંતઃકરણના સાચા ક્રોધની નિશાની છે. એ પોતે સ્થિર રહેતો નથી અને બીજાને સ્થિર રહેવા દેતો નથી, અને પોતાના વાતાવરણમાં પણ અસ્થિરતા કરે છે. અને પોતે અસ્થિર હોઈ બીજાને અવ્યવસ્થામય કરી દે છે. અને ચોતરફ અવ્યવસ્થા કરે છે.

વળી ક્રોધ, વેર અને તેને મળતા પદાર્થોને જન્મ આપે છે. એટલે ક્રોધી માણસ પોતે ક્રોધ કરે છે, તેના પ્રત્યુત્તરમાં સામેથી વેર વધારે છે. વેરનો બદલો વેરમાં જ તેને મળી રહે છે, એટલે વેર સાથે લાગેલા સર્વ પદાર્થો તેને મળે છે. અને છેવટે અનર્થ-પરંપરા બતાવતાં કહે છે કે, ક્રોધ સારી ગતિનો હણનાર નીવડે છે અને ક્રોધી માણસ મરીને સારી ગતિને પામતો નથી. તમે સુભૂમનું ચરિત્ર વાંચ્યું હશે, પરશુરામનું ચરિત્ર જાણ્યું હશે. તેઓ ક્રોધી હતા. તેઓ મરીને કેવા નરકદુઃખ પામ્યા! એટલે આ ભવમાં પરિતાપ અને ઉદ્વેગ કરાવનાર ક્રોધ પરભવમાં પણ સારી ગતિને હણી નાખનાર છે; આવું જાણી આ ભવ અને પરભવમાં અનેક રીતે અગવડ કરનાર, વ્યવસ્થાનો નાશ કરનાર, સારી ગતિને હણનાર ક્રોધ કરવા યોગ્ય નથી. એ દ્વેષજન્ય પહેલો કષાય છે, અને શાસ્ત્રકારે તેનાં વખાણ (!) એટલા માટે ચેતવણીરૂપે કર્યાં છે. તમે એને બરાબર ઓળખી લો, કારણ કે એ તમને સારી ગતિમાં પણ જવા દે તેમ નથી. તમે 'ઉપમિતિભવપ્રપંચા-કથા'માં નંદીવર્ધનનું ચરિત્ર વાંચ્યું હશે. એક ગામ કેટલા માઈલ દૂર છે, તેના જવાબમાં એ ક્રોધીએ વેર, અવ્યવસ્થા વધારી દીધી અને ખૂન-કાપાકૂપી કરી મૂકી. આવો ક્રોધ છે. તેને પોતાનો કરી માનવો, એ ભૂલ છે. સિંદૂરપ્રકરકાર કહે છે કે, यः क्रोधः दहति द्रुमं वडवो नीतिं लतां। એમણે પણ ક્રોધનો આદર ન કરવાની અને તેનો ત્યાગ કરવાની બહુ બહુ રીતે સમજણ આપી છે. આવા આખા વનને બાળી મૂકનાર ક્રોધને કયો ડાહ્યો માણસ અવકાશ આપે? તમારે ડાહ્યામાં ખપવું હોય તો ક્રોધનો ત્યાગ કરો અને આવા ધર્મવૃક્ષને બાળી મૂકનાર ક્રોધને બાળી જ મૂકો. ક્રોધનાં ફળ ભોગમાં બહુ આકરાં છે, તે માટે આ ચેતવણીરૂપ વચન અનુભવીનું છે. (૨૬)

**વ્યક્તિગત માન-કષાય : અનર્થપરંપરા—**

**श्रुतशीलविनयसन्दूषणस्य धर्मार्थकामविघ्नस्य ।**
**मानस्य कोऽवकाशं मुहूर्तमपि पण्डितो दद्यात् ॥२७॥**

**અર્થ**—જ્ઞાન, શીલ અને વિનયને દૂષણ આપનાર અને ધર્મ, અર્થ અને કામને વિઘ્ન કરનાર માનને કયો ડાહ્યો માણસ એક મુહૂર્તમાત્ર (બે ઘડીનો સામાયિક કાળ) પણ અવકાશ આપે? (૨૭)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિવેચન**—આ ગાથામાં બીજા કષાયનું દુઃશીલપણું બતાવવામાં આવ્યું છે. તે સમજીને કોઈ ડાહ્યા માણસે એક-બે ઘડી પણ માનને તક ન આપવી. તેનાં કારણો નીચે આપવામાં આવે છે. ડહાપણનું લક્ષણ જે કરીએ તે વિચારીને કરવામાં છે. એમાં જો માનને સમજી લઈએ, તો તેને બે ઘડી પણ તક આપવી ન ઘટે.

શ્રુતજ્ઞાન, શીલ અને વિનયને એ દૂષણ આપનાર છે. જ્ઞાનને જે દૂષણ લગાડે તેવું હોય, અથવા શીલ (શુભ આચરણ)ને દોષ લગાડનાર હોય અને જે ધર્મનું મૂળ વિનય ગુણ ગણાય છે, તેને પણ દૂષણ લગાડનાર હોય તેનો નાશ કરવો. શ્રુતજ્ઞાનનો જ મદ ચઢે અથવા શીલ માટે માણસ અભિમાન કરે કે વિનય માટે મહત્તા બતાવે—આવા માનને કોણ ડાહ્યો માણસ એક-બે ઘડી પણ તક આપે? માન એવી વસ્તુ છે કે, સારા જ્ઞાન જેવા ગુણને પણ અપવિત્ર કરે છે અને શુભ આચરણમય શીલને પણ ખરાબ કરે છે અને ધર્મના મૂળ જેવા વિનયને માટે પણ અભિમાન દાખવે છે. એવા માનને કયો ડાહ્યો માણસ, બે ઘડી કાળ માટે પણ, તક આપે? અપિતુ ન જ આપે. જો જ્ઞાન કે શીલ કે વિનયનું પણ અભિમાન થતું હોય તો, એને કોઈ ડાહ્યા માણસે સ્થાન આપવું ન ઘટે. આવી રીતે જ્ઞાની, શીલવાન કે વિનયી મનુષ્યને પણ દૂષણ આપનાર કે તેનો ગર્વ કરનાર માનને આપણે એક સમય કે બે ઘડી પણ તક ન આપી શકીએ. આપવા જઈએ તો તણાઈ જઈએ અને બૂરી ગતિ થાય.

जैन साईट
JAINSITE.com
जैनम् जयति शासनम्

વળી તેનું બીજું પણ કારણ છે. એ અર્થ અને કામને અને ધર્મને વિઘ્ન કરનાર છે. કહેવાની મતલબ એ છે કે, જ્ઞાનને, સારી ચાલચલગતને અને ધર્મના મૂળ વિનયને જે દૂષણ આપનાર છે અને ધર્મ, અર્થ, કામ જેવા પુરુષાર્થને પણ અડચણ કરનાર છે, તેવા માનને સમજુ માણસ એક-બે ઘડી પણ અવકાશ ન આપે. 'હવે પછી જોયું જશે' કે 'પડશે તેવા દેવાશે'-એવી વૃત્તિ માનના સંબંધમાં રાખવા લાયક નથી. માટે એને તો ઉચાળો ભરાવવો.

**મુહૂર્ત**—બે ઘડી, આ ગ્રંથ લખાયો ત્યારનું સાધન છે. મુહૂર્તને બદલે અત્યારે મિનિટ કે સેકંડ ગણાય છે. કહેવાની મતલબ માનને જરા પણ અવકાશ ન આપવાની છે.

**વિઘ્ન**—કેટલાક એનો અર્થ વિઘ્ન કરનાર તરીકે માનને ગણીને તેનો ભાવ ધર્મ-અર્થ ઉપર લાવવા પ્રયત્ન કરે છે; તે અર્થ બિનજરૂરી છે. અર્થ સીધો, સરળ અને બેસે તેવો હોય, ત્યાં મરડીમચડીને અર્થ કરવો નહિ. ધર્મ, અર્થ, કામ સાધવામાં માન વિઘ્ન કરે છે. એવો અર્થ કરવામાં પણ વાંધો નથી. કહેવાનો આશય એ છે કે, કારણોને લઈને માન ન કરવા યોગ્ય છે (૨૭).

**વ્યક્તિગત માયાના પરિણામો : અનર્થપરંપરા—**

**मायाशीलः पुरुषो यद्यपि न करोति कंचिदपराधम् ।**
**सर्प इवाविश्वास्यो भवति तथाप्यात्मदोषहतः ॥२८॥**

**અર્થ**—માયાવી માણસ કોઈ પણ અપરાધ ન કરે તો પણ સર્પની પેઠે, તે પોતાના દોષથી હણાયલો હોઈને, કોઈને ભરોસો મૂકવાલાયક થતો નથી. (૨૮).

**વિવેચન**—આ ગાથામાં માયા કેવી અનર્થપરંપરા કરે છે, તે પર વિવરણ કરે છે.

માયાવી, ઢોંગી, દંભી, ધુતારો માણસ કોઈ વખત કાંઈ પીડા, ઉપાધિ કે અપરાધ ન કરે, તો પણ તેના દોષથી તે સામા માણસ માટે સર્પની માફક ભરોસો મૂકવાલાયક કે વિશ્વાસને પાત્ર બની શકતો નથી. જેમ વ્યવહારમાં કહ્યું છે કે, સર્પનો વિશ્વાસ ન કરવો, તેમ માયાવી માણસ કદાચ અપરાધ ન કરે તો પણ તે ક્યારે દગો દેશે તેમ આપણે જાણતા ન હોવાથી તેના ઉપર વિશ્વાસ મૂકી શકતા નથી, અને નામીચો વાણીઓ રળી ખાય અને નામીચો ચોર માર્યો જાય, તેમ તેવા માયા–કૂડકપટ કરનારા માણસ ઉપર કોઈ વિશ્વાસ મૂકતું નથી.

सर्प इव अविश्वास्यः—એટલે સર્પની પેઠે તેના પર કોઈ વિશ્વાસ મૂકતું નથી. અને તેના ઉપર વિશ્વાસ મુકાય તે માટે તે લાયક પણ રહી શકતો નથી. એ માયાવી હોવાને કારણે, કોને ક્યારે દગો દેશે તેની ખબર પડતી નથી પણ તેને પડખે ચઢનારને એ ગમે ત્યારે દગો દેશે, એવી એને માટે શંકા રહ્યા કરે છે. એટલે એ પોતાના આપ્તજન વગેરે સર્વનો ભરોસો ગુમાવી બેસે છે. અને લોકોનો વિશ્વાસ ગુમાવનાર તો પછી કેટલી નુકસાની સહન કરે અને તેની અનર્થપરંપરા થાય, તે ગણતરી તમે સમજી શકો તેમ છો. આ ભરોસો ગુમાવવાની અને પરિણામે અનર્થપરંપરા સહન કરવાની વાત ખૂબ વિચારવા લાયક છે. એ અનર્થ પરંપરાને આણનાર છે, એમાં તો શક નથી, અને વિશ્વાસ ગુમાવેલ માણસ કાંઈ નફો કરતો નથી, હેરાન થાય છે અને હેરાન કરે છે. વિશ્વાસ ગુમાવનારને ત્યાં ઘરાકો આવતા નથી અને તેવો માણસ હરીફાઈમાં ટકી શકતો નથી. તેને ઘેર કોઈનું મરણ થાય અથવા તેનું પોતાનું મરણ થાય, ત્યારે પણ તે લોકોની સહાનુભૂતિ ખોઈ બેસે છે. આ વખતે લોકો જાણતા હોય છે કે તેનો કાંઈ વાંક-ગુનો નથી, પણ સાથે જાણે છે કે એ ક્યારે ફરી બેસશે તે કહેવાય નહિ, કારણ કે તેણે લોકોનો વિશ્વાસ ખોઈ દીધેલો હોય છે.

आत्मदोषहतः—આ વાક્યને કોઈ સર્પ સાથે લગાડે છે. પોતાના દોષથી હણાયેલા–માયાવી માણસને મેં ઉપરનો અર્થ કરતાં લગાડેલ છે, પણ સર્પ પોતાના દોષથી હણાએલો જ છે, એટલે એ વિશેષણ તેને પણ લગાડવામાં આવે તો તેમાં મારે કાંઈ વાંધો નથી.

જૈન સાઈટ JAINSITE .com જ્ઞાનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ અર્થ પણ સુયુક્ત છે. માયાવી પુરુષની નીચતા, બાહ્યરચના અને જાહેરાત એવી હોય છે કે, બધી રીતે એને સર્પની ઉપમા આપવામાં આવે તે સામે મારે કાંઈ વાંધો નથી. એટલે 'આત્મદોષહતઃ'—એને સર્પ સાથે અને માણસ (માયાવી જન) સાથે સરખાવવામાં અર્થ વધારે મજબૂત થાય છે. સારાંશ એ છે કે, માયાવી માણસે કાંઈ વાંક ગુન્હો ન કર્યો, તો પણ તેની લોકોમાં શાખ એવી થયેલી હોય છે કે, સર્પની જેવા તે માયાવી પુરુષમાં કોઈ વિશ્વાસ રાખતું નથી. અને વિશ્વાસે તો વહાણુ ચાલે છે, અને જે માણસ પરથી વિશ્વાસ જાય, તે આ દુનિયામાં જીવતે મુવા જેવો છે. માયા આવી અનર્થપરંપરા મૂકીને જાય છે. અને પરિણામે એ નવાણીઓ કુટાઈ જાય છે અને બજારમાં કે કોઈ ધંધાદારી પાસે તેની આબરૂ રહેતી નથી. એટલે એ પણ, માયાના પરિણામે, અનેક અનર્થોને હારબંધ પામે છે. લોકો એનો ભરોસો કરતા નથી અને ભરોસો ન કરવાને પરિણામે જ તેને અનર્થપરંપરા થાય છે. એટલે ક્રોધ અને માનની પેઠે માયા પણ ત્યાજ્ય છે, હવે આપણે લોભ નામના ચોથા કષાય પર વિચાર કરીએ. (૨૮).

**વ્યક્તિગત લોભથી અનર્થપરંપરા—**

**सर्वविनाशाश्रयिणः सर्वव्यसनैकराजमार्गस्य ।**
**लोभस्य को मुखगतः क्षणमपि दुःखान्तरमुपेयात् ? ॥२९॥**

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

**અર્થ**—બધા પ્રકારના વિનાશનો આશ્રય કરનાર અને સર્વ પ્રકારનાં દુઃખોના એક જાહેર રસ્તા જેવા લોભ પાસે આવેલ હોય તો, એક ક્ષણમાત્ર પણ બીજા દુઃખ તરફ નજર માત્ર પણ કોણ કરે? લોભ જ એને જોઈએ તેટલું દુઃખ આપવા તૈયાર છે. (૨૯).

**વિવેચન**—લોભ સર્વથી અધમ અને નિકૃષ્ટ મનોવિકાર છે, કષાય છે. એ ઉદયમાંથી પણ દશમે ગુણઠાણે (ગુણસ્થાનકે) જાય છે; જ્યારે ઉદયમાંથી બીજા બધા કષાયો નવમે ગુણઠાણેથી જાય છે. એનાં બન્ને વિશેષણો વિચારવા લાયક.

એ, સર્વ વિનાશને દોરનાર છે અથવા તેનો આશ્રય કરનાર છે, એવો એ લોભ નામનો છેલ્લો કષાય છે. એ અત્યંત નિકૃષ્ટ અને અધમાધમ છે અને ડાહ્યા માણસ એના માર્ગે આ કારણે જતા જ નથી. આવા અધમ લોભને પાલવે પડ્યા તો માર્યા ગયા, એ સમજવું. દુનિયાની વસ્તુઓ, પછી તે પરિગ્રહના આકારમાં કે બીજા કોઈ આકારમાં હોય, તેનો સંતોષ ન થાય તો તે લોભનો આકાર ધારણ કરે છે. અને લોભ તો ઘણા વખત સુધી જતો નથી અને સર્વ વિનાશને એ નજીક કરે છે, કારણ કે, એ લોભ નામનો મનોવિકાર શાંત બેસી જ રહેતો નથી અને પ્રાણીને ખરાબમાં ખરાબ સ્થિતિમાં મૂકી દે છે. આવા સર્વવિનાશનો આશ્રય કરનાર લોભ કદાચ પાસે આવી ગયો હોય, તો દુઃખનું તો પૂછવું જ શું? કારણ કે લોભ દુઃખોનો સ્નેહી અથવા દુઃખમય જ છે. અથવા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લોભ પોતાની પછવાડે દુઃખોને મૂકી જાય છે. તમારે દુઃખની શોધમાં જવું નહિ પડે કારણ કે આ સર્વ વિનાશનો આશ્રય કરનાર લોભ નામનો મનોવિકાર જાતે જ દુઃખમય છે. લોભ એ રાગના ઘરનો હોઈ દુઃખને વહોરી લાવનાર છે. આ પ્રમાણે ભાવ મને બેઠો છે.

સર્વ પ્રકારની આફતનો તો એ રાજમાર્ગ છે. એટલે કોણ ડાહ્યો માણુસ આવા સર્વ વિનાશના આશ્રય કરનાર અને સર્વપ્રકારની આફતના રાજમાર્ગ જેવા લોભનો આશ્રય કરે? આફતથી દૂર નાસતા ફરનારાને જ ડાહ્યા માણુસ કહી શકાય છે. લોભને અંગે દુઃખને શોધવું પડે તેમ નથી, કારણુ, લોભ પોતે જ દુઃખમય છે. અને તે પોતાની સાથે દુઃખને લેતો આવે છે, પછી બીજા દુઃખની શોધખોળમાં જવું જ ન પડે. એક ક્ષણુ વાર પણ ચલાવી લેવા જેવો એ દોષ નથી. તમે તમારું સારું ઇચ્છતા હો તો, ભલા થઈને, લોભને પનારે પડશો નહિ, કારણુ કે એ સર્વવિનાશનો આશ્રય કરનાર, સર્વ દુઃખોનો રાજમાર્ગ છે અને જાતે દુઃખમય છે. આટલું જાણ્યા પછી કયો સમજુ માણુસ લોભને વશ પડે? સર્વ વસ્તુને–ધન, માલ કે ફરનીચરને–અહીં મૂકી જવું પડે તેમ છે, અને કોઈ વસ્તુ સાથે આવવાની નથી, એટલો એક જ વિચાર લોભને અવકાશ ન આપવા માટે પૂરતો છે, અને આમાં વિશેષણો લગાડી લોભને તજવા યોગ્ય બતાવ્યો છે. (૨૯).

जैन साहित्य JAINSITE.com

**કષાયો માટે સામાન્ય ઉપસંહાર—**

एवं क्रोधो मानो माया लोभश्च दुःखहेतुत्वात् ।
सत्त्वानां भवसंसारदुर्गमार्गप्रणेतारः ॥३०॥

**અર્થ**—એ પ્રકારે ક્રોધ, માન, માયા અથવા લોભરૂપ ચારે કષાયો દુઃખને આપનાર હોવાથી આ સંસારરૂપ ચારે ગતિઓના સકંજાના માર્ગને બતાવનાર છે. (૩૦)

**વિવેચન**—હવે આ ચારે કષાયોનો વિષય ઉપસંહરી તે પર સામાન્ય વિવેચન કરે છે અને આપણું ધ્યાન ખેંચે છે કે, એ ચારે કષાયો ક્રોધ, માન, માયા અને લોભરૂપ કરવા યોગ્ય નથી. તે ઉપસંહાર કરતાં પણુ એ ઘણાં અગત્યનાં કારણો કહી નાખે છે. આ પ્રાચીનોની રીતિ અનુકરણુ કરવા યોગ્ય છે. તેઓ કષાયોની તુચ્છતા સમજાવતાં તેનાં કારણો પણુ કહી નાંખે છે. પ્રાચીનો તેનું જે પરિણામ લાવવા ઇચ્છે છે, તે કષાય પૈકી એકે એકનું અકર્તવ્યપણું છે, તે વાંચી–વિચારી કષાયોમાંથી કોઈને ન કરવાનો નિર્ણય કરી નાખવો ઘટે છે, એમ તેઓનો આદેશ છે અને આપણા સિદ્ધ માર્ગનો ઉપાય છે. ઉપર જણાવેલાં બન્ને કારણો વિચારી કષાયોને અંગે ઘટતું કરીએ. તે કારણો આ રહ્યાં :

**દુઃખહેતુ**—તેમાં પ્રથમ કારણુ તો સુપ્રસિદ્ધ છે. તે નરક, તિર્યંચ વગેરેની હીન ગતિમાં અનેક દુઃખનું કારણુ છે, તેટલા માટે કષાય પૈકી કોઈ પણુ કરવાલાયક નથી અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમજુ માણસે તે ન કરવા જોઈએ. આપણે આ વિષય અહીં પૂરો કરતા નથી, કારણ કે હજુ કષાયનું વર્ણન આવવાનું છે અને આઠ મદસ્થાનનું જુદું પ્રકરણ પાડવું આપણને સંબંધ પરથી પરવડે તેમ નથી, એટલે સમજી લઈએ કે, એ ચારે કષાયો સર્વગતિમાં દુઃખના હેતુભૂત કેમ છે? દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકી એ ચાર ગતિ છે. પ્રત્યેકમાં કષાયો દુઃખદાયી નીવડે છે, કારણ તે કર્મબંધનનું કારણ છે અને કર્મની ગાઢતા–મંદતા તે મુકરર કરે છે, તરતમતાને જણાવે છે અને કર્મને તે રંગ આપે છે. જેમ લાડવો ગળપણમાં ઓછો વધતો થાય, તે નક્કી કરનારું ગળપણ છે, તે વધારે ઓછી સાકર કે ગોળ પર આધાર રાખે છે, તેમ કર્મની ચીકણાશ વગેરે બાબત કષાયો પર આધાર રાખે છે. હવે નારકી ગતિમાં તો સ્પષ્ટ દુઃખ જ છે, અને દુઃખ સિવાય કાંઈ નથી. તે પણ કષાયો જ મુકરર કરે છે, તે કોઈ પણ ચરિત્રનું હાર્દ વિચારતાં સમજાશે. દેવગતિમાં વિયોગ કરનાર કર્મ, કષાય પર આધાર રાખે છે, એટલે એ ગતિમાં પણ કષાયો દુઃખના હેતુ છે. અને મનુષ્ય તથા તિર્યંચગતિમાં જે માનસિક કે શારીરિક દુઃખ થાય છે, તે પાર વગરનાં છે; તેની ગાઢતા વગેરે નક્કી કરનાર કષાયો છે. આવી રીતે ચારે ગતિમાં દુઃખ આપનાર આ કષાયો હોવાથી, તે વિશ્વાસ કરવા યોગ્ય નથી, ત્યાજ્ય છે એમ સમજવું.

આ ભવ સંસાર છે, રખડપટ્ટી છે, તેનો માર્ગ બતાવનાર આ ચારે અથવા એકથી વધારે કષાયો છે. એ પ્રાણીને કેવી હેરાનગતિ કરનાર અને રખડાવનાર છે, તેનું લાક્ષણિક સ્વરૂપ જોવું હોય તો શ્રીસિદ્ધર્ષિ ગણીએ ઉપમિતિભવપ્રપંચા કથામાં ત્રીજા, ચોથા, પાંચમા અને છઠ્ઠા અધ્યાયમાં બતાવ્યું છે, તે જોવું કે વિચારવું. ત્યાં ભવપ્રપંચ જે અર્થમાં વપરાયેલ છે તે જ અર્થમાં અત્ર ભવસંસાર શબ્દ બતાવ્યો છે. એનો અર્થ કરતાં દુર્ગપુર નો અર્થ કોશકાર કિલ્લાવાળું શહેર એમ કરે છે. આ સંસારરૂપ કિલ્લાવાળા શહેરનો માર્ગ બતાવનાર અને તેમાં તમને જકડી રાખનાર આ કષાયો હોવાથી તેના પર વિજય મેળવવા યોગ્ય છે–એમ સર્વ કષાયોના સંબંધમાં કર્તા કહે છે. આવા ખરાબ કિલ્લાને કોઈ હુંશિયાર સિપાઈ ન બતાવે, તેવું કામ સંસારદુર્ગને અંગે આ કષાયો કરે છે; તે કારણે તેના ઉપર જરા પણ વિશ્વાસ ન રાખવો, બલકે ત્યાજ્ય સમજવા, એમ કહેવાનો આશય છે. દુર્ગસંચાર માટે જે ઉપદેશ આપે, તે આપણો હિતશત્રુ હોવો જોઈએ, એટલે કષાયનો ઉપદેશ સ્વીકારી તે અનુસાર તમારા પોતાના હિત ખાતર ચાલવું નહિ; એનાં કારણો આ શ્લોકમાં બતાવ્યાં છે. (૩૦).

**મમત્વ–અહંકાર વર્જનમાં મોહમાહાત્મ્ય—**

**ममकाराहङ्कारावेषां मूलं पदद्वयं भवति ।**
**रागद्वेषावित्यपि तस्यैवान्यस्तु पर्यायः ॥३१॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અર્થ**—આ કષાયોનું મૂળ 'મમકાર' અને 'અહંકાર' એ બે શબ્દમાં સમાવેશ પામે છે. રાગ-દ્વેષ તેનાં જ બીજાં પર્યાયવાચી નામો છે. (૩૧).

**વિવેચન**—अहं ममेति मंत्रोऽयं मोहस्य जगदान्ध्यकृत्. એટલે 'હું' અને 'મારું' એ આખા જગતને આંધળું બનાવનાર મંત્ર છે. આ મોહ છે, વ્યામોહ છે, ખૂબ નેષ્ટ પદાર્થ છે અને એ માણસને આંધળો બનાવનાર અને સંસાર સન્મુખ રાખનાર છે. ઉપરનું જ્ઞાનસારમાં ઉચ્ચારાયેલું અને શ્રીમદ્ યશોવિજયજીએ સ્વીકારેલું વાકય અત્ર પ્રસ્તુત છે. બે પદ 'મમકાર' અને 'અહંકાર' એ સર્વ કષાયોનું મૂળ છે. 'આ વસ્તુ મારી છે' એવું મમત્વ તે મમકાર છે. અને નીચે આઠ મદસ્થાન બતાવશે. આ પ્રકરણમાં તે પર વિસ્તારથી વિવેચન થવાનું છે. મમકાર અને અહંકાર એ બન્ને આ કષાયના ઉત્તેજક પદાર્થો છે. એમને બરાબર બાળી નાખવા જોઈએ, જેને પરિણામે આ સંસાર કપાઈ જાય.

સાધુઓને કોઈ વસ્તુ પોતાની હોતી નથી, અને જ્યાં મમત્વભાવ નથી ત્યાં, એ વસ્તુ પર માલિકી હક્ક કે કોઈ પ્રકારનો હક્ક રહેતો નથી. આ મમકાર તે કબજા હક્ક કે માલિકી હક્ક બતાવનાર છે. અને આખા સંસારનું તે એક કારણ છે. કોઈ પણ વસ્તુ જેની સાથે પોણોસો વર્ષ સંબંધ રહેવાનો છે, જે મૂકીને ચાલ્યા જવાનું છે, તે પોતાની વસ્તુ છે એ માન્યતામાં અંધતા રહેલી છે, એ અંધતા જાય એટલે મમતા—પોતાપણું જાય. અને એ જાય એટલે સંસાર-ભવ જાય એ સ્વાભાવિક છે; કારણ, સંસારમાં રખડાવનાર એ અંધતા છે. અને મારું કાંઈ નથી, હું કોઈનો નથી, મારું છે તે મારી પાસે જ રહેનાર છે, એવી જ્યારે બુદ્ધિ થાય, ત્યારે મોહ પર વિજય પ્રાપ્ત થાય છે. આ મમકાર તથા અહંકાર કષાયને ઉત્પન્ન કરે છે, એટલે કોઈ વસ્તુને અંતઃકરણથી પોતાની ન મનાય, ત્યારે મોહ ઊડી જાય છે અને પ્રાણીનો સંસાર તૂટી જાય છે. આ રીતે મમકાર અને મમત્વને એક જાણવા અને અહંકાર પર આગળ ઉપર આ પ્રકરણમાં વિગત આપવાની છે.

**અહંકાર**—હું કાંઈક છું અને સર્વનો ઉપરી છું, એવી બુદ્ધિ થાય અને બળ, તપ કે લાભ, ઐશ્વર્ય, વિદ્યા અથવા પોતાની કોઈ પ્રકારની વિશિષ્ટતા પોતામાં હોય, તેનો ગર્વ થઈ જાય તે अहंकार છે. આ મમત્વ અને અહંકાર કષાયનાં ઘર છે, કષાયને ઉત્પન્ન કરનાર અને કષાયને પ્રેરનાર છે, એટલા માટે આત્મા સિવાયની સર્વ પર વસ્તુને પોતાની ન માનવી, અને તેની પ્રાપ્તિનો સારા—સમજુ માણસે ગર્વ ન કરવો. એટલે તમે જોશો કે મોહરાજા આ મમકાર અને અહંકાર ઉપર પોતાનું સામ્રાજ્ય ચલાવે છે. તમે જોશો તો, ક્રોધ અને લોભ દ્વેષથી થાય છે જ્યારે માન અને માયા તો ચોખ્ખા રાગના જ પરિવારનાં માણસો છે. ડાહ્યા માણસ એમને વશ ના પડે. કાળાબજાર માયાના પુત્રો છે અથવા લોભથી થાય છે, તેને ધીરજ રહેતી નથી અને લાખે લેખાં લખાય છે. એ રીતે આ કષાયને પૂરતો અવકાશ આપનાર આ મમકાર અને અહંકાર છે, તે બરાબર સમજી લેવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**રાગદ્વેષ**—રાગ અને દ્વેષ તેના બીજા શબ્દો છે. રાગથી માન અને માયા થાય છે, દ્વેષથી ક્રોધ અને લોભ થાય છે. અથવા લોભ રાગજન્ય પણ હોય છે અને દ્વેષજન્ય પણ હોય છે. આવી રીતે મમકાર અને અહંકાર રાગદ્વેષના ઘરના હોઈ, બન્નેને રાગ-દ્વેષ તરીકે ઓળખવામાં આવે તો તેમાં પણ વાંધો નથી. એમને બરાબર ઓળખી તમારું કામ નીભાવો અને એમની સાથે વર્તન કરો, તેમાં તમારું હિત હોવાથી આ વાત સ્પષ્ટ કરી છે. તમે રાગદ્વેષને ઓળખો અથવા મમકાર અને અહંકારને ઓળખી એમની સાથે કામ પાડો તો તમારું જ ઇષ્ટ છે. તેથી તમને આ વાત કહેવામાં આવી છે, તે તમારા હિતને માટે જ છે. ઉપર કહ્યું તેમ, એ દુર્ગતિના હેતુભૂત છે. આવી દુર્ગતિમાં તમે જઈ ન પડો, એ માટે એનું બરાબર ઓળખાણ કરી લેવાની જરૂર છે. આવતા શ્લોકમાં ક્રોધ-માનને રાગના ઘરના કહેશે અને માયા તથા લોભને દ્વેષના ઘરના કહેશે, તે અપેક્ષિત વચન છે. આપણે તે વિચારીએ. (૩૧)

**કષાયો રાગ-દ્વેષનો વિસ્તાર છે—**

**माया लोभकषायश्चेत्येतद्रागसंज्ञितं द्वन्द्वम् ।**
**क्रोधो मानश्च पुनर्द्वेष इति समासनिर्दिष्टः ॥३२॥**

**અર્થ**—માયા અને લોભ નામના કષાયો તે રાગની સંજ્ઞા પામેલ બેનો સમૂહ છે અને ક્રોધ અને માન નામના કષાયોને દ્વેષ નામની સંજ્ઞા આપવામાં આવેલ છે. (૩૨).

**વિવેચન**—આ ગ્રંથમાં માયા અને લોભને રાગસંજ્ઞા આપવામાં આવી છે, એટલે વાંચનારે જ્યાં રાગની વાત હોય ત્યાં માયા અને લોભને સમજી લેવાં, એટલે જ્યાં જ્યાં રાગનું વર્ણન આવે, ત્યાં માયા અને લોભ તેના સહકારી ભાવો છે, એમ સમજી લેવું. રાગના ઘરનાં માયા અને લોભ હોય, એ વાતમાં કેટલાક વાંચનારને શંકા આવશે, કારણ કે આપણે અગાઉ લોભને તો રાગના ઘરનો બતાવ્યો છે, પણ માયાને દ્વેષના ઘરની બતાવી છે. સંજ્ઞા એટલે સૂત્ર છે, સંજ્ઞા ગમે તે રીતની નક્કી કરવામાં આવે, તે આ ગ્રંથપૂરતું જ સમજવું. રાગના ઘરનો લોભ હોય, તે તો સમજાય તેવું છે, કારણ લોભ એ પૈસા કે વસ્તુ તરફ આકર્ષણ બતાવે છે. અને તેને રાગથી ઉત્પન્ન થનાર ગણવો, તેમાં કોઈ જાતની શંકાને સ્થાન નથી. એટલી સ્પષ્ટતા માયાને અંગે નથી. પણ આ ગ્રંથ પૂરતી વાત હોય તો, સંજ્ઞા તરીકે માયા અને લોભ રાગમાંથી જન્મ પામે છે, એ રીતે ગ્રંથકાર (ઉમાસ્વાતિજી) કહે છે, તે કબૂલ કરવું. ક્રોધ અને માન નામના કષાયો છે, તે દ્વેષના ઘરનાં છે, તેથી તેને દ્વેષ એવી સંજ્ઞા આપી છે. બાકી ક્રોધ અથવા અભિમાન દ્વેષના ઘરનાં હોઈ શકે, એમ કલ્પી શકાય છે. પણ આ ગ્રંથમાં જ્યાં દ્વેષનું વર્ણન આવે ત્યાં અંતર્ગત ક્રોધ અને માનનું વર્ણન સમજી લેવું. એવી અત્ર સંજ્ઞા બાંધવામાં આવે છે, એમાં સંદેહ કે સવાલ–જવાબ હોય નહિ; કારણ કે ગ્રંથકારે આ વાત વ્યાખ્યા તરીકે મૂકી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નથી. ગ્રંથકારે જ્યાં સંજ્ઞા બાંધી હોય ત્યાં વ્યાખ્યાને સ્થાન નથી અને એ ગ્રંથકારપૂરતી જ છે, એમ સ્પષ્ટતા ખાતર કહેવાની જરૂર છે. સંજ્ઞા અને વ્યાખ્યા (definition)માં ઘણો ફેર છે. સંજ્ઞા એ લગભગ postulate (સ્વમાન્યતા) જેવી છે, એમાં દલીલને અવકાશ નથી, એ આ ગ્રંથ પૂરતી જ છે. (૩૨).

**કર્મબંધના હેતુઓ—**

**मिथ्यादृष्ट्यविरमणप्रमादयोगास्तयोर्बलं दृष्टम् ।**
**तदुपगृहीतावष्टविधकर्मबन्धस्य हेतू तौ ॥३३॥**

**અર્થ**—મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને મન-વચન-કાયાના યોગો એ રાગદ્વેષનું બળ છે, તેમની મદદથી આઠે પ્રકારના કર્મબંધનાં એ રાગ-દ્વેષ કારણ છે. (૩૩).

**વિવેચન**—ધર્મ ઉપર અશ્રદ્ધાન, ત્યાગવૃત્તિનો અભાવ, મદ્ય, વિષય, કષાય, વિકથા અને નિદ્રારૂપ પ્રમાદ, મન-વચન-કાયાના યોગ, એ રાગદ્વેષનું બળ છે. અને તેના ભેટવાથી આઠે પ્રકારનાં કર્મબંધન થાય છે. એટલે કર્મબંધના આ રાગદ્વેષ કારણ થાય છે. આપણે એ આઠે કર્મની પણ નીચે પિછાન કરશું—

**મિથ્યાદૃષ્ટિ**—કર્મબંધનાં ચાર કારણ બતાવ્યાં છે: મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ. તે પૈકી આત્માને અનાત્મા કહેવો, અનાત્માને આત્મા કહેવો, ધર્મને અધર્મ માનવો કે મનાવવો, અધર્મને ધર્મ કહેવો કે મનાવવો, તે સર્વનો સમાવેશ મિથ્યાત્વમાં થાય છે. અવસ્તુને વસ્તુ માનવી, એ પણ મિથ્યાત્વ છે. જ્ઞાન-દર્શન-ચારિત્રને મોક્ષનાં કારણ ન માનવાં અને બીજાં જ સાધનોને મોક્ષનાં કારણ માનવા અથવા ખોટો અભિનિવેશ કરવો, તે સર્વનો મિથ્યાત્વમાં સમાવેશ થાય છે. અથવા ખોટી માન્યતાનો સમાવેશ મિથ્યાત્વમાં થાય છે. આ અભિનિવેશ એ અસદ્ગ્રહ છે. અને કર્મબંધ એટલે આત્મા સાથે કર્મવર્ગણાનું જોડાણ થાય, તેનું પ્રથમ કારણ આવી મિથ્યાદૃષ્ટિ છે. આ મિથ્યાદૃષ્ટિ રાગદ્વેષના બળરૂપ છે. ખાસ કરીને અજ્ઞાન અથવા અવિદ્યા આ રાગદ્વેષના અને પરિણામે મિથ્યાત્વના કારણભૂત છે. એ મિથ્યાત્વના પ્રકારો આપણે વિગતવાર જાણવાનો પ્રયત્ન કરીએ.

મિથ્યાત્વમાં આભિગ્રહિક મિથ્યાત્વ પહેલું આવે છે. કેટલાક ગ્રંથકારો મિથ્યાત્વનો કષાયમાં સમાવેશ કરી કષાય અને યોગ એ બેને જ કર્મના હેતુ ગણે છે. સમ્યગ્દર્શન તત્ત્વમાં શ્રદ્ધાનરૂપ છે. તેનાથી ઊલટું જે હોય તે મિથ્યાત્વ કહેવાય. એટલે સમ્યગ્દર્શન જ્યાં ન હોય ત્યાં મિથ્યાદર્શન અથવા મિથ્યાત્વ છે, એમ સમજવું. યથાર્થ વસ્તુમાં શ્રદ્ધાનનો અભાવ અને અયથાર્થ વસ્તુમાં શ્રદ્ધાન, તે પણ મિથ્યાત્વ છે. તદ્દન મૂઢ દશામાં પ્રાણીને હોય તેને કોઈ ગ્રંથકાર અનાભોગિક મિથ્યાત્વ કહે છે. કીટ, પતંગ વગેરે પશુઓને મિથ્યાત્વ હોય, તે વિચારદૃષ્ટિના અભાવથી હોય છે. કોઈએ પકડાવેલ હોય તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અભિગૃહીત મિથ્યાત્વમાં આવે. મનુષ્યોને અભિગૃહીત અથવા અનભિગૃહીત બન્ને-પ્રકારના મિથ્યાત્વ સંભવે. મૂર્છિત ચૈતન્યવાળા તિર્યંચોને તો અનાભોગિક મિથ્યાત્વનો સંભવ છે. મૂર્છિત દશાવાળા જીવોને અભિગૃહીત મિથ્યાત્વનો પ્રાયઃ સંભવ નથી. જે દશ અથવા પોતાને યોગ્ય પ્રાણોને ધારણ કરે તે જીવ. પ્રાણ દશ છે: પાંચ ઇંદ્રિય, ત્રણ યોગ (મન, વચન અને કાયાના), શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય.

સર્વ જીવ આ સંસારમાં વર્તે છે. પણ કોઈ દેવતા થાય છે, કોઈ નારકીમાં જાય છે, કોઈ રાજા થાય છે, કોઈ રાજાના જોડા ઉપાડનાર થાય છે—એ વગેરે જે ફેરફાર પ્રાણીઓમાં જોવામાં આવે છે, તેને સર્વ ધર્મો કર્મ તરીકે જુદા જુદા નામથી સ્વીકારે છે. સંયોગ–વિયોગ પણ એ કર્મો બનાવે છે. સોનાનો માટી સાથે અનાદિ કાળથી સંબંધ છે, પણ પ્રયાસ કે પ્રયોગથી તેનો નાશ થઈ જાય છે; એ સર્વ શક્ય વાત છે; એમાં કોઈની દરમ્યાનગીરી જોઈતી નથી. એટલે અનાદિ કાળથી ચાલતી સૃષ્ટિમાં આપણે તો માત્ર ખેલ ભજવનાર એક નાટકિયા જ છીએ અને ખેલ પૂરો થતાં વીસરામ થઈ જવાના છીએ. આ મિથ્યાત્વ પાંચ પ્રકારનું છે. આપણે અનાભોગિક અને આભોગિક અથવા અભિગૃહીત, અનભિગૃહીત ત્રણ પ્રકારના મિથ્યાત્વનો વિચાર કરી ગયા. અગ્નિ ગમે તેવા સંયોગનો વિયોગ કરાવી શકે છે, તેમ ધ્યાનાગ્નિ કર્મનો અનાદિ સંબંધ આત્મા સાથે થયેલો હોય, તે દૂર કરાવી શકે છે. મિથ્યાત્વ જે કર્મો બંધાવે છે, તે આ રીતે ધ્યાનાગ્નિથી દૂર કે ક્ષય કરી શકાય છે, એટલે એનો વિયોગ સંભવે છે.

આ ઉપરાંત બીજાં મિથ્યાત્વ કહેવાય છે. તે આપણે વિચારીએ. તેમાં અભિનિવેશને પણ મિથ્યાત્વ કહેવાય. બ્રાહ્મણનો દિકરો બ્રાહ્મણ થાય અથવા ક્ષત્રિયનો પુત્ર ક્ષત્રિય થાય તે અથવા ગતાનુગતિક ક્રિયા અભિનિવેશ મિથ્યાત્વમાં ઘણી વખત હોય છે. એમાં પોતાની કુદરતી બુદ્ધિ કે વ્યાપારનો ઉપયોગ થતો નથી, પણ બાપદાદા કે વડીલો કરતા હતા, તે ચાલુ રાખવાની બુદ્ધિ હોય છે. આ અભિનિવેશ મિથ્યાત્વ કહેવાય. પાંચમુ સાંશયિક મિથ્યાત્વ. એમાં વારંવાર શંકા, સંશય પડયા કરે; આ સત્ય હશે કે તે—આવા પ્રકારના મિથ્યાત્વને સાંશયિક મિથ્યાત્વ કહે છે. શંકાશીલ મનવાળાને સાંશયિક મિથ્યાત્વી કહેવામાં આવે છે,

એ રીતે મિથ્યાત્વના પાંચ ભેદ થયા. આ સર્વનો સમાવેશ કષાય અને યોગમાં થઈ શકે છે, કારણ કે નીચે મનોયોગની વ્યાખ્યા કરતાં પોતાની અક્કલ ચલાવવાની વાત આવે છે. એટલે અભિનિવેશ મિથ્યાત્વનો તેમાં સમાવેશ થઈ શકે અને અભિગ્રહમાં પણ મનોયોગ ચલાવવો પડે અને અનાભોગિક મિથ્યાત્વમાં અક્કલનો અભાવ હોય છે. એટલે કેટલાક પ્રવચનકારો કષાય અને યોગને જ માત્ર બંધહેતુ ગણે છે; તે વાજબી વાત છે. આ રીતે મિથ્યાત્વના પાંચ પ્રકાર થયા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હવે આપણે અવિરતિને બંધહેતુ તરીકે વિચારીએ. અવિરતિ એટલે શ્રાવકના બાર વ્રત–અણુવ્રત ન લેવા. એ રીતે એના બાર ભેદ કર્યા છે. દોષોથી ન વિરમવુ એનું નામ અવિરતિ. ત્યાં કોઈ પણ જીવનો ઘાત કરવો તે હિંસા છે. કોઈ પણ જીવનો જીવ ન લેવો તે અહિંસા છે. પણ શ્રાવકથી સર્વ આરંભ–સમારંભનો સર્વથા ત્યાગ ન થઈ શકે, એટલે એની અહિંસા અણુવ્રત–સ્થૂળવ્રતમાં–આવે છે, જ્યારે સાધુ વ્રત–નિયમ કરી હિંસાનો સર્વથા ત્યાગ કરી શકે છે; એમને મહાવ્રત હોય છે. એ જ પ્રમાણે બીજા અસત્ય ત્યાગવ્રતને માટે સમજવું. શ્રાવક, બારવ્રતધારી થાય ત્યારે, તે મોટાં જૂઠો ન બોલે; તેને અણુવ્રત હોય. સાધુને અસત્યનો સર્વથા ત્યાગ હોય, તેથી તેઓ મહાવ્રતધારી કહેવાય છે. પારકી વસ્તુ ધણીની પરવાનગી વગર ચોરવી કે તફડાવી કાઢવી નહીં તે અચૌર્યવ્રત ત્રીજામાં આવે છે. એ અવિરતિમાં પણ સાધુ સર્વથા ચોરીનો ત્યાગ કરે છે. જ્યારે શ્રાવક અણુવ્રતમાં રહે છે, પણ એને પડેલ કે વીસરેલના તો પચ્ચખ્ખાણ–વ્રત–નિયમ હોય છે. ચોથું અબ્રહ્મ એટલે બ્રહ્મચર્ય ન પાળવું તે, તેમાં પણ શ્રાવકના વ્રત તો અપરિણિત સ્ત્રી સુધી અથવા વિધવા, બાળકુમારી સુધી જ હોય છે; સાધુ સર્વથા બ્રહ્મચર્ય પાળે છે. એટલે એમની મર્યાદા મહાવ્રત છે, જ્યારે શ્રાવકો અણુવ્રત પાળે છે. અને છેલ્લા અપરિગ્રહ વ્રતમાં પોતાના ફર્નીચર, માલ–મત્તા અથવા રૂપિયા–નાણાનો સમાવેશ થાય છે. અમુક રકમથી પરિગ્રહ વધારવો નહિ તેવી મર્યાદા શ્રાવકની હોય, તે અણુવ્રત પાળે છે. સાધુ પરિગ્રહનો સર્વથા ત્યાગ કરે માટે તેમને મહાવ્રત હોય છે.

આ પાંચ અણુવ્રત અથવા મહાવ્રત ઉપરાંત ત્રણ શિક્ષા એટલે આત્માને શિખામણ આપવાનાં વ્રતો હોય છે, તે આપણે જોઈ જઈએ. છઠ્ઠા વ્રતમાં ચારે દિશાએ જવા–આવવાનો નિયમ હોય છે. તેને દિગ્પરિમાણવ્રત કહે છે, એમાં કાંકરો પણ દિશામાં ન નખાય અથવા પોતાની હાજરી નિશાનીથી ન જણાવાય તેવો નિયમ હોય છે. સાતમા ભોગોપભોગ વ્રતમાં એક વખત ભોગમાં આવે તેવી વસ્તુને ભોગ્ય કહેવાય છે, અને આસન, શયન કે સ્ત્રીને ઉપભોગની–વારંવાર વપરાતી–ચીજ કહી છે, તેમાં પંદર કર્માદાનના વ્યાપાર ગણ્યા છે. એટલે હિંસા કરે તેવા વ્યાપારનો પણ પ્રતિબંધ છે અને અભક્ષ્ય, અનંતકાય ન ખાવાનો નિયમ હોય છે. આઠમા અનર્થદંડમાં વિના કારણે થતા પાપો નાટક-સિનેમાનો નિયમ હોય છે અને તે હદ ન ઓળંગવાની આજ્ઞા હોય છે. આ દિક્પરિમાણવ્રત, ભોગોપભોગ વ્રત અને અનર્થદંડવિરમણવ્રત એ ત્રણે વ્રતોને શિક્ષાવ્રત કહેવામાં આવે છે.

આ રીતે આઠ વ્રત થયાં, હવે ચાર ગુણવ્રત કહેવામાં આવે છે. એ શ્રાવકના મૂળ ગુણોને ગુણ કરનાર હોવાથી અને ખાસ કરીને અહિંસાભાવને પોષનારા હોવાથી ગુણવ્રત કહેવાય છે. તે નવમાથી બારમા વ્રતમાં આવે છે. આત્માને બે ઘડી–૪૮ મિનિટ–સમતામાં, જ્ઞાન–ધ્યાનમાં રાખવો તે નવમું સામાયિકવ્રત છે. શ્રાવકે દરરોજ એક સામાયિક તો અવશ્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરવી જોઈએ. દશ મનના, દશ વચનના અને બાર કાયાના કોઈ દોષ સામાયિક કાળમાં એટલે અડતાળીશ મિનિટમાં શ્રાવકે ન સેવવા ઘટે. એ દોષની વિગત પંચ પ્રતિક્રમણની બુકમાં જોઈ લેવી. દશમા પૌષધવ્રતમાં આખા દિવસ માટે સામાયિક રાખવી અને મનમાં આહટ્ટ-દોહટ્ટ ચિંતવન ન કરવું, પાપવચન બોલવું નહિ અને નિરવદ્ય વચન બોલવું, પાપોપદેશ કાંઈ કરવો નહિ અને ઉપવાસ, આંબેલ કે એકાસણું એક દિવસ કરવું, એને પૌષધ કહેવામાં આવે છે. પર્વતિથિએ ખાસ કરીને પૌષધ કરવાં તે શ્રાવકનો આચાર છે. અને છઠ્ઠા વ્રતમાં જે નીચે ઉપર કે આજુબાજુની ચાર દિશાએ જવા આવવાનો નિશ્ચય કરેલ હોય છે, તે [મર્યાદા] એક દિવસ માટે સંક્ષેપવી, એ અગિયારમું વ્રત છે. બારમા વ્રતમાં અતિથિ–વગર નોતરેલ–યોગ્ય શ્રાવક કે સાધુ, આવે તેને ભાત-પાણી, ભોજન, પાતરાંથી કે બીજી રીતે તેમનો સત્કાર કરવો અને આડાં-અવળાં બહાનાં કાઢી પોતાની સત્કાર-જવાબદારીમાંથી ઊઠી ન જવું, એ રીતે બારમું અતિથિસત્કારવ્રત થાય. આ સામાયિક-વ્રત, દિગ્પરિમાણવ્રત, પૌષધવ્રત અને અતિથિસત્કારવ્રત, એ ચારે વ્રતને ગુણવ્રત કહેવામાં આવે છે. આ બાર વ્રત ન લેવાં, તે અવિરતિના બાર વિભાગ પાડવામાં આવેલા છે. સમકિત કે મિથ્યાત્વના પાંચ પ્રકાર અને અવિરતિના બાર પ્રકાર એટલે કર્મબંધના હેતુ તરીકે આપણે સત્તર ભેદનો વિચાર કર્યો.

હવે આપણે ક્રમપ્રાપ્ત પ્રમાદના ભેદોનું વર્ણન કરીએ. પ્રમાદ એટલે આળસ અથવા શુભ સંવરકાર્યમાં વિરોધ અને આશ્રવમાં મજા આવે. આ પ્રમાદનું સ્થૂળ નામ પાંચ પ્રકારનું છે, અસંયમ એનો વિષય છે. મદ્ય, વિષય, કષાય, વિકથા અને નિદ્રામાં સમય કાઢવો, અસંયમ કરવો તે પ્રમાદ છે. મદ્ય તે મદ અથવા અફીણિયા કે દારૂડિયા જેવી સ્થિતિ ચાલુ રહે તે. વિષય તે પાંચે ઇંદ્રિયોના વિષયો સેવવા તે. કષાયના ૨૫ પ્રકાર છે. તે નીચે વર્ણવવામાં આવશે. વિકથા ચાર પ્રકારે કહેવાય છે : રાજકથા, દેશકથા, ભોજનકથા અને સ્ત્રી સંબંધી કથા. (આ સંબંધી આગળ એક પ્રકરણ આવવાનું છે.) આમાં રાજકથામાં Politics–રાજકારણનો સમાવેશ થાય છે. એમાં અમુક પ્રધાને આમ કર્યું અને ફલાણા પ્રધાને આમ ન કર્યું, એવી એવી રાજદ્વારી વાતનો સમાવેશ થાય છે. અને દેશકથામાં દેશસંબંધી દરરોજ કે અઠવાડિક પેપરમાં આવતી વાત બીજાને કરવી અને એ રીતે સમય પસાર કરવો, એ સર્વનો દેશકથામાં સમાવેશ થાય છે. ભક્ત અથવા ભોજન કથામાં આજે રસોઈ ફલાણી બનાવી છે કે બનાવી નથી અથવા ભોજનમાં મીઠું-મરચું ઓછાં કે વધારે હતાં, તેની વર્તમાન કે ભૂતકાળની વાતો કરવી, કે દેશતેડાં, નોતરાં વગેરેની વાતો કરવી તેવી ભોજનસંબંધી વાતનો સમાવેશ થાય છે. નિદ્રા એટલે ઊંઘમાં સમય પસાર કરવો તે. નિદ્રાના પ્રકારો પાંચ છે, એની વાત પ્રસંગે થશે. આ સર્વનો પાંચ પ્રકારના પ્રમાદમાં સમાવેશ થાય છે. એને ઘણાખરા લેખકો કર્મબંધના હેતુભૂત ગણતા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નથી, પણ કોઈક કોઈક ગણે છે, એટલે તેનો અત્ર ઉલ્લેખ કર્યો છે; પણ એ પ્રમાદનો સમાવેશ સત્તાવન બંધ–હેતુમાં થતો નથી.

કષાયના પચ્ચીશ વિભાગ છે. ક્રોધ, માન, માયા અને લોભ એ પ્રત્યેકના ચાર-ચાર પ્રકાર છે. યાવત્જીવન રહે અને સમ્યક્ત્વ ગુણનો ઘાત કરે, તે અનંતાનુબંધી કષાય કહેવાય છે. ચાર માસ રહે અને પચ્ચખ્ખાણ ગુણ ન આવવા દે, તે અપ્રત્યાખ્યાની કષાય. એક માસ રહે અને પચ્ચખાણને થોડો જ આવવા દે તે પ્રત્યાખ્યાની કષાય કહેવાય છે. પંદર દિવસ રહે અને કેવલજ્ઞાન ગુણને અટકાવે તે સંજ્વલન ક્રોધ, માન, માયા કે લોભને કારણે હોય છે. આ રીતે ચાર અનંતાનુબંધી, ચાર અપ્રત્યાખ્યાની, ચાર પ્રત્યાખ્યાની અને ચાર સંજ્વલન, એમ સોળ પ્રકારના ક્રોધ, માન, માયા અને લોભ થાય. આ રીતે કષાયના સોળ પ્રકાર થાય. અને કષાયને ઉત્પન્ન કરનાર નવ નોકષાય છે; તે આ રહ્યા : હાસ્ય એટલે હસવું, ખડખડ હસવું, તે કષાયને ઉત્પન્ન કરનાર પ્રથમ નોકષાય. બીજો રતિ નોકષાય; એમાં પૌદ્ગલિક બાબતોમાં મશગૂલ થવું તે. ત્રીજો અરતિ નામનો નોકષાય; એ રતિથી ઊલટો છે. એમાં આનંદની ગેરહાજરી અને કકળાટની હાજરી હોય છે. શોક નામના ચોથા નોકષાયમાં ચાલુ દિલગીરી અને ધમાલ હોય છે; ખાસ કરીને એને વિયોગ સાથે સંબંધ છે. ભય નામનો પાંચમો નોકષાય છે; નિમિત્ત કારણે કે વિનાકારણ બીક લાગે તે ભય નોકષાયમાં આવે છે. દુગુંછા નામનો છઠ્ઠો નોકષાય દુગુંછા, નાક મચકોડવું અથવા બીજી રીતે પોતાનો વિરોધ બતાવવો. એ દુગુંછા નામનો છઠ્ઠો નોકષાય છે. પુરુષવેદ સાતમો નોકષાય છે. એનો જ્યારે ઉદય હોય ત્યારે સ્ત્રીની ઇચ્છા ભોગ ભોગવવાને અંગે થાય છે, અને આઠમા સ્ત્રીવેદ નામના નોકષાયમાં પુરુષને ભોગવવાની ઇચ્છા થાય છે. નવમા નપુંસકવેદનો ઉદય હોય, ત્યારે સ્ત્રી ને પુરુષને ભોગવવાની સમકાળે ઇચ્છા થાય છે. આ રીતે ૧૭ હાસ્ય, ૧૮ રતિ, ૧૯. અરતિ, ૨૦. શોક, ૨૧. ભય, ૨૨. દુગુંછા, ૨૩. સ્ત્રીવેદ, ૨૪. પુરુષવેદ અને ૨૫. નપુંસકવેદ મળીને ૨૫ કષાય થાય છે. તેમા સોળ તો પોતે જ કષાય છે અને તેમનાં કારણભૂત નોકષાય બંધહેતુ છે.

આ રીતે પાંચ મિથ્યાત્વ, બાર અવિરતિ એટલે દોષોથી ન વિરમવું ને પચીશ કષાય અને પંદર યોગ મળીને ૫૭ (સત્તાવન) કર્મબંધનના હેતુ ગણવામાં આવ્યા છે. એમાં પ્રમાદને ગણવામાં આવતો નથી અને કેટલાક વડીલો પચીશ કષાય અને પંદર યોગ એ ચાળીશને જ માત્ર કર્મબંધનનું કારણ ગણે છે. તેઓ અવિરતિ અને મિથ્યાત્વને પણ યોગમાં દાખલ કરી દે છે. આમાં ક્રમ એવો છે કે, પૂર્વ પૂર્વના હેતુ હોય ત્યારે તેના પછીના હેતુઓ હોય જ, એટલે યોગો સર્વથી છેલ્લા જાય છે. કર્મબંધન થાય ત્યારે પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ, એમ ચાર બાબત નક્કી થાય છે. એ સંબંધી મોદકનો દાખલો આપવામાં આવે છે, તે દેવેંદ્રસૂરિના કર્મગ્રંથ પ્રથમથી જાણવા યોગ્ય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકૃતિબંધમાં કર્મની પ્રકૃતિ–જાતિ બંધાય; તે વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર, અંતરાય, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય છે; અર્થાત્ બંધાયેલાં કર્મો શું કરવાનાં છે એ પ્રકૃતિબંધમાં નક્કી થાય. સ્થિતિબંધમાં એ ક્યારે ઉદયમાં આવશે અને કેટલો કાળ ઉદયમાં રહેશે એ નક્કી થાય છે. સ્વભાવનું નિર્માણ થવા સાથે, તેમાં જે તીવ્રતા, મંદતા કરે-કરાવે તે વિશેષતાઓ તે અનુભાવબંધ અને આવી રીતે કર્મો ગ્રહણ કરવામાં આવે, તે અમુક જથ્થામાં બંધાય છે, તે કર્મરાશિને પ્રદેશબંધ કહેવામાં આવે છે. આમાં બીજો અને ત્રીજો – સ્થિતિ અને અનુભાવ – આપણા ચાલુ કષાય વિભાગ ઉપર આધાર રાખે છે. એટલે આ કર્મના હેતુભૂત થયેલા કષાયો એની સ્થિતિ અને અનુભાવ અથવા રસબંધ નિર્માણ કરે છે. એટલે કર્મબંધન વખતે આ કષાયો ક્રોધ, માન, માયા અથવા લોભ કેવા વર્તે છે, કેવા પ્રમાણમાં છે, તે કર્મની સ્થિતિ અને રસને નક્કી કરે છે, એટલે કષાયનો વિભાગ ખૂબ અગત્યનો છે.

આ કર્મબંધનના હેતુભૂત રાગદ્વેષ – મમકાર અને અહંકાર – છે, કર્મબંધનની મુખ્ય આધારભૂત ખરેખર રાગદ્વેષની તરતમતા જ છે. રાગદ્વેષ જેવા ચીકણાશવાળા કે મોળા હોય, તે પ્રમાણે કર્મબંધ પૈકી તેનો રસબંધ અને તેની સ્થિતિ મુકરર થાય છે. એનું કારણ એ છે કે, ક્રોધ, માન, માયા અથવા લોભ સર્વનાં એકસરખાં હોતાં નથી; એની તીવ્રતા–મંદતા ઘણી વધતી–ઓછી હોય છે. પણ એ કર્મનો અનુભાવ – રસ અને સ્થિતિ-બંધ મુકરર કરતા હોવાથી ઘણા અગત્યના ગણાય છે.

કર્મના આઠ વિભાગ પાડવામાં આવ્યા છે: જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય. એ પ્રત્યેક કેટલો કાળ ટકશે અને ક્યારે ઉદયમાં આવશે, તે બાબત કષાયો મુકરર કરે છે. એટલે મમકાર અને અહંકાર, જેઓ રાગદ્વેષના પાયા છે, તે કર્મથી સ્થિતિ અને રસબંધ મુકરર કરનાર આંતરિક મનોવિકાર હોઈ એને વિસ્તારથી સમજવા બહુ જરૂરી છે. એની વધારે પિછાણ કરવા માટે પ્રથમ કર્મગ્રંથ જોવો. બાકી શાસ્ત્રના ઘણા ગ્રંથોમાં કષાયને વર્ણવ્યા છે, ત્યાંથી વાંચી લેવું, કારણ કે કર્મબંધનને અંગે એ અગત્યનો ભાગ ભજવે છે.

**આઠ પ્રકારનાં કર્મ**—જે કર્મ આત્માના જ્ઞાનગુણને આચ્છાદિત કરે, તેને પ્રથમ જ્ઞાનાવરણીય કર્મ કહેવામાં આવે છે. જે આત્માના દર્શન ગુણને આચ્છાદિત કરી દે તેને દર્શનાવરણીય કર્મ કહેવામાં આવે છે. જે આત્માને સુખદુઃખ પહોંચાડે તેને ત્રીજું વેદનીય નામનું કર્મ કહેવામાં આવે છે. જે બુદ્ધિને આચ્છાદિત કરે, તથા સ્વપરવિવેકમાં અને સ્વરૂપરમણમાં અડચણ કરે, તે ચોથું મોહનીય કર્મ કહેવાય છે. આ કર્મ સર્વથી આકરું છે અને પ્રાણીને સંસારમાં ખેંચનાર મહા આકરું કર્મ છે. એના લશ્કરી સેનાનીનું વર્ણન 'ઉપમિતિભવપ્રપંચા' નામની કથામાં શ્રી સિદ્ધર્ષિએ ચોથા પ્રસ્તાવમાં આપ્યું છે, તે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જરૂર વિચારવા યોગ્ય છે. મોહનીય કર્મ સમ્યકત્વગુણનો અને ચારિત્રગુણનો ઘાત કરે છે. જે કર્મ હોય તેટલો વખત પ્રાણી જીવતો રહે અને કર્મક્ષય થઈ જાય અથવા ખપી જાય, ત્યારે પ્રાણી મરણ પામે તે પાંચમું આયુષ્યકર્મ કહેવાય છે. જે કર્મના ઉદયથી પ્રાણી નારક, તિર્યંચ વગેરે તરીકે સંબોધાય છે, એટલે કોઈ પ્રાણીને નારક કે તિર્યંચ નામ અપાય, અથવા પ્રાણીને દેવ તરીકે કે મનુષ્ય તરીકે સંબોધાય, તે નામકર્મ કહેવાય છે; આ છઠું કર્મ થયું. જે કર્મ આત્માને ઊંચાનીચા કુળમાં જન્મ અપાવે, તેને સાતમું ગોત્રકર્મ કહેવામાં આવે છે. આઠમું અંતરાયકર્મ કહેવાય છે. દાન, લાભ, ભોગ, ઉપભોગ રૂપ આત્માની મૂળશક્તિને આ કર્મ રોકે છે. આ આઠમું કર્મ થયું.

એ આઠ કર્મ પૈકી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય કર્મ આત્માના મૂળગુણનો ઘાત કરનાર હોવાથી એ ચાર કર્મને ઘાતીકર્મ કહેવામાં આવે છે. ઘાતીકર્મોના ક્ષયથી કૈવલ્ય ઉત્પન્ન થાય છે. વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર કર્મો અઘાતી કહેવાય છે. એટલે આઠ પૈકી ચાર ઘાતી કર્મ છે અને ચાર અઘાતી કર્મ છે.

તેઓનું રાગ-દ્વેષજન્ય બળ કેટલું હોય છે, તે આપણે ઉપર જોઈ આવ્યા છીએ. આ આઠ કર્મને ઓળખવાં એ જૈનીઓની ખરેખરી ફરજ છે; કારણ, એ આઠ કર્મની રચના પર અથવા પાંચ કારણોમાંના આ સુદામ કારણ પર જૈન ધર્મની રચના થયેલી છે. કર્મના વિષયનું મહત્ત્વ દર્શાવનાર અને આ આઠે કર્મના વિવેચન પર મેં એક સ્વતંત્ર નિબંધ લખ્યો છે, તે પણ યથાવકાશ પ્રકટ થવા સંભવ છે. તે વાંચી કર્મનું સામ્રાજ્ય વિચારવું અને રાગદ્વેષને બને તેટલા કાબૂમાં રાખવા, કારણ કે એ રાગ કે દ્વેષ વગર આઠે પ્રકારનાં કર્મ બંધાતાં નથી. એટલે પરિણામે વાત એમ છે કે, એ આઠ કર્મથી ચેતવા માટે રાગ-દ્વેષ પર વિજય મેળવવો અને એમને કદી તાબે થવું નહિ. રાગદ્વેષ વગર કર્મ બંધાતા નથી, માટે કર્મબંધનનું ખરું કારણ રાગદ્વેષ છે. એના પર વિજય મેળવવાનો અને તે આવતાં હોય ત્યારે તેમનાથી ચેતવાનો આ સર્વ પ્રયાસ છે. રાગદ્વેષ આવે ત્યારે ઓળખી લેવાની ચેતવણીરૂપ આ શ્લોક છે. આપણે એ ચારે કષાય અથવા તેના હેતુભૂત રાગ-દ્વેષનું સ્વરૂપ કાંઈક જાણ્યું (ઉપર). હવે તેને વધારે ઓળખવા પ્રયત્ન કરીએ. આ ગાથાનું મહત્ત્વ જોઈ-વિચારી આ ગાથાનું વિવરણ વસ્તારથી સમજીને કરેલ છે. (૩૩)

**આઠ કર્મનાં નામ—**

**स ज्ञानदर्शनावरणवेद्यमोहायुषां तथा नाम्नः ।**
**गोत्रान्तरायचोश्चेति कर्मबन्धोऽष्टधा मौलः ॥३४॥**

**અર્થ**—એ કર્મબંધ આઠ પ્રકારનો થાય છે, મૂળથી ઊતરી આવેલ છે. તેનાં નામો અનુક્રમે ૧. જ્ઞાનાવરણીય. ૨. દર્શનાવરણીય. ૩. વેદનીય. ૪. મોહનીય. ૫. આયુષ્ય ૬. નામકર્મ ૭. ગોત્ર અને ૮. અંતરાય છે. (૩૪)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિવેચન**—આગલી ગાથામાં કષાયના પ્રણેતા રાગ-દ્વેષ આઠ કર્મને જન્મ આપે છે. તેમનાં એ જ નામો શાસ્ત્રમાં બતાવવામાં આવ્યાં છે. તે આઠ મૂળ કર્મ પ્રત્યેક સમયે બંધાય છે. તેમાં યાદ રાખવાનું એ છે કે આંખ મીંચીને ઉઘાડવામાં આવે તેવા ટૂંકા વખતમાં તો અસંખ્ય સમય થઈ જાય છે. તમે માનો કે ન માનો, પણ અનંત જ્ઞાનથી જ્ઞાની મહારાજ કહે છે કે, એ સાત કે આઠ કર્મો દરેક સમયે બંધાય છે. તેથી તેની ચેતવણીરૂપે એ આઠે કર્મોનાં સ્વરૂપ બતાવ્યાં અને તેનાથી મુકાવા જેવું લાગે, તો સમજણપૂર્વક એ કર્મોને બાળી નાંખવાં. કર્મથી ડરાવવા માટે આ હકીકત કહી નથી, પણ કર્મ આત્મા સાથે જોડાતાં હોઈ તેમની બરાબર ઓળખાણ કરાવવા માટે એમના જનયિતા રાગદ્વેષને ઓળખાવી એમના પર્યાયવાચી શબ્દોને પણ જણાવી આઠે કર્મોને બરાબર ઓળખાવ્યાં છે.

કેટલાક કે ઘણુંખરાં અંગ્રેજો ઓળખાણ (introduction) વગર વહેવાર કે વાતચીત કરતા નથી. તેનો અર્થ ડર કે ગભરામણ નથી. તે એક વ્યવહાર છે. તેવી જ રીતે કર્મોથી જરાપણ ડરામણ લગાડ્યા વગર જો તેઓને જાણ્યા હોય તો તેઓનું ઓળખાણ થાય, એ હેતુ બરાબર ધ્યાનમાં રાખી આ સંસારની અટામણ (=અથડામણ) દૂર કરવા કર્મના આઠ પ્રકાર છે, તેમનાં નામો અહીં આપવામાં આવ્યાં છે. કર્મથી સંસાર મંડાય છે. અને સર્વ કર્મથી મોક્ષ થાય તો તેને મુક્તિસ્થાન આપવામાં આવ્યું છે. એટલે કષાયના એક મોટા વડીલ વિભાગ તરીકે આ કર્મોની ઓળખાણ, કષાયના પ્રકરણ નીચે, આપવામાં આવી છે—

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**આઠ પ્રકારનાં કર્મો**—વાંચનાર કે ભણનારની સગવડ ખાતર આ કર્મોને આઠ વિભાગમાં વહેંચી નાંખવામાં આવ્યાં છે. આપણે કર્મ બાંધીએ, તે વખતે તેમાં કાંઈ ભાગ પડતા નથી, પણ તે બાબત બરાબર સમજૂતી થાય માટે કર્મના આઠ વિભાગ સગવડ ખાતર આપ્યા છે. આપણે આગલી ગાથાના વિવેચનમાં કર્મના એ આઠે પ્રકાર જોઈ આવ્યા છીએ, અને તે દરેક વિભાગની વિસ્તારથી સમજણ થઈ ગઈ છે. તેનો અત્ર માત્ર ઉલ્લેખ કરી એટલું જ જણાવીશું કે, આ આઠ વિભાગ માત્ર સગવડ ખાતર પાડવામાં આવ્યા છે. વળી તે કર્મની ઉત્તર પ્રકૃતિ આવતી ગાથા (૩૫)માં કહેવામાં આવશે, તે પણ સગવડ ખાતરની જ વાત છે. કર્મબંધન અનુક્રમ પ્રમાણે ન થાય, ત્યાં સંખ્યા કે તેનું એક પછી એક થવાનું હોય નહિ. એ કર્મના વિષય પર કમ્મપયડી તથા કર્મગ્રંથ જેવા ખાસ ગ્રંથો રચાયેલા છે. મેં પણ કર્મસંબંધી એક સ્વતંત્ર લેખ લખ્યો છે, તે છપાઈ જવાનો પૂરતો સંભવ છે. તેની સાક્ષી આપી આ આઠ પ્રકારનાં કર્મમાંથી સાત અથવા આઠ પ્રત્યેક સમયે બંધાય છે. એટલી જ વાત પ્રસ્તુત છે, એમ અત્ર જણાવી દેવું જોઈએ. એ આઠ કર્મમાંથી કેટલાંક તો પરસ્પરવિરોધી છે. જેમ કે દેવગતિ, દેવજાતિ હોય ત્યાં મનુષ્યગતિ કે મનુષ્યજાતિના કોઈ વિભાગ પણ હોતા નથી. એટલા માટે એમને એકબીજાથી સ્વતંત્ર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધારવા, અને તેમનું બરાબર ઓળખાણ પાડવું. એ સંબંધી વિશેષ ઘણી હકીકત જાણવા જેવી છે; કયા ગુણસ્થાનકે કેવાં કર્મો અને કેટલાં કર્મો બંધ, ઉદય, ઉદીરણા તથા સત્તામાં હોય, લેશ્યા સાથે કર્મનો સંબંધ કેવા પ્રકારનો અથવા કેટલાનો હોય, એવી અનેક વાતો જણાવવા આખો કર્મનો વિષય શાસ્ત્રકારે વૈજ્ઞાનિક રીતે ચર્ચ્યો છે. તેનું જ્ઞાન તે તે ગ્રંથોથી કરવું, એ જ્ઞાનદૃષ્ટિએ અને સમજણ-વિવેકદૃષ્ટિએ ઘણું જરૂરી છે. એ દૃષ્ટિ પામવા માટે અને રહસ્યભૂત કર્મના ગ્રંથો સમજવા માટે તમને બુદ્ધિ પ્રાપ્ત થાઓ અને કર્મનું બરાબર ઓળખાણ કરી તમે કર્મ પર સામ્રાજ્ય મેળવવા ભાગ્યશાળી થાઓ, તેથી તે ગ્રંથોના નામ અહીં લખ્યાં છે, તે જૂજમાત્ર છે, શાસ્ત્ર તો ગંભીર દરિયો છે અને અપરંપાર છે. તેનાથી ડરી જવા જેવું નથી, કારણ કે કર્મના કરનાર તો પોતે જ છે, પણ પ્રયત્નથી મુક્તિ સાધ્ય છે. તે માટે તમે કર્મને બરાબર ઓળખી લો તો સારું. કર્મના વિષય પર ધ્યાન આપશો અને તે વિષયના ગ્રંથો વાંચશો, વિચારશો અને કર્મનું બળ જોશો. તેથી તે ઉપર સામ્રાજ્ય પણ મેળવી શકાય તેમ છે એટલી વાત તમારી નિગાહમાં આવશે. (૩૪)

**કર્મના ઉત્તર ભેદો—**

**पञ्चनवद्व्यष्टाविंशतिकश्चतुःषट्कसप्तगुणभेदः ।**
**द्विपञ्चभेद इति सप्तनवतिभेदास्तथोत्तरतः ॥३५॥**

**અર્થ**—પાંચ, નવ, બે, અઠ્ઠાવીસ, ચાર, બેંતાળીશ, બે અને પાંચ ભેદો (પ્રકારો) એકઠા કરતાં, તેના ઉત્તર ભેદો સત્તાણું થાય. (૩૫)

**વિવેચન**—એ રીતે આ આઠ કર્મો આપણે આઠમી ગાથામાં જોઈ ગયા. તેના ઉત્તરભેદો સત્તાણું નીચેની રીતે થાય છે, તે સમજી લેવું. આ સંબંધમાં કર્મગ્રંથાદિ ગ્રંથોના અભ્યાસની જરૂર જણાય તો તે વિષયના ગ્રંથોથી જાણી લેવું. તેના મૂળ આઠ પ્રકાર ઉપર વિગતવાર જોયા છે. (જુઓ, તેત્રીશમી તથા ચોત્રીશમી ગાથાનું વિવેચન). હવે તેમના ઉત્તરભેદો સમજી લઈએ, તે નીચે પ્રમાણે થાય છે.

૧. જ્ઞાનાવરણીય કર્મના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે : ૧. મતિજ્ઞાનાવરણીય કર્મ એટલે દીવાની પેઠે આડું કપડું ધરવામાં આવે અને જે પ્રકાશને રોકે, તેની પેઠે મતિજ્ઞાનનું આવરણ કરનાર હોવાથી મતિજ્ઞાનાવરણીય કર્મ કહેવામાં આવે છે. મતિજ્ઞાન એ પોતાની બુદ્ધિનો વિષય છે, તેનાં ઘણાં ભેદોપભેદ છે. ભેદોપભેદ એટલે ભેદ અને તેના પેટાભેદો, તે આ પ્રમાણે છે : મતિ એટલે બુદ્ધિ. મતિજ્ઞાનના ૨૮ પ્રકાર છે. 'આ કાંઈક છે' એવી બુદ્ધિ થાય તે વ્યંજનાવગ્રહ. એમાં વસ્તુનો સન્નિકર્ષ (=સંબંધ) થાય છે; ચક્ષુ અને મન વસ્તુના સન્નિકર્ષ વગર જાણે છે. એટલે ચક્ષુને તથા મનને વ્યંજનાવગ્રહ ન હોય, બાકીની ચારે ઈંદ્રિયોને (સ્પર્શ, જિહ્વા, ઘ્રાણ અને કાનને) વ્યંજનાવગ્રહ

જૈન साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય. એ ચાર પેટાભેદ, મતિજ્ઞાનના થયા. પદાર્થના અવ્યક્ત જ્ઞાનને 'અર્થાવગ્રહ' કહેવામાં આવે છે. તેમાં તો વસ્તુનું અવ્યક્તજ્ઞાન થાય, એટલે અર્થાવગ્રહ મતિજ્ઞાન પાંચે ઇદ્રિયો અને છઠ્ઠા મનને લાગે છે. એ રીતે મતિજ્ઞાનના ૧૦ ભેદ થયા. એના આડું આવરણ આવે તે મતિજ્ઞાનાવરણીય. જેમ સૂર્ય અને આપણી વચ્ચે વાદળ આવે તો પ્રકાશ સ્વયં આવતો નથી. એ રીતે મતિજ્ઞાનાવરણના દશ ભેદ થયા.

જે પદાર્થ પોતાની નજીક આવે, તેનું જ્ઞાન થાય તે ઇહા નામનું મતિજ્ઞાન છે. અર્થાવગ્રહમાં જે અવ્યક્ત જ્ઞાન થયું હતું, તેમાંવિકલ્પો કરનારું ઇહા મતિજ્ઞાન કહેવાય છે. તેનું આવરણ થાય, તે મતિજ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે. એમાં પણ વસ્તુ અને ઇંદ્રિય નજીક આવતાંહોવાથી અને મન દ્વારા પણ ઇહા થતી હોવાથી મતિજ્ઞાનના છ ભેદ થાય છે. તેનું આવરણ થવું, તે મતિજ્ઞાનાવરણીય કર્મ. 'આ સ્તંભો છે, મનુષ્યો નથી', એવું સંદેહ વગરનું જ્ઞાન થાય, એને 'અપાયમતિજ્ઞાન' કહેવામાં આવે છે. એમાં હજુ જરા શંકા રહે છે, પણ 'ઇહા' કરતાં સ્પષ્ટતર જ્ઞાન હોવાથી એ મતિજ્ઞાનનો વિષય છે. એમાં પણ એ પાંચે ઇંદ્રિયોથી થતું જ્ઞાન હોવાથી અને મન સહકારી હોવાથી એ અપાયના છ ભેદ પડે છે. અને ધારણામાં એ 'સ્તંભ કે થાંભલો નથી, પણ નિશ્ચય મનુષ્ય છે' એ ચોક્કસ જ્ઞાનને ધારણા વિભાગમાં ગણ્યું છે. એમાં પણ પાંચે ઇંદ્રિયો અને મન દ્વારા એ જ્ઞાન થતું હોવાથી એના છ વિભાગ પડે. એ રીતે મતિજ્ઞાનાવરણીયના ૨૮ પ્રકાર થાય છે. વ્યંજનાવગ્રહ, અર્થાવગ્રહ, ઇહા, અપાય અને ધારણા એ પાંચમાં પ્રથમ-વ્યંજનાવગ્રહના ચાર પ્રકાર હોવાથી, એમાં આંખ અને મનને વસ્તુ અને ઇંદ્રિયનો સન્નિકર્ષ થતો ન હોવાથી તેમાં ચાર પ્રકાર પ્રકટ થાય છે અને અર્થાવગ્રહ, ઇહા, અપાય અને ધારણામાં છ છ પ્રકાર થાય છે. આવી રીતે મતિજ્ઞાનાવરણીય કર્મના અઠ્ઠાવીશ (૨૮) પ્રકાર થાય છે. એનું બીજું નામ આભિનિબોધિક જ્ઞાન પણ કહેવાય છે.

**શ્રુતજ્ઞાન**—શાસ્ત્રના વાંચનથી કે સાંભળવાથી જે જ્ઞાન થાય તેને શ્રુતજ્ઞાન કહેવામાં આવે છે. એનું આવરણ જે કરે તે શ્રુતજ્ઞાનાવરણીય કર્મ બીજું છે. તેમાં વૈનયિકી-વિનય કરીને મેળવેલ જ્ઞાન, કાર્મિકી (by constant practice-સતત અભ્યાસથી) જે વિદ્યા મેળવી હોય તે, ત્રીજી ઔત્પાતિકી બુદ્ધિ, કામ પડે તે વખતે બુદ્ધિ ઉત્પન્ન થાય તે પારિણામિકી બુદ્ધિ-અનુભવથી થયેલી બુદ્ધિ, એમ ચાર પ્રકારની બુદ્ધિનો સમાવેશ થાય છે. એ બુદ્ધિ સાથે શ્રુતજ્ઞાનના ૩૩૬ ભેદ થાય છે, તેનું આવરણ શ્રુતજ્ઞાનાવરણીય કર્મ કરે છે. એ રીતે પેટાભેદ બીજો થયો. આ શ્રુતજ્ઞાનના ૩૩૬ ભેદની વિગત માટે મારો કર્મનો નિબંધ વાંચવો.

આ શ્રુતજ્ઞાનાવરણીયના ૧૪ (ચૌદ) ભેદ તથા ૨૦ (વીશ) ભેદ થાય છે. તે આ પ્રમાણે—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અક્ષરશ્રુત**—અક્ષર ને તેના ત્રણ પ્રકાર છે. અ થી માંડીને હ સુધી ઉચ્ચાર કરવામાં આવે, તેને વ્યંજનાક્ષર કહેવામાં આવે છે. વ્યંજન બીજાને પોતાનો આશય જણાવે છે, માટે તેને વ્યંજન અક્ષર કહ્યા છે. આનો બોલવામાં ઉપયોગ થાય છે. એટલે તેને વ્યંજનાક્ષર સંજ્ઞા યોગ્ય રીતે આપવામાં આવી છે. શબ્દ જાણતાં જ તેના અર્થનું ભાન થાય તે લબ્ધ્યક્ષર કહેવાય છે. અને અક્ષરની સંજ્ઞા જોતાં તે અમુક અક્ષર છે એમ કહેવાય તે સંજ્ઞાક્ષર. આમાં સંજ્ઞા અને વ્યંજન અક્ષરને દ્રવ્યશ્રુત અને લબ્ધ્યક્ષરને ભાવશ્રુત કહે છે.

**બીજુ અનક્ષરશ્રુત છે**—પંચેંદ્રિય જીવોને સંજ્ઞા હોય છે. તે સંજ્ઞાથી જાણે તે અક્ષરશ્રુતનું પ્રતિપક્ષી અનક્ષરશ્રુત છે. એટલે ઓડકાર, છીંક કે ખાંસીથી કોઈ પદાર્થ કે વસ્તુનું કે માણસની હાજરીનું જ્ઞાન થાય તે, અનક્ષર શ્રુતના વિભાગમાં આવે છે.

**ત્રીજુ સંજ્ઞિશ્રુત કહેવાય છે**—હેતૂપદેશ, દીર્ઘકાલિકી અને દૃષ્ટિવાદોપદેશિકી એમ ત્રણ સંજ્ઞા હોય છે. દીર્ઘકાલિકી સંજ્ઞાથી જીવના મનોગત ભાવ જણાય, તેને સંજ્ઞિશ્રુત-જ્ઞાન કહેવામાં આવે છે. અને જે કોઈ કામ કરી ચૂકેલો હોય અથવા અમુક કામ કરુ છું અને અમુક કાર્ય હું ભવિષ્યકાળમાં કરીશ, તે હેતૂપદેશ સંજ્ઞિશ્રુત. આ પ્રમાણે ચૌદ પૂર્વધર મુનિને જે જ્ઞાન થાય તે દૃષ્ટિવાદી પ્રાદેશિકી સંજ્ઞા કહેવાય છે.

મન વગરના જીવો અસંજ્ઞી કહેવાય છે. તેને 'ઇન્સ્ટીંકટ'—જાતિબળથી જે જ્ઞાન થાય, તેને સંજ્ઞિશ્રુતનું પ્રતિપક્ષી અસંજ્ઞિશ્રુત કહેવામાં આવે છે. આવાને મન વગર માત્ર ઇંદ્રિયથી જ્ઞાન થાય છે. એ શ્રુતજ્ઞાનનો ચોથો પ્રકાર છે.

**સમકિત દૃષ્ટિ** જીવને જે જ્ઞાન થાય, તે પાંચમુ સમ્યગ્ શ્રુત કહેવાય છે. અને તેનું પ્રતિપક્ષી છઠ્ઠું મિથ્યાશ્રુત કહેવાય છે. એમાં ખોટાનું ખરા તરીકે અને ખરાનું ખોટા તરીકે જ્ઞાન થાય છે. આ શ્રુતજ્ઞાનનો છઠ્ઠો વિભાગ થયો.

સાતમું જે જ્ઞાનની આદિ હોય છે, તેને સાતમું સાદિશ્રુત કહેવામાં આવે છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ આના (સાદિશ્રુતના) ચાર વિભાગ છે. દ્રવ્યની અપેક્ષાએ શ્રુતજ્ઞાન સાદિ અને સપર્યવસિત છે, સમ્યકત્વ વમતી વખતે અથવા કેવળજ્ઞાન પામતી વખતે શ્રુતજ્ઞાન જાય તે સપર્યવસિત જ્ઞાન કહેવાય છે. સર્વ જીવોને ખ્યાલમાં રાખતાં, શ્રુતજ્ઞાન અનાદિ અને અપર્યવસિત છે, કારણ કે કોઈને કોઈ જીવને શ્રુતજ્ઞાન સદા હોય છે એમ કહી શકાય, એ બન્ને પ્રકારો દ્રવ્યથી સમજવા. ભરત–ઐરવતમાં પ્રથમ તીર્થ પ્રવર્તે તે દિવસથી શ્રુતજ્ઞાનની આદિ થઈ, એટલે ક્ષેત્રની અપેક્ષાએ સાદિશ્રુત કહેવાય અને તીર્થ-વિચ્છેદ થાય ત્યારે શ્રુતજ્ઞાનનો પણ વિચ્છેદ થાય, આ કારણે એને સાંતશ્રુત કહેવાય. એ શ્રુતજ્ઞાનનો છઠ્ઠો ભેદ થયો. એ ક્ષેત્રની અપેક્ષાએ વાત થઈ. કાળની અપેક્ષાએ જોઈએ. ચોથા અને પાંચમા અવસર્પિણી આરામાં તે હોવાથી સાદિસાંત કહેવાય, અને છઠ્ઠા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આરાની અપેક્ષાએ અનાદિ અનંત કહેવાય(?). આ પ્રમાણે કાળથી આરો અને તેનાથી થતું જ્ઞાન સમજવું અને મહાવિદેહની અપેક્ષાએ તો શ્રુતજ્ઞાનનો અનાદિ અનંત વિભાગ જ સંભવે. સમ્યક્ત્વ પામે ત્યારે શ્રુતજ્ઞાન થાય, તે સાદિશ્રુત કહેવાય અને તે ભાવની અપેક્ષાએ થાય છે. આ રીતે સાદિ અને અનાદિ તથા પર્યવસિત શ્રુત અને અપર્યવસિતશ્રુત એમ સાતથી દશ પ્રકાર થયા.

એક સરખા પાઠ કે ગીતિ–આર્યા (આદિ), તેને ગમિકશ્રુત કહેવામાં આવે છે. દૃષ્ટિવાદ નામનું બારમું અંગ એકસરખા પાઠનું હોવાથી તે ગમિકશ્રુત કહેવાય છે. જેના એકસરખા પાઠ ન હોય તે અગમિકશ્રુત કહેવાય છે. તે ગમિકશ્રુતનું પ્રતિપક્ષી છે. આ રીતે શ્રુતજ્ઞાનનો અગિયારમો અને બારમો પ્રકાર થયો. તેરમા પ્રકારમાં અંગપ્રવિષ્ટ શ્રુત આવે છે. ભગવતીસૂત્ર પ્રમુખ બાર અંગ તે અંગનું શ્રુત અને તેમાં બારે અંગના જ્ઞાનનો સમાવેશ થાય છે. અંગબાહ્યશ્રુત તે ચૌદમો પ્રકાર છે. તેમાં અંગ બહારના સર્વ ગ્રંથો, કર્મગ્રંથ, પ્રકરણો વગેરેનો સમાવેશ થાય છે. દશવૈકાલિક, ઉત્તરાધ્યયન એ સર્વ અંગબાહ્ય શ્રુતમાં આવે છે. આવા પ્રકારના ચૌદ વિભાગના શ્રુતજ્ઞાનનું આવરણ કરેલું તે શ્રુતજ્ઞાનાવરણીય કર્મ છે. એમાં ચૌદ પ્રકારમાંથી ગમે તે પ્રકારનું આવરણ થઈ શકે છે, તે ત્યાં સમજી લેવું.

કર્મગ્રંથના શ્રુતજ્ઞાનના વીશ પ્રકાર પણ સાતમી ગાથામાં બતાવ્યા છે, તે આ પ્રમાણે–

નિગોદનો અપર્યાપ્તો જીવ પ્રથમ સમયે જેટલો જઘન્ય કુશ્રુત, તેનો એક અંશ વધે, તે પ્રથમ પર્યાયશ્રુત અને તેમાં બે-ચાર કુશ્રુતપર્યાયનું જ્ઞાન વધે, તે પર્યાયસમાસશ્રુત. હવે ત્રીજા અક્ષરશ્રુતની વાત કરીએ. અકારાદિ લબ્ધ્યક્ષરમાંથી એક અક્ષરને વ્યંજનપર્યાય સહિત જાણવો, તે અક્ષરશ્રુત કહેવાય છે. આમાં સ્વર કે વ્યંજન ચાલે, પણ તેમાંથી એકનું જ જ્ઞાન અક્ષરશ્રુત કહેવાય છે. તેમાં તેને હ્રસ્વ ઇ, ઉ વગેરે લાગે, તે પણ અક્ષરશ્રુતના એક અક્ષરના જ્ઞાનમાં આવે છે. અક્ષરસંયોગે બે-ત્રણ-ચાર કે વધારે અક્ષરો થાય તે અક્ષરસમાસશ્રુત. તેમાં એકથી વધારે અક્ષરોનું જ્ઞાન થાય છે. પાંચમું પદશ્રુત આવે છે. ઘણા અક્ષરો મળવાથી એક પદ થાય છે. એમાં અર્થનું જ્ઞાન પણ આવે છે, પદનું માત્ર જ્ઞાન થાય, પણ તેના અર્થનો ભાસ થાય તે પદશ્રુતમાં આવે છે. આવા એકથી વધારે પદનું જ્ઞાન થાય, તે પદસમાસ શ્રુતજ્ઞાન છઠ્ઠું જ્ઞાન કહેવાય છે. પદનો અર્થ આમાં બરાબર સમજાય છે. અને એકથી વધારે પદમાં એકથી વધારે પદનો અર્થ સમજાય છે, તે પદસમાસશ્રુત નામનો છઠ્ઠો પ્રકાર થાય છે. એક માર્ગણાનુ સંપૂર્ણજ્ઞાન થાય, તે સાતમું સંઘાતશ્રુત કહેવાય છે અને ચૌદ માર્ગણા પૈકી એકથી વધારે માર્ગણાનું સંપૂર્ણ જ્ઞાન થાય તે આઠમું સંઘાતસમાસશ્રુતજ્ઞાન કહેવાય છે. આમાં જીવાદિકને અવતરવાનું જ્ઞાન પણ માર્ગણાજ્ઞાનમાં સમાય છે. એ માર્ગણાનું એક વિષયી પૂર્ણજ્ઞાન છે. આના સમાસશ્રુતમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એકથી વધારે માર્ગણાનું જ્ઞાન થાય છે. ગતિ વગેરે દ્વારો પૈકી એકનું ઘણું કે સંપૂર્ણ જ્ઞાન થાય, તે નવમું પ્રતિપત્તિ શ્રુતજ્ઞાન કહેવાય છે. અને ગતિ વગેરે બે-ચાર દ્વારનું જ્ઞાન થાય, તે પ્રતિપત્તિસમાસશ્રુત કહેવાય છે. આ રીતે દશમું શ્રુતજ્ઞાન અને તેનો પ્રકાર થયો. 'संतपयपरूवणया दव्वपमाणं च खित्तफुसणाए' એ ગાથામાં બતાવેલ દ્વારો પૈકી એક દ્વારનું જ્ઞાન, જેની વિગતો અનુયોગદ્વારમાં જણાવવામાં આવેલ છે, તે અગિયારમું અનુયોગ-શ્રુત અને તેવા બે-ત્રણ-ચાર કે તેથી વધારે દ્વારનું જ્ઞાન થાય તે બારમું અનુયોગસમાસશ્રુત જ્ઞાન કહેવાય. આમાં છતાં પદની વ્યાખ્યા સમજવી; "ખરશૃંગ" જેવા શબ્દને આમાં સ્થાન નથી. પ્રાભૃત પ્રાભૃત નામનો અધિકાર – પ્રકરણ દૃષ્ટિવાદ નામના બારમા અંગમાં છે. એના કોઈપણ એક અધિકારનું જ્ઞાન, તે તેરમું પ્રાભૃત પ્રાભૃત શ્રુતજ્ઞાન કહેવાય છે. અને એવા બે-ચાર કે વધારે અધિકારનું જ્ઞાન થાય તે ચૌદમું પ્રાભૃત પ્રાભૃત સમાસશ્રુતજ્ઞાન કહેવાય છે. આ દૃષ્ટિવાદ અંગ હાલ મોજૂદ નથી. શ્રુતજ્ઞાનનો આ ૧૩મો અને ૧૪મો વિભાગ થયો. જેમ ઘણા ઉદ્દેશે એક અધ્યયન થાય, તેમ ઘણાં પ્રાભૃત પ્રાભૃત મળવાથી એક પ્રાભૃત થાય; તેનું પ્રાભૃતશ્રુત અને એવાં એકથી વધારે પ્રાભૃતોનું જ્ઞાન થાય, તે પ્રાભૃત સમાસશ્રુત કહેવાય છે. આ રીતે શ્રુતજ્ઞાનનો પંદરમો અને સોળમો પ્રકાર થયો. ઘણાં પ્રાભૃતોથી એક વસ્તુ જણાય અથવા જેને અગાઉના કાળમાં પૂર્વ કહેતા હતા, તે પૈકી એ વિચ્છેદ ગયેલામાંના એક પૂર્વનું જ્ઞાન થાય, તે સત્તરમું વસ્તુ શ્રુતજ્ઞાન કહેવાય છે. એ ચૌદ પૂર્વનાં નામ અનુક્રમે આ પ્રમાણે છે: ૧. ઉત્પાદ, ૨. અગ્રાયણીય, ૩. વીર્યપ્રવાદ, ૪. અસ્તિપ્રવાદ, ૫. જ્ઞાન-પ્રવાદ, ૬. સત્યપ્રવાદ, ૭. આત્મપ્રવાદ, ૮. કર્મપ્રવાદ, ૯. પ્રત્યાખ્યાનપ્રવાદ, ૧૦. વિદ્યા-પ્રવાદ, ૧૧. કલ્યાણપ્રવાદ, ૧૨. પ્રાણપ્રવાદ, ૧૩. ક્રિયાવિશાલપ્રવાદ, ૧૪. લોકબિંદુસાર: એ ચૌદ પૂર્વનાં નામો છે. તે ઘણા હાથીપ્રમાણ મસીને લખવા સારું રોકે છે. આવા એક એક પૂર્વનું જ્ઞાન થવું, તે પૂર્વશ્રુત કહેવાય છે. પૂર્વમાં એકથી વધારે વસ્તુ આવે. તે તો જેણે પૂર્વ વાંચ્યાં હોય તે જાણે. અને એકથી વધારે પૂર્વનું જ્ઞાન થવું તે પૂર્વસમાસશ્રુત-જ્ઞાન કહેવાય. આ ૧૯મો અને ૨૦મો પ્રકાર થયો. એનું આવરણ અથવા આચ્છાદન થાય તે શ્રુતજ્ઞાનાવરણીય કર્મ કહેવાય.

એમાં 'આ કાંઈક છે' એવું અવ્યક્ત જ્ઞાન થાય, તેને વ્યંજનાવગ્રહ કહે છે, તે આપણે ઉપર જોયું. તેમાં વસ્તુ અને ઇન્દ્રિયનો સન્નિકર્ષ-સંબંધ ન હોય, તેથી નેત્ર અને મનને વ્યંજનાવગ્રહ ન લાગે, પણ બાકીની ચાર ઇન્દ્રિયને લાગે. અને ઈહા, અપાય અને ધારણા તથા અર્થાવગ્રહને એમ એ પ્રત્યેકના છ છ ભેદ ભેળવતાં ૨૮ ભેદ મતિજ્ઞાનના થાય.

તેવા દરેક અઠ્ઠાવીશ ભેદને બીજા બાર પ્રકાર લાગે છે. દાખલા તરીકે જીવો, ઘણાં ...ના શબ્દ સાંભળે છે, કોઈ જીવ તેમાં ઘણા શબ્દો ગ્રહે અને કોઈ જીવ એક ઢોલ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે પિપૂડીનો સ્વર સાંભળે. ક્ષયોપશમ પ્રમાણે સર્વ સાંભળે તે બહુ ભેદ અને કોઈ જીવ થોડા જ શબ્દ ગ્રહણ કરે તે અબહુ. કોઈ જીવ તારના અવાજ સાંભળે તેમાં કોઈ તીવ્ર સ્વર હોય અને કોઈ મંદ, આવી રીતે ઘણા વિશેષ જાણે તે ત્રીજું 'બહુવિધ' મતિજ્ઞાન કહેવાય છે; અને એક, બે કે ત્રણ સ્વર જાણે યાવત્ સર્વથી એકાદ પણ ઓછો સ્વર જાણે તે 'અબહુવિધ' નામનો ચોથો મતિજ્ઞાનનો પ્રકાર થાય છે. કોઈક તુરત ગ્રહે તે પાંચમો ક્ષિપ્ર ભેદ જાણવો, પણ કોઈ હળવે હળવે ગ્રહે તે છઠ્ઠો 'અક્ષિપ્ર' ભેદ જાણવો. કોઈ ધુમાદિક લિંગે કરી અગ્નિને અનુમાનથી જાણે તે સાતમો 'સલિંગ' ભેદ કહેવાય છે. અને લિંગ વગર અનુમાન કરી તે અગ્નિને જાણે, તે આઠમો 'અલિંગ' મતિજ્ઞાનનો ભેદ જાણવો. કોઈ સંદેહસહિત તે વસ્તુને જાણે તે નવમો 'સંદિગ્ધ' ભેદ જાણવો અને એમાં જરા પણ સંદેહ, શંકા કે કુશંકા ન રહે, તે દશમો 'અસંદિગ્ધ' ભેદ જાણવો. કોઈ એક વાર કહેલી ચીજ તુરત જાણે, તે 'ધ્રુવ' નામનો અગિયારમો ભેદ અને કોઈ વારંવાર કહ્યા છતાં ન જાણે અથવા જાણે તે બારમો 'અધ્રુવ' મતિજ્ઞાનનો ભેદ. આ રીતે બાર ભેદ મતિજ્ઞાનના થયા. તેને ઉપરના અઠ્ઠાવીશ ભેદે (વ્યંજનાવગ્રહના ચાર, અર્થાવગ્રહના છ, ઈહાના છ, અપાયના છ અને ધારણાના છ — કુલ ૨૮) ગુણતાં ૩૩૬ પ્રકાર થયા. તેમાં ઉપર જણાવેલ ઔત્પાતિકી વિગેરે ચાર પ્રકારની બુદ્ધિ મેળવતાં ત્રણસો ને ચાળીશ ભેદ મતિજ્ઞાનના થાય. તેના પૈકી કોઈનું આવરણ થવું તેટલા પૂરતું મતિજ્ઞાનાવરણીય કર્મ છે.

આત્માનો સ્વભાવ જ્ઞાનનો છે, તે સ્વભાવ આડો વિભાવ આવી બેસી જાય છે. શ્રુતજ્ઞાનના આ રીતે, ક્ષયોપશમની વિચિત્રતાથી, અનેક ભેદ થાય છે.

અવધિજ્ઞાનના છ પ્રકાર છે તે આપણે હવે વિચારીએ : ભવપ્રત્યય અને ગુણપ્રત્યય એવા અવધિ (હદ) જ્ઞાનના બે પ્રકાર પડી શકે. સર્વ દેવો અને નારકોને ભવપ્રત્યયી અવધિજ્ઞાન હોય છે, જ્યારે કોઈક કોઈક મનુષ્ય અને તિર્યંચને ગુણપ્રત્યય અવધિજ્ઞાન હોય છે અથવા થાય છે. એના છ પ્રકાર આ રીતે પાડવામાં આવ્યા છે : જે ક્ષેત્ર દેખાતું હોય તે, લોચનની પેઠે, જ્યાં પ્રાણી જાય ત્યાં તેટલું ક્ષેત્ર દેખાય તેને 'અનુગામી' અવધિજ્ઞાન કહેવામાં આવે છે. એને આંખ-ચક્ષુ-લોચનની ઉપમા યોગ્ય રીતે અપાઈ છે, કારણ કે લોચન પણ માણસની સાથે જ જાય છે. એનાથી ઊલટા અવધિજ્ઞાનને 'અનનુગામી' અવધિજ્ઞાન કહે છે. આ બીજા પ્રકારનું અવધિજ્ઞાન બીજા સ્થાન પર જવાથી થતું અટકી જાય છે. તેનો આત્મા સાથે સંબંધ બંધ થઈ જાય છે અને તેથી તેને અનનુગામિ અવધિજ્ઞાન કહેવામાં આવે છે. જે અવધિજ્ઞાન થયા પછી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ કે ભાવની અપેક્ષાએ વધતું જાય, તે વર્ધમાન નામનું ત્રીજું અવધિજ્ઞાન કહેવાય છે. અને પરિણામોની અશુદ્ધિને લઈને એક વખત થયા પછી ઘટતું જાય, તે હીયમાન અવધિજ્ઞાનના પ્રકારમાં આવે છે. જે અવધિ-



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ્ઞાન ભવક્ષયે ચાલ્યું જાય અથવા કાંજો કાઢતાં શિષ્યને થયું, તેણે ઈંદ્રાણીને પગે લાગતાં ઇન્દ્રને જોતાં ચાલ્યું ગયું, તે પ્રતિપાતિ અવધિજ્ઞાન પાંચમું થયું. હાસ્ય નામના મોહનીયનું પરિણામ હતું. પણ ગુણક્ષયે તેને મશ્કરી-ઠેકડી સૂઝતાં કાંજો કાઢવાનું ગુણપ્રત્યયી ઉત્પન્ન થતું અવધિજ્ઞાન ગયું, તે પાંચમું 'પ્રતિપાતિ', અવધિજ્ઞાનનો પાંચમો પ્રકાર જાણવો. દીવાની માફક આવેલો પ્રકાશ એ જ્ઞાનમાં ચાલ્યો જાય છે, લાંબો અથવા જરા વખત પણ ટકતો નથી, તે આ પાંચમા પ્રકારના પ્રતિપાતી અવધિજ્ઞાનમાં આવે છે, અને જે અવધિજ્ઞાન કેવળજ્ઞાનની અંતર્મુહૂર્ત પહેલાં પ્રકટે અને આવેલું જાય નહિ, તે છઠ્ઠો પ્રકાર અવધિજ્ઞાનનો 'અપ્રતિપાતી' વિભાગમાં આવે છે. અવધિજ્ઞાન છદ્મસ્થ જીવને પણ હોય છે. આવા છ પ્રકારમાંથી કોઈપણ પ્રકારનું અવધિજ્ઞાન ન થાય, એનું આવરણ થાય, તે અવધિજ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે. મિથ્યાત્વીનું અવધિજ્ઞાન – વિભંગજ્ઞાન કહેવાય છે. તે દ્રવ્યથી રૂપી દ્રવ્યને જાણે છે અને ક્ષેત્રથી એક અંગુલના અસંખ્યાતમા ભાગને જાણે છે, અને અલોકમાં કોઈ પદાર્થ નથી તે પણ એના જ્ઞાનનો વિષય થઈ શકે. આ અસત્કલ્પના અવધિજ્ઞાનના સ્વરૂપને સમજાવવા માટે કરવામાં આવી છે. કાળથી અવધિ આવલિકાના અસંખ્યાતમા ભાગને જાણે અને ઉત્કૃષ્ટ ઉત્સર્પિણી અવસર્પિણીના સર્વ રૂપી પદાર્થોને દેખે. ભાવથી સ્વરૂપ દર્શાવતાં રૂપીદ્રવ્યના ભાવોને અવધિજ્ઞાની દેખે અને અનંતભાવોને દેખે. અનંતના અનંત ભેદ છે. પણ આ ઉત્કૃષ્ટ નવમે અનંતે રહેલ છે. આવા અવધિજ્ઞાનનું આવરણ થવું, તે અવધિઆવરણ કર્મ કહેવાય છે.

હવે ચોથા મનઃપર્યવજ્ઞાનની વાત ક્રમપ્રાપ્ત આવે છે. મનના વિચારો પણ પૌદ્ગલિક છે અને પૌદ્ગલિક આકારને ધારણ કરનારા છે, તેને જાણવા-દેખવા તે મનઃપર્યવજ્ઞાનનો વિષય છે. બીજાના મનના વિચારોને સામાન્ય પ્રકારે દેખવા તે ઋજુમતિ મનઃપર્યવજ્ઞાન કહેવાય છે. આવા અનેક પર્યાય – વિચારો બીજાના મનમાં થાય, તે દેખવા તે વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન કહેવાય છે. ઋજુમતિ અનંત વિચારસ્કંધોને જાણે, એનાથી વધારે પ્રદેશ દેખે તે દ્રવ્યથી વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન કહેવાય છે. ક્ષેત્રથી અઢીદ્વીપમાં રહેલ પ્રાણીના વિચારોને જાણે અને ઊંચે જ્યોતિષ્ચક્ર પર્યંતમાં રહેલ પ્રાણીના વિચારો દેખે તે ક્ષેત્રથી મનઃપર્યવજ્ઞાન અને નીચે ક્ષેત્રથી તેનો વિષય પહેલી નારકી સુધીનો છે. કાળથી ઋજુમતિ મનઃપર્યવવાળા પલ્યોપમનો અસંખ્યાતમો ભાવ દેખે છે. તે ભૂતકાળમાં પણ તે કાળ લાભે અને ભવિષ્ય કાળમાં પણ લાભે, એનાથી કાંઈક વધારે સ્પષ્ટતાથી અને વધારે સમય માટે વિચારોને દેખે, ત્યારે તેને કાળથી વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન કહેવાય છે. ભાવથી મનઃપર્યવજ્ઞાની અસંખ્ય પર્યાયોને જાણે, તે ભાવથી ઋજુમતિ મનઃપર્યવજ્ઞાન કહેવાય છે. કાંઈક વધારે પર્યાયોને દેખે ત્યારે તે વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન કહેવાય છે. આવા ભેદ – પ્રકારવાળું મનઃપર્યવજ્ઞાન ન થાય તે મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મ આત્મા સામે આચ્છાદન – અંતરાય કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંપૂર્ણજ્ઞાનને કેવળજ્ઞાન કહેવામાં આવે છે. એમાં ભેદ કાંઈ નથી. સર્વમાં કોઈ જાતનો અપવાદ ન જ હોય, સર્વ જાણવું એટલે સર્વ જાણવું. એવું કેવળજ્ઞાન ન થવા દે, તે કેવળજ્ઞાનાવરણીય કર્મ આચ્છાદન કરનાર તરીકે કામ કરે છે. આ રીતે જ્ઞાનાવરણીય કર્મ નામના પ્રથમ ભેદના પાંચ પેટા ભેદ થયા. તેના અનુક્રમે નામો આ પ્રમાણે છે: મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય, અવધિજ્ઞાનાવરણીય, મનઃપર્યવજ્ઞાનાવરણીય અને પાંચમું કેવળજ્ઞાનાવરણીય કર્મ. આ પ્રમાણે 'પંચ શબ્દ' પર વિવેચન થયું.

**નવ**—હવે આપણે 'નવ' શબ્દ પર વિવેચન કરીએ છીએ. દર્શનના નવ પ્રકાર છે. દર્શન એટલે દેખવું, એમાં આવરણ એટલે અંતરાય થાય છે, પણ સર્વથા પ્રકાશનો અભાવ થતો નથી. એટલે દરેક આત્મા થોડુંઘણું તો જરૂર જાણે છે, કારણ કે છેવટે અક્ષરનો અનંતમો ભાગ સર્વ જીવને માટે જાણવા પૂરતો ખુલ્લો છે, જેમ આંખ આડી કાપડની પટ્ટી લગાવી હોય તો તેથી દેખાતું તો નથી, પણ તદ્દન અંધકાર નથી થતો, કાંઈક ઝાંખા પ્રકાશ જેવું પણ સહજસાજ રહે છે. આ આવરણ વધારે ઓછું હોય છે, પણ તદ્દન અંધકાર થતો નથી, એમ સમજવું. પોતાની ચક્ષુથી જોવું તે ચક્ષુદર્શન કહેવાય છે અને ચક્ષુ સિવાયની કોઈ પણ ઇંદ્રિય દ્વારા જોવું તે અચક્ષુદર્શન કહેવાય છે. દૂર રહેલ પદાર્થોને જાણવા કે દેખવા નહિ તે અવધિદર્શનાવરણ કહેવાય છે અને સંપૂર્ણ વસ્તુ વસ્તુસ્વરૂપ જણાય-દેખાય નહિ તે કેવળદર્શનાવરણ. આવી રીતે ૧. ચક્ષુદર્શનાવરણ, ૨. અચક્ષુદર્શનાવરણ, ૩. અવધિદર્શનાવરણ અને ૪. કેવળદર્શનાવરણ એમ દર્શનાવરણના ચાર પ્રકાર થયા. મનઃપર્યવ તો વસ્તુઓના વિશેષ ધર્મોને જાણે છે, તેથી તેનું દર્શનાવરણ બતાવ્યું નથી. અને દર્શનાવરણ કર્મમાં પાંચ પ્રકારની નિદ્રા આવે છે, તેને આપણે અનુક્રમે સમજી લઈએ. કારણ કે નિદ્રા વગેરે પાંચ પ્રકારના કર્મના ઉદયથી પણ તે ચાલે તેટલો વખત દર્શન બંધ થઈ જાય છે. આમાં સમસ્ત દર્શનનું આવરણ થાય છે, તેથી પાંચે પ્રકારની નિદ્રાને દર્શનાવરણીય કર્મમાં ગણવામાં આવે છે. આદમી ભરઊંઘમાં સૂતેલ હોય, પણ જરા અવાજ આવતાં સુખેથી જાગી જાય તેને 'નિદ્રા' નામની પ્રથમ પ્રકારની નિદ્રા કહે છે. આ કર્મપ્રકૃતિ સર્વઘાતિની છે. એટલે એનો દર્શનાવરણમાં સમાવેશ થાય છે. આમાં કારણમાં કાર્યનો ઉપચાર છે. ખૂબ મહેનત આપીને, ઘાંટા પડાવીને દુઃખે જાગે તે નિદ્રાનો બીજો પ્રકાર નિદ્રાનિદ્રા નામનો છે. જેમાં ઊભા ઊભા કે બેઠા બેઠા નિદ્રા આવે, તે નિદ્રાને 'પ્રચલા' નામની નિદ્રા કહેવામાં આવે છે. ચાલતા-ફરતા ફરતા જે નિદ્રા આવે તે નિદ્રાને 'પ્રચલાપ્રચલા' નામ આપવામાં આવ્યું છે. ઘોડાને ઘણી વખત આવી ઊંઘ આવે છે. તે ચાલતો દેખાય, પણ ઊંઘતો હોય છે. તેને ચીમકી વાગે અથવા તેના ખોરાકમાં કાંકરો આવે ત્યારે તે ચોંકી જાગી જાય છે. આ ચોથા પ્રકારની નિદ્રા થઈ. દિવસે ચિંતવેલ કાર્ય રાતના ઊંઘમાં કરે તે થીણદ્ધિ નિદ્રા કહેવાય. એમાં માણસો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થાનનાં થાન વધેરી નાંખે છે અને ઊંઘમાં અવ્યવસ્થિત ખૂન સુદ્ધાં કરે છે. એ પાંચમા પ્રકારની ઊંઘ થઈ. આ છેલ્લી ઊંઘ અર્ધચક્રીના અડધા બળવાળી એટલે બળદેવના જેવી બળવાન હોય છે. શિષ્ય રાતે ઊઠી હાથીના દંતૂશળો ખેંચી કાઢે તેટલું તે ઊંઘમાં બળ હોય છે એને સંસ્કૃતમાં સ્ત્યાનગૃદ્ધિ-સ્ત્યાનર્ધિ નિદ્રા કહેવામાં આવે છે અને તે હલકા પ્રકારની નિદ્રા ગણાય છે.

દ્વિ—ત્રીજા શાતાવેદનીય કર્મના શાતા અને અશાતા નામે બે પ્રકારે વિભેદ થઈ શકે. શાતાથી સુખનો અનુભવ થાય છે, અશાતાથી દુઃખનો અનુભવ થાય છે. એ કર્મને મધુલિપ્ત તરવારધાર સાથે સરખાવવામાં આવ્યું છે. શાતાવેદનીય પણ પરિણામે દુઃખકારક છે અને સુખદુઃખ તો આવે જાય છે. એટલે આ કર્મની બે પ્રકૃતિ વિચારવાલાયક છે. ચાટવાની વાત શાતાવેદનીય સાથે સરખાવવા યોગ્ય છે, પણ મધુથી લેપાયેલી ધારને અશાતા સાથે સરખાવવા યોગ્ય છે. આમાં જીવની સરખામણી મધુલિપ્ત તરવારની ધાર ચાટનારી જીભ સાથે કરવી યોગ્ય છે.

**અષ્ટાવિંશતિ**—આ મોહનીય કર્મના અઠ્ઠાવીશ પ્રકારની વાત છે. આ મોહનીય કર્મને કર્મોનો રાજા ગણવામાં આવેલ છે અને દારૂ જેવી અસર કરનાર છે. માણસને પડેલ અને ચડેલ ઘેનમાં રાખનાર આ કર્મના અઠ્ઠાવીશ પ્રકાર છે, તેમાં દર્શનમોહનીયના ત્રણ પ્રકાર છે: સમકિતમોહનીય, મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીય. આમાં મિશ્રમોહનીયમાં નાળિયેર દ્વીપના મનુષ્યોને અન્ન પર રુચિ થાય નહિ, કે તેનો વિરોધ થાય નહીં, કારણ કે એ કદી અન્નને જોતા જ નથી. તેમ અરુચિ થાય તો તે મિથ્યાદર્શની સમજવો અને રુચિવંત જીવને સમકિતી કહેવામાં આવે છે. આમાં મિશ્ર સ્થિતિ બતાવી તે માત્ર અંતર્મુહૂર્ત ટકે છે; પછી તો પ્રાણી મિથ્યાત્વમાં કે સમકિતમાં ચાલ્યો જાય છે. અને સમકિતી તરીકે સાત અથવા નવ તત્ત્વમાં શ્રદ્ધા ધરે છે; તેને તત્ત્વસદ્દહણા થાય છે અને જૈનધર્મ પસંદ પડે છે. આમાં મિશ્રસ્થિતિ અડતાળીશ મિનિટથી વધારે વખત ટકતી નથી, તે વાત બરાબર સમજવા યોગ્ય છે. દર્શનમોહનીયના આ ત્રણ પ્રકાર થયા. ચારિત્રમોહનીયની પચીશ (૨૫) પ્રકૃતિ છે, તેમાં ક્રોધ, માન, માયા અને લોભના ચાર ચાર ભેદ, એની તરતમતાને અંગે, ઉપર જણાવ્યું તેમ, પાડવામાં આવ્યા છે તે અનુક્રમે આ પ્રમાણે: અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન. અનંતાનુબંધી કષાય (ક્રોધ, માન, માયા અથવા લોભ) જાવજ્જીવ રહે; અપ્રત્યાખ્યાની એક વરસ રહે; પ્રત્યાખ્યાની ચાર મહિના રહે અને સંજ્વલન કષાય વધારેમાં વધારે પંદર દિવસ રહે. એમાં અનંતાનુબંધી કષાય સમકિતનો ઘાત કરે; બીજો પ્રત્યાખ્યાની કષાય સર્વવિરતિપણાનો ઘાત કરે; ત્રીજો અપ્રત્યાખ્યાની દેશવિરતિપણા (અણુવ્રતનો) ઘાત કરે અને ચોથો સંજ્વલન પ્રકાર સર્વવિરતિને દૂષિત કરે છે. એ ચારે કષાયો કોઈ કોઈવાર અનુક્રમે પ્રાણીને દેવગતિ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મનુષ્યગતિ, તિર્યંચગતિ અને નરકગતિમાં ખેંચી જાય છે. આ રીતે ક્રોધ, માન, માયા અને લોભ એ દરેકના અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન એવા ચાર ચાર પ્રકાર પડતા હોવાથી સોળ પ્રકાર થાય છે. આ સોળ ચારિત્રમોહનીયના વિભાગો કર્મબંધમાં રસવિભાગ પૂરો પાડનારા છે. એની વિગતો સમજાય અને એનો ત્યાગ થાય એટલે બેડો પાર છે.

આપણે હવે એના (ચારિત્રમોહનીયના) બાકીના વિભાગ તપાસીએ. તેમાં ભાંડ વગેરેની વિદુષક–ચેષ્ટા જોઈને અથવા વિનાકારણ હસવું આવે તે હાસ્ય નામનો નોકષાય છે. નોકષાય હંમેશા કષાયનાં કારણ હોય છે. કષાયને ઉદ્દીપન કરનાર આ નવ નોકષાયો છે. તેનાં નામ પણ "પાઈઅસદ્દમહણ્ણવો" માં ણ અક્ષર નીચે (પૃ. ૨૧૨માં) આપવામાં આવ્યાં છે. પદાર્થ ઉપર અનુરાગ સકારણ કે વિનાકારણ થાય, તે રતિ નામનો કષાયને ઉદ્દીપન કરનાર નોકષાય એ બીજો નોકષાય છે. કોઈ આને અનુરાગ અથવા પ્રેમનું નામ આપે છે, એ સર્વ રતિ કરનાર-કરાવનાર પદાર્થનો રતિ અર્થમાં ઉપયોગ કરવો. એથી ઉલટી જો રતિ કે પ્રેમ ન થતાં અપ્રીતિ થાય અથવા ઉદ્વેગ થાય, તેને અરતિ નામનો ત્રીજો નોકષાય કહેવામાં આવે છે. હાસ્ય, રતિ અને અરતિ નામના નોકષાયો ચારિત્રમોહનીયના ત્રણ વિભાગો છે અને કષાયને ઉદ્દીપન કરનારા છે. વિનાકારણ કે સકારણ જે કર્મના ઉદયથી જે શોક થાય, તે શોક નામનો ચોથો નોકષાય છે. અને એ કર્મ પણ કષાયને ઉદ્દીપન કરનારું હોઈ ચારિત્રમોહનીયમાં ગણવામાં આવ્યું છે. કારણ વગર કે સકારણ ભય-બીક લાગ્યા કરે, તે ભય નામનો પાંચમો નોકષાય છે. અને એ પણ ચારિત્રમોહનીયનો વિભાગ છે. આવા ભયો સાત પ્રકારના જૈન શાસ્ત્રકારે વર્ણવ્યા છે. કોઈ તોફાની અથવા બળવાનને કે તેવા પ્રકારના માણસને દેખી બીક લાગ્યા કરે, તે 'ઇહલોક' ભય; મરી ગયા પછી આપણી શી ગતિ થશે, તેની બીક લાગ્યા કરે તે બીજો 'પરલોક ભય'; ચોર–લુંટારાનો ભય લાગ્યા કરે અને જંગલમાં પોતાની વસ્તુ છુપાવવાની જરૂરત લાગે તે 'આદાનભય'; વીજળી પડવાથી, ઘર પડવાથી, મોટર કે રેલ્વેનાં અકસ્માતોથી જે થાય છે, તે સર્વ આ ચોથા પ્રકારના 'અકસ્માતભય'માં આવે છે. જીવનનિર્વાહ માટે કે મોંઘારતને લઈને ચિંતા થયા કરે, તે પાંચમો 'આજીવિકા-ભય' કહેવાય છે. અમુક કામ કરવાથી મરણ થશે એમ મરણથી ડરવું તે છઠ્ઠો 'મૃત્યુભય'. લોકોમાં પોતાની અપકીર્તિ બોલાશે, તેની વારંવાર ચીવટ રાખવી પડે તે સાતમો 'અપ-યશભય'. આ રીતે ભય સાત પ્રકારના હોય છે. પુરુષને ભોગવવાની ઇચ્છા થાય તે સ્ત્રીવેદનો ઉદય સમજવો; અને સ્ત્રીને ભોગવવાની ઇચ્છા થાય તે પુરુષવેદ સમજવો અને પુરુષ અને સ્ત્રી બન્નેને ભોગવવાની ઇચ્છા થાય તે નપુંસકવેદ. તેમાં પુરુષવેદ ખડ-ઘાસના તાપ જેવો ક્ષણિક બતાવવામાં આવ્યો છે. એને અતિવેદ ન હોય. સ્ત્રીવેદને સૂકા ગોબરના અડાયા છાણાના અગ્નિ સાથે સરખાવવામાં આવેલ છે; અને આખા શહેરને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આગ લાગી હોય તે સાથે નપુંસકવેદને સરખાવવામાં આવેલ છે. આ રીતે નવ નોકષાય છે. તેને સોળ કષાય સાથે મેળવતાં પચીશ કષાયો થાય. તેને ત્રણ દર્શન મોહનીય સાથે મેળવતાં 'અઠાવીશ' એવો શબ્દ–ધ્વનિ નીકળે છે.

**ચતુઃ**—પાંચમા આયુષ્ય કર્મના ચાર વિભાગનો અત્ર ઉલ્લેખ છે. સુર, નર (મનુષ્ય), તિર્યંચ અને નારકના આયુષ્યના ચાર પ્રકાર છે, એ ગમે તે ચાર પૈકીની ગતિમાં કેટલો વખત રહેવું થશે, એ આ પાંચમું આયુષ્યકર્મ નિર્માણ કરે છે. આ આયુષ્યકર્મને હેડની સાથે સરખાવવામાં આવે છે.

**બેંતાળીશ**—નામકર્મ છઠ્ઠું (જુઓ આગલી ગાથા); તેમાં બેંતાળીશ પ્રકાર છે. તેમાં સંયુક્ત અથવા પેટાભેદવાળી પ્રકૃતિ છે, તે વિભાગીય બાર ભેદ અને દશ પ્રકૃતિ વૈયક્તિક એક એક ભેદવાળી છે અને તે રીતે બાવીશ પ્રકૃતિ અને ત્રસ દસકા તથા ઊલટા થાવર દશકા–એમ પ્રત્યેક દશ-દશ પ્રકૃતિ ગણવશું; તે રીતે બેંતાળીશ પ્રકાર આ નામકર્મના થાય છે. એ બેંતાળીશની વાત એ રીતે મૂળ શ્લોકમાં કહી છે, તે આ પ્રમાણે છે. એમાં જે ચૌદ સંયુક્તપ્રકૃતિ છે, તેના પેટાભેદો ગણવામાં આવે, તો તેનો સરવાળો ત્રાણું પ્રકૃતિ થાય છે, એટલે પિંડ પ્રકૃતિ ચૌદના ત્રાણું ભેદ, પ્રત્યેક પ્રકૃતિના આઠ ભેદ અને ત્રસ દશકા તથા થાવર દશકાના દશ-દશ ભેદ. હવે આપણે ક્રમપ્રાપ્ત ચૌદપિંડ સમૂહગત સંયુક્ત પ્રકૃતિને પ્રથમ વિચારીએ. ત્યાં પ્રથમ પિંડ પ્રકૃતિ-ગતિ આવે; તેના પેટામાં ચાર પ્રકૃતિ આવે છે : દેવગતિ, મનુષ્યગતિ, તિર્યંચગતિ અને નરકગતિ. આ દરેકની સાથે નામ એટલે નામકર્મ ભેદ છે, માટે નામયોજી લેવું. આ ચાર ગતિ મળે પ્રથમ ગતિનામક પિંડપ્રકૃતિ થઈ. જાતિનામક બીજી નામકર્મની પ્રકૃતિના પેટામાં એકેંદ્રિય, બેઇંદ્રિય, ત્રણ ઇંદ્રિયવાળા, ચાર ઇંદ્રિયવાળા અને પાંચ ઇંદ્રિયવાળા સર્વ જીવોનો સમાવેશ થાય છે. ત્વચા (સ્પર્શ-કરનાર–ચામડી), સ્વાદ લેનાર જીભ, સૂંઘનાર નાક, દેખનાર આંખો અને અવાજ સૂણનાર શ્રોત્ર (કાન) એ અનુક્રમે પાંચ ઇંદ્રિયો છે. એમાં એકેંદ્રિયને પ્રથમની એક સ્પર્શેન્દ્રિય જ હોય, બે ઇંદ્રિય જીવોને સ્પર્શ ઉપરાંત જીભ હોય; તેઇંદ્રિય જીવોને સ્પર્શ, જીહ્વા ઉપરાંત નાસિકા હોય, તે જીવો દા.ત., ગંડોળા, માંકડ, જૂ વગેરે. ચૌરિન્દ્રિય જીવોને ત્રણ ઉપરની ઇંદ્રિયો ઉપરાંત જોવાની આંખ હોય છે, એમાં વીંછી, તીડ, માખી વગેરે જીવોનો સમાવેશ થાય છે. અને પંચેંદ્રિય જીવોને સ્પર્શ, જિહ્વા, નાસિકા, આંખ અને કાન એમ મળીને પાંચે ઇંદ્રિયો હોય છે. આ પાંચ વિભાગીય પ્રકૃતિ સાથે અથવા પેટાવિભાગો સાથે નામકર્મ જોડવું. આ રીતે ત્રીજી પિંડપ્રકૃતિ થઈ. ચોથા પેટા વિભાગમાં શરીર નામકર્મ આવે છે. આ પિંડપ્રકૃતિના પાંચ પેટાવિભાગ છે. પ્રધાન, ઉદાર પુદ્‌ગળોથી બનેલાં શરીરને ઔદારિક શરીર કહેવામાં આવે છે. અનેક ક્રિયાઓ જે શરીરથી બની શકે, તે 'વૈક્રિય શરીર' આ ચોથા પેટા વિભાગમાં આવે છે. ચૌદપૂર્વધારી મુનિ તીર્થંકરને સંદેહ પૂછવા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અથવા એનો મહિમા જોવા જે ખાસ શરીરને બનાવે, તે શરીરને ત્રીજું ‘આહારક’ શરીર કહેવામાં આવે છે. દેવતાઓ પૈકી વૈમાનિક દેવતાઓ સંદેહ પૂછવા આવું શરીર બનાવી શકે છે. આવું શરીર કરવાની મુનિઓને અને વૈમાનિક દેવોને લબ્ધિ પ્રાપ્ત થાય છે. તેજ:પુદ્ગળોના બનેલા શરીરને ચોથું તેજ:શરીર કહે છે. આ તેજસ્થી શરીરની પાચનક્રિયા ચાલે છે, અને આત્માની સાથે લાગેલ કર્મનો સમૂહ, તેનો સંયોગ કાર્મણ શરીર નામકર્મના ઉદયથી થાય છે. આ તેજસ્ અને કાર્મણ શરીર મરતી વખત બીજા ભવાંતરમાં પણ સાથે જાય છે, અને ત્યાં આહાર લેવામાં મદદ કરીને શ્વાસ લેવામાં મદદ કરે છે અને શરીર બંધાવી આપે છે. આપણે તે શરીરનું વિશેષ કાર્ય યથાસ્થાન વિચારીશું. આવી રીતની ચોથી શરીર નામની પિંડપ્રકૃતિનો વિચાર કર્યો.

પાંચમી પિંડપ્રકૃતિ બંધનનામકર્મના નામથી ઓળખાય છે. પહેલેથી ગ્રહણ કરેલા ઔદારિક આદિ પુદ્ગળોની સાથે ગ્રહાતાં (ગૃહ્યમાણ) તેવાં પુદ્ગલોનો સંબંધ કરાવે, એ બંધનનામકર્મ. ઔદારિક પુદ્ગલોનો ઔદારિક પુદ્ગલો સાથે, વૈક્રિય પુદ્ગલોનો વૈક્રિય પુદ્ગલો સાથે ઇત્યાદિ. પહેલેથી ગ્રહણ કરેલાં વૈક્રિય પુદ્ગલો સાથે ગ્રહાતાં વૈક્રિય પુદ્ગળનો સંબંધ કરાવે તે વૈક્રિય બંધક નામકર્મ. તે જ પ્રમાણે આહારકાદિ પુદ્ગલોનું સમજી લેવું. બંધાયેલા પુદ્ગલોને તે તે શરીરના આકારમાં ગોઠવી આપનાર કર્મને સંઘાતન નામકર્મ નામની છઠ્ઠી પિંડપ્રકૃતિ કહેવાય છે.

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

સાતમી પિંડપ્રકૃતિને સંહનન અને સંઘયણ નામકર્મના નામથી ઓળખાવાય છે. એ કર્મના ઉદયથી શરીરમાં હાડની સાંધો મજબૂત અથવા નબળી બને છે. પટ્ટીથી જેમ કમાડ મજબૂત કરવામાં આવે છે, તે પટ્ટીનું કામ કરનાર સાતમું પિંડપ્રકૃતિ નામનું નામકર્મ થાય છે. તેના છ પ્રકાર સમજવા યોગ્ય છે. પ્રથમ સંઘયણને વજ્રઋષભનારાચ સંઘયણ કહે છે; તેમાં હાડકાં વચ્ચે મજબૂત પક્કડ થાય છે. વજ્ર એટલે ખીલો, તેને ફરતો ઋષભ એટલે બાંધવાનો ફરતો પટ્ટો અને તે બે હાડકાં ફરતો મર્કટબંધ હોય તેને નારાચ કહેવામાં આવે છે. આવું વચ્ચે પક્કડ, ફરતો બંધ અને બંધ ફરતો પટ્ટો એવું સખ્ત શરીરનું બંધારણ હોય તેને વજ્રઋષભનારાચ સંહનન (સંઘયણ) કહેવામાં આવે છે. પટ્ટો (ઋષભ) હોય અને બન્ને તરફ મર્કટ બંધ (નારાચ) હોય પણ તેને જોડનાર વચ્ચેનો મણિબંધ ના હોય, તે ‘ઋષભનારાચ’ નામનું બીજું સંઘયણ કહેવાય છે. ત્રીજા સંઘયણને ‘નારાચ’ નામ આપવામાં આવ્યું છે. એમાં મર્કટબંધ બન્ને હાડકાંની બાજુએ હોય, પણ વચ્ચે ખીલો કે ફરતે પટ્ટો ન હોય તે ત્રીજું સંઘયણ છે. જેમાં એક બાજુ મર્કટ-બંધ હોય અને બીજી બાજુ ખીલો હોય, તે ચોથું સંઘયણ ‘અર્ધનારાચ’ નામનું કહેવાય છે. મર્કટબંધ અને પટ્ટા વગર બે હાડકા વચ્ચે ખીલી હોય તેને પાંચમું–કીલિકા નામનું—સંઘયણ કહેવામાં આવે છે. અને છઠ્ઠા સંઘયણને ‘છેવટ્ઠું–સેવાર્ત’ નામનું સંઘયણ કહેવામાં આવે છે. એમાં મર્કટબંધ પણ નહિ, પટ્ટો પણ નહિ અને ખીલી પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નહિ; માત્ર હાડકાં એકબીજાના જોરથી ચાલ્યા કરે, પણ તે જોડનાર કોઈ પૌદ્‌ગલિક વસ્તુ નહિ અને ફરતો ચામડીનો બંધ નહિ, તે આ છેલ્લું સંઘયણ કહેવાય છે.

હવે આપણે શરીરની આકૃતિ બનાવનાર છ સંસ્થાન નામ કર્મ નામની આઠમી પિંડપ્રકૃતિના પેટાભેદો સમજી લઈએ. શરીરના આકારને સંસ્થાન કહેવામાં આવે છે. આસન અને કપાળનું અંતર, બન્ને પગના અંતર, જમણા સ્કંધ અને ડાબા પગનું અંતર અને ડાબા સ્કંધ અને જમણા પગનું અંતર સરખું હોય તેને પ્રથમ 'સમચતુરસ્ર' સંસ્થાન કહે છે. અને સામુદ્રિકશાસ્ત્રના નિયમ મુજબ જે શરીર રૂપાળું અને સંપૂર્ણ અવયવવાળું હોય, તે 'સમચતુરસ્ર' સંસ્થાન સમજવું. આવું શરીર સમચતુરસ્ર નામકર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે. બીજા પ્રકારમાં 'ન્યગ્રોધ' સંસ્થાન આવે છે. ન્યગ્રોધ એટલે વડનું ઝાડ. એટલે જમીન પર ન્યગ્રોધ ફાલેલ–ફૂલેલ દેખાય છે, તેમ નાભિ-ડૂંટી ઉપરનો શરીરનો ભાગ સુંદર હોય, તેને 'ન્યગ્રોધ' સંસ્થાન કહેવામાં આવે છે, નાભિ-ડુંટી નીચેનો ભાગ સરસ હોય તે ત્રીજું 'સાદિ' સંસ્થાન કહેવાય છે. જે સંસ્થાનમાં હાથ, પગ, માથું, ગરદન વગેરે અવયવો ઠીક હોય, પણ છાતી, પેટ હીન હોય, ખરાબ હોય, તે ચોથું 'કુબ્જ' નામનું સંસ્થાન કહેવાય છે. જેમાં હાથ, પગ, વગેરે અવયવ ખરાબ કે કદરૂપા હોય, પણ જેમાં છાતી અને પેટ બરાબર હોય, તે પાંચમું 'વામન' સંસ્થાન. જેમાં બધા અવયવ કદરૂપા અને ઠેકાણાં વગરનાં હોય તે છેલ્લું અથવા છઠ્ઠું 'હુંડક' સંસ્થાન કહેવાય છે. આવું શરીર જે કર્મના ઉદયથી મળે તે 'હુંડકસંસ્થાન' નામકર્મ સમજવું.

નવમી વર્ણ નામની પિંડપ્રકૃતિ આવે છે; કૃષ્ણ (કાળો), નીલવર્ણ (લીલો), લાલ (લોહિતવર્ણ), હારિદ્ર (પીળો) અને સફેદ, એ પાંચ રંગમાંથી જે કોઈ વર્ણવાળું શરીર થાય, તે તે કર્મ પ્રમાણે આ નવમી વર્ણપિંડપ્રકૃતિ–નામકર્મના ઉદયવાળી પ્રકૃતિ સમજવી. 'સુરભિ અને દુરભિ' અથવા સુગંધ અને દુર્ગંધ એવું દશમી પિંડપ્રકૃતિનું વર્ણન આપણે વાંચીએ છીએ. કેટલાંક શરીરો સુગંધીમય અને કેટલાંક દુર્ગંધમય લાગે, તે પ્રત્યેક આ નામકર્મનો ઉદય સમજવો. ત્યાર પછી દશમી પાંચ પ્રકારની રસયુક્તતાનું વર્ણન આવે છે. એ દશમી પિંડપ્રકૃતિના પાંચ પેટાભાગો છે, તે પ્રથમ જોઈ લઈએ. તીખા મરી જેવો શરીરનો રસ થાય, તે પ્રથમ તિક્ત રસ. સૂંઠ અથવા કાળા મરચા જેવો શરીરનો રસ થાય, તે 'કટુરસ' નામનો બીજો રસ સમજવો. આંબળા અથવા બહેડા જેવા શરીરના રસને 'કષાય' રસ કહેવામાં આવે છે; તે ત્રીજો રસ થયો. ચોથો રસ લીંબુ અથવા આંબલી જેવો ખાટો રસ હોય તેને શાસ્ત્રકાર કષાયરસ-નામકર્મ કહે છે. અને છેલ્લે શેરડી જેવો મીઠો રસ આવે છે, તે પાંચમો મધુર રસ કહેવાય છે.

પછી અગિયારમી સ્પર્શ નામની પિંડપ્રકૃતિ છે. શરીરના જુદાજુદા સ્પર્શ નામની પિંડપ્રકૃતિ છે. જેના ઉદયથી શરીર લોઢા જેવું ભારે થાય, તે 'ગુરુસ્પર્શનામકર્મ' અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એનાથી ઊલટું શરીર રૂ જેવું હળવું થાય તે 'લઘુસ્પર્શનામકર્મ' કહેવાય છે. માખણ જેવા મુલાયમ શરીરનો સ્પર્શ થાય, તે 'મૃદુસ્પર્શનામ' કહેવાય છે. એનાથી ઊલટું શરીર ગાયની જીભ જેવું ખરબચડું થાય, તેને 'ખરસ્પર્શનામકર્મ' કહેવામાં આવે છે. જે કર્મના ઉદયથી બરફ જેવો ઠંડો શરીરસ્પર્શ થાય, તેને 'શીતસ્પર્શનામકર્મ' કહેવામાં આવે છે. અને તેનાથી ઊલટું અગ્નિ સમાન ધમધમાટવાળા શરીરની પ્રાપ્તિ થાય અને શરીર ગરમ રહે, તેને 'ઉષ્ણસ્પર્શનામકર્મ' કહેવામાં આવે છે. તેલ જેવો સ્નિગ્ધ સ્પર્શ શરીરનો જે કર્મના ઉદયથી થાય તે 'સ્નિગ્ધસ્પર્શનામકર્મ' અને તેનાથી ઊલટો રાખની સમાન રુક્ષ શરીરસ્પર્શ થાય, તેને 'રુક્ષસ્પર્શનામકર્મ' કહેવામાં આવે છે. આવી રીતે વર્ણ-ગંધ-રસ-સ્પર્શના પેટા વિભાગ કહ્યા. એ પૈકી નીલવર્ણ અને કાળોવર્ણ, દુર્ગંધી, કડવું અને ગુરુકર્મ પાપથી ભરેલું છે અને પાપપ્રકૃતિમાં ગણાય છે. અને ખરસ્પર્શ, લુખો સ્પર્શ, અને ઠંડો તથા શીત સ્પર્શ પણ એ રીતે પાપપ્રકૃતિનો ગણાય છે. અને બાકીની શુભ ગણાય છે.

હવે આપણે તેરમી પિંડપ્રકૃતિ–આનુપૂર્વી નામની છે, તે સમજી લઈએ. એ પ્રાણીને તદ્યોગ્ય ગતિમાં ખેંચી લાવનાર છે અને દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકી, એમ ચારે ગતિ તત્ તત્ યોગ્ય કર્માનુસાર જીવને પ્રાપ્ત થાય છે. આ તો જન્માંતરે જતો પ્રાણી આડોઅવળો થઈ જાય, તો તેને કર્માનુસાર ઠેકાણે લઈ આવનાર તેરમી પિંડપ્રકૃતિ છે. ચૌદમી પિંડપ્રકૃતિ 'વિહાયોગતિ' નામકર્મની છે. તે સારી અથવા ખરાબ બે પ્રકારની હોય છે. તેમાં ઊંટ કે ગધેડા જેવી અશુભ વિહાયોગતિ–ચાલવાની રીત–કેટલાંક પ્રાણીને પ્રાપ્ત થાય છે, તે અશુભ છે અને હંસ અથવા હાથી જેવી હાલવા ચાલવાની રીત કેટલાક પ્રાણીને પ્રાપ્ત થાય છે, તે શુભ છે. આ ચૌદમી પિંડપ્રકૃતિ થઈ. એમાં બંધનને પંદર પ્રકારનું ગણવામાં આવે, તો પિંડપ્રકૃતિના પંચોત્તેર (૭૫) પેટાવિભાગ થાય છે.

હવે આપણે પ્રત્યેક પ્રકૃતિઓ વિચારીએ. પ્રત્યેક એટલે પિંડ વગરની, દરેક જુદી પ્રકૃતિ, એમાં પેટા ભાગ પાડવાના રહેતા નથી. કારણ કે પેટાભેદ ન હોવાથી જ તે પ્રત્યેક પ્રકૃતિ કહેવાય છે. અન્ય બળવાન પ્રાણીને પણ દુર્ધર્ષ થાય, તે 'પરાઘાત' નામકર્મનો ઉદય સમજવો, તે પ્રથમ પ્રત્યેક પ્રકૃતિ સમજવી. શ્વાસ લેવામૂકવાની શક્તિનું નિયામક કર્મ તે શ્વાસોચ્છ્વાસનામ, તે બીજી પ્રત્યેક પ્રકૃતિ છે. સૂર્યના બિંબમાં જે તેજ છે, તે એવું છે કે તેની સામે કોઈ જોઈ શકે નહિ, પણ અગ્નિના ભડકા સામે ન જોવાય તેવું નથી. તેથી સૂર્યવિમાનમાં ઉત્પન્ન થનાર જીવને 'આતપનામકર્મ'નો ઉદય હોય છે અથવા આગિયાને આતપનામકર્મનો ઉદય હોતો નથી, પણ સૂર્યમંડળના વિમાનના એકેંદ્રિય જીવોને આ 'આતપનામકર્મ'નો ઉદય હોય છે. એ રીતે ત્રીજી પ્રત્યેક નામકર્મની પ્રકૃતિ આપણે વિચારી. ચંદ્રના વિમાનના જીવોને 'ઉદ્યોત નામકર્મ' નામની પ્રકૃતિ ઉદયમા આવેલી



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય છે. તે ઉષ્ણુ પ્રકારનો ગરમાવો નથી, પણ ઠંડી સ્પર્શવાળી સ્થિતિ તેનાથી પ્રાપ્ત થાય છે. આ રીતે ચંદ્રનો પ્રકાશ 'ઉદ્યોત નામકર્મ' નામની ચોથી પ્રત્યેક પ્રકૃતિમાં આવે છે. શરીર ભારે નહિ, તેમ જ હળવું નહિ, એવું શરીર પ્રાપ્ત થાય, તેને પાંચમું 'અગુરુલઘુ નામકર્મ' કહેવામાં આવે છે અને છઠ્ઠા 'તીર્થંકર નામકર્મ'ના ઉદયથી અમુક જીવ ઘણી પૂજા પ્રભાવના પામે છે. કેવળજ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી કેવળી થાય, પણ તીર્થંકરનામકર્મના ઉદયથી પ્રાણીની પૂજા-પ્રભાવના વધી જાય છે અને તેની નામના ભારે નીકળે છે. સાતમા 'નિર્માણુ નામકર્મ'ના ઉદયથી પ્રાણીનાં અંગોપાંગ યથાસ્થાને થાય છે અને સુતારની પેઠે અંગોપાંગનું નિર્માણ આ કર્મ કરે છે. પોતાના શારીરિક અવયવથી પીડા પામવી, તે 'ઉપઘાત નામકર્મ' નામની આઠમી અશુભ નામકર્મની પ્રત્યેક પ્રકૃતિ છે. આમાં 'ઉપઘાત નામકર્મ' અશુભ છે, બાકીની પ્રત્યેક કર્મપ્રકૃતિ મહા પુણ્યોદય સૂચવે છે.

હવે આપણે ત્રસ દશકાનું વર્ણન સંક્ષેપમાં કરીએ અને પછી સ્થાવર દશકાનું વર્ણન કરવામાં આ ગાથાનું વિવેચન સંપૂર્ણ થશે. ત્રસ નામકર્મના ઉદયથી પ્રાણી બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિય કે પંચેદ્રિયપણું પામે છે. જેના ઉદયથી સ્વતંત્રપણે ગમન કરવાની શક્તિ પ્રાપ્ત ન થાય તે સ્થાવર નામકર્મ. બાદર નામકર્મ એટલે સ્થૂળ નામકર્મ. આંખ જેને જોઈ શકે તે બાદર. આ પ્રથમ બાદર નામકર્મના ઉદયથી સર્વ જીવો બાદર બેઇંદ્રિય પ્રથમ થાય છે, પણ આંખ જેને જોઈ શકે તેવા પૃથ્વીકાયાદિ પણ ઉત્પન્ન થાય છે, તેથી ઉપરનો અર્થ બરાબર નથી. આ જીવવિપાકિની પ્રકૃતિ છે અને ઉદયમાં આવે ત્યારે જીવને બાદર-પણું ઉપજાવે છે. એનાથી ઊલટા, સૂક્ષ્મ જીવોનાં એકેંદ્રિય શરીરો જોઈ શકાતા નથી, હાલતા-ચાલતા નથી, તે સૂક્ષ્મ કહેવાય છે. બીજા બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિય, પંચેન્દ્રિય જીવો ત્રસ કહેવાય છે. એ 'ત્રસનામકર્મ' નામની પ્રકૃતિના ઉદયથી થાય છે. સ્થાવર અને સૂક્ષ્મ અશુભ છે. એનાથી ઊલટી પ્રકૃતિ શુભ છે.

હવે આપણે પર્યાપ્ત નામકર્મનો વિચાર કરીએ. પર્યાપ્તિ છ છે: જેના ઉદયથી જીવ સ્વયોગ્ય પ્રર્યાપ્તિ પૂરી કરે તેને 'પર્યાપ્ત નામકર્મ' કહેવામાં આવે છે. આહાર, શરીર અને ઇંદ્રિય–એ ત્રણ પર્યાપ્તિ પૂરી કરે ત્યારે જીવ લબ્ધિપર્યાપ્તો કહેવાય છે. એકેંદ્રિયને ચાર પર્યાપ્તિ (આહાર, શરીર, ઇંદ્રિય, શ્વાસોચ્છ્વાસ) હોય છે. એટલે જીવ લબ્ધિપર્યાપ્તો હોય, છતાં કરણપર્યાપ્તો તો સ્વયોગ્ય પર્યાપ્તિ પૂરી કરવાથી થાય. આવી રીતે નામકર્મના પાંચ ભેદ થયા. છઠ્ઠી પ્રકૃતિને 'પ્રત્યેક નામકર્મ' કહેવામાં આવે છે, એક શરીર પર એક જીવ થાય; ફૂલ કે ઝાડનો જીવ એક, એ એનું દૃષ્ટાંત છે. એનાથી ઊલટી 'સાધારણ કર્મ' નામની સાતમી પ્રકૃતિ છે. એમાં એક એક શરીર ઉપર અનંતકાય પેઠે અનંત જીવો થાય છે, કંદમૂળ એ તેનો દાખલો છે. પાંચમી પ્રકૃતિ 'સ્થિર નામકર્મ'ના નામથી ઓળખાય છે. દા.ત. દાંત, હાડકાં, ડોક વગેરે શરીરના અવયવો નિશ્ચલ હોય તે 'સ્થિર નામકર્મ' નામની આઠમી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નામકર્મની પ્રકૃતિ છે અને તેની સામે 'અસ્થિર નામકર્મ' નામની પ્રકૃતિ છે, એમાં શરીરનાં અવયવો સરખા ન થાય, તે 'અસ્થિર નામકર્મ' કહેવાય છે. હવે દસમી બાદર પ્રકૃતિ 'શુભનામકર્મ' નામની હોય છે; એમાં નાભિ ઉપરનો શરીરનો અરધો ભાગ સુંદર થાય છે. અને હાથને અડવાથી અવયવ ખરાબ ન લાગે, તે શુભ નામકર્મનો ઉદય સમજવો. એનાથી ઊલટી પ્રકૃતિ "અશુભ નામકર્મ" નામની અગિઆરમી પ્રકૃતિ છે, એમાં નાભિની નીચેના અવયવ ઉપકારક હોય, તો પણ ખરાબ લાગે. એ પ્રકૃતિ ખરાબ છે અને પાપને સૂચવનારી છે. જીવ સર્વનો પ્રીતિપાત્ર થાય–જો કે તેણે તેટલા માટે બીજા ઉપર કાંઈ ખાસ ઉપકાર કર્યો ન હોય—તે "સુભગ નામકર્મ" નામની બારમી નામકર્મની પ્રકૃતિ સમજવી. એનાથી ઊલટી "દુર્ભગનામકર્મ" નામની પ્રકૃતિ છે, એ તેરમી પ્રકૃતિ છે. એનો ઉદય થાય ત્યારે ઉપકાર કરવા છતાં પણ જીવ સર્વ મનુષ્યને પ્રિય ન થાય. એ રીતે તેર નામકર્મની પ્રકૃતિ થઈ. હવે ચૌદમી પ્રકૃતિ "સુસ્વર નામકર્મ"ના નામથી ઓળખાય છે. મધુર–મીઠો અવાજ, સર્વમાન્ય થઈ પડે તેવી પ્રિય પ્રાણીની ભાષા થાય, તે ચૌદમી "સુસ્વર નામકર્મ" પ્રકૃતિનો ઉદય જાણવો. અને તેનાથી ઊલટી "દુસ્વર નામકર્મ" નામની પંદરમી પ્રકૃતિના ઉદયથી પ્રાણીને તદ્દન કર્કશ અને બીજાને અપ્રિય લાગે તેવો ખરાબ અવાજ મળે. એ જાહેરમાં ભાષણ કરે તો લોકો ટપોટપ ઊઠી જાય અને એની ભાષા કોઈને ગમે નહિ, તે "દુસ્વર" નામની પંદરમી પ્રકૃતિ સમજવી. અપર્યાપ્તિ અવસ્થામાં કાળ કરે, તે સોળમી 'અપર્યાપ્ત નામકર્મ' કહેવાય છે, અને પૂરી કરે ત્યારે તેને "પર્યાપ્ત નામકર્મ" નામની પ્રકૃતિનો ઉદય છે એમ જાણવું. વચન આદરણીય હોય અને નીવડે તે સત્તરમું "આદેય શુભનામકર્મ" સમજવું, અને તેનાથી ઊલટી અઢારમી "અનાદેયનામકર્મ" નામની પ્રકૃતિથી પ્રાણીનું વચન અનાદરણીય બને છે. એ જ્યાં જાય ત્યાં વચનને કારણે હાડહાડ થાય છે. પરદેશમાં યશકીર્તિ થવી તે ઓગણીશમું 'યશઃકીર્તિનામકર્મ' બતાવે છે, અને તેનાથી ઊલટી 'અયશઃકીર્તિ નામકર્મ'થી પ્રાણીને અપયશ સાર્વત્રિક થાય છે. આ વીશ પ્રકૃતિમાં વીશ-(દશ સ્થાવર દશક અને દશ ત્રસ દશક) આવી ગયા. આ રીતે બેંતાળીશ પ્રકૃતિનો મેળ મળે છે.

આ પ્રમાણે બેંતાળીશ શબ્દ પર વિવેચન થયું. તેના (પિંડપ્રકૃતિના) પેટાભેદો ગણીએ તો ૯૩ અથવા પંદર બંધનને ગણતાં ૧૦૩ ભેદ થાય અથવા કોઈ અપેક્ષાએ એના ૬૭ ભેદ પણ ગણી શકાય છે. બંધ અને ઉદયમાં આ ૬૭ પ્રકૃતિ ગણવામાં આવે, એમ સગવડ પડે છે, તેથી બીજા કર્મગ્રંથમાં તેમ ગણેલ છે. પુણ્યપ્રકૃતિના ૪૨ પ્રકાર છે અને પાપના ૮૨ છે. તે રીતે જોતાં નામકર્મની ૧૨૪ પ્રકૃતિ થાય, સત્તામાં પણ ૧૨૩ પ્રકૃતિ બીજા કર્મગ્રંથમાં ગણી છે. આપણે બેંતાળીશના આ વિવેચન પર આધાર રાખવો. પ્રકૃતિના પેટાભેદ વધારે–ઓછા થાય, તે અપેક્ષાએ ભેદ પડે છે. દાખલા તરીકે પુણ્યના ૪૨ અને પાપના ૮૨ પ્રકાર નવતત્ત્વમાં ગણ્યા છે તે આ રીતે: ૭ શાતાવેદનીય,

JAINSITE.com જૈન સાઈટ જૈના જાગૃતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉચ્ચગોત્ર, મનુષ્યદ્વિક (ગતિ અને આનુપૂર્વી), સુરદ્વિક (દેવગતિ અને બળદને નાથે તે રીતે કામ કરે તે દેવ આનુપૂર્વી), પંચેદ્રિયજાતિ, પાંચે શરીર (ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ). પ્રથમના ત્રણ શરીરના (ઔદારિક, વૈક્રિય અને આહારક), અંગોપાંગો, પ્રથમ વજ્રઋષભનારાચ સંહનન, અને પ્રથમ સંસ્થાન, એ સર્વ ૧૭ પુણ્ય–સુખનો અનુભવ કરાવે તેવી પ્રકૃતિ છે.

તે (સત્તર) પછી પુણ્ય પ્રકૃતિ બાકી રહી તે કહીએ છીએ. વર્ણ ચતુષ્કમાં સારો વર્ણ, સારી ગંધ, સારો રસ અને સારો સ્પર્શ એમ એક જ ગણવા. અગુરુલઘુ નામની બાવીશમી પુણ્ય પ્રકૃતિથી મધ્યમ વજનદાર શરીરની પ્રાપ્તિ સમજવી. પરાઘાત નામકર્મ, શ્વાસોચ્છ્વાસ, આતપનામકર્મ, ઉદ્યોત નામકર્મ–એ ચાર પ્રત્યેક પ્રકૃતિ છે. એનું વર્ણન ઉપર થઈ ગયું. આ રીતે ૨૬ પ્રકૃતિ સારો અનુભવ કરાવી સુખ આપે તેવી પુણ્ય પ્રકૃતિ થઈ અને શુભ વિહાયોગતિ–જવા–આવવાની ચાલ, તે શુભ–પુણ્ય પ્રકૃતિ થઈ, નિર્માણ નામકર્મ એ અટ્ઠાવીશમી પુણ્યપ્રકૃતિ છે. ત્રણ દશકાની દશે પ્રકૃતિ (ત્રસપણું, બાદરપણું, પર્યાપ્તપણું, પ્રત્યેકપણું, સ્થિર નામકર્મ, શુભનામકર્મ, સૌભાગ્ય નામકર્મ, સુસ્વર નામકર્મ, આદેય નામકર્મ અને જસનામકર્મ) –આ પુણ્યપ્રકૃતિ છે. દેવતાનું આયુષ્ય અને મનુષ્યનું આયુષ્ય, તેમ જ તિર્યંચનું આયુષ્ય મળે તે પુણ્યપ્રકૃતિ સમજવી. પ્રત્યેકમાં તીર્થંકર નામકર્મ એ બેંતાળીશમી પુણ્યપ્રકૃતિ છે.

હવે આપણે પાપના ૮૨ ભેદો તપાસીએ. જ્ઞાનાવરણીયની પાંચે પાપ પ્રકૃતિ છે, પાંચે પ્રકારના અંતરાયો પાપકર્મ છે અને દર્શનાવરણીયના નવે પ્રકારો પાપપ્રકૃતિ છે. નીચ ગોત્ર પણ પાપ પ્રકૃતિ છે. અશાતાવેદનીય એ પણ પાપ પ્રકૃતિનો પ્રકાર છે. મિથ્યાત્વ-મોહનીય પાપપ્રકૃતિ છે, જ્યારે સમકિત કે મિશ્ર મોહનીય તેમ નથી. નારકી ગતિનું ત્રિક (ગતિ, આયુષ્ય અને આનુપૂર્વી) મળે, તે પાપનો ઉદય જાણવો. પચ્ચીશ કષાયો અને નોકષાયો પણ પાપનો ઉદય સૂચવનાર છે. આ રીતે ૬૨ પ્રકૃતિ (પાંચ જ્ઞાનાવરણીયની, નવ દર્શનાવરણીયની, એક વેદનીય કર્મની, છવ્વીશ મોહનીયની અને એક આયુષ્યની અને પાંચે અંતરાયોની તથા બાકીની [૧૫] નામકર્મ મળી ૬૨ પાપની પ્રકૃતિઓ થઈ. એકેન્દ્રિય, બેઈંદ્રિય, તેઈંદ્રિય અને ચૌરેંદ્રિય ચારે જાત પાપકર્મનાં ઉદયથી મળે છે. અશુભવિહાયોગતિ, એ એનો સડસઠમો પાપપ્રકૃતિનો પ્રકાર છે. ઉપઘાત નામકર્મ, જેનું વર્ણન ઉપર થઈ ગયું છે, તે અડસઠમો પાપપ્રકૃતિનો પ્રકાર છે. ખરાબ વર્ણ, ગંધ, રસ, સ્પર્શના ચારભેદ, પાપ પ્રકૃતિના ગણતાં બોંતેર પ્રકૃતિ પાપની થાય છે. અને પાંચે સંઘયણો (પ્રથમ સિવાયના) પાપપ્રકૃતિના પરિણામો છે, અને પાંચે સંસ્થાનો (પ્રથમ સિવાયના) પણ પાપ પ્રકૃતિનો ઉદય બતાવે છે. એ રીતે ૮૨ પાપ પ્રકૃતિ સમજવી. થાવરપણું, સૂક્ષ્મપણું, અપર્યાપ્ત અવસ્થા, સાધારણ શરીર, અસ્થિર નામકર્મ, અશુભનામકર્મ, દુસ્વર નામકર્મ, દુર્ભાગ્યત્વ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નામકર્મ, દુસ્વર નામકર્મ અને અનાદેય નામકર્મ એ થાવર દશકો પણ પાપને સૂચવે છે. આમાં નારકીની ગતિ, આયુષ્ય અને આનુપૂર્વી ગણવી ઉપર રહી ગયેલ છે. આવી રીતે પુણ્યની બેંતાળીશ અને દુઃખનો અનુભવ કરાવે તેવી બ્યાશી પ્રકૃતિ ગણવી. એ જુદાજુદા દષ્ટિબિંદુ છે. વાત સર્વમાં એકની એક જ છે. એ જ પ્રમાણે બંધ, ઉદય, સત્તાની સમજણ પડે તેટલા માટે ચોખવટ કરવામાં આવી છે.

દ્વિ—ઉચ્ચગોત્ર અને નીચગોત્ર એવી ગોત્રકર્મની બે પ્રકૃતિ છે. તે 'બે' અક્ષરથી મૂળમાં બતાવી છે, સારા ગોત્રમાં જન્મ થવો તે ઉચ્ચગોત્ર બતાવે છે. એને કુલાલ (કુંભાર) સાથે સરખાવવામાં આવેલ છે. એ સારો ઘડો પણ બનાવે, અને દારૂ રાખવા માટે શીશો પણ બનાવે.

પંચ—અંતરાય પાંચ પ્રકારના છે. દાન ન આપી શકાય તે દાનાંતરાય પ્રથમ. એક વાર ભોગવવા યોગ્ય વસ્તુ ભોગવી ન શકાય તે ભોગાંતરાય બીજો. તેની તે વસ્તુ ઘણીવાર ન ભોગવાય તે ત્રીજો ઉપભોગાંતરાય અને લાભ ન થવા દે તે લાભાંતરાય અને પાંચમો વીર્યાંતરાય. સાંસારિક કામ કરવાની શક્તિ હોય તે પણ તે ન થઈ શકે, આડો આવે તે આ વીર્યાંતરાય.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

સપ્તનવતિ—સત્તાણું. ઉપર જે જ્ઞાનાંતરાય પાંચ કહ્યા, તથા દર્શનાંતર નવ કહ્યા, વેદનીયના બે, મોહનીયના અઠ્ઠાવીશ, આયુષ્યના ચાર, નામકર્મના બેંતાલીશ, ગોત્ર કર્મના બે અને અંતરાયો પાંચ—એનો સરવાળો કરતાં સત્તાણું પ્રકાર થાય. આ સત્તાણું પ્રકાર વિગતવાર સમજવા અને મૂકવા યોગ્ય છે. આ રીતે પાંત્રીશમી ગાથાનાં અર્થ—વિવેચન થયાં.

બંધ—ઉદયમાં ૧૨૦ ભેદ થાય છે, કારણ કે સમકિત મોહનીય અને મિશ્રમોહનીયનો બંધ થતો નથી. એ આઠે કર્મના આ રીતે ૧૨૦ ભેદ થાય. મિથ્યાત્વનાં દળિયાં શુદ્ધ થાય, ત્યારે તે પ્રથમ મિશ્રરૂપ ધારણ કરે છે અને પછી સમકિત મોહનીય થાય છે. તેનો બંધ કરવાની કે ઉદયમાં લઈ આવવાની જરૂર પડતી નથી. આઠે કર્મબંધ ઉદયમાં આ રીતે ૧૨૦ પ્રકૃતિ આવે છે. જ્ઞાનાવરણીયની પાંચ પ્રકૃતિ, દર્શનાવરણીયની નવ પ્રકૃતિ, વેદનીયકર્મની બે પ્રકૃતિ, મોહનીયની છવીશ (૨૬ પ્રકૃતિ), આયુષ્યકર્મની ચાર પ્રકૃતિ, નામ કર્મની ૬૭ (સડસઠ) પ્રકૃતિ, ગોત્ર કર્મની બે પ્રકૃતિ અને અંતરાયની પાંચ—એમ કુલ ૧૨૦નો પ્રાણી બંધ કરે છે અને ઉદય સમય થાય ત્યારે તે ભોગવે છે. આ કર્મ અને એના પેટા વિભાગો બરાબર સમજવા યોગ્ય છે. સમજીને ન બેસે ત્યાં તેના જાણકાર પાસેથી અથવા ગુરુગમથી તેને જાણવા. (૩૫).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### બંધ વખતે મુકરર થતી બાબતો—

प्रकृतिरियमनेकविधा स्थित्यनुभावप्रदेशतस्तस्याः ।
तीव्रो मन्दो मध्य इति भवति बन्धोदयविशेषः ॥३६॥

**અર્થ**—આ પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ વડે કરીને અનેક પ્રકારે થાય છે અને તીવ્ર, મંદ અને મધ્યમ તેનો બંધવિશેષ અને ઉદયવિશેષ હોય છે. (૩૬)

**વિવેચન**—આપણે આગલી ગાથામાં જોયું કે બંધ અને ઉદયમાં ૧૨૦ પ્રકૃતિ હોય છે. તે પ્રકૃતિ કેવા પ્રકારની તે લાડવાના દાખલાથી અગાઉ સમજાવ્યું છે. તે ઉદયમાં ક્યારે આવશે તે સ્થિતિ નક્કી કરે છે અને ઉદયમાં આવશે ત્યારે ફળ વધારે-ઓછું કેવું આપશે તે રસબંધમાં જાડા-પાતળાપણું મુકરર કરે છે, અને તે પ્રકૃતિ કેટલી પુદ્‌ગલ–વર્ગણાની જાડી-પાતળી, લાડવાની જેમ બનેલી છે, તે પ્રદેશબંધમાં મુકરર થાય છે. આ રીતે બંધ અને ઉદય જાડા-પાતળા થવાનો આધાર તેની તરતમતામાં રહે છે. આ સર્વ હકીકત કર્મગ્રંથની છે. અને બીજી ગાથામાં આવે છે. ત્યાં પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશબંધ તેમ જ ઉદયનું નીચે પ્રમાણે વર્ણન કરે છે.

**પ્રકૃતિબંધ**—જીવે ગ્રહણ કરેલાં કર્મપુદ્‌ગળોમાં જે સ્વભાવની ભિન્નતા આવે છે, અને ફેર પડે છે તે પ્રકૃતિ-બંધ છે; જેમ કે કોઈ લાડવો વાયુનો નાશ કરનાર હોય, કોઈ પિત્તનો વગેરે તે પ્રમાણે કર્મ આઠ રૂપ લે અથવા તેમાં જે વિધવિધતા આવે, તે પ્રકૃતિબંધ મુકરર કરે છે. આઠે કર્મના સ્વભાવ એટલે જ્ઞાનગુણને આવરણ કરનાર, દર્શનગુણને આવરણ કરનાર, સંસારમાં રખડાવનાર મોહનીય કર્મ એ વગેરે આઠે કર્મો આ પ્રકૃતિબંધમાં મુકરર થાય છે. અને તે પ્રમાણે બંધ સમયે તેનો જેવો પ્રકૃતિબંધ કર્યો હોય તેવો ઉદય થાય છે; એટલે જ્ઞાનાવરણીયનો આવરણ-આચ્છાદન ધર્મ છે, આવરવાનું કાર્ય પ્રકૃતિબંધમાં મુકરર થાય છે.

**સ્થિતિબંધ**—જીવ કર્મ બાંધે, ત્યારે અમુક સમય–ટાઈમ સુધી તે ઉદયમાં આવે નહિ, પછી આવે. આવો કાળનિર્ણય સ્થિતિબંધમાં થાય છે. એટલો વખત કર્મ સત્તામાં પડ્યા રહે છે, પણ અંતે તો વહેલાં અથવા મોડાં તેમને ભોગવવાં જરૂર પડે છે. આ સ્થિતિ કર્મબંધ વખતે જ મુકરર થાય છે. લાડવાના દૃષ્ટાંતમાં કેટલાક લાડવા અમુક વખત સુધી બગડતા નથી, સાત, દશ, પંદર દિવસ સુધી ચાલે છે, એમ જુદી જુદી કાળમર્યાદા મુકરર થાય છે તેને સ્થિતિબંધ કહેવામાં આવે છે. આ સ્થિતિ પૂરી થાય ત્યારે લાડવો ગળ્યો મટી ખાટો થઈ જાય છે તે દાખલો બરાબર લાગુ પડે છે. કર્મ અમુક વખત સુધી ઉદયમાં ન આવે તે કાળમાન બતાવવામાં આવ્યું છે. પણ વાત તો આપણે એ યાદ રાખવાની છે કે સ્થિતિ–કાળમર્યાદા બંધ સમયે મુકરર થાય તે પ્રમાણે કર્મ જરૂર ભોગવવાનું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ કર્મ ભોગવ્યા વગર જતું નથી અને એનો ભોગવનાર બીજો કોઈ નથી. એ કામ તો કુદરતના ન્યાય પ્રમાણે રીતસર ચાલ્યા જ કરે છે.

**રસબંધ**—જીવ દ્વારા ગ્રહણ કરેલા કર્મ-પુદ્ગળોમાં તરતમતા હોય, કોઈ લાડવો ખૂબ ગળ્યો હોય, કોઈ મોળો હોય, કોઈ બહુ ગળ્યો નહિ અને બહુ મોળો નહિ તેવો હોય, આ રસબંધનો આધાર કષાય પર, તેની તરતમતા પર છે, એ આ સર્વ વક્તવ્યનો સાર એટલે કર્મ આકરાં ન થઈ જાય, માટે આ કષાયને ઓળખવાની જરૂર છે.

**પ્રદેશબંધ**—જીવનો કર્મ સાથે સંબંધ કરાવનાર આ પ્રદેશબંધ છે, લાડવામાં અમુક દળિયા હોય, તે પ્રમાણે તે જાડો, પાતળો, મોટો, નાનો થાય તે પ્રદેશબંધ કહેવાય છે.

**स्वभावः प्रकृतिः प्रोक्तः स्थितिः कालावधारणम् ।**
**अनुभागो रसो ज्ञेयः प्रदेशो दलसंचयः ॥**

**અર્થ**—ઓછા અથવા વધુ પરમાણુનો જીવ સાથે સંબંધ કરાવનાર એટલે આત્માને પૌદ્ગલિક વસ્તુ સાથે સંબંધ કરાવનાર આ પ્રદેશબંધ છે. સ્વભાવને પ્રકૃતિબંધ કહેવાય છે. કાળની મર્યાદાને સ્થિતિ કહેવાય છે. અનુભાગ એટલે રસ, અને પ્રદેશની એટલે કર્મ-પરમાણુની સંખ્યા અથવા દળને પ્રદેશબંધ ઉપરની ગાથામાં કહ્યો. તેમાં આપણા કષાયો કયો ભાગ ભજવે છે, તે જાણી લેવાની બહુ જરૂર છે અને તે આ પ્રકરણનો વિષય છે. કોઈ લાડવો નવટાંકનો હોય, કોઈ લાડવો પાશેરનો હોય, તે તેનું માપ, તોલ અને સંખ્યા સર્વ પ્રદેશબંધમાં સ્પષ્ટ થાય છે, એટલે આ ગાથામાં કર્મનું જાડા–પાતળાપણું કહ્યું, તે પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ બંધ પર આધાર રાખે છે એમ સમજવું અને તેમાં જે તરતમતા આવે છે એ કર્મના પ્રકાર ઘણા છે. તેનો વિસ્તાર આપણે આગલી ગાથામાં કર્યો, કર્મ કેવા પ્રકારનું ઉદય વખતે ફળ આપશે, તેનો આધાર આ ચાર પ્રકારના (પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશબંધ) પર આધાર રાખે છે.

**વિવેચન**—સ્થિતિને અંગે [એ] જાણવું જરૂરી છે કે, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને વેદનીય તેમ જ અંતરાય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ કોડાકોડી સાગરોપમનો કાળ છે. અને મોહનીય કર્મનો સિત્તેર કોડાકોડી સાગરોપમનો કાળ છે. નામ અને ગોત્રકર્મનો વીશ ક્રોડાક્રોડ સાગરોપમનો કાળ ઉત્કૃષ્ટ [કાળ છે.] બંધ વખતે સ્થિતિબંધ વધારેમાં વધારે પડે છે. વેદનીય કર્મની જઘન્ય સ્થિતિ બાર મુહૂર્તની છે. મુહૂર્ત એટલે અડતાળીશ મિનિટ. નામકર્મની અને ગોત્રકર્મની જઘન્ય સ્થિતિ આઠ મુહૂર્તની છે અને બીજાં પાંચે કર્મની જઘન્ય કાળસ્થિતિ અંતર્મુહૂર્તની છે. એટલે એ જઘન્યથી ઓછી નહિ અને વધારેમાં વધારે ઉત્કૃષ્ટથી વધારે નહિ, એ પ્રમાણે બંધસ્થિતિ થાય. આ દુનિયામાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સારા માણસને દુઃખી કે હેરાન થતા જોઈએ, તો તે કર્મનો ઉદય સમજવો. એ રીતે આપણી ઘણી ગૂંચવણો નાશ પામે છે. ઉપરના કર્મબંધના ચારે પ્રકાર સમજવા યોગ્ય છે. તેથી અત્ર તેનું વર્ણન કરવામાં આવ્યું છે. (૩૬)

**કર્મબંધનાં કારણો—**

**तत्र प्रदेशबन्धो योगात् तदनुभवनं कषायवशात् ।**
**स्थितिपाकविशेषस्तस्य भवति लेश्याविशेषेण ॥३७॥**

**અર્થ**—તેમાં પ્રદેશબંધ મન-વચન-કાયાના યોગથી થાય છે, કષાયના વશથી અનુભાગ બંધ થાય છે અને લેશ્યા પ્રમાણે સ્થિતિબંધ નક્કી થાય છે. (૩૭)

**વિવેચન**—આ ગાથામાં ચાર પ્રકારના બંધો કેવી કેવી રીતે અને કયાં કારણોથી થાય છે, તે બતાવવામાં આવશે—

**પ્રદેશબંધો યોગાત્**—યોગો મન, વચન અને કાયાના પ્રવર્તે છે. એ યોગાનુસારે પ્રદેશબંધ મુકરર થાય છે. એટલે મન-વચન-કાયાને જે રીતે ચલાવી હોય તે પ્રમાણે પ્રદેશ કર્મના [દળિયા] ઓછા-વત્તા લેવામાં આવે છે. આથી જે મન, વચન અને કાયાને સારી રીતે પ્રવર્તાવી શકે, તે ઓછો અને ઓછો કર્મબંધ કરે છે, કારણ કે મન-વચન-કાયાના પ્રશસ્ત યોગો કર્મને કાં તો મુદ્દલ બાંધવા દેતા નથી, અથવા દે તો ખરી પડે તેવા સહેલા સુતર અને ઘણાખરા તો પ્રદેશોદયથી ખરી પડે તેવા પ્રકારના હોય છે. એટલે એકંદરે મન-વચન-કાયા ઉપર પ્રદેશબંધ, કર્મની સંખ્યા અને તેના જોરનો આધાર રહે છે. આ પૈકી મનના દશ દોષ, વચનના દશ દોષ અને કાયાના બાર દોષ જેને આપણે સામાયિકમાં ખમાવીએ છીએ તે સમજવા ઉચિત છે. આપણે તેનું યથાસ્થાન નિરૂપણ કરીશું.

**તદનુભવનં કષાયવશાત્**—અનુભવનં એટલે અનુભાવ બંધ કે રસબંધ કષાયવશ છે- એટલે કષાય જે પ્રકારનો તીવ્ર કે મંદ હોય અથવા અપ્રત્યાખ્યાની કે પ્રત્યાખ્યાની, અનંતાનુબંધી કે સંજ્વલન પ્રકારનો મંદ કે આકરો હોય, તેના પર એટલે જે પ્રકારનો કષાય તે પ્રકારનો રસબંધ કે અનુભાગ બંધ પડે છે. ચાલુ પ્રકરણ કષાય સંબંધી હોઈ એ કર્મબંધમાં કયું સ્થાન ભોગવે છે, તે અનુભાગ બંધ કે રસબંધની વ્યાખ્યા ઉપરથી માલુમ પડી જવું જોઈએ. જેવા ક્રોધ, માન, માયા કે લોભ તેવો કર્મનો રસ પડે છે. અને ઉદય વખતે જરૂર તે પ્રમાણે લાભાલાભ આપે છે ભવાંતરમાં કર્મ જ્યારે ફળ આપે, ત્યારે એની ચીકણાશ-મોળાશ બંધ વખતે [સેવેલ] કષાય ઉપર આધાર રાખે છે. એટલા માટે પ્રાણીએ કષાયોથી ચેતતા રહેવું જોઈએ.

**સ્થિતિપાકવિશેષઃ ભવતિ લેશ્યાવિશેષેણ**—એટલે કર્મ ક્યારે ઉદયમાં આવશે અને કેટલો કાળ પડ્યું રહેશે તે, તે વખતે એટલે બંધ વખતે લેશ્યા કેવા પ્રકારની હોય છે, તે લેશ્યા ઉપર આધાર રાખે છે. આ લેશ્યા ઉપર વિવેચન હવે ચાલે છે અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તદનુસાર થશે. પણ અહીં જણાવવું ઉચિત અને પ્રસ્તુત છે કે, લેશ્યા એટલે મનની દરમિયાનગીરી વગરના આત્મિક અધ્યવસાય. એટલે લેશ્યા સર્વ જીવને ઓછી વધતી હોય છે, પણ દરેક પશુ, પ્રાણી, પક્ષીને લેશ્યા જરૂર હોય છે. એની સંખ્યામાં ફેર પડે પણ આત્મિક અધ્યવસાય લેશ્યા ઉપર આધાર રાખે છે. લેશ્યા જાતે પૌદ્ગલિક છે. તેને રંગ-વર્ણ હોય છે અને તેને પારખવા માટે લેશ્યાના છ પ્રકાર પાડવામાં આવ્યા છે. કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ અને શુકલ. આમાં પ્રથમની ત્રણ લેશ્યા ખરાબ છે, બાકીની ત્રણ સારી છે. તે ઉપર નીચેના બે દાખલા શાસ્ત્રકારે આપ્યા છે તે પણ સમજવા યોગ્ય છે. આપણે તે બન્ને દાખલા વિચારીએ.

**લેશ્યા**—એટલે આત્માના પરિણામ. લેશ્યા બે પ્રકારની છે, દ્રવ્યલેશ્યા અને ભાવલેશ્યા. દ્રવ્યલેશ્યા પુદ્ગળવિશેષાત્મક છે, પણ ભાવલેશ્યા તો આત્માના પરિણામ રૂપ છે. એનો વિશેષ સંબંધ યોગ અને સંકલેશ પર આધાર રાખે છે. જેમ સંકલેશ તીવ્ર, તીવ્રતર અથવા તીવ્રતમ હોય, મંદ, મંદતર કે મંદતમ હોય, તેમ લેશ્યા જુદી પડે છે. આ સંબંધમાં જાંબુફળ લેવા જાંબુવૃક્ષ પાસે આવેલ છ મનુષ્યનો દાખલો આપવામાં આવેલ છે. તે વખતે એક માણસે કહ્યું કે "લો! ભાઈ! જાંબુવૃક્ષ તો આવી ગયું. હવે તેના ફળ લેવા માટે ઉપર ચઢવાની અપેક્ષાએ એ વૃક્ષને કાપી નાંખવું જોઈએ અથવા ખલાસ કરવું જોઈએ." એની સાથે બીજો માણસ હતો, તેણે કહ્યું કે, "વૃક્ષ કાઢી નાખવાનું કે કાપવાનું આપણે શું કામ છે? એની જે શાખા પર જાંબુફળ છે તે કાપો. આપણો સ્વાર્થ તો જાંબુ ખાવાનો છે." ત્યારે સાથે આવેલ ત્રીજા પુરુષે કહ્યું: "એ પણ તમારી વાત બરોબર નથી. બધી નાની મોટી ડાળીઓ કાપવાથી શું લાભ છે? જેના પર જાંબુ છે તે જ નાની ડાળી કાપો." ચોથા માણસે કહ્યું: "એને પણ કાપવી શા માટે જોઈએ? આપણે તો જાંબુ સાથે કામ છે, માટે જે ઝૂમખા બાઝ્યા હોય તે તોડી લઈએ." પાંચમા પુરુષે કહ્યું: "આખા ગુચ્છા લેવાનું આપણને શું પ્રયોજન છે? આપણે તો જાંબુ સાથે કામ છે તે જ માત્ર લઈને આપણે સંતોષ પામવો જોઈએ." તેમની સાથે એક છઠ્ઠો પુરુષ આવ્યો હતો તે બોલ્યો: "આ તમારી વાત નિરર્થક છે. ઝાડ નીચે પણ કેટલાંક જાંબુફળ પડેલાં છે. આપણું કામ ખાવાનું છે, તે નીચે એની મેળાએ તૂટેલાં જાંબુથી સરતું નથી?" આ છ માણસોમાંથી પહેલાની કૃષ્ણલેશ્યા કહેવાય; બીજાની નીલલેશ્યા કહેવાય; ત્રીજાની કાપોતલેશ્યા કહેવાય; એ પ્રકારે ઉત્તરોત્તર ચોથી તેજો, પાંચમી પદ્મ, અને છઠ્ઠી શુકલલેશ્યા કહેવાય.

એક બીજો દાખલો ધન લૂંટવા માટે ગયેલા છ પુરુષોનો છે. તે પણ અત્ર વિચારણીય છે. રસ્તામાં ગામ આવ્યું તે વખતે છ પુરુષ પૈકી પ્રથમ બોલ્યો: "આ ગામ આવ્યું, તેને ખલાસ કરી દો. વચ્ચે પશુ-પક્ષી કોઈ પણ આવે, તેને પણ ખલાસ કરી દો.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને આડે આવનાર માણસને પણ મારી નાંખો." બીજા પુરુષે કહ્યું : "પશુપક્ષીને શા માટે મારવાં? માત્ર વિરોધ કરવાવાળા માણસને જ ખલાસ કરવો એ આપણું કામ છે." ત્રીજા પુરુષે કહ્યું : "આપણે સ્ત્રીઓને શા માટે મારવી? માત્ર પુરુષને જ મારવા, કારણ કે તે આપણા વિરોધી છે. સ્રીને મારવાથી પાપ લાગે છે. સ્રીહત્યા થાય છે." ચોથા માણસે કહ્યું : "સર્વ પુરુષને મારવા ન ઘટે, પુરુષમાં પણ જે સશસ્ત્ર હોય, તેને જ મારવો ઘટે." પાંચમા માણસે કહ્યું : "સશસ્ત્ર પુરુષમાં પણ જે વિરોધ ન કરતો હોય તેને આપણે ન મારવો ઘટે. જે સશસ્ત્ર પુરુષ આપણો વિરોધ કરે, તેને જ મારવો ઘટે." છઠ્ઠા પુરુષે કહ્યું : "આપણે તો ધન લેવા આવ્યા છીએ; તે આપણું કામ છે. એટલે કોઈ માણસને મારવો નહિ. આપણું કામ ધન લેવાનું છે તે કરો."

આમાં પ્રથમ પુરુષ કૃષ્ણલેશ્યાવાળો છે. એમ ઉત્તરોત્તર છ લેશ્યાવાળા છ પુરુષો છે, તે બરાબર 'અર્થ' સાથે, આત્માના પરિણામ સાથે ઘટાવવા. આત્માના પરિણામ તે ઉપરની છ લેશ્યા છે. આમાં એટલું ધ્યાનમાં રહે કે, દ્રવ્યલેશ્યા પુદ્ગળાત્મક છે. ઉપર જે દૃષ્ટાંત આપવામાં આવ્યાં છે, તે દ્રવ્યલેશ્યાનાં સમજવાં. એના સંબંધમાં ત્રણ મત છે : એક લેશ્યાને કર્મવર્ગણાનિષ્પન્ન ગણે છે; બીજે મતે તે કર્મના નિષ્યંદ રૂપે છે; ત્રીજે મતે તે યોગ-પરિણામ છે. આ ત્રણ મતમાં કયો સ્વીકાર્ય છે, તે જ્ઞાનીગમ્ય છે, પણ આયુષ્યકર્મ તો આખા જીવનમાં એક જ વાર બંધાય છે. આયુષ્ય ત્રીજા, નવમા અને સત્તાવીશમા ભાગે બાકી રહે છે, ત્યારે આયુષ્યની સ્થિતિ આવતા ભવ માટે એક વાર બંધાય છે; એટલે બાકીનાં સાત કર્મો તો પ્રત્યેક સમયે બંધાયા કરે છે, તે વખતે પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ (રસ) અને તેના પોતાનાં લેવાનાં કર્મદલિક, તે પ્રદેશબંધ, એ ચારે મુકરર થાય છે. તે વખતે જેવી લેશ્યામાં પ્રાણી વર્તતો હોય તે પ્રમાણે તેનો પ્રકૃતિ, સ્થિતિ અને અનુભાગ બંધ થાય છે. સર્વ જીવોના સંબંધમાં આ કર્મબંધન એકસરખું વર્તે છે અને ચોથા કર્મગ્રંથમાં કહ્યું છે તે પ્રમાણે નીચેની ગાથા ધ્યાનમાં રાખવી : संनिदुगे छ लेस अपज्जबायरे पढम चउ त्ति सेसेसु। सत्तट्ठ बन्धुदीरण संतुदया अट्ठ तेरससु ॥७॥ એટલે સંજ્ઞીદ્વિકમાં છ લેશ્યા વર્તે છે; અપર્યાપ્ત અને પર્યાપ્ત દશામાં સંજ્ઞી પંચેન્દ્રિય પ્રાણીમાં છ લેશ્યાઓ વર્તે છે; અપર્યાપ્ત બાદર એકેન્દ્રિયમાં પહેલી ચાર લેશ્યાઓ (કૃષ્ણ, નીલ, કાપોત અને તેજોલેશ્યા) વર્તે છે; બાકીના અગિયારે પ્રકારોમાં, અપર્યાપ્ત અને પર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિયમાં, પર્યાપ્ત બાદર એકેન્દ્રિયમાં, અપર્યાપ્ત-પર્યાપ્ત દ્વીઇંદ્રિયવાળા જીવોમાં, અપર્યાપ્ત-પર્યાપ્ત તેઇંદ્રિય જીવોમાં, અપર્યાપ્ત-પર્યાપ્ત ચૌરિંદ્રિય જીવોમાં, અપર્યાપ્ત-પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોમાં ત્રણ લેશ્યા (કૃષ્ણ, નીલ અને કાપોતલેશ્યા) હોય છે એમ સમજવું. સાત કર્મોનો કર્મબંધ બધા જીવોને પ્રત્યેક સમયે થાય છે અને કોઈ વખત આઠે કર્મનો થાય છે. સત્તા અને ઉદય તો પ્રત્યેક સમયે સાત અથવા આઠ કર્મોનો થાય છે.

JAINSITE जैन साईट

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ લેશ્યાઓ ખરાબ રીતે વર્તે તો ઉત્કૃષ્ટ કર્મબંધ કરાવે છે; બાકી ઘણુંખરા જીવો તો મધ્યમવર્તી હોવાથી મધ્યસ્થિતિવાળો કર્મબંધ કરે છે. આપણે જે આ ગાથામાં જોવાનું છે તે સ્થિતિબંધ કષાય ઉપર કેટલો અને કેવો આધાર રાખે છે, તે યાદ રાખી કષાય ઉપર અંકુશ રાખવો અથવા તેનું ત્યાજ્યપણું સમજી તેનો સર્વથા ત્યાગ કરવો એ છે. (૩૭)

**લેશ્યાનાં નામો અને વિશેષ પરિચય—**

**ताः कृष्णनीलकापोततैजसीपद्मशुक्लनामानः ।**
**श्लेष इव वर्णबन्धस्य कर्मबन्धस्थितिविधात्र्यः ॥३८॥**

**અર્થ**—તેઓ [લેશ્યાઓ] અનુક્રમે કૃષ્ણ, નીલ, કાપોત, તેજસી, પદ્મ અને શુકલ નામ ધરનારી છે, કર્મબંધમાં એ સરેશ જેવી છે. અને પોતાના પરિણામ પ્રમાણે કર્મબંધની સ્થિતિને કરનારી છે. (૩૮)

**વિવેચન**—એ લેશ્યાનાં, ઉપર જણાવ્યાં તે પ્રમાણે, અનુક્રમે કૃષ્ણ, નીલ, કાપોત, તેજસ, પદ્મ અને શુકલ એમ નામો છે. કૃષ્ણ એટલે કાળો રંગ એ તો સમજાય તેવી હકીકત છે. નીલનો રંગ મોરથૂથા જેવો હોય છે, કોઈ એને ગળી જેવો રંગ પણ કહે છે. કાપોત એટલે કબૂતરના જેવો રંગ, કાંઈક કાળાશ પડતો ભૂખરો રંગ છે. તેજો એટલે તેજવાન લેશ્યા, એનો વર્ણ સફેદ છે. અને એ સારી લેશ્યા છે. પદ્મ એટલે કમળ. નજરે જોવાથી એનો રંગ સમજાશે. તે(કમળ)ના જેવો જે લેશ્યાનો—મનના કે આત્મના વિચારનો રંગ હોય, તે પદ્મલેશ્યા સારી સમજવી. અને શુકલ લેશ્યા એટલે મનના તથા આત્માના પરિણામ ધોળા હોય, તેને શુકલલેશ્યા કહેવામાં આવે છે. આ છેવટની ત્રણ લેશ્યા (તેજસ, પદ્મ અને શુકલ) સારી લેશ્યા એટલે શુભ મનઃપ્રવૃત્તિ અથવા આત્મિક વિચાર—અધ્યવસાય બતાવનાર છે. આ ગાથામાં તે છએ લેશ્યાનાં નામ બતાવવામાં આવ્યાં છે. એનું સ્વરૂપ આગલી બે ગાથામાં વર્ણવ્યું છે.

**સ્થિતિ**—એટલે અમુક કર્મ કયે સમયે ઉદયમાં આવશે અને એનો અબાધાકાળ કેટલો વખત રહેશે, એટલે કેટલો વખત એ સત્તામાં પડી રહેશે, તેનો નિર્ણય આ સ્થિતિબંધમાં થાય છે, અને તે પણ ઉપયોગી છે. સ્થિતિબંધનો આધાર લેશ્યા પર રહે છે એ વાત અહીં પ્રસંગાનુરૂપ કહી દીધી.

**શ્લેષ**—એટલે સરેશ. ચિત્રકામ કરવું હોય તો તેમાં સરેશ વાપરવો પડે છે. એમાં ગોટા વાળવા ન પાલવે. કર્મબંધમાં સ્થિતિબંધ આ રીતે કામ કરતો હોવાથી એ સરેશનું કામ કરે છે. ખાસ કરીને એ ચિત્રને વધારે મજબૂત કરે છે, એટલે કર્મબંધ કેવો મજબૂત થાય છે તેનો આધાર આત્મપરિણતિ પર અથવા મન-વચન-કાયાના યોગની પરિણતિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પર થાય છે. આત્મપરિણુતિ સર્વ જીવોને હોય છે એ નજરમાં રાખી શાસ્ત્રકારે, લેશ્યા કોઈ આત્મિક અધ્યવસાય પર વિશેષ ધ્યાન આપ્યું. અને જેમણે મન-વચન-કાયાના યોગો વિચાર્યા એમણે સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યને ધ્યાનમાં રાખ્યા. તે આત્મપરિણુતિ અનુસાર કે યોગાનુસાર લેશ્યા એમ બે મત પડયા, પણ એ બે મતમાં મને વિરોધ જેવું કાંઈ લાગતું નથી. આગલા શ્લોકમાં પણ કર્મસ્થિતિબંધનો લેશ્યા ઉપર આધાર છે એમ કહ્યું છે. અને આ શ્લોકમાં તે વાત પાકી કરી છે. અહીં કર્મની વાત ચાલે છે, તેમાં કર્મ-બંધને અંગે કષાયને શું સ્થાન છે, તે વાતની મુખ્યતા છે, તે જણાવતાં આત્મપરિણુતિ અથવા યોગપ્રવૃત્તિની આ શ્લોકમાં વાત કરી છે, તેની સાથે કષાયના વિષયને સંબંધ હોવાથી એ અપ્રસ્તુત વાતને પણ પ્રસ્તુત વાત ગણવામાં આવેલ છે, એમ સમજવું.

**ફળ**—આ લેશ્યાઓ પૈકી અશુભ ફળને આપનારી કૃષ્ણ, નીલ અને કાપોત લેશ્યા છે અને તૈજસી, પદ્મ અને શુકલ લેશ્યાઓ શુભ છે; તે સારા ફળનો અનુભાવ કરાવનારી છે, એમ લક્ષમાં રાખવું. સરેશ જે રીતે કામ કરે છે, એટલે રંગને ચીકાશ આપવા તથા તેને મજબૂત કરવા માટે સરેશ વાપરવાની જરૂર છે, એ રીતનું કર્મબંધનને અંગે આ લેશ્યાઓ કામ કરે છે. તેમને વિવિધ રંગોનાં નામ આપવામાં આવ્યાં છે, તે બતાવે છે કે એ સર્વ જીવોને હોય છે અને કર્મબંધ વખતે ઘણો ઉપયોગી ભાગ ભજવે છે. આ રીતે વિચારતાં સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય માટે તેના યોગો વિચારવા જોઈએ. એનાં મન, વચન અને કાયા જે પ્રવૃત્તિમાં ચાલુ હોય છે, તેવો તેને કર્મબંધ થાય છે, અને કર્મબંધ થતી વખતે જે ચાર વસ્તુ મુકરર થાય છે તેમાં સ્થિતિબંધને એક સ્થાન છે. સ્થિતિબંધ લેશ્યા પ્રમાણે થતો હોવાથી એ પ્રશસ્ત વાત છે, એ પ્રમાણે મન વચન-કાયાના યોગોને અગત્યનું સ્થાન સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય પૂરતું છે અને અધ્યવસાય અનુસારે સર્વ જીવને સ્થાન છે. સર્વ જીવમાં સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યનો સમાવેશ થાય છે. (૩૮)

**વિષયો : સુખદુઃખનું કારણ—**

**कर्मोदयाद्भवगतिर्भवगतिमूला शरीरनिर्वृत्तिः ।**
**देहादिन्द्रियविषया विषयनिमित्ते च सुखदुःखे ॥३९॥**

**અર્થ**—કર્મના ઉદયથી સંસારની ગતિ થાય છે. અને ભવગતિ એ શરીરના નિર્માણના કારણભૂત છે. શરીરથી ઈંદ્રિયના વિષયો થાય છે અને વિષયને કારણે સુખદુઃખ થાય છે. (૩૯)

**વિવેચન**—આ ગાથામાં ક્રમસર વાત બતાવવામાં આવી છે. ઉપર જે કર્મોને બતાવવામાં આવ્યા છે તેને લઈને ગતિમાં—સંસારમાં પ્રાણી પરિભ્રમણ કરે છે. આ સંસાર વધવાનું કાંઈ કારણ હોય તો તે કર્મોદય ઉપર, એટલે આઠ કર્મના ઉદય ઉપર આધાર રાખે છે. ચારે ગતિ (નરક, તિર્યંચ, મનુષ્ય તથા દેવ)માં ભ્રમણ કરવું, અહીંથી ત્યાં જવું અને ત્યાંથી અહીં આવવું અને પાછા બીજી કોઈ પણ ગતિમાં જવું એ કર્મબંધ પર આધાર રાખે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. ભવ એટલે સંસાર જે પ્રપંચથી ભરેલો છે, તે આખો સંસાર શ્રી સિદ્ધર્ષિગણિએ વર્ણવ્યો છે. તે આખા સંસારનું મૂળ આઠ પ્રકારનાં કર્મો છે. આ રીતે कर्मोदयात् भवगतिः શબ્દો પર વિવેચન થયું.

આપણે મોહરાજાનું કે વિષયોનું સામ્રાજ્ય માનીએ તો તે સર્વ કર્મના ઉદય ઉપર આધાર રાખે છે એમ સમજવું. કર્મના ઉદય પ્રમાણે ગતિમાં આંટા મરાય છે. અને આપણે અગાઉ જોઈ ગયા છીએ કે, न सा जाई न सा जोणी न तं ठाणं न तं कुलं; न जाया न मुआ जत्थ सव्वे जीवाऽणंतसो । આ જીવ બધે સ્થાને, બધી યોનિમાં જઈ આવ્યો છે અને એવું એક પણ સ્થાન નથી કે કુળ નથી કે જ્યાં આ જીવ અનંતવાર ઉત્પન્ન થયો અને મર્યો ન હોય. એ શ્લોકમાં જે ભાવ બતાવ્યો છે એનું કારણ કર્મ છે એમ જાણી લેવું.

**ભવગતિમૂલા શરીરનિર્વૃત્તિ**—ચારે ગતિમાં જે શરીર (બીજી પર્યાપ્તિ) પ્રાપ્ત થાય છે, તે સંસારગતિને અનુસારે થાય છે. એટલે નારકી વૈક્રિય દેહ મળે કે તિર્યંચ ગતિનાં ગમે તે સંઘયણ કે સંસ્થાન મળે, તે સર્વ શરીર (બીજી પર્યાપ્તિ) ભવ પ્રમાણે થાય છે. તદ્યોગ્ય શરીરનું સંઘયણ તથા સંસ્થાન જીવને મળે છે. આ રીતે આપણી છ પર્યાપ્તિ પૈકી બીજી શરીરપર્યાપ્તિ આપણને મળે છે. પર્યાપ્તિ છ છે: આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન. આમાં એકેંદ્રિયને પ્રથમની ચાર પર્યાપ્તિ છે; વિકલેંદ્રિય અને અસંજ્ઞી મનુષ્યને પ્રથમની પાંચ પર્યાપ્તિ હોય છે અને સંજ્ઞી પંચેન્દ્રિયને છ પર્યાપ્તિ હોય છે. એ પર્યાપ્તિ બાંધવી અને પર્યાપ્ત અવસ્થામાં કાળ ન કરવો, તે સર્વનો આધાર શરીરપર્યાપ્તિ અને શરીરપર્યાપ્તિનો આધાર કર્મ ઉપર, ઉદય કાળમાં રહે છે. એટલે શરીરપર્યાયનું કારણ તો કર્મ જ આવે છે. એટલે હવે દેહાદિકના અંતિમ કારણ તો કર્મ જ થયાં, આ વાત લક્ષ પર રહે.

**દેહાદિન્દ્રિયવિષયાઃ**—શરીર સંસારગતિ અનુસાર મળ્યું અને બીજી શરીરપર્યાપ્તિ પૂરી થઈ અને ભવયોગ્ય શરીર મળ્યું. આ રીતે બીજી પર્યાપ્તિ થઈ અને પ્રાણી કરણઅપર્યાપ્તો થયો. આ શરીરથી ઇંદ્રિયના વિષયો થાય છે. સ્પર્શવાળા એકેંદ્રિયને એકલો સ્પર્શેન્દ્રિય વિષય અને સ્પર્શ-રસવાળા દ્વીંદ્રિયને બે પ્રકારનો વિષય; તેમ જ સ્પર્શ, રસના અને ઘ્રાણઇંદ્રિયવાળા ત્રિઇંદ્રિયને આ ત્રણે વિષયો; તેમ જ સ્પર્શ, રસ, ઘ્રાણ અને ચક્ષુરિંદ્રિય એવી ચાર ઇંદ્રિયવાળાને એ ચારે ઇંદ્રિયના વિષયો અને સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્રવાળા પંચેંદ્રિય જીવો (તિર્યંચ, દેવો, નારકો અને મનુષ્ય)ને પાંચે ઇંદ્રિયના વિષયો આ શરીર વડે ઉત્પન્ન થાય છે. સર્વનું મૂળ કારણ કર્મો અને કર્મથી શરીર અને શરીરથી ઇંદ્રિય-વિષયો આ પ્રમાણે ક્રમસર થયા.

**વિષયનિમિત્તે ચ સુખદુઃખે**—અને પ્રાણીને સુખ અને દુઃખ થાય છે, તેનું નિમિત્ત ઉપર જણાવેલા વિષયો છે. સુખ એટલે વ્યવહાર નજરે શુભ અનુભવ અને દુઃખ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એટલે કહવે અનુભવ. એ સારા અથવા ખરાબ અનુભવનો આધાર ઇંદ્રિય વિષયો પર રહે છે. એટલે છેવટે કર્મ તો આવે જ છે, કારણ કે શાતાવેદનીય સુખનો અનુભવ કરાવે છે અને અશાતાવેદનીય દુઃખનો અનુભવ કરાવે છે. આ સર્વનું મૂળ કારણ તો કર્મો જ છે. કારણ કે શાતા-અશાતા પામવી, તે પણ કર્મનિમિત્તક જ છે; પણ એ કર્મોનું નિમિત્ત કારણ તો ઇંદ્રિયો અને તેના વિષયો જ છે. સારાની સાથે સંયોગ થાય અથવા આપણને ન ગમે તેવા વિષયો સાથે મળવાનું થાય, એ સર્વનો આધાર આપણી પાસે યોગ્ય કેટલી ઇંદ્રિયો છે અને આપણો તેમની સાથે કેવો સંબંધ છે, અનુકૂળ છે કે પ્રતિકૂળ, અને તેમ થવામાં કારણભૂત છે કર્મ, એટલે સર્વનું પરંપરાકારણ તો કર્મોનો ઉદય જ થાય છે. તાત્કાલિક કારણ વિષયો છે તે ધ્યાનમાં રહે. આવતી ગાથામાં તે સ્પષ્ટ થશે. (૩૯)

**દુઃખ દુઃખ અને દુઃખ—**

**दुःखद्विट् सुखलिप्सुर्मोहान्धत्वाददृष्टगुणदोषः ।**
**यां यां करोति चेष्टां तया तया दुःखमादत्ते ॥४०॥**

**અર્થ**—દુઃખનો દ્વેષ કરનાર અને સુખને ઇચ્છનાર, મોહથી અંધ થયેલ હોવાથી, ગુણદોષને બરાબર ન જોતો, જે જે ચેષ્ટા કરે છે, તેથી પ્રત્યેક દુઃખને વહોરી લે છે, નોતરે છે. (૪૦)

**વિવેચન**—સર્વ પ્રાણીને દુઃખ ગમતું નથી, તેથી તેનો દ્વેષ કરે છે અને તેમાંથી દૂર નાસવા પ્રયત્ન કરે છે અને સુખને ઇચ્છે છે. તમે કોઈ પણ પ્રાણીને જોશો, તો તેને દુઃખ તરફ દ્વેષ હોય છે અને પોતાને સુખ કેમ થાય તે મેળવવાની ઇચ્છા તેના મગજમાં હોય છે, અને પોતાને સુખ કેમ મળે અને પોતાનાં જેને માન્યાં હોય તે સુખી કેમ થાય તેવી ઇચ્છા તે રાખે છે. પણ એનાં કામો ઇચ્છાને અનુરૂપ હોય છે કે નહિ તે વિચારવા જેવું છે; અને સુખની ઇચ્છા રાખનારાં કેવાં કર્મો કરી રહ્યાં છે તે જોવા જેવું છે. સુખની ખરી ઇચ્છા હોય તો સુખને અનુરૂપ કામો કરવાં જોઈએ. એને બદલે આપણે હવે પછી જોશું તો માલૂમ પડશે કે સુખને અનુરૂપ ઇચ્છા થયા કરે છે, પણ તે સુખી થાય તેવાં તેનાં કામો હોતાં નથી. એનું કારણ મોહની લાગેલી આંધી છે. એટલે જેમ અંધ માણસ સાચું સ્વરૂપ જોઈ શકતો નથી, તેમ આ માણસ ઉપર મોહનું સામ્રાજ્ય એટલું બધું ચાલે છે કે, દારૂ પીધેલ માણસની પેઠે એ ગુણ-દોષને દેખતો નથી અને મોહરાજા એને જેમ નચાવે તેમ તે નાચે છે. એટલે છતી આંખે એ મોહની આંધીને લઈને આંધળા જેવો થઈ જાય છે અને દુનિયામાં જે તે ચેનચાળા કરે છે. તેનામાં અને આંધળા માણસમાં કાંઈ તફાવત લાગતો નથી. તેની ચેષ્ટા ઉપરથી એ અસદ્ગ્રાહમાં એવો ફસાયલો છે કે, એને મોહની આંધીમાં અંધ થયેલ કહેવો, તેમાં જરા પણ અજુગતું નથી, અને એ છતી આંખે મોહરાજા અથવા ચોથા મોહનીય કર્મની અસરતળે આંધળા જેવાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કામો કરે છે; તે ઉઘાડી આંખે દેખતો નથી. દરેક ઇન્દ્રિય એને એવો ફસાવે છે અને પ્રત્યેક કષાયે એને એવો હેરાન કરી મૂક્યો હોય છે કે તેને પરિણામે તેને ઉઘાડી આંખ હોય તો પણ એનું વર્તન એને આંખળો બનાવે છે, એટલે એને દુઃખનો દ્વેષ થાય છે અને સુખની ઇચ્છા થાય છે. તેમાં તે નીચે વર્ણવવામાં આવેલ છે, તેવા ચેનચાળા કરીને ઊલટાં ન ગમે તેવાં દુઃખને જ એ વહોરી લે છે; એટલે એનો દુઃખનો દ્વેષ અને સુખની ઇચ્છા તદ્દન ખોટી છે, એનાં કામોની વિરુદ્ધ છે. આપણે એનો વ્યાવહારિક ક્રમ નીચે જોઈએ તો, તે સર્વ તેના દુઃખ, દ્વેષ અને સુખની ઇચ્છા સાથે મેળ ખાય તેવાં હોતાં નથી.

**મોહાન્ધત્વાત્**—મોહે કરેલી આંધી, એટલે પાયેલ દારૂ; એનાં પરિણામમાં તમે દારૂડિયાની ચેષ્ટા જોશો, તો તમને જણાશે કે તે પણ સારો હોય; દારૂની અસરમાં ન હોય, તે વખતે ડહાપણથી વાતો કરે છે અને પછી દારૂ ઢીંચે છે, એને પરિણામે લથડિયાં ખાય છે કે ગટરમાં પડે છે અને ન કરવા યોગ્ય માંગણી કે કામો કરે છે અને પોતાની જાત ઉપરનો કાબૂ ગુમાવી બેસે છે.

**ચેષ્ટા**—હવે આ જીવની ચેષ્ટાઓ જુઓ. કાળાબજારમાં એનું નામ પહેલે નંબરે આવશે. એને જૂઠું બોલવું કે હિંસા કરવી તેમાં મન રમત વાત લાગશે. તે ઇચ્છશે પોતાનું અને પોતાનાનું સુખ, પણ ખોટા સોગન, જૂઠી સાક્ષી કે ખોટા દસ્તાવેજમાં એ સાક્ષી કરશે અને એવાં વર્તન પછી એનો દુઃખનો અને સુખી થવાની ઇચ્છાનો મેળ મળશે જ નહિ; એ સામાન્ય લાભ ખાતર અનેક જૂઠાણાં બોલશે, સહધર્મી ભાઈ એને આંગણે આવ્યો હશે, તો તેને ગાળો દેશે, પછી એ શા મોંએ દુઃખનો દ્વેષ અને સુખની ઇચ્છા કરી શકે ? દરેક ઇન્દ્રિયના વિષયો માણસને દુઃખમાં નાખે છે, તો આને તો પાંચે ઇન્દ્રિયો મોકળી હોય, કોઈની ઉપર જરા ય બ્રેક રાખતો નથી, છતાં એ સુખની ઇચ્છા રાખે છે અને દુઃખનો દ્વેષ કરે છે. એના એ દ્વેષ અને ઇચ્છાને કોઈ વાતનો મેળ મળતો નથી. આ પ્રમાણે ચોથા મોહનીય કર્મે કરેલી આંધીને પરિણામે એ એવાં કામો કરે છે, કે એના દુઃખના દ્વેષને અને સુખી થવાની ઇચ્છાને અનુરૂપ એનું વર્તન એટલે ચેષ્ટા થતી નથી અને તેની ઇચ્છા વિરુદ્ધ એને ઇન્દ્રિયના વિષયો કેટલું દુઃખ કરાવે છે, એ આપણે આવતી ગાથાઓમાં જોઈશું. આ સર્વનું કારણ તેનું અજ્ઞાન અને તે સર્વનું કારણ મોહરાજાએ એને પાયેલ દારૂ અને દારૂએ કરેલ આંધી છે. એનું વર્તન કેવું છે, તે સમજી લેવું અથવા પોતાનાં વર્તન પર નજર રાખવી અને તેમાં દુઃખના દ્વેષ અને સુખની ઇચ્છાને અનુરૂપ ચેષ્ટા કેવી છે, તે વિચારી લેવું. ચેષ્ટા કાળા બજારની કરવી, ચેષ્ટા પરદ્વેષની કરવી, ચેષ્ટા માયા-મોહની કરવી, અને ઇચ્છા સુખની રાખવી, એ વાતને મેળ ખાય તેવું લાગે છે ? આ સર્વનું કારણ મોહરાજાએ કરેલી આંધી છે. આંધી ચઢાવવામાં આવે, ત્યારે ભાઈશ્રીનો પોતાનો દુઃખનો દ્વેષ અને સુખની ઇચ્છા ગમે તેવાં હોય પણ તદનુરૂપ એનું

JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વર્તન ન હોવાથી તે પિસાચ છે. એની ચેષ્ટા અંતે ફળ આપનારી છે અને એનાં અઢારે પાપસ્થાનકો એને દાવાનળમાં નાંખનાર છે, એવું એ જાણે, છતાં પોતાની ખાતર કે પોતાનાંની ખાતર એ વર્તન એવું કરે છે કે એ સંસારમાં પરિભ્રમણ કરે છે અને સાચી વાત કહેનારને તે સાંભળતો નથી, અને રોહિણીઆ ચોર પેઠે કાને આંગળાં ઘાલે છે. (૪૦)

પાંચ ઇંદ્રિયોથી થતી પીડા—

कलरिभितमधुरगान्धर्वतूर्ययोषिद्विभूषणरवाद्यैः ।
श्रोत्रावबद्धहृदयो हरिण इव विनाशमुपयाति ॥४१॥

**અર્થ**—સુંદર અવાજ, તુર્ય [તૂરી] નામના સંગીતના સાજ અથવા કાનને મધુર લાગતા અવાજથી અથવા સ્ત્રીના અવાજથી કે સ્ત્રીના આભૂષણના અવાજથી જે કાનને (શ્રવણેંદ્રિયને) આસક્ત હૃદયવાળો થાય છે, તે હરણની પેઠે, પોતાનો નાશ વહોરી લે છે. (૪૧)

गतिविभ्रमेङ्गिताकारहास्यलीलाकटाक्षविक्षिप्तः ।
रूपावेशितचक्षुः शलभ इव विपद्यते विवशः ॥४२॥

**અર્થ**—લાલિત્યપૂર્ણ ચાલ, સ્નેહપૂર્ણ દૃષ્ટિ, અંગોપાંગો, વિલાસી હાસ્ય અને નેત્રકટાક્ષોથી વનિતાના રૂપમાં આકર્ષાયેલ ચક્ષુવાળો માણસ પતંગની જેમ વિવશ થઈ નાશ પામે છે. (૪૨)

स्नानाङ्गरागवर्तिकवर्णकधूपाधिवासपटवासैः ।
गन्धभ्रमितमनस्को मधुकर इव नाशमुपयाति ॥४३॥

**અર્થ**—અત્તરમિશ્રિત સ્નાનોદક, ચંદનાદિ વિલેપન, અગરબત્તીનો અને કૃષ્ણાગુરુનો ધૂપ, પુષ્પ, સુગંધી ચૂર્ણ વગેરેની સુગંધથી મોહ પામેલા મનવાળો માણસ ભમરાની જેમ નાશ પામે છે. (૪૩)

मिष्टान्नपानमांसौदनादिमधुररसविषयगृद्धात्मा ।
गलयंत्रपाशबद्धो मीन इव विनाशमुपयाति ॥४४॥

**અર્થ**—અત્યન્ત સ્વાદિષ્ટ અન્ન, પાન, માંસ, ભાત વગેરે મધુર રસવાળા દ્રવ્યોમાં લોભાયેલો માણસ, આંકડામાં ભરાવેલા માંસથી લોભાઈ આંકડામાં ફસાઈ ગયેલા માછલા જેમ નાશ પામે છે. (૪૪)

शयनासनसंबाधनसुरतस्नानानुलेपनासक्तः ।
स्पर्शव्याकुलितमतिर्गजेन्द्र इव बध्यते मूढः ॥४५॥

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અર્થ**—પોચી પથારી, મૃદુ આસન, કોમલાંગીનું આલિંગન, સ્નાન, અનુલેપન વગેરેના સુખદ સ્પર્શમાં આસક્ત માણસ, પ્રિયાના (હાથણીના) અંગના સ્પર્શથી વ્યાકુળ બની ગયેલા મૂઢ હાથીની જેમ બંધનમાં પડે છે. (૪૫)

**વિવેચન**—આ પાંચે શ્લોકો (૪૧–૪૫) પાંચ ઇન્દ્રિયોમાંથી એકને વશ પડેલો માણસ કેટલો હેરાન થાય છે, તેની વાત દાખલા–દલીલથી સમજાવે છે.

એક એક ઇન્દ્રિને વશ પડેલો પ્રાણી કેટલો હેરાન થાય છે, તેના દાખલા આપ્યા છે. આપણે સર્વ દાખલાઓ યથાસ્થાને વિચારીશું. એક ઇન્દ્રિયોને વશ પડીને પ્રાણી હેરાન થાય છે; તો પાંચે મોકળી મૂકનાર માણસ કેટલો હેરાન થાય, તેનો વિચાર કરીને ઇન્દ્રિયોને વશ કરવી ઘટે અથવા તેના પર અંકુશ–બ્રેક લાવવી ઘટે, એ કહેવાનું તાત્પર્ય છે. (૪૧–૪૫)

**પાંચે પરવશ હોય તેને દુઃખો—**

**एवमनेके दोषाः प्रणष्टशिष्टेष्टदृष्टिचेष्टानाम् ।**
**दुर्नियमितेन्द्रियाणां भवन्ति बाधाकरा बहुशः ॥४६॥**

**અર્થ**—"જેઓની સારા માણસને છાજે તેવી દૃષ્ટિ અને ચેષ્ટા (હિલચાલ) નાશ પામી છે, અને જે માણસો ઇંદ્રિયોને તાબે પડેલા છે તેઓ બહુ વખત બહુ રીતે અનેક હેરાનગતિઓ–પીડા-બાધા સહન કરનાર થાય છે." (૪૬)

**વિવેચન**—છેલ્લી પાંચ ગાથામાં બતાવેલી હેરાનગતિઓ પ્રાણીને અનેક પ્રકારનું દુઃખ આપે છે, પીડા ઉપજાવે છે અને પ્રાણી તેનાથી થાકી, હેરાન પરેશાન થાય છે અને એક ખાડામાંથી બીજા ખાડામાં સબડે છે, રખડે છે અને દુઃખી થાય છે. એ પ્રાણીઓ કેવા હોય છે, તેનું વર્ણન નીચે આપવામા આવ્યું છે. કહેવાની વાત ચિદાનંદજીએ સ્પષ્ટ કહી છે :—

"એક એક કે કારણ ચેતન, બહુત બહુત દુઃખ પાવે રે;
તે તો પ્રગટપણે જગદીશ્વર, ઇણવિધ ભાવ લખાવે રે. ૨
વિષયવાસના ત્યાગો ચેતન સાચે મારગ લાગો રે"

અને તેઓ પદને છેડે કહે છે કે :

"પંચ પ્રબળ વર્તે નિત્ય જાકું, તાકું કહા જ્યું કહીએ રે;
"ચિદાનંદ 'એ વચન સુણીને, નિજ સ્વભાવમેં રહીયે રે. ૭
"વિષયવાસના ત્યાગો ચેતન, સાચે મારગ લાગો રે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક એક ઇંદ્રિય દુઃખ આપનાર નીવડે છે, તો જેણે પાંચે ઇંદ્રિયોને છૂટી મૂકી હોય, તેને બાધા-પીડા કેવી થાય તે સમજાઈ-કલ્પાઈ જાય તેવું છે. હવે એ કેવા પ્રકારના પ્રાણી હોય તેનું વર્ણન કરે છે.

**પ્રણષ્ટ....ચેષ્ટા**—વહેવારુ માણસને હોય અથવા છાજે એવી ક્રિયા અને દૃષ્ટિ અને કર્તવ્ય અને નજર જેના નાશ પામ્યા છે, એટલે હરિભદ્રસૂરિ કહે છે તેમ વિવેક વગરના અને જેનું અનુકરણ શિષ્ટ-સારા માણસો કરે તેવી ચેષ્ટા જેની નાશ પામી છે, તેવા માણસો એટલે અવિવેકી માણસો. 'દૃષ્ટચેષ્ટાનામ્'નો પણ પાઠાંતરે એ જ અર્થ થાય છે: "દૃષ્ટિ ચેષ્ટે ચ" એટલે જેમની ચેષ્ટા એટલે ક્રિયા-કામ અને નજર નાશ પામી ગયેલાં છે અને જેઓ સંસારને સર્વસ્વ સમજી તેમાં રચ્યાપચ્યા રહે છે અને ઇંદ્રિયસુખને સર્વસ્વ માને છે.

**ઇંદ્રિયાણાં**—એટલે જેમણે કોઈ જાતનો સંયમ કર્યો નથી અને દોષથી જેની ઇંદ્રિય ગ્રસાયેલી છે. આવા સંયમ વગરના અને વહેવારુ માણસ હોય, તેવા ચેષ્ટા કે નજર વગરના માણસો આ દુનિયામાં જ ઘણા જ દોષને બહુ રીતે વહોરી લે છે. તેઓ ઇંદ્રિય-સુખ ઉપર કોઈ જાતનો સંયમ રાખતા નથી અને જરા ભૂખ લાગે કે તાઢ તડકો લાગે કે ઠંડા-ગરમ થઈ જાય છે અને જાણે પોતે જ ઠંડા થઈ જતાં હોય અથવા બળું-બળું થઈ જતાં હોય એમ ઇંદ્રિય હેરાન થાય તેમાં પોતાની જાતને-પોતાને જ હેરાન થતા માને છે. આ પ્રાણીઓ પોતે હેરાન થાય છે અને ઘરના બીજા માણસોને હેરાન કરે છે, ઉજાગરો કરે-કરાવે છે અને તેઓને પીડા ઘણા પ્રકારની થાય છે. સંયમ વગર ઉપાય નથી અને આવા શિષ્ટ જનને ન છાજે તેવા બૂમ-બરાડા પાડવા અને ઇંદ્રિયને પીડા થઈ તે પોતાને જ થઈ એમ માનવું તે અજ્ઞતા અથવા મોહનું સામ્રાજ્ય જ છે અને એને લઈને પ્રાણી અનેક પ્રકારની માનસિક અને શારીરિક પીડા સહન કરે છે, ખમે છે અને જાણે પીડા એ જ સર્વસ્વ હોય એમ માને છે. અને પીડા પોતાને અનેક પ્રકારે થાય છે, તેનો સંયમભાવ પોતામાં જ છે, એટલું અવિવેકને કારણે, પોતે જાણતો નથી. શિષ્ટ માણસો જે ચેષ્ટા જુએ અને કબૂલ કરે-પસંદ કરે તે 'શિષ્ટદૃષ્ટચેષ્ટાનામ્'. આ જેની નાશ પામી ગયેલી હોય તે 'પ્રણષ્ટશિષ્ટદૃષ્ટિચેષ્ટાનામ્' એ અર્થ સમજવો.

**બાધા**—પીડા. અનેક વખત તેને માનસિક અને શારીરિક પીડા થાય છે.

**દોષ**—હેરાનગતિ. પીડાઓ માનસિક અને શારીરિક અનેક પ્રકારની થાય છે, તે ઇંદ્રિયોમાં આસક્ત મનુષ્યોને થાય છે.

'દુર્નિયમિતેંદ્રિયાણાં' આ બીજું વિશેષણ છે. એટલે જે માણસોએ ઇંદ્રિયોને નિયમિત ન રાખી હોય, તેવા અને 'પ્રણષ્ટશિષ્ટેષ્ટદૃષ્ટિચેષ્ટાનામ્' એ પ્રથમ વિશેષણ સમજવું.

**પાઠાંતર**—દોષ રસ્તે ઊતરી પડેલી ઇંદ્રિયો અને 'પ્રણષ્ટશિષ્ટેષ્ટદુષ્ટચેષ્ટાનામ્'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ પ્રમાણે દૃષ્ટિને સ્થાનકે દુષ્ટ પાઠાંતર કોઈ કોઈ પ્રતમાં છે. પણ એ પાઠાંતર લહિયાઓનો દોષ હોય તેમ લાગે છે, આ પાઠાંતરની નોંધ નીચે નોટમાં મિ. મોદીએ કરી છે, કારણ કે, દૃષ્ટિ-નજર અને ચેષ્ટા એટલે વર્તન બરાબર અર્થ આપે છે. દૃષ્ટિનો અર્થ હરિભદ્રસૂરિ પોતાની ટીકામાં 'જ્ઞાનમ્' એવો કરે છે, તે વધારે સારો છે. અને 'ચેષ્ટા'નો અર્થ તેઓ 'ક્રિયા' કરે છે, તે આગળપાછળનો સંબંધ જોતાં સમીચીન અર્થમાં વપરાયો છે. 'જાણવું' અર્થ પણ બંધ બેસતો આવી જાય છે. એટલે જ્ઞાનીની નજર અને વ્યવહારુ, દક્ષ માણસો, જે પ્રિય–અનુકરણીય હોય, તે અર્થ એકસરખો જ છે. સંવાહન એટલે 'અંગનું મર્દન.' અર્થ થાય છે, તેથી એ પાઠાંતર નોંધ્યો નથી. (૪૫)

**ઇંદ્રિયપારતંત્ર્યનાં પરિણામો—**

**एकैकविषयसङ्गाद्रागद्वेषातुरा विनष्टास्ते ।**
**किं पुनरनियमितात्मा जीवः पञ्चेन्द्रियवशार्तः ? ॥४७॥**

**અર્થ**—'એક એક વિષયના સંગથી રાગ અને દ્વેષને પરવશ પડેલ પ્રાણી નાશ પામ્યા છે, તો પછી, અનિયમિત આત્મા પાંચે ઇંદ્રિયોથી કેટલી પીડા પામે ? (૪૭)

**વિવેચન—રાગદ્વેષ :** આ પ્રાણીને રાગદ્વેષ, મારાતારાપણું જે ઇંદ્રિયો પરત્વે થાય છે, તે જ આતુરતા–રોગીપણાનું–આસક્તિભાવનું કારણ છે. રાગદ્વેષ ઇંદ્રિયોને ન હોય તો, તેને પીડા કાંઈ થતી નથી; એને મન તો દૂધપાક અને ઢાંગર બરાબર છે, એની એક દાઢ બીજી દાઢનો સ્વાદ જાણતી નથી. એ ખાય છે એ તો ધર્મસાધન કરનાર દેહને ટકાવવા માટે, પણ એની કોઈ પણ ઇન્દ્રિયમાં રાગદ્વેષ, મારા-તારાપણાની આસક્તિ હોતી નથી. ઇન્દ્રિયો તો ત્યાગીને કે યોગીને પણ હોય છે, પણ એમાં આસક્તિ રાખવી, રાગદ્વેષ તે પર કરવા, તે પીડા કરનારા છે.

**વિનષ્ટાસ્તે**—તેઓએ તો પોતાનાં જીવનનો નાશ કર્યો છે, એમ સમજવું. એક એક ઇન્દ્રિયને પરવશ પડેલો પ્રાણી કેવો હેરાન થાય છે, તે આપણે આગલી પાંચ ગાથામાં જોયું. આ ગાથામાં કહે છે કે, જેને પાંચે ઇંદ્રિયો કોઈ જાતના અંકુશ વગરની હોય, તે રાગદ્વેષને વશ પડીને નાશ પામે છે. આપણા એ સંસ્કાર થવાના છે, કારણ કે આપણે ઇન્દ્રિયો પર જરા યે સંયમ રાખતા નથી; રાખવાની જરૂર પડે છે, એટલી વાતનો સ્વીકાર પણ કરતા નથી, તો આપણે પણ વિનાશના માર્ગે છીએ એમ જાણવું. કુપથ્ય કરવું છે અને તેનાં ફળથી ડરવું છે એ બે વાત કેમ બને ?

**અનિયમિતાત્મા**—જેનો આત્મા સંયમ વગરનો છે તેવો પ્રાણી. સંયમ વગરના પ્રાણીને અનિયમિતાત્મા કહે છે; એટલે એણે પોતાના આત્માને કોઈ એકસરખો રાખેલ નથી, એવો પ્રાણી, સંયમહીન; પવન પ્રમાણે દિશાએ ફરનારો આત્મા, આ હાલતે આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવ તો પાંચે મોકળી મૂકેલ ઇન્દ્રિયવાળો હોઈ પવન આવે તેમ જાય છે અને વિનાશને વહોરી લે છે અને હેરાન થાય છે. એ ઇન્દ્રિયોને પોતાની માની, તે દોષને પકડાવે છે. આ વિશેષણ તે બીજું છે. પ્રથમનું વિશેષણ 'રાગદ્વેષાતુરાઃ'. ભાવાર્થ એકસરખો આવે છે. અને જેઓ ઇન્દ્રિયને પરવશ પડી ચાર પ્રકારની પીડાથી પીડાયેલા હોય અને જેઓ એ પાંચ ઇન્દ્રિયને મોકળી મૂકી દઈને અને તે પૌદ્ગળિક ઐહિક સુખમાં રાચતા–મોજ માણતા હોય છે, તેમને તે જ પ્રકારે પીડા કરનારા થઈ પડે છે. 'પીડા' શબ્દ પણ ઉમાસ્વાતિવાચકે વાપર્યો છે.

**આર્ત**—પીડા કરનારા વિષયો માટે અહીં યોજાયેલ છે. તે વિષયો લાંબો વખત ટકતા નથી. અને પ્રાણીને એ છોડી જાય, ત્યારે જરૂર કચવાટ થાય છે. ઘડપણમાં દાંત પડી જાય અને ગાંઠિયા ભાવતાં હોય, તો પછી ગાંઠિયાનો લોટ કરવો પડે છે. અને એમ દરેક ઇન્દ્રિયના વિષયો પીડા આપે છે અને હેરાનગતિ કરે છે. આ સર્વ, ઇન્દ્રિયને અનિયમિત રાખવાનું પરિણામ છે અને તે હંમેશા પોતાની પાછળ પીડાને જ મૂકી જાય છે. વિયોગ અને આપ્તજનનું મરણ, એ એના પ્રત્યક્ષ અનુભવેલા દાખલાઓ છે અને એનો કચવાટ કેટલો થાય છે તે અનુભવે જ સમજાય તેવું છે અને પીડા કે કચવાટ એક પ્રકારનાં થતા નથી, પણ તે અનેક પ્રકારનાં થાય છે અને તે દુનિયાના અનુભવી માણસો જ્યારે ઇન્દ્રિયો ક્ષીણ પડવા માંડે ત્યારે પ્રત્યક્ષ અનુભવે છે.

**મોકળી**—આવી રીતે એક એક વિષયને વળગી પ્રાણી વિનાશને વહોરી લે છે, તો પછી પાંચે ઇન્દ્રિયો જેની મોકળી હોય, એટલે જેના ઉપર કોઈ જાતનો સંયમ ન હોય, તે કેવાં ઊંચા વિનાશને વહોરી લે, તે કલ્પી લેવા જેવું છે. શ્રી ચિદાનંદજી પોતાના એકતાળીશમા પદમાં કહે છે કે :—

"પંચ પ્રબળ વર્ત્તે નિત્ય જાકું, તાકું કહા જ્યું કહીએ રે;
"ચિદાનંદ એ વચન સુણીને, નીજ સ્વભાવમાં રહીએ રે." ૭

અને એ જ પદમાં, તેઓશ્રી, જે ઓગણીશમી સદીમાં યોગી હતા તે, કહે છે કે :–

"તપજપ સંયમ દાનાદિક સહુ, ગિણુતી એક ન આવે રે;"
"ઇન્દ્રિયસુખમેં જૌલોં એમન, વક્ર તુરંગ જિમ ધ્યાવે રે. ૨
"વિષયવાસના ત્યાગો ચેતન, સાચે મારગ લાગો રે;

વાંકો ઘોડો અનુભવવા જેવો છે, એને ઊભા રહેવાની રેન ખેંચવામાં આવે, તો એ દોડે છે અને રેન છૂટી મૂકવામાં આવે તો તે અટકી જાય છે. આવા વાંકા ઘોડા જેવી ઇન્દ્રિયો છે. એ ઘોડો રીતસર ચાલે જ નહિ. એને દોડવાનું કહો ત્યારે એ અટકી જાય, એમ ઇન્દ્રિયો પણ વાંકા ઘોડા જેવી છે, એને આર્તરૌદ્ર ધ્યાન કરવું અને પ્રાણીને હેરાન કરવા એ એનો સ્વીકારાયલો ધર્મ છે. અને પ્રાણીને તો કડવા–મીઠા અનુભવ આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંસારખાડામાં કરવાનાં જ હોય છે. એમાં કડવા અનુભવ વધારે અને અનુકૂળ અનુભવો નહિ જેવા, એટલા માટે ઉપર 'બહુશઃ'–અનેક પ્રકારે શબ્દ વાંચવા યોગ્ય છે, વાંચીને વિચારવા યોગ્ય છે. ઇન્દ્રિય પર સંયમ રાખવાની આ કારણે બહુ જરૂર છે. (૪૭)

**ઇંદ્રિયો કદી ધરાતી નથી—**

न हि सोऽस्तीन्द्रियविषयो येनाभ्यस्तेन नित्यतृषितानि ।
तृप्तिं प्राप्नुयुरक्षाण्यनेकमार्गप्रलीनानि ॥४८॥

**અર્થ**—"ઇન્દ્રિયનો એવો કોઈ પણ વિષય નથી કે જેને તૃપ્ત કરવાથી ઇન્દ્રિયો તૃપ્ત થાય, કારણ તે અનેક માર્ગે બહુ વિષયના માર્ગમાં લીન–આસક્ત થયેલી અને પોતાના વિષયોની વારંવાર આકાંક્ષા કરનારી છે." (૪૮)

**વિવેચન—નિત્યતૃષિતાનિ**–આ ઇંદ્રિયો(અક્ષાણિ)નું વિશેષણ છે. એને ગમે તેટલું ખવરાવો કે તૃપ્ત કરો, પણ એ તો સર્વદા ભૂખી અને કોરીધાકોર જેવી હોય છે અને ચાલુ રહે છે. આજે તો એના વિષયો ખૂબ તૃપ્ત થયા અને એ કાલે તો ખાવા નહિ માગે, એવું ઇન્દ્રિયના વિષયોના સંબંધમાં કદી બનતું જ નથી. એને તો એના વિષયો જેમ જેમ પૂરા પાડો, તેમ તેમ એ ખાઉધરી ઇન્દ્રિયો વધારે વધારે માગે છે, માટે એને નિત્ય તૃષિત એટલે 'હંમેશની તરસી' કહેવામાં આવી છે. એની તરસ સંયમથી ઓલાય, પણ એને જેમ તૃપ્ત કરો, એમ તે વધારે માગે અને તરસ જેમ પાણીથી છીપે નહિ તેમ ઇન્દ્રિયો કદી વિષયો એને પૂરા પાડવાથી તૃપ્ત થતી નથી. તેટલા માટે એ સદાયની તરસી ઇન્દ્રિયો માટે નિત્યતૃષિત વિશેષણ સાવ ઉચિત છે. એને જેમ જેમ વિષયો મળે તેમ તેમ એ વધારે ભૂખી અને વિષયોમાં આસક્ત થતી જાય છે. એના પર સંયમ રાખવો એ જ, એ નિરંતરની તરસી ઇન્દ્રિયને ભૂખી મારવી એ જ, એનો સંયમ છે. આપવાથી, વિષયો પૂરા પાડવાથી, એ કદી ધરાતી જ નથી, માટે એ નિત્ય તૃષિત ઇન્દ્રિયોને સંયમથી કાબૂમાં રાખવી.

**અનેકમાર્ગપ્રલીનાનિ**—આ ઇંદ્રિયોનું બીજું વિશેષણ છે, એનું વિશેષ્ય અક્ષાણિ છે. અનેક માર્ગે એ દોડનારી અને મનમાં આવે તેમ કરનારી છે, પણ એના સંબંધમાં કોઈ ધોરણ નથી, એને તાબે કરવાનો રસ્તો કોઈ નથી અને અનેક પ્રકારે એ પોતાના વિષયોને વારંવાર માગે છે, એને કદી ધરપત થતી નથી, અને જેને ધરપત ન હોય, તેને ખવરાવવાથી તો તે અકરાંતિયું થાય, તેની તૃષા કે ભૂખ ભાંગે નહિ અને એ વિષયો પુનઃ પુનઃ ભોગવતાં કદી તૃપ્તિ થાય જ નહિ. બહુ વિષયમાં ઇંદ્રિયો આસક્ત હોવાથી તેને '**અનેકમાર્ગપ્રલીનાનિ**' કહેવામાં આવે છે. હરિભદ્રસૂરિએ તો અસલ પાઠ જ કાયમ રાખ્યો છે અને તેનો અર્થ કર્યો છે. જે માગે તે પૂરા પાડવાનો નથી, પણ તેને વિષયો જ ન આપવા અને ભૂખી રાખવાનો અને ઇંદ્રિયો તરફ મન જ ન જાય, તે રસ્તો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એને માટે જાગૃત રહેવું જ પડે, નહિ તો ઇંદ્રિયના સુખમાં આ યુગમાં માણસ જરૂર ખેંચાઈ જાય, કારણ કે ભૂખી ઇંદ્રિયો તો વિષયોને માગ્યા જ કરે, પણ જેમ જેમ તે પાંચ પૈકી એક પણ ઇંદ્રિયને તેના વિષયો મળ્યા, એટલે એ વધારે બહેકી જાય છે, એને કદી સંતોષ થતો નથી, અને પોતે કદી "હાશ" કરતી નથી. એને વિષયો પૂરા પાડવાથી તો એ ઊલટું વધારે ઘર ઘાલે છે અને પ્રાણીને સંસારમાં રઝળાવે છે. એના પર વિજય મેળવવાનો માર્ગ એને વિષયો પૂરા પાડવાનો નથી, પણ એને ભૂખી મારવાનો છે. એ ભૂખી રહે તો તમને ઇચ્છા થાય તેવું તે કામ કરી તમારી દાસી થઈને રહેશે.

**અભ્યસ્તેન**—વારંવાર આસેવન કરવાથી ઇંદ્રિયો ધરાતી નથી. એ તો વધારે વધારે મજબૂત થતી જાય છે. ઇંદ્રિયો પૌદ્‌ગલિક છે, એમાં સારાવાટની આશા રાખવી એ અશક્ય વસ્તુ ઇચ્છવા જેવું છે. એને મારવી હોય તો એના કોઈ પણ વિષય પૂરા ન પાડતાં એને ભૂખી રાખવી, તો એ ઠેકાણે આવે અને વિષયમાં મન ન જાય, તે માટે માનસિક સંયમનો જ માર્ગ છે. "પ્રલીન"ને સ્થાને "મલિન" એવો પાઠ કોઈ પ્રતમાં આવે છે. મલિનનો અર્થ દૂષિત અથવા મેલું થાય છે. અનેક માર્ગે એ કાળી થઈ આવેલ છે. અને પોતાના વિષયના ભોગ ભોગવીને એ દૂષિત થયેલી છે. મળવાળું એવો એનો અર્થ કરીએ, તે મેલું જ છે, એટલે આ પાઠાંતરથી અર્થમાં ફેર પડતો નથી. મલિનની વ્યુત્પત્તિ સંસ્કૃત કોષ પ્રમાણે બરાબર છે. પ્રલીનની પણ બરાબર છે, પણ માત્રામેળ મળતો નથી. એટલે એ પાઠ વિચારણીય છે. આ શ્લોકમાં જે વાત કરી છે તે માનસી વિદ્યાની છે. ઇંદ્રિયોને ધરવવી અશક્ય છે. જેમ જેમ એને વિષયો પૂરા પાડવામાં આવે તેમ તેમ આ લઉં અને તે લઉં એમ એ પાંચ પૈકી દરેક ઇંદ્રિયને થાય છે અને આખી જિંદગી સુધી એને પંપાળ્યા કરો અને તે માગે એ આપ્યા કરો, તોએ કદી ધરાવાની નથી. એને તો એવી ભૂખ લાગી છે કે એક ભસ્મક નામના વ્યાધિમાં પડ્યો હોય, તો ગમે તેટલું ખાય તેને ભૂખ લાગ્યા જ કરે છે. એનો ઉપાય કેળા ખવરાવવાનો છે, તેમ આ ઇંદ્રિયના વિષયો પૂરા પાડવાથી એ ધરાતી નથી, પણ એને તો ભૂખી જ રાખવી ઘટે. જેને ચીજ આપવાથી ભૂખ ઓછી થાય નહિ, તેને ધરાવવાનું સાધન લાંઘણ છે, સંયમ છે; તો ઇંદ્રિય પર વિજય મેળવવાનુ સાધન એને વિષયો પૂરા ન પાડવાનું છે, કારણ કે, સીધી રીતે તો એ ધરાતી જ નથી. દરેક ઇંદ્રિયને આવી રીતે નિરંકુશ મૂકવાથી પ્રાણીનો ભવ બગાડી નાખે છે અને સંસારના છેડાને તેની નજરમાં આવવા દેતી નથી; એ સંબંધી અનેક ટાંચણો મૂકી શકાય, તે પૈકી કોઈકને આપણે વિચારીએ. સોમપ્રભાચાર્ય સિંદૂરપ્રકરમાં કહે છે કે—
प्रतिष्ठां यन्निष्ठां नयति नयनिष्ठां विघटयत्यकृत्येष्वाधत्ते, मतिमतपसि प्रेम तनुते; विवेकस्योत्सेकं विदलयति दत्ते च विपदम् पदं तद्दोषाणां करणनिकुरंबं कुरु वशे ॥७०॥ શિખરિણીવૃત્તના આ શ્લોકમાં સોમપ્રભાચાર્ય જણાવે છે કે, હે ભવ્ય! તું તે ઇંદ્રિયસમૂહને વશ કર, તે ઇંદ્રિય–નિકુરંબ કેવો છે, તો કે જે પ્રતિષ્ઠાને ક્ષય પમાડે છે, વળી જે ઇન્દ્રિયનિકુરંબ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ન્યાયની સ્થિતિનું સ્ફોટન કરે છે, વળી નહિ કરવા યોગ્ય અનાચાર તેને વિશે બુદ્ધિને ધારણ કરે છે, વળી અવિરતિને વિશે સ્નેહને વિસ્તારે છે. વળી આ કરવા યોગ્ય (કૃત્ય) અને ન કરવાયોગ્ય (અકૃત્ય) આ કામ છે, એવા વિચારના ઉન્નતપણાનો નાશ કરે છે, વળી વિપત્તિને આપે છે. માટે ઇન્દ્રિયસમૂહ પોતાને વશ રાખવો, કારણ તે ઇન્દ્રિયસમૂહ સર્વ દોષોનું સ્થાન છે. આ રીતે સિંદૂરપ્રકરના ૬૯–૭૨ ચારે શ્લોકો ઇન્દ્રિયદમનના વિષયને મજબૂત કરે છે. તમે જૈન વૈરાગ્યશતક કે ઇન્દ્રિયપરાજયશતક વાંચો તો તે એકમતે ઇન્દ્રિયોને નિગ્રહ કરવાની અને, કાંઈ નહિ તો છેવટે તેના ઉપર ચાંપ રાખવાની એને અંગે શ્રાવકોને પણ ભલામણ કરે છે.

આપણે ઉપર પાંચ દાખલાથી જોયું કે એક એક ઇન્દ્રિયને વશ પડી જીવ કેટલો દુઃખી થાય છે. સ્પર્શેન્દ્રિયથી હાથી, રસેંદ્રિયથી માછલું, ઘ્રાણેંદ્રિય(નાસિકા)થી ભ્રમર, ચક્ષુરિંદ્રિયપરવશતાથી પતંગ અને શ્રોત્રેંદ્રિયપરવશતાથી હેરાન થતાં અને ત્રાસ પામતા હરણના દાખલાઓ જોયા. આ તો એક એક ઇન્દ્રિયને પરવશ પડી, આવું દુઃખ પામે છે, તો આપણે મનુષ્યો તો પાંચે ઇન્દ્રિયોને મોકળી મૂકીએ છીએ, તો આપણા શા હાલ થાય, તે સમજી લેવું. ઇન્દ્રિય સારા વિષયોને પણ અશુભ બનાવી દે છે તે હવે પછી જોવામાં આવશે. *આવી ઇન્દ્રિયો વડે કામ લેવું, પણ એમને મોકળી મૂકવી નહિ,* તેમના પર અંકુશ રાખવો અને તેમને નિયમમાં રાખવી. આપણે તેમની મારફત કામ લેવાનું છે, તેટલા ખાતર તેમની સાથે સહાનુભૂતિ રાખવી, પણ તેમને માર્ગ આપવો નહિ અને તે કહે તેમ કરવું નહિ. અને સર્વથી અગત્યનું કારણ મૂળ શ્લોકમાં આપ્યું છે તે એ છે કે ઇન્દ્રિયવિષયોને જેમ માર્ગ અપાય, અથવા સેવાય તેમ તે પુષ્ટ થતા જાય છે અને કદી ધરાતા નથી. આને તો દાબી દેવાનો એક જ માર્ગ છે. એને દબાવવા અને એને ભૂખ્યા રાખી લાંઘણે ચઢાવવા અને તેમના પર બનતો સંયમ કરવો. સંયમ કરવાથી તે વશ થાય છે, નહિ તો આપણી બુદ્ધિને બહેર મારે, આપણને ન્યાયમાર્ગ વીસરાવે અને અનેક પીડાઓ કરે તેવી ઇન્દ્રિયો છે, તેની આ શ્લોકમાં ચેતવણી છે. એ નિત્યતરસી ઇન્દ્રિયો તો કંઈ કંઈ મલિન કામો કરી પ્રાણીને સપડાવે છે. (૪૮)

## વિષયો ઠેકાણા વગરના છે—

> कश्चिच्छुभोऽपि विषयः परिणामवशात्पुनर्भवत्यशुभः ।
> कश्चिदशुभोऽपि भूत्वा कालेन पुनः शुभीभवति ॥४९॥

**અર્થ**—"કોઈ શુભ વિષય હોય તે પરિણામવશ હોવાથી અશુભ થઈ જાય છે અને કોઈ વખત અશુભ થયેલો વિષય, કાળ ગયા પછી, અમુક વખત પછી, ફરીવાર શુભ થઈ જાય છે." (૪૯)

**વિવેચન**—વિષય પોતે અથવા વિષયથી થયેલું સુખ અનિત્ય છે. આજે વાજાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગમે, તે આવતી કાલે તાવ આવે તો કંટાળો આપનાર થઈ પડે છે અને કોઈ વિષય અશુભ હોય તે થોડો વખત ગયા પછી કાંઈ કારણ બને અને શુભ થઈ પડે છે; એટલે વિષયો તો પૌદ્ગલિક હોઈ, અશાશ્વત છે. તેથી ઊલટું જે વિષયો આજે અશુભ–અકારાં લાગતાં હોય તે વખત જતાં કોઈ કારણ બનતાં શુભ થઈ જાય છે, સારાં લાગે છે, ગમે છે. એટલે ઇન્દ્રિયના વિષયો પોતે સારા કે ખરાબ નથી, પણ આપણું મન પ્રસંગ મળતાં સારું હોય તે ખરાબ થઈ જાય છે અને ખરાબ હોય તે વિષયો પ્રત્યે મન સારું થઈ જાય છે. નમિ રાજર્ષિને દાહજ્વર થયો, તેને બૈરાંઓના હાથનો અવાજ ન ગમ્યો, સ્ત્રીઓએ સૌભાગ્યકંકણ માત્ર એક એક જ રાખ્યું. નમિ રાજર્ષિ થોડા વખત પછી પૂછે છે કે 'અવાજ કેમ બંધ થયો?' સ્ત્રીઓના કંકણનો તે અવાજ હતો, માત્ર એક કંકણ સ્ત્રીઓએ રાખ્યું છે, તેથી, નમિ રાજર્ષિને બોધ થયો કે એકલામાં જ—એકલાને જ સુખ છે; જેમ વધારે સંખ્યામાં હોય ત્યાં ખડખડાટ જ છે. એ પ્રત્યેકબુદ્ધ નમિ રાજર્ષિ ઉદ્વેગ પામી સંસાર છોડી ચાલી નીકળ્યા અને એકતા જાતે અનુભવી. આવી વાત હોય તો બધી રીતે યોગ્ય છે. પાંચે ઇન્દ્રિયોને જે સુખો મળે, એટલે વેણુ, વીણા, મૃદંગનો શ્રોત્રેન્દ્રિયને આનંદ આવે અને મીઠા ભોજનનો રસનાને આનંદ આવે તે સુખ ક્ષણિક છે, તેમ જ સ્ત્રી આદિકના સ્પર્શથી સ્પર્શેન્દ્રિયને સુખ થાય કે સુગંધી અત્તર, તેલથી ઘ્રાણેન્દ્રિયને સુખ થાય અથવા સુંદર વસ્તુ કે સિનેમાનાટક જોતાં ચક્ષુરિન્દ્રિયને સુખ થાય તે સ્થાયી સુખ નથી, અનિત્ય છે, ક્ષણિક છે, માટે એમાં કાંઈ સારાવાટ નથી, અને એને સુખ માનવાની ભ્રમણામાં પડવા જેવું નથી. એ તો આજે જે સારું લાગતું હોય તે થોડા વખત પછી ખરાબ થઈ જાય. એટલે એ સુખથી લેવાઈ જવા જેવું નથી. તે જ પ્રમાણે અશુભ સુખ અથવા દુઃખ માટે સમજવું, તેને બદલાતાં વાર લાગતી નથી. વસ્તુતઃ સુખ મળે, ત્યારે પણ તે ક્ષણિક હોઈ નકામું નીવડે છે. આવા ઇન્દ્રિયના વિષયો છે! એમાં સારાવાટ, સુખ જેવું લાગે ત્યારે પણ નથી અને દુઃખ આપે ત્યારે કચવાટ અને કકળાટનો પાર નથી. એમાં શુભત્વ કે અશુભત્વ કાંઈ નથી, કારણ કે માન્યતાનું સુખ કે દુઃખ ક્ષણિક હોઈ, તે લાંબો વખત ટકતું નથી. પૌદ્ગલિક સર્વ વસ્તુનાં સુખદુઃખો આવાં છે. માટે દુઃખ આવે ત્યારે મુંઝાવું નહિ અને સુખ આવે તેમાં લેપાવું નહિ, તેમાં આસક્તિ રાખવી નહિ, પણ જે સંયોગોમાં આપણે મૂકાયા હોઈએ તદનુસાર મળતાં સુખ અથવા દુઃખ ભોગવી લેવાં. (૪૯).

**વિષયોની શુભ–અશુભતાની કલ્પના—**

**कारणवशेन यद्यत् प्रयोजनं जायते यथा यत्र ।**
**तेन तथा तं विषयं शुभमशुभं वा प्रकल्पयति ॥५०॥**

**અર્થ**—કારણને વશ હોવાથી જ્યાં અને જેમ પ્રયોજન થાય છે, તે વડે તે વિષયોને પણ તે (પ્રાણી) સારા અથવા ખરાબ કલ્પી લે છે. (૫૦)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિવેચન**—પ્રયોજન–કર્તવ્ય. કાર્યની સિદ્ધિ માટે, તે સાધવામાં હરકોઈ પદાર્થ કે ક્રિયાનું અવશ્યપણું – એને પ્રયોજન કહેવામાં આવે છે. મતલબ કહેવાની એ છે કે, કારણને આધીન પડીને આ અવશ્ય ભાવો જરૂર વર્તે છે. તે પ્રયોજન જેવા પ્રકારનું અને જ્યાં હોય, તે પ્રમાણે ઇન્દ્રિયના વિષયો શુભ છે અથવા અશુભ છે એવી કલ્પના માણસ કરી લે છે. રાગ અને દ્વેષ જેવા વર્તે તે વખતે રાગનો વિષય દ્વેષનો વિષય બની જતાં પ્રયોજન જે અવશ્યભાવી આગલું કારણ છે તે અશુભ પણ થઈ જતું આપણે જોઈએ છીએ. વસ્તુ પોતે કાંઈ શુભ કે અશુભ નથી, પણ આપણા સંયોગો અને આપણું મન સારું કે ખરાબ હોય, તો પાંચે ઇન્દ્રિયના વિષયો સારા કે ખરાબ થઈ જાય છે. આપણે હાર્મોનિયમ, વાયોલીન કે નરઘાંનો અવાજ સારો જાણીએ, પણ આપણું માથું ભમતું હોય, ત્યારે તે જ અવાજ દુઃખ આપનાર થઈ પડે છે, આપણને તે સ્વર ભેંકાર લાગે છે અને તે સ્વર વાગતો ક્યારે બંધ થાય, એમ ઇચ્છાય છે. આ પ્રયોજન છે. રાગદ્વેષ એ પ્રયોજન છે. આપણે આનંદમાં હોઈએ તો ઇન્દ્રિયના વિષયો આકર્ષક નીવડી આપણને સુખ આપે અને વિપરિત સંયોગ થાય તો, તે વિષયો માથાને દુઃખવનાર અને ત્રાસ અપાવનાર – આપનાર લાગે છે. તે જ પ્રમાણે મધુર સ્વાદ આપણને શુભ સ્વાદ લાગે છે, પણ મંદવાડમાં પડ્યા હોઈએ ત્યારે અશુભ લાગે છે.

**પ્રયોજન**—આ શબ્દ ખૂબ વિચારવા યોગ્ય છે. તેનો અર્થ હેતુ, સબબ અથવા કારણ થાય છે. હરકોઈ ક્રિયાનું કાર્ય હોય, તે પરિણામને પણ પ્રયોજન કહેવામાં આવે છે. જે વસ્તુનો જેવો ઉપયોગ થાય અથવા જે કામમાં તેને લગાડવામાં આવે તે પ્રયોજન છે. प्रयोजनमनुद्दिश्य न मन्दोऽपि प्रवर्त्तते—મૂર્ખ માણસ પણ પ્રયોજન વગર, ઉદ્દેશ વગર પ્રવૃત્તિ કરતો નથી. આ પ્રયોજન કારણ પછીના હેતુના ઉપયોગના અર્થમાં વપરાય છે. જેવું જે પ્રકારનું અને જ્યાં પ્રયોજન હોય તે પ્રયોજન જ – ઉપયોગ જ વિષયને શુભ અથવા અશુભ બનાવે છે. પ્રયોજન એ યોજનાપૂર્વક, ઉદ્દેશપૂર્વક–હેતુપૂર્વકનું હોય છે. જેનું જેવું પ્રયોજન તે પ્રમાણે તે સ્થાને વસ્તુ સારી કે ખરાબ થાય છે. એટલે કારણ ગમે તેવું હોય તેના પર જોવાનું રહેતું નથી. પણ શા કામ માટે અને ક્યાં તથા ક્યારે અને કઈ રીતે તે વસ્તુનો ઉપયોગ થાય છે તે પ્રયોજન પર ઘણો આધાર રહે છે અને તે વસ્તુને સારી નરસી બનાવે છે. એકની એક સાકર હોય, પણ માંદા માણસને તે નુકસાન કરે અને મજબૂત તંદુરસ્ત માણસને તે પુષ્ટિ કરનાર થાય. આ રીતે જે કામમાં જે વસ્તુનો ઉપયોગ થાય તેમાં તે સારીનરસી નીવડે છે. એમાં વસ્તુનું કાંઈ સ્વતઃ સારા કે ખરાબપણું નથી, પણ તેનું પ્રયોજન શું છે, ક્યારે, કેવી રીતે, કેવા વિવેકથી તે વપરાય છે તે પર તે વસ્તુ સારી છે કે નહિ તેનો આધાર રહે છે.

આ પ્રયોજન કારણને લઈને કે સંસારની ગૃદ્ધિ કે વાસનાને લઈને ઉત્પન્ન થયું



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય તો વસ્તુ સારી કે નરસી નીવડે છે. મતલબ પ્રયોજન એટલે ઉપયોગ ઉપર વસ્તુના સારાનરસાપણાનો આધાર રહે છે. જો સારા ઉદ્દેશથી વસ્તુ વપરાય તો તે સારી – શુભ નીવડે છે અને અંદર ગોટો હોય તો વસ્તુ ખરાબ લાગે છે. વસ્તુ એટલે પાંચે ઇન્દ્રિયના વિષયો અહીં સમજવા.

**પ્રકલ્પયતિ**—તે પ્રમાણે વસ્તુ સારી છે કે ખરાબ છે એમ પ્રાણી કલ્પના કરે છે કારણ કે વસ્તુ પોતે સારી કે ખરાબ નથી, પણ જે હેતુ માટે જ્યાં અને જે રીતે તેનો, વસ્તુનો ઉપયોગ કરવામાં આવે તે પ્રમાણે તે સારી કે નરસી છે એમ પ્રાણી કલ્પના કરે છે, ધારે છે, માને છે; એટલે ઇંદ્રિયના વિષયો પોતે ખરાબ કે સારા સ્વતઃ નથી, પણ જે પ્રયોજન માટે અને જ્યાં જેવી રીતે તેનો ઉપયોગ કરવામાં આવે ત્યાં તેવી રીતે તે સારા છે કે ખરાબ છે એમ પ્રાણી કલ્પના કરી ધારી લે છે. સાકર ઘણી મીઠી લાગે, પણ ગધેડાને તે કડવી લાગે અને માંદાને તે ચિંતા કે ઉદ્વેગનું કારણ થાય; એટલે વસ્તુ પોતે સારી નથી કે ખરાબ નથી પણ તેને યોજનારની કલ્પના અને તેના ઉપયોગ ઉપર તે વસ્તુના સારાખરાબપણાનો આધાર રહે છે. એટલે પ્રયોજનનું કારણ રાગદ્વેષ હોય છે. કોઈ રાગથી લલચાઈ-ખેંચાઈ વસ્તુને-વિષયને સારા માને અને કોઈ દ્વેષથી તેને તિરસ્કારી કાઢે. એમ ન હોય તો તે વિષયો સારા અને ખરાબ ન હોવા જોઈએ, પણ તેમ થાય છે એ આ જીવનનો આપણને પ્રત્યક્ષ અનુભવ છે. એટલે વસ્તુનો જેવો અને જેવી રીતે ઉપયોગ કરવામાં આવે તેને આધારે તે સારીનરસી બને છે અથવા તેનો યોજક સારો-નરસો ગણાય છે. વસ્તુ પોતે સારી કે ખરાબ નથી, પણ પ્રયોજન ઉપયોગ ઉપર ઘણો આધાર રહે છે. પર્યાલોચન કરવું એટલે ધારવું. ધ્યાન રાખીને કરેલ અવલોકનને પર્યાલોચન કહેવામાં આવે છે. એ અર્થમાં હરિભદ્રસૂરિ આ શબ્દ અહીં વપરાયેલો ધારે છે અને તે વાત સમીચીન લાગે છે. पर्यालोचयति એ 'प्रकल्पयति'નો અર્થ છે. અને તે હરિભદ્રસૂરિની ટીકા અનુસાર બેસતો અર્થ છે.

**કારણ અને પ્રયોજન**—પ્રયોજન પહેલાં હોય તે કારણ અને યોજના–હેતુ–ઉપયોગ-પૂર્વક જે વસ્તુ ત્યાર પછી થાય તે પ્રયોજન. પ્રયોજન પહેલાં કારણ હોય છે અને તેથી જ કારણ અને પ્રયોજનમાં ઘણો તફાવત છે. કારણ રાગદ્વેષનું હોય છે અને પ્રયોજન – ઉપયોગ મતિકલ્પનામાં હોય છે. એટલે કારણ અને પ્રયોજન જુદાં હોવા છતાં, પ્રયોજન મતિકલ્પના પ્રમાણે કલ્પાય છે – તે વાત આગળ જતાં સ્પષ્ટ થશે. (૫૦)

**અભિપ્રાય અને મતિકલ્પના**—

अन्येषां यो विषयः स्वाभिप्रायेण भवति पुष्टिकरः ।
स्वमतिविकल्पाभिरतास्तमेव भूयो द्विषन्त्यन्ये ॥५१॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અર્થ**—બીજા પ્રાણીઓને જે વિષય પોતાના મતે પુષ્ટિ કરનાર હોય, તે જ વિષયને બીજા, પોતાના અભિપ્રાય-મતમાં આસક્ત બની દ્વેષને આધીન થઈ, ધિક્કારે છે. (૫૧)

**વિવેચન**—પ્રાણીઓનું અવલોકન કરતાં એમ જણાય છે કે બીજા પ્રાણીઓને જે વિષયમાં પોતાની કલ્પનાના જોરથી અથવા તેમાં આસક્ત થઈ રાગને કારણે મજા આવે છે, તે જ વિષયોને બીજા માણસો ધિક્કારે છે. તે તેમને દુઃખ આપનાર થઈ પડે છે. એક જ વસ્તુ કેવા કેવા ઉપયોગમાં અને સંયોગોમાં ફરી જાય છે, તેનું કારણ રાગદ્વેષ સમજવું. એકને જે આનંદ થોડો વખત આપે છે, તે અન્યને દ્વેષ ઊભો કરે છે. આવું સ્પર્શનાદિ સર્વ ઇંદ્રિયોના વિષય માટે સમજી લેવું. એમાં મતિકલ્પના અને પોતાના સંયોગાનુસાર બંધાયેલા મત પ્રમાણે પ્રાણી ચાલે છે. એટલે ઇંદ્રિયના વિષયો પૌદ્ગલિક હોવાથી એકને શાંતિ કરનાર થાય છે, ત્યારે બીજા પ્રાણીઓ તે જ વિષયો તરફ દ્વેષ કરે છે. એટલે વિષયો પોતે અનુકૂળ, શુભ અથવા સારા નથી પણ જે એક પ્રાણીને સારા વિષયો લાગે છે, તેના તરફ બીજો દ્વેષબુદ્ધિથી જુએ છે.

**સ્વાભિપ્રાયેણ**—રાગથી, પોતાના મતથી. જે સાધારણ રીતે સારા માને છે તે અભિપ્રાયને આસક્ત થયેલ પ્રાણીઓને આ અભિપ્રાય લાગુ પડે છે. स्वाभिप्रायेण એટલે પોતાના અભિપ્રાય પ્રમાણે, નિજ મતે એવો એનો આશય છે. તેના વડે એ જ વસ્તુ સારી કે ખરાબ છે. પરંતુ પૌદ્ગલિક હોવાને કારણે સારી કે ખરાબ છે એમ પોતાનું ધારવું થાય છે.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

**પુષ્ટિકર**—કોઈ પ્રતમાં 'तुष्टिकर' એવો પાઠ છે. અર્થ લગભગ સરખા છે. પુષ્ટિકર એટલે પોષણને કરનાર અને તુષ્ટિકર એટલે સંતોષને આપનાર. આ પુષ્ટિ અથવા તુષ્ટિ રાગજન્ય છે અને રાગ તેના તરફ અનુકૂળ નજરે જુએ તો તે શાંતિ, તુષ્ટિ અને પુષ્ટિ કરનાર થાય છે. આ પાઠાંતર ગમે તે કારણે કે લહિયાના લખાણદોષથી થયું હોય, પણ અર્થને અંગે જરાએ ફેર પડતો નથી; એકને શારીરિક પુષ્ટિના અર્થમાં વાપરવો અને બીજાને માનસિક સંતોષના અર્થમાં વાપરવો. બંને સમાનાર્થવાળા પાઠાંતરો છે. એનાથી મૂળના અર્થમાં જરાયે ફેર પડતો નથી અને વિષય બદલાતો નથી.

**સ્વમતિકલ્પના**—પોતાની મતિકલ્પના. કલ્પના એ માનસિક વસ્તુ છે, મતિજ્ઞાનનો વિષય છે. તે કલ્પના પ્રમાણે બીજા માણસો તે વસ્તુ પર દ્વેષ કરનારા મળી આવે છે, બીજા એક પ્રકારના મનુષ્યો તે વિષયોને સંતોષ આપનાર અને પુષ્ટિ કરનાર માને છે. વિષયો આવા છે! તે માણસ અનુસાર સારાનરસા, શુભ અથવા અશુભ નીવડે છે. એટલે વિષયોને મતિકલ્પના સારા અથવા ખરાબ, શુભ અથવા અશુભ ધારે છે, કલ્પે છે, પર્યાલોચન કરે છે. આમાં જોવા જેવી પોતાની બુદ્ધિ છે. વિષયો સારા પણ નથી કે સ્વતઃ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખરાબ પણ નથી, પણ માણુસ કે પ્રાણી તેને પોતાની મતિકલ્પના અનુસાર સારા અથવા ખરાબ ધારે છે, શુભ અથવા અશુભ ગણે છે.

મતિકલ્પના પ્રમાણે અમુક માણુસો એક વિષય તરફ રાગના આકર્ષણથી રાચે છે, તે જ વિષયને બીજા કેટલાક માણુસો દ્વેષથી ખરાબ-અશુભ ધારે છે; એટલે મતિકલ્પના જ વિષયને સારો અથવા ખરાબ બનાવે છે, એને સારો કે ખરાબ, શુભ કે અશુભ બનવાનું કારણ મતિકલ્પના જ છે. વિષય તો પૌદ્ગલિક હોઈ, તે પોતે સારો કે ખરાબ હોતો નથી, પણ જેવા સંયોગોમાં પ્રાણી મૂકાયલો હોય, તે પ્રમાણે તેને સારો કે ખરાબ કલ્પે છે. આ પાંચે ઇંદ્રિયના વિષયો માટે સમજવું અને આ નિયમ સર્વકાળ માટે લાગતો નથી. આજે જે વિષય સારો લાગે તે જ વિષય પાંચ દિવસ પછી કે કોઈ પણ કાળે અશુભ કલ્પાય. વિષયો અશાશ્વત છે અને તે પોતે અજીવ હોઈ સારા કે ખરાબ – શુભ વા અશુભ જાતે સ્વતઃ સ્વયં છે જ નહિ, આપણી કલ્પના જ તેને સારા કે ખરાબ અમુક કાળે અને અમુક કાળ માટે બનાવે છે.

**તમેવ**—તે જ વિષયને બીજા પ્રાણીઓ દ્વેષથી અશુભ ધારે છે અથવા તેના તરફ દ્વેષ કરે છે. વિષયો પૌદ્ગલિક છે અને આજે સારા લાગે, તે જ થોડા વખત પછી ખરાબ લાગે એવું પણ બને છે. અને વર્તમાનકાળે થોડાએક મનુષ્યો અથવા મનુષ્યનો વિભાગ જેને સારા માને, બીજો વિભાગ અત્યારે તે ઉપર દ્વેષ કલ્પે એ પણ બને તેવી વાત છે. આ બધી કલ્પના પર વાત છે અને કલ્પના સંયોગાનુસાર ફર્યા જ કરે છે. (૫૧)

जैन साईट JAINSITE

### કોઈ વસ્તુ ખરી રીતે ઇષ્ટ નથી કે અનિષ્ટ નથી—

**तान्येवार्थान् द्विषतस्तानेवार्थान् प्रलीयमानस्य ।**
**निश्चयतोऽस्यानिष्टं न विद्यते किञ्चिदिष्टं वा ॥५२॥**

**અર્થ**—"તે જ વસ્તુઓનો–અર્થોનો દ્વેષ થાય છે, તે જ પદાર્થોનો આશ્રય કરીને તે સારા લાગે છે, તેથી નિશ્ચયે કરીને (આ દુનિયામાં) પાકે પાયે કોઈ વસ્તુ આપણને હુંમેશને માટે ન ગમે તેવી અને કોઈ વસ્તુ વહાલી–પોતાને સારી હોય એવું નથી." (૫૨)

**વિવેચન—તાનેવ**–તે જ અર્થો. એટલે ઇંદ્રિયના વિષયો જેનો આજે દ્વેષ કરવામાં આવે છે, તે જ અર્થો-પદાર્થો-વસ્તુઓ. આમાં વિષયો બદલાતા નથી. પણ પોતાના સંયોગો બદલાય છે, તેથી પ્રાણી જે વિષયો તરફ આજે દ્વેષ કરે છે તેને જ આવતી કાલે વખાણે છે. એટલે પાકે પાયે (નિશ્ચયથી) તે વસ્તુ જાતે ખરાબ કે સારી – શુભ કે અશુભ નથી, પણ શુભ-અશુભપણાની આપણી કલ્પના જ છે. આપણે આ વિનશ્વર વિષયોને જેવા કલ્પીએ તેવા તે થાય છે. એ તો પૌદ્ગલિક હોવાથી અજીવ છે એટલે એ સ્વતઃ સારા કે ખરાબ હોતા નથી, પણ આપણી મતિકલ્પનાથી આપણે તેને સારા કે ખરાબ ધારી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લઈએ છીએ. અને આજે જે વિષયો ઉપર આપણા સંયોગોને કારણે, આપણને દ્વેષ થાય તે સારાં છે એમ તેમને આશ્રીને કાળાંતરે લાગે. માટે કોઈ વસ્તુ નિશ્ચયતઃ એટલે નિશ્ચયપૂર્વક સ્વતઃ સારી કે ખરાબ, હંમેશાને માટે સારી કે ખરાબ નથી, પણ આપણી તેને અંગેની કલ્પના સારી અથવા ખરાબ હોય છે. આપણને જે તરફ આકર્ષણ થવાના સંયોગો થાય ત્યારે તેટલો વખત તે સારું અને જ્યારે આપણા સંયોગો ફરે, ત્યારે તે ખરાબ પણ નિશ્ચયથી આપણને કોઈ પણ ઇંદ્રિયનો વિષય નિશ્ચયથી સારો કે ખરાબ હંમેશને માટે લાગતો નથી કારણ કે મતિકલ્પનાનો તે વિષય હોઈ આજે ખરાબ હોય, તે કાલે સારો વિષય થઈ પડે છે.

**નિશ્ચયતો**—પાકે પાયે, હંમેશને માટે, ચોક્કસ રીતે. કોઈ પણ વસ્તુ હંમેશને માટે વહાલી નથી અને કોઈ વસ્તુ હંમેશને માટે દવલી, દ્વેષ કરવા યોગ્ય નથી, એમાં એકસરખી મતિકલ્પના આજે હોય, તેવી હંમેશા બની રહેતી નથી. તેથી કોઈ વિષયને સારો કે ખરાબ નિશ્ચયપૂર્વક કહી શકાતો નથી. આને માટે ઘણા દાખલાઓ આપી શકાય.

**પ્રલીયમાનસ્ય**—આનો અર્થ હરિભદ્રસૂરિજી પોતાની સંસ્કૃત ટીકામાં 'આશ્રયતઃ' એટલે 'આશ્રય લેતો' કરે છે. એક જ વિષયનો દ્વેષ કરે અને થોડા દિવસમાં તે તેને સારા લાગે એટલે એનો આશ્રય કરે અને એનો રાગ ધરે. આ ઉપરથી કોઈ ઇન્દ્રિયનો વિષય પોતે સારો કે ખરાબ અથવા શુભ અથવા અશુભ સ્વતઃ નથી, પણ આપણે તેને જેવા કલ્પીએ તેવા તે તે વિષયો સારા કે ખરાબ થઈ જાય છે.

**અસ્ય**—આ જીવને કોઈ વસ્તુ ચોક્કસ ખરાબ છે, અસુંદર છે અથવા ઇષ્ટ છે એટલે વહાલી છે, એવું નક્કી કહેવાય તેવું નથી. આજે જે વસ્તુ સારી લાગે તે કાલે અથવા થોડા દિવસ પછી તિરસ્કાર્ય થઈ જાય અને અનિષ્ટ વસ્તુ આજે ન ગમતી હોય તે કાલે ગમે, એટલે અમુક વિષય સારો છે કે ખરાબ છે, તેવું નક્કી કહી શકાય તેમ નથી, એટલે તેના તરફ જે આકર્ષણ કે તિરસ્કાર થાય છે, તે પણ પરિકલ્પના પર જ આધાર રાખનારા છે, હંમેશના સ્થાયી નથી, વખતોવખત ફરનારા છે, એટલે એ વિષયો સારા કે ખરાબ છે એમ કલ્પના કરવી નકામી છે. વસ્તુતઃ સારા હોય તે સારા જ રહે અને ખરાબ હોય તે ખરાબ જ રહે, પણ આ તો એના એ જ વિષયો એક વખત સારા લાગે અને બીજે વખતે થોડા સંયોગો ફરતાં ખરાબ લાગે; એવી અચોક્કસ વસ્તુ જે એક વખતે પ્રેમોત્પાદક છે તે ફરી વખત બીજે વખતે, તિરસ્કારજનકમાં ફરી જતી હોઈ આપણે કોઈ વિષય માટે નિર્ણયપૂર્વક તેના સારાખરાબપણા માટે નક્કી કાંઈ કહી શકતા નથી.

**ઇષ્ટ**—એટલે પ્રેમોત્પાદક, વહાલું લાગે તેવું. અનિષ્ટ એ ઇષ્ટથી ઊલટો શબ્દ છે. તમે કોઈ વિષયને માટે તે વહાલો છે કે દવલો છે એમ કહી શકો નહિ, કારણ કે એ પૌદ્ગલિક ચીજ છે અને પારકી વસ્તુ, પરવસ્તુ છે, એનો ભરોસો કરવો નહિ, અને તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્થાયી–સ્થિર ન હોવાથી આપણા પ્રેમને લાયક પણ નથી. જે આજે તિરસ્કારને યોગ્ય હોય, અને થોડા વખતમાં વહાલી લાગે, તેના ઉપર કયો ડાહ્યો માણસ પ્રેમ કરે, કે તિરસ્કાર કરે ? કોઈ મોક્ષ જેવી વસ્તુ હોય, જે સર્વ કાળ એકસરખી રહે, તેની વાત જુદી છે. આ તો ઇંદ્રિયના વિષયો રહ્યા ! તે નક્કીપણે વહાલા હોય, તે વહાલા રહેતા નથી, કોઈ કાળે અથવા ઉંમર થતાં તે તરફ પ્રેમ થતો નથી અથવા ટકતો નથી. માટે એવા વિષયો વહાલા કે દવલા છે એમ હંમેશને માટે માનવાયોગ્ય નથી અને આપણા પ્રેમ કે દ્વેષને તે પાત્ર નથી. (૫૨)

**પરવિષયોથી થતો કર્મબંધ—**

> रागद्वेषोपहतस्य केवलं कर्मबन्ध एवास्य ।
> नान्यः स्वल्पोऽपि गुणोऽस्ति यः परत्रेह च श्रेयान् ॥५३॥

**અર્થ**—"રાગદ્વેષથી તિરસ્કારાયેલા એને (એ પ્રાણીને) માત્ર કર્મબંધ જ થાય છે. તેને એનું કામ સુધરે એવો આ ભવમાં કે પરભવમાં જરાસરખો પણ ગુણ થતો નથી." (૫૩)

**વિવેચન—ઉપહત**–એનો શબ્દાર્થ તિરસ્કારાયેલો એવો થાય છે. રાગદ્વેષથી આ ઉપર વર્ણવેલા સર્વ વિષયો જાગે છે અને રાગદ્વેષને લીધે આ પ્રાણી તિરસ્કારને પામે છે, હેરાન પરેશાન થઈ જાય છે અને દુઃખનાં પોટલાં થઈ જાય છે. ઉપહત એટલે તિરસ્કારાયેલો અથવા તેનાથી ઇજા પામેલો આ પ્રાણી વિષયો તરફ વારંવાર જાય છે. આ રાગદ્વેષ પ્રાણીને મારીને એને હેરાન પરેશાન કરે છે અને એને હેરાન હેરાન કરી તેને ઇજા કરે છે; એટલે રાગદ્વેષથી આ પ્રાણી ઇજા પામેલ છે. એ અર્થમાં રાગદ્વેષ એના મિત્ર થઈ, સાથે રહી, શત્રુનું કામ કરે છે. તેથી રાગદ્વેષ જેનાં કારણો છે, તેવા ઇંદ્રિયના વિષયને ભોગવી છૂટા થવા કરતાં, તેને તાબે જ ન થવું અને તેના પર સંયમ રાખવો એ લાભકારક વસ્તુ છે.

**કર્મબંધ**—રાગદ્વેષથી કર્મ બંધાય છે, અને તે જરૂર ભોગવવાં પડે છે; તે વખતે હજારો વિચાર આવે અને મનમાં ખેદ થાય, તે નકામો છે. રાગદ્વેષ કર્મબંધનાં કારણો છે. આપણે જોશું તો જણાશે કે દેવેન્દ્રસૂરિ પોતાના કર્મગ્રંથની શરૂઆતમાં જ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એમ ચાર કર્મબંધનાં કારણો કહે છે. રાગદ્વેષ એ ચારેમાં ભરેલા હોય છે અને કર્મોદય વખતે તો જેવાં કર્મો બાંધ્યા હોય તેવાં ઉદયમાં આવે છે. એટલે આ રાગદ્વેષથી તો નકામો કર્મબંધ જ થાય છે. કર્મબંધ વખતે પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ એ ચાર બાબત મુકરર થાય છે, પણ કર્મબંધનાં કારણોમાં રાગદ્વેષને ગણાવ્યાં છે. રાગદ્વેષ જે શત્રુભાવે કામ કરી રહ્યા છે, તે નકામાં આ કર્મબંધ મૂકી જાય છે, એટલે રાગદ્વેષ એ કર્મબંધનું ખરું કારણ છે અને તેનાથી લાભ થતો હોય તો સંસારમાં ભટકવાનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ થાય છે, બીજો કોઈ પ્રકારનો લાભ નથી. ઇંદ્રિયના વિષયો ભોગવવાના નફામાં કર્મબંધ માત્ર જ થાય છે. તે કર્મબંધ ઉપર મોદકનું દૃષ્ટાંત ત્યાં કર્મગ્રંથમાં આપ્યું છે તે ગુરુગમથી સમજી લેવું. અત્ર પ્રસ્તુત વાત એ છે કે ઇંદ્રિયના વિષયોથી કાંઈ લાભ થતો હોય તો તે માત્ર કર્મબંધનો જ છે. આપણે વિષયો સેવીને માત્ર વિષયનું ક્ષણિક સુખ ભોગવીએ છીએ. પણ કર્મબંધ જરૂર થાય છે, એ પણ સાદી નજરે સમજી લેવું જોઈએ.

**સ્વલ્પોઽપિ**—જરા પણ. એ વિષયોથી જરા પણ લાભ થતો નથી, પણ કર્મબંધ થાય છે અને તે કર્મ ભોગવવાં જ પડે છે. પ્રાણીએ કર્મ બાંધેલા હોય તે ભોગવે જ છૂટકો છે. એમાં જરા પણ ગોટો ચાલે તેમ નથી. માટે ઇંદ્રિયના વિષયથી જરૂર કર્મબંધ થાય છે. કર્મબંધ બાંધતી વખતે ચેતવું નહિ અને કર્મના ઉદય વખતે કકળાટ કરવો કે શરમાવું કે વિચારમાં પડી જવું, એ ડહાપણનો માર્ગ નથી. કરેલાં કર્મ ઉદયમાં આવે ત્યારે માણસ ગમે તે સ્થિતિમાં હોય તેમને જરૂર ભોગવવાં જ પડે છે.

**પરત્રેહ**—પરભવમાં કે આ ભવમાં એની કોઈ બીજી સારવાર થતી નથી. માણસ કામ કરે તે લાભ માટે કરે છે, પણ ઇંદ્રિયના વિષયોમાં લાભનો સવાલ જ નથી. ત્યાં તો આ ભવમાં કે પરભવ માટે કર્મબંધ થાય છે. એ જ માત્ર વિષયસેવનનું પરિણામ છે. આ કર્મબંધ નિબિડ એટલે આકરો થાય છે અને કર્મ ઉદયમાં આવે ત્યારે તેમને ભોગવવાં જ પડે છે. આ કર્મબંધ કોઈ માણસની કે વસ્તુની શરમ રાખતો નથી, એ તો કર્માનુસાર ફળ આપે છે. આ રાગદ્વેષનું પરિણામ છે. તમારે સંસારમાં રખડવું હોય તો વિષયોને સેવો, બાકી એનાં ફળ ભોગવવાનો વખત આવે, ત્યારે ગ્લાનિ કે દુઃખ દેખાડવું એ તો અર્થ વગરની વાત છે. કર્મરાજા કોઈની શરમ રાખતો હોય એમ જાણ્યું નથી. ખુદ તીર્થંકર જેવાને પણ કર્મ તો ભોગવવાં જ પડે. માત્ર પ્રદેશોદયથી કોઈ કોઈ કર્મ ભોગવાઈ જાય, પણ કર્મનાં ફળો તો ભોગવવા જ પડે, અને ભોગવતી વખતે નિઃસાસા નખાવે. તેટલા માટે, આ સંસારમાં, આ ભવમાં અને પરભવમાં એ વિષયો શ્રેયકારી થતા નથી; એટલે એ ભોગવવા જ પડે છે અને પછી તે પર વિચાર કરવો તે ઘણું મોડું થઈ પડે છે અને ભોગાવળી કર્મના ઉદય વખતે રડાવે તો તેથી ગભરાવું ન ઘટે, કારણ કે કર્મ કોઈ (અગાઉને) વખતે આપણે પોતે જ બાંધેલ હોય છે.

**ગુણો**—અહીં લાભના અર્થમાં વપરાયેલ છે. એનાથી કાંઈ લાભ નથી, અને કર્મબંધને લાભ ગણવો એના જેવી એકે ભૂલ નથી. એ તો સંસારમાં રખડાવનાર છે અને હેરાન કરી દુઃખી કરનાર છે; એમાં કોઈ પ્રકારનો મહત્ત્વનો લાભ નથી. કર્મબંધ જરૂર થાય છે અને સંસારમાં આંટા મરાય છે. એ જો ન કરવું હોય, અથવા એમ જ ન થવા દેવું હોય તો શું કરવું યોગ્ય છે તે આગળ પર બતાવાશે. (૫૩)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## શુભાશુભ વિષયના ભોગ વખતે રાગદ્વેષ—

यस्मिन्निन्द्रियविषये शुभमशुभं वा निवेशयति भावम् ।
रक्तो वा द्विष्टो वा स बन्धहेतुर्भवति तस्य ॥५४॥

**અર્થ**—"જે કોઈ ઇંદ્રિયના વિષયમાં સારો અથવા ખરાબ ભાવ ધારણ કરવામાં આવે છે તે રાગયુક્ત અથવા દ્વેષયુક્ત હોવાથી તે પ્રાણીને બંધહેતુ થાય છે." (૫૪)

**વિવેચન**—ઇંદ્રિયના વિષયો ઉપર સારો ભાવ રાખે તો તે રાગથી તેમાં આસક્ત થાય છે અને ખરાબ ભાવ રાખે તો દ્વેષથી તેમાં તિરસ્કારભાવ જાગે છે; રાગદ્વેષથી કર્મ-બંધ થાય છે. એટલે ઇંદ્રિયના વિષયોનું કારણ રાગદ્વેષ છે. તે રાગદ્વેષ સર્વ બંધહેતુ-કર્મબંધનું કારણ થાય છે. આપણે જોયું કે વિષયો પોતે ખરાબ કરનારા કે સારું કરનારા નથી, પણ તેના ઉપર જે પ્રકારની નજર આસક્તિ-અનાસક્તિ અથવા રાગદ્વેષ રાખવામાં આવે છે તે સંસારનું-કર્મબંધનું કારણ થાય છે. શ્રીસિદ્ધર્ષિ મહારાજની બનાવેલ કથામાં કોઈપણ ઇંદ્રિયનો વિષય પોતે રખડાવનાર નથી એમ આપણે જોઈ ગયા છીએ, પણ એમાં આસક્તિભાવ જ દુનિયામાં રખડાવનાર છે તે આપણે ત્રીજાથી માંડીને સાતમા પ્રસ્તાવ સુધી જોયું છે. એ સર્વ સારી રીતે વાંચવાની અને એનો આશય સમજવાની જરૂર છે.

નંદિવર્ધન સંસારમાં રખડ્યો, તે વૈશ્વાનરની સોબતે બગડ્યો એમ આપણે ત્રીજા પ્રસ્તાવમાં જોયું. અને ચોથા પ્રસ્તાવમાં રિપુદારણ તરીકે સંસારી જીવ થાય છે, ત્યાં પણ તેની રસનાલોલુપતા આડી આવે છે. પાંચમા પ્રસ્તાવમાં સંસારી જીવ વામદેવ થાય છે, ત્યાં પણ રસનાઆસક્તિનાં ફળો તે અનુભવે છે. અને છઠ્ઠા પ્રસ્તાવમાં ધનશેખર ઘ્રાણમાં આસક્તિ બતાવે છે; અને સાતમા પ્રસ્તાવમાં અમૃતોદર સંસારી જીવ છે ત્યાં પણ ચક્ષુરિંદ્રિયને વશ એ પડી જાય છે; અને છેવટે આઠમા પ્રસ્તાવમાં એ ગુણધારણ થાય છે, ત્યાં પણ એ શ્રોત્રમાં આસક્તિ બતાવે છે. એટલે વિષયોમાં આસક્તિ અથવા એમાં રસ લેવો તે કર્મબંધનું કારણ છે અને દ્વેષ ધરવો તે પણ કર્મબંધનું કારણ છે.

**શુભમશુભં**—એટલે વસ્તુ પર સારો અથવા ખરાબ ભાવ રાખવો તે. રાગદ્વેષ એનું કારણ છે. રાગથી અમુક વિષય તરફ ખેંચાણ-આકર્ષણ થાય છે અને દ્વેષથી એ વસ્તુનો કે વિષયનો પ્રતિકાર થાય છે અને તેના તરફ તિરસ્કાર છૂટે છે. રાગને વ્યવહારથી અત્ર શુભ ભાવમાં ગણવો અને દ્વેષ તો અશુભ ભાવમાં જ છે એટલે એને અશુભ ખરાબ ગણવો.

**રક્તો વા દ્વિષ્ટો વા**—રાગયુક્ત અથવા દ્વેષયુક્ત. ખરી રીતે વિષયો પોતે સારા કે ખરાબ નથી, પણ આપણે આગળ જોઈ ગયા તે પ્રમાણે રાગદ્વેષ આપણી આસક્તિ કે અનાસક્તિનાં કારણ હોવાથી તે અનુકૂળ અથવા પ્રતિકૂળ-સારા અથવા ખરાબ લાગે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાગદ્વેષ એના ખરાબ કે સારાપણાનું કારણ હોવાથી વિષયો પોતે સારા કે ખરાબ લાગે છે. જો રાગથી તણાયા કે દ્વેષથી એ વસ્તુ આપણે ન જોઈએ એમ ધારી બેઠા, તો આપણે સંસારમાં રખડયા. એટલે વિષયો પોતે રખડાવનારા થતા નથી પણ તે તરફ રાગદ્વેષ આપણો કેટલો અને કેવો થયેલ છે તે વિચારવાનું રહે છે. રઝળાવનાર અને સંસારને મોટો ખરેખર આ રાગદ્વેષનો ભાવ જ બનાવે છે: જો આપણે આત્માને મોકળો મૂકી, રાગદ્વેષથી વેચાઈ જઈએ, તો આ સંસારમાં રખડવાનું થાય છે અને દ્વેષથી વસ્તુને તજીએ તો તે પણ સંસારને વધારનાર થાય છે. એટલે ઇંદ્રિયના વિષયો ખરાબ જાતે નથી, પણ રાગ અને દ્વેષ તે વસ્તુને સારી અથવા ખરાબ બનાવનાર નીવડે છે અને સંસાર વધારનાર કર્મબંધ કરે છે. કર્મબંધ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગથી થાય છે અને તેથી વિષયોને સંસારવૃદ્ધિનાં કારણો ગણવાં ન ઘટે; પણ તેમના તરફ આપણે ખેંચાણ (રાગ) રાખીએ અથવા દ્વેષ–તિરસ્કાર રાખીએ, તેથી કર્મબંધ થાય છે. કર્મબંધનું મૂળ કારણ આપણને આ રીતે મળે છે અને એ રાગદ્વેષ જ છે જે સંસારને વધારનાર નીવડે છે. એટલે સંયમ રાખી રાગદ્વેષને વશ કરવા અને તેનાથી ચેતતા રહેવાની બહુ જરૂર છે. આવી રીતે સંસારને વધારનાર, કર્મબંધનું કારણ રાગ કે દ્વેષ છે એ સિદ્ધ થયું. આ સંબંધમાં આંતરિક દૃષ્ટિ રાખવાથી સંસારનું મૂળ કઈ જગો પર રહેલું છે, તે જણાઈ આવે છે અને એક વખત રાગદ્વેષ કબજામાં આવ્યા તો કર્મબંધનું કારણ કાંઈ રહેતું નથી. કર્મસંબંધમાં એક વાત કહી દેવી જરૂરી છે કે કર્મ કર્યા હોય તે ઉદયમાં જરૂર આવે અને કર્મોદયને ટાળવા આપણે સમર્થ નથી. મોટા ચક્રવતીને પણ કરેલાં કર્મો તો જરૂર ભોગવવાં જ પડે છે. માટે કર્મબંધનું કારણ શું છે અને ક્યાં છે તે સમજી, તેને પકડી પાડવું જરૂરી છે. (૫૪)

**દાખલો (વિચારવા યોગ્ય)—**

> स्नेहाभ्यक्तशरीरस्य रेणुना श्लिष्यते यथा गात्रम् ।
> रागद्वेषक्लिन्नस्य कर्मबन्धो भवत्येवम् ॥५५॥

**અર્થ**—શરીરે ચીકાશ-તેલ લગાડેલ હોય તે માણસનાં અવયવો જેમ ધૂળથી ભરાઈ જાય છે તેમ રાગથી અથવા દ્વેષથી ભીના થયેલા માણસને કર્મબંધ જ તે પ્રમાણે થાય છે. (૫૫)

**વિવેચન—સ્નેહ** : ચીકણો કોઈ પણ પદાર્થ, તેલ અથવા વીર્ય અથવા બીજી કોઈ ચીકણી વસ્તુ. ચીકાશ શરીર ઉપર લાગેલી અથવા લગાવેલ હોય તે માણસનાં અવયવો જેમ ધૂળથી ભરાઈ જાય છે, એટલે શરીરે ચીકાશ લગાવેલ હોય તેવો માણસ ચિકાશના



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જોરથી ધૂળથી આખું શરીર અને શરીરનાં અવયવો ભરી પાડે છે. તમે કોઈ તેલીઆ રાજાને જોયો હોય તો તેનું શરીર અને ખાસ કરીને તેનાં શરીરનાં અવયવો તમને ધૂળથી ભરેલાં દેખાશે. આત્મા તે આત્મિક વસ્તુ છે તેની સાથે કર્મ જેવી પૌદ્ગલિક વસ્તુ કેમ લાગે તે પર આ દૃષ્ટાંત છે. જેમ શરીરને તેલ લગાડીને તે માણસ પોતાના શરીરને ધૂળથી લપેટી દે છે, તેમ આત્માને તેલસ્થાનીય રાગદ્વેષથી લેપી જીવ તેને કર્મસ્થાનીય ધૂળથી ભરી દે છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગો કર્મરજને આકર્ષનારા છે. રાગદ્વેષથી આત્માને કર્મબંધ થાય છે અને ધૂળની પેઠે તે કર્મો આત્મા સાથે ચોંટી જાય છે.

રાગ અને દ્વેષની અહીં ખેંચાણ કરનાર બળ (force) સાથે સરખામણી કરી છે. જેમ વગર પ્રયત્ને તેલીઓ રાજા શરીરે ધૂળથી ભરાઈ ખરડાઈ જાય છે તેમ રાગદ્વેષરૂપ આકર્ષણોથી આત્માને મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગના જોરથી – આકર્ષણથી કર્મ લાગે છે. એ જેને ન હોય તેણે ડરવાનું નથી, કારણ કે આત્મા પોતે તો શુદ્ધ છે પણ રાગદ્વેષો આકર્ષક લોહચુંબકનું કામ કરી કર્મ અને આત્માનો સંબંધ કરાવી આપે છે.

**કર્મબંધ**—યાદ રહે કે કર્મો તો પોતે પૌદ્ગલિક છે. તેનો આત્મા સાથે બંધ આ રીતે રાગદ્વેષથી થાય છે અને તે રાગદ્વેષને ચીકણા પદાર્થ સાથે સરખાવી સમજવા યોગ્ય છે. એ જે સમજે તે કર્મનું આખું રહસ્ય સમજે અને કોઈ સ્થાને ચોપડા રાખવાની કે તે પર ન્યાય આપવાની જરૂર નથી. એકવાર રાગદ્વેષ પર વિજય થયો એટલે કર્મ આત્મા સાથે લાગતાં નથી, કારણ તેની ચીકાશ નથી. ચીકાશ વગર આત્મા અને કર્મનો સંબંધ થતો નથી, કારણ આત્મા આત્મિક વસ્તુ છે અને કર્મ પૌદ્ગલિક વસ્તુ છે. તેનો સંયોગ સંબંધ કરાવનાર રાગદ્વેષ છે. આથી કર્મનો આત્મા સાથે સંબંધ કેમ થાય છે, કેવી રીતે થાય છે અને કોણ કરાવે છે તે સ્પષ્ટ થતાં આખા સૃષ્ટિકર્તૃત્વના સવાલનો ખુલાસો થઈ જાય છે. ઈશ્વર, પરમેશ્વર કે પ્રભુ જેવી કોઈ ચીજની જરૂર જ નથી. આપણાં કર્મો આપણે ભોગવીએ છીએ અને તેમાં કોઈની દખલગીરી કે દરમ્યાનગીરીની જરૂરિયાત રહેતી નથી. અને જ્યાં ઈશ્વર કે પરમેશ્વર કર્મને જ અધીન હોય અને રાગદ્વેષ એના જુદા જુદા આકારમાં અસર કરતો હોય ત્યાં તે ઈશ્વર કે કોઈ આડતીઆની ફળ આપનાર તરીકે જરૂર જ રહેતી નથી. બાકી ઉદયકાળ પ્રાપ્ત થાય ત્યારે કર્મો જરૂર ફળ આપે છે અને તે ભોગવવાં જ પડે છે. એ વખતે કકળાટ કે અફસોસ કરવામાં આવે, તો પ્રાણીનું કે તેવા ઈશ્વરનું કાંઈ ચાલતું નથી. ત્યારે ઈશ્વર પણ સ્વતંત્ર નથી, તેથી કર્મસત્તા બળવાન છે.

**એવમ્**—આ રીતે. ચીકણા શરીરવાળાને જેમ ધૂળ લાગે, લાગવી તે સ્વાભાવિક છે. તે લગાડનાર કે લાગી છે એમ જોનાર કોઈ નથી અને એવા વચ્ચે પડનારની કાંઈ જરૂર જ નથી. કર્મ જ્યારે એનો અબાધાકાળ પૂરો કરી ઉદયમાં આવે, ત્યારે એવો ઈશ્વર પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેનું ફળ અટકાવતો નથી. કર્મ ફળોને આપે છે અને આત્માને તે કર્મનાં ફળો જરૂર ભોગવવાં પડે છે. એમાં કોઈ ત્રીજા માણસની દરમ્યાનગીરી ચાલતી નથી, તેમ જરૂરી પણ નથી. આ આખા સૃષ્ટિકર્તૃત્વના સવાલને વિચારવા જેવો છે. પ્રભુ સૃષ્ટિ બનાવે કે નહિ અને બનાવે તો આવી ક્લેશમય બનાવે કે નહિ તે સર્વ વાતનો વિચાર કરતાં જણાય છે કે, સૃષ્ટિના કરનાર કોઈની આવશ્યકતા લાગતી નથી અને આવી સૃષ્ટિ કરનાર કોઈ હોય એમ લાગતું નથી, કારણ કે તેવી દખલગીરીની જરૂર જ નથી; અને સૃષ્ટિ બનાવે તો આવી દુઃખમય સૃષ્ટિ કોઈ સમજુ માણસ બનાવે નહિ, કારણ કે સમજુ માણસ બનાવે, તમે પોતે જ બનાવો, તો આવી દુઃખદર્દભરી, કચવાટભરી, કકળાટભરી, નિઃશ્વાસમય સૃષ્ટિ બનાવો જ નહિ. આ આખો સૃષ્ટિકર્તવ્યનો સવાલ બહુ દૃષ્ટિબિંદુથી વિચારવા જેવો છે. કર્મના ભેદો અને પેટાભેદો કેટલા છે અને તેની વર્ગણાઓ જીવને ઉપર જણાવેલી રીતે લાગે છે તે વિશે વધારે જોવા માટે મારો કર્મ વિષય પર લખેલો લેખ જોવો. (૫૫)

**કર્મબંધના હેતુઓ—**

> एवं रागो द्वेषो मोहो मिथ्यात्वमविरतिश्चैव ।
> एभिः प्रमादयोगानुगैः समादीयते कर्म ॥५६॥

**અર્થ**—આ પ્રમાણે રાગ અને દ્વેષ તથા મોહ અને મિથ્યાત્વ તથા અવિરતિ હોય અને પ્રમાદ તથા મન-વચન-કાયાના યોગ તેની પાછળ ધસતા હોય તો, ત્યારે પ્રાણી કર્મ પ્રાપ્ત કરે છે." (૫૬)

**વિવેચન**—મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને પ્રમાદ તથા યોગો કર્મ બંધાવે છે, આત્માને કર્મ સાથે જોડે છે. કારણ कीरइ जिएण हेउहिं હેતુને પ્રાપ્ત કરીને જે કરાય તે કર્મ—આવી વ્યાખ્યા દેવેન્દ્રસૂરિએ કર્મગ્રંથ શરૂ કરતાં કરી છે. પાંચ મિથ્યાત્વો, બાર અવિરતિ, પચીશ કષાય (૧૬ કષાય અને ૯ નોકષાય) અને પંદર યોગો એ સત્તાવન (૫૭) બંધહેતુને પ્રાપ્ત કરીને પ્રાણીઓ કર્મબંધ કરે છે. કર્મ પ્રવાહરૂપે અનાદિ છે પણ તેનો અને આત્માનો સંબંધ થાય છે. કેટલાક પાંચ પ્રકારની વિકથાને વધારી પાંચ પ્રમાદને પણ કર્મબંધનાં કારણ ગણે છે. કેટલાક રાગદ્વેષને એ કર્મબંધના કારણ કહ્યા છતાં કારણમાં કાર્યનો આરોપ કરી પાંચ પ્રકારના પ્રમાદોને અથવા સત્તાવન બંધહેતુને કર્મબંધનના કારણભૂત ગણે છે. આ કર્મબંધનનાં કારણોને પ્રાપ્ત કરી જીવ કર્મબંધ કરે છે – એ એક વાત થઈ. વાત એ છે કે જ્ઞાનબળથી પહેલાં બાંધેલા કર્મને ગાળી દેવાં, નવા કર્મબંધન થતાં અટકાવવાં અને પ્રારબ્ધ કર્મોને ભોગવીને ક્ષીણ કરી નાખવાં અને પરબ્રહ્મને (મોક્ષને) સ્વરૂપમાં અનંતકાળ સુધી બન્યું બનાવ્યું રાખવું અને ત્યાં આનંદ કરવો એ આપણું કર્તવ્ય છે અને આ પ્રયાસ તે માટે છે. આખા શાસ્ત્રનો સાર આટલી વાતમાં આવી જાય છે. તે સમજવા યત્ન કરવો.

જૈનસાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**રાગદ્વેષ**—ઉપરના શ્લોકોથી પ્રતીતિ થઈ હશે કે, પ્રાણી રાગદ્વેષ કરે છે તે કર્મબંધનું કારણ છે. સ્પર્શેન્દ્રિયનો વિષય સ્પર્શ, રસનેન્દ્રિયનો સ્વાદ, ઘ્રાણેન્દ્રિયનો સુવાસ, ચક્ષુરિન્દ્રિયનો દેખાવ અને શ્રોત્રનો અવાજ તે પોતે કાંઈ ખોટાં નથી, પણ એ રાગદ્વેષ કરાવે છે. એટલે એના પર જે રાગદ્વેષ થાય તે કર્મબંધનાં કારણ બને છે. પ્રાણીની કલ્પના પ્રમાણે વિષય શુભ અથવા અશુભ, સારા અથવા ખરાબ તેને લાગે છે. એટલે એના તરફ જેવો રાગદ્વેષ હોય, તે પ્રમાણે તે સારા અથવા ખરાબ લાગે છે. આ રીતે વિષય તરફ રાગદ્વેષ સારાખરાબપણાનું કારણ છે અને એ વાત આપણે આ ગ્રંથના પૂર્વભાગમાં અને ખાસ કરીને ૫૦મી ગાથામાં જોઈ ગયા છીએ. એટલે રાગદ્વેષ સંસારમાં રખડાવનાર છે અને તેના પર સંયમ કર્યો હોય અને સ્થિતિ એવી બનાવી હોય કે વિષયો તરફ રાગ અથવા દ્વેષ ન થાય તો કર્મબંધન સર્વ દૂર થાય છે અને આપણા જીવનનું મનોયત્ન ખુલાસાવાર સાબિત થાય છે. પછી રાગદ્વેષ જાય એટલે આપણે કાંઈ કરવાપણું રહેતું નથી. માટે આ કર્મબંધનાં કારણો રાગદ્વેષ પર સંયમ રાખવો, સંયમ કરવો અને તે આપણને હુકમ કરે તેમ ન કરતાં, અથવા તેવું થવા ન દેતાં, આપણે તેમના પર સામ્રાજ્ય જમાવવું અને તે પર સંયમ કરવો. રાગને સિદ્ધર્ષિગણિએ રાગકેસરીનું રૂપ આપ્યું છે અને દ્વેષને દ્વેષગજેન્દ્ર કહેવામાં આવ્યો છે. તેમનું સ્વરૂપ જાણી અને એ બંને નાના-મોટા ભાઈના ઉપર વિજય મેળવી, એમનાથી સ્વતંત્ર થવું અને એ પર સંયમ રાખવો, એ ઘણી મુશ્કેલ વાત છે, પણ તે જરૂરી છે.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

**મિથ્યાત્વ**—મિથ્યાત્વના પાંચ પ્રકાર છે. જ્યાં સુધી આ પાંચ પ્રકારના મિથ્યાત્વ પર ત્યાગભાગ ન આવે, ત્યાં સુધી સંસાર ઘટતો નથી અને પ્રાણીનો અંત આવતો નથી અને તેનો મોક્ષ થતો નથી. આ મિથ્યાત્વના પ્રકારો સમજીને તે પર વિજય મેળવવો અને શુદ્ધ દેવ-ગુરુ-ધર્મ ઉપર શુદ્ધ શ્રદ્ધા રાખવી, એટલે કર્મબંધ મિથ્યાત્વ પૂરતો ન થાય. મિથ્યાત્વ ઉપર સંયમ થવાથી કર્મબંધ ન જ થાય એમ સમજવું નહિ, પણ એ કર્મબંધનું અતિ અગત્યનું કારણ છે એટલે એક કર્મબંધનનું કારણ ઓછું થયું એમ સમજવું. શુદ્ધ શ્રદ્ધાન પાસે મિથ્યાત્વ ટકતું નથી એટલા માટે શુદ્ધ દેવ-ગુરુ-ધર્મની પરીક્ષા કરી, તેમને સ્વીકારવા અને એકવાર સ્વીકાર્યા પછી તેમને કદી ન છોડવા. આ સમકિતનું અને સમકિતીનું લક્ષણ છે અને તેમાં કોઈ જાતનો અપવાદ નથી.

**અવિરતિ**—વિરતિભાવનો ત્યાગ તે અવિરતિ છે. જ્યાં સુધી વ્રતપચ્ચખ્ખાણ લેવામાં ન આવે ત્યાં સુધી અવિરતિ છે અને વિરતિનો – ત્યાગભાવનો અભાવ એ કર્મબંધનું કારણ છે. પ્રાણી બાર વ્રત ન લે તે બાર પ્રકારની અવિરતિ છે. નહિ તો અહીં બેઠા કે રહ્યા છતાં ક્ષીરસમુદ્ર કે આટલાંટિકના પાણીના વપરાશનો દોષ પણ લાગે, એટલે તેનો ત્યાગ – વિરતિ કરવી જોઈએ અને એ રીતે બંધાતાં અનેક કર્મોને શમાવી દેવાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જોઈએ. આમ તો આટલાંટિક દૂર ઘણો લાગે, પણ હવાઈજહાજના દહાડામાં ત્યાં કલાક એમાં જવું, હાલ તો અશક્ય નથી અને તેના જળના ઉપયોગનો દોષ અહીં રહેવા છતાં લાગે એવો ઊંધો ધંધો વિરતિભાવના ત્યાગને લીધે આપણે કરીએ છીએ અને નકામા સંસારમાં રઝળીએ છીએ. આ અવિરતિપણું એ કર્મબંધનું પણ એક કારણ છે, તેને મૂકી દઈ વિરતિભાવ સ્વીકારવો, પ્રેમથી હોંશથી સ્વીકારવો અને આત્માનું શ્રેય કરવું અને કારણ વગર, લાભ વગર થતો કર્મબંધ અટકાવવો. અવિરતિભાવ એ કર્મબંધનું એક કારણ છે એમ અત્ર સમજવાની જરૂર છે અને સમજીને વિરતિભાવ આદરવા યોગ્ય છે.

**પ્રમાદ**—મદ્ય, વિષય, કષાય, વિકથા (સ્ત્રી, રાજ, દેશ અને ભોજનસંબંધી વાતો) અને નિદ્રા એ પાંચના સમૂહને પ્રમાદ કહેવામાં આવે છે. એ પાંચેનો સમૂહ જ્યાં હોય ત્યાં તેમનો સમૂહ પ્રમાદને નામે ઓળખાય છે.

**યોગ**—મન, વચન અને કાયાની પ્રવૃત્તિને યોગ કહેવામાં આવે છે. કર્મ પ્રાપ્ત કરવાના અથવા આત્મા સાથે તે પૌદ્‌ગલિક વસ્તુનું બંધન થવા માટે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એના પેટાભેદ સાથે સત્તાવન બંધહેતુ હોય છે. કષાયને સ્થાને અથવા વધારામાં કોઈ પ્રમાદને કર્મબંધનું કારણ ગણે છે. પ્રમાદની વ્યાખ્યા ઉપર થઈ ગઈ.

**સમાદીયતે**—ગૃહ્યતે. જીવ કર્મનો બંધ કરે છે, તેનાં કારણો – હેતુઓ ઉપર જણાવ્યા. એ હેતુને પ્રાપ્ત કરીને એટલે એમાં રાચીમાચીને જીવ કર્મબંધ કરે છે. (૫૬)

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

**રાગદ્વેષ સંસારનું અને દુઃખનું મૂળ—**

कर्ममयः संसारः संसारनिमित्तकं पुनर्दुःखम् ।
तस्माद्रागद्वेषादयस्तु भवसन्ततेर्मूलम् ॥५७॥

**અર્થ**—કર્મમય આ સંસાર છે અને સંસારનિમિત્તે દુઃખ પાછું થયા કરે છે, તેટલા માટે રાગ અને દ્વેષ વગેરે સંસાર વિસ્તારનું મૂળ છે. (૫૭)

**વિવેચન**—વિષયોનો અને રાગદ્વેષનો સંબંધ આપણે ઉપર જોયો. અહીં બતાવે છે કે એ સંસાર જે સરી પડે તેવો છે તેનાથી દુઃખ થાય છે એટલે કારણના કારણ તરીકે રાગદ્વેષાદિક માનસિક મનોવિકાર છે. આ વાત સ્પષ્ટ થઈ હશે, કારણ કે સંસારને વધારનાર કર્મો છે અને ઉપર જોઈ આવ્યા તે પ્રમાણે કર્મબંધનાં કારણ વિષયો પરના રાગદ્વેષરૂપ મનોવિકારો છે, તેથી ભવપરંપરાનું એક કારણ રાગદ્વેષ વગેરે મનોવિકારો છે. મતલબ આ સંસારવિસ્તાર જે થાય છે, વધી પડે છે અને તેની પરંપરા ચાલે છે, તેનું મૂળ રાગદ્વેષ છે. પાંચે ઇંદ્રિયના વિષયો તો પૌદ્‌ગલિક છે, તેમને દોષ ન આપવો જોઈએ. પણ એને મજબૂત કરનાર જે રાગદ્વેષ વગેરે મનોવિકારો છે, તેમને બરાબર સમજવા જોઈએ અને તેમના પર સંયમ રાખવો જોઈએ. જો સંસારમાં રહેવું હોય, જો સંસાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગમ્યો હોય, જો સંસાર પર પ્રેમ આવતો હોય તો આ રાગદ્વેષને પંપાળવા, નહિ તો એના પર સંયમ કરવો, એના પર અંકુશ રાખવો અને તેમને માર્ગ ન આપવો, કારણ કે સંસાર વિસ્તારનું એ પરંપરાકારણ છે. જેમ સંતતિ ચાલે, જેમ વંશવેલો વધે તેમ સંસારનો વંશવેલો રાગદ્વેષથી વધે છે. એટલે આ રાગદ્વેષને બરાબર ઓળખવા અને સમજવા જ રહ્યા; એમનો વિજય કેમ થાય તે આ જ ગ્રંથમાં આગળ તુરતમાં બતાવવામાં આવશે. આપણે આ હેતુઓને પ્રાપ્ત કરીને જે બાંધીએ તે કર્મ, એને ઓળખવાનો આ સર્વ પ્રયાસ છે.

**કર્મ**—આપણે જે કાંઈ ક્રિયા કરીએ, વચન બોલીએ અથવા કાયાને હલાવીએ ચલાવીએ તે વખતે કર્મબંધન થાય છે. કર્મ શું છે, કેવાં છે? પૌદ્‌ગલિક છે. તે માટે મારો કર્મસંબંધી લેખ જુઓ. આ સંસાર કર્મમય છે, કર્મથી ભરેલ છે, કર્મસ્વરૂપ છે અને સંસાર અને કર્મનો કાંઈ તફાવત નથી. આ રીતે સંસાર એટલે કર્મમયતા જ છે એમ સમજવું. એ સંસારનો છેડો લાવવો હોય તો કર્મ ઉપર સામ્રાજ્ય મેળવવું, એટલે કર્મ ન કરવાં, ન થવા દેવાં, હોય તેને ભોગવી લેવાં અને કર્મથી મુક્ત થવું. અહીં સંયોગ, વિયોગ, મરણ, પૈસાની આફત વગેરે અનેક પ્રકારનાં દુઃખો થાય છે તે સંસારને કારણે થાય છે, તેથી રાગદ્વેષ ઉપર તેમનો આધાર રહે છે. કારણ કે વિષયો પોતે સારા કે ખરાબ નથી, પણ તેને અંગેનો રાગ અથવા દ્વેષ તેમને સારા અથવા ખરાબ બનાવે છે. અને વિયોગ, ધનનું ખોવાવું, મરણ, શોક વગેરે જે આ સંસારમાં દુઃખો થાય છે તેનું કારણ કર્મ છે અને કર્મો રાગદ્વેષથી બંધાય છે.

**ભવસંતતિ**—સંસારવિસ્તાર, સંસારપરંપરા. એનું મૂળ કારણ રાગદ્વેષ છે, કારણ કે રાગદ્વેષથી કર્મ ચીકણાં થાય છે. એટલે કારણનાં કારણ તરીકે જોતાં આ સંસારની પરંપરા જે ચાલે છે તે સર્વનું મૂળ રાગદ્વેષ છે. રાગદ્વેષ પર વિજય થાય એટલે આ આખી સંસારપરંપરા નકામી થઈ જાય છે, એ રીતે ભવસંતતિનો છેડો આવી જાય છે અને પ્રાણી મુક્તિમાં જાય છે. મુક્ત પ્રાણીને કોઈ કર્મ રહેતું નથી અને લાગતું પણ નથી. તેથી આ સંસારપરંપરાનું મૂળ રાગદ્વેષ છે તે બરાબર સમજી લઈએ. રાગદ્વેષ ન કરવા અને તે કરવાનો પ્રસંગ આવે તો સંયમ રાખવો. આને માટે શો માર્ગ લેવો તે આ ગ્રંથમાં બતાવવામાં આવશે.

**ઉપાય**—

एतद्दोषमहासञ्चयजालं शक्यमप्रमत्तेन ।
प्रशमस्थितेन घनमप्युद्वेष्टयितुं निरवशेषम् ॥५८॥

**અર્થ**—આ દોષોના મોટા સંચય (એકઠા કરવા)રૂપ જાળાને અપ્રમત્ત તથા પ્રશમરસમાં સ્થિત થયેલો મૂળથી ઉચ્છેદી શકે છે, નાશ કરી કાપી નાખે છે. (૫૮)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિવેચન**—આ રાગદ્વેષથી થયેલા દોષોને દૂર કરવા હોય તો તે થઈ શકે તેમ છે. તેમને અપ્રમત્ત એટલે અપ્રમાદી માણસો (સાતમે ગુણસ્થાનકે) અને પ્રશમરસમાં નિમગ્ન થયેલા માણસો દૂર કરી શકે. આ દોષના સંચયને [એકઠા થતાં જોઈને ગભરાવાનું નથી, પણ] તે અપ્રમાદી માણસો–સર્વ મદ્ય, વિષય, કષાય, વિકથા અને નિદ્રાનો પરિહાર કરનાર માણસો–અને પ્રશમમાં સ્થિત એટલે રહેલા માણસો જ દૂરી કરી શકે તેમ છે. એટલે આટલા મહાન દોષોનો સંચય થયા કરે છે, તેથી ગભરાવાનું કારણ નથી. જે માણસો અપ્રમાદી હોય અને પ્રશમભાવમાં રહેલા હોય તે આ સર્વ દોષના જાળાને કાપી શકે છે. પણ તે અપ્રમત્ત અવસ્થામાં વર્તનાર, સંસારના ત્યાગી, સર્વવિરતિભાવને આદરનાર અને પ્રશમભાવમાં રહેલા મુનિ અથવા એવા પ્રકારના માણસો જોઈએ. અપ્રમાદી રહીને અને પ્રશમભાવમાં આવીને આ કષાયો પર અને રાગદ્વેષના જે અનેક પ્રાદુર્ભાવો છે તે પર વિજય મેળવવાનો છે અને મેળવી શકાય તેવું હાથમાં જ છે. એટલે દોષોની સંખ્યા, અને વિવિધતા જોઈને ગભરાઈ જવા જેવું નથી, પણ તે પર વિજય મળે તેના રસ્તા શોધવાનું કાર્ય કરવાનું છે. એમને એમ બેસી રહેવાથી દોષસંચય પર વિજય થતો નથી. આમ દોષસંચયને તદ્દન દૂર કરવાની મુખ્ય વાત કરી અને તેને દૂર કરનાર માણસ કેવા હોય તે બતાવ્યું. આપણે પણ દોષસંચય નિવારવા માટે તેવા–તેમાં વર્ણવેલા માણસ જેવા થવાની જરૂર છે.

**અપ્રમત્ત**—અપ્રમાદી. પ્રમાદના પાંચ વિભાગ છે: મદ્ય, વિષય, કષાય, વિકથા અને યોગ. આ પાંચે પ્રકારના પ્રમાદનો ત્યાગ કરનાર એટલે દારૂ ન પીનાર હોય, વિષય-કષાયમાં આસક્ત ન હોય, વિકથા ન કરનાર હોય અને મન–વચન–કાયાના યોગો પર સંયમ રાખી શકતો હોય, તેવો માણસ આકરામાં આકરી દોષોની જાળને પણ વીંધી શકે છે. એટલે આપણું કામ અત્ર વર્ણવેલા સાતમે ગુણસ્થાનકે રહેલા અપ્રમત્ત યતિ જેવું હોવું જોઈએ. અપ્રમત્ત યંત્ર કેવું હોય અને કેવી રીતે ગતિ કરે તે માટે જુઓ ઉપમિતિ-ભવપ્રપંચા કથા, ત્યાં અપ્રમાદ યંત્રનું વર્ણન કરવામાં આવ્યું છે.

**પ્રશમસ્થિત**—એટલે પ્રશમરસમાં ભગવાન પેઠે જામી ગયેલા. ભગવાનનું વર્ણન આપણે વાંચીએ છીએ કે તે પ્રશમરસમાં નિમગ્ન છે. એવી શાંતિ જોઈએ. જેને ઉકળાટ, ઉચાટ કાંઈ ન હોય તે દોષસંચયને મૂળથી કાઢી નાંખવા હિંમત ધરી શકે. આપણે તેવા અપ્રમાદી અને પ્રશમસ્થિત થવું જોઈએ અને મનોવિકારને માર્ગ આપવો ન જોઈએ.

**ઘનમ્**—આવી ગહન જાળ જે કર્મની છે તેને મૂળથી ઉકેલવા અને તેનો નાશ કરવા આવા પ્રકારના અપ્રમત્ત અથવા પ્રશમસ્થિત માણસો શક્તિમાન થાય છે. એટલે દોષસંચય ઉપર નજર ન રાખવી, પણ તેનો નાશ કરનારા જગતમાં પડ્યા છે અને આપણે તેવા યોગ્ય પ્રયત્નથી થઈ શકીએ છીએ અને નીચે બતાવેલી વિચારણા કરી શકીએ છીએ તેમ ધારવું. આ સત્યવાર્તા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ઉદ્વેષ્ટયિતું**—તેને દૂર કરવા માટે. અપનેતું એવો અર્થ આ શબ્દનો હરિભદ્રટીકામાં છે, તેનો અર્થ પણ એ જ થાય છે. કોઈ પ્રતમાં ઉદ્દેશયિતું એવો પાઠાંતર છે. उद्वेष्टयितु'નો અર્થ તેને ખસેડવાને, દૂર કરવાને, એમ થાય છે.

**નિરવશેષમ્**—આખી. આવી આકરી વાત હોય તેને સર્વથા દૂર કરવા પ્રાણીઓ સમર્થ થઈ શકે છે. તે કેવા પ્રકારના હોય છે તેનું સ્વરૂપ અત્ર બતાવ્યું છે. નિરવશેષમ્-નો અર્થ આખીને આખી એમ થાય છે. એ જાળસમસ્તને આખીને આખી પ્રાણી કાપી શકે છે અને તેના પર સમ્રાજ્ય મેળવી શકે છે. માણુસ નપુંસક કે હીનસત્ત્વ અથવા પુરુષાર્થ વગરનો નથી. બાંધેલા કર્મોને ખસેડવાનો અને નવાં આવતાં કર્મોને રોકવાનો તેનામાં પુરુષાર્થ છે. એટલે ગમે તેવાં આકરાં કર્મોને ઉપાય કરવાથી ખસેડી દૂર કરી શકાય છે અને નવાં કર્મોને આવતાં-બંધાતાં રોકી શકાય છે અને છેવટે કેવળીસમુદ્ઘાતમાં બાકીનાં કર્મોને સરખાં કરી શકાય છે. તેથી આ કર્મોથી ડરવા માટે આ વાત નથી કરી, પણ તેમનાથી ચેતતા રહેવા માટે આ વાત કરી છે. જો નવાં કર્મો વધારે બંધાય તો બધી વાતે પ્રાણી ભારે થઈ જાય છે અને ભારેકર્મી જીવને આ રીતે પુરુષાર્થ કરી કર્મો દૂર કરવા ઘણા મુશ્કેલ પડે છે, તેના તરફ ધ્યાન ખેંચવા આટલી વાત કરી છે. કર્મોને બાંધવામાં રાગદ્વેષ કેવું કામ કરે છે, તેમને કારણ શા માટે ગણવામાં આવે છે અને ઇંદ્રિયના વિષયો ક્ષણિક છે અને ચાલે ત્યારે બહુ થોડો વખત સુખ આપતાં લાગે છે, પણ તે જાય ત્યારે એવો કચવાટ મૂકતા જાય છે કે માત્ર ખિન્નતા જ રહે છે—એ સર્વ વાતની ખરી હકીકત સમજાવવા આ વાત કરી છે. પ્રાણીને ગભરાવવા એક પણ વાત કરી નથી, પણ વસ્તુસ્થિતિ સમજાવવા સર્વ વાત કરી છે. પ્રાણી ધારે ત્યારે સર્વથા બધાં કર્મો પર સામ્રાજ્ય મેળવી શકે છે. પણ તેણે તે ધારવું જોઈએ અને તે માટે કર્મોને ઓળખવાં જોઈએ, વિષયોની વિરૂપતા જાણવી જોઈએ અને તેમને ઉઘાડા આકારમાં સમજવા જોઈએ. એ હકીકત સમજાવવાનો સર્વ પ્રયાસ છે. આમાંની કેટલીક વાત તો ગ્રંથકાર પોતે જ કહેશે, તે બરાબર લક્ષમાં રાખવી. (૫૮)

**કર્મમળ દૂર કરવાના ઉપાય—**

अस्य तु मूलनिबन्धं ज्ञात्वा तच्छेदनोद्यमपरस्य ।
दर्शनचारित्रतपःस्वाध्यायध्यानयुक्तस्य ॥५९॥

**અર્થ**—આનું મૂળ કારણ જાણીને તેને છેદવાનો પ્રયાસ કરવા તત્પર થનાર તથા દર્શન, ચારિત્ર, તપ, સ્વાધ્યાય અને ધ્યાનથી યુક્ત માણુસને (આ શુભ વિચારણા હોય છે.) (૫૯).

**વિવેચન**—કર્મો ઘણાં છે, તેના પ્રકાર ઘણા છે અને તે પ્રત્યેક સમયે લાગે છે. તેથી તેમને દૂર કરવાની મુશ્કેલીથી ડરી જવા જેવું નથી. કેવા પ્રકારના માણુસો કર્મને દૂર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરી શકે છે તેનું અત્ર વર્ણન છે. તેને સાધનારા માણસો કેવા છે એનું પ્રથમ ઓળખાણ કરાવીએ.

**નિબંધ**—કારણ. કર્મનું મૂળ ક્યાં છે તે પ્રથમ શોધવું જોઈએ. આપણે જાણીએ છીએ કે કર્મ પોતે તો પૌદ્‌ગલિક છે, વિષયો અજીવ છે અને આપણો તે પરનો રાગદ્વેષ જ આ સંસારનું કારણ છે. આ વસ્તુને જે પ્રાણીઓ સમજ્યા છે તેઓ કર્મને સમજી ગયેલા છે. તેવા માણસોનું અહીં ઓળખાણ કરાવે છે. આપણે જો સારી સોબતમાં હોઈએ તો બધાં વાનાં સારાં થાય; આવા માણસો આપણને કર્ત્તા ઓળખાવે છે. એવાની સોબત થાય તો વધારે સારું. એમની પાસેથી જાણવા-સમજવાનું ઘણું મળે અને તેમને અનુસરવાનું આપણને મન થાય.

**છેદન**—ઘાત, નાશ. આપણે રાગદ્વેષાદિ મનોવિકારને ઓળખ્યા. તે (કર્મ) સુખ આપે, તો તે પણ અસ્થાયી અને ટૂંક વખતનું છે અને તેનું મૂળ રાગદ્વેષમાં છે એટલે આપણો વિચાર જરૂર એનો નાશ કરવાનો થાય. આવા મનોવિકાર કરવા યોગ્ય નથી એટલે બુદ્ધિશાળી, વિચક્ષણ માણસ એમનો આશ્રય ન જ કરે, પણ એમનો નાશ કરવાનો વિચાર કરે અને તેમનાથી દૂર નાસે. અહીં પ્રથમ તો એમનો ઘાત કરનાર માણસો કેવા હોય તે બતાવે છે. પછી તેનો ઉપાય આપણે વિચારશું. કોઈ કામ કરવું હોય તો કેવા માણસો તે કરી શકે, તે પ્રથમ જાણવું જોઈએ. એ રાગદ્વેષ કાંઈ કાચાપોચા કે જેવાતેવા નથી. એ વિકારો પણ પૌદ્‌ગલિક હોઈ, આપણા પર બરાબર સામ્રાજ્ય કરનારા છે. તેથી સંભાળપૂર્વક અહીં તેમનો નાશ કરનારા માણસના સંબંધમાં વિવેચન કર્યું છે તે આપણે જાણી લેવું જોઈએ.

**દર્શનચારિત્રતપઃસ્વાધ્યાયધ્યાનયુક્તાઃ**—આવો માણસ અર્થાત્ તેનો-રાગદ્વેષનો નાશ કરનાર પ્રથમ તો દર્શન, ચારિત્ર, તપ અને સ્વાધ્યાય અને ધ્યાનથી યુક્ત હોય. એ કામ કાંઈ રેંજીપેંજીથી થઈ શકે નહિ. એની પહેલી શરત એ છે કે એનો નાશ કરવા ઉદ્યુક્ત થયેલો માણસ દર્શન, ચારિત્ર, તપ અને સ્વાધ્યાય અને ધ્યાનથી યુક્તહોય. એટલે જે આ કામ કરવા તૈયાર થયા હોય તેમણે આ પાંચે બાબતમાં જોડાવું ઘટે.

**દર્શનચારિત્ર**—તત્ત્વશ્રદ્ધાન રાખનાર માણસ દર્શનયુક્ત કહેવાય છે અને તેને (તત્ત્વને) બરાબર યથાસ્વરૂપે ઓળખનાર માણસ જ્ઞાનયુક્ત અથવા જ્ઞાનવાન ગણાય છે. ચારિત્રના અનેક પ્રકાર છે. હરિભદ્રસૂરિ પોતાની આ શ્લોક પરની ટીકામાં કહે છે કે પાંચ પ્રકારના ચારિત્રવાન પ્રાણી આમાં વર્ણવેલ છે. એ પાંચ પ્રકારના ચારિત્રમાં સામાયિક પ્રથમ, પછી છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને પાંચમું યથાખ્યાત ચારિત્ર, એમ પાંચ પ્રકારના ચારિત્ર સમજવા. સમતાનો લાભ થાય તે પ્રથમ સામાયિક ચારિત્ર. એ સાધુને



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય. એ સામાયિકચારિત્રવાન પોતાના પૂર્વપર્યાયનો છેદ કરે અને શબ્દથી તથા અર્થથી નાનાપ્રકારપણું ભજે ત્યારે છેદોપસ્થાપનીય ચારિત્ર તેને મળે. આ ચારિત્ર ગચ્છના અધિપતિ આપે છે અને તે વખતે પાંચ મહાવ્રત ઉચરાવે છે. ત્રીજું પરિહારવિશુદ્ધિ એક પ્રકારનો તપ છે. એ તપ વિશુદ્ધિ કરાવનાર છે. એમાં ગચ્છમાંથી ચાર માણસ બહાર નીકળે છે અને ચાર તેની આસેવના કરે છે. આ છ મહિનાનો આકરો તપ કરે છે અને કુલ અઢાર મહિના સુધી એ તપ ચાલે છે અને પરસ્પર વૈયાવચ્ચ થાય છે. ચોથા સૂક્ષ્મસંપરાય ચારિત્રમાં કષાયો તદ્દન નજીવા થઈ જાય છે. આ દશમા ગુણસ્થાનકની વાત છે અને કષાયવિજયનો ઉત્કૃષ્ટ દાખલો પડે તેવી વાત છે. અને પાંચમું યથાખ્યાત ચારિત્ર શાસ્ત્રમાં કહ્યું છે તેવું અને કષાયનો સર્વથા નાશ થાય તેવું ચારિત્ર છે, તેનું પ્રાપ્તિસ્થાન ચૌદમે ગુણઠાણે છે. આ રીતના ચારિત્રવાળો માણસ હોય તે ચારિત્રયુક્ત કહેવાય.

**સ્વાધ્યાય**—અભ્યાસ, વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા—એ પાંચ લક્ષણે યુક્ત હોય તેને સ્વાધ્યાય કહ્યો છે. આ સ્વાધ્યાય કરનાર માણસને વાંચવા સિવાય અન્યત્ર કાંઈ ચેન પડતું નથી. એ તો વાંચ વાંચ કર્યા કરે છે. પૃચ્છનામાં પૂછે અને પરાવર્તનામાં વાંચેલાનું પુનરાવર્તન (revision) કર્યા કરે. એ કોઈ વાત ભૂલે નહિ અને ભણેલાને વીસરે નહિ. [ અનુપ્રેક્ષા એટલે શબ્દપાઠ કે તેના અર્થનું મનન, ધર્મકથા એટલે ધર્મકથન–ધર્મનો ઉપદેશ.] આવી રીતે સ્વાધ્યાયમાં તો મોટા પૂર્વના કાળ નીકળી જાય તેની પણ તેને ખબર પડતી નથી. એ તો 'જ્ઞાન ધ્યાન કિરિયા સાધતો, કાઢે પૂર્વના કાળ'—એટલે ચોરાશી લાખ વર્ષને ચોરાશી ચોરાશી લાખે બે વાર ગુણીએ ત્યારે એક પૂર્વ વર્ષો થાય, એવા ચોરાશી લાખ પૂર્વનું આયુષ્ય હોય તો પણ તેને સ્વાધ્યાયને લઈને બધો સમય આનંદમાં નીકળી જાય છે. અને સમય–વખત ક્યાં ગયો તે તેને લાગતું નથી. એ તો સ્વાધ્યાયમાં યુક્ત રહી કામ કરે છે.

**ધ્યાન**—ધર્મધ્યાન અને શુક્લધ્યાન એ દરેકના ચાર ચાર ભેદો છે, બહુ સમજવા યોગ્ય છે, આ ગ્રંથમાં આગળ જતાં આવશે. મારા 'જૈન દૃષ્ટિએ યોગ'માં એનું શાસ્ત્રીય વર્ણન કરવામાં આવ્યું છે અને 'યોગશાસ્ત્ર' (હેમચંદ્રાચાર્યકૃત) અને શુભચંદ્રાચાર્યના 'જ્ઞાનાર્ણવ'માં એની વિગતો મળશે. આ ગ્રંથમાં જરૂર આગળ આવશે. આવો જ્ઞાન, દર્શન, સ્વાધ્યાય અને ધ્યાનમાં જે પ્રાણી જોડાયો હોય તે આ વિષયોનો અને તેના ક્ષણિક રાગદ્વેષનો સંયમ કરવા લાયક બને છે. આ કેવા પ્રકારનો માણસ હોય તેની પ્રથમ વિગત થઈ.

આવા પ્રકારનો ચારિત્રવાન હોય, સમ્યક્–શ્રદ્ધાવાન હોય, તપસ્યા કરતો હોય અને સ્વાધ્યાય જે આંતરિક તપ છે તે કરતો હોય. તેને જે વિચાર-ચિંતા થાય છે તે ત્રેસઠમા શ્લોકમાં કહેશે અને શી વિચારણા થાય તે ત્યારપછીના બે શ્લોકમાં કહેશે. આ પછીના ૬૦મા શ્લોકમાં તો પ્રાણી જેને વિચારણા થાય છે તે કેવો નિર્મળ ગુણવાળો હોય તેનું વિશેષ વિવેચન છે. (૫૯).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આવા પ્રાણીનું વિશેષ વર્ણન—**

**प्राणवधानृतभाषणपरधनमैथुनममत्वविरतस्य ।**
**नवकोटयुद्गमशुद्धोंछमात्रयात्राऽधिकारस्य ॥९०॥**

**અર્થ**—પ્રાણવધ, અસત્ય ભાષણ, પારકા ધનની ચોરી, પરસ્ત્રીમાં આસક્તિ અને હું અથવા મારાના મમત્વથી અટકેલો–વિરમેલો અને નવકોટિ વિશુદ્ધ અને ત્યાગમાર્ગે ત્યજાયેલ આહારથી પોતાનો નિર્વાહ ચલાવનારને (આ શુભ વિચારણા હોય છે.) (૯૦)

**વિવેચન**—પ્રાણવધ–પ્રાણ લેવાથી જે નિવૃત્ત થયેલ હોય. ત્યાગના બે પ્રકાર શાસ્ત્રકારે બતાવ્યા છે. એક સર્વથા ત્યાગ અને બીજો દેશથી ત્યાગ. દેશવિરતિવાળા શ્રાવકને મહાત્યાગ ન હોય. આ તો પ્રાણવધથી સર્વથા વિરત થયેલા પ્રાણીની વાત છે: सव्वाओ पाणाइवाआओ वेरमणं—એટલે જે સર્વ જીવના કોઈ પ્રકારના પ્રાણ – દશ પ્રાણ (પાંચ ઇંદ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા, મન, કાયા અને આયુ)માંથી કોઈ પણ એક અથવા એકથી વધારે પ્રાણ ન લેવાનો નિર્ણય કરનારા, આવી સર્વ જીવવધનો ત્યાગ કરવાની તત્પરતા સાધુજીવન વગર બની શકે નહિ. સાધુ પ્રાણાતિપાતથી સર્વથા વિરત હોય છે, જ્યારે શ્રાવકો દેશથી–અંશથી તે નિયમ લે છે, પણ તેની ભાવના તો સર્વ પ્રકારના પ્રાણાતિપાતથી દૂર રહેવાની હોય છે. આ અહિંસાનો સિદ્ધાંત જૈન ધર્મનું સ્વરૂપ બતાવે છે અને અહિંસા કેવી તેનામાં હોય તેનો ખ્યાલ આપે છે. આરંભ, સમારંભ અને સગપણમાં પડેલ કદાચ તે (શ્રાવક) સર્વથા ત્યાગ ન કરી શકે તો પણ જેટલો બને તેટલો ઉપયોગથી એ વર્તે છે. આ પ્રથમ મહાવ્રત અને પ્રથમ અણુવ્રત થયાં. અહીં તો સાધુને આશ્રયીને વાત છે. તેથી સર્વથા ત્યાગની વાત જ સમજવી. સર્વ પ્રાણવધથી વિરત થયેલા તે સર્વવિરતિધર સાધુ સમજવા.

**અનૃતભાષણ**—અસત્ય ભાષણનો સર્વથા ત્યાગ. 'मुसावायाओ वेरमणं' એમાં ચાર મોટકાં જૂઠ આવે. તે ખોટી સાક્ષી, ખોટા દસ્તાવેજ અને એવાં કામો ન કરે તે સમજાય તેવું છે. તે કરનારનો આખો વિકાસમાર્ગ બગડી જાય છે. સર્વથા મૃષાવાદનો ત્યાગ તો મુનિઓથી બને તેમ છે એમ સંબંધ જોતાં જણાય છે. એવો ત્યાગ કરનારની બલિહારી છે! એના મનમાં કેવા કેવા વિચારો થાય તે આગળ ત્રેસઠમા શ્લોકમાં કહેવામાં આવશે. અહીં તો તે કેવો હોય તે જ કહેલું છે. તે પ્રાણવધ અને અનૃતભાષણ એટલે અસત્ય વચનોચ્ચારથી સર્વથા વિરમેલ હોય. ભૂમિસંબંધી જૂઠું બોલવું, જનાવર જેને પૂર્વપુરુષો ધન ગણતા હતા તે સંબંધી ખોટી ખબર આપવી અને ત્રીજું કન્યાની વય, કન્યાનું રૂપ, ગુણસંબંધી અસત્ય બોલી ખોટા વખાણ કરવા તે ત્રીજું કન્યાલીક. ખોટી સાક્ષી કોરટમાં પૂરવી અને જૂઠા દસ્તાવેજમાં સાક્ષી કરવી એ સર્વ સાક્ષી આપનારને અંગે ચોથું મહાન અસત્ય છે. આનો ત્યાગ શ્રાવકને જરૂર હોય, પણ સાધુઓ કોઈ પ્રકારનું જૂઠું બોલે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નહિ, ભળતું પણ ન બોલે. તેથી સર્વથા અસત્યથી વિરત થયેલ તેવા મોટા માણસોને અને સંસારભયથી બીધેલાને માટે આ સ્વરૂપકથન છે એમ સંબંધ ઉપરથી જણાય છે.

**પરધન**—પારકું ધન. જેને હવે બ્લેક માર્કેટીંગ કહે છે તે પડાવી લીધેલ સર્વ પ્રકારના અદત્તની અત્રે વાત છે. એમાં રાજ કે કસ્ટમ્સને અંગે તો એ અસત્ય ન જ બોલે, સાચી વાત છુપાવે નહિ, પણ કોઈ બાબતમાં અસત્યને અવકાશ ન આપે. કાળા બજાર પોતે કરે નહિ અને કરનારને સારા માને નહિ, ઇન્કમટેક્ષ સંબંધી ગોટા ન વાળતાં સાચેસાચી વાત પોતાની આવકને અંગે કરી દે અને દારૂ–એકસાઈઝ જેવી બાબતમાં પૈસા રાખવા કે પારકા પડાવી લેવાનો સંકલ્પ પણ ન કરે, તે સાધુ પુરુષથી જ બને તેવું ત્રીજું મહાવ્રત છે. શ્રાવક તો અણુવ્રતી છે, પ્રમાણમાં તેનો ત્યાગ મર્યાદિત છે અને તેથી જ શ્રાવકોને અણુવ્રતધારી કહેવામાં આવે છે. પણ જે માણસનું અહીં વર્ણન કરીએ છીએ તે પારકા ધનનો સર્વથા ત્યાગ કરનાર છે.

**મૈથુન**—સ્ત્રીસંગ કરવાની પુરુષને અને પુરુષસંગ કરવાની સ્ત્રીને ઇચ્છા, અને નપુંસકને તે બંનેને ભોગવવાની ઇચ્છા તે મૈથુન અથવા મેહુણ. 'મેહુણાઓ વેરમણ' એ ચોથું વ્રત છે, બ્રહ્મચર્ય છે. આમા તિર્યંચ સાથે મૈથુન ભોગવવાનો અથવા હસ્તદોષનો અને સૃષ્ટિવિરુદ્ધ કૃત્ય એમ સર્વ પ્રકારના મૈથુનનો સમાવેશ થાય છે. આ સર્વનો ત્યાગ કરવો અને અસ્ખલિત બ્રહ્મચર્ય પાળવું તે ચોથું વ્રત છે. એ સાધુપુરુષને હોય છે. શ્રાવકને સ્વદારાસંતોષ એટલે પોતાની સ્ત્રીમાં સંતોષ રાખવો એ એક ગુણ છે, અણુવ્રત છે; ચોથું અણુવ્રત આ રીતે સંભવે છે. પાંચમું પરિગ્રહવ્રત તે ઇચ્છાનો નિરોધ અને આ કાળમાં છઠ્ઠું રાત્રિભોજનવ્રત એમ છ વ્રત મૂળ–મહાવ્રતની વાત કરી. આ પુરુષને જે વિચારણા થાય તે આગળ બાસઠમા અને ત્રેસઠમા શ્લોકમાં કહેવામાં આવશે. તેવી યોગ્ય પ્રકારની મનુષ્યભવને સફળ કરનારી ચિંતા કરવા પહેલાં તે વિચારણા કરનાર કેવા યોગ્ય પુરુષો હોય છે તેની હાલ વિચારણા ચાલે છે. હવે આપણે ઉત્તર ગુણો તરફ વળી જઈએ.

**નવકોટિઉદ્દ્ગમશુદ્ધઉંછમાત્રયાત્રા**—અહીં આહાર વિશુદ્ધ લેવાની વાત છે. નવકોટિનું અત્ર વર્ણન કરીએ. કોટિ એટલે અણીની ધાર, આવી નવ પ્રકારની કોટિથી વિશુદ્ધ થયેલ આહાર લેવો, તે, યાત્રા–એને સંસ્કૃતમાં શરીરયાત્રા કહે છે. ઉંછ એટલે 'વીણવું તે.' આ સંસ્કૃત શબ્દ છે. નવકોટિવિશુદ્ધ એટલે નવપ્રકારે શુદ્ધ આહાર. એ નવ પ્રકાર પ્રથમ વિચારીએ. પોતે અન્ય જીવને ન મારવા, અન્ય પાસે ન મરાવવા અને મરનાર કે મરાવનારની અનુમોદના ન કરવી—તે પ્રથમની ત્રણ કોટિ સમજવી. પોતે ખરીદ કરવું નહિ, બીજા પાસે ખરીદ કરાવવું નહિ અને ખરીદનાર કે ખરીદાવનારની પ્રશંસા ન કરવી તે બીજી ત્રણ કોટિ થઈ. એટલે છ કોટિ (વિભાગ) થયા. પોતે રાંધવું નહિ, બીજા પાસે રંધાવવું નહિ અને રાંધનારને સારા જાણવા, પ્રશંસવા, અનુમોદવા નહિ એ ત્રીજી કોટિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કુલ નવકોટિ શુદ્ધ આહાર લે તેવા માણસ, તે 'शरीरमाद्यं खलु धर्मसाधनम्' એ સૂત્ર બરાબર સમજીને શરીરને ધર્મસાધન તરીકે ગણીને તે જાળવે, પણ તેની શુશ્રૂષા વૈયાવચ્ચ આદિ ન કરે. આ નવ પ્રકારથી વિશુદ્ધ થયેલો આહાર લે. ગોચરીથી આહાર લેનારે ઉદ્ગમ-ઉત્પત્તિના વગેરે મળી બેંતાળીશ (૪૨) દોષો ટાળવા જોઈએ. એ ગોચરીના ઉદ્ગમ વગેરે બેંતાળીશ દોષો પર આખું પરિશિષ્ટ લખી ઉપમિતિના ભાષાંતરમાં બીજા ભાગને છેડે ચોથા પરિશિષ્ટ તરીકે પૃ. ૧૪૦૫ થી ૧૪૨૯ સુધીમાં આપેલ છે એટલે અહીં તેની પુનરુક્તિ નથી કરતા. કહેવાની વાત એ છે કે વીણેલ દાણાને જેમ પક્ષી ખાય, અથવા ભ્રમર ફૂલને પીડા નીપજાવ્યા વગર જેમ મધ ચૂસી લે અને ફૂલને અખંડિત રાખે તેમ ગોચરી કરનાર મુનિ પોતાની જાતને અંદર ઉતાર્યા વગર, દોષ વગર, શરીરપોષણ માટે ધર્મદૃષ્ટિએ આહાર કરે. ઉંછમાત્ર વિષે લખવાની ખાસ જરૂર છે. ગોચરીને અંગે બેંતાળીશ દોષો વિચારતાં વીણવાની વિધિ સહજ ઉપલક્ષિત થઈ જશે, સમજાઈ જશે. આવો વિશુદ્ધ આહાર ઉદરનિર્વાહ પૂરતો જ લેવો, તે સાધુના ઉત્તર ગુણ છે અને તે પાળવા માટે ઉપયોગની જરૂર પડે છે. અને ઉત્તરગુણમાં તો જયણા અને ધ્યાન જરૂરી છે. આ ઉત્તર-ગુણોના દોષો ખાસ વિચારવાની જરૂર છે અને તેના પર ધ્યાન આપતાં અંતે ચારિત્રના મૂળ ગુણો મજબૂત થાય છે, એટલે એની જાળવણી કરવી તે પણ જરૂરી છે. ઉદ્ગમ દોષો સોળ (૧૬) છે, ઉત્પાદનના બીજા દોષો સોળ (૧૬) છે અને એષણાના દશ દોષ છે. એ સર્વ બેંતાળીશ દોષ તજીને વીણેલ ધાન્ય તરીકે ગોચરી મધુકરની માફક કરવાની છે. નવ પ્રકારના ઉદ્ગમ દોષો નિવારવાનું આમાં સૂચન છે. આવા પ્રકારના, મૂળ વિરતિના પચ્ચખાણ લીધેલ અને આ સર્વ ઉદ્ગમ એટલે ઉત્પત્તિના અથવા ઉત્પાદનના દોષો વાર-નાર સાધુઓ હોય છે, તેમને જ નીચે આપવામાં આવી છે તેવી વિચારણા થાય છે અને એવા સાધુઓ નહિ જ હોય એવી વિચારણા કદી કરવી નહિ કારણ કે 'बहुरत्ना वसुंधरा' ના નિયમે આ દુનિયામાં અનેક રત્નો છે, પણ આપણે ઝવેરીપણું શીખ્યા ન હોઈ રત્નરૂપ માણસને નથી ઓળખી શકતા, બાકી તેમનો અભાવ નથી અને તેવા પુરુષનું અસ્તિત્વ જરૂર છે. હીરો પોતાના મુખથી પોતાનો મોલ કહેતો નથી, તેમ આવા પુરુષો પોતાની જાહેરાત જ્યાં ત્યાં કરતાં નથી અને પોતાની પ્રશંસા કરતા નથી. તેથી તેવા પુરુષો હશે કે નહિ તેવી શંકા ન કરવી. અનેક રત્નો દુનિયાભરમાં પડ્યા છે. તેમને શોધી કાઢવા એ આપણું કર્તવ્ય છે. (૯૦)

**એવા પ્રાણીનું વિશેષ વર્ણન—**

**जिनभाषितार्थसद्भावभाविनो विदितलोकतत्त्वस्य ।**
**अष्टादशशीलसहस्रधारणे कृतप्रतिज्ञस्य ॥९१॥**

**અર્થ**—તીર્થંકર મહારાજે કહેલાં તત્ત્વના અર્થને ભાવનારો, લોકનું સ્વરૂપ જેના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જાણવામાં આવ્યું છે તેવો અને અઢાર હજાર શીલરથને ધારણ કરવાની પ્રતિજ્ઞા લીધેલ તેવો (શુભ વિચારણા કરે છે.) (૬૧)

**વિવેચન**—રાગદ્વેષને વિચારે અને વિષયનો સંયમ કરે તેવો માણસ કેવા સ્વરૂપવાળો હોય તેનું અત્ર વિવેચન આગળ ચાલે છે. આ શ્લોકમાં તે માણસને ઓળખવાની વિશેષ ત્રણ શરતો બતાવવામાં આવી છે તે પોતાની જાત પર વિચારવી અને અંતઃકરણથી અભ્યંતર રીતે પોતે તેવો છે કે નહિ તે વિચારવું. આ આખું પુસ્તક આત્મવિચારણા માટે જ છે એટલે પ્રથમ પુરુષે એટલે વાંચનારે પોતાની જાતને આ આખા પુસ્તકની દરેક હકીકત લગાડવાની છે.

**જિનભાષિતાર્થસદ્ભાવભાવિત**—તીર્થંકર મહારાજે તીર્થ કરવા માંડ્યું ત્યારે અને ત્યારપછી લોકાલોકના સર્વ ભાવો જાણ્યા અને દેખ્યા છે, અને જાણ્યા અને દેખ્યા પ્રમાણેના ભાવો તેમણે પ્રાણી ઉપર ઉપકાર કરવા ગણધરને કહ્યા છે અને પરિષદમાં પણ કેટલાક ભાવો કહ્યા છે. તેનો અર્થ પોતે જાણે અને બીજાને જણાવે, કહી બતાવે અને તે જ પ્રમાણે આ દુનિયાના ભાવો બની રહ્યા છે એમ પોતે જાણે તેવો માણસ શો વિચાર કરે અને કેવી ધારણા કરે તે આગળ કહેવાશે. તે તો તત્ત્વ અને લોકાલોકના ભાવો જેવા તીર્થંકર મહારાજે બતાવ્યા છે તેવા જ જાણે અને તે પર મક્કમ શ્રદ્ધા રાખે અને તીર્થંકરવચન અન્યથા ન જ હોય એમ માને અને કોઈ વાત પોતાને ન બેસે તો તીર્થંકરના અનંત કેવળજ્ઞાન પર સદ્દહણા રાખી પોતાની સમજણ ન થાય તે માટે ખેદ પામે. એ તો માને કે તીર્થંકર મહારાજે કહેલું તે કોઈ જાતના સ્વાર્થરહિત હોવાથી તે પર શંકા કરવી ન ઘટે. તીર્થંકર મહારાજે કહેલા કેટલાક ભાવો પોતાને ન બેસે તો બીજાને પૂછે અને એ રીતે સવાલ-જવાબ કરે, પણ તીર્થંકરે કહેલા એટલે જૈન ધર્મના ચાલ્યા આવતા ભાવ ઉપર એ શંકા ન કરે. એ તીર્થંકર મહારાજે કહેલા સદ્ભાવને સ્વીકારનાર માણસ હોય, તે કેવી વિચારણા કરે તે આગળ ત્રેસઠમા શ્લોકમાં વિચારાશે. કેટલાક ઊંડા ભાવો પોતાની નજરમાં ન ઊતરે અને કેટલાક ભાવો આધુનિક કેળવણીના સંસ્કારને યોગે પોતાને ન બેસે, તો પણ તે ભાવ ખોટા બતાવેલા ન જ હોય એવો પાકો વિશ્વાસ ધરાવનાર પોતે હોય. આ શ્રદ્ધા આ ધર્મમાં ઘણી અગત્યની વાત છે અને એ જરૂરી છે. જો તીર્થંકર મહારાજે પોતે બતાવેલા ભાવ ઉપર શ્રદ્ધા ન હોય, તો તેને જિનભાષિતસદ્ભાવભાવિતાત્મા ન કહી શકાય.

**વિદિતલોકતત્ત્વસ્ય**—જેને લોકતત્ત્વનું જ્ઞાન છે એવો. લોકની અંદર અનેક ભાવો વર્તે છે, તે સર્વ તેના ધ્યાનમાં હોય છે. એનું શાસ્ત્રશ્રવણ અને અભ્યાસ એવા હોય છે કે એણે લવણસમુદ્ર કે સ્વયંભૂરમણ સમુદ્ર દીઠા ન હોય તો પણ એ બન્ને સમુદ્રનું અને ટૂંકામાં કહેતા સમસ્ત લોકતત્ત્વનું એટલે લૌકિક તત્ત્વનું તેને જ્ઞાન હોય છે અને જ્ઞાનમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નજરે જોવાની જરૂર પડતી નથી. નવે તત્ત્વનું જ્ઞાન થયેલું જણાયલું હોય છે, આ લોકમાં વર્તતા સર્વ તત્ત્વનું સુંદર જ્ઞાન હોય છે અને તે જ જ્ઞાન સાચું છે એવી શ્રદ્ધા એને અંત:કરણથી પાકી થયેલી હોય છે. લોકતત્ત્વનું સ્વરૂપ તીર્થંકરે બતાવ્યું છે અને ગણધરે શાસ્ત્રમાં ગૂંથેલું છે અને ત્યાર પછીના મોટા આચાર્યોએ પ્રકરણબદ્ધ કરેલ છે, તે સર્વ તેણે જાણેલું હોય છે. આવું જ્ઞાન થવું એ સાધુ અને શ્રાવકને જ શક્ય છે. અહીં જે વિવક્ષા કરી છે તે સાધુ – અપ્રમાદી યતિ માટે હોય તેવું સંબંધ પરથી અનુમાન થાય છે.

**લોક**—જીવ-અજીવને આધારનું ક્ષેત્ર. આ પ્રમાણે અર્થ હરિભદ્રસૂરિજીએ કરીને કૌંસમાં મૂક્યો છે. તે અર્થ પણ વિચારણીય છે. જીવ અને અજીવનું આધારક્ષેત્ર ગણીએ કે ગમે તે ગણીએ પણ લોકતત્ત્વમાં એ સર્વનો સમાવેશ છે, અને લોકમાં જીવ અને અજીવ ઉપરાંત લોકની psychology (માનસશાસ્ત્ર), લોકની ભૂગોળ, લોકની ચર્યા, લોકજીવનની પદ્ધતિ વગેરે અનેક બાબતનો સમાવેશ કરવામાં આવેલ છે, એ અર્થમાં લોકતત્ત્વ શબ્દ મૂળ ગ્રંથકર્તાએ વાપર્યો છે એવી મારી સૂચના છે. એટલે લોકતત્ત્વ જાણનારને એ સર્વ શાસ્ત્રો જણાયેલાં હોય છે.

**અષ્ટાદશશીલસહસ્ર**—શીલાંગ એટલે વિશુદ્ધ વર્તનના અંગો, ચારિત્રની વર્તનાના વિશિષ્ટ અંગો. ત્રણ યોગ એટલે મનોયોગ, વચનયોગ અને કાયયોગ. ત્રણ કરણ એટલે કરવું, કરાવવું અને અનુમોદવું. સંજ્ઞા ચાર છે—આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા અને મૈથુનસંજ્ઞા. ઇંદ્રિયો પાંચ છે—સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય. આરંભ પૃથ્વીકાયાદિક દશનો થાય છે—પૃથ્વીકાયનો આરંભ, અપ્કાયનો આરંભ, તેજસ્કાયારંભ, વાયુકાયનો આરંભ, વનસ્પતિકાયનો આરંભ, દ્વીન્દ્રિયજીવ સંબંધી આરંભ, ત્રીન્દ્રિય જીવ સંબંધી આરંભ, ચતુરિન્દ્રિય જીવને અંગે થતો આરંભ અને પંચેન્દ્રિય જીવને અંગે થતો આરંભ તથા અજીવ(પુદ્ગળ, જીવ વગરના)ને અંગે થતો આરંભ. તે ઉપરાંત દશ યતિધર્મો છે—ક્ષમા (ક્રોધત્યાગ), માર્દવ (માનત્યાગ), આર્જવ (માયાત્યાગ), શૌચ (લોભત્યાગ), તપ, સંયમ, સત્ય, ત્યાગ (સદ્‌ગુણપ્રદાન), આકિંચન્ય (મમત્વત્યાગ) અને બ્રહ્મચર્ય. આ પ્રમાણે યોગ ત્રણ, કરણ ત્રણ, સંજ્ઞા ચાર, પાંચ ઇંદ્રિયો, દશ પ્રકારના આરંભ અને દશ યતિધર્મો એમ છ વિભાગ. તે પ્રત્યેકમાંથી એક એક આવે તેમ લો. દાખલા તરીકે, "મને કરી, આહારસંજ્ઞારહિત થઈ, શ્રોત્રેન્દ્રિયનો સંવર કરી, ક્ષમાયુક્ત રહી, પૃથ્વીકાયનો આરંભ કરે નહિ." આવી રીતે એક ભેદ થાય. હવે આ વાક્યમાંથી બીજું બધું કાયમ રાખી 'ક્ષમાયુક્ત' ને બદલે 'માર્દવયુક્ત' એમ શબ્દફેર કરવાથી બીજો ભેદ શીલાંગનો થાય. તેવી જ રીતે 'આર્જવયુક્ત' એ વાક્યમાં મૂકવાથી ત્રીજો શીલાંગનો ભેદ થાય. દશ યતિધર્મને વારાફરતી ઉત્તરોત્તર લેતાં દશ વાક્યો થાય. આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દશ વાક્યો લખી રાખવાં. એ સર્વ પૃથ્વીકાયના આરંભને અંગે થયા; એ દશે વાક્યોને પ્રથમથી વારાફરતી લઈ 'પૃથ્વીકાયનો આરંભ કરે નહિ' એ વાક્યને બદલે અનુક્રમે 'અપ્કાયનો આરંભ કરે નહિ' અને પછી 'તેઉકાયનો આરંભ કરે નહિ' એ રીતે દશ પ્રકારના આરંભને બદલતાં સો શીલાંગ થાય. તે સો શીલાંગો શ્રોત્રેન્દ્રિય સંવરને અંગે થયા. ત્યાર પછી અનુક્રમે સ્પર્શ, રસ, ઘ્રાણ (સુગંધ-દુર્ગંધ) અને ચક્ષુ લેતાં પાંચસો શીલાંગ થાય. તે પાંચસો વાક્યોમાં ત્યાર પછી ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા તથા પરિગ્રહસંજ્ઞા એટલો ફેરફાર થતાં ૨૦૦૦ (બે હજાર) શીલાંગો થાય. એ બે હજાર લખી રાખવા. આ સર્વ ભેદો મને કરીને થયા. તે 'વચને કરી' તથા 'કાયાએ કરી' એટલો ફેરફાર કરવાથી શીલાંગો છ હજાર થાય. આ ફેરફાર તો નિયમને બરાબર અનુસરે છે. આ રીતે જે છ હજાર શીલાંગના ભેદો થયા તે 'કરે નહિ' શબ્દની આસપાસ છે. તે બીજા પાસે 'કરાવે નહિ' એટલો શબ્દ લખતાં અને પછી 'કરાવે નહિ' તેને બદલે 'અનુમોદે નહિ' એ લખતા છ છ હજાર ભેદો તેના વધે. એ રીતના અઢાર હજાર શીલાંગોને ધારણ કરનાર. આ અઢાર હજાર શીલાંગો રથના રૂપમાં મૂકી ગોઠવી શકાય છે. તેથી સાધુને અઢાર હજાર શીલાંગ-રથના ધોરી એમ પણ કહેવામાં આવે છે. આ શીલાંગોને બીજી રીતે પણ ગણી શકાય છે. તે માટે 'શીલાંગરથધોરી' નામની ભીમશી માણેકે બહાર પાડેલી ખાસ ચોપડી જોવી અને 'પ્રકરણરત્નાકર' ત્રીજા ભાગના પૃ. ૪૧૧માં આ હકીકત વિસ્તારથી રથના ચિત્ર સાથે આપેલ છે તે પણ વાંચવી. અત્ર વિસ્તારભયે તેનું પુનરાવર્તન કરેલ નથી. વિસ્તારરુચિએ સદરહુ પુસ્તકો જોવાં.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

આ અઢાર હજાર શીલાંગને ધારણ કરવા જેણે પ્રતિજ્ઞા કરી છે તેવો માણસ—જૈન સાધુ જ્યારે સાધુ થાય છે ત્યારે પ્રતિજ્ઞા કરે છે કે પોતે મરણાંત કષ્ટ આવે તો પણ આ શીલાંગોને પાળશે—જાળવશે અને અનુસરશે. આ કાર્ય આરંભ-સમારંભમાં મસ્ત ગૃહસ્થ—છદ્મસ્થથી બનતું નથી, પણ જેણે સર્વ પ્રકારના આરંભ છોડયા છે તેવા સાધુએ આ અઢારે હજાર શીલાંગો બરાબર પાળવા જોઈએ. એવા પ્રકારના માણસોને શી વિચારણા થાય છે તે આગળ ઉપર ચોસઠ તથા પાંસઠમા શ્લોકમાં કહેવામાં આવશે. શીલાંગનું વર્ણન આ ગ્રંથમાં આવશે તો તે જોવું. ત્યાં આ અઢાર હજારની વિગત તરફ ફરીવાર લક્ષ ખેંચવામાં આવશે. (૬૧)

### તે વિચારણા કરનાર માણસ કેવો હોય તેનું વધારે વર્ણન—

परिणाममपूर्वमुपागतस्य शुभभावनाऽध्यवसितस्य ।
अन्योऽन्यमुत्तरोत्तरविशेषमभिपश्यतः समये ॥६२॥

**અર્થ**—પોતાના પૂર્વે કદી નહિ થયેલા એવા પરિણામ સુધી પહોંચેલા માણસને,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શુભભાવનાથી રંગાઈ ગયેલાને અને જિનસિદ્ધાંતમાં અરસપરસ ઉત્તરોત્તર વધારે ને વધારે રમણ કરનારને [શુભ વિચારણા થાય છે]. (૬૨)

**વિવેચન—અપૂર્વ**—એવાં પરિણામ જેમનાં અગાઉ કોઈ ભવમાં ન થયા હોય તેવા માણસને શુભ વિચારણા થાય છે. શી વિચારણા થાય છે તે આગળ ચોસઠમી તથા પાંસઠમી ગાથામાં કહેવામાં આવશે. અપૂર્વ અધ્યવસાય તેને થાય છે—એમ કહેવાનું કારણ એ છે કે પૂર્વે કોઈ પણ કાળે જો તેવા અધ્યવસાય થયા હોય તો પ્રાણી અહીં રહે જ નહિ, એ તો ક્યારનો મોક્ષે પહોંચી ગયો હોય. આ અપૂર્વ અધ્યવસાય અને પરિણામ થાય તે પણ અદ્દ્ભુત વાત છે, મહા પુણ્યની નિશાની છે. યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણમાં જે અપૂર્વ શબ્દ આવે છે તે જ આ શબ્દ છે અને આપણે યોગ્ય સ્થાને આ અપૂર્વકરણનો અર્થ વિચારીશું. ટૂંકામાં જે કરણ પછી તુરત જ સમકિત થાય છે અને ગ્રંથિભેદ થાય છે તેને બીજું અપૂર્વકરણ કહેવામાં આવે છે. એવા કરણની પ્રાપ્તિ જે તે પ્રાણીને થતી નથી. જ્યારે પ્રાણી હારમાં આવે, ત્યારે તેને સમકિત થાય છે અને ત્યાર પછી તેના ભવ લેખામાં આવે છે. આટલા અનાદિકાળમાં ગ્રંથિભેદ થયો નહિ, કર્મવિભાગ પડ્યો નહિ અને આ વખતે થયો તેથી તેને અપૂર્વકરણ કહેવામાં આવે છે. અહીં અપૂર્વકરણનું સામાન્ય સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. વિશેષ રુચિવંતે વિશેષ ગ્રંથોથી તે જાણી લેવું. અત્ર તે પ્રસ્તુત નથી, પણ તેમાં જે 'અપૂર્વ' શબ્દ આવ્યો છે તે ઉપયોગી છે. જેમ પ્રાણી અનેક ભવ ગયા પછી અપૂર્વકરણ કરી તુરત સમ્યક્ત્વ પામે છે, તે વાત પૂર્વે કોઈ કાળે થયેલી નથી, તેમ આવા પ્રકારના પરિણામ થવા અને આવી ચિંતા-વિચારણા જાગ્રત થવી પણ અગાઉ કોઈ કાળે થઈ ન હતી, તેથી તેમને અપૂર્વ કહેવામાં આવેલ છે. તેટલું જ તેમને અપૂર્વકરણ સાથે સામ્ય છે. જીવનમાં આ વખતે જ અપૂર્વકરણ થયું અને ગાંઠ તૂટી ગઈ, તેથી તેને જેમ અપૂર્વકરણ કહેવામાં આવે છે તેમ ચિંતા-વિચારણા આવી થઈ હોય તો તે મોક્ષાભિમુખ બને છે. તેથી આ પરિણામધારાને અત્ર અપૂર્વ તરીકે વર્ણવેલ છે.

**શુભભાવના**—અનિત્ય, અશરણાદિ બાર ભાવના અથવા મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્ય એ ચાર ભાવના અથવા હવે પછી આ ગાથામાં જ કહેવામાં આવનાર છે તે પાંચ મહાવ્રતોની પચીશ ભાવના ભાવનારને એટલે અપ્રમત્ત-અપ્રમાદી સાધુને આવી ચિંતા-વિચારણા થાય છે. તેને કેવી વિચારણા થાય છે તે આ જ ગ્રંથના ચોસઠમા અને પાંસઠમા શ્લોકમાં અસલ ગ્રંથકાર પોતે કહેશે. જેણે આ ભવમાં શુદ્ધિ ખૂબ કરી હોય તેને જ અપૂર્વ પરિણામ થાય છે. આ અપૂર્વ પરિણામનો પૂરતો લાભ લેવો એ પરમ સ્વાર્થ છે અને તેને સાધવામાં અને વિચારણા કરવામાં બધી રીતે લાભ જ છે. આ ભાવના ભાવીને મનને જેણે પવિત્ર કર્યું છે તેવા સંયત પુરુષોને જ હવે પછી કહેવામાં આવશે તેવી



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિચારણા અને ચિંતા થાય છે. એવો અપૂર્વ અવસર આવે તેનો લાભ ન લે તે મૂર્ખ માણસ મનખાદેહ પૂરો કરે છે અને આવ્યો તેવો ને તેવો ચાલ્યો જાય છે. બાર ભાવના (અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આશ્રવ, સંવર, નિર્જરા, લોકસ્વભાવ, બોધિદુર્લભત્વ અને ધર્મસ્વાખ્યાતત્વ માટે જુઓ મારું લખેલું શ્રી વિનયવિજયજી કૃત શાંતસુધારસ.) બીજી પાંચ વ્રતની પચીશ ભાવનાનો સાર અત્ર આપીએ છીએ.

૧. સ્વપરને કલેશ ન થાય તેવી રીતે યતનાપૂર્વક ગતિ કરવી તે ઇર્યાસમિતિ. મનને અશુભ ધ્યાનથી રોકી શુભ ધ્યાને લગાવવું તે મનોગુપ્તિ. વસ્તુનું ગવેષણ, તેનું ગ્રહણ કરવું કે તેનો ઉપયોગ કરવો એ ત્રણે પ્રકારની એષણામાં દોષ ન આવે તે માટે ઉપયોગ રાખવો તે એષણાસમિતિ. વસ્તુને લેવા મૂકવામાં અવલોકન અને પ્રમાર્જન આદિ યતના રાખવી તે આદાનનિક્ષેપણસમિતિ. ખાવા-પીવાની વસ્તુ બરાબર જોઈ તપાસીને જ લેવી અને લીધા પછી તેવી જ રીતે અવલોકન કરી ખાવી કે પીવી તે આલોકિતપાનભોજન.

૨. વિચારપૂર્વક બોલવું તે અનુવીચિભાષણ. ક્રોધ, લોભ, ભય અને હાસ્યનો ત્યાગ કરવો, તે અનુક્રમે બાકીની ચારે ભાવનાઓ છે.

૩. બરાબર વિચાર કરીને વાપરવા માટે જોઈતા અવગ્રહ-સ્થાનની માગણી કરવી તે અનુવીચિઅવગ્રહયાચન. રાજા, કુટુંબપતિ, શય્યાતર (જેની જગ્યા માગી લીધી હોય તે), સાધર્મિક આદિ અનેક પ્રકારના સ્વામીઓ સંભવે છે. તેમાંથી જે સ્વામી પાસેથી જે જે સ્થાન માંગવામાં વિશેષ ઔચિત્ય હોય, તે તે પાસેથી તે તે સ્થાન માંગવું તથા એકવાર આપીને માલિકે પાછાં લીધાં હોય છતાં રોગ આદિને કારણે ખાસ જરૂરી હોય તો તે સ્થાનો તેના માલિક પાસેથી તેને કલેશ ન થાય તે માટે વારંવાર માંગીને લેવાં તે અભીક્ષ્ણાવગ્રહયાચન. માલિક પાસેથી માગતી વખતે જ અવગ્રહનું પરિમાણ નક્કી કરી દેવું, તે અવગ્રહાવધારણ કહેવાય છે. પોતાની પહેલાં બીજા સમાન ધર્મવાળાએ કોઈ સ્થાન મેળવી લીધું હોય અને તે સ્થાનનો ઉપયોગ કરવાનો પ્રસંગ આવે, તો તે સાધર્મિક પાસેથી જ તે સ્થાન માંગી લેવું, તે 'સાધર્મિક પાસેથી અવગ્રહયાચન.' વિધિપૂર્વક અન્નપાનાદિ મેળવ્યા પછી ગુરુને બતાવી તેમની અનુજ્ઞા મેળવીને જ તેનો ઉપયોગ કરવો તે અનુજ્ઞાપિતભોજન.

૪. બ્રહ્મચારી પુરુષ કે સ્ત્રીએ પોતાથી વિજાતીય વ્યક્તિ દ્વારા સેવાયેલ શયન કે આસનનો ત્યાગ કરવો, તે સ્ત્રીપશુપંડકસેવિતશયનાસનવર્જન. બ્રહ્મચારીએ કામવર્ધક વાતો ન કરવી તે રાગસંયુક્તસ્ત્રીકથાવર્જન. બ્રહ્મચારીએ પોતાનાથી વિજાતીય વ્યક્તિનાં કામોદ્દીપક અંગો ન જોવાં, તે મનોહરેન્દ્રિયાલોકવર્જન. બ્રહ્મચર્ય સ્વીકાર્યા પહેલાં જે ભોગો પોતે ભોગવ્યા હોય તેમનું સ્મરણ ન કરવું, તે 'પ્રથમના રતિવિલાસના સ્મરણનું વર્જન'. કામોદ્દીપક રસવાળાં ખાણાંપીણાં ત્યજવાં તે પ્રીતિરસભોજનવર્જન.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫. રાગ પેદા કરે તેવાં સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દમાં ન લલચાવું અને દ્વેષ કરે એવામાં ગુસ્સે ન થવું તે અનુક્રમે મનોજ્ઞામનોજ્ઞ સ્પર્શસમભાવ, મનોજ્ઞામનોજ્ઞ રસસમભાવ આદિ પાંચ ભાવના છે. આ નોટ પ્રજ્ઞાચક્ષુ સુખલાલજીના તત્ત્વાર્થસૂત્ર અધ્યાય સાતમો, સૂત્ર ૩ પરથી કોપી કરીને લખી લીધી છે. પાંચ વ્રતની ભાવના સાધુને જ હોય અને તે ઘણી મુશ્કેલ છે.

આ ભાવનામાં ઈર્યાસમિતિ, મનોગુપ્તિ, એષણાસમિતિ, આદાનનિક્ષેપણસમિતિ અને આલોકિતપાનભોજન એ પાંચ ભાવનાઓ પ્રથમ અહિંસા વ્રતની છે. બીજા સત્ય વ્રતની પાંચ ભાવનાઓમાં અનુવીચિભાષણ, ક્રોધપ્રત્યાખ્યાન, લોભપ્રત્યાખ્યાન, નિર્ભયતા અને હાસ્ય-પ્રત્યાખ્યાન આવે છે. હવે અનુક્રમે ત્રીજા અચૌર્ય વ્રતની પાંચ ભાવનાઓ આ પ્રમાણે છે: અનુવીચિઅવગ્રહયાચન, અભીક્ષ્ણઅવગ્રહયાચન, અવગ્રહાવધારણ, સાધર્મિક પાસેથી અવગ્રહ-યાચન અને અનુજ્ઞાપિતપાનભોજન. ચોથા બ્રહ્મચર્યવ્રતની પાંચ ભાવના આ પ્રમાણે છે: સ્ત્રી, પશુ અને નપુંસક વડે સેવાયેલ શય્યા આદિનું વર્જન, રાગપૂર્વક સ્ત્રીકથાનું વર્જન, સ્ત્રીઓની મનોહર ઇંદ્રિયોના અવલોકનનું વર્જન, પ્રથમ પોતે કરેલા રતિવિલાસ અને કામ-ભોગોના સ્મરણનું વર્જન અને પ્રણીત (ઇષ્ટ) રસના ભોજનનું વર્જન. આ બ્રહ્મચર્ય વ્રતની પાંચ ભાવનાઓ થઈ. અને પાંચમા પરિગ્રહ મહાવ્રતની પાંચ ભાવનાઓ—મનોજ્ઞ કે અમ-નોજ્ઞ સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દમાં સમભાવ રાખવો એ પરિગ્રહની પાંચ ભાવના છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

અનિત્યાદિ બાર ભાવના સાથે મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્યનું વર્ણન આપણે જોશું. તે આ પુસ્તકમાં આવશે. અનિત્યાદિ બાર ભાવનાના વિસ્તાર માટે શ્રી વિનયવિજય ઉપાધ્યાયનો રચેલ શાંતસુધારસ અને તે પરનું મારું વિવેચન જોવું.

**શુભભાવના અધ્યવસિતસ્ય**—આવી રીતે પાંચ મહાવ્રતની પચીસ ભાવના અથવા અનિત્યાદિ બાર ભાવના કે મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્ય ભાવના એ ચાર ભાવનાથી રંગાયેલો.

**અન્યોન્ય સમયે**—જિનશાસનના વિષય પરત્વે. તે એક ગુણને બીજા ગુણથી અન્યોન્ય અપેક્ષાએ વધારે લાભ કરનાર, આત્મહિત કરનાર જુએ. એને સામાયિક ચારિત્ર કરતાં છેદોપસ્થાપનીય ચારિત્ર વધારે લાભકારી લાગે, એને છેદોપસ્થાપનીય ચારિત્ર કરતાં પરિહારવિશુદ્ધિ ચારિત્ર વધારે ઉત્તમ લાગે. એટલે પરસ્પર મૂલ્ય દરેક ચારિત્રનું કેટલું છે તે દેખે અને સમજે અને જેને જેટલું મૂલ્ય આપવું યોગ્ય હોય તેટલું જ આપે. ક્રિયા અને જ્ઞાનના વિષયમાં વિશેષતા કોની છે તે જાણે અને સમજીને બેસી ન રહેતાં જેમાં વિશેષતા પોતે દેખે તેનો સ્વીકાર કરે અને અમલ કરે. ઉત્તરોત્તર કેટલાક ગુણો હાર-માળામાં શાસ્ત્રમાં બતાવ્યા છે, તે દરેકનું મૂલ્ય એ સમજે અને વધારે મૂલ્યવાન હોય તેને આદરવાનો અને ત્યાં પહોંચવાનો નિર્ણય કરે અને ગુણસ્થાનકમાં પણ આગળના ગુણસ્થાનકની

વિશેષતા તે જાણે અને જાણીને તેને આદરે, અને તે તરફ આગળ વધવા પોતાથી બનતો પ્રયત્ન કરે. એટલે શાસ્ત્રમાં જે જ્ઞાન અથવા ક્રિયા બતાવવામાં આવી છે તેની તરતમતા તે જાણે અને જાણીને તેને આદરવા પ્રયાસ કરે. અમુક બાબત દેશકાળાનુસાર બરાબર અને વધારે સારી છે તેનો નિર્ણય તે દેશકાળને અનુસરીને કરે. (૬૨)

તેવા પુરુષનું વિશેષ વર્ણન—

वैराग्यमार्गसंस्थितस्य संसारवासचकितस्य ।
स्वहितार्थाभिरतमतेः शुभेयमुत्पद्यते चिन्ता ॥६३॥

**અર્થ**—વૈરાગ્ય માર્ગે રહેલા, સંસારવાસથી આશ્ચર્ય પામેલા અને પોતાને લાભકારી બાબતમાં ઉદ્યુક્ત થયેલાને આવી સારી વિચારણા – પર્યાલોચના થાય છે." (૬૩)

**વિવેચન**—વૈરાગ્ય શબ્દનું વિવેચન પ્રથમ અધ્યાયમાં પંદરમા સૂત્રમાં કરતાં પતંજલિ કહે છે કે दृष्टानुश्रविकविषयवितृष्णस्य वशीकारसंज्ञा वैराग्यम् । એનો અર્થ એ થાય કે 'જેને લૌકિક અને વૈદિક વિષયો પ્રતિ વિતૃષ્ણા છે તેને વશીકારસંજ્ઞારૂપે વૈરાગ્ય છે.' આ દૃષ્ટ અને આનુશ્રવિક (વેદમાં કહેલા) વિષયોમાં દોષ દર્શનથી થયેલી વિતૃષ્ણા જેને થઈ છે તે સાધકને આવો વૈરાગ્ય હોય છે. દૃષ્ટ એટલે લૌકિક પ્રમાણથી જાણી શકાય તેવા, અર્થાત્ આ લોકના. आनुश्रविकः गुरुपादादनुश्रूयते इति । अनुश्रवो वेदः तत्र भवः आनुश्रविकः । શ્રી ગુરુમુખથી જે શ્રવણ કરાય છે તે અનુશ્રવરૂપ વેદ છે, તેમાં કહેલા તે આનુશ્રવિક. વિષય શબ્દ षिञ् बन्धने અર્થાત્ બંધનવાચક ષિઞ્ ધાતુ ઉપરથી આવે છે, તેથી બંધનના હેતુભૂત પદાર્થોનો વાચક છે. આથી સ્ત્રી, પુત્ર, ધન વગેરે પદાર્થો લૌકિક પ્રમાણથી જાણી શકાય એવા હોવાથી તથા એમના પ્રતિનો પ્રેમ બંધનના હેતુભૂત હોવાથી એ સર્વ દૃષ્ટ વિષયમાં આવે છે. શ્રી સદ્ગુરુ, ઇષ્ટની પ્રતિમા વગેરે પદાર્થો લૌકિક પ્રમાણથી જણાય તેવા છતાં અને તેમના પ્રતિનો પ્રેમ બંધનના હેતુભૂત નથી પણ કૈવલ્યના હેતુરૂપ છે, તેથી એમનું દૃષ્ટ વિષયમાં ગ્રહણ થતું નથી. તે જ પ્રમાણે સ્વર્ગાદિ પદાર્થો વેદથી જણાતા હોવાથી તથા એ પ્રતિનો પ્રેમ બંધનના હેતુરૂપ હોવાથી એ પદાર્થો આનુશ્રવિક વિષય છે. તેમ જ વૈદેહ્ય અને પ્રકૃતિલયપણું એ પણ વેદથી જણાતાં હોવાથી તથા બંધનના હેતુરૂપ હોવાથી એ પદાર્થો આનુશ્રવિક વિષયો છે. શ્રી સદ્ગુરુ વા ઇષ્ટનું વાસ્તવિક સ્વરૂપ તથા વિવેકખ્યાતિ એ પદાર્થો યદ્યપિ વેદથી જણાય છે છતાં એ બંધનના હેતુરૂપ નથી, પણ કૈવલ્યના હેતુરૂપ છે તેથી એ પદાર્થો આનુશ્રવિક વિષય નથી. તેથી, એ સિદ્ધ થયું કે સ્ત્રી, પુરુષ, ધન, ક્ષેત્ર, સંબંધી વગેરે પદાર્થો દૃષ્ટ વિષય છે અને સ્વર્ગાદિ લોક, વૈદેહ્ય અને પ્રકૃતિલયત્વ એ આનુશ્રવિક વિષય છે. એ બે પ્રકારના વિષયો પ્રતિ જે સાધકને વિતૃષ્ણા થઈ છે તેને એ પ્રથમપદનો અર્થ છે. વશીકારસંજ્ઞા એટલે પદાર્થો મારે વશ છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હું તેમને વશ નથી એ પ્રકારની સિદ્ધ વિતૃષ્ણા થાય છે તે વૈરાગ્ય, એટલે યોગસાધનરૂપ વૈરાગ્ય છે. આ ઉપરના પતંજલિના સૂત્રથી વૈરાગ્યનું લક્ષણ કર્યું છે. તેમાં वैराग्यम् એ પદ લક્ષ્યનો નિર્દેશ કરનાર છે અને वशीकारसंज्ञा એ પદ સુધીનું સર્વ લક્ષણ છે. ત્યાં વૈરાગ્યનું લક્ષણ કર્યું કે સ્ત્રી, પુત્ર, ધન, ક્ષેત્ર વગેરે લૌકિક પ્રમાણથી જણાતા પદાર્થો બંધનના હેતુરૂપ છે, તેમ જ સ્વર્ગાદિક પદાર્થો પણ બંધનના હેતુરૂપ છે, તે ઉભયવિધ પદાર્થોમાં જે વશીકારસંજ્ઞા વિતૃષ્ણા છે તે યોગના સાધનભૂત વૈરાગ્ય છે.

અહીં દૃષ્ટાદિ પદાર્થોને બંધનના હેતુરૂપ કહેવાનું કારણ તો એ જ છે કે પદાર્થો દુઃખ આપનાર છે અને ક્લેશને દઢાવનાર છે. એ વાત સહજ વિચારથી જણાય એમ છે. ત્યાં પ્રથમ દૃષ્ટ પદાર્થ લઈએ. દૃષ્ટ પદાર્થો વ્યક્તિરૂપે તો અનંત છે, તેથી પ્રત્યેક વ્યક્તિ લઈ તેના દોષોનું પ્રતિપાદન ગ્રંથમાં થવું અસંભવ છે. છતાં સામાન્યરૂપે એ પદાર્થોના ત્રણ વિભાગ થઈ શકે છે. તે આ છે : ધન, સ્ત્રી-પુત્ર અને યશસ્. એ ત્રણ પ્રકારના પદાર્થ પ્રતિનો પ્રેમ જેનું શાસ્ત્રમાં વિત્તૈષણા, પુત્રદારૈષણા અને લોકૈષણા કહી વર્ણન કર્યું છે તે, દુઃખ અને ક્લેશને જ ઉત્પન્ન કરનાર છે અને તેથી હેય છે. શ્રી બૃહદારણ્યક ઉપનિષદ્‌માં કહ્યું છે કે पुत्रैषणायाश्च वित्तैषणायाश्च लोकैषणायाश्च व्युत्थाय भिक्षाचर्यं चरन्ति । આત્મતત્ત્વનો સાક્ષાત્કાર કરવામાં પ્રવૃત્ત થયેલા સાધકો પુત્રૈષણાદિ ત્રિવિધ એષણાઓનો ત્યાગ કરી ભિક્ષા-ચર્યને સેવે છે, ઇત્યાદિ વચનથી એ એષણાઓને હેય કહી વર્ણવી છે. તેનું કારણ એ જ છે કે એ એષણાના વિષયભૂત પદાર્થો દોષથી ભરેલા છે. શ્રી પંચદશી બ્રહ્માનંદ પ્રકરણમાં अलभ्यमानस्तनयः पितरौ क्लेशयेच्चिरम् । लब्धोऽपि गर्भपातेन प्रसवेन च बाधते ॥ ઇત્યાદિ વચનોથી એ પ્રમાણે કહ્યું છે કે જ્યાં સુધી પુત્ર થયો નથી ત્યાં સુધી તો તે પોતાની અપ્રાપ્તિને લીધે માતાપિતાને દુઃખો આપે છે. પુત્ર ગર્ભમાં આવે છે ત્યારે નાના પ્રકારનાં આધિવ્યાધિ વગેરે દુઃખો સાક્ષાત્ માતાને તથા એ ઉભય વિશે આસક્ત મૂર્ખ પિતાને આપે છે. ગર્ભમાં સ્થિતિ પામ્યા છતાં પણ મા-બાપને ગર્ભસ્રાવ વગેરે વડે અનેક ભય-દુઃખને આપે છે. પ્રસવ સમયે માતાને પ્રાણાંત સંકટ આપે છે. પ્રસૂત થયા પછી પોતાને વિશે આસક્ત માબાપને ગ્રહપીડા તથા રોગાદિ નિમિત્તથી અપાર કષ્ટ સહન કરાવે છે. એમ કરતાં કૌમાર અવસ્થાનો થાય છે ત્યારે રખેને એ મૂર્ખ રહેશે એ પ્રકારના ભયથી માબાપના મન નિરંતર સંતપ્ત કરે છે, અને કદાચ દુર્દૈવથી મૂર્ખ રહે છે તો પછી જીવનપર્યંત અપાર દુઃખોને ઉપજાવે છે. ઉપનયન થયા પછી જો વિદ્યા ભણતો નથી તો દુઃખ આપે છે. કદાચ વિદ્વાન થાય છે તો પછી તેને માટે સુલક્ષણી કન્યાની શોધ તથા તેની ચિંતાથી માબાપને અસહ્ય દુઃખના હેતુરૂપ થઈ પડે છે. કદાચ તેવી કન્યા મળી તો રખેને પરસ્ત્રીલંપટતા વગેરે દોષોવાળો થાય એ ચિંતાથી માબાપને બાળે છે, અને તેવા દોષવાળો થાય છે તો તો જીવતા જ દુઃખદાતા થાય છે, એટલું જ નહિ પણ માબાપના મૃત્યુ પછી પણ અનેક કષ્ટનો હેતુ નીવડે છે. કદાચ આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સર્વ થાય છે છતાં કુટુંબી થઈ દરિદ્ર રહે છે તથા યશકીર્તિવાળો થતો નથી તો પણ માબાપને સંતાપનો હેતુ થાય છે. આ સર્વ થતાં જો મૃત્યુને આધીન થાય છે તો તો પછી અપાર કષ્ટને આપે છે. આ પ્રમાણે જન્મથી પૂર્વે, જન્મથી તે મૃત્યુપર્યંત અને મરણસમયે અને પછી એમ સર્વકાળે પુત્ર ક્લેશ દુઃખનો જ આપનાર છે, એ સિદ્ધ થાય છે. તે જ પ્રમાણે, સ્ત્રી જે યોગવાસિષ્ઠમાં (વૈરાગ્યપ્રકરણ, સ્ત્રીજુગુપ્સા નામનો ૨૧મો સર્ગ) मांसपाञ्चालिकायास्तु यन्त्रलोलेऽङ्गपंजरे ઇત્યાદિ શ્લોકથી કહ્યા પ્રમાણે અત્યંત દુર્ગંધયુક્ત માંસની પુત્તલિકા રૂપ છે, તથા સ્નાયુ, અસ્થિ, રુધિર, મજ્જા વગેરેથી તથા નાનાવિધ ગ્રંથિથી જ ભરેલી છે, અર્થાત્ કોઈ પણ શુદ્ધ પદાર્થથી રહિત છે, તે પોતાની પ્રાપ્તિ પૂર્વે, પ્રાપ્ત થયા પછી અને મરણથી પતિને કેવળ દુઃખ આપનાર તથા પોતામાં મિથ્યામોહ ઉપજાવી ખરા પરમાર્થથી તથા સંન્યાસરૂપ ઉચ્ચ આશ્રમથી ભ્રષ્ટ કરનાર છે. તે જ પ્રમાણે, ધન, ક્ષેત્ર વગેરે માટે પણ છે. એ પદાર્થો માટે કહ્યું છે કે अर्थानामर्जने क्लेशस्तथैव परिपालने । नाशे दुःखं व्यये दुःखं, धिगर्थान् क्लेशकारिणः ॥ એમની પ્રાપ્તિમાં નાનાવિધ અપાર સંકટ છે; પ્રાપ્ત થયા પછી પણ એ પોતાના રક્ષણ માટે રાત્રિદિવસ ચિંતા તથા રક્ષણના યોજવારૂપ નાનાવિધ કષ્ટ કરાવે છે; પોતાના વ્યયસમયે અસન્માર્ગે ન વ્યય થાય તેને માટે ચિંતાઓ કરાવે છે અને જો તેવે માર્ગે વ્યય થાય છે તો તો પછી અસંખ્ય શાખાવાળા દુઃખવૃક્ષનું બીજ જ થાય છે; તેમ જ પ્રાણવાયુ, પૈસો અને મન સ્વભાવથી જ ચંચળ હોવાથી તથા આ પ્રવાહરૂપ સંસારમાં પડેલો કોઈ પણ પદાર્થ સદાકાળ એકે સ્થળે સ્થિતિ કરીને રહે એ અસંભવ હોવાથી ચિત્તમાં અપરિમિત દુઃખ આપી અંતે એ ધન જાય છે. આ પ્રમાણે આદિ, મધ્ય અને અંતે ધન કેવળ દુઃખરૂપ જ છે અને પોતામાં આસક્તિ કરાવી દેવઋણ વગેરે બંધનોને ઉપજાવનાર છે. આ જ પ્રમાણે વિદ્યા, રૂપ, યશ વગેરે સર્વ પદાર્થો માટે જણાય છે. તેમ જ અહંભાવે અધ્યાસને પામી દુઃખ અને ક્લેશના હેતુરૂપ થનાર જે પોતાનો દેહ તે પણ સર્વ અનર્થનું મૂળ છે. તેથી દૃષ્ટ પદાર્થો તો સર્વ દુઃખના જ આપનાર છે અને તેથી પ્રેમના પાત્ર નથી. હવે આનુશ્રવિક પદાર્થો લઈએ. એ વિષયોમાં સ્વર્ગાદિ લોક, વૈદેહ્ય અને પ્રકૃતિલયપણું છે. ત્યાં સ્વર્ગાદિ લોક તો પ્રસિદ્ધ છે. વૈદેહ્ય એટલે વિદેહ થવું તે. જે જીવો ઉપાસનાના બળથી સ્થૂળ દેહ વિના માત્ર સૂક્ષ્મ દેહથી જ દિવ્ય ભોગોને ભોગવે છે તે વિદેહ કહેવાય છે. એ વિદેહ પુરુષો બ્રહ્માંડની અંદર જ રહીને દિવ્ય ભોગોને ભોગવે છે જે એથી પણ બળવતી ઉપાસનાએ કરીને અધિક બળયુક્ત છે તે આવરણસહિત બ્રહ્માંડથી બહાર જઈ ઘનાકાશરૂપ પ્રધાનમાં લીન થઈને રહે છે તથા વિદેહ વગેરે દેવોનું પણ શાસન કરનાર છે, તે પ્રકૃતિલીન કહેવાય છે. એ બેમાં ફેર એટલો છે કે વિદેહ પુરુષો સાવરણ બ્રહ્માંડમાં રહેલા હોય છે અને પ્રકૃતિલીનની અપેક્ષાથી ન્યૂન ઐશ્વર્યવાળા હોય છે તથા મલિન વિષયોને ભોગવે છે. પ્રકૃતિલય પુરુષો બ્રહ્માંડની મર્યાદાથી બહાર ગયેલા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય છે તથા પોતાના શુદ્ધ સંકલ્પમાત્રથી અતિશુદ્ધ વિષયોને ભોગવે છે. આ ત્રણે પદાર્થો આનુશ્રવિક વિષય છે. તેથી એ સર્વ દોષવાળા જ છે. એમાં ક્ષય, અતિશય અને વિનાશ વગેરે દોષો છે. સ્વર્ગાદિ લોકથી તેમ જ વૈદેહ્યસ્થિતિથી પણ પુનઃ આવૃત્તિ થાય છે. તેથી એ સર્વ ક્ષયદોષવાળા છે. તેમ જ સ્વર્ગાદિ લોક કરતાં વિદેહનું સામર્થ્ય અધિક છે અને પ્રકૃતિલય કરતાં પણ ઈશ્વરનું અધિક સામર્થ્ય છે. તેથી એ પદાર્થોમાં અતિશયરૂપ દોષ છે. તેમ જ પુનઃ આવૃત્તિ હોવાથી અંતે વિનાશ તો છે જ. તેથી એ સર્વ પદાર્થો પણ ક્ષયાદિ દોષવાળા છે. શ્રી સાંખ્યકારિકામાં પણ दृष्टवदानुश्रविकः स ह्यविशुद्धिक्षयातिशययुक्तः એ કારિકાથી એ ત્રણે પદાર્થોને ક્ષયાદિ દોષવાળા કહ્યા છે, તેથી એ સિદ્ધ થાય છે કે દૃષ્ટ અને આનુશ્રવિક પદાર્થો બંધનના હેતુરૂપ તથા દુઃખદ છે.

આ સર્વ વિષયોના આ પ્રકારના તથા અન્ય અનેક દોષો જે છે તે જાણીને તેનો પુનઃ પુનઃ વિચાર કરવાથી, એ વિષયો પ્રતિ વિતૃષ્ણા થાય છે, અર્થાત્ એ પ્રતિનો પ્રેમ ક્રમે ક્રમે ઓછો થઈ અંતે નાશ પામે છે. એ વિતૃષ્ણાને જ સાધારણ રીતે વિરાગ કહે છે. એ વૈરાગ્ય બે પ્રકારનો હોય છે : (૧) સાધ્ય અને (૨) સિદ્ધ. ત્યાં સાધ્ય વૈતૃષ્ણ્ય વા વૈરાગ્ય ભૂમિકાક્રમથી ત્રણ પ્રકારનો છે : (૧) यतमानसंज्ञा (૨) व्यतिरेकसंज्ञा અને (૩) एकेंद्रियसंज्ञा. રાગદ્વેષાદિના જ્ઞાનપૂર્વક વૈરાગ્યના સાધનરૂપ દોષદર્શનાદિનું જે અનુષ્ઠાન કરવામાં આવે છે, અર્થાત્ ચિત્તમાં રહેનારા રાગાદિને પકવ કરવા માટે દોષદર્શનાદિમાં કરાતો આરંભયત્ન તે યતમાનસંજ્ઞા વૈરાગ્ય કહેવાય છે. તથા વૈરાગ્યની આ ભૂમિકાને પણ યતમાન-સંજ્ઞા કહેવાય છે. એ ભૂમિકાની સિદ્ધિ અનંતર આ ઇંદ્રિયનો જય થયો છે અને આટલી ઇંદ્રિયોનો જય બાકી છે, અથવા આટલા કષાય પકવ થયા છે અને આટલા પકવ થવાના બાકી છે, એ પ્રકારના વિભાગરૂપ વ્યતિરેકનું અવધારણ કરવું તે વ્યતિરેકસંજ્ઞા ભૂમિકા છે. રૂપ, રસ વગેરે બાહ્યેન્દ્રિયના વિષય વિષે રાગાદિકનો ક્ષય થયા પછી માત્ર મનરૂપ એક જ ઇંદ્રિયના માનાપમાનાદિ વિષય વિશે રહેલા રાગદ્વેષાદિનો જ્ઞાનપૂર્વક કરાતો ક્ષય તે એકેંદ્રિય સંજ્ઞા ભૂમિકા છે; અથવા ઇંદ્રિયોની બહિર્મુખ પ્રવૃત્તિ કરાવનાર કષાય પકવ થયા પછી તે મન-રૂપ એક ઇંદ્રિયને વિશે જે ઔત્સુકય રહે છે, તેનો પકવ કરી ક્ષય કરવો તે એકેંદ્રિય સંજ્ઞા ભૂમિકા છે. આ ત્રણ પ્રકારની ભૂમિકાવાળા વૈરાગ્યની સિદ્ધિ થયાથી પરિણામે સિદ્ધા-વસ્થાવાળી વિતૃષ્ણા થાય છે, જે વશીકારસંજ્ઞા વિતૃષ્ણા કહેવાય છે. જ્યારે વિષયમાત્ર પોતાને અધીન થાય અને પોતાની દૃષ્ટ કે આનુશ્રવિક કોઈ પણ વિષય પ્રતિ અધીનતા ન રહે ત્યારે એવી વિતૃષ્ણાને વશીકારસંજ્ઞા કહેવાય છે.

આરંભના વિષયનું સાન્નિધ્ય થયે સાધકની ઇંદ્રિયો ક્ષોભ પામી તે પ્રતિ પ્રવૃત્તિ કરવા જાય છે, તેમને દોષદર્શનાદિથી વિરક્તિ ઉત્પન્ન કરી તેમ કરતી અટકાવાય છે. એ અવસ્થાનું પ્રતિપાદન કરતાં શાસ્ત્રમાં विरक्तिर्दोषदर्शनात् 'વિષયમાં દોષ દર્શનથી વિરક્તિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થાય છે' એમ કહ્યું છે. એ પ્રમાણે જ્યારે ઘણો લાંબો કાળ અભ્યાસ કરવામાં આવે છે ત્યારે અભ્યાસના બળથી દોષદર્શનસિદ્ધ થાય છે, અર્થાત્ પછી દોષદર્શન પ્રયત્ને કરીને ઉત્પન્ન કરવું પડતું નથી પણ પોતાની મેળે જ થાય છે. એ અવસ્થા સિદ્ધ થવાથી ઇંદ્રિય તથા મન વિષય વિશે પ્રવૃત્ત થતાં જ નથી. એ અવસ્થાનું નામ વશીકાર સંજ્ઞક વૈતૃષ્ણ્ય છે. આ પ્રકારનું વશીકારસંજ્ઞક વૈતૃષ્ણ્ય તે જ યોગના સાધનરૂપ વૈરાગ્ય છે. સાધ્યભૂમિકામાંની વિતૃષ્ણા યોગના હેતુરૂપ નથી, કારણ કે એવી વિતૃષ્ણા છતાં સૌભરિ વગેરે મુનિને વિષયના સાન્નિધ્યથી ક્ષોભ પામેલી ઇંદ્રિયો અંતર્મુખ થવા દેતી ન હતી એ પ્રખ્યાત છે. તેમ જ આરંભક અવસ્થા હોવાથી એ અવસ્થામાં દોષદર્શન સિદ્ધ થયેલું નથી તેથી સાધકે પ્રયત્ન વડે એ ઉત્પન્ન કરવું પડે છે. તેથી એ અવસ્થામાં સાધકનું મન દોષદર્શન ઉત્પન્ન કરવામાં ગૂંથાયેલું રહેવાથી અંતર્મુખ થવાના પ્રયત્નમાં પાછળ પડે છે. તેથી યોગના સાધનરૂપ વિરક્તિ તો માત્ર વશીકારસંજ્ઞાવાળી વિતૃષ્ણા છે. તેથી આ સૂત્રમાં વશીકારસંજ્ઞા એ પદ સુધીનું લક્ષણ લેવું જરૂરનું છે, કારણ કે નહિ તો પ્રથમની ત્રણ ભૂમિકાવાળી વિતૃષ્ણામાં એ લક્ષણની અતિવ્યાપ્તિ આવે. (છેલ્લા ત્રણે પારા પ્રો. જેકીસનદાસ જેઠાભાઈ કણિઆએ સં. ૧૯૫૫માં લખેલ અને ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ છપાવેલ ગ્રંથને આધારે લખ્યા છે. તેમાંથી ઈશ્વરનું સૃષ્ટિકર્તૃત્વ માન્ય રાખ્યા સિવાય જુદી જુદી ભૂમિકાઓ જાણવી જરૂરી હોવાથી એ ગ્રંથ જે હાલ અલભ્ય છે તે અનુસાર અક્ષરે અક્ષર કોપી કરી આ ત્રણે પારાઓ ઉપયોગી લાગવાથી લખ્યા છે. તેમાં સૃષ્ટિકર્તૃત્વનો સવાલ તદ્દન અલગ છે અને તે સંબંધી આગળ વિવેચન થઈ ગયું છે, પણ દૃશ્ય પદાર્થો અને આનુશ્રવિક વિષયો જરૂર મનન કરવા યોગ્ય છે.) વૈરાગ્યનો અર્થ સ્પષ્ટ કરતાં શબ્દચિંતામણિકોષ કહે છે કે તેનો અર્થ વિષયવાસનારહિતપણું થાય છે. કીટથી તે બ્રહ્મપર્યંતના પદાર્થ કાકવિષ્ટા સમાન તુચ્છ ગણવા તે વૈરાગ્યનો અર્થ છે. અથવા તેનો અર્થ 'બેચેની' અથવા 'કંટાળો' છે. એટલે વૈરાગ્યવાળા કેવા હોય અને કોણ હોય તે સ્પષ્ટ સમજાઈ જશે.

**સંસ્થિત**—આશ્રિત. એટલે વૈરાગ્યમાર્ગનો આશ્રય કરેલો હોય તેવા. વૈરાગ્યમાર્ગે લાગેલા એવા સર્વ સાધુઓને સાચા અર્થમાં આ અર્થ લાગુ પડે છે.

**સંસારવાસચકિતસ્ય**—સંસારમાં રહેવાથી આશ્ચર્ય પામેલો, ત્રાસી ગયેલો એવો અર્થ હારિભદ્રીય ટીકામાં કર્યો છે. એને કોઈપણ કાર્ય કે પદાર્થ ટકાઉ ન હોવાથી સર્વ પદાર્થોની વચ્ચે પોતે કેમ ટકી રહ્યો અને આવા નશ્વર પદાર્થમાં મોહાઈ શું ગયો? એવી વિચારણા થાય છે. શી વિચારણા થાય છે તે આગળ કહેવામાં આવશે. (જુઓ શ્લોક ૬૪-૬૫) આ સંસારમાં કયું ટકાઉ કે સ્થાયી સુખ હતું કે તેમાં પોતે અત્યાર સુધી ભમ્યા જ કર્યો એવી વિચારણા તેના મનમાં થાય છે અને સંસારમાં રહેવા જેવું કે તેમાં આનંદ માનવા જેવું તેને કંઈ લાગતું નથી અને બધી પરિસ્થિતિ જોતાં એને આશ્ચર્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થાય છે કે આ સંસારમાં પડી રહેવા જેવું કે તેમાં મોહવા જેવું કાંઈ નથી. અને પોતાની મૂર્ખાઈ ઉપર જ પોતે આશ્ચર્ય પામે છે અને એને સંસારનો ખરેખર ત્રાસ લાગે છે. પોતાની ચારે તરફ માણસોને સંસારથી હેરાન થતા જોઈને એને ત્રાસ થાય છે અને પોતે આવા સંસાર ઉપર શું જોઈ મોહી રહ્યો તે માટે તેને ખરેખરો ત્રાસ થાય છે. સંસારના કહેવાતા સુખો પણ ક્ષણિક હોય છે અને આવા મુમુક્ષુને તો ત્રાસજનક જ લાગે. એ ત્રાસથી એને સંસાર ઉપર ત્રાસ જ આવે અને આ રીતે એ ઉદ્વિગ્નચિત્તવાળો થઈ કાંઈ બેબાકળો જણાય, એને કોઈ વાતમાં સુખ ન દેખાય. એને સંસારના પદાર્થોથી ત્રાસ લાગે અને આ પદાર્થો અને વિષયોથી ક્યારે ભાગી છૂટું એવી એની વૃત્તિ થાય. વિચાર કરવાને યોગ્ય માણસનું આવા પ્રકારનું વર્ણન ઓગણસાઠમા શ્લોકથી ચાલ્યું આવે છે. તે કેવો હોય તે આ શ્લોકમાં પણ જણાવવામાં આવ્યું છે.

અભિરતમતિ—પોતાનું—આત્માનું હિત થાય તેમાં અભિ(મુખ્યપણે) પ્રીતિ છે એવો. એટલે તે માટે ઉદ્યુક્ત થયેલો માણસ. આ ભવમાં પોતાનું આત્મિક હિત કેમ થાય તે માટે પ્રયાસ કરવાની જેની અંતઃકરણની ઇચ્છા છે તેવો માણસ સંસારમાં તો ડચકા ખાનારો અને પવન આવે ત્યાં ઊડીને જનારો ન જ હોય. એ તો ત્યાગી આત્માર્થી જ હોય અને ઘણે ભાગે સાધુ જ હોય. એટલે એ આત્મિક હિત કરવાની બાબતમાં પ્રયત્નશીલ હોય છે. આ વર્ણન પણ ત્યાગીઓને જ ઘટે છે, જો કે પોતાના હિતને માટે ઉદ્યમ કરનાર સંસારી પ્રાણીઓની પણ શક્યતા છે, પણ અહીં ગ્રંથના ચાલતાં એ મનુષ્યનું વર્ણન ત્યાગીને વધારે ઘટતું લાગે છે. ત્યાગી તો હંમેશા આત્માર્થી હોય છે અને પોતાનું આત્મિક હિત કરવા લાગી ગયેલા હોય છે. એવા ત્યાગીને વિચારણા થાય છે કે આ સર્વ શું? અને કોને માટે? આમાંથી તો જેમ જલદી ભગાય કે નાસી છૂટાય તો જ ખરું આત્મિક હિત થાય તેમ છે. નહિ તો પાછા એક ખાડામાંથી બીજામાં પડવાના જ રસ્તા છે. એની પ્રીતિ મોક્ષસુખ મેળવવા માટે હોય છે, એને સંસારસુખ તરફ કંટાળો આવે છે. અને અંતરથી તે મુમુક્ષુ હોઈ મોક્ષસુખ મેળવવા માટે નિરંતર ઇચ્છે છે.

શુભ—સારી, અગાઉ કદી ન થયેલી વિચારણા. તે આવા પ્રકારના માણસને થાય છે. છેલ્લા ઓગણસાઠમા શ્લોકથી એ માણસનું વર્ણન ચાલ્યું આવે છે તે અત્ર પૂરું થાય છે. તેવા માણસનાં નીચેનાં વિશેષણો કહ્યાં તે ખૂબ મનન કરવા યોગ્ય છે.

૧. મૂળ હેતુ જાણીને તેનો ઉચ્છેદ કરવા તત્પર થનાર.
૨. દર્શન, ચારિત્ર, તપ, સ્વાધ્યાય અને ધ્યાનમાં જોડાયેલો રહેનાર.
૩. પ્રાણવધ, અસત્યભાષણ, ચોરી, મૈથુન અને પરિગ્રહથી વિરમેલ (પંચમહાવ્રતધારી).
૪. નવકોટિ ઉદ્‌ગમ દોષથી રહિત આહાર લેનાર (સાધુ).



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫. અપૂર્વ પરિણામવાળો.
૬. શુભ ભાવનાવાળો.
૭. ધર્મનો જ્ઞાતા અને અમુક બાબત અમુકથી વધારે સારી છે તે સમજનાર.
૮. વૈરાગ્ય માર્ગે લાગેલ.
૯. સંસારના વસવાટથી ત્રાસેલ.
૧૦. પોતાને હિત કરનાર અર્થમાં લાગેલ.

**ચિંતા**—વિચારણા. એવા પ્રકારના માણસને હવે પછીના ૬૪થી ૬૫માં શ્લોકમાં કહેવામાં આવનારી વિચારણા થાય છે. જ્યાં સુધી મન સંસારમાં લાગેલું હોય અને પદાર્થો તથા વિષયો પર પ્રીતિ થતી હોય ત્યાં સુધી આવી શુભ વિચારણા થતી નથી. શુભ વિચારણા આવા નિર્લેપ માણસને જ થાય અને તે શું વિચારણા કરે તે આગળના ચોસઠમા તથા પાંસઠમા શ્લોકમાં કહેવામાં આવશે. (૬૩)

**શુભ વિચારણા—**

भवकोटीभिरसुलभं मानुष्यं प्राप्य कः प्रमादो मे ? ।
न च गतमायुर्भूयः प्रत्येत्यपि देवराजस्य ॥६४॥

**અર્થ**—કરોડો ભવે પણ પ્રાપ્ત થવું મુશ્કેલ એવું આ મનુષ્યપણું પામીને મારે પ્રમાદ (આળસ–મદ, વિષય, વિકથા, કષાય અને નિદ્રા એ છેલ્લા પાંચ પ્રમાદ) કરવા કેમ ઘટે ? કારણ કે ઇંદ્ર પણ ગયેલા આયુષ્યને પાછું મેળવવા અશક્ત છે, ગયેલું આયુષ્ય અને ખોયેલી તક તેને ફરી જલદી પ્રાપ્ત થઈ શકતી નથી. (૬૪)

**વિવેચન**—આ શ્લોકમાં એ ભવ્ય જીવને કેવી વિચારણા થાય તે બતાવે છે. એ જીવ કેવો હોય તે આપણે આગળના પાંચ શ્લોકમાં જોઈ ગયા.

**અસુલભ**—જો તમે અનેક ગતિઓનો અને ચોરાશી લાખ જીવયોનિનો વિચાર કરશો તો કરોડો ભવે આ મનુષ્યત્વ એકાદ વખત પ્રાપ્ત થઈ જાય છે. અનાયાસે આવું કરોડો ભવે મળવું મુશ્કેલ મનુષ્યત્વ પ્રાપ્ત કરીને એની ખરી કિંમત કરવી જોઈએ. એને વેડફી નાંખવું ન જોઈએ. આ તો રાંકને રતન સાંપડે કે દીનને માયાપુંજી મળી જાય તેવું છે. તે જેને તેને કે જ્યારે ત્યારે મળતું નથી. નારકોના અસંખ્ય વાસાઓ છે, એકેંદ્રિય સૂક્ષ્મ તો ઠાંસી ઠાંસીને અનંત દુનિયામાં ભરેલા છે અને દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિંદ્રિય અને ખેચર, ભૂચર અને જળચરોનો વિચાર કરીને અને તેમની પ્રત્યેક જાતિનો વિચાર કરીને વિચાર આવે છે કે આવા અનેક ભવોમાંથી આ મનુષ્યપણું તો કરોડો ભવે એકાદ વખત મળે છે. એ પ્રાપ્ત થવું ઘણું જ મુશ્કેલ છે અને તેની પૈસાથી કે ધનથી કિંમત નથી થતી. એ બજારુ વસ્તુ નથી કે એ જ્યાં ત્યાંથી ખરીદી શકાય. કરોડો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવયોનિમાં આ જીવ ફરે ત્યારે કોઈ કોઈ વાર એકાદવાર આ મનખાદેહ મળે છે. એની દુર્લભતા બતાવનાર દશ દૃષ્ટાંતો શાસ્ત્રપ્રસિદ્ધ છે. સિંદૂરપ્રકરની શરૂઆતમાં તે બતાવ્યાં છે. ત્યાંથી ઉલ્લેખ અત્ર થાય છે. રાજા રીઝ્યો તો બ્રાહ્મણે તેની પાસે આખા છએ ખંડમાં પ્રત્યેક ઘેર ભોજન લેવાની માંગણી કરી. રાજાને ત્યાં જે રસોઈ પકાવેલી હતી તે તો તેના સ્વાદમાં જ રહી ગઈ. તેને હંમેશા રાજાના ઘરનો વારો આવે તો સારું એવી ઇચ્છા રહે, પણ છ ખંડમાં તો હજારો લાખો કરોડો ઘર હોય. તે રાજાના ઘરનો વારો ફરી વાર આવ્યો નહિ. એટલે બ્રાહ્મણને મનની મનમાં રહી ગઈ. આ વારો રાજાને ત્યાં જમવાનો કદાચ આવે, પણ હારેલ મનુષ્યભવ ફરી મળવો ઘણો મુશ્કેલ છે, એ અશક્ય નહીં પણ અશક્ય જેવો મુશ્કેલ છે. આવા દશ દાખલાઓ આપીને મનુષ્યભવ પામવો કેટલો દુર્લભ છે તે બતાવ્યું છે. તે દશ દાખલા વાંચવા જેવા છે. તે જોઈ જવા પ્રાર્થના છે.

મનુષ્ય મરીને ગમે તે ગતિએ જાય; પણ તે મનુષ્યગતિએ જશે એવો કાંઈ નિશ્ચય નથી અને ચોરાશી લાખના ફેરામાં એ ક્યાં જશે એનું ઠેકાણું નથી. અને આવો મનુષ્ય અવતાર વારંવાર તુરત મળી જાય એ તો અશક્ય છે. આવું મનુષ્યપણું પામીને મારે આળસ કરવું ન ઘટે, મારે મારું કામ સાધવું ઘટે. મારે સધાય તેટલું સાધી લેવું જોઈએ, કે આ મનખાદેહ મળ્યાનો જેટલો બને તેટલો લાભ લેવાય.

**પ્રમાદો**—પ્રમાદ એટલે આળસ, અથવા, મદ્ય, વિષય, કષાય, વિકથા અને નિદ્રા. મારે મારી ફરજ બજાવવી ઘટે અને બને તેટલી મારી પોતાની પ્રગતિ સાધવી જોઈએ. આવો અવસર મળવો દુર્લભ છે. અને આવી તકને ગુમાવવી એ તો ઘણી ખરાબ અને અશોભતી વાત છે. જ્યારે મારી ઇચ્છા થાય ત્યારે મનુષ્યદેહ મળતો હોત, તો જાણે સમજ્યા, પણ આ તો કરોડો ભવે પણ મળવો દુર્લભ છે. એવો મનખાદેહ પ્રાપ્ત કરી હું આળસમાં વખત કાઢી નાંખું, અથવા મદ્ય-દારૂ પીવામાં, વિષયસેવનમાં, કષાય-પરિણતિમાં અથવા ચાડીચુગલી કે વાતો કરવામાં (દેશ, રાજ્ય સંબંધી કથા, ભોજનની વાતો કે સ્ત્રી સંબંધી વાતોમાં) વખત કાઢી નાંખું અથવા નિદ્રામાં વખત કાઢું તો અમૂલ્ય અને મળવી મુશ્કેલ ચીજની ખરી પરખ મને ન થઈ અને મેં આળસ કે પાંચ પ્રમાદમાં વખત કાઢી મળેલા મનુષ્યદેહનો કાંઈ લાભ ન લીધો, એટલું જ નહિ પણ એને એળે ગુમાવ્યો અને ફરીવાર ન મળે તેવી અમૂલ્ય ચીજને મેં ગુમાવી દીધી એમ ગણાય.

**આયુ**—આયુષ્ય. એ તો ગયું તે ગયું, ભોગવાઈ ગયું એટલે એનો નાશ થઈ જાય છે અને મળેલી તક ગુમાવનાર મૂર્ખ માણસ જેવી એળે આયુષ્ય ગુમાવનાર મનુષ્યની સ્થિતિ થાય છે. ભગવાન મહાવીર સ્વામીને ઇંદ્રે કહ્યું કે આયુષ્ય થોડું વધારો કારણ કે મરણ સમયે ભસ્મ ગ્રહ તારો આક્રમણ કરતો હોવાથી શાસનને બહુ હાનિ થશે અને સાધુઓ અથવા શ્રાવકોને બહુ નુકસાન થશે. ત્યારે ભગવાન ઉત્તરમાં કહે છે કે તીર્થંકર પણ એ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરવાને શક્તિમાન નથી; આયુષ્ય બાંધેલ હોય તેમાં એક ઘડીનો પણ વધારો કરવાની ચક્રવર્તીની શક્તિ નથી અને તીર્થંકર પણ તે કામ કરવાને શક્તિમાન નથી. આવા મહાવીર સ્વામી જેવા ચોવીશમા તીર્થંકર પણ આયુષ્ય ન વધારી શક્યા તો ઇન્દ્ર કે આપણે સામાન્ય મનુષ્યમાં એ તાકાત ક્યાંથી હોય ? મતલબ, આયુષ્ય વધારવા કે ઘટાડવાની કોઈની તાકાત નથી. ઇંદ્રને પણ આયુષ્ય પૂરું થવા આવે છે ત્યારે સુકામ કોઈ કામ ન કરી શકવા માટે ખેદ, દિલગીરી અને પશ્ચાત્તાપ થાય છે, પણ તે પોતાનું આયુષ્ય વધારી શકતો નથી, વધારવાના તેનાં ફાંફાં નિષ્ફળ થાય છે અને જે કામ ખુદ મહાવીર સ્વામી ન કરી શક્યા તે ઇંદ્ર પણ કરી શકતો નથી. મતલબ કે હારેલી ગુમાવેલી તક માટે તેને ખેદ થાય છે, પણ તે આયુષ્યમાં એક ઘડીનો પણ વધારો કરી કરાવી શકતો નથી. જે કામ ઇંદ્રથી ન બને તે સાધારણ માણસથી તો ન જ બને. એટલે કોઈ આયુષ્યને વધારી કે ઘટાડી શકતું નથી. એટલે આવા કરોડો ભવે પ્રાપ્ત થવું મુશ્કેલ મનુષ્યત્વ પ્રાપ્ત કરીને તેને અંગે આળસ કે પાંચ પ્રમાદ કરવા અને આયુષ્યને વૃથા (નકામું) પસાર કરી જવું તે એકબીજાની વિરુદ્ધ જાય છે. આ તો મળેલ તકનો બનતો લાભ લેવા જેવું છે. આવો મનખાદેહ જેને તેને જ્યારે ત્યારે મળતો નથી; તેની સાથે આળસમાં વખત કાઢવો તે બંધબેસતી વાત નથી.

**પ્રત્યેતિ**—પાછું આવવું, ગયેલું પાછું મેળવવું. ઇંદ્રને પણ, એના શક્તિવાળાને પણ, ગયેલું આયુષ્ય પાછું આવવું અશક્ય છે. ગયું તે ગયું, તક હાથમાં આવી હોય પણ એકવાર તે તક ગઈ, તો પછી તે સમયે તો પાછી આવતી નથી. એનો ભાવ એવો છે કે ઇંદ્ર જેવા શક્તિશાળીને પણ આયુષ્ય ગયું તે પાછું મળતું નથી. ગયું એ તો ગુમાવ્યું. 'મા જાણે કે દીકરો મોટો થયો, પણ આયુષ્યથી તેટલો ઓછો થયો,' એ જે ગુજરાતી કહેવત છે એના આશયમાં ઊતરવા જેવું છે. ગયેલું આયુષ્ય ગયું કે ગુમાવ્યું તે ગયું જ સમજવું, તે પાછું આવતું નથી, અને ગઈ ગુમાવેલી તકો માટે એમ જ સમજવું. એટલે દીકરો મોટો થયો તો આયુષ્યમાં તેટલો ઓછો થયો એમ સમજવું. એટલે આયુષ્યની નજરે તે તેટલો મોટો નહિ પણ નાનો થયો છે એમ ગુજરાતી કહેવતનો ભાવ છે. મહાવીર સ્વામી કે મોટા ઇન્દ્ર જેવી શક્તિવાન વ્યક્તિઓ પણ પોતાના આયુષ્યમાં એક-એ ઘડીનો પણ વધારો કરી શકતા નથી એ હકીકત છે. ખુદ મહાવીરસ્વામી ઇંદ્રની પ્રાર્થના છતાં તેમ કરી શક્યા નથી તે આપણે ઉપર જોયું. સિંદૂરપ્રકરકાર શ્રીસોમપ્રભાચાર્ય પોતાના પાંચમા શ્લોકમાં કહે છે કે—

> यः प्राप्य दुष्प्राप्यमिदं नरत्वं, धर्मं न यत्नेन करोति मूढः ।
> क्लेशप्रबन्धेन स लब्धमब्धौ, चिंतामणिं पातयति प्रमादात् ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે મૂઢ પુરુષ આ દુઃખે પ્રાપ્ત થવા યોગ્ય આ મનુષ્યપણું પામીને ઉદ્યમે કરીને ધર્મને કરતો નથી, તે પુરુષ અતિ મહેનતે પામેલા ચિંતામણિને આલસ્યે કરીને સમુદ્રમાં નાંખે છે. અર્થાત્ જે મોટા કષ્ટે પમાય એવો મનુષ્યજન્મ પામીને સાવધાનતાએ કરીને શ્રીવીતરાગપ્રણીત ધર્મને ન અંગીકાર કરે, તેણે અતિ દુઃખે મળેલો એવો પ્રત્યક્ષ ચિંતામણિ પ્રમાદ થકી સમુદ્રમાં નાંખ્યો એમ જાણવું. એ કારણે નરભવમાં ધર્મનું ઉપાર્જન કરવું. ચિંતામણિ રત્ન જેની પાસે હોય તે ચિંતવે તે વસ્તુને મેળવી ઉપભોગી શકે છે. હાલના કાળમાં એ રત્ન અલભ્ય છે, પણ પૂર્વકાળની કથાથી તેવું રત્ન મળતું હતું તેવી વાત છે. આ મનુષ્યભવને પામવો ચિંતામણિ રત્ન મેળવવા જેટલો દુર્લભ છે, તે મળે તો જિંદગીને એળે ગુમાવવી કે એશઆરામમાં વખત કાઢી નાંખવો અથવા આળસ પ્રમાદમાં વખત કાઢવો યોગ્ય નથી. ત્યાં દશ દાખલા વડે આ મનુષ્યજન્મની દુર્લભતા બતાવી છે. તે દશે દાખલા વાંચવા જેવા છે. चुल्लग, पासग, धन्ने, जुए, रयणे य सुमिणे, चक्क अ, कुम्म युग, परमाणु, दस दिट्ठंता मणुअजम्मे–આ દશ દૃષ્ટાંત આપીને મનુષ્યભવ પામવો કેટલો દુર્લભ છે તે ત્યાં બતાવ્યું છે. આવું દુર્લભ મનુષ્યપણું પામીને વિચારણા કરવી ઘટે કે મનુષ્યત્વ પામીને એને ગુમાવી દેવાની બુદ્ધિ પરવડે નહિ, સુખ માટે થાય નહિ, હિતની દૃષ્ટિએ પણ પોતાને નુકસાનકર્તા છે. કુશળ માણસે આવું પ્રાપ્ત કરેલું મનુષ્યત્વ જો તે એળે ગુમાવે અથવા એશઆરામમાં પડી જઈ કે આળસમાં પડી જઈ ગુમાવે તો તેની કુશળ માણસમાં ગણના ન થાય. (૬૪)

મારું કર્તવ્ય—

आरोग्यायुर्बलसमुदयाश्चला वीर्यमनियतं धर्मे ।
तल्लब्ध्वा हितकार्ये मयोद्यमः सर्वथा कार्यः ॥६५॥

**અર્થ**—આરોગ્ય (તંદુરસ્તી), આયખું, બળ એ સર્વનો સમુદાય ચંચળ છે અને ધર્મમાં શક્તિનો વપરાશ અચોક્કસ છે. એ સર્વ મેળવીને હિત થાય તેવાં કામોમાં મારે સર્વ પ્રકારે પ્રયત્ન (ઉદ્યમ) કરવો જોઈએ. (૬૫)

**વિવેચન—આરોગ્ય**-તંદુરસ્તી. એ પ્રાપ્ત થવી ઘણી મુશ્કેલ છે. પોતે હાલી ચાલી કે બોલી શકે નહિ તે હિતકારી કામોમાં પ્રયત્ન કરી શકતો નથી. તેને ઇચ્છાએ કે વગર ઇચ્છાએ પોતાના દેહની ચિંતા જ કરવી પડે છે. માંદો માણસ તો ખાટલે પડ્યો પડ્યો ઊંહકારા લીધા કરે, તેને ઉદ્યમ કરવો હોય તો પણ તેનામાં તેમ કરવાની શક્તિ નથી. માંદલો માણસ ઉદ્યમને માટે નકામો છે. તે તો ઉધરસ ખાધા કરે અને લાકડીના ટેકે ચાલે; તેવાથી ઉદ્યમ થઈ શકે નહિ; તેને મનમાં મનોરથ થાય તો તે નકામા નીવડે છે. એટલે હિતકારી કામ માટે, ઉદ્યમ કરવા માટે પણ તંદુરસ્તીની જરૂર છે.

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આયુ**—આયુષ્ય, આયખું. નાની વયમાં મરી જાય, કે પ્રાણીનો ગર્ભમાં નાશ થાય તો તે તદ્દન નકામું અને ફળરહિત કામ થાય છે. આયખું એ તો ખરેખરું જીવન છે. પ્રાણીને ગમે તેવા અભિલાષો કે મનોરથો હોય, તે બધાં આયુષ્ય વગર નકામા થઈ પડે છે. એટલે અભિલાષો ફળવાન કરવા માટે, કે મનોરથમાં જે આવે તેનો અમલ કરવા માટે આયુષ્ય જરૂરી છે. આ તો સિત્તેર સિત્તેર વર્ષનો થાય, પણ સરવૈયા કાઢ્યા કરે અને આંટા માર્યા કરે એ વિચિત્ર વાત છે. જો આયખું મળી જાય તો હિતકારી કામો કરી તેનો પૂરતો લાભ લેવો જોઈએ. આયુષ્ય મળ્યા પછી શું કરવું ઘટે તે હવે પછી કહેવામાં આવશે.

**બળ**—જોર. બળ-શક્તિ વગર કોઈ ઉદ્યમ થઈ શકતો નથી. નબળા માણસો કાંઈ કરી શકતા નથી, બેઠા હોય તો ઊભા થઈ શકતા નથી, બેસાડવા માટે પણ માણસ જોઈએ. આવું બળ મળવું તેમાં વીર્યાંતરાયનો નાશ કારણભૂત છે. અને તે પ્રાપ્ત થયા પછી શું કરવું ઘટે તે હવે વિચારવામાં આવે છે.

**સમુદય**—હરિભદ્ર ટીકા પ્રમાણે અર્થ કરીએ તો પૈસા. ધન કમાવામાં, ધનના રક્ષણમાં અને ધનના વ્યયમાં દુઃખ, પીડા હોઈ તે મેળવીને ધર્મ કરશું કે હિતકારી કામો કરશું, એ મેલ શરીરે લગાડીને ધોવા જેવું છે. એટલે ધન મળે તો તેનો પણ હિતકારી કાર્યોમાં વ્યય કરવો યોગ્ય છે, પણ તે કરવા ખાતર જ ધન કમાવું બિનજરૂરી છે, ઊલટું નુકસાન કરનાર છે.

આ ચારે વસ્તુ પ્રાપ્ત થવી મુશ્કેલ છે. પ્રથમ તો મનુષ્ય ભવ જ કરોડો ભવે પ્રાપ્ત થાય છે, તેમાં તંદુરસ્ત રહેવું, પૂરતું આયખું રહેવું, શરીર મજબૂત બળવાન હોવું અને પૈસા પ્રાપ્ત થવા એ ચારે વસ્તુ મળવી વધારે મુશ્કેલ છે. એ ચારેને પ્રાપ્ત કરીને પ્રાણીને પોતાની શક્તિ ઉપર આધાર રાખવો પડે છે. હિતકારી કામ માટે ઉત્સાહ થાય અને ટકી રહે તે વધારે મુશ્કેલ છે.

**આ સર્વ ચીજો**—પ્રથમ મનુષ્ય ભવ, પછી આરોગ્ય, પછી આયુષ્ય, પછી બળ અને છેવટે લક્ષ્મી તથા હિતકારી કાર્ય કરવાની શક્તિ મળવી તે અચોક્કસ છે. ઘણા માણસોમાં બીજું સર્વ હોય પણ કામ કરવાની શક્તિ હોતી નથી તો એ સર્વ નકામું–નિરર્થક થાય છે. એટલે પાંચે ચીજ સાથે વીર્ય–શક્તિ પણ એટલી જ જરૂરી છે. એટલે એ મળ્યા પછી કોઈ પણ સમજુ માણસ તેને ગુમાવી ન દે, અથવા કાગડાને ઉડાવવા ચિંતામણિ રત્ન ન વાપરી નાખે, મનખાદેહ એળે જવા ન દે, મળેલ તંદુરસ્તી, આયુષ્ય અને બળ તથા લક્ષ્મીનો પૂરતો ઉપયોગ પોતાના આત્માનું હિત થાય તેવાં કામ કરવામાં કરે, મળેલ તકનો પોતે પૂરતો લાભ ઉઠાવે અને બીજાને લાભ આપે અને એ પાંચે (મનુષ્યત્વ, આરોગ્ય, આયુ, બળ અને લક્ષ્મી)નો લ્હાવો લે, તેમને વેડફી ન નાંખે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**હિતકાર્ય**—પોતાનું હિત જે રીતે સાધી શકાતુ હોય તેમાં એ પાંચે કે છએ વસ્તુનો ઉપયોગ કરે. તેમને નિરર્થક જવા ન દે અને આવી સુંદર મળેલ તકને ગુમાવી ન બેસે. મળેલા આ મનખાદેહને હારી ન જવો. હારી જનાર, બંધ હાથે આવી ઉઘાડે હાથે જાય છે. અને પોતાનાથી કંઈ ન થઈ શકયું તે માટે પસ્તાય છે, પણ પછી તેમનો પસ્તાવો નકામો છે. આ તો આત્મચિંતવન કરી પોતાને હિત થાય તેવા કાર્યમાં તદ્દન ઉદ્યમ કરે અને બીજે રસ્તે કે કાળા બજારમાં લાખો રૂપિયા મળતા હોય તેમાં પ્રયત્ન ન કરે. એનો સર્વથા ઉદ્યમ હિતકારી કામમાં હોય અને તેની ચિંતવના–વિચારણા હોય. તેને એમ જ લાગે કે આવો મનુષ્યદેહ એકદમ મળતો નથી, આવી તંદુરસ્તી વારંવાર માગી મળતી નથી અને આવું સારું મોટું આયુષ્ય જેને તેને મળતું નથી. માટે, એ પોતાના પુણ્યમિત્રને યાદ કરી આ મનુષ્યજન્મમાં પોતાને જે આયખું, તંદુરસ્તી, પૈસા અને શક્તિ મળ્યાં તે પોતાના હિતકારી કામમાં લે અને તેનો બનતો લાભ લે.

પ્રત્યેક પ્રાણીને પોતાનું હિત શેમાં થાય તે તેણે શોધવું ઘટે. કેટલાકને શાસ્ત્ર-અધ્યયન કરવામાં અને કેટલાકને વૈયાવચ્ચ કરવામાં મજા આવે છે. આત્માને હિતકારી થાય તેવા કામમાં ઉદ્યમ કરવાની તેને વિચારણા થાય છે. આવા કરોડો ભવે મળવા મુશ્કેલ મનુષ્યભવ, તંદુરસ્તી, આયુષ્ય, શક્તિ અને પોતાની હિંમતનો આ પ્રસંગે તો પૂરેપૂરો લાભ લેવો એવો એ વિચાર કરે છે. આ સર્વ શુભ મનોરથ છે. એનો અમલ થાય તો વધારે યોગ્ય છે. મનના મનોરથ મનમાં શમી જવા ન જોઈએ. પોતાને હિતકારી કામ શું છે, કેવું છે તે સર્વ શોધી કાઢવું. તેમાં એક માણસને શુશ્રૂષા–સેવા ગમતી હોય તો તે કરવી, બીજાને અધ્યયન, અધ્યાપન ગમતા હોય તો તે કરવા, પણ એકંદરે આત્મ-હિત શું કરવામાં છે તે વિચારી શોધી કાઢવું. એમાં તો એકબીજાનું અનુકરણ ન ચાલે, કારણ કે એકને હિતકારી, પુષ્ટિકારી કામ હોય તે બીજાને ફાવે તેવું ન પણ હોય, એટલે પોતાનું હિત કયાં અને શેમાં રહેલું છે તેની વિચારણા કરવી. આ પ્રમાણે જે નીરોગીપણું, જીવન, બળ અને લક્ષ્મી છે તે અનિયમિત હોવાથી અત્યારે સારો વખત વર્તતો હોય ત્યારે તેનો લાભ લેવો, કારણ કે આત્મોત્સાહ કાયમ રહેતો નથી અને શક્તિ રહેવી તે આપણા હાથની બાજી નથી. ઘડપણ, રોગ અને અનેક ઉપાધિ, આધિ અને વ્યાધિથી ભરેલા સંસારમાં આપણું નીરોગીપણું અસ્થિર છે, આપણું જીવન પણ ચોક્કસ નથી અને આપણું બળ પણ કાયમ રહેવાનું નથી. માટે, આત્માને હિત થાય તેવા કામમાં તેમનો અત્યારના સારા વખતમાં ઉપયોગ કરી લેવો. આત્માને સ્થાયી હિત થાય તે કામ કરવાનો જ વિચાર રાખવો અને આજે થઈ શકે તેવું હિતકારી કામ આજે અને હમણાં જ કરવું, આવતી કાલ ઉપર મુલતવી ન રાખવું. આ પ્રમાણે અનેક ભવે મળવું દુર્લભ મનુષ્યપણું પામીને અને સારી તંદુરસ્તી અને આયુષ્ય તેમ જ બળ અને શક્તિ મેળવીને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે કાયમ રહેવાની નથી એમ વિચારી, અત્યારે આજે તેનો હિતકારી કામ કરવા માટે લાભ લેવો. 'આજનો લ્હાવો લીજીએ રે કાલ કોણે દીઠી છે.' (૬૫)

**વિનયની મહત્તા—**

**शास्त्रागमादृते न हितमस्ति न च शास्त्रमस्ति विनयमृते ।**
**तस्माच्छास्त्रागमलिप्सुना विनीतेन भवितव्यम् ॥६६॥**

**અર્થ**—શાસ્ત્ર અને આગમ વગર હિત થતું નથી અને વિનય વગર શાસ્ત્ર શાસ્ત્ર તરીકે થઈ શકતું નથી. તેટલા માટે જેણે શાસ્ત્ર અને આગમનો અભ્યાસ કરવો હોય તેણે વિનયવાન નમ્ર શિષ્ય બનવું જોઈએ. (૬૬)

**વિવેચન**—આપણું હિત કયાં અને શું છે તેનું જ્ઞાન શાસ્ત્રના અને આગમના જ્ઞાન વગર થતું નથી. જ્યાં ત્યાં ગોટે ન ચઢી જવાય તે માટે શાસ્ત્રનો બરાબર અભ્યાસ તેને માટે બતાવેલ વિધિ પ્રમાણે કરવો. પોતાનું સ્થાયી હિત શોધી કાઢવા માટે શાસ્ત્ર અને આગમનું જ્ઞાન અનિવાર્ય છે, કારણ કે દુનિયાદારીના અભ્યાસો તો કદાચ આ ભવમાં ફતેહ અપાવે, પણ એ ફતેહ તો ઝાંઝવાના જળ જેવી છે અને સ્થાયી ન હોઈ અંતે નકામી નીવડે છે. શાસ્ત્ર આપણા માટે પૂર્વાચાર્યો રચી ગયાં છે, તેમને કંઈ સ્વાર્થ ન હતો. તેઓએ આપણું હિત શેમાં થાય તે શાસ્ત્ર અને આગમમાં બતાવ્યું છે. તેથી આપણા સ્થાયી હિતની જે ચિંતવના કરીએ છીએ તે માટે શાસ્ત્રનું અધ્યયન જરૂરી છે. ભવિષ્યની પ્રજાનું એકાંત હિત થાય તે માટે રચાયલાં આગમો અતિ મહત્ત્વનાં છે. તેમના પ્રણેતાઓએ શાસ્ત્ર આપણી હિતબુદ્ધિથી કહેલાં છે અને પછવાડેની પ્રજાએ શાસ્ત્ર અને આગમનું જ્ઞાન આપણા લાભ માટે જાળવી રાખ્યું છે. એટલે એ શાસ્ત્રનો અને આગમોનો વિધિસર અભ્યાસ કરવો. એ માર્ગે આપણી જાતને આપણે બરાબર ઓળખશું અને આપણું સ્થાન આ યુગમાં શું છે તે સમજશું, કારણ કે સર્વજ્ઞશાસન ત્રિકાલાબાધિત છે અને ત્રણે કાળમાં ચાલે તેવું, મહાન સત્યથી ભરેલું અને એકાંત હિતબુદ્ધિએ કહેલું છે. એટલે પોતાના સ્થાયી આત્મહિત માટે શાસ્ત્રાભ્યાસ કરવો એમ ફલિત થાય છે.

**હિત**—જે સ્થાયી ટકે તેવો લાભ હોય તે હિત કહેવાય છે. તે શાસ્ત્રાભ્યાસ વગર થઈ શકતો નથી. જે પરગતિમાં દુઃખથી અટકાવે તે શાસ્ત્ર કહેવાય. શાસ્ત્ર વગર તો કાંઈ હિતકારી-સ્થાયી હિત કરનાર નીવડતું નથી. વ્યાવહારિક વિજ્ઞાન વગેરે બીજાં ગમે તેવાં શાસ્ત્રો હોય, પણ જેનાથી સ્થાયી હિત થાય તે શાસ્ત્ર તો ધાર્મિક આગમનિગમનું કહેવાય છે. તીર્થંકર મહારાજે જે વાણી કહી બતાવી, તેને ગણધરોએ (ભગવાનના મુખ્ય શિષ્યોએ) ગૂંથી, અને તે ચાલી આવે છે, તે આગમનો ઇતિહાસ જાણનાર સારી રીતે જાણે છે. એટલે જો પોતાનું સ્થાયી હિત કરવું હોય તો શાસ્ત્ર અને આગમના જ્ઞાનની જરૂર છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આચારાંગ, સૂયગડાંગ, ઠાણાંગ, ભગવતીસૂત્ર વગેરે મૂળ આગમો છે. તેમના અથવા મધ્યમરુચિએ હાલમાં પ્રગટ થયેલાં તેમનાં ભાષાંતરોના જ્ઞાનની અતિ આવશ્યકતા છે. જો આત્માનું સ્થાયી હિત સાધવું હોય તો શાસ્ત્ર અને આગમના જ્ઞાન વગર માત્ર વ્યાવહારિક જ્ઞાનથી તે થઈ શકે તેમ નથી. માટે ધર્મશાસ્ત્રોમાં બતાવેલા વિધિ પ્રમાણે શાસ્ત્ર અને આગમનો અભ્યાસ કરવો. શ્રાવકો આગમ ન વાંચી શકે તો તેમણે પોતાનું સ્થાયી હિત સાધવા માટે તેમનાં ભાષાંતરોનો અભ્યાસ કરવો અથવા સાધુ પાસે તેમનું શ્રવણ કરવું, પણ સ્થાયી હિત સાધવા માટે તેમના જ્ઞાનની જરૂર છે. સાધુએ પણ શાસ્ત્રમાં બતાવેલ યોગોદ્વહનની વિધિ કરવાની બહુ જરૂર છે, કારણ કે તેથી જ સ્થાયી હિત થઈ શકે તેમ છે. નહિ તો, આવા મનુષ્યને તબિયતની અનુકૂળતા, બળ, બુદ્ધિ અને શક્તિ મળવાનો અર્થ કાંઈ રહેતો નથી.

**ઋતે વિનયાત્**—વિનય વિના. વિનય વગર શાસ્ત્રનો અભ્યાસ થઈ શકતો નથી. જો વિનય-વિવેક ન હોય તો અભ્યાસ ટકતો નથી અથવા પોતાની ચાદશક્તિ જે એક જાતનું બળ છે તેમાં ટકતો નથી, રહેતો નથી, સ્થાયી થતો નથી. વિનય એટલે જેની પાસે અભ્યાસ કર્યો હોય તેનો વિનય-વિવેક કરવો, તેને બદલે બીજાને ગુરુ કહેવો નહિ અને ગુરુ મહારાજના હુકમને અધીન રહેવું. તે વિનય વગર વિદ્યા ચઢે નહિ અને ચઢે તો ટકે નહિ. જ્યારે શ્રેણિક રાજાએ હરિજનનો વિનય કર્યો અને તેને આસન પર બેસાડયો, ત્યારે જ તેનો યોગ્ય વિનય થવાથી, વિદ્યા પોતાને આવડી.

**વિનીત**—નમ્રતાવાળો, શિષ્ય, યોગ્ય વિવેક જાળવનાર, નાનામોટાને ઓળખનાર અને ઓળખીને યોગ્યને-વડીલને યોગ્ય માન આપનાર અને શિષ્યભાવને ફેલાવનાર અને તેમાં જ અંતે પરમહિત—પોતાનું અને પારકું—રહેલું છે તે સમજનાર. વિનીતનો બીજો અર્થ 'ઠંડા સ્વભાવનું' એમ થાય છે. હળના બળદને પણ વિનીત કહેવામાં આવે છે. શિષ્યે એવા નમ્ર સ્વભાવના થવું જોઈએ. જે ભણેલ માણસ શિષ્યભાવે વર્તતો હોય છે તેને અને કહ્યામાં રહેનારને વિનીત શિષ્ય કહેવામાં આવે છે. આવી રીતે પોતાનું ખરે-ખરું અને ચિરકાળપર્યંત ટકે તેવું સ્થાયી હિત કરવું હોય તો વિનયવાન નમ્ર શિષ્ય બનવું જોઈએ. વિદ્યા ક્કા થઈને લેવાતી નથી, પણ અત્રીજા થઈને જ પોતાની કરી શકાય છે. એટલે એણે ખૂબ નમ્ર અને ગુરુને વહાલા થઈ તેમની પાસેથી જ્ઞાન મેળવવું જોઈએ. આપણે મનુષ્યપણાથી તે છેવટે આ વિનય સુધી આવ્યા. જેઓ પોતાનું સ્થાયી હિત કરવા ઇચ્છતા હોય તેમણે વિનયી થવું. સહુને મહાલાભ કરનાર, દુર્ગતિ ઉચ્છેદનાર અને પડતાને ધારણ કરનાર ધર્મનું જ્ઞાન શાસ્ત્ર અને આગમ વગર થતું નથી, અને આગમના જ્ઞાન માટે વિનીત શિષ્ય થવાની પોતાના સ્થાયી હિત માટે જરૂર છે. શાસ્ત્ર



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આગમનો અભ્યાસ વિનીત શિષ્ય મેળવી શકે છે અને આપણો ઈરાદો આપણું સ્થાયી હિત સાધવાનો છે, તેથી આપણે ગુરુ પ્રત્યે વિનીત–વિવેકવાળા શિષ્ય બનીને તેમની પાસેથી શાસ્ત્રાભ્યાસ કરવો. અભ્યાસની કેટલી આવશ્યકતા છે તે આથી ધ્યાનમાં આવ્યું હશે. ખાસ અભ્યાસની જરૂર સ્થાયી હિત માટે છે. (૬૬)

**વિનયની મહત્તા વિશે વિશેષ વક્તવ્ય—**

> कुलरूपवचनयौवनधनमित्रैश्वर्यसंपदपि पुंसाम् ।
> विनयप्रशमविहीना न शोभते निर्जलेव नदी ॥६७॥

**અર્થ**—માણુસ પાસે કુળ, રૂપ, વચન, જુવાની, ધન, મિત્ર અને પ્રભુતા વગેરે સંપત્તિ હોય પણ જો તેનામાં વિનય, વિવેક અને શાંતિ ન હોય—તે વગરનો તે હોય તો પાણી વગરની નદીની પેઠે તે સંપત્તિ શોભતી નથી. (૬૭).

**વિવેચન—કુળ-રૂપ-વચન-યૌવન**—માણુસ કુળવાન હોય, રૂપવાન હોય, વચનવાન હોય, જુવાનીમાં મસ્ત હોય, એને ધન, મિત્ર, ઐશ્વર્ય વગેરે મળેલાં હોય, પણ જો તે વિનય અને પ્રશમ એટલે વિવેક અને શાંતિ વગરનો હોય તો ઉપર જણાવેલી સાતે ચીજ છતાં એ માણુસ શોભતો નથી. જેમ નદી ગમે તેટલી મોટી હોય પણ જો તેમાં પાણી ન હોય તો તે શોભતી નથી, તેમ માણુસ સારા કુળમાં જન્મેલ હોય, જાતે રૂપવાન હોય, અનેક વચન આપે તેવો હોય, પોતે જુવાન (સર્વશક્તિસંપન્ન) હોય, તેને મિત્રો પણ હોય અને તેને ઐશ્વર્ય સાંપડેલ હોય, પણ જો તેનામાં શાંતિ અને વિવેક અથવા વિનય અને શાંતિ ન હોય તો તે શોભતો નથી. આ રીતે આઠ મદસ્થાનના વિષયને ગ્રંથકર્તા પ્રસ્તુત કરે છે. આઠ મદસ્થાનોને આ પ્રકરણમાં લઈ આવી તે એક એકથી કેટલું નુકસાન થાય છે તે બતાવે છે અને તેને ધ્યાનમાં રાખી તેનો ત્યાગ કરવા સૂચના કરે છે. આવી રીતે પોતાને મળેલ વસ્તુનું પણ અભિમાન ન કરવાની બાબત પ્રસ્તુત થાય છે. તે આખો મદસ્થાનોનો પ્રશ્ન વિચારણીય છે.

**નિર્જલા નદી**—પાણી વગરની નદી. એને કાંઠે ઝાડની ઘટા હોય, એ સુંદર લહેર કરતી હોય, મોટો તટ હોય પણ પાણી વગર નદી જેમ શોભતી નથી તેમ ઐશ્વર્ય, કુળ, રૂપ, વચન, યૌવન, ધન અને ઐશ્વર્યવાળો માણુસ પણ વિનય અને શાંતિ વગર શોભતો નથી. અહીં ધન, કુળ, રૂપ, યૌવન, મિત્ર અને ઐશ્વર્યને ઝાડ સાથે સરખાવ્યા અને વિનય અને પ્રશમને જળ સાથે સરખાવ્યા. માણુસને શોભવા માટે માણુસાઈ જોઈએ. તે કાંઈ ધન, ઐશ્વર્ય કે યુવાનીથી આવતી નથી. માણુસ ધન, ઐશ્વર્ય અથવા રૂપથી શોભતો નથી પણ માણુસાઈના ગુણોથી શોભે છે. અહીં ધન, રૂપ અને ઐશ્વર્યનો મહિમા ઓછો કરી વિનય અને શાંતિને વખાણે છે. આ પ્રશમ અને વિનય પર આગળ જતાં આ ગ્રંથમાં

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વર્ણન આવશે. અહીં મનુષ્યભવ પામ્યાનો ખરો લાભ લેવાને માટે તે ઘણા જ ઉપયોગી છે એમ બતાવ્યું છે.

અમે અમુક કુળના છીએ, અમારા બાપદાદાએ દેશતેડાં કર્યાં હતાં અને ઉઘાડી તાંબડીએ ઘી પીરસ્યા હતાં તે કુળમદ-જાતિમદ કેટલો નુકસાન કરનાર છે તે દાખલાઓ સાથે આપણે ૮૨-૮૩-૮૪ શ્લોકમાં જોઈશું; અને ત્યારે એ સંસારમાં કેવો ફસાવનારો દુર્ગુણ છે અને પ્રાણીના હિતની આડે કેવો આવનાર છે તે આપણને સમજાશે.

**ઐશ્વર્ય**—પ્રભુતા, શેઠાઈ. આ ઐશ્વર્યનો મદ છેવટે કેવો દુઃખદાયી નીવડે છે તે હવે પછી બતાવવામાં આવશે. (જુઓ શ્લોક ૯૩-૯૪ અને તે પરનું દૃષ્ટાંત). વાત એમ છે કે જરા સરખી પ્રભુતા-શેઠાઈ મળે ત્યાં આ પ્રાણી મોટો થઈ જાય છે અને પોતાની શેઠાઈમાં મસ્ત બને છે. પણ એ એની શેઠાઈ કેવી રીતે નાશ પામી જાય છે તે આપણે તે શ્લોકોમાં જોઈશું. કોઈ વસ્તુ પોતાને પ્રાપ્ત થઈ ગઈ હોય તો તે વાતનું અભિમાન શિષ્યે ન રાખવું જોઈએ. અભિમાન કરવાથી પોતાની જાતને કેટલું નુકસાન થાય છે અને પરિણામે મનખાદેહ નકામો બને છે અથવા વેડફી નંખાય છે તે સર્વ હવે પછી જોવામાં આવશે. વિનયવાન, સમતાધારી માણસે પોતાની જાતને ઓળખી કોઈ વાતની બડેડાટી ન કરવી, તે વાતમાં પોતે મોટો છે એમ ન ધારવું, પણ વિનયી અને શાંત થઈ પોતાનું જે હોય તે ભોગવી લેવું અને ભવિષ્યમાં તે મળ્યા કરે તેવી ચાહના પણ ન કરવી, કારણ કે ચાહના કરવાથી જે ગુણ થવાનો હોય છે તે અટકી જાય છે અને અંતે પોતાની જાતને સામાન્ય કક્ષામાં મૂકી દેવાય છે.

**વચન**—મધુરપણું વગેરેથી બોલવું કહેવું તે. જેને મધુર ગુણ, સુસ્વર નામકર્મ પ્રાપ્ત હોય તે મધુરભાષી ગણાય છે અને તે એક લાભ છે. એથી ઘણા માણસોની સભાનું મનરંજન કરીને લોકોને પોતા તરફ ખેંચી શકાય છે. આ સુસ્વર નામકર્મ એ પણ સંપત્તિ છે, અને તે નસીબદાર માણસને મળે છે. એથી હજારોનાં કામ થયાં છે અને એ સંપત્તિ સાંપડી હોય તો ઘણી ઉપયોગી કાર્યકર નીવડે છે. એથી માણસ લોકપ્રિય થાય છે. આવી વચનલક્ષ્મી પ્રાપ્ત થયેલો માણસ જ્યારે વિનીત હોય છે અને શાંતરસથી રંગાયેલો હોય છે ત્યારે તેનામાં સોનામાં સુગંધ મળે છે, અને તેનું વચન સર્વ માન્ય રાખે છે.

**યૌવન**—જુવાની. એનો મદ કરનાર અને ધનનો મદ કરનારા અને ચમચમ બૂટે ચાલનારા ઘણા જોયા છે અને તેમની જુવાની જતી જોઈ છે અને તેમને ભિખારી થતાં પણ જોયા છે, એટલે એવી જુવાની કે ધનનું અભિમાન ન કરવું અને વિનયવાન, શાંત, ધીરગંભીર થવું. મનુષ્યજન્મ આત્મહિત સાધવા દ્વારા સફળ કરવાનો આ ઉપદેશ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સંપત્**—સંપત્તિ, લક્ષ્મી. કુળ, રૂપ, વચન, યૌવન, ધન અને મિત્રો એ પ્રત્યેક શબ્દોની સાથે આ સંપત્તિ શબ્દ લાગે એમ હારિભદ્રીય ટીકામાં કહેલ છે.

પાણી વગર નદી ઉનાળામાં કેવી લાગે છે તે અનુભવ કરીને જોવા જેવું છે. આ શ્લોકમાં કહેલી કુળ વગેરે સર્વ સંપત્તિ હોય પણ વિનય અને શાંતિ ન હોય તો નિર્જળા નદીની પેઠે માણસ શોભતો નથી. આ રીતે મનુષ્યભવની સફળતાનો ખરો માર્ગ આ વિનય અને શાંતિ પ્રાપ્ત કરવામાં છે. એ રીતે આઠ મદસ્થાનોને પ્રસ્તુત બનાવી હવે તે પ્રત્યેક પર તે ન કરનાર અને મનુષ્યભવનો પૂરો લાભ લેનારના દાખલા આપશે. (૯૭)

**વિનયની મહત્તા વિશે વધુ—**

> न तथा सुमहार्घ्यैरपि वस्त्राभरणैरलंकृतो भाति ।
> श्रुतशीलमूलनिकषो विनीतविनयो यथा भाति ॥९८॥

**અર્થ**—જ્ઞાન તેમ જ ચારિત્ર-શીલ(વર્તન)ની મૂળ કસોટીમાંથી પાર થયેલો વિનયયુક્ત શિષ્ય જેવો શોભે છે તેવો મહામૂલ્યવાન વસ્ત્ર અને ઘરેણાંથી ખડકાયેલો માણસ શોભતો નથી. (૯૮)

**વિવેચન**—વસ્ત્ર અને આભરણ (ઘરેણાં) માટે ગુજરાતીમાં કહેવત છે કે 'એક નૂર આદમી, હજાર નૂર કપડાં, લાખ નૂર ઘરેણાં, કરોડ નૂર નખરાં,' એટલે માણસે મૂલ્યવાન અને શરીરને ઘાટે બેસતાં કપડાં અને ઘરેણાં પહેર્યાં હોય તો તે માણસની હજારો લાખો ગણી કિંમત થાય છે, અને તે મૂલ્યવાન હોય તેથી પણ વધારે મૂલ્યવાન બને છે. લૂગડાં, ઘરેણાં એ કાઢી નાંખવા જેવી ચીજ નથી, બરાબર અંગને લાગતાં અને જરાયે લાંબાટૂંકાં ન હોય એવાં કપડાં અને ઘરેણાં યોગ્ય સ્થાને પહેર્યાં હોય તો તો માણસની કિંમત દશગણી, હજારગણી અને કોઈ કોઈવાર દશહજારગણી થાય છે. આવાં કપડાં અને થોડાં પણ જરૂરી ઘરેણાં પહેર્યાં હોય તો બહુ સારી વાત છે, પણ એથી માણસનું જે મૂલ્ય થાય છે તેને એક બાજુએ રાખીએ અને શ્રુત (જ્ઞાન) અને શીલ (વર્તન)ને કારણે તેનું મૂલ્ય ગણીએ તો તે વધારે મૂલ્યવાન થાય છે. લૂગડાં કે ઘરેણાં પહેરનાર તેના જેવો શોભતો નથી. મતલબ માણસ વર્તનથી અને અઢાર હજાર શીલાંગથી જેવો શોભે છે તેવો લૂગડા, ઘરેણાં ગમે તેવા મુલ્યવાન પહેર્યાં હોય પણ તેથી પ્રમાણમાં વધારે શોભતો નથી. આનું કારણ એ છે કે લૂગડાં-ઘરેણાં ગમે તેમ પણ સ્થૂળ છે, પાર્થિવ છે, તેથી માણસ શોભે પણ જેટલો તે પોતાના જ્ઞાન અને સદ્‌વર્તનથી શોભે છે તેટલો લૂગડાં-ઘરેણાંથી શોભતો નથી, એટલે ખરી કિંમત જ્ઞાન અને પ્રશમની, અભ્યાસ અને શાંતિની છે. તે મૂલ્યવાન માણસને વધારે મૂલ્યવાન બનાવે છે. બાકી બાહ્યાડંબરી-મગરૂબ માણસ કેટલી નુકસાની કરે છે, તે હવે પછી આપણે જોઈશું. વસ્ત્રાલંકારનો

जैन साइट JAINSITE

દાખલો વ્યવહારુ માણસને સમજાવવા માટે આપ્યો. બની શકે ત્યાં સુધી ચાલુ વહેવારુ અને શકય જાણીતા દાખલા આપવા. એવા દાખલાઓ તુરત ગળે ઊતરી જાય છે અને વહેવારુ માણસને તે તુરત બરાબર લાગુ પડતા અને હિતકારક જણાય છે; અને ગુરુ-મહારાજનો બોધ કરાવવાનો ઉદ્દેશ બરાબર પાર પાડે છે. માટે, જીવનમાંથી જીવતાં અને જાણીતા દાખલાઓ આપવા જોઈએ અને હેતુને સ્પષ્ટ કરનાર અને ખાસ કરીને શ્રોતાને તુરત ગળે ઊતરી જાય તેવા દાખલા આપવા જોઈએ. લુગડાં અને ઘરેણાંનો દાખલો જાણીતો અને દરરોજનો વિષય હોઈ બરાબર તે નિયમને અનુસરે છે. આવો જ દાખલો નિર્જળા નદીનો ગયા શ્લોકમાં આપ્યો. ઘણું કરીને દરેક ગામે નદી હોય છે અને ઘણી નદીઓ ઉનાળામાં સુકાઈ જાય છે. આવી નદીનો દાખલો આમ્હાના વહેવારુ માણસોને તુરત સમજાઈ જાય છે અને ગળે ઊતરી જાય છે અને કર્તાનો ઉદ્દેશ પાર પડે છે.

**શ્રુત**—કેળવણી, આગમ, ધાર્મિક કેળવણીવાળો માણસ. આવા માણસની કસોટી પણ થાય છે અને તેમાં જો તે પસાર થઈ જાય તો બહુ મૂલ્યવાન ગણાય છે. એટલે કેળવણી અને શીલ (વર્તન) એ કસોટીસ્થાને છે અને વિનયનમ્રતા તે ગુણને બહુ દીપાવે છે. હજુ વિનયગુણ માટે ઘણું કહેવાનું છે. એ ગુણને બરાબર સમજી લેવો.

**નિકષ**—કસોટી. જેમ સોનાની પરીક્ષા કસોટીથી થાય છે, તેમ શ્રુતજ્ઞાન અને શીલની પરીક્ષા પણ વિનયથી થાય છે. અમુક માણસમાં અઢાર હજાર શીલાંગો છે કે નહિ તે સર્વની પરીક્ષા વિનયગુણથી થાય છે. જેમ માણસ વડીલ વર્ગનો વિનય જાળવે તેમ તે સારો અને લાયક ગણાય છે. વિનયગુણથી તેની પરીક્ષા થાય છે. તે ગમે તેટલું ભણ્યો હોય, પણ તેનામાં નમ્રતા-વિનયગુણ ન આવેલો હોય તો અંતે તે ઉઘાડો પડી જાય છે અને શોભતો નથી. માણસની શોભા વસ્ત્ર કે ઘરેણાંથી થતી નથી; તેનું જ્ઞાન અને વર્તન (શીલ) જોઈ તેની પરીક્ષા થાય છે અને સારો કે ખરાબ કહેવાય છે. લુગડાં-ઘરેણાંથી એ એટલો શોભતો નથી જેટલો વિનયથી શોભે છે. વિનય આવો મોટો ગુણ છે. આપણે હજુ પણ આગળ ચાલતાં તેની મહત્તા જોઈશું. (૬૮).

**વિનયની મહત્તા વિશે વધુ—**

> **गुर्वायत्ता यस्माच्छास्त्रारम्भा भवन्ति सर्वेऽपि ।**
> **तस्माद् गुर्वाराधनपरेण हितकांक्षिणा भाव्यम् ॥६९॥**

**અર્થ**—શાસ્ત્રની શરૂઆત કરવી તે ગુરુને અધીન હોવાથી અને સર્વ શાસ્ત્રનો આરંભ તો કરવો જ જોઈએ, તેથી જે માણસ પોતાનું હિત કરવા ઇચ્છા રાખતો હોય તેણે ગુરુમહારાજનો વિનય કરવા તત્પર રહેવું જ જોઈએ. (૬૯).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિવેચન**—આપણે હિત કોનું નામ કહેવાય અને તે ક્યારે મળે અને કોને મળે તે વિચારીએ છીએ. હવે કોઈપણ શાસ્ત્રનો આરંભ કરવો, તેની શરૂઆત ગુરુ મહારાજ કરે તો જ શક્ય બને છે, નહિ તો શાસ્ત્રનો આરંભ થાય જ નહિ. ગુરુ પાસે તો તેનો અર્થ જરૂર ધારવો જોઈએ. એટલે કોઈપણ વસ્તુનું અધ્યયન કરવું હોય તો ગુરુમહારાજ તમારી યોગ્યતા અને અધિકાર જોઈને ગ્રંથની શરૂઆત કરાવે છે. હવે આપણે જોઈ આવ્યા કે આપણું આ ભવનું અને પરભવનું હિત થાય, આપણો દરજ્જો યોગ્ય થાય તેવું કાર્ય આ દુર્લભ મનુષ્યભવ પામીને કરવું જ જોઈએ. આપણા હિતનો આધાર ગમે તે ગતિમાંથી તારે તેવા શાસ્ત્રના અધ્યયન પર છે, એટલે જો આપણે આ મનુષ્યદેહ પામ્યા તેનો લાભ લેવો હોય તો બધો આધાર ગુરુ ઉપર છે. ચોપડીઓ વાંચવાથી કાંઈ વળે તેવું નથી, એનું નામ અભ્યાસ કહેવાય નહિ, સૂત્રસિદ્ધાંતની શૈલીએ લખેલા ગ્રંથો ગુરુના આપેલા જ્ઞાન વગર સમજાતાં નથી અને તેટલા માટે ગુરુ ઉપરની પરાધીનતા જરૂરી છે. અને તેમની પાસેથી વિનીત શિષ્યની જેમ જ્ઞાન મેળવવું ઘટે. ગુરુમહારાજ પણ આપણી લાયકાત જોઈને જ્ઞાન આપે છે. તેને એમ થાય કે જાણવાની રુચિવાળો શિષ્ય વિનયી છે તો જ્ઞાન તેને જરૂર આપે જ. એટલે જે પ્રાણી પોતાનું હિત સાધવા ઇચ્છતો હોય તેણે ગુરુઆરાધનપરાયણ અથવા વિનયી થવું જરૂરી છે.

આમાં ગુરુની ઉપરની પરાધીનતા ન સમજવી. આપણી નજર હિતસાધના તરફ છે અને શાસ્ત્રનું બધું જ્ઞાન લખાયેલું હોતું નથી. એ તો શિષ્યને સામે બેસાડી ગુરુ મહારાજ શીખવે તો ભવનું કામ થઈ જાય અને ખરું સ્થાયી આત્મહિત સધાય અને એક વખત મેળવેલો તેવો લાભ દરરોજને માટે બન્યો રહે. વળી, કાળગ્રહણ વગેરે તદ્દન ગુર્વાધીન છે, એટલે ગુરુનો વિનય કરી વિદ્યાનું અધ્યયન કરવું જરૂરી છે. એમાં આપણો પોતાનો લાભ છે અને તે લાભ ગુરુને આધીન છે. અહીં સવાલ એ થાય છે કે ગુરુમહારાજ વિનયની શા માટે અપેક્ષા રાખે? એ તો શીખવવા ખાતર જ શીખવે. પણ એ ગુરુમહારાજે સમજવાનું છે. એમને શિષ્યનો વિનય તેના લાભ ખાતર, તેની લાયકાત જોવા–તોળવા ખાતર ઇષ્ટ છે. એથી આપણું જો ખરેખરું હિત આ દુર્લભ મનુષ્યભવ પામીને સાધી લેવું હોય તો સારા શિષ્ય પેઠે વર્તવું અને અભ્યાસને લાયક થવું. વિદ્યા વિનય વગર ચઢતી નથી, તે પર આપણે શ્રેણિક રાજાનો દાખલો વાંચી વિચારી ગયા. તમારે તમારું સ્થાયી પરમહિત સાધવું હોય તો ગુરુમહારાજની વિનયી થઈ આરાધના કરવી ઘટે અને તે દ્વારા જ તમારું હિત રહેલું છે. આ વિનયગુણ એક ઘરેણા સમાન છે. અને આપણે તો આપણું હિત સાધવું છે તેથી જે રીતે દુનિયાદારીનો ક્રમ હોય તે રીતે કામ લેવું અને આપણું હિત સાધી લેવું. એમાં આપણે પરાધીન થતા નથી કે મોળા બાપના થતા નથી. જો ગુરુ પાસેથી જ્ઞાન લેવું હોય તો તેમની સેવા શુશ્રૂષા કરવી જ જોઈએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શાસ્ત્રારંભ**—શાસ્ત્ર ભણવા-ભણાવવાની શરૂઆત કરવી તે. તેનો બધો આધાર ગુરુ ઉપર રહે છે. બનારસ (કાશી) પદ્ધતિએ ગુરુની સેવા કરે, તેને શાકપાંદડું લાવી આપે, તે ઉપર ઘણો આધાર રાખે છે. એમ હોવું જોઈએ કે નહિ તે વિચાર કરવાનો આ વખત નથી, પણ પાઠ્યપોથીના યુગમાં ગુરુમહારાજ ભણાવે તો જ વિદ્યા ચઢે અને ટકે તેમ હતું.

**ગુર્વાયત્તતા**—ગુરુ ઉપર આધાર રાખનારી ચીજ છે. તેમની આપેલી અને તેમના આશીર્વાદથી વિદ્યા મળે અને ચઢે. ગુરુ ઉપરની પરાધીનતાને હિંદે–ભારતે કદી પરાધીનતા ગણી નથી, એ તો ઊલટું ઘણું લાયક કામ ગણાતું. અને વિનયી શિષ્યો વિદ્યાનું મૂલ્ય પોતાના વિનયધર્મથી સારી રીતે અભ્યાસકાળમાં જ વાળી આપતા. નવા યુગમાં તે જરા પરાધીનતા લાગે, પણ હિંદની ભાવના ગુર્વાયત્તતામાં કદી પરાધીનતા માનવાની હતી જ નહિ અને ગુરુ એને કદી પરાધીનતા ગણતા જ નહિ. આ શિક્ષણનો આધાર શિષ્યના વિનયધર્મ પર છે. અને તે માટે જ વિનીતનો બીજો અર્થ વિનયી શિષ્ય થાય છે. જે આ વિનયગુણમાં પરાધીનતા માને છે તે પોતાનું આત્મહિત અથવા પરમહિત સાધી શકતો નથી અને અંતે હેરાન થઈ પોતાની ઉપર આધાર રાખનારને પણ હેરાન કરે છે.

**હિતકાંક્ષી**—જેને પોતાનું સારું અને ઉપર જણાવ્યું તેવું હંમેશનું હિત સાધવાની આકાંક્ષા, ઇચ્છા હોય તેણે વિનીત–વિનયી શિષ્ય થવું જોઈએ. સ્થાયી હિત સાધી લેવાની અને મનખાજન્મ સફળ કરવાની આ ચાવી છે, તે ભૂલવા જેવી, વીસરવા જેવી અથવા બેદરકારીથી ફેંકી દેવા જેવી નથી. એ વાતમાં ખૂબ રહસ્ય છે અને પોતાનું હિત કરનાર અને તે માટે ચીવટ રાખનારની ફરજ છે કે તેણે પોતાનું જો હિત સાધવું હોય અને આ પ્રાપ્ત થયેલા મનુષ્યદેહને ફળવાન કરવો હોય તો તેણે ગુરુઆરાધનાતત્પર થવું. એમ જે તત્પર થશે તે સુખી થશે અને પોતાનું પરમહિત સાધી અંતે મોક્ષે જશે. આ ચાવી છે, બળ હોય તેણે તેનો ઉપયોગ કરવો. (૬૯)

**ગુરુનું વચન નસીબદારને મળે—**

**धन्यस्योपरि निपतत्यहितसमाचरणधर्मनिर्वापी ।**
**गुरुवदनमलयनिसृतो वचनरसश्चन्दनस्पर्शः ॥७०॥**

**અર્થ**—ભાગ્યશાળી માણસોને જ અહિત કરનાર (હિત ન કરનાર) આચારોને ઓલવી નાંખનાર ગુરુમહારાજનો સુંદર વચનરસ મળે છે, કે જે મલયાચલથી નીકળેલ સુખડનો સ્પર્શ ધરાવે છે. (૭૦)

**વિવેચન**—ભાગ્યવાન–નસીબદાર માણસોને આવા શાંત સ્પર્શનો સંયોગ થાય છે. એ વચન નિષ્કારણ નથી હોતાં, પણ આત્માને હિત ન કરે તેવા આચરણ રૂપ અગ્નિને ઓલવી નાખવા અને સુખડ જેવી શીતલતા આપવા હોય છે. તે નસીબદાર–ભાગ્યવાન પ્રાણીને જ

જૈન સાઈટ JAINSITE.com જૈન રહસ્ય વિશાળ ભંડાર
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રાપ્ત થાય છે. એટલે ગુરુમહારાજ જે સર્વવિદ્યાનો આરંભ કરનાર છે તેનું શાંત અને ટાઢું વચન મલયાચલના પવન જેવું ઠંડા સ્પર્શવાળું હોય છે. અહિત આચરણમાંથી આપણને રોકનારું હોય તેથી આપણને તે કદાચ ન ગમે. પરંતુ મનમાં જાણવું જોઈએ કે એવા વચનનો કાનને સ્પર્શ તે પણ મલયાચલના પવનના સ્પર્શ જેવો ઠંડો હોય છે, અને જે માણસનું ભાગ્ય હોય તેને જ તે વચન સાંભળવાની તક સાંપડે છે. એટલે પોતે વચન સાંભળતાં જરાપણ ગુસ્સે ન થતાં પોતાને ભાગ્યશાળી માની એવાં વચનનો સ્પર્શ થવો તે મલયાચલના પવન જેવો મીઠો છે એમ ગણી ગુરુ સામા ન થતાં પોતે તેને (વચનને) અનુસરવું અને ગુરુમહારાજ મારા ભાગ્યયોગે એ વચન બોલ્યા છે એમ સમજવું.

ગુરુમહારાજ તો દુનિયાના અને હિતાહિત કરનાર કામના દૂરદેશીથી ફેંસલો કરનાર હોય છે. તેથી તેઓ ટાઢો ઠપકો આપે તે પણ સાંભળી લેવો, તે વચન પોતે હિત કરનાર છે એમ તેમના અનુભવ ઉપરથી સમજી લેવું, વાંધા કે તકરાર કર્યા વગર તે વચનને અનુસરવું અને ગુરુમહારાજે અહિત થતું વારવાને જે ઉપદેશ આપ્યો કે સૂચના કરી અથવા તાડના-તર્જના કરી તે માટે પોતાનો ભાગ્યોદય સમજવો. ગુરુમહારાજ તેવું વચન જ્યાંરે ત્યારે બોલે નહિ અને જેનું તેનું અહિતસમાચરણ રોકે નહિ. તેથી આ વાતની અથવા અમુક વાતની પ્રસિદ્ધિ તેઓએ શિષ્યના લાભ અર્થે જ આપી હશે એમ ધારી લઈ એવી વચનપ્રાપ્તિ માટે પોતાનું અહોભાગ્ય માનવું.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**નિર્વાપી**—આગને બોલવવી તે. અહિત એટલે પરિણામે આત્માને અહિત કરનાર જે આચરણ છે તે, તે રૂપ અધર્મને બોલવનાર એ ગુરુમહારાજનું વચન છે એ અર્થમાં તે સમજવું. જે શિષ્યે પોતાની મોક્ષપ્રગતિ સાધવી હોય અને સંસારનો રોગ મટાડવો હોય તેણે ગુરુમહારાજનું વચન પોતાને ખોટે માર્ગથી રોકનાર અને અહિત આચારમાંથી વારનાર છે એમ સમજવું.

**મલય**—મલયાચલની લહેર. દક્ષિણ ભારતવર્ષમાં મદ્રાસ બાજુ જેણે મુસાફરી કરી હોય તે સમજી શકે. એ મલયાચલની લહેર ઠંડી હોય છે; તેમ ગુરુમહારાજ જે વચન બોલે તેનો પોતાના કાન સાથે સંસ્પર્શ ઠંડો હોય છે. ગુરુમહારાજે શિષ્યને નકામો ટોકવો નહિ, પણ તે હિતથી ચાતરતો હોય અથવા અહિતમાં પ્રવૃત્ત થતો હોય તો પ્રસંગ લઈ તેને અટકાવવો.

**ચંદન**—સુખડ. એનો સ્પર્શ ઠંડો હોય છે, ટાઢો હોય છે. એટલે ગુરુમહારાજ શિષ્યને ટોકવા જન્મેલા નથી હોતા, પણ તેનું હિતાહિત સમજનાર હોય છે, અને તેવો મીઠો ઠપકો કોઈવાર આપે તો પોતે નસીબદાર છે તેમ સમજી તે ઠપકો લેવો જોઈએ અને તેમની અનુભવી શિખામણને અનુસરવું જોઈએ. એને બદલે કોઈ અવિનીત શિષ્ય તો ગુરુમહારાજ ઉપર ગુસ્સે થઈ વાતાવરણને ગરમાગરમ કરી નાખે છે. એને બદલે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતાના ખરા સ્થાયી આત્મહિતની નજરે ઠપકો સમજી એનો લાભ લેવો જોઈએ અને પોતાની જાતને નસીબદાર માનવી જોઈએ કે આવા મીઠા ઠપકાને પોતે પાત્ર થયો. ઠપકા માટે આ નસીબની વાત કરી નથી, પણ ગુરુમહારાજ એ પ્રસંગ લઈને મીઠો ઠપકો આપવા ઉદ્યુક્ત થયા માટે પોતાની જાતને ભાગ્યશાળી ગણવી. આ ગુરુમહારાજના ઠપકાની વાત આ યુગમાં નહિ બેસે, પણ તે ઘણી ઉપયોગી અને સમજવા જેવી વાત છે. જેઓમાં આવી નમ્રતા અને ગુર્વાયત્તા આવી જાય તેમનો રસ્તો સરળ અને માર્ગ આડાટેકરા વિનાનો થઈ જાય છે. આવા શિષ્ય જે ગુરુમહારાજનો વિનય કરે છે અને ગુરુ જે અહિત આચરણમાંથી શિષ્યને વારે છે, તે બન્ને ધન્ય છે. આવો ઠંડો ઠપકો ગુરુ જે પિતાતુલ્ય છે તે જ આપી શકે અને વિનયી શિષ્ય તેને મલયાચલના પવન જેવો ઠંડો ગણે અને પોતાનું અહોભાગ્ય માને. (૭૦)

## ગુરુનો બદલો આ ભવે અને પરભવે ન વળે—

दुष्प्रतिकारौ मातापितरौ स्वामी गुरुश्च लोकेऽस्मिन् ।
तत्र गुरुरिहामुत्र च सुदुष्करतरप्रतीकारः ॥७१॥

जैनम् जयति शासनम् JAINSITE.com

**અર્થ**—ઉપકારનો બદલો માબાપ, શેઠ અને વડીલવર્ગનો આ લોકમાં થવો અશક્ય છે. તેમાં પણ ગુરુનો બદલો તો આ ભવમાં અને ભવોભવમાં વધારે મુશ્કેલ છે. (૭૧).

**વિવેચન—દુષ્પ્રતિકારૌ**—આ ઉપકારનો બદલો આ ભવમાં ચારે માણસનો વાળી આપવો અશક્ય છે. આપણા ઉપર નાની વયે માબાપે આપણને પાળી પોષી મોટા કર્યાં અને ભણાવ્યા તેનો બદલો વાળી આપવો તે અશક્ય વાત છે. આ ભવમાં એવો કોઈપણ રસ્તો નથી કે માબાપ, ગુરુ અને શેઠે આપણા ઉપર તે વયે અને તે સમયે જે ઉપકાર કર્યો છે તેનો બદલો વળી શકે. એમને પૈસા આપવાથી તે ગુણનો બદલો વળે નહિ.

**સ્વામી**—હરિભદ્રની ટીકા પ્રમાણે રાજા વગેરે આમાં સમાય છે. આપણને આ યુગમાં શેઠ લાગુ પડે છે. મીલમાં રોકનાર અને આપણને પગાર આપનાર આપણા શેઠ કહેવાય. પછી તે એજન્ટ હોય કે ધણીરાણી હોય, પણ નોકરની નજરે તે શેઠ છે. જેની નોકરી કરવામાં આવે તે શેઠ, સ્વામી, પોષક કહેવાય. અત્યારે ગમે તે ખ્યાલો કરવામાં આવે પણ શેઠો તરફ આ ભાવ અસલ હતો, તે વિચારવા યોગ્ય છે. આપણી સર્વ આર્યસંસ્કૃતિ આ સેવ્ય અને સેવકના ધર્મમાં સમાયેલી છે. અત્યારનો હડતાલનો પવન અને શેઠીઆને મૂંઝવવાનો પવન એ ધર્મ સાથે બંધબેસતો નથી. એના ઉપકારનો બદલો આ ભવમાં વાળી શકાય તેવું નથી. આ ભાવનો હાલ તુરત તો નાસી ગઈ હોય એમ દેખાય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એમાં શેઠો ભૂલ નથી કરતાં એમ ભાગ્યે જ કહેવાય, પણ અસલ એને (નોકરને) ઘેર અવસર આવે ત્યારે શેઠો પોતાની પુંજી લઈને જતા હતા અને નોકરની આબરૂ સાથે પોતાની આબરૂ છે એમ માનતા હતા. તેવી ભાવના આજ રહે તેવું નથી. શાસ્ત્રકાર કહે છે કે આ ઉપકારનો બદલો આ ભવમાં વળી શકે તેવું નથી.

**માતાપિતરૌ**—માબાપ. એમણે તો પોતાના વખતને અને સગવડને ભોગે દીકરાનું નાની વયે ઠીક કરવામાં બાકી રાખ્યું હોતું નથી. 'ડગમગ પગ ટકતો ન' હોય તેવે વખતે માબાપ શીખવે અને દુનિયામાં સ્થિર કરે તે ઉપકારનો બદલો વાળવો ઘણો મુશ્કેલ છે. માબાપનો બદલો વળી શકે તેવું આ ભવમાં કાંઈ નથી. માબાપને ધર્મ પમાડનાર પુત્ર કદાચ બદલો વાળી શકે છે, પણ સામાન્ય રીતે તો મૂળમાં વાત કહી છે તે ઘણે ભાગે બરાબર છે.

**ગુરુ**—વિદ્યાભ્યાસનો આરંભ કરાવનાર અને ધર્મ સમજાવનાર અને કોઈ વખતે થપ્પડ મારનાર તાડનાતર્જના કરનાર ગુરુનો બદલો આ ભવમાં અને પરભવમાં કોઈ રીતે વળી શકતો નથી. માબાપ અને શેઠનો આ ભવમાં બદલો ન વળી શકે, પણ ગુરુનો બદલો તો ભવાંતરમાં કોઈ કાળે વળી શકે તેમ નથી. ગુરુમહારાજ રોકે, ટોકે કે સજા કરે તે સર્વ શિષ્યના હિત માટે જ હોય છે. તેઓનો ઠપકો કોઈ વખત આકરો લાગે તો વિચારવું કે તેમનો સ્વાર્થ શિષ્યના સ્થાયી હિત, પરમ હિતમાં જ છે, અને તે ખાતર જ તેઓ ઠપકો આપે છે. તેઓનો અંગત સ્વાર્થ કાંઈ હોતો નથી. અને ગુરુમહારાજનો અવિનય કરતાં વિચારવું કે તેમનો બદલો તો આ ભવમાં અને ભવોભવમાં વળી શકે તેવું નથી. જે અક્ષરને આપનાર ગુરુને ઉવેએ તે શ્વાનયોનિમાં સેંકડોવાર જઈ, ચાંડાલ પણ થાય છે, એમ અન્ય શાસ્ત્રોમાં પણ કહ્યું છે. એટલે ગુરુમહારાજ કદાચ વિચિત્ર હોય, તો પણ તે ચલાવી લેવા જેવા છે અને તેમણે ધર્મમાર્ગ બતાવ્યો તેથી આપણું સ્થાયી કલ્યાણ થનારું હોવાથી, તેમનો ઉપકાર તો અમાપ છે અને તેનો બદલો આ ભવે અને પરભવે આપી શકાતો નથી. ઉપદેશમાલામાં ધર્મદાસગણિએ ૯૯મી ગાથામાં ગુરુનો પરાભવ કરનારનું પરભવમાં અને આ ભવમાં કેટલું ખરાબ થાય છે તે બતાવ્યું છે. તેઓ પણ ગુરુનો બદલો કોઈ રીતે વાળી શકાય નહિ એમ જણાવે છે.

વ્યવહારમાં એક જગ્યાએ કહ્યું છે કે ભગવંત અને ગુરુ બંને એકી જ વખતે મળ્યા હોય તો તે બેમાં મારે વંદન કોને કરવું? ત્યાં જવાબ આપે છે કે ભગવાનને ઓળખાવનાર ગુરુમહારાજને પ્રથમ નમસ્કાર કરવો, એ એક દૃષ્ટિબિંદુથી યોગ્ય છે. ગુરુનો બદલો આ ભવે અને પરભવે ન વળી શકે તેવો છે, કારણ કે તેમણે આપણું સ્થાયી હિત જે માર્ગે થાય તે રસ્તાને બતાવ્યો છે અને તેઓ કદાચ માની હોય, તો પણ તે કહે તે કરવું અને તેમની વૃદ્ધ ઉંમરે તેમની બરાબર વૈયાવચ્ચ વિનયપૂર્વક કરી આપણું વિનીત શિષ્ય તરીકે નામ કાઢવું અને ગુરુ ઠપકો આપે તે ખમી ખાવો. (૭૧)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેટલાક મહાન સત્યો—

**विनयफलं शुश्रूषा गुरुशुश्रूषाफलं श्रुतज्ञानम् ।**
**ज्ञानस्य फलं विरतिर्विरतिफलं चाश्रवनिरोधः ॥७२॥**

**અર્થ**—વિનયનું ફળ સાંભળવાની ઇચ્છા અથવા ચાકરી, ગુરુમહારાજની સેવાનું ફળ જ્ઞાન થવું તે – જ્ઞાનપ્રાપ્તિ; જ્ઞાનનું ફળ વિરતિ (ત્યાગભાવ) અને વિરતિનું ફળ આવતાં કર્મોનો અટકાવ તે છે. (૭૨)

**વિવેચન**—આટલી ગુરુમહારાજના ઉપકારની વાત કરી. હવે કેટલાંક સર્વસામાન્ય સત્ય કહે છે. એ ત્રણ કાળમાં સાચા અને લાભકારી છે, શાસ્ત્ર સમજવાની ચાવીરૂપ છે. આપણે આ શ્લોકમાં એવા ચાર સત્યો એક પછી એક જાણીશું.

**વિનયફલં**—આપણે વિનીત શિષ્યે ગુરુનો કેટલો વિનય કરવો જોઈએ તે સાંભળ્યું, વિચાર્યું અને આપણે નિશ્ચય કર્યો કે ધર્મ બતાવનાર અને તેમાં જોડનારનો વિનય કરવો. ગુરુમહારાજને વિનયપૂર્વક પોતાની પરિસ્થિતિ અથવા અશક્તિ જણાવવી. કોઈ દિવસ ગુરુમહારાજનો વિનય ચૂકવો નહિ અને કદી તેમની સામે થવું નહિ, પણ તેમના જેવા ઉપકારી પોતાને ઠપકો આપે તો તે વચનને પણ ચંદનના સ્પર્શ જેવું ગણવું, ઠંડું ગણવું અને તે ખાતર અંતરમાં પણ તેમની આમન્યાનો લોપ ન કરવો અને તેમનું અશુભ ન ચિંતવવું.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

**શુશ્રૂષા**—એનો અર્થ હારિભદ્રીય ટીકાનુસાર સાંભળવાની ઇચ્છા, વધારે સાંભળવાની ઇચ્છા એમ થાય છે. 'શબ્દ–ચિંતામણિ' તેનો અર્થ સેવા-ચાકરી એમ બતાવે છે. એટલે કોઈપણ પ્રાણીમાં વિનયગુણ તો જ જામ્યો ગણાય કે એને વધારે સાંભળવાની ઇચ્છા અને બોલનાર તરફ અભાવ થવાને બદલે તેની વધારે સેવાચાકરી કરવાની હોંશ થઈ આવે. એટલે જો એ સાચો વિનયી શિષ્ય થયો છે તો વિનયનું ફળ વધારે સાંભળવાની ઇચ્છા અથવા સંભળાવનારની વૈયાવચ્ચ–સેવાચાકરી એ કરે. એ વિનયનું ફળ છે. હવે પછીની ગાથામાં 'દૃષ્ટમ્' એવો શબ્દ આવે છે તે પ્રત્યેક વાક્યને છેડે અધ્યાહાર છે એમ સમજવું. હવે એક બીજું સર્વમાન્ય સત્ય કહે છે.

**ગુરુશુશ્રૂષાફલં**—ગુરુમહારાજની સેવાચાકરીનું ફળ છે જ્ઞાનપ્રાપ્તિ, શ્રુતજ્ઞાનનો લાભ. ગુરુમહારાજ જ્ઞાનનો આરંભ કરાવે છે, શીખવે છે, એ કાંઈ જેવોતેવો લાભ નથી. ઘણા તો આજે શીખે અને કાલે ભૂલી જાય. ગુરુ કહે તે સાંભળવું અને સાંભળીને તે પ્રમાણે વર્તન કરવું તેવો અર્થ શુશ્રૂષાનો હારિભદ્રીય ટીકાનુસાર અને આપ્ટેની ડિક્શનરી અનુસાર થાય છે. એટલે ગુરુ પાસે જે ભણ્યા તેને જ્ઞાનરૂપ ફળ બેસે છે. એટલે ગુરુમહારાજને સાંભળવા અને એક કાનેથી સાંભળીને બીજે કાને કાઢી ન નાંખતાં એ સાંભળ્યા પ્રમાણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વર્તન કરવું એવો એ શુશ્રૂષાનો ભાવ છે. શુશ્રૂષારૂપ વૃક્ષને ફળ તો જ આવ્યું ગણાય જ્યારે તેનાથી બરાબર જ્ઞાન થઈ જાય અને તદનુસાર વર્તન થાય. આ શુશ્રૂષાનું ફળ છે એ બીજું મહાન સત્ય સર્વમાન્ય છે. ગુરુમહારાજ સાચો ઉપદેશ આપનાર હોય તો શ્રાવકની દેશવિરતિ અને સાધુની સર્વવિરતિરૂપ ચારિત્રગુણ આડકતરી રીતે જરૂર ખીલે છે.

**જ્ઞાનસ્ય ફલં વિરતિ**—જાણવાનું ફળ ત્યાગભાવમાં આવે છે. આ ત્રીજું સાર્વત્રિક સત્ય કહ્યું. એકલું જાણવાથી ખાસ લાભ નથી, પણ જાણીને તે પ્રમાણે ત્યાગભાવ કરે તે ખરો જાણકાર છે, સાચો જાણકાર છે. ઘણા ચારિત્ર વગરના માણસો મોટી મોટી વાત કરે છે, ગજના ગજ માપે છે, પણ તસું વધેરતા નથી, ચારિત્ર-ચર્યામાં મીંડા હોય છે, તો તેમનું જ્ઞાન ફળ વગરનું છે અર્થાત્ તેઓનું જ્ઞાન નિષ્ફળ-નકામું છે એમ સમજવું. જો ખરો ત્યાગભાવ આવ્યો હોય તો જ જાણપણાનું, વાંચ્યા-વિચાર્યાનું, ભણ્યાનું ફળ એઠું છે એમ સમજવું. જ્ઞાનનું ફળ ત્યાગભાવપ્રાપ્તિમાં છે. આ ઝાડ નકામું, જગ્યા રોકનારું નથી, પણ એ ફળવતું ઝાડ છે અને એ ફળવાન ઝાડ ફળના જોરથી લચી રહ્યું છે. આંબાને કેરીટાણે ફળ આવે તે વખતે એની ઘટા જોઈ હોય તો તે પ્રફુલ્લ થતું દેખાય છે અને કેરી પાકે ત્યારે તેનો છાંયડો પણ ફળવાન વૃક્ષને દીપાવે તેવો લાગે છે. જ્ઞાનરૂપ ઝાડને વિરતિરૂપ ફળો આવે ત્યારે તે દીપે છે અને ખરું ફળવાન થયું છે એમ દેખાય છે.

**આશ્રવ**—આ ત્રીજું તત્ત્વ છે. જે ગરનાળાને રસ્તે તળાવમાં પાણી આવે તે આશ્રવ કહેવાય છે. આશ્રવ એટલે માર્ગો અને આશ્રવ દ્વારા જ કર્મબંધ થાય છે. આપણે યોગ્ય પ્રસંગે પચીશ ક્રિયા વિચારશું ત્યારે આશ્રવોને બરાબર ઓળખાશે. ગરનાળાથી તળાવ ભરાઈ જાય છે, એમ કર્મરૂપ આવક જેનાથી થાય તેને આશ્રવ કહેવામાં આવે છે.

**આશ્રવનિરોધ**—આશ્રવની અટકાયત એ જ સંવરપ્રાપ્તિ. સંવર એ પાંચમું તત્ત્વ છે. નવાં કર્મોને આવતાં અટકાવવા એનું નામ જ સંવર. ત્યાગનું ફળ સંવર છે. ભાવના, યતિધર્મો વગેરેનું આચરણ કરતાં કુદરતી રીતે નવાં આવતાં કર્મો અટકે છે, અને કર્મો આવતાં અટકે તે જ સંવર થયો. નવાં આવતાં કર્મોથી ભારે થતો અને સંસારમાં રખડતો આત્મા અટક્યો અને તેટલા પૂરતો સંવર થયો. પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, દશ યતિધર્મ વગેરે સંવરો છે. આશ્રવ થતો અટકે એ જાણપણાનું ફળ છે. એટલે માણસને સાચું જ્ઞાન ક્યારે થાય કે તેને નવાં લાગતાં કર્મો અટકે અને કર્મ આવવાનું ગરનાળું બંધ થઈ જાય. આ આશ્રવનિરોધ બરાબર સમજવા યોગ્ય છે અને સમજીને આચરવા યોગ્ય છે. આ ત્રીજું અને ચોથું સર્વમાન્ય મહાન સત્ય જણાવ્યું. (૭૨)

**થોડાં વધારે સત્યો—**

> **संवरफलं तपोबलमथ तपसो निर्जरा फलं दृष्टम् ।**
> **तस्मात् क्रियानिवृत्तिः क्रियानिवृत्तेरयोगित्वम् ॥७३॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અર્થ**—સંવરનું ફળ તપબળ છે, અને તપનું ફળ નિર્જરા છે એમ અનુભવ્યું છે; તેનાથી (નિર્જરાથી) ક્રિયાથી નિવૃત્તિ થાય છે, અને ક્રિયાનિવૃત્તિપણાથી અયોગીપણું થાય છે. (૭૩)

**વિવેચન**—સર્વમાન્ય સત્યોની જે વાત ચાલે છે તે કેટલીક આગળ કહે છે, એટલે આ શ્લોકમાં પણ સર્વમાન્ય સત્યો આવશે. આ સર્વ પ્રયાસ વિનયગુણનું પ્રાધાન્ય, ઉપયોગીપણું બતાવવા માટે છે એ વાત ધ્યાનમાં રહે.

**સંવર**—સંવરતત્ત્વના સત્તાવન પ્રકાર છે. સંવર એટલે કર્મો લાવનારું જે ગરનાળું છે તેની આડા બારણાં બંધ કરવા અને આશ્રવ થતો અટકાવવો. આવી રીતે આવતાં કર્મોને રોકવા તે પાંચમું સંવરતત્ત્વ છે. ભાવના ભાવવાથી અને યતિધર્મોમાં પ્રવૃત્ત રહેવાથી અને અષ્ટ પ્રવચનમાતા (ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનનિક્ષેપણ-સમિતિ, પરિષ્ઠાપનિકાસમિતિ, મનોગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ)નું પરિપાલન કરવાથી આવતાં કર્મો અટકે છે. સંવરનું ફળ તપ છે. એક પ્રાણીમાં સંવર ક્યારે જામ્યો કહેવાય કે એ તપ કરતો હોય ત્યારે. એટલે સંવરનું ફળ તપોબળ છે એમ આ સર્વમાન્ય પ્રથમ સત્ય કહ્યું. બુદ્ધ ભગવાને તપને શરીરક્લેશકારી ગણ્યું, પણ મહાવીર ભગવાને તો તેને નિર્જરાનું કારણ માન્યું અને સંવરનાં ફળ તરીકે એને સ્વીકાર્યું અને પોતાના જીવનથી તપનો મહિમા બતાવી આપ્યો. તપ એ સંવરનું ફળ છે. તપસ્યાથી શરીરે જોર પડતું નથી, પણ તાકાતમાં વધારો થાય છે એ વર્તમાન દાક્તરી વિજ્ઞાને પણ બતાવી આપ્યું છે. એટલે દેહદમન તરફ બેદરકાર ન રહી આ શરીરનો બને તેટલો લાભ લેવો અને તેમાં કોઈ જાતની શંકા ન રાખવી. મોક્ષ જવા માટે અને કરેલાં કર્મોનો ક્ષય કરવા માટે તપશક્તિ ઘણી જરૂરી છે. આગલી ગાથામાં આશ્રવનિરોધ કહેવામાં આવ્યો તે જ આ સંવર છે અને સંવરથી તપની શક્તિ મળી રહે છે. અને તેવી શક્તિ આવવી એ સંવરનું ફળ છે. સંવર પોતે પાંચમું તત્ત્વ છે.

**નિર્જરા**—કર્મોનો વિપાકોદયથી કે પ્રદેશોદયથી નાશ થવો તે. છ બાહ્ય તપથી અને છ પ્રકારના આભ્યંતર તપથી કર્મની નિર્જરા થાય છે. નિર્જરા એ જૈન મતે છઠ્ઠું તત્ત્વ છે અને ઉપયોગી તત્ત્વમાંનું એક આદરણીય તત્ત્વ છે. બાહ્યતપ છ પ્રકારનું છે: (૧) 'અનશન' એટલે ન ખાવું. (૨) 'ઊણોદરી' એટલે ભૂખથી પાંચસાત કોળિયા ઓછા ખાવા. અત્યારે ડૉક્ટરો પણ ઓછું ખાવાનો ઉપદેશ આપે છે. (૩) 'વૃત્તિસંક્ષેપ' એટલે પોતાને કાંઈપણ ઇચ્છા થઈ હોય તેને ઓછી કરવી તે. વૃત્તિને બહાર જતી અટકાવવી અને તેના ઉપર અંકુશ રાખવો. (૪) 'રસત્યાગ' એટલે દૂધ, દહીં, છાશ વગેરે અને હલવાઈએ તૈયાર કરેલી મિઠાઈનો ત્યાગ કરવો. (૫) 'કાયક્લેશ' એટલે લોચાદિક કષ્ટ સહન કરવા અને (૬) 'સંલીનતા' એટલે શરીરનાં અંગોપાંગ સંકોચીને રાખવાં. એ છ બાહ્ય તપ કહ્યાં. ઉપરાંત, છ આભ્યંતર તપ છે: (૧) 'પ્રાયશ્ચિત્ત'—જાણતાં અજાણતાં થયેલી ભૂલ માટે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પશ્ચાત્તાપ કરવો. (૨) 'વિનય'—વડીલવર્ગનો વિનય કરવો, તેમની સેવા કરવી તે. (૩) 'વૈયાવચ્ચ'—બાળ, વૃદ્ધ, માંદા, તપસ્વીની સેવાચાકરી કરવી તે. (૪) 'સ્વાધ્યાય'—ભણવું, ભણાવવું અને ભણનારને સર્વ પ્રકારની બનતી સગવડ કરી આપવી તે. (૫) 'ધ્યાન'—અરિહંત આદિ પોતાને પ્રિય જે દેવ હોય એના ઉપર એકાગ્રતા ધારવી. (૬) 'ઉત્સર્ગ'—કર્મક્ષય નિમિત્તે દશ–વીશ લોગસ્સનો કાઉસગ્ગ કરવો. આ બાર પ્રકારે (છ બાહ્ય અને છ આભ્યંતર તપે) કર્મની નિર્જરા થાય છે. નિર્જરા એ તપરૂપ ઝાડનું ફળ છે, માટે સમજવું કે આ તપથી નિર્જરા થાય છે.

**ક્રિયાનિવૃત્તિ**—આ નિર્જરાથી પ્રાણીની ક્રિયાઓ થતી અટકે છે. કેટલાક અધિકાર વગર આળસથી ક્રિયા કરતા નથી એ ક્રિયાનિવૃત્તિ નથી, પણ નિર્જરારૂપ વૃક્ષને ફળ બેસે ત્યારે જે ક્રિયાનિવૃત્તિપણું યોગમાં પ્રાપ્ત થાય છે તે સાચું અને લાભકારી ક્રિયા-નિવૃત્તિ તત્ત્વ છે અને એ નિર્જરાવૃક્ષનું ફળ છે.

**અયોગિત્વ**—ચૌદમે ગુણઠાણે જિનકેવળીને કે તીર્થંકર મહારાજને મન–વચન–કાયાના યોગને લક્ષી જે અયોગિત્વ મળે છે તે ક્રિયાનિવૃત્તિનું ફળ છે.ચૌદમે ગુણઠાણે મન-વચન–કાયાના પંદરે યોગ જાય છે. તે પંદર યોગ આ પ્રમાણે છે: ૧. ઔદારિક મનોયોગ, ૨. ઔદારિક મિશ્ર મનોયોગ, ૩. ઔદારિક તૈજસ મનોયોગ, ૪. ઔદારિક કાર્મણ મનોયોગ. એ ચાર મનના યોગો. વચનયોગના ચાર ઉપભેદ છે: ૫. અસત્ય વચનયોગ. ૬. અસત્યામૃષા વચનયોગ (સાચું ય નહિ અને જૂઠું ય નહિ, 'બેઠા છો ? ઊઠ્યા ?' એવું નિર્દોષ વાક્ય તે અસત્યામૃષાયોગ). ૭. તૈજસ મિશ્ર વચનયોગ. ૮. કાર્મણ મિશ્ર વચનયોગ. કાયાના સાત યોગ હોય છે: ૯. ઔદારિક કાયયોગ. ૧૦. વૈક્રિય કાયયોગ. ૧૧. આહારક કાયયોગ, ૧૨. ઔદારિક મિશ્ર કાયયોગ. ૧૩. વૈક્રિય મિશ્ર કાયયોગ. ૧૪. આહારક મિશ્ર કાયયોગ. અને ૧૫. તૈજસ મિશ્ર કાયયોગ. આ પંદરે યોગ છેલ્લા ચૌદમા ગુણસ્થાનકે કેવળીને ન લાભે. તેનો ઉત્કૃષ્ટ કાળ પંચ હ્રસ્વાક્ષર (अ, इ, उ, ऋ, ऌ) બોલતાં જેટલો વખત લાગે તેટલો છે. આ અયોગિપણું મોક્ષ જતાં પહેલાં આવે છે, એ મહા ઉત્કૃષ્ટ યોગ છે. મન–વચન–કાયાનું તદ્દન રૂંધી નાંખવાપણું છે અને योगश्चित्तवृत्तेर्निरोधःનો પ્રત્યક્ષ અનુભવ છે. આવું અયોગિપણું તે ક્રિયાનિવૃત્તિરૂપી વૃક્ષનું ફળ છે. પાંચ હ્રસ્વાક્ષરકાળ પછી જરૂર મોક્ષ થાય છે. તે વખતે મન, વચન અને કાયાના સર્વ યોગો નાશ પામી જાય છે, અને તેવું અયોગિપણું પ્રાપ્ત કરવાના આપણા સર્વ પ્રયાસ છે. આ સર્વમાન્ય સત્ય સમજીને અનુસરવા યોગ્ય છે. (૭૩)

**બાકીનાં સર્વમાન્ય સત્યો**—

**योगनिरोधाद्भवसंततिक्षयः संततिक्षयान्मोक्षः ।**
**तस्मात्कल्याणानां सर्वेषां भाजनं विनयः ॥७४॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અર્થ**—યોગનિરોધથી સંસારનો મૂળથી ક્ષય છે અને આખા સંસારનો મૂળથી ક્ષય થયે મોક્ષ થાય છે; તેટલા માટે સર્વ કલ્યાણનો આધાર વિનય છે. (૭૪)

**વિવેચન**—આવી રીતે આપણે પરંપરા જોતાં અયોગિત્વ સુધી પહોંચ્યા. આ ગાથામાં એ મહાન સત્યો જણાવે છે. મન, વચન, કાયાના ત્રણ યોગનો અથવા પંદર યોગનો નિરોધ થવાથી સંસારસંતતિ–ભવની રખડામણ–જે અનંતકાળથી ચાલે છે તેનો નાશ થાય છે. આ સંસારસંતતિથી, ભવપરંપરાથી પ્રાણી એક ખાડામાંથી બીજા ખાડામાં પડે છે અને બીજામાંથી ત્રીજા ખાડામાં પડે છે અને એમ ઉત્તરોત્તર ચાલ્યા કરે છે. સંસારી જીવને આ સંસારની ભવપદ્ધતિ કેવી રીતે લાગે છે અને વગર થાક્યે એ એક ખાડામાંથી બીજા ખાડામાં કેવી રીતે પડે છે તે માટે જુઓ 'ઉપમિતિભવપ્રપંચા'માં વર્ણવેલ સંસારી જીવનું ચરિત્ર. આ ભવસંતતિ તો પરંપરાએ ચાલ્યા જ કરે છે, અને પ્રાણી અનેક ભવાંતરમાં ભટક્યા કરે છે, એક યોનિમાંથી બીજી યોનિમાં જાય છે અને કોઈ કોઈ વાર તેની તે યોનીમાં પડ્યો રહે છે. તીર્થંકરના વખતમાં કદાચ આ જીવે તેમને સાંભળ્યા હશે તો તે ગપ્પાં મારનાર છે એમ ગણી તેની ભવસંતતિ વધારી હશે, પણ તેનામાં સદ્દહણા નહિ જ આવી હોય. આ ભવસંતતિનો ક્ષય યોગનિરોધનું ફળ છે અને એ ફળ ખાવાયોગ્ય અને સ્વાદે મધુર છે અને ખુશીથી ખવાય તેમ છે.

**મોક્ષ**—મૂકાવું તે. આ સંસારથી સર્વદા નાસી જવું અને સાતમા તત્ત્વ મોક્ષની પ્રાપ્તિ કરવી એ ભવસંતતિક્ષયનું પરિણામ છે. ત્યાં કાંઈ ખાટલા ઢાળેલા નથી. ત્યાં તો આત્મા એના અસલ રૂપે રહી જોઈ જાણી શકે છે અને તે સર્વ ભવસંતતિ જે અત્યાર સુધી ચાલુ છે તેની સાંકળ તૂટી જાય છે અને ભવસંતતિક્ષયરૂપ ઝાડને મોક્ષનું ફળ બેસે છે. આ ફળ સમજવું. અને મોક્ષ ગયા પછી પુનઃ પાછા અહીં આવવાનું થતું નથી. માટે નિશ્ચિંત મને આ સાતમા તત્ત્વ મોક્ષને મેળવવાનું અત્ર પરંપરાથી જે કારણ આપ્યું છે તેને મોક્ષ મેળવવા ખાતર સેવવું અને આ અત્યારના આંટાફેરા અટકાવવા.

**ભાજન**—આધાર. ભાજનનો અર્થ અસલ તો પાત્ર થાય છે. સર્વ વસ્તુનો આધાર એટલે સર્વ વસ્તુને રહેવાનું પાત્ર, ઠામ, વાસણ વિનય છે તે આપણે હવે પછી જોશું. એ સર્વ વસ્તુનું મૂળ કારણ વિનય છે. વિનય તે ધરી રાખવાનું–ઉપાડવાનું મૂળ પાત્ર છે. એટલે તેની બાબતમાં શિષ્યે બહુ ચીવટ રાખવી અને પોતાને જરા અગવડ પડે, વધારે અગવડ પડે, તો પણ વિનેય થવું.

**વિનય**—સર્વ વસ્તુને ધારણ કરનાર વિનય છે. મનુષ્યપણું મહામુશ્કેલીએ મળે છે, તે મળ્યું! દેવરાજને કે ખુદ તીર્થંકરને એ મનુષ્યભવ મળી જાય તો ત્યાં આયુષ્ય–આયખું મળવું એ ઘણું મુશ્કેલ છે. એ પણ મળી ગયું! ત્રીજી વાત આરોગ્યની છે. તે પણ મળવું મુશ્કેલ છે. તે પણ મળી ગયું. ચોથી વાત બળસમુદાયની, તે પણ મળ્યો! પાંચમી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાત, ધર્મના વિષયમાં વીર્યની પ્રાપ્તિ થવી મુશ્કેલ છે, તે પણ મળી ગયું. છઠ્ઠી વાત, શાસ્ત્ર-અધ્યયન, તે પણ મળી ગયું. સાતમી વાત, સારું કુળ. સારા કુળમાં જન્મ થવો તે મુશ્કેલ છે. તે પણ મળ્યું. આઠમી વાત, રૂપ મળવાની મુશ્કેલી છે. એ પણ મળ્યું. નવમી વાત આપણું વચન બીજાને ગમે તેવું થવું તે પણ મુશ્કેલ છે. તેવું વચન પણ મળ્યું. નાનપણમાં ધર્મ રુચે નહિ અને શરીર ઘડપણમાં જવાબ આપે નહિ; તેટલા માટે દસમી દુર્લભ બાબત યુવાની છે, તે પણ મળી ગઈ. અગિયારમી વાત મિત્રની છે. મિત્રો અધર્મમાં પ્રેરે અથવા તેમની કુસોબતથી પ્રાણી આડે રસ્તે ઊતરી જાય એવા મળે છે, સારા મળવા મુશ્કેલ છે. મિત્રો સારા અનુકૂળ મળ્યા છે. બારમી વાત, ધન-પૈસાની છે, તે પણ મળ્યા. તેરમી વાત શેઠાઈ-ઐશ્વર્યની છે, તે પણ મળી ગઈ. આવી સર્વ અનુકૂળતા મળી, તેરે ય વાતે પોતે ભાગ્યવાન નીવડચો એનો આધાર વિનય પર, પ્રાણીની ગુરુ તરફની ભક્તિ પર છે. માટે જે વચન ગુરુ કહે તેને ઘીની નાળ સમાન ગણીને, તેવાં વચન સાંભળવાને પોતે ભાગ્યવાન થયો એમ માની, ગુરુમહારાજ પર વિનય રાખવો અને તેઓ જે કહે છે તેનો સંસ્પર્શ ચંદન જેવો શીતળ છે એમ ધારી, તેમના અનુભવને માન આપી, તેઓ ઉપર સઘળો આધાર રાખવો અને તેમને અધીન રહી તેમનું વચન બર લાવવું. એ વાતમાં શંકા અથવા ચર્ચાને સ્થાન નથી એમ ગણી, ભાગ્યયોગે ગુરુનું વચન સાંભળવા કે તેનો સ્પર્શ કરવા પોતાના કાન ભાગ્યશાળી થયા છે તેમ ધારી ગુરુ મહારાજનો વિનય જરા પણ ચૂકવો નહિ. આ તેરેય બાબતોને વિનયગુણ આણે છે, અને જાતને ભાગ્યશાળી બનાવે છે એમ સમજી ગુરુનો વિનય બરાબર જાળવવો અને તેમાં પોતાની જાતને પરતંત્ર ન માનવી, પણ દુનિયાના અનુભવી વૃદ્ધ ગુરુ જે કાંઈ કહે છે તે પોતાને હિત આપનાર છે અને અંતે મોક્ષ આપનાર છે એમ સમજી ગુરુનો વિનય કરવો અને તે જ પરિસ્થિતિ જાળવી રાખવી. આ દુનિયામાં જે અનુભવ ગુરુને હોય છે અને જે દીર્ઘદૃષ્ટિથી તેઓ શિષ્યનું સ્થાયી હિત ઇચ્છે છે તેવી નજર અન્યની હોઈ શકતી નથી, માટે ગુરુનો વિનય સમજુ અને પોતાનું હિત સ્થાયીપણે થાય તેમ ઇચ્છનાર શિષ્ય ચૂકે નહિ.

**કલ્યાણ**—સારું થવું તે. મોક્ષ જેવી ચીજ, ઉપર જણાવ્યા પ્રમાણે, જે અપાવી શકે છે, તેવું કલ્યાણ જે કરી શકે છે તે ગુરુ મહારાજનો વિનય શિષ્યે જરૂર કરવો જોઈએ. આ દુનિયામાં વૃદ્ધ માતાપિતાનો વિનય કરવો જરૂરી છે, કારણ કે તેમનો ઉપકાર લઘુવયમાં ઘણો જબરો છે. શેઠ કે માલિકનો ઉપકાર પણ આ ભવની અપેક્ષાએ ઘણો ગણાય. પણ ગુરુના ઉપકારનો બદલો તો આ ભવે કે પરભવે વાળી શકાય તેમ નથી, કારણ કે તેમણે નિઃસ્વાર્થભાવે ધર્મ બતાવી મોક્ષમાર્ગ પ્રગટાવ્યો છે; અને સાચો ઉપકાર કદી ભૂલી શકાય નહિ, ભૂલે તે માણસ નહિ. માટે સર્વ કલ્યાણનું વાસણ, જેમાં બીજી વસ્તુ ઝીલી શકાય તે, વિનય ગુણ છે. તેની મહત્તા અત્ર બતાવી છે. વિનયી શિષ્ય ગુરુને

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એવા વશ કરી લે છે કે પછી ગુરુમહારાજ એવા શિષ્યને ઠપકો આપતા નથી, અને પોતાની મોટાઈ બતાવતા નથી. (૭૪)

**વિનય વગરનાનું અંતે અહિત—**

विनयव्यपेतमनसो गुरुविद्वत्साधुपरिभवनशीलाः ।
त्रुटिमात्रविषयसङ्गादजरामरवन्निरुद्विग्नाः ॥७५॥

**અર્થ**—વિનય રહિત મનવાળા, જેઓ ગુરુ અથવા વિદ્વાન પુરુષો અને સાધુઓનો તિરસ્કાર કરવામાં તત્પર હોય તેવા, એક જરામાત્ર વિષયના મેળાપથી જાણે કદી ઘરડા થવું નથી કે કોઈ દિવસ મરવું નથી એવા નિર્ભય બની રહેલા માણસો (વિનાશને વહોરી લે છે.) (૭૫)

**વિવેચન : વ્યપેત**—ગયેલું. વિનય રહિત મનવાળો. એટલે ગુરુની સામે થનાર, વૃદ્ધ પુરુષનો વિનય ન રાખનાર. જેણે વિનય છોડી દીધો છે તેવા મનવાળા માણસના કેવા હાલ થાય તે આગલી ગાથામાં કહેવામાં આવશે. કેટલાક નાના મોઢે મોટી વાત કરનારા હોય છે અને નાને મોઢે પોતાને ફાવે તેવું વર્તન કરનારા અને ગમે તેવું, સામાનો વિનય ન જળવાતો હોય તેવું, ફેંકનારા હોય છે. આવા માણસોનું શું થાય તે આગળની છોંતેરમી ગાથામાં કહેશે. આ ગાથામાં તો એવા માણસ કેવા હોય તેનું વર્ણન ચાલે છે. આવા ફેંકોલોજીવાળા અને મનમાં આવે તેવું બોલનારા અને નાનામોટાનો વેરો ન રાખનાર કેટલાક માણસો હોય છે.

**પરિભવન**—અપમાન, નુકસાન. કેટલાક માણસો પોતાના ગુરુનું અને સાધુપુરુષોનું અપમાન, તિરસ્કાર કરનારા હોય છે. તેઓનો સ્વભાવ જ એવો હોય છે કે ગુરુનું અપમાન કરવું; ગુરુ કહે કે સજ્જન–સાધુપુરુષ કહે તે ન કરવું; તેમને ગમે તે ન કરવું, પણ જાણીજોઈને વાંકા ચાલવું અને પોતાનો સ્વચ્છંદ ચલાવવો. ગુરુ કે કોઈ સાધુપુરુષ કહે તેમ કરવામાં પોતાની સ્વતંત્રતાનો તેઓ નાશ સમજે છે. તેઓ ગુરુ કહે તે ન કરવામાં જ પોતાની સ્વતંત્રતા જુએ છે. ગુરુનું નુકસાન કે અપમાન કરનારના શા હાલ થાય તે આગલી છોંતેરમી ગાથામાં કહેવામાં આવશે. આ ગાથામાં તો તેઓનો સ્વભાવ કેવો હોય છે તે બતાવે છે, તેનું વર્ણન કરે છે. શીલ એટલે સ્વભાવ, પ્રકૃતિ. જેઓનો સ્વભાવ જ ગુરુ અથવા સાધુપુરુષોનું અપમાન કરવાનો અને જાહેરમાં તેમની સામે થવાનો હોય છે તેવા માણસો પોતાનું અહિત આચરે છે, અને તેઓ લોકોમાં ઊતરી પડે તેવું આચરણ કરે છે. આવો જ તેઓનો સ્વભાવ પડી જાય છે અને જાણે ગુરુનું અપમાન કરવું કે તેમને નુકસાન કરવું તેમાં જ તેઓની મોજ હોય છે. તેઓ ગુરુના ચાળા પાડે, તેમની સામે દાંતિયા કાઢે અને તેમની આજ્ઞા ન ઊઠાવે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ત્રુટિ**—નાની એલાયચી. અલ્પ શબ્દને બતાવનાર આ શબ્દ છે. એટલે સૂંઠને ગાંગડે ગાંધી બનેલા અને જાણે પોતે કદી ઘરડા થવાના કે મરવાના નથી એવું માનનારા. ત્રુટિ એટલે નાની એલાયચી જેવી વસ્તુ પોતાને મળી હોય તો જાણે ઘણું પોતાને મળી ગયું છે એવું ધારીને નિર્ભય થઈને ભટકનારા. એક નાના ગામડાનું પોતાને આધિપત્ય મળે કે નાનકડી સરખી શેઠાઈ ગામડામાં મળે કે જરા સરખી વિદ્યા કે બે વીઘા જમીન મળે તે જાણે ઘણું બધું મળી ગયું છે એમ માને એટલે ધરતી ઉપર પણ પગ ન દે. આમ આવા માણસો નાનકડી વસ્તુ મળી જાય એમાં એને એવા વળગી પડે છે કે પોતે કોઈ પણ દિવસ ઘરડા થવાના નથી અથવા મરવાના નથી અને વિષયો સાથે પોતાનો સંબંધ હંમેશા રહ્યા કરવાનો છે એમ માની જાણે અજરામર થઈ ગયા છે એમ પોતાને માટે માને છે.

**સંગ**—સંબંધ, મળવું તે. એટલે એવા માણસો કે જેઓને નજીવી આવતા પદાર્થ મળી જાય, એટલે તે પદાર્થ સાથે સંબંધ થઈ જાય તેવા.

**અજરામર**—કદી ઘરડા થવાના નથી, કદી મરવાના નથી, આવું માની નિર્ભય થઈ ફરનારા અને સ્વચ્છંદે વર્તી કોઈની આજ્ઞામાં ન રહેનારા. એવા માણસો તો નાનકડી વસ્તુમાં એટલો મોહ પામી જાય છે કે જાણે પોતાને દુનિયાનું રાજ્ય મળ્યું હોય તેમ છાતી કાઢી, વાળ ઓળી, છેલબટાઉ થઈને ફરે છે. તેઓના હાલ કેવા થાય છે તે આગલી છોંતેરમી ગાથામાં કહેશે.

**નિરુદ્વિગ્ન**—નિર્ભય. જાણે એને કદી ઘડપણ–ઉત્તરાવસ્થા–જૈફપણું આવવાનું નથી અને કદી પોતે મરવાના નથી, અને આ વસ્તુ સાથેનો સંબંધ અનંતકાળ સુધી ટકી રહેશે એમ ધારી નિર્ભયપણે ફરનારા અને વર્તનારા. તેઓ તો માને છે કે જરા–મરણ બીજાઓ માટે છે. આવા માણસો આગળ–પાછળનો વિચાર કેમ નથી કરતા તે આવતી છોંતેરમી ગાથામાં જણાવશે. આ ગાથામાં એવા માણસો કેવા સ્વભાવના હોય છે તે વર્ણવ્યું.

**વિષય**—આ પાંચે ઇંદ્રિયના વિષયોને પોષે તેવા પદાર્થ સમજવા. તે તો એમ જ સમજે છે કે સ્પર્શ, રસના, ઘ્રાણ, ચક્ષુ, કાનનો કોઈ પણ વિષય મળે કે કોઈ પદાર્થ નાનકડો મળી જાય તો જાણે પોતે તદ્દન નિર્ભય થઈ ગયા છે અને હવે પોતાને કાંઈ કરવાનું રહેતું નથી અને ગુરુની આજ્ઞામાં રહેવાની કે તેઓનો વિનય કરવાની કાંઈ જરૂર નથી. (૭૫)

**સમુદ્રવાયસ જેવા આ પુરુષો વિનાશ પામે છે.—**

> केचित् सातर्द्धिरसातिगौरवात् सांप्रतेक्षिणः पुरुषाः ।
> मोहात् समुद्रवायसवदामिषपरा विनश्यन्ति ॥७६॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અર્થ**—કેટલાક સુખશાતા, ઋદ્ધિ અને રસના અતિ ગૌરવથી તદ્દન વર્તમાનને જોનારા, ટૂંકી નજરના પુરુષો મોહને વશ થઈને સમુદ્રના કાગડા પેઠે આમિષ(માંસ) લેવાને તત્પર થઈ વિનાશને વહોરી લે છે. (૭૯)

**ગૌરવ**—એ જૈન શાસ્ત્રોમાં ગારવ તરીકે પ્રસિદ્ધ છે. ગારવ એટલે અભિમાન અથવા લાલસા (પંડિત હરગોવનદાસના પાઈઅસદ્દમહણ્ણવમાં એ અર્થ છે.) આવા ગારવો ત્રણ પ્રકારના હોય છે. શાતાગારવ, ઋદ્ધિગારવ અને રસગારવ. આ ત્રણનું અભિમાન કે મોટાઈ ખુલાસો માંગે છે. શાતાગારવ એટલે તંદુરસ્તીની મોટાઈ. હું ઘણો તંદુરસ્ત છું, મને કોઈ દિવસ તાવ આવ્યો નથી તેમ બોલવું અને પોતાની તંદુરસ્તીનાં બણગાં ફૂંકવા તે શાતાગારવ પ્રથમગારવ થયો. ઋદ્ધિગારવ એટલે પોતે પૈસાદાર હોવાનો ફાંકો રાખવો અને તેની બડાશ બીજા પાસે હાંકવી તે. રસ એટલે સ્વાદ—મીઠો, મધુરો અથવા ફરસાણ. પોતાને રસપ્રાપ્તિ થઈ છે એમ કહેવું કે રસ ખાતાં ખાતાં તેના વખાણ કરવા તે રસગારવ. આમાં અભિમાન કરવાની કે મોટાઈ લેવાની વાત મુખ્ય છે. કોઈક માણસો ત્રણે ઋદ્ધિગારવ, રસગારવ અને શાતાગારવનું અભિમાન કે મોટાઈ મનમાં લાવે છે અને બીજા પાસે તે ગણાવે છે અને તે ફાંકામાં આખો વખત પસાર કરે છે.

**સાંપ્રતેક્ષિણ**—એટલે વર્તમાનકાળને જોનારા. પોતાને કદાચ પૈસા, તંદુરસ્તી કે રસો મળ્યા હોય તો તેનાં બણગાં ન ફૂંકવા જોઈએ. જેઓ એકપણ ગારવ અથવા ગૌરવમાં પડી જાય છે તેઓ એ તંદુરસ્તી, પૈસા કે રસો શા કારણે મળી ગયા છે તે વિચારતા નથી. ભોગાંતરાય કર્મ કે ઉપભોગાંતરાયકર્મના ક્ષયોપશમથી લાભ મળી જાય અને પોતે ગૌરવ અનુભવે તે ટૂંકી નજરવાળા છે. તેઓ પોતાનો વર્તમાન લાભ જ જુએ છે. એકવાર જે વસ્તુ ભોગવાય તે ભોગાંતરાયકર્મના ક્ષયોપશમે મળે છે અને જે એક ને એક વસ્તુ અનેકવાર ભોગવાય (કપડાં વગેરે) તે ઉપભોગાંતરાયકર્મના ક્ષયોપશમે મળે છે. એમાં ગૌરવ લેવા જેવી કોઈ વાત નથી. તેથી જે તેમાં પોતાની મોટાઈ માને છે તે વર્તમાનકાળને જ જુએ છે, તેઓની નજરે ભૂતકાળ રહેતો નથી, તેઓની નજર ટૂંકી છે. તેઓ જાણતા નથી કે કર્મ પ્રમાણે પ્રાણીને શાતા, ધનદોલત કે રસાળા પદાર્થો મળે છે. આવા ટૂંકબંડોળીઆ અને માત્ર વર્તમાન ઉપર નજર રાખનારા માટે આ શબ્દ વપરાયેલો છે.

**મોહથી**—તેઓ અજ્ઞાનથી એટલા બધા ભરાઈ ગયેલા હોય છે કે તેઓ પોતાની નજરમાં ભૂતકાળ જ રાખતા નથી. એ કર્મ પોતે કરેલાં છે, એને માટે પુરુષાર્થ કરવાની જરૂર પડી હશે, તપત્યાગ, સંયમ આદરવા—આચરવા પડ્યા હશે. મોહરૂપ દારૂની અસર નીચે આવેલા તેઓ હેરાન થાય છે. તેઓ શાતા, ઋદ્ધિ અને રસમાં પોતાની આવડતનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અભિમાન કે ફાંકો રાખે છે અને નજર ટૂંકી હોવાથી માત્ર વર્તમાન પ્રાપ્તિ ઉપર જ નજર રાખે છે.

**સમુદ્રવાયસ**—સમુદ્રમાં વસનાર કાગડો. સમુદ્રવાયસનો વિનાશ કેવી રીતે થાય તે પર આવી વાત છેઃ એક વખત કોઈ મરી ગયેલ હાથીનું શરીર જોઈ, તેના માંસમાં આસક્ત બની, કોઈ સમુદ્રકાંઠે વસનાર કાગડો તે હાથીના ગુદાદ્વારમાં પેઠો. સમુદ્રમાં હાથીનું શરીર તણાયું. સાથે તે પણ તણાયો. પણ એને હાથીના માંસની લોલુપતા મટી નહિ. આ સમુદ્રકાગડો અંતે હાથીના અપાનદ્વારા બહાર નીકળ્યો, પણ કોઈ ઠેકાણે બેસવા લાયક સ્થાન ન મળવાથી તે આખરે સમુદ્રમાં જ ડૂબી મૂઓ. આવી રીતે મોહને લીધે પ્રાણી હેરાન થઈ ઋદ્ધિગારવ, રસગારવ અથવા શાતાગારવમાંથી કોઈમાં અથવા સર્વેમાં લલચાઈ જઈ, જેમ તે આમિષનો લાલચુ કાગડો સમુદ્રમાં ડૂબી મૂઓ, તેમ જ તે સંસાર-સમુદ્રમાં ધકેલાઈ જાય છે. આવી રીતે સમુદ્રવાયસ જેમ માંસ ખાતર વિનાશ પામ્યો તેમ માણસ મોહથી અજ્ઞાનને લીધે સંસારસમુદ્રમાં રખડી મરે છે, અને અંતે તેનો વિનાશ થાય છે.

**વિનાશ**—આ શબ્દ શુદ્ધ અર્થમાં અહીં વપરાયો નથી, પણ એક ખાડામાંથી બીજામાં પડવું અને એમ ને એમ સંસારમાં રખડવું તે આત્માનો વિનાશ બરાબર છે, કારણ આત્મિક વિનાશ આ રીતે જ થાય છે. જે મોક્ષમાં જવા યોગ્ય કરણી ન કરી શકે તે સંસારમાં ધકેલાઈ જાય અને તેને સમુદ્રનો આરો ન દેખાય; તે વિનાશ તો નથી, પણ વિનાશ જેવું જ છે. આવી જાતના વિનાશને પ્રાણી સમુદ્રકાગડો જેમ વહોરી લે છે. જેવાં કર્મો કર્યાં હોય તેવાં ભોગવવાં પડે છે. વિનાશને માર્ગે પડી સારા માર્ગની કે મોક્ષની આશા રાખવી તે વ્યર્થ છે, એ ખરો આત્માનો વિનાશ જ છે. જેમ કાગડો અંતે ભર-દરિયે મોતને પામે છે તેમ મોહથી સાચી વાત ન સમજવાને કારણે પ્રાણી રખડે છે અને આંટા મારે છે. એ વસ્તુતઃ તેનો વિનાશ જ છે. (૭૬).

**આવા માણસોને વધારે શું થાય છે?**

**ते जात्यहेतुदृष्टान्तसिद्धमविरुद्धमजरमभयकरम् ।**
**सर्वज्ञवाग्रसायनमुपनीतं नाभिनन्दन्ति ॥७७॥**

**અર્થ**—જાત્ય (શુદ્ધ, નિર્દોષ) હેતુ અને દાખલાથી સિદ્ધ, અવિરુદ્ધ (જેની વિરુદ્ધમાં કંઈ ન હોય તેવું), ઘરડું ન થાય તેવું, જરા પણ ભયને ન કરનાર એવું સર્વજ્ઞવચનરૂપી રસાયન તેઓની સામે હાજર હોવા છતાં તેને તેઓ આદરતા નથી. (૭૭)

**વિવેચન : જાત્ય**—શુદ્ધ, નિર્દોષ. હેતુ પક્ષની જાતની વસ્તુમાં હોય. એટલે એ જાતના બીજે કોઈ પણ સ્થાનકે તે ન હોય તેવું બને નહિ. દાખલા તરીકે મોરનું પીછું, તો તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સર્વ મોરમાં હોય જ. એને સંસ્કૃતમાં સપક્ષે સત્ત્વ કહે છે, એટલે પોતાના સપક્ષમાં તેનું હોવાપણું-હાજરી જરૂર હોય છે. વિપક્ષ એટલે વિરુદ્ધ પક્ષમાં તેની (હેતુની) ગેરહાજરી હોય છે. આને વિપક્ષે વ્યાવૃત્તત્વ કહેવામાં આવે છે. આમ ન્યાયની પરિભાષામાં જણાવવામાં આવે છે.

**હેતુ**—નિર્દોષ હેતુમાં આ લક્ષણો હોય છે. અંગ્રેજી લોજીકમાં એને middle term કહેવામાં આવે છે.

**દૃષ્ટાંત**—દાખલો. દાખલો આપવાથી પરિણામ લાવી શકાય છે. એટલે એક પરિણામ લાવવું હોય તો તેનો દાખલો આપવો. આ રીતે જ પરિણામ લાવી શકાય છે. તેમાં કોઈ જાતનો દોષ ન રહે તે જાત્ય. હેતુપૂર્વકનું દાખલા દલીલ સાથેનું અવ્યભિચારી સત્ય કહેવાય છે અને તે સર્વ વખત કામ આપે છે. આવું મહાન સત્ય જેનો કોઈક હેતુ (middle term) હોય અને દાખલાઓથી સિદ્ધ થયેલ હોય તે; એટલે જે વચન સર્વ-કાળમાં સર્વ સંયોગોમાં સત્ય હોય, જેના વિરુદ્ધનું એક પણ વચન ન હોય અને જે સર્વમાન્ય હોય તેવું.

**અવિરુદ્ધ**—જેની વિરુદ્ધ કોઈ વચન કે દાખલો ન હોઈ શકે એવું સાદું પણ સર્વમાન્ય સત્ય. દાખલા દલીલથી બેસી જાય તેવું સાર્વજનીન સત્ય, Universal Truth. એટલે એ અસત્ય છે એમ સાબિત કરવાનું ન્યાયસરનું કોઈપણ કારણ ન રહે તેવું સત્ય.

**અજર**—જે ઘરડું ન થાય તેવું અખૂટ વચન. સર્વદા યુવાન, વૃદ્ધ ન થાય તેવું, અજર વચન. પરબ્રહ્મને પણ અજર કહેવામાં આવે છે એમ શબ્દચિંતામણિકોષ કહે છે. અહીં સર્વજ્ઞ વચન એવું મજબૂત અને આગળ પાછળથી દલીલયુક્ત હોય કે તે સદા નવપલ્લવિત યુવાન જેવું અને ઘડપણ વગરનું લાગે છે. દેવતા ઘરડા થતા નથી, તેથી તેમને અજર કહેવામાં આવે છે. અહીં તો ઘરડા ન થાય તેવા, અખૂટ, સદા નવીન અને સદા યુવાન વચનને અજરવચન કહ્યું છે.

**અભયકર**—કોઈ પ્રકારનો ભય ન કરનાર વચન. તીર્થંકર મહારાજ કહે તેમાં કોઈ જાતનો ભય ન હોય. અગાઉ કહ્યા છે તે આજીવિકા કે અકસ્માતના સાત પ્રકારના ભયમાંથી કોઈ જાતનો ભય એને અનુસરવામાં પ્રાણીને રહેતો નથી.

**સર્વજ્ઞવાગ્**—સર્વજ્ઞની વાણીરૂપ વચન. એ તો સર્વ વસ્તુ દેખે છે અને જુએ છે, એટલે એ વચન કોઈ જાતની વિરુદ્ધતાને ખમતું નથી. ત્યાં તો સર્વમાન્ય સત્ય હોય છે, ત્રિકાળાબાધિત હોય છે અને એકાંત હિત કરનારું હોય છે.

**રસાયન**—શોધેલ રસ, રસૌષધિવાળી દવા, રસાયણ. મારેલ પારો અથવા ગજવેલ બરાબર ખાવામાં આવે તો તે શરીરને ઘણું મજબૂત બનાવે છે અને રસાયણ લેવાનો

જૈન સાઈટ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉદ્દેશ બરાબર પાર પડે છે. આવા રસાયણ જેવું વચન ધૃતિ, કીર્તિ, કાંતિ, બુદ્ધિ અને લક્ષ્મીને વધારે છે. સર્વજ્ઞનું વચન રસાયણ જેવું છે.

**ઉપનીતમ્**—પાસે આણેલ, તેની નજીકમાં લાવવામાં આવે તો પણ. આવું અવિરુદ્ધ, સર્વજ્ઞ મહારાજે ઉચ્ચારેલું અને સ્વીકારેલું, રસાયણ હોય તેવું વચન નજીક હોય, પાસે લાવવામાં આવ્યું હોય, પોતે તે સાંભળી શકે તેટલા અંતરે વચન પડેલું હોય તો પણ.

**નાભિનન્દન્તિ**—આનંદ પમાડતું નથી. આવું વચન પાસે આવ્યું હોય તો પણ તેઓને, તેવા માણસોને, સંતોષ આપતું નથી. ખુદ તીર્થંકર મહારાજનું વચન હોય, અવિરુદ્ધ હોય, કોઈ જાતના વાંધા વગરનું હોય, બરાબર હોય, અભયને બતાવનારું હોય તો પણ ઉપર વર્ણવ્યા તેવા માણસોને સંતોષ પમાડતું નથી, રાજી કરતું નથી, આનંદ આપનારું થતું નથી. વચન પાસે લાવવામાં આવ્યું તેટલા ખાતર માણસને તે પસંદ આવી જાય છે, એમ જાણવું નહિ. માણસ ઋદ્ધિ, રસ કે શાતાના ગારવમાં પડી જાય છે તો તેને તે વચન આનંદ આપતું નથી. તે માણસ કેવા પ્રકારનો છે તેના ઉપર તેનો આધાર રહે છે. રોહિણીઆ ચોરની પેઠે તે વચન પાસે લાવવામાં આવે તો તે તેઓને ગમતું નથી. સર્વમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવતા હોય છે તેવું સર્વજ્ઞસિદ્ધ વચન પણ ઋદ્ધિ વગેરે ગારવવાળાને પસંદ પડતું નથી, અને એવા વચનથી તેઓ રાજી થતા નથી. આવું જાત્યહેતુસિદ્ધ, દૃષ્ટાંતસિદ્ધ, અવિરુદ્ધ(સંગત), જે પોતે કદી ઘરડું થાય તેવું નથી અને અભયને કરનારું છે તેવું વચન આવી રીતે સંસારરસિક પ્રાણીને ગમતું નથી અને તેને રાજી કરતું નથી. આવી રીતે, જે સંગત હોય, અજર અને અભયંકર હોય તેવું વચન રૂપ રસાયણ પણ ઋદ્ધિ-રસગારવમાં પડેલા માણસને રાજી કરતું નથી. આમાં દોષ વચનનો નથી, પણ પહેલેથી બંધાઈ ગયેલ ગારવોનો દોષ છે. તે હજુ આગળ જતાં સ્પષ્ટ થઈ જશે. (૭૭)

**તેનું દૃષ્ટાંત—**

**यद्वत् कश्चित् क्षीरं मधुशर्करया सुसंस्कृतं हृद्यम् ।**
**पित्तार्दितेन्द्रियत्वाद्वितथमतिर्मन्यते कटुकम् ॥७८॥**

**तद्वन्निश्चयमधुरमनुकम्पया सद्भिरभिहितं पथ्यम् ।**
**तथ्यमवमन्यमाना रागद्वेषोदयोद्वृत्ताः ॥७९॥**

**અર્થ**—જેમ મધ અને સાકરથી સારી રીતે જમાવેલા, હૃદયને વહાલા લાગે તેવા દૂધને પિત્તથી હેરાન થયેલ ઇંદ્રિયપણાના કારણે કોઈ ઊલટાનો કડવું માને છે, તેમ તેઓ રાગદ્વેષના ઉદયથી ઉદ્ધત થઈને, સારા સજ્જન પુરુષોએ સાચા ભાવને જણાવનારાં, સહાનુભૂતિથી કહેલાં, પરિણામે સુંદર વચનોનો, પોતાને લાભ કરનાર અને શાંતિતુષ્ટિ કરનાર હોય તો પણ આદર કરતા નથી. (૭૮–૭૯)

जैन साइट JAINSITE .com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિવેચન—પિત્ત**—વાત-પિત્ત-કફથી શરીરમાં રોગો થાય છે એવો જે દેશી વૈદ્યોનો—આયુર્વેદનો સિદ્ધાંત છે, તેને અનુસરીને પિત્ત જેનામાં વધી ગયેલું છે તેવો માણસ. અર્દિત એટલે વ્યાપ્ત. આ પિત્તપ્રકોપ 'કમળા' નામના વ્યાધિવાળાને સવિશેષ હોય છે. પિત્તનો ઉપદ્રવ થવો તે હિંદુસ્તાનનો પ્રસિદ્ધ વ્યાધિ છે.

**ક્ષીર**—દૂધને. સાકર અને મધ નાંખેલું અને તેને સારી રીતે સંસ્કારવાળું બનાવીને મીઠું રાંધેલું હોય તે પિત્તવાળાને કડવું લાગે અને તેને વમી અથવા થૂંકી નાંખે, તેને તે ભાવે નહિ.

**મધુશર્કરા**—મધ અને સાકર. મધ અને સાકર સાથે રાંધેલી કે ગરમ કરેલી, સંસ્કારવાન કરેલી ચીજ પણ પિત્તથી પીડા પામનારને ગળી લાગતી નથી, પણ કડવી લાગે છે, કારણ કે એનો પિત્તદોષ એને કોઈ વસ્તુ ગળી લાગવા દેતો નથી, એને તો ગળી સાકર જેવી કે મધ જેવી અથવા બન્ને (મધ અને સાકર) સારી રીતે ભેળવેલી ચીજ પણ કડવી લાગે, તેમ ઋદ્ધિ, રસ કે શાતાગારવથી જે પ્રાણી પીડાય તેને જે દુઃખરૂપ છે તે સુખરૂપ લાગે છે.

**સુસંસ્કૃત**—ઘી, તેલ, મસાલા વગેરે નાંખી સુધારેલ વસ્તુ. સારી રીતે સાકર અને મધ નાંખી આકારવાળું રાંધેલ અન્ન અથવા દૂધ જેવી વસ્તુ.

**હૃદ્યમ્**—હૃદયને ગમે તેવું. સારી રીતે રાંધેલું, સંસ્કારવાન અને મધ અને સાકર ભેળવેલું દૂધ હૃદયને વહાલું હોય, પણ પિત્તપ્રકોપવાળા મનુષ્યને તે કડવું લાગે છે.

**વિતથ**—ખોટું, અસત્ય, મિથ્યા. એટલે જે પ્રાણી પિત્તના પ્રકોપથી સાકર જેવા ગળ્યા અને સાથે મધ ભેળવેલા ગળ્યા પદાર્થને પણ કડવો ભાળે છે, જુએ છે અને તેના તરફ તેની પ્રીતિ થતી નથી, તેને સાકર અને મધ ભેળવેલા પદાર્થો પણ કડવા ઝેર જેવા લાગે છે, તેમ મોહના આવેશમાં અને સંસારમાં રાગદ્વેષથી ઘેરાઈ ગયેલા પ્રાણીને શું થાય છે તે હવે પછી કહેશે.

**કટુક**—કડવું. કટુક એટલે રાઈ, મેથી જેવા સ્વાદવાળી તીખી અથવા કડવી ચીજ.

આ ગાથામાં તો પ્રાણીનું વર્તન માત્ર આપ્યું છે, તેને શું થાય છે તે આવતી ગાથામાં કહેશે. આ ગાથામાં પ્રાણીનું વર્ણન કરવામાં આવ્યું છે તે બરાબર આપણને લાગુ પડતું છે અને તે પોતાને કેટલું લાગુ પડે છે તે જોવું.

**નિશ્ચય મધુર**—ચોક્કસ મધુર, પરિણામે સુંદર. એવું જે વચન તેઓને માટે સજ્જન પુરુષો કહે છે તે વચન ઉપર ઉપરથી મધુર-મીઠું લાગે તેવું ન હોય, પણ પરિણામે તેઓને ખાસ સ્થાયી લાભ કરનાર હોય. કેટલાંક વચન દેખાવમાં તો મીઠાં હોય છે, પણ પરિણામે તેવાં વચન લાભ કરનાર નીવડતાં નથી. સજ્જન પુરુષોનું એ લક્ષણ છે કે તેઓ

જૈન સાઈટ JAINSITE.com જૈનમ જયતિ શાસનમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરિણામે સારું થાય અને લાભ કરાવી આપે તેવું જ વચન બોલે. તેઓ પ્રાણીઓનો તાત્કાલિક લાભ જોતા નથી, પણ પરિણામે મીઠું નીકળે તેવું જ વચન બોલે છે. તેઓના વચનનો એ પ્રભાવ સ્વભાવસિદ્ધ હોય છે. તેઓ પ્રાણીને સારુ લગાડવા કાંઈ બોલતા નથી. પણ તેમના વચન પ્રમાણે વર્તન થાય તો પરિણામે અંતે લાભ જ થાય છે. આવું 'નિશ્ચય મધુર' વચન કાઢવું તે સજ્જન અને બુદ્ધિમાન માણસોથી જ બની શકે છે. ગમે તેવા લેભાગુ તો પ્રાણીને રાજી કરવા વચન બોલે છે, પણ ખરા સજ્જન તો પ્રાણીનું અંતિમ પારિણામિક સ્થાયી હિત ક્યાં થાય અને કેવી રીતે થાય તે દર્શાવતું જ વચન બોલે છે. પરિણામે સુંદર હોય તેવું વચન સારું ગણાય છે; પરિણામે એટલે છેવટે, અંતે જતાં. એકલું સામાને સારું લાગે તેવું બોલનારા તો ઘણા હોય છે, પણ જે વચન અંતે જતાં પરિણામે સારું કરે તેવું ન હોય, માત્ર વહાલું લાગે તેવું હોય, તે વચન નિશ્ચય મધુર કહેવાતું નથી. તેટલા માટે વચન બોલતી વખતે સામાને—સાંભળનારને વહાલું લાગે તેવું કે ખુશી કરે તેવું વચન હોવા ઉપરાંત તે તેને—સરવાળે—અંતે આખરે જતાં લાભકારી હોવું જોઈએ. તેટલા માટે કહ્યું છે કે વચનનું સત્ય, પ્રિય, હિત, મિત અને તથ્ય હોવું જરૂરી છે. એમાં જે હિત નામનો ત્રીજો વિભાગ કહ્યો તે મુજબ વચન પરિણામે હિત કરનાર, તે સાંભળનારનું ભલું કરનાર હોવું જોઈએ. આ સાદી સરળ વાત કરી. વચન કેવું વાપરવું જોઈએ, કેવું બોલવું જોઈએ તે પણ આડકતરી રીતે જણાવી દીધું. મધુ-સાકર પણ પિત્ત દોષથી કડવાં લાગે તે દૃષ્ટાંત અત્ર બતાવાય છે.

**અનુકંપા**—કૃપા. મહેરબાની કરી સંત પુરુષો-સજ્જનો બોલે તેવી વાત. આ કૃપા એ ઘણી અગત્યની વસ્તુ છે. સારા માણસો બોલે છે તે બીજા ઉપર કૃપા કરવા માટે જ બોલે છે, બોલવા ખાતર કે પોતાના સંતોષ ખાતર કદી બોલતા નથી.

**સદ્ભિ**—સારા માણસ, સજ્જન પુરુષો, સંત પુરુષો. સારા માણસો વિના લાભે કદી બોલતા નથી. मुखमस्ति इति वक्तव्यम् 'મુખ છે માટે કાંઈ તો બોલવું જોઈએ' એ ધોરણે કદી બોલતા નથી. સજ્જન પુરુષો તો સામાને પરિણામે હિતકારક, અતિશયોક્તિ વગરનું અને તેને ગમે તેવું અને સંપૂર્ણ સત્ય વચન બોલે છે.

**રાગદ્વેષોદયોદ્‌વૃત્તા**—રાગદ્વેષથી લેવાઈ ગયેલા. રાગદ્વેષથી તણાઈ જઈ સામાન્ય માણસો ગમે તે બોલી નાખે છે અને સાંભળનારનો સ્વાર્થ ધ્યાનમાં લેતા નથી. પોતાના રાગદ્વેષથી તેઓ તણાઈ જઈ સ્વચ્છંદાચારી બની જાય છે. તેઓ પોતાના વિચાર રાગ-દ્વેષને આધીન રહી કરે છે. અથવા સામા સાંભળનાર તરફના રાગદ્વેષથી ખેંચાઈ જાય છે. અને તે બન્ને પ્રકારના મનોવિકારને આધીન રહી વચન કાઢે છે. જેમ મોહથી હત થયેલો પ્રાણી અજ્ઞાન કે પોતાના બાંધેલા વિચાર અનુસારે વચન કાઢે છે તેમ આવા રાગદ્વેષથી રંગાયલા સ્વચ્છંદાચારી માણસો ભડભડીયા તરીકે મનમાં આવે તેવું બોલી દે છે અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પછી તેમને પસ્તાવો થાય છે તો આવા રાગદ્વેષથી ભરેલા સ્વચ્છંદાચારીનો પસ્તાવો પણ અર્થ વગરનો થઈ પડે છે.

**તથ્ય**—યોગ્ય અને સાચું. એવા સંતપુરુષોની નજરે સાચી વાત પણ સામાનું હિત કરનારી નજરે જ બોલાતી હોય છે. તેઓ જેવી હોય તેવી સત્ય વાત પણ સામાના લાભની કે હિતની ખાતર જ બોલે છે. તેઓ મનમાં આવે તેવું લવનારા અને મગજમાં આવે તેવું બોલનારા હોતા નથી, પણ સામાના હિતને નજરમાં રાખી, એને પરિણામે હિત થાય તેવી જ ભાષા વાપરે છે.

રાગદ્વેષના ઉદયથી અવળે માર્ગે વળેલા જનો સદ્ગુરુનાં કે સજ્જનોનાં અનુકંપાથી બોલાયેલાં, પરિણામે હિતકર, નિશ્ચય મધુર, સત્ય વચનોને અવગણે છે અર્થાત્ ગ્રહણ કરતા નથી જેમ પિત્તના પ્રકોપવાળી વ્યક્તિ મધુર ગળ્યા દૂધને કડવું ગણી ગ્રહણ કરતી નથી તેમ. આવા પુરુષો કેવા હોય છે અને શું કરે તે હવે કહેવામાં આવશે. જુઓ નીચેની એંશીમી ગાથા (૭૯).

### તેવા મનુષ્યોને શું થાય ?

જૈન સાઈટ JAINSITE.com

**जातिकुलरूपबललाभबुद्धिवाल्लभ्यकश्रुतमदान्धाः ।**
**क्लीबाः परत्र चेह च हितमप्यर्थं न पश्यन्ति ॥८०॥**

**અર્થ**—જાતિ, કુળ, રૂપ, બળ, લાભ, બુદ્ધિ, વલ્લભતા અને શ્રુત(જ્ઞાન)ના મદથી અંધ થયેલા તેઓ નામર્દ થઈ પરભવે અને આ ભવે પોતાનું પરમ હિત થાય તેવી બાબતોને જોતા નથી. (૮૦)

**વિવેચન**—૧. જાતિ, ૨. કુળ, ૩. રૂપ, ૪. બળ, ૫. પોતાને થતો અથવા પોતે જમાવેલ લાભ, ૬. પોતાની બુદ્ધિ, ૭. પ્રિયતા (વાલ્લભ્ય) અને ૮. પોતાનું જ્ઞાન—આ આઠ મદના તેઓ ભોગ બનીને પોતાને આ ભવ અને પરભવમાં શાથી સુખદુઃખ થાય છે તે જોતા નથી. પણ પોતાની હોશિયારીમાં જ મોજ માણ્યા કરે છે અને જાતિ, કુળ, પ્રિયત્વ વગેરે પોતાને મળ્યા છે તે માટે પોતાની જાતને જ પ્રવીણ માને છે અને તેની સર્વ આવડત અક્કલ પોતામાં કેન્દ્રિત થયેલી છે એમ સમજીને કામ લે છે. આ રીતે આઠ મદસ્થાનોને ગણાવ્યા અને હવે તે આઠ મદ પર વિવેચન ચાલશે.

**અન્ધા**—આંધળા થઈને. પુરુષ મદથી આંધળો થઈ જાય છે. એ કાંઈ દેખતો ન હોય તેમ મદથી વર્તે છે. મદાન્ધ અને આંધળા ન દેખી શકે તેમાં બહુ ફેરફાર નથી. મદાન્ધ એટલે મદથી અંધ થયેલાને તેટલા માટે આંધળા કહેવામાં આવે છે. તેઓને આંખ હોવા છતાં અંધ પુરુષની જેમ તેઓ વર્તે છે. આંધળો જેમ સાચું-સારું કાંઈ જાણતો



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેખતો નથી તેમ પોતાના કુળ, જાતિ, રૂપ, બળ, બુદ્ધિ અને જ્ઞાનના મદથી અંધ થયેલા પુરુષો પોતાની જાતને જ જુએ છે, તે મય જાણે દુનિયા હોય એમ જાણે છે, બીજાને કે બીજી વસ્તુને જાણતા-દેખતા નથી. આ આઠે મદ પર હવે વિસ્તાર કરવાનો હોવાથી અત્ર તેના પર કાંઈ લખ્યું નથી. પણ આવા મદ આઠ પ્રકારના છે અને માણસ તેમનાથી અંધ બની જાય છે તે અત્ર પ્રસ્તુત છે.

**વાત્સલ્યમ્**—હારીભદ્રીય ટીકામાં આ શબ્દનો અર્થ પ્રિયત્વ કર્યો છે. આપણે એને આઠ મદમાં લાવવા માગીએ છીએ એટલે એનો અર્થ પોતાની ઋદ્ધિનો મદ એવો અર્થ કરવો પ્રાસંગિક થઈ પડશે.

**શ્રુત**—વિદ્યા, આગમ. આગળ તેના ઉપર વિવેચન થવાનું છે. અત્ર તો તેનો શબ્દાર્થ જ કર્યો છે. વિદ્યાના મદમાં સ્થુલિભદ્રનું દષ્ટાંત યોગ્ય સ્થાનકે આવશે.

**કલીબ**—નપુંસક, અતૃસાઃ—આવો અર્થ ટીકાકાર કરે છે. શબ્દચિંતામણિકોશકાર તેનો અર્થ અશક્ત, નિર્વીર્ય, બાયલો એવો કરે છે. આવા હીનસત્ત્વ, નપુંસક, અશક્ત લોકો જ્ઞાનીની વીતરાગવાણીને ઓળખતા નથી અને અંધ પુરુષની માફક વર્તન કરે છે. આંધળો જેમ વસ્તુ શોધવાના ફાંફાં મારે તેમ તેઓ પોતાને પરમ અને આખરે હિતકારી શું છે તે શોધી જાણી શકતા નથી. આપણે આઠે મદ વિચારશું ત્યારે એક એક અથવા વધારે મદથી પ્રાણી કેટલો અંધ થાય છે તે જણાશે. અને તેવા માણસો અશક્ત તેમ જ નપુંસકની પેઠે ફાંફાં મારે તે વાત તદ્દન યોગ્ય છે.

**પરત્ર**—પરભવના વિષયમાં. આવા લોકો આ ભવના વિષયમાં અને પરભવના સંબંધમાં આંધળા તેમ જ અશક્તની પેઠે વર્તે છે અને જ્યારે ત્યારે પોતાના મદને આધીન થઈ આંધળાની જેમ દશ દિશાએ આ ભવ સંબંધમાં અને પરભવ સંબંધમાં ફાંફાં મારે છે. અભિમાની માણસો પોતાની જ વાત કરે છે અને જાણે સામા માણસો આંધળા હશે એમ ધારી ખોટું વર્તન કરે છે, પણ અંતે ફસાઈ જાય છે. પણ ખરી સમજણ એમને એટલી મોડી પ્રાપ્ત થાય છે કે તે દરમ્યાન તો તેઓ આંધળા માફક જ વર્તે છે.

**બુદ્ધિ**—આમાં હારીભદ્રીય ટીકાનુસાર ચાર પ્રકારની બુદ્ધિ છે. ઔત્પાતિકી બુદ્ધિ (કુદરતી બુદ્ધિ), વૈનયિકી બુદ્ધિ એટલે કોઈ મોટા પુરુષનો વિનય કર્યો હોય તેથી પ્રાપ્ત થયેલી બુદ્ધિ, ત્રીજી કાર્મણી બુદ્ધિ એટલે એકનું એક કામ વારંવાર કરવામાં આવે તેથી થતી બુદ્ધિને કાર્મણી બુદ્ધિ કહેવામાં આવે છે, પારિણામિકી બુદ્ધિ એ ચોથી બુદ્ધિ વયના પરિપાકપણાથી—અનુભવથી પ્રાપ્ત થાય છે. આ ચાર બુદ્ધિ અથવા એકકે પોતાને પ્રાપ્ત થઈ હોય તેનું અભિમાન કરવું તે આઠ મદસ્થાનમાં એક છે. આપણે એ બુદ્ધિમદ પર હવે પછી વિવેચન વિચારીશું. (જુઓ ગાથા ૯૧ અને ૯૨)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**હિતમ્**—અહીં ખરેખરું સ્થાયી હિત, ઉપર ચોટિયું હિત નહિ. ચાર દહાડા સારું લાગે અને પછી હતી તેની તે સ્થિતિ થઈ જાય તે હિતકારક તે દૃષ્ટિએ ન ગણાય એમ સમજવું.

**ન પશ્યન્તિ**—દેખતા નથી. તેઓ મદમાં આંધળા થઈ જાણે દારૂના કેફમાં હોય તેમ પોતાનું સ્થાયી ટકાઉ હિત જોઈ શકતા નથી, દેખતા નથી, અવલોકતા નથી. (૮૦)

**જાતિમદ પર પ્રકાશ—**

> **ज्ञात्वा भवपरिवर्ते जातीनां कोटिशतसहस्रेषु ।**
> **हीनोत्तममध्यत्वं को जातिमदं बुधः कुर्यात् ? ॥८१॥**

**અર્થ**—સંસાર ચક્કરમાં જાતિઓ કરોડો સેંકડો અને હજારો હોવાથી, કોઈ વખત હીનપણું મળે, કોઈ વખત ઉત્તમપણું મળે, કોઈ વખત મધ્યમપણું મળે, એમાં કયો ડાહ્યો માણસ અભિમાન કરે ? (૮૧)

**વિવેચન**—અહીં 'ધારણાર્થં અધિકારદ્વયમ્' એવો શબ્દ વાપરીને જાણે હવે નવું પ્રકરણ 'આઠ જાતિમદસ્થાનો' નામનું આ શ્લોકથી શરૂ થાય છે એમ કોઈ ટીકાકારો માને છે. મારે મન તો વિષયકષાયનું આ પ્રકરણ ચાલુ જ છે, એટલે એ પૂરું થતાં શ્લોક ૧૧૧મે અથવા ત્યાર પછી હું પ્રકરણ પૂરું કરીશ. અહીં પ્રકરણ ફેરવવું એ અત્યાર સુધીનો વિષય જોતાં મને બિનજરૂરી લાગે છે. તેથી એ વર્ણનને હું તે બાબતમાં અનુસર્યો નથી.

**પરિવર્ત**—આ જીવ તો કોઈ વખત ફરતાં ફરતાં નારકી ગતિમાં ગયો, કોઈ વાર ગધેડો કે શિયાળવો થયો, કોઈ વખત ઘુવડ થયો. આવા ચક્કરમાં ફરતો ફરતો અનેકવાર આવ્યો છે. શાસ્ત્રકાર કહે છે કે જ્ઞાનીના વચન પ્રમાણે આ જીવે દરેક જાતિમાં, દરેક યોનિમાં અને દરેક સ્થાનમાં ભારે હળવાં કુળ કર્યાં છે. એ અધમ જાતિમાં અને બધી જાતિઓમાં ગયો છે.

**જાતિમદ**—હું અમુક જાતિમાં જન્મ્યો છું, હું બ્રાહ્મણ છું કે ક્ષત્રિય છું કે વાણિયો છું એવું અભિમાન તે જાતિમદ પ્રથમ મદ છે. મદનાં આઠ સ્થાનો અહીં બતાવ્યાં છે. તેમાં જાતિનો મદ પહેલો કહ્યો છે. પોતે બ્રાહ્મણ–ક્ષત્રિયાદિ જાતિમાં ઉત્પન્ન થયો તે વાતનું અભિમાન ધરવું તેનું નામ જાતિમદ કહેવાય. પોતે બ્રાહ્મણાદિ ઉત્તમ જાતિમાં ઉત્પન્ન થવું તે કાંઈ મદ નથી, પણ તે વાતનું અભિમાન કરવું અને 'બ્રાહ્મણિયા મત થોડી, લીધી ભેંસ ને વેચી ઘોડી' એમ વાણિયા બોલે અને પોતાની જાતિને બ્રાહ્મણની જાતિ કરતાં પણ ઉત્તમ મનાવવા પ્રયત્ન કરે તે જાતિમદ કહેવાય. મતલબ કે પોતે જે જાતિમાં ઉત્પન્ન થયો હોય તે જાતિનું કોઈપણ પ્રકારે અભિમાન દાખવે તે જાતિમદ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**હરિકેશી**—આપણે વાર્તામાં વાંચીએ છીએ કે હરિકેશી જાતના ચંડાળ હતા. તે ચંડાળના કુળમાં ઉત્પન્ન થયા કારણ કે આગલે ભવે એમણે જાતિમદ કર્યો હતો. જાતિમદને પરિણામે તે બીજે ભવે ચંડાળપણું–નીચપણું પામ્યા. આ એક સમજવા લાયક દાખલો છે. માણસ જ્યારે પોતાની જાતિના કે પોતાના બ્રાહ્મણ–વાણિયાપણાના વખાણ કરવા લાગે છે ત્યારે તેને પોતાની જાતિ જ ઉત્તમ લાગે છે અને પોતાના વખાણ કરવા મંડી જાય છે અને પોતાની બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્યપણાની જાતિ ઘણી ઉત્તમ છે, સર્વમાં સારી છે, એમ તે સ્થાપન કરવાનો પ્રયત્ન કરે છે. પરિણામે, બીજે ભવે આવા મદ કરનારને અધમ જાતિ પ્રાપ્ત થાય છે અને જે તેનામાં પોતાની જાતિ માટે અભિમાન હતું તે મૂકી દેવું પડે છે. એટલે જાતિ, લાભ, કુલ, ઐશ્વર્ય, તપ, રૂપ, બળ અને શ્રુત (જ્ઞાન) એમનું અભિમાન કરવાથી એ હલકા અને તુચ્છ પ્રકારના બીજે ભવે માણસને મળે છે: આમ ઉચ્ચ જાતિમાં જન્મ થવાથી નીચ જાતિમાં જવાનું થતું નથી, પણ તેનું અભિમાન કરવાથી પરભવમાં તે હીન–અધમ મળે છે. આવા ઘણા દાખલા છે. પ્રાણી જ્યારે પોતાની જાતિનો અહંકાર કરે છે ત્યારે તે પોતાની જાતિના મોહમાં પડી રાગદ્વેષ કરી પોતાની જાતિના વખાણ કરવા મંડી જાય છે અને બધો વિવેક ભૂલી જઈ પોતે જે જાતિનો હોય તે જ જાતિ ઊંચી છે એમ બતાવવા પ્રયત્ન કરે છે.

**કોટિશતસહસ્ર**—કરોડ, સો અને હજારો જાતિઓ, એકેંદ્રિયથી માંડીને પંચેદ્રિયમાં છે. માણસોમાં પણ જાતિઓનો પાર નથી; બ્રહ્મક્ષત્રિય, ખત્રી, કોળી, મોચી વગેરે અનેક જાતિઓ છે. મારી યાદ પ્રમાણે સરકારે એક વખત ગુજરાતની જાતિઓ ગણી તો તે આઠ હજાર ઉપરાંત થઈ, એવો રિપોર્ટ વાંચ્યાનું યાદ છે. એટલે જાતિઓ કરોડો, લાખો અને હજારો છે. એમાં જ્યારે એકેંદ્રિયની વનસ્પતિ આદિની જાતિઓ ઉમેરવામાં આવે અને બેઇંદ્રિયો શંખની, કોડાની એમ અનેક જાતિઓ ગણવામાં આવે, તથા તેમાં તેઇંદ્રિય (સ્પર્શ, રસન અને ઘ્રાણઇંદ્રિયોવાળા) જીવો જેવા કે ઇંદ્રગોપ અને માંકડની જાતિઓનો ઉમેરો કરવામાં આવે અને તેમાં ચૌરિંદ્રિય(સ્પર્શન, રસન, ઘ્રાણ અને ચક્ષુ)ના જીવો વીંછી, ભમરી, તીડનો પણ સમાવેશ કરવામાં આવે, અને પંચેંદ્રિય તિર્યંચના જળચર પ્રાણીઓ, સ્થળચર પ્રાણીઓ અને ખેચર પક્ષીઓની અનેક જાતિઓને ઉમેરવામાં આવે ત્યારે કરોડોની સંખ્યામાં જાતિઓ આવે. આપણે તો સર્વ જાતિમાં ઉછર્યા છીએ, અને ભમ્યા છીએ, કારણકે જેઓ જાણી શકયા છે તેમણે કહ્યું છે કે 'તેવી કોઈ જાતિ નથી, તેવી કોઈ યોનિ નથી, અને તેવું કોઈ સ્થાન નથી અને તેવું કોઈ કુળ નથી જ્યાં આ જીવ અનંત વખત ન ગયો હોય.' એટલે નીચ હલકી જાતિમાં અનંતવાર આ જીવ જઈ આવ્યો છે અને અનંતનો જે ખ્યાલ ચોથા કર્મગ્રંથમાં આપ્યો છે તે છક્કડ ખવરાવે તેવા પ્રકારનો છે. જો આ વાત ખરી હોય અને આપણો અત્યારનો અનુભવ જોતાં એ

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાત ખોટી હોય એમ માનવાનું કાંઈ કારણ નથી, તો આપણે અમુક જાતિ માટે અભિમાન કરવું કઈ રીતે યોગ્ય કે ઉચિત ગણાય?

આપણે ક્યાં નથી ગયા? અને શું નથી થયા? તો પછી આપણે આ ભવમાં જે જાતિમાં જન્મ્યા હોઈએ તેનું અભિમાન શેનું કરવું? આપણે પોતે બધે ગયા છીએ અને બધી જાતિમાં ફર્યા છીએ. આ વખતે અમુક જાતિ મળી તેનું અભિમાન કરવું તે ઉચિત નથી. અભિમાન તો કદાચ તે જાતિમાં ન ગયેલાને ઘટે, જો કે તેણે તેમ કરવું યોગ્ય નથી.

**હીનઉત્તમમધ્યત્વં**—આપણે તો જાતિની અંદર પણ હીનપણું (અધમપણું), મધ્યમપણું અને ઉચ્ચપણું અનંતવાર પામ્યા છીએ તેથી આ વખત કદાચ કોઈ જાતિમાં ઉત્તમપણું પામીએ તો તે વાતનું અભિમાન કરવું, તે વાતની બડાઈ કરવી યોગ્ય નથી.

**બુધ**—ડાહ્યો માણુસ. આ સ્થિતિ હોવાથી કયો ડાહ્યો માણુસ-સમજુ માણુસ જાતિનું અભિમાન કરે? આવું અભિમાન કરનાર સમજુ માણુસ ન હોય. એમાં અભિમાન કરવા જેવું કાંઈ નથી.

પોતે જેને અધમ જાતિ કહેતો હોય તેવી વાળંદ, કાછીઆ, મોચીની જાતિમાં પણ આ જીવ અનેકવાર જઈ આવ્યો છે ત્યારે એણે જાતિમદ કરવો કેમ ઘટે? અને તે કરનાર સમજુ માણુસમાં કેમ ગણાય? પોતે બધી ચારે ગતિમાં સર્વ ઉચ્ચ, મધ્યમ અને નીચ જાતિ પામ્યો છે તેની એને ખબર નથી. અત્યારે સારી જાતિમાં હોય તો પણ પોતાની અગાઉની સર્વ પ્રકારની જાતિ યાદ કરે તો એને સમજ પડે કે એ બાબતનું ગૌરવ લાજિમ નથી. તેથી ડાહ્યા માણુસ તરીકે ગણના થયેલી હોય તો તેણે જાતિમદ કરવો ઉચિત નથી. (૮૧)

## કોઈની જાતિ એકસરખી રહેતી નથી—

**नैकान् जातिविशेषानिन्द्रियनिर्वृत्तिपूर्वकान् सत्त्वाः ।**
**कर्मवशाद् गच्छन्त्यत्र कस्य का शाश्वती जातिः ? ॥८२॥**

**અર્થ**—અનેક જાતિવિશેષમાં જે કરતી વખતે ઇંદ્રિયોને બનાવવામાં અને ઘડવામાં પૂર્વકાળે આવે છે તેવી જાતિઓમાં, પ્રાણીઓ કર્મવશપણાને લઈને જાય છે; તેમાં કયા માણુસની અથવા કોની જાતિ એકસરખી શાશ્વત-સ્થિર રહે છે? (૮૨)

**વિવેચન : નૈકાન્**—આ માણુસ અનેક જાતિ પામે છે. ઉપરની વ્યાખ્યાએ આ પ્રાણી બધી જાતિમાં જઈ આવ્યો છે, તેની કાંઈ એક જાત નથી, અનેક લાખો કરોડો બધી જાતિઓ છે. નૈકાન્ એટલે એકથી વધારે. આ પ્રાણી તો બધી જાતિમાં જઈ આવ્યો છે, એટલે એની એક જાતિ નથી તે આપણે આગળ જોઈશું.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઇંદ્રિય—આ જીવોને, આ મનુષ્યોને પોતાપોતાને યોગ્ય પર્યાપ્તિઓ હોય છે. એ પર્યાપ્તિ પૂરી કરે ત્યારે તે પર્યાપ્તો–લબ્ધિપર્યાપ્તો કહેવાય છે. તેમાં એક ઇંદ્રિયવાળાને ચાર પર્યાપ્તિ હોય છે. વિકલેંદ્રિય (એટલે બે કે ત્રણ કે ચાર) ઇંદ્રિયવાળા જીવને પાંચ પર્યાપ્તિ હોય છે અને સંજ્ઞી પંચેંદ્રિય જીવોને છ પર્યાપ્તિ હોય છે, તે આ પ્રમાણે— ૧. આહાર. ૨. શરીર. ૩. ઇંદ્રિયો અથવા ઇંદ્રિય. ૪. શ્વાસોચ્છ્વાસ. ૫. ભાષા. ૬. મન. આ છ પર્યાપ્તિ છે. ભવાંતરની ઉત્પત્તિને સમયે દરેક જીવમાં જે શક્તિ વડે આહાર લઈને તેને પરિણમાવવાની જે વિશેષ શક્તિ હોય છે તે આહારપર્યાપ્તિ પ્રથમ. આ પર્યાપ્તિનું લક્ષણ પરિણમન–નિર્વર્તન છે, જેમ દૂધમાં શ્વેતતા અને સ્નેહતા બન્ને છે તે પ્રકારે. ત્યાર પછી બીજી શરીરપર્યાપ્તિ છે. તૈજસ–કાર્મણ શરીર કે જે તેની સાથે જાય છે તેનાથી તેને પરિણમન કરવાની શક્તિ મળે છે. આ શક્તિથી આહાર લઈને પછીને સમયે શરીરને બાંધે છે. તે બીજી શરીરપર્યાપ્તિ જાણવી. અને પછી એકેંદ્રિય થયો હોય તે એક સ્પર્શન ઇંદ્રિય, બેઇંદ્રિયમાં ગયો હોય તે સ્પર્શ ઉપરાંત બીજી રસનેંદ્રિય, તેઇંદ્રિય થયો હોય તો સ્પર્શન, રસન (જીભ) અને ત્રીજી ઘ્રાણ (સુંઘવાની ઇંદ્રિય) એમ ત્રણ હોય છે ચૌરિંદ્રિય જીવોને ચાર ઇંદ્રિય હોય છે. (સ્પર્શન, રસન, ઘ્રાણ અને ચોથી ચક્ષુ–જોવાની ઇંદ્રિય) અને પંચેંદ્રિય જીવોને–તિર્યંચ, નારકી, દેવો અને મનુષ્યને સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને કાન (શ્રોત્ર) એમ પાંચ ઇંદ્રિય હોય છે. તે જે જાતિમાં ગયો હોય તદ્યોગ્ય ઇંદ્રિય બાંધવી તેને ત્રીજી ઇંદ્રિયપર્યાપ્તિ કહે છે. એ ઇંદ્રિયપર્યાપ્તિ ન બાંધે ત્યાં સુધી કરણઅપર્યાપ્તો કહેવાય છે. અને ત્રણ પર્યાપ્તિ પૂરી કરે ત્યારે તે 'કરણપર્યાપ્તો' કહેવાય છે. સ્વયોગ્ય કુલ બધી પર્યાપ્તિ બાંધે ત્યારે તે લબ્ધિપર્યાપ્તો કહેવાય છે, અને ત્યાં સુધી તે લબ્ધિઅપર્યાપ્તો કહેવાય છે. એક જીવ કરણપર્યાપ્તો હોય, છતાં તે લબ્ધિ-અપર્યાપ્તો હોઈ શકે છે, કારણ કે એકેંદ્રિયને પણ ઓછામાં ઓછી ચાર પર્યાપ્તિ હોય છે. અને બેઇંદ્રિય, તેઇંદ્રિય જીવોને તથા ચૌરેંદ્રિય જીવોને ઓછામાં ઓછી પાંચ પર્યાપ્તિ હોય છે. આ બે–ત્રણ અને ચાર ઇંદ્રિયવાળા જીવોને વિકલેંદ્રિય કહેવામાં આવે છે. શરીર પહેલાં આહારપર્યાપ્તિ પ્રથમ કહેવાનું કારણ એ છે કે તૈજસ અને કાર્મણ શરીર તથા તદ્ભવયોગ્ય આયુષ્ય પરભવ જતાં પણ સાથે જાય છે, જીવનાં એ સહચારી છે, તે માટે તે શરીરના બળે આહારપર્યાપ્તિ પ્રથમ કરીને પછી ભવયોગ્ય ઔદારિક કે વૈક્રિય શરીર કરીને શરીરપર્યાપ્તિ કરે. પછી ઇન્દ્રિયપર્યાપ્તિ કરે છે. ત્યાર પછી ચોથી શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ કરે, પછી પાંચમી ભાષા, અને ત્યાર પછી છઠ્ઠું મન માત્ર સંજ્ઞી પંચેંદ્રિય જીવ બાંધે. એ રીતે છ પર્યાપ્તિ અનુક્રમે બાંધે. આ પર્યાપ્તિનો વિષય જેમને બરાબર ન સમજાય તેમણે અને કદાચ શંકા થાય કે વિકલેંદ્રિય એટલે ન્યૂન ઇંદ્રિયવાળા તો એકેંદ્રિયો પણ છે છતાં તે શા માટે વિકલેંદ્રિય કહેવાતા નથી તો તે માટે નવતત્ત્વની છઠ્ઠી ગાથા જોવી, તેના ખુલાસામાં આ બાબતનો પણ ખુલાસો મળી આવશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ઇંદ્રિયનિર્વૃત્તિપૂર્વક**—કરણ—ઇન્દ્રિયનિર્વૃત્તિઃ પૂર્વં યેષાં. એટલે પોતાને યોગ્ય પર્યાપ્તિ બાંધે તેમાં કરણ સુધીની પ્રત્યેક પર્યાપ્તિ આગળ હોય જ. એટલે ત્રણ પર્યાપ્તિ અને ચોથી સ્વયોગ્ય ઇંદ્રિયો એટલે એકેંદ્રિયને એક સ્પર્શન, બેઇંદ્રિયને સ્પર્શન સાથે રસન, તેઇન્દ્રિયને સ્પર્શન, રસન અને ઘ્રાણ, ચૌરેંદ્રિયને સ્પર્શન, રસન, ઘ્રાણ અને ચક્ષુ (જોવાની) અને પંચેંદ્રિયને પાંચે ઇન્દ્રિયો સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એ રીતે ઇંદ્રિયો બંધાય. એ બંધાય ત્યારે જીવ—પ્રાણી કરણપર્યાપ્તો કહેવાય છે.

**કર્મવશાત્**—આ પ્રમાણે એકેંદ્રિયથી માંડીને પંચેંદ્રિય સુધીની વિવિધ જાતિઓમાં આ જીવ કર્મને વશ થઈને જાય છે. કર્મો જે પૌદ્ગલિક છે તે આ પ્રાણીને તે તે ગતિમાં લઈ જાય છે અને આત્મા એવી રીતે કર્મને વશ પડી જાય છે. કર્મને અધીન રહીને તે સાત લાખ પૃથ્વીકાય, સાત લાખ અપ્કાય, સાત લાખ તેઉકાય અને સાત લાખ વાઉકાય અને દશ લાખ પ્રત્યેક વનસ્પતિકાય, ચૌદ લાખ સાધારણ વનસ્પતિકાય, બે લાખ બેઇન્દ્રિય, બે લાખ તેઇંદ્રિય, બે લાખ ચૌરિંદ્રિય, ચાર લાખ દેવયોનિ, ચાર લાખ નારકી અને ચાર લાખ તિર્યંચ પંચેંદ્રિય અને ચૌદ લાખ મનુષ્યયોનિમાં ઉત્પન્ન થાય છે. આ ચોરાશી લાખ જીવયોનિ છે. ઉત્પત્તિસમયના જુદા જુદા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શને એક જીવયોનિ ગણવામાં આવે છે. આવી રીતે કર્મે કરી પ્રાણી જુદી જુદી યોનિમાં જાય છે. આ પ્રમાણે એવું કોઈપણ સ્થાન નથી, એવી કોઈ યોનિ નથી જ્યાં પ્રાણી અનંતવાર મરણ પામ્યો ન હોય. એટલે એમાં એક જાતિ ક્યાં રહી? કર્મવશ પડીને એ ગમે ત્યાં જાય છે, ચોરાશીલાખ જીવયોનિઓમાં ભમે છે, ફરે છે, તો એમાં અમુક યોનિમાં રાચવું એ એના ભૂલભરેલા વિચારો છે.

**શાશ્વતી**—સર્વકાળમાં ટકે તેવી તેની જાતિ કઈ છે? આજે એ ભાજી થયો તો કાલે મૂળો થશે. અને આજનો બ્રાહ્મણ કાલે ક્ષત્રિય કે ચંડાળ થશે. જો ઠરીઠામ રહેવાનું નથી, તો એક સ્થાયી, નિશ્ચળ જાતિ જ ક્યાં રહી?

**ગચ્છંતિ**—જાય છે. કર્મ એને જ્યાં લઈ જાય ત્યાં એ પ્રાણી જાય છે.

જો જાતિ શાશ્વતી હોય, હંમેશા ટકી જવાની હોય, પોતે કાં તો ચંડાળાદિ અધમ જાતિમાં ગયો ન હોય કે જવાનો ન હોય તો તો કદાચ એનું અભિમાન વાજબી ગણાય. પણ એવું કાંઈ છે જ નહિ. અને તે ટકાનો ત્રણશેર વેચાયો છે અને ઉપર મફત પણ અપાયો છે. ત્યારે એનામાં જરાસરખું ડહાપણ હોય તો એણે પોતાની જાતિનો મદ કરવો યોગ્ય નથી. (૮૨)

**કુળમદ**—

रूपबलश्रुतिमतिशीलविभवपरिवर्जितांस्तथा दृष्ट्वा ।
विपुलकुलोत्पन्नानपि ननु कुलमानः परित्याज्यः ॥८३॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અર્થ**—રૂપ, બળ, શ્રુતિ (જ્ઞાન), બુદ્ધિ, શીલ (ચારિત્ર) તથા વૈભવ(લક્ષ્મી)થી ત્યાજાયેલાને જોઈને મોટા કુળમાં ઉત્પન્ન થયેલાએ પણ કુળનું અભિમાન ત્યાગવા યોગ્ય છે. (૮૩).

**વિવેચન**—આ ગાથામાં કુળમદ ત્યાગ કરવાનું બહુ સામાન્ય કારણ આપ્યું છે. તેવા સાધારણ કારણે પણ કુળમદ ન કરવો ઘટે. રૂપ, બળ, શ્રુત (જ્ઞાન), મતિ, શીલ અને વૈભવ આ છથી રહિત માણસે શા માટે અને કોના ઉપર હું અમુક કુળમાં જન્મ્યો છું કે અમુક બાપનો બેટો છું એવું અભિમાન કરવું કેમ ઘટે ? એવા છ એ વસ્તુના ધણી હોય તે પણ ચારિત્રવાન્ હોય છે, અને શુદ્ધ ચારિત્ર જેને હોય તે અભિમાન કરતા જ નથી, તો પછી જેને એમાંનું એક પણ ન હોય તેણે કુલાભિમાન કેમ કરવું ઘટે ? તેને ઉત્તમ કુળમાં ઉપજવાથી જે લાભ થયો તે તો લીધો નહિ, અને બાપદાદા ખાનદાન કે આબરૂદાર હતા તે વાતનું ગૌરવ શા માટે લેવું ઘટે ? તેઓએ તો વિચારવું ઘટે કે નથી પોતાનું કાંઈ રૂપ, નથી એવી કોઈ શક્તિ (બળ), કે નથી અસાધારણ જ્ઞાનમય પંડિતતા, નથી પોતામાં એવી આવડત કે નથી પોતામાં એવું શ્લાઘનીય ચારિત્ર અને નથી પોતાનો એવો વૈભવ–પૈસાદારપણું, તો અમે ફલાણા કુળમાં જન્મ્યા એનું ગૌરવ કરવું અમારે ન જ ઘટે. એણે તો વિચારવું ઘટે કે માણસને રૂપ, બળ, જ્ઞાન, બુદ્ધિ, શીલ (ચારિત્ર) અથવા વૈભવ (પૈસાદારપણું) મોટો બનાવે છે. તે તો પોતામાં કાંઈ છે જ નહિ અથવા રૂપ, બળ, જ્ઞાન કે બુદ્ધિ અને સચ્ચારિત્ર તો એને છોડી ગયાં છે અને પોતે તદ્દન ગરીબ છે, તો પછી અમારા બાપદાદાએ નાતો જમાડી હતી અને અમારા વડીલોએ દેશતેડાં કર્યાં હતાં કે લગ્નમાં આટલા દિવસ અમારા વડીલોએ નાત જમાડી હતી, અને ઘીના દીવા કર્યા હતા–આવી આવી વાત તેના મુખમાં કેમ શોભે ? એ તો ખરેખર ગંદુ લાગે તેવું અને મોઢામાં ન શોભે તેવું લાકડું છે.

**પરિવર્જિત**—છોડી દેવાયેલ, એટલે રૂપ, બળ, જ્ઞાન વગેરે છ એ દુનિયાનાં મહત્ત્વનાં ગણાય તેવા પદાર્થોથી હીન, એ વગરનો અથવા એ છએ પ્રકારની ચીજોથી ત્યજાયેલો. પોતાના બાપદાદાએ આમ કર્યું હતું અને તેમ કર્યું હતું અને અમારા કુળમાંથી કોઈ છોકરાને પરણાવવા પણ સામા ન જાય અને અમારું કુળ બહુ ઉત્તમ છે એવું અભિમાન રાખવું કેમ ઘટે ? અને રૂપ, બળ કે જ્ઞાન, બુદ્ધિ, ચારિત્ર અને વૈભવ આજે હોય અને કાલે ન પણ હોય અને છતાં, રૂપ–બળ વગેરે છએ પદાર્થો પોતાને છોડી ગયેલા હોય તો પોતે ગમે તેવા મોટાના કુળમાં ઉત્પન્ન થયેલો હોય તો પણ તેને ખાતર અભિમાન કરવું અને પોતાની જાતને કે પોતાના સગાસંબંધીને ઉચ્ચ તરીકે જાહેર કરવા કેમ ઘટે ? આ કુળનું અભિમાન તો ત્યજવા યોગ્ય જ છે. પોતે રૂપ, બળ, જ્ઞાન, બુદ્ધિ, ચારિત્ર અને વૈભવમાં હીન હોય–મીંડુ હોય તો પોતાના બાપાદાદા સારા હતા એ વાતનું ગૌરવ પોતાથી કેમ લેવાય ? અને બીજા માણસો એવા રૂપ, બળ વગેરેથી રહિત હોય તો પોતે તેમાંથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બોધ લેવો ઘટે કે પોતે પણ રૂપ, બળ, બુદ્ધિ, જ્ઞાન, ચારિત્ર કદાચ ખોઈ બેસી, વૈભવ (ધનપતિપણું) ખોઈ બેસશે અને તે કયારે અને કેમ જશે તે તો પોતે જાણતો નથી. આ છ અસ્થિર પદાર્થો છે અને તે કાયમી ટકતા નથી, પૌદ્‌ગલિક છે અને તે વગરના પોતે થાય અથવા બીજાને થતાં જુએ તેવા માણસે તો પોતાના કુળમદનો ત્યાગ કરવો ઘટે, કારણ કે સામાન્ય રીતે કોઈપણ પ્રકારનો મદ ત્યજવા યોગ્ય છે. તેમાં પણ કુળમદ તો ખાસ કરીને ત્યજવા યોગ્ય છે. બાપદાદા કે વડીલો સારા થયા હોય તો તેમાં આપણને શો લાભ ? તેઓ સારા હતા તો સારા કહેવાઈ ગયા, પણ આપણે તો તે વાતનું ગૌરવ કરવા સરખું નથી.

**પરિત્યાજ્ય**—કુળમદનો ત્યાગ કરવો જોઈએ. એ સારા હતા તો એમને લાભ મળ્યો, એમાં આપણને શો લાભ ? આપણામાં શુદ્ધ ચારિત્ર હોય તો જુદી વાત છે, પણ કુળનું અભિમાન ધારણ કરવું કે ગૌરવ રાખવું તે યોગ્ય નથી. એ વસ્તુ ત્યાગવા યોગ્ય છે. અભિમાન કોઈનું રહેતું નથી. વડીલો મોટા, સારા, ભદ્ર હતા તેવું બોલવું તે આપણને શોભે નહિ. ચારિત્રશાળી–શીલવાનને પોતાના જોર ઉપર નાચવાનું છે, એણે અગાઉના માણસો કુળમાં સારા હતા એ વાતનું ગૌરવ કરવું ન ઘટે. એ સારા હતા તેટલા માટે કાંઈ પણ અર્થ સરતો નથી. એ સારા હતા તેથી એના કુળના સર્વ માણસો સારા એવું પણ કાંઈ છે જ નહિ. અને આપણા વડીલો સારા એટલે આપણું કુળ ઉત્તમ એવું અભિમાન ધારવું નહિ. સારા કુળમાં ઉત્પન્ન થયેલા લોકોને પણ રૂપ, બળ વગેરેથી હીન દેખીને કુળમદનો ત્યાગ કરવો યોગ્ય છે. કુળમદને કાઢી નાખવા આ અને હવે પછીનો શ્લોક (૮૪) છે. તે બતાવે છે કે જાતિનો મદ અને કુળનો મદ એ બન્ને કરવા યોગ્ય નથી. (૮૩)

**શીલવાન અને શીલવગરનાને કુળમદ અયોગ્ય છે—**

**यस्याशुद्धं शीलं प्रयोजनं तस्य किं कुलमदेन ? ।**
**स्वगुणालंकृतस्य हि किं शीलवतः कुलमदेन ? ॥८४॥**

**અર્થ**—જેનું વર્તન અશુદ્ધ છે તેને કુળમદ કરવાથી શું ? અને શુદ્ધ ચારિત્ર્યવાન જે પોતાના ગુણોથી શોભતો હોય છે તેને કુળમદ કરવાથી શું ? (૮૪)

**વિવેચન**—જે વ્યક્તિનું પોતાનું ચારિત્ર અશુદ્ધ હોય, જે ગમે ત્યાં ભખળ થઈ ખાતો હોય, પારકાની સ્ત્રીઓમાં રખડતો હોય, દારૂ પીતો હોય, ગમે તેવા ઇંદ્રિયના ભોગોમાં આસક્ત હોય અથવા લોકોમાં નિંદા પામે તેવાં આચરણો કરતો હોય અને જેનું નામ લબાડ, તાલીમબાજ, દુરાચારી કે વેશ્યાગામી તરીકે પ્રસિદ્ધ થયેલું હોય તેવો



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માણસ શું જોઈને કુળમદ કરે? તેને કુળમદ કરવાનો કોઈ અધિકાર નથી. તેના મુખમાં પણ તે કુળમદ શોભતો નથી. તે શું જોઈને શેના ઉપર મદ ધરે? પોતાના બાપદાદા સારા હતા કે પોતે આત્મારામ ભુખણના કુળનો નબીરો છે એમ કહેવામાં કે એવું બોલવાનું તેને શું પ્રયોજન છે? એમ કહેવરાવવાનો તેને શો હક્ક છે? અને એ વાતનું પોતે ગૌરવ કરે તો તેમાં તેને લાભ શું થાય? ખરું તો પોતાનું ચારિત્ર ઉત્તમ જોઈએ. એને બદલે એ બોલે કે હું આત્મારામ ભૂખણના કુળનો છું કે રામજી શોભાના કુટુંબનો છું તેમાં એનું વળ્યું શું? એ કયા મોંઢે પોતાના કુળના વખાણ કરે? અને એવા વખાણ કરવાનો તેને હક્ક શો છે? માણસ પોતાની ચાલચલગતથી ઓળખાય છે. એ પોતાના કુળની વાતો કરે તે કરતાં તેની તેના ઉપર શી અસર છે તે સર્વથી અગત્યની બાબત છે. તેને તે વીસરી જ જાય છે. ગમે તેવા મોટા કુળમાં જન્મેલા માણસને તે કુળની મહત્તા ગાવા-ગવરાવવામાં મોટાઈ મળતી નથી. ઊલટો તે હલકો, વધારે હલકો દેખાય છે. જેના દાદાઓએ મોટાં નાત-જમણ કર્યા હોય તેના દીકરાઓ કેવા પાકયા છે તેનું તે દષ્ટાંત થઈ પડે છે અને બીજા માણસ ઊલટી તેની નિંદા કરે છે, ટીકા કરે છે. પોતે ગુણરૂપી ઘરેણાં પહેર્યાં હોય તો અમુક મોટા કુળમાં પોતે ઉત્પન્ન થયો છે એમ કહેવાનું શું પ્રયોજન છે? તે તો પોતાના ગુણથી દીપી નીકળે છે. પછી તે ઉત્તમ કુળનો અને અમુક કુટુંબમાં જન્મેલો છે એમ કહેવાથી કે એ વાત ઠસાવવાથી એને શું લાભ છે? એ તો પોતાના ચારિત્ર ગુણથી એટલો દીપી નીકળે છે અને એની એટલી આબરૂ જામે છે કે અમુક ફલાણા મોટા કુળનો પોતે છે તેથી તેની મહત્તામાં વધારો થતો નથી, તેની આબરૂ કે આ દુન્યવી વૈભવ કે પૈસામાં વધારો થતો નથી. મતલબ, શુદ્ધ ચારિત્રવાળાને પોતાના કુળનો મદ કરવાનું કોઈ પણ પ્રયોજન રહેતું નથી. તેનો ઉત્કર્ષ પોતાના શુદ્ધ વર્તનથી જ થાય છે. પોતે કોઈ મોટા કુળમાં જન્મેલો છે તેવું તે અભિમાન દાખવે તો તેથી તેનું એક પણ પ્રયોજન સરતું નથી.

માણસ કાં તો સારા વર્તનવાળો હોય, કાં તો ખરાબ વર્તનવાળો હોય. એ બન્ને પ્રકારના માણસને પોતાના કુળનો મદ કરવો ઉચિત નથી. શુદ્ધ વર્તનવાળાને કુળમદનું નામ લેવાથી કાંઈ લાભ નથી, કાંઈ પ્રયોજન નથી અને અશુભ વર્તનવાળાને તો જરાપણ લાભ થતો નથી. આવી રીતે કુળમદ સાર્વત્રિક અયોગ્ય છે. આ બીજું કુળમદનું સ્થાન થયું. પ્રથમનો જાતિમદ જેટલો ખોટો છે તેટલો જ આ બીજો કુળમદ ખરાબ છે અને કોઈ પ્રકારનો લાભ કરનાર નથી.

મરિચીના ભવમાં મહાવીર સ્વામીના જીવે આ કુળમદ કર્યો હતો. એથી એણે કોડાકોડી સાગરોપમ સંસાર વધારી નાંખ્યો. તે ભરત ચક્રવર્તીના પુત્ર હતા અને પોતે દીક્ષા લઈ આદીશ્વર ભગવાન પાસે રહ્યા હતા. એમની એક વખત તબિયત સારી ન હતી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાં સુધી તો ઉપદેશ પામેલાને તેઓ ભગવાન અથવા સ્થવિર પાસે મોકલતા હતા પણ આ ખરાબ તબિયતમાં તેમની કોઈએ સારસંભાળ ન લીધી એટલે નવા ઉપદેશ પામેલાને તેઓએ દીક્ષા આપી અને તે જ વખતે ભરત ચક્રવર્તીએ આદીશ્વર ભગવાનને પ્રશ્ન કર્યો કે તેમની પર્ષદામાં કોઈ આ ચોવીશીનો તીર્થંકર થનાર જીવ હોય તો તેને તેઓ નમે અને ઘટતું માનસન્માન આપે. ત્યારે તેના પુત્રને (ભરતના પુત્રને) ઉદ્દેશીને જણાવ્યું કે એનો જીવ આ ચોવીશીમાં થનાર ચોવીશમો તીર્થંકર હયાત છે અને પોતાના સાધુવર્ગમાં જ મોજૂદ છે. એટલે ભરત ચક્રવર્તી ઊઠયા અને પોતાના પુત્રને વંદન કરી જણાવ્યું કે તેની વર્તમાન દશાને અંગે પોતે તેને નમતા નથી, પણ ભાવિ ચોવીશમા તીર્થંકર તરીકે તેને નમે છે.

ભરત તો ગયા. પછી એમના જવા પછી મરિચી ખૂબ નાચ્યા. પોતાના દાદા પ્રથમ તીર્થંકર, પોતાના પિતા પ્રથમ ચક્રવર્તી અને પોતે પણ ચોવીશમા તીર્થંકર થશે, એટલે પોતાનું કુળ ઘણું ઉચ્ચ છે એમ બોલી હર્ષમાં આવી જઈ પોતાના કુળની પ્રશંસા કરી અને નાચ્યા. એ વખતે કુળમદ કરવાથી એમણે અતિ આકરું કર્મ બાંધ્યું. એને પરિણામે એક કોડાકોડી સાગરોપમનો કાળ તેઓ સંસારમાં રખડયા. આ કુળમદનું પરિણામ થયું અને મોક્ષમાં જવાને યોગ્ય જીવ એક કોડાકોડી સાગરોપમકાળ સંસારમાં રગદોળાયો, રખડયો અને અનેક નીચ ગતિએ ગયો. આ કુળમદનું કેવું પરિણામ આવે છે અને સંસાર કેવો વધે છે તે સમજી સારા કે ખરાબ કોઈ પણ માણસે પોતે અમુક કુળનો છે તેવી મોટાઈ હાંકવી નહિ, બડાશ કરવી નહિ.

**કુલમદ**—પિતાનો વંશ તે 'કુળ' કહેવાય. મારા બાપદાદા કે વડીલો ઉત્તમ હતા, હું ઉત્તમકુળનો છું એવું અભિમાન કરવું કે બોલી બતાવવું તે. સારા માણસના અલંકારો તેનું ચારિત્ર છે, તેને બહારના વડીલોનાં ઘરેણાંથી કાંઈ વધારો થવાનો નથી. અને જેનું જીવન સદ્વર્તન વગરનું હોય તે બાપદાદા કે કુળને નામે ચરી ખાય તે અયોગ્ય છે, તેમાં બાપદાદાનું નામ આવતું જ નથી. તે લઈ તે નામે ચરી ખાવાનો તેનો પ્રયત્ન બાલિશ છે. (૮૪)

**રૂપમદ**—

> **कः शुक्रशोणितसमुद्भवस्य सततं चयापचयिकस्य ।**
> **रोगजरापाश्रयिणो मदावकाशोऽस्ति रूपस्य ॥८५॥**

**અર્થ**—પિતાના શુક્ર અને માતાના શોણિતના સંયોગથી પેદા થયેલા, વધઘટની ક્રિયા જેમાં સતત ચાલ્યા કરે છે એવા, અને રોગ તેમ જ ઘડપણના ઘર જેવા રૂપની બાબતમાં અભિમાન કરવાને કયો અવકાશ છે? (૮૫)

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિવેચન**—ઉપર જાતિમદ અને કુળમદની વાત કરી. તેવી જ રીતે પોતાના રૂપનો મદ ન કરવો જોઈએ તેનાં આ શ્લોકમાં ત્રણ કારણો બતાવે છે.

**પહેલું કારણ**—એક તો પિતાના વીર્યથી પોતે થયેલ છે, અથવા માતાના રુધિરમાં પોતે ઉછર્યો છે અને પોતાના શરીરબંધારણ પછી પોતામાં પણ એ પદાર્થો ભરેલા છે. આ શુક્ર અને લોહી એવા ઉચ્છિષ્ટ પદાર્થો છે કે તેમની સામું જોવું પણ ન ગમે. છતાં એમાં આ જીવ થયેલો છે અને પોતામાં એ તુચ્છ પદાર્થો ભરેલા છે. આવા તુચ્છ પદાર્થોથી ઊછરેલા માણસે હું ગોરો છું કે મારું શરીર ઘાટીલું છે એવું કેમ ધારવું ઘટે? અશુચિભાવના છઠ્ઠી છે, તેમાં કહ્યું છે કે આ તો બંધ બારણે બધું ઠીક ઠીક છે. પણ જો બારણું ઉઘાડવામાં આવે તો આ શરીર સામે થૂંકવું પણ ગમે તેવું નથી. એ તો માંસ, રુધિર, મેદ, રસ, અસ્થિ (હાડકાં), નરબીજ(શુક્ર)થી ભરેલું છે. એમાં એવી કઈ વસ્તુ છે કે જે તરફ આકર્ષણ થાય અને જેનો અહંકાર કરવાનું પરવડે? શરીરમાં કદાચ કાંઈ રૂપ હોય તો વિચારવું કે તેની ઉત્પત્તિ એવા પદાર્થોથી થઈ છે અને એમાં એવા પદાર્થો ભરેલા છે કે એનું અભિમાન કરવું અને એ માટે ગૌરવ ધારણ કરવું એ કોઈ પણ રીતે યોગ્ય નથી.

જૈન સાઈટ JAINSITE .com જનમ જયોત શાસનમ

અગાઉ સનત્‌કુમાર જે એક ચક્રવર્તી હતા, તે બહુ રૂપાળા હતા. ઇંદ્રે ઇંદ્રસભામાં તેનું રૂપ વખાણ્યું. તેને જોવા કેટલાક દેવતાઓ આવ્યા. તે વખતે સનત્‌કુમાર સ્નાન કરતા હતા, દેહ ખેળભર્યો હતો, તેને જોઈ દેવતા રાજી થયા અને ઇંદ્રની પ્રશંસાને યોગ્ય રૂપ છે એમ જણાવ્યું. સનત્‌કુમારે જ્યારે આ જાણ્યું ત્યારે અભિમાન ધરી કહ્યું કે "અત્યારે તો પોતે સ્નાન કરે છે, ખેળભર્યો દેહ છે. જો રૂપ જોવું હોય તો રાજસભામાં આવજો." પછી પોતે સ્નાનથી પરવારી કપડાં, અલંકાર વગેરે પહેર્યાં અને દેવતાઓ પણ સાંજે રાજસભામાં આવ્યા, પણ બહુ નારાજ થયા. રાજાએ નારાજ થવાનું કારણ પૂછતાં દેવતાઓએ જણાવ્યું કે "અત્યારે તો રાજશરીર ઝેરી થઈ ગયું છે અને તેની ખાતરી કરવી હોય તો તમે થૂંકો, તેના પર કોઈ પણ જીવ બેસશે, તો તરત મરી જશે." રાજાએ ખાતરી કરી જોતાં પોતે સવારે રૂપનો મદ કર્યો હતો તેને પરિણામે શરીર આખું ઝેરી અને રૂપની દૃષ્ટિએ નકામું થઈ ગયું છે એમ દેખાયું અને રૂપમદ માટે પસ્તાવો થયો. આ માંસ-રુધિરના બનેલા શરીરમાં રૂપ માટે અભિમાન ધરવું કે કરવું કે બોલી બતાવવું યોગ્ય નથી.

**બીજું કારણ**—આ શરીરના રૂપનો મદ ન કરવો. હું આવો રૂપાળો અને જનપ્રિય છું એ વાતની મોટાઈ ન કરવી ઘટે. તેનું બીજું કારણ કહે છે કે એ શરીરની વધઘટ થયા કરે છે; એટલે અનુકૂળ પદાર્થો મળે અને તંદુરસ્તી સારી હોય ત્યારે એ શરીર વધે અને ક્ષયરોગ, ગૂમડાં તથા તેવાં નુકસાન કરનારા વ્યાધિઓ થાય ત્યારે ઘટે.

એવી રીતે તેમાં દરરોજ વધઘટ થયા કરે છે. તેવું તે શરીર છે. ઉનાળામાં એને કોઈ હવા ખાવાને મહાબળેશ્વર જેવા સ્થાને વધારવા માટે લઈ જવું પડે છે અને બીજી ઋતુમાં અને ખાસ કરીને ચોમાસામાં એનો અપચય થાય છે. એટલે ગઈ કાલે આપણો તોલ હોય તે આજે વધી અથવા ઘટી જાય છે, આપણું શરીર એકસરખું રહેતું નથી. આવા વધારા-ઘટાડાને જે શરીર પાત્ર હોય તેના રૂપનો અહંકાર કેમ કરવો ઘટે ? એ તો અનુકૂળ સંયોગોમાં વધી જાય અને પ્રતિકૂળ સંયોગોમાં ઘટી જાય એવો એનો સ્વભાવ છે.

જો એ હોય તેવું ને તેવું રહેતું હોય, તો તો જાણે સમજ્યા, પણ આ તો શરીર જ એવા પ્રકારનું છે કે એમાં વધઘટ થયા કરે. જ્યાં શરીર ઘટી જાય ત્યાં ગાલમાં ખાડા પડી જાય છે અથવા મોંમાંથી લાળ પડે છે. એવા વધઘટને પાત્ર શરીરના રૂપનો ગર્વ કેમ ધરવો ઘટે ? આજે રૂપાળું લાગતું હોય તે કાલે બેડોળ લાગે અને તેવી સ્થિતિ થતાં વાર લાગતી નથી. એ કાંઈ એવા પ્રકારનું શરીર નથી કે જેમાં નિત્ય યૌવન રહે. એવા ઘટાડા-વધારાને પાત્ર શરીરના રૂપનો ગર્વ કરવો કેમ ઉચિત ગણાય ? ઉપર આપણે સનત્કુમાર ચક્રવર્તીની કથામાં જોયું કે તેનું શરીર ઝેરી, વિષમય થઈ ગયું, અને એટલો ફેર બપોર અને સાંજ વચ્ચેના વખત દરમ્યાનમાં થઈ ગયો. આ રૂપનો ગર્વ ન કરવાનું બીજું કારણ જણાવ્યું.

**ત્રીજું કારણ**—એ શરીર રોગ અને ઘડપણનું ઘર છે. રૂપ ટકે ટકે તોય કેટલું ટકે ? માણસને આજે ટાઈફોઈડ તાવ થયો અને કાલે થોડા દિવસ પછી તે હતો ન હતો થઈ જાય છે. વળી જુવાનીનો ચટકો કેટલા દિવસ ચાલે ? અને આવા વ્યાધિઓથી બચી જવાય તો ઘડપણ તો જરૂર આવે જ. તે વખતે રૂપ રહેતું જ નથી. રોગ અને ઘડપણને આ શરીર અધીન છે. રોગથી બચ્યા તો ઘડપણ તો ઊભું જ છે. અને આ રૂપ તો જુવાનીના જોસમાં ભલે હોય, પણ તેને રોગનો આશ્રય કરતાં કેટલી વાર ? અને કદાચ રોગમાંથી બચી જાય તો ઘડપણ તો તેનું થવાનું જ છે.

**આશ્રય**—ઘર. એ શરીર રોગનું ઘર છે. એમાં એક એક રોમે પોણા બે વ્યાધિ રહેલાં છે. વ્યાધિ થાય તો શા હાલ થાય તે દુનિયામાં જોવા જેવું, અવલોકવા જેવું છે. અને એમાંથી મુક્તિ મળે તો પછી ઘડપણ તો બેઠું જ છે.

આવી રીતે ત્રણે કારણે—એક તો એ માંસ, વીર્ય અને રુધિરનું બનેલ છે તેથી, બીજું તેમાં વધઘટ થયા કરે છે તેથી અને ત્રીજું તે રોગ અને ઘડપણનો આશ્રય કરનાર છે તેથી શરીર કદાચ રૂપાળું હોય તો પણ તેનું અભિમાન કરવું ન ઘટે. એ અભિમાનને યોગ્ય આ ત્રણ કારણથી છે નહિ અને તેનું અભિમાન કરનારા તેના સંબંધી આ ત્રણે કારણોનો કે તેમાંના થોડાં થોડાંનો વિચાર કરતા નથી. આ ત્રણે કારણો એવાં છે કે તેમાંનું એક પણ કારણ હોય તો શરીરના રૂપનો ગર્વ કરવો ન ઘટે. તે કારણો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિચારશો. આ શરીર તો રોગ અને વૃદ્ધાવસ્થાનો આશ્રય કરનાર છે, તેનો ગર્વ શો? તેના રૂપનું અભિમાન કેમ થાય? કેમ કરવું ઘટે? (૮૫)

**રૂપમદ ન કરવાનાં વિશેષ કારણો—**

नित्यं परिशीलनीये त्वङ्मांसाच्छादिते कलुषपूर्णे ।
निश्चयविनाशधर्मिणि रूपे मदकारणं किं स्यात् ॥८६॥

**અર્થ**—હંમેશા જેનું રક્ષણ રાખવું પડે છે, સારસંભાળ કરવી પડે છે, જે ચામડી અને માંસથી ઘેરાયેલું છે, કચરાપટ્ટીનું ધામ છે અને જરૂર વિનાશ પામવાના સ્વભાવવાળું છે તેવા રૂપમાં મદ કરવાનું કારણ શું હોઈ શકે? (૮૬)

**વિવેચન**—આગલી ૮૫મી ગાથામાં રૂપમદ ન કરવાનાં કારણો કહ્યાં તે આપણે વિસ્તારથી વિચાર્યાં. હજુ પણ રૂપમદ ન કરવાનાં વિશેષ કારણો આ છાશીમી ગાથામાં બતાવે છે.

**ચોથું કારણ**—આ શરીરને રૂપ મળેલું છે તેનું હંમેશા જતન કરવું પડે છે. માથે ઓળવું, ચોટલો ગૂંથવો, મુખ ઉપર પોમેડ્સ કે અત્તર લગાવવું, તેના ઉપર કપડાં પહેરવાં, અને તેને સારું સારું ભોજન ખવરાવવું અને તબિયત બગડે તો કરી પાળવી અને વૈદ્ય અથવા ડાક્તર કહે તે જ ચીજો તેણે ખાવી. આવી રીતે અનેક બાબતો રૂપ જાળવવા શરીર ખાતર કરવી પડે છે. તેને ટાઢતડકો ન લાગે તે ખાતર તેને ઠંડા-ગરમ લૂગડાં પહેરાવવા પડે છે અને હવા ખાવા તેને માથેરાન, મહાબળેશ્વર, ઉટાકામંડ વગેરે સ્થાનોએ લઈ જવું પડે છે. રૂપવાન દેખાવા શરીર ઉપર કંઈક પ્રકારના સંસ્કાર કરવા પડે છે. તેનો વાળ વાંકો ન થાય અને કાંઈ નહિ તો હોય તેટલું રૂપ તેવું ને તેવું બન્યું રહે તે ખાતર તેની હંમેશાં તકેદારી રાખવી પડે છે અને રૂપ જાળવવા પ્રયાસ કરવા પડે છે.

**પાંચમું કારણ**—શરીરનું રૂપ, ચામડી અને માંસથી આચ્છાદિત હોય છે ત્યાં સુધી જ સારું લાગે છે. જો ઉપરનો ચામડી અને માંસનો પડદો ઉઘડી જાય કે ખસી જાય તો તેની સામું જોવું પણ ન ગમે. અંદર તો બધી જાતના ન ગમે તેવા પદાર્થો ભરેલા હોય છે. તે પદાર્થો માંસ, રુધિર (લોહી), મેદ, મજ્જા એ સર્વ એવા છે કે જો તે જોયા હોય તો તે આપણને પણ ધ્રુજાવી નાંખે અને તેમની સામે થૂંકવું પણ ન ગમે તેવા તે અપ્રિય, અને અરુચિકર પદાર્થો છે. મલ્લિનાથે જ્યારે છ રાજપુત્રો સાથે પરણવાની ના પાડી ત્યારે દરરોજ એક એક કોળિયો અન્ન એક કાષ્ઠપૂતળીમાં નાંખ્યું, રાજપુત્રોની સમક્ષ તેમાંનું દ્વાર ખોલ્યું અને ચોતરફ દુર્ગંધ ફેલાણી. રાજપુત્રોને કહ્યું કે આ એક એક કોળિયો સંઘરનાર પૂતળીની આવી દશા છે, તો હું પોતે તો બત્રીશ કોળિયા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જતું છું, તેના બાહ્યરૂપમાં શું મોહો છો? હું તો ખાનારી પીનારી છું અને અનેક પ્રકારના રોગથી અને દુર્ગંધથી ભરેલી છું. બાહ્ય ચામડી કે માંસ ઉપર રાજી થવા કે આકર્ષણ કરવા તેણે કુમારોને ના પાડી અને વસ્તુસ્વરૂપના સાચા દર્શન કરાવી તેમને પોતપોતાને દેશ મોકલી આપ્યા.

**છઠ્ઠું કારણ**—એ શરીર જેનો તમે મદ કરો છો તે અપવિત્ર પદાર્થોથી ભરપૂર છે. એમાં મદ કે અહંકાર કે ગર્વ કરવા જેવું કાંઈ નથી. આવા શરીરને કદાચ સહજ રૂપ હોય તો તેનો અહંકાર શો કરવો?

**સાતમું કારણ**—કલુષપૂર્ણ અર્થાત્ પાપ અથવા પાતકથી પૂરું ભરેલું. આ શરીરનું રૂપ હોય તો તે પાતકથી ભરેલું છે. કોઈ તેના તરફ જોઈ આકર્ષાય અને કોઈ એના ઉપર નજર પણ ન નાંખે, કોઈ એને સુરૂપવાન ધારે અને કોઈની નજરે એ જ દેહ કુરૂપવાન લાગે; અને એ જે શરીરનું રૂપ છે તે શરીર પણ પાપનું ઘર છે. સ્ત્રીના બાર દ્વારો અને પુરુષના નવ દ્વારો ગટરની પેઠે નિરંતર વહ્યા કરે છે અને તે દ્વારા આખા શરીરનો કચરો નીકળ્યા કરે છે. આવી રીતે બાહ્ય દૃષ્ટિએ શરીર અને તેનું રૂપ પાપ એટલે પાતકથી ભરેલું છે. ચારે ગતિમાં ભ્રમણ કરવું તે પણ પાતક છે. એ રીતના પાપથી ભરેલું નિર્માલ્ય શરીર તે વળી રૂપનું ધામ-પ્રશંસાનું ધામ કેવી રીતે થાય? આ શરીરના રૂપનો ગર્વ ન કરવાનું સાતમું કારણ જણાવ્યું.

**આઠમું કારણ**—નિશ્ચય વિનાશધર્મી. આ શરીર અથવા તેના રૂપને ગમે તેટલું પોષો, પણ અંતે તે પડવાનું છે, વિનાશ પામવાનું છે. નામ એનો આ દુનિયામાં નાશ છે. આ શરીર બાળી દેવા યોગ્ય કે જમીનમાં અંતે દટાવાને યોગ્ય છે અને અહીં કદાચ દશ-વીસ ચાળીસ-પચાસ કે સો વર્ષ રહેવામાં આવે, પણ અંતે જરૂર તેનો નાશ થવાનો છે અને તે અગ્નિ કે ભૂમિ કે એવા કોઈ કુદરતી તત્ત્વને તાબે થવાનું છે. ઘડપણમાં આ વિનાશશીલ ધર્મવાળા શરીરને કાંઈ રૂપ રહેતું નથી, એટલે બધી રમત બહુ મર્યાદિત વર્ષોમાં આવી જાય છે અને 'મા જાણે કે દીકરો મોટો થયો પણ આયખામાંથી ઓછો થયો' એ ન્યાયે દરરોજ એ વિનાશની નજદીક આપણે જઈ રહ્યા છીએ. આ નિત્ય વિનાશધર્મવાળા શરીરનો કે તેમાં રૂપ હોય તો રૂપનો ગર્વ શેનો કરવો? અંતે એ માટીમાં મળી જવાનું છે.

આ આઠે કારણો વિચારતાં એમ જણાય છે કે તેમાંના એક અથવા બે અથવા વધારે કે ઓછાં કારણો હાજર હોય તો રૂપના વખાણ ન કરવા કે રૂપનો ગર્વ ન કરવો ઘટે. એવા રૂપના વખાણ કરવા તે આપણી વિચારશક્તિની ગેરહાજરી બતાવે છે. સમજુ માણસ એવા રૂપથી લેવાઈ ન જાય. આ રીતે આ કારણોથી રૂપ નામનું ત્રીજું મદસ્થાન અભિમાન કે મદને યોગ્ય નથી. આ રીતે આ ત્રીજા મદસ્થાનને-મદને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વર્જવાનો ઉપદેશ આપ્યો. આપણે પ્રથમ જાતિનો મદ અયોગ્ય છે તે વાત કરી, પછી તેમાં અમુક કુળમાં પોતાનો જન્મ થવાની વાતનો મદ ન ધરવો એ બીજી વાત કરી અને છેવટે ત્રીજા રૂપમદની વાત કરી. આ ત્રણે મદ નિવારવા યોગ્ય છે. હવે પોતાના શરીરે થતાં બળમદ–ચોથા મદને નિવારવા ઉપદેશ આપે છે. તમારું બાહુબળ કે ગમે તેવું મોટું શારીરિક બળ હોય, પણ તેનો મદ ન કરો એમ આગળ આવતી સત્તાશીમી અને ત્યાર પછીની ગાથાનો ઉપદેશ છે. તેનો ઉદ્દેશ સમજી મદ નિવારવો અને મદ થઈ જાય તો તે પર અંકુશ રાખવો. (૮૬)

**બળમદ સમજુએ કરવા યોગ્ય નથી—**

**बलसमुदितोऽपि यस्मान्नरः क्षणेन विबलत्वमुपयाति ।**
**बलहीनोऽप्यथ बलवान् संस्कारवशात् पुनर्भवति ॥८७॥**

**અર્થ**—બળથી ભરપૂર માણસ એક ક્ષણવારમાં બળ વગરનો થઈ જાય છે; બળહીન હોય તે સંસ્કારને કારણે ફરી વખત બળવાન થઈ જાય છે. (૮૭)

**વિવેચન—વિબલત્વ**–એક બહુ બળવાન–જોરૂકો માણસ હોય તે માંદો પડે તો એક ક્ષણવારમાં નબળો થઈ જતો જોવાય છે અને ઘણા બળવાન માણસો પણ બળ વગરના એક ક્ષણવારમાં થઈ જતા જોવામાં આવે છે. શરીરે તાવ આવે કે પેટમાં આંકડી થઈ આવે કે કોઈ બળવાન માણસના સંસર્ગમાં એ આવે અથવા ઘરડો થવા માંડે તો તદ્દન નબળો થઈ જતો તેને આપણે જોઈએ છીએ. એટલે બળવાનનું બળ હંમેશા ટકી રહેતું નથી. કુદરતી કારણે કે વયને કારણે કે શારીરિક કારણે જે માણસ બહુ બળવાન હોય તેને આપણે નબળો પડતો જોઈએ છીએ અને જોતજોતામાં તો તેનું શરીર બળ વગરનું થઈ જાય છે અને તે આપણી જ નજરે બળહીન લાગે છે. દુનિયામાં આંખ ઉઘાડી રાખીએ તો થોડા વખત પહેલાં જોયેલા બળવાન માણસને આપણે તદ્દન નિર્બળ–દુર્બળ થઈ ગયેલો જોઈએ છીએ. આપણો દરરોજનો અનુભવ છે કે બળવાન માણસનું બળ હંમેશા ટકતું નથી.

**બલહીનો**—તેથી ઊલટી રીતે નિર્બળ, દુર્બળ, પાતળો માણસ જો કોઈ પૌષ્ટિક ખોરાક લે, કે પથ્ય સેવે તો બળવાન થતો જોવામાં આવે છે. અથવા અહિંસક પદાર્થો લઈને કે નિયમિત કસરત કરીને બળહીન માણસ બળવાન થતો જોવામાં આવે છે. બળ એ હંમેશ ટકે તેવી વસ્તુ નથી.

**સંસ્કાર**—ઉપાય, પ્રયત્ન. કેટલાક પ્રકારનો ખોરાકમાં સંસ્કાર હોય, ફેરફાર હોય તો માણસ બળવાન બની શકે છે. નબળો માણસ જો યોગ્ય ઉપચાર લે અને શું ખાવું, કેમ ખાવું, ક્યારે ખાવું, એની જડ પકડી લે તો એ બળવાન થઈ શકે છે. નબળા માણસે તેટલા માટે ડરવાનું કે ગભરાવાનું કાંઈ કારણ નથી, નબળા પણ સંસ્કાર એટલે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યોગ્ય કસરત કરવાથી સબળા બની શકે છે, એમ આપણને દુનિયાનો અભ્યાસ અને તેની અવલોકના કહે છે. એટલે કોઈ માણસ બળહીન હોય તેણે સદા તેવા ને તેવા જ બળહીન ચાલુ રહેવું એમ કાંઈ છે જ નહિ અને આંખો ઉઘાડી રાખી ચાલીએ તો આપણે નબળા અને હીનસત્ત્વોને પણ સબળા અને હૃષ્ટપુષ્ટ થતા જોઈએ છીએ.

જ્યારે બળવાન નિર્બળ થતાં જોવાય છે અને નબળા સંસ્કાર-પ્રયત્નથી બળવાન થઈ શકે છે, ત્યારે બળવાન માણસે પોતાના બળનો ગર્વ કરવો કે મદ ધારણ કરવો કેમ ઉચિત-યોગ્ય ગણાય? આજે બળ હોય અને કાલે નબળા-નિર્બળ થવાય, અને આજે નિર્બળ હોય તે કાલે સબળો થઈ જાય. આવી બળની બાબત અનિયત, અનિશ્ચિત હોવાથી કયો માણસ બળ માટે કે બળશક્તિ માટે ગર્વ ધારણ કરે? અથવા જે તેનો ગર્વ ધારણ કરે તેને સમજુ કે ડાહ્યો ગણવો કે કહેવો તે અક્કલ વગરની વાત છે.

**ક્ષણેન**—એક ક્ષણવારમાં. જરા આંખ ઉઘાડીએ તેમાં સબળ પુરુષ હોય તે નિર્બળ-બાયલો, માયકાંગલો બનતો જોવામાં આવે છે અને ઘડપણમાં તો પગ ઘસડવા પડે અને બીજા પાસે પગ દબાવવા પડે અને તદ્દન પરાધીન થઈ જાય છે. તો આમાં વખત શો લાગે? એક ક્ષણવારમાં સબળ મનુષ્યને નિર્બળ અને યોગ્ય સંસ્કારે નિર્બળને સબળ થતો જોવામાં આવે છે. તો આવા ચોક્કસ નહિ અને હંમેશા આપણી સેવામાં ન રહેનારા બળ જેવા પદાર્થનો મદ કેમ કરાય? અને તેનો મદ કરવા યોગ્ય પણ નથી, કારણ કે એ અચોક્કસ વસ્તુ છે. વીર્યાંતરાયના ક્ષયોપશમથી પણ બળમાં વધારો-ઘટાડો થાય છે અને ખાસ કરીને વધારો થાય છે. એટલે બળમાં વધારો કરવો કે ઘટાડો કરવો તે આપણા કબજાની વાત નથી. એવી કબજા ભોગવટા વગરની બાબતમાં કદાચ બળવત્તા સાંપડી હોય તો પણ તેનો મદ કરવો અને બીજાની પાસે તેની વાત કરવી એ આપણા ગૌરવને ન છાજતી વાત છે. (૮૭)

**માટે બળનો મદ ન કરવો યોગ્ય—**

**तस्मादनियतभावं बलस्य सम्यग् विभाव्य बुद्धिबलात् ।**
**मृत्युबले चाबलतां मदं न कुर्याद् बलेनापि ॥८८॥**

**અર્થ**—તેટલા માટે પોતાની બુદ્ધિશક્તિથી બળનું અચોક્કસપણું જાણી જઈને અને મરણના બળ પાસે પોતાનું અબળપણું વિચારીને બળવાન માણસ હોય તેણે પણ પોતાના બળનો મદ ન કરવો ઘટે. (૮૮)

**વિવેચન**—બળમદ ન કરવાનું એક કારણ તેનું અચોક્કસપણું ઉપરના શ્લોકમાં જણાવ્યું.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**બીજું કારણ**—બળમદ કરવા યોગ્ય નથી અને આજનો બળવાન માણસ કાલે કે થોડા વખત પછી બળ વગરનો થઈ જતો જોવામાં આવે છે. તે પર્યાલોચીને હવે બળમદ ન કરવાનું બીજું અને બહુ અગત્યનું કારણ કહે છે. મરણ આગળ તો ગમે તેવા બળવાનનું કાંઈ ચાલતું નથી. મરણ આવે ત્યારે ગમે તેવો બળવાન માણસ હોય તે પણ મરણને શરણ થાય છે. તે વખતે તેનું પોતાનું બળ કે તેના પરિવારનું બળ કાંઈ કામમાં આવતું નથી. તેની પાસે ગમે તેટલા પૈસા હોય તે પણ કામમાં આવતા નથી. મરણ તો કોઈને મૂકતું નથી. પછી તે ગમે તેવો બળવાન હોય કે દ્રવ્યવાન હોય કે ગમે તેટલા તેના સ્વજનસંબંધી હોય, પણ અંતે સર્વસ્વ મૂકીને મરણને અધીન થવું પડે છે. ત્યાં તેની પાસે કોઈનું ચાલતુ નથી. તેને તાબે થયે જ સર્વનો છૂટકો છે. આ મરણ પાસે ગમે તેવા બળવાનનું કાંઈ ચાલતું નથી, એ વાત મોટા ગમે તેવા બળુકાનાં ગાત્ર ગાળવાં માટે બસ છે.

આપણે હવે બળમદ ન કરવા અંગેના દશ કારણોનું પુનરાવર્તન કરી જોઈએ, એટલે આપણા ચારિત્ર પર તેની અસર થાય.

૧. આપણી ઉત્પત્તિ માતાના રુધિર અને પિતાના વીર્યથી થાય છે; તેથી થતાં બળનો મદ કેમ ઘટે ?

૨. શરીર વધઘટને અધીન છે.

૩. આ શરીર રોગ અને ઘડપણનું ઘર છે.

૪. આ શરીરના બળનું કે રૂપનું હંમેશા જતન કરવું પડે છે, તેની સંભાળ રાખવી પડે છે.

૫. શરીરની ઉપરની ચામડી ઉઘાડી નાંખતા તેના રૂપની કે તેના બળની કાંઈ વાત રહેતી નથી, તેની સામે થૂંકવું પણ ગમે તેમ નથી.

૬. શરીરમાં મદ કરવા જેવો કોઈ પદાર્થ નથી.

૭. શરીર કલુષતાપૂર્ણ છે.

૮. શરીર **નિશ્ચય વિનાશધર્મી છે.**

૯. શરીર **અમોક્ષસ મુક્ત** માટેનું છે, તેના રૂપનો કે તેના બળનો મદ કરવો ન ઘટે.

૧૦. મૃત્યુ પાસે કોઈનું કાંઈ ચાલતું નથી અને મૃત્યુ જરૂર આવવાનું છે. જેનું નામ હોય તેનો નાશ થવાનો છે.

આ દશે કારણોમાં કેટલાંક રૂપને અને કેટલાંક બળને લાગુ પડે છે, પણ શરીરને જરૂર લાગે છે. આપણે તેટલા માટે તેમનો સમુચ્ચય કર્યો. શરીરના રૂપનો કે શરીરના બળનો મદ કરવો આ કારણોએ ઉચિત નથી, અને જે કરે તે સમજુ કે વ્યવહારકુશળ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માણસ ન હોય. મોટા સનત્કુમાર જેવા ચક્રી પણ બળમદમાં અંતે ટકયા નહિ અને દેહ છોડી ચાલી નીકળ્યા તો આપણો બળમદ કેમ ચાલે ? અને ચાલે તો બહુ બહુ તો કેટલો વખત ચાલે ? અને તેવા ટૂંક વખતની રમત કોઈ કરે નહિ અને રમત કરે અને મદ કરે તો તે યોગ્ય પણ ન ગણાય. (૮૮)

**લાભમદ કરવા યોગ્ય નથી—**

> **उदयोपशमनिमित्तौ लाभालाभावनित्यकौ मत्वा ।**
> **नालाभे वैक्लव्यं न च लाभे विस्मयः कार्यः ॥८९॥**

**અર્થ**—ક્ષયોપશમને આધારે લાભ અને અલાભ થાય છે, એટલે તે અનિત્ય છે એમ માનીને લાભ ન થાય-અલાભ થાય તો તેથી ગભરામણ કે તોફાન કરવું ન ઘટે અને લાભ થઈ જાય તો તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી. (૮૯)

**વિવેચન : ઉપશમ**—અહીં ઉપશમ એટલે ક્ષયોપશમ સમજાય છે. અમુક કર્મોનો ક્ષય થાય અને બીજાનો ઉપશમ થાય તે ક્ષયોપશમ; આ અર્થમાં આ શબ્દ અહીં વપરાયો છે એમ હારિભદ્રીય ટીકા કહે છે અને તે બરાબર બંધબેસતું છે, કારણ કે આ જીવ અત્યારે સાતમા ગુણસ્થાનકથી આગળ વધી શકતો નથી અને સાતમા ગુણસ્થાનક સુધી લાભાંતરાય કર્મનો કવચિત્ ક્ષય અને બાકીનાંનો ઉપશમ થાય છે. ઉપશમ એટલે દબાવું; ઉપશમ એટલે ઠારેલા અગ્નિ પેઠે તેનું અંદર પડી રહેવું. આ ક્ષયોપશમને બરાબર સમજવા માટે દેવેંદ્રસૂરિના કર્મગ્રંથનો અભ્યાસ કરવો. ઉદયમાં આવતાં લાભાંતરાય કર્મોનો ક્ષય કરવો અને સત્તામાં બીજા લાભાંતરાય કર્મોનો ઉપશમ કરવો તે ક્ષયોપશમ.

**અનિત્યકૌ**—આ લાભ થવો કે લાભ ન થવો તે ગયા જન્મમાં કરેલાં કર્મના ક્ષયોપશમ પર આધાર રાખે છે. જો લાભ થવાનો હોય તો લાભ થાય જ, નહિ તો પચાસ ઘરે ભિક્ષા માગો પણ પોતાને લાકડાનું ફલક કે પાતરાં તથા બીજી ખપની વસ્તુઓ ન મળે. આ લાભ થવો તે આપણા કબજાની વાત નથી. એક માણસને સાહ્યબી મળે અને તેના સગા ભાઈને ટાંટીયા ઘસતા ચાલવું પડે અને વાહન માટે જે પૈસા જોઈએ તેટલો પણ તેને લાભ ન થાય. એટલે લાભ થવો કે ન થવો તે લાભાંતરાય નામના કર્મ ઉપર આધાર રાખે છે. જો તે કર્મ પતી ગયું હોય તો લાભ મળે. એટલે, પુસ્તક, પાનાં, લક્ષ્મી કે પાતરાંનો લાભ કે અલાભ થવો તે તે કર્મ(લાભાંતરાય)ના ક્ષયોપશમ પર આધાર રાખે છે. લાભ થઈ જાય તો તેમાં મોહી પડવા કે તેનો ગર્વ કરવા જેવું નથી, કારણ કે તેનો આધાર લાભાંતરાય નામના કર્મ પર રહે છે. અંતે ગત ભવમાં કે કોઈ પણ વખતે તે કર્મ આપણે જ કરેલાં હોય છે. એના પ્રતાપે કોઈ મોટો શેઠીઓ કે કરોડપતિ થઈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પડે અને તેનો ભાઈ પગે ઘસાતો હેરાન થાય અને સાંજે થાકીને લોથપોથ થઈ જાય. આ લાભ થવો કે અલાભ થવો તે પરકીય અને આગળ કરેલી કર્મપ્રકૃતિ પર આધાર રાખે છે. એક ભિખારીને તુરત માગે ત્યાં મળે અને બીજાને રગીરગીને હેરાન થઈ જાય તો પણ અંતે જતાં ન મળે, ને મળે એ પણ થોડો વખત ટકે છે. બીજા પાસેથી મેળવેલ વસ્તુથી કાંઈ આખો ભવ નીકળતો નથી. એ તો સર્વ પૌદ્‌ગલિક વસ્તુનું એવું સમજવું. આજે છે અને કાલે કે પરમ દિવસે ન હોય અને એનાથી કાંઈ આ આખો ભવ પૂરો ન થાય. એવા અસ્થિર લાભ કે અલાભ પર આધાર રાખીને બેસી ન રહેવાય. આપણે ઇચ્છીએ તે સર્વ વસ્તુ મળતી નથી અને કદાચ મળે તો આખી જીંદગી સુધી ટકી શકતી નથી. જે કર્મ પર આધાર રાખે છે તે લાભનો અહંકાર કે મદ કરવો કેમ ઘટે ?

**વૈકલવ્ય**—હીનતા, તોફાન, ગડબડ. લાભ થાય તો તેમાં મોટાઈ માણવાની નથી અને લાભ ન થાય તો તેથી ગભરાઈ જવાનું નથી. એ વસ્તુ કોઈ મનુષ્યને મોટો બનાવતી નથી. લાભ ન થાય તો તેથી પણ ગભરાઈ ઉચાટ કરવા જેવું નથી, કારણ કે એ કાંઈ આપણા હાથની બાજી નથી. તેથી સમજવાની વાત એ છે કે ગમે તેવો લાભ થઈ જાય તો તે લાભાંતરાય કર્મનો ક્ષયોપશમ છે અને લાભ થયેલી વસ્તુ હંમેશને માટે બેસી રહેવાની નથી. એવામાં ક્યાંય લાભ થઈ જાય તો તેનો અહંકાર કરવો અને પોતાની શક્તિની પ્રશંસા કરવી અને અનિત્ય વસ્તુ બેસી રહેશે એમ માનવું એ તો તદ્દન મૂર્ખાઈ છે. કોઈ વસ્તુ કે પૈસાના લાભમાં પોતાની શક્તિએ કામ કર્યું છે, એવું માનવા જેવું નથી. લાભાંતરાય કર્મના ક્ષયોપશમ પર બધો આધાર છે અને તે આપણે કેટલો કર્યો છે તે અત્યારના પરિમિત જ્ઞાનથી આપણે જાણતા નથી, પણ લાભ થઈ જાય તો તેનો મદ કરવા યોગ્ય નથી, એટલું તો આપણે જાણીએ છીએ.

**વિસ્મય**—આશ્ચર્ય, નવાઈની વાત. લાભ થઈ જાય તો તેમાં આશ્ચર્ય માનવું નહિ અને તેનો મદ ન કરવો. એ તો લાભાંતરાય કર્મનાં ક્ષયોપશમનું પરિણામ છે. એટલે એમાં આપણી કાંઈ હોશિયારી કે આવડત નથી. આ રીતે વિચારવામાં આવે તો લાભ માટે કોઈ આશ્ચર્યનું કારણ ન રહે અને તેનો મદ ન થાય. (૮૯)

**લાભમદ ન કરવો જોઈએ—**

परशक्त्यभिप्रसादात्मकेन किंचिदुपयोगयोग्येन ।
विपुलेनापि यतिवृषा लाभेन मदं न गच्छन्ति ॥९०॥

**અર્થ**—બીજા માણસની (પારકી) શક્તિ અને કૃપાથી કાંઈ ઉપયોગી થઈ પડે તેવી વસ્તુ મળી જાય, તેમાં યતિવરો મદ ધારણ કરતા નથી કે તે તરફ જતા નથી. (૯૦)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિવેચન : પરશક્તિ**—એક તો આ લાભ થાય છે તે બીજા પાસેથી દાનાંતરાય કર્મના ક્ષયોપશમથી તેણે પોતાની શક્તિથી મેળવેલી વસ્તુનો લાભ છે. હવે, બીજા માણસે પોતાની શક્તિથી મેળવેલ અને દાનમાં આપેલ વસ્તુ લેવાનો આપણો અધિકાર શું? અને એવી રીતે કદાચ મળી જાય તો તેનો મદ કરવો કેમ ઉચિત ગણાય? એવી રીતે મેળવેલ વસ્તુ કે પૈસામાં આપણી શક્તિનો શો ઉપયોગ કર્યો છે તે વિચારતાં આપણો હક્ક એવા દાન પર નથી, એમ મુનિએ ધારવું જોઈએ. અને દાન લેવાનો પોતાનો હક્ક હોય તો પણ બીજાએ રળેલું કે મેળવેલું ધન, લક્ષ્મી કે વસ્તુ આપણને દાનમાં મળે તેમાં મદ શેનો કરવો? એ વાત કોઈ પણ રીતે યોગ્ય ન ગણાય. ફલાણા શ્રાવકને ત્યાં વહોરવા ગયા, તેણે લાડવા વહોરાવ્યા, ફલાણાએ દૂધપાક આપ્યો તો જે વસ્તુનો લાભ થાય તે યોગ્ય રીતે વાપરી નાખવી, પણ તેવા લાભનો મદ કેમ થાય? અને મદ કરવો કેમ ઉચિત ગણાય? એ ગૃહસ્થે તો તમને વિદ્વાન ધારીને, સમજુ કે સાચા ઉપદેશક ધારીને વસ્તુઓ આપી, પણ તે રળવામાં સાધુ–મુનિવરો કોઈ જાતનો ફાળો આપતા નથી. તો પછી એવી રીતે બીજાની શક્તિએ મેળવેલ અને મળેલ વસ્તુના લાભ ખાતર મદ શેનો કરવો? આ વાત સાધુ મુનિવરોને વધારે લાગે છે, પણ ગૃહસ્થે પણ લાભની બાબતમાં અભિમાન કરવું ન ઘટે. તે તો વળી કાળાબજાર કરીને, વ્યાજ મોટું લઈને, હિસાબમાં ગોટા વાળીને લાભ કરે છે. તો તેવા લાભનો મદ કરવો કેમ ઘટે? એ તો જે મળ્યું હોય તે બોલ્યાચાલ્યા વગર અને અભિમાન કર્યા સિવાય પોતે વાપરી નાંખવું અને બને તો બીજાને આપી દેવું, પણ તેવી આયપત માટે મદ ન કરવો, એ સર્વથા ઉચિત વાત છે, અને મદ કરે તો તેને તે કરવો પણ ઘટતો નથી, કારણ તે વસ્તુને આ દુનિયામાં ઉત્પન્ન કરવામાં પોતે પુરુષાર્થ કર્યો નથી, અને ગમે તેમ મળેલ વસ્તુના લાભ માટે મદ કરવો યોગ્ય નથી.

**અભિપ્રસાદ**—તમને સારા માણસ ધારીને ગૃહસ્થે કરેલ મહેરબાની. તેણે એમ ધાર્યું કે મુનિને દાન આપવાથી પોતે પોતાનો પરભવ સુધારશે. તો તેણે તેવો લાભ લેવા માટે તમને (મુનિવરોને) દાન કર્યું. એમાં પણ એણે કરેલી કૃપા જ છે. એ વસ્તુ મુનિને આપી હોય તો આપનારની મહેરબાની થઈ, પણ એમાં લેનાર પોતાને લાભ થયો તેનો અહંકાર કે મદ કયા કારણે કરી શકે? વસ્તુતઃ એવી મહેરબાનીથી તો જરા નમ્રપણું કે દીનતા લાવવી ઘટે, પણ સુયોગ્ય દાનને પાત્ર થવા માટે તેવી વસ્તુ મળી ગઈ તેનો મદ કરવો ન જ ઘટે. આ સાધુ-મુનિ મહારાજને લાગુ પડતી વાત ગૃહસ્થને પણ લાગે છે. એને જે દાનમાં વસ્તુ મળે તે તો આપનાર પોતાનો પરભવ સુધારવા આપે છે. એવી રીતે લાભ થઈ જાય તેનો મદ કરવો કેમ યોગ્ય ગણાય? અને એમાં ખૂબી હોય તો પારકા મહેરબાની કરનારની છે. તે મેળવવાના લાભ માટે તારે મદ શેનો અને શા માટે કરવો ઘટે? તને તો વસ્તુ દાનમાં મળી છે, તો તે મેળવવામાં કે તે માટેની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમજાવટમાં તારો હાથ હોય તો પણ તારે તે વસ્તુના લાભ માટે મદ કરવો બધી રીતે અનુચિત, અયોગ્ય અને અઘટિત છે.

**ઉપયોગ**—કાંઈ આપણા ઉપયોગમાં આવે તેવી વસ્તુ, પાતરાં, કપડાં કે તેવી ઉપયોગી વસ્તુનો લાભ થાય. આવી વસ્તુની પ્રાપ્તિ માટે કેટલાક મદ કરે છે, વસ્તુ મેળવવાની અને સામાને રીઝવવાની પોતાની કળાના વખાણ કરે છે અને બીજાને તો કોઈ પાઈ પણ ન આપે પણ પોતાની રીઝવવાની અલગ રીત છે, પોતાને ખુશામત આવડે છે કે પોતાને માગતાં આવડે છે એ વાતનું પણ કેટલાક ગૌરવ કરે છે અને પોતે માગવામાં અતિ કાબેલ અને કુશળ છે એવો દાવો ધરાવે છે. આ 'ઉપયોગ' સ્થાને કવચિત્ 'ઉપભોગ' પાઠ છે એનો અર્થ ભોગવટો અથવા 'અનુભવ' એવો થાય છે. અર્થમાં મુદ્દામ ફેર પડતો ન હોવાથી એ પાઠ સારો અર્થ આપે છે એટલી એના પર ટીકા કરી એ પાઠને પણ ખુશીથી સ્વીકારીએ. આ લાભ મદસ્થાનને કોઈ સાહિત્યકારોએ લોભમદસ્થાન તરીકે વર્ણવ્યો છે. અને એના દૃષ્ટાંતમાં ઉપર શરૂઆતમાં આ પ્રકરણમાં જણાવ્યું છે તેમ ચક્રવર્તી સુભૂમનો દાખલો તેઓ રજૂ કરે છે, પણ લાભ એ લોભનો એક વિભાગ હોવાથી મેં લાભને મદસ્થાનક ગણ્યું છે અને લાભ અને લોભ અંતે જતાં લગભગ સરખા હોવાથી તે ચાલે તેમ છે. સુભૂમને છ ખંડ ભરતક્ષેત્રનું લંબાણ–પહોળાણ અધુરૂં પડ્યું એટલે એણે ધાતકી ખંડના ભરતક્ષેત્રને સાધવાનો વિચાર કર્યો. પોતાના બળ ઉપર એ એટલો બધો મક્કમ હતો કે એ છ ખંડનો ધણી થયો, તે પણ તેને ઓછું પડ્યું અને સાતમે ખંડે વિમાન મારફત પોતાને અને પોતાના લશ્કરને લઈ જવા દેવતાઓને હુકમ કર્યો. દેવતાઓ રમત જોવા પ્રેરાયા, સમકાળે સર્વની સરખી બુદ્ધિ થઈ અને રમત જોવા ચાલી નીકળ્યા અને સર્વ દેવો જવાથી સુભૂમ રાજા ચક્રવર્તી દરિયામાં પડ્યો અને લોભનાં ફળ નારકી ગતિમાં અનુભવવા મરણશરણ થયો. આ લોભના કરતા લાભ વધે છે. પોતાને મળતી વસ્તુ મેળવવામાં પોતે પ્રવીણ છે અને પોતે બ્લેકમાર્કેટ કરવામાં કે સામાને ભૂલવામાં કાબેલ છે, એ વાતનો મદ કરવો તેમાં લોભ કરતાં લાભ વધે છે, કારણ કે તેમાં દ્રવ્ય કે જમીન ઉપરાંત અનેક ચીજોનો સમાવેશ થાય છે અને એક એવો નિયમ છે કે વધારે વસ્તુને પોતાની નીચે લેતી વસ્તુ મળતી હોય તો તેને લેવી. આ દૃષ્ટિએ મને લાભને મદસ્થાન સ્વીકારવામાં કાંઈ વાંધો લાગ્યો નથી. અસલ શબ્દ કયો હશે તે માટે આ રીતે ફેર બેસે છે. બાકી સુભૂમના તે હય (ઘોડા), ગજ (હાથીઓ) અને રથ બધા દરિયામાં ગયાં તે વાત પ્રસિદ્ધ છે અને તે લોભ નામના મદસ્થાનથી તણાઈ ગયો અને છ ખંડ પોતાના હતા તે પણ મરણ પામીને ગુમાવ્યા. તેનું પ્રેરકબળ લોભ નામનું મદસ્થાન હતું. આ દાખલો વિચારવા જેવો છે, પણ તેની સાથે કર્તાની પૂર્વતા અને બીજી બાબતો વિચારતાં અંતે લાભને, તેમાં વધારે પદાર્થોનો અવકાશ હોવાથી અત્ર સ્વીકારવામાં આવ્યો છે. આનું ખરું તત્ત્વ તો જ્ઞાની મહારાજ જાણે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**યતિવૃષભ**—આ ગ્રંથ મુખ્યત્વે કરીને જતિ–જૈન સાધુને ઉદ્દેશીને લખાયેલો છે, તેનો આ પુરાવો સમજી રાખવા યોગ્ય છે. યતિઓમાં જે મુખ્ય હોય તે યતિવૃષભ કહેવાય છે. યતિઓને કોઈ મહેરબાનીથી કે પોતાની મરજીથી વસતિ, પાત્ર, સ્થાન, ઔષધિ કે વસ્ત્રો આપે તો તેમાં પોતાની હોશિયારી છે એમ યતિવૃષભે ન ધારવું. આપનાર પોતાની શક્તિથી રળેલ વસ્તુ પુણ્ય કરવા અને તેનો બદલો મેળવવા આપે છે. તે પોતાના આવતા ભવના લાભ ખાતર આપે છે. એ વસ્તુ મેળવવાની વિદગ્ધતા માટે યતિવૃષભોએ મદ ન કરવો ઘટે, એમ આ શબ્દનો ભાવાર્થ છે.

**બલેનાપિ**—પોતાની બળવાન હોશિયારી કદાચ તે કાર્યમાં હોય, સામો મમ્મણ શેઠ જેવો ચીકણો માણસ ઠેકાણે આવી ગયો હોય તો પણ તેણે–યતિવૃષભે મદ કરવો અયોગ્ય છે. જે પોતાની શક્તિથી ઉપાર્જન કરેલું કંઈક મહેરબાનીની રૂઈએ અને પોતાના ભવિષ્યના લાભ ખાતર આપ્યું છે તેમાં પોતાની લાભ પ્રાપ્ત કરવાની આવડત બાબત મદ અયોગ્ય છે અને સામાને ગેરઇન્સાફ કરવા જેવું છે.

આ આઠ મદસ્થાન કહ્યાં છે. તેમાં કોઈ ઠેકાણે તપને મદસ્થાન કહ્યું છે. મેં છઠ કર્યો, અટ્ઠમ કર્યો કે મોટાં તપ કર્યાં એ વાતનું અભિમાન ન કરવું. તપનો મદ કરવાથી કુરગડુ મુનિ ઘણું દુઃખ પામ્યા, અને તેમના દાખલાથી ચેતી જવું અને તપ કર્યા બાબતનો કોઈ જાતનો અહંકાર કરવો નહિ એમ આ ગાથાનો ઉપદેશ છે. આ રીતે મદસ્થાન તો આઠ જ રહે છે, પણ દૃષ્ટિબિંદુના ફેરફારથી તેમનાં નામમાં કોઈ કોઈ સ્થાને ફેર આવે તો આશય શું છે તે સમજી મદસ્થાનને જેમ બની શકે તેમ ત્યજવું.

**મદં ન અચ્છન્તિ**—મદ તરફ પણ યતિવૃષભો ન જાય. તેઓ સમજે કે એ લાભ-મદ કરવા જતાં આત્મા અંતે ગુમાવે છે અને હોય તે પણ જાય છે. એ મદ કરવા યોગ્ય પણ નથી. સારા સમજુ માણસ કરતા પણ નથી. આ કારણે ગમે તે મદસ્થાન લેતાં તે કરવા યોગ્ય નથી. અને આપણી જરા ખુશામત થાય અને પોતે મોટો છે તેવું લાગે તે કરવા યોગ્ય નથી. અંતે તો આ બધું મૂકીને જવાનું છે અને જવાનું છે તે ચોક્કસ છે, તો પછી મદ કેમ કરવો ઘટે અને કોને માટે અને કેટલા વખત સુધી કરવો ઘટે? આ પ્રમાણે વિચારી સમજુ પ્રાણી એકે પ્રકારનો મદ ન કરે અને ખાસ કરીને લાભમદથી લલચાઈ જઈ પોતાની ખોટી આવડતના વખાણ ન કરે અથવા પોતાની જાતને મોટી ન માને. (૯૦)

**બુદ્ધિમદ ત્યાગવા યોગ્ય છે તેનાં કારણો—**

ग्रहणोद्ग्राहणनवकृतिविचारणार्थावधारणाद्येषु ।
बुद्ध्यङ्गविधिविकल्पेष्वनन्तपर्यायवृद्धेषु ॥९१॥

JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

पूर्वपुरुषसिंहानां विज्ञानातिशयसागरानन्त्यम् ।
श्रुत्वा सांप्रतपुरुषाः कथं स्वबुद्धया मदं यान्ति ? ॥९२॥

**અર્થ**—શ્રુતનું ગ્રહણ, પ્રમાણપૂર્વક તેનું સ્થાપન કરવું, નવીન કૃતિ (જોડકણાં) કરવી, જીવાદિક પદાર્થોની વિચારણા કરવી અને પોતાને કહેવાતી વાતનો નિર્ણય વગેરે બાબતોમાં, બુદ્ધિના અંગને જાણવાની વિધિની બાબતમાં અને અનંતપર્યાયોની બાબતમાં પૂર્વપુરુષવૃષભોના વિજ્ઞાનઅતિશય અને બુદ્ધિવૈભવ રૂપ સમુદ્રનું અનંતપણું સાંભળીને અત્યારના જમાનાના પુરુષો (માણસો–પુરુષો અને સ્ત્રીઓ) પોતાની બુદ્ધિનો મદ કેમ કરીને કરે ? (૯૧-૯૨)

**વિવેચન**—આમાં છઠ્ઠા બુદ્ધિમદના ત્યાગનો વિષય છે. તે સારી રીતે સમજવા યોગ્ય છે.

**ગ્રહણ**—એટલે વિદ્યા લેવી. આ ૯૧મા શ્લોકમાં ચાર વિષયો બતાવ્યા છે. તે આગળ જતાં માલૂમ પડશે. ગ્રહણ એટલે પકડવું અથવા લેવું, મતલબ કે વિદ્યાને પચાવવી એ પહેલી વાત છે. આપણે ગુરુ પાસેથી કાંઈ લઈને ગોખીએ અથવા મનમાં ધારી રાખીએ તે ગ્રહણ કહેવાય. આવી રીતે પોતે જે વિદ્યા શીખ્યો હોય તે બીજાને પ્રસંગ મળતાં આપી શકાય છે. એટલે લઘુવયમાં આ ગ્રહણનો ગુણ વધારે મહત્ત્વનો ગણાય છે. અસલ ઉપાધ્યાય વગેરે પાસે અભ્યાસ કરવામાં આવતો હતો.

**ઉદ્ગ્રાહણ**—પ્રમાણ પ્રમાણે તેનું મૂકવું. મૂકવાના અર્થમાં તે શબ્દ અહીં વાપર્યો છે. બીજા પાસે ગ્રહણ કરાવવું તે ઉદ્ગ્રાહણ કહેવાય છે. ન્યાય–તર્કના ધોરણે તે વાતને જાહેર પ્રજાના હિતાર્થે ગ્રહણ માટે મૂકવી તે ઉપન્યાસ કહેવાય છે. જે વિષયને આપણે ગ્રહ્યો હોય તેને બીજા માણસો સમજે અને એ ન્યાયસર તેને ગળે ઉતરે તે રીતે મૂકવો તે ઉદ્ગ્રાહણ કહેવાય છે. આ ગ્રહણ નામના પહેલા ગુણ પછી બુદ્ધિનો બીજો ઉપયોગ થયો. આ બીજાના સ્વીકારની વાત ન્યાય, પદ્ધતિ અને સમજાવવાની શક્તિ પર આધાર રાખે છે. ઉદ્ગ્રાહણમાં આપણા સિવાયના અન્ય પુરુષો અને સમજવાના કામમાં રોકાયેલાઓની વાત છે, જ્યારે ગ્રહણમાં પોતાની એકલાની જ વાત છે. બુદ્ધિનો ઉદ્ગ્રાહણમાં પણ ખૂબ ઉપયોગ કરવો પડે છે.

**નવકૃતિ**—નવીન ગ્રંથ બનાવવો. આપણે ભણેલા હોઈએ તો તેના ફળ તરીકે વિસ્તારથી જીવવિચાર, નવતત્ત્વ, દંડક વગેરે સ્વતંત્ર લખવા. એ નવીન કૃતિ સ્વતંત્ર હોય, પણ પૂર્વે શીખેલ વાતને અનુરૂપ હોય. આ નવીન કૃતિ કે રચના એ વધારે બુદ્ધિવૈભવ દેખાડે છે, પણ તે પૂર્વ પુરુષસિંહોનું અનુકરણ હોવાથી એ લોકોની બુદ્ધિ આગળ નવીન કૃતિ કાંઈ જ નથી. એના સ્વીકારપૂર્વક જ આ નવીન રચના થાય છે. આ બુદ્ધિનો ત્રીજો પ્રકાર થયો. દેવેન્દ્રસૂરિએ કર્મગ્રંથ લખ્યા તે નવીન રચના કહેવાય, પણ તેમણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૂર્વકાળના તે સમયે ઉપલબ્ધ કર્મગ્રંથો, મહાસંઘયણ વગેરે ગ્રંથોનો આધાર લઈ તેને લોકો સમજી શકે તેવી વ્યવસ્થિત રીતે ગોઠવ્યા તે નવીન કૃતિ કહેવાય. એમાં વિષય નવો નથી, પણ કૃતિ અને તેની ગોઠવણ નવીન છે.

**વિચારણા**—પોતે ગ્રહણ કરેલા વિષયો પર વિચાર કરવો. એકલું ગોખી જવું એના કરતાં પોતે સમજીને તેના અર્થ પર સ્વતંત્ર વિચારણા કરવી તે બહુ જરૂરી છે. આ બુદ્ધિનો ચોથો ઉપયોગ થયો.

**અવધારણા**—એટલે કહેવા શું માગે છે તે પોતાના હૃદયમાં સ્વપરના લાભ માટે ધારી રાખવું. અવધારણ એટલે 'નિશ્ચય' અથવા 'ખાતરી.' એટલે પોતે જે બાબત શીખેલ હોય તે મનમાં બરાબર ધારી રાખવી અને પોતે જે સમજીને વાત લીધી છે તે બાબત ધારી રાખવી. 'સંશયાત્મા વિનશ્યતિ' એટલે જેને મનમાં સંશય હોય તે વિનાશ પામે છે, પણ પૃથક્કરણ કરીને જે અવધારણ કરે તેને તેવો કોઈ જાતનો વિનાશ પામવાનો પ્રસંગ રહેતો નથી. ગમે તેવા સખ્ત ભાવો હોય પણ જો તેનું પૃથક્કરણ અને અવધારણ બરાબર કર્યું હોય તો તે ભાવ બીજાને સમજાવવામાં પોતાને જરાપણ મુશ્કેલી પડતી નથી.

આ રીતે બુદ્ધિના પાંચ પ્રકાર કહ્યા : (૧) ગ્રહણ, (૨) ઉદ્‌ગ્રાહણ, (૩) નવીન કૃતિ, (૪) વિચારણા, (૫) અવધારણ. આ બાબત અગાઉના પુરુષોએ કેવો અને કેટલો ગંભીર વિચાર કર્યો છે તે પછીની ૯૨મી ગાથામાં કહ્યું છે. બુદ્ધિના ઉપયોગ તરીકે ગ્રહણ, ઉદ્‌ગ્રાહણ વગેરે કહ્યાં છે. આ બુદ્ધિના માત્ર પાંચ જ ફળ છે એમ નથી, પણ એનાં અનેક અંગ છે. આવી રીતે ગ્રહણ કરવું, ગ્રહણ કરાવવું, નવીન રચના કરવી, વિચારણા કરવી અને તેની અવધારણા કરવી એ પાંચે બુદ્ધિના ગુણો છે. એ ઉપરાંત ધારણા વગેરે શાસ્ત્રમાં બુદ્ધિના અનેક ગુણો છે. બુદ્ધિ કાર્મણકી, પરિણામિકી વગેરે ચાર પ્રકારની છે એ વાત અગાઉ આવી ગઈ છે. આ ઉપરાંત બુદ્ધિના ઘણા ભેદ છે. તે કર્મગ્રંથ વગેરે શાસ્ત્ર-ગ્રંથોથી જાણી લેવા. અહીં તો જાણીતા બુદ્ધિના ચાર ભેદ કહ્યા છે. આ ચાર બુદ્ધિ અથવા ગ્રહણ, ઉદ્‌ગ્રાહણ, નવીન રચના, વિચારણા અને તેને કેંદ્રિત કરી અવધારણ કરવું એ પાંચે બાબતમાં અગાઉના પુરુષસિંહ–મુખ્ય માણસોની બુદ્ધિનો આપણે વિચાર કરીએ છીએ ત્યારે આપણી અક્કલ છક્કડ ખાઈ જાય છે. ઉત્કૃષ્ટ સંખ્યાત, ઉત્કૃષ્ટ અસંખ્યાત અને ઉત્કૃષ્ટ નવ પ્રકારના અનંતનો વિચાર ચોથા કર્મગ્રંથથી કરતાં આપણે પણ છક્કડ ખાઈ જઈએ છીએ, અને આવા બુદ્ધિબળને પચાવનાર માણસો પુરુષસિંહ–જિનવૃષભો બુદ્ધિબળમાં આપણાથી અનેક રીતે ચઢિયાતા અગાઉના કાળમાં થઈ ગયા છે, અને તે સમજનારા અને અને તે પર વિવેચન કરનારા અગાઉ નરવૃષભો થઈ ગયા છે, તેઓના બુદ્ધિવૈભવ પાસે આપણે તે કોણ માત્ર? એટલે બુદ્ધિની બાબતમાં આ ધુરંધર માણસો પાસે આપણે તો બુદ્ધિબળમાં મગતરા છીએ. એક ચૌદ પૂર્વનું પુર ગણવામાં કે કલ્પવામાં આવતાં અથવા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવના પાંચસે ત્રેસઠ ભેદ વિચારતાં આપણે છક્કડ ખાઈ જઈએ છીએ તો આપણી મર્યાદિત બુદ્ધિ માટે અહંકાર કેમ કરવો ઘટે ?

**વિધિવિકલ્પ**—કારણ અને તેના ભેદો. એ એટલાં સૂક્ષ્મ હોય છે કે ભેદ અને ઉપભેદનો વિચાર કરતાં આપણી બુદ્ધિ છક્કડ ખાઈ જાય. આ ભેદો અને કારણો સમજનાર અને સમજાવનાર અને આપણા લાભ માટે નવીન કૃતિ બનાવનાર મહાપુરુષો પૂર્વકાળમાં અનેક થઈ ગયા છે. તેમની પાસે આપણામાં કાંઈ બુદ્ધિ હોય તો તે કાંઈ પ્રમાણમાં નથી. તો એવી બુદ્ધિ જે સામાન્ય છે, તેનો મદ કરવો કે તે માટે પોતાની મોટાઈ માનવી, મનાવવી, એ કેમ વાજબી ગણાય ?

**પર્યાય**—આત્માના અનંત પર્યાયો છે. એ અનંતની પણ એક સંખ્યા છે. એ સંખ્યાને માટે વિચાર કરતાં આપણી બુદ્ધિ ચક્કરમાં ચઢી જાય છે, પણ તે પુરુષસિંહોને તો તે અનંતની વાત સાંભળતા જરાપણ મુસીબત લાગી ન હતી. આ અનંત પર્યાયથી મોટા થયેલા આપણા વડીલ પુરુષોની અનેક વાત અત્યારે વિદ્યમાન છે. તેવા પુરુષો તો આત્માના અનંત પર્યાયોને સમજવામાં કાંઈ મૂંચ વગરના હતા. તે પુરુષોનાં ચરિત્રો આપણને સૂચવે છે કે આપણે કોઈ પ્રકારનો બુદ્ધિમદ ન કરવો જોઈએ. આ સર્વ વાત ૯૨મા શ્લોકમાં સ્પષ્ટ થશે. જે આવી અસંખ્ય અનંતની વાત પોતાના વિજ્ઞાનઅતિશયથી સમજતા હતા, તેમની પાસે આપણી બુદ્ધિ તો કાંઈ નથી, એવો વિચાર કરીને અને તેમનો વિજ્ઞાનઅતિશય વિચારીને આપણે બુદ્ધિનો મદ કરવો ન ઘટે. તેઓએ કલ્પના પણ જબરી કરી છે અને તેમની બુદ્ધિશક્તિનો પાર પામવાની પણ આપણી શક્તિ નથી. તો પછી એ પુરુષસિંહોની પાસે આપણે કોણમાત્ર છીએ ? તેવા અતુલ્ય બુદ્ધિના ધણી પુરુષસિંહોએ પોતાની બુદ્ધિનો જરા પણ મદ કર્યો નથી, તો પછી આપણે આપણી તુચ્છ બુદ્ધિ માટે ગુમાન રાખવું કઈ રીતે યોગ્ય ગણાય ?

અત્યારે તો અવધિ અને મનઃપર્યવ તથા કેવળજ્ઞાન થતાં નથી, તો પછી જે કાળમાં પૂર્વમહાપુરુષો જીવતા હતા તે કાળની તેમની બુદ્ધિશક્તિ પાસે આપણી સાધારણ બુદ્ધિ માટે મદ કરવો કેમ ઘટે ?

આત્માના પર્યાયો અનંત છે. એવી રીતે પુદ્ગળના પણ અનંત પર્યાયો છે. તે સમજી શકે તેવા વૃદ્ધ પુરુષસિંહો અનેક થઈ ગયા છે. તેઓ આ અનંત પર્યાય સમજી શકતા હતા અને આપણને પ્રકરણાદિક નવીન કૃતિ દ્વારા આપણા લાભ માટે સમજાવી ગયા છે. આવી જેમની બુદ્ધિશક્તિ હતી તેની પાસે આપણે તો કોણ ? તેઓ બુદ્ધિ-વૈભવ માટે મદ કરે તો કાંઈક વ્યાજબી ગણાય, પણ તેમની સરખામણીમાં આપણે જે પર્યાયોનો અનંત ભાગ પણ સમજી શકતા નથી તે મદ કરીએ તો તે વ્યાજબી કે યોગ્ય કઈ રીતે ગણાય ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિધિ**—શાસ્ત્રમાં અમુક પ્રકારનો વિધિ બતાવવામાં આવ્યો છે. સોળ સંસ્કાર કે આવશ્યક સામાયિકાદિકનો અમુક ક્રમ હોય, અમુક સૂત્ર અમુક સમયે બોલાય, તે પછી અમુક સૂત્ર બોલાય એ જાતનું શાસ્ત્રકારોનું ફરમાન હોય તે વિધિ કહેવાય છે. વિધિમાં ક્રમ બતાવવામાં આવેલ હોય છે.

**વિકલ્પ**—અપવાદ, અમુક સુવાવડીથી સામાયિક થાય કે નહિ, અમુક પ્રભુ-નામનું કે નમસ્કારનું ઉચ્ચારણ થાય કે નહિ તે જાતના અપવાદનું જ્ઞાન તે વિકલ્પ. વિધિ–વિકલ્પ એટલે અમુક ક્રમ અને અમુક અપવાદ. તે બાબતમાં અને પર્યાયોની બાબતમાં જે ઘરડા થઈ ગયા હોય, જેઓના વિધિવિકલ્પો આધારભૂત ગણાતા હોય, જેઓ જે કહે તે સત્ય જ હોય, જેઓ વિધિવિકલ્પ અને પર્યાય એટલી સુંદર રીતે કહી શકે કે તેમનો શબ્દ આધારભૂત ગણાય અને જે વિધિ અને તેના અપવાદની બાબતમાં છેલ્લામાં છેલ્લો ફેંસલો કરે તેટલા નિષ્ણાત હોય, તેમની બુદ્ધિ પાસે આપણે તો ઊભા જ ન રહી શકીએ, છતાં મદ કરવા લલચાઈ જઈએ અને આપણી બુદ્ધિનો મદ કરીએ તે કેમ યોગ્ય ગણાય? આવા પુરુષસિંહો પાસે આપણી બુદ્ધિ તદ્દન સામાન્ય પ્રકારની છે, તો પછી થોડા દાક્તરી કે વકીલાતના જ્ઞાનથી આપણે મદ શેનો કરીએ? અને કરીએ તો તે પુરુષ-સિંહોની બુદ્ધિ પાસે આપણે કેમ ટકી શકીએ? અને ક્યાં ઊભા રહીએ? એમાં તો આપણે ટકતા નથી, તો પછી બુદ્ધિનો મદ કેમ? અને શો?

**બુદ્ધિ**—બુદ્ધિના ત્રણસો ચાળીસ (૩૪૦) ભેદ કર્યા છે. તે મતિજ્ઞાનનો વિષય હોવાથી શ્રી દેવેંદ્રસૂરિના કર્મગ્રંથમાંથી લીધા છે. વ્યંજનાવગ્રહ એટલે કાંઈક સંવેદન થાય. ઇંદ્રિય અને વસ્તુનો સન્નિકર્ષ જેમાં નથી તે મન અને આંખ (નયન) છે. વ્યંજના-વગ્રહ જ્ઞાનને ચાર પ્રકારનું બતાવ્યું છે—સ્પર્શનેન્દ્રિય વ્યંજનાવગ્રહ, રસનેન્દ્રિય વ્યંજનાવગ્રહ, ઘ્રાણેન્દ્રિય વ્યંજનાવગ્રહ અને શ્રવણેન્દ્રિય વ્યંજનાવગ્રહ. પછી અર્થનો અવગ્રહ પાંચે ઇન્દ્રિય અને છઠ્ઠા મનને થાય, અને ત્યાર પછી ઇહા, અપાય અને ધારણા એ ત્રણે પણ પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મન સંબંધે થાય. એ રીતે મતિજ્ઞાનના અઠ્ઠાવીશ ભેદ થયા. એ અઠ્ઠાવીશ ભેદને બાર ગુણા કરવાના છે. વાજીંત્રનો અવાજ સાંભળી કોઈ જીવ બહુ શબ્દ જાણે અને કોઈ જીવ થોડા શબ્દ જાણે તે પ્રમાણે 'બહુ' અને 'અબહુ' ભેદ પડે. કોઈ તાર, મંદ એવા શબ્દ જાણે તે બહુવિધ અને કોઈ એકલો તાર કે મંદ જાણે તે 'અબહુવિધ'. કોઈક જ્ઞાનને તુરત ગ્રહે તે 'ક્ષિપ્ર' ભેદ અને કોઈ વખત લગાડે તે 'અક્ષિપ્ર' ભેદ. એમ છ ભેદ થયા. કેટલાક ધૂમાદિક લિંગે કરીને અગ્નિને જાણે તે સાતમો 'સલિંગ' ભેદ અને એવા લિંગ વગર જે જાણે તે આઠમો 'અલિંગ' ભેદ. કોઈ સંદેહ–શંકા સહિત જાણે તે નવમો 'સંદેહ' ભેદ અને કોઈ સંદેહ વગર જાણે તે દશમો 'અસંદિગ્ધ' ભેદ. એકવાર કહેલ તુરત જાણી જાય તે અગિયારમો 'ધ્રુવ' ભેદ અને એકથી વધારે વાર કહ્યે જાણે તે બારમો 'અધ્રુવ' ભેદ. આ કુલ અઠ્ઠાવીશ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભેદને બારે ગુણતાં ૩૩૬ ભેદ જ્ઞાનના–બુદ્ધિના થાય. વળી ગુરુનો વૈયાવચ્ચ–વિનય કરીને મેળવેલ વૈનયિકી બુદ્ધિ, કાર્મણકી (કામ કરતાં કરતાં પદ્ધતિ બેસી જાય અને થાય તે બુદ્ધિ), ઔત્પાતિકી (કુદરતી બુદ્ધિ) અને પારિણામિકી (સંસારના અનુભવથી અને વ્યવહારમાં રાચ્યામાચ્યા રહેવાથી જે બુદ્ધિ થાય તે). એટલે ૩૩૬ સાથે આ ચાર ભેદ મળતાં ૩૪૦ બુદ્ધિના ભેદ થાય. જ્યાં અગાઉના પુરુષસિંહો આવા ભેદ પાડનાર, સમજનાર અને સમજાવનાર હારબંધ થઈ ગયા હોય ત્યાં આ કાળની આપણી બુદ્ધિ કોણ માત્ર? અને તેનો મદ કરવો કેમ યોગ્ય, ઉચિત, વ્યાજબી ગણાય? (૯૧)

**પૂર્વપુરુષસિંહ**—પૂર્વકાળના પુરુષવૃષભ એટલે મોટા માણસો. જ્યારે શબ્દને છેડે હસ્તિ, વૃષભ કે સિંહ શબ્દ વાપરવામાં આવ્યો હોય ત્યારે પુરુષોની અંદર ઉત્તમ, આગેવાન એમ અર્થ સમજવો. જંગલમાં જેમ સિંહ હરણનો શિકાર કરે છે તેમ એ પુરુષસિંહો કષાયોનો અને પરીષહોનો શિકાર કરે છે, તેમના પર વિજય કરી પોતાનું સિંહપણું બતાવી ગયા છે, એવા આગેવાનો અને બુદ્ધિશાળીઓ. આવા પુરુષોનો બુદ્ધિ-વૈભવ એટલો મોટો હતો કે તેઓ પર્યાય અને બુદ્ધિની બાબતમાં ઘણું પૃથક્કરણ કરી ગયા છે. તેઓના બુદ્ધિઅતિશયને સાગર સાથે સરખાવી શકાય. તેની અનંતતા વિચારવાથી–સાંભળવાથી આપણને અને આ કાળના કોઈપણ પ્રાણીને પોતાની બુદ્ધિ માટે મદ થતો નથી. ક્યાં એવા બુદ્ધિમાન પુરુષોની એક નાનામાં નાની બાબતને અનંત ભાગમાં વહેંચવાની શક્તિ અને ક્યાં આપણી સામાન્ય બુદ્ધિ! આપણે તો તેમની પાસે ઊભા રહી શકતા નથી. તો પછી એક જરા સામાન્ય બુદ્ધિ માટે અભિમાન કરવાની કે મદ કરવાની આપણી તાકાત શી? અને તેને માટે મદ કરવાનું સ્થાન ક્યાં રહ્યું? આપણે તો પૂર્વપુરુષસિંહની બુદ્ધિ આગળ કાંઈ માત્ર નથી. તેઓએ તો મોટો વખત અનેક પર્યાયની વાતો જાણી છે, આપણા લાભ માટે ગોઠવી છે અને તેઓ પોતે જાણતા તેનો અનંતમો ભાગ લખી ગયા છે. તેઓનાં ચરિત્ર સાંભળી આપણે બુદ્ધિનો મદ કેમ કરીએ? અને કરીએ તે યોગ્ય કેમ ગણાય?

**વિજ્ઞાનાતિશય**—બુદ્ધિનો અતિશય. અથવા બુદ્ધિનું તેજ, અને આકાશગમન, સંભિન્નશ્રોત્રાદિ લબ્ધિરૂપ અતિશય. આપણે ઘણી શોધખોળ પછી પણ આ અતિશયો મેળવી શકતા નથી, તેમને તો તે અતિશયો મળેલા હતા અને તેનો લાભ પણ તેઓ લેતા હતા. આવા પૂર્વકાળના મોટા માણસોનાં ચરિત્રો સાંભળી આપણી સામાન્ય બુદ્ધિનો મદ કરવાને માટે અવકાશ જ ક્યાં રહે છે? આપણી સામાન્ય વહેવારુ બુદ્ધિ ગણધર કે પૂર્વપુરુષો પાસે ટકી શકતી નથી.

**સાગરાનંત્યમ્**—બુદ્ધિ અને અતિશય રૂપ દરિયાનું અનંતપણું! આ તેમના અનંત જ્ઞાન અને અતિશયો તથા તેમને પ્રાપ્તિ થયેલી લબ્ધિ આગળ આપણી ખાબોચિયા જેવી કે જેટલી સામાન્ય બુદ્ધિ ક્યાં? એ બેની સરખામણી પણ થઈ શકે તેમ નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સાંપ્રતપુરુષ**—આ કાળના લોકો, જેમાં સ્ત્રીઓનો પણ સમાવેશ થાય છે. આ પુરુષસિંહના વર્ણનો સાંભળીને અત્યારના લોકોને મદ કરવાનું સ્થાન કેમ રહે? ક્યાં એ નરકેસરી પુરુષો અને ક્યાં તેમની વિચારણાશક્તિ પાસે આપણો બુદ્ધિવૈભવ? આપણે એ વાત વાંચી વિચારી સમજી શકતા હોઈએ તો પૂર્વપુરુષો જેમણે આપણા લાભ ખાતર અનેક નવીન રચના કરી છે અને જેઓએ અનેક અતિશયો, લબ્ધિઓ અને સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે, તેમની વિશાળ તાર્કિક બુદ્ધિ પાસે આપણી બુદ્ધિ ક્યાં? એ જ્યારે વિચારીએ છીએ ત્યારે આપણો મદ ઠરી જાય છે.

**કથં**—કેમ? શા હેકે? શા માટે? જો આપણે ગણધર અથવા તેમના પછી થયેલા શાલિભદ્ર કે એમના ગુરુ જેવા બુદ્ધિબળ અને અતિશયોમાં લગભગ સરખા હોઈએ તો તો જુદી વાત છે પણ આપણે તો મગતરા પણ નથી, પછી આપણે મદ કે મગરૂબી કરીએ એ કેમ વ્યાજબી ગણાય?

**મદં યાન્તિ**—મદ કેમ કરે? મદ કરવા તરફ કેમ લલચાઈ જાય? અને મદ કરવો કેમ શોભે? પૂર્વપુરુષોનાં ચરિત્ર સાંભળવાથી તેઓ બુદ્ધિબળમાં આપણાથી ઘણા અઢિયાતા હતા એમ તેઓની દ્રવ્યગુણપર્યાયની વ્યાખ્યાથી કે અનંતના અનંત ભાવો અને આત્માના અનંત પર્યાયોથી જણાય છે. તેઓનો બુદ્ધિ અને અતિશયરૂપ સમુદ્ર અનંત હતો અને આપણે તો તેનાથી ઘણી ઓછી ક્ષુલ્લક બુદ્ધિના છીએ. સહજસાજ બુદ્ધિ આપણને પ્રાપ્ત થઈ હોય તો એવી સામાન્ય બુદ્ધિ માટે અહંકાર કેમ થાય? અને કરી નાખીએ તો તેનો બચાવ કઈ રીતે આપણે કરી શકીએ? તેઓએ જે સૂક્ષ્મભાવ અને અનંત પર્યાયો વિચાર્યા છે તે આપણે સમજી પણ શકવા મુશ્કેલ છે. આવા જબરજસ્ત પુરુષસિંહો પાસે આપણે તો મગતરા છીએ. એમની બુદ્ધિશક્તિ પાસે આપણી સામાન્ય વ્યવહારબુદ્ધિ માટે મદ કરવો કે અભિમાન કરવું, મગરૂબી કરવી કે ગર્વ કરવો અનુચિત છે અને આપણે તે કરવો ઘટતો નથી. આ રીતે સાતમા મદસ્થાન બુદ્ધિની વિચારણા થઈ. (૯૧-૯૨)

**વલ્લભતા-પ્રિયત્વનો સાતમો મદ પણ ન કરવો જોઈએ—**

> **द्रमकैरिव चटुकर्मकमुपकारनिमित्तकं परजनस्य ।**
> **कृत्वा यद्वाल्लभ्यकमवाप्यते को मदस्तेन? ॥९३॥**

**અર્થ**—ભિખારીની પેઠે ખુશામતનાં મીઠાં વચનો બોલીને અને જાણે આપણા ઉપર ઉપકાર કરતા હોય તેવું બહાનું બતાવીને બીજા માણસોની વલ્લભતા મેળવવામાં આવે છે, તેનો મદ કરવો કેમ ઘટે? (૯૩)

**વિવરણ**—હવે અહીં વલ્લભતા-પ્રિયપણું-વહાલપ મેળવાય છે તે સાતમું મદ સ્થાન છે, એ પર વિવેચન થાય છે. ૧. જાતિ, ૨. કુળ, ૩. રૂપ, ૪. બળ, ૫. લાભ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને ૬. વિદ્યા—એમ છ મદસ્થાનો આગળ જોઈ ગયા અને તે કરવા યોગ્ય નથી એમ ગ્રંથકર્ત્તાએ વિસ્તારથી બતાવ્યું. તેવી જ રીતે આ સાતમું મદસ્થાન 'વલ્લભતા'નું છે. વલ્લભતા એટલે આપણે જ્યાં જઈએ ત્યાં ભળી જઈએ છીએ અને આપણે પોતે અતડા પડતા નથી અને આપણા સંબંધમાં આવે તે સર્વનો પ્રેમ મેળવી શકીએ છીએ. આનું નામ વાલ્લભ્ય અથવા સાતમું મદસ્થાન વલ્લભતા છે. કોઈ કોઈ ગ્રંથકાર આને સ્થાને તપનો મદ કહે છે. કોઈ પણ પ્રકારનો મદ કરવો અનુચિત છે, એટલે તપ હશે કે વાલ્લભ્ય હશે તેની ચર્ચા કામની નથી. તપનો મદ વધારે પ્રમાણમાં આપણું ધ્યાન ખેંચનારો જણાયો છે. જ્ઞાનીએ તેનાં કરતાં વલ્લભતામદને વધારે પ્રાધાન્ય આપ્યું છે, તેનાં કારણો પણ જણાવ્યાં છે, પણ તપમદ અને વલ્લભતામદ એમાં વલ્લભતામદને શા માટે વધારે અગત્યનો ગણવામાં આવ્યો તેનું કારણ જણાવ્યું નથી. એટલે એ તત્ત્વ કેવલીગમ્ય રાખી આપણે કોઈ પ્રકારનો મદ ન કરવો ઘટે.

**દ્રમક**—ભિખારી. એને વધારે ઓળખવા માટે ઉપમિતિભવપ્રપંચા કથાનો પહેલો પ્રસ્તાવ જોવો. ભિખારી હંમેશા પોતાનો લાભ જ જુએ છે. એ અનેક લટુડાપટુડાવેડા કરશે, એ મીઠું બોલશે, આપનારને રીઝવવા માટે અનેક પ્રકારના ચેનચાળા કરશે, અથવા ભૂતકાળમાં પોતા પર ઉપકાર થયેલ હોય તેની નજરે અથવા ભવિષ્યની આશાએ તે મીઠાં પટુડાં વચન બોલશે. પછી એ આપનાર કે ઉપકાર કરનારના બદલાની ખાતર તેની અનેક પ્રકારની બિરુદાવલી બોલશે. એવા ભિખારીની ખુશામતથી કે મીઠાં લાગે તેવાં વચનોથી લેવાઈ કે છેતરાઈ ન જવું. આવી દેખીતી વલ્લભતા કાંઈ ઉપયોગની નથી. તે આપણી ગેરહાજરીમાં શું બોલે છે તે મુદ્દાની વાત છે, બાકી ભિખારીના લટુડાં વચનથી કોઈ લેવાઈ જાય અને તેના પર પ્રીતિ કરે એ તો અસંભવિત વાત છે.

**ઉપકારનિમિત્ત**—એક અમુક માણસે પોતા ઉપર ઉપકાર કર્યો હોય અથવા કરવાની આશા હોય તેથી મીઠું મધુરું સારું લાગે તેવું તે બોલે તો તેવા પ્રકારની વલ્લભતાનો અહંકાર કે મદ કરવો કેમ ઘટે? એ ભિખારી તો પોતાના લાભ નિમિત્તે ગમે તેવું સારું બોલે, પણ એથી થતી વલ્લભતા–પ્રેમીપણામાં આપણી જાતને શા માટે વખાણવી કે તે વાતનો મદ કરવો? નિમિત્ત એટલે હેતુ. આપણે તેના પર ઉપકાર કરીએ તે હેતુ તેના મનમાં હોય છે. આપણે તેને વલ્લભ ક્યારે લાગીએ કે જ્યારે એ જાણે કે આપણે ભવિષ્યે કે તે જ વખતે તેના ઉપર ઉપકાર કરવાના છીએ. ઉપકાર નિમિત્ત છે. એને આપણા આભાર તળે લેવાના છીએ એ આશામાં તે આપણને વલ્લભતા દેખાડે. જો કે આ વલ્લભતા સ્વાર્થી છે, પણ દુનિયા સ્વાર્થ ઉપર જ મંડાયેલી છે, એટલે એમાં કાંઈ નવાઈ નથી. "આશા ઔરનકી ક્યા કીજે, ભટકત દ્વાર દ્વાર લોકન કે કુકર આશાધારી" એ આનંદઘનજીના પદમાં આશાધારી કૂતરો કેવા કેવા ચાળા કરે છે તે બતાવ્યું છે. આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સર્વ સ્વાર્થ ઉપર રચાયેલું વાલ્લભ્ય છે. આ રીતે પ્રેમ દેખાડવો તેનું પરિણામ શું આવે છે તે હવે પછીના શ્લોકમાં કહેશે (૯૩).

**વાલ્લભ્યનો નાશ થતાં કેવા હાલ થાય છે—**

**गर्वं परप्रसादात्मकेन वाल्लभ्यकेन यः कुर्यात् ।**
**तद्वाल्लभ्यकविगमे शोकसमुदयः परामृशति ॥९४॥**

**અર્થ**—પારકાની મહેરબાનીએ કરીને થતાં વહાલપણુથી જે ગર્વ કરે છે તે વલ્લભતાનો વિનાશ થતાં, છેડો આવતાં, પરંપરાગત શોક-દીનતાને ભેટે છે. (૯૪)

**વિવરણ—પરપ્રસાદાત્મકેન**—વલ્લભતા હંમેશ બીજાની મહેરબાની પર આધાર રાખે છે. એને જ્યાં સુધી આપણામાં સ્વાર્થ હોય અને તે સરતો હોય ત્યાં સુધી આપણુને વખાણે છે, આપણા ઉપર હેત રાખે છે, અને આપણુને ચાહે છે. પણ એ ચાહવાની અંદર સ્વાર્થ સરવાનો હેતુ રહેલો હોય છે. આપણે ત્યાં આવે ત્યારે બે રોટલી કે ચોખા મળે અથવા કાંઈ નહિ તો ચાનો વાટકો મળે ત્યાં સુધી એ આપણી બોલબાલા કરે છે. એટલે વલ્લભતા હંમેશા પારકાની આપણા પર કૃપા હોય ત્યાં સુધી જ ચાલે છે. જેવી એ સ્વાર્થવૃત્તિ પૂરી થાય કે આપણી અશક્તિ થાય કે તુરત જ એ સ્વાર્થી વલ્લભતાનો વિનાશ થાય છે, અને વલ્લભતા રાખનાર અને ખુશામત કરનાર જ આપણા અપ્રિય થઈ પડે છે. બહારના માણસો વલ્લભતા કરે તેની પાછળ આ હેતુ રહેલો છે એ નિરંતર ધ્યાનમાં રહે. વલ્લભતા પરપ્રસાદાત્મક જ હોય છે. તેથી, અમુક માણસ આપણા પર વલ્લભતા રાખે છે અને આપણી ખુશામત કરે છે તેથી આપણે ઘણા લોકપ્રિય છીએ એમ ધારવા જેવું નથી. આ વલ્લભતા વહેલી મોડી જવાની છે એમ વિચારવું અને તે વખતે કેટલો અને કેવો શોક થશે તે વિચારી બીજા તરફ વલ્લભતા કરવી જ નહિ અથવા તેવી વલ્લભતાથી ખેંચાઈ જવું નહિ. આ વ્યવહારુ વલ્લભતામાં કાંઈ લાંબો વખત ચાલે તેવી બાબત હોતી નથી. અને દુન્યવી સ્વાર્થ સિવાય વલ્લભતાનું કોઈ કારણ નથી.

**વિગમે**—વલ્લભતાનો નાશ થતાં, વિનાશ થતાં. આ સ્વાર્થમય સંસારમાં વલ્લભતા તો લાંબો વખત ચાલતી નથી. સ્વાર્થ પૂરો થતાં વલ્લભતા પણ પંખ કરીને ઊડી જાય છે. આપણે ઘણાને ઘડપણમાં ત્યજાયેલા જોઈએ છીએ તેનું કારણ સ્વાર્થ ન રહેવો તે જ છે. સ્વાર્થ પર રચાયલી દુનિયાદારીની આ જ સ્થિતિ છે. એ આખું બહિરાત્મદશાનું તંત્ર જ સ્વાર્થ પર રચાયલું છે. સ્વાર્થ સરતાં 'અમે કોણ, તમે કોણ' વાળી વાત થાય છે અને સ્વાર્થનો છેડો ઉમ્મરને કારણે કે અશક્તિને કારણે જરૂર આવવાનો છે જ, એટલે વલ્લભતા જે આખી બીજાની કૃપા અને મહેરબાની પર રચાયલી છે તેનો પણ વિનાશ જરૂર થવાનો જ છે. આવી બીજા માણસોની કૃપા-મહેરબાની પર આધાર રાખનારી વલ્લભતાનો મદ-ગર્વ કેમ થાય? અને કર્યો હોય તો તે વાજબી છે એમ કેમ કહી શકાય?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શોકસમુદય**—દૈન્યસમૂહ. વલ્લભતા જ્યારે નાશ પામે ત્યારે અનેક પ્રકારના શોકને દિલગીરીને પોતાની પાછળ મૂકી જાય છે, આપણને દીનતાના સમૂહ સાથે ભેટાડી દે છે. એકાદ શોક થાય ત્યારે તો જાણે સમજ્યા, પણ આ તો સંખ્યાબંધ શોકસમૂહ થાય. તેથી, જ્યારે વલ્લભતા થોડાં વર્ષ જ ચાલવાની છે તો સમજુ માણસ એનો ગર્વ કેમ કરે અને પોતે મોટી ધાડ મારી છે એવો મદ શા માટે રાખે? અને રાખે તો તે ઉચિત ગણાય?

**પરામૃશતિ**—એટલે 'ભેટે' છે. શોક આવીને ચાલ્યો જતો નથી, પણ શોકસમૂહ ભેટે છે અને આપણા મન પર શોક કરાવી અનેક શોકનો એ વધારો કરી જાય છે. આ વલ્લભતા ચાર દહાડાના ચાંદરડા જેવી છે. તેને સમજુ, વિચારશીલ માણસ ન જ કરે, અને પોતે વલ્લભ અને લોકપ્રિય છે તે વાતનો ગર્વ ન ધારણ કરે. (૯૪)

**છેલ્લો (આઠમો) મદ જ્ઞાનનો ન કરવો ઘટે—**

**माषतुषोपाख्यानं श्रुतपर्यायप्ररूपणं चैव ।**
**श्रुत्वाऽतिविस्मयकरं विकरणं स्थूलभद्रमुनेः ॥९५॥**

**सम्पर्कोद्यमसुलभं चरणकरणसाधकं श्रुतज्ञानम् ।**
**लब्ध्वा सर्वमदहरं तेनैव मदः कथं कार्यः ॥९६॥**

JAINSITE जैनम् जयति शासनम्

**અર્થ**—માષતુષની વાત સાંભળીને, તથા શ્રુતજ્ઞાનના અનેક પર્યાયોની ભગવાને કહેલી તેની પ્રરૂપણા જાણીને–સાંભળીને, અને અતિ અચંબો કરે તેવું સ્થૂળભદ્રમુનિનું ચરિત્ર અને તેમને થયેલી વિક્રિયા સાંભળીને, પંડિત સાથે સંબંધ અને ઉદ્યમ બંનેથી મળવું સુલભ અને ચારિત્ર્ય અને ક્રિયા બંનેને સાધનાર તથા સર્વ મદને હરી જનાર જ્ઞાન–શ્રુતને પ્રાપ્ત કરીને તે જ શ્રુતજ્ઞાનનો મદ કેમ કરી શકાય? અથવા થવો શક્ય કેમ ગણાય? (૯૫–૯૬)

**વિવરણ : માષતુષ**—બહુ ભોળા ભદ્રક પણ ગુરુની આજ્ઞાને માનવાવાળા શિષ્ય હતા. એ નબળી યાદશક્તિવાળા હતા અને લીધેલો પાઠ પણ તત્સ્વરૂપે યાદ ન રહે તેટલી ઓછી યાદશક્તિવાળા હતા. ગુરુએ એને ગોખવા અને યાદ કરવા માટે ચાર શબ્દ આપ્યા. मा रुष, मा तुष એટલે કોઈના ઉપર બહુ રાજી ન થઈ જા, કોઈને નવાજી નાખ નહિ અને કોઈ ઉપર ગુસ્સો ન કર. આખા આગમનો એ સાર હતો. આપણે આ રાગદ્વેષ પર શરૂઆતમાં ચર્ચા કરી આવ્યા છીએ. આ પ્રકરણને અંતે પણ એ રહસ્યસૂત્ર પર વિવેચન થશે. પણ મુનિ શિષ્ય હોવા છતાં આટલા ચાર શબ્દ પણ યાદ રાખી શક્યા નહિ. એને બદલે એમને माषतुष એટલે 'અડદ અને તેના ઉપરના ફોતરા' એવો વિચિત્ર શબ્દસમૂહ યાદ રહ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેઓએ તો આખો વખત માષ તુષ એ શબ્દ ગોખ્યા કર્યા અને ચારને બદલે બે શબ્દ થઈ જાય છે એટલું પણ ધ્યાન ન ખેંચાણું. પણ ફોતરાં અને અડદમાં આત્મભાવ સમાયેલો હતો. આત્મા અડદ જેવો મુક્ત છે, તેને ફોતરાં એટલે કર્મો લાગેલાં છે એમ વિચારતાં વિચારતાં અને એ શબ્દો ગોખતાં તેમને કેવળજ્ઞાન થયું. તેઓ ફોતરામાં કર્મની પરતા અને અડદમાં આત્માની મુક્તતા જોઈ શકયા અને નિષ્કપટ ભાવે એ શબ્દો માષ અને તુષ યાદ કરતાં અને વારંવાર સ્તવતાં અને યાદ કરવાનો પ્રયત્ન કરતાં તેઓ કેવળજ્ઞાનને વર્યા. આમ શ્રુતરહિત માણસ પણ સર્વ કર્મ પર વિજય મેળવી કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. એટલે કયા માણસને કઈ વસ્તુ લાભ કરશે તે પહેલેથી કહેવું મુશ્કેલ છે. એક સૂત્રના અનેક અર્થ થાય છે, પણ તે જેને ન આવડે તેનો નિસ્તાર નથી એમ સમજવું નહિ. આગમના અને ખાસ કરીને શ્રુતજ્ઞાનના અનંત પર્યાયો છે. તે આપણે અંગે કેવી રીતે વર્તે છે અને પૂર્વજ્ઞાનીઓએ તે સંબંધમાં શું કહ્યું છે તે સમજીએ તો પણ ઘણું છે. બાકી યાદશક્તિ મંદ હોય તેનો નિસ્તાર નથી, એવી ખોટી માન્યતા ન રાખવી. એ તો શ્રુતજ્ઞાનના ક્ષયોપશમ પ્રમાણે વધારેઓછી થઈ શકે. તે ન હોય તો તેથી જરાગણુ ગભરાવું નહિ. અભણ અથવા અલ્પ યાદશક્તિવાળા ભવનો પાર પામતા નથી એવું પણ કાંઈ નથી. શિષ્યે પોતાના શબ્દો વિપરીત કર્યા તે માટે ગુરુએ કાંઈ ઠપકો તેને ન આપ્યો. કેવળી થઈને એ આવ્યા ત્યારે એનું માન ઘણું વધાર્યું. આવા સમજુ ગુરુઓ પૂર્વકાળમાં હતા.

શકડાલ મંત્રીનો મોટો પુત્ર સ્થૂળભદ્ર. એને નાનપણથી વેશ્યા ઉપર પ્રેમ. તેને ત્યાં પોતે રહે અને અનેક પ્રકારના આનંદ ભોગવે, ખાય પીએ. તેમાં તેના પિતા ઉપર નંદરાજાની અવકૃપા થઈ અને તે મૃત્યુ પામ્યા. અસલના વખતમાં દિવાનનો છોકરો દિવાન થાય એવો નિયમ હોવાથી સ્વાભાવિક રીતે તેને દિવાનપદ લેવાનું કહેણ મોકલ્યું, કારણ કે રાજાને ખાતરી હતી કે તેના બાપ શકડાલ પ્રત્યે પોતાનો ક્રોધ વાજબી ન હતો. તેનો કોઈ ગુનો ન હતો. શકડાલની જગ્યાએ તેના પુત્રને દિવાનપદે વાજબી રીતે નીમવો જોઈએ. સ્થૂળભદ્રે તો આખો વખત લહેર કરી હતી. તે તો કોશ્યા વેશ્યાને ત્યાં પડ્યો પાથર્યો રહેતો હતો. નંદરાજાએ તેને પોતાની પાસે બોલાવ્યો અને દિવાનગીરી આપવાની વાત કરી. સ્થૂળભદ્રે વિચાર કરી જવાબ આપવાનું જણાવ્યું અને અશોકવાટિકામાં પોતે વિચાર કરવા ગયા. તેણે વિચાર કર્યો કે દિવાનગીરી સાથે કોશ્યાને ત્યાં જવાશે નહિ અને પોતાના બાપાના કેવા હાલ થયા હતા; એ દિવાનગીરીમાં શો લાભ છે ? એમ વિચારતા હતા ત્યાં સંભૂતિ જૈન આચાર્ય મળ્યા. તેમણે સમજાવ્યું કે એ દિવાનગીરી વગેરે તો બાહ્ય-બહિરાત્મભાવ છે અને ખરો માર્ગ તો શ્રી જિનદેવપ્રણીત માર્ગ છે અને તેનાં જ્ઞાન, દર્શન અને ચારિત્રને સમજાવ્યાં. સ્થૂળભદ્રનો જીવ તૈયાર હતો. તેને સત્ય સુખ કયાં છે તે સમજાયું અને



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતે સંભૂતિ આચાર્ય પાસે દીક્ષા લીધી, જૈન સાધુ બની ગયા અને દિવાનગીરીની રાજાને આભાર સાથે ના પાડી.

એને ત્રણ બહેનો હતી. તેઓ અસાધારણ વિદ્વાન અને પરીક્ષા કરનારી હતી. એક એકવાર સાંભળે કે તેને યાદ રહી જાય તેવી યાદશક્તિવાળી હતી. તેનું નામ 'સેણા'. બીજી 'વેણા', તે બે વાર સાંભળે તો તેને યાદ રહી જાય તેવી સુંદર યાદશક્તિવાળી હતી. ત્રીજી બહેનનું નામ 'રેણા'. તેને ત્રણ વાર સાંભળેલું યાદ રહી જાય અને બીજાને જણાવી શકે તેવી યાદશક્તિવાળી હતી. સંભૂતિ આચાર્ય પાસે બહેનો આવી ત્યારે સ્થૂળભદ્ર ગુફામાં બેસી પાઠ કરતા હતા. ગુરુએ તેમને ગુફામાં જવા જણાવ્યું. ત્રણે બહેનો ગુફા તરફ ચાલી. બહેનોને પોતાની વિદ્યાનો ચમત્કાર બતાવવા સ્થૂળભદ્રે, જેમને બહેનોના આગમનના સમાચાર મળી ચૂકયા હતા તેમણે, સિંહનું રૂપ લીધું. એટલે બહેનો સ્થૂળભદ્રને સ્થાને સિંહને બેઠેલો જોઈ જાણી પાછી આવી. આચાર્યને કહે કે એમને તો સિંહ ખાઈ ગયો લાગે છે, ત્યાં ગુફામાં સિંહ જ છે. આચાર્યે ઉપયોગ મૂકી જોયું અને જાણ્યું કે સ્થૂળભદ્રે પોતાની બહેનો ઉપર અસર કરવા સિંહનું રૂપ લબ્ધિના બળથી લીધું હતું. ત્યાં સુધી સ્થૂળભદ્ર દશપૂર્વ ભણ્યા હતા, પોતાનો શ્રુતજ્ઞાનનો અભ્યાસ બહેનોને જણાવવા ખાતર જ પોતે સિંહનું રૂપ લીધું હતું. ગુરુએ જાણ્યું કે સ્થૂળભદ્રને જ્ઞાનનો મદ થયો છે. નહિ તો પોતાની લબ્ધિ અને જ્ઞાન બહેનને જણાવવા માટે આવું રૂપ વિકુર્વે નહિ. એટલે એમના મતે જે જ્ઞાન મળ્યું છે તે સ્થૂળભદ્ર જેવા સાધુ પચાવી શકયા નથી, જ્ઞાનનો એમને ગર્વ થયો છે. પત્યું, ગુરુએ નવો પાઠ આપવાનો અને અભ્યાસ આગળ ચલાવવાનો અભિપ્રાય છોડી દીધો. પછી સંઘે ઘણી પ્રાર્થના કરી ત્યારે ૧૧–૧૪ પૂર્વનો મૂળ પાઠ આપ્યો, પણ અર્થ ન સમજાવ્યો. તે વખતથી, નંદરાજાના વખતમાં ૧૧–૧૪ એ ચાર પૂર્વ વિચ્છેદ ગયાં. અત્યારે તો સર્વ પૂર્વ ત્યાર પછી વિચ્છેદ ગયા છે. આ શ્રુતમદ ઉપર દાખલો થયો.

**વિકરણ**—ધાતુને ક્રિયાપ્રત્યય લગાડવા પહેલાં ધાતુ અને ક્રિયાપ્રત્યયની વચ્ચે જે (દશ) ગણનો પ્રત્યય લાગે તે વિકરણ કહેવાય છે. અહીં તેનો અર્થ વિક્રિયા. આવા સ્થૂળભદ્ર જેવા મુનિને જ્ઞાન પચ્યું નહિ અને ગર્વરૂપે–મદરૂપે પોતાની બહેનોને તે દેખાડવા વૃત્તિ થઈ એ મદસ્થાન આઠમું છે. એમાં ગર્વ કરવા જેવું કાંઈ નથી તે આવતી ગાથામાં કહેશે. આ માષતુષ મુનિ કેવળી થયા અને સાદા માણસે અડદનાં ફોતરાં ઉખેડયાની વાત કરી તેમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું, જ્યારે સ્થૂળભદ્રે જ્ઞાનનો મદ કરી દેખાડો કરવા વિચાર કર્યો તો તેમના સમયથી તે હંમેશને માટે અત્યાર સુધી ચાર પૂર્વ વિચ્છેદ પામ્યા, એમ સમજી શ્રુતજ્ઞાનનો મદ ન કરવો. આગળ બતાવશે તે પ્રમાણે કદાચ ક્ષયોપશમ, સત્સંગતિ કે સંબંધથી અભ્યાસ થઈ જાય તો તે ગર્વને યોગ્ય નથી, ઉચિત નથી. ભણવાથી તો ગર્વ ઘટવો જોઈએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ સ્થૂળભદ્ર મુનિનું ચરિત્ર અતિવિસ્મય–આશ્ચર્ય કરનારું છે તે સમજી લેવું જોઈએ અને શ્રુતજ્ઞાનના મદનો ત્યાગ કરવો જોઈએ. પ્રથમ વર્ષનું ચોમાસું જ્યારે સ્થૂળભદ્ર મુનિ ગુરુની આજ્ઞાથી કોશ્યાને મંદિરે ગયા અને ત્યાં રહ્યા અને વેશ્યાને શ્રાવિકા બનાવી, ત્યારે તેમને ગુરુએ 'દુક્કરદુક્કરકાર' કહ્યા. સર્પના બિલ પર ચાર માસના ઉપવાસ કરનારને 'દુક્કરકાર' જ માત્ર કહ્યા ત્યારે તેમને લાગ્યું કે એ સ્થૂળભદ્ર દિવાનના પુત્ર છે અને ગુરુ એમને હુલાવેફુલાવે છે અને રાજી રાખે છે. ચાર મહિના માલ–મસાલા ખાનાર એ સ્થૂલિભદ્ર કયાં અને ચાર માસના ઉપવાસ કરનાર પોતે કોણ? ગુરુની પક્ષપાતી (તેની નજરમાં) દશાથી પોતે બીજે વરસે કોશ્યાને ત્યાં ચાર માસ કરવાની પરવાનગી માગી. ગુરુ સમજી ગયા કે આ માગણીમાં દ્વેષ હતો અને સ્થૂળભદ્ર તરફ મત્સર હતો. તે જતાં જ કોશ્યાના ફંદામાં પડી ગયો અને અનુકૂળ ઉપસર્ગ તે સાધુ ખમી ન શકયો. વેશ્યા તો શ્રાવિકા બની હતી. તેને સર્વ પુરુષો ભાઈ–બાપ સમાન હતા. તે સ્થૂળભદ્ર તરફનો આવનાર સાધુનો મત્સર જાણી ગઈ. તેણે હિમાચળ પર્વત ઉપર રત્નકંબળ ભેટ મળે છે તે લેવા સાધુને મોકલ્યો. ભરચોમાસે સાધુભાવ વિરાધી એ મુનિ હિમાચળ ગયા અને અનેક ઉપાધિ વેઠી વાંસડામાં નાંખી રત્નકંબળ લઈ આવ્યા. કોશ્યાએ એના મુનિગુણની ભવ્યતા સમજાવી. અને મુનિ પણ અનુકૂળ ઉપસર્ગની મહત્તા સમજ્યા અને પોતાના ગુરુએ શ્રી સ્થૂળભદ્રને કેમ વખાણ્યા હતા તેનું કારણ પણ તેમના ધ્યાનમાં આવી ગયું. સ્થૂળભદ્રનું નામ ચોરાશીમી ચોવીશીએ લેવાશે. એના જેવા કામદેવના ઘરમાં જઈ તે પર વિજય મેળવવાના દાખલા બહુ ઓછા છે. અને તેટલા માટે તેમનું ચરિત્ર વિસ્મય કરે તેવું કહ્યું છે. (૯૫)

છન્નુમી ગાથામાં જ્ઞાનમદ ન કરવાનાં કારણો કહે છે. અને તેની સાથે રાગદ્વેષ, ઇંદ્રિયજય અને કષાય પર વિજયનું પ્રકરણ થોડા પ્રાસ્તાવિક શ્લોક સાથે ગ્રંથકાર પોતે જ પૂરું કરશે. ત્યાં જ્ઞાનમદ કે શ્રુતમદ ન કરવાનાં કારણોમાં એ જ્ઞાન કેવી રીતે અને શા માટે મળે છે તે મૂળ તરફ ગ્રંથકાર જાય છે અને આવા નિર્મદ જ્ઞાનનો મદ કેમ થાય તે જણાવે છે.

**સંપર્ક**—પહેલું કારણ : આ શ્રુતજ્ઞાન મોટા પંડિતોનાં પડખાં સેવવાથી અને તેમની વૈયાવચ્ચથી થાય છે. જ્ઞાન મેળવવાનાં કારણો વિચારવામાં આવશે તો વિદ્વાનનો સંપર્ક–સંબંધ તે ઘણી અગત્યની વાત છે. પંડિતના સંબંધથી અને વૈયાવચ્ચ કરવાથી વાચનાદિક પાંચે પ્રકારના જ્ઞાન આવે છે. પંડિત પાસે જ્ઞાન સિવાય બીજી વાત શી હોય? તમે ઉપાધ્યાય શ્રીમાન યશોવિજયજી કે હેમચંદ્રાચાર્યજી જેવાની સાથે સંબંધમાં હો તો આખો વખત તમે તેમની પાસે જ્ઞાનની ચર્ચા જ સાંભળ્યા કરો. આ રીતે જ્ઞાન મેળવવાનું પ્રથમ કારણ જ્ઞાનીનો સત્સંગ છે. ત્યાંના વાતાવરણમાં જ જ્ઞાન ભરેલું હોય છે અને તમારી ઇચ્છા કે આવડત ન હોય, પણ તમારો સંબંધ જ્ઞાની સાથે જોડાયલો હોય, તમે એને સત્સંગ તરીકે ઓળખતા હો તો જરૂર તમે જ્ઞાની થઈ જાઓ, કારણ કે ત્યાં ગપ્પાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મારવાનાં હોય જ નહિ. તમે અત્યારના કોઈ પણ વિદ્વાનના પરિચયમાં આવો તો તમે આખો વખત જ્ઞાનની ચર્ચા જ સાંભળશો. આથી જ્ઞાનીના સંબંધને જ્ઞાન મેળવવાનું પ્રથમ કારણ કહેવામાં આવ્યું છે. તમે ત્યાં જઈ બે અક્ષર શીખી આવશો અને તમને વધારે સંબંધ થશે તો તમારો આખો વખત જ્ઞાનગોષ્ઠિમાં જશે અને તમે એવા સંબંધથી જ્ઞાની થશો.

**ઉદ્યમ**—બીજું કારણ : એકલા સત્સંગથી જ્ઞાન ન મળી જાય, પણ સત્સંગ–સોબત સાથે તમારો જ્ઞાન મેળવવાનો ઉદ્યમ પણ જોઈએ. તમે ત્યાં જ્ઞાન લેવા જાઓ છો અને જ્ઞાન લેવાનો તમારો ઉદ્યમ–પ્રયત્ન છે, એમ તમારે તે પંડિતને જણાવી દેવું ઘટે. એટલે સોબત સાથે તમારો પ્રયત્ન–પ્રયાસ–ઉદ્યમ પણ જ્ઞાન મેળવવાનો હોવો જોઈએ. એકલી સુસોબત હોય તે ખરાબ છે એમ અત્ર કહેવાનો આશય નથી, પણ સુસંગ સાથે તમારો પાઠ લેવાનો, ગુરુની હાજરીનો લાભ લેવાનો પ્રયત્ન–ઉદ્યમ હોવો જોઈએ. એ ગુરુ–પંડિતે ઉત્પન્ન કરેલું સુંદર વાતાવરણ અને તમારો પ્રયત્ન—તેની હાજરીનો અને જ્ઞાનના વાતાવરણનો લાભ લેવાનો તમારો પ્રયત્ન જોઈએ. આ બંને ચીજથી, તેમનાં સહયોગે, તમે કાંઈ કાંઈ જ્ઞાન મેળવ્યું છે અને જ્ઞાનનો લાભ તમે લીધો છે એટલી વાત આપણે ધારીને ચાલીએ. એટલે જ્ઞાનવાળા અથવા જ્ઞાન મેળવવાની ઇચ્છાવાળા તમે જ્ઞાની છો અને પંડિતની સુસંગતિથી તમે થોડું વધારે જ્ઞાન સુલભ્ય કરેલું છે, એટલે જ આ પુસ્તક વાંચવાની તમને મરજી થઈ છે.

**ચરણસાધક**—ત્રીજું કારણ : જે પંડિત ગુરુની નિશ્રામાં તમે વસ્યા તેણે તમને ચારિત્ર–સદ્વર્તન શીખવ્યું છે અથવા આવું જ્ઞાન તે ચરણસાધક છે. नाणस्स फलं विरइ —જ્ઞાનનું ફળ વિરતિ છે, તે આપણે ઉપર જોઈ ગયા છીએ. જ્ઞાન સાચેસાચું પંડિત-સંસર્ગે તમે પ્રાપ્ત કર્યું તે ચારિત્રનું સાધક છે. ચારિત્રને સાધે તે જ્ઞાન. જ્ઞાન વિકૃતિને વધારનારું હોય, હિંસાને વધારનારું હોય, ચોરીનો ગુણ શીખવનારું હોય તો તેને અમે અહીં જ્ઞાન ગણ્યું નથી; પણ તમારા સામાયિકાદિ ચારિત્રને પોષનાર જ્ઞાન હોય, તેને વધારી આપનાર જ્ઞાન હોય તેને અહીં જ્ઞાન કહે છે. તમે પંડિતના સંસર્ગમાં આવ્યા, તમે જાતે જ્ઞાન મેળવવા ઉદ્યમ કર્યો અને તેને પરિણામે આવું ચારિત્રગુણને ખીલવનાર જ્ઞાન મેળવ્યું. ત્રીજું કારણ ચારિત્રસાધક જ્ઞાન હોવું જોઈએ એ છે.

**કરણસાધક**—ચોથું કારણ : એટલે તમે મેળવેલું જ્ઞાન ક્રિયાસાધક જોઈએ, એટલે તમે જ્ઞાન સારું છે એમ ધારીને મેળવેલું જ્ઞાન વ્યાવહારિક અને પ્રતિક્રમણ, પૌષધાદિ ક્રિયાને સાધનારું હોવું જોઈએ. જ્ઞાન હોય ત્યાં ક્રિયા હોવી જ જોઈએ, માત્ર પુસ્તકિયા જ્ઞાન અથવા પોથીમાંનાં રીંગણાંના જ્ઞાનની જ્ઞાન તરીકે કાંઈ કિંમત નથી. જ્ઞાનનો ઉપયોગ ક્રિયામાં થાય છે, અને ज्ञानक्रियाभ्यां मोक्षः એ જાણીતા સૂત્રનો અર્થ પણ એ જ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એકલું જ્ઞાન કરીને બેસી રહેવાનું નથી, સત્સંગ અને ઉદ્યમથી મેળવેલ જ્ઞાન વર્તનમાં મૂકાય છે માટે ક્રિયા જરૂરી છે અને તેટલા માટે જ પંડિતોએ ઉપરના સૂત્રમાં જ્ઞાન અને ક્રિયાનો સહચાર–જોડલાપણું બતાવ્યું છે. ગુરુના સંપર્કથી અને તમારા ઉદ્યમથી જે જ્ઞાન મેળવો તે સદ્દર્શન–શુદ્ધ ચારિત્ર અને ક્રિયાને સાધનાર જ્ઞાન હોવું જોઈએ. આ ચોથું કારણ જ્ઞાનપ્રાપ્તિ અને તેના ફળની અપેક્ષાએ કહ્યું.

**સર્વમદહર**—પાંચમું કારણ. જો તમને એ ચારે પ્રકારે સત્ય જ્ઞાન મળ્યું હોય તો તેનું ફળ સર્વ પ્રકારના અહંકારને એ દૂર કરનાર છે એમ થવું જોઈએ. આ પાંચ ગુણે યુક્ત જ્ઞાન સર્વ પ્રકારના જાતિ, કુળ, લાભ, રૂપ વગેરે મદનો નાશ કરનાર છે. તેને મેળવીને એવા જ્ઞાનનો મદ કેમ થાય? એક તો આપણે પંડિત પુરુષોના જ્ઞાન આગળ મગતરાં છીએ અને બીજું તે જ જ્ઞાન કોઈપણ પ્રકારની બાબતનો મદ ન કરવા સૂચવે છે, શીખવે છે. આવું સારું જ્ઞાન મેળવીને એનો અહંકાર કરવો? એ જ્ઞાન પોતે જ મદને હરનારું છે, તેનાથી વળી મદ થાય? અને જે જ્ઞાન જાત્યાદિ સર્વ પ્રકારના મદને બાળી નાંખે છે તે જ્ઞાનનો મદ શોભે ખરો? જ્ઞાન જ આપણને આડનો દાખલો આપી નમ્ર બનવાનું કહે છે. જેમ ફળ વધારે થાય તેમ આડ નમ્ર બને છે (भवन्ति नम्रास्तरवः फलागमैः). તો પછી આવું જ્ઞાન પ્રાપ્ત કરીને એ જ્ઞાનપ્રાપ્તિનો ગર્વ કરવો કેમ શોભે? અને કેમ ઉચિત ગણાય? માટે શ્રુતજ્ઞાનનો મદ કરવો યોગ્ય નથી. હરિભદ્રટીકામાં એક શ્લોક આપ્યો છે તે આ સ્થાને વિચારવા લાયક છે—

JAINSITE.com जैनम् जयति शासनम्

मददर्पहरं माद्यति, यः माद्यति तस्य को वैद्यः ।
अमृतं यस्य विषायति तस्य चिकित्सा कथं क्रियते ॥

એટલે; મદને હરનાર જ મદ કરે તો તેનો વૈદ્ય (વૈદ–દાક્તર) કોણ થાય? જ્યાં અમૃત જ ઝેરની પેઠે આચરણ કરે ત્યાં તેનું ઓસડ શું? અને કેવી રીતે કરવું? એટલે જ્ઞાન તો આવી જાતના અભિમાનને ઘટાડનાર–હરનાર છે, તેનો જ તે પ્રાણી દર્પ કરે ત્યારે તો અમૃત જ ઝેરની પેઠે આચરણ કરે છે. પછી તેનો ઉપાય શું? અને કેવી રીતે કરાય? જ્યાં વાડ જ ચીભડાં ગળવા માંડે કે વાડ જ અંદરના વેલાને ખાઈ જવા લાગે અથવા જેનો આશ્રય લેવામાં આવે તે જ ચોર નીકળે, તો પછી તે વ્યાધિવાળાની દવા કેમ થાય? કોણ કરે? અને કેવી રીતે કરે? માટે જે અભિમાનને હરનાર છે તેનો દર્પ ન કરવો. એ કરવો એ કોઈપણ રીતે ઘટતું નથી. વાડ ચીભડાં ગળે એવો એ ન્યાય છે. આ રીતે આઠે મદની વાત કરી. તે કરવા યોગ્ય નથી તે જણાવ્યું. (૯૬)

**મદસ્થાનને લગતો સામાન્ય ઉપદેશ**—

एतेषु मदस्थानेषु निश्चये न च गुणोऽस्ति कश्चिदपि ।
केवलमुन्मादः स्वहृदयस्य संसारवृद्धिश्च ॥९७॥

**અર્થ**—એ મદસ્થાનોને વિશે નિશ્ચયપૂર્વક કોઈ જાતનો ગુણ નથી અને કેવળ પોતાના હૃદયનો આવેશ છે અને સંસારનો વધારો છે. (૯૭)

**વિવરણ—એ મદસ્થાનોમાં** : જાતિ, કુળ, રૂપ, બળ, લાભ, જ્ઞાન (વિદ્યા), વલ્લભતા અને શ્રુત (જ્ઞાન) એ આઠ મદ સ્થાનો, જેમનું ઉપર વર્ણન કરવામાં આવ્યું છે તેમાં, ખાતરીપૂર્વક કોઈ પ્રકારનો લાભ નથી. તેથી વહેવારુ સમજુ માણસોએ તે દર્પ કરવા ન ઘટે, કારણ કે એક કે વધારે મદસ્થાનને આશ્રય કરવા જતાં નક્કી કોઈ પણ પ્રકારનો આડકતરો કે સીધો લાભ થાય તેવું નથી. આ બાબતમાં ગ્રંથકારને જરા પણ શંકા નથી. તમે જો અત્યાર સુધી ગ્રંથકારને અનુસર્યા હો તો તેનું વચન સમજી જાઓ. એક કે વધારે કોઈ પણ પ્રકારના મદસ્થાનમાં જરા સરખો પણ લાભ નથી અને એમણે ધારી ધારીને એ જોયું છે, અનુભવ્યું છે અને નોંધી રાખ્યું છે. એ તમારા હિતની નજરે કહે છે કે એ લાભ વગરનો ધંધો તમે ન કરતા. એમાં ઉપર જણાવ્યું તેમ નુકસાન થશે અને અમે ખાતરીપૂર્વક કહીએ છીએ કે એમાં એક ફૂટી બદામનો પણ લાભ નથી, આયપત નથી, વધારો નથી અને આ અમારો નિશ્ચય છે અને અમે ધારીધારીને અવલોકન કર્યું છે તેનું એ પરિણામ છે. તમારા લાભ ખાતર કહીએ છીએ તે તમે ધ્યાનમાં લો.

**ઉન્માદ**—ઘેલાપણું, ગાંડપણ. માત્ર એ મદ એક જાતનું ગાંડપણ છે. જેમ ગાંડો માણસ અસ્તવ્યસ્ત બોલે છે, ગમે તેવી ગાંડી ચેષ્ટા કરે છે, ગમે તેને ભડભડાટ ગાળો દે છે, બિનજવાબદાર રીતે વર્તે છે, તેને લુગડાલત્તાનું ભાન રહેતું નથી, ખાવાનું ઠેકાણું રહેતું નથી તેમ જાતિ, કુળ, રૂપ, બળ, શ્રુત, વિદ્યા વગેરેનો મદ થાય ત્યારે એક જાતનું ઘેલાપણું લાગે છે. એ ગાંડપણમાં અવ્યવસ્થિત બોલાય, જેવા તેવા વિચાર થાય, ઠેકાણાં વગરના વિચારો આવે અને ભાન વગરનો વ્યવહાર થાય. આ મદસ્થાનો એક જાતનો સનેપાત અને ગાંડપણ જ છે. એ મદસ્થાનોવાળાની અને ગાંડા માણસની રીતભાત, વિચાર કે બોલી ઘણી રીતે મળતી આવે. એટલે મદસ્થાન કરવું તે એક જાતનું ગાંડપણ જ છે એમ સમજવું.

અને થોડા દિવસની અહીંની સ્થિતિને અંગે અભિમાન શું અને કેમ થાય? એ તો ઘણાં વર્ષ રહેવાનું હોય તો તો જુદી વાત છે, પણ થોડા વખતમાં જવાનું હોય ત્યાં તે યોગ્ય નથી. પચાસ કે પંચોતેર વર્ષ સ્થિતિ છે, તેમાં બાળપણ બાદ કરતાં અને અભ્યાસકાળ જતાં થોડાં રહેતાં વર્ષ માટે જાતિ કે કુળનો કે પોતાના રૂપ કે બળ કે પોતાની વિદ્યાનો મદ કરવો એ તો સમજણ વગરની વાત છે અને તે એક જાતનું ઘેલાપણું છે. ભર્તૃહરિ કહે છે કે आदित्यस्य गतागतैरहरहः संक्षीयते जीवितम् આમ સૂર્ય આવે જાય તેમાં વાત કરતાં એક દિવસ ઓછો થાય છે. पीत्वा मोहमयीं प्रमादमदिरामुन्मत्तभूतं जगत् આખી દુનિયા મોહમદિરા પીને જાણે ઘેલી થયેલી લાગે છે. આવી ઘેલછા મદથી થાય છે એમ સમજવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સંસારવૃદ્ધિ**—આપણો સર્વ પ્રયત્ન સંસાર ઓછો કરીને જેમ બને તેમ જલ્દી મોક્ષસ્થાને પહોંચવાનો અને અનંત સુખ મેળવી આ જન્મમરણના ફેરા ટાળવાનો છે, પણ આઠ મદસ્થાનોમાંથી કોઈ એકનો અને વધારેનો મદ થતાં તો સંસાર પાકો થઈ જાય છે, વધી જાય છે અને તેમાં આપણો મોક્ષપ્રયાસ નકામો થઈ જાય છે.

**ચ**—અને, ઉભયાન્વયી અવ્યય. એટલે એ એક પ્રકારનું ગાંડપણ છે અને તેનાથી સંસારનો વધારો થાય છે. આ બંને વાત બને છે. એટલે આ ઉભયાન્વયી 'અને'નો બરાબર ઉપયોગી અર્થ સમજાય છે, ગાંડપણ ગણાય અને સંસારનો વધારો થાય એવો બેવડો નુકસાનીનો વેપાર કયો ડાહ્યો માણસ કરે? એક તો કામ ઉન્માદનું, ગેરડહાપણનું ગણાય અને તેના નફાતોટામાં સંસાર વધે એવો ઊલટો વેપાર કયો ડહાપણવાળો માણસ કરે? એટલે, એનો નિષ્કર્ષ એ થાય કે ભવિષ્ય અને વર્તમાનની નજરે કોઈપણ સમજુ માણસ જરા બુદ્ધિશક્તિવાળો હોય તો એવો ધંધો ન જ કરે. (૯૭)

**મદવાન પ્રાણીને થતાં દુઃખો**—

जात्यादिमदोन्मत्तः पिशाचवद्भवति दुःखितश्चेह ।
जात्यादिहीनतां परभवे च निःसंशयं लभते ॥९८॥

**અર્થ**—પોતાની જાતિ વગેરેના મદથી ઉન્મત્ત (ગાંડો) થયેલો પિશાચની પેઠે આ જન્મમાં જ્યાં જાય ત્યાં દુઃખી થાય છે અને હવે પછીના ભવમાં જાતિ વગેરેની નીચતા ચોક્કસ પ્રાપ્ત કરે છે, એ વાતમાં શંકા કરવા જેવું નથી. (૯૮)

**વિવરણ : જાત્યાદિ**—પોતાની જાતિ વગેરે આઠ પ્રકારના મદો પૈકી એક અથવા વધારેનો અહંકાર કરનાર. તે જાતિ વગેરેના અત્ર નામ પુનરાવર્તનના ભોગે પણ લખવામાં આવે છે—જાતિ, કુળ, રૂપ, બળ, લાભ, જ્ઞાન, વલ્લભતા અને વિદ્યા. આ આઠમાંના કોઈ પ્રકારનો મદ કરવાથી આ ભવે અને પરભવે શું થાય અને કેવાં કેવાં દુઃખ સહન કરવાં પડે તે સમજી કોઈપણ પ્રકારનો મદ ન કરવો અને મદસ્થાનને વર્જવું એવો અત્ર ઉપદેશ છે.

**મદોન્મત્ત**—આ મદો લાગે ત્યારે પ્રાણી કેવો ગાંડો થઈ જાય છે તે આપણે મદસ્થાનોની વિચારણામાં જોયું અને વિચાર્યું. એટલે અહીં મદોન્મત્ત શબ્દ પર વિવરણ કરવાની જરૂર રહેતી નથી. તે એક પ્રકારનું ગાંડપણ જ છે, અને ઘેલા અથવા ખસી ગયેલા મગજવાળાને બરાબર મળતું આવે તેવું કોઈ પણ મદસ્થાન કરનાર વર્તન કરે છે.

**પિશાચ**—પિશાચનો આ દાખલો હારિભદ્રીય ટીકા અનુસાર અત્ર આપવામાં આવ્યો છે. કોઈ એક સ્થાનમાં શુચિપિશાચ નામનો એક બ્રાહ્મણ હતો. ત્યાં વસતાં ચારે તરફ તેની નજરમાં અપવિત્રતા લાગી. એ અશુચિમાંથી બચવા ખાતર લોકો જ્યાં રહેતા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય તેનો ત્યાગ કરીને સમુદ્રની વચ્ચે ચારે બાજુ પાણી અને વચ્ચે એક બેટ આવેલો હતો ત્યાં જઈને વસ્યો. તે જ બેટમાં એક વાણિયો વહાણુ ભાંગવાથી બીજો કોઈ આશ્રય ન મળવાને કારણે, આવીને રહ્યો હતો. હવે આ બેટમાં તો શેરડીના ઘણા છોડવા હતા. એ તો ખૂબ શેરડીનો રસ પીતો હતો અને પોતાની ગુદા દ્વારા ગોળ પતીકાંના આહારનો ત્યાગ કરતો હતો. શુચિપિશાચે તે ગુદાના ગોળ પતીકાંઓ ખાધાં અને હંમેશા તેના ઉપર પોતાનો નિર્વાહ કરવા લાગ્યો. આવી રીતે એ વિષ્ટા ઉપર જીવતો રહ્યો. વખત જતાં તે અને પેલો વાણિયો ભેગા થઈ ગયા. તેણે વાણિયાને સવાલ કર્યો કે 'આપ શા માટે અત્ર પધાર્યા છો?' વાણિયાએ જવાબમાં કહ્યું કે પોતે વહાણના ભંગાણના કારણે ત્યાં એ બેટમાં આવી ચડચો હતો. પછી વાણિયે સવાલ કર્યો કે 'શુચિપિશાચ! આપનું અહીં આવવાનું પ્રયોજન શું છે?' ત્યારે જવાબમાં શુચિપિશાચ કહે છે કે 'લોકોમાં ઘણી અપવિત્રતા છે, તેના ત્રાસથી બચવા પોતે અહીં આવ્યો છે.' ત્યારે વાણિયે પૂછ્યું 'ભલા ભાઈ! ભોજન વગર અત્ર કેમ તમારો નિર્વાહ થાય છે? હું તો દરરોજ શેરડી ખાઈને કે તેનો રસ પીને મારો નિર્વાહ ચલાવું છું.' પિશાચે જવાબમાં જે કહ્યું તેથી આશ્ચર્ય પામેલા વાણિયાએ તે બતાવવા માંગણી કરી એટલે પેલા શુચિપિશાચે તો વાણિયે મૂકેલા ગોળ પતીકાં જેવાં લીંડાં બતાવ્યા. ત્યારે વાણિયે કહ્યું "અરે ભલા ભાઈ! મારા મૂકેલાં આ ગોળ પતીકાં તું દરરોજ ભક્ષણ કરે છે. અરે એ તો મારી વિષ્ટા છે! તારો શુચિવાદ તો ઘણો સરસ છે!' વાણિયાની આ ટીકા સાંભળીને તે શુચિપિશાચ તો ગળગળો થઈ ગયો અને એ બેટને છોડી દઈ બીજા બેટમાં ગયો. ત્યાં પણ તેણે વાગોળે ભક્ષણ કરેલાં અને બાકી રહેલાં ફળો ખાધાં. આવી રીતે એ ઘણો પવિત્ર રહેવાનો ફાંકો રાખનાર શુચિપિશાચ જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાં દુઃખી અને વધારે દુઃખી થવા લાગ્યો.

**પરભવે**—આ ને આ ભવમાં એને કોઈ પ્રકારના લાભને બદલે શુચિપિશાચ જેવી દશા થાય છે. એ એક દુઃખમાંથી બીજા દુઃખમાં પડે છે. એની સાથે પરભવમાં જાતિ વગેરે હલકી પામે છે.

**જાત્યાદિહીનતા**—એટલે જાતિનો મદ કરે તેને પરભવમાં નીચ જાતિમાં જવાનું થાય. તેવી જ રીતે ઉચ્ચ કુળનો મદ કરનાર પરભાવે નીચ કુળ પામે. સારા રૂપનો મદ કરનાર પરભવે તદ્દન કદરૂપો થાય. બળનો ગર્વ કરનાર પરભવે નિર્બળ થાય અને લાભનો મદ કરનારને પરભવમાં એક ફૂટી બદામનો પણ લાભ જ ન થાય. એવી જ રીતે, વિદ્યાનો ગર્વ કરનાર પરભવે અભણ ઇંટાળો થાય અને વલ્લભતાનો ગર્વ કરનાર અવલ્લભ બને. શ્રુત (જ્ઞાન)નો મદ કરનાર પરભવે જ્ઞાન વગરનો, એક અક્ષર પણ ન ચઢે તેવો થાય.

**નિઃસંશય**—આમ ઊલટો દુગુંણ થાય, તેમાં જરાપણ શંકા નથી. આપણે મહાવીરસ્વામીના જીવે નીચતા કેવી રીતે મેળવી અને કપિલના ભવ પછી એક એક કોડાકોડી

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાગરોપમમાં બધા ભવો કેવી રીતે નીચ થઈ ગયા તે જાણીએ છીએ. એવી રીતે આ કરેલો ગર્વ વ્યાજ સાથે નીચતા મેળવી આપે છે. આપણને કોઈ લાભ થયો હોય તો પણ તેનો મદ ન કરવો, કારણ કે મદ તો સ્થાયી વસ્તુનો થાય, પણ આ પ્રકારનો લાભ તો થોડો વખત ટકે તેવો છે, તો તેનો ગર્વ કેમ કરવો? શા માટે કરવો? કરીને બહુ તો થોડા વર્ષની શોભા થાય, પણ અંતે તો ઘોર અંધારી રાત આવે અને આ ભવમાં શુચિપિશાચ જેવા પણ હાલ થાય. આ ભવ અને પરભવમાં અનેક દુઃખ આપનાર અને એ જ બાબતમાં નીચતા અપાવનાર કોઈ પણ પ્રકારના પૌદ્ગલિક મદને સ્થાન આપવું ન ઘટે. સમજુ માણસ પોતાને લાભ મળે તે ભોગવી લે, પણ તેનો ગર્વ ન કરે, અને ઝાલાવાડમાં જેને પહારો કહે છે તેને દૂરથી નવ ગજના નમસ્કાર કરે.

મદ કરનારને આ ભવમાં અને પરભવમાં સમુચ્ચયે શું થાય તે સમજીને હૃદયમાં ઉતારવા જેવું છે. (૯૮)

**તેટલા માટે સર્વ મદસ્થાનોનો ત્યાગ કરવો જોઈએ—**

**सर्वमदस्थानानां मूलोद्घातार्थिना सदा यतिना ।**
**आत्मगुणैरुत्कर्षः परपरिवादश्च सन्त्याज्यः ॥९९॥**

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

**અર્થ**—સર્વે મદસ્થાનોને સમૂળગા કાપી નાખવા માટે યતિએ બે ચીજનો ત્યાગ કરવો : પોતાના ગુણો ઘણા છે એવી મહત્તા કરવાનો અને પારકાનો અવર્ણવાદ બોલવાનો. આથી તેનો મૂળથી ઘાત થશે. (૯૯)

**વિવરણ—મૂળથી ઘાત કરવો :** આટલું પુસ્તક વાંચ્યા પછી મદસ્થાનોને મૂળથી ઉખેડી નાખવા યતિએ બે વસ્તુનો ત્યાગ કરવો જોઈએ, એટલે સ્વતઃ મદસ્થાનોનો ત્યાગ થઈ જશે. તમે ધારો કે તમને કેરી બહુ ભાવે છે. તમે એમ ધારો કે એનાં મૂળ પણ વધારે મીઠાં હશે, તેથી સારો આંબો કે બીજી કોઈ પણ મીઠી અને તમને ગમે તેવી વનસ્પતિના મૂળ તમે ઉઘાડવા માંડો તો એ આખા રોપનો કે ઝાડનો નાશ કરવા બરાબર છે. ઝાડના મૂળની કિંમત તે દટાયલું-દબાયલું જમીનમાં રહે ત્યાં સુધી જ છે, તેને ઉઘાડવામાં આવે તો આખા ઝાડનો નાશ થાય છે. ઝાડનો આખો વિનાશ કરવો હોય તો તેનાં મૂળને ઉઘાડાં પાડવાં. એમ તમારે મનથી મદસ્થાનો નિવારવાનો નિશ્ચય થયો હોય તો તે માટે બે ચીજ તમારે કરવી જોશે. આ ગાથામાં તે બે ચીજ આગળ ઉપર બતાવશે.

**યતિ**—આ ગ્રંથ યતિ (મુનિ-સાધુ) માટે મુખ્યત્વે કરીને રચવામાં આવ્યો છે. સંસારી પ્રાણીમાં સાધુને ઉચ્ચ સ્થાન હોય અને મદસ્થાનોના ત્યાગ કરવાનો નિશ્ચય પણ તેને થવો એ યથાસંભવિત વાત છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બે ઉપાય—ત્યાગો અહીં બતાવે છે. પ્રથમ ત્યાગ આત્મગુણોત્કર્ષનો. પોતાને કોઈ ગુણ મળી ગયો હોય તો તેના કોઈ પણ પ્રકારે વખાણ ન કરવા, આત્મોત્કર્ષ ન કરવો. મારી જાત મોટી છે, કે મારું કુળ મોટું છે કે મારામાં રૂપ કે બળ વધારે સારાં અને આકર્ષક છે કે મને લાભ લેવાની આવડત બીજા કરતાં સારી છે કે મારી કેળવણી સારી છે કે હું લોકપ્રિય છું અથવા મારું જ્ઞાન બીજાઓથી ચઢે, તેવું બોલવું કે માનવું કે મનાવવું નહિ. મદસ્થાન તજવાનો જે નિર્ણય કરે તેણે પોતાને મળેલી મહત્તા(ઉત્કર્ષ)ના કોઈ પાસે વખાણ કરવા નહિ અને તે વાતની મોટાઈ કે ખાસિયત પોતામાં આવેલી છે તેવું બીજા પાસે મનાવવાના પ્રયત્ન ન કરવા. હું આ દુનિયામાં આવ્યો છું અને મારા જેટલી બુદ્ધિની આવડત કે મારું જ્ઞાન બીજાઓથી ચઢે તેવું છે કે મારું રૂપ કે બળ બીજાથી મને જુદો પાડે તેવું છે, એવું પોતાની મહત્તા બતાવનાર કોઈ દિવસ બોલવું નહિ અને બીજા પાસે તેનું મોટાપણું ગાઈ બજાવી તેના પર લાદવું નહિ. આવી મોટાઈ બતાવવાના ખ્યાલમાં માણસ તણાઈ એંચાઈ જાય છે. હોય તો પણ તે થોડા વખત માટેનું હોવાથી તેની મોટાઈ ઠામઠામ ગાઈ વજાડવી અને બીજા પર ઠસાવવી નહિ. પોતાનું અધિકપણું હોય તો તેનું બીજા પાસે ગાન કરવાથી તેમાં કોઈ પ્રકારનો વધારો થતો નથી અને ન બોલવામાં નવ ગુણ છે. માટે પોતાની મોટાઈ બતાવવાનો, તે હોય કે ન હોય, કદિ પણ વિચાર જ ન કરવો. આ મદસ્થાનો તજવાનો પ્રથમ ઉપાય છે. જો તેનો ત્યાગ કરવો એવો મનમાં નિર્ણય થયો હોય તો પોતાના મુખે પોતાની મોટાઈના વખાણ કરવા નહિ.

પરપરિવાદ—બીજાની નિંદા, બીજાનો અપકર્ષ, તેમની નબળી વાતને આગળ કરવાની બુદ્ધિ. પારકી સાચી કે ખોટી નિંદાનો સાથે સાથે ત્યાગ કરવો. પોતાની મોટી વાત કે મોટાઈની વાત ન કરવી, અને પારકાને હલકા પાડવાની બાબતમાં તેની નિંદા ન કરવી. મદસ્થાનનો ત્યાગ કરવાનો આ બીજો ઉપાય છે. બીજો માણસ પોતાના પાપના જોરે ઉઘાડો પડે છે, માટે આપણે નિંદા ન કરવી. કોઈને નરમ પાડવા માટે તે હલકો છે, તે હલકા કુળનો છે કે બળ વગરનો કે રૂપ વગરનો છે કે જ્ઞાન વગરનો છે એવી વાત કરવાનો ત્યાગ કરવો જોઈએ. આ પરપરિવાદને સોળમું પાપસ્થાનક ગણવામાં આવ્યું છે અને ઉપાધ્યાય શ્રીમદ્યશોવિજયજીની તે પર બહુ વખણાયેલી સજ્ઝાય છે. આપણે તે ખૂબ વિચારવી જોઈએ અને તે સમજી તેનો વિચાર કરવો જોઈએ. એ સજ્ઝાયમાં કહે છે કે—

> સુંદર નિજમુખ કનક કચોલડે, નિંદક પરિમલ લેઈ હો,
> સુંદર જેહ ઘણા પરગુણ ગ્રહે, સંત તે વિરલા કોઈ હો....હો સુંદર.

જે પારકાના મેલને (કચરાને) પોતાના મુખરૂપ સુવર્ણમય કચોળામાં લે છે તે નાલાયક માણસ છે. આવી રીતે પરપરિવાદનો ત્યાગ કરવા સૂચવ્યું છે. આવા પારકાનો અવર્ણવાદ બોલનારને ચોથો ચંડાળ એ સ્વાધ્યાયમાં કહેવામાં આવેલ છે. તે રીતે વિચારતાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પારકાના અવર્ણવાદ ન બોલવા. પ્રાણી પોતાનું સંભાળે તો પણ ઘણું છે. એણે બીજાના ગુણ કે અવગુણની નિંદા ન કરવી. જે પ્રાણી મહસ્થાનોને નિવારવા ઇચ્છતો હોય તેણે પરનિંદા ન બોલવી. આ પરપરિવાદનું ફળ શું થાય તે આગલી ગાથામાં બતાવશે, તે પણ સમજવા યોગ્ય છે. (૯૯)

**પારકી નિંદા અને આત્મોત્કર્ષનું ફળ—**

**परपरिभवपरिवादादात्मोत्कर्षाच्च बध्यते कर्म ।**
**नीचैर्गोत्रं प्रतिभवमनेकभवकोटिदुर्मोचम् ॥१००॥**

**અર્થ**—પારકાની હાર (પરાભવ) એટલે પારકી નિંદા અને પોતાના વખાણ કરવાથી કર્મબંધન થાય છે, હલકા ગોત્રમાં જવાનું થાય છે અને કરોડો ભવે ન છૂટે તેવું નીચગોત્ર બંધાય છે. (૧૦૦)

**વિવરણ—પરપરિભવ**—આ પારકો માણસ હારી ગયો એમ કહેવું. તેનો પરાભવ પોતે કર્યો હોય કે બીજાથી તે હારીને હેઠો બેઠો હોય ત્યારે તેવી વાતો કરવાથી કે તેને આગળ ચલાવવાથી કર્મબંધન થાય છે. આ પ્રાણી કર્મબંધ હેતુને લઈને કરે છે ત્યારે તેનો પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ અને પ્રદેશબંધ નક્કી થાય છે. તે કર્મ હેતુ વગર બંધાતું નથી. હેતુમાં મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગો હોય છે. તેના સત્તાવન ભેદ થાય છે. આ પ્રાણી દર વખત આયુષ્ય સિવાય સાતે કર્મ પ્રત્યેક સમયે બાંધે છે અને તે ઉપરના બંધહેતુને લઈને બાંધે છે. એમાં ખાસ કરીને નીચગોત્ર કર્મ પોતાની પ્રશંસા કે પારકા અવર્ણવાદ બોલવાથી બાંધે છે. કર્મની શરમ વગરની વાત છે. એમાં મહેરબાની કે લાંચરૂશ્વત કે કાળાબજાર કાંઈ ચાલતું નથી. આવી રીતે સત્તાવન બંધહેતુએ કરીને બાંધેલાં કર્મ આત્માને ભારે કરી સંસારમાં રખડાવે છે. માટે જો એ કર્મનો ડર લાગે, મોક્ષે જવું હોય અને સર્વથી મૂકાઈ જવું હોય તો પોતાની પ્રશંસાનો અને પારકાની નિંદાનો ત્યાગ કરવો જોઈએ.

**નીચૈર્ગોત્રમ્**—નીચગોત્ર નામનું સાતમું કર્મ. આઠ કર્મોમાં એ કર્મનું સાતમું સ્થાન આવે છે. આઠ કર્મો છે—જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, નામ, આયુ, ગોત્ર અને અંતરાય. પ્રાણી પ્રત્યેક સમયે સાત અથવા આઠ કર્મ બાંધે છે. અહીં ગોત્રકર્મની મુખ્યતા હોવાથી તેની વાત કરી છે. તે પરથી બીજાં કર્મોને બાંધતો નથી એમ સમજવાનું નથી. આ આઠ કર્મો પૈકી જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય એ ઘાતી કર્મો છે. એટલે એ આત્માના મૂળ ગુણને અડચણ કરે છે, તેને નુકસાન કરે છે અને બાકીનાં ચાર અઘાતી કર્મો છે. તેની એકસો ને અઠ્ઠાવન પ્રકૃતિ છે. એનો વિસ્તાર મારા કર્મસંબંધી લેખમાં કર્યો છે. તેથી અત્ર તેનું પુનરાવર્તન કરવામાં આવતું નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સામાન્ય રીતે પોતાનાં વખાણ અને બીજાની નિંદાની વાતો તજવી જોઈએ. દુનિયા તો અનંતકાળથી ચાલે છે અને અનંતકાળ ચાલવાની છે. 'સર્વગુણી વીતરાગ છે.' બાકી આખી દુનિયા તો માદળિયે મઢી ઠીક ઠીક શોભે છે. પણ આ માદળિયામાં લખેલા મંત્રાક્ષરો આપણને જાણવાનો અધિકાર નથી. આપણે આપણું સંભાળી બેસી રહીએ તે બસ છે. બીજાની પંચાત કરવા માટે જીવન ઘણું ટૂંકું છે અને પોતાના વખાણ માટે તો છે જ નહિ, એટલે બીજાની વાતો કે પોતાના વખાણમાં ન પડી જતાં એ ત્યાગ કરવા યોગ્ય વસ્તુ છે એટલું સમજવું.

મહાવીરનો જીવ કપિલના ભવમાં 'મારા દાદા પ્રથમ તીર્થંકર, મારા પિતા પ્રથમ ચક્રવર્તી અને હું પણ વાસુદેવ થનાર અને છેલ્લો તીર્થંકર પણ થનાર એટલે મારું કુળ તો ભારે પવિત્ર' આટલા કુળમદને પરિણામે એક કોટાકોટિ સાગરોપમ આખા ચોથા આરામાં ફર્યા, રખડયા. આ તો સામાન્ય મદસ્થાન હતું.

દશાર્ણભદ્રે શ્રી મહાવીરનું મોટું સામૈયું કરી પોતાનાં વખાણ કર્યા, તો ઇંદ્રે મોટી ઋદ્ધિ વિકુર્વી દશાર્ણભદ્રથી મોટું સામૈયું કરી દશાર્ણભદ્રનો ગર્વ ઊતારી નાંખ્યો. ઋદ્ધિમાં, તપમાં, બળમાં કે રૂપમાં, જ્ઞાન કે વાલ્લભ્યમાં આપણાથી સવાશેર ઘણા પડયા છે; પણ પડયા છે કે નહિ તેની પંચાતમાં ન ઊતરતાં પોતાના ગુણોનો ઉત્કર્ષ અને પારકાની નિંદા કરવાનો ત્યાગ કરવો.

JAINSITE.com જૈન સાઈટ જૈનમ જયતિ શાસનમ્

**દુર્મોચમ્**—દુસ્ત્યજ. દુઃખે કરીને જેનો નાશ થઈ શકે તેવું, એટલે કરોડો ભવમાં ન છૂટે એવું આકરું નીચ ગોત્ર કર્મ બંધાય છે. એને દુઃખે કરીને, મહેનત કરીને છોડવા જેવું છે, કારણ કે એ કર્મનો પોતાનો ત્યાગ ભોગવ્યા વગર ભાગ્યે જ—બહુ જ મહેનતે—થઈ શકે છે. આવું કેમે કરીને ન છૂટે તેવું કર્મ પ્રતિ ભવમાં બંધાય છે. તેને અંગે બરાબર ચેતવણી આપનાર આ શ્લોક છે.

**પ્રતિભવં**—આ કર્મો એકલાં મનુષ્યો બાંધે છે તેમ નહિ, પણ ગમે તે ભવમાં આ જીવ હોય તે પ્રત્યેક ભવમાં એવાં કર્મ બાંધે છે. પ્રત્યેક ક્રિયા ફળવતી છે અને પારકાં અવર્ણવાદ બોલવાં અથવા પોતાનો મહિમા ગાઈ વજાડી અન્યને જણાવવો તેનાં પરિણામ તરીકે આ નીચ ગોત્ર કર્મ મુખ્યત્વે બંધાય છે. એની સાથે બીજાં કર્મનો પ્રતિબંધ કર્યો નથી, પણ આ નીચગોત્ર કર્મ પરપરિવાદ અથવા સ્વોત્કર્ષપ્રદર્શનને અંગે પ્રતિભવે એટલે દરેક ભવે બંધાય છે તે સમજી લેવું. પ્રતિભવે એટલે દરેક જન્મમાં.

**અનેકભવકોટિદુર્મોચમ્**—અનેક ભવે એ કર્મ છોડવું—છૂટવું ઘણું મુશ્કેલ છે. આપણે એનો ત્યાગ ઇચ્છવામાત્રથી તે જતું નથી, પણ એનાં ફળો આપણને ભોગવાવે છે. કર્મની સ્થિતિ વિચારતાં આ નીચ ગોત્રની સ્થિતિ ઉત્કૃષ્ટ તેત્રીસ સાગરોપમની શાસ્ત્રકારે બતાવી છે. (જુઓ નવતત્ત્વ ગાથા ૪૧મી). એટલે બંધાય ત્યારે આવી ઉત્કૃષ્ટ સ્થિતિનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને દુઃખે કરીને મૂકી શકાય, છોડી શકાય એવું આ નીચગોત્ર કર્મ પ્રાણી પ્રત્યેક ભવમાં બાંધે છે. આવી સ્થિતિ ન થાય અને પ્રાણી સર્વ કર્મથી મુક્ત થઈ સિદ્ધ દશામાં પેસે તે માટે આપણો પ્રયત્ન છે. અને તે વગર આપણો રસ્તો જ નથી. સમજણ રાખી તે માર્ગ પકડી લેવાની તેટલા માટે બહુ જરૂર છે. જાતિમદ કે રૂપ કે બળ કે લાભમદ કેમ કરાય? આપણો જીવ તો પ્રત્યેક જાતિમાં જઈ આવ્યો છે ત્યાં અમુક જાત તરફ સુગાળવા થવું, અમુકને નીચ ગણવી કે અમુક જાતને ઉચ્ચ ગણવી તે પ્રાલવે તેવું પણ નથી. અને આ 'અંગ્રેજના રાજમાં ઢેઢ મારે ધક્કે' અને ત્યાર પછીના કોંગ્રેસયુગમાં તો જાતિ માટે કાંઈ રહ્યું નથી. તેમાં કુળ કે જાતિ માટે અભિમાન કરી કે ગર્વ લઈ પોતાની જાતને શા માટે વગોવવી? વાણંદ, મોચી અને પટેલિયા અત્યારે તો સરકારી હોદ્દા ઉપર ચઢી બેઠા છે. તેવા વખતમાં અને જ્યારે એક જાતિને અગ્રહક્ક આપવો તે અજુગતું મનાતું હોય તેવા સમાનતાના યુગમાં પોતે ઉચ્ચ હોવાનો દાવો કહેવા અથવા બીજાને નીચે માનવા કે કહેવાનો શો અર્થ છે? અત્યારે રેલવે અને વાયુયાને બધાને મુસાફરીમાં સરખા બનાવ્યા છે તેવા સમયમાં તમારે જીવવા માટે પણ અભિમાન કે ગુમાન, ગર્વ કે મહત્તા જાતિ કે કુળની ગાવા જેવી નથી. અને અનેક અવલોકન કરનાર અને અનુભવનાર જ્યારે એવાં કર્મને આકરાં અને દુઃખે કરીને છૂટનારાં કહે ત્યારે તમને એમ નથી થતું કે આ વાતનો ગર્વ કરવો એ ડહાપણભરેલું નથી. આમાં સારી કે ઉચ્ચ જાતિ કે કુળ પ્રાપ્તિને અંગે અભિમાન કેમ ઘટે? એટલે કાંઈ નહિ તો કોઈને અધમ, નીચ, હલકો કહેવો કે માનવો નહિ. (૧૦૦)

જૈન સાઈટ JAINSITE.com

### હીનતા, ઉત્તમતા અને મધ્યમપણાની સંભાવના—

**कर्मोदयनिर्वृत्तं हीनोत्तममध्यमं मनुष्याणाम् ।**
**तद्विधमेव तिरश्चां योनिविशेषांतरविभक्तम् ॥१०१॥**

**અર્થ**—કર્મના ઉદય પ્રમાણે હીનપણું, ઉત્તમ કે મધ્યપણું મનુષ્યોને મળે છે, તે પ્રમાણે જ જુદી જુદી યોનિઓના વિષય અનુસાર વહેંચણી પ્રમાણે તિર્યંચોને હીન, મધ્યમ કે ઉત્તમપણું મળે છે. (૧૦૧)

**વિવરણ—કર્મોદયનિર્વૃત્ત**—જેણે જે પ્રકારનું કર્મ બાંધ્યું હોય તેને તે પ્રકારનું ઉત્તમપણું, મધ્યમપણું કે હીનપણું નિષ્પન્ન થાય છે. એમાં માણસની પોતાની ઇચ્છાશક્તિ કાંઈ કામ કરતી નથી, તેથી કોઈ મનુષ્ય ચંડાળકુળમાં ઉત્પન્ન થાય કે કોઈ રાજાને ઘરે અવતરે તે તેના હાથની બાજી નથી. અને ચંડાળ કે રાજા વચ્ચેનાં બીજાં કોઈપણ મધ્યસ્થ-કુળ બાબતે પણ તેની ઇચ્છા કે આવડત કામમાં આવતી નથી, કર્મ નચાવે કે ઉત્પન્ન કરી આપે તેવી ઉત્તમ, મધ્યમ કે હીન સ્થિતિમાં તે જાય છે. એટલે એને ઠપકો કે અભિનંદન આપવા તે ઉચિત નથી. કર્મ કેવા નાચ નચાવે છે તે પર જુઓ મારો કર્મનો નિબંધ અને તેમાં ટાંકેલા દાખલાઓ. ત્યાં અનેક દાખલાના એક સ્તવનનો ઉલ્લેખ કરવામાં આવ્યો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. આ પ્રમાણે કર્મની પરાધીનતા હોવાથી ઉત્તમપણું, મધ્યમપણું કે હીનપણું મનુષ્યને મળે તેને માટે તે જવાબદાર નથી. કર્મ કરે તે પ્રમાણે તેણે તો અનુસરવાનું છે અને તેના ગયા ભવમાં કરેલાં કર્મ માટે તે ભાગ્યે જ ઠપકાને કે અભિનંદનને પાત્ર થાય. કર્મ તો પોતાનું ફળ એનો અબાધાકાળ પૂરો થાય ત્યારે જરૂર આપે જ છે અને તે વખતે મનુષ્યની શક્તિ ગમે તેવી હોય પણ કર્મ નચાવે તેમ નાચવું જ પડે છે. તે ઉદયમાં આવે ત્યારે મોટા મોટા તીર્થંકર કે ઇંદ્ર કે ચક્રવર્તીને પણ એ જતો કરતું નથી. એ તો ઉદયમાં આવી મનુષ્યની ઇચ્છા હોય કે ન હોય પણ બરાબર ફળ આપે છે. આ પ્રમાણે વિચારતાં માણસ પોતાના ઉત્તમપણા કે મધ્યમપણા કે નીચપણા માટે ભાગ્યે જ જવાબદાર છે. અને તેથી પોતાનો ઉત્કર્ષ એટલે વખાણ કે પારકાની નિંદા કરવી તે સમજણ વગરની વાત છે. આ સંબંધી ભવ ઉપર વૈરાગ્ય આવે તેવી અનેક વાતો હવે પછી આવવાની છે. તે રીતે વિચારતાં સંસારનું સ્વરૂપ જ એવું છે. પ્રાણીને તેના ઉત્તમપણા કે મધ્યમપણા માટે અથવા નીચપણા માટે જવાબદાર ગણવો કે પોતાની સ્તુતિ કે પ્રશંસા કરવી કે પોતા સિવાય અન્યની નિંદા કરવી તે આપણે માટે યોગ્ય નથી.

**મનુષ્ય**—માણસના ઉત્તમપણા માટે કે મધ્યમપણા કે હીનપણા માટે તે જવાબદાર નથી. તેણે પૂર્વભવે કરેલાં કર્મનો જેવો ઉદય થાય તેવો તેણે ભોગવવો પડે છે. અને મનુષ્યોને હીનપણું કે મધ્યમપણું કે ઉચ્ચપણું તેણે પૂર્વે જેવું કર્મ બાંધ્યું હોય તે પ્રમાણે નિષ્પન્ન (નિર્વૃત્ત) થાય છે. પ્રથમ મનુષ્યની વાત કરી ત્યારપછી તિર્યંચની વાત કરવાની છે. તે માટે નીચે જુઓ.

**તદ્વિધમેવ**—તે જ પ્રકારનું. માણસોને જેવું ઉત્તમપણું, મધ્યમપણું કે હીનપણું પ્રાપ્ત થાય છે તે જ પ્રકારનું તિર્યંચને કર્મથી મળે છે. તે માટે નીચે જુઓ.

**તિરશ્ચાં**—તિર્યંચોને. તિર્યંચ એટલે એકેંદ્રિય જાતિના જીવો, બેઇંદ્રિય જાતિના જીવો, તેઇંદ્રિય જાતિના જીવો, ચાર ઇંદ્રિયવાળા જીવો અને ગર્ભજ વગેરે પાંચ ઇંદ્રિયવાળા જીવો. એકેંદ્રિયમાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિનો સમાવેશ થાય છે. તેઓને માત્ર એક સ્પર્શેંદ્રિય જ હોય છે. બેઇંદ્રિયમાં સ્પર્શન અને રસના એમ બે ઇન્દ્રિયો હોય છે. બેઇન્દ્રિયમાં શંખ, કોડા, કરમિયા વગેરે જીવો છે. ત્રણ ઇન્દ્રિયવાળાને સ્પર્શન, રસન અને ઘ્રાણ એમ ત્રણ ઇન્દ્રિયો હોય. માંકડ, જૂ વગેરે ત્રણ ઇન્દ્રિયવાળા જીવો હોય છે. ચૌરિંદ્રિયને ચાર ઇન્દ્રિયો હોય છે—સ્પર્શન, રસન, ઘ્રાણ અને ચક્ષુ. તેમાં વીંછી, ભમરી, તીડ, ડાંસ વગેરેનો સમાવેશ થાય. અને તેમાં કાન (શ્રોત્રેંદ્રિય) ઉમેરતાં પાંચ ઇંદ્રિયવાળા તિર્યંચો થાય છે. એમાં હાથી, ઘોડા, ગાય વગેરે પાંચ ઇન્દ્રિયવાળા જમીન પર ચાલનારા હોય છે. તે સ્થળચર કહેવાય છે, અને આકાશમાં ઊડનારા પંખીઓ—કાગડા, કબૂતર, પોપટ વગેરે ખેચરો કહેવાય છે અને પાણીમાં રહેનાર મગરમચ્છ, દેડકાં તથા માછલાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વગેરે જળચરો કહેવાય છે. આ એકેંદ્રિયના જીવોથી માંડી પંચેંદ્રિય સુધીના જીવો તિર્યંચની સંજ્ઞાથી ઓળખાય છે. તેઓ ગધેડાપણું કે કાગડાપણું એટલે નીચપણું પામે કે બીજે ક્યાંક જાયઆવે અથવા મધ્યમપણું પામે અથવા ઉત્તમપણું પામે, કોઈ પાંજરામાં પૂરાય પણ પોપટમેનાની પેઠે ભાઈબાપા થાય અને કોઈ કાગડાની પેઠે નીચ, હલકા, અસ્પૃશ્ય માણસ પેઠે નિંદાને પામે, તો આવું તિર્યંચોનું ઉત્તમપણું કે મધ્યમપણું અથવા હીનપણું તે કર્મને અધીન છે, એટલે મનુષ્ય માટે જેટલી વાત કરી તે સર્વ આ તિર્યંચોને પણ લાગુ પાડવી. એમાં ગધેડાને ડફણાં મળે કે પોપટનાં માનસન્માન સારાં થાય પણ પાંજરે પડે એ ગોત્રકર્મના ઉદય ઉપર આધાર રાખે છે. આ કર્મ કોઈને મૂકતા નથી અને એના હિસાબમાં ગોટો થતો નથી, તો પછી માણસ કે જનાવરને ઉચ્ચ કે મધ્યમ અથવા નીચ કેમ કહેવા? જેને માટે તેની જવાબદારી નથી, જે સારાપણા માટે તેને અભિનંદન અપાય છે તેને માટે તેનામાં તો જરાએ પાંખડું ચલાવવાની કે ફેરફાર કરવાની શક્તિ નથી.

**યોનિ**—ચોરાશી લાખ જીવયોનિઓ છે. અગાઉ તે પર વર્ણન થઈ ગયું છે. પ્રાણીની ઉત્પત્તિ વખતે જે પ્રકારના વર્ણ, ગંધ, રસ કે સ્પર્શ હોય તેવી એક યોનિ થાય. તેવી ચોરાશી લાખ જીવયોનિઓ છે. ત્યાં જવું તે કર્મ નિષ્પન્ન કરે છે. એમાં માણસની બહાદુરી કાંઈ કામ આવે તેમ નથી, તેમ જ નીચ યોનિ માટે તે જવાબદાર નથી. બધો કર્મ ઉપર આધાર છે. એક રીતે, એ કર્મ બાંધનાર પણ એ જ છે, તો તેની જવાબદારી ગણાય ખરી. આ કર્મ માણસની મરજી હોય કે ન હોય પણ અવશ્ય ભોગવવાં પડે છે.

જેમ સ્વકર્માનુસાર ઊંચી કે મધ્યમ અથવા નીચી ગતિ માણસને કે તિર્યંચોને મળે છે, તેમ વૈક્રિય શરીરવાળા દેવ અને નારકોને પણ તેમ જ થાય છે. આ તો જેવાં કર્મ બાંધ્યાં હોય તેવો ઉદય થાય છે અને તે વખતે શરીરની વહેંચણી કે જાતિ કુળાદિ માટે માણસની જવાબદારી મટી જાય છે.

**વિભક્ત**—વહેંચેલું. એટલે જુદી જુદી યોનિઓમાં ઉત્તમપણું, મધ્યમપણું કે હીનપણું ગોત્રકર્મ પ્રમાણે અને તેની જેવી સત્તા હોય તે પ્રમાણે વહેંચણીમાં આવે છે. આ *કર્મજનિત વહેંચણી હોવાથી તે અમુક નિયમને અનુસરે છે* અને તે પોતાનું ફળ આપ્યા વગર રહેતી નથી. આવી રીતે ઉત્તમ, મધ્યમ કે હીનપણું ઉચ્ચ કે નીચ ગોત્રકર્મ નામના કર્મ પ્રમાણે થતું હોવાથી પોતાના ઉચ્ચપણા માટે ઉત્કર્ષ ધારવો કે મનાવવો અથવા પારકાના અવર્ણવાદ બોલવા તે આપણને યોગ્ય નથી, કારણ કે તે આપણા કબજાની વાત નથી અને શા કારણે અમુક ગધેડાની જાતિમાં ગયો અને શા કારણે નોળિયો થયો તે આપણે જાણતા નથી, પણ કર્મનું તે અનિવાર્ય ફળ છે અને કર્મ ઉપર આપણો કોઈ પણ પ્રકારનો હક્ક કે અધિકાર અથવા હુકમ ચાલતો નથી. તે તો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક જાતનું બળ (force) હોઈ પોતાનું ફળ આપે છે, અને ચોક્કસ આપે છે અને આપણે તે ઇચ્છીએ કે ન ઇચ્છીએ પણ એ કર્મ પોતાનું ફળ આપ્યા વગર રહેતું નથી. એ ફળ માટે કે અઘટિત ફળ માટે આપણે કે અન્ય કોઈ જવાબદાર નથી. (૧૦૧)

**સંસારની વિષમતા જોઈ ભવ (સંસાર) પર આનંદ ન લાવવો ઘટે—**

**देशकुलदेहविज्ञानायुर्बलभोगभूतिवैषम्यम् ।**
**दृष्ट्वा कथमिह विदुषां भवसंसारे रतिर्भवति ? ॥१०२॥**

**અર્થ**—પ્રાંત, કુળ, શરીર, જ્ઞાન, આયખું, બળ, ભોગ અને લક્ષ્મીની વધઘટ પ્રાણીઓમાં જોઈને આ સંસાર ઉપર સમજુ માણસને કેમ મજા આવે ? (૧૦૨)

**વિવરણ—દેશવૈષમ્ય**—એક માણસ ઓસ્ટ્રેલિયામાં જન્મે, બીજો ઇંગ્લેંડમાં જન્મે, વળી કોઈ હિંદમાં જન્મે, કોઈ આફ્રિકામાં જન્મે, આ સર્વ દેશપ્રાપ્તિની વિષમતા છે. ક્યાં જન્મવું અને કેવા પ્રાંતવાસી થવું તે આપણા હાથમાં નથી. જ્યાં જન્મ્યા હોઈએ ત્યાં આપણી ફરજ બજાવવી, પણ એમાં જોવા જેવું એ છે કે, આપણને જુદા જુદા દેશમાં જન્મ લેવાનો મળે છે અને પરિણામે આપણી ખાસિયત અને આપણું ઘડતર જુદા જુદા પ્રકારનું હોય છે. આ દેશવિષમતા થઈ.

**કુલ**—કોઈ અમુક કુળમાં જન્મે, કોઈ નાસ્તિક થાય, કોઈ કર્મથી–જન્મથી આસ્તિક જન્મે. આવી વાણિયા, બ્રાહ્મણ, લુહાણા, ભાટિયા વગેરેના કુળની આપણને વિષમતા જન્મથી જ લાગેલી છે. વાત કહેવાની એ છે કે આ દેશ તથા કુળની હવે પછી કહેવામાં આવનારી ખાસિયત જોઈને અને આપણી પોતાની ખાસિયત જોઈને આ સંસાર સારો કેમ લાગે છે ? આમાં સારાપણું શું છે ? એક સારો થાય, તો બીજો ખરાબ થાય, એક ગધેડાના કુળમાં જન્મે અને એક શિયાળવો થાય, એક માણસ તરીકે બ્રાહ્મણને ત્યાં જન્મે અને એક વાણિયો થાય. કોઈ ખતરી થાય અને કોઈ બ્રહ્મક્ષત્રિય થાય. આ કુળની વિષમતા–નાનામોટાપણું વિચારતાં આ સંસાર પર પ્રેમ લાવવા જેવું શું છે ? એ તો એમને એમ ચાલ્યા કરવાનો છે. આપણે ન હતા તે દિવસ પણ સંસાર ચાલતો હતો અને નહિ હોઈએ ત્યારે પણ ચાલવાનો છે. એમાં સંસાર ઉપર આનંદ કેમ આવે ?

**દેહ**—કોઈને મજબૂત તંદુરસ્ત શરીર મળે અને કોઈને ક્ષયરોગ થયેલ માંદલું શરીર મળે; કોઈ જરા શરદી, ગરમીથી ગભરાઈ જાય અને કોઈ તડાકા મારે; કોઈ કાળા થાય અને કોઈ ગોરા થાય; કોઈ ઠંડા થાય અને કોઈ ગરમ થાય. એમ જોતાં બે માણસનાં શરીરો એકસરખાં હોતાં નથી. આમાં શું સારાવાટ છે કે સંસાર (ભવ) ઉપર પ્રેમ આવે અને તેમાં આનંદ થાય ? શરીર દરેક જુદાં અને જુદી ખાસિયતવાળાં હોય છે. એટલે દરેક શરીરની વિષમતા વિચારતાં સંસાર પર કોઈ પ્રકારનો રાગ ન થાય એમ લાગે છે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને છતાં લોકો સંસારને અને શરીરને ચાટતાં જાય છે, એ વિચિત્રતા કેવા પ્રકારની? આમાં જુદાં જુદાં શરીરોનો અભ્યાસ કરતાં ભવ (સંસાર) ઉપર પ્રેમ થઈ જાય તેવી કોઈ બાબત લાગતી નથી.

**વિજ્ઞાન**—કેટલાક જ્ઞાનવાળા પ્રાણીઓ હોય અને કેટલાક તદ્દન ઇંટાળા હોય છે. તે જ પ્રમાણે વિજ્ઞાનની બાબતમાં કોઈ નિષ્ણાત હોય છે અને કોઈ તદ્દન ઢ હોય છે. કોઈ વાદવિવાદ કરવામાં કુશળ હોય છે અને કોઈ તદ્દન મૂંગા હોય છે. આવી રીતે વિજ્ઞાન કે જ્ઞાનની બાબતમાં ચોતરફ વિષમતા દેખાય છે. કોઈ બોલે તે વાત ઊપડી જાય છે અને કોઈ બોલે તેની વાત કોઈ સાંભળતું પણ નથી. આવી જ્ઞાનવિજ્ઞાનની વિષમતા આપણે દુનિયામાં જોઈએ છીએ. કોઈ ધર્મની બાબતમાં આધારભૂત—ટંકશાળી ગણાય છે અને કોઈનો ગમે તેટલો મોટો દીક્ષાપર્યાય હોવા છતાં તદ્દન બિનઅભ્યાસી કે સામાન્ય અથવા વાહિયાત લાગે છે. આવી આવી વિજ્ઞાનની બાબતની વિષમતા જોઈ આ સંસાર ઉપર કેમ પ્રેમ થાય? ત્યાં તો બધા સરખા હોવા જોઈએ. પણ વિષમતા સર્વત્ર રહે છે. એટલે આ દુનિયામાં આનંદ કે રતિ પામવા જેવું કાંઈ નથી.

**આયુ**—કેટલાંકને નાની ઉંમરમાં મરતાં જોયાં. આપણાં સ્નેહી, સંબંધીઓ, સગાંઓ ગયાં અને કોઈને ખાવાનું ન હોય પણ અહીં નેવું પંચાણું વર્ષની વયે પણ જીવતા જાગતા પડેલા હોય છે અને સંસાર વધારતા જતા હોય છે. આવી આયુષ્યની વિષમતા—વધારે-ઓછાપણું દેખીને આ ભવ સંસાર ઉપર આનંદ કેમ આવે? આયુષ્ય કર્માનુસાર બાંધેલ હોય તે પ્રમાણે વધતું ઓછું હોય. તો આ આવા વધતાઓછા આયુષ્યવાળા સંસાર ઉપર શી મજા આવે?

**બલ**—બળની વિષમતા તો ચોતરફ નજરે જોઈએ છીએ. કોઈ એવો બળવાન હોય છે કે આખી ને આખી ભીંત તોડી નાંખે, કોઈ હજાર બેઠકના કરનારા પણ જોયા છે અને કોઈ જાણે હવા આવે ત્યાં ઊડી જાય તેવા નબળા પાતળા જોયા છે. આ બળની બાબતમાં ફેરફાર ઘણો જોવામાં આવે છે. નબળા માણસને તો એમ જ લાગે છે કે આવી રીતે ફૂંક જેટલો પવન લાગે ત્યાં ઊડી જવાય તો તેને બદલે મરી જવું અને સંસાર મૂકી દેવો સારો છે. બળની બાબતમાં આટલી વિષમતા જોતાં આ સંસાર પર રતિ—આનંદ કેમ થાય?

**ભોગ**—ગરીબને ભૂખ લાગે ત્યારે જમવાનું કાંઈ ન મળે, ધનવાનોને ખાવાનું હોય પણ ભૂખ લાગે જ નહિ. રોગી, પરવશ કે અન્નઅરુચિવાળા જમી શકે નહિ. જ્યાં ખાવાનું હોય ત્યાં ખાનાર નહિ, ખાનાર હોય ત્યાં અન્ન નહિ. આવી ભોગની બાબતમાં વિષમતા હોવાને કારણે સંસાર પર પ્રેમ કે આનંદ કેમ થાય? ભોગ મળે અને તેને ભોગવવા પોતે અશક્ત હોય, વસ્તુઓ હોય અને તેના પર ખાવાની કે ભોગવવાની રુચિ ન થાય ત્યારે ભોગની વસ્તુ હોવા છતાં કરડવા ધાય છે, તેની સામે જોવું કે તે પર થૂંકવું પણ ગમતું નથી.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ભૂતિ**—લક્ષ્મી. લક્ષ્મી હોય ત્યાં છોકરાં નહિ અને છોકરાં હોય ત્યાં લક્ષ્મી નહિ. ધનાઢ્યને ભૂખ લાગે નહિ અને જ્યાં ખાનાર ઘણાં હોય ત્યાં ખાવાનું કે તે લાવવાના પૈસા ન હોય. લક્ષ્મી ઘણે ભાગે અયોગ્યને વરે છે અને જ્યાં તેનો ખાસ ખપ ન હોય ત્યાં જાય છે. દુનિયાની આવી પૈસાદાર અને ગરીબની વિષમતા જોઈ લક્ષ્મી માટે ખાસ માન મનમાં રહેલું નથી. સંસારમાં ગરીબધનિકનો તફાવત દેખી સંસાર ઉપર રતિ કે પ્રેમ ન થવો જોઈએ. આ બહુ મુદ્દાની વાત છે.

**વિદુષાં**—વિદ્વાનોને. આ સમજણવાળા માણસ છે એમ શાસ્ત્રકાર ધારી લે છે, જો કે એમની બુદ્ધિ તો મોક્ષાગ્ર હોય છે. પણ જો તે જરા જેટલો સમજુ હોય તો તેની નજરમાં આ દેશકુળ વગેરેની વિચિત્રતા જરૂર જ આવે. મનુષ્યપણું સરખું હોવા છતાં દેશ, કુળ, શરીર, જ્ઞાન, આયખું, ભોગ અને લક્ષ્મીની બાબતમાં વધતાઓછાપણું જોઈ માણસમાં સાચી સમજણ હોય તો તેને સંસાર પર પ્રેમ અથવા આનંદ થતો નથી.

**ભવસંસાર**—આવી આવી અનેક બાબતમાં વધતાઓછાપણું જોતાં સંસાર ઉપર પ્રેમ કે આનંદ, રતિ કે હેત કેમ થાય? જ્યાં ત્યાં રડારોળ અને કકળાટ અને જ્યાં ત્યાં સમવિષમતા કે નીચતા કે તેનાં ફળો જોતાં આ સંસાર ઉપર આનંદ કેમ આવે? પ્રેમ કેમ થાય? એમાં સારાવાટ શી દેખાય? આવું ઉચ્ચનીચપણું અને ગમે તેવા દેશમાં જન્મ અને બળહીનપણું અને ખાસ કરીને દરેક બાબતમાં માણસોની ખાસિયત જોતાં એવા સંસારમાં જેઓ રહ્યા છે તેઓને તેવા સંસાર પર આનંદ કેમ થાય? સમજુ, વિચારશીલને તો ન જ થાય.

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**રતિ**—પ્રેમ, ઉત્સાહ, મોજ, મજા. આ સંસારમાં આઠમાંની કોઈ પણ બાબતની વિષમતા જોઈ આ સંસાર પર પ્રેમ કેમ થાય? આજે કયા દેશમાં અને કાલે કયા કુળમાં, અને વળી બીજે વખતે બળવાન કે ત્રીજે વખતે બળ વગરના અને એવી રીતે આઠે બાબતમાં જરામાં મજા કે મોજ હોય એવા ઢંગધડા વગરના સંસાર પર પ્રેમ કેમ થાય? અને કોણ કરે? સમજુ માણસને તો આવા ઠેકાણા કે ઢંગધડા વગરના સંસાર પર પ્રેમ કે મોજ કે ઉત્સાહ ન જ આવે. કોઈ એને એક સરખો હોય તો તેમ જાણીને તે પર મોજ લાવે, તેનો પ્રેમ થાય, તે ગમે, પણ આ તો વિષમતા—બેજોડતાનો પાર નહિ, આજે શિખર પર ઊભા હોઈએ ને કાલે પછડાઈને ક્યાંના ક્યાં ધકેલાઈ જઈએ, એવા સંસાર પર કયા સમજુ કે સ્થિર માણસને મજા આવે? જો કાંઈ સરખાઈ હોય તો જરા વિચાર કરવાનો પણ હોય, પણ અહીં તો દેશ, કુળ, શરીર, વિજ્ઞાન, આયખું, બળ, ભોગની વસ્તુઓ અને લક્ષ્મીનું જ જ્યાં બેજોડપણું અનેક પ્રાણીના સંબંધમાં દેખાતું હોય, એક ભવમાં બે ભવ થતા હોય ત્યાં સંસારમાં મોજ કેમ આવે અને તેને સારો કેમ કહેવાય? અને એને સારો કહે પણ કોણ? (૧૦૨).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## શા માટે આ જીવે યત્નથી વર્તવું જોઈએ?

अपरिगणितगुणदोषः स्वपरोभयबाधको भवति यस्मात् ।
पञ्चेन्द्रियबलविबलो रागद्वेषोदयनिबद्धः ॥१०३॥

तस्माद्रागद्वेषत्यागे पञ्चेन्द्रियप्रशमने च ।
शुभपरिणामावस्थितिहेतोर्यत्नेन घटितव्यम् ॥१०४॥

**અર્થ**—કારણ કે આ પ્રાણીએ રાગદ્વેષના ગુણો અને દોષોને ગણતરીમાં લીધા નથી, પોતાની જાતને તેમ જ પારકાને—એ બંનેને પીડા કરનારો તે બને છે, પાંચે ઇંદ્રિયોના બળ આગળ તદ્દન નબળો થઈ ગયેલો છે અને રાગદ્વેષના ઉદયથી બંધાઈ ગયેલો છે એટલા માટે એણે રાગદ્વેષનો ત્યાગ કરવામાં, પાંચે ઇંદ્રિયોને શાંત કરવામાં અને શુભ પરિણામમાં લાંબા વખત રહેવા માટે યત્નપૂર્વક ઘટના કરવી જોઈએ." (૧૦૩-૧૦૪).

**વિવરણ**—આ મનુષ્ય પ્રાણી વિષયોને અને ઇંદ્રિયોને પરતંત્ર હોવાથી અને પોતે રાગદ્વેષથી ચારે બાજુએથી ઘેરાયલો હોવાથી તેણે તેમને પોતાને કબજે કરવા શું કરવું જોઈએ, તે ૧૦૪મી ગાથામાં કહેવાયું છે. ગાથા ૧૦૩માં વસ્તુસ્થિતિ કેવી છે તેનું દર્શન જ માત્ર કરાવ્યું છે.

**અપરિગણિતગુણદોષ**—એણે રાગદ્વેષ જેના સંબંધમાં થોડું વિવેચન ઉપર થઈ ગયું તેના, લાભગેરલાભ તપાસ્યા નથી, અને તે કેવા અને કેટલા છે તે કોઈ દિવસ આ જીવે ગણના કરીને તુલનામાં મૂક્યું નથી. એટલે એનામાં ઘણા ગુણ હશે કે થોડા અથવા ઘણા દોષો હશે કે થોડા, તેની ગણતરી કોઈ પણ દિવસ આ જીવે કરી નથી. જ્યાં રાગદ્વેષને એણે બરાબર ઓળખ્યાં જ નથી, ત્યાં એ પ્રત્યેકના ગુણદોષ ગણવા ક્યાંથી હોય અને તેની તુલના ક્યાંથી કરી હોય? આ સીધો અર્થ છે.

હારિભદ્રીય ટીકામાં 'અનાદર પામેલા ગુણદોષો' એવો અર્થ કર્યો છે. એના કરતાં 'પોતે ગણ્યા નથી કે સરખાવ્યા નથી, જેમ ચાલે તેમ અત્યાર સુધી ચલાવે રાખ્યું છે' એ અર્થ વધારે યોગ્ય અને આગળપાછળના સંબંધને બેસતો લાગ્યો છે. અનાદર પામેલા ગુણદોષ એવો અર્થ કરવામાં વાંધો એ આવે છે કે રાગદ્વેષમાં ગુણ છે જ નહિ, તેમ ગણાય કેમ? અને તેની તુલના કેમ થાય? કોઈ પ્રકારના ગુણદોષ જાણવામાં આવ્યા નથી એ વધારે બંધ બેસતો અર્થ આ વિવેચન કરનારને લાગ્યો છે. આ શબ્દ કોને માટે વાપર્યો છે તે નક્કી કરવું મુશ્કેલ છે. મને તે આત્મા-જીવ માટે વપરાયેલ લાગે છે.

**ઉભય**—પોતાને અને પારકાને એમ બન્નેને બાધા કરનાર, પીડા કરનાર એવો આ પ્રાણી છે. એ પોતાની જાતને પણ હેરાન કરે છે અને પોતાના સંબંધમાં આવનાર અનેકને હેરાનગતિ કરે છે. એનો રાગદ્વેષને લઈને સ્વભાવ જ એવો પડી ગયો છે કે સ્વપર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બન્નેને તે હેરાનગતિ કર્યા જ કરે, અનંત સંસારમાં રખડાવે અને પોતે હેરાન થાય અને પોતા સિવાય અન્યને હેરાન કરે. આવી જાતના બે વિશેષણથી યુક્ત આ પ્રાણી છે.

**પંચેંદ્રિયવિબલો**—પાંચે ઇંદ્રિયને જીતવાને અશક્ત. આ પણ આ પ્રાણીનું જ ચાલુ વર્ણન છે. પાંચે ઇંદ્રિયના બળ પાસે એ નબળો બનેલો છે. પાંચે ઇંદ્રિય (સ્પર્શના, રસન, ઘ્રાણ, ચક્ષુ અને કાન)જે એની સગવડ ખાતર એને મળી છે તેની પાસે એ તદ્દન બળ વગરનો–નિર્બળ થઈ ગયો છે. એનું ઇંદ્રિયો પાસે કાંઈ ચાલતું નથી. ઇંદ્રિયોને ક્યાં પ્રવર્તાવવી અને ક્યારે એને અટકાવવી એ હુકમ કરવાની જે શક્તિ જોઈએ તે એનામાં નથી. એ ઇંદ્રિયોને પણ પોતાના અંકુશમાં રાખી શકતો નથી. અને ઘણીવાર તો નબળો હોવાથી ઇંદ્રિયો તેના ઉપર શેઠાઈ–હુકમ ચલાવે છે.

**રાગદ્વેષોદયનિબદ્ધો**—રાગદ્વેષના ઉદય ઉપર જ બદ્ધ–સારી રીતે બંધાઈ ગયેલો. આ પ્રાણીને રાગદ્વેષ કેટલાય સમયથી એવા લાગી ગયા છે કે તેને તે એક અથવા બીજા આકારમાં કર્યા જ કરે છે. તે પ્રાણીએ રાગદ્વેષ અને ઇંદ્રિયના વિષયો ઉપર સામ્રાજ્ય મેળવવા શું કરવું ઘટે તે ૧૦૪મી ગાથામાં કહેશે. તેને પ્રાસ્તાવિક કરવા આ જીવની વર્તમાન સ્થિતિ કેવી છે તે અત્ર વર્ણવે છે.

**તસ્માત્**—પહેલાં યસ્માત્ ૧૦૩મી ગાથામાં આવ્યું એટલે સંબંધ બતાવવા "તેટલા માટે' એવું કવિએ અહીં મૂકવું જ જોઈએ. તે આગલી ગાથા સાથે સંબંધ બતાવે છે.

**રાગદ્વેષત્યાગે**—રાગદ્વેષ કેવા અને શા માટે ત્યાગ કરવા યોગ્ય છે એ આપણે અત્યાર સુધીમાં અનેક દલીલોથી જોયું. આ સંસારમાં રખડાવનાર અને ફસાવનાર અને એક ખાડામાંથી બીજા ખાડામાં રાગદ્વેષ જ અથવા એ બેમાંથી એક જ રાખે છે. અને તેઓની દોરવણી, ફસામણી અને વળગાડ એવા આકરા છે કે એનો જેમ બને તેમ જલ્દી ત્યાગ થાય તો આ પ્રાણી સંસારરૂપી બંદીખાનામાંથી છૂટે. એને છૂટવાની મરજી છે પણ રાગદ્વેષ એવા વચ્ચે પડે છે કે એ એને દોરી જાય છે. એની દોરવણી ન થાય એટલે સંભાળપૂર્વક એ તજવા–છોડી દેવા યોગ્ય છે. આ સંસારબંધનમાંથી તેણે છૂટવું હોય તો રાગદ્વેષનો ત્યાગ યતનાપૂર્વક કરવો. સમજણપૂર્વક પ્રયત્ન કરી રાગદ્વેષને છોડી દેવા. આ પ્રથમ ઘટના ઘટાવવાની છે.

**પંચેંદ્રિયપ્રશમન**—હવે બીજો ઉપાય જણાવે છે. સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એ પાંચે ઇંદ્રિયો શાંત કરવી. તેઓ અત્યારે ધણીધોરી થઈને બેઠી છે અને પ્રાણીને એક ખાડામાંથી બીજા ખાડામાં નાંખે છે. તેને બદલે એ ઇંદ્રિયોને શાંત કરી નાંખવી અને તેનો દોર દૂર કરવો. ઇંદ્રિયને ઠંડી પાડવાથી એ જરા પણ જોર કરતી નથી. અત્યારે એને પસંદ પડે તે રીતે આપણે વર્તીએ છીએ, તેને બદલે તે આપણા અંકુશ તળે આવી જાય તેવી નિર્માલ્ય–શાંત તેને કરી નાખવી. આ કાર્ય ખૂબ સંભાળીને પ્રયત્નપૂર્વક કરવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શુભ પરિણામમાં લાંબો વખત રહેવા માટે**—અવસ્થિતિ એટલે રહેવું. રાગ અને દ્વેષની અવ્યવસ્થિત સ્થિતિ છે. તેનો ત્યાગ કરીને પોતાના શુભ પરિણામ એટલે માનસિક શુભ પ્રવૃત્તિમાં અથવા શુદ્ધ આત્મિક અધ્યવસાયમાં લાંબો વખત ટકી રહેવા માટે. આ અત્ર કારણ બતાવ્યું છે. માણસને રાગ અથવા દ્વેષ બન્ને ગમે છે, પણ એ પરતંત્ર સ્થિતિ હોવાથી એને અંતે આત્માના શુભ અધ્યવસાયમાં અથવા શુદ્ધ માનસિક પરિણામમાં જવું અને ત્યાં ટકવું ગમે છે. એ હેતુ સિદ્ધ કરવા શો ઉપાય કરવો તે આવતી ૧૦૫મી ગાથામાં ગ્રંથકર્ત્તા પોતે કહેશે. વાત એ છે કે કષાયનો વિજય કરવો અને ઇંદ્રિયના વિષયો પર પોતાનું સામ્રાજ્ય સ્થાપી તેની નિયંત્રણા કરવી. આ રાગદ્વેષનો ત્યાગ કરવાની અને પાંચે ઇંદ્રિયના વિષયોને શમાવવાની અને તેના પર મજબૂત સંયમ રાખવાની વાત ખૂબ અગત્યની ગણવી. (૧૦૪).

**શુભ પરિણામમાં સ્થાયી રહેવાનું કેમ થાય?—**

**तत्कथमनिष्टविषयाभिकांक्षिणा भोगिना वियोगो वै ।**
**सुव्याकुलहृदयेनापि निश्चयेनागमः कार्यः ॥१०५॥**

**અર્થ**—પોતાને નુકસાન કરનાર વિષયોને સેવન કરતાં સંસારી ભોગીએ તેવા વિષયોનો હંમેશને માટે ત્યાગ કેવી રીતે થઈ શકે તે માટે અતિ ચિંતાયુક્ત હૃદયપૂર્વક મૂળસૂત્ર વગેરે આગમનો સંબંધ કરવો જોઈએ. (૧૦૫).

जैन साईट
JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

**વિવરણ : અનિષ્ટવિષયાકાંક્ષી**—કેટલાક પ્રાણીઓ પાંચે ઇંદ્રિયના વિષયોને પોતાનો કોઈપણ લાભ કરનારા માનતા નથી, છતાં પણ એ ખરાબ કરનારા વિષયોનો અભિલાષ તો કર્યા કરે છે, અને તેમને ભોગવતી વખતે તેમનામાં તદ્રૂપ થઈ જાય છે. આવા વિષયોને અનિષ્ટ જાણવા છતાં તેમની આકાંક્ષા અભિલાષા કરનારાઓએ પણ વિષયો પર સંયમ તો રાખવો જ જોઈએ. આ ગાથા ઉપરથી જણાય છે કે આ પુસ્તક માત્ર સાધુ કે યતિ માટે રચાયેલું નથી; તેનાથી નીચેના થરના સંસારી જીવો જે પાંચે ઇંદ્રિયના વિષયોના ભોગી હોય છે, તેમણે પણ શું કરવું જોઈએ એ તેમાં જણાવ્યું છે. આમ આ પુસ્તકરચના સર્વસામાન્ય છે અને સંસારને વળગી રહેલાને માટે પણ એમાં વિચારણા અને સ્થાન છે. વિષયને અનિષ્ટ જાણવા છતાં તેની અભિકાંક્ષા (ઇચ્છા) કરે એવા ઘણા પ્રાણીઓ હોય છે, તેઓ તરફ આ ઉપદેશ છે એમ આ શ્લોક પરથી ચોક્કસ જણાય છે. આ વાત સંસારી-ભોગી માણસે પણ ધ્યાનમાં રાખવા જેવી છે.

**ભોગી**—સંસારના અને પાંચે ઇંદ્રિયના ભોગ ભોગવતાં, પણ તક મળતાં સંસારને 'વોસિરે વોસિરે' કરનાર આવા સમજુ જ્ઞાનવાન હોવા છતાં કોઈ પ્રકારની લગામ-નિયંત્રણા આ પાંચ ઇંદ્રિયના વિષયો પર રાખતા નથી, રાખી શકતા નથી. તેઓ પણ વિષયોનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સર્વથા વિયોગ કેવી રીતે કરી શકે તે આ ગાથામાં અને હવે પછી બતાવાનું છે, તે સંભાળપૂર્વક લક્ષમાં રાખવું. ભોગી માટે પણ આ પુસ્તક છે. અને માત્ર યતિ–સાધુઓ માટે તે નથી, તે આ મૂળના શબ્દથી જણાય છે. ભોગીનો અર્થ 'ભોગાસક્ત' એટલે સંસારમાં આસક્ત માણસ થાય એમ હારિભદ્રીય ટીકા જણાવે છે.

**વિયોગ**—વિરહ. અહીં એ રાગદ્વેષનો આત્યંતિક નાશ કેમ થઈ શકે અને એમનામાં ઘસડાઈ ન જવાય, પણ એમની ઉપરવટ થઈ તેમનાથી તરાય, તેમનાથી દૂર ભગાય એવી એવડી પૃચ્છા મનુષ્યને સ્વાભાવિક થાય તેમ છે. અત્ર તેનો જવાબ આપવામાં આવ્યો છે, તે બરાબર વાંચવો અને અનુસરવો.

**સુવ્યાકુલહૃદય**—આ રાગદ્વેષ ઉપર અને સંસાર ઉપર પ્રીતિ ન થાય તેવી હકીકત સમજતાં હૃદયમાં આકુળતા થઇ આવે અને આવા દુઃખથી ભરપૂર સંસારમાં કેમ પડી રહેવાય એવી પૃચ્છા થતાં એનાથી કેમ છટકવું તેના વિચારમાં મન આકુળવ્યાકુળ થઈ જાય છે.

**અપિ**—આના સંબંધમાં ટીકાકાર હરિભદ્ર કહે છે કે તે શબ્દ પાદપૂરણાર્થે સમજવો. મને લાગે છે કે અપિ એટલે પણ. જે માણસનું મન સગાસંબંધી, દેહ, રૂપ કે કુળમાં લાગેલું હોય અને સંસારને જોઈ તેના મનમાં એનો સર્વથા વિયોગ કેમ થાય તેની પૃચ્છાને અંગે આકુળતા થઈ આવી હોય તેણે 'પણ' વિચાર કરવો અને અત્ર બતાવેલા વિયોગના ઉપાયનો અમલ કરવો. એ પાદપૂરણાર્થે શબ્દ નથી, પણ જરૂરી શબ્દ છે. જે આકુળતા વગરના છે તે તો શાંત ચિત્તે આ ઉપાય ચિંતવે અને તેનો અમલ કરે. પણ જે વિયોગ કરવા–બજાવવા માટે આકુળવ્યાકુળ થઈ રહ્યા હોય તેવા અશાંત મગજના માણસે પણ આ ઉપાયના કારગતપણાનો વિચાર જરૂર કરવો. મારા મતે 'અપિ' શબ્દ જરૂરી અને સાર્થ છે અને ઘણો સારો અર્થ રજૂ કરે છે.

**નિશ્ચયેન**—જરૂર. જ્યાં ગ્રંથકાર ચોક્કસ હોય, તેને ઉપાયની ખાતરી હોય ત્યાં જ આ 'જરૂર' શબ્દ વાપરે છે. એ શબ્દ બહુ ઉપયોગી અને જરૂરી હોવાથી અને ગ્રંથકારને પોતાના ઉપાયના કારગતગણાની ખાતરી, નક્કી ભરોસો હોવાથી તેમણે આ ઉપાય બતાવ્યો છે. એટલે આ ઉપાય અજમાવવા યોગ્ય છે એમ લાગ્યા વિના નહિ રહે.

**આગમ**—જૈનના મૂળ સૂત્રો. આગમ એટલે પિસ્તાળીશ આગમનો અભ્યાસ કરવો. ત્યાં પ્રસંગોપાત્ત એવી સુંદર વાત કરી છે કે એ અભ્યાસને પરિણામે રાગદ્વેષનો આત્યંતિક નાશ થાય અને તેનાથી તરીને જીવ ઊંચો આવે. આગમના અભ્યાસની, સાંભળવાની અને તેની ચર્ચા વારંવાર કરવાની કેટલી જરૂર છે તે આ ઉપરથી સમજવામાં આવ્યું હશે. જ્ઞાનવધારો કરવાનો અભ્યાસ રાખવો અને ઉપલબ્ધ સામગ્રીનો પૂરતો લાભ લેવો. જ્ઞાન અને અજ્ઞાન વચ્ચે ઘણો ફેર છે. જ્ઞાનીએ કહેલા ભાવ મૂળ આગમમાં છે, પરસ્પર વિરોધ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વચારના છે અને એ ભાવ જાણવા પ્રમાણે વર્તન કરતાં રાગદ્વેષનો સર્વથા વિયોગ થઈ શકે તેવું છે. તીર્થંકરને કે સર્વજ્ઞને કોઈ વસ્તુ છુપાવવા જેવી લાગી નથી. જ્ઞાનનો મોટો મહિમા છે. ઉમાસ્વાતિ મહારાજ જ્ઞાનના વિકાસને અને વધારાને સંમત છે. મારું પુસ્તક અમુક કોમવાળાએ ન વાંચવું એવો એમનો પ્રતિબંધ નથી. સર્વ વિદ્વાનોને અને સમજુને આગમનો અભ્યાસ કરવાનું આમંત્રણ આપતાં પોતે (લેખક) કેટલા ઉદાર છે અને આગળપાછળની સર્વ હકીકત જાણનાર ને સમજનાર છે એમ લાગે છે. આગમના અભ્યાસનું આ મહત્ત્વ આ યુગમાં ખાસ વિચારવા યોગ્ય છે. મારા ગ્રંથને અસ્પૃશ્ય ન જાણે કે ન સાંભળે એવો પ્રતિબંધ નથી, તે અર્થસૂચક ઉદારતા બતાવે છે. અભ્યાસનું મહત્ત્વ ઉમાસ્વાતિના વખતમાં પણ સારી રીતે પ્રસિદ્ધ થયેલું હતું. અભ્યાસ વગર જાણે ચોતરફ અંધારું લાગે છે, એ અંધકારમાંથી પ્રકાશમાં લાવનાર જ્ઞાનનો મહિમા મોટો છે. એક આચારાંગસૂત્ર જ કેટલું વિસ્તારવાળું છે, તે પર હવે પછી વિચાર કરવામાં આવશે. તે ઉપરથી માલૂમ પડશે કે અભ્યાસ એ કોઈ અજબ ચીજ છે અને શાસ્ત્રના અભ્યાસ વગર અંધારામાં રહેવું તે સુજ્ઞને પરવડે તેવું નથી. આ વાત ચોક્કસ છે અને ગ્રંથકાર 'બીજાં' કેટલાંક કાર્યો જેમ શાસ્ત્રાભ્યાસને ઐચ્છિક રાખે છે એમ નથી. અભ્યાસ તો નિશ્ચયથી જરૂર કરવો એમ તેઓ ભલામણ—હુકમ કરે છે. એટલે આકુળ હૃદયવાળાએ પણ અભ્યાસ કરી વસ્તુનો સંબંધ સમજવો જોઈએ અને સમજીને તે પ્રમાણે સારું હોય તેનું આચરણ કરવું જોઈએ. એટલા માટે અભ્યાસ કરવાનો ખાસ ભાર મૂકીને આગ્રહ કરવાની જરૂરિયાત લેખકશ્રી સ્વીકારે છે. એટલે, પોતાના મનમાં આકુળવ્યાકુળતા હોય તો તેને દૂર કરવા માટે વસ્તુસંબંધ દર્શાવનાર આગમનો અભ્યાસ જરૂર કરવો.

જૈનમ્ જયતિ શાસનમ્

કાર્ય—આગમનો અભ્યાસ કરવો જોઈએ, એમ વિધ્યર્થ પ્રત્યય કાર્યને અંગે મૂકીને આગ્રહ કરે છે. આ બાબતમાં નિશ્ચયપૂર્વક જ વાત છે અને તેમાં કોઈ જાતના અપવાદને સ્થાન નથી એવો લેખકનો આગ્રહ છે. એવો આગ્રહ શા માટે છે તે આચારાંગના વિષયોના પત્રક પરથી હવે પછી જણાશે, પણ વસ્તુને તેના યથાર્થ દર્શન માટે અભ્યાસની ખાસ જરૂર છે. શ્રદ્ધા પણ વિજ્ઞાનથી સ્થિર રહે છે અને તત્ત્વ–વસ્તુસ્થિતિ જાણનારને કોઈ ફિટાવી શકતું નથી, માટે અભ્યાસ જરૂર કરવો એવો ગ્રંથકર્તાનો આશય છે. (૧૦૫)

**ઇંદ્રિયના વિષયો કેવા છે તેનું લાક્ષણિક સ્વરૂપ—**

**आदावत्यभ्युदया मध्ये शृङ्गारहास्यदीप्तरसाः ।**
**निकषे विषया बीभत्सकरुणलज्जाभयप्रायाः ॥१०६॥**

અર્થ—શરૂઆતમાં વિષયો મહોત્સવ જેવા લાગે છે, વચ્ચે શૃંગાર, હાસ્ય અને ઉત્તેજક રસવાળા લાગે છે અને છેવટે જતાં તે મોટે ભાગે બીભત્સતા, કરુણા, લાજ (શરમ) અને બીક ઉત્પન્ન કરનાર હોય છે. (૧૦૬)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિવરણ**—આ શ્લોક ઘણો મહત્ત્વનો છે. તેમાં પાંચે ઇંદ્રિયના વિષયોનું પૃથક્કરણ કરવામાં આવ્યું છે અને બરાબર સમજીને પોતાના હિત ખાતર આ વિષયો અને કષાયોનો ખાસ ત્યાગ કરવો જોઈએ. તેમાં પણ પાંચ ઇંદ્રિયના વિષયો તો પોતાના થઈને હેરાનગતિઓ કરતા જાય છે અને પ્રાણીને ઠરીને ઠામ બેસવા દેતા નથી. એટલે એ વિષયોને એના ઉઘાડા આકારમાં બરાબર સમજવા, ઓળખવા જોઈએ. એ વિષયો શરૂઆતમાં કેવા લાગે છે, વચ્ચે કેવા લાગે છે અને પરિણામ કેવું મૂકી જાય છે તેનો આ ગ્રંથમાં થોડોઘણો ખ્યાલ આપ્યો છે અને વધારે શ્રુતજ્ઞાનના ગ્રંથો અને ખાસ કરીને આચારાંગ વાંચી જવા ભલામણ કરી છે. એ આચારાંગ સૂત્રમાં શું છે તેની વિગત આપણે હવે પછી જોશું. (જુઓ ગાથા ૧૧૪મી)

**આદૌ**—શરૂઆતમાં આ વિષયોને જોયાં હોય તો ભારે મહોત્સવ કે ઉત્સવ જેવા લાગે. જાણે વિષયો ભોગવવામાં આપણે રહી જશું અને ઉત્સવનો લહાવો લેવાથી વંચિત થશું એટલા બધા એ વિષયો લલચાવનારા છે. ઉત્સવ માટે દરજીની પાસે સારાં સારાં કપડાં કરાવીએ અને ઉત્સવમાં જાણે આપણે કેટલું માણશું એવી કલ્પના કામ કરે. ઉત્સવ ગામમાં કે બીજાઓને ત્યાં થવાનો હોય તો પણ લોકો તે આવો થશે અને આ રીતનો થશે તેના ખ્યાલમાં અને કલ્પનામાં અરધા તો ઘેલા થઈ જાય છે. એવી રીતે કોઈ પણ ઇંદ્રિયના વિષયો આવો મોટો ઉત્સવ પોતાને આંગણે મંડાવાનો હોય તેવી કલ્પનાથી પ્રાણીને ભરી દે છે.

**અભ્યુદયા**—શરૂઆતમાં વિષયો જાણે મોટો ઉત્સવ મંડાયો હોય તેવા અથવા મંડાવાનો હોય તેવા સરસ લાગે. આ પૌદ્ગલિક ઇંદ્રિયોના સર્વ વિષયો માટે સમજવું. ઘડિયાળ ખરીદી ન હોય, કે તેને માટેની સાંકળી ખરીદી ન હોય ત્યાં સુધી ઘડિયાળ જાણે મોટો ઉત્સવ કરવા લાગે. એમ કરતાં કરતાં ઘડિયાળ મળી ગઈ કે સક્કરપારા કે જલેબી ખાધી કે સ્ત્રી સાથે સ્પર્શનસુખ ભોગવ્યું ત્યાર પહેલાં તે કેવી લાગશે તેની કલ્પનાના તરંગમાં મનુષ્ય મોટા મોટા ચિત્રો અને અને તરંગો ખડાં કરી દે છે અને એ મળી જાય ત્યારે એકાદ દિવસનો પોતાની જાતને શહેનશાહ, પાદશાહ કે રાજા–સુખી માણસ–માને છે. આ એક વિષયસુખની ખામી છે, ખૂબી છે. તે ન મળ્યા હોય અથવા મળે તેની શરૂઆતમાં ગળ્યા સાકર જેવા લાગે છે.

**શંગારહાસ્યદીપ્તરસા**—એમ કરતાં ઇન્દ્રિયના કોઈપણ વિષયની પ્રાપ્તિ થઈ જાય, આવી મળે, સ્પર્શનસુખ થાય, સુગંધી મળે કે સારું સારું ખાવાનું–મનગમતાં ભોજન મળે તો તે આપણામાં–સામાન્ય મનુષ્યોમાં શંગારરસ કે હાસ્યરસ કે એવા ઉત્તેજક રસ જાગ્રત કરે છે, તે વખતે પોતે જાણે દુનિયાનો માલેક હોય તેવું તેને મનમાં લાગે છે અને શંગાર ભોગવવામાં કે હસવાની ધમાલમાં પોતે પડી જાય છે. સામે રૂપાળી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જુવાન સ્ત્રી ખડી થઈ ગઈ કે રસ કે ઘેબરના ભોજન મળે ત્યારે કે વચ્ચેના વખતમાં ઇન્દ્રિયના કોઈપણ વિષયો મળે ત્યારે એનો શૃંગાર પોતે વખાણે અથવા હાસ્યમાં પડી જાય. તે વખતે પરિણામ શું આવશે તે વિચારવા પ્રાણી રહેતો નથી અને ઇન્દ્રિયના વિષયો જે મળે તેમાં એવો તન્મય થઈ જાય છે કે તેની વાત જ પૂછવી નહિ. એ તો જાણે વિષયસેવનને પોતાની જિંદગીનું એક અતિ મહત્ત્વનું કામ માને છે અને વિષયસેવનને જ જિંદગીનું કર્તવ્ય માની તદાકાર થઈ જાય છે અને ખૂબ રસથી શૃંગાર કે હાસ્યરસમાં પડી જાય છે અને તાળી દેતાં જાણે પોતાનામાં અપૂર્વ શૂરવીરતા છે–આવી ગઈ છે, એમ બતાવવા પ્રયત્ન કરે છે. આ શૃંગારરસને, હાસ્યરસને રસ માનવામાં આવે છે, આઠથી વધારે રસ નથી. એની ચર્ચા યોગ્ય સમયે કરશું. અને આ દુનિયામાં તેમને તે ઉત્કટ રસવાળા, ખૂબ સરસ અને ઉશ્કેરનાર માને છે. એક માણસે દારૂ પીધો હોય ત્યારે જેમ દારૂને પરવશ થઈ તે ગટરમાં કે ખાડામાં પડે તેમ તે વિષયો ભોગવે છે, અને ભોગવતી વખતે મધ્યમાં શૃંગારરસ અથવા હાસ્યરસની ચેષ્ટા કરતો જાય છે. આ વિષય ભોગવતી વખતની મધ્યમાં થતી સ્થિતિનું વર્ણન કર્યું.

**નિકુચ્ચે**—છેવટની, સંયોગોત્તરકાળમાં. વિષયો ભોગવ્યા પછી તેની સદ્દન અસભ્ય હાલત થાય છે. તેણે સ્ત્રી સાથે સંબંધ કર્યો હોય કે સારી સારી વસ્તુઓ–ઘેબર કે સક્કરપારા કે કેરીનો રસ કે દૂધપાક–ખાધી હોય તો પછી તેની કેવી દશા થાય છે તે પછવાડેની સ્થિતિ અત્ર વર્ણવી છે. એટલે વિષય ભોગવ્યા પહેલાં કેવા લાગે છે, વિષયો ભોગવતી વખતે કેવા લાગે છે અને વિષયો ભોગવી લીધા પછી તેની શી સ્થિતિ થાય છે, એ ત્રણે સ્થિતિનું આ એક ગાથામાં વર્ણન કરવામાં આવ્યું છે.

**બીભત્સકરુણલજ્જાભયપ્રાયા**—આ વિષયોને ભોગવ્યા પછી બીભત્સ રસ જાગે, જે શરીરને વખાણ્યું હોય તેની ખોડખાંપણ જણાય, તેના દોષો દેખાય અને તેમાં પોતાની થયેલી ભૂલ સૂઝી આવે. વિષયો ભોગવ્યા પછી એમાં વિરૂપતા કઈ કઈ હતી, સ્ત્રીમાં કાળાશ કેટલી હતી કે ખાવાની વસ્તુઓમાં સાકર કેટલી ઓછી નાખવામાં આવી હતી અથવા જેને પોતે સુગંધી ગણી તે કેટલી રીતે તે નામને યોગ્ય હતી તે બધું ઇન્દ્રિયના વિષયો ભોગવ્યા પછી ઘણે ભાગે જાણવામાં આવે. કોઈ સ્ત્રીના દાંત બહાર નીકળ્યા હોય તો તેની સાથે ભોગ ભોગવ્યા પછી તેની ઉપર કરુણા આવે, તેની દયા આવે અને તે સ્ત્રી પોતાને યોગ્ય ન હતી એવો બરાબર ખ્યાલ આવે. જો તે ખોબડી કે કાળી હોય તો તેના તરફ દયા આવે. તેના નખ કે દાંત કે એના શરીરમાં પડેલાં ચાંદાં જોતાં તેના તરફ કરુણાભાવ થાય અને એમાં પોતે ઉત્સવ જેવું શું માન્યું હતું તે પોતાની મૂર્ખાઈ પર પણ પોતાને કરુણા આવે. આવી સ્થિતિ કોઈ પણ ઇન્દ્રિયના વિષયો ભોગવનારને આવે એ આ ગ્રંથ-



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કર્તાનો અને આપણો અનુભવ છે. આ બીભત્સતા અને કરુણા તો રસો જ છે. તેને શાંત-રસ સાથે નવરસ ગણવા જોઈએ. પ્રસંગે ઉલ્લેખ કરવા યોગ્ય તે વિષય છે અને પંડિત ભગવાનદાસે પુરુષાર્થ નામના પુસ્તકમાં તેની ચર્ચા કરી છે. તે ઉપયોગી વિષય હોવાથી પ્રસંગે એની ચર્ચા હાથ ધરશું પણ છેવટના ભાગમાં આ બીભત્સતા અને કરુણા ઉપરાંત બીજા બે ભાવ છે તે વિચારવા યોગ્ય છે.

ઇન્દ્રિયના કોઈ પણ વિષય ભોગવ્યા પછી તેમાં પ્રથમ તો બીભત્સતા લાગે છે. આને હું શું મોહી ગયો? એ ખાતર મેં નામ, આબરૂ અને ચારિત્ર વગોવ્યાં, એ મારા જેવાને યોગ્ય હતું? એના રૂપમાં શું બળ્યું છે? અને પછી એના પતિ તરફનો ભય લાગે, મને અહીં મારશે કે મારું ખૂન કરશે એવો ભય. અને દૂધપાક કે ઘેબર જમ્યા પછી શું? પછી તો બીભત્સતા લાગે. કોઈ ફરીવાર એને ખાવા આપે તો ના પાડે અને ઊલટી જેવી અસર થાય, અને પોતાની જાત પર દયાની લાગણી લાગે. મનમાં એમ થાય કે દિવસો સુધી આ વસ્તુ માટે ભૂખ્યા રહ્યા તે યોગ્ય હતું? પેટમાં ગયા પછી દૂધપાક પણ સરખો, શીરો પણ સરખો અને રોટલો પણ સરખો. આ રીતે બીભત્સતા, કરુણા, ભય અને લજ્જા પણ આવે. પોતાની જાત પર તિરસ્કાર છૂટે અને સ્ત્રીનાં અંગોપાંગ વેરવિખેર થઈ ગયાં હોય તેમને તે સમારવા માંડે અને બધું ઠીકઠાક ગોઠવવા માંડે. આ સર્વ લજ્જાનો વિષય છે. તેથી વિષયો ન મળ્યા હોય ત્યાં સુધી તો મોટા મહોત્સવ જેવા લાગે, વચ્ચે ભોગવવા માંડે ત્યારે શૃંગારમય કે હાસ્ય ઉત્પન્ન કરે તેવા, પણ જેવા તે ભોગવાઈ રહ્યા કે પછી તે બીભત્સ, કરુણાજનક, લજ્જાપ્રેરક કે ભયપ્રદ લાગે. હવે જે ભોગવ્યા પછી બીભત્સતા, લજ્જા કે ભયની લાગણીને ઉત્પન્ન કરે એવા વિષયોને મેળવવા માટે કયો વિચક્ષણ માણસ પ્રયત્ન કરે? અને પછવાડે કરુણા કે ભયની શ્રેણીને મૂકી જનાર વિષયો તરફ પ્રેમ કેમ ઉચિત ગણાય? (૧૦૬)

**ઇંદ્રિયોના વિષયોનું કિંપાકવૃક્ષના ફળો સાથે સામ્ય—**

> **यद्यपि निषेव्यमाणा मनसः परितुष्टिकारका विषयाः ।**
> **किंपाकफलादनवद्भवन्ति पश्चाददितुरन्ताः ॥१०७॥**

**અર્થ**—જો કે જ્યારે વિષયો ભોગવાતા હોય ત્યારે તે મનને શાંતિ કરનારા લાગે છે, પણ કિંપાક જાતિના ઝાડનાં ફળો પેઠે તે પછવાડેથી ઘણાં ખરાબ ફળને આપનાર નીવડે છે. (૧૦૭)

**વિવરણ**—વિષયો સેવાતાં હોય ત્યારે તે કોઈ કોઈ વખત સારા લાગે છે, જાણે રૂપાળી સ્ત્રી કે મીઠું ભોજન સુખ ભરી દેશે તેવું લાગે છે, અને ખાસ કરીને ભોગવ્યા પહેલાં તો તેઓ કલ્પનાને એટલી ઉજ્જ્વળ બનાવી દે છે કે તેઓ ભારે ભવ્ય હોય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એમ આપણને લાગે છે. જીવનમાં કદી ન મળેલ હોઈ આપણી કલ્પનાને તે ખૂબ ચઢાવે છે અને વધારે છે.

**નિષેવ્યમાણા**—આ પાંચે ઇન્દ્રિયોના વિષયોને સેવતી વખતે તે સારા મજાના લાગે છે. સ્પર્શસુખ, આલિંગન, ચુંબનની મોટી મોટી કલ્પનાઓથી મનને રાગી બનાવી મૂકે છે અને વિષયોને જ પ્રાણી સર્વસ્વ માની બેસે છે. એમને અત્યાર સુધી પોતે કેમ ન સેવ્યા તે માટે પોતાની જાતને ઠપકો આપે છે અને સેવવામાં જ પોતાના આનંદને કેંદ્રિત કરે છે. પણ આ બધી કલ્પનાજાળ ખોટી છે. મનને સંતોષ થશે, શાંતિ થશે કે મન પણ તૃપ્ત થશે એ બધી કલ્પના કેટલી ખોટી છે તે હવે જણાશે.

**કિંપાકફલ**—એક જાતનું ફળ થાય છે, ઝાડને એ ફળ આવે છે. એ અત્યંત સુગંધી અને સરસ હોય છે અને મુખને મીઠી લાળથી ભરી દે તેવો તેનો આકાર હોય છે. આવું સુંદર કિંપાક ઝાડનું ફળ જેવું ખાવામાં આવે કે તે આંતરડાંને કાપી નાંખે છે અને માણસનું મરણ નજીક આણી મૂકે છે અને અંતે તે પ્રાણી મરણ પામે છે. જેમ કિંપાક ઝાડનાં ફળો દેખાવમાં સુંદર, સુગંધી તથાપિ અંતે આંતરડાં કાપનાર નીવડે છે તેમ ઇંદ્રિયના વિષયો કદાચ સારા લાગે તો પણ તે અંતે પ્રાણીનું મરણ નજીક લાવે છે. ચેતી જાય, બચી જાય તે દેખીતા સુંદર કિંપાકનાં ફળોને હાથ પણ લગાડતા નથી, ખાવાની વાત તો જાણી જોઈને મરવા માટે કોણ કરે? તેમ પાંચમાંની કોઈ પણ ઇંદ્રિયના ભોગો દેખાવમાં ઉત્સવકારી લાગતા હોય તો પણ પરભવે અધમગતિમાં લઈ જનાર અને સંસારમાં રખડાવનાર છે એ જ્ઞાનીએ નજરે જોયું છે, માટે એ ઇંદ્રિયનાં ફળોને ઉપરને કારણે ખાવાં નહિ.

**અદન**—ખાવું તે, ભક્ષણ, આરોગવું. કિંપાકનાં ફળો કદાચ ખાતી વખતે મીઠાં અને સુગંધી હોવાથી રૂડાંરૂપાળાં લાગે, તેમ વિષયો ભોગવતાં મીઠાં લાગે તો પણ પરિણામે અતિ ભયંકર છે અને જેમ કિંપાકનાં ફળો ખાધા પછી માણસનો અંત લાવે છે, તેનાં આંતરડાં કાપી નાખે છે તેમ ભોગવાતા વિષયો અંતે પરિણામે આખા જીવનનો અંત લાવે છે. એ પચી જતા નથી પણ આવતા ભવમાં અથવા તે જ ભવમાં બહુ માઠાં અને અણધારેલાં કે અણકલ્પેલાં માઠાં ફળને લાવી આખા જીવનને ખલાસ કરી દે છે, પ્રાણ ખોવરાવે છે અને અનેક જન્મ સુધી ખરાબ ફળ જરૂર આપે છે. એટલે એ ભોગવતી વખતે અથવા ભોગવવા માટે સારા લાગતા વિષયો અંતે પરિણામે ભયંકર નીવડે છે. જેનું પરિણામ સારું નથી, જે તાત્કાલિક કે આગામિક ખરાબ ફળ આપે છે તે વિષયો ક્ષણિક સંતોષ ખાતર ભોગવવા લાયક નથી. પોતાનું ભવિષ્ય બગાડે તેવા વિષયો કોઈ પણ રીતે ભોગવવા લાયક કે રાખવા લાયક નથી. પ્રાણીએ આ બાબતમાં તાત્કાલિક લાભ તરફ ન જોતાં પારિણામિક લાભ તરફ જોવું જોઈએ અને પરિણામે જે કિંપાક વૃક્ષનાં ફળની પેઠે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવિતવ્યનો નાશ કરાવનાર હોય તેવા વિષયોને ભોગવીને તેમાં આનંદ ન માનતાં વિષયોને દૂરથી તજવા જોઈએ, કારણ કે તે તુરત અથવા લાંબી નજરે નુકસાન કરનાર છે. આ વિષયો ભોગવતી વખતનું સુખ પણ માન્યતામાં રહેલું જ સુખ છે. વિષયો ભોગવતી વખતે જરા મીઠા કે સારા લાગે તે પણ કલ્પનામાં જ સુખ છે. વાસ્તવિક સુખ છે જ નહિ.

**દુરન્ત**—જેનો અંત, છેડો આવવો મુશ્કેલ છે, પરિણામે જે યમ જેવા છે અને જીવ લઈને જનારા છે એ વિષયો અંગે અંતે મરણના સોદા હોવાથી તે ત્યજવા યોગ્ય અને દૂરથી નમસ્કાર યોગ્ય છે. (૧૦૭)

## વિષયોની સરખામણી ઝેરી અન્ન સાથે—

यद्वच्छाकाष्टादशमन्नं बहुभक्ष्यपेयवत् स्वादु ।
विषसंयुक्तं भुक्तं विपाककाले विनाशयति ॥१०८॥

**અર્થ**—જેમ જે પ્રકારે શાકની અઢાર પ્રકારની તૈયારી વિવિધતાએ થઈ હોય અને ભોજન બહુ સારી રીતે રંધાયેલ હોય અથવા પીવા યોગ્ય પીણાંઓ તૈયાર કરવામાં આવ્યા હોય તે દેખાવમાં અત્યંત સ્વાદિષ્ટ હોય, પણ તેમાં ઝેર ભેળવવામાં આવેલ હોય તો તે ભોજન આરોગવા સાથે પચવાને ટાણે વિનાશને ઉપજાવે છે. (૧૦૮)

**વિવરણ : શાકાષ્ટાદશ**—અઢાર પ્રકારના શાકનું આરોગણ કરવા માટે તૈયારી કરી હોય અને રસોઈની પણ તેની સાથે તૈયારી કરવામાં આવેલ હોય, પણ તે તૈયાર થયેલ શાક અને અન્નમાં જરા સરખું ઝેર મિશ્રણ કરવામાં આવ્યું હોય તો પછી તે બધું ત્યજી દેવું જ જોઈએ. આ અઢાર જાતના શાકનો અર્થ બેઠો નથી, પણ હારિભદ્રીય ટીકાકારે અઢારનાં નામો આપ્યાં છે તે નીચે લખી નાંખું છું. જેમ જેમ અર્થ મળતા જશે તેમ તેમ નાખતો જઈશ. આ અઢાર નામો હરિભદ્રના વખતમાં જરૂર જાણીતા હશે, હવે તેમનાં નામો રજૂ કરું છું.

(૧) સૂવો (soup), અંગ્રેજી પદ્ધતિએ આણું લેતાં જે પ્રથમ પ્રવાહી સૂપ આપવામાં આવે છે. (૨) યણો. (૩) જવન્ન. (૪–૬) ત્રણ પ્રકારનાં માંસ. (૭) ગોરસ : (દૂધ, દહીં અથવા પૃથ્વીનો રસ) (૮) જૂસ. (૯) ભકખા અથવા ઠકખા. (૧૦) ગુલલાવણિયા. (૧૧) મૂલફળા : ફણસનું ઝાડ. (૧૨) હરિતક : (હરિયો–મૂળ પ્રમાણે). (૧૩) ડાગો. (૧૪) રસાલૂ. (૧૫) પાણ. (૧૬) પાણીય. (૧૭) પાણગ. (૧૮) સાગ. (૧૯) નિરૂપકૃત લોહી (રુધિર)નો પિંડ.

આપણામાં કહેવત બત્રીશ ભોજન અને તેત્રીશ શાકની છે. જ્યારે પૂરું જમણ હોય ત્યારે તેમાં શાક તેત્રીશ હોય છે. અને ભોજન–પૂરી વગેરે–બત્રીશ હોય છે. આના સર્વ નામો જરૂર મળશે, અને મળશે તેમ તેમ દાખલ કરવામાં આવશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પેય**—તૈયાર કરેલાં પીણું. અત્યારે ઓરેંજ, સ્કવેશ, લેમન, સોડા, વીમટો વગેરે તૈયાર થાય છે તે તથા દારૂ. વિલાયતમાં ખાણા સાથે વીશી વોટર, મીનરલ વોટર કે ઝરણાંના પાણીનો ઘણો મહિમા ગણાય છે.

**બહુભક્ષ્ય**—બહુ વખતે થનાર ખાવાનું અન્ન, મોદક, લાડુ, કંસાર વગેરે. એ ખૂબ ભાવે તેવી ખાવાની વાનગીઓ સમજવી. એના બહુ પ્રકાર છે. મતલબ એ છે કે સારી રીતે તૈયાર થયેલ ખાવાનું ભોજન.

**સ્વાદુ**—મધુર, મીઠું, ખાતાં કે પીતાં ભાવે તેવું, સારી રીતે પસંદ આવી જાય અને તંદુરસ્ત માણસને ગળે ઊતરી જાય તેવું મધુર.

**વિષસંયુક્ત**—આવા સારી રીતે તૈયાર કરેલા ભોજન અથવા પીણામાં, ખાવા અથવા પીવાના પદાર્થમાં જો ઝેર જરાસરખું પણ હલાવી નાંખ્યું હોય તો.

**વિપાકકાલ**—પચવા વખતે. ઝેરને પચવાનો સમય જુદો જુદો હોય છે. તાલપુટ ઝેર તો ખાવા માટે તાળવે નાંખે કે લાગે ત્યાં જ પ્રાણીને ખલાસ કરે છે, જ્યારે અફીણ, સોમલ, હોજરી પાસે પહોંચવા જોઈએ. એ ખાવાથી પ્રાણીને મારી જ નાખે, પણ એ બે કલાકનો સમય લે છે. એ ખાવાથી પ્રાણી તરત મરી જતો નથી, પણ એ જ્યારે જ્યારે પોતાનાં ફળ આપવાનો સમય આવે ત્યારે એએક કલાકમાં પ્રાણીને 'જીવિઆઓ વવરોવિયા' કરે છે.

**વિનાશયતિ**—મારયતિ, મારે છે. આ જીવનથી દૂર કરે છે. એને ખલાસ કરી મૂકે છે. ખોરાક ગમે તેવો સુગંધી કે સરસ હોય, પીણું ગમે તેટલું પસંદ આવે તેવું હોય, પણ તેની સાથે ઝેર ભેળવવામાં આવ્યું હોય તો પુષ્ટિને બદલે આખી જિંદગીથી પ્રાણીને ખલાસ કરે છે. ઉપનય આવતી ગાથામાં આવશે (૧૦૮)

**એ ઉપમાનનો ભાવ**—

> **तद्वदुपचारसंभृतरम्यकरागरससेविता विषयाः ।**
> **भवशतपरम्परास्वपि दुःखविपाकानुबन्धकराः ॥१०९॥**

**અર્થ**—તે જ પ્રકારે અનેક ઉપચારોથી ભરેલ અને મોજ કરાવનારા રાગરસથી સેવાયેલા વિષયો સેંકડો હજારો ભવની પરંપરામાં દુઃખના પરિણામને બાંધનાર નીવડે છે. (૧૦૯)

**વિવેચન : તદ્વત્**—તે જ પ્રકારે. ઉપરના દાખલા પ્રમાણે. ઉપર જે દાખલો આપણે અન્નના અઢાર પ્રકારનો અને દારૂ વગેરે પીણાંઓનો વિસ્તારી ગયા તે પ્રમાણે.

**ઉપચાર**—ખુશામત, ચાટુ કર્મ. જ્યારે પાંચ ઇન્દ્રિયના વિષયો સેવવા હોય છે ત્યારે તદ્યોગ્ય વાતાવરણ જમાવવું પડે છે. કેરી ખાવી હોય ત્યારે રસ કાઢી પૂરી તથા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રોટલીનાં પડ બનાવવાં પડે છે. એ બધા ઉપચારો છે, એટલે આજુબાજુની પડખે-અડખેની તૈયારીઓ છે. આ ઉપચારથી ભરેલા વિષયો પ્રાણી ભોગવે છે. એને ગાંઠિયા કે ફરસાણ જોઈએ અને સાથે શાક જોઈએ. વિષયોને ગમાડવા માટે અનેક પ્રકારના ઉપચારો કરવા પડે છે. આ રીતે વિષયો ઉપચારથી ભરેલા પડેલા છે. તે ઉપરાંત કોઈ મોટા માણસનો વિનય કરવો, પગે પડવું, નમસ્કાર કરવા કે પ્રણામ કરવા એવા પાંચે ઇંદ્રિયને અંગે અનેક ઉપચારો કરવા પડે છે. આ બધાનો સમૂહ એકઠો કરીએ ત્યારે તેનો મોટો સરવાળો થઈ પડે છે. એટલે વિષયો ભોગવવાને અંગે આટઆટલી ખટપટ કરવી પડે છે. અને તેને ફરજ તરીકે કે સ્વેચ્છાથી થતી મહેનતની માફક પ્રાણી તે સર્વ કરે છે અને કરવામાં જાણે પોતાને કોઈ પ્રકારની તકલીફ પડે છે એમ માનતો નથી.

**રમ્યક**—રાગને લીધે રમ્ય થયેલ. 'અપિ' શબ્દ આ ગાથામાં આવે છે, તે દુઃખની સંભાવનાને, સંભવને બતાવે છે. આ રાગદ્વેષને કરાવનાર વિષયો સેંકડો, લાખો, કરોડો ભવની પરંપરામાં પ્રાણીને દુઃખના વિપાકને–ફળને આપવાનો અનુબંધ કરાવનારા છે. વિષયો ભોગવવામાં આવે તે પોતાનું ફળ તો જરૂર આપે છે. અન્નમાં જેમ ઝેર ભરેલું હોય તો પ્રાણીના દ્રવ્ય પ્રાણને હણી નાખે છે અને તેનો વિનાશ કરે છે, તેમ આ પાંચે ઇંદ્રિયના પૌદ્ગલિક વિષયો સંસાર વધારનાર થાય છે અને સંસારની પરંપરામાં દુઃખ ભોગવાવે છે. આવા વિષયો અંતે સંસારની પરંપરામાં તો વધારો અને વ્યવહારથી અનેક દુઃખ આપનારા થાય છે. જેમ ઝેર કે અફીણ ખાધું હોય તો તે પ્રાણીનો તુરત વિનાશ કરે છે તેમ આ વિષયો ભવસંતતિમાં વધારો કરે છે અને સાથે તે તે ભવોની પરંપરામાં દુઃખ આપે છે.

**રાગરસસેવિતાઃ**—રાગપૂર્વક સેવાતા વિષયો ઝેર કે અફીણનું કામ કરે છે. એટલે, એક તો એ અનેક ભવો વધારી આપી સંસાર વધારે છે અને ત્યાં દુઃખના અનુભવ કરાવે છે. આટલા માટે એ સંસાર વધારનાર વિષયોનો ત્યાગ કરવો જોઈએ.

ભોગવનારને જ સેવન કરેલા વિષયો તાત્કાલિક કે પરંપરાએ મારે છે. 'વિષય ભોગવનાર' એ કર્મ સમજવું. આ ગાથામાં **भोक्तारम्** એ શબ્દ અધ્યાહાર છે એમ સમજી લેવું એમ ટીકાકાર કહે છે.

**વિપાક**—અનુભવ. એટલે જે આ વિષયો સેવે તેઓ દુઃખનો વિપાક જરૂર ભોગવે, અને તે એકબે ભવ સુધી નહિ, પણ સેંકડો કરોડો ભવ સુધી. આ વિષયત્યાગનું ઘણું મહત્ત્વનું અને પ્રાણીને વિચારમાં પાડી દે તેવું કારણ કહ્યું. હજુ પણ એ વિષયો ન સેવવા જોઈએ અને તેમાં ગૃદ્ધ્યા રાખી રાગદ્વેષ ન કરવો જોઈએ, તેનાં વધુ કારણો કહે છે.

**અનુબન્ધ**—સાતત્ય, સતતપણું. ન ત્રુટે તેવા દુઃખને ચાલુ રાખે તેવા વિષયો છે. વિષયો આવા છે! એ ચાલુ દુઃખનો અનુભવ કરાવનારા છે અને એક ખાડામાંથી પ્રાણીને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપાડીને બીજા ખાડામાં નાખનારા અને દુઃખનું ફળ આપનારા છે. વિપાક એટલે ફળ. અનંતા કાળથી આપણો છેડો આવતો નથી, અને આપણે મેળ વગરના રખડીએ છીએ, તે સર્વનું કારણ આગલા ભવમાં આપણે સેવન કરેલા વિષયો અને તે સમયે તેમાં લીધેલ રસ અને રાગદ્વેષ છે. ભવસંતતિનું આ કારણ સમજી વિચારી લેવા યોગ્ય છે. આ સંસારનું અને એક ભવથી બીજા ભવમાં ભટકવાનું આ કારણ જ્યાં સુધી છૂટી જશે નહિ ત્યાં સુધી આ જીવ એક ખાડામાંથી બીજા ખાડામાં પડશે. વિષયસેવનનું આ પરિણામ થાય છે, તે વિચારવા યોગ્ય છે.

**ભવશત**—સેંકડો, હજારો, લાખો, અસંખ્યાત, અનંત ભવો. અહીં શતનો અર્થ સો નથી, અનેક સો એટલે લાખો, કરોડો અને અનંતનો એમાં સમાવેશ થાય છે, કારણ કે એમાં 'પરંપરા' શબ્દ સાથે છે. 'ભવશતપરંપરા' એ શબ્દનો આ જ અર્થ સંબંધને અનુરૂપ છે. વિષયો શરૂઆતમાં સારા લાગે તે તો બહુ ભોળી નજર છે, લાંબી નજરે જોતાં એ અનેક ભવમાં મહાદુઃખ આપનાર થાય છે. એ આ ગાથાનો ભાવ છે. વિષયો કરતાં પણ તેના પ્રત્યેનો રાગ વધારે ખરાબ છે, એટલે રાગદ્વેષનો અને વિષયનો સંબંધ જરૂર તોડી નાંખવો જોઈએ. (૧૦૯)

**મરણને અંગે વિષયો પરની રતિનો ત્યાગ—**

> **अपि पश्यतां समक्षं नियतमनियतं पदे पदे मरणम् ।**
> **येषां विषयेषु रतिर्भवति न तान् मानुषान् गणयेत् ॥११०॥**

**અર્થ**—અરે! ડગલે ને પગલે મરણ ચોક્કસ કે અચોક્કસ છે એમ નજરે જોયા પછી પણ જેઓને પાંચે ઇંદ્રિયના વિષયો પર પ્રેમ હોય તેમને માણસ ન ગણવા જોઈએ. (૧૧૦)

**વિવરણ**—હવે એ પાંચે ઇંદ્રિયના વિષયોને તજી દેવાનું છેલ્લું પણ અતિ મહત્ત્વનું કારણ આપે છે, તે વિચારશું.

**પશ્યતાં**—આપણે નજરે જોઈએ છીએ. ઉઘાડી આંખે જોઈએ તો આપણે હાલતાં અને ચાલતાં, ડગલે અને પગલે મરણને જોઈએ છીએ. જેની સાથે કાલે રમ્યા હતા, તે રાત્રે મરી જાય છે એમ આપણે જોયું. જે પૃથ્વી ઉપર ડગલું ન પાડતા હતા તેવાનો પણ નાશ થઈ ગયો. જેઓ વાતચીત કરવામાં કુશળ હતા, તે પણ ગયા. અને જે અનેક પ્રકારના ધમધમાટ કરતા હતા, જે પોતાની મૂછ ઉપર લીંબુ રાખતા હતા તેમને પણ મરી જતા જોયા. અનેકને જમીનમાં દાટી આવ્યા અને એકછત્ર રાજ્ય કરનાર રાજાઓ અને આખા રાજ્યને પોતાની આંગળી ઉપર રમાડનારા મંત્રીઓ અને સરકારના મોટા કામદારોને પણ અંતે મરતા જોયા. આ અર્થમાં પશ્યતાં શબ્દ સમજવાનો છે.

**નિયત**—દેવતા અને નારકોનું આયુષ્ય નક્કી હોય છે અને તે અકસ્માત વગેરેથી કપાતું કે ઘટતું નથી, કારણ કે પારા જેવાં તેમનાં વૈક્રિય શરીર પાકા આયુષ્યને બાંધી

जैन साईट JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લાવે છે. મનુષ્યમાં માત્ર ત્રેસઠ શલાકાપુરુષનું આયુષ્ય તૂટતું નથી, એને સાત કારણો પણ લાગતાં નથી અને એમણે પાકું આયુષ્ય બાંધેલ હોય છે.

**અનિયત**—મનુષ્ય (બાકીના) અને તિર્યંચો સર્વનું આયુષ્ય અનિયત છે, અચોક્કસ છે અને માર પડતાં કે સાત પ્રકારનાં કારણો મળતાં તે મરણ પામે છે. પ્રાયઃ મનુષ્યનું અને સર્વ તિર્યંચોનું (એકેંદ્રિય, બેઈંદ્રિય, તેઈંદ્રિય, ચૌરિંદ્રિય અને જલચર, સ્થલચર અને ખેચર પંચેંદ્રિયનું) આયુષ્ય અનિયત હોય છે. એ તો ઠામ પડ્યું હોય ને ભાંગી જાય તેમ આયુષ્ય પૂરું થઈ જઈ મરણને લાવી મૂકે છે.

**પદે પદે મરણમ્**—હાલતાં અને ચાલતાં, ડગલે પગલે મનુષ્ય કે તિર્યંચનું મરણ થઈ જાય છે. આશા તો મોટા ડુંગર જેટલી હોય છે, પણ કાળની કોઈને ખબર નથી અને જે હાથે આગલી રાત્રે આગળીઓ વાસ્યો તે જ હાથ તે ઉઘાડશે કે કેમ તે કાંઈપણ ચોક્કસ નથી. મરવું તો પગલાંની હેઠ છે, એટલે એ ક્યારે થશે તે તો જ્ઞાની જાણે, પણ મરવું ચોક્કસ છે, અને તે ડગલે પગલે છે એમ સમજી રાખવા જેવું છે. આવું ચોક્કસ મરણ હોવા છતાં પ્રાણી પાંચ ઈંદ્રિયના વિષયો ઉપર રાગ અથવા દ્વેષ કેમ જાણી બૂઝીને કરી શકતો હશે તે વિચારવા યોગ્ય વાત છે. અથવા, ઘણાખરા તેનો વિચાર જ કરતા નથી. પછવાડેથી ધક્કો આવે એટલે જીવન આગળ ચાલે છે અને પગ નીચે મરણ હોવા છતાં પ્રાણી જાણે કોઈ દિવસ મરવું જ નથી એવો મમત્વ કરે છે, અને વિષયો ભોગવે ત્યારે તેમાં હાશ કરે છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**રતિ**—મજા, મોજ, સ્વાસ્થ્ય. કોઈપણ ઈંદ્રિયના વિષયો સેવે ત્યારે તેને તેમાં મજા આવે છે, અને વિષયમય પોતે બની જાય છે અને જાણે વિષયને અને તેને અભેદ હોય તેવો તેમાં તેને આનંદ આવે છે. વિષયસુખ ભોગવતી વખતે પોતાને અહીંથી ગમે ત્યારે પણ ચોક્કસ જવાનું છે એ પણ યાદ રહેતું નથી. અનેકનાં મરણ નજરે જોયાં છતાં તેની કાંઈ અસર થતી નથી, તે ખૂબ ચિંતાકારક ઘટના છે.

**યેષાં**—જેઓની વિષયભોગ કે પાંચ ઇન્દ્રિયના વિષયો કે કષાય કે આ સંસાર પ્રત્યે પ્રીતિ થાય, પ્રેમ થાય, અથવા એમાં આનંદ આવે તેઓને કેવા ગણવા તે હવે પછી બતાવવામાં આવશે. આ આખા પ્રકરણનો સાર છે અને તે હૃદયમાં કોતરી રાખવા જેવો છે.

**વિષયેષુ**—કોઈપણ ઇન્દ્રિયના વિષય પર જેને પ્રેમ થાય તેને કેવા ગણવા તે હમણાં બતાવશે. એમાં સારું સારું ભોજન ખાવાની ઇચ્છા થાય અને શરૂઆતમાં તે ગમે તે રસનેંદ્રિયનો વિષય છે. સ્ત્રી ઉપર આકર્ષણ થાય તે સ્પર્શનેંદ્રિયનો વિષય છે. સારી ખુશબો, અત્તર કે ગુલાબનાં પુમડાં લગાડવાની ઇચ્છા થાય તે ઘ્રાણેંદ્રિયનો વિષય છે. સારી ચીજો કે દેશપ્રદેશના બાગબગીચા જોવાની કે તેમનાં ફૂલો જોવાની મરજી થાય તે ચક્ષુરિંદ્રિયનો વિષય છે. હારમોનિયમ, તબલાં કે વાયોલિન વગેરેનો જલસો જોવાની કે કરવાની ઇચ્છા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થાય તે શ્રોત્રેંદ્રિયનો વિષય છે. આ પાંચે ઇન્દ્રિયના કોઈપણ વિષયો ક્ષણિક છે, સંસારમાં રખડાવનારા છે, તેમને તે તરીકે ન જાણતાં જેને તેમાં મજા આવે છે અને તે ભોગવવાની જેને મરજી થાય તે હજુ વિષયમાં આનંદ માનનાર છે. કેંકને પોતે મરતાં જુએ, છતાં પોતે અહીં બેસી રહેનાર છે તેમ માની ક્ષણિક સુખમાં જેઓને આનંદ આવે છે, અને પોતાની જાતને તે ભોગવવામાં ભાગ્યશાળી કે કૃતાર્થ માને છે તેઓ કેવા માણસો છે તે હવે બતાવે છે.

**ન તાન્ માનુષાન્ ગણયેત્**—એમને માણસ ન ગણવા. એમને ગધેડા જેવા કે સુવર જેવા તિર્યંચ ગણવા, કારણ ગધેડામાં અક્કલ ઘણી ઓછી હોય છે. ઓછી અક્કલવાળાને 'ગધેડો' ગણવામાં આવે છે. એમને ગમે તે ગણો, પણ તે માણસમાં તો ન જ ગણાય. માણુસ સિવાય તો દેવ, નારક અને તિર્યંચ ગતિ બાકીમાં રહી. તેઓ દેવ કે નારક તો નથી જ, તેઓ મનુષ્યના રૂપમાં કોઈપણ 'જનાવર' છે એમ તમે ધારી શકો. એમને કેવા જનાવર ગણવા તે તમારી ઉપર છોડવામાં આવે છે.

મતલબ આપણી પોતાની સાથે રમનારા અને આપણા સગાંસંબંધીને મરતાં જોયાં છતાં આપણને વિષયો પર પ્રીતિ થાય તો આપણે મનુષ્ય ગણાતાં મટી જઈએ છીએ. આ વાત આખા પ્રકરણનો અગત્યનો સાર છે અને હૃદયમાં ઉતારવા યોગ્ય છે. (૧૧૦).

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**વિષયોનું પરિણામ સારી રીતે વિચારવું જોઈએ—**

**विषयपरिणामनियमो मनोऽनुकूलविषयेष्वनुप्रेक्ष्यः ।**
**द्विगुणोऽपि च नित्यमनुग्रहोऽनवद्यश्च संचिन्त्यः ॥१११॥**

**અર્થ**—ચિત્તને અનુકૂળ વિષયો બાબત બેવડો લાભ (અનુગ્રહ) કરનાર અને આગળ ઉપર કોઈ પાપ વધારનાર નહિ એવા પરિણામને દરરોજ નિયમપૂર્વક સારી રીતે વિચારવું. (૧૧૦)

**વિવરણ—વિષયપરિણામ**—વિષય (કોઈપણ ઇન્દ્રિયને લગતા), તેમના પરિણામ એટલે અધ્યવસાય. વિષય ભોગવવાની આકાંક્ષા થવી અથવા ભોગવતી વખતે થતા આત્માના અધ્યવસાય. એટલે વિષયો ભોગવતી વખતે અથવા તે માટે ઇચ્છા થાય ત્યારે અને ભોગવીને તેમના કબજામાંથી છૂટ્યા હોઈએ ત્યારે, મનમાં જે પરિણામ–અધ્યવસાય–થાય છે તે સર્વ વિચાર–વાતાવરણ. એટલે, તે વખતે થતી આત્મા અથવા મનની પરિસ્થિતિ. અથવા વિષયો શુભ હોય તે અશુભ થઈ જાય, અશુભ હોય તે શુભ થઈ જાય એવો અર્થ પણ નીકળી શકે છે એમ કોઈક વિદ્વાનોનો મત છે. આવી રીતે શુભ ધારેલા વિષયોનું અશુભ થવું અને અશુભ વિષયોનું શુભ થવું એમ જે થાય છે તે પરિસ્થિતિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિષયપરિણામનિયમ**—નિયમ એટલે અંકુશ. વિષય ભોગવતા થતી કે ભોગવ્યા પછી થતી મનની સ્થિતિ અથવા આત્મિક અધ્યવસાય પર અંકુશ રાખવાથી કેટલો સ્વાભાવિક આનંદ થાય છે તે વિચારવું–જોવું જોઈએ. આ પણ વિષયત્યાગનું એક અગત્યનું કારણ છે. એ નિયમ રાખવાથી અને તેના પર અંકુશ રાખવાથી વિષયો તદ્દન નિર્માલ્ય–નકામા–જેવા લાગે છે અને ન ભોગવ્યા હોત તો કોઈપણ પ્રકારનો વાંધો ન હતો, એમ મનને લાગે છે. ખાસ કરીને અનુકૂળ વિષયો પર નિયમ–અંકુશ રાખવાથી થતો આનંદ માણસે અવલોકન કરીને ધ્યાન પર લેવો જોઈએ. ભર્તૃહરિ કહે છે કે स्वयं त्यक्ता ह्येते शमसुखमनन्तं विदधते એ વિષયો પર અંકુશ રાખવાથી અથવા પોતે તેનો ઇચ્છાપૂર્વક ત્યાગ કરવાથી તે અનંત શાંતિના સુખને આપે છે. એ શમસુખ કેવું સુંદર થાય છે તે અવલોકન કરીને જોવું જોઈએ, વિચારવું જોઈએ, પોતાના મનમાં તેની અવલોકના કરવી જોઈએ.

**અનુકૂલવિષય**—વિષયો બે પ્રકારના હોય છે: અનુકૂળ અને પ્રતિકૂળ. જે મનને ન ગમે તે પ્રતિકૂળ અને જે મનને ગમે તે અનુકૂળ. આ પૈકી મનને અનુકૂળ વિષયો પર અંકુશ રાખવાનું પરિણામ શું આવે છે તે પર્યાલોચી લેવું જોઈએ. કોઈપણ ઇન્દ્રિયનો કોઈ વિષય લો તો તે ભોગવ્યા પછી તેમાં દમ નહિ લાગે. એટલે વિષય સેવ્યા પછી જે આત્મિક વિચારો થાય, જેને આત્મિક અધ્યવસાય કહેવામાં આવે છે તે થાય તે બરાબર પરીક્ષા કરી પર્યાલોચવા, વિચારવા જોઈએ. સેંકડે નવ્વાણું ટકા વિષય સેવનાર માણસના વિચારો તો એવા જ હશે કે વિષય ખાતર સંસાર વધાર્યો તે અનુચિત કર્યું છે, બિન-જરૂરી કર્યું છે, વિષય ભોગવવામાં કાંઈ દમ ન હતો, અને એ ખાતર જિંદગી કે તેનો સમય બગાડવા જેવું ન હતું. આ પણ વિષયસેવનમાં અંકુશ રાખવાનું એક મહત્ત્વનું કારણ છે.

અને જે વિષયો આજે મનોનુકૂળ હોય, કાલે તે પ્રતિકૂળ થઈ જાય, તેમ જોતાં વિષયના પરિણામને વિચારવાં જોઈએ. આ પ્રકારનો અર્થ કરવામાં આવે છે તે પણ ઉચિત અને વિચારવા યોગ્ય છે.

**અનુપ્રેક્ષ્ય**—વિચારવા યોગ્ય, તેના ઉપર ધ્યાન બેસાડવા યોગ્ય. ખાસ કરીને પ્રાણીને વિષયો ગમે છે અને અનુકૂળ વિષયો તરફ તે ખેંચાઈ જાય છે. તેનાં કેવાં ખરાબ પરિણામ આવે છે તે ધ્યાનમાં લેવાં જોઈએ. પ્રાણીને અનુકૂળ વિષયો વધારે ફસાવે છે અને અનેકને મરતાં જોઈને પ્રાણી ચેતવણી ન લે તો અંતે તે પણ વિષયલંપટ થઈ જાય છે. એટલે, વિષયો ભોગવતાં પહેલાં એ વખતે મનની થતી ડામાડોળ અસ્તવ્યસ્ત સ્થિતિનો મુદ્દામ રીતે ખ્યાલ કરવો જોઈએ. એ વિચારણા જેવી તેવી કે ઉપરછલ્લી રીતે ન કરતાં ધ્યાન આપી લક્ષ દઈને બરાબર પર્યાલોચના કરવી જોઈએ. એ રીતે જો વિચારવામાં આવશે તો વિષયો ભોગવવામાં કોઈ વાતનો સાર નહિ લાગે અને તમારી વિચારણા તમને વિષયત્યાગ કરાવશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ વિચાર 'પ્રાણીએ' કરવો જોઈએ તેમ હારિભદ્રીય ટીકા કહે છે. આખું પુસ્તક જ જીવ માટે તૈયાર કરવામાં આવ્યું છે, તેથી આ તેને માટે છે એમ આપણે સમજવું જ જોઈએ, એ શબ્દ અધ્યાહાર છે એ જણાવવાની ખાસ જરૂર લાગતી નથી.

**દ્વિગુણો**—ધર્મદાસગણિ ઉપદેશમાળામાં કહે છે કે વિષયસેવનનું ફળ ઓછામાં ઓછું બેવડું, તેવડું, ચારગણું અને અનંતગણું થાય છે. વિપાક આ રીતે વધતો જાય છે. એટલે બેવડાનો અર્થ અહીંયા 'અનંતગુણો' કરવો.

**અનુગ્રહ**—ઉપકાર, ગુણયોગ, વધારો, યોગમાં પ્રગતિ. એ બેવડીથી માંડી અનંતગુણી થાય છે તે વિચારવા યોગ્ય છે. અથવા અનુગ્રહ એટલે અનુકૂળપણું, મહેરબાની. આમાં અનુકૂળપણાનો અર્થ સંબંધને અનુરૂપ છે. આવી જાતના અનુકૂળપણાથી આ વિષયો પર અંકુશ કે નિયમ રાખવો તે સર્વ પ્રાણીને હિતકર્ત્તા છે અને તેમાં પરિણામે, લાંબી નજરે, લાભ છે.

**અનવદ્ય**—પાપરહિત, પવિત્ર. આ નિયમનું વિશેષણ છે. તમે તમારી જાત પર નિયમ રાખો તે પાપરહિત, નિષ્પાપ છે. આવા પ્રકારનો નિયમ રાખવાથી પાપરહિત થવાય છે, કારણકે વિષયો પાપનું કારણ છે અને તેમના પર નિયમ કે અંકુશ રાખવો તે નિષ્પાપ છે. આ વાત ખરેખર વિચારવા જેવી છે અને વિચાર કરીને વિષય ઉપર અંકુશ રાખવા જેવો છે. એના પર અંકુશ કે અટકાયત પડવાની જ છે, પણ શરૂઆત હાલ અને આવા સુંદર મનુષ્યજન્મમાં થાય તે બધી રીતે પાપ વગરની પદ્ધતિ છે અને સર્વ જીવોનું હિત કરનારી છે અને 'રે જીવ પાપ ન કીજીએ, પુન્ય કીધું સો વાર'—એ દૃષ્ટિએ બહુ સારી છે, અને પરિણામે લાભકારી છે. આ અર્થ મને ઠીક લાગે છે.

**સંચિન્ત્ય**—આવો અંકુશ અથવા નિયમ વિચારવા યોગ્ય છે. જો નિરંકુશ રીતે વિષય સેવવામાં આવે તો તેથી મોટો ગેરલાભ થાય છે. એમાં અનેકનાં દૃષ્ટાંતો આપણે નજરે જોયાં છે. તો આ નિયમ-અંકુશની જે વાત કરી તે મનને અનુકૂળ વિષયોને અંગે ખાસ વિચારવા યોગ્ય છે. વિચારીને એ અનુસાર વર્તવાનું છે, બેસી રહેવાનું નથી. અંકુશ નિષ્પાપ છે એમ ખાતરી થાય તો અંકુશ રાખવા જોઈએ, અટકાયતો કરવી જોઈએ અને કરવાનો નિશ્ચય કરવો જોઈએ.

**નિત્ય**—હંમેશા. એમાં દરરોજ વિચાર કરવાનો છે. એવી જાતનો અંકુશ રાખવાથી ઘણા ફાયદા છે એ રીતની એ બાબતની વારંવાર વિચારણા કરવી જોઈએ. અને વારંવાર દરરોજ વિચાર કરવાથી વાત જો બરાબર જામી જાય તો આત્માની અનંતકાળથી જે સ્થિતિ અને રખડામણ થઈ છે તેનો અંત આવે તેમ છે. એટલા માટે અંકુશ કે નિયમ રાખવાની બાબત દરરોજ વિચારવી-ધ્યાવવી અને વિચારીને તેનો અમલ કરવો. આ વાત દરરોજ કરવાનું કારણ એ છે કે પ્રાણી એને દરરોજ કરે તો જ તેનો ખરો લાભ ઉઠાવી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શકે, બાકી કોઈ કોઈવાર એની ટેવ રાખે તો પાછો એ પ્રમાદમાં પડી જાય. આવો પ્રમાદ ન થઈ જાય તેટલા માટે 'દરરોજ'નો આગ્રહ છે.

આખી ગાથા સરળ છે. તેનો અર્થ વિચારતાં જણાય છે કે ખાસ કરીને મનને અનુકૂળ વિષયોમાં પણ નિયમ રાખવો, અંકુશ રાખવો. એનાથી લાભ બેવડો, ચારગણો, દશગણો કે અનંતગણો થાય છે અને એ અંકુશ રાખવાની બાબત નિષ્પાપી હોઈ એની અનુકૂળતાનો દરરોજ વિચાર કરવો. એ વિચાર જરૂરી છે, આત્માને અને મનુષ્યભવને હિતકર્તા છે અને પરિણામે પરમ લાભદાયી છે અને સ્થાયી લાભ અપાવનાર છે. અંકુશ વગર અનંતકાળથી આ પ્રાણી ઘસડાઈ આવ્યો છે. એની એ વાત આ ભવમાં ન થાય તેને માટે આ કારગત ઉપાય વિચારવા યોગ્ય છે. આ ખરો રાજયોગ છે અને પરિણામે સ્થાયી લાભ કરાવનાર છે.

* * *

આવી રીતે આ અતિ મહત્ત્વનું પ્રકરણ અહીં પૂર્ણ થાય છે. એનો પ્રધાન સૂર રાગ-દ્વેષજન્ય આ વિષય અને કષાયની બરાબર ઓળખાણ કરી લઈ તેમનો ત્યાગ કરવાની છે. આ ઘણું મોટું પ્રકરણ શ્લોક ચોવીશમાથી શરૂ થાય છે અને બહુ સરળ રીતે તેમાં પ્રથમ રાગદ્વેષનું સ્થાન અને વ્યાખ્યા વિચારવામાં આવ્યાં છે. એક વસ્તુ તરફ આકર્ષણ રહે તે રાગ કહેવાય છે અને તે વસ્તુ તરફ અણગમો રહે તે દ્વેષ કહેવાય છે. આખો સંસાર રાગદ્વેષ પર રચાયેલો છે. રાગદ્વેષજન્ય કષાયો અને પાંચે ઇન્દ્રિયના વિષયોને ઓળખવા તે આખા પ્રકરણનો હેતુ છે. આ ગ્રંથકારના મતે રાગથી માયા અને લોભ થાય છે અને દ્વેષથી ક્રોધ અને માન થાય છે, અને રાગ અનેક રીતે જુદા જુદા નામોથી ઓળખાય છે. આ રીતે રાગની ઓળખાણ અને તેના પર્યાયો આપી ક્રોધ, માન, માયા અને લોભને અંગે રાગદ્વેષ કેવાં કેવાં કામ કરે છે તે બતાવી તેમના ઉપર જેમ બને તેમ વિજય કરવાની વાત કરે છે. જ્યારે કર્મબંધન થાય તે વખતે કર્મની પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ એ ચાર બાબત મુકરર થાય છે. તેમાં રાગદ્વેષો કેવી રીતે કામ કરે છે, પાંચે ઇંદ્રિયોના તેવીશ વિષયો પ્રાણીને પોતા તરફ ખેંચી કેટલું આકર્ષણ કરે છે, અનુકૂળ વિષયોમાં અંકુશ રાખવાથી પરિણામે આ સર્વ કર્મોથી મુક્તિ કેવી રીતે થાય છે, શાશ્વત સુખને જ ખરી રીતે સુખની વ્યાખ્યા લાગુ કરી શકાય છે, તે સુખની આ જીવનમાં જરૂર છે, તે માટે પ્રયત્ન કરવા અને તે રીતે જ આ એક ખાડામાંથી બીજામાં અને બીજામાંથી ત્રીજામાં પડવાની આ પ્રાણીની અનાદિ પદ્ધતિ મટી જાય છે. આ રીતે ચોવીશમા શ્લોકથી શરૂ કરીને એકસો અગિયારમા સુધીનું વૈરાગ્ય વિષયક મોટામાં મોટું પ્રકરણ ગ્રંથકર્તાએ હાથ ધરી આપણું મહા અગત્યના વિષય તરફ ધ્યાન ખેંચ્યું છે. આ કષાયો તો બહારની વસ્તુ છે અને વિષયો પણ બહારના છે, તે પર છે, અનાત્મરૂપ છે, એમ બતાવી એમના

www.jainsite.com For Private & Personal Use Only. info@jainsite.com

પર નિયમ રાખવાની જરૂરિયાત ઉપર આપણું ધ્યાન ખેંચ્યું છે. પ્રત્યેક કષાયને લેતાં, ક્રોધ પ્રીતિનો વિનાશ કરનાર હોવાથી, માન વિનય જે પ્રધાનગુણ ગણાય છે અને જે ધર્મનું મૂળ છે તેનો ઘાત કરનાર હોવાથી અને માયાથી ભરોસો ઊડી જતો હોવાથી અને લોભથી તો સર્વ ગુણોનો નાશ થતો હોવાથી આ કષાયો ઉપર વિજય મેળવવાની બહુ જરૂર છે. જો આ સંસારનો અંત લાવવો હોય અને ખરેખરું કાર્ય કરવું હોય તો આ દરેક કષાયનો વિજય કરવાની અને પાંચે ઇંદ્રિયના સબળા વિષયો પર અંકુશ રાખવાની બહુ જરૂરિયાત છે. એ રીતે આપણે જે પ્રગતિ કરવા વાંછા રાખીએ છીએ અને કરોડો, અપરંપાર ભવો પછી મળતા મનખાદેહને સફળ કરવા માગીએ છીએ તે માટે વિષય-કષાય પર વિજય મેળવવાની બહુ મોટી જરૂરિયાત છે, તે પર ભાર મૂકીને એ રીતે આ અગત્યનો ભાગ બહલાવ્યો છે.

આ વિષયો અને કષાયો કર્મની બાંધણી વખતે ઘણો અગત્યનો ભાગ ભજવે છે, પણ તેના ઉપર નિયમ, અંકુશ રહે તો સંસારચક્રનો દંડ નીકળી જાય અને ચક્રનું કારણ જતાં કાર્ય જ ચાલ્યું જાય અને જીવ, ચેતન, આત્મા અનંત શાંતિ પ્રાપ્ત કરી પોતાની અસલ સ્થિતિએ આવી જાય અને એનો રખડવાટનો અભ્યાસ મટી જાય એ આખા પ્રકરણનો પ્રધાન સૂર છે. જાતિના મદનું પરિણામ મહાવીરસ્વામીએ કેવી રીતે લગભગ દશ કોટાકોટિ સાગરોપમ કાળ સુધી ભોગવ્યું અને સાધારણ વાતનો જાતિમદ કરવાનું શું પરિણામ આવ્યું તે આપણે જોઈ ગયા છીએ. આવો દશ કોડાકોડિ સાગરોપમનો કાળ એ જાતિમદને પરિણામે તેમને રખડવું પડ્યું અને અત્યંત નીચ જાતિમાં જન્મ લેવા પડ્યા. શ્રેણિક રાજા બળમદથી સંસારમાં રખડ્યા તે જાણીતી વાત છે. સનત્કુમાર જાતે ચક્રવર્તી હતા, પણ દેવતા આગળ પોતાનાં રૂપનાં વખાણ કર્યાં તો બપોરે શરીર ઝેરી થઈ ગયું અને હેરાનપરેશાન થઈ ગયા. તપનું બહુ અભિમાન કરવાથી કુરગડુ હેરાન થયા અને દુઃખ પામ્યા એ પ્રસિદ્ધ વાત છે. દશાર્ણભદ્રે ભગવાનનું મોટું સામૈયું કર્યું અને જરા અભિમાન કર્યું, પણ તેનું અભિમાન ગાળવા ઇંદ્રે એનાથી મોટું સામૈયું કર્યું, તે જોતાં દશાર્ણભદ્રનું અભિમાન ગળી ગયું. પોતાની બહેનોને પોતાનું જ્ઞાન બતાવવા, સારું સ્થૂલિભદ્રે વિદ્યાનો મદ કર્યો અને સિંહનું રૂપ લીધું, એને પરિણામે જ્ઞાન ઓછું થયું અને પાછળની પ્રજાને જે સહેવું પડ્યું એના એ નિમિત્ત થયા. સુભૂમ રાજાને છ ખંડ પૃથ્વી પૂરી ન પડતાં એ સાતમો ખંડ સાધવા ચાલ્યો અને એવા મહાલોભને કારણે મૃત્યુને ભેટ્યો, નરકે ગયો અને પોતાની ઋદ્ધિ ખોઈ બેઠો. આ અભિમાનના નામોમાં ફેર પડે છે, પણ મુદ્દાની વાત સર્વમાં એક જ છે. પોતાની કાંઈ વિશિષ્ટતા હોય તો તે વાતનું ગૌરવ ન કરવું એ સર્વનો આશય છે. અભિમાન કોઈપણ બાબતમાં કરવા યોગ્ય નથી એમાં સર્વ સંમત છે. પછી કોઈ વાલ્લભ્યને અભિમાન ગણે કે ન ગણે તેનો અત્ર સવાલ નથી. અત્ર કોઈ પણ પ્રકારનું અભિમાન ન કરવું. કોઈ પણ પોતાને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મળેલી ચીજવસ્તુ કે જ્ઞાન કે વિદ્યાની મહત્તાનું અભિમાન ન કરવું એવો ઉપદેશ છે. ક્રોધ કરવાથી પ્રેમનો કે પ્રીતિનો વિનાશ થતો હોવાથી તે કરવા યોગ્ય નથી અને એ અગત્યનો મનોવિકાર હોવાથી એને ત્યાજ્ય ગણ્યો છે. સંસારને વધારનાર અને કર્મબંધનને અંગે રસબંધમાં ઘણો અગત્યનો ભાગ ભજવનાર આ કષાયો સંસારરૂપ ઝાડનાં મૂળો છે અને એમને ઓળખવા એ બહુ જરૂરી છે અને એમના પર અંકુશ લાવવો તે ખાસ ઉપયોગી અને ચેતનને સીધો લાભ કરનાર છે. આઠ કર્મના એકસો અઠ્ઠાવન પેટાભેદો થાય છે. (કર્મ પરનો મારો લેખ જુઓ.) એ દરેકને અંગે આ વિષયો અને કષાયો ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે અને પ્રાણીને એક ખાડામાંથી બીજા ખાડામાં ધકેલી દે છે અને એનો આરો આવવા દેતા નથી. તેથી આ કષાયોને ઓળખી તેમના પર વિજય મેળવી આ મનુષ્યજન્મની સફળતા કરવા યોગ્ય છે, નહિ તો પાછા ક્યાં ના ક્યાં ધકેલાઈ જશું અને પાર નહિ દેખાય તેટલું રખડવાનું પ્રાણીને થશે, એ આપણું કામ નથી અને આ જીવન મળ્યાનો તેમાં કાંઈ લાભ નથી. અત્યારે દુનિયાની નજરે આપણે આવીએ કે ન આવીએ, પણ આપણો પાર આવે અને સંસારનો છેડો સાંપડે તો આ મનુષ્યભવ પ્રાપ્ત થયો તે ઉચિત ગણાય.

આ 'કષાયો અને વિષયો'નું પ્રકરણ ઘણું અગત્યનું છે, કારણ કે એ આપણા જીવનમાં સર્વદા આવે છે અને આપણે તેમને જો બરાબર ન ઓળખીએ તો અંધારામાં ફસાઈ જવાનો ઘણો સંભવ છે. આ પ્રકરણનું મથાળું પ્રથમ 'રાગદ્વેષજન્ય કષાયો અને વિષયો' એમ રાખવાનું હતું પણ પછી વધારે વિચાર કરતાં 'કષાયો અને વિષયો' રાખવામાં આવ્યું છે, કારણ કે રાગ અને દ્વેષ તો એમના જનક છે અને આ પ્રકરણમાં તો પ્રાધાન્ય રાગદ્વેષને આપવાનું નથી, પણ કષાયો અને વિષયોને ઓળખવા છે, અને ઓળખીને તેમના પર જેટલો બની શકે તેટલો અંકુશ રાખવાનો છે. એ વિષયો અને કષાયો માટે એક ઘણી મુદ્દામ હકીકત ધ્યાનમાં રાખવા યોગ્ય છે. અને તે આપણને અનુકૂળ થઈ સંસારમાં રખડાવે છે અને પોતાના થઈ મારે છે છતાં કોઈ પણ વિષય કે કષાય સ્થાયી નથી, એ તો આવ્યા એટલે ભોગવાઈ ગયા અને ભોગવાઈ ગયા એટલે બધું પતી જાય છે. સુખ અથવા પ્રેમ માટે નિયમ એવો છે કે એ સ્થાયી હોય તો જરૂર આદરવું અને કષાયો અને વિષયો કમનસીબે સ્થાયી ન હોવાથી તે આપણામાં એક પ્રકારની ઉશ્કેરણી કરે છે, ભોગવ્યા પછી કચવાટ મૂકી જાય છે, જાય છે ત્યારે સદાને માટે જાય છે અને કચવાટ મૂકી જાય છે અને પોતાનું ઝેર આપી પ્રાણીને સંસારમાં રખડાવે છે અને એક ખાડામાંથી બીજા ખાડામાં ધકેલી દે છે. આવા વિષયો જે રસબંધમાં ખાસ અગત્યનો ભાગ ભજવે છે, તે કોઈ રીતે ઉપયોગી નથી અને સંસાર વધારનાર હોવાથી તજવા યોગ્ય અથવા પોતાના અંકુશમાં રાખવા યોગ્ય છે. બાકી એ વિષયો અને કષાયો કેટલા ખરાબ છે અને તેમનાં કારણો શાં છે એ ગ્રંથકર્તાએ પોતે જ ચર્ચ્યું છે, એટલે આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છેવટની નોંધમાં તેનું પુનરાવર્તન કરવાનું ઇષ્ટ લાગતું નથી, પણ તે કેવા છે તેને ઉઘાડે સ્વરૂપે જણાવી પ્રાણીને તત્સંબંધ ધ્યાન રાખવાનું અને ખાસ કરીને આવા અનંત ભવે મળવા મુશ્કેલ મનુષ્યભવનો લાભ ઉઠાવવાનું જરૂરી છે એનું લક્ષ ખેંચવામાં આવ્યું છે. આથી ઘણા અસ્થાયી અને થોડા વખત માટે ઉશ્કેરણીનું સુખ આપનાર વિષયો અને કષાયોનો ત્યાગ કરવો અથવા તે પર અંકુશ રાખવો એ આ ત્રીજા પ્રકરણનો સાર છે.

આ વિષયો અને કષાયોને બરાબર ઓળખવા. કષાયો પૈકી ક્રોધ, માન અને માયા એક એક ગુણને હાનિ પહોંચાડે છે તે જાણી, અને લોભ તો સર્વ ગુણનો વિનાશ કરે છે તે સમજી એ અંકુશમાં રાખવા યોગ્ય છે. એ પર ગ્રંથકારે ફેરવી ફેરવીને પુનરાવર્તનના ભોગે ધ્યાન ખેંચ્યું છે અને તે લક્ષમાં રાખવા યોગ્ય છે એમ જણાવવાની ભાગ્યે જ જરૂર હોય. યથાસ્થાને એની ઉપયુક્તતા દર્શાવવા પ્રયત્ન કર્યો છે. કેટલા દૃષ્ટિબિંદુથી એ ત્યાગવા અથવા અંકુશમાં રાખવા યોગ્ય છે, તે ગ્રંથકારે પોતે જ બહુ રીતે બતાવી આપ્યું છે. વિષયો અને કષાયોને અંકુશમાં રાખવાથી શો લાભ થાય છે તે પણ ગ્રંથકારે યથાસ્થાને બતાવ્યું છે તે સમજી પ્રાણીએ બને તેટલો મનુષ્યભવનો લાભ મેળવવા માટે આ રાગ-દ્વેષજન્ય વિષયો અને કષાયો ઉપર અંકુશ રાખવો અને આ મનુષ્યભવ જે મહાપુણ્યયોગે મળે છે તે મળવાની કાંઈક સાર્થકતા કરવી.

રાગ અને દ્વેષ તે વિષયોને જન્મ આપનાર છે. એટલે શરૂઆતમાં રાગ અને દ્વેષના પર્યાયો જણાવ્યા અને પછી ગંભીર વિષય ચર્ચ્યો છે. કર્મને ઓળખવા કર્મ એ નામનો જુદો લેખ તૈયાર કર્યો છે, તેથી અત્ર એનું પુનરાવર્તન કર્યું નથી. જિજ્ઞાસુએ તે વિષય જોઈ જવો. તે થોડા સમયમાં બહાર પડનાર છે. લેખ તૈયાર છે. રાગ અને દ્વેષ એવી અસરકારક રીતે કામ કરે છે કે પ્રાણી આ વિષયો અને કષાયોને તાબે થઈ જાય છે અને જાણે તે ઘરના જ હોય તે રીતે તેમની સાથે વર્તે છે. અનંત સંસારમાં રખડાવનાર છે એમ એ વખતે તે જાણતો નથી. એમની બરાબર ઓળખ થવાની જરૂર હતી, તે કેટલેક અંશે આ પ્રકરણ કરશે. આ દુનિયાનાં સર્વ સુખો અને દુઃખો આ વિષયો અને કષાયો લાવે છે. પાંચ ઇંદ્રિયના તેવીસ વિષયો છે અને ભોગવતી વખતે અથવા ન ભોગવ્યા હોય ત્યાં સુધી આકર્ષક લાગે છે, તેમ જ ક્રોધ, માન, માયા અને લોભરૂપ કષાયો અનેક પ્રકારે સંસારમાં રખડાવે છે. વિષયો અને કષાયો રાગ અથવા દ્વેષજન્ય હોવાથી પ્રાણીને હેરાન કર્યા કરે છે અને અત્યાર સુધી જે અનેક ભવો થયા છે તે એમને પરવશ પડવાથી થયા છે. આ રીતે વિષયો અને કષાયો આપણા જીવનમાં અતિ અગત્યનો ભાગ ભજવતા હોવાથી એમને બરાબર ઓળખી અને તારવવા જોઈએ અને તે પર બને તેટલો અંકુશ લાવવો જોઈએ. તો આ મનુષ્યભવ અને આર્યક્ષેત્ર, ધર્મશ્રદ્ધા અને શારીરિક તંદુરસ્તી મળી છે તેની સાર્થકતા થાય. એક એક ઇંદ્રિયને પરવશ પડવાથી પ્રાણીઓ

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેટલા હેરાન થાય છે, તો જે પ્રાણીઓની પાંચે ઇંદ્રિયો છૂટી અને મોકળી હોય તેમને વિષયો કેવી હેરાનગતિ કરે તે ધ્યાનમાં રાખી વિષયો અને કષાયો પર અંકુશ રાખી આ મનુષ્યભવની પ્રાપ્તિને સફળ કરવી, ભવને સફળ કરવો અને જીવનનો બરાબર લાભ લઈ તેનું મૂલ્યાંકન બરાબર થાય તેમ કરવું. અનંતકાળે આવો અવસર મળે છે, વારંવાર મળતો નથી, મળ્યો છે તો તેનો લાભ લેવો. આ પ્રમાણે મહત્ત્વથી ભરપૂર વિષય અને કષાયનું પ્રકરણ પૂરું થયું, તે આપણા જીવનમાં ઘણો અગત્યનો ભાગ ભજવે છે.

॥ इति विषय-कषाय प्रकरण ॥

JAINSITE.com जैन साईट જૈનમ્ જયતિ શાસનમ્

## પ્રકરણ ૪થું : આચાર

આ તો અત્યાર સુધી વૈરાગ્યની અને રાગદ્વેષોએ ઉત્પન્ન કરેલા કષાયોની વાત થઈ અને ખાસ કરીને વિષયો અને કષાયોને અંકુશમાં રાખવાની જરૂરિયાત પર અનેક પ્રકારે ભાર મૂકવામાં આવ્યો અને તે સંસારની રખડપટ્ટીના ખરેખરાં કારણો હોઈ તેમને નિયમમાં રાખવાનાં અનેક કારણો અને રસ્તાઓ બતાવ્યા પણ એ સર્વ સૈદ્ધાન્તિક વાત થઈ. એનો બરાબર અમલ કરવા માટે 'આચાર' નામનું પ્રકરણ શરૂ કરે છે.

આસન્નઉપકારી શ્રી મહાવીરસ્વામીએ પાંચમા ગણધર સુધર્માને કહ્યું કે હું બોલું છું કે સાધુએ આ પ્રમાણે આચાર પાળવો જોઈએ અને ગૃહસ્થોએ બને તેટલું તેને અનુસરવું જોઈએ. એને માટે ખાસ આચારાંગસૂત્ર નામના પ્રથમ સૂત્રની ગણધર શ્રી સુધર્માએ રચના કરી. આ સૂત્ર उपन्नेइ वा, विगमेइ वा અને धुवेइ वा એ ત્રિપદી–ત્રણ પદ–ઉપર રચાયેલું છે અને હાલ પણ અનેક રીતે છપાઈ ગયું છે. શેઠ લાલભાઈએ પોતાના ટ્રસ્ટના ધોરણ અનુસારે છપાવ્યું છે અને તે માટે શેઠ લાલભાઈના ટ્રસ્ટીઓ આપણો સર્વનો આભાર દર્શાવે છે. પ્રોફેસર હર્મન જેકોબીએ તેનું અંગ્રેજીમાં ભાષાંતર ઓક્ષ્ફર્ડ સંસ્કૃત સીરીઝમાં છપાવ્યું છે અને સંતબાલ નામના સ્થાનકવાસી મુનિએ એનું ગુજરાતી ભાષાંતર છપાવ્યું છે. તે ઉપરાંત તે અગત્યના સૂત્રગ્રંથને અનેક રીતે વિદ્વાનોએ મુદ્રિત કર્યો છે અને ચર્ચ્યો છે. એ આચારાંગસૂત્રમાં કેવો વિષય આવે છે અને તેને કેવી રીતે ચર્ચવામાં આવ્યો છે તે ગ્રંથકારે પોતે દર્શાવ્યું છે, તેને યોગ્ય સ્થળે વિચારવામાં આવશે. આચારના પાંચ પ્રકાર છે : જ્ઞાનસંબંધી આચરણ–ક્રિયાને જ્ઞાનાચાર સંજ્ઞા આપવામાં આવેલ છે, દર્શનસંબંધી આસ્થાનાં કારણોને દર્શનાચાર કહેવામાં આવે છે, જ્યારે ચરણક્રિયાના યોગોને ચારિત્રાચાર કહેવાય છે. છ પ્રકારનાં બાહ્ય તપ અને છ આભ્યંતર તપને તપાચારની સંજ્ઞા અપાય છે. અને પોતાની શક્તિ પ્રમાણે ક્રિયા કરવાની હકીકતને વીર્યાચાર કહેવામાં આવે છે. આ જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારમાં આખો જૈન આચાર સમાવેશ પામે છે અને સાધુને હુકમ અને નિયમ છે કે આ પાંચે આચારો બરાબર જેવા મહાવીરસ્વામીએ કહ્યા છે અને સુધર્મા ગણધરે આચારાંગસૂત્રમાં ગૂંથ્યા છે તે પ્રમાણે પોતાનું વર્તન ચલાવવું અને શ્રાવકે બની શકે તેટલી તેની અનુસરણા કરવી. એટલે બનતા સુધી એ પાંચે આચારને બહલાવવા સાધુઓએ, મુનિઓએ તો એને અનુસરીને જ આચાર પાળવાનો છે અને તેટલા માટે જૈન ધર્મમાં સાધુને મુખ્ય વંદનીય સ્થાન છે. આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રીતે આચારધર્મ ઉપર ભાર મૂકીને વ્યવહારુ (practical) થવાનું ફરમાવવામાં આવ્યું છે અને તેની ઘણી ઝીણવટમાં તેઓ ઊતર્યા છે, તે હવે પછી યોગ્ય સ્થાનકે જાણવામાં આવશે. એ આચારાંગસૂત્ર ઉપર શ્રી શીલાંકાચાર્ય નામના સાધુએ ટીકા લખી ભારે ઉપકાર અને સ્પષ્ટતા કરી છે. આ આચારાંગસૂત્રને અંગે અનેક પ્રયાસ થયા છે તે ઉપર જણાવવામાં આવ્યું છે અને તે ઉપયોગી કામથી જનતામાં બહુ પ્રમોદ થયો છે, તેનું અનુસરણ બીજાઓએ ખાસ કર્યું છે અને સાધુ માટેના ઉપયોગી ગ્રંથનું બીજા જૈનેતરો અનુસરણ કરે ત્યારે જૈનને માટે તો કહેવાની જરૂર જ ન હોય. આ રીતે જૈનોમાં આચારાંગસૂત્ર આનંદપૂર્વક સંભળાય છે અને તે તરફ બહુ માનની નજરે જોવાય છે.

આચારના વિષય પરત્વે શ્લોકો ૧૧૨–૧૨૦ સુધીના છે, તેમાં પ્રસંગે ઉપદેશાત્મક અને વૈરાગ્યાત્મક અનેક વાત કરી છે, પણ એ બધા આડકતરા વિષયોનો પ્રધાન સૂર આચારને બરાબર પાળવા માટેનો હોઈ આ પ્રકરણનું મથાળું 'આચાર' રાખવામાં આવ્યું છે. બીજા ભળતા વિષયો આવે તેમાંથી પણ 'આચાર'ની મુખ્યતા તરવરે છે. માણસ ગમે તેટલું જાણે, વિષયો–કષાયોને અંકુશ નીચે લે પણ જ્યાં સુધી તેનામાં આચાર વ્યવહારુ રીતે આવતો નથી ત્યાં સુધી એ ઉપદેશ ઉપદેશની કક્ષામાં જ રહે છે. આને માટે 'પોથીમાંનાં રીંગણાં' એવા શબ્દો વપરાય છે. એમ ન થવા દેવા માટે અને પ્રાણી અને ખાસ કરીને મુનિને વ્યવહારુ રાખવા માટે આ પાંચે પ્રકારના આચારને અહીં બતાવ્યા છે તે આપણે વિચારી જઈએ અને વ્યવહારુ થવાના બનતા પ્રયત્ન કરીએ. ઉપર આપણે વાંચી ગયા છીએ કે ज्ञानस्य फलं विरति એટલે જાણ્યાનું ફળ વિરતિ છે. (જુઓ શ્લોક ૭૨મો). એ વિરતિ આચાર સમજવાથી થશે, માટે સૈદ્ધાન્તિક નિયમે જો આગલું પ્રકરણ મહત્ત્વનું છે, તો વહેવારુ મતે અને આપણા કુલ જાણપણાના ફળને અંગે આ આચાર સંબંધી વિચારણા ઘણી મહત્ત્વની છે. વિચાર પ્રમાણે આચાર રાખવાનો અથવા તેવા થવાનો આગ્રહ સૂચવી આપણે હવે ગ્રંથકર્ત્તા સાથે ચાલીએ.

**આચારનું મહત્ત્વનું સ્થાન—**

इति गुणदोषविपर्यासदर्शनाद्विषयमूर्च्छितो ह्यात्मा ।
भवपरिवर्तनभीरुभिराचारमवेक्ष्य परिरक्ष्यः ॥११२॥

**અર્થ**—એ પ્રમાણે ગુણને દોષ તરીકે જાણનાર અને દોષને ગુણ તરીકે જાણનાર, એટલે જે વસ્તુ જેવી હોય તેવી ન જાણનાર અને તેનું ઊલટાસુલટું દર્શન કરનાર વિષયમાં મૂર્ચ્છા–આનંદ પામે છે, અથવા મૂર્ચ્છા પામી તેને પોતાનો ગણે છે; એવો જે આત્મા થઈ ગયો છે, તેને સંસારમાં જવાઆવવાની રખડપટ્ટીથી જે ભય પામેલા હોય તેમણે બરાબર બારીકીથી જોઈને અને તેનો ખરો આચાર શો છે તે જોઈ–જાણીને બરાબર સંસારની અધોગતિમાં પડતાં બચાવી લેવો જોઈએ. (૧૧૨)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિવરણ—ઇતિ**—આ શબ્દ આગલા પ્રકરણ સાથે સંબંધ બતાવે છે. એટલે, રાગદ્વેષે ઉત્પન્ન કરેલ વિષય-કષાયોને જોઈ જાણીને, આ પ્રમાણે સમજીને, હવે કરવાયોગ્ય કર્ત્તવ્ય શું છે તે કહે છે. ઇતિ એટલે એ પ્રમાણે, અગાઉના પ્રકરણમાં વર્ણન કરવામાં આવ્યું છે તે પ્રમાણે. વિષયો અને કષાયોનો સુદ્દામ બારીકીથી અભ્યાસ કરીને અને તેઓ આત્માને કેવું સંસારભ્રમણ કરાવે છે તે સમજી વિચારીને.

**વિપર્યાસ**—જે વસ્તુ જેવી ન હોય તે વસ્તુને તેવી માનવી તે. એટલે ઊલટાપણું વિચારીને; અત્યાર સુધી વિષયોને અને કષાયોને પોતાને લાભકારી પ્રાણી માનતો હતો, અને કષાયોમાં પણ કોઈ જાતનો દોષ દેખતો ન હતો, તે તેવા નથી એમ જાણીને અને પોતે દારૂ પીને ઘેનમાં અવિવેકી કે મૂર્ખ થઈ ગયો હોય તેવું પોતાનું વર્તન જાણીને. આત્માને જે ગુણકારક હોય તેને દોષકારક જાણતો હોવાને પરિણામે અને દોષવાળાને ગુણકારક તરીકે ગણવાને લીધે. એટલે કોઈ કાચ એવો હોય કે તેમાં મૂર્તિનો વ્યતિક્રમ થાય, તેવી નજર હોવાને પરિણામે.

**દર્શન**—દેખાવું તે. દર્શન એ શ્રદ્ધાનો વિષય છે. ગુણને દોષ તરીકે અને દોષને ગુણ તરીકે માનવા એ વિપર્યાસ અથવા ઊલટું દર્શન છે. એમાં સારા હોય તે ખરાબ અને ખરાબ હોય તે સારા દેખાય. આ ઊંધા ચશ્મા અથવા કાચ મારફત જોવાને પરિણામે, આ પ્રાણી આ ભવમાં વિષયકષાયને અત્યંત ગુણકારી માનીને મહા મુસીબતે મળેલ મનુષ્યજન્મ પામવાનો લાભ લેવાને બદલે એળે ગુમાવી દે છે અથવા એનો જરાયે લાભ લેતો નથી.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

**વિષયમૂર્છા**—પાંચે ઇન્દ્રિયમાંથી ગમે તે વિષયની મૂર્છામાં પડી જવું તે. મૂર્છા આવે ત્યારે માણસ પોતાની જાત ઉપર કાબૂ ખોઈ બેસે છે. જ્યારે ઇંદ્રિયના વિષયમાં પ્રાણી પડી જાય છે ત્યારે તેને એક પ્રકારની મૂર્છા આવે છે. મૂર્છિત માણસને જોશો તો તેના શરીરનું ભાન તેને રહેતું નથી, કપડાં અસ્તવ્યસ્ત હોય છે, તે ભાંગ્યુ તૂટ્યું બોલે છે અને અપસ્માર (ભૂલી જવું તે) એનામાં સ્પષ્ટ જણાઈ આવે છે.

**હ્યાત્મા**—આત્મા અને શરીર એક રીતે તદ્દન જુદા છે, પણ ક્ષીરનીર રીતે મળી ગયેલા છે. હિ પાદપૂરણાર્થે છે. આવા પ્રકારના મૂર્છિત અવસ્થા પામેલા આત્માને અને કષાય વિષયમાં પડી ગયેલા આત્માને.

**ભવપરિવર્તનભીરુ**—આ સંસારના ચકરાવા કે રખડપટ્ટીનો જેને ભય લાગ્યો હોય તેવા માણસોએ. એટલે આ ભવ માત્ર એક ફેરા સમાન નિષ્ફળ ન થઈ બેસે અને આ ભવના આંટાફેરા અટકે, આવી જેને સંસારની બીક લાગી હોય તેવા માણસ. ઘણા માણસો તો આ કષાય-વિષયમાં એવા રાચીમાચી જાય છે કે તેમને એમાં જ મજા આવે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે; તેઓને સંસાર ગમે છે. તેવા માટે હવે પછીની વાત નથી, પણ જેઓને આ રખડામણનો કંટાળો આવ્યો હોય અને સંસારથી જેઓ ત્રાસ્યા હોય તેમને માટે આ વાત છે. જેમને સંસારની રખડવાટનો ભય લાગ્યો હોય તેમણે આ વાત વાંચી વિચારવા જેવી છે.

**આચાર**—જેમને કષાયો અને વિષયો ખરાબ લાગ્યા હોય, જે તેમને પૂરા સાદા આકારમાં ઉઘાડા પડેલા સમજાયા હોય તેમણે આચાર જોઈને આત્માને બચાવી લેવો. મહાવીરસ્વામીના શિષ્ય ગણધરે આ આચારાંગસૂત્રની રચના કરી છે, શીલાંકાચાર્યે તે પર મોટી સંસ્કૃત ટીકા રચી છે અને શ્રુતકેવળી ભદ્રબાહુસ્વામીએ એના પર નિર્યુક્તિ લખી છે. ત્યારપછી 'શ્રાદ્ધદિનકૃત્ય' અને 'આચારોપદેશ' વગેરે આચારગ્રંથો ઘણા આચાર્યોએ લખ્યા છે. તે જોતાં આચાર એટલે ક્રિયા અર્થ થાય. એ આચારગ્રંથોને પોતાનાં જીવન સાથે લગાડી, પોતે આચાર-આચરણ કરવું અને તે રીતે સંસારથી જેઓ ભય પામ્યા હોય તેમણે પોતાના આત્માને બચાવી લેવો. એમ કરવાની એની પોતાને અંગે ફરજ છે અને તે અદા કરવી તે તેનું કાર્ય છે. એટલે આચરણનો ગ્રંથ અને ખાસ કરીને આચારાંગસૂત્ર ભવભીરુએ વિચારવો. આત્માને ઉગારી લેવો એટલે એના આ ભવના ફેરા મટી જાય અને તે શુદ્ધ સુખ હંમેશને માટે પ્રાપ્ત કરે એવું કરવું.

जैन साईट JAINSITE जैनागम आदि शास्त्रम्

**પરિરક્ષ્ય**—આત્માને બચાવી લેવો જોઈએ, બચાવવો જોઈએ. એની ફરજ છે કે આત્માને ભવભીરુએ બચાવી-ઉગારી લેવો જોઈએ. એક વાર એક વસ્તુને ઓળખીએ તો પછી તેમાંથી કેમ બચવું એનો નિર્ણય થાય. પણ વિષયો એવા મનોજ્ઞ અને મીઠા લાગે છે અને કષાયો એવા સારા લાગે છે કે પ્રાણી વસ્તુતઃ એમને ઓળખતો નથી. હવે ગયા પ્રકરણમાં એમને ઓળખ્યા, મનુષ્યભવની દુર્લભતા જાણી, રાગદ્વેષને ઓળખ્યા, તો ગમે તે ઉપાયે આત્માને બચાવી લેવો જોઈએ. એને માટે સાધુનો આચાર કેવો હોય તે માટે એક આખું આચારાંગસૂત્ર રચ્યું છે. તે રચના અને તેના વિભાગો વિચારી, આપણાથી બને તે રીતે આચારનો અભ્યાસ કરી, આત્માને બચાવી લેવો, આ અનંત સંસારમાં રોળાતો અટકાવવો અને તેને અનંત શાંતિમાં સિદ્ધ, બુદ્ધ અને મુક્ત કરવો એ આપણી ફરજ છે. જ્યારે આત્મા અને આપણે જુદા નથી ત્યારે તેને ઉગારી લેવાની આપણે માથે ફરજ આવી પડે છે. આ આત્માને ઉગારવો એટલે આપણી જાતને ઉગારવી અને તે રીતે આપણી ફરજ અદા કરવાની છે. આ વિષય-કષાયોને ઓળખ્યા તેનો લાભ લેવો જોઈએ. આ આચારાંગસૂત્રમાં સાધુનો આચાર કહ્યો છે, પણ ધર્મશાસ્ત્રકારોનો એક નિયમ છે કે ઊંચામાં ઊંચી વાત બતાવવી અને તે ન થઈ શકે તો દેશવિરતિ લેવી. આ આચારાંગસૂત્રમાં શી હકીકત છે તે હવે પછી બતાવવામાં આવશે. તે જોઈને તેને અનુસરવું અને નહિ તો અનુસરવાની ઇચ્છા રાખવી. (૧૧૨).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પંચાચાર એ સાધુના આચાર છે—**

सम्यक्त्वज्ञानचारित्रतपोवीर्यात्मको जिनैः प्रोक्तः ।
पञ्चविधोऽयं विधिवत् साध्वाचारः समनुगम्यः ॥११३॥

**અર્થ**—સમ્યક્ જ્ઞાનાચાર (૧), સમ્યક્ દર્શનાચાર (૨), સમ્યક્ ચારિત્રાચાર (૩), સમ્યક્ તપાચાર (૪) અને સમ્યગ્ વીર્યાચાર (૫) —એ પાંચ પ્રકારના આચાર તીર્થંકર મહારાજે બતાવ્યા છે. આ પાંચ પ્રકારનો સાધુનો આચાર બતાવ્યો છે, તેને સારી રીતે વિધિપૂર્વક પાળવો. (૧૧૩)

**વિવેચન–આચાર**—આચાર પાંચ પ્રકારના છે : જ્ઞાનાચાર (૧), દર્શનાચાર (૨), ચારિત્રાચાર (૩), તપાચાર (૪), અને વીર્યાચાર (૫). આચારાંગસૂત્રમાં એ પંચાચાર શ્રી મહાવીરદેવે અને તેની અગાઉના તીર્થંકરોએ સાધુને અંગે બતાવ્યા છે – કહ્યા છે. ગણધરોએ જે તીર્થંકર પાસેથી સાંભળ્યું તેની એ આચારાંગસૂત્રમાં રચના કરી છે. આ રચના કરનાર શ્રી મહાવીરસ્વામીના પાંચમા ગણધર શ્રી સુધર્માસ્વામી થઈ ગયા, તેમણે પણ અગાઉના અને તે વખતના તીર્થંકર શ્રી મહાવીર સ્વામીએ જેવા આચારો બતાવ્યા, શ્રીમુખથી વર્ણવ્યા તેવા ગ્રંથ દ્વારા રચનામાં બદ્ધ કર્યા. ગણધર પોતાનો એક પણ અક્ષર લખતા નથી, પણ તેમની રચનાપદ્ધતિ એવી સુંદર હોય છે કે તેઓ તીર્થંકરના કહેલાં વચનોને ઝીલીને તેની ગ્રંથરૂપે રચના કરે છે. એટલે આપણી પાસે ગણધરનો રચેલો ગ્રંથ હોય તો પણ તેની પવિત્રતા તીર્થંકર મહારાજના કહેલા શબ્દ જેટલી જ છે. અત્યારે તો તીર્થંકર પણ નથી અને ગણધર પણ નથી, એટલે આપણે એમના સંગ્રહીત શબ્દોને ઝીલવા જોઈએ. એમનામાં તીર્થંકરના શબ્દો જેટલો જ ચમત્કાર અને ન્યાય ભરેલો છે, અને તે જળવાઈ રહ્યા છે તે આપણું સદ્ભાગ્ય છે. તીર્થંકર તો સર્વ જાણે અને દેખે એટલે સર્વ તીર્થંકરો એકસરખી વાત કરે છે અને તીર્થંકર મહારાજે તેટલા માટે પાંચ પ્રકારના આચાર સાધુઓને અંગે બતાવ્યા છે.

**જ્ઞાનાચાર**—જ્ઞાન સંબંધીનો આચાર. તે કેવા પ્રકારનો હોય તે આચારાંગસૂત્રના ટૂંકસારને અંગે આગળ કહેવામાં આવશે તે ઉપરથી અનુમાન કરીને સમજી લેવો. એ જ્ઞાનાચાર સાધુને માટે બતાવ્યો છે, તે દેશવિરતિધર શ્રાવક યથાશક્તિ આદરે અને સાધુ થવાની અને સાધુ જેવો આચાર પાળવાની ભાવના રાખે. जं बद्धमिंदिएहिं એટલે પાંચ ઇંદ્રિય મોકળી રાખી અને ચારે કષાયો કરીને રાગ અને દ્વેષથી જે કર્મ ઉપાર્જ્યું હોય તેની હું નિંદા – ગર્હા કરું છું. આપણે કષાય અને વિષયના પ્રકરણમાં તે બન્નેને બરાબર ઓળખવા પ્રયત્ન કર્યો છે, તેથી અહીં તે સંબંધી ઉલ્લેખ ન કરતાં આગલું પ્રકરણ અહીં સામે ધરવામાં આવે છે તે વાંચી વિચારી ચિંતવી જવું. આ રીતે ઇંદ્રિય અને કષાયોએ કરી જ્ઞાનના આઠ અતિચાર થાય છે. આ જ્ઞાનાચારના અતિચાર અત્ર પ્રસ્તુત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

काले विणए बहुमाणे એ ગાથામાં તે વિસ્તારથી બતાવ્યા છે. અતિચાર એટલે અતિક્રમ, દોષ. કાળે સૂત્રનો અભ્યાસ થાય, વિપરીતકાળે ન થાય. એને ઉલ્લંઘવાથી પ્રથમ અતિચાર-દોષ થાય છે. જે વિદ્યા શીખવનાર ગુરુ હોય તેનો વિનય બરાબર રાખવો જોઈએ. એ ન રાખવામાં આવે તો બીજો અતિચાર અથવા જ્ઞાનના પુસ્તકને જ્યાં ત્યાં રખડાવવું તે બીજો અતિચાર. ત્રીજો અતિચાર ગુરુનું બહુમાન ન કરવાથી થાય છે. એટલે, એને યોગ્ય માન આપવાની જરૂર છે; તે ન અપાય તો દોષ લાગે; એ ત્રીજો અતિચાર. અને ઉપધ્યાન કરીને સૂત્રનો અભ્યાસ સાધુએ કરવો જોઈએ. એ ઉપધ્યાન વહન ન કરવામાં આવે તે ચોથો અતિચાર. ધર્મવિરુદ્ધ વર્તન કરવું તે પાંચમો અતિચાર. વ્યંજન એટલે પાઠો બરાબર ન બોલવા તે છઠ્ઠો અતિચાર. તેમનો અર્થ બરાબર ન કરવો તે સાતમો અતિચાર, અને વ્યંજન અને તેના અર્થ બન્ને બરાબર ન કરવા તે આઠમો અતિચાર. આવી રીતે અતિચાર મારફત નકારાત્મક જ્ઞાનાચારનું જ્ઞાન થાય છે.

**દર્શનાચાર**—તત્ત્વાનુયોગ પર દર્શન એટલે શ્રદ્ધાન. આ આચારનો પણ એના પાંચ અતિચાર દ્વારા અભ્યાસ કરીએ. જીવાદિક નવતત્ત્વમાં આ હશે કે નહિ તેવો સંશય તે પ્રથમ 'શંકા' નામનો અતિચાર. પછી અન્યદર્શનમાં જરા ક્ષમા, અહિંસા વગેરે દેખી તેનો અભિલાષ કરવો, તે દર્શન પોતાને પ્રાપ્ત થાય તો સારું તેવી ઇચ્છા કરવી તે બીજો 'કાંક્ષા' નામનો અતિચાર. ત્યાર પછી દાનાદિક ધર્મ અહીં કરવામાં આવે છે તેનું ફળ થશે કે નહિ કે રખેને તે ફોક થાય અને કરેલ પ્રયાસ પાણીમાં જાય એવો સંદેહ મનમાં ધરવો અથવા સાધુસાધ્વીના મલમલિન ગાત્રો દેખી તેની 'દુગંછા' કરવી તે વિદ્વજ્જનજુગુપ્સા નામનો ત્રીજો અતિચાર. કુલિંગી અથવા મિથ્યાત્વીની પ્રશંસા કરવી તે 'પ્રશંસા' નામનો ચોથો અતિચાર. અને મિથ્યાત્વીની સ્તુતિ કરવી અથવા તેમની સાથે પરિચય કરવો તે પાંચમો 'સંસ્તવ' નામનો અતિચાર. આ પાંચે દર્શનાચારના અતિચારો संका कंखा विगिच्छा નામની વંદિત્તાની છઠ્ઠી ગાથામાં આપવામાં આવ્યા છે. દર્શન એટલે શુદ્ધ, શંકા-કાંક્ષા વગરની શ્રદ્ધા રાખવી તે.

**ચારિત્રાચાર**—ચારિત્ર એટલે વર્તન. એને પણ આપણે મુખ્યતયા અતિચારથી જાણવા પ્રયાસ કરીએ. એને માટે વંદિત્તાની સાતમી ગાથા આપવામાં આવી છે: छकायसमारंभे એ એને લગતી ગાથા છે. તે ગાથા પ્રમાણે ચારિત્રાચારના પાંચે અતિચાર તે આ રહ્યા: પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસ એ છ કાયના જીવોને આરંભસમારંભને અંગે ત્રાસ આપવો, હણી નાખવા તે 'છકાયસમારંભ' નામનો પ્રથમ અતિચાર. પોતાના ભોગને માટે અથવા આત્માર્થ એટલે મને અમુક કામ અમુક રીતે કરવાથી પુણ્ય થશે એવી ભોળી બુદ્ધિથી સાધુને આપવાને અર્થે તે કરવાથી જે દોષ લાગે તે 'અત્તટ્ઠા' નામનો બીજો અતિચાર અને પરોણાદિક પારકાને માટે જે આહારના દોષ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લાગે તે 'પરકૃા' નામનો ત્રીજો અતિચાર. પોતાને તથા પારકાને માટે જે આહારના દોષો લાગે તે સર્વ દોષોનો 'ઉભયકૃા' નામના ત્રીજા અતિચારમાં સમાવેશ થાય. આમાં રાંધવાના તથા તૈયારી કરવાના સર્વ બેંતાળીશ દોષોનો સમાવેશ થાય છે, અને બીજા પાસે રંધાવવાને અંગે થતા દોષોનો પણ એમાં સમાવેશ થાય છે. પોતે રાંધે તેને અંગે થતા દોષોને 'પચણુ' નામનો ચોથો અતિચાર દોષ કહેવામાં આવે છે અને બીજાની પાસે હુકમ કે વિજ્ઞપ્તિ કરી રંધાવવું તે પાંચમો 'રંધામણુ' નામનો દોષ થાય છે. આ રાંધવા-રંધાવવામાં અયતનાપૂર્વક જે દોષ થાય છે તે દોષ તરીકે જ ગણાય છે. અને બાર વ્રતોનો આ ચારિત્રાચારમાં સમાવેશ થાય છે.

**તપાચાર**—આમાં છ બાહ્ય અને છ આભ્યંતર એમ બારે પ્રકારના તપનો સમાવેશ થાય છે. બિલકુલ ન ખાવું તે પ્રથમ 'અનશન' તપ. આમાં એકાસણા, આંબેલ, નીવી વગેરેનો સમાવેશ થાય છે. પોતાને ભૂખ હોય તેનાથી બેચાર કોળિયા ઊણા રહેવું તે 'ઉણોદરિકા' નામનું બીજા પ્રકારનું બાહ્ય તપ કહેવાય. ઘી, તેલ વગેરે ઓછા ખાવા અને નિયમ ધારવા તે 'વૃત્તિસંક્ષેપ' નામનું ત્રીજું બાહ્ય તપ છે. અને છએ વિગઈનો (ઘી, તેલ, ગોળ વગેરેનો) ત્યાગ કરવો તે ચોથા પ્રકારનું 'રસત્યાગ' નામનું બાહ્ય તપ કહેવાય. શરીરને કષ્ટ આપવું, લોચાદિક કષ્ટ સહન કરવાં તે પાંચમું 'કાયક્લેશ' નામનું બાહ્ય તપ, અને શરીરનાં અંગોપાંગ સંકોચી રાખવા તે છઠ્ઠું 'સંલીનતા' નામનું બાહ્ય તપ. બાહ્ય તપ એટલે બહારનું, બીજા જાણી શકે તેવું તપ. કરેલ પાપનું ગુરુ કે વડીલ પાસે પ્રાયશ્ચિત લેવું તે પ્રથમ પ્રકારનું 'પ્રાયશ્ચિત' નામનું આભ્યંતર તપ. યોગ્ય વડીલનો વિનય કરવો, તેને યોગ્ય માન આપવું તે બીજા પ્રકારનું 'વિનય' નામનું આભ્યંતર તપ. બાળ, વૃદ્ધ, ગ્લાન(માંદા)ની સેવાચાકરી કરવી તે 'વૈયાવચ્ચ' નામનું ત્રીજું આભ્યંતર તપ. અભ્યાસ પુનરાવર્તન અથવા ફરીવાર યાદ કરી જવું તે ચોથું 'અભ્યાસ' નામનું આભ્યંતર તપ. ધર્મધ્યાન તથા શુકલધ્યાન ધરવું તે પાંચમું 'ધ્યાન' નામનું આભ્યંતર તપ, અને કાંઈ નહિ તો દશવીશ લોગસ્સનો કાયોત્સર્ગ કરવો તે 'ઉત્સર્ગ' નામનું છઠ્ઠું આભ્યંતર તપ. આ રીતે બાર પ્રકારના તપ બતાવવામાં આવ્યાં છે, તે સમજીને સમ્યક્ રીતે કરવા તે ચોથો તપાચાર.

**વીર્યાચાર**—પોતાની શક્તિનો ધર્માચરણમાં પૂરેપૂરો ઉપયોગ કરવો તે. એના પણ ત્રણ અતિચાર છે. ૧. પોતાની શક્તિ ગોપવવી. પોતામાં શક્તિ હોય છતાં દેવવંદન, પડિક્કમણું બેઠાબેઠા કરવું અને પોતાનું બળ-વીર્ય ગોપવવું તે. (૨) બીજે ધ્યાન આપવું અને (૩) નિરાદરપણે ક્રિયા કરવી. આ વીર્યાચારના અતિચાર છે.

**વિધિવત્**—એને માટે શાસ્ત્રમાં જે વિધિ બતાવવામાં આવ્યો છે તે શાસ્ત્રમાંથી જોઈ વિધિવત્ એટલે શાસ્ત્રમાં ફરમાવેલી આજ્ઞા અનુસાર તેનું અનુકરણ કરવું. વિધિવત્ એટલે વિધિ અર્થાત્ આજ્ઞા પ્રમાણે કરવું. તે પાંચે આચારનું અનુસરણ અને તે માટેનો અભ્યાસ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શાસ્ત્રમાં જે વિધિ કહ્યો છે તે અનુસાર કરવો. વિધિએ કરવા કરતાં ન કરવું સારું એમ જો કોઈ કહે તો તે પણ યોગ્ય નથી. વિધિ અનુસાર કરવાની જરૂર છે, કારણ કે વિધિ વગર અથવા અવિધિએ કરવાથી કોઈ પ્રકારનો લાભ થતો નથી. લાભ લેવા માટે શાસ્ત્રમાં જે વિધિ બતાવવામાં આવ્યો છે તે અનુસાર પઠનપાઠન અને જ્ઞાન કરવું અને જે એ વિધિને અનુસરે તે જ યોગ્ય છે અને મનમાં આવે તેમ અને ત્યારે તેનો અભ્યાસ કરે અને શાસ્ત્રવિધિને પડતી મૂકી દે કે તેને અનુસરે નહિ તે અયોગ્ય છે. એટલા માટે અહીં વિધિવત્ શબ્દ મૂકયો છે.

**સાધ્વાચાર**—ઉપર જે પાંચ અનુયોગ બતાવવામાં આવ્યા છે તે સંપૂર્ણપણે સાધુના આચાર છે, અને શ્રાવક અથવા માર્ગાનુસારીએ એ નજરમાં રાખવા યોગ્ય છે. એ નજરમાં હોય અને તેવા થવાની અને તેને અનુસરવાની ઇચ્છા હોય, ભાવના હોય તો કોઈ કાળે એવા થવાય છે. આદર્શનું પણ મૂલ્ય છે. મુખ્યત્વે કરીને આના અધિકારી સાધુઓ છે એ સમજી લેવું. અને શ્રાવકને પણ એ સર્વવિરતિ ગુણ આદરવાની ઇચ્છા છે એટલા માટે એણે એ આચાર બરાબર જાણી લેવા જોઈએ, અને એમાં જે પ્રકારનો વિધિવત્ આચાર બતાવવામાં આવ્યો છે તેને યોગ્ય થવાનો આદર્શ તો શ્રાવક માર્ગાનુસારી કે મિથ્યાત્વ ગુણસ્થાનકે સ્થિત હોય તેણે પણ રાખવો યોગ્ય છે. આદર્શ વગર પ્રાપ્તિ થતી નથી. એટલે, આદર્શ વગરનાને તો સ્થાન નથી. આનો વિશેષ ખુલાસો આવતા અનુગમ્ય શબ્દથી થાય છે.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

**અનુગમ્ય**—પાછળ જઈને અથવા જાણીને. આચાર સારી રીતે જાણવો. કોઈ પ્રતમાં સમધિગમ્ય એવો આ સ્થાને પાઠ છે, તેનો અર્થ પણ તે જ છે. શ્રાવકો સાધ્વાચારની પાછળ ચાલ્યા આવે છે, તેને અનુસરવાની કે જાણી લેવાની જરૂર છે એમ અત્ર ભલામણ કરી. આ પાંચે આચાર આચારાંગ નામના પ્રથમ અંગમાં પ્રભુ શ્રી મહાવીરે જણાવ્યા પ્રમાણે સુધર્મા ગણધર પાંચમાએ ગૂંથ્યા છે, રચના કરી છે અને તેના પર શીલાંકાચાર્યે ટીકા રચી છે. એને આગમોદય સમિતિએ મુદ્રણ કરી છપાવીને બહાર પાડેલ છે. એનો તરજુમો આંગ્લ ભાષામાં ડૉ. હરમન જેકોબીએ કરીને સેક્રેડ બુકસ ઓફ ધી ઈસ્ટમાં વો. ૨૨ તરીકે છપાવ્યો છે, અને ગુજરાતી ભાષામાં તેનાં ભાષાંતરો થયાં છે. આપણે એ આચારાંગસૂત્રની વધારે વિગત હવે પછી આ જ ગ્રંથમાં જાણશું. શ્રી આચારાંગસૂત્રમાં શી હકીકત છે તે આવતી ગાથામાં અને તે પછીની ગાથામાં ગ્રંથકર્તા પોતે જ કહેશે, અને તે પર યોગ્ય સ્થાને વિવેચન થશે.

### આચારાંગના પ્રથમ શ્રુતસ્કંધમાં શો વિષય છે?

षड्जीवकाययतना लौकिकसन्तानगौरवत्यागः ।
शीतोष्णादिपरीषहविजयः सम्यक्त्वमविकम्प्यम् ॥११४॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અર્થ**—પૃથ્વીકાય વગેરે છકાયની રક્ષા, ગૃહસ્થ માણસને થતા ગારવનો ત્યાગ, શીતઉષ્ણ વગેરે પરીષહો થાય તેના ઉપર વિજય મેળવવો, તે સહેવા અને સમ્યક્ત્વને જરા પણ વિચળ થયા વગર પાળવું. (૧૧૪)

**વિવરણ**—આચારાંગસૂત્રની હકીકત શી છે તે અહીં સંક્ષેપમાં બતાવે છે. આચારાંગના મળી શકતા અને વિચ્છેદ નહિ ગયેલા અધ્યયનોના નામો અને તે પ્રત્યેકમાં શી હકીકત છે તે જાતે તપાસીને અત્ર જણાવવું પ્રસ્તુત છે.

આચારાંગના બે શ્રુતસ્કંધ (પ્રકરણ) છે. પ્રથમ શ્રુતસ્કંધ અધ્યયનોમાં અને અધ્યયનો ઉદ્દેશકોમાં વિભક્ત છે. બીજા શ્રુતસ્કંધમાં ચુલિકાઓ છે. કોઈ કોઈ વાર પ્રકરણ નાના મોટા થાય છે. આપણે તે નીચે જોશું. પ્રથમ શ્રુતસ્કંધનું સાતમું અધ્યયન વિચ્છેદ ગયું છે, એ ક્યારે ગયું તે હાલ યાદ નથી. બીજા શ્રુતસ્કંધના પેટા પ્રકરણને ચુલિકા કહે છે અને ચુલિકાના પણ પેટાભાગ પાડવામાં આવ્યા છે. પ્રથમ શ્રુતસ્કંધના પહેલા અધ્યયનનું નામ 'શસ્ત્રપરિજ્ઞા' એટલે 'સાધનનું જ્ઞાન' છે. એના સાત ઉદ્દેશો છે. તેમાં અને આખા આચારાંગમ શી હકીકત આવે છે તે નીચે સંક્ષેપમાં જણાવ્યું છે : આ ગાથામાં પ્રથમના ત્રણ અધ્યયનોની હકીકતનો સંક્ષેપ છે જે નીચે પ્રમાણે છે.

### પહેલું અધ્યયન 'શસ્ત્રપરિજ્ઞા'

**ષડ્જીવકાયયતના**—'શસ્ત્રપરિજ્ઞા'ના સાત ઉદ્દેશો છે, તેમાં ષડ્જીવકાયયતના વિશે નીચે પ્રમાણેની હકીકતનો સમાવેશ થાય છે—

(૧) પ્રાણી ઉત્તર કે દક્ષિણ દિશાએથી કે પૂર્વ અથવા પશ્ચિમ દિશાએથી કે ઉપરથી અથવા નીચેથી અને દિશાના વચગાળેના આંતરાથી એટલે અત્યારના ભૂગોળના શબ્દ પ્રમાણે વિદિશા અથવા ખૂણેથી ક્યાંથી આવ્યો છે અને ક્યાં જવાનો છે તે સામાન્ય રીતે જાણતો નથી.

(૨) આ નહિ જણાતી હકીકત કાં તો તેણે પોતાના જ્ઞાનથી અથવા તીર્થંકરના કહેવાથી જાણી લેવી જોઈએ.

(૩) જે આત્માને જાણે છે તે આ દુનિયાને ઓળખે છે, અને ફળો મળે છે તે પણ જાણે છે, અને કામકાજ કરવાનું અને પોતાની શક્તિ ફેરવવાનું જાણે છે.

(૪) હકીકત સમજીને આ દુન્યવી ચીજોનો ત્યાગ તેટલા માટે શ્રી મહાવીર પરમાત્માએ બતાવ્યો છે.

(૫) દુન્યવી માનમરતબા માટે અને પોતાની મહત્તા વધારવા માટે અને જન્મમરણ માટે આ પાપનાં કાર્યો કામ કરી રહેલાં છે. એમનો આ જીવનમાં ત્યાગ કરવો જોઈએ.



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૬) આ પાપ બંધાવાનાં કારણો નહિ જાણવાથી દુનિયા વધારે પાપો બાંધે છે અને હેરાન થાય છે.

(૭) જેઓ આ વિષયને જાણે છે તેઓ ઘરબાર વગરના મુનિ છે, અને બીજાઓ એ જાણે છે એમ ઢોંગ કરે છે.

(૮) આ પૃથ્વીકાય વગેરે જીવોને ન હણવા અથવા તેમને દુઃખ ન નીપજાવવું તે મુનિપણું છે.

(૯) આ પૃથ્વીકાય વગેરે જીવોની હિંસા કરે છે તે ખરેખરા મુનિ નથી.

(૧૦) આ પ્રમાણે જાણીને પૃથ્વીકાયાદિ જીવોને સમજુ માણસ હણે નહિ, બીજા પાસે હણાવે નહિ અને બીજાને હણવાનો ઉપદેશ આપે નહિ.

(૧૧) જે યોગ્ય રીતે વર્તન કરે છે, જે પવિત્ર કામ કરે છે, જે દંભ કે માયા સેવતો નથી તે ખરેખરો ઘરબાર વગરનો મુનિ છે એમ જાણવું.

(૧૨) પાણીમાં પાણીના જીવ છે (અપ્કાય), તેની ના પાડવી નહિ.

(૧૩) સ્નાન માટે જળ વાપરવાથી પણ પાણીના જીવોનો ઘાત થાય છે.

(૧૪) પાણી ગળીને જ વાપરવું. અન્યથા, પાણીના જીવોનો ઘાત થાય છે.

(૧૫) અગ્નિમાં પણ જીવ છે. અગ્નિમાં જીવ નથી એમ કહેવું તે સાચું નથી.

(૧૬) અગ્નિના જીવોનો નાશ કરવાથી પ્રાણી પાપથી બંધાય છે. તેથી તે જીવોનો ઘાત કરવો નહિ અને બીજા પાસે કરાવવો નહિ.

(૧૭) ઝાડનાં મૂળીયાં, પાંદડાં વગેરેનું સંરક્ષણ કરવું. તેમનામાં પણ જીવન છે અને તેમને બચાવવાની આપણી (સાધુઓની) ફરજ છે.

(૧૮) જેમ મનુષ્ય ઉંમરવાન થાય છે, તેમ વનસ્પતિ પણ વૃદ્ધ થાય છે.

(૧૯) વનસ્પતિને પણ કપાય છે ત્યારે દુઃખ થાય છે.

(૨૦) ઇંડામાંથી જન્મે તે સર્વ અંડજ જીવ છે.

(૨૧) જે માતાના ગર્ભમાંથી ઓર વિના જન્મે અને ઓર સાથે જન્મે તે પણ જીવ છે.

(૨૨) છાશ, દહીં વગેરે રસોમાં ઉત્પન્ન થતા રસજ જીવો પણ તિર્યંચ જીવ છે.

(૨૩) જે પરસેવામાંથી થાય તે પણ જીવ છે, અને તિર્યંચ જાતિના છે.

(૨૪) અને ઊગી નીકળે તે ઉદ્ભિજ્જ જાતિના પતંગીઆ વગેરે પણ જીવ છે.

(૨૫) આ સર્વ છ કાયના (પૃથ્વીકાય, અપ્કાય, વાઉકાય, તેઉકાય, વનસ્પતિ અને ત્રસકાય) જીવોને સુખદુઃખ થાય છે.

(૨૬) આ જીવોને કેટલાક ચામડી સારુ, કેટલાક તેમનાં શરીરનાં માંસ માટે, કેટલાક તેમના લોહી માટે મારે છે. કેટલાક યજ્ઞ નિમિત્તે અને કેટલાક તેમની પૂંછડી અને પીંછાં માટે મારે છે કે તેમને ઇજા કરે છે. તે બધા પાપ બાંધે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨૭) આવું સમજીને કોઈ પ્રાણીને મારી નાખવા કે મરાવવા અથવા બીજાને તેમને મારવા દેવા ન જોઈએ.

(૨૮) કેટલાક વાઉકાય જીવનો ઘાત કરે છે, તે અનુચિત છે.

(૨૯) આ શસ્ત્રપરિજ્ઞા અધ્યાયના સાત ઉદ્દેશકો છે અને તેમાં જીવવધ ન કરવાનો ઉપદેશ છે. સર્વ જીવોને નહિ મારવાનો તેનો ઉદ્દેશ છે. આ રીતે પ્રથમ શ્રુતસ્કંધનું પ્રથમ અધ્યયન તેના અવાંતર સાત ઉદ્દેશક સાથે પૂરું થયું.

## બીજું અધ્યયન 'લોકવિજય'

**લૌકિકસંતાન**—લોકપરંપરા. તેનો ત્યાગ કરવો જોઈએ. લોકવિજય એટલે લૌકિક–ગૃહસ્થના–વ્યવહારનો ત્યાગ કરવો તે, લોકમાં પ્રચલિત જે વ્યવહાર છે તેનો ત્યાગ કરવો તે. એ સંબંધી આ બીજા અધ્યયનમાં વિવેચન છે. એના છ પેટા પ્રકરણો (ઉદ્દેશકો) એટલે આંતર વિભાગો છે. આ પણ આચારાંગના પ્રથમ શ્રુતસ્કંધમાં આવે છે.

(૧) મારે દીકરી છે, બેન છે, દીકરાની વહુ છે, દીકરા છે, મારે મિત્રો છે, મારે નજીકના અને દૂરના સગાંઓ છે. તેઓ માટે મારે ભરણપોષણ, નફો, વારસો તૈયાર કરી રાખવો જોઈએ. એ સર્વ સંસારનો વહેવાર છે.

(૨) આ બાહ્ય વ્યવહાર કરવા જતાં પ્રાણી બેદરકાર બને છે, રાતદિવસ કામમાં મશગૂલ રહે છે, વખતે કવખતે કામ કરે છે, અને પૈસા અને તિજોરી ભરે છે, અને તે માટે કૈંક ઘાતકી કામો કરે છે, અને આગલા અધ્યયનમાં કહ્યાં તેવાં આકરાં કામો કરે છે.

(૩) એવાં કામને પરિણામે અનેક મનુષ્યની જિંદગી ટૂંકી થાય છે.

(૪) મનુષ્યની જિંદગી ટૂંકી થઈ છે તે તેની સુંઘવા, જોવા, સાંભળવાની કે સ્પર્શ અને રસની ઇંદ્રિયો નબળી પડે ત્યારે ખબર પડે છે.

(૫) જીવન ઘણું ટૂંકું છે અને એવાં વ્યવહારુ કાર્ય કરવાથી ટૂંકું થાય છે.

(૬) મોટી ઉંમરે કે ઘડપણ આવ્યે સુંઘવાની, જોવાની કે સાંભળવાની ઇંદ્રિયો નરમ પડે છે.

(૭) જે સગાંઓની સાથે પોતે રહેતો હતો તે હવે તેની સાથે ગણગણાટ કરવા લાગે છે અને તે પણ ગણગણાટ કરે છે.

(૮) પણ તે સગાંઓ કે સંબંધીઓ તેને કોઈ પ્રકારની મદદ કરી શકતા નથી અને તે પણ તેઓને મદદ કરી શકતો નથી.

(૯) જ્યારે ઘડપણ આવે છે ત્યારે તે કોઈ પ્રકારનો આનંદ કરી શકતો નથી, કોઈ રમત રમી શકતો નથી, કોઈ વાતમાં રસ કે આનંદ લઈ શકતો નથી, તેને કોઈ ખેલો કે દેખાવો ગમતા નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧૦) આવી રીતે પ્રમાદમાં વખત કાઢી નાંખવો ન જોઈએ. આયુ ઓછું છે અને જરા (વૃદ્ધાવસ્થા) સુધી પહોંચાશે તેની પણ ખાતરી નથી.

(૧૧) અને મંદવાડ તો તેને ગમે ત્યારે હેરાન કરે છે, પજવે છે.

(૧૨) જેની સાથે પોતે રહેતો હોય તે કોઈ પણ પ્રકારની મદદ કરી શકતા નથી.

(૧૩) આવી રીતે ઇંદ્રિયો અને શક્તિ ક્ષીણ થાય તે પહેલાં ધાર્મિક જીવનમાં પડી જવું જોઈએ.

(૧૪) લોક એટલે સંસાર. પતિપત્નીનો સંબંધ, માબાપ અને પુત્રનો સંબંધ, મિત્ર, સંપત્તિ, વૈભવ ઇત્યાદિનો સંસર્ગ એ બાહ્ય સંસાર. સંસર્ગથી ઉત્પન્ન થતી અહંતા, મમતા, આસક્તિ, વિકાર, સ્નેહ, વૈર એ બધા ભાવોની આત્મા પર અસર થાય તે આભ્યંતર અથવા ભાવસંસાર. ભાવસંસાર દ્રવ્યસંસારના હેતુભૂત છે. રાગાદિક રિપુઓ પર વિજય મેળવવો તે જ સાચો લોકવિજય છે, પરંતુ દ્રવ્યસંસારની (બાહ્યસંસારની) નિવૃત્તિ એ પણ એક સાધના છે, અને તે સાધનાની ભાવના પણ ભાવકષાયોના મંદપણાને લઈને જ ઉદ્ભવે છે, તે કારણને લઈને આ અધ્યયનના પ્રથમ ઉદ્દેશકમાં સ્વજનસુતાદિનો સંબંધનો વિવેક સમજાવ્યો છે.

(૧૫) સંયમની ભાવના તરફ અભિરુચિ થયા પછી કે સંયમની સાધનામાં ગયા પછી સંયમ પ્રત્યે કદાચ અરતિ, અપ્રેમ ઉત્પન્ન થાય તો શું કરવું તે બીજા ઉદ્દેશકમાં સુધર્માસ્વામીએ જંબૂસ્વામીને જણાવ્યું છે.

(૧૬) સંયમમાં અરતિ થવાનાં કારણ અજ્ઞાન, લોભ અને કામ છે. તે ત્રણેનું વર્ણન બીજા ઉદ્દેશકમાં આપી સૂત્રકાર હવે બીજા ક્રમનાં માનકષાય (અહંકાર) તથા ભોગત્યાગ વિશે કહેવા માગે છે.

(૧૭) ગોત્ર એટલે કુળ. બીજા જીવોની જે ગતિ થાય છે તે પણ ગોત્રકર્મની અંદર સમાય છે.

(૧૮) ઉચ્ચ કે નીચ કુળમાં જન્મવું કે ઊંચી નીચી ગતિમાં જવું તે ભવભ્રમણની દૃષ્ટિએ સમાન જ છે. ખરી રીતે તો જીવ માત્ર સમાન જ છે, કોઈ ઉચ્ચ કે નીચ નથી. જે ઉચ્ચતાનું અભિમાન કરે છે તેનો આત્મા અથડાય છે; અને જે પોતાની નીચી સ્થિતિ માની પામરતા ધરે છે, તે પણ પોતાની મેળે દુઃખી થાય છે.

(૧૯) પ્રાણી યાદ રાખે કે જીવ પોતાના પ્રમાદથી જ આંધળાપણું, બહેરાપણું, મૂંગાપણું, કાણાપણું, ઠૂંઠાપણું, કૂબડાપણું, વાંકાપણું તથા કાબરાપણું વગેરે પામે છે, અનેક યોનિઓમાં જન્મ ધરે છે અને અનેક પ્રકારના ભયંકર સ્પર્શો(દુઃખો)ની યાતના વેઠે છે.

(૨૦) આ પ્રકારની કર્મરચનાના સ્વરૂપથી અજાણ જીવાત્મા આ સંસારમાં રોગથી પીડાઈને અને અપકીર્તિ પામીને જન્મ-મરણના ચક્રમાં ફસાતો રહે છે.

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨૧) કદાચ શુભકર્મોને લઈને બાળજીવોને વિવિધ પ્રકારના વસ્ત્રો, મણિ, આભૂષણ, સુવર્ણ અને સ્ત્રી આદિ પદાર્થો મળે તો ય એમાં જ તેઓ આસક્ત બની રહે છે.

(૨૨) એવા સંપૂર્ણ બાળ અને મૂઢ બનેલા જીવો વિપર્યાસ પામીને એમ બોલતા ફરે છે કે 'આ જગતમાં તપશ્ચર્યા, યમ કે નિયમ કશાયે કામના નથી.'

(૨૩) પરંતુ જે પુરુષો સાચા અને શાશ્વત સુખના ઇચ્છુક છે, તેઓ આવા સ્વચ્છંદી અને અસંયમી જીવનને ઈચ્છતા નથી, તેઓ તો જન્મમરણના મૂળને શોધીને તેનાથી છૂટવા માટે સંયમ પાળવામાં જ દૃઢ રીતે ઉદ્યમવંત રહે છે.

(૨૪) કાળનો કશો ભરોસો નથી. બધા જીવો લાંબા આયુષ્યને તથા સુખને ચાહે છે અને જીવવા માગે છે. મરણ અને દુઃખ બધાંને અપ્રિય (પ્રતિકૂળ) અને જીવન તથા સુખ બધાંને પ્રિય લાગે છે.

(૨૫) પૃથ્વીના જીવો, જળના જીવો, અગ્નિના જીવો, વનસ્પતિના જીવો, ત્રસકાયના સર્વ જીવો અને વાયુકાયના જીવોનું રક્ષણ કરવું. એમાં વાયુકાયના જીવનો ઘાત અશક્ય-પરિહાર હોઈ તે જીવવધનો ત્યાગ છેલ્લો કહ્યો છે. એ જીવોને પોતે જાતે હણે નહિ, બીજા પાસે હણાવે નહિ અને હણનારની અનુમોદના કરે નહિ. આ સર્વ વિગતો પ્રથમ અધ્યયનની છે.

(૨૬) કેટલાક દેવદેવીના ભોગ નિમિત્તે ત્રસ જીવને મારે છે, કોઈ ચામડા માટે મારે છે, કોઈ માંસ માટે, કોઈ લોહી માટે, કોઈ હૃદય માટે, કોઈ પિત્ત કાઢી લેવા માટે, કોઈ ચરબી માટે, કોઈ પાંખો, વાળ કે શિંગડા માટે અને કેટલાક નિરર્થક મારે છે. કેટલાક 'મને મારે છે' એમ ધારી પ્રતિહિંસા કરે છે અને ભવિષ્યમાં એ મને મારશે એવી ભ્રાંતિથી હિંસા કરે છે, એ સર્વ હિંસાનો દોષ વહોરી લે છે.

(૨૭) સંબંધથી એક હિંસા કરવા જતાં પ્રાણી બીજી પણ હિંસા કરી પોતે ભારે થાય છે.

(૨૮) અજ્ઞાન અને ભોગ તજવા યોગ્ય છે, કારણ કે એથી ભવપરંપરા વધે છે.

(૨૯) માનત્યાગ અને ભોગવિરક્તિની પણ તેટલી જ જરૂર છે, કારણ કે પ્રાણી નીચ ગોત્રમાં અનેકવાર જઈ આવ્યો છે. જે જેનો મદ કરે છે તે તે જ સ્થિતિમાં જઈ હીનતા પામે છે. કોઈપણ મદસ્થાનની વાંછા ન કરવી.

(૩૦) કામભોગોથી આસક્તિ, આસક્તિથી કર્મબંધ, કર્મબંધથી આધ્યાત્મિક મૃત્યુ, આધ્યાત્મિક મૃત્યુથી દુર્ગતિ અને દુર્ગતિથી દુઃખ—આ રીતે કામભોગ એ દુઃખનું મૂળ છે.

(૩૧) કામભોગની અંદર આસક્તિ રાખવાથી રોગો ઉત્પન્ન થાય છે.

(૩૨) એ વખતે જેની સાથે તે વસે છે તે સ્નેહીઓ જ તેને અવગણે છે અથવા (સેવાશુશ્રૂષા ન થતાં) તે (રોગિષ્ટ) તેમને અવગણે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩૩) કદાચ સ્નેહીઓ સ્નેહાધીન રહે તો પણ તેઓ તેને રક્ષણ કે શરણ આપી શકતા નથી અને પોતે પણ તેઓને રક્ષણ કે શરણ આપવા શક્તિમાન નથી. પોતપોતાનાં સુખદુઃખો સર્વ જીવોને પોતપોતાને જુદાં જુદાં ભોગવવાં પડે છે.

(૩૪) આ સંસારમાં કેટલાક જીવો એવી પ્રકૃતિના હોય છે કે જેમને મૃત્યુના કિનારા સુધી ભોગની જ સતત વાંછા રહ્યા કરે છે.

(૩૫) ધન ભવિષ્યમાં કામ લાગશે તેમ માની તેનું રક્ષણ કરવા માટે બીજાં ઘણાં સાધનો પ્રાણી રોકે છે, છતાં તેનું એકઠું કરેલું ધન કોઈને કોઈ રીતે નાશ પામે જ છે. કાં તો તે ધન તેના ભાયાતો વહેંચી લે છે અથવા ચોર ચોરી લે છે; કાં તો રાજા જ લૂંટી લે છે, અથવા નાશ પામે છે, અથવા અગ્નિથી બળી જાય છે.

(૩૬) આ રીતે કુંટુંબાદિકને અર્થે ક્રૂર કર્મ કરીને એકઠું કરેલું ધન પણ પોતાને બદલે પારકાને ત્યાં ચાલ્યું જતાં તેને ખૂબ દુઃખ થાય છે, અને દુઃખના ભારથી મૂઢ થઈને તે વારંવાર વિપર્યાસ પામે છે.

(૩૭) માટે વિષયની આશા અને લાલસાઓથી દૂર રહેવું. આશા શલ્ય છે કારણ કે એનાથી ચિત્ત સંતપ્ત રહે છે.

જૈન સાઈટ JAINSITE .com

(૩૮) કંચન અને કામિની મહામોહનાં નિમિત્તભૂત છે.

(૩૯) ભોગો ભોગવવાથી કોઈ પ્રકારથી તૃપ્તિ થતી નથી.

(૪૦) લોકો પોતાના પુત્રપુત્રી માટે, વહુઓ માટે, નાતજાત માટે અને પરોણાં કે સગાંસંબંધી માટે ખાવાપીવા સારું સવારે કે સાંજે જુદા જુદા પ્રકારના શસ્ત્રોથી આરંભો કરે છે અને ઘણું સંઘરી પણ રાખે છે.

(૪૧) મુનિ બધાં દૂષણોથી દૂર રહી નિર્દોષપણે સંયમનું પાલન કરે, જીવને હણ્યા વગર ભિક્ષા મેળવે.

(૪૨) મુનિએ વસ્ત્ર, પાત્ર, કંબળ, રજોહરણ અને આસન વગેરે સંયમનાં સાધનો પણ ગૃહસ્થ પાસેથી નિર્દોષ રીતે ગ્રહણ કરવાં જોઈએ.

(૪૩) જે સંસારની વિચિત્રતાને જાણે છે તે પુરુષ લોકના ઊંચા, નીચા કે તીરછા ભાગને જાણે છે. અર્થાત્, લોકોમાં જીવો કેમ ઉત્પન્ન થાય છે, તે જાણી શકે છે.

(૪૪) વિષયોમાં આસક્ત જીવો સંસારમાં પરિભ્રમણ કરે છે. આવો મનુષ્યભવ પામીને વિષયોની આસક્તિથી દૂર રહેવું, તે જ વીરતા છે અને તેવા જ જીવો પ્રશંસાને યોગ્ય છે. આવા વીરપુરુષો જ સંસારમાં બંધાઈ રહેલા બીજા જીવોને બહારનાં તથા અંદરનાં બંધનથી મુક્ત કરી શકે છે.

(૪૫) આ શરીર બહારથી અસાર છે, તેમ અંદરથી પણ અસાર છે અને જેમ અંદરથી અસાર છે તેમ બહારથી પણ અસાર છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪૬) આ બધું યથાર્થ જાણીને તેવા બુદ્ધિમાન પુરુષે બાળક જેમ મુખમાંથી પડતી લાળને ચૂસી લે છે, તેમ લાળ ચૂસનાર (વમેલા ભોગોને ચાહનાર) ન થવું, અને સ્વાધ્યાય ચિંતનાદિથી વિમુખ ન રહેવું.

(૪૭) મૂઢ જીવો કે વસ્તુસ્વરૂપથી જે અજાણ છે તે ઇચ્છા અને શોકનાં અનેક દુઃખો ભોગવે છે. માટે, આ કામપરિત્યાગના ઉપદેશ ઉપર ધારણા કરવી.

(૪૮) સ્વરૂપને જાણીને સંયમાભિમુખ થયેલો સાધક સ્વયં થોડું પણ પાપકર્મ ન આચરે અને અન્ય મારફત પણ ન કરાવે.

(૪૯) જે મમત્વબુદ્ધિને છોડી શકે છે અને જેને મમત્વ નથી તે જ મોક્ષમાર્ગનો જાણકાર સાધક સમજવો.

(૫૦) સંપુરુષાર્થી અને તત્ત્વદર્શી મહાપુરુષો લૂખાસૂકા પદાર્થોનું સેવન કરે છે.

(૫૧) જેઓ વીતરાગની આજ્ઞાના આરાધક બની દુનિયાની જંજાળથી પર થાય છે તે જ સાચા વીરપુરુષો હોવાથી વખાણાયા છે અને તે જ કર્મબંધનથી છૂટવા માટેની યોગ્યતાવાળા હોવાથી સિદ્ધ થાય છે.

(૫૨) જે સાચો પરમાર્થ દેખે છે તે મોક્ષમાર્ગ વિના બીજે રમતો નથી.

(૫૩) અને બીજે જે રમતો નથી તે જ ખરો પરમાર્થવેત્તા છે.

जैन साईट JAINSITE .com जयम् ज्योत शासनम्

## ત્રીજું અધ્યયન 'શીતોષ્ણીય'

**શીતોષ્ણાદિપરીષહવિજય**—આચારાંગસૂત્રના આ ત્રીજા અધ્યયનમાં આના વિશે નીચેની હકીકત આવે છે.

(૧) અજ્ઞાની જનો (જાગ્રત હોય તોય) સદા સૂતેલા છે. મુનિઓ (જ્ઞાનીજનો) સદાય (આત્માભિમુખ) જાગૃત છે.

(૨) સંસારનું આવું સ્વરૂપ જાણી જ્ઞાનીપુરુષ સંયમનાં જે બાધક શસ્ત્રો અજ્ઞાનીને પીડે છે તેમનાથી દૂર રહે છે.

(૩) સુખદુઃખની જરા પણ પરવા ન કરતાં સાધક સંયમમાર્ગમાં ઉપસ્થિત થતા સાનુકૂળ અને પ્રતિકૂળ પ્રસંગોને સમભાવે વેઠી લે છે.

(૪) ઉપર કહ્યું તેવા ધીર મુનિઓ જ જાગૃત રહી વૈર, વિરોધ, વૈમનસ્યાદિ દૂર કરીને દુઃખોથી પણ મુક્ત થાય છે.

(૫) જરા અને મૃત્યુના સપાટામાં સપડાયેલા અને તેથી હંમેશાં મહામોહથી મૂંઝાઈ ગયેલા પુરુષો ધર્મના રહસ્યને જાણી શકતા નથી.

(૬) શાણા સાધકે સઘળાં દુઃખ આરંભથી થાય છે એમ જાણી જાગૃત થવું. જે સાધક જન્મમૃત્યુથી ડરી શબ્દાદિ વિષયોમાં રાગદ્વેષ ન ધરતાં સરળ (સમભાવી) થઈને વર્તે છે, તે ખરેખર મૃત્યુના ભયથી મુક્ત થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૭) જે પુરુષો વિષયાસક્તિથી થતાં દુઃખોને જાણે છે તે વીરપુરુષો આત્મસંયમ જાળવીને વિષયોમાં નહિ ફસાતાં પાપકર્મોથી દૂર રહે છે.

(૮) જે વિષયોપભોગના અનુષ્ઠાનને શસ્ત્રરૂપે જાણે છે તે અશસ્ત્ર(સંયમ)ને જાણે છે અને જે સંયમને જાણે છે તે વિષયોપભોગના અનુષ્ઠાનને શસ્ત્રરૂપે જાણે છે.

(૯) બધું સ્વરૂપ વિચારી, સર્વ ઉપાયો ગ્રહણ કરી, સાધક રાગ અને દ્વેષ બન્નેનો મૂળમાંથી પરિહાર કરે.

(૧૦) પ્રત્યેક સાધકે આવું સમજીને જ લોકસંજ્ઞાથી દૂર રહી સંયમમાં પરિક્રમણ કરવું ઉચિત છે.

(૧૧) તને સુખ પ્રિય છે તેમ આખા સંસારના જીવોને સુખ પ્રિય છે, એમ વિચાર કરી તું તેવું તારું વર્તન બનાવ.

(૧૨) જેઓ આ ભવ અને પરભવમાં માત્ર કામભોગ પ્રાપ્ત કરવાની લાલસાવાળા છે તેઓ લાલસા દ્વારા કર્મમળને એકઠો કરે છે અને કર્મમળને લઈને વારંવાર ગર્ભમાં ગમન કરે છે. માટે તેવી જાળમાં તું ફસા નહિ.

(૧૩) અજ્ઞાની અને કામગુણોમાં આસક્ત પુરુષો હાસ્યવિનોદ ખાતર બીજાનો પ્રાણ હરી લેવાની ચેષ્ટા કરી નાંખે છે. તેથી એવા બાળજીવો સાથે સોબત ન કરવી.

(૧૪) મૂળકર્મ (મોહનીય કર્મ) અને અગ્રકર્મ (મોહનીય સિવાયના કર્મ)નો તફાવત જાણી તેના પરિચ્છેદને અનુભવી તમે સહજ નિષ્કર્મદર્શી–નિષ્કર્મા થશો.

(૧૫) આ રીતના કર્મના જ્ઞાતા, સંયમમાં લીન રહેલા, બુદ્ધિમાન સાધકો બધાં (પૂર્વકૃત અને પશ્ચાત્કૃત) દુષ્ટ કર્મોનો ક્ષય કરી નાંખે છે.

(૧૬) ઝાંઝવા જેવા સુખની પાછળ ભમનારા વિલાસી, પામર જીવોને જુઓ, તે બિચારા ચંચળ ચિત્તવાળા બની ચાલણીમાં સમુદ્રનું પાણી ભરવા મથે છે અને તે માટે બીજાને મારવા, હેરાન કરવા તૈયાર થાય છે.

(૧૭) કોઈ જીવને ન દુભવવા, અન્ય દ્વારા ન દુભાવવા અને જે કોઈ દુભવે તેને અનુમોદના ન આપવી.

(૧૮) જે જ્ઞાની સાધકે એકવાર ભોગની વાંછા તથા અસત્યાદિ દોષોનો ત્યાગ કર્યો છે તે સાધક, અનેક પ્રકારનાં પ્રલોભન મળવા છતાં મળેલા ભોગોને નિઃસાર જાણીને ફરીથી સેવવાની ઇચ્છા કરે નહિ.

(૧૯) સંસારના પ્રત્યેક પ્રાણીને જન્મ અને મરણ લાગુ પડયાં છે એમ જાણી સંયમ-માર્ગને અંગીકાર કરો.

(૨૦) સ્ત્રી આદિકમાં આસક્તિ ન લાવતાં વાસનાજન્ય સુખને ધિક્કારો.

(૨૧) ક્રોધ અને ક્રોધન. કારણરૂપ અહંકારને હણી નાખો અને લોભથી પણ નરકમાં જવું પડશે તેમ સમજી હિંસકવૃત્તિથી દૂર રહો.

JAINSITE જૈન સાઈટ
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨૨) બાહ્ય અને આંતરિક પરિગ્રહને અહિતકર્તા જાણીને તેને દૂર જ કરો અને આ સંસારના પ્રવાહને અહિતકર જાણીને તેને દૂર કરો.

(૨૩) કિંચિત્ પણ પ્રમાદ કદી ન કરવો, અને દેહને સંયમયાત્રાનું વાહન અને સાધન સમજવું.

(૨૪) કર્મનું પરિણામ વિચિત્ર હોવાથી કર્માનુસારે સુખદુઃખ થાય છે.

(૨૫) પ્રસંગ આવે તો અનાસક્તભાવે વેઠી લે.

(૨૬) તું પોતે જ તારો મિત્ર છે, બહારના મિત્રને ક્યાં શોધી રહ્યો છે?

(૨૭) તારા આત્માને વિષયમાર્ગમાં જતાં રોકી રાખ.

(૨૮) મોક્ષાર્થી સાધક લોકમાં રહ્યા છતાં લોક અને અલોક સંબંધીના સર્વ પ્રપંચોથી દૂર રહી શકે છે.

(૨૯) જે એક જાણે છે એ સર્વને જાણે છે અને જે સર્વને જાણે છે તે એકને જાણે છે.

(૩૦) પ્રમાદીને સર્વ પ્રકારે સર્વથી ભય હોય છે, અપ્રમાદીને ભય હોતો નથી.

(૩૧) વીરસાધક સંસાર સંબંધી દુઃખને જાણીને સંસારના સંયોગ જોડનાર તત્ત્વોને વમે છે.

(૩૨) જે એકને ખપાવે છે તે બહુને ખપાવે છે અને જે બહુને ખપાવે છે તે એકને ખપાવે છે.

(૩૩) શસ્ત્ર એકબીજાંથી ચડતાંઊતરતાં તેમ જ નરમ તથા તીક્ષ્ણ કે સામાન્ય એમ હોઈ શકે છે, પરંતુ અશસ્ત્રમાં ચડતાઊતરતાપણું હોતું નથી.

(૩૪) જે ક્રોધને ત્યાગે છે તે માનને ત્યાગે છે, જે માનને ત્યાગે છે તે માયાને ત્યાગે છે, જે માયાને ત્યાગે છે તે લોભને ત્યાગે છે, જે લોભને ત્યાગે છે તે રાગને ત્યાગે છે, જે રાગને ત્યાગે છે તે દ્વેષને ત્યાગે છે, જે દ્વેષને ત્યાગે છે તે મોહને ત્યાગે છે, જે મોહને ત્યાગે છે તે જન્મથી મુક્ત થાય છે. જે જન્મથી મુક્ત થાય છે તે મરણથી મુક્ત થાય છે, જે મરણથી મુક્ત થાય છે તે નરકથી મુક્ત થાય છે. જે નરકથી મુક્ત થાય છે તે તિર્યંચગતિથી મુક્ત થાય છે. જે તિર્યંચગતિથી મુક્ત થાય છે તે દુઃખથી મુક્ત થાય છે.

(૩૫) પ્રથમ કાર્યોનાં મૂળ કારણોને છેદી, આવતાં કર્મોનાં દ્વારો રોકી, પછી પૂર્વકૃત કર્મોનો અંત લાવી શકાય.

(૩૬) પશ્યકને (દ્રષ્ટાને) શી ઉપાધિ છે? નથી જ અને નથી. તો પ્રયોગ પણ નથી.

આ ત્રીજા શીતોષ્ણીય અધ્યયનના ચાર ઉદ્દેશક છે.



જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ચોથું અધ્યયન 'સમ્યક્ત્વ'

**સમ્યક્ત્વ**—આચારાંગસૂત્રનું ચોથું અધ્યયન સમ્યક્ત્વ નામનું છે. તેમાં નીચે જણાવેલ હકીકતનો સમાવેશ થાય છે.

(૧) જે તીર્થંકરો થઈ ગયા, હાલ જે વર્તે છે અને ભવિષ્યકાળમાં થવાના છે તે બધા જણાવે છે કે બેઇંદ્રિયાદિ સર્વ પ્રાણી, વનસ્પતિ વગેરે સર્વ ભૂતો, પંચેંદ્રિયાદિ સર્વ જીવો તથા પૃથ્વી આદિ સર્વને હણવા નહિ, તેમના ઉપર હકુમત ધરાવવી નહિ, તેમને કબજે કરવાં નહિ, સંતાપવાં નહિ અને મારી નાખવાં નહીં.

(૨) આ અહિંસાનો ધર્મ પવિત્ર, સનાતન અને શાશ્વત છે.

(૩) એ ધર્મ ખરેખરો છે અને માત્ર જિનપ્રવચનમાં જ વર્ણવેલ છે.

(૪) શાણો સાધક આવા નિર્દોષ ધર્મનું યથાર્થ સ્વરૂપ જાણીને શ્રદ્ધા કર્યા બાદ તેના પાલનમાં આળસુ ન બને અને સમજીને તેને ગ્રહણ કર્યા પછી તે ધર્મનો પ્રાણ જતાં સુધી ત્યાગ ન કરે.

(૫) સાધક દેખાતા રંગરાગમાં અંજાઈ ન જતાં વૈરાગ્ય ધારણ કરે.

(૬) વળી દુનિયાની દેખાદેખી (અંધ અનુકરણ) પણ ન કરે.

(૭) જે મોક્ષાર્થી સાધકમાં લોકૈષણા, બહિર્મુખ દૃષ્ટિ નથી હોતી તે સાધકને એક સત્પ્રવૃત્તિ સિવાય બીજી કશીયે પ્રવૃત્તિ હોતી નથી.

(૮) જેઓ સંસારમાં આસક્ત થઈને ખૂંચી રહે છે તે જીવો સંસારમાં વારંવાર પરિભ્રમણ કરે છે.

(૯) તત્ત્વદર્શી વીર સાધકોએ પ્રમાદી જનોને ધર્મથી વિમુખ જાણીને અહર્નિશ ઉદ્યમવંત બની સાધનામાર્ગમાં સાવધાનપણે વર્તવું.

(૧૦) જે આસ્રવ(કર્મબંધ)ના હેતુઓ છે તે સંવરના હેતુઓ પણ થઈ શકે છે અને જે કર્મ ખપાવવાના હેતુઓ છે તે કર્મ બંધાવાના હેતુઓ પણ થઈ પડે છે.

(૧૧) જ્ઞાની ભગવાન પોતે સરલબોધી અને બુદ્ધિશાળી પુરુષોને એવી રીતે ધર્મ કહે છે કે જેથી તેઓ ક્લેશ, શોક અને પરિતાપના સ્થાનમાં તથા ક્રોધાદિ કષાય અને વિષયાદિ કે નિંદાદિ દુષ્ટ દોષોના વાતાવરણમાં હોવા છતાં ધર્માચરણ કરી શકે.

(૧૨) આ બધા જીવો મૃત્યુના મુખમાં જઈ પડ્યા છે. આવા પ્રાણીને માટે મૃત્યુ નહિ આવે એવો તો કશો જ નિશ્ચય નથી, છતાં એ આશાથી તણાતાં ઊંધા સ્થાનવાળાં પ્રાણી કાળના મુખમાં પડ્યાં પડ્યાં પણ જાણે કેમ કદી મરવું જ ન હોય તેમ, પાપ-ક્રિયાઓમાં મસ્ત રહ્યા કરે છે, વિચિત્ર જન્મપરંપરા વધારે છે અને પાછા તેની જ આશાજાળમાં સપડાય છે.

(૧૩) આ સંસારમાં એવા પણ કેટલાક ભારેકર્મી, મોહમૂઢ પ્રાણીઓ હોય છે કે જેમને નરકાદિ દુઃખ ભોગવવાનો જાણે નાદ જ ન લાગ્યો હોય તેમ તેવાં અઘોર પાપકર્મો કરી ફરીવાર તેવા સ્થળમાં ઉત્પન્ન થઈ તે પ્રકારનાં દુઃખો વેઠ્યા કરે છે.

(૧૪) અતિ ક્રૂર કર્મો કરવાથી જીવો અતિ ભયંકર દુઃખવાળા સ્થાનમાં ઉત્પન્ન થાય છે. અને જે જીવો અતિ ક્રૂર કર્મો કરતા નથી તે તેવા દુઃખી સ્થાનમાં ઉત્પન્ન થતા નથી.

(૧૫) 'જીવોને મારવાથી દોષ નથી' આ તેમનું કથન અનાર્ય લોકોને અનુસરતું જ છે.

(૧૬) કોઈ પણ પ્રાણીને દુઃખ દેવું, સંતાપવું, પીડવું કે પ્રાણરહિત બનાવવું નહિ, અને એ રીતે વર્તવામાં જ દોષ નથી. આ વચન આર્ય પુરુષોનું છે.

(૧૭) ધર્મભ્રષ્ટ, અધર્મપ્રચારક કે સદ્ધર્મના વિરોધકના વર્તન તરફ તું કશું ય લક્ષ ન આપ. જેઓ અધાર્મિકો તરફ ઉપેક્ષાબુદ્ધિ રાખે છે તે જ સાચા વિદ્વાનો છે.

(૧૮) સત્પુરુષોની આજ્ઞા પાળવાનો ઇચ્છુક પંડિત સાધક અનાસક્ત બની પોતાના આત્માને યથાર્થ જાણીને તપ દ્વારા શરીરને કસે.

(૧૯) તમારી દુષ્ટ મનોવૃત્તિને કૃશ કરો, જીર્ણ કરો.

(૨૦) જેમ લીલાં કરતાં સૂકાં લાકડાંને અને સૂકા કરતાં જૂના લાકડાને અગ્નિ જલદી બાળે છે તેમ જે આસક્તિરહિત અને આત્મનિષ્ઠ અપ્રમત્ત સાધક હશે તેનાં કર્મ જલદી બળશે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

(૨૧) આયુષ્ય અલ્પ છે, અને કેટલું છે તેનો વિશ્વાસ રાખી શકાય નહિ, માટે સર્વથી પ્રથમ ક્રોધને દૂર કર.

(૨૨) આ જગતના જીવો ક્રોધાદિથી કેવાં દુઃખો વેઠી રહ્યા છે અને વેઠશે તેનું સ્વરૂપ વિચારી તારી સમજની કસોટી કર.

(૨૩) જેઓ કષાયોને ઉપશમાવી પાપકર્મથી નિવૃત્ત થયા છે તે કેવા વાસનારહિત અને પરમસુખમાં નિમગ્ન રહે છે તેનો પણ અનુભવ કરવો.

(૨૪) બન્ને બાજુ તપાસીને બુદ્ધિમાન અને તત્ત્વદર્શી સાધક કદાપિ પ્રબળ નિમિત્તો મળવા છતાં કોઈ પર ક્રોધ ન કરે.

(૨૫) પૂર્વ અધ્યાસોની અસરથી નિવૃત્ત થઈને માનસિક શાંતિ મેળવવી અને પછી જ ક્રમપૂર્વક પહેલાં ઓછી, પછી થોડી વિશેષ એમ અનુક્રમે તપશ્ચરણની વૃદ્ધિ કરી દેહદમન સાધકે કરવું.

(૨૬) વીરસાધકે નિશ્ચળ અને શાંત મનથી જીવનના અંત પર્યંત સ્વસ્વરૂપમાં પ્રેમ ધારણ કરી, આત્મલીનતા કેળવી, સમિતિ તથા જ્ઞાનાદિ હિતકારક સદ્ગુણો સાથે રાખી હંમેશા યત્નપૂર્વક રહેવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨૭) મોક્ષાર્થી અને વીરસાધકોને માટે આ માર્ગ બહુ વિકટ છે.

(૨૮) અહંકાર અને કામવાસનાને ઉત્તેજિત કરે તેવી રીતે તમારા દેહમાં માંસ અને લોહી ન વધારતાં ઊલટું તપશ્ચરણ દ્વારા દેહદમન કરવું.

(૨૯) કેટલાક પ્રથમ નેત્રાદિને રોકીને સાધનામાર્ગમાં જોડાય છે, પરંતુ પાછળથી મોહવશ થઈ વિષયો તરફ આસક્ત બની જાય છે; તેવા બાળજીવો કશા પણ બંધનથી કે કશા પણ પ્રપંચથી છૂટી શકતા નથી.

(૩૦) જેણે પૂર્વભવમાં ધર્મસાધના કરી નથી અને ભવિષ્યમાં ધર્મસાધના થાય તેવી યોગ્યતા પ્રાપ્ત કરી નથી તે વર્તમાનકાળમાં ધર્મસાધના કરવાને લાયક શી રીતે બને?

(૩૧) પાપકર્મથી પર થઈ મોક્ષ તરફ લક્ષ રાખી સાધનામાં આગળ ધપવું.

આ ચોથા સમ્યક્ત્વ અધ્યયનના ચાર ઉદ્દેશક છે.

**અવિકમ્પ્યમ્**—કંપ એટલે ધ્રુજવું, અકંપ્ય એટલે ધ્રુજે નહિ તેવું, પાકું, હાલે ચાલે નહિ તેવું, અને બીજે જાય નહિ તેવું.

આ રીતે શ્રી આચારાંગસૂત્રના પ્રથમ ચાર અધ્યયનમાં શી વિગતો છે તેની સમજ પડે તેટલા માટે તેની વિગતો જણાવી. (૧૧૪)

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

**આચારાંગસૂત્રની વધારે માહિતી—**

**संसारादुद्वेगः क्षपणोपायश्च कर्मणां निपुणः ।**
**वैयावृत्त्योद्योगस्तपोविधिर्योषितां त्यागः ॥११५॥**

**અર્થ**—સંસારથી ઉદ્વેગ, કર્મક્ષય કરવાનો ઉપાય, સેવાચાકરી કરવામાં ઉદ્યોગ, તપનો વિધિ અને સ્ત્રીઓનો ત્યાગ. (૧૧૫)

પાંચમું અધ્યયન 'લોકસાર'

**વિવરણ**—હજુ આચારાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધનો સંક્ષિપ્ત સાર આપવાનો ચાલુ છે. પાંચમું અધ્યયન લોકસાર નામનું છે.

**સંસારાત્ ઉદ્વેગ**—આચારાંગના પાંચમા અધ્યયનના છ ઉદ્દેશક છે. પ્રથમ ઉદ્દેશક નીચેની મતલબનો છે :—

(૧) લોકમાંથી જે કાંઈ મેળવવા જેવું છે તે માત્ર વસ્તુસ્વભાવ છે.

(૨) વસ્તુસ્વભાવનું ચિત્તવૃત્તિ પર સંસ્કાર રૂપે સ્થાપિત થવું તે જ્ઞાન.

(૩) જ્ઞાન થયા પછી સત્યની જિજ્ઞાસા જાગે અને સત્યની જિજ્ઞાસા પછી સહજ રીતે જેટલે અંશે પરભાવને ત્યાગી સ્વભાવ તરફ વળવાની ક્રિયા થાય તેનું નામ ચારિત્ર.

(૪) ચારિત્ર આવ્યા પછી ત્યાગ, તપશ્ચરણ અને એવા અનેક પ્રયોગ દ્વારા વૃત્તિ પર સંપૂર્ણ વિજય થવો એટલે ચિત્તસંસ્કારોનો સર્વથા ક્ષય કરવો તે નિર્વાણ દશા.

(૫) આ રીતે આનંદ, સુખ કે શાંતિના ધ્યેયે પહોંચવા માટે સદ્ધર્મની આરાધના કરવી ઇષ્ટ છે.

(૬) જેના સેવનથી વિષયજન્ય સુખની અભિલાષા મંદ પડે અને સાચા સુખની શોધ તરફ મન, ઇંદ્રિય અને શરીરનું વલણ થાય તે ધર્મ.

(૭) અને આવું ધર્મમય જીવન એ જ સાચું ચારિત્રવાન જીવન.

(૮) જે કોઈ આ જગતમાં જીવોની સપ્રયોજન અથવા નિષ્પ્રયોજન હિંસા કરે છે, તેઓ પાછા તે જ જીવોની ગતિઓમાં જઈને ઉત્પન્ન થાય છે.

(૯) પ્રાણીઓ વિષયસુખને ભોગવી તો શકતા નથી, પણ ચિત્તનો વેગ વિષયો તરફ જ હોવાથી તે વિષયોથી દૂર પણ રહી શકતા નથી.

(૧૦) તત્ત્વદર્શી જીવ સ્પષ્ટ જોઈ શકે છે કે જેમ ડાભની ટોચ પર રહેલા જળના બિંદુને પવનથી કંપિત થવાથી શીઘ્ર નીચે પડવાનો સંભવ રહે છે તેમ જીવોનું આયુષ્ય અસ્થિર છે.

(૧૧) તેમ છતાં અજ્ઞાની જનો ક્રૂર કર્મ કરતી વખતે તો ક્ષોભ પામતા જ નથી, પણ જ્યારે તેનું દુઃખદ પરિણામ ભોગવવું પડે છે ત્યારે તે મૂઢ બની જાય છે, અને મોહાન્ધકારને લઈને તેમને સન્માર્ગ સૂઝતો નથી.

(૧૨) જે સંશયને જાણે છે તે સંસારને પણ જાણે છે અને જેણે સંશય નથી જાણ્યો તેણે સંસારને પણ નથી જાણ્યો.

(૧૩) સંસારના સ્વરૂપનો જાણકાર જે સાધક નિપુણ છે, તે કદી સંસારના સંબંધમાં ફસાતો નથી.

(૧૪) વાસનાની સૂક્ષ્મ અસર જીવો પર દૃઢરૂપે હોય છે, તેથી કદાચ વાસનામય વિકલ્પો આવે તો તે ભૂલને સુધારી લો, પરંતુ છુપાવવાનો પ્રયત્ન ન કરો, કારણ કે તેમ કરવાથી બમણું પાપ લાગે છે.

(૧૫) વાસનાને રોકવા સારું સાધક કામભોગોના પ્રલોભનો પ્રાપ્ત થવા છતાં તેમનાં પરિણામને ખૂબ વિચારીને તેમના પરિચયથી જ દૂર રહે અને ચિત્તને પણ તેમનાથી દૂર રાખે છે.

(૧૬) કેટલાક જીવો વિષયોમાં અતિ આસક્ત થઈ અધમગતિઓમાં તણાયે જાય છે.

(૧૭) અને કેટલાક સાધુવેશ ધારણ કરનારા હોવા છતાં આસક્તિ વશ પડી પાપ-કર્મોની પ્રવૃત્તિ કરીને પરિણામે દુઃખી થાય છે.

(૧૮) તેમાંના કેટલાક તો વળી ભૂલ જાણવા છતાં તેને સુધારવાને બદલે સ્વચ્છંદા-ચારી થઈ એકચર્યા કરે છે. તેઓ બહુ ક્રોધી, બહુ માની, બહુ માયાવી, બહુ લોભી, બહુ પાપી, બહુ દંભી, બહુ ઠગારા, બહુ દુષ્ટ વાસનાવાળા, હિંસક અને કુકર્મી હોવા છતાં પોતાને ધર્મિષ્ઠ માને છે અને બીજાને જણાવે છે, પણ રખેને બીજા પોતાને જાણી જાય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે ભયથી તે એકલા થઈને ફરે છે. અજ્ઞાન અને પ્રમાદને વશ થઈ મૂઢ બની તેઓ વાસ્તવિક ધર્મને સમજી શકતા નથી.

(૧૯) પોતાનાં પાપનાં અનુષ્ઠાનથી જે નિવર્ત્યા નથી તેવા દુઃખી ડંફાસીઆ બિચારા કર્મમાં જ કુશળ છે અને ધર્મમાં કુશળ નથી. આવા જીવો સંસારના ચક્રમાં ફરવાના અધિકારી બને છે.

**ક્ષપણોપાય**—ચારિત્રખીલવણી પરના બીજા ઉદ્દેશકની શરૂઆત કરતાં કહે છે કે—

(૨૦) હમણા જ આ વખત, અવસર, તક છે એમ વિચારી પવિત્ર સંયમ તરફ જ દૃષ્ટિ રાખ. આ શરીર, સાધકજીવન અને અનુકૂળ સાધનોનો સમય ફરી ફરી નહિ આવે, માટે તેમનું ફરી ફરી શોધન કર.

(૨૧) સંયમી સાધકે સાધનાનાં માર્ગમાં જરા પણ પ્રમાદ કરવો નહિ.

(૨૨) આ વિશ્વના જીવોના આશયો ભિન્ન ભિન્ન છે, તેમ તેમનું દુઃખ પણ ભિન્ન ભિન્ન છે. માટે, મુનિએ હિંસા કે મૃષા ભાષણ જેવા દૂષણને ન સ્પર્શતાં સંયમમાર્ગમાં ઉપસ્થિત થતાં સંકટોને સમભાવે સહન કરવાં. આવો મુનિ જ ચારિત્રશીલ મુનિ ગણાય.

(૨૩) સાધકો હાલમાં પોતે પાપમાં પ્રવર્ત્તતા નથી, છતાં કદાચ પૂર્વકર્મના ફળસ્વરૂપે તેમને વિવિધ પ્રકારની ઉપાધિ આવે તો તે વખતે થતું સુખદુઃખ તેઓ સમભાવપૂર્વક સહન કરે.

(૨૪) આ શરીર વહેલું કે મોડું પણ અવશ્ય છૂટવાનું અથવા તૂટવાનું તો છે જ કારણ કે તે અધ્રુવ, અનિત્ય, ક્ષણભંગુર, વધવાઘટવાના સ્વભાવવાળું અને નાશવંત છે જ.

(૨૫) જે ઉપર પ્રમાણે શરીરનું સ્વરૂપ તથા અવસર વિચારીને, ચેતનનાં જ્ઞાન, વિજ્ઞાન, સુખ, આનંદ, ઇત્યાદિ ગુણોમાં રમનારો હોય છે, તે નિરાસક્ત ત્યાગી સાધકને અનંત સંસારમાં પરિભ્રમણ કરવાનું રહેતું નથી.

(૨૬) સાધુવેશ ધારણ કરીને પણ કેટલાક સાધકો થોડો કે ઘણો, નાનો કે મોટો સચિત્ત કે અચિત્ત પરિગ્રહ રાખે છે. તે સાધુ હોવા છતાં પરિગ્રહી ગૃહસ્થના જેવા જ અથવા તેથી પણ હલકા છે.

(૨૭) કર્મથી મુક્તિ મેળવવી એ કાર્ય આપણા પોતાથી જ થાય છે.

(૨૮) સાધકે પરિગ્રહથી મુક્ત થઈ સાધનાના માર્ગમાં જે સંકટો આવી પડે તે સમભાવે સહન કરવાં.

(૨૯) જે સાધકો પ્રમાદ સેવે છે તેઓ ધર્મથી પરાઙ્મુખ થયેલા છે એમ જાણી સમજુ સાધક અપ્રમત્તપણે વિચરે.

(૩૦) "વસ્તુ વિવેક" ઉપરના ત્રીજા ઉદ્દેશકમાં કહે છે કે જે ગૃહસ્થ કિંવા ભિક્ષુ આ જગતમાં નિષ્પરિગ્રહી થાય છે તે બધા તીર્થંકર દેવની વાણી સાંભળી અથવા મહા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુરુષ કે જ્ઞાનીજનોનાં વચનો વિચારી, વિવેકવંત બની, સર્વ પ્રકારના પરિગ્રહનો ત્યાગ કરીને જ નિષ્પરિગ્રહી બને છે.

(૩૧) કેટલાક સાધકો પ્રથમ સિંહની માફક ત્યાગ ગ્રહણ કરે છે, અને પછી પણ પતિત થતા નથી. કેટલાક પ્રથમ તો વૈરાગ્યપૂર્વક ત્યાગ ગ્રહણ કરે છે, પણ પછીથી પતિત થાય છે. કેટલાક પ્રથમ ત્યાગમાર્ગમાં જનારા હોતા નથી અને પછી પતિત પણ થતા નથી. જે સમગ્ર લોકનું સ્વરૂપ જાણી તદનુસાર વર્તન ચલાવે છે, તેમને પણ તેવા ત્રીજા વર્ગના પુરુષો જેવા જાણવા.

(૩૨) વિવેકી સાધક રાત્રિના પહેલા તથા છેલ્લા પહોરે મન, વાણી અને કાયાની એકવાક્યતાપૂર્વક હંમેશા કર્મબંધનથી છૂટવાનાં કારણરૂપ ચારિત્રને વિચારીને તેને યથાર્થ રીતે પાળે.

(૩૩) સદાચારને નહિ પાળનારાઓની થતી દુર્દશાઓ સાંભળી શાણો સાધક વાસના અને લાલસારહિત બને.

(૩૪) અંતરના આત્મશત્રુ સાથે યુદ્ધ કરવું. અત્યારે તે માટે જે સામગ્રી મળી છે તે ફરીને મળવી ઘણી જ મુશ્કેલ છે.

(૩૫) સાધક તો ખરેખર તે જ જાણવો કે જે લોકોને મોક્ષમાર્ગથી ઊલટી પ્રવૃત્તિ કરતા દેખી, માત્ર મોક્ષમાર્ગ તરફ જ પ્રયાસ રાખી પ્રસન્નતાપૂર્વક ચાલ્યો જાય છે.

(૩૬) શાણો સાધક ઐહિક કીર્તિ ખાતર યશનો અભિલાષી બની સર્વ લોકમાં કોઈ પણ પ્રકારની પાપી પ્રવૃત્તિ ન કરે, અને આરંભથી ઉદાસીન રહે.

(૩૭) જે સમ્યક્ત્વ છે તે જ મુનિપણું છે અને જે મુનિપણું છે તે જ સમ્યક્ત્વ છે.

(૩૮) તે સમ્યક્ત્વ કે સાધુત્વ ધૈર્યહીન, નિર્બળ મનવાળા, વિષયાસક્ત, માયાવી, પ્રમાદી અને ઘર પર મમત્વ ધરનારા સાધકોથી ધરી શકાય જ નહિ.

(૩૯) ચોથા ઉદ્દેશકમાં કહ્યું છે કે સાધક એકલો થઈને ગામોગામ ફરે તો તેનું ફરવું તથા જવું દુઃશક્ય બને છે.

(૪૦) સ્વચ્છંદીને એકલચર્યા બહુ ગમે છે.

(૪૧) કેટલાક સાધકો જ્ઞાની જનની વચન દ્વારા શિખામણ મળતાં જ આવેશાધીન બની નાખુશ થઈ જાય છે અને તેઓ વિવેકશૂન્ય અને ઉચ્છૃંખલ થઈ સાધકસંઘથી છૂટા પડી જાય છે.

(૪૨) અજાણ અને અતત્ત્વદર્શી સાધકોને પછીથી આવી પડતી અનેક મુશ્કેલીઓ ઓળંગવી કઠણ થઈ પડે છે.

(૪૩) સાધકે ગુરુદેવે બતાવેલી દૃષ્ટિથી જોવામાં, સદ્ગુરુદેવે બતાવેલી અનાસક્તિનું પાલન કરવામાં, સદ્ગુરુનો પુરસ્કાર સ્વીકારવામાં, સદ્ગુરુ પર પૂર્ણ શ્રદ્ધા કેળવવામાં ઉપયોગપૂર્વક વિહરવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪૪) પ્રત્યેક ક્રિયામાં ખૂબ સંભાળપૂર્વક હંમેશાં ગુરુની અનુજ્ઞાપૂર્વક જ વિચરવું.

(૪૫) આ સંસારમાં સ્ત્રી પ્રત્યેનો મોહ જ ચિત્તને અતિશય મૂંઝાવનારો છે.

(૪૬) પ્રયત્ન છતાં જો વાસનાના પૂર્વસંસ્કારોને વશ થઈને મુનિસાધક વિષયોથી પીડાય તો તે બહુ નિબંળ આહાર કરે, ભૂખ કરતાં ઓછું ખાય, એક સ્થાને ઊભો રહી કાયોત્સર્ગ કરે અથવા બીજે ગામ જતો રહે. આટલું છતાં પણ મન વશ ન થાય તો આહારનો ત્યાગ કરી દે.

(૪૭) આત્મઘાત કરતાં સ્ત્રીસંગને વિશેષ દૂષિત બતાવ્યો તેનું કારણ એ છે કે સ્ત્રીસંગ પહેલાં અનેક પાપ સેવવાં પડે છે. સ્ત્રીસંગ સાધનામાર્ગમાં અપાર ડખલ ઉત્પન્ન કરનારો છે.

(૪૮) વાસનાનો નાશ કરવા ઇચ્છનાર સાધકે સ્ત્રીઓની શૃંગારકથા ન કરવી, સ્ત્રીનાં અવયવો ન જોવાં, સ્ત્રી સાથે એકાંતમાં ગાઢ પરિચય ન રાખવો, સ્ત્રીઓથી સ્નેહ ન કરવો, સ્ત્રીઓનાં અંગોને અડી સેવા ન કરવી, સ્ત્રી સાથે વાતચીત કરવામાં પણ મર્યાદિત રહેવું. આ સર્વ સ્ત્રીઓને પણ લાગુ પડે છે.

(૪૯) સાધકને અવલંબનની અપેક્ષા તો છે જ, પણ એથી અવલંબન લેનાર જાગ્રત ન રહે તો ચાલી શકે એમ રખે કોઈ માની લે! ગુરુકુળમાં વસતા સાધકોએ પણ સતત જાગૃત રહેવાનું તો છે જ.

(૫૦) ભોગથી તૃપ્તિ થતી નથી, પણ ઊલટી વૃત્તિ ઉત્તેજિત થાય છે.

(૫૧) પાંચમા ઉદ્દેશકમાં કહ્યું છે કે—મહાન બુદ્ધિમાન જાગરૂક અને આરંભશસ્ત્રોથી વિરમેલા, મૃત્યુનો ભય ધર્યા વિના સતત પુરુષાર્થ કર્યે જાય છે, જેમ સમપ્રદેશમાં રહેલું કોઈ જળાશય પોતાના સ્વરૂપમાં મસ્ત રહી હંમેશા નિર્મળ જળથી ભરપૂર અને પોતાના પ્રવાહને પોતામાં સમાવી આત્મરક્ષણ કરતું રહે છે તેમ.

(૫૨) આ માર્ગની યથાર્થતા જાણી તેમાં ગયા બાદ "ફળ થશે કે નહિ થાય" એવો સંશય જે સાધક ઘડી ઘડી રાખે છે તે સાધકને સાધનામાં ઉદ્યમવંત રહેવા છતાં સમાધિ પ્રાપ્ત થતી નથી.

(૫૩) જિનેશ્વર દેવોએ સ્વાનુભવથી જે ભાખ્યું છે તે નિઃશંકપણે સત્ય છે એમ વિચારવાથી એ મહાપુરુષોની આજ્ઞાને આરાધવાની શ્રદ્ધા પ્રગટ થઈ શકશે.

(૫૪) મહાપુરુષનાં ગંભીર વચનોને કેટલાક મુનિદેવો સમજીને અનુસરે છે.

(૫૫) મહાપુરુષો દ્વારા વસ્તુસ્વરૂપ સમજીને શ્રદ્ધાળુ થયેલા ઘણા મુનિસાધકો ત્યાગ ગ્રહણ કરતી વખતે 'જિનભાષિત સત્ય છે' એવું માને છે ખરા, પણ તેઓમાંના કેટલાક જ અંત સુધી તેવો વિશ્વાસ ટકાવી શકે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૫૬) કેટલાક તો પહેલાં શ્રદ્ધાળુ હોય છે, પરંતુ પછીથી સંશયી બની જાય છે. કેટલાક શરૂઆતમાં દૃઢ વિશ્વાસુ હોતા નથી, પરંતુ પછી અનુભવથી ટિચાઈને શુદ્ધ શ્રદ્ધાવંત બને છે, અને કેટલાક કદાગ્રહી જીવો તો પ્રથમ કે પછી પણ તેવા જ અશ્રદ્ધાળુ રહે છે. જે સાધકની શ્રદ્ધા પવિત્ર છે તેને સમ્યગ્ કે અસમ્યગ્ દેખાતાં તત્ત્વો સમ્યગ્ રૂપે જ પરિણમે છે.

(૫૭) જે સાધકની શ્રદ્ધા અપવિત્ર છે તેને તો સમ્યગ્ કે અસમ્યગ્ બન્ને વસ્તુ અસત્યરૂપે જ પરિણમે છે.

(૫૮) તું સત્ય તરફ વળ, કારણ કે સત્ય તરફ વળવાથી જ આ સંસારનો અંત આવે છે, કર્મોનો સંપૂર્ણ ક્ષય થાય છે.

(૫૯) વ્યક્તિ અને વિશ્વનો પૂર્ણ સંબંધ છે. સાધક બીજાની ભૂલો સુધારવા જતાં પોતે બીજી ભૂલમાં પડે છે. વૈરવૃત્તિ, ઈર્ષ્યા એ બધી હિંસાઓ છે. તેથી તેમનો સ્પર્શ ન કરવો જોઈએ.

(૬૦) જેને હણવાનો ઈરાદો કરી રહ્યો છે તેના સ્વરૂપને તારી પોતાની મેળે જ વિચાર. તો તને જણાશે કે તું જેને હણવા ઇચ્છે છે તે તું પોતે જ છે, જેના પર તું હકુમત ચલાવવા ધારે છે તે પણ તું પોતે જ છે, જેમને તું દુઃખી કરવા ધારે છે તે પણ તું પોતે જ છે, જેમને પકડવા ચાહે છે તે પણ તું પોતે જ છે અને જેમને તું મારી નાખવા ધારે છે તે પણ તું પોતે જ છે. આવી સમજથી સત્પુરુષો સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ ધારણ કરે છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

(૬૧) જે આત્મા છે તે જ વિજ્ઞાતા છે અને જે વિજ્ઞાનનો દ્રષ્ટા છે તે જ આત્મા છે. અથવા, જે જ્ઞાન વડે વિજ્ઞાનનું સ્વરૂપ જાણી શકાય છે તે જ્ઞાન પોતે જ આત્માનો ગુણ છે, અને એ જ્ઞાનને લઈને જ આપણને આત્માની પ્રતીતિ થાય છે.

(૬૨) આ રીતે જ્ઞાન અને આત્માના પારસ્પરિક સંબંધને જેઓ યથાર્થપણે જાણે છે, તે જ સાચા આત્મવાદી છે.

પાંચમા અધ્યયનના પાંચ ઉદ્દેશકોમાં સંસારથી ઉદ્વેગ કેમ થઈ શકે તે બતાવવામાં આવ્યું અને કર્મક્ષય કરવાનો ઉત્તમોત્તમ ઉપાય શો છે તે પણ બતાવ્યું. હવે છઠ્ઠા ઉદ્દેશકમાં કર્મક્ષયનો ઉપાય અને ખાસ તો સત્પુરુષની આજ્ઞાનું ફળ પણ બતાવે છે.

(૬૩) છઠ્ઠા ઉદ્દેશકમાં કહ્યું છે કે કેટલાક સાધકો પુરુષાર્થી હોય છે પણ આજ્ઞાના આરાધક હોતા નથી. કેટલાક આજ્ઞાના આરાધક હોવા છતાં પુરુષાર્થી હોતા નથી. આ બંને સ્થિતિ અયોગ્ય છે. જેઓ આજ્ઞા નથી માનતા તે પણ બહાર છે, અને બહાર શોધવા ભમે છે તે પણ બહાર છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૬૪) ગુરુદેવના દૃષ્ટિબિંદુએ જોવાનું, ગુરુદેવે બતાવેલી નિરાસક્તિએ પ્રગતિ કરવાનું, આદેશનું બહુમાન કરવાનું, તેમના પર શ્રદ્ધા રાખવાનું અને આ રીતે ગુરુકુળવાસ કરવાનું જેમણે જીવનધ્યેય બનાવ્યું છે તે અવશ્ય વિજય મેળવીને આત્મદર્શન પામશે.

(૬૫) લોકનો સાર ધર્મ છે, ધર્મનો સાર જ્ઞાન છે, જ્ઞાનનો સાર સંયમ છે, સંયમનો સાર નિર્વાણ છે અને નિર્વાણનો સાર આનંદ છે.

(૬૬) જીવાત્મા જે આરામ શોધે છે તે સંયમમાં છે એટલું સમજીને પ્રત્યેક સાધક જિતેંદ્રિય બની પ્રગતિ સાધે.

(૬૭) શાસ્ત્રોનો જાણકાર સાધક સંસારમાં રહેલી ઘુમરીને જોઈને દૂરથી જ વિરમે.

(૬૮) નિરાસક્ત સાધક દ્રષ્ટારૂપ બની રહે છે. તે બધું જાણે છે, જુએ છે પણ વાંછતો નથી. નિરાસક્ત સાધકનું કોઈ પણ કર્મ વાંચ્છાપૂર્વક હોતું નથી.

આ પાંચમા અધ્યયનના છ ઉદ્દેશક છે.

## છઠ્ઠું અધ્યયન 'ધૂત'

**નિપુણઃ વૈયાવૃત્યોદ્યોગઃ**—ભોજન લાવી આપવું વગેરે ગુરુનો વિનય કરવો.

આચારાંગ સૂત્રના છઠ્ઠા અધ્યયનનું નામ ધૂત છે. ધૂત એટલે ધોઈ નાંખવું એવો પણ અર્થ કેટલાક કરે છે. વસ્ત્ર પર ચઢાવેલો રંગ બીજો રંગ લગાડતાં પહેલાં કાઢી નાંખવો. તે દૂર થયા પછી જ નવીન રંગની ચમક ઊઠે છે; તેમ ચિત્ત પર લાગેલા સંસ્કારો દૂર થાય તો જ નવીન સંસ્કારો સુરેખ બને છે. ધૂત એ ધૂ ધાતુનું ભૂતકૃદંત છે. હવે આપણે છઠ્ઠા ધૂતાધ્યયનની મુદ્દામ બાબતો સમજી લઈએ. આ ઘણું ઉપયોગી અધ્યયન છે.

(૧) પૂર્વગ્રહોમાં પૂર્વના અધ્યાસો, જટિલ કદાગ્રહો અને જડ માન્યતાઓનો સમાવેશ છે. એ ભુતાવળ જેવી જીવન પર અસર કરે છે.

(૨) જ્ઞાની પુરુષો નવતત્ત્વને યથાર્થ જાણે છે અને વદે છે.

(૩) જ્ઞાની પુરુષો ત્યાગમાર્ગ તરફ વળેલા, હિંસક ક્રિયાથી નિવર્તેલા, બુદ્ધિમાન અને સમાધિને ઇચ્છનારા સુપાત્ર સાધકોને મુક્તિનો માર્ગ બતાવે છે, તે માર્ગ તે પૈકીના જેઓ મહાવીર હોય છે તેઓ જ પચાવી શકે છે અને પચાવીને પરાક્રમવંત બની શકે છે. ઘણા એ સંયમની દીક્ષા પામેલ સાધકો, વિભાવને વશ થઈ, અવળે માર્ગે લથડિયાં ખાતાં દેખાય છે.

(૪) આસક્ત જીવને પોતાના સુસંસ્કારોની સ્મૃતિ નષ્ટ થાય છે. શેવાળમાં પડેલા વિવરમાંથી કાચબો ડોક બહાર કાઢી નીલગગનનું દૃશ્ય જોઈ આનંદ પામી પોતાના પરિવારને તે આનંદપ્રદ દૃશ્ય દેખાડવા પાણીમાં ગયો પછી ફરી તે કદી તે વિવરને પામ્યો જ નહિ. તે કાચબાની પેઠે તે જીવ કદી ઊંચો આવતો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૫) ગજા વગરની ક્રિયા કરવા જતાં ઘણીવાર અધવચ લટકી જવું પડે છે.

(૬) ધ્યેયશૂન્ય ક્રિયામાં ઉત્સાહ, શક્તિ કે હિંમત સાંગોપાંગ ટકતા નથી.

(૭) ઘણી ક્રિયાઓ દેખાવમાં સુંદર, પોતાની શક્તિથી સાધ્ય તથા થોડું ઇષ્ટ આપનારી હોય તો પણ જે ક્રિયા અતિ અનિષ્ટજનક હોય તે ક્રિયા હાથ ધરવી ન ઘટે.

(૮) કેટલાક સાધનામાર્ગમાં જોડાયા છતાં બીજા બધા ગુણોનો વિકાસ કરે છે, પણ પૂર્વગ્રહોને છોડી શકતા નથી.

(૯) જે ક્રિયાઓ વગર વિચાર્યે વાસનાના પૂર્વગ્રહોને અધીન થઈને થાય છે તે ક્રિયાનાં ફળો અતિ ભયંકર હોય છે, તેને લીધે શારીરિક રોગો પણ થાય છે.

(૧૦) જીવો અરસપરસ પણ દુઃખ આપતા રહે છે.

(૧૧) ક્ષણભંગુર શરીરસુખના અર્થે પ્રાણીઓ પાપકર્મ આચરી પોતાની મેળે જ દુઃખી થાય છે.

(૧૨) પોતાના સ્વાર્થને માટે પરને પીડવા એ મહાભયંકર વસ્તુ છે. માટે હે સાધક! પરને પીડા થાય તેવું કર્મ કદીયે ન કર.

(૧૩) પરિપક્વ વૈરાગ્યવાળો સાધક મોહથી પૃથક્ રહી શકે છે. માબાપનાં મનનું સમાધાન કરી, તેના હૃદયમાં આત્મવિકાસની દૃઢ પ્રતીતિ હોવાથી તે મોહજન્ય સંબંધ રાખી શકતો નથી અને આત્મહિતનો વિવેકમાર્ગ ચૂકતો નથી.

(૧૪) જેઓ સ્નેહને અવગણીને માબાપને છોડી દે છે તેઓ કાંઈ આદર્શ મુનિ ન ગણાય અને તેવા મુનિ સંસારની પાર પણ જઈ શકે નહિ.

(૧૫) મુનિસાધકો કે ગૃહસ્થ સાધકો પોતાના સ્વીકારેલા ધર્મની જવાબદારી જાણવા છતાં પણ કોઈ પૂર્વના સંસ્કારોના ઉદયને વશ થઈને મોહજાળમાં ફસાઈ જાય છે અને સદાચારના માર્ગને છોડી દે છે.

(૧૬) કર્તવ્યસંબંધ અને મોહસંબંધનો તફાવત જાણી પ્રથમનાને આદરવો અને છેલ્લા(દ્વિતીય)ને છોડી દેવો.

(૧૭) પોતે શેનો ત્યાગ કર્યો છે અને શા માટે ત્યાગ કર્યો છે એ ભૂલી જવાથી કેટલાક સાધકો પુનઃ પૂર્વવેગને વશ થઈ સાધના છોડી દે છે.

(૧૮) તે વિકારને વશ થઈ સુખને બદલે દુઃખ જન્માવે છે.

(૧૯) પૂર્વ અધ્યાસોનું ખેંચાણ થાય ત્યારે તેને શમાવવાના પુરુષાર્થની તેનામાં ખામી હોય છે.

(૨૦) કેટલાક ભવ્ય પુરુષો, સંસ્કારી સાધકો ધર્મ પામીને, ત્યાગ અંગીકાર કરી, પ્રથમથી જ સાવધાન રહીને, લીધેલી પ્રતિજ્ઞામાં દૃઢ થઈને વર્તે છે.

(૨૧) જે સાધક આસક્તિ એ જ દુઃખનું કારણ છે એમ જાણી તેથી દૂર રહે છે તેમને જ સંયમી મહામુનિ જાણવા.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨૨) મુનિ સાધકને સંબોધીને અસભ્ય રીતે બોલી કે ખોટા આરોપો ચડાવી એની નિંદા કરે અથવા એના અંગ પર હુમલો કરે, મારે, વાળ ખેંચે તો પણ વીરસાધક ‘પોતાનાં પૂર્વકર્મોનું જ આ પરિણામ છે’ એમ ચિંતવે અને અનુકૂળ પરીષહોને પણ સમભાવે સહન કરે.

(૨૩) જે બન્ને પ્રકારના સંકટોને યથાર્થ રીતે સહી નિષ્પરિગ્રહી રહે છે અને આસક્તિનો ત્યાગ કર્યા પછી પાછાં તેમાં ફસાતા નથી તે જ સાચા નિર્ગ્રંથ મુનિ છે.

(૨૪) તેવા સાધક મુનિઓ કદાચ તણખલાં કે કાંટા ભરાયા કરે અથવા ટાઢ વાય કે તાપ લાગે અથવા ડાંસ કે મચ્છર કરડે ઇત્યાદિ પ્રતિકૂળ પરીષહો આવી પડે ત્યારે પોતાની ટેકમાં અડગ રહી તે બધા સમભાવપૂર્વક સહેતા રહે છે, તે જ સાચા તપસ્વી ગણાય છે.

(૨૫) તીર્થંકર દેવોએ ફરમાવ્યું છે કે આજ્ઞામાં જ મારો ધર્મ અથવા આજ્ઞા એ જ મારો ધર્મ છે. આ પ્રમાણે જે સાધક આજ્ઞાને શિરોધાર્ય કરીને પ્રવર્તે છે તે જ સાધનાની પાર પહોંચે છે.

(૨૬) મહાપુરુષોએ સાધના સિદ્ધ કર્યા પછી પોતાના સંપૂર્ણ અનુભવો જગત્કલ્યાણ માટે જાહેર કર્યા છે. તે માર્ગે ગમન કરવું તે જ એ મહાપુરુષોની આજ્ઞાની આરાધના છે.

(૨૭) સદ્ધર્મનો આરાધક અને પવિત્ર ચારિત્રને પાળનાર મુનિ સાધક ધર્મોપકરણ સિવાય બધા પદાર્થોનો ત્યાગ કરે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

(૨૮) પૂર્વે જે જે મહર્ષિ સાધકોએ ઘણાં ઘણાં વર્ષ લગી સતત સંયમમાં રહી જે જે કષ્ટો સહન કર્યાં છે તે તે તરફ સાધક દૃષ્ટિ રાખે.

(૨૯) જ્ઞાની સાધકોની ભુજાઓ કૃશ હોય છે અને શરીરમાં માંસ તથા લોહી બહુ થોડું હોય છે.

(૩૦) આવો જાગ્રત અને ગુણવિશિષ્ટ સાધક પાણીથી કદી ઢાંકી ન શકાય એવા સુરક્ષિત દ્વીપના જેવો છે.

(૩૧) મુનિ સાધકો સંસારની ભોગલાલસાનો સર્વથા ત્યાગ કરીને કોઈપણ પ્રાણીને ન દુભવતાં સર્વલોકનાં પ્રિયપાત્ર બની મર્યાદામાં રહીને પંડિતપદ પામે છે.

(૩૨) જે સાધકોને ઉપરની બીનાનું સંપૂર્ણ જ્ઞાન નથી તેઓ સર્વજ્ઞ દેવે ફરમાવેલા આવા કડક માર્ગમાં પ્રવર્તવા માટે સુંદર રીતે ઉત્સાહી થઈ શકતા નથી. આવા સાધકોને પંડિત અને પીઢ સાધકો, પક્ષીઓ જેમ પોતાનાં બચ્ચાંને ધીરે ધીરે સંભાળપૂર્વક ઉછેરે તેમ, ઘણી ઘણી સંભાળ રાખી ધર્મમાં કુશળ બનાવે.

(૩૩) કેટલાક શિષ્યો ગુરુદેવ પાસેથી જ્ઞાન મળ્યા પછી એના આશયને ન ઓળખવાથી શાંત ભાવને છોડી દઈ અભિમાની, સ્વચ્છંદાચારી અને ઉદ્ધત બની જાય છે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને કેટલાક સાધકો પ્રથમ ઉત્સાહથી સંયમમાં જોડાય છે પણ જોડાયા બાદ સુખલંપટ થઈ વિવિધ વિષયોની જાળમાં ફસાય છે.

(૩૪) પોતે ઘણાના માનનીય અને પૂજનીય થશે એવી માન મેળવવાની વૃત્તિએ કેટલાક ત્યાગ ગ્રહણ કરે છે અને શીખામણ દેનારને જ નિંદવા મંડી જાય છે.

(૩૫) કેટલાક પોતે ભ્રષ્ટ હોવા છતાં બીજા સુશીલ અને ક્ષમાવંત તથા વિવેકપૂર્વક સંયમમાર્ગમાં પ્રવર્તતા મુનિદેવોને પણ ભ્રષ્ટ કહેતા ફરે છે. તેવા મૂર્ખ અને મંદ સાધકો બેવડા ગુનાને પાત્ર છે.

(૩૬) કેટલાક પોતે શુદ્ધ સંયમ પાળી શકતા નથી પણ બીજા સાધકોને શુદ્ધ સંયમ પાળવાની પ્રેરણા કરે છે અને શુદ્ધ સંયમના પાલકો તરફ બહુમાન પણ ધરાવે છે.

(૩૭) કેટલાક પોતાના સાધનામાર્ગથી ભ્રષ્ટ હોવા છતાં પોતે પાળે છે તે જ શુદ્ધ સંયમ છે એમ કહે છે; તેવા મૂઢ સાધકો જ્ઞાન અને દર્શનથી પણ ભ્રષ્ટ થઈ જાય છે.

(૩૮) કેટલાક નિર્બળ સાધકો પરીષહોથી ડરીને સંયમાદિ સાધનાથી ભ્રષ્ટ થઈ જાય છે. તેમનું ઘર છોડી ચાલી નીકળવું તેમને કંટાળારૂપ બને છે.

(૩૯) કેટલાક 'અમે જ જ્ઞાની છીએ' એવા ડોળમાં અને ડોળમાં બીજાઓને નીચા માની પતનના માર્ગે વધુને વધુ જતા જાય છે. તેવા બાળપંડિતો સાધારણ જનોમાં પણ ધિક્કારને પામે છે અને લાંબો કાળ સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે.

(૪૦) જેઓ વિષયકષાયને અધીન થઈ દુષ્ટ સંકલ્પવિકલ્પો કરે છે તેઓ સાધનાચ્યુત થાય છે.

(૪૧) મોક્ષાર્થી અને વીરસાધકે પોતાનું પરાક્રમ આગમના માર્ગે વહાવવું, એટલે પોતાની શક્તિનો વેગ આ માર્ગે વાળવો.

(૪૨) ભિક્ષા અર્થે જતાં ઘરોમાં કે ઘરોની આસપાસમાં, ગામો કે નગરોમાં અથવા તેની આસપાસમાં કોઈ ઉપસર્ગ કરે તો તેવે પ્રસંગે ધૈર્ય ધારણ કરી અડગ રહીને સમ્યગ્ દૃષ્ટિવંત મુનિએ બધાં દુઃખો સમભાવપૂર્વક સહન કરવાં.

(૪૩) આગમના જાણકાર જ્ઞાની અનુભવી સાધકે પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ તથા ઉત્તર દિશાનાં ભિન્ન ભિન્ન સ્થળોમાં જે લોકો વસે છે તે સૌને અનુકંપાબુદ્ધિથી તેમની યોગ્યતા પ્રમાણે ધર્મના જુદા જુદા વિભાગો કહી બતાવવા અને તે ધર્મની વાસ્તવિકતા પણ સમજાવવી.

(૪૪) સદ્ધર્મ કહેતાં મુનિ સાધકોએ આ લક્ષમાં રાખવું જોઈએ કે તેઓ તેમ કરવા જતાં પોતાનું, બીજાનું કે અન્ય કોઈ પ્રાણી, ભૂત, જીવ કે સત્ત્વનું દિલ દુભવી ન નાખે.

(૪૫) સમર્થ સાધક સદ્બોધ શ્રવણ કરવા ઇચ્છનાર માત્રને ધર્મનું રહસ્ય સમજાવે, યથાર્થપણે બોધ કરે.

(૪૬) જાગૃત રહેલ મુનિસાધક આ સંસારમાં અજ્ઞાનથી અથડાતા કે ડુબતા જીવોને આધારભૂત બેટની માફક શરણભૂત બની રહે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪૭) હિંસક વૃત્તિવાળા અને અવિવેકી જનોથી, જે પાપી પ્રવૃત્તિ કરતા ડરતા નથી તેમનાથી, સાધક દૂર રહે.

(૪૮) મુનિ સાધકે જીવનના અંત સુધી સાધનામાર્ગમાં આવતાં સંકટોથી નહિ ડરતાં અચળ રહેવું.

(૪૯) મૃત્યુકાળે પણ જ્યાં સુધી આ શરીર જીવથી ભિન્ન ન થાય ત્યાં સુધી મૃત્યુને વરવાની હોંશપૂર્વક તૈયારી રાખવી.

આ છઠ્ઠા ધૂતાધ્યયનના પાંચ ઉદ્દેશક છે.

## સાતમું અધ્યયન 'મહાપરિજ્ઞા'

મહાપરિજ્ઞા નામનું સાતમું અધ્યયન છે. તે વિચ્છેદ ગયું છે. અનધિકારીના હાથમાં જાય તેમાં ઘણો ગેરલાભ થવાનો સંભવ હોવાથી, વી. સં. ૯૮૦માં દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે તે લખવું યોગ્ય ન ધાર્યું. એના સાત ઉદ્દેશક હતા. સોળ ઉદ્દેશક હતા એમ પણ સાંભળ્યું છે.

## આઠમું અધ્યયન 'વિમોક્ષ'

**તપોવિધિ**—આઠમું અધ્યયન વિમોક્ષ નામનું છે, તેની અંદરની હકીકત નીચે પ્રમાણે છે. વિમોક્ષ એટલે ત્યાગ.

(૧) બીજા પંથના ચારિત્રહીન સાધકોને અને જૈન ધર્મના ચારિત્રહીન ભિક્ષુઓને અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય, વસ્ત્ર, પાત્ર, કંબળ કે પાદપુચ્છન આપવાં નહિ, આપવા માટે આમંત્રણ કરવું નહિ.

(૨) તેવા અસંયમી સાધુઓ ઊલટા આપવા પ્રયત્ન કરે અને વિજ્ઞપ્તિ કરી સાધુને હરરોજ આવવા નોતરે તો તેને ન સ્વીકારતાં એમના સંસર્ગથી સદાચારી ભિક્ષુ હંમેશા અલગ રહે.

(૩) કેટલાક સાધકો બિચારા એવી ભૂમિકા પર હોય છે કે તેઓને ગ્રાહ્ય શું કે આદરણીય શું એનું સ્પષ્ટ જ્ઞાન થયું હોતું નથી; તેઓ જીવહિંસાને અનુમોદન આપે છે, નહિ દીધેલું લે છે અને ભ્રમજનક ઉક્તિઓ બોલ્યા કરે છે.

(૪) તેઓ કદાગ્રહપૂર્વક પોતાનો માનેલો ધર્મ જ સાચો અને મુક્તિદાતા છે એમ બીજાને ઠસાવવા પ્રયત્ન કરે છે, તેઓ પોતે ડુબે છે અને અન્યને ડૂબાડે છે.

(૫) જેઓ પોતાનું જ સત્ય છે એમ માને છે કે વદે છે તેઓ એકાંતવાદી છે અને સત્યથી પોતે જ વેગળા રહે છે.

(૬) ધર્મને બહાને જે જે પાપકર્મ થઈ રહ્યાં છે તે બધાંને હું છોડી દેવા માગું છું—આ રીતે મતાગ્રહી સાધકોને સમજાવવું.

(૭) જે સાધક આટલો વિવેક સમજે તેને ગામમાંય સત્યની આરાધના સુલભ છે અને જંગલમાંયે સુલભ છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૮) ભગવાને ઉપાદાનની શુદ્ધિને મહત્ત્વ આપ્યું છે.

(૯) ઊપર, નીચી, તીરછી અને સઘળી દિશાઓમાં જેટલા જીવ રહેલા છે તે પ્રત્યેકને કર્મસમારંભ રહેલા છે, માટે સાધક નાના મોટા કોઈપણ જીવને સ્વયં દંડ ન કરે, બીજા દ્વારા ન કરાવે અને જે કોઈ તેવું કરતો હોય તેને અનુમોદન ન આપે.

(૧૦) આ રીતે પાપકર્મનું રહસ્ય સમજીને બુદ્ધિમાન સંયમી અને પાપભીરુ સાધક આ અને એવા બીજા દંડોથી વિરમે.

(૧૧) કોઈ સામે આમંત્રીને ઘરે આવવા વિજ્ઞપ્તિ કરે તો તેનો સ્વીકાર ન કરવો.

(૧૨) મુનિસાધક માટે તૈયાર કરેલ ચીજ કે સ્થાન તેનાથી ન લેવાય તેવી તે સ્પષ્ટ શબ્દોમાં મના કરે.

(૧૩) અને ગૃહસ્થ ગુસ્સે થાય તો પોતે ધૈર્ય અને સમતા રાખી સર્વ પ્રકારની ઉપાધિ સહન કરે, પણ તેવા કોઈ પ્રકારના ભયથી ડરીને દૂષિત આહાર ન લે.

(૧૪) આર્યપુરુષોએ 'સમતામાં જ ધર્મ'' બતાવ્યો છે.

(૧૫) સમતાયોગની સાધનામાં (૧) કામભોગની આકાંક્ષાનો ત્યાગ, (૨) હિંસક વૃત્તિનો ત્યાગ અને (૩) પરિગ્રહવૃત્તિનો ત્યાગ એ સાધનરૂપે હોવા ઘટે.

(૧૬) 'દેહ જેમ સંકટ કે શ્રમથી ગ્લાન થાય છે તેમ આહારથી પુષ્ટ થઈ શકે છે.' આમ સમજી સાધક દેહનું મૂલ્ય આંકે છે અને તેવું સમજી તેનો ઉપયોગ કરે છે. તેથી દેહ ગ્લાન થાય તોય તેને ખેદ થતો નથી.

(૧૭) દેહ પુષ્ટ થાય તેવા ઉપાયો પણ સાધક યોજતો નથી.

(૧૮) તેવે પ્રસંગે પણ ઓજસ્વી સાધક દયાનું રક્ષણ કરે છે, દયાને તજતો નથી.

(૧૯) જે સાધક સંયમના યથાસ્વરૂપનો કુશળ જાણકાર છે તે જ અવસરે પોતાની શક્તિ, વિભાગ, અભ્યાસ, સમય, વિનય તથા શાસ્ત્રદૃષ્ટિએ બધાંનો સમન્વય સાધી વિવેકબુદ્ધિપૂર્વક લોકપ્રપંચમાંથી પોતાના સ્વભાવનો માર્ગ શોધી લે છે.

(૨૦) તેવો સાધક જ પરિગ્રહ પરની મમતા ઊતારીને સર્વથા નિયમિત બની કોઈપણ પ્રકારનો આગ્રહ ન રાખતાં નિરપેક્ષ બની સહજજીવન જીવે છે.

(૨૧) આવા ધ્યેયજીવી અને ઉચ્ચ કોટિના સાધકની પણ કસોટી હોય જ છે.

(૨૨) જૈન ભિક્ષુ કોઈને દુભવતો નથી તેમ જ પોતા નિમિત્તે કોઈને જરા પણ તકલીફમાં મૂકવા ઇચ્છતો નથી.

(૨૩) સાધક સાવ સાદાં વસ્ત્ર ધારણ કરે એ વસ્ત્રધારી મુનિનો આચાર છે.

(૨૪) હેમંત ઋતુ જાય અને ગ્રીષ્મ ઋતુ આવે ત્યારે જે વસ્ત્રો હેમંત ઋતુને અનુલક્ષીને સ્વીકાર્યાં હોય તેમનો તે ત્યાગ કરે; છતાં એ ઉપયોગી હોય તો બધાંનો ત્યાગ ન કરે, પણ અલ્પ રાખે.

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨૫) એ પ્રમાણે કરવાથી નિર્મમત્વ ગુણની પ્રાપ્તિ અને સાધનોનું લાઘવપણું બન્ને પ્રાપ્ત થાય છે. આને ભગવાને તપ કહ્યું છે.

(૨૬) જો કોઈ પ્રતિજ્ઞામાં દૃઢ રહેવાતું ન હોય તો વેહાનસાદિ અકાળ મરણથી મરી જવાનું પસંદ કરવું, કારણ કે તેવા પ્રસંગનું આકસ્મિક મરણ પણ અણસણ અને મૃત્યુ-કાળના મરણ જેવું નિર્દોષ અને હિતકર્તા ગણાય છે.

(૨૭) જે મુનિ સાધકને એક પાત્ર અને માત્ર બે જ વસ્ત્રો હોય છે તેની કદી આવી ઇચ્છા જ ન થાય કે પોતે ત્રીજું વસ્ત્ર માગે. તે પણ આસક્તિરહિતપણે જેવાં મળે તેવાં પહેરવાં.

(૨૮) આ કથનના રહસ્યને સમજીને મુનિસાધકે વસ્ત્રસહિત અને વસ્ત્રરહિત બન્ને દશામાં સમતાયોગમાં જરા પણ ન ચૂકતાં અડગ રહેવું.

(૨૯) મુનિસાધકે પોતાની પ્રતિજ્ઞા ખાતર સદ્‌ભાવથી મૃત્યુને વરીને પ્રાણોને જતા કરવા પણ કોઈ સ્થિતિમાં પ્રતિજ્ઞાભંગ તો ન જ કરવો.

(૩૦) જે જાતની પ્રતિજ્ઞા પોતે લીધી હોય તે પ્રતિજ્ઞા પ્રમાણે જ સદ્ધર્મની આરાધના કરતો શ્રમણ સાધક મૃત્યુને પસંદ કરે, પણ પ્રતિજ્ઞાનો ભંગ કોઈ પણ સંયોગોમાં ન જ કરે. આવી સ્થિતિમાં થયેલ મૃત્યુ યશસ્વી ગણાય છે.

(૩૧) કેવળ ઝંખનાથી દેહભાન છૂટી જતું નથી, કારણ કે અનંતકાળના જડ શરીરના સહાધ્યાસની આત્મા પર કારમી અસર થાય છે.

(૩૨) સાધકે કે સાધિકાએ સૌથી પ્રથમ સ્વાદ પર જય મેળવવો જોઈએ. તેઓ ખાનપાન અવશ્ય કરે, પરંતુ એ માત્ર દેહની સ્વાસ્થ્યરક્ષા માટે જ હોય. સ્વાદની દૃષ્ટિએ તેઓ આહારને ડાબા ગલોફામાંથી જમણા ગલોફામાં ન લઈ જાય. આવી રીતે સ્વાદેંદ્રિય પર કાબૂ મેળવવાથી ઘણીખરી પંચાત હળવી પડી જાય અને તપશ્ચરણ પણ સહજ થઈ જાય.

(૩૩) સદ્વિચાર, સંયમ અને તપ એ ત્રિપુટીનો સહચાર સેવતાં જેમ જેમ અહંકાર-લય થતો જાય તેમ તેમ દેહભાન છૂટતું જાય.

(૩૪) સત્યવાદી, પરાક્રમી, સંસારનો પારગામી, હાય હવે મારું શું થશે એવા ભયથી રહિત, વસ્તુસ્વરૂપનો યથાર્થ જ્ઞાતા અને બંધનોની જાળમાં નહિ ફસાયલો એવો સાધક મુનિ ભયંકર પરીષહ કે ઉપસર્ગોમાં પણ અડગ રહી શકે છે. આવાનું મરણ તે આપઘાત નહિ પણ કાળપર્યાય મૃત્યુ (પ્રશસ્ત મરણ) જ ગણાય છે.

(૩૫) કોઈ પણ જાતની પ્રતિજ્ઞા કરી હોય તો તેમાં પ્રાણાંત દૃઢ રહેવું, પરંતુ પ્રતિજ્ઞા કદાગ્રહ કે અહંકારના દોષથી દૂષિત ન હોવી જોઈએ.

(૩૬) પ્રતિજ્ઞાથી લઘુતા પ્રાપ્ત થાય છે અને સહજ તપશ્ચર્યા થાય છે.

(૩૭) જ્યારે શરીર અશક્ત થઈ જાય ત્યારે પાટિયાની માફક સમભાવ કેળવી ધૈર્યપૂર્વક અને વિલાપરહિત પાદપોપગમન અણસણ કરવું અને મૃત્યુને વરવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩૮) આ વિનશ્વર દેહમાં મોહમુગ્ધ ન થતાં, જીવનના અંત પર્યંત દૃઢ વિશ્વાસુ બની ભયંકર પરીષહ કે ઉપસર્ગોમાં પણ સમતા રાખી શકાય છે.

(૩૯) પાદપોપગમન મરણનું શરણ કેંક નિર્મોહી પુરુષોએ લીધું છે. તે હિતકર્તા, સુખકર્તા, સુયોગ્ય અને કર્મક્ષયના હેતુરૂપ છે.

(૪૦) સંયમી, ધીર અને જ્ઞાની મુનિસાધક મૃત્યુસમય પ્રાપ્ત થયે ત્રણ પૈકી એક મરણને આદરીને અંતિમ સમાધિનું યથાર્થ પાલન કરે છે.

(૪૧) પ્રત્યેક સાધક કષાયોને મંદ કરવા માટે આહારને ઘટાડે છે. અને એ જ દૃષ્ટિએ તપશ્ચર્યા હોવી ઘટે.

(૪૨) જો આહારના ત્યાગથી પ્રકૃતિ પરનો કાબૂ ચાલ્યો જતો હોય તો સમાધિ–શાંતિ જાળવવા માટે સાધક જરૂર આહાર લઈ શકે છે.

(૪૩) એ છૂટ લીધા પછી પોતાનું લક્ષ્ય ચૂકાઈ જવું ન જોઈએ. સાધક અનુક્રમે સંયમ, ત્યાગ અને તપની ત્રિપુટીને કેળવીને કષાયો શમાવી આગળ ધપે અને શિથિલ ન બનતાં મૃત્યુકાળે મૃત્યુને સુખથી ભેટે.

(૪૪) જીવન અને મરણ પૈકી કોઈપણ દશા પર કોઈપણ સાધક આસક્ત ન જ થાય.

(૪૫) મરણ અમુક સ્થળે થાય તો જ સમાધિમરણ થાય એવું એને કશુંય ક્ષેત્ર-બંધન નથી. માત્ર ગામમાં કે અરણ્યમાં, તે જીવજંતુઓથી વ્યાપ્ત સ્થાન ન હોય અને શુદ્ધ હોય એટલું જ જાળવવું જોઈએ.

(૪૬) સાધક શય્યા પર આહાર ત્યાગ કરી જે કાંઈ પરીષહ કે ઉપસર્ગ થાય તે સમભાવપૂર્વક સહે.

(૪૭) અણસણ સમયે આકસ્મિક રીતે કોઈ રોગ ઉત્પન્ન થઈ જાય તો તે સ્થિતિમાં સાધક તે રોગ નિવારવાના શુદ્ધ ઉપાયો કરી શકે, પરંતુ એ ઉપાયો કર્યા પછી જ્યારે સમાધિ પ્રાપ્ત થાય ત્યારે તુરત જ એમણે પૂર્વપ્રયોગ ચાલુ રાખવો ઘટે.

(૪૮) અણસણને આચરતો સાધક જે કાંઈ પરીષહ કે ઉપસર્ગ ઉત્પન્ન થાય તે બધાંને સમભાવપૂર્વક સહે. અને કોઈ મનુષ્યો અનેક પ્રકારનાં કષ્ટ આપે તોય મનથી પણ કલુષિત ન થાય.

(૪૯) કીડીઓ, કીડાઓ, મચ્છર, ગીધ વગેરે પક્ષીઓ, માંસભક્ષી કે લોહી પીનારા ઇતર પ્રાણીઓ, સર્પ કે સિંહ વગેરે જીવો કંઈ પણ ઉપદ્રવ કરે તો મુનિ તે પ્રસંગે કશો પણ હાથથી કે રજોહરણાદિ સાધનથી તેનો પ્રતિકાર કરે નહિ.

(૫૦) વિશિષ્ટ સાધક ચિંતવે છે કે બિચારા પશુઓ મારું શરીર ખાય છે, પણ મારા આત્માને ખાવાની તેમનામાં તાકાત નથી.

(૫૧) બાહ્ય અસરથી પોતાનું નિયત કરેલું સ્થળ છોડી બીજે સ્થળે ન જાય.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૫૨) ગીતાર્થ મુનિસાધક શાસ્ત્રો દ્વારા સંયમ અને ધ્યાનના રહસ્યને જાણીને ઇંગિતમરણ નામનું અણસણ આચરે છે. એ ભક્તપરિજ્ઞાની અપેક્ષાએ ઘણી રીતે કઠિન છે.

(૫૩) સમર્થ સાધકે આ ઇંગિતમરણ અણસણ માટે જાણીજોઈને છૂટ ન લેવી, એક આસને અડગ થઈને રહેવું.

(૫૪) પોતાની કોઈ પણ ઇંદ્રિયો વિષયો તરફ ઘસડાઈ ન જાય તે માટે પૂરતો સંયમ રાખે.

(૫૫) પાદપોપગમન અણસણ જે સાધુ સ્વીકારે છે એનું શરીર અકડાય કે પ્રાણીઓથી પીડાય તો પણ એને પોતાના સ્થાનથી લેશમાત્ર ડગવાનું હોતું નથી. આ રીતે પાદપોપગમન અણસણનો વિધિ અતિ દૃઢ અને કડક હોય છે.

(૫૬) પાદપોપગમન અણસણમાં બધા પરીષહ અને ઉપસર્ગો ખમવા.

(૫૭) રાજાદિ અથવા શ્રીમંત કામભોગો સંબંધી અનેક પ્રકારનાં પ્રલોભનો બતાવી શ્રમણ સાધકનું મન લોભાવે, તે પ્રસંગે શ્રમણસાધક વિષયો તરફ વૃત્તિને ઢળવા ન દે. તે નિજાનંદ સ્વરૂપની આકાંક્ષા રાખી આત્મદશામાં લયલીન રહે.

(૫૮) કોઈ દેવતા આવીને વિવિધ પ્રકારની માયાજાળ બતાવે તો ત્યાં પણ ઉપરની શ્રદ્ધામાં તે સ્થિર રહે.

(૫૯) સાધનામાં આગળ ધપતો સાધક સર્વ વિષયોમાં અનાસક્ત થઈ, આયુષ્યકાળનો જાણકાર બની, મૃત્યુ સમયે ઉપરના ત્રણ પૈકી કોઈ એક અણસણને યોગ્યતા અનુસાર આદરે.

આ આઠમા વિમોક્ષ અધ્યયનના આઠ ઉદ્દેશક છે.

## નવમું અધ્યયન 'ઉપધાનશ્રુત'

**ચોષિતાં ત્યાગઃ**—સ્ત્રીઓનો ત્યાગ. નવમા ઉપધાન અધ્યયનમાં તેને જણાવશે. નીચેની હકીકત પરથી તે અધ્યયનમાં શું રહસ્ય આવે છે તે જણાશે. નવમા ઉપધાન અધ્યયનની સંક્ષિપ્ત વાર્તા નીચે પ્રમાણે તારવેલ છે. જૈનમાં 'ઉપધાન' શબ્દનો અર્થ તપશ્ચર્યા થાય છે. 'સામીપ્ય ધારણ કરવું તે' એ વ્યુત્પત્તિજન્ય અર્થ છે. આત્માની આત્માભિમુખતા તે અર્થમાં એ શબ્દ વપરાયેલો છે. તે અધ્યયનની વાત નીચે પ્રમાણે છે. મહાવીરચરિત્ર એમાં વર્ણવેલું છે. પ્રથમ અધ્યયન મહાવીર સ્વામીના પાદવિહારનું છે.

(૧) માગશર સુદ દશમીને દિને કુટુંબસંબંધ, રાજપાટ, અલંકારો, ભોગાદિ વિપુલ સામગ્રી તથા સમૃદ્ધિને છોડીને પોતાના દિવ્ય જીવન દ્વારા ગૃહસ્થાશ્રમની વાસ્તવિકતા અને કર્તવ્યપ્રણાલિકાનો વિશ્વને આદર્શ આપી તેમણે પાદવિહાર કર્યો. મોહભાવને લઈને દુઃખમય હોવાનો સંભવ હોઈ તેઓએ તે સ્થાન શીઘ્ર છોડ્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨) દીક્ષા લેતી વખતે શ્રી મહાવીરને એક દેવદૂષ્ય વસ્ત્ર મળ્યું હતું. તેના ઉપર પણ તેમણે રાગ ન કર્યો, તેમ તેને તરછોડ્યું પણ નહિ.

(૩) સુવાસિત વસ્ત્રની દિવ્ય વાસથી આકર્ષાઈને અધિક માસ સહિત ચાતુર્માસ જેટલા લાંબા સમય સુધી ભ્રમર વગેરે જંતુઓ તેમના શરીર પર બેસતાં હતાં અને હેરાન કરતાં હતાં છતાં સમભાવપૂર્વક તે યોગી અડોલ રહેતા.

(૪) પૂર્વોક્ત દિવ્ય વસ્ત્ર લગભગ તેર માસ સુધી છોડ્યું ન હતું. પછી તો એ યોગી વસ્ત્રને ત્યાગી વસ્ત્રરહિત થયા.

(૫) મિશ્ર વસ્તીમાં આવવાજવાનો પ્રસંગ થતો. અનેક સ્ત્રીઓ તે વખતે તેમને ભિન્ન ભિન્ન પ્રકારે વીનવવા તેમની પાસે જતી, પણ તેવે પ્રસંગે પણ તેઓ આત્મગુહામાં પ્રવેશીને ધ્યાનમાં મગ્ન જ રહેતા.

(૬) શ્રમણ મહાવીર ગૃહસ્થ સાથેનો અતિસંસર્ગ છોડીને પ્રાયઃ ધ્યાનમગ્ન રહેતા. ગૃહસ્થો તેમને પૂછતાં તો તેઓ કશોયે ઉત્તર ન આપતાં મૌન ગ્રહણ કરી પોતાની સાધનામાં જ દત્તચિત્ત રહેતા.

(૭) કોઈ પ્રશંસે કે કોઈ નિંદે, કોઈ વંદે કે કોઈ ન વંદે, અને કોઈ દંડાદિકથી તેમને મારે, વાળ ખેંચે કે દુઃખ આપે તેની તે શ્રમણના મન પર કશી અસર ન થતી.

(૮) શ્રી મહાવીર બે વર્ષથી ઠંડું પાણી ત્યાગી પોતાને પીવા તથા વાપરવામાં અચિત્ત જળનો જ ઉપયોગ કરતા.

(૯) જળ, અગ્નિ, વાયુ, શેવાળ, બીજ, લીલોતરી તેમ જ ત્રસકાય ઇત્યાદિ સર્વમાં આત્મા છે એમ જાણીને તેઓ જરાયે ના દુભાય તેવો ઉપયોગ રાખી વિચરતા, આરંભથી દૂર રહેતા.

(૧૦) સ્થાવર જીવો ત્રસરૂપે અને ત્રસ જીવો સ્થાવરરૂપે પોતાના કર્માનુસાર ઉત્પન્ન થઈ શકે છે એમ ભગવાને જ્ઞાનથી અનુભવ્યું હતું.

(૧૧) સત્ય પામ્યા પછી એ ભગવાને સ્પષ્ટ રીતે જાણ્યું કે ઉપાધિ એ જ આ સંસારમાં બંધન છે, અને એ મમત્વથી જ આ બિચારા સંસારના સર્વ અજ્ઞાની જીવો દુઃખ વેદી રહ્યા છે. આટલું જાણીને તેઓ મૂળ હેતુભૂત પાપકર્મનો ત્યાગ કરતા હતા અને તે જગતને આદર્શ પૂરો પાડતા હતા.

(૧૨) ભગવાન સ્વયં શુદ્ધ અહિંસાને અનુસર્યા અને અન્ય સુયોગ્ય સાધકોને અધઃપતનથી અટકાવવામાં સમર્થ થયા. સ્ત્રીસંસર્ગ અને એના પરિણામને જોઈ લીધા પછી એમ કહ્યું કે અબ્રહ્મચર્ય પણ સર્વ કર્મોનું મૂળ છે. તેઓ પદાર્થમોહ અને સ્ત્રીમોહથી દૂર રહ્યા.

(૧૩) ઉત્તરગુણમાં ભગવાને આધાકર્માદિ દૂષિત આહારસેવનથી કર્મબંધન થાય છે એ જોયું, એટલે તે કર્મબંધનના કારણનો પણ ત્યાગ કરીને શુદ્ધ સાત્વિક અને પરિમિત આહાર કરવા લાગ્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧૪) આ વખતે ભગવાન પરવસ્ત્રને અંગે ધરતા નહિ કે પરપાત્રમાં જમતા નહિ ને અપમાનને ન ગણતાં વીરતાપૂર્વક ભિક્ષાર્થે જતા હતા.

(૧૫) તેઓ ભિક્ષાથી મળતાં અન્નપાનમાં પણ નિયમિત અને પરિમિત ભિક્ષા લેતા હતા.

(૧૬) મહાવીર હવે દેહભાનથી એટલા તો પર થયા હતા કે આંખમાં કણું પડ્યું હોય તો કાઢવાની કે ખરજ આવે તો ખણવાની તેમને ઇચ્છા થતી ન હતી.

(૧૭) તેઓ માર્ગે જતી વખતે પીઠ પાછળ ફરીને કે આડી અવળી દૃષ્ટિ કરીને જોતા નહિ, પણ માર્ગે સીધી દૃષ્ટિ રાખીને એકમાત્ર ચાલવાની જ ક્રિયા કરતા.

(૧૮) તેઓ વચ્ચે કોઈ પણ બોલાવે અને ખાસ પ્રસંગ પડે તો જ અલ્પ બોલતા, નહિ તો પ્રાયઃ મૌન સેવી પોતાને માર્ગે યતનાપૂર્વક ચાલ્યા જતા હતા.

(૧૯) નિર્ગ્રંથ મહાવીર હેમંત ઋતુમાં દીક્ષિત થયા હતા. અને તે વર્ષની વર્ષાઋતુ પછી શરદ તથા હેમંત ઋતુ વીત્યા બાદ બીજે વર્ષે શિશિરઋતુ આવતાં જ તેમણે પોતાની પાસે રહેલાં વસ્ત્રનો ત્યાગ કર્યો હતો.

(૨૦) મહાવીરે આ રીતે અહિંસક અને અતિ નિઃસ્પૃહ રહી ત્યાગના નિયમોનું પાલન કર્યું છે. અન્ય સાધકો પણ એ દૃષ્ટિએ વિધિને પાળે.

(૨૧) બીજા ઉદ્દેશકનું નામ 'વીરનાં વિહારસ્થાનો' રાખવામાં આવ્યું છે.

(૨૨) કોઈ વખત વીરશ્રમણ નિર્જન ઝૂંપડાઓમાં, ધર્મશાળાઓમાં, પાણી પીવા માટે બંધાયલી પરબોમાં કે હાટડામાં રહેતા, તો કોઈ વખત લુહાર વગેરેની કોઢમાં અથવા ઘાસની ગંજીઓની નીચે પણ રહેતા.

(૨૩) એ શ્રમણવીર કોઈ વખત પરામાં, બાગમાંના ઘરોમાં, કે શહેરમાં રહેતા, તો કોઈ વખતે મસાણમાં, સૂના ઘરોમાં કે ઝાડની નીચે પણ રહેતા.

(૨૪) આ પ્રમાણેના સ્થાનોમાં અપ્રતિબદ્ધપણે વિહરીને અને રહીને તપસ્વી મહાવીર પ્રમાદને પરિહરી તથા સમાધિમાં લીન થઈ તેર વર્ષ લગી પવિત્ર ધ્યાન કરતા રહ્યા..

(૨૫) અપ્રમત્ત મહાવીર સાધનામાર્ગમાં હતા ત્યારે પણ પ્રમાદપૂર્વક નિદ્રાનું કદી સેવન કરતા નહિ. કદાચ સુષુપ્તિ આવતી તો પણ આત્માભિમુખ થઈને ફરી અનુષ્ઠાનમાં પ્રવર્તવા તુરત જ જાગ્રત થતા.

(૨૬) જ્યાં સુધી પોતાની સાધનાની પૂર્ણ સિદ્ધિ થઈ ન હતી ત્યાં સુધી તેઓ બાહ્યભાવે પણ સવિશેષ ધ્યાનસ્થ અને જાગ્રત રહેતા.

(૨૭) ઉપર કહેલાં નિર્જન સ્થાનોમાં કે વૃક્ષ નીચે રહી ધ્યાન કરતા એ દીર્ઘ તપસ્વી શ્રમણ મહાવીરને સર્પ, નોળિયો કે એવાં ઝેરી જનાવર રંજાડતાં. તે સર્વને સમતાભાવે સહન કરતાં હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨૮) તેમના પંથમાં અનેક કાંટાઓ વેરાતા હતા. આવાં આવાં મનુષ્ય, દેવ અને પશુકૃત અનુકૂળ તથા પ્રતિકૂળ બન્ને પ્રકારનાં ભયંકર સંકટો તેમણે સહન કર્યાં.

(૨૯) એ આદર્શ તપસ્વી આવા પ્રસંગોએ પણ હર્ષ અને શોક બન્નેથી પર રહ્યા.

(૩૦) મહાશ્રમણે તે કાળે વાણીનો પણ વ્યય કર્યો ન હતો.

(૩૧) નિર્જન સ્થળોમાં એ યોગીને એકાકી જોઈને રાત્રે કે દિવસે ચોર અથવા જાર લોકો આવીને એમને પૂછતાં કે 'તું કોણ છે? અને અહીં કેમ ઊભો છે?' તે વખતે તે મુનિ ધ્યાનમગ્ન હોઈ ઉત્તર આપતા ન હતા, ત્યારે તેમને ખૂબ મારતા. પણ દેહભાનથી પર થયેલા તે યુક્ત યોગી સમાધિમાં તલ્લીન રહેતા.

(૩૨) ઠંડી સહન કરવી ઘણી મુશ્કેલ હોય અને બીજાઓ લાકડાં સળગાવી બાળતાં ત્યારે વીરપ્રભુ નિરીહ બની ખુલ્લા સ્થાનોમાં રહીને ઠંડી સહન કરતા. આ રીતે યોગી હોવા છતાં શ્રમણ મહાવીરે દેહાધ્યાસની લેશ પણ અસર ન થાય તે સારુ વધુ ને વધુ જાગૃત રહી જે વિધિનું પાલન કર્યું છે તે અનુકરણીય છે.

(૩૩) ત્રીજો ઉદ્દેશક શ્રમણની સહિષ્ણુતાનો છે. તેમાં જણાવે છે કે મહાનિર્ગ્રંથ મહાવીર કર્કશ સ્પર્શ, ટાઢ, તાપ તથા ડાંસ અને મચ્છરના ડંખો સમભાવપૂર્વક સહન કરતા હતા.

(૩૪) લાઢ દેશની વજ્જભૂમિ અને શુભ્રભૂમિમાં તેઓ વિચર્યા હતા. ત્યાં તેમને રહેવાનાં સ્થાનો પણ હલકાં મળતાં.

(૩૫) લાઢદેશમાં અનાર્ય લોકો વીરશ્રમણને મારવા અને બટકા ભરવા દોડતા અથવા કૂતરાને તેમના તરફ દોડાવી મૂકતા. આ સર્વ કષ્ટો તેમણે સમભાવે સહી લીધા.

(૩૬) આવા અનાર્ય લોકોની વસ્તીમાં તે ભગવાન માત્ર એકએ વાર જ નહિ, પરંતુ ઘણીવાર વિચરતા.

(૩૭) વજ્જભૂમિમાં વસતા લોકોને પોતાની સારું પણ લૂખું અને તામસી ભોજન માંડમાંડ મળતું.

(૩૮) કૂતરા દોડતા અથવા લોકો છૂ છૂ કરીને દોડાવતા. તેને અટકાવવા બૌદ્ધ સંન્યાસીઓ તો નાળવાળી લાકડી રાખતા, પણ પ્રભુએ અનેક પ્રકારનાં સંકટો અને અનાર્ય લોકોનાં કડવાં વચનોને સમભાવે તથા પ્રસન્નચિત્તે અને વગર લાકડીએ સહન કર્યાં.

(૩૯) સંગ્રામને મોખરે ચઢેલો બળવાન હાથી પરાક્રમપૂર્વક જય મેળવે છે તેમ સાધુપુંગવ મહાવીર પણ આંતરિક સંગ્રામમાં જીતી પાર ઊતર્યા હતા.

(૪૦) કોઈ વખત એ લાઢપ્રદેશનાં જંગલોમાં ચાલતાં ચાલતાં સાંજ થઈ જતી તો ઘણી વાર એ શ્રમણવીરને રહેવાનું ગ્રામ પણ ન મળતું અને કોઈ વૃક્ષ નીચે તેમને રહેવાનું થતું હતું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪૧) ઘણી વખતે એ શ્રમણુવીરને આ લાઢદેશમાં વસતા અનાર્ય લોકો લાકડીથી, મૂઠથી, ભાલાની અણીથી, પથ્થરથી કે હાડકાના ખપ્પરથી મારતા હતા. શ્રમણ તે સર્વ ખમી લેતા.

(૪૨) કોઈ વખત ત્યાં વસતા અનાર્યો એ મહાશ્રમણને પકડીને તેમના દેહમાંથી માંસ પણ કાપી લેતા, અથવા તેમના પર ધૂળ વરસાવતા, અથવા કોઈ વાર તેમને ઊંચેથી નીચે પટકી પાડતા. ધ્યાનસ્થ આસને બેઠેલા શ્રમણને ચલિત કરવાનું કરતા પરંતુ દેહ-મમત્વને દૂર રાખી તથા વાસનારહિત બની ભગવાને એ સમભાવે સહન કર્યું.

(૪૩) બખ્તરથી સજ્જ થયેલો વીર સુભટ યુદ્ધને મોખરે ચઢી ભાલાથી ભેદાવા છતાં ડરતો નથી, તેમ પ્રબળ સત્ત્વવાળા ભગવાન જરા પણ ચંચળ ન થયા, પણ તે સર્વ ઉપસર્ગો સામે અડોલ અને અચળ રહ્યા.

(૪૪) આ રીતે શ્રમણ ભગવાન મહાવીરે જે માર્ગનું પાલન કર્યું છે તે માર્ગને અન્ય સાધકો પણ અનુસરે.

(૪૫) ચોથા ઉદ્દેશકમાં 'વીરપ્રભુની તપશ્ચર્યા' વર્ણવી છે. તેમણે એક છ માસી કર્યા, પાંચ દિવસ ઊણા છ માસી એક કર્યા, નવ ચૌમાસી કર્યા, બે ત્રણમાસી કર્યા, બે અઢીમાસી કર્યા, છ બેમાસી કર્યા, બે દોઢમાસી કર્યા, બાર માસક્ષમણ, બોંતેર પક્ષક્ષમણ, એક દશ દિવસની સર્વતોભદ્ર પ્રતિમા, એક ચાર દિવસની મહાભદ્રપ્રતિમા, બાર અઠ્ઠમ, બસો ઓગણત્રીસ છઠ્ઠ, એક એક દિવસ અને કુલ પારણાં ૩૪૯. એ પ્રમાણે તપ કર્યાના દિવસો ૪૫૧૫ અથવા વર્ષ ૧૨ માસ ૬ અને દિવસ ૧૫.

(૪૬) મહાવીર ભગવાન રોગોથી અસ્પૃશ્ય અને નીરોગી હોવા છતાં અલ્પભોજન કરતા. કોઈ અકસ્માતથી વ્યાધિ આવી પડે તો તેઓ કદીયે તેનો પ્રતિકાર કરવાનું ઇચ્છતા નહિ.

(૪૭) તે તપસ્વી પ્રતિકારવૃત્તિથી પર હોઈ તેમને રોગોના ઇલાજરૂપે જુલાબ, વમન તથા તેલમર્દન કે શુશ્રૂષા માટે સ્નાન, પગચંપી કે દાતણની આવશ્યકતા રહેતી નહિ.

(૪૮) તે શ્રમણ ઇંદ્રિયના ધર્મોથી વિરક્ત રહેતા અને અલ્પભાષી બની વિહરતા હતા.

(૪૯) તેઓ શિયાળા તથા ગરમ ઋતુમાં ઊકડું આસને બેસી ધ્યાન ધરતા હતા.

(૫૦) એ તપસ્વી મહાવીર જ્યારે ક્ષુધા લાગે કે જ્યારે તપસ્યાનું પારણું હોય ત્યારે, માત્ર શરીરના નિર્વાહ અર્થે ભિક્ષાર્થે જતા અને ઘણીવાર લૂખા ભાત, બોરકૂટ અને અડદનો આહાર મેળવી એનાથી જ નિર્વાહ કરી લેતા.

(૫૧) તેઓ બબ્બે, ત્રણત્રણ, ચારચાર ઉપવાસને પારણે પણ જે અન્નપાણી લેતા તે તદ્દન નિરાસક્ત ભાવે શરીરસમાધિ ટકાવવા લેતા.

(૫૨) દેહાદિ સંયોગ તથા કર્મનું સ્વરૂપ યથાર્થ જાણ્યા પછી મહાવીર પોતે પાપ-કર્મ કરતા નહિ, અન્ય પાસે કરાવતા નહિ અને કરનારને અનુમોદન આપતા નહિ.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૫૩) શ્રમણ મહાવીર ગામમાં કે શહેરમાં જઈ પરને માટે તૈયાર થયેલો આહાર મેળવતા અને વિશુદ્ધ ભિક્ષા મેળવીને નીરાગવૃત્તિથી તેનો ઉપયોગ કરતા.

(૫૫) તે ભિક્ષાર્થે જતાં રસ્તામાં ભૂખ્યા કાગડા કે પારેવાં વગેરે પક્ષીઓ ચણતાં હોય કે બીજા પ્રાણીઓ કાંઈ ખાતાંપીતાં હોય તો તેમનાં તે કાર્યમાં ભંગ ન પડે તે રીતે ધીમે ધીમે ચાલતા.

(૫૫) એ શ્રમણ મહાવીર જો કોઈ બ્રાહ્મણ, શ્રમણ, ભિખારી, અતિથિ, ચંડાળ, બિલાડી કે કૂતરાને આગળ કે પાછળ આવેલા જોતા અથવા તેમને આહાર મેળવતાં દેખતા તો તેમની તે ક્રિયામાં લેશમાત્ર પણ વિક્ષેપ ન પડાવતા.

(૫૬) નાના મોટા કોઈ પણ જીવને પોતાના નિમિત્તે લેશમાત્ર પણ દુઃખ ઉત્પન્ન ન થાય એવી કાળજી રાખતા.

(૫૭) ભિક્ષાનો આહાર ભિંજાયલો હોય, શુષ્ક હોય, ઠંડો હોય, બહુ દિવસના અડદનો હોય કે નીરસ ધાન્યનો હોય તો તેને પણ શ્રમણ મહાવીર સમભાવે આરોગતા.

(૫૮) એ દીર્ઘ તપસ્વી અને મહાયોગી કષાયરહિત અને આસક્તિરહિત બનતા જતા હોવાથી તેઓ હંમેશા મોક્ષમાર્ગાભિમુખ રહેતા.

(૫૯) છદ્મસ્થ અવસ્થામાં પણ કર્મ દૂર કરવા માટે તેમણે પ્રબળ પુરુષાર્થ દાખવ્યો હતો. તેઓ કોઈ વખતે પણ પ્રમાદની જાળમાં સપડાયા ન હતા.

(૬૦) સાધનાનો આ ક્રમિક વિધિ તે ભગવાને કોઈપણ પ્રકારની ઐહિક કે પારલૌકિક લાલસા રાખ્યા વગર નિઃસ્પૃહ ભાવે જે રીતે આચર્યો હતો તે લક્ષમાં રાખી બીજા સાધકો પણ તે માર્ગે વિચરે અને વર્તે.

આ 'ઉપધાનશ્રુત' નામના નવમા અધ્યયનનાં ચાર ઉદ્દેશક છે. અહીં આચારાંગનો પ્રથમ શ્રુતસ્કંધ પૂરો થાય છે. અહીંથી બીજો 'અગ્રશ્રુત' નામનો શ્રુતસ્કંધ શરૂ થાય છે. (૧૧૫)

## આચારાંગસૂત્રની વધારે માહિતી (ચાલુ)—

त्रिविधना भैक्ष्यग्रहणं स्त्रीपशुपण्डकविवर्जिता शय्या ।
ईर्याभाषाऽम्बरभाजनैषणाऽवग्रहाः शुद्धाः ॥११६॥

**અર્થ**—વિધિપૂર્વક ભિક્ષાનું ગ્રહણ કરવું, સ્ત્રી, જનાવર અને પંડક વગરની શય્યા, વિહારની શુદ્ધિ, ભાષાની શુદ્ધિ, વસ્ત્રની શુદ્ધિ, પાત્રની શુદ્ધિ અને અવગ્રહની શુદ્ધિ હોવી જોઈએ. (એ સર્વ વાત આચારાંગસૂત્રમાં છે). (૧૧૬)

**વિવરણ**—હવે આ આચારાંગસૂત્રના બીજા શ્રુતસ્કંધમાં નીચે પ્રમાણે હકીકત આવે છે. અહીંથી પહેલી ચૂલા અથવા ચૂલિકા શરૂ થાય છે. તેનો ભાવ શો છે તે તેના સાતમા અધ્યયનને અંતે જણાશે. ત્યાં સુધી આ પ્રથમ ચૂલિકા ચાલશે.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### દસમું અધ્યયન 'પિંડૈષણા'

(૧) **ભૈક્ષ્યગ્રહણ**—એ ચૂલાનું પ્રથમ અધ્યયન 'પિંડૈષણા' નામનું છે. એમાં કહે છે કે જે ચીજો ઘરમાંથી મળવાની હોય તે બીજ કે ફૂગ કે પાણીથી મિશ્ર થયેલી હોય અથવા જીવાતવાળી હોય તો લેવી નહિ.

(૨) કદાચ એવી ચીજ લેવામાં આવે તો તેઓએ એકાંત જગ્યા પર અથવા બગીચામાં જઈને તેમાંથી જીવવાળી ચીજ જુદી પાડવી. અને તે ચીજ પોતે ખાઈ શકે તેમ ન હોય તો તેને એકાંત જગાએ મૂકી દેવી.

(૩) સાધક સાધુસાધ્વીએ આખી વનસ્પતિ કે ઔષધિ ન સ્વીકારવી, કારણ કે એમાં જીવનતત્ત્વ છે.

(૪) સાધક સાધુસાધ્વીએ ફૂલેલ અનાજ ન લેવું. પણ તે ચીજ પર એક કરતાં વધારે વખત (ખાંડવા, ભુંજવાનું) કામ થઈ ગયું હોય તો તે લેવી કારણ કે તે સ્વીકાર્ય છે.

(૫) સાધુસાધ્વી ગૃહસ્થના ઘરમાં જાય તો નાસ્તિક અથવા ઘરધણી સાથે તેમાં પ્રવેશ ન કરવો, કે તેમાંથી બહાર ન નીકળવું.

(૬) સાધુસાધ્વીએ એક નગરથી કે ગામથી બીજા નગરે કે ગામે જવા વખતે નાસ્તિક કે ગૃહસ્થ સાથે ન જવું, તેમને ખોરાક ન આપવો.

(૭) સાધુને માટે ગૃહસ્થે ચોરેલ કે ખરીદેલ અથવા પાપ કરીને મેળવેલ વસ્તુ ન લેવી, અને અશુદ્ધ અને અસ્વીકાર્ય ચીજ પણ ન લેવી.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

(૮) ઘણા શ્રમણોને માટે ગૃહસ્થે તૈયાર કરેલ વસ્તુ કે આહાર ન લેવો. તેમ જ બ્રાહ્મણ માટે રાખેલ, મહેમાન માટે રાખેલ કે ગરીબ કે ભિક્ષુક માટે રાખેલ ચીજ ન લેવી.

(૯) જે ગૃહસ્થને ઘરે સદાવ્રત બાંધેલ હોય તે ઘરે ભિક્ષાર્થે સાધુસાધ્વીએ ન જવું.

(૧૦) દ્વિતીય ઉદ્દેશક પ્રથમના કરતાં પણ વધારે આહારશુદ્ધિ અપેક્ષે છે.

(૧૧) કલંકરહિત કુળમાંથી અથવા રાજ્યદ્વારમાંથી પિંડ લઈ શકે.

(૧૨) બીજા માગનારાઓને યોગ્ય ભાગ મળ્યો છે એ વાતની ખાતરી કરીને, ઘરની સ્ત્રી કે બહેન પાસે ખોરાક લેવાની માગણી કરે.

(૧૩) એક યોજન દૂર મહોત્સવ થતો હોય તો ત્યાં જઈને ખોરાક લઈ આવવાનો સાધક વિચાર ન કરે.

(૧૪) કોઈ મહોત્સવ પછી જમણવાર થતો હોય તો ત્યાં સાધકે જાણીજોઈને ન જવું. આને સંખડિદોષ કહેવામાં આવે છે.

(૧૫) કોઈ ઉજાણી કે જમણને પ્રસંગે ખાવામાં આવે તો સાધકને ઊલટી થઈ જાય અથવા અપચો થઈ જાય કે બીજી કોઈ માંદગી થઈ જાય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧૬) કોઈ ગામ કે નગરમાં જમણવાર થતો હોય કે થવાનો હોય તો ત્યાં જવાની અને આહાર લેવાની સાધકે ઇચ્છા ન કરવી. ત્યાં જાય તો બીજા ગૃહસ્થો પાસેથી ભિક્ષા લે.

(૧૭) ઘણાં માણસો જેમાં ભેગાં થવાનાં હોય તેવું જમણ ત્યાજ્ય ગણાય છે.

(૧૮) જે ભોજન પરત્વે સાધકને શંકા હોય તેવું ભોજન તેણે ન લેવું.

(૧૯) ભિક્ષા લેવા જવું ત્યારે પોતાના પૂરતા વેશ સાથે જવું.

(૨૦) જ્યારે વરસાદ થતો હોય, ધુમ્મસ થયેલ હોય અથવા વાયરો સખત વાતો હોય, ધૂળ ખૂબ ઊડતી હોય ત્યારે ભિક્ષા લેવા ન જવું.

(૨૧) સાધુએ ક્ષત્રિયને ત્યાંથી, રાજાને ત્યાંથી, કાસદને ત્યાંથી અને રાજાના સગાઓને ઘેરથી ભિક્ષા ન લેવી, કારણ કે તે અસ્વીકાર્ય છે.

(૨૨) જ્યાં મહોત્સવ ચાલતો હોય અને પછવાડે જમણવાર ચાલતો હોય ત્યાં સાધકે જવું નહિ, લગ્નોત્સવ કે જેમાં માંસ મચ્છી દેવામાં આવે છે તેવામાં જવું નહિ, મરણ પછી ઉત્તરકાર્ય થતું હોય ત્યાં જવું નહિ. જ્યાં ઘણા શ્રમણ કે બ્રાહ્મણ ભેગા થતા હોય ત્યાં પણ ન જવું. તેમ જ જ્યાં ઘણા જ ગરીબ માણસો કે ભિખારીઓ મળવાના હોય ત્યાં ન જવું.

(૨૩) ભિક્ષા લેવા જાય તો સાધકે જોવું કે રસ્તે કોઈ પણ જીવજીવાત નથી.

(૨૪) દુધાળી ગાય દોહવાતી હોય તે વખતે સાધકે ભિક્ષા લેવા ન જવું. તેમ જ ભોજન તૈયાર થતું હોય, રંધાતુ હોય તે વખતે ન જવું.

(૨૫) ઘરધણી અથવા ઘરની સ્ત્રી કોઈ સાધકની સગી થતી હોય ત્યાં વધારે ભિક્ષા મળશે એમ ધારીને તેને ઘેર ન જવું. તેમ જ સાકર તથા તેલ કે છાશ વધારે મળશે એમ ગણીને ત્યાં જવું નહિ.

(૨૬) ગાય અથવા ભેંસ સામેથી આવતી હોય અથવા ઘોડો, હાથી, સિંહ, વાઘ, વરૂ, બિલાડી, કૂતરું, ચિત્તો કે રીંછ સામેથી આવતા હોય તો અને નાનો રસ્તો હોય તો સીધા રસ્તાને છોડી દેવો.

(૨૭) રસ્તે ખાડો હોય, થાંભલો હોય, કાંટા હોય અથવા કાદવ હોય તો સીધા રસ્તાને છોડી દેવો.

(૨૮) ઘરનો પ્રવેશ ઢાંકી દેવામાં આવેલ હોય તો ઘરધણીની રજા લઈને તે રસ્તો જવા યોગ્ય કરવો.

(૨૯) સાધકની જાણ પ્રમાણે એક ઘરમાં શ્રમણ કે બ્રાહ્મણ આવેલ છે એમ ખબર હોય તો તેઓએ ત્યાં ઊભા ન રહેવું અને ઘરની સામે પણ ઊભા ન રહેવું.

(૩૦) બીજા માંગનારાની સાથે ભળી ન જવું. તેની સાથે ભાગ ન કરવો.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩૧) શ્રમણ કે બ્રાહ્મણ ઘરમાં દાખલ થયો હોય તેની અગાડી પડીને પોતે ઘરમાં ન જવું. પણ બીજાને ભિક્ષા મળી ગઈ હોય તો દાખલ થવામાં વાંધો નથી.

(૩૨) જ્યાં જનાવરને અનાજ નખાતું હોય, જ્યાં કાગડા મળ્યા હોય તે રસ્તે ન જવું, અન્ય રસ્તો હોય તો તે દ્વારા ચાલ્યા જવું, પણ સીધા તેમની સામે ન જવું.

(૩૩) ઘરધણી કે કોઈ જમતું હોય, તે ઠંડે પાણીએ હાથ ધૂએ, તો એ ભીના હાથે કાંઈ ન લેવું.

(૩૪) ધૂળવાળા હાથનું આપેલું કાંઈ પણ અનાજ કે વસ્તુ ન લેવા તેમ જ હાથે મસ લગાડેલ હોય, માટી લાગેલ હોય, ધુમ્મસ લાગેલ હોય, ધોળો ચાક લાગેલ હોય તો તે હાથે આપેલ વસ્તુ અપવિત્ર અને અસ્વીકાર્ય છે.

(૩૫) એઠા હાથે આપેલ વસ્તુ પણ એ કક્ષામાં આવે છે.

(૩૬) અનાજ મોટું અખંડ દાણાવાળું હોય અથવા જે અનાજમાં ઘણું થુલુ કે કચરો હોય અથવા જે સાધુ માટે દળવામાં આવેલ હોય તે અનાજ અપવિત્ર અને અસ્વીકાર્ય છે.

(૩૭) અગ્નિ પર રંધાતું અન્ન સાધુ કે સાધ્વી માટે અપવિત્ર અને અસ્વીકાર્ય છે.

(૩૮) થાંભલા પર રાખેલ કે પાલખ પર રાખેલ કે ઘોડા પર રાખેલ કે છત પર રાખેલ અનાજ અપવિત્ર અને અસ્વીકાર્ય છે. ગૃહસ્થ તેને નીચે ઉતારવામાં પડી જાય, તેને પગે ઇજા થાય, શરીરે વાગી જાય, માટે તેવું અનાજ ન લેવું. તે અસ્વીકાર્ય છે.

(૩૯) સાધક માટે ગરમ કરેલું અનાજ અથવા તે માટે વીંઝેલ અન્ન અથવા સૂપડામાં ઝાટકેલ અન્ન અપવિત્ર છે અને અસ્વીકાર્ય છે.

(૪૦) વનસ્પતિ ઉપર રહેલ અન્ન ન સ્વીકારવું તેમ જ જીવ પર રાખેલ કોઈ ચીજ ન લેવી.

(૪૧) જે જળ કરોળિયાના જાળામાંથી આવ્યું છે અથવા ઉઘાડી જમીનમાંથી આવેલ છે તે અપવિત્ર છે અને અસ્વીકાર્ય છે.

(૪૨) આંબાની કેરીનો રસ તથા દ્રાક્ષનો રસ, જંગલી ખજૂરનો રસ અને દાડમનો રસ સ્વીકારવો નહિ. તેમ જ વાંસનો રસ પણ ન સ્વીકારવો.

(૪૩) જે રસ ઘરધણીએ યાચક કે ભિક્ષુક માટે તૈયાર કરેલ હોય તે પણ ન સ્વીકારવો.

(૪૪) ઘરમાં અગર મઠમાં સાધુ જ્યારે ભિક્ષા લેવા ગયેલ હોય તે વખતે ઘરમાંથી વાસ આવે તો તેમણે વાસથી પરાઙ્‌મુખ થઈ ભિક્ષા લેવાને માટે કોઈ પ્રકારની ઇચ્છા નથી એમ કરવું.

(૪૫) સાધકે જે ચીજ તેવા ને તેવા આકારમાં હોય તો તેને સ્વીકારવી નહિ, પણ તેના ઉપર ચાકુ કે હથિયાર વડે ફેરફાર કરેલ હોય તો તે લેવી.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪૬) સાધકે કાચાં ફળ અથવા માત્ર તેનો લોટ કરેલો હોય પણ હજુ જેમાં બીયાંનો સંભવ હોય તે ન લેવાં.

(૪૭) પાકયા વગરના ચોખા (ભાત) સાધકે ન લેવા.

(૪૮) સાધકે કોઈ જાતની કાચી ચીજ ન લેવી.

(૪૯) સાધુને માટે તૈયાર કરેલ કોઈ ચીજ સાધકે ન સ્વીકારવી.

(૫૦) કોઈ નજીકનો અથવા દૂરનો સગો કોઈ ગામમાં રહેતો હોય તો તેને ઘેર ચીજ લેવા ન જવું; અને તેવા ઘરમાં પણ દાખલ ન થવું; અને તેને ત્યાંથી ખોરાક કે પાણી ન લેવાં.

(૫૧) પરોણા માટે તૈયાર થતો ખોરાક પોતાને મળે તેવી માગણી ન કરવી.

(૫૨) સારી સુગંધ આવે તેવો ખોરાક જ માત્ર ખાવો અને ખરાબ ગંધવાળો ખોરાક ન ખાવો એવું સાધકે કરવું નહિ. એ પાપી હકીકત છે.

(૫૩) આણેલ અન્ન પોતાની સાથેના અન્ય સાધકોને પૂછયા સિવાય અન્યને આપવું નહિ.

(૫૪) સારું પસંદ આવે તેવું ખાવું અને બાકીનું ન પસંદ પડે તે બીજા સાધુઓને કે ગુરુને આપવું તે પાપિષ્ઠ આચરણ છે.

(૫૫) સાધુએ બહુ ઠળિયાવાળી ચીજ ન લેવી.

(૫૬) આપનારનાં હાથ અને વાસણ (સચિત્તથી) ભીનાં ન હોવાં જોઈએ. (પહેલો નિયમ).

(૫૭) આપનારનાં હાથ અને વાસણ (અચિત્તથી) ભીનાં હોય. આમાં ચોખી ચીજ પવિત્ર હોય તે લેવી. (૨)

(૫૮) આપનારનાં હાથ (અચિત્તથી) ભીના હોય અને વાસણ (સચિત્તથી) ભીનાં ન હોય (૩) તો ખપે એવી ચીજ લઈ શકાય.

(૫૯) જાડા થયેલ અનાજ વોરી શકાય. એને જરા સાફ કરવાનું હોય તો તે કરવું (૪).

(૬૦) આપનારનો હાથ ચોખ્ખો હોય પણ વાસણ (અચિત્તથી) ભીનું હોય તો તે ચીજ લઈ શકાય. આ ભિક્ષાનો પાંચમો નિયમ છે.

(૬૧) જમીન પર ચીજ પડેલ હોય, પડી ગઈ હોય તે આપનારને હાથે (સચિત્તની) ભીનાશ ન હોય તો લઈ શકાય.

(૬૨) આપનારને હાથ પરની (સચિત્તની) ભીનાશ તદ્દન સૂકાઈ ગયેલી હોય તો તે ચીજ લઈ શકાય. છઠ્ઠો નિયમ.

(૬૩) બેપગા કે ચોપગા જનાવર, શ્રમણ અથવા બ્રાહ્મણને જે ચીજ ન જોઈતી હોય અથવા પરોણા માટે અથવા ગરીબગુરબા માટેની જે ન હોય તે સાધુ લઈ શકે. સાતમો નિયમ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૬૪) આ સર્વ જ્ઞાની મહારાજે બતાવેલ પિંડના નિયમો છે.

બીજા શ્રુતસ્કંધના પિંડૈષણા નામના પ્રથમ અધ્યયનના અગિયાર ઉદ્દેશક છે.

## અગિયારમું અધ્યયન 'શય્યૈષણા'

**શય્યા**—બીજા શ્રુતસ્કંધના બીજા અધ્યયનનું નામ છે શય્યા. એમાં નીચેની હકીકત આવે છે :

(૧) જો કોઈ સાધકને રહેવા માટે જગા જોઈતી હોય અને તે જગામાં ઈંડા હોય અથવા જીવાત હોય અથવા કોઈ જીવતું પ્રાણી હોય, તો તેનો ઉપયોગ ધ્યાન, રાત્રિવાસ કે અભ્યાસ માટે ન કરવો.

(૨) જો સ્થાન તેના આપનારે ચોરીને કે લૂંટીને લીધેલ હોય અથવા કોઈ ભવનું પાપ કરીને લીધેલ તો ધ્યાન માટે તેનો ઉપયોગ ન કરવો.

(૩) જ્યાં સાથી સાધુ ઊતરેલ હોય અથવા જ્યાં ઘણા બ્રાહ્મણ કે ભિક્ષુક અથવા પરોણા અથવા ગરીબ માણસો રહેતા હોય તેવા સ્થાને પણ ન રહેવું.

(૪) સાધુ માટે જગાને ચૂનો દેવરાવ્યો હોય અથવા ત્યાં ઘાસ પથરાવ્યું હોય અથવા નાનાં બારણાંને મોટાં કરાવેલાં હોય તો તે જગ્યા રહેવા માટે ન વાપરવી.

(૫) જે જગ્યામાં ઘણાં ડીંટિયાં હોય, અથવા જેમાં ઘણાં મૂળિયાં હોય, અથવા પાંદડાં કે ફૂલો વધારે હોય અથવા ફળ કે મૂળ હોય અથવા ઘાસ હોય તો રહેવા માટે તે જગ્યા વાપરવી નહિ.

(૬) ઉપરને માળે ન રહેવું તેમ જ જમીનની અંદર ન રહેવું. અથવા થાંભલા પર બનાવેલ મુકામમાં ન રહેવું (અસાધારણ સંયોગો ન હોય તો). કદાચ રહેવું પડે તો તે સ્થાને હાથ, પગ, દાંત અથવા આંખ ધોવાં નહિ. અથવા ત્યાં વડીનીતિ કરવા જવું નહિ, ત્યાં પડી જાય તો હાથ પગ ભાંગે, તેથી તે જગ્યા ઉતારા માટે પણ ન વાપરવી.

(૭) જે જગ્યાએ બાળકો, સ્ત્રીઓ હોય, જનાવરો, ખોરાક અથવા પાણી ભરેલ હોય, તેવી જગ્યાએ સાધકે ન રહેવું.

(૮) ઘરધણીના વપરાશમાં હોય તે જગ્યા વસતિ માટે ન વાપરવી. તેને બૈરી સાથે તકરાર થાય તેમાં સાધકથી ભાગ ન લેવાય. અથવા ઘરધણી અગ્નિ સળગાવે કે બુઝાવે એવું સાધુથી ન વિચારાય.

(૯) ઘણાખરા ઘરધણીઓ ચોખ્ખાઈવાળા હોય છે અને સાધુ તો કદી નહાતા નથી એટલે અચોખ્ખાઈવાળા હોય છે. તેઓના શરીર પર ગંધ પણ હોય અને કોઈ વાર ઘણી ખરાબ દુર્ગંધ હોય. આ કારણે તેઓ તિરસ્કરણીય થઈ પડે. અને ન કરતા હોય તે કામ કરે અથવા કરતાં હોય તે ન કરે. એટલા માટે જ્યાં ઘરધણી રહેતો હોય ત્યાં ન રહેવું.

(૧૦) જ્યાં ઘણા સંન્યાસીઓ રહેતા હોય તેવા સ્થાનકે ન રહેવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧૧) સામાન્ય રમતગમતની જગ્યા તરીકે વપરાતું હોય ત્યાં ઉતારો ન કરવો, કારણ કે તે જગ્યા લાયક નથી.

(૧૨) સૂવા માટેની પાટ ઇંડા વગરની હોય અથવા તેમાં જીવાત ન હોય, પણ તે તોલમાં ભારે હોય તો તે સૂવા માટે વાપરવા લેવી નહિ.

(૧૩) જે પાટ ઇંડા અને જીવાતથી રહિત હોય, હલકી હોય પરંતુ દેનાર પાછી લેવા ન ઇચ્છતો હોય તો તે પાટ સૂવા માટે ન લેવી.

(૧૪) સૂવાની પાટ ઇંડા વગરની અને જીવાત વગરની હોય અને હલાવી ચલાવી શકાય એવી હોય અને દેનાર પાછી લેવા તૈયાર હોય, પણ સારી રીતે બાંધેલી (મઢેલી) ન હોય તો તેવી પાટ સૂવા માટે ન લેવી.

(૧૫) પહેલા પ્રકારની પાટનો સ્વીકાર કરવાથી 'સંયમવિરાધના' થાય છે એટલે અંકુશનો અટકાવ થાય છે, બીજામાં 'આત્મવિરાધના' (જે પાટને ઉપાડે તેની વિરાધના) થાય છે. ત્રીજામાં 'તત્પરિત્યાગ' અને ચોથામાં 'બંધનપલિમંથ' (એટલે દોરડાઓનું પરસ્પર સંઘર્ષણ).

(૧૬) જ્યાં ઘરધણી અને ધણિયાણી એકબીજાનું શરીર દાબતા હોય તેવા ઘરમાં ન રહેવું.

(૧૭) જ્યાં ઘરધણી અને તેની ધણિયાણી એકબીજાનું શરીર ધોતા હોય એવા ઘરમાં રહેવું યોગ્ય નથી.

(૧૮) ઇંડા અને જીવ વગરની પાટ ન મળે તો આખી રાત બેસી રહેવું.

આ બીજા મહાશ્રુતસ્કંધના બીજા અધ્યયનનાં ત્રણ ઉદ્દેશક છે.

પંડક એટલે નપુંસક. એટલે, શય્યા સ્ત્રી, પશુ અથવા નપુંસક વગરની ચોખ્ખી હોવી જોઈએ.

## બારમું અધ્યયન 'ઈર્યા'

**ઈર્યા**—આચારાંગના બીજા મહાશ્રુતસ્કંધનું ત્રીજું અધ્યયન ઈર્યા નામનું છે તેમાં નીચેની મતલબની હકીકત આવે છે :

(૧) ઈર્યા એટલે હાલવું ચાલવું. રસ્તા ઓળખાય તેવા ન હોય અને ચોમાસું બેસી ગયું હોય, રસ્તે બીજ પડ્યાં હોય, ત્યારે સાધકે એક ગામથી બીજે ગામ ભટકવું નહિ, પણ ચાતુર્માસમાં એક જગ્યાએ સ્થિર રહેવું.

(૨) જ્યાં ઘણા પરોણા કે બ્રાહ્મણ આવે તેવું હોય તેવી જગ્યાએ શિયાળામાં પણ દાખલ થવું કે રહેવું નહિ.

(૩) પણ જે ગામમાં ધ્યાન માટે મોટી અને પૂરતી જગ્યા મળતી હોય અને જ્યાં બહુ બ્રાહ્મણો કે પરોણાઓ આવે તેવું ન હોય અને જ્યાં પોતાને રહેવાની સર્વ શરતો બરાબર સંતોષાતી હોય ત્યાં રહેવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪) રસ્તે જીવાત ઘણી હોય તો ચોમાસા પછી પણ પાંચદશ દિવસ સુધી ગામે-ગામ ભટકવું નહિ.

(૫) પણ જીવાત ન હોય અને બ્રાહ્મણો વગેરે ચાલવા લાગ્યા હોય તો તેમણે સાવધાનીથી ચારે બાજુ નજર રાખી ચાલવું.

(૬) ચાર વામ નજર રાખી જીવ ન હોય ત્યાં ચાલવું. ટૂંકો રસ્તો હોય તે પકડી લેવો અને સીધે રસ્તે ન જવું. તેમણે નજર રાખીને એક ગામથી બીજે ગામ જવું. વામ એટલે હાથનો આગળનો ભાગ.

(૭) રસ્તામાં જીવાત, બીજ, ઘાસ, પાણી કે કાદવ હોય તો સીધા ન જવું. ધ્યાન રાખીને ચાલવું. ટૂંકે માર્ગે જવાનો વાંધો નથી.

(૮) રસ્તે ચોર, લૂંટારા, મ્લેચ્છ કે અનાર્ય લોકો હોય તો તે માર્ગે ઈરાદાપૂર્વક ન જવું, અથવા અર્ધસુધરેલ માણસ હોય તો તેવે માર્ગે પણ ન જવું.

(૯) એનું કારણ એ છે કે પોતાનો પહેરવેશ ચોરાઈ જાય અથવા અજ્ઞાન લોકોને હાથે માર ખાવો પડે, અને સાધુને જાસુસ કે ચોર ધારી મારી બેસે.

(૧૦) જ્યાં એક રાજા ન હોય કે ઘણા રાજા હોય કે સારું રાજ્ય ન હોય તો તેવા ગામે ન જવું, નબળી સરકારનું પણ એ જ પ્રમાણે સમજવું.

(૧૧) જે જંગલ વટાવતાં બે, ચાર, પાંચ કે વધારે દિવસ થાય તેવું હોય તો તેવી જગ્યાએ ન જવું, બીજે ગામ જવું.

(૧૨) પાણીમાર્ગ હોય તો અને બોટમાં બેસીને સામે કાંઠે જઈ શકાય તેવું હોય તો ઘરધણીએ પોતા માટે ખરીદેલ બોટમાં ન બેસવું.

(૧૩) પાણીમાં એક પગ રાખવો, બીજો પગ હવામાં રાખવો અને ખૂબ ઉપયોગ રાખી સાવધાનીથી પાણીમાં ચાલવું.

(૧૪) હોડીના આગળના કે પાછળના ભાગમાં ન બેસવું, વચ્ચે પણ ન બેસવું. હાથ જોડીને ચારે તરફ જોયા વગર શાંતિથી બેસવું.

(૧૫) બોટવાળો બોટ કે હલેસાં ચલાવવાનું કહે તો તે ચલાવવા નહિ. એવી માગણીનો સ્વીકાર ન કરવો.

(૧૬) પાણીને અડવાનું બોટવાળો કહે તો તેનો સ્વીકાર ન કરવો.

(૧૭) અને બોટને પડેલું કાણું પોતાના હાથથી બૂરવાનું કહે તો તે માગણીનો સ્વીકાર ન કરવો.

(૧૮) અને બોટમાં પડેલ કાણાને સુધારવાનું બોટવાળાને કહેવું નહિ, પણ ચારેબાજુ દેખરેખ રાખી ઉપયોગપૂર્વક મુસાફરી પૂરી કરવી.

(૧૯) બોટવાળો છત્રી કે વાટકો કે ઠામવાસણ પકડી રાખવાનું કહે તો તેની માગણીનો સ્વીકાર કરવો નહિ, પણ વગર બોલ્યા જોયા કરવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨૦) રાત્રે કે સંધ્યા વખતે બારણું ઊઘાડું રાખીને કુદરતી હાજતે સાધક જાય, તે તક લઈને કોઈ ચોર ઘરમાં પ્રવેશ કરે તો અમુક ચોરને ચોરી કરનાર તરીકે બતાવવો એ સાધકને માટે સારું નથી અને કોઈ વાર ઘરધણી સાધુને પણ ચોર ધારે. એટલા માટે એવા ઘરમાં ન રહેવું.

(૨૧) જ્યાં ઘણા સાધુ કે બાવાઓ ઊતરતા હોય હોય ત્યાં એક માસથી વધારે ન રહેવું.

(૨૨) જ્યાં કોઈ માણસ ન ઊતરતો હોય તેવી જગ્યાએ રહેવું તે પાપ છે.

(૨૩) સાંજે કે મોડું થયા પછી કોઈ નાના મુકામમાં ઊતરવાનું થાય તો પ્રથમ પોતાનો હાથ મૂકવો. ત્યારપછી તેમાં પગ મૂકવા, અને ત્યાર પછી ઉપયોગ રાખીને એવી જગ્યામાં દાખલ થવું કે એ જગ્યા છોડવી.

(૨૪) જે ઘરધણીનું નામ કે ગોત્ર સાધક જાણતો હોય તેના ઘરનો ખોરાક ન લેવો, આમંત્રણ મળે તો પણ ન લેવો; કારણ કે એ ખોરાક અપવિત્ર છે અને અસ્વીકાર્ય છે.

(૨૫) જે ઘરને ઘરધણી વાપરતો હોય અને જેમાં પાણી કે અગ્નિ હોય તો ધ્યાન માટે એવા ઘરમાં ન રહેવું.

(૨૬) જે ઘરનો રસ્તો ઘરધણીના ઘરમાં થઈને જતો હોય અથવા જે ઘરમાં પેસવાનો માર્ગ જ ન હોય તો ધાર્મિક ધ્યાન માટે તે જગ્યાએ જવું નહિ.

(૨૭) જ્યાં ઘરધણી અને તેની સ્ત્રીને કલહ થતો હોય તે ઘરમાં રહેવું યોગ્ય નથી.

(૨૮) જ્યાં ઘરધણી અને તેની સ્ત્રી અરસપરસનાં અંગોપાંગને ઘી, તેલ કે માખણથી માલિસ કરતા હોય તે ઘરમાં ન જવું.

(૨૯) જ્યાં ઘરધણી કે તેની સ્ત્રી નગ્ન ફરતાં હોય તે ઘરમાં સાધકે ન ઉતરવું.

(૩૦) ગામમાં કુદરતી હાજત માટે જગ્યા ક્યાં છે તે પ્રથમ જોઈને ઉતારા માટે કે રહેવા માટે જગ્યા પસંદ કરવી.

(૩૧) અન્યના શરીરને કે શય્યાને સ્પર્શ થાય તેમ ન થવા દેવું.

(૩૨) થૂંકતાં, ઉધરસ ખાતાં કે ખૂબ દીર્ઘ શ્વાસ લેતાં કે કાઢતાં કે ઊલટી કરતાં પોતાનું મુખ ઢાંકવું.

(૩૩) રહેવાની જગ્યા સરખી હોય કે ન હોય, પવનના સુસવાટાવાળી કે તે વગરની હોય અથવા ધૂળવાળી કે તે વગરની હોય અને ગમે તેવી જગ્યા મળે તેમાં ઉપયોગપૂર્વક રહેવું અને તે બાબત મનમાં પણ ખરાબ ન લગાડવું.

(૩૪) રસ્તામાં સાધકને ભીંત કે ખાપો જોવા મળે અથવા પહાડ પર બાંધેલાં ઘર મળે અથવા રાજમહેલ અથવા જમીનની અંદર ભોંયરાવાળા ઘર મળે કે ઝાડમાં કરેલ ઘર મળે અથવા પહાડની ગુફાઓ મળે અથવા પવિત્ર ઝાડ મળે અથવા સુંદર થાંભલા કે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કામ કરવાનું કારખાનું મળે, તો તેની સામે નજર ન કરવી, પણ આડા હાથ ધરીને રાખવા અને એક ગામથી બીજે ગામ ઉપયોગપૂર્વક જવું.

(૩૫) સાધકને માર્ગમાં ભીનાશવાળી જગ્યા મળે અથવા ચરવાની જગ્યા મળે કે ખાડી મળે અથવા ગઢ કરેલી જગ્યા મળે અથવા જંગલ મળે અથવા જંગલમાં કિલ્લાઓ દેખાય અથવા લાકડાં દેખાય, પર્વતો દેખાય, અથવા નદીમાં સરોવર અથવા કમળનાં સરોવર મળે તો તેણે તે જોવા નહિ, પણ હાથ તેની સામે ધરીને હાથને જોવા અને ઉપયોગપૂર્વક માર્ગે ચાલવું.

(૩૬) હરણ, જનાવર, પક્ષી, સર્પ પાણીમાં રહેલા હોય અથવા હવામાં રહેતાં હોય તે ઈજા પામે, તેમને બીક લાગે તો બખોલમાં સંતાઈ જાય અથવા કોઈ બીજી જગ્યાનો આશ્રય લે. તેટલા માટે સાધકે તે ચીજ સામે ન જોવું. અને હાથ આડો ધરવો.

(૩૭) ગુરુ કે આચાર્યનો હાથ ઝાલીને રસ્તે ન ચાલવું.

(૩૮) રસ્તે ગુરુ સાથે જતાં બીજા મુસાફર મળે અને તેઓ સવાલ પૂછે કે તમે ક્યાંથી આવો છો? અથવા તમે કોણ છો? અથવા તમે ક્યાં જાઓ છો? ત્યારે ગુરુ એનો જવાબ આપે. પણ ગુરુ તેવા મુસાફર સાથે વાત કરતા હોય ત્યારે તેમની વાતમાં ભળવું નહિ.

(૩૯) રસ્તે મુસાફરો મળે અને પૂછે કે તમને રસ્તે ફલાણો માણસ મળ્યો? તો તે માણસ હોય અથવા ગાય હોય કે ભેંસ હોય અથવા જનાવર કે પક્ષી હોય કે સર્પ કે જળચર પ્રાણી હોય, પણ સાધકે તેનો જવાબ ન આપવો અને તે પ્રાણીને બતાવવું નહિ અને જાણતા છતાં નથી જાણતા એમ પણ ન કહેવું અને ઉપયોગપૂર્વક એક ગામથી બીજે ગામ જવું.

(૪૦) પાણીની વનસ્પતિ, મૂળિયાં, છાલ કે પાંદડાં અથવા ફૂલ કે ફળને માટે એ રીતે કાંઈ જવાબ ન દેવો.

(૪૧) અને ગાડાં, અનાજનાં ગાડાં કે ગાડી માટે પણ કાંઈ જવાબ ન આપવો.

(૪૨) અને ગામ કેવડું મોટું છે તેનો પણ જવાબ ન આપવો અથવા ગામ કેટલું દૂર છે તેનો પણ જવાબ ન આપવો.

(૪૩) તોફાની ગાય વિહાર દરમ્યાન સામેથી આવતી હોય તો તેનાથી ગભરાવું નહિ, બીજો રસ્તો ગભરાટને લઈને લેવો નહિ કે ઝાડ પર ચઢી જવું નહિ પણ ઉપયોગ રાખી આગળ વધવું.

(૪૪) રસ્તે જંગલમાં ચોર હોય તેની બીકે આડે રસ્તે ન જવું.

(૪૫) ચોર કપડાં કે બીજી કોઈ ચીજ માગે તો તે આપવી નહિ અથવા નીચે મૂકવી નહિ અથવા એની પાસે દયાની વિજ્ઞપ્તિ કરવી નહિ.

જૈન સાઈટ JAINSITE.com જનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪૬) પછીના ગામમાં જઈ ફરિયાદ ન કરવી. રાજા પાસે તે માટે ફરિયાદ કરવા ન જવું અથવા તે સંબંધી બીજા પાસે બોલવું નહિ, પણ ઉપયોગપૂર્વક વર્તવું.

આ બીજા શ્રુતસ્કંધના ત્રીજા ઈર્યા નામના અધ્યયનના પણ ત્રણ ઉદ્દેશક છે. આવી મતલબનું ત્રીજું અધ્યયન આ દ્વિતીય મહાશ્રુતસ્કંધનું છે.

## તેરમું અધ્યયન 'ભાષાજાત'

**ભાષા:** 'ભાષાજાત' નામનું આ દ્વિતીય શ્રુતસ્કંધનું ચોથું અધ્યયન છે. તેની વાત નીચેની મતલબની છે.

(૧) ભાષામાં ખૂબ ઉપયોગ રાખવો. કોઈને છેતરવા કે પોતાને લાભ કરવા કાંઈ બોલવું નહિ. કોઈ ઠપકાને પાત્ર થાય તેવું ન બોલવું. તેઓ પોતાની બુદ્ધિનો ઉપયોગ કરે તો કેટલીક વસ્તુ જરૂર થવાની છે અને કેટલીક થવાની નથી, એ જાણી શકે, અમુક માણસ આવશે કે નહિ તે જાણી શકે.

(૨) પણ બોલતી વખતે સંયમ રાખવો. એકવચન, દ્વિવચન, બહુવચનમાં અને નર, નારી, નાન્યતરજાતિનો વિવેક રાખવો. વખાણ કરવા, ઠપકો આપવો તેમાં પણ વિવેક રાખવો. સાધકે જરૂર હોય ત્યાં પોતા માટે એકવચનમાં બોલવું, જરૂર પડે ત્યાં બહુ-વચનમાં પણ બોલવું. સ્પષ્ટતાથી પોતાની જાત પર અંકુશ રાખીને બોલવું.

(૩) ચાર જાતની વાણી છે: (૧) સત્ય, (૨) અસત્ય, (૩) સત્યમૃષા—સત્ય અને અસત્યનું મિશ્રણ, (૪) જે સાચું પણ ન હોય અને અસત્ય પણ ન હોય તે અસત્યામૃષા.

(૪) અસત્ય વચન અને સત્ય-અસત્યના મિશ્રણરૂપ વચન પણ કદી બોલવું જ નહિ.

(૫) સારી રીતે વિચાર કરીને જો લાગે કે તે પાપવચન છે તો સત્ય વચન પણ ન બોલવું. ઠપકાને પાત્ર હોય તો તેવું વચન ન બોલવું. તે જેમતેમ બોલાયલું હોય તો તે પણ ન બોલવું. પાપ તરફ લઈ જનારું હોય તો તેવું વચન પણ ન બોલવું. કોઈ જીવને હણે તેવું વચન હોય તો તે પણ ન બોલવું.

(૬) એટલે અસત્યામૃષાવાણીરૂપ વચન (હુકમ) જરૂરી બોલવું. તોળી તોળીને જરૂરી હોય તેટલું સ્પષ્ટ રીતે બોલવું.

(૭) કોઈને 'નીચ' કે 'હલકા કુળમાં જન્મેલ' એમ ન કહેવું. કોઈને ક્ષુદ્ર ન કહેવો, કોઈને કૂતરો ન કહેવો, કોઈને નિમકહરામ ન કહેવો, કોઈને ચોર ન કહેવો.

(૮) 'ભાઈ' 'લાંબા આયુષ્યવાળા' કે 'ધર્માત્મા' એવા શબ્દ વાપરીને કોઈને બોલાવવો.

(૯) સ્ત્રીને પણ યોગ્ય શબ્દથી બોલાવવી, પણ તેને તોડી ન પાડવી.

(૧૦) સ્ત્રીને બોલાવતાં તે જવાબ ન આપે તો તેને 'આયુષ્મતી! બહેન! બાઈ' એવા મીઠા શબ્દથી ફરીવાર બોલાવવી.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧૧) વરસાદ આવો, આકાશના દેવો વરસાદ વરસાવો, અથવાં અનાજ પાકો, કે સૂર્ય ઊગો, અથવા સૂર્ય ન ઊગો, રાત પડો કે ન પડો, એવું બોલવું નહિ.

(૧૨) પણ વાદળાં ચઢયાં છે, વરસાદ થયો છે એવું બોલી શકાય.

(૧૩) કોઈમાં દર્દ જોઈને તેને કોઢ થયો છે કે તેને ગૂમડાં થયાં છે અથવા તેનું શરીર કપાઈ ગયું છે કે તેના હાથ કપાઈ ગયા છે એવું ન બોલાય.

(૧૪) ભીંત, કિલ્લો કે ખાઈ જોઈને તેને સારી રીતે તૈયાર કરવામાં આવ્યાં છે એમ સાધક ન બોલે.

(૧૫) ખોરાકને જોઈને તે સારી રીતે તૈયાર કરવામાં આવેલ છે, એ સરસ ખોરાક છે, આવી પાપભાષા સાધકે અર્થાત્ સાધુ-સાધ્વીએ ન વાપરવી.

(૧૬) અમુક ખોરાક તૈયાર કરવામાં ઘણી મહેનત લેવામાં આવી છે, એ સ્વાદિષ્ટ છે, એમ સાધકે બોલવું નહિ. તે પાપ છે.

(૧૭) ગાય, ભેંસ, હરણ કે જનાવર કે પક્ષી અથવા સર્પને જોઈને તે સારું છે, મારી નાખવા યોગ્ય છે અથવા રાંધવા યોગ્ય છે એવું સાધકે ન બોલવું જોઈએ.

(૧૮) ગાય-ભેંસને જોઈ તે પુષ્ટ છે એમ સાધકે ન બોલવું.

(૧૯) ગાય કે ભેંસને શરીરે પુષ્ટ જોઈ તેના વખાણ ન કરવા કે તે દોહવા યોગ્ય છે એમ ન બોલવું. આવી પાપભાષા ન વાપરવી.

(૨૦) નાની ગાયને જોઈ તે ખૂબ દૂધ આપે તેવી છે એવી પાપી ભાષા સાધકે ન વાપરવી.

(૨૧) સારું ઝાડ બગીચામાં જોઈ તે મહેલને યોગ્ય છે એમ ન કહેવું; કે દરવાજાને યોગ્ય છે કે ઘરને યોગ્ય છે એવું સાધકે ન બોલવું.

(૨૨) ઝાડને સારું જોઈ તે સારું છે એમ બોલી શકાય.

(૨૩) જંગલી ફળોને જોઈને તે પાકી ગયાં છે અને રાંધવા યોગ્ય અથવા ખાવા યોગ્ય છે એમ સાધકે બોલવું નહિ.

(૨૪) અનેક જાતની વનસ્પતિને જોઈ તે પાકી ગયેલી અને ખાવા યોગ્ય છે એમ સાધકે ન બોલવું.

(૨૫) અવાજ સાંભળીને રાગ-દ્વેષથી તે સારો છે કે ખરાબ છે એવું સાધકે ન બોલવું. પણ રાગ-દ્વેષ વિના સારાને સારો અવાજ કહેવો. ખરાબને ખરાબ અવાજ કહેવો.

(૨૬) તે જ પ્રમાણે ખરાબ વાસ, સારી વાસ, ખરાબ રંગ, સારા રંગ માટે સમજી લેવું.

(૨૭) સ્પષ્ટતાથી બોલવું, ચોક્કસ મર્યાદિત શબ્દોમાં બોલવું, જરૂરી બોલવું અને અક્કલ વાપરીને બોલવું.

(૨૮) બહુ ઉતાવળું ન બોલવું. ઉપયોગપૂર્વક સંયમી ભાષાએ જરૂરી બોલવું.

આ બીજા શ્રુતસ્કંધના ચોથા ભાષાજાત અધ્યયનના બે ઉદ્દેશક છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ચૌદમું અધ્યયન 'વસ્ત્રૈષણા'

**અંબર** : આચારાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધનું પાંચમું વસ્ત્રૈષણા (પ્રાકૃતમાં વત્થેસણા) નામનું અધ્યયન છે. તેનો ભાવ નીચે પ્રમાણે છે :

(૧) સાધક ઊનનું બનાવેલ, રેશમનું બનાવેલ, શણનું બનાવેલ, તાડના પાંદડાંનું બનાવેલ, સૂતરનું બનાવેલ કે આકડાનું બનાવેલ કાપડ ગ્રહણ કરે.

(૨) સાધુ યુવાન મજબૂત બાંધાવાળો હોય તો તેણે એક કપડું જ પહેરવું; સાધ્વી હોય તો તેણે ચાર કપડાં પહેરવાં અને તેવાં કપડાં ન મળે તો બીજા કપડાંમાંથી લઈને સીવી લેવાં.

(૩) સાધુએ અથવા સાધ્વીએ કપડાં લેવાં માટે અડધા યોજનથી વધારે ન જવું.

(૪) પ્રથમ મહાશ્રુતસ્કંધના બીજા અધ્યયનમાં તે સંબંધી વિધિ કહ્યો છે તેનું અહીં પુનરાવર્તન કરવું.

(૫) સાધુને માટે ગૃહસ્થે ખરીદેલું કપડું તેણે લેવું ન ઘટે તેમ જ તેને માટે રંગેલ, ધોયેલ કે સાફ કરેલ, દાબેલ કે સુગંધી કરેલું કપડું ન લેવું, પણ તેની માલિકી આપનારની હોય અને આપનારના પોતાના માટે તે કપડું હોય તો તે લેવું.

(૬) સાધકે બહુ મૂલ્યવાન કપડું ન લેવું જેમ કે સૂક્ષ્મ મુલાયમ જરી ભરતવાળું કપડું. બહુ ઉત્તમ જાતવાળું, બહુ ઉત્તમ સૌંદર્યવાળું અથવા ઘેટાબકરાના વાળનું બનાવેલ અથવા સોનેરી જરીવાળું હોય એવું કપડું ન લેવું.

(૭) કપડાં લેવાની બાબતમાં કેટલાક નિયમો છે તે ધ્યાનમાં રાખવા.

(૮) કપડાંની જાત કહીને તે માગવું. તે ઊનનું છે કે રૂનું છે કે રેશમી છે કે શણનું છે એમ કહી તેની માગણી કરવી અને ઘરધણી તે આપતો હોય તો તે લેવું. તે પવિત્ર છે અને સ્વીકાર્ય છે.

(૯) જે કપડું પોતે સારી રીતે જોયેલ, તપાસેલ હોય તેને માગતાં ઘરધણી કે તેની સ્ત્રી તે આપે તો લેવું.

(૧૦) વસ્ત્ર સંબંધમા જાણી લે કે તે અંદર પહેરવા યોગ્ય છે કે ઉપર પહેરવા યોગ્ય છે.

(૧૧) બીજા સાધકે સ્વીકારેલ ન હોય અને વધેલ હોય તે કપડું સાધક માગે. આ પવિત્ર અને સ્વીકાર્ય છે.

(૧૨) આ ચારે નિયમ પ્રમાણે કપડાં લીધેલ હોય તો તે યોગ્ય છે. પણ તે નિયમ પ્રમાણે લેવાયેલ છે એમ બોલબોલ ન કરવું.

(૧૩) શ્રાવક પંદર દિવસ કે મહિના પછી આવવાનું કહે અથવા બીજે દિવસે આવવાનું કહે તો તે સાંભળીને સાધક કહે કે તુરત આપવું હોય તો આપો. પણ તે પર

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બીજું કપડું તેને ખરીદવું કે બનાવવું પડે તેવી વાત જો તે કરે તો તે કપડું અપવિત્ર અને અસ્વીકાર્ય છે.

(૧૪) કપડાને સાફ કરીને આપે કે દાબીને આપે તો તે કપડું ન લેવું પણ હોય તેમ ને તેમ આપે તો લેવું.

(૧૫) બીજા પાસે મંગાવેલ કપડું પણ અપવિત્ર છે, અસ્વીકાર્ય છે.

(૧૬) ઇંડા કે જીવાતથી ભરેલાં કપડાં ન લેવાં.

(૧૭) યોગ્ય, જરૂરી અને લાંબો વખત ટકે તેવું જ કપડું લેવું. પોતાનાં કપડાં બહુ પાણીમાં ધોવાં નહિ, છબછબાવવાં નહિ, ડાઘો સાફ કરવો નહિ.

(૧૮) કપડાંમાંથી ખરાબ વાસ આવતી હોય તો પણ પુષ્કળ પાણીથી ધોવાં નહિ.

(૧૯) કપડાંને જમીન પર હવાએ ન નાંખવા અને સૂકવવા નહિ.

(૨૦) કપડાંને લટકાવવાં નહિ અથવા બારણા ઉપર સૂકવવાં નહિ.

(૨૧) કપડાંને થાંભલા પર કે પરાજ પર સૂકવવાં નહિ.

(૨૨) એકાંત જગ્યાએ કપડાં સૂકવવાં અને ત્યાં ધૂળના ઢગલા પર કે રેતીમાં કપડાં સૂકવવાં.

(૨૩) કપડાં મળે તે જ આકારમાં અને તેવાં જ તેમને પહેરવાં. તેમને ડાઘ દૂર કરવા ધોવાં નહિ.

(૨૪) વરસાદ પડતો હોય તે વખતે કપડાં માગવા ન જવું.

(૨૫) કપડાંને રંગ ન લગાડવો અથવા લૂગડાં પર રંગ હોય તો તે સાફ ન કરવો.

(૨૬) રસ્તે ચોર મળે તો તેની બીકથી તેણે કપડાં ખાતર રસ્તો બદલવો નહિ. પણ પોતાનું ધ્યાન ચાલુ રાખવું.

(૨૭) ચોરો કપડાં આપવાનું રસ્તે કહે તો કપડાં સ્વયં આપી ન દેવાં.

આ પાંચમા અધ્યયનના બે ઉદ્દેશક છે.

## પંદરમું અધ્યયન 'પાત્રૈષણા'

**ભાજનૈષણા**—આચારાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધનું છઠ્ઠું અધ્યયન ભાજનૈષણા નામનું છે. ચીજો કેટલી અને કેવી લેવી તે તેનો વિષય છે. તેમાં નીચે પ્રમાણે હકીકત આવે છે. તેનો અહીં સાર આપ્યો છે. પ્રો. જેકોબી 'પત્તેસણા' અધ્યયન કહે છે. તે અર્ધમાગધી શબ્દ છે. પાત્રૈષણા સંસ્કૃતમાં બરાબર છે.

(૧) પાત્રનો ખપ હોય તો સાધક તે તુંબડાનું બનાવેલું કે લાકડાંનું બનાવેલું કે માટીનું બનાવેલું માગે.

(૨) જો તે જુવાન હોય તો તે પોતા પાસે એક જ પાતરું રાખે, બે નહિ.

(૩) પાતરું લેવા અરધા યોજનથી વધારે દૂર ન જવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪) પ્રથમ અધ્યયનમાં ચાર નિયમો કહ્યા છે. તે આને (પાત્રને) અંગે પણ જાળવવા.

(૫) સાધકને માટે ખરીદેલ પાતરું લેવું નહિ.

(૬) કોઈ મોંઘા મૂલ્યવાળું પાતરું હોય તો તે ન સ્વીકારવું. લોઢાનું કે ચાંદીનું અથવા સોનાવાળું કે તાંબાનું બનાવેલું પાત્ર કે મોતીનું બનાવેલું પાત્ર કે છીપનું બનાવેલું પાત્ર અથવા હાથીદાંતનું કે કપડાંનું કે ચામડાનું પાત્ર સાધકે ન લેવું, ન સ્વીકારવું.

(૭) ઉપર જે ચીજોનાં નામ લખ્યાં છે તે જ ધાતુનો પટ્ટો બનાવેલ પાત્ર ન સ્વીકારવું.

(૮) સાધક ઉપરની ત્રણ ચીજનું બનાવેલ પાત્ર માગે (તુંબડાનું, લાકડાનું કે માટીમાંથી બનાવેલ). ઘરધણી તેવું પાત્ર આપે તો તે સ્વીકારવું. તે પવિત્ર અને સ્વીકાર્ય છે. આ પાત્રસ્વીકારનો પ્રથમ નિયમ થયો.

(૯) ઘરધણી પાસે જે પાત્ર માગવાનું હોય તે ઘરધણી કે તેની ધણિયાણી પાસેથી જોવા માટે માંગવું. જોયા પછી તેની આપવા માટે માગણી કરવી. ઘરધણી જો તે માગણીનો સ્વીકાર કરે તો તે પાતરું પવિત્ર છે અને સ્વીકાર્ય છે. આ પાત્રસ્વીકારનો બીજો નિયમ થયો.

(૧૦) સાધક જે પાતરા માટે માગણી કરે તે ઘણાં લોકોએ કે એના પૂર્વના માલિકે વાપરેલ હોય તો તે પવિત્ર છે, સ્વીકાર્ય છે. આ પાત્રસ્વીકારનો ત્રીજો નિયમ થયો.

(૧૧) કોઈ પણ શ્રમણ કે ભિક્ષુકને ન જોઈતું હોય અને જે આપતાં વધેલ હોય તેવું પાતરું પોતાને આપવા માટે સાધક માગણી કરે. આ પવિત્ર અને સ્વીકાર્ય પાત્ર છે. પાત્રસ્વીકારનો આ ચોથો નિયમ થયો.

(૧૨) મહિના પછી પાત્ર આપી જવા ઘરધણી કહે તો તે અપવિત્ર અને અસ્વીકાર્ય છે.

(૧૩) અમુક પાત્ર તેલથી, ઘીથી કે સુગંધીથી ઘસીને આપવામાં આવે તો તે પાત્ર અસ્વીકાર્ય અને અપવિત્ર છે.

(૧૪) પોતાનો ખોરાક તેમાં તૈયાર કરીને પાતરું આપીશ એમ ઘરધણી કહે તો તે પાત્ર અપવિત્ર છે, અસ્વીકાર્ય છે.

(૧૫) પાત્રમાં કદાચ જીવાત હોય અથવા બીજક હોય અથવા ઘાસ હોય તો તેવું પાતરું ન લેવું એમ કેવળીએ કહ્યું છે.

(૧૬) કોઈના ઘરમાં ભિક્ષા લેવા જતાં પહેલાં જરજીવાત તપાસી તે વગરનું પાત્ર કરવું અને તે પર ધૂળ હોય તે કાઢી નાંખવી, લૂછી નાખવી.

(૧૭) પાત્રની જીવાત સાફ કરવાનું કારણ જીવહિંસા પાળવાનું છે. સાધકે ઉપયોગપૂર્વક આ કામ કરવું.

(૧૮) ઘરધણી પાસે ભિક્ષા માગવા જવું ત્યારે પાતરાં પોતાની સાથે લઈને જવું.

(૧૯) કદાચ વરસાદ આવે તો કપડાંની જતના કરવાનું કહ્યું છે તેમ પાતરાંની પણ ઉપયોગપૂર્વક જતના કરવી.

આ છઠ્ઠા પાત્રૈષણા અધ્યયનના બે ઉદ્દેશક છે, એ બીજા શ્રુતસ્કંધમાં આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## સોળમું અધ્યયન 'અવગ્રહપ્રતિમા'

**અવગ્રહ**—આ બીજા શ્રુતસ્કંધનું સાતમું અધ્યયન અવગ્રહપ્રતિમા નામનું છે. તેમાં નીચેની મતલબની વાત આવે છે. અવગ્રહ એટલે હદ-મર્યાદા, તે દ્રવ્યથી ક્ષેત્રથી કાળથી અને ભાવથી બને છે. પ્રો. જેકોબી આ અધ્યયનનું નામ 'ઓગ્ગહપડિમા' કહે છે, તે પ્રાકૃત શબ્દ છે.

(૧) 'હું શ્રમણ થઈશ. મારે ઘર કે મિલકત, દીકરા કે જનાવર નહિ હોય' આ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને ગામમાં પ્રવેશ કરતાં જ તેણે માત્ર અન્યનું જ આપેલું લેવું. જે સાધુની સાથે પોતે રહેતો હોય તેની છત્રી કે દાંડો ન લેવા; તેઓની રજા લઈને જ લેવા અને તે સાફ કરીને જોઈને ઉપયોગપૂર્વક લેવા. રજા વિના પોતાના ઉપયોગમાં ન લઈ શકે.

(૨) મુસાફરખાનામાં કે મુસાફર માટે રાખેલ હોલમાં તે ઘરધણીની રજાથી રહી શકે. ઘરધણીને કહે કે તેની પોતાની રજા હશે ત્યાં સુધી તે જગ્યામાં પોતે રહેશે અને પછી તે બીજે ગામ જશે.

(૩) જે પોતાના (તે સાધકના) નિયમને અનુસરતો હોય તેવા સાધુને ત્યાં બોલાવી શકે અને પોતાના ખોરાકમાં તેને ભાગ પડાવવાનું કહી શકે.

(૪) પગ રાખવાનું આસન, ખાટ કે બાંકડો પોતે ઘરધણી પાસેથી માગી લીધો હોય તે બીજા પોતાના ધોરણને અનુસરતા સાધુને આપી શકે, પણ બીજા કોઈ માટે તે ચીજ માગેલ હોય તો ન અપાય.

(૫) મુસાફરને રહેવાની જગ્યામાં રહીને ઘરધણી પાસે તે સોય માગી શકે અથવા પાતરું માગી શકે કે કાનખોતરણી માગી શકે અથવા નેરણી માગી શકે.

(૬) તે ચીજ પાછી આપતી વખતે તેને જમીન પર મૂકવી પણ હાથોહાથ ઘરધણીને હાથમાં ન આપવી.

(૭) ભીની જમીન ઉપર કોઈ ચીજ પડી હોય તે લેવી નહિ અથવા જમીન પર પડેલી કોઈ ચીજ ન લેવી અથવા ભીંત પરથી પડેલી કોઈ ચીજ ન લેવી અથવા ઝાડની ડાળી પરથી કોઈ ચીજ ન લેવી અથવા ઘરના બાળકો કે બૈરાં પાસેથી કોઈ ચીજ ન લેવી. અને ઘરધણી બૈરી સાથે લડતો હોય તો તેને ઘેર ન જવું. ઘરધણી અને એની સ્ત્રી પરસ્પર તેલ કે માખણથી શરીરને માલિશ કરતા હોય તો તે ઘરમાં જવું નહિ.

(૮) ઘરમાં વારંવાર અંદર ન જવું કે બહાર નીકળવું નહિ અને ઘરના માણસોને ત્રાસ ન આપવો.

(૯) આંબાવાડિયામાં સાધુ જાય તો તેના ધણી કે રખેવાળની રજા લઈને દાખલ થાય. કેરી પર ઇંડા કે જીવાત હોય તો તે કેરી ઉપયોગમાં લેવી નહિ.

(૧૦) જો તે કેરી ઇંડા કે જીવાત વગરની હોય, પણ ટોચેલી ન હોય તો તે કેરી ન લેવી. તે અપવિત્ર છે, અસ્વીકાર્ય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧૧) કેરીનો રસ કે કપતળાં ઇંડા કે જીવાતયુક્ત હોય તો તે ન ખાવાં. પણ તે ઇંડા, જીવાત વગરનાં હોય તો ખાઈ શકાય.

(૧૨) સાધક શેરડીના ખેતરમાં ઊતર્યો હોય તો ઊતરવા માટે ઉપર જણાવ્યું છે તે પ્રમાણે રજા માગવી. તેને શેરડી ખાવાની મરજી કે ઇચ્છા થાય તો કેરીના સંબંધમાં જે નિયમો ઉપર જણાવ્યા છે તે લાગુ પડે.

(૧૩) મુસાફરને રહેવાના સ્થાનનો સાધકને કબજો મળ્યા પછી તે ઘરધણી કે તેના પુત્ર પાસેથી કોઈ ચીજ લેવી નહિ. પણ નીચે બતાવેલા નિયમો ધ્યાનમાં રાખવા.

(૧૪) મુસાફરને રહેવાની જગ્યા માટે તે માગણી કરી શકે. આ પ્રથમ નિયમ છે.

(૧૫) બીજા સાધુઓ માટે પોતે જગ્યાની માગણી કરે તેમાં પોતાનો સમાવેશ થતો હોય તો સાધક ત્યાં રહી શકે. આ બીજો નિયમ થયો.

(૧૬) હું બીજા સાધુઓ માટે સ્થાનની માગણી કરીશ અને મળ્યા પછી પોતાને (મારે) માટે તે જગ્યા નહિ વાપરું.

(૧૭) બીજા સાધુઓ માટે જગ્યા હું નહીં માગુ, પણ બીજાને તે મળી હશે તો હું મારા માટે વાપરીશ. આ ચોથો નિયમ છે.

(૧૮) હું મારે એકલાને માટે જગ્યા માગીશ, બીજા એચાર માટે નહીં. આવો સાધકે નિશ્ચય કરેલ હોય એ પાંચમો નિયમ થયો.

(૧૯) સાધકને ઘર મળે તેમાં ઇક્કડ નામનું ઘાસ હોય તો તે તેને બિછાના તરીકે વાપરે, નહિ તો જમીન પર બેસી રહે. આ છઠ્ઠો નિયમ થયો.

(૨૦) સાધુને જે ઘરમાં રહેવા માટે રજા મળી હોય તેમાં પૃથ્વીશિલા, કાષ્ઠશિલા હોય તો તે તેમનો બિછાના તરીકે ઉપયોગ કરે, નહિ તો બેસી રહે. આ સાતમો નિયમ થયો.

આ સાતમા અધ્યયનના બે ઉદ્દેશક છે.

અહીં દ્વિતીય શ્રુતસ્કંધની પહેલી ચૂલા અથવા ચૂલિકા પૂરી થાય છે. ચૂલિકા એટલે પર્વતની એક હારમાળા. આવી ચૂલા આ શ્રુતસ્કંધમાં આવશે તે વિચારવી. આ બીજા શ્રુતસ્કંધના પહેલા અધ્યાયથી પ્રથમ ચૂલા શરૂ થઈ છે તે સાતમા અધ્યાયના બીજા ઉદ્દેશક સુધી ચાલી. ચૂડાનો બીજો અર્થ મોરના માથાની મધ્યશિખા થાય છે, અથવા શિરોભૂષણ પણ થાય છે. ઉપરની મેડીને પણ ચૂડા કે ચૂલા કહેવામાં આવે છે. ચૂડાનો ડુંગરનું શિખર એ અર્થ વધારે યોગ્ય છે, એમ મારું ધારવું છે. બીજી ચૂડા ત્યારપછી આવશે. તેમાં સાત અધ્યાય છે. (૧૧૬)

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આચારાંગસૂત્રનો વધુ પરિચય—

स्थाननिषद्याव्युत्सर्गशब्दरूपक्रियापरान्योऽन्याः ।
पञ्चमहाव्रतदार्ढ्यं विमुक्तता सर्वसङ्गेभ्यः ॥११७॥

**અર્થ**—ઠેકાણું, ધ્યાન કરવાનું સાધન (સ્થાનક), કુદરતી હાજત કરવાની જગ્યા, શબ્દની ક્રિયાઓ, રૂપની ક્રિયાઓ, પરક્રિયા, અન્યોન્ય ક્રિયાઓ, પાંચ મહાવ્રતનું દૃઢપણું અને સર્વ સંગ રહિતપણું. (૧૧૭)

હવે એ આચારાંગસૂત્રના બીજા શ્રુતસ્કંધના અધ્યયનોની શી વાત આવે છે, તે સંક્ષેપમાં જણાવી આ વિષય પૂરો કરવામાં આવશે.

સત્તરમું અધ્યયન 'સ્થાનસપ્તિકા'

**સ્થાન:** આચારાંગસૂત્રના બીજા શ્રુતસ્કંધના આઠમા અધ્યયનનું નામ ઠાણુસત્તિક્કય' અથવા સ્થાનસપ્તિકા છે. એમાં નીચેની અગત્યની બાબત આવે છે. અને અહીંથી બીજી ચૂલિકા શરૂ થાય છે. આ બીજી ચૂલિકા આઠમા અધ્યયનથી ચાલશે. તે ચૌદમાની આખર સુધી પહોંચશે.

(૧) પ્રતિમા વહન કરવા માટે ઇંડા અથવા જીવાતવાળી જગ્યા અપવિત્ર છે, અસ્વીકાર્ય છે.

(૨) પ્રતિમા વહન કરવા માટે યોગ્ય અને સ્વીકાર્ય જગ્યા માગવી. તે માટેના ચાર નિયમો ધ્યાનમાં રાખવા. તે નિયમો નીચે વાંચવાથી જણાશે.

(૩) 'હું નિરવદ્ય–જીવાતથી રહિત ભૂમિને પસંદ કરીશ અને તે જગાને ટેકો દઈને રહીશ. શરીરને જરા જરા હલાવીશ અને જરા હાલી ચાલીને હું ત્યાં ઊભો રહીશ.' આ પહેલો નિયમ થયો.

(૪) 'હું જીવરહિત ભૂમિને પસંદ કરીશ અને તેની સામે મારી જાતને ટેકો આપીશ. શરીરને જરા જરા હલાવીશ, પણ ચાલીશ નહિ. હું ત્યાં ખડો ઊભો રહીશ.' આ બીજો નિયમ થયો.

(૫) 'હું નિરવદ્ય જગા પસંદ કરીશ. અને તેને ટેકો આપીશ. શરીરની કોઈપણ સ્થિતિ અનુસાર હું ફરીશ નહિ અને જરાપણ હલીશ નહિ' આ ત્રીજો નિયમ થયો.

(૬) 'હું જીવરહિત જગ્યા પસંદ કરીશ, પણ તેને જરાપણ ટેકો નહિ દઉં. શરીરને પણ કોઈ સ્થિતિમાં હલાવીશ નહિ અને જરા પણ હાલીશ ચાલીશ નહિ. હું ઊભો રહીશ.' આ ચોથો નિયમ થયો.

આ આઠમા અધ્યયનનો માત્ર એક જ ઉદ્દેશક છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## અઢારમું અધ્યયન 'નિષીધિકાસપ્તિકા'

**નિષદ્યા**—શ્રી આચારાંગસૂત્રના બીજા શ્રુતસ્કંધનું નવમું અધ્યયન નિષીધિકા નામનું છે. તેમાં નીચે જણાવેલી વાત આવે છે. અહીં બીજી ચૂલિકા છે.

(૧) જ્યારે અભ્યાસ માટે જગ્યા જોઈતી હોય તો ઇંડા કે જીવાતવાળી જગ્યા ન લેવી, કારણ કે તે અપવિત્ર અને અસ્વીકાર્ય છે, પણ તે જગ્યા ઈંડા કે જીવાત વગરની હોય તો તે સ્વીકારવી, કારણ કે તે પવિત્ર અને સ્વીકાર્ય છે.

(૨) અગાઉ પાટ સંબંધી વાત આવેલી છે તેનું આ સ્વીકારમાં પુનરાવર્તન કરવું.

(૩) બે, ચાર કે પાંચ સાધુ મળી અભ્યાસ માટે જગ્યા લે તો તેઓએ અરસપરસ દાંત કચકચાવવા નહિ, તેમ એકબીજાના શરીર ઘસવા નહિ.

આ નવમા નિષીધિકા અધ્યયનનો માત્ર એક જ ઉદ્દેશક છે.

## ઓગણીસમું અધ્યયન 'ઉચ્ચાર-પ્રસ્રવણસપ્તિકા'

**વ્યુત્સર્ગ**—આચારાંગસૂત્રના બીજા શ્રુતસ્કંધના દશમા અધ્યયનનું નામ ઉચ્ચાર-પ્રસ્રવણ છે. આ પણ બીજી ચૂલિકાના વિભાગ તરીકે ચાલુ છે. તેમાં નીચે જણાવેલ મતલબની વાત આવે છે—

(૧) સાધુ કે સાધ્વીએ પોતાની પાસે સાવરણી ન હોય તો તે બીજા સાથેના સાધુની પાસેથી માગી લેવી.

(૨) જે જમીન પર ઈંડા કે જીવાત હોય તેવી જગ્યાએ કુદરતી હાજતે ન જવું, પણ જમીન ઇંડા કે જીવાત રહિત હોય તે સ્થાન પર કુદરતી હાજતે જવું.

(૩) તે જગ્યાના માલિકે પોતાની સાથેના સાધુઓ માટે કે સાધ્વીઓ માટે જીવોનો ઘાત કરી તે જગ્યા બનાવી હોય તો તેની જગ્યામાં કુદરતી હાજતે ન જવું; આવી જગ્યા તે કામ માટે જુદી કાઢવામાં આવી હોય કે ન હોય તો પણ.

(૪) જો તે જગ્યા બીજાને માટે રાખેલ ન હોય તો તે જગ્યા પોતાની હાજત માટે ચોતરફ તપાસ કરીને વાપરવી.

(૫) સાધકને માટે ઘરધણીએ ખાસ હાજત માટે તૈયાર કરેલી જગ્યા તે કામ માટે ન વાપરવી. તૈયાર કરાવેલ જગ્યા તે માટે હોય તો પણ ન વાપરવી. લશ્કર માટે તે જગ્યા વપરાતી હોય તો હાજત માટે ન વાપરવી. તે જગ્યામાં ઘાસ હોય તો તે હાજતને માટે ન વાપરવી. સુધારેલી કે સુગંધ કરેલી જગ્યા પણ હાજતને માટે ઉપયોગમાં ન લેવી.

(૬) ઘરધણી કે તેના છોકરા આવતા જતા હોય અથવા બીજ કે ગાંઠો કે મૂળિયાં ફેરવતાં હોય, દૂર લઈ જતાં હોય તો તે જગ્યા ન વાપરવી.

(૭) સાધકે થાંભલા પર હાજતે ન જવું. તે જ પ્રમાણે બાંકડા કે પાલખ અથવા અર્ધપાટ પર અથવા ઘરના મિનારા કે છાપરા પર હાજતે ન જવું.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૮) ખાલી જમીન પર કે ભીની જમીન પર હાજતે ન જવું, તેમ જ ધૂળવાળી જગ્યાએ કે પથ્થરની શિલા પર હાજતે ન જવું, તેમ જ જે માટીમાં જીવ હોય તેના પર હાજતે ન જવું, તેમ જ જીવાતવાળા લાકડામાં અથવા કોઈપણ ચીજમાં જીવાત હોય તે પર હાજતે ન જવું.

(૯) જે સ્થાને ઘરધણીએ ચોખા વાવ્યા હોય, વાવતા હોય કે વાવવાના હોય તે જગ્યાએ કુદરતી હાજતે ન જવું.

(૧૦) જ્યાં વાસીદાના ઢગલાઓ હોય તે સ્થાને કુદરતી હાજતે ન જવું, તેમ જ કાદવવાળું સ્થાન હાજત માટે ન વાપરવું.

(૧૧) ગરમ જગ્યાએ હાજતે ન જવું અથવા જ્યાં પંખીઓના માળા ઘણા હોય તે સ્થાન પર કુદરતી હાજતે ન જવું.

(૧૨) જે જગ્યા પર આપઘાત થયેલ હોય ત્યાં કુદરતી હાજતે ન જવું.

(૧૩) બગીચામાં, ખડક પર, લાકડામાં અથવા જંગલમાં કુદરતી હાજત ન કરવી.

(૧૪) મિનારા પર, રસ્તા પર, બારણાં પર કે શહેરના દરવાજા પર કુદરતી હાજતે ન જવું.

(૧૫) જ્યાં ત્રણ કે ચાર રસ્તા ભેગા મળતા હોય તે સ્થાને કુદરતી હાજત માટે ન જવું.

(૧૬) કોલસા અથવા દારૂ બનતો હોય તે સ્થાને કુદરતી હાજતે ન જવું.

(૧૭) નદી નજીક પવિત્ર સ્થાન હોય ત્યાં કુદરતી હાજત માટે ન જવું.

(૧૮) જ્યાં તાજી નવી માટી નીકળતી હોય અથવા જનાવર માટે ચરવાની જગ્યા હોય અથવા જનાવર માટેની જગ્યા હોય ત્યાં અથવા ખેતરમાં કે પથ્થરની ખાણમાં કુદરતી હાજતે ન જવું.

(૧૯) જે ખેતરમાં છોડવા, વનસ્પતિ કે મૂળિયાં જમીનમાં નાખ્યાં અથવા ઊગ્યાં હોય તે સ્થાને કુદરતી હાજત માટે ન જવું.

(૨૦) જે સ્થાને ફૂલ થતાં હોય અથવા ફળ થતાં હોય કે બીજો થતાં હોય અથવા ફણગા ફૂટતા હોય તે જગ્યા કુદરતી હાજત માટે ન વાપરવી.

(૨૧) પોતાની કે બીજાની તરપડી લઈ કુદરતી હાજતે જવું. જ્યાં લોકો પસાર થતાં ન હોય તેવી જગ્યાએ જવું અને જે સ્થાન ઇંડા વગરનું અથવા જીવાત વગરનું હોય તે લેવું અને ત્યાં રાખ ઉપર હાજતે જવું.

આ દશમા અધ્યયનમાં માત્ર એક જ ઉદ્દેશક છે. આઠમા તથા નવમામાં પણ એક જ ઉદ્દેશક હતો. તે બીજી ચૂલિકાનો વિભાગ છે. બીજા શ્રુતસ્કંધનું એ રીતે આ દશમું અધ્યયન પૂરું થયું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## વીસમું અધ્યયન 'શબ્દસપ્તિકા'

**શબ્દ**—બીજા શ્રુતસ્કંધનું અગિયારમું અધ્યયન 'શબ્દસપ્તિકા' અથવા સદ્દસત્તિક્કાએ નામનું છે. તે પણ બીજી ચૂલિકાનો વિભાગ છે. એટલે આ રીતે બીજી ચૂલા ચાલુ છે. એ આઠમા અધ્યયનથી શરૂ થયેલ છે. એનું નામ સપ્તસપ્તિકા ચૂલિકા છે.

(૧) જ્યાં મૃદંગ, નાંદી, ઢોલક કે ઝાલરનો અવાજ સંભળાય તેવાં સ્થાને જવાનો નિશ્ચય સાધકે ન કરવો. અથવા ઢોલકનો અવાજ થવાનો હોય કે થતો હોય તેવા સ્થાને જવાનો નિશ્ચય ન કરવો.

(૨) જ્યાં વીણાનો અવાજ થતો હોય તેવાં સ્થાન પર સાધકે જવાનો નિર્ણય ન કરવો.

(૩) તેમ જ જ્યાં વાળાના વાજિંત્રોનો અવાજ થતો હોય ત્યાં જવું નહિ.

(૪) તેમ જ જ્યાં જનાવરના ચામડાના બનાવેલ નરઘાનો અવાજ થતો હોય ત્યાં ન જવું.

(૫) પવનનાં વાજિંત્રો વાગતાં હોય ત્યાં પણ ન જવું.

(૬) અવાજ સાંભળવા માટે ખીણમાં, ખાઈમાં કે ભીંતોની નજીક ન જવું.

(૭) ગામને પાદરે, ચરાણમાં કે પર્વત પર કે જંગલમાં કે કિલ્લામાં અવાજ સાંભળવા માટે સાધકે ન જવું.

(૮) શહેરમાં કે ગામડામાં કે બજારમાં અથવા રાજધાનીના શહેરમાં કે મઠમાં કે ઉતારામાં અવાજ સાંભળવા માટે ન જવું.

(૯) બગીચામાં કે જંગલમાં કે મંદિરમાં સૂર સાંભળવા માટે સાધકે ન જવું.

(૧૦) જ્યાં ત્રણ કે ચાર રસ્તા એકઠા થતા હોય ત્યાં અવાજ સાંભળવા માટે ન જવું; તે જ પ્રમાણે ચાર રસ્તા મળનાર ચોકમાં પણ તે માટે ન જવું.

(૧૧) ભેંસના કે જનાવરના તબેલામાં, ઘોડારમાં કે હાથીસ્થાનમાં અવાજ સાંભળવા માટે ન જવું.

(૧૨) જનાવરનાં કે ઘોડાનાં અથવા હાથીનાં ટોળાં એકઠાં થતાં હોય ત્યાં અવાજ સાંભળવા માટે ન જવું.

(૧૩) વાર્તા કહેનાર કે કસરત કરનાર પાસે અવાજ સાંભળવા ન જવું.

(૧૪) નાટક થતાં હોય ત્યાં અવાજ સાંભળવા ન જવું.

(૧૫) સંગીતના જલસામાં અવાજ સાંભળવા માટે ન જવું.

(૧૬) કજીયો થતો હોય કે જ્યાં બળવો ચાલતો હોય અથવા બે રાજ્ય વચ્ચે વાંધા પડેલા હોય ત્યાં અવાજ સાંભળવા માટે ન જવું.

(૧૭) જ્યાં સુંદર કપડાં પહેરીને છોકરીને બતાવવામાં આવતી હોય અને તેની પાસે અનેક માણસો હોય અને તેણે ઘરેણાંગાંઠાં પહેર્યાં હોય ત્યાં અવાજ સાંભળવા ન જવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧૮) અથવા ફાંસી ચઢાવવાને સ્થાને અવાજ સાંભળવા ન જવું.

(૧૯) જ્યાં ઘણી ગાડીઓ હોય, ઘણા મ્લેચ્છ લોકો હોય, જ્યાં ઘણા પરદેશી હોય ત્યાં અવાજ-શબ્દ સાંભળવા માટે સાધકે ન જવું.

(૨૦) જ્યાં મોટો મહોત્સવ મંડાયલો હોય, જ્યાં માણસો સારાં કપડાં પહેરીને જતા હોય, લોકો સંગીત વગાડતા હોય, અથવા નાચ કરી રહ્યા હોય કે પીતાં હોય ત્યાં શબ્દ સાંભળવા માટે સાધકે ન જવું.

(૨૧) આ દુનિયાના કે બીજી દુનિયાના શબ્દ-અવાજ પર પ્રેમ લાવવો નહિ, તેમ જ તેને ઇચ્છવો નહિ, તે સંભળાય તો પણ શું અને ન સંભળાય તો પણ શું?

આ બીજી ચૂલિકાના અગિયારમા અધ્યયનમાં માત્ર એક જ ઉદ્દેશક છે. એ સપ્તસપ્તિકા નામની બીજી ચૂલિકાનો ચોથો વિભાગ છે.

### એકવીસમું અધ્યયન 'રૂપસપ્તિકા'

**૩૫**—દ્વિતીય શ્રુતસ્કંધની આ બીજી ચૂલિકાનું બારમું અધ્યયન રૂપસપ્તિકા નામનું છે. તેમાં નીચેની મતલબની હકીકત આવે છે.

(૧) સાધક ફૂલના ગુચ્છાઓમાં કે મૂર્તિમાં કે લાકડકામમાં કે પ્લાસ્ટરમાં કે દાંતકામમાં કે દોરડીમાં કે પાંદડામાં જુદા જુદા રંગો જુએ તો તેઓએ પોતાની આંખને તૃપ્ત કરવા ત્યાં જવાનો નિર્ણય ન કરવો.

(૨) છેલ્લા અધ્યયનમાં શબ્દને અંગે જ્યાં ન જવાનું જણાવ્યું હોય તે સર્વ સ્થાનોનું અહીં પુનરાવર્તન કરવું.

આ બીજા શ્રુતસ્કંધના બારમા અધ્યયનનો માત્ર એક જ ઉદ્દેશક છે. એ સપ્તસપ્તિકા નામની ચૂલિકાનો પાંચમો વિભાગ છે.

### બાવીસમું અધ્યયન 'પરક્રિયા સપ્તિકા'

**૫૨**—આચારાંગસૂત્રના બીજા શ્રુતસ્કંધનું તેરમું અધ્યયન બહારના માણસે કરેલી ક્રિયા પરત્વેનું હોઈ તેનું નામ પરક્રિયા છે. તે સપ્તસપ્તિકા ચૂલિકાનો છઠ્ઠો વિભાગ છે. તેની મતલબ નીચે પ્રમાણે છે.

(૧) બીજો માણસ સાધકને અંગે કાંઈ ક્રિયા કરતો હોય તો તેનાથી સાધકે રાજી થવું નહિ અને તેને રોકવો નહિ.

(૨) બીજો મનુષ્ય સાધુના પગ દાબતો હોય તો તેનાથી સાધુએ રાજી ન થવું અને તેને રોકવો નહિ.

(૩) બીજો માણસ પગ ખૂંદતો હોય કે પગ પર ઠોંસા લગાવતો હોય તો તેથી રાજી ન થવું અને તેને રોકવો નહિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪) પગને તે અડતો હોય કે રંગતો હોય તો તેથી રાજી ન થવું અને તેને રોકવો નહિ.

(૫) તે પગને ઘી કે તેલ લગાવતો હોય તો તેમાં રાજી ન થવું અને તેને રોકવો નહિ.

(૬) તે લોધ્રના રંગથી અથવા ખાલી ભુકાથી અથવા રંગથી તેને ચોપડતો હોય તો તેના કાર્યથી રાજી ન થવું અને તેને અટકાવવો નહિ.

(૭) બીજો માણસ પગ પર ગરમ કે ઠંડું પાણી રેડતો હોય તો તેમાં રાજી ન થવું અને તેને રોકવો નહિ.

(૮) કોઈ જાતનો મલમ લગાડતો હોય તો તેથી રાજી ન થવું અને તેને ન અટકાવવો.

(૯) કોઈ જાતના ધૂપથી તે (બીજો કોઈ માણસ) પગને સુગંધ લગાવતો હોય અથવા તેને ધૂણીમાં નાખતો હોય તો તેથી રાજી ન થવું અને તેને તેમ કરતો ન અટકાવવો.

(૧૦) તે પગમાંથી કાંટો કાઢતો હોય તો તેથી રાજી ન થવું અને તેને ન અટકાવવો.

(૧૧) તે પગનું લોહી કે પરૂ કાઢતો હોય તો તેમાં રાજી ન થવું અને તેને ન અટકાવવો.

(૧૨) કોઈ પર માણસ સાધુનું શરીર દાબતો કે લૂછતો હોય તો તેમાં સાધુએ રાજી ન થવું અને તેને તેમ કરતો ન અટકાવવો.

(૧૩) તે (બહારનો માણસ) શરીરે વાગેલા ઘાને લૂછતો હોય અથવા તેના પર ઠંડું કે ગરમ પાણી નાખતો હોય તો તેથી રાજી ન થવું અને તેને અટકાવવો નહિ.

(૧૪) કોઈ તીક્ષ્ણ હથિયારથી બહારનો માણસ તે ઘામાંથી લોહી કે પરૂ કાઢતો હોય, ખેંચી લેતો હોય તો તેમાં રાજી ન થવું, તેમ જ તેને અટકાવવો નહિ.

(૧૫) ભગંદર થયેલ હોય તેને કોઈ પર માણસ વીંધી નાખતો હોય અથવા થયેલ ગુમડાને તીક્ષ્ણ હથિયારથી કાપી તે વડે લોહી કે પરૂ તેમાંથી કાઢી લેતો હોય તો તેના તે કામથી રાજી ન થવું, અને તેને અટકાવવો નહિ.

(૧૬) તે (બહારનો માણસ) શરીર પરનો પસીનો કે કોઈ જાતની અપવિત્રતા (શારીરિક) દૂર કરતો હોય તો તેમાં રાજી ન થવું અને તેને અટકાવવો નહિ.

(૧૭) કોઈ પરાયો માણસ તેના આંખના ચીપડા કાઢતો હોય કે આંખનો બીજો કોઈ કચરો કાઢતો હોય તો તેમાં રાજી ન થવું અને તેને અટકાવવો નહિ.

(૧૮) કોઈ માણસ સાધકના વાળ લાંબા હોય તેને ઓળતો હોય તો તેના તે કામથી રાજી ન થવું અને તેને અટકાવવો નહિ.

(૧૯) તેમ જ સાધુની કાંખના વાળ કે ભ્રમરના વાળને બહુ લાંબા હોય તેને તે કાપતો કે ઓળતો હોય તો તેથી રાજી ન થવું અને તેને અટકાવવો નહિ.

(૨૦) અન્ય કોઈ માણસ સાધકના લાંબા વાળ દૂર કરતો હોય કે તેને સાફ કરતો હોય તો તે કામથી રાજી ન થવું અને તેને તેમ કરતો અટકાવવો નહિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨૧) અન્ય કોઈ માણુસ સાધુના વાળમાંથી લીખ કે જૂ કાઢતો હોય તો તેના તે કામથી રાજી ન થવું, તેને તેમ કરતો અટકાવવો નહિ.

(૨૨) કોઈ બહારનો માણુસ અંક અથવા પર્યંકાસને બેસી સાધકનું શરીર લૂછતો હોય તો તેથી રાજી ન થવું અને તેને તેમ કરતો અટકાવવો નહિ.

(૨૩) કોઈ જાદુથી કે તેવી રીતે વ્યાધિ દૂર કરવા ઇચ્છતો હોય તો તેમાં રાજી ન થવું અને તેને તેમ કરતો ન અટકાવવો.

આ બીજા શ્રુતસ્કંધના તેરમા અધ્યયનનો માત્ર એક ઉદ્દેશક છે. અને તે સપ્તસપ્તિકા ચૂલાનો છઠ્ઠો વિભાગ છે.

### તેવીસમું અધ્યયન 'અન્યોન્યક્રિયા સપ્તિકા'

**ક્રિયા અન્યોન્યા**—બીજા શ્રુતસ્કંધનું ચૌદમું અધ્યયન અન્યોન્યક્રિયા નામનું છે. એ સપ્તસપ્તિકા ચૂલિકાનો છેવટનો સાતમો વિભાગ છે. તેની મતલબ નીચે પ્રમાણેની છે, તે ધ્યાનમાં લેવી.

(૧) અરસપરસ ઉપર તેરમા અધ્યયનમાં જણાવેલ કાર્યો કોઈ કરે તો તેથી રાજી થવું નહિ. અને તેને અટકાવવા નહિ કારણ કે તે કર્મબંધન છે અને પોતાને લગતી વાત છે.

(૨) સાધકો પરસ્પર પગ લૂછે કે ઘસે તો તે ક્રિયા દોષરૂપ છે.

આ ચૌદમા અધ્યયનનો માત્ર એક જ ઉદ્દેશક છે. અહીં સપ્તસપ્તિકા નામની બીજી ચૂલિકા પૂરી થાય છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

### ચોવીસમું અધ્યયન 'ભાવના'

**પંચમહાવ્રતદાઢર્ય**—આચારાંગના બીજા શ્રુતસ્કંધનું પંદરમું અધ્યયન ભાવના નામનું છે, તેમાં નીચેની મતલબની હકીકત આવે છે.

(૧) તે કાળે અને તે સમયે મહાવીર નામના પૂજ્ય થયા, જેમના જીવનના પાંચ પ્રસંગો ઉત્તરાફાલ્ગુનીમાં થયા.

(૨) તે ઉત્તરાફાલ્ગુનીમાં દેવાનંદાની કૂખમાં આવ્યા, દેવે દેવાનંદાની કુક્ષીએથી તેમનું હરણ કરીને તેમને ત્રિશલાની કુક્ષીમાં મૂકયા, તે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં બન્યું.

(૩) તેમનો જન્મ ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં થયો.

(૪) પોતાના માથાના વાળનો લોચ કરી તેઓ નિર્ગ્રંથપણું પામ્યા તે ઉત્તરાફાલ્ગુનીમાં બન્યું.

(૫) તેમને સર્વથી ઊંચું જ્ઞાન—કેવળજ્ઞાન ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં થયું. આ સંપૂર્ણ જ્ઞાન છે, મર્યાદા વગરનું જ્ઞાન છે, ઊંચામાં ઊંચી જાતનું જ્ઞાન છે, સર્વ વસ્તુનું જ્ઞાન છે અને પૂરેપૂરું જ્ઞાન છે.

(૬) પણ સ્વાતિ નક્ષત્રમાં એ પૂજ્યશ્રીએ મોક્ષ પ્રાપ્ત કર્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૭) આ અવસર્પિણી કાળચક્રનો સુસમસુસમા નામનો આરો પૂરો થયો, પછી સુસમા નામનો આરો ગયો, તેમ જ પછી સુસમદુસમા તેમ જ દુસમસુસમા નામના આરા ગયા અને પછી દુસમસુસમા આરાના પંચોતેર વર્ષ અને નવ મહિના અને તેના પર અર્ધો મહિનો બાકી રહ્યો ત્યારે, ઉનાળાના ચોથા મહિનામાં, એટલે અષાઢ સુદ છઠને રોજ, જે વખતે ચંદ્રમા ઉત્તરાફાલ્ગુનીમાં હતો તે રોજ, મહાવીરનો વિમાનમાંથી ઉત્પાત થયો. આ વિમાનમાં તેઓ વીસ સાગરોપમ સુધી રહ્યા હતા. જંબુદ્વીપના આ ભારતવર્ષમાં દક્ષિણ ભાગમાં જાલંધર ગોત્રની દેવાનંદા બ્રાહ્મણીને ત્યાં એ આવ્યા. તેમના બાપનું કુડાલગોત્ર હતું.

(૮) તેઓ દેવલોકમાંથી નીચે ઊતરવાના છે તે જાણતા હતા, ઊતરે છે તે જાણતા ન હતા, ઊતર્યા છે તે જાણતા હતા.

(૯) આસો માસમાં ચંદ્ર જ્યારે ઉત્તરાફાલ્ગુનીમાં આવ્યો હતો ત્યારે બ્યાશી (૮૨) દિવસ પછી ત્રાસીમો દિવસ ચાલતો હતો ત્યારે ઇંદ્રે અત્યાર સુધીનો નિયમ શો હતો તે વિચારીને મહાવીરના ગર્ભને ફેરવાવ્યો. તે રાજગૃહના દક્ષિણ વિભાગમાં હતા ત્યાંથી ક્ષત્રિયોના ઉત્તર વિભાગમાં તેમને ફેરવી આણ્યા. આ બન્ને કુંડપુરના જ વિભાગ હતા.

(૧૦) ત્રિશલા વાસિષ્ઠ ગોત્રની હતી, તેના પતિ સિદ્ધાર્થનું ગોત્ર કાશ્યપ હતું.

(૧૧) પોતાને ફેરવીને ત્રિશલાને ત્યાં લઈ જવાના છે તે મહાવીર જાણતા હતા, લઈ ગયા તે જાણતા હતા. લઈ જાય છે તે તેઓ જાણતા ન હતા.

(૧૨) ચૈત્ર સુદ તેરસ (૧૩) ને રોજ જ્યારે ચંદ્રનો યોગ ઉત્તરા ફાલ્ગુનીમાં થયો, ત્યારે નવમાસ અને સાડાસાત દિવસ એ માતાના ગર્ભમાં પૂરા કરીને, તેમનો જન્મ થયો. જન્મ વખતે તે તદ્દન તંદુરસ્ત બાળ હતા, અને તેમની માતા ત્રિશલા પણ તદ્દન તંદુરસ્ત હતા.

(૧૩) તેમના જન્મ વખતે ભવનપતિ દેવો, વ્યંતરદેવો, જ્યોતિષ્ક દેવો અને વૈમાનિક દેવો રાજી થયા અને તેઓએ મોટો મહોત્સવ ઉજવ્યો.

(૧૪) મહાવીર ત્રિશલાની કુક્ષિમાં આવ્યા ત્યારથી સોનાથી, રૂપાથી, ધનથી, ધાન્યથી, રત્નથી, મોતીથી તે કુટુંબ વધ્યું. તેથી તેમના પિતાએ નક્કી કર્યું કે પુત્રનું નામ વર્ધમાન રાખવું. એ ધારણા એણે પૂરી પાડી અને તે અનુસાર તેમનું વર્ધમાન નામ પાડવામાં આવ્યું.

(૧૫) ત્યાર પછી શ્રી મહાવીરે બાળપણ પસાર કર્યું અને પાંચે ઇંદ્રિયના ભોગો ભોગવ્યા.

(૧૬) શ્રી મહાવીર કાશ્યપ ગોત્રના હતા. તેમનાં ત્રણ નામ જાણીતાં છે. તેમના માબાપથી તે 'વર્ધમાન' નામે બોલાવાતા હતા. તેમનામાં રાગ તથા દ્વેષ ન હતો તેથી તેમનું 'શ્રમણ' નામ થયું હતું. દુનિયાના દુઃખો તેમણે સહન કર્યાં હતાં અને નગ્નત્વ સ્વીકાર્યું હતું એટલે દેવતાઓએ તેમને 'મહાવીર' એવું નામ આપ્યું હતું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧૭) મહાવીરના પિતા કાશ્યપગોત્રના હતા. એમની મા વાસિષ્ઠ ગોત્રની હતી. મહાવીરના પિતાના ત્રણ નામ થયાં હતાં : સિદ્ધાર્થ, શ્રેયાંસ અને યશસ્વી. એમની માનાં ત્રણ નામો આ પ્રમાણે છે—ત્રિશલા, વિદેહદત્તા અને પ્રિયંકારિણી. મહાવીરના કાકા સુપાર્શ્વ કાશ્યપ ગોત્રના હતા. એમના મોટાભાઈ નંદિવર્ધન અને એમની મોટી બહેન સુદર્શના બન્ને કાશ્યપ ગોત્રના હતા. એમની પત્ની યશોદા કૌણ્ડિન્ય ગોત્રની હતી. એમની દીકરી જે કાશ્યપ ગોત્રની હતી એને બે નામ હતાં – અનવદ્યા અને પ્રિયદર્શના. એ દીકરીની દીકરી જે કાશ્યપ ગોત્રની હતી તેનાં બે નામ હતા – શેષવતી અને યશોવતી.

(૧૮) મહાવીરના માતાપિતા પાર્શ્વનાથના અનુયાયી હતા અને શ્રમણને અનુસરતા હતા. ઘણાં વર્ષ સુધી તેઓ શ્રમણોને અનુસરનારા હતા. તેઓ મરીને અચ્યુત કલ્પમાં દેવદેવી થયા. તેઓ ત્યારબાદ આયુષ્ય પૂરું ભોગવી મહાવિદેહમાં મોક્ષ પામશે.

(૧૯) મહાવીર ત્રીશ વર્ષ સુધી વિદેહમાં ગૃહસ્થ રહ્યા. તેઓ જ્ઞાતૃપુત્ર તરીકે પણ ઓળખાતા હતા.

(૨૦) તેમના માતાપિતાના મરણ પછી તેઓએ આપેલ વચન પ્રમાણે તેમણે પોતાનું સોનું અથવા રૂપું છોડી દીધાં, તેમ જ પોતાનું લશ્કર, રથો પણ તેમણે છોડી દીધાં, ત્યાગ કર્યો. એક વર્ષ સુધી પોતાનું અનાજ, સોનું અને રત્નો બક્ષિસમાં આપ્યાં. માગશર માસની દશમના દિવસે તેમણે આ સંસાર છોડી દેવાનો નિર્ણય કર્યો.

(૨૧) સંસારત્યાગ કરતા પહેલાં એક વર્ષ સુધી તીર્થંકરો વરસીદાન આપે છે.

(૨૨) દરરોજ સવારે સૂર્યોદયથી એક પ્રહર દિન ચઢે ત્યાં સુધી તેઓ એક કરોડ ને આઠ લાખ સોનામહોરનું વરસીદાન આપે છે.

(૨૩) ત્રણસો અઠયાસી કરોડ સોનામહોરનું મહાવીરે એક વર્ષમાં દાન કર્યું.

(૨૪) લોકાંતિકદેવો તેમને તીર્થ પ્રવર્તાવવા વિજ્ઞપ્તિ કરે છે.

(૨૫) જ્યારે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોએ મહાવીરનો સંસાર-ત્યાગનો નિશ્ચય જાણ્યો ત્યારે તેઓએ પોતાનું સ્વાભાવિક રૂપ ધારણ કર્યું અને પાલખી ઉપાડવા આવ્યા અને તે માટે અસંખ્ય દ્વીપ અને સમુદ્રને ઓળંગીને આવ્યા, અને ક્ષત્રિયકુંડના ઉત્તરભાગમાં જ્યાં ક્ષત્રિયો રહેતા હતા ત્યાં આવવા માટે ઉત્તરપૂર્વ દિશાએ અટક્યા.

(૨૬) દેવોના રાજા ઈંદ્રે ધીમેથી પોતાનું વાહન અટકાવ્યું અને તેમાંથી પોતે નીચે ઊતર્યા. તેણે એક સુંદર પાલખી બનાવી અને તેની વચ્ચે એક સિંહાસન બનાવરાવ્યું.

(૨૭) પછી એ મહાવીર જે સ્થાનકે હતા ત્યાં ગયાં અને ત્રણ પ્રદક્ષિણા કરી મહા-વીરની પૂજા કરી, મહાવીરને પાલખી પાસે લાવી, મહાવીરનો મુખભાગ પૂર્વ દિશા તરફ રાખી સિંહાસન પર બેસાડયા; પછી તેમના શરીરે તેલ ચોળ્યું, સુગંધ અને બીજી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આસેવના કરી તેમને પવિત્ર જળથી નવરાવ્યા; ઠંડા સુખડથી તેમના શરીરે વિલેપન કર્યું; તેમને બહુ સરસ કપડાં પહેરાવ્યાં, અને મૂલ્યવાન આભૂષણો ધરાવ્યાં.

(૨૮) ઇંદ્રે ત્યારપછી બીજી ચંદ્રપ્રભા પાલખી બનાવી. આ પાલખીને ઉપાડવા માટે એક હજાર માણસો જોઈએ. આ પાલખીને પણ ખૂબ શણગારવામાં આવી હતી.

(૨૯) દેવતાઓએ અને ઇંદ્રે પોતાના માથા પર મુગુટ ધારણ કર્યા.

(૩૦) પાલખીમાં શ્રી મહાવીર બિરાજમાન થયા. તેમની ડાબી બાજુએ ઈશાનેંદ્ર અને જમણી બાજુએ ઇંદ્ર બેઠા.

(૩૧) આગળ પાછળ બન્ને બાજુએ વાજિંત્રો વાગતાં હતાં.

(૩૨) મહાવીરે ત્રણ દિવસનો ઉપવાસ (અઠ્ઠમ) કર્યો હતો.

(૩૩) પૂર્વાભિમુખ તે વરઘોડામાંથી પ્રભુ ઊતર્યા અને ખાસ તૈયાર કરેલ સિંહાસન પર બેઠા. ત્યાં મહાવીરે લોચ કર્યો. તેમના વાળ ઇંદ્રે એક સરસ રત્નના ડાબડામાં લઈ લીધા.

(૩૪) તે વખતે ઇંદ્રના હુકમથી સર્વ વાજિંત્રો બંધ થયાં. એ વખતે મહાવીરે દીક્ષા લીધી.

(૩૫) તે વખતે મહાવીરને મનઃપર્યવજ્ઞાન નામનું ચોથું જ્ઞાન થયું. મનઃપર્યવજ્ઞાન થવાથી અઢી દ્વીપના વ્યક્ત મનવાળા જીવોના શા વિચારો છે તે મહાવીર જાણતા હતા. તેમણે પોતાના મનમાં તે વખતે નિર્ણય કર્યો કે માણસ અથવા પશુઓ જે પીડા આપશે તેને પોતે સમતાથી સહન કરી લેશે.

(૩૬) મહાવીર ત્યાંથી કુમ્મારગામે ગયા. એક મૂહુર્ત દિવસ રહ્યો ત્યારે ત્યાં પહોંચ્યા.

(૩૭) તેમના નિષ્પાપ ભ્રમણમાં મહાવીરે આત્મધ્યાન કર્યું અને રાગાદિની અસર તેમને ન થાય તેવું કર્યું, બ્રહ્મચર્ય ધારણ કર્યું અને નિર્વાણને માર્ગે પ્રયાણ કર્યું. દેવતાના કે મનુષ્યના કે જનાવરના કરેલા સર્વ ઉપસર્ગો તેમણે સહન કર્યા. તેમણે મન, વચન, કાયાની ક્રિયાઓને સંયમમાં રાખી.

(૩૮) મહાવીરે આ રીતે બાર વર્ષ પસાર કર્યા. તેરમા વરસના વૈશાખ માસની સુદ દશમને રોજ (સુવ્રત એ દિવસનું નામ), ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રના યોગે, વિજય મૂહુર્તે જંભિકગ્રામની નજીકમાં, ઋજુવાલુકા નામની નદીને તીરે, સામાગ નામના માલિકના ખેતરમાં, જીર્ણ મંદિરની ઈશાન દિશાએ, શાલવૃક્ષની નજીકમાં, તેઓ ઊભડક ગોદોહાસનમાં બે હાથ જોડીને બેઠા હતા ત્યારે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

(૩૯) કેવળજ્ઞાન થવાથી તેઓ સર્વ વસ્તુઓના સર્વ ભાવો જાણતા થયા અને લોકોના તથા મનુષ્યોના ભૂત, ભાવિ અને વર્તમાન સર્વ ભાવો તે જાણતા થયા, તેઓ ક્યાંથી આવ્યા છે અને ક્યાં જવાના છે તે પણ તેઓ જાણતા થયા.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪૦) તે દિવસે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક તેમ જ વૈમાનિક દેવોએ મહોત્સવ કર્યો.

(૪૧) તેમણે દેવોને અને પછી મનુષ્યોને સર્વ નિયમો શીખવ્યા.

(૪૨) મહાવીરે પાંચ યમો લોકોને શીખવ્યા, તેની વિગત હવે જણાવવામાં આવે છે.

(૪૩) પ્રથમ મહાવ્રત આ પ્રમાણે છે—

હું પ્રાણીનો વધ ન કરવાનો નિયમ કરું છું, પછી તે પ્રાણી મોટું કે નાનું હોય, હાલતું ચાલતું હોય કે સ્થિર હોય, તે સર્વ પ્રાણીનો વધ હું નહિ કરું, કરાવીશ નહિ અને કરે તેને સંમતિ નહિ આપું.

(૪૪) આ પ્રાણીવધવિરતિના પાંચ નિયમો છે તે હવે કહેવામાં આવે છે.

(अ) નિર્ગ્રંથ હાલતાં ચાલતાં સંભાળપૂર્વક વર્તે છે, બેદરકાર બનતા નથી. હાલવા ચાલવામાં સંભાળ ન રાખનાર બેદરકારીથી પણ અનેક જીવોનો નાશ કરે છે. માટે હાલવા ચાલવામાં નિર્ગ્રંથે સંભાળ રાખવી, સાવધતા રાખવી.

(आ) નિર્ગ્રંથે પોતાના શરીરને અને મનને શોધવું. મન રખડતું હોય, પાપી હોય, ઠપકાને પાત્ર હોય, કજિયાળું હોય તો એવા મનને (મનની ક્રિયાઓને) ઓળખી તજવું. પાપી કામમાં મનને પરોવવું નહિ. પણ જે કાર્ય પાપી ન હોય તે કામમાં મનને જોડવું.

(इ) નિર્ગ્રંથ પોતાની ભાષા શોધીને બોલે. જે ભાષા પાપથી ભરેલ કે ઠપકાને પાત્ર હોય કે જીવવધ કરનારી હોય તે ભાષા બોલવી નહિ, પણ જે પાપી ભાષા ન હોય તે તેણે બોલવી, વાપરવી.

(ई) તેનાં ભિક્ષા માંગવાનાં પાત્રો સંભાળથી એણે મૂકવાં. એમાં ગફલત રાખવાથી નિર્દોષ જીવોનો નાશ થાય.

(उ) નિર્ગ્રંથ જે ખાય અથવા પીએ તે જોઈને વિચારીને ઉપયોગપૂર્વક ખાય અથવા પીએ, નહિ તો પરિણામે જીવવધ થઈ જાય.

(૪૫) આ પ્રમાણે પ્રથમ વ્રત બરાબર રીતે કરવામાં આવે, અનુસરવામાં આવે. એની સમજણ શાસ્ત્રમાં વિગતવાર આપવામાં આવી છે. આ રીતે પ્રથમ વ્રત નિર્ગ્રંથને થાય.

(૪૬) બીજા વ્રતને નીચે પ્રમાણે લેવામાં આવે છે :

જૂઠી વાણી બોલવાના સર્વ અવગુણોને હું તજી દઉં છું. હું ક્રોધથી કે લોભથી, ભયથી કે હાસ્ય મજાથી જૂઠું નહિ બોલું.

(૪૭) બીજા સત્ય મહાવ્રતના પાંચ ભેદ નીચે પ્રમાણે છે :

(अ) નિર્ગ્રંથ (સાધુ કે સાધ્વી) હંમેશા વિચાર કરીને બોલે છે. વિચાર્યા વગરનું બોલે તો સાધુ કદાચ અસત્ય ભાષણ કરી દે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(आ) નિર્ગ્રંથ ક્રોધને બરાબર ઓળખે અને તજી દે. જે નિર્ગ્રંથ ક્રોધી થઈ જાય તે ક્રોધમાં અસત્ય બોલી દે છે.

(इ) નિર્ગ્રંથ લોભ ન કરે અને લોભને બરાબર સમજી લે. કોઈ વખત લોભને વશ થઈને પણ અસત્ય બોલાઈ જાય.

(ई) નિર્ગ્રંથને કોઈની બીક ન લાગે, તે ભય ન પામે. જે સાધુ કે સાધ્વીને ભય લાગે તે કદાચ બીકમાં જૂઠું બોલી દે.

(उ) નિર્ગ્રંથને હાસ્ય (હસવું તે) ન હોય. હાસ્યમાં અર્થાત્ ઠઠ્ઠા મશ્કરીમાં સાધુ કે સાધ્વી જૂઠું બોલી દે.

આ રીતે અસત્યના પચ્ચખાણનો ઉપયોગ સાધુ કે સાધ્વી કરે.

(૪૮) હવે ત્રીજા મહાવ્રત અદત્તાદાન વિશે—

ગામ અથવા નગરમાં કોઈએ આપેલી ન હોય તે ચીજ નિર્ગ્રંથ ન લે. આ ન લેવાના ત્રિકરણ જોગે પચ્ચખાણ લે. તેના પાંચ ભેદ નીચે પ્રમાણે છે—

(अ) નિર્ગ્રંથ મર્યાદિત જગ્યા માગે. વિચાર કર્યા વગર સાધુ જગ્યા માગે તો અદત્તનું ગ્રહણ કરે છે.

(आ) નિર્ગ્રંથ પોતાના આહાર અથવા પાણી રજા લઈને લે, રજા વગર કોઈ ચીજ ન લે. ગુરુની રજા વગર અથવા ઉપરીની રજા વગર કોઈ ચીજ લે તો વગર રજાએ એ ચીજ લીધી ગણાય.

(इ) અમુક મર્યાદિત જગ્યા સાધુએ કે સાધ્વીએ માગેલ હોય તો તે જગ્યાનો મર્યાદિત ભાગ અને તે પણ થોડા વખત માટે જ હોય. કોઈ જગ્યા ક્ષેત્ર અને કાળની મર્યાદા વગર ન લેવાય.

(ई) સાધુ કે સાધ્વીએ જેટલા સમય માટે જગ્યા લીધી હોય તે સમયમાં માગણી કરીને વધારો કર્યા કરે. આવી રીતે પોતાના કબજાને વખતોવખત ચાલુ રાખવા માટે રજા લેવામાં ન આવે તો અદત્તના ગ્રહણ કરવાનો દોષ લાગે.

(उ) સાધુ કે સાધ્વી પોતાના સાથીઓ માટે વિચારપૂર્વક જગ્યા માગી લે, વિચારણા વગર માગે તો અદત્તના ગ્રહણના દોષનો ભાગી થાય.

(૪૯) આવી રીતે અદત્તાદાનનું મહાવ્રત કરે.

(૫૦) ચોથું બ્રહ્મચર્યવ્રત આ પ્રમાણે લે: 'હું દેવીઓ કે દેવો, મનુષ્યો કે જનાવરો સાથે જાતીયસંબંધ નહિ કરું. હું કોઈ જાતનો સ્પર્શનસંબંધ નહિ કરું.' એ ચોથા વ્રતના નીચે પ્રમાણે પાંચ પ્રકાર છે:

(अ) નિર્ગ્રંથ સ્ત્રીને લગતી કામજનક વાતો કરે નહિ.

(आ) નિર્ગ્રંથે સ્ત્રીની આકૃતિ કે સૌંદર્યના વિચાર ન કરવા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(इ) નિર્ગ્રંથે પૂર્વકાળમાં કામભોગ સેવ્યા હોય તે સંભારવા નહિ.

(ई) નિર્ગ્રંથે બહુ ખાવું કે પીવું નહિ. ખૂબ સારી રીતે તૈયાર કરેલી વાનગી ખાવી નહિ, દારૂ પીવો નહિ.

(उ) સ્ત્રીએ વાપરેલા પલંગમાં નિર્ગ્રંથે સૂવું નહિ.

(૫૧) પાંચમું મહાવ્રત આ પ્રમાણે સાધુ કે સાધ્વી લે : બહારના કોઈ પણ પદાર્થમાં જીવતા કે જીવ વગરનામાં હું કોઈ જાતનું આકર્ષણ રાખીશ નહિ, બીજા પાસે એવી ચીજનું મારા માટે ગ્રહણ કરાવીશ નહિ, અથવા બીજો કોઈ વસ્તુ પર આસક્તિ રાખતો હશે તો મારી અનુમોદના નથી. આ પાંચમા મહાવ્રતના પાંચ ભેદ છે:

(अ) કાન વડે સારા અવાજ કે સૂર સંભળાઈ જાય તો તેમના તરફ આસક્તિ ન રાખે.

(आ) જો અવાજ કે સૂરને ન સાંભળવું બનવું અશક્ય હોય તો તેમનાથી થતાં આકર્ષણ કે તિરસ્કાર સાધુએ ન રાખવા.

(इ) જો સાધકને સુવાસ પ્રાપ્ત થાય તો તે તરફ તેને આકર્ષણ ન થવું જોઈએ.

(ई) પોતાની જીભને કોઈ વસ્તુ ગમે કે ન ગમે એમ બને તો પણ સાધક તેના તરફ આકર્ષણ કે તિરસ્કાર ન રાખે.

(उ) સ્પર્શનશક્તિવાળો સાધક કોઈ વસ્તુને અડકી જાય તો તેણે વસ્તુનું આકર્ષણ ન અનુભવવું.

આ ભાવના નામની ત્રીજી ચૂલિકામાં માત્ર એક જ ઉદ્દેશક છે. અત્ર તે પૂરું થાય છે. તેની સાથે પંદરમું અધ્યયન પણ પૂરું થઈ ગયું.

जैन साइट JAINSITE .com जनम् जयति शासनम्

### પચીસમું અધ્યયન 'વિમુક્તિ'

**વિમુક્તતા સર્વસંગેભ્યો**—આચારાંગસૂત્રના બીજા શ્રુતસ્કંધનું સોળમું અધ્યયન વિમુક્તિ નામનું છે. તેમાં નીચેની મતલબની હકીકત આવે છે. એ જ ચોથી ચૂલિકા છે, તેની પણ અત્ર શરૂઆત થાય છે.

(૧) આ દુનિયાની ચાર ગતિમાં માણસો થોડા વખત માટે ઘરબાર મેળવે છે. આ સત્ય સમજીને માણસે વિચાર કરવો જોઈએ. ડાહ્યા માણસે કુટુંબકબીલાની જાળમાંથી છૂટવું જોઈએ. એણે ભયરહિત થઈને દોષયુક્ત કામકાજ અને આકર્ષણો છોડવાં જોઈએ.

(૨) આવી રીતે પોતાની જાતને અંકુશમાં રાખનાર આદર્શ સાધુ, જે માગીભીખીને પોતાનું પૂરું કરે છે તેનું લોકો અપમાન કરે છે, (લડાઈમાં જેમ હાથીને બાણથી વિદારવામાં આવે છે તેમ).

(૩) આવા લોકોનાં અપમાનના શબ્દોથી ડાહ્યો માણસ મનમાં જરા પણ મૂંઝાયા સિવાય આ શબ્દો સાંભળી રહે છે, અને પવનથી જેમ શિલા ન હાલે ચાલે તેમ નિષ્પ્રકંપ રહે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪) તે સ્થાવર અથવા જંગમને ઈજા કરતો નથી, કોઈને મારતો નથી, પણ તેમના તરફથી પોતાને કરવામાં આવતી પીડાઓ તે સહન કરી જાય છે.

(૫) બળતી જ્યોત જેમ વધારે વધારે બળતી જાય છે તેમ તેની તપસ્યા પણ વધતી જાય છે, તેની બુદ્ધિશક્તિ વધતી જાય છે અને તેનો માનમરતબો વધતા જાય છે.

(૬) ઉપરના મોટા પચ્ચખાણોને જિનેશ્વર દેવે શાંતિના સ્થાનરૂપ અને ત્રણ જગતને ઝળહળાયમાન કરનાર પ્રકાશરૂપ કહ્યાં છે.

(૭) સંગીઓથી (સંસારીઓથી) નિર્લેપ રહીને સાધુ ભિક્ષુકનું જીવન વહન કરે છે. એ સ્ત્રીઓ સાથે આકર્ષણમાં પડતો નથી. આ દુનિયાની કે પરલોકની કોઈ વાંછા તે કરતો નથી. કામભોગોમાં તે પડતો નથી.

(૮) સર્વ સંગથી મુક્ત સાધુનો અગાઉનો કર્મસંચય તદ્દન નાશ પામી જાય છે; અગ્નિ જેમ ચાંદીને શુદ્ધ કરે છે તેમ તે શુદ્ધ થતો જાય છે.

(૯) તે સમજણપૂર્વક રહે છે, વાંછારહિત થઈને રહે છે અને વિષયભોગથી રહિત થઈ રહે છે. જેમ સર્પ કાંચળીને ફેંકી દે છે તેમ સાધક દુઃખથી મુક્ત થઈ જાય છે.

(૧૦) જેમ મોટો દરિયો હાથથી તરી શકવો મુશ્કેલ છે, તેમ સંસારને પણ તરવો મુશ્કેલ છે એમ વિદ્વાન માણસે જાણવું જોઈએ. આવો સાધુપુરુષ દુઃખોનો કે કર્મોનો અંત કરનાર કહેવાય છે.

અહીં બીજા શ્રુતસ્કંધનું સોળમું અધ્યયન પૂરું થાય છે. એનો ઉદ્દેશક એક જ છે. એની સાથે સાથે ચોથી ચૂલિકા પણ પૂરી થાય છે. અને આચારાંગસૂત્ર અત્યારે જે પ્રાપ્ત થાય છે તે પણ પૂરું થાય છે.

આ સાધુનો આચાર દૃઢતાને માટે અહીં સૂચવવામાં આવ્યો છે. (૧૧૭).

**આચારાંગસૂત્રને સૂચવવાનું કારણ—**

**साध्वाचारः खल्वयमष्टादशपदसहस्रपरिपठितः ।**
**सम्यगनुपाल्यमानो रागादीन् मूलतो हन्ति ॥११८॥**

**અર્થ**—સાધુનો આચાર જે અઢાર હજાર પદમાં કહેલો છે તેને સારી રીતે અનુસરવામાં આવ્યો હોય તો તે રાગ વગેરેને પાયાથી દૂર કરી દે છે. (૧૧૮)

**વિવરણ : સાધ્વાચાર**—આચારાંગસૂત્રમાં બતાવેલો–સૂચવેલો સાધુ અને સાધ્વીનો આચાર. આ આચારને અહીં વર્ણવવામાં અથવા સૂચવવામાં આવ્યો છે, તેનો હેતુ અહીં કહી દે છે. તે પણ ગ્રંથકર્તા આપણી તર્ક વિચારણા કે બુદ્ધિ પર છોડી ન દેતાં તેનું સૂચન શા માટે કરવામાં આવ્યું તે પણ જણાવી દે છે. આ આચારાંગસૂત્રનો ઉલ્લેખ ગ્રંથકર્તાએ શા માટે કર્યો છે અને મેં તેનો સાર શા માટે રજૂ કર્યો છે, તેનું કારણ હવે જણાવ્યું છે. આમાં મુખ્યત્વે આચારાંગસૂત્રમાં સાધુનો અને સાધ્વીનો આચાર બતાવ્યો છે; પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અંતે આ સંસારમાંથી મુક્તિ તે માર્ગે જ થઈ શકે એવું લાગવાથી, સાધુ કેવા હોય તે આદર્શ અત્ર બતાવવા ખાતર, તેની જરૂરી મતલબ આ વિવેચનમાં સદર ગ્રંથનાં ભાષાંતરોમાંથી તારવી વાંચનારની સગવડ માટે રજૂ કરી છે. સાધુને આપણે 'ધન્ય મુનિરાજ' શા માટે કહીએ છીએ તેનો આછો ખ્યાલ આપે તેવી હકીકત આચારાંગસૂત્રમાં જળવાઈ રહેલી છે. અને તે વાચકના હિત માટે અત્ર દાખલ કરી છે.

**અષ્ટાદશપદસહસ્ર**—અઢાર હજાર પદો, જે ઉપર એક આખું પ્રકરણ હવે પછી આવવાનું છે તેનો અત્ર ઉલ્લેખ કરી આ અઢાર હજાર સાધુના આચારની વાત અહીં ઢાંકીને આપણે રાખી મૂકશું. નહિ તો પુનરાવર્તન થઈ જાય. તે બિનજરૂરી છે. સાધુએ પાળવાના આચારના અઢાર હજાર ૧૮,૦૦૦ પદો છે. તે પર વિવેચન કરવાની અત્ર જરૂર નથી. (જુઓ આ અઢાર હજાર શીલાંગોના વિવેચન માટે ગાથા ૧૪૫ મી.)

**અનુપાલ્યમાનો**—આ અઢાર હજાર શીલાંગોને સમ્યગ્ રીતે પાળવાથી તે શું કરે છે તે આ જ ગાથામાં કહે છે, પણ તે દેખાવ કે ઢોંગ માત્ર નહિ, પણ સારી રીતે અંતઃકરણથી પાળવામાં આવે તો તે શું કરે છે તે જણાવે છે.

**રાગાદીન્ મૂલતો હંતિ**—રાગદ્વેષ વગેરેને મૂળમાંથી હણી નાખે છે, કાપી નાખે છે, દૂર કરે છે. આ પુસ્તક લખવાનો ઉદ્દેશ પણ રાગદ્વેષને શત્રુ તરીકે ઓળખાવવાનો અને તેમને દૂર રાખવાનો છે. તે આ ગ્રંથ તૈયાર કરવાનો મુખ્ય હેતુ છે. તેને પાર પાડનાર હોઈ, આ અત્ર બતાવેલા આચારને અથવા અઢાર હજાર શીલાંગોને સમજવા જરૂરી છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આચારનો માત્ર અભ્યાસ પૂરતો નથી, પણ તેમાં જે જે વાત જણાવવામાં આવી છે તે અંતઃકરણથી પળાય તો તે રાગદ્વેષને દૂર કરે છે અને આ ગ્રંથનો મુખ્ય ઉદ્દેશ પાર પાડે છે. તેટલા માટે આચારાંગસૂત્રમાં બતાવેલ આચારને તથા અઢાર હજાર શીલાંગોને જેમ બતાવ્યા છે તેમ સમ્યગ્ રીતે આદરવા, અને તમારે જો રાગદ્વેષ કરવાં હોય તો તો પછી તમે જાણો, પણ એનાથી મુક્તિ મેળવવી હોય તો અત્ર બતાવેલી અને અઢાર હજાર શીલાંગોની હવે પછી બતાવવામાં આવેલી વાતનો સ્વીકાર કરી અત્ર બતાવેલ આચારને પાળવો, અમલમાં મૂકવો, જીવી લેવો અને તે રીતે રાગદ્વેષને જીતવા. આપણે બાવનમા તેમ જ ઓગણસાઠમા શ્લોકમાં જોઈ ગયા છીએ કે રાગદ્વેષ એ સંસારનાં મૂળિયાં છે અને તેમનાં પર વિજય મેળવવો એ આપણી ફરજ છે. આ ભવમાં આપણે કદાચ રાગદ્વેષનો ત્યાગ ના કરી શકીએ તો પણ એનો આદર્શ રાખવા યોગ્ય છે. (૧૧૮)

**આચારાંગમાં બતાવેલ આચારને અનુસરવાનું ફળ—**

आचाराध्ययनोक्तार्थभावनाचरणगुप्तहृदयस्य ।
न तदस्ति कालविवरं यत्र क्वचनाभिभवनं स्यात् ॥११९॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અર્થ**—આચારાંગસૂત્રનાં અધ્યયનમાં કહેલ-બતાવેલ મુદ્દાના કરનારને તથા તેની વાસનાથી ભાવિત હૃદયવાળાને જરા પણ વખત જતો નથી અને કોઈનાથી કોઈ પણ સ્થાનકે પાછા પડવાનું તેને થતું નથી. (૧૧૯)

**વિવરણ—આચારાંગ કહેલ અર્થ**-આચારાંગસૂત્રના જુદા જુદા અધ્યયનોમાં જે હકીકત જણાવવામાં આવેલ છે તે પ્રમાણે આચરણ કરવાથી અને તે ન બની શકે તો તેની ભાવના મનમાં ગુપ્ત રાખવાથી શું પરિણામ આવે, કેવી ફળપ્રાપ્તિ થાય તે આ જ ગાથામાં બતાવવામાં આવ્યું છે. બને ત્યાં સુધી આચરણ કરવું અને ન બને તો તેના તરફ સહાનુભૂતિ રાખવી. આખા સૂત્ર(આચારાંગ)ને સમજાવવાનું અને તેની વાત ટૂંકાણમાં કહેવાનું કારણ એ છે કે એ અમલ કરવા યોગ્ય છે, જરૂરી છે અને ન બને તો તેની ભાવના રાખી તે તરફ સહાનુભૂતિ અને લાગણી રાખવા યોગ્ય છે. જો તે તરફ આદર્શ કે પ્રેમ હશે તો પણ સંસાર વધારનાર રાગદ્વેષને તે કાપી નાખશે અને આપણો મૂળ ઉદ્દેશ અમલમાં આવશે. આ જીવન સફળ કરવાનું એ એક મજબૂત સાધન છે. ગુપ્તનો અર્થ 'વ્યાપ્ત' પણ થાય છે અને ગુપ્તનો અર્થ દેખાડો કર્યા વિના, ખાનગી એવો પણ થાય છે. મને પછવાડેનો અર્થ અહીં ઘણો પ્રસ્તુત લાગે છે. સહાનુભૂતિ-હમદર્દી રાખવાથી કોઈ કાળે એનો લાભ જરૂર થાય, પણ દીક્ષા ન લેવાથી કે લેનારને સહાય ન કરવાથી એ માર્ગ સાંપડે નહિ. એટલે ગુપ્ત સહાનુભૂતિ તો છેવટે અવશ્ય રાખવી. આવું જેનું સહાનુભૂતિવાળું હૃદય છે અથવા જે આચારાંગમાં કહેલ આચારો પ્રમાણે વર્તના કરે છે તેને શું થાય તે હવે જણાવે છે.

**કાલવિવર**—એને એક ક્ષણ પણ ગયા વગર આ ફળ તો જરૂર થાય છે. એને કાળનો જરા પણ વિલંબ થતો નથી.

**અભિભવન**—પરાભવ, હાર, અથવા પાછા પડવું તે. એટલે આચારાંગસૂત્રમાં જે હકીકત કહેલ છે તે પ્રમાણે આચરણ કરવાથી કોઈથી હારી શકાતું નથી. આવી સ્થિતિ તો એ તુરત મેળવે છે. એને કોઈ માણસ હરાવી, હઠાવી શકતું નથી, એટલું ફળ તો જરૂર મળે છે. બીજો સાંસારિક લાભ થાઓ કે ન થાઓ, પણ એ કોઈથી ગાંજયો જતો નથી, એ લાભ એને તત્કાળ જરૂર મળે છે.

આ રાગદ્વેષ વગેરે દોષો સામે ઝઝૂમવાનો અને તે માટે શક્તિ પ્રાપ્ત કરવાનો આપણો સર્વ પ્રયાસ છે અને એક ક્ષણ પણ તે વાત ભૂલવા જેવી નથી. તેમાં જે જાતની સાવચેતી રાખવાનું બતાવવામાં આવ્યું છે તે પ્રમાણે ધ્યાન રાખવાનું પરિણામ એ રાગ-દ્વેષની હારમાં અને તમારા વિજયમાં જરૂર આવશે. બાકી આ રાગદ્વેષ સામેની લડાઈ તો સ્થાયી, હંમેશની છે અને એમનાથી ખૂબ ચેતવા જેવું છે. આ સાવચેતી રાખવામાં આવશે તો છેવટે તમે હારશો નહિ, કદી પણ હારશો નહિ. તમારો આત્મા અનંત વીર્યવાળો છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનંત શક્તિનો ધણી છે અને પ્રત્યેક પળે સાવચેતી લેવાના માર્ગો વહેવારુ માણુસના બતાવેલા છે અને જ્ઞાનીએ તે અનુભવેલા છે અને તેમનું વ્યવહારુપણું સ્વીકારેલ છે. (૧૧૯)

**બે આખ્યાનો—**

पैशाचिकमाख्यानं श्रुत्वा गोपायनं च कुलवध्वाः ।
संयमयोगैरात्मा निरन्तरं व्यापृतः कार्यः ॥१२०॥

**અર્થ**—પિશાચનું આખ્યાન સાંભળીને અને સારા ઘરની સ્ત્રીનાં સંરક્ષણ સંબંધી આખ્યાન સાંભળીને સંયમયોગોમાં આત્માને હંમેશા રોકાયલો રાખવો. (૧૨૦)

**વિવરણ**—પિશાચનું આખ્યાન : આ ઉમાસ્વાતિ મહારાજના બનાવેલા પ્રશમરતિ ગ્રંથ પર શ્રી હરિભદ્રસૂરિ નામના બૃહદ્‌ગચ્છીય સાધુએ વિક્રમ સંવત ૧૧૮૫માં ટીકા બનાવી છે, તૈયાર કરી છે. તે શેઠ દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધાર ટ્રસ્ટ ફંડમાં નં. ૮૮ તરીકે મુદ્રિત પણ થઈ ગઈ છે. તે અનુસાર આ પિશાચનું આખ્યાન અત્ર લખવામાં આવે છે. કોઈ એક વાણિયાએ મંત્રના યોગથી એક પિશાચને પોતાને વશ કર્યો. પિશાચ એ એક જાતના વ્યંતર દેવો છે, જે મિથ્યાત્વી પણ હોવાનો સંભવ છે. પિશાચે વાણિયાને કહ્યું, 'મને કોઈ પણ કામ તારે હંમેશ બતાવવું. જો હું નવરો પડીશ તો તને ખાઈ જઈશ અને તારો નાશ કરીશ. મને જરા પણ કામધંધાના હુકમ વગર ન રાખવો.' વાણિયાએ પિશાચનું આ કહેવું કબૂલ કર્યું અને તેણે પહેલાં પોતાનું ઘર તૈયાર કરાવ્યું, પછી એ પિશાચને આજ્ઞા કરી કે ઘરમાં ધન તથા ધાન્ય ભરી આપ. પછી ઘરમાં સોનું લાવવાનો હુકમ કર્યો. અને એ કામ પૂરું થતાં પિશાચે તો ફરી હુકમ માગ્યો. વાણિયો ભારે પહોંચેલો હતો, તેણે કહ્યું, 'એક મોટો વાંસ લાવ, એને ઘરના આંગણામાં રોપ. એ વાંસ ઉપર તું ચડઊતર કર્યા કર. જ્યાં સુધી હું તને બીજો હુકમ ન ફરમાવું ત્યાં સુધી તારે આ કામ કરવું.' પિશાચે ઘર ભરવાનું વગેરે કામ કર્યા પછી વાણિયાને હેરાન કરવા માટે આ પ્રપંચ રચ્યો હતો, પણ એ પ્રપંચ કરવા જતાં પોતે જ ફસાઈ ગયો. વાણિયાની બુદ્ધિ પાસે એ હારી ગયો અને પછી બોલ્યો. 'ખરેખર, તેં મને ફસાવ્યો, ખરો ફસાવ્યો અને બનાવ્યો. મારે તને ફસાવવો હતો પણ તું તો ફસાયો નહિ. હવે તું મને છૂટો કર. પણ જ્યારે મારું કામ પડે ત્યારે મારું સ્મરણ કરજે, હું હાજર થઈ જઈશ.' આટલું કહીને વાણિયાની રજા લઈ પિશાચ પોતાના સ્થાન પર ગયો. સાધુઓએ રાત્રિ અને દિવસ આ રીતે વગર છિદ્રે આંતર અને બાહ્ય ક્રિયામાં ઉત્સુક રહેવું, એવી રીતે સંયમયોગમાં પ્રવૃત્તિ કરતાં એને વિષયની ઇચ્છા કરવાનો પણ સમય મળશે નહિ. માણુસ નવરો પડે તો નખ્ખોદ વાળે. નવરાશ કે ફુરસદ બૂરી વસ્તુ છે. ફુરસદ મળે તો જ વિકથા વગેરેમાં પ્રવૃત્તિ થઈ જાય, પણ નવરાશ જ ન મળે અને આત્મા રાતદિવસ ઉદ્યમી રહે તો પછી એને વિકથાદિક કરવાનું સૂઝે જ નહિ. આ પિશાચનું આખ્યાન થયું. અને તેનો હેતુ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ટીકાકારની નજરે જણાવ્યો. હવે બીજું દૃષ્ટાંત વિચારીએ. આ દાખલામાં પણ જરાયે વખત ન મળે તેવા ઉદ્યમી માણસની વાત છે. તે દૃષ્ટાંત સમજવા જેવું છે. તે આ પ્રમાણે છે: એક કુળવધૂ હતી. એ બહુ સારા ખાનદાન કુળની સ્ત્રી હતી. એ આમ તો કુળમર્યાદામાં રહેનાર કુળવધૂ હતી, પણ તેનો પતિ પરદેશ ગયેલો હતો. એણે એની સખીને એક વખત કહ્યું, 'કોઈ જુવાન પુરુષને લઈ આવ.' તે બહેનપણીએ કહ્યું, 'એમ જ કરું છું, નિરાંત રાખીને સ્થિર પડી રહે.' આ પ્રમાણે વિચાર કરીને, જે વાતનું પરિણામ સારું આવે તે વાત સુખ આપનાર થાય છે એમ વિચારી તેણે સસરાને આ વાત જણાવી. સસરાએ બીજે દિવસે સવારે ઊઠીને ઘરમાં બૂમબરાડા મચાવ્યા. તેણે પોતાની પત્નીને કહ્યું કે, 'તું જ મારું ઘર બધું લૂંટાવી દે છે.' સાસુ કહે 'હું આ ઘર હવે ચલાવી શકું તેમ નથી. તેથી હું તો મારો સર્વ અધિકાર છોડી દઉં છું. તમને ઓજે તે કરો.' પછી સસરાએ તો પોતાના દીકરાની વહુને ઘરનું કામકાજ કરવા અને માણસો પર હકુમત ચલાવવા નીમી. વહુએ ઘરનું સર્વ કામ સંભાળી લીધું. અને એને માથે એટલું કામ આવી પડયું કે એ મહામુસીબતે રાત્રે સૂઈ શકે. સૂવાનો પણ વખત ઘણી મુશ્કેલીએ તે મેળવતી હતી. પછી સસરાએ પેલી બહેનપણીને કહ્યું, 'હવે જઈને તારી બહેનપણીને કહે કે હું જુવાનને લઈ આવું છું.' તેણે જ્યારે આ વાત કરી ત્યારે તે કુળવધૂ કહેવા લાગી, મને તો સૂવાનો પણ વખત મળતો નથી, તો ખરાબ માણસ ઉચિત આવી વાતથી શું?' આવી રીતે સસરાની બુદ્ધિએ કુળવધૂને ખરાબ થતાં અટકાવી.

આ બન્ને દાખલા વિચારીને પિશાચની જેમ કે કુળવધૂની જેમ સાધુએ સંયમ-યોગમાં ઉદ્યુકત રહેવું, એ કામમાં પોતાનો સમય એવો તો કાઢવો કે એને સંસારમાં માથું મારવાનો કે બીજી બાબતનો સમય જ ન મળે. 'નવરો નખ્ખોદ વાળે' એવી આપણામાં કહેવત છે. સંયમયોગમાં આખો વખત ઉદ્યુકત રહે તેને સંસારના મનોવિકાર કે અન્ય કોઈ બાબતને અંગે અવકાશ, ફુરસદ જ ન મળે અને એક વખત માણસને ફુરસદ ન મળે એટલે માનસશાસ્ત્રના નિયમ પ્રમાણે એ વાતને વીસરી જાય છે અને તેનું મન બીજે લાગી જાય છે.

**આખ્યાન**—બનાવટી બોધદાયક વાર્તાને આખ્યાન કહેવામાં આવે છે. આ બન્ને વાર્તાનો હેતુ એ છે કે માણસે નવરા ન રહેવું. એ જો કોઈ પ્રકારના કામમાં પ્રવૃત્ત હોય તો ધીમે ધીમે તેનું આખું વલણ ફરી જાય છે અને જો તે સંયમયોગમાં પ્રવૃત્ત હોય તો પછી તે સંસારના રંગથી કે રાગદ્વેષ કે ક્રોધાદિક કોઈ મનોવિકારથી લેપાતો નથી. આ બન્ને આખ્યાનો ઉપયોગી અને બોધક છે અને અનુકરણ કરવા યોગ્ય છે.

**વ્યાપૃત**—ઉદ્યમી, પ્રવૃત્તિશીલ, રોકાયલો. એટલે સંયમયોગમાં આત્માને રોકાયેલો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાખવો. સવારે વહેલા પ્રતિક્રમણ કરે, સાત વખત ચૈત્યવંદન કરે, પડિલેહણ કરે, સ્થાપનાચાર્યનું પલેવણ કરે અને ગોચરી લેવા જાતે જાય આવે અને જૈનોને સમયસર બોધ આપે, વ્યાખ્યાન વાંચે અને બપોરે રાસ વાંચે, તો તે એટલો રોકાયેલો રહે કે તેને સંસારની વાત કે ગંધ પણ આવતી નથી અને મનોવિકારને જોર કરવાનો વખત પણ મળતો નથી. માટે કામમાં, સાચા કામમાં, સંયમયોગમાં આત્માને રોકી દિવસને અંતે અમુક કામ રહી ગયાં છે અને પોતાને અવકાશ નથી એમ રહે, તો પછી સંસારની વાસના ઊઠી જશે અને મન બરાબર પળોટાઈ જશે. આ આચાર પ્રકરણની મહત્તા તેટલા ઉપરથી સમજાણી હશે. આચારમાં જ—સંયમયોગમાં જ આત્મા રોકાયેલો રહે પછી તેને સંસારસંબંધી વાત કરવાની નિરાંત પણ ન હોય, સંસારને સંભારવા વખત જ ન મળે.

**સંયમયોગ**—આપણે વિસ્તારથી આચારાંગસૂત્રમાં આચાર કેવી રીતે સાધકે પાળવો અને તેનું પરિણામ શું આવે તે જોઈ ગયા. એવો આચાર જો સાધક બરાબર પાળે તો પછી તેને સંસારની વાતો કરવાનો કે મનને તેમાં પરોવવાનો અવકાશ જ રહે તેમ નથી. આચારની તેટલા માટે જ મહત્તા છે. એ પ્રાણીને ઉદ્યમી રાખે છે, અને તેના મનને જ્યાં ત્યાં રખડવા દેતો નથી. અને આચાર જાતે શુદ્ધ હોઈ તેની પર ભવને અંગે બહુ સારી અસર થાય છે.

* * *

આ રીતે આચાર પ્રકરણ પૂરું થાય છે. ભગવાને જે રીતનો આચાર વહેવારમાં સાધુને માટે જણાવ્યો તે સાધુએ નિયમથી અનુસરવો અને ગૃહસ્થે આદર્શ તરીકે સ્વીકારી તેને અનુસરવું. આચારાંગસૂત્રમાં જે પ્રકારનો આચાર બતાવ્યો છે તેનો સાર અત્ર રજૂ કરવામાં આવ્યો છે. જ્યાં સુધી આપણે વાતો કર્યા કરીએ અને વહેવારુ રીતે તેનો અમલ ન કરીએ ત્યાં સુધી એ સર્વ વાત પુસ્તકમાં જ રહે છે. ભગવાને આમ કહ્યું છે અને તેમ કહ્યું છે તેમ કહેવાથી કાંઈ વળે તેમ નથી. આચારમાં કેંદ્રસ્થાને અહિંસાને રાખી વૃત્તિ ઉપર અંકુશ રાખવો અને સંયમ ધારણ કરવો. સાધુઓને પાળવાનો એવો સુંદર આચાર આચારાંગસૂત્રમાં સુધર્માસ્વામી દ્વારા બતાવવામાં આવ્યો છે કે એ રીતનો આચાર પાળવાથી પોતાની વૃત્તિ પર અજબ સંયમ સ્વાભાવિક રીતે જ આવે છે અને એવી રીતે સંયમ અને યોગમાં પ્રવૃત્તિ કરવાથી તે અંતે રાગદ્વેષનો ક્ષય કરે છે અને રાગદ્વેષનો ક્ષય થવાથી સંસારનો છેડો આવે છે અને આ ભવભ્રમણ મટી જાય છે. માટે ભવભ્રમણનો અંત લાવવાનો ઉપાય આ આચારાંગસૂત્રમાં બતાવેલા આચારનો અમલ કરવામાં જ છે, તેનો બરાબર વહેવારમાં અમલ કરવો.

બાકી ખાલી વાતો કરવી એ તો બહુ સહેલી વાત છે. વાતો કરવામાં પૈસા બેસતા નથી અને શરીરને તસ્દી આપવી પડતી નથી. પણ એ રીતે ભવભ્રમણનો, સંસારની રખડામણનો છેડો ન આવે. સંસારનો છેડો એમાં (આચારાંગસૂત્રમાં) લખેલી બાબતનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અમલ કરવાથી જ આવે અને તે માટેની રીતો એક પછી એક બતાવવામાં આવી છે. એટલે સાધુએ એનો અમલ કરવો અને શ્રાવકે તે આદર્શ રાખવો. બાકી અમલ કર્યા વગર સિદ્ધિ થતી નથી. આ જીવે મેરુપર્વત જેટલો ઢગલો થાય એટલા ઓઘા મુહપત્તિ કર્યા, પણ ચારિત્રને સદ્વૃત્તિપૂર્વક પાળ્યું નહિ, માત્ર દ્રવ્યસાધુ થયો, તો તેને ખરેખરો લાભ થયો નહિ. આ મેરુપર્વત જેવડો ઢગલો થાય તેટલા ઓઘા મુહપત્તિની વાત ખૂબ વિચારવા જેવી છે. માત્ર દ્રવ્યસાધુત્વથી કાંઈ વળે નહિ, એમાં રાગદ્વેષ ઉપર વિજય ન થાય, અને આપણો ઉદ્દેશ તો રાગદ્વેષ પર વિજય મેળવવાનો છે. કહ્યું છે કે 'મુંડ મુંડાવત સબહી, ગડરીઆં, હરિણ, રોઝ વનુધામ.' એટલે ગાડરો (ઘેટાંઓ) માથાં દર વરસે બે વાર મુંડાવે છે અને હરણો વનવાસ સ્વીકારે છે, પણ એમની વૃત્તિ એને અનુસારે ફરેલી ન હોવાથી તે માત્ર દ્રવ્યસાધુત્વ જ પાળે છે, તેથી તેમને જે લાભ થવો જોઈએ તે થતો નથી. તેથી બાહ્ય ત્યાગ ઉપરાંત સંયમ તો રાખવો જ જોઈએ, એ આચાર પ્રકરણના અધ્યયનનો સાર છે.

બાકી 'આચાર'ની ગોઠવણ જ એવા પ્રકારની કરવામાં આવી છે કે તે પ્રમાણે કામ લઈ અમલ કરવામાં આવે તો સ્વાભાવિક રીતે વૃત્તિ પર વિજય તો થઈ જાય અને પરિણામે રાગદ્વેષ જીતાઈ જાય. એટલે ભવસંસારનો પાર થઈ જાય અને અનંતકાળ માટે અજરામર સ્થાનની પ્રાપ્તિ જરૂર થઈ જાય. એટલે 'આચાર' પાલનની ઉપયોગિતા ઘણી છે.

जैनम् जयति शासनम्

એમ તો દ્રવ્યસાધુપણું પણ ઉપયોગી છે, કારણ કે તે ભાવસાધુત્વનું કારણ છે. તે હસી કાઢવા જેવું નથી, પણ દ્રવ્યસાધુત્વની સાથે ભાવસાધુત્વ હોય તો તેનો ઉપયોગ ઘણો વધારે છે અને તે પ્રાણીનો ઉદ્દેશ પાર પાડે છે. તેથી દ્રવ્યસાધુત્વના સ્વીકાર સાથે ભાવસાધુત્વની ભાવના રાખવી અને જૈન ધર્મનો કે આચારસૂત્રનો સાર અહિંસા, સંયમ અને તપ એ ત્રણ શબ્દમાં છે એ ધ્યાનમાં રાખવું. માત્ર દ્રવ્યસાધુત્વથી બહુ વળે તેમ નથી, પણ તે ભાવસાધુત્વનું કારણ અને પુરોગામી હોઈ એ જરૂરી છે.

આ રીતે વહેવારુ અમલ કરાવનાર આ આચારનું પ્રકરણ ૧૧૨–૧૨૦ સુધીના નવ શ્લોકે પૂરું થાય છે. તે પ્રમાણે વિચારણા કરવી અને મન વધે તો તેનો અમલ કરવો. એ પ્રમાણે અભ્યાસ કરતાં અને વારંવાર પુનરાવૃત્તિ કરતાં ભવનો છેડો આવશે, સંસારનો પાર પમાશે અને જે હેતુ માટે આ ચારિત્રનો દ્રવ્યથી સ્વીકાર કર્યો છે તે પાર પડશે, એવો અંતર્ગત ભાવ છે તે બરાબર લક્ષમાં રાખવો. જે સંસારથી બીતા હોય તેમને સંસારનો છેડો લાવવાનો આ જ માર્ગ છે, બાકી વિષયકષાયો કેવા અનિત્ય છે અને અંતે કેવા આપણને તજી જનાર છે તે વગેરે વાત આગલા ત્રીજા પ્રકરણમાં બતાવવામાં આવી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ સર્વ વાતોનો વિચાર કરી વૃત્તિ પર બને તેટલો સંયમ રાખવો, શ્રાવકે તે વાતને આદર્શ સ્થાને રાખવી અને એ રીતે ધીમા ક્રમે સંસારનો અંત લાવવાની ભાવના રાખવી. આ મૂળ માર્ગ છે અને મહાપુરુષે બતાવ્યો છે, તે કરવામાં આકરો લાગે તો પણ અંતે કરવા યોગ્ય છે અને તે જ એકલે માર્ગે સંસારનો પાર પમાય તેમ છે. તેથી કાંઈ નહિ તો દ્રવ્યસંયમ અને ત્યાગ કરી દેવો. દ્રવ્ય તે પણ ભાવનિમિત્ત છે એ વચનથી, ભાવસાધુત્વ અંતે આવશે એવા આશયથી, દ્રવ્યસાધુત્વનો વેશ તો જરૂર લેવો અને શ્રાવકે તે માટે આદર્શ રાખવો અને તે માર્ગે જ આ સંસારનો અંત છે તે નિર્વિવાદપણે સ્વીકારવું.

આ આચાર પ્રકરણમાં આચારાંગસૂત્રનો સંક્ષિપ્ત સાર અભ્યાસ કરીને શ્રાવકની હદમાં રહીને જ આપવામાં આવ્યો છે, પણ લખનાર કેવા મહાત્યાગી હતા તે નજરમાં રાખી તે ઉપકારી પુરુષોએ બતાવેલા માર્ગે ચાલવા પ્રયત્ન કરવો અને એ પણ ન બને તો તેની ભાવના તો રાખવી જ, કારણ કે સંસારના છેડાનો એ એક જ માર્ગ છે. ગ્રંથકારે આચારની આટલી વાત પણ ઉપકારની નજરે કરી છે અને તેમની નજરે પણ તે સંસારના છેડાનો એક જ માર્ગ છે એમ લાગ્યું હશે, તેનો ઉપયોગ છે એમ આ શ્લોકો (૧૧૨–૧૨૦) દ્વારા સ્પષ્ટપણે બતાવી આપ્યું છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ ૫ મું : સુખ

હવે આ સુખનું પ્રકરણ શરૂ થાય છે. તે ૧૨૧ થી ૧૪૮ શ્લોક સુધી ચાલવાનું છે. સુખ શું છે? કોને મળે? ક્યારે મળે? અને સાંસારિક સુખ અને આત્મિક સુખ વચ્ચે તફાવત શું છે? તેનું વેધક વર્ણન ગ્રંથકારે કર્યું છે અને તે ખૂબ મનનપૂર્વક વિચારવા જેવું અને જીવનના પ્રશ્ન ઉકેલે તેવું છે. પ્રત્યેક પ્રાણી સુખ માટે પ્રયત્ન કરે છે. તે અહીંથી કે ત્યાંથી સુખ મેળવવા પ્રયત્ન કરે છે અને તેનો સુખનો ખ્યાલ પરિપૂર્ણ ન હોવાથી તે અહીં કે ત્યાં સુખ મળશે એમ ધારે છે અને ઘણે ભાગે પૌદ્ગલિક સુખમાં રાચે છે. સુખનો આ તદ્દન ખોટો ખ્યાલ છે અને જ્યાં તે સુખ મેળવવાના હેતુએ પ્રયાસ કરે છે ત્યાં એવું સુખ મળે તો તેમાં તેને કાંઈ ખરું સુખ લાગતું નથી અને સુખ કાંઈ ખરેખરું તેને મળતું નથી. કોઈ પણ ઇંદ્રિયના વિષયો સેવે તેમાં તેને સુખ મળશે તેમ ધારે છે, પણ સારું ભોજન કર્યા પછી કે સ્ત્રીની સાથે વિષયસેવન કર્યા પછી કે બહાર ગામ જઈ સુંદર બગીચામાંથી ખુશબો લીધા પછી તેને કાંઈ સુખ લાગતું નથી. તે સુખ ભોગવે ત્યારે પણ તેને સારો સ્થાયી આનંદ થતો નથી અને થોડા વખતમાં એ પૌદ્ગલિક આનંદનો રસ વીસરાઈ જાય છે. બીજે દિવસે સવાર પડતાં પાછી ભૂખ તો લાગે છે અને સારું ભોજન કર્યાનો આનંદ તેના મનમાંથી નીકળી જાય છે. આવી રીતે તે સર્વ પૌદ્ગલિક સુખનું સમજવું. અને એ આનંદ ખરેખરો થતો જ નથી અને થોડા વખતમાં પાછી અસલ સ્થિતિ પ્રાપ્ત થઈ જાય છે અને પૌદ્ગલિક સુખ તે પ્રકારનું કે બીજી જાતનું મેળવવા તેને ઇચ્છા થાય છે. જે સુખની પાછળ અથવા પરિણામે દુઃખ થાય અને જે સુખ સ્થાયી ટકે નહિ તેને વાસ્તવિક રીતે સુખ કહેવાય જ નહિ. પૌદ્ગલિક સુખ તો સ્થાયી ટકતું નથી, કદાચ ઘણી ખરી વખત તો કંટાળો આપે છે. એવા અસ્થાયી સુખને સુખ જ કેમ કહી શકાય? તે તો વાસ્તવિક રીતે દુઃખ જ હોય છે અને તે ગ્રંથકર્તાએ પોતાની પ્રૌઢ ભાષામાં સારી રીતે સમજાવ્યું છે. જે સુખ નિત્ય ન હોય તેને કદી સુખની વ્યાખ્યામાં સમાવી શકાય નહિ, તેને વાસ્તવિક સુખ કહી જ શકાય નહિ. આ પ્રમાણે બરાબર સુખ ક્યારે કહેવાય અને કોને કહેવાય તે ગ્રંથકારે પોતાની લાક્ષણિક ભાષામાં આ પ્રકરણમાં વિસ્તારથી બતાવ્યું છે. એ બરાબર વિચારવા યોગ્ય છે. શાંતિનું સુખ કેવું હોય અને સર્વસંગત્યાગ પછી કોને મળે તે લાક્ષણિક રીતે બતાવ્યું છે, તે સમજી સાચું સુખ મેળવવા યત્ન કરવો. એટલે આ અત્યારનો પ્રબંધ અટકી જાય અને સાચે રસ્તે ચઢી જવાય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને બીજી વાત એ છે કે પ્રાણી સુખના ખોટા ખ્યાલમાં સુખને મેળવવા જ્યાં ત્યાં ખોટાં વલખાં મારે છે. એને પોતાને ખરા સ્થાયી સુખની ખબર નથી તેથી અજાણ્યો ભટક્યા કરે છે અને સુખ મેળવવા પ્રયાસ કરે છે. એ તેનો સુખનો ખ્યાલ કેવો ખોટો છે અને શમસુખમાં કેવો અનિર્વચનીય આનંદ છે એ તરફ ગ્રંથકારે ધ્યાન ખેંચ્યું છે. તેટલા માટે સાચું સુખ કોને અને ક્યારે કહેવાય અને સુખનું વાસ્તવિક સ્વરૂપ શું છે, તે બતાવવા ગ્રંથકારે પ્રયત્ન કર્યો છે. તે ખૂબ વિચારણીય અને મનનીય છે. તે સુખને મેળવવાનો આદર્શ રાખવા યોગ્ય છે. આ આદર્શ રાખવાનું કહેવાનું કારણ એ છે કે કેટલાક સંયોગો પ્રમાણે કદાચ સર્વસંગત્યાગ થઈ શકે તેવું ન હોય તો આદર્શ તો શુદ્ધ જ રાખવો. શુદ્ધ પ્રયત્ન કરવા યોગ્ય છે અને તે સુખ મેળવવાનો આદર્શ હોય તો તે વસ્તુ પરિણામે અત્યારે ન મળે તો ભવિષ્યમાં કોઈ પણ વખતે મળે છે અને તે રીતે આદર્શ પ્રમાણે પ્રાપ્તિ થાય છે. એટલા માટે ભાવના તો પ્રશમસુખ મેળવવાની જ રાખવી. બની શકે તો આદર્શ પ્રમાણે પોતાનો વ્યવહાર પણ કરવો.

સાંસારિક સુખનો વિચાર કરીએ છીએ ત્યારે શું મળે છે? 'પહેલું સુખ તે જાતે નર્યા' એટલે પોતે તંદુરસ્ત રહે અને શરીરે નીરોગી રહે તો તેને તેની સમજણ પ્રમાણે સર્વથી વધારે સુખ છે એમ કહેવામાં આવે છે. 'બીજું સુખ તે ઘેર દીકરા' એટલે ઘરે છોકરા–છોકરી હોય તે બીજા નંબરનું સુખ જણાવ્યું. 'ત્રીજું સુખ સુકુળની નાર' — સારી બૈરી મળે, સારા કુળવાળી અને ઘરરખ્ખુ પત્ની મળે તેને ત્રીજા નંબરનું સુખ કહ્યું. 'ચોથું સુખ તે કોઠીએ જાર' એટલે ઘરમાં ધાન્યની — અનાજની સંપત્તિ હોય તેને ચોથું સુખ ગણવામાં આવ્યું. આ ચારે પ્રકારનાં સુખમાં સુખ જેવું કાંઈ નથી. આવતા પ્રકરણમાં આપણે જોઈશું કે દીકરાદીકરીની પ્રાપ્તિને સુખ માનવું તેના જેવી એક પણ ભ્રમણા નથી. દીકરાદીકરી હોય તો ફેંકી દેવાતાં નથી, પણ તેમાં સુખ જેવી કોઈ ચીજ નથી અને બાકીનાં સર્વ સુખો તો પૌદ્‌ગલિક છે અને એ સુખને અંતે દુઃખ થનાર છે, એટલે એ ખરા સુખની વ્યાખ્યામાં આવી પણ શકતા નથી.

કેટલાક વ્યવહારુ માણસો સુખના ત્રણ વિભાગ કરે છે: સાત્ત્વિક, રાજસી અને તામસી. પણ આ ત્રણે સુખમાં પણ જેને તેઓ સાત્ત્વિક કહે છે તે પણ વસ્તુતઃ પૌદ્‌ગલિક સુખના વિભાગમાં જાય છે. ચાલુ જે સુખની વ્યાખ્યા છે તે અનુસાર સર્વ પ્રકારનાં સુખો પૌદ્‌ગલિક સુખની કક્ષામાં આવે છે અને ટૂંક વખતનાં અને માન્યતાનાં સુખ હોઈ, પ્રશમસુખની ઊંચાઈએ પહોંચતાં નથી. આ પ્રશમસુખ જે છેવટે મોક્ષસુખ સુધી લઈ જાય છે તે અનેરું છે અને તેનું અત્ર નિરૂપણ છે જે તમને બીજા કોઈ જૈનેતર લેખકની કલમ કે વિચારણામાંથી નહિ મળે. એક માણસ સુખની શોધમાં નીકળ્યો હતો, તે મહિનાઓ સુધી ફર્યો પણ કોઈ પ્રાણીને એક જાતનું દુઃખ, કોઈને બીજા પ્રકારનું દુઃખ એણે જોયું. એક શેઠને ચાર દીકરા હતા અને હજારોની ફેરવણી હતી. તે તેના ઓટલા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પર શેઠને દેખવા, એમના દર્શન કરવા બેઠો અને અહીં સાચો સુખી મળશે એવી આશા રાખી. શેઠ થોડા વખત બાદ ત્યાં આવી પહોંચ્યા ત્યારે આ સાચા સુખની શોધમાં નીકળેલા જિજ્ઞાસુને શેઠની પાસેથી ખબર પડી કે ચારે છોકરા તો કોઈ બીજાના હતા, શેઠ પોતે તો નપુંસક હતા. આ વાર્તા ચંદ્રકાન્ત નામના પુસ્તકમાં શ્રી ઇચ્છારામ સૂર્યરામે પ્રગટ કરી છે. એ જરૂર વાંચવા જેવી છે. મતલબ, આ જગતમાં કોઈ સાચા અર્થમાં સુખી નથી. અને આ ભ્રમણામાં રહેવા જેવું નથી. સાચું સુખ ક્યાં છે અને કોને મળે તેનો જવાબ આ પ્રકરણ આપે છે, તે વિચારવા આપને મારી વિજ્ઞપ્તિ છે. તે પર નુકતેચીની પ્રકરણને અંતે કરવાનું રાખી આપને ગ્રંથકાર સાથે સાચા સુખનો મર્મ સમજાવવા પ્રયત્ન કરું.

*  *  *

## મનુષ્યની ઋદ્ધિ અને સંયોગો કેવાં છે?

क्षणविपरिणामधर्मा मर्त्यानामृद्धिसमुदयाः सर्वे ।
सर्वे च शोकजनकाः संयोगा विप्रयोगान्ताः ॥१२१॥

અર્થ—મનુષ્યો(માણસો)ની સર્વે ઋદ્ધિઓ અંતે ક્ષય પામે એવા ધર્મવાળી છે અને જે આ સંયોગો છે તેનો અંત (છેડો) વિયોગમાં આવનાર છે અને તેટલા માટે શોકજનક-દિલગીરી કરનાર છે. (૧૨૧)

**વિવેચન**—માણસનો મરણ સ્વભાવ છે, એ જરૂર મરવાનો છે, એટલા માટે તેને 'મર્ત્ય' કહેવામાં આવે છે.

બધું અચોક્કસ, અનિત્ય અને થોડા વખત માટે રહેનારું છે. એ દ્વારા આડકતરી રીતે પ્રથમ અનિત્યભાવના જણાવી. આ બાબતો આપણે એક પછી એક વિચારીએ.

**ઋદ્ધિસમુદય**—ઘર, ચાંદી કે સુવર્ણ અથવા સર્વ ધાતુ કે ફરનીચર, રોકડ એ સર્વ મળીને માણસની પૂંજી ગણાય છે. એનામાં બેવડી અનિત્યતા છે. એક તો ઉપર જણાવ્યું તેમ માણસ મરણ જરૂર પામવાનો છે અને તે અહીં હોય તેટલા વખતમાં પણ સોનું, રૂપું, ફરનીચર, ઘર કે દુકાન, રોકડ અને પૂંજી અંતે ક્ષય પામવાની છે. એ સમૃદ્ધિ આ ભવમાં પણ એક સરખી રીતે ટકી રહેતી નથી. ઘણાં મનુષ્યોને એક ભવમાં પણ ત્રણ ત્રણ કે સાત સાત ભવ કરતાં જોઈએ છીએ. એટલે એ પૂંજી હોય તે સર્વદા ટકી રહેવાની છે એમ ન કહી શકાય. પૂંજીને ઊઠી જતાં વાર લાગતી નથી. આજનો પૂંજીવાળો માણસ કાલે પરિસ્થિતિ ફરતાં ભિખારી થઈ જાય છે અને વળી પાછો તે ઊભો થાય છે. ઘર, દુકાન, માલ કે રોકડ પૂંજી એ ક્ષય પરિણામવાળી છે અને તે આજે હોય અને કાલે ચાલી જાય તો નવાઈ નહીં. આવી ક્ષય પમાડનારી મૂડી ઉપર આધાર રાખી શકાય નહિ કે કાંઈ મદાર બંધાય નહિ. એ તો કોઈ પણ વખતે ખસી જાય.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ક્ષણવિપરિણામધર્મા**—એક ક્ષણવારમાં ઊલટા થઈ જવાના ધર્મવાળા સર્વ વિષયો છે. આજનો ધનવાન કાલે ગરીબ થઈ જાય છે અને આજનો અંબાડીમાં બેસનાર કાલે જમીન પર રગદોળાય છે. આ પ્રમાણે વિષયો ક્ષણવારમાં ઊલટાઈ જાય છે, ફરી જાય છે, બદલાઈ જાય છે, આવો તેઓનો સ્વભાવ છે.

**સંયોગો**—અહીં સ્ત્રી, પુત્ર, માતાપિતાદિ, નોકરચાકરોનો સંયોગ થયો હોય તેનો છેડો અંતે વિયોગમાં આવે છે—કાં તો તે ચાલ્યા જાય છે કે મરી જાય છે. સંયોગોનો વિયોગ થવો અનિવાર્ય છે. આપણને ખાવાનો સુંદર સંયોગ મળે, સારું સારું મીઠું ભોજન મળે, અથવા સ્વાદિષ્ટ ચીજ મળે કે સરસ ફૂલોની સુગંધ મળે કે આંખને પ્રિય લાગે તેવા બંગલા બગીચા જોવા મળે કે કાને મધુર હાર્મોનિયમ, દિલરુબા કે વીણા સંભળાય—એ સર્વ સંયોગો અંતે ચાલ્યા જાય છે. કાં તો આપણે ચાલ્યા જઈએ છીએ, કાં તો તે આપણને છોડી જાય છે. આ દુનિયાની આપણી મૂડી-પૂંજી કે ઋદ્ધિ આપણને છોડી જ જાય છે અને સંયોગો ફરી જતાં વખત લાગતો નથી. જેને અત્યારે આપણે સંયોગ માનીએ છીએ તે ફરી જતાં અને તેનો વિયોગ થતાં વખત લાગતો નથી. આજે સવારે જેને કૂદતાં, રખડતાં, ફરતાં અને મહાલતાં જોયા હોય તે સાંજે સ્મશાન ભેગા થાય છે અને આ રીતે આપણા સર્વ સંયોગો અંતે નાશ પામી ઊલટા વિયોગ કરનારા છે. એ આપણને નહિ મૂકે તો આપણે તેમને મૂકીને જવાનું છે, અને એ રીતે ઋદ્ધિનો ક્ષય અને સંયોગનો વિયોગ ચોક્કસ છે. તો અત્ર સ્થાયી પદાર્થો ક્યા? આ તો જેના પર આધાર રાખ્યો તે જ આપણા નથી. તો પછી ટૂંક વખતની જે વસ્તુઓ કે સગાંઓ હોય તે પર રાચી કેમ જઈએ?

ઘણુંખરું તો સંયોગ થવામાં પણ બીજાની વિવશતા જરૂર હોય જ છે. આ પૌદ્-ગલિક સંબંધ પર આપણે કેમ રાચી જઈએ અને રાચીએ તો આપણે વ્યવહારદક્ષ, સમજુ કે ડહાપણવાળા કેમ ગણાઈએ? આવી રીતે આપણી ઋદ્ધિ અંતે ક્ષયના પરિણામ-વાળી છે અને આપણા સંયોગો વિયોગમાં પલટાઈ જવાના છે એવું સમજી એ અનિત્ય વસ્તુ પર રાચવું નહિ. ત્યારે કોના ઉપર રાચવું, કોના ઉપર માચવું, કોનો વિશ્વાસ કરવો તે હવે બતાવે છે. (૧૨૧)

**એવી અનિત્ય વસ્તુમાં ન રાચવું—**

**भोगसुखैः किमनित्यैर्भयबहुलैः कांक्षितैः परायत्तैः ? ।**
**नित्यमभयमात्मस्थं प्रशमसुखं तत्र यतितव्यम् ॥१२२॥**

**અર્થ**—આવા ભોગસુખો જે હંમેશના નથી, જેને અંગે અનેક પ્રકારનાં ભયો રહે છે અને જે પારકાના ઉપર આધાર રાખનારા છે તેમની ઇચ્છા કરવાથી શું? આત્માનું

जैन साईट JAINSITE.com जनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુખ નિત્ય છે, હંમેશનું સ્થાયી છે અને ભયમુક્ત છે. આ પ્રકારના શાંતિના સુખ માટે પ્રયત્ન કરવો ઘટે. (૧૨૨)

**વિવરણ—ભોગસુખ**—વિષયભોગના સુખની ઉપર કોઈ જાતનો આધાર રાખવો ન ઘટે, તેનાં આ ગાથામાં ત્રણ કારણો પ્રથમ જણાવી, નિત્ય સુખ માટે પ્રયત્ન કરવો જોઈએ એ વાત સ્પષ્ટ કરે છે. આપણે પ્રથમ ભોગસુખનો કોઈ પણ અર્થ નથી તેનાં ત્રણ કારણો વિચારી જોઈએ.

**અનિત્ય**—પહેલું કારણ, ભોગસુખો લાંબો વખત ટકતાં નથી, એ થોડા વખત માટેનાં છે અને તે અંતે ચાલી જાય છે, કે આપણે તેમનો ત્યાગ કરવો પડે છે. એ અનિત્ય છે એ સ્પષ્ટ વાત છે. અનિત્ય-અચોક્કસ, પૌદ્‌ગલિક, ઇંદ્રિયના કે માનસિક સુખની આ વાત છે.

**ભયબહુલ**—એ ભોગસુખોને માટે પ્રયત્ન ન કરવાનું બીજું કારણ કહે છે. એમનામાં ભય બહુ રહે છે, આપણે તેમને વાસ્તે ટીંગાઈ રહીએ છીએ અને અહીંથી લઉં કે પણેથી લઉં એવી વૃત્તિ રહ્યા કરે છે, અને એ આપણાં થશે કે નહિ તે માટેનો ભય તો આખો વખત રહ્યા જ કરે છે. એ વિપરિણામવાળાં હોઈ આગલી ગાથામાં જણાવ્યું તેમ ક્યારે ચાલ્યાં જશે તેનો ભય તો બધો વખત જરૂર રહે છે.

**પરાયત્ત**—આવાં ભોગસુખો બીજાઓ ઉપર આધાર રાખનારા છે. સ્ત્રી મળે તો સ્ત્રીનું સુખ થાય, પણ સ્ત્રી પારકી વસ્તુ છે, તે જ પ્રમાણે ધનધાન્ય, મકાન કે દુકાનો, મેડી માળ કે ફરનીચર એ સર્વ પારકાં છે. સમજુ માણુસ પારકી વસ્તુ કે પારકા ઉપર આધાર રાખનારી વસ્તુ માટે કદી પણ પ્રયત્ન કરે નહિ. આપણા તાબાની ચીજ હોય અને હંમેશા આપણી બની રહેવાની હોય તો તો તે આપણા પ્રયાસયોગ્ય હોઈ શકે, પણ આ તો પારકી વસ્તુ અને પર ઉપર આધાર રાખનારી વસ્તુ, તેના માટે કેમ પ્રયત્ન થઈ શકે ? એ વસ્તુ આપણી થશે કે નહિ એ સર્વ શંકાસ્પદ છે. માટે, તે સુખભોગ પૌદ્‌ગલિક અને પરાધીન હોઈ, તે માટે પ્રયત્ન કરવાથી શું ? આ ત્રીજું કારણ કહ્યું.

**પ્રશમસુખ**—હવે આ સુખોની સરખામણીમાં પ્રશમસુખ-શાંતિનું સુખ, ઉપશમ-સુખ એ કારણે આદરણીય છે. એ કારણોને લઈને તે પ્રશમસુખ મેળવવા માટે પ્રયત્ન કરવો યોગ્ય છે. તે સુખના આદરણીયપણા માટેનાં કારણો જોઈએ.

**નિત્યમ્**—આ પ્રશમસુખ નિત્ય છે, સર્વ કાળે થયા પછી તે છે અને છે, હંમેશ રહેવાનું છે અને શાંતરસનું સુખ છે. તે નિત્ય હોઈ ભોગસુખની સરખામણીમાં પ્રયાસ કરવા યોગ્ય છે. પ્રશમસુખ માટે પ્રયાસ કરવાનું આ પ્રથમ કારણ છે.

**આત્મસ્થ**—હવે આપણે પ્રશમસુખ માટે પ્રયત્ન કરવાનું બીજું કારણ જોઈએ. એ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતાની પાસે જ છે, પોતાના આત્મામાં જ રહેલું છે અને પારકાને કે પારકી વસ્તુને તે ઇચ્છતું નથી, તેને તેની જરૂર નથી અને તે પર તે આધાર રાખતું નથી.

**અભય**—એને કોઈનો ભય નથી, એ પોતે અભય છે અને અભય આપનાર છે. આવા પારકા ભયથી રહિત થયેલા સુખ માટે પ્રયાસ બધી રીતે યોગ્ય છે. પ્રશમસુખ માટે પ્રયાસ કરવાનું આ ત્રીજું કારણ જણાવ્યું.

માટે અનિત્ય અને પારકા પર આધાર રાખનાર અને હોય ત્યારે પણ ભય-ચિંતામાં રાખનાર ભોગસુખ માટે પ્રયાસ કરવો નકામો છે અને પ્રશમસુખ ત્રણ કારણે પ્રયાસ કરવા યોગ્ય છે. આ બધાં કારણો વિચારી તારે પ્રશમસુખ માટે પ્રયાસ કરવો યોગ્ય છે. (૧૨૨).

**ઇંદ્રિયસમૂહ પર વિજય મેળવવા પ્રયત્ન કરવો ઘટે—**

**यावत् स्वविषयलिप्सोरक्षसमूहस्य चेष्टयते तुष्टौ ।**
**तावत्तस्यैव जये वरतरमशठं कृतो यत्नः ॥१२३॥**

**અર્થ**—જે વખત દરમ્યાન ઇંદ્રિયોનો સમૂહ વિષયોની ઇચ્છા તૃપ્ત કરવા પ્રયત્ન કરે, તે વખતે જ તેનો જ વિજય કરવા માટે કોઈ જાતના દંભ વગર પ્રયત્ન કરવો યોગ્ય છે. (૧૨૩)

જૈન સાઈટ JAINSITE.com જૈનમ જયતિ શાસનમ

**વિવેચન—યાવત્**—જે વખતમાં ઇંદ્રિયો પોતાના વિષયોને ભોગવવાની ઇચ્છાને તૃપ્ત કરવા માટે પ્રયત્ન કરતી હોય તે જ વખતે તે ઇન્દ્રિયો પર વિજય મેળવવા માટે, તેમનો સંયમ કરવા માટે યત્ન કરવો ઘટે, કારણ કે યુવાવસ્થામાં ઇંદ્રિયો બળવાન હોય છે તેમ જ તેમના પર વિજય મેળવવા માટેનો આપણો પ્રયત્ન સફળ થાય છે. પછીની વાત આગળ વિચારીશું. જુવાનીમાં તો માણસમાં એટલું જોર હોય છે કે તે પર વિજય પણ તે જ માણસ મેળવી શકે. જુવાની જેમ ઇંદ્રિયોને માર્ગ આપે છે તેમ તેમના પર સંયમ દ્વારા વિજય પણ મેળવી શકે છે. એટલે જે વખતે તેમને તૃપ્ત કરવા પ્રયત્ન-ચેષ્ટા કરવામાં આવે છે તે જ વખતે તેમના પર વિજય મેળવવા પ્રયત્ન કરવો એ યુક્ત છે, કારણ કે ભોગસુખ અંતે છોડવાનાં છે, હોય ત્યારે પણ લાંબો વખત ટકતાં નથી અને રાજા વગેરે ઘણાનો એને ભય છે.

**અક્ષસમૂહ**—ઇંદ્રિયનો સમૂહ, ઇંદ્રિયો. એ સર્વ પાંચે ઇંદ્રિયો યુવાવસ્થામાં બહુ જોર કરે છે અને તેમને તૃપ્ત કરવા માણસ હવા ખાવા જાય છે, ટેકરા ઉપર ફરે છે, કસરત કરે છે, કોલ્ડડ્રીંક પીએ છે, માથે વેણીઓ બાંધે છે અને તે દ્વારા ઇંદ્રિયોને તૃપ્ત કરવા અનેક પ્રકારના યત્નો કરે છે. એ યત્ન તો એના નકામા જાય છે. ઇંદ્રિયો એની થતી નથી, ધરાતી નથી, અને કદી તૃપ્ત થતી નથી, પણ એ સમયે જ્યારે એ ઇંદ્રિયને સંતોષવા પ્રયત્ન કરે તે વખતે એનું ખરું કામ શું છે તે ગાથાના ઉત્તરાર્ધમાં બતાવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સ્વવિષય**—પોતપોતાના વિષય. દરેક ઇંદ્રિયના જુદા જુદા વિષયો છે. માણસ તે વિષયોની તૃષ્ણાને તૃપ્ત કરવા અનેક ધમપછાડા કરે છે.

**તુષ્ટૌ**—શાંતિ. માણસ ઇંદ્રિયની શાંતિ માટે, તૃપ્તિ માટે જુદા જુદા પ્રયત્ન કરે છે, ચેષ્ટા કરે છે, હાલે ચાલે છે. તે જ વખતે તેનું કર્તવ્ય ખરેખરું શું છે તે હવે બતાવે છે.

**તાવત્**—જે વખતે એ ઇંદ્રિયની તૃપ્તિ માટે પ્રયાસ કરે છે તે જ વખતે તેના પર વિજય મેળવવાને માટે તેણે પ્રામાણિક મહેનત કરવી જોઈએ. કોઈ જાતના દંભ દેખાવ કે ડોળ રાખ્યા વગર તે તે ઇંદ્રિયના ઉપર વિજય મેળવવા માટે તેણે પોતાનું સર્વ ધ્યાન આપવું જોઈએ અને સંયમ દ્વારા તે જ ઇંદ્રિયોને વશ ન પડતાં તેમના પર વિજય મેળવવો જોઈએ.

**વરતરં**—સાચેસાચો, સુંદર, સરસ, આપણી માણસાઈને ઘટે તેવો. યત્નનું આ વિશેષણ છે.

**અશઠં**—દંભરહિત, પ્રામાણિક, સાચા દિલનો, શઠતા વગરનો. યત્નનું આ બીજું વિશેષણ છે.

ઘડપણમાં જ્યારે ઇંદ્રિયો જોર ન કરે, જ્યારે મોંમાંથી લાળ પડતી હોય, આંખમાંથી પાણી વહેતાં હોય તે વખતે પણ ઇંદ્રિયો પર વિજય કરવાનો છે. અત્યારે આ વાત યુવાન સાધકોને ઉદ્દેશીને ખાસ કહેવામાં આવે છે, એટલે વૃદ્ધ માણસને ઇંદ્રિય પર જય મેળવવાની જરૂર નથી એમ ન સમજવું, પણ જે સમયે ઇંદ્રિય તૃપ્તિ માગી રહી હોય તે વખતે ઉપર જણાવેલાં કારણોને લક્ષમાં લઈ તેને વશ ન પડતાં તે પર સંયમ રાખવો અને તેને જીતવી એ આ શ્લોકનો ખાસ ભાવ છે. પછી ઘડપણમાં ઇંદ્રિયો જોર ન કરે ત્યારે 'વૃદ્ધા નારી પતિવ્રતા' જેવું થાય તે પણ યોગ્ય છે, પણ અત્ર ઉદ્દેશ યુવાન માણસને માટે ખાસ ધારવા-વિચારવા યોગ્ય છે. દંભરહિતપણે એટલે દેખાવ કે ગોટા વાળ્યા વગર ઇન્દ્રિય પર જેવો વિજય મેળવવાનું આચારાંગસૂત્રમાં કહ્યું છે તેવો વિજય મેળવવા પ્રયાસ કરવો.

**યાવત્-તાવત્**—જ્યાં સુધી, ત્યાં સુધી. આ રીતે અર્થ કરીએ તો તેમાં ઘડપણનો સમય પણ આવી જાય છે. જે સમયે તમે ઇન્દ્રિયના વિષયને તૃપ્ત કરતા હો તે વખતે જુવાની કે ઘડપણમાં તેના પર વિજય મેળવવા પ્રયત્ન કરવો. આવો અર્થ પણ શક્ય છે અને તે અર્થ કરતાં બાળપણ, જુવાની, પુખ્ત ઉંમર અને ઘડપણ-જ્યારે જ્યારે ઇન્દ્રિય-તૃપ્તિના કામમાં તમે લાગ્યા હો તે વખતે તેનો જય કરવામાં તમારે સમય વાપરવો. આ અનુભવીની વાણી છે અને તેનાં કારણો ઉપર જણાવ્યાં છે. આ અર્થ પણ શક્ય છે. એમાં સર્વ વખતનો સમાવેશ થાય છે તે દૃષ્ટિએ એ અર્થ પણ વિચારવા યોગ્ય છે. (૧૨૩).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સરાગી અને વીતરાગીની સુખની ગણના—**

**यत् सर्वविषयकांक्षोद्भवं सुखं प्राप्यते सरागेण ।**
**तदनन्तकोटिगुणितं मुधैव लभते विगतरागः ॥१२४॥**

**અર્થ**—રાગસહિત-સરાગી માણસો સર્વ વિષયોમાંથી ઉદ્‌ભવેલું સુખ મેળવે છે, તેનાથી અનંતક્રોડગણું સુખ વગર કિંમત આપ્યે વીતરાગ (રાગ વગરના પ્રાણીઓ) પ્રાપ્ત કરે છે. (૧૨૪)

**વિવરણ**—ઉપર જણાવેલા કારણે ભોગસુખ અને તેની તૃપ્તિના સુખને તજવા યોગ્ય છે, છતાં એ માની લીધેલા સુખનો સરવાળો અને વીતરાગતાનું સુખ એ બન્નેને સામસામે મૂકીને તુલના બતાવે છે. એટલે, એ બન્ને સુખમાં કયું ચડિયાતું તેની બરાબર સરખામણી કરે છે.

**વિષયકાંક્ષોદ્‌ભવં સુખં**—વિષયાભિલાષની ઇચ્છાથી જે સુખ થાય તેની અને વીતરાગના સુખની અત્ર સામસામે એક જ તાજવે સરખામણી કરવામાં આવે છે. પાંચે ઇંદ્રિયના વિષયથી જે સુખ થાય, એટલે સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ કે શ્રોત્રથી જે સુખ તમે માનતા હો તો, લાગે તે સુખ પણ વીતરાગના અથવા રાગ વગરના પ્રાણીના સુખ પાસે સરખામણીમાં કાંઈ નથી, રાણીદાસી જેટલો તફાવત છે. તમે પાંચે ઇંદ્રિયના વિષયોમાંથી જે સુખ થાય તેને એકમનું રૂપ આપો તો હવે પછી વીતરાગપણામાં–રાગરહિતપણામાં જે સુખ છે તે કરોડોગણું સરખામણીમાં થાય એમ બતાવવાનું છે. એટલે વિષયસુખ એક હોય તો કરોડોગણું વીતરાગતામાં રહેલું સુખ છે. આ એક અને કરોડગણા સુખને તમે ગણતા હો તો હવે એ વચ્ચે પસંદગી કરો. વિષયસુખને એક એકમ મળે અને વીતરાગભાવને કરોડો એકમ મળે તે અનુભવીનું વચન છે. આમાં કયું સુખ પસંદ કરવું તે તમે વિચારો. પ્રથમ તો વિષયસુખમાં સુખ જ નથી, પણ તમે માનતા હો કે તેમાં સુખ છે તો તેની સરખામણી આ રીતે શક્ય છે. તમે સમજુ છો, કુશળ છો, વ્યવહારદક્ષ છો. હવે તમને ગમે તે સુખ માટે પ્રયત્ન કરો.

**અનંતકોટિગુણિતં**—વિષયસુખને આપણે ગણતરીને માટે એક એકમનું રૂપ આપ્યું તો અનંતકોટિગણું તેનાથી વધે તેવું રાગરહિતપણાનું સુખ છે. આ અનંતકોટિ એટલે સંખ્યારહિતગણા સુખને તમે અનુભવી તો જુઓ. જેમણે એ સુખ અનુભવ્યું છે તેમનું આ વચન છે. એકની સંખ્યાનું મૂલ્ય ધરાવતા સુખને માટે કરોડની સંખ્યાનું મૂલ્ય ધરાવતા સુખનો ભોગ આપે, તેને જવા દે કે જતું કરે એ સમજુ ગણાય?

**મુધા**—આ કરોડોગણા સુખની કિંમત જરા પણ બેસતી નથી, વગર મહેનતે અને વગર પૈસે એ સુખ મળે છે. વિષયસુખ માટે તો પૈસા પણ બેસે, પણ આ વીતરાગ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણાના સુખની એક પાઈ પણ બેસતી નથી. આ વગર મૂલ્યનું સુખ મેળવવા માટે તમારે પ્રયત્ન કરવો જોઈએ. એ અહીં વાત છે.

**વિગતરાગ**—વિરાગી, વીતરાગી, રાગરહિત. આ રાગ વગરનો પ્રાણી અનંતગણું સુખ વગર પૈસે, વગર મૂલ્યે મેળવે છે. વગર પૈસે આવું સુખ મળે અને તે અનંતગણું હોય પછી કોણ સમજુ-કુશળ માણસ વિષય તરફ નજર પણ ફેંકે? તમારે જો સમજુની કક્ષામાં ગણાવું હોય તો વીતરાગભાવના સુખની સ્પૃહા કરતાં શીખવું જોઈએ. એ તો અનંતગણું મોટું સુખ છે, એની ગણના મુશ્કેલ છે. અને તેની પાસે ઇંદ્રિયજન્ય સુખ કાંઈ ગણતરીમાં નથી, ગણનામાં નથી. (૧૨૪)

**સરાગીનું દુઃખ**—

इष्टवियोगाप्रियसंप्रयोगकांक्षासमुद्भवं दुःखम् ।
प्राप्नोति यत् सरागो न संस्पृशति तद्विगतरागः ॥१२५॥

**અર્થ**—પોતાના વહાલા કે વહાલી વસ્તુનો વિયોગ થાય અને જે ન ગમે તે વસ્તુ કે માણસોનો સંબંધ થાય તે વખતે જે ચિંતા થાય તેથી થતું દુઃખ જે રાગવાળા માણસને થાય છે તે રાગ વગરના માણસ (વીતરાગ)ને અડતું પણ નથી. (૧૨૫)

**વિવરણ**—**ઇષ્ટવિયોગ**—જે પોતાને વહાલા હોય તેમનાથી જુદા પડવાનું થાય ત્યારે દુઃખ લાગે છે અથવા હંમેશને માટે તે મરીને દૂર થાય ત્યારે તેમના મરણથી આઘાત લાગે છે. પોતાને વહાલું માણસ મરી જાય, અથવા પોતાને વહાલી જે વસ્તુ હોય તે ખોવાઈ જાય, સડી જાય કે નકામી થઈ જાય તે ઇષ્ટવિયોગ. આર્ત્તધ્યાનના ચાર પ્રકાર છે. તેમાંનો ઇષ્ટવિયોગ એક પ્રકાર છે. વહાલી વસ્તુ કે વહાલાં કુટુંબીસગાંઓ થોડા વખત માટેકે સદાયને માટે દૂર થાય અને તેનો વિયોગ આપણને સાલે, તે કારણે થતી ચિંતાને પરિણામે થતું દુઃખ આ એક પ્રકારનું આર્ત્તધ્યાન જ છે અને અનુભવે તેવા પ્રકારનું દુઃખ સંસારરસિક પ્રાણીને બહુ ખરાબ અને આકરું લાગે છે. એવા પ્રકારના થતા ચિંતાના દુઃખનું અત્ર નિવેદન છે.

**અપ્રિયસંયોગ**—જે માણસો કે જે વસ્તુ પોતાને ન ગમતી હોય તે પોતાને મળે તે વખતે થતું આર્ત્તધ્યાન. આ પણ આર્ત્તધ્યાનનો એક પ્રકાર છે. આર્ત્તધ્યાન ચાર પ્રકારના હોય છે. તેમાં પોતાને ન ગમતી વસ્તુના સંબંધથી થતી ચિંતા, ઘાલાવેલી કે આહટ્ટદોહટ્ટનો સમાવેશ થાય છે.

**કાંક્ષા**—ચિંતા, વહાલાનો વિયોગ અને અણવહાલાનો સંબંધ થવાથી થતી અનેક પ્રકારની વિચારણા, ચિંતા અને તે દૂર કરવાના ઉપાયો શોધવા. અપ્રિયનો સંબંધ થઈ જાય કે વહાલાનો વિયોગ થાય ત્યારે અનેક જાતના વિચાર આવે છે. જાણે અમુક માણસ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે ચીજ વગર આ જીવન કેવું અકારું થઈ પડશે એવી માનસિક ચિંતા અને તે નિવારવાના બની શકતા ઉપાયના એ વિચારથી થતું માનસિક દુઃખ. ઘણીવાર તો જિંદગી જ અકારી થઈ પડે છે અને આવું જોવા કે અનુભવવાના બદલે પોતે જ મરી ગયો હોત તો સારું થાત એવી દુઃખની લાગણી, મનમાં તે વખતે થતો ઉદ્વેગ અને તાલાવેલી, તે વગર કેમ ચાલશે અથવા તે સાથે હશે તો દહાડા કેમ જશે એમ ચિંતાથી થતું દુઃખ.

આ ઇષ્ટવિયોગ અને અપ્રિયસંપ્રયોગનું દુઃખ જે સરાગીને થાય છે તે વીતરાગીને અડકતું પણ નથી. દુઃખનું કારણ જ રાગ છે. એ વસ્તુ વગર કેમ ચાલશે અને એ વસ્તુ સાથે કેમ જીવન ટકશે આ સર્વ વિચારણા માણસ કે વસ્તુના રાગથી થાય છે. આ દુઃખ જે રાગવાળા મનુષ્યને સામાન્ય છે, એક દિવસમાં દશ વખત થાય છે તે દુઃખ વિરાગીને અડતું પણ નથી, અસર કરતું પણ નથી. એટલે સરાગીને સુખ થાય તેનાથી વિરાગીને કરોડગણું સુખ થાય છે અને દુઃખ જે સરાગીને થાય છે અને જે કારણે થાય છે તે વિરાગીએ ત્યાગેલ હોવાથી તેને દુઃખ થતું નથી. અરે! એને દુઃખ અડતું પણ નથી. સરાગીનું આ સુખ માત્ર માન્યતામાં છે, તે ઘણું થોડું છે અને દુઃખ પારાવાર લાગે છે. આ બન્ને વિચારવા જેવી ચીજ છે. જો આ વાત ખરી હોય તો સરખામણીમાં વીતરાગીનું સુખ ઘણું ચઢી જાય અને દુઃખ તો તેને થતું જ નથી. હવે વ્યવહારદક્ષ માણસ તરીકે તું શું પસંદ કરીશ તે વિચારીને મને કહે. આમાં સરાગીનું જે કાંઈ સુખ દેખાય છે તેથી કરોડોગણું સુખ વીતરાગીને થાય છે અને સરાગીને થતું દુઃખ વિગતરાગીને થતું નથી, અડતું પણ નથી એ બહુ ધ્યાનમાં રાખવા જેવી વાત છે. પસંદગી કરો અને કુશળતાનો ઉપયોગ કરો. (૧૨૫)

જૈન સાઈટ JAINSITE.com નમામ્ જ્યતિ શાસનમ્

### વિગતરાગીના સુખનું વર્ણન—

प्रशमितवेदकषायस्य हास्यरत्यरतिशोकनिभृतस्य ।
भयकुत्सानिरभिभवस्य यत् सुखं तत् कुतोऽन्येषाम् ? ॥१२६॥

**અર્થ**—જે પ્રાણીના વેદ અને કષાયો દબાઈ ગયા છે એટલે ઓછાં થઈ ગયાં છે, જે હસવું, આનંદ પામવો અને દિલગીરી કરવી તથા શોકને દાબીને બેસી ગયા છે અને જે બીજાની બીક તથા નાક મચકોડવાથી હરાયેલા નથી તેમને જે સુખ થાય તે બીજાને ક્યાંથી હોઈ શકે? (૧૨૬)

**વિવરણ : પ્રશમિતવેદકષાયસ્ય**—જે પ્રાણીના વેદોદય તેમ જ ક્રોધ, માન, માયા અને લોભરૂપ કષાયો ઠંડા પડી ગયા છે તે પ્રાણીને જે સુખનો અનુભવ થાય તેની ખબર બીજાને અનુભવ વગર શેની પડે? વેદ એટલે પુરુષવેદ, સ્ત્રીવેદ અથવા નપુંસકવેદ, આ જેમના ચાલ્યા ગયા છે અથવા જેમણે તેમનો ઉપશમ કરેલો છે તેમને જે સુખ થાય,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમના મનને જે શાંતિ થાય તેનો અનુભવ બીજા સવેદી કે સકષાયીને ક્યાંથી થાય? આ સર્વ સુખ વેદ અને કષાયના અભાવે જ થાય છે. એ માનસિક સુખનો અનુભવ સવેદી કે સકષાયીને ન જ આવી શકે. એ તો પોતાના કષાયરહિત અને વેદરહિત મનોરાજ્યમાં લહેર કરતા હોય છે. દુનિયાદારીના પ્રાણીને લાગે, જેમ લક્ષ્મણા સાધ્વીને લાગ્યું હતું, કે વેદ વગરના જે હોય તે સવેદીની પીડા કેમ જાણે? આનું પ્રાયશ્ચિત લીધા વગર તે અનંત સંસારમાં રખડી પડી. જે પ્રાણીઓને વેદના નાશ અથવા ઉપશમથી સુખ થાય છે તે ભારે મોટું સુખ છે, શબ્દથી કહી શકાય તેવું નથી, એમ એ વેદ અને કષાયનો ક્ષય કે ઉપશમ કરનારા કહે છે. અને આપણે ક્રોધી, અભિમાની, દંભી કે લોભીને કરવા પડતાં કાવતરાંનો વિચાર કરીએ ત્યારે સમજી શકીએ છીએ કે અક્રોધી, અમાની, અદંભી અને અલોભીને ભારે સુખ થતું હશે, અથવા જેણે પોતાનાં વેદ અને કષાયોને ઉપશમાવ્યાં છે તેનું સુખ સવેદી કે સકષાયી કેમ કલ્પી શકે? આ તો જેમણે બન્નેને જોયેલ છે તે કહે છે, તે સ્વીકારવું જ રહ્યું. સવેદી કે સકષાયીને વાસ્તવિક રીતે કાંઈ સુખ જ નથી. પણ એનાથી લાખો, કરોડો, અનંતગણું સુખ નિર્વેદી કે નિષ્કષાયીને છે એમ જેમણે બન્ને સુખનો અનુભવ કર્યો છે તેમનું કહેવું છે. આ તેમનું વચન સમજીને ખ્યાલમાં લેવા જેવું છે અને એ સુખનો અનુભવ કરવો હોય તો વેદ અને કષાય પર ત્યાગથી કે ઉપશમથી વિજય મેળવવા જેવો છે એમ અનુભવીઓનું વચન છે.

**હાસ્યરતિઅરતિશોકનિભૃત**—આ તો વળી વધારે વાત કહી. હાસ્ય (હસવું), રતિ-આનંદ પામવો, અરતિ (થોડાના વિયોગે એ વગર કેમ ચાલે એવું વિચારવું) અને શોક એટલે દિલગીરી, આ ચારે જેમનાં ગયેલાં છે તેવાં પ્રાણીઓ. એટલે જે પ્રાણીઓએ હાસ્ય, રતિ, અરતિ અને શોક પર વિજય મેળવીને તેમને દાબી દીધાં છે તેવાં પ્રાણીઓને જે સુખ થાય તે દુન્યવી અન્ય પ્રાણીઓને કેમ જણાય? એ સરખાવી ક્યાંથી શકાય? આ ચારે નોકષાયો છે, કષાયને પેદા થવાના કારણભૂત છે. નિરર્થક હસવું તે હાસ્ય, આનંદ માણવો, નાટકસિનેમા જોવા તે રતિ, સામાન્ય વિરહની ધારણા કરવી તે અરતિ કે ખાસ વિયોગ થતાં દિલગીરી થાય તે શોક. આ ચારે નોકષાયો કષાયને ઉત્પન્ન કરનારા છે. તે વગરના પ્રાણીને અને જેણે તે દાબી દીધાં છે, તેમનો ઉપશમ કર્યો છે તે પ્રાણીને જે સુખ થાય તે દુનિયાદારીને શું સમજાય? એ તો અજબ સુખ છે, સ્વાત્મ અનુભવ છે. હસવું નહિ, મોજ માણવી નહિ, વિરહનો આતાપ પામવો નહિ, દિલગીર થવું નહિ, તેવા જે પ્રાણીઓ હોય તેમને જે મનમાં સ્વાત્મસંતોષ અને માનસિક સુખ થાય છે તે દુન્યવી પ્રાણી કેમ અનુભવી શકે? આ સુખ પાસે પેલું પૌદ્ગલિક સુખ તો નામનું છે, તુચ્છ છે, સુખના નામને પણ અયોગ્ય છે. 'નિભૃતસ્ય' એટલે છુપાયેલું, નજર બહારનું. આ કોશનો અર્થ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ભયકુત્સાનિરભિભવસ્ય**—એની સાથે સાતે પ્રકારના ભય જેના શમી કે ઉપશમી ગયા છે અને જેને કોઈ પ્રકારની જુગુપ્સા રહી નથી. આ બન્ને પણ નોકષાયો છે, કષાયના પ્રેરક અને સૌહાર્દવાળા છે. એટલે હાસ્યાદિ ઉપરના ચાર અને ભય તથા જુગુપ્સા એ બન્ને પણ જેના શમી ગયા છે અથવા દબાઈ ગયા છે તે. નિરભિભવસ્ય એટલે અનભિભૂતસ્ય. જેઓ ભય અને જુગુપ્સાથી લેવાઈ જતા નથી. આવા કષાય-નોકષાયથી રહિત પ્રાણીને જે સુખ થાય તેનો અનુભવ બીજા પ્રાણીને ક્યાંથી થઈ શકે ? કેમ હોઈ શકે ? એ તો જેમનાં કષાયો, નોકષાયો અને વેદો નાશ પામી ગયા છે કે દબાઈ ગયા છે તેમણે જણાવ્યું છે કે એમનું માનસિક સુખ અપૂર્વ છે, પૂર્વે અનનુભૂત છે અને અનુભવવા યોગ્ય છે. આ મીઠી મીઠી વાત કરીને તમને ફસાવવાના નથી. પણ જાત-અનુભવ છે, તે તમને કહી બતાવવો છે. તમને યોગ્ય લાગે તો આ સુખનો અનુભવ કરી લો, કરવા જેવો છે એવી લેખક ઉમાસ્વાતિ મહારાજની ભલામણ છે.

આ વેદ, કષાય અને નોકષાયનો પ્રશમ કરવાથી એટલે એ પર વિજય મેળવવાથી અથવા એમને દાબી દેવાથી જે સુખ થાય તેનો ખ્યાલ આપવા માટે આ શ્લોક છે. એ સુખનો ખરો આસ્વાદ તો એ સુખ અનુભવવાથી જ થાય. જેમણે અનુભવ્યું છે તેમનું આ વચન છે. દુન્યવી સુખ બહુ થોડા વખતનું અને પૌદ્ગલિક છે. એ ટકે, હોય ત્યારે પણ સુખના નામને યોગ્ય નથી, પણ તેના કરતાં આ સુખ તો અનંતગણું સાચું અને સ્થાયી છે. માટે પસંદગી કરો તો વિચારીને સરખાવીને કરજો. આ વાત પર હજુ ઘણી વિચારણા છે તેથી તે પર વધારે વિવેચન અત્રે નથી કરતો, યોગ્ય સ્થળે હવે પછી થશે. (૧૨૬)

### જ્ઞાની કરતાં પ્રશમસુખ માણનાર ચઢે—

सम्यग्दृष्टिर्ज्ञानी ध्यानतपोबलयुतोऽप्यनुपशान्तः ।
तं न लभते गुणं यं प्रशमगुणमुपाश्रितो लभते ॥१२७॥

**અર્થ**—સમ્યક્ત્વવાળો જીવ હોય, જ્ઞાની હોય અને ધ્યાન-તપોબળથી યુક્ત હોય પણ જો તે ઉપશાંત થયેલ ન હોય તો પ્રશમગુણથી યુક્ત પ્રાણીને જે સુખલાભ થાય તે સુખલાભ તે શાંતિ વગરનો પ્રાપ્ત કરતો નથી. (૧૨૭).

**વિવેચન**—આ ગાથામાં પ્રશમગુણવાળા અને શાંતિ વગરના પ્રાણીના સુખની વાત કરે છે, ગુણ ગણાવે છે.

**સમ્યગ્દૃષ્ટિ**—જેને શુદ્ધ દેવ, શુદ્ધ ગુરુ અને શુદ્ધ ધર્મની પ્રાપ્તિ થઈ છે તે સમ્યગ્દૃષ્ટિવાળો જીવ કહેવાય. એ જાણે છે, દેખે છે અને સહજસાજ બનતું આચરણ કરે છે. એની શ્રદ્ધા નિર્મળ છે અને એ પાકો જૈન છે. એ જૈન ધર્મને ઓળખે અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પિછાને છે. પણ પ્રશમસુખ એનામાં નથી, એના વિષય-કષાયો મંદ થયા નથી. એ ગુરુને ઓળખે છે, પણ આદરતો નથી. આવા પ્રાણીને ગુણ થાય તો ખરો પણ પ્રશમસુખને ઓળખનાર અને અમલમાં મૂકનારના પ્રમાણમાં અલ્પ ગુણ થાય છે. આ બન્ને સરખામણી સામસામી રાખી કહેવા યોગ્ય છે, અને પ્રશમસુખનું પ્રમાણ સમજવા યોગ્ય છે. સમ્યગ્‌દૃષ્ટિવાળા જીવને કોઈ પ્રકારની શંકા આકાંક્ષા થતી નથી.

**જ્ઞાની**—એ ભણેલો ગણેલો, મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનયુક્ત હોય. એ સમ્યગ્‌દૃષ્ટિવાન હોય, તે સાથે એને જ્ઞાન પણ હોય એટલે એ વિવેકથી સારું-ખરાબ બરાબર જાણનાર હોય. છતાં એને શમનું સુખ કે પ્રશમનું સુખ થતું નથી. એવા સમ્યગ્‌દૃષ્ટિ જ્ઞાનીને ગુણ કેટલો થાય તે અત્ર બતાવ્યું છે.

**ધ્યાનતપોબલ**—એ અવારનવાર ધ્યાન પણ કરતો હોય, ધર્મધ્યાનના ચાર પાયા ધ્યાવતો હોય અને એકાસણાં, ઉપવાસ, ઊણોદરી વગેરે બાહ્ય તપ અને પ્રાયશ્ચિતાદિ આંતર-તપ કરનારો અને દેહ દમનારો હોય પણ હજુ એને વિષયકષાયો શાંત થયા નથી.

**અનુપશાંત**—પ્રશમસુખ નહિ પામેલો, શાંતિને શોધનારો ખરો, પણ પામેલો નહિ. આવો ઠંડા મગજ વગરનો પ્રાણી જે હોય તે.

**ગુણ**—લાભ, શાંતિ, આગળ પ્રગતિ. જે ગુણ પ્રશમસુખવાળાને મળે છે તે શાંતિ વગરના પ્રાણીને નથી મળતો. એ સમ્યગ્‌જ્ઞાનવાળો કે જ્ઞાની હોય તો પણ તે જે પ્રશમથી અલંકૃત થયેલો છે તેના પ્રમાણમાં લાભ ઉઠાવી શકતો નથી. શમસુખની આખી વાત જ જુદી છે. શમસુખ હોય ત્યારે આનંદ આપે છે અને પછી પણ અનેક જાતના લાભોને અપાવે છે.

**પ્રશમ**—શાંતિ, નિષ્કષાયતા, ધૈર્ય. આ જેનામાં હોય તે પ્રાણી ભવાંતરમાં અને અહીં પછવાડેથી જે લાભ મેળવે છે અને પોતાનો આત્મિક ગુણ સાધે છે તેના પ્રમાણમાં ઉપશાંત નહિ થયેલ પ્રાણી, સમ્યગ્દૃષ્ટિ કે જ્ઞાની હોય તો પણ એટલો લાભ મેળવી શકતો નથી. સરખામણીમાં શમસુખ ઘણું ગુણકારી છે. આગળ પણ ગુણ અપાવનાર છે અને બધી રીતે લાભ કરી કરાવી આપનાર હોવાથી તે સુગ્રાહ્ય છે, આદરણીય છે, ઇષ્ટ છે.

આ પ્રશમગુણ અથવા શાંતિની સાધના સાધુધર્મના આચરણથી વધારે સારી રીતે થાય છે અને મનને ઠંડુગાર રાખે છે, સર્વ ઉશ્કેરાટને શમાવી દે છે અને ગુણ કરે છે અને પ્રાણીને આગળ ધપાવે છે. આ સુખના પ્રકરણમાં અનિત્ય ભાવનાની પણ વાત કરી છે અને આત્મોન્નતિની પણ વાત કરી છે. (૧૨૭)

**સાધુનું સુખ અને મોટા ઇંદ્રનું સુખ**—

> **नैवास्ति राजराजस्य तत् सुखं नैव देवराजस्य ।**
> **यत् सुखमिहैव साधोर्लोकव्यापाररहितस्य ॥१२८॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અર્થ**—મનુષ્યોના રાજા ચક્રવર્તીને તથા દેવોના રાજા શક્રઇન્દ્રને તે સુખ નથી જ જે સુખ લોકવ્યાપારથી રહિત થયેલા સાધુને આ જીવનમાં–આ દુનિયામાં–અહીં જ છે. (૧૨૮)

**વિવેચન—રાજાના રાજા**—ચક્રવર્તી. આ દુનિયામાં સર્વથી વધારે સુખ મોટા ચક્રવર્તી રાજાને હોય છે. હજાર ગાયનું દૂધ પીનાર અને મહાશક્તિશાળી સ્ત્રીરત્નને ભોગવનાર ચક્રવર્તીના સુખની વાત તો શી કરવી? આ જીવનમાં કલ્પી શકાય તે સર્વ સગવડો તેને હાથમાં હોય છે અને બધી સુખની સગવડો તેના હુકમમાં હોય છે. આ જીવનમાં માણી શકાતાં ઇંદ્રિયસુખનાં સર્વ સુખો ચક્રવર્તીને પ્રાપ્ય છે અને તેને મળે છે. એ સર્વ સુખના કરતાં લોકવ્યાપારથી દૂર થયેલા અને ઇંદ્રિયસુખને તેમ જ વિષયકષાયોને કબજામાં રાખનાર સાધુ પુરુષના સુખ પાસે ચક્રવર્તીનું સુખ કાંઈ જ નથી, સરખામણીમાં નહિવત્ છે. અહીં મનુષ્યનાં માની લીધેલાં ઉત્તમ સુખની સાથે સરખામણી કરવામાં આવી છે.

**દેવરાજ**—ઇંદ્ર, બધા દેવોનો ઉપરી અથવા જેના હાથમાં આ ભરતક્ષેત્ર સોંપાણું છે તે શક્રેંદ્ર. તેને તો આખો વખત અપ્સરાઓ ગાન કરે અને લાખો દેવતા તેને આધીન રહે. તેને અનેક સ્ત્રીઓ હોય અને તે મુખ્ય સ્ત્રી ઇંદ્રાણીનો પતિ હોય. એને સર્વ સુખો, પાંચે ઇન્દ્રિયના વિષયો હાથમાં. તેનાં સર્વ સુખની સરખામણી જો લોકવ્યાપારથી રહિત થયેલા સાધુના સુખની સાથે કરવામાં આવે તો મોટા શક્રેંદ્રના સુખ કરતાં તેનું (સાધુનું) સુખ કરોડોવાર–અનંતવાર ચઢે છે. એના (સાધુના) મનમાં જે સુખનો માનસિક અનુભવ થાય છે તે મોટો ઇન્દ્ર પણ અનુભવી શકતો નથી. કોઈ 'દેવરાજ' શબ્દનો અર્થ અનુત્તરવિમાનના દેવો એમ કરે છે. પણ તે કરતાં ઇંદ્ર અર્થ યોગ્ય છે અને હરિભદ્રસૂરિ ટીકાકારને તે માન્ય છે. કદાચ ચક્રવર્તી કે ઇન્દ્રનાં સુખ પ્રમાણમાં મોટા લાગે, પણ એ મર્યાદિત છે, અંતે એ સુખ જાય છે. અને જે સુખ નિત્ય નથી તેને સુખ કહેવું એ સમજુનું કામ નથી. ઇન્દ્ર કે ચક્રવર્તીના સુખની પાછળ ઘોર અંધારું છે, જ્યારે સાધુને તો અત્યારે પણ સુખ છે અને ભવિષ્યમાં પણ હંમેશ માટે સુખ છે અને તે સુખ ભોગવતી વખતે તેના મનમાં સંતોષ છે, તેનું માનસિક સુખ ઇન્દ્રના સુખથી પણ વધારે મોટું છે.

**લોકવ્યાપાર**—મારાં તારાં કરવાં, વેધ જાળવવાં, મોટાં માણસોની પળશી કરવી અને સાચાં ખોટાં બોલી વ્યવહારગાડું ગબડાવવું. એવા પ્રકારના લોકોના વ્યાપારથી જે નિરાળા પડી ગયા છે, અને જેને તે વેપાર કરવો અંતરથી તુચ્છ લાગે છે તેવા સાધુઓ. આવા સાધુનાં માનસિક સુખ પાસે દેવ કે ચક્રવર્તીનું સુખ પણ કાંઈ ગણતરીમાં નથી. તે કાંઈ જ નથી એમ કહીએ તો ચાલે. આ સાધુનું સુખ કેવા પ્રકારનું છે અને કેવી સુંદર કક્ષામાં આવે છે તે વિષયને સ્પષ્ટ કરવા કહે છે. (૧૨૮)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સાધુનું સુખ—**

संत्यज्य लोकचिन्तामात्मपरिज्ञानचिन्तनेऽभिरतः ।
जितलोभरोषमदनः सुखमास्ते निर्व्वैरः साधुः ॥१२९॥

**અર્થ**—લોકની ચિંતાનો ત્યાગ કરીને આત્મજ્ઞાનમાં લાગી પડેલો અને જેણે લોભ, ક્રોધ અને કામદેવ ઉપર વિજય મેળવ્યો છે એવો રાગ વગરનો સાધુ સુખથી રહે છે. (૧૨૯)

**વિવેચન**—આ સુખનું પ્રકરણ ચાલે છે. કયું સુખ કહેવાય, તે કોને મળે અને ક્યારે મળે અને સુખ મળે ત્યારે તે કેવો હોય તે મુખ્યત્વે કરીને સાધુને ઉદ્દેશીને કહ્યું છે અને એક આદર્શ તરીકે શ્રાવકને લાગુ પડે છે તે ધ્યાનમાં રાખવું.

**લોકચિંતા**—પારકી ચિંતા, પંચાત અથવા ફિકર. ખાસ કરીને પોતાના સ્વજન સગાસંબંધીની ફિકર, પોતાના પુત્રપૌત્રાદિની ચિંતા અને ગામના લોકની ચિંતા. 'કાજી દૂબલે કયું ? તો કે સારે ગાંવ કી ફિકર.' આ પ્રાણી પારકી પંચાતમાં નબળો, કોરો ધાક્કોર જેવો પડી જાય છે. એ પોતાના પુત્રપૌત્ર, વૈરી, ભાઈઓ કે ગામલોકની ચિંતા આખો વખત કર્યા કરે છે. તેઓ ત્યાં ગયા હશે અને કેમ નહિ આવ્યા હોય ? અને એ શે કામે ગયા હશે અને એને કેમ હશે ? એવી ચિંતા આખો વખત કર્યા કરે છે. આ જાતની ચિંતા(Worry)નો કાંઈ અર્થ નથી. Worry ઉપર Dale Carnegie એ Don't Worry નામનું એક પુસ્તક આંગ્લ ભાષામાં લખ્યું છે. સમજી વિચારીને આવી નકામી અર્થ વગરની ચિંતાથી મુક્ત થવાનું અત્ર કહેવામાં આવ્યું છે. ખરા સાધુ હોય તે આવી ચિંતાનો ત્યાગ કરે છે અને તે સાધુ જ ખરા સુખનો અનુભવ કરી શકે છે.

**આત્મચિંતામાં લાગેલાં**—સાધુ સુખમાં જ રહે છે કારણ કે તે ચિંતામુક્ત છે, એ વાત તો સમજાણી, પણ તે તદ્દન કોરા ધાક્કોર રહેતા હશે ? ના, તેમ નથી, તેઓ આખો વખત આત્મચિંતનમાં લાગેલા હોય છે. ખરા સાધુ નકામી બાબતની ચિંતા નથી કરતા, પણ તેને સ્થાને તે કુલ વખત આત્મચિંતનમાં, આત્મા કેવો છે ? ક્યાં છે ? કોની પાસે છે ? અને એ વિશુદ્ધ દશામાં કોને પ્રાપ્ત થાય તેનો અહર્નિશ વિચાર કરનારા હોય છે. એટલે તેઓ વિચાર અને સમય નકામી લોકવિચારણામાં ન ગાળતાં આત્માસંબંધી વિચારણામાં ગાળે છે. તેમણે ક્રોધ, લોભ અને કામદેવ પર વિજય મેળવ્યો છે, એટલે તેઓ કોઈના ઉપર કે પોતાની જાત ઉપર ક્રોધ કરતા નથી, તેઓને પૈસાનો સંબંધ નથી અને તેમણે કામદેવ ઉપર વિજય મેળવ્યો છે. આ ત્રણે મનોવિકાર સંસારમાં રખડાવનાર છે અને આપણે તેમનો પરિચય સર્વથી મોટા વિષયકષાય નામના ત્રીજા પ્રકરણ(૨૪–૧૧૧)માં કર્યો છે. આવા મનોવિકારો પર વિજય મેળવનારના સુખની શી વાત કરવી ? તેઓ સુખમાં રહે છે અને સુખનું વાતાવરણ ફેલાવી સંબંધમાં આવનારને સુખી કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**નિજ્વર્ર**—નીરોગી રહે છે. અહીં ‘નિર્જર’ એવો પાઠાંતર ક્વચિત્ છે એમ હરિભદ્રસૂરિ પોતાની ટીકામાં કહે છે. એનો અર્થ જરા એટલે હાનિ. જેમને કાંઈ હાનિ નુકસાન થતું નથી તે નિર્જર કહેવાય છે. અને નિજ્વર્ર એટલે રોગરહિત, નીરોગી. નિર્જર એટલે ઘડપણ રહિત. આ બધા અર્થ બંધબેસતા છે. અને પાઠાંતર પણ સારો અર્થ આપે છે. આપણે જે પાઠ સ્વીકાર્યો છે તે જ પાઠ તેમણે સ્વીકાર્યો છે, પણ પાઠાંતરનો તેમણે પણ ઉપર પ્રમાણે અર્થ કર્યો છે. ગમે તે શબ્દ લેવામાં આવે, તે અર્થ બરાબર આપે છે.

આખા શ્લોકમાં સુખ કોને ક્યારે હોય તે બતાવ્યું છે. સાધુને ભિક્ષા લેવા જવું પડે છે, એટલે તે લોકવાર્તા કેમ છોડી શકે? તેમનો નિર્વાહ જ લોક પર છે તો તેની વાત સાધુ કેમ છોડી શકે? એવો સવાલ થાય તેનો ઉત્તર આગળના ૧૩૦મા શ્લોકમાં આપે છે. તે અને અત્રેની સર્વ વાર્તા ખૂબ વિચારણીય છે. (૧૨૯).

**કઈ લોકવાર્તા અને શરીરવાર્તા ઇષ્ટ—**

**या चेह लोकवार्ता शरीरवार्ता तपस्विनां या च ।**
**सद्धर्मचरणवार्तानिमित्तकं तद् द्वयमपीष्टम् ॥१३०॥**

**અર્થ**—જે લોકવાત છે અને જે વાત શરીરસંબંધી છે તે જો સાધુપુરુષો(તપસ્વી)ના વિશુદ્ધ ધર્માચરણનું કારણ બની શકતી હોય તો તે બન્ને પ્રકારની વાતો કરવા યોગ્ય છે. (૧૩૦).

**વિવેચન—લોકવાર્તા**—આગલી ગાથામાં લોકચિંતા ન કરવા કહ્યું, પણ અહીં કહે છે કે વિશુદ્ધ ધર્મનું કારણ બને તેવી લોકવાર્ત્તા સાધુને ઇષ્ટ છે. જે વાત સદ્ધર્મનું નિમિત્ત કારણ બનતી હોય તે વાર્તા લોકવાર્તા હોય તો પણ તે અભિમત છે, કરવા યોગ્ય છે, જરૂરી છે. સાધુના શરીરનો નિર્વાહ અન્ય લોકો પર છે. તેથી વિશુદ્ધ ધર્મમાં મદદ કરે તેવી લોકવાર્ત્તા પણ કરવી જોઈએ. તેમનો આહાર નિર્દોષ હોઈ તે પણ વિશુદ્ધ ધર્મ માટે હોય, તો તેની વાત સંમત છે. તેમણે તેવી વાર્તા કરવી તે ઇષ્ટ છે. શરીરનો આધાર બીજા લોક પર છે તેથી તેમના સંબંધીની વાતો પણ કરવાની મના નથી, પણ તે વાર્તા ધર્મ-નિમિત્તની અને ધર્મને પોષણ કરનારી હોવી જોઈએ. ખાલી અમેરિકામાં શું થયું અને તુર્કસ્તાનમાં શું ચાલે છે તેવી તેવી વાતો અર્થ વગરની છે, પણ સદ્ધર્મને પોષનાર કે તે નિમિત્તની લોકવાર્તા હોય તો તે સંમત છે, ઇષ્ટ છે, કર્તવ્ય છે. આ વાતો ધર્મને પોષણ આપનારી હોવાથી તે તપસ્વી સાધુ કરી શકે છે, તેની મનાઈ નથી. એટલે ખેતીવાડીની, ઉત્પાદન વધારવાની વાર્તા જો મનને સંયમમાં લાવનારી હોય કે વિશુદ્ધ ધર્મને પોષક હોય તો તેવી લોકવાર્ત્તા સાધુ પણ કરે.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શરીરવાર્તા**—શરીર સંબંધી વાત. દાખલા તરીકે, શરીર સારું રહેતું ન હોય, કોઈ વ્યાધિ થયો હોય, અથવા અન્ન બરાબર પચતું ન હોય તો સાધુ સદ્ધર્મ નિમત્તે વૈદ્યનો કે ડોકટરનો અભિપ્રાય લેવા માટે પોતાના કે પોતાના શિષ્યના શરીરસંબંધી વાત વૈદ્ય પાસે કરે. પણ તે સદ્ધર્મને વધારનારી વાત હોવી જોઈએ. ખાલી પોતાનાં શરીરસંબંધી કે શિષ્યનાં શરીરસંબંધી વાર્તા નકામી નિષ્કારણ સાધુ ન કરે, પણ ધર્મ કરવાનું કારણ શરીર હોઈ શરીરસંબંધી વાત પણ સદ્ધર્મ નિમિત્તે બીજા જવાબદાર માણસ પાસે કરે તે સંમત છે. નકામી શરીરસંબંધી વાત ત્યાજ્ય છે, પણ સદ્ધર્મ નિમિત્તે સંમત છે, અભિમત છે અને તેવી વાત કરવામાં વાંધો નથી.

**તપસ્વિનાં**—સાધુનાં. સાધુપુરુષોએ પણ સદ્ધર્મ નિમિત્તે–સદ્ધર્મને પોષનારી લોકવાર્તા કરવી ઉપયોગી અને સૂચક છે અને સારા ધર્મના પોષણ માટે આ બન્ને પ્રકારની વાત કરે તે અસંમત નથી, પણ ખાલી વાત કરવા માટે લોકવાર્તા કે શરીરવાર્તા ત્યાગવા યોગ્ય છે. આમાં સાધુઓને અંગે જે મર્યાદા મૂકવામાં આવી છે તે ધ્યાનમાં રાખવી. આહારપાણી બીજેથી લેવાનાં છે એટલે એને મદદ કરતી વાતો કરવામાં ધર્મનિમિત્તે વાંધો નથી. સાધુઓ ગૃહસ્થની પાસે શુદ્ધ આહાર લેવાનો ઉપદેશ આપે કે તે સંબંધી વાર્તા કરે તો તે ધર્મનિમિત્તક હોઈ કર્તવ્ય બને છે અને તેવા પ્રકારની વાર્તાનો વાંધો નથી.

**સદ્ધર્મચરણનિમિત્તક**—આ વાર્તા વિશુદ્ધ ધર્મને પોષનારી હોવી જોઈએ. ખાલી વાર્તા ખાતર લોકવાર્તા કરવી કે ગપ્પાં સપ્પાં ઉડાડવા તે અકર્તવ્ય છે, પણ ક્ષમા આર્જવ માર્દવાદિ દશ યતિધર્મને કે સાધુધર્મને નિમિત્તે લોકવાર્તા કે શરીરવાર્તા કરવી પડે તો તે સાધુએ કરવી.

આ ઉપરથી જોવાનું એ છે કે બધા ત્યાગની વાત નથી કરી, વાતો કરવાની પણ વાત કરી છે, એમાં સંમતિ દર્શાવી છે, અને એની જરૂરિયાત સ્વીકારી છે. આપણા પૂર્વપુરુષો કેટલા વહેવારુ હતા તે આ ઉપરથી સ્પષ્ટ થાય છે. વહેવારુ થવું એ જરૂરી છે, એ જરૂર તેમણે માની અને સ્વીકારી છે. જે મર્યાદા મૂકી છે તે સમજવા જેવી છે. નકામી વાતો ન કરવી પણ વિશુદ્ધ ધર્મને નિમિત્તે લોકવાર્તા કે પોતાના શરીર સંબંધી વાર્તા કે પોતાના ગુરુ, ગુરુભાઈ કે શિષ્યાદિના શરીરસંબંધી વાતો કરવી તે ધર્મનિમિત્તક હોય તો વાંધો નથી, એ જાતનું સ્વીકૃત સૂત્ર ખૂબ વિચારણીય છે. (૧૩૦)

**લોકવિરુદ્ધનો ત્યાગ—**

**लोकः खल्वाधारः सर्वेषां ब्रह्मचारिणां यस्मात् ।**
**तस्माल्लोकविरुद्धं धर्मविरुद्धं च संत्याज्यम् ॥१३१॥**

**અર્થ**—સર્વ બ્રહ્મચારી(સાધુઓ)નો લોક પર આધાર છે, તેટલા માટે લોકવિરુદ્ધ કે ધર્મવિરુદ્ધ જે કાંઈ હોય તે ત્યાગવા યોગ્ય છે. (૧૩૧)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિવેચન : લોકનો આધાર**—આ તો એક સમજાઈ જાય તેવું કારણ બતાવ્યું છે. પોતાના ભરણપોષણનો સર્વ આશ્રય લોકો પર છે, તે કારણે લોકોને ખરાબ લાગે તેવું, તેમની નજરે ખરાબ લાગે તેવું કોઈ પ્રકારનું વર્તન ત્યાગ કરવા યોગ્ય છે. આમાં ઘણા સવાલો થાય તેવું છે. લોકો પાસેથી રહેવાનું સ્થાન મળે છે અને ભરણપોષણનો આધાર લોકો પર છે તેથી તે લોકને વિરુદ્ધ લાગે તેવું સર્વ આચરણ ત્યાગ કરવા યોગ્ય છે એમ જણાવ્યું. ત્યારે સવાલ થાય છે કે ભોજન ખાતર લોકોને સારું લગાડવું અથવા ગોચરીનો આધાર લોકો પર છે તેથી તેમની વિરુદ્ધ આચરવાનો ત્યાગ કરવો ? આ તો માત્ર કારણ છે. તેને સારું લગાડવા કાંઈ કરવાનું નથી, કારણ કે લોકવિરુદ્ધત્યાગ 'જય વીયરાય'માં પણ આવે છે. ત્યાં શ્રાવકે પણ લોકવિરુદ્ધ આચરણનો ત્યાગ માગ્યો છે, એટલે કહેવાની મતલબ એ છે કે લોકવિરુદ્ધ કોઈ પણ વર્તન હોય તો તે ત્યાગવા યોગ્ય છે. લોકો ઉપર ભરણપોષણ અને નિર્વાહનો આધાર છે તે એક કારણ છે, પણ તે ન હોય તો પણ લોકવિરુદ્ધ વર્તનનો ત્યાગ કરવો જરૂરી છે, સ્વપરહિત કરનાર છે અને કર્તવ્ય તરીકે એવા વર્તનનો ત્યાગ ભગવાને ફરમાવ્યો છે.

**બ્રહ્મચારી**—અહીં કોઈ સ્થાને 'ધર્મચારિણાં' એવો પાઠ છે. બ્રહ્મચારી શબ્દથી સાધુ સમજવાના છે, કારણ કે અન્ય ધર્મના બ્રહ્મચારીઓ કાંઈ ગૃહસ્થ પર – લોક પર આધાર રાખનારા હોતા નથી. ધર્મચારી એટલે સંયમી, જેને સંયમ હોય અથવા તો જે સંયમને ઇચ્છતા હોય તે સર્વ સંયમી કહેવાય છે. બધા સાધુઓ સ્થાન કે ભાતપાણી માટે લોક પર આધાર રાખે છે એ લોકવિરુદ્ધત્યાગ માટે મામૂલી કારણ આપ્યું છે.

**લોકવિરુદ્ધ**—અહીં તેનો અર્થ બહુ સામાન્ય છે. જન્મ તથા મરણનું સૂતક ન પાળવું અથવા નાતબહાર થયેલા માણસનું ભોજન લેવું એ લોકવિરુદ્ધની વાત છે એમ હરિભદ્રસૂરિ ટીકામાં કહે છે. જે જન્મ (વૃદ્ધિ) સૂતક છે, તે જે પાળતા હોય તેને ત્યાંથી સૂતક સમયે ભોજન ન લેવું અથવા જ્ઞાતિની બહાર થયેલાને ત્યાંથી કોઈ પ્રકારનું ભોજન ન લેવું. એવું ભોજન જે લે તે લોકવિરુદ્ધ છે. લોકવિરુદ્ધનું કોઈ પણ ટીકા ઊભી થાય તેવું કામ ન કરવું.

**ધર્મવિરુદ્ધ**—મદ્ય, મધુ કે માંસ વેરવું તે ધર્મવિરુદ્ધ છે, કારણ કે માંસ ન લેવું તે તો ખાસ ઉપદેશ છે, જીવ બીજો માણસ મારતો હોય તો પણ 'કુણિમાહારેણ' એટલે મત્સ્ય-માંસના ભોજનનો ત્યાગ ભગવાને કહ્યો છે. તેથી એવું ધર્મવિરુદ્ધ આચરણ કે વર્તન સાધુએ તજવું. આ ગાથામાં વહેવારુ ઉપદેશ છે. ભરણપોષણનું તો એક નિમિત્ત માત્ર છે, પણ લોકવિરુદ્ધ કે ધર્મવિરુદ્ધ કાંઈ પણ વર્તન ન કરવું એવો સીધો ઉપદેશ છે. પોતાની રસગૃદ્ધિ માટે કે સારો આહાર મેળવવા માટે લોકવિરુદ્ધનું વર્તન તજવું જોઈએ એવી આજ્ઞા નથી, પણ લોકોમાં નકામી વાતો થાય અને લોકો ધર્મ પામવાને બદલે પતિત થઈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જાય એમાં પણ સરવાળે ગેરલાભ છે. તેથી આ લોકવિરુદ્ધ અને ધર્મવિરુદ્ધ કોઈ પણ કાર્ય ન કરવાનો અથવા તેવા વર્તનને તજવાનો અત્ર ઉપદેશ છે.

આ વાતમાં જરા પણ ગેરસમજૂતી થવી ન જોઈએ. સાધુઓનો પહેરવેશ અને ખાવાપીવાના નિયમો પણ લોકવિરુદ્ધ છે, તેનો ત્યાગ કરવાની અત્ર વાત નથી કરતા, પણ સામાન્ય રીતે સૂતકાદિના વિચારમાં લોકને અનુસરવાની વાત કરી છે, તે સમજીને આચરવા યોગ્ય છે. આ હકીકત પર હજુ એક શ્લોક આવવાનો છે, તેનો અને આ શ્લોકનો ઊંડો ભાવ સમજવો. ન સમજાય તેણે ગુરુમહારાજનો આશ્રય કરીને સમજવો. (૧૩૧)

**ધર્માવિરુદ્ધ-લોકસંમત આચરણ કરવું—**

**देहो नासाधनको लोकाधीनानि साधनान्यस्य ।**
**सद्धर्मानुपरोधात् तस्माल्लोकोऽभिगमनीयः ॥१३२॥**

**અર્થ**—શરીર ધર્મનું સાધન રૂપે કારણ નથી એમ નથી અને લોકોના તાબામાં ચારિત્રનાં સર્વ સાધનો છે, તેથી વિશુદ્ધ ધર્મનો વિરોધ ન થાય એ રીતે લોકોને અનુસરવું. (૧૩૨)

**વિવેચન : દેહ**—શરીર એ ધર્મનું સાધન નથી એમ નથી, ખરેખરું ધર્મનું સાધન તો શરીર જ છે. અન્યત્ર શાસ્ત્રકાર કહે છે કે शरीरमाद्यं खलु धर्मसाधनम् એટલે શરીર ધર્મનું સર્વથી પ્રથમ સાધન હોવાથી, તેને ઉપેક્ષવું નહિ, પણ તેની સંભાળ લેવી. કોઈ એમ ધારતા હોય કે હંમેશાં તપસ્યા કરવી, તે વાત ખોટી છે. શરીરને પોષી તેની પાસેથી કામ લેવું અને તે જરૂરી કામ આપે તે માટે તેને પોષવું અને તેની પાસેથી ભાડું લેવું. તેટલા માટે પ્રથમ વાક્યમાં બેવડો નકાર વાપર્યો છે—'શરીર સાધનભૂત નથી એમ નથી.' એટલે, શરીર સાધન છે અને તે ધર્મનું સાધન છે; તો ધર્મની બાધા ન થાય એ રીતે શરીર પણ પાળવા પોષવા યોગ્ય છે એમ સમજવું. એટલે શરીરને પંપાળવું નહિ, શરીર પર પોતાપણાની બુદ્ધિ ન રાખવી, પણ એ ધર્મસાધન છે અને એના વગર તો ચાલે તેવું નથી તેથી તેની પણ જરૂરી આસનાવાસના ધર્મથી અવિરોધપણે કરવી. શરીરને સુખાળવું ન બનાવવું, પણ જેમ ભાડાના ઘરમાં પણ આપણે રહીએ છીએ તેમ શરીરને પોષણનું ભાડું આપી તેનાથી કામ લેવું અને ભાડું બરાબર વસૂલ કરવું. શરીર ધર્મ-સાધનભૂત હોવાથી તેને ઉપેક્ષવું નહિ.

**લોકાધીન સાધનો**—આહાર, વસતી અને ઉપધી માટે લોકો પર આધાર રાખવાનો છે, એ ગૃહસ્થ આપે ત્યારે મળે છે, તેથી લોકવિરુદ્ધ કોઈ કામ ન કરવું. તેથી નીચ દારૂડિયાનો પ્રસંગ કે પરસ્ત્રીલંપટપણું કે અપ્રમાણિકપણું આવે એવું કોઈ પણ કામ ન કરવું. પરંતુ તેમાં એક વાતનું ધ્યાન રાખવું—કોઈ કામ સત્ધર્મથી વિરુદ્ધ હોય કે

www.jainsite.com · For Private & Personal Use Only info@jainsite.com

શાસ્ત્રકારે જેની ના કહી હોય તેવું હોય તો તે કામ ન કરવું. એટલે, લોકમાં નિંદા થાય તેવું કામ ન કરવું, પણ ધર્મને તે અનુકૂળ હોવું જોઈએ, ધર્મ આચરણને તે અનુસરનારું હોવું જોઈએ. લોકો કહે છે તે માટે અમુક કામ કરવું એમ નહિ પણ વિશુદ્ધ ધર્મ અને ધર્માચરણની તે વિરુદ્ધ ન હોય તો તેવું કામ કરવું. લોક અને ધર્મનો બન્નેનો વિરોધ હોય ત્યાં ધર્મને જ પ્રાધાન્ય આપવું અને લોકોને ધર્મનો મર્મ સમજાવવો. ધર્મ જાળવી રાખી તેને બાધા ન આવે તેવું લોકસંમત કામ કરવું. એટલે ધર્મ અને તેનું આચરણ એ તો મુખ્ય સ્થાને જ રાખવું.

**સદ્ધર્માનુપરોધ**—વિશુદ્ધ ધર્મને અબાધક જે કામ લોકસંમત હોય તે કરવું અને લોકોને અસંમત હોય તે ન કરવું. પણ ધર્મને વિરોધ આવતો હોય ત્યાં ધર્મને જ પ્રાધાન્ય આપવું. એ તો શરીર જાય કે ગમે તેમ થાય, પણ શિરસાટે એ વાત હોવી જોઈએ કે ધર્મને વિરોધ આવે તેવું કોઈ પણ કામ સાધુપુરુષથી તો ન જ થાય. દાખલા તરીકે અણસણ કરવું હોય, હેતુ ન સમજનાર લોકો તેની ના પાડે, તો તેથી ગભરાવું નહિ, કારણ કે એ તો ધર્માચરણની વાત છે. ધર્માચરણ કરતી વખતે વિચારણા ધર્મમય જ હોય, તેમાં કોઈ આડે આવતો હોય તો તેની દરકાર ન કરવી.

**અભિગમનીય**—લોકોથી અવિરુદ્ધ વર્તન યોગ્ય છે, પણ તે સદ્ધર્મને અનુસરનારા હોય ત્યાં સુધી જ. ધર્મને અને લોકોને વિરોધ હોય તો ધર્મને જ પ્રાધાન્ય મળે. ત્યાં પણ સર્વ લોકો ધર્મવિરુદ્ધ ન થાય અને સમજુ તો એનો ભાવાર્થ બરાબર સમજે, તેથી અંતે રસ્તો નીકળી શકે છે.

આ શ્લોકમાં બે અગત્યની વાત કરી. શરીરને ધર્મસાધન હોવાથી ઉપેક્ષવું નહિ, તેની ધર્મને અનુકૂળ રહી પોષણા કરવી અને ધર્મને વિરોધ ન હોય તો લોકમતને અનુસરવું. પણ જ્યાં ધર્મને અને દેહને અથવા ધર્મને અને લોકોને વિરોધ હોય ત્યાં ધર્મને જ મુખ્યતા સાધુએ આપવી. સાધુજીવન ધર્મજીવન જ છે, ધર્મ માટે જીવન છે અને ધર્મ જાય તો તેનું સર્વસ્વ જાય છે, તેથી પ્રાણ જાય પણ ધર્મ ન છોડાય. માટે ધર્મ શિરમુગટમણિ છે અને તે માટે જ અને તેની રક્ષા માટે જ એનું જીવન છે.

**અનુપરોધ**—ઉપરોધ એટલે આવરણ, પ્રતિબંધ. અનુપરોધ એટલે ધર્મનો પ્રતિબંધ ન કરે તેવું જે વર્તન કે સંવ્યવહાર હોય તે. આમાં નકાર છે. તે ખૂબ વિચારણા માગે છે. ધર્મને પ્રતિબંધ ન કરનાર લોકવિરુદ્ધ કામ હોય તો જ તેને અનુસરવાનો આમાં સીધો ઉપદેશ છે તે સારી રીતે સમજવું. જે લોકસંમત હોય પણ ધર્મને નુકસાન કે પ્રતિબંધ કરે તેવી ચીજ હોય તો તેને અનુસરવાની આ શ્લોકમાં વાત નથી તે ખાસ સમજવા યોગ્ય છે. (૧૩૨)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરને દૂષણ આપવાનો ત્યાગ—

दोषेणानुपकारी भवति परो येन येन विद्विष्टः ।
स्वयमपि तद्दोषपदं सदा प्रयत्नेन परिहार्यम् ॥१३३॥

**અર્થ**—અન્ય બીજો માણસ જે જે દોષોને લઈને અને ક્રોધમાં આવી જઈને અનુપકારી થઈ જાય તો પોતે જાતે જ તે તે દૂષણનું સ્થાન ત્યજી દેવું જોઈએ. (૧૩૩)

**વિવેચન**—આ એક વ્યવહારનો અત્યંત ઉપયોગી નિયમ છે. અને તે પણ અનુસરવા યોગ્ય છે અને તેના પર પણ ઘણી વિચારણા કરવા યોગ્ય છે.

**અનુપકારી**—પારકા ઉપર ઉપકાર ન કરે તેવો એટલે સ્વાર્થી થાય. જે દોષના કારણે બીજા માણસો પરોપકાર ન કરતાં સ્વાર્થી થઈ જાય છે તે દોષ પોતે જ ન કરવો એટલે સારો દાખલો પડે. એકનું દૂષણ જોઈ પોતે તે દૂષણ ન કરવું. બીજો માણસ ક્રોધ કરી અનુપકારી થયો છે, તો બીજાના દૂષણનું પોતે અનુકરણ ન કરવું, પણ એ દૂષણનો જ ત્યાગ કરવો, કારણ કે ખોટો દાખલો બેસવાથી જનતા ખોટે માર્ગે ચઢી જાય.

**વિદ્વિષ્ટ**—ક્રોધ કે આવેશમાં આવી જઈને કોઈ બીજાનું ભલું થતું હોય તેવું કામ કરતો હોય તેમાંથી પણ તે અટકી જાય એવું કાર્ય કે વચન સાધુપુરુષે ત્યાગવું જોઈએ. આ એવું વચન બોલી નાખે અથવા એવી ક્રિયા કરે તો સામો માણસ તેને અનુસરીને સારાં કામ કરતો હોય તે પણ ન કરે, અટકી જાય. આપણે પરોપકાર કરી શકીએ કે નહિ તે વાત બાજુ ઉપર રાખી આપણે એવું કામ ન કરવું જોઈએ કે બીજો માણસ એ જોઈને એકદમ ગુસ્સામાં આવી જાય અને પરોપકારનાં કામો કરતો હોય તે પણ અટકાવી દે. એટલે ખરાબ બોલવાની ટેવથી કે ટીકા કરવાથી સામાને મનમાં એવું થઈ જાય કે પોતે પરોપકારનાં કામ ભવિષ્યમાં ન કરે. તેવું કામ કરવું નહિ, તેવું વચન બોલવું નહિ. નાતજાત, સંઘમાં કે સમાજમાં આવું ઘણીવાર બને છે. ટીકા કરનારની ટીકા સાંભળી માણસને મનમાં એવો આવેશ આવી જાય કે તેને પરિણામે તે સારાં કામ કરતાં કે પરોપકારનું કામ કરતાં અટકી જાય. આ પ્રમાણેની ટીકા ન કરવાની બહુ સમજપૂર્વક ભલામણ કરી.

**દોષપદ**—પોતે તે દોષનો ત્યાગ કરવો અને માણસ પરોપકાર કરતો અટકે તેવું કામ ન કરવું કે તેવી ભાષા ન બોલવી.

આ સૂત્રમાં બહુ સમજણપૂર્વક દોષત્યાગની વાત કરી છે. કોઈ માણસ પરોપકાર કરતો હોય તેને અટકાવવો અથવા અટકી જાય એટલો એને ઉશ્કેરવો એ પણ એને પરોપકારી થતાં અટકાવવા જેવું છે અને તેનું નિમિત્તકારણ સાધકપુરુષ ન થાય તે હેતુ માટે આ દોષત્યાગ સૂચવ્યો છે, ફરમાવ્યો છે, વિગતવાર બતાવ્યો છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લોકોને એટલા ઉશ્કેરવા નહિ કે લોકો સામા પડી જાય અને બને તેટલું ઉપકારનું કામ કરતા હોય તે પણ ઉશ્કેરાઈ જઈ કરતા અટકી જાય. આ સર્વ મનુષ્ય જાતિના માનસના અભ્યાસનું પરિણામ છે. કયું કામ માણસને પરોપકાર કરવામાં ભંગ પાડશે તે પ્રથમથી જાણી લેવું અને જાણીને તેવું કામ ન કરવું, એ મનુષ્યદોષનો અભ્યાસ બતાવે છે. તેવું કામ ન કરવાનો અને તેનો ત્યાગ કરવાનું અત્ર ફરમાન છે.

**પ્રયત્નેન**—સમજણપૂર્વક, પ્રયાસપૂર્વક. કારણ કે કયું કામ, કેવું કામ આવી રીતે માણસને ક્રોધવાન કરી સારાં કામમાંથી અટકાવે તે પહેલેથી કલ્પવું, જાણવું તે પ્રયાસ-સિદ્ધ કામ છે, છતાં એવું કામ કલ્પીને ન કરવાની આજ્ઞા સાધુ માટે સ્પષ્ટ છે. એટલે આ જાતનો અનુભવ અને અભ્યાસ થવો જોઈએ અને તે ધીમે ધીમે જ આવે, પણ તે જરૂરી છે, અને માનસસ્વભાવના અભ્યાસથી પ્રાપ્ય છે. એ જેમ પ્રયત્ન દ્વારા જલ્દી આવે તેમ સારું. પણ આ ફરમાન અપવાદ વગરનું છે અને સાધક પુરુષે ત્યાગવા યોગ્ય વાત આ શ્લોકમાં કહેવામાં આવી છે. (૧૩૩)

### પિંડૈષણામાં કહેલ વિધિ કરવાનો લાભ—

**पिण्डैषणानिरुक्तः कल्प्याकल्प्यस्य यो विधिः सूत्रे ।**
**ग्रहणोपभोगनियतस्य तेन नैवामयभयं स्यात् ॥१३४॥**

**અર્થ**—પિંડૈષણા અધ્યયનમાં જે વિધિ બતાવવામાં આવ્યો છે અને સૂત્રસિદ્ધાંતમાં ખપે તેવું અને ન ખપે તેવું જે બતાવવામાં આવેલ છે તેમાં ગ્રહણયોગ્યને ગ્રહણ કરવાથી અને ખાવાથી–ઉપભોગ કરવાથી–પ્રાણીને કોઈ પણ પ્રકારનો વ્યાધિ થતો નથી, તે તદ્દન નીરોગી થઈ જાય છે. (૧૩૪)

**વિવરણ—પિંડૈષણા**—આચારાંગસૂત્રના બીજા શ્રુતસ્કંધના પહેલા અધ્યયનમાં જે વસ્તુ સાધુને ખપે તેવી અને ન ખપે તેવી વિગતવાર ઉપર બતાવવામાં આવી છે તે પિંડૈષણાનું અત્ર નિરૂપણ છે. અથવા પિંડૈષણાના જે બેતાળીસ દોષો પિંડૈષણામાં બતાવવામાં આવ્યા છે, જેની વિગતો ઉપમિતિભવપ્રપંચાના ભાષાંતર વિભાગ ૧લાના પરિ-શિષ્ટમાં બતાવવામાં આવી છે, તે અનુસારે સાધકપુરુષ બેતાળીસ દોષ રહિત આહાર લે.

**કલ્પ્ય**—સાધકને ખપે તેવી વસ્તુ. બેતાળીસ પ્રકારના દોષરહિત ચીજો હોય તો સાધુને ગ્રાહ્ય છે. અકલ્પ્ય એટલે ખપે નહિ તેવી બીજી ચીજો પણ વર્ણવવામાં આવી છે. જેમાં લેનાર, દેનાર તથા વસ્તુને અનુલક્ષી બેતાળીસ દોષ હોય તે વસ્તુ અકલ્પ્ય. આ કલ્પ્ય અને અકલ્પ્યનું વિવેચન તે સૂત્રના બીજા મહાશ્રુતસ્કંધની પ્રથમ ચૂલિકાના પ્રથમ અધ્ય-યનમાં છે; ત્યાં જે વિધિ બતાવવામાં આવ્યો છે તે વિધિ અનુસાર કલ્પ્ય આહારને લેવાથી અને અકલ્પ્ય વસ્તુનો ત્યાગ કરવાથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સૂત્ર**—સૂત્રસિદ્ધાંતમાં ખપે અને ન ખપે તેવી ચીજનું વિવરણ કરવામાં આવ્યું છે. આ પિંડૈષણા નામનો જુદો સૂત્રસિદ્ધાંતનો ગ્રંથ છે. અને ઉપર આચારાંગસૂત્રના બીજા શ્રુતસ્કંધમાં પણ પહેલું અધ્યયન છે.

**ગ્રહણ**—લેવા યોગ્ય સાધુએ કઈ વસ્તુ લેવી અને કઈ વસ્તુ ન લેવી તેનો વિસ્તાર ત્યાં કરવામાં આવ્યો છે.

**ઉપભોગ**—ખપ કરવો, ખાવું. એટલે, બેંતાળીશ દોષ ત્યાગીને વસ્તુને લેવી, વાપરવી, ખાવી અને તેને પોતાના ઉપયોગમાં લેવી.

**આમયભય**—સજાતીય અને વિજાતીય કઠિન ખાદ્ય પદાર્થોનું એકત્ર મળવું તે, એ અર્થ પિંડ શબ્દથી ગ્રહણ કરવાનો છે. એ પિંડ સંબંધી જે વિધિ કહેવામાં આવેલ છે તે વિધિને બરાબર અક્ષરશઃ પાળનાર, તે વિધિ પ્રમાણે મર્યાદિત નિયમિત આહાર લેનાર અને દોષવાળો કોઈ પણ પદાર્થ ન લેનાર કોઈ જાતના રોગનો ભોગ થતો નથી. તે પ્રાણી તદ્દન નીરોગી થઈ જાય છે. રોગનું કારણ ગમે તે ખાવું, ગમે ત્યારે ખાવું અને જે તે ખાવું એ છે. પણ જો પિંડૈષણામાં જે વિધિ બતાવવામાં આવેલ છે તેનો સ્વીકાર કરી તેને બરાબર પાળવામાં, અનુસરવામાં આવે તો માણસને રોગનો સર્વથા ભય મટી જાય છે, તે રોગ સંબંધમાં નિર્ભય થઈ જાય છે, તેને કોઈ રોગ થતો નથી અને ભવિષ્યમાં કોઈ રોગની પીડા તેને થશે તેવો પણ તેને ભય થતો નથી, બીક રહેતી નથી. પિંડવિશુદ્ધિના બેંતાળીશ દોષો ઉપમિતિભવપ્રપંચાકથાના ભાગ બીજાના ભાષાંતરમાં પૃષ્ઠ ૧૪૦૫માં પરિશિષ્ટ નંબર ૪માં વિસ્તારથી પ્રકરણરત્નાકર ભાગ ત્રીજાને અનુસારે અને પ્રવચનસારોદ્ધાર પ્રમાણે વર્ણવ્યા છે, તેથી અત્ર તેનું પુનરાવર્તન કરવામાં આવતું નથી. સાધકે બેંતાળીશ દોષરહિત પિંડ માંગવું એમ ફરમાન છે. એ બેંતાળીશ દોષો પૈકી સોળ દોષોનું નામ ઉદ્ગમ દોષો છે. તે પિંડ આપનારને અંગે થાય છે. પિંડ ઉપજાવવાને અંગે સોળ દોષો છે, તેમને ઉત્પાદન દોષો કહેવામાં આવે છે. ગૃહસ્થ પાસેથી પિંડ ગ્રહણ કરતી વખતે થઈ જતા દશ દોષોને એષણાદોષો કહેવામાં આવે છે. એ સોળ ઉદ્ગમદોષો, સોળ ઉત્પાદનદોષો અને દશ એષણાના દોષો મળી બેંતાળીશ પિંડના દોષો થાય છે. એમાં કેટલાકના પેટામાં પણ દોષો આવે છે. તે દોષો ન કરવાથી પ્રાણી નીરોગી રહે છે અને વ્યાધિપીડાનો ભય એને રહેતો નથી. તે દૃષ્ટિએ ૪૨ દોષો વિચારવા યોગ્ય છે અને ઘણી સંભાળપૂર્વક પ્રવચનસારોદ્ધારના કર્તાએ એકઠા કર્યા છે અને પિંડૈષણા નામના સદર અધ્યયનમાં એ સંબંધી ઉલ્લેખ છે. તે વિચારી નીરોગી થવું અને રહેવું. દોષ વગર, કારણ વગર વ્યાધિ થતા નથી. અને દોષરહિત જે આહાર લે તેને દવા લેવાની જરૂર પડતી નથી. જ્યારે રોગ થાય ત્યારે કોઈ દોષનું આસેવન થઈ ગયું હશે તે વિચારી દોષને દૂર કરવો. નીરોગીપણું સાધના અર્થે જરૂરી છે એમ ધારી તેને ગ્રહણ કરવું અને દોષ દૂર કરી ભવિષ્યમાં તેવો દોષ ન થઈ જાય તેની ચીવટ રાખવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વસ્તુગ્રહણ અને વસ્તુના ઉપભોગ વખતે આ દોષોથી બચવાની સાધકને જરૂર છે. પુનરાવર્તનના ભયે જ તે દોષો અત્ર વર્ણવ્યા નથી. જિજ્ઞાસુએ સદર ઉલ્લેખ જોઈ લેવા વિજ્ઞપ્તિ છે. નિયમિત જરૂરી ઠરાવેલો દોષરહિત આહાર લેવામાં આવે તો વ્યાધિનો જરા પણ ભય થતો નથી. અને ઊણોદરી રહેનાર કદી માંદો પડતો નથી. તેથી શરીરની પાસેથી કામ લેવા પૂરતું તેને ભાડું આપી તે શરીરરૂપ સાધનથી સંયમ આરાધના કરવી. વળી, વધારે પડતો આહાર ન લીધો (વહોર્યો) હોય તો તેને જમીનમાં દાટવાની કે પરઠવવાની જરૂરિયાત રહેતી નથી. માટે પિંડના બેંતાળીશ દોષો તજવા અને ઉપર્યુક્ત પિંડૈષણા અધ્યયનમાં બતાવેલ વિધિને અનુસરવું. એમાં ધર્મશુદ્ધિ થાય છે, સંયમ પળાય છે અને નીરોગી રહેવાય છે. (૧૩૪).

**બહુ જરૂરી આહાર કરવો તે પર દૃષ્ટાંત—**

**व्रणलेपाक्षोपाङ्गवदसङ्गयोगभरमात्रयात्रार्थम् ।**
**पन्नग इवाभ्यवहरेदाहारं पुत्रपलवच्च ॥१३५॥**

**અર્થ**—ગુમડાં પરનો લેપ જેમ જરૂરી જ કરવામાં આવે છે, જેમ ચક્ર(પૈડા)ને તેલ જરૂર પૂરતું લગાડવામાં (સિંચવામાં) આવે છે અને જેમ સર્પ (એરૂ) જરૂરી જ આહાર કરે છે અને જેમ પુત્રનું માંસ અત્યંત જરૂર પૂરતું જ લેવામાં આવે છે તેમ સંયમમાર્ગમાં કોઈ પણ પ્રકારની અડચણ ન થાય તેટલા પૂરતો જ સાધકો આહાર કરે. (૧૩૫)

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**વિવરણ**—આ શ્લોકમાં સાધુ કેવી રીતે આહાર કરે તે બતાવવા ચાર દાખલાઓ આપવામાં આવ્યા છે. તે ચારે દાખલા સમજવા માટે નીચેનું વિવેચન વિચારવા યોગ્ય છે. સાધુ બહુ જરૂરી આહાર કરે. શરીર સંયમનું ખાસ સાધન હોઈ નિર્વાહ પૂરતો આહાર કરે, અને તે કેવો અને કેમ આહાર કરે તે બતાવવા આ ગાથામાં ચાર દૃષ્ટાંતો આપ્યા છે. એ આહાર કરે જમણી દાઢે, તો ડાબી દાઢને ખબર પણ ન પડે, એ રસ-લુબ્ધ ન થાય, તેમાં ગૃદ્ધિ ન કરે, તેમાં આસક્ત ન થઈ જાય પણ ધર્મસાધન માટે અને સંયમમાર્ગના પાલન માટે જેટલો આહાર જરૂરી હોય તેટલો જ માત્ર આહાર કરે. આહાર કરતી વખતે તેની નજર સંયમ તરફ હોય, શરીરપોષણ કે શરીરવૃદ્ધિને અંગે તેની દૃષ્ટિ ન હોય.

**પ્રથમ દાખલો**—વ્રણલેપ. કોઈ જાતનો ઘા વાગ્યો હોય તો તે ઘા રૂઝાઈ જાય ત્યાં સુધી જ તેના પર લેપ લગાડવામાં આવે છે. વધારે પડતો લેપ લગાડે તો લેપ નકામો થઈ જાય છે અને ઘા રૂઝાઈ ગયા પછી અથવા હાડકું સંધાઈ ગયા પછી લેપ લગાડવામાં આવે તો તે લેપ નકામો જાય છે. તેથી લોકો ઘા રૂઝાય અથવા હાડકું સંધાઈ જાય તેટલા પૂરતો જ જરૂરી લેપ લગાવે છે. તેવી રીતે સાધુ ખાય કે આહાર કરે તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંયમના પોષણ માટે અને પોષણ પૂરતો જ કરે છે. કોઈ પ્રકારના મોજશોખ કરવા કે આનંદ માણવા ખાવાનું કે વસ્ત્ર, પાત્ર કે કોઈપણ વસતી આદિ ચીજ લેવામાં આવતી નથી. તે લેતી વખતે પણ સંયમપાલન જ સાધકની નજરમાં હોય છે અને જેમ લેપને કોઈ પણ કારણે નકામો જવા દેવામાં આવતો નથી, પણ તેમાં સાધ્ય ઘા રૂઝાવાનું કે હાડકું સંધાવાનું હોય છે તેમ સંયમ માટે અને સંયમ પળાય તેટલો જ આહાર, વસ્ત્ર કે પાત્રાદિ ઉપધિ અને વસતી સાધક સંયમપાલનના હેતુને ધ્યાનમાં રાખીને લે છે અને તેની નજરમાં તે વખતે સંયમપાલન જ હોય છે અને મોજ માણવા ખાતર કે રસ ખાતર એ ભોજનાદિ કોઈ પણ વસ્તુ લેતો નથી.

**બીજો દાખલો**—અક્ષોપાંગે તેલસિંચન. ગાડાના પૈડાને તેલ ઊંજે છે તે ઊંજવા પૂરતું જ તેલ નાખે છે કે ગાડું કચડકચડ થાય નહિ કે પરસ્પર સંઘટ્ટ થવાને પરિણામે આગ ઊઠે નહિ. ગાડા કે સંચાના ચક્કરને તેલ ઊંજવું તે કચડ કચડ થતું અટકાવવા માટે છે, કોઈ સમજુ માણસ વધારે પડતું તેલ તે કામમાં વાપરતો નથી. જે કાછલીમાં તેલ નાંખેલું હોય તે તળિયું ઢાંકવા પૂરતું જ હોય છે, તેમાંથી પણ જરા જરા તેલ ગાડાની નાભિને કે કોઈ સંચાને સંઘટ્ટ અટકાવવા પૂરતું જ માણસ વાપરે છે, ત્યાં તેલ ભરતો નથી કે તેલના રગડા થવા દેતો નથી. જેમ તે એક ટીપું તેલને નકામું જવા દેતો નથી, કારણ કે તેનો ઉદ્દેશ તેલ અમુક હેતુ માટે જ પૂરવાનો હોય છે, તેમ આહાર, ઉપધિ કે પાત્રો સંયમપાલન પૂરતા જ સાધક રાખે છે. આ વસ્ત્રાદિ સાધુ શા માટે રાખે કે કયા હેતુથી રાખે તે સ્પષ્ટ કર્યું. એમ બીજો દાખલો થયો.

**અસંગયોગભરમાત્રયાત્રાર્થં**—અસંગ એટલે સાધુઓ જે અસંગયોગ કરે છે તે. એને કોઈનો સંગ નથી, કોઈ વસ્તુ સાથે સંબંધ નથી, કોઈ જાતનો વળગાડ નથી. આવા અસંગયોગથી જ ભરેલી જીવનયાત્રાના નિર્વાહ માટે જ અને તે માટે જ તે વસ્તુઓ લે, તે માટે જ અને તેટલા પૂરતો જ તે આહાર લે. એને સુખાળવા થવું પાલવે નહિ, એને મોજ આનંદ હોય નહિ અને તે ખાવા ખાતર કે ઇંદ્રિયોને તૃપ્ત કરવા ખાતર ખાય નહિ. પૂર્ણ સંયમમાં પ્રવેશ કરવા અથવા તેનો નિર્વાહ કરવા અને તેના સંરક્ષણ માટે જ અને તેટલા પૂરતું જ ખાય અથવા વસ્ત્ર, પાત્ર, રજોહરણાદિ વાપરે; એટલે, પોતાને દિવસમાં સાત વાર ચૈત્યવંદન કરવામાં કે બે વખત પ્રતિક્રમણ કરવામાં અથવા બે વખત પડિલેહણ કરવામાં, સંક્ષેપમાં સામાચારીના વિધિને અનુસરવામાં ઉપયોગી થઈ પડે તેટલું અને તેટલું જ વસ્ત્રપાત્રાદિ ગ્રહણ કરે અને સંયમપાલનના મુદ્દાને સર્વ વખત લક્ષમાં રાખે. મતલબ, સાધક ખાવા કે મોજમજા માણવા કાંઈ ખાતો નથી કે વસ્તુ ગ્રહણ કરતો નથી, પણ સંયમને નજરમાં રાખી તે પૂરતી જ વસ્તુઓ સંયમયાત્રાના નિર્વાહ માટે લે છે. આ બાબત મુદ્દામ છે અને તે નિરંતર લક્ષમાં રાખવા યોગ્ય છે. હેતુ બતાવનારું આ વાક્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. સાધુ પોતાનું બળ વધારવા કે શરીરની પુષ્ટિ માટે કોઈ ખોરાક કે વસ્તુ સંગ્રહ કરતો નથી, સ્વીકારતો નથી અને તે પોતાની છે એમ પણ માનતો નથી.

**ત્રીજો દાખલો**—સર્પનો. સાધુ આહાર લે તે સર્પ જેમ લે. સર્પ કોઈ વસ્તુને ખાતી વખતે ચાવતો નથી, પણ આખીને આખી ગળે ઉતારી જાય છે, તેમ સાધુએ આહારને મોઢામાં ચગળવો નહિ, જમણી દાઢ ખાય તો ભોજનનો સ્વાદ ડાબી દાઢ ન કરે. તેણે આહાર કરતી વખતે પણ દશ પ્રકારના યતિધર્મ, ચરણસિત્તરી અને કરણસિત્તરી પર ધ્યાન રાખવું અને તે પુષ્ટ થાય તેટલું અને તેટલું જ ખાવું અને ખાવામાં અકરાંતિયા ન થવું.

**ચોથો દાખલો**—પુત્રપલ પેઠે. એટલે છોકરાં–બાળકોનાં માંસની પેઠે. કદાચ કોઈ પ્રસંગ આવી પડે અને પુત્રપુત્રીનું માંસ ખાવાનો વખત આવે તો જરૂર પૂરતું જ માણસ ખાય છે. જ્યારે કાંઈ ઉપાય ન રહે ત્યારે પુત્રપુત્રીનું માંસ ખાવું પડે છે, પણ તે વખતે માણસ શરીરપોષણ પૂરતું જ અને બને તેટલું અલ્પ માંસ લે છે. તે પ્રમાણે સાધકે નિર્વાહ પૂરતું કે સંયમનું પાલન કરે તેટલું જ ખાવું અને વધારે ન ખાવું. પોતાની પુત્રી સુંસમાનું માંસ પિતાએ જરૂર પ્રમાણે જ ખાધું હતું, તે આખી ચિલાતિપુત્રની કથા જાણવા જેવી છે અને તેમાં વિદ્યાચારણ મુનિ 'ઉપશમ, વિવેક અને સંવર' એમ ત્રણ શબ્દો વાપરે છે, તે ખૂબ વિચારવા યોગ્ય છે, અનુકરણ યોગ્ય છે, સમજવા યોગ્ય છે. પુત્રમાંસ ઘણુંખરું તો પિતા ખાય જ નહિ, ખાય તો અમુક આશયે ખાય અને તે પણ જરૂર પૂરતું જ ખાય.

ખાવાનું કે પાત્ર વગેરે ઉપધિ ભોગવવા માટે નથી, પણ અમુક હેતુપૂર્વક સાધકની સંયમરક્ષા માટે જ છે. અને તે પણ શરીરનિર્વાહ પૂરતી જ છે કારણ કે સંયમનું સાધન શરીર છે એટલે એને ઉપેક્ષવું ઉચિત નથી. તેથી શરીરને ટકાવી રાખવા પૂરતો આહાર કરવો અને તે શરીર સંયમનું કારણ છે તેટલા માટે તેને જરૂર પૂરતો જ, ભાડામાત્ર જેટલો આહાર આપવો અને પાત્ર, ઓઢણ વગેરે વસ્તુઓ પણ સંયમ પૂરતી જ લેવી અને તે મોજ ખાતર કે ભોગવવા ખાતર ન લેવી, સંયમનિર્વાહનું સાધન શરીર હોઈ તેના ટકાવ પૂરતી જ લેવી. (૧૩૫)

**મૂર્છા વગર વસ્તુનો વપરાશ કરવો—**

**गुणवदमूर्च्छितमनसा तद्विपरीतमपि चाप्रदुष्टेन ।**
**दारूपमधृतिना भवति कल्प्यमास्वाद्यमास्वाद्यम् ॥१३६॥**

**અર્થ**—પોતાને લાભ કરે તેવો ખોરાક હોય (ગુણવદ્) અથવા તેનાથી વિપરીત હોય એટલે ખરાબ ખાવાનું મળેલ હોય તેને સાધુપુરુષે (અદુષ્ટેન) લાકડાની જેમ, તે ખાવાનો પદાર્થ નિર્દોષ હોય તો, ધીરજપૂર્વક ખાઈ લેવો. (૧૩૬)

**વિવરણ—ગુણવદ્**—બહારથી મળેલ ખોરાક સ્વાદિષ્ટ પણ હોય, ગમે તેવો સારો હોય, તેને પણ સમતાપૂર્વક સ્વાદ લગાડયા વગર ખાઈ લેવો. સાધક પુરુષ તેનો સ્વાદ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરે નહિ અને આ ખોરાક સ્વાદિષ્ટ છે, માટે તેનો આહાર કરી લેવો એવું ઇચ્છે નહિ. એનું જમતી વખતે ધ્યાન ખોરાક સ્વાદિષ્ટ છે કે અસ્વાદિષ્ટ છે તે પર હોતું નથી, પણ સંયમઆરાધના માટે દેહને ભાડું આપવું જરૂરી છે તે પર જ હોય છે. સ્વાદિષ્ટ ભોજન ઉપર તેને મૂર્છા હોતી નથી, તે પર રાગ હોતો નથી અને તે ખાવા ખાતર ખાતો નથી, પણ સંયમનિમિત્તે તેને વગર મૂર્છાએ આરોગે છે.

**અમૂર્છિત**—મનનું એ વિશેષણ છે. ખાવાના વહોરેલા ખોરાક પર એને પ્રેમ થતો નથી. ખરાબ કે સારો પણ પોતાને ખપે તેવો ખોરાક કોઈ પણ જાતની આસક્તિ વગર સાધક લે છે અને લેતી વખતે પણ આ ખોરાક કેવો છે અને સારો તૈયાર થયો છે કે કેવી ફુવડ સ્ત્રીએ તૈયાર કર્યો છે તેનો વિચાર પણ કરતો નથી. સાધક ચિંતવે છે કે સંયમયાત્રા પૂરી કરવા દેહ જરૂરી છે અને તેને ભાડું આપવું પણ તેટલું જ જરૂરી છે, તો સંયમને નજરમાં રાખી ખોરાક ઉપર રાગદ્વેષ ન રાખતાં વગર મૂર્છાએ તે પોતાને ખપે તેવો ખોરાક હોય તો તેને જરૂરી નિર્વાહ પૂરતો ખાઈ લે છે. તે વખતે પણ તેની નજર સંયમ તરફ જ હોય છે. અને તેના નિર્વાહને પોષે તેટલો જ જરૂરી ખોરાક સાધુઓ અને સાધકો લે છે.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम

**વિપરીત**—તેનાથી ઊલટો એટલે અગુણવદ્ધ ખોરાક. લાભ ન કરનાર, સ્વાદિષ્ટ ન હોય તેવો ગંધાતો કે બદબો મારતો ખોરાક મળે તો તેને પણ કોઈ જાતની ઘૃણા વગર, વગર મૂર્છાએ કે વગર તિરસ્કારે, રાગદ્વેષથી મુક્ત રહીને ખાઈ લે છે. એને આપનાર કે તૈયાર કરનાર તરફ પ્રેમ કે તિરસ્કાર થતા નથી અને સંયમપાલન તરફ લક્ષ રાખી, સારો કે ખરાબ ખોરાક મળ્યો હોય તે કોઈ પણ પ્રકારની મૂર્છા રાખ્યા વગર કે ઘૃણા વગર, તે ખપે તેવો હોય તો, ખાઈ લઈ શરીરને સંયમનિર્વાહ માટે ભાડું ચૂકવી આપે છે.

**અપ્રદુષ્ટ**—સાધુ, રાગદ્વેષરહિત. સાધુપુરુષ હોય તેને મન સારું કે ખરાબ ભોજન મળે તે સર્વ એકસરખું છે. એને કર્મબંધનનાં કારણ રાગદ્વેષ નથી, અને રાગદ્વેષ વગર સારાનરસાની વૃત્તિ હોય જ નહિ. સાધુને મન તો સારું કે ખરાબ એવી વાત ન હોય, કારણ કે એની ભાવના ખાવામાં હોતી જ નથી, એ તો સંયમનિર્વાહ પૂરતું શરીરને ભાડું આપે છે અને ખાતી વખતે પણ અમુક ચીજ સારી છે અને અમુક ચીજ ખરાબ છે એવું દ્વેષરહિતપણાને લઈને વૃત્તિમાં પણ થતું નથી, આવતું નથી, રહેતું નથી. અને વસ્તુતઃ ખાધા પછી તો ચીજ સર્વ પેટમાં જ જાય છે, પણ તેમાં સારાનરસાની ભાવના તો રાગદ્વેષ કરાવે છે અને આપણે આગલા પ્રકરણમાં જોઈ ગયા કે સાધકે રાગદ્વેષ રાખવો નહિ, કરવો નહિ. તેથી સાધુની વ્યાખ્યા પ્રમાણે તે રાગદ્વેષરહિત હોય, એટલે સાધુપુરુષને અમુક ચીજ સારી કે ભાવે તેવી અથવા ખરાબ કે ન ભાવે તેવી ન હોય. તેનું તો આખું ધ્યાન સંયમનિર્વાહ પૂરતું જ અને તે પર જ હોય છે. એને મન શરીરપોષણવૃત્તિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોતી નથી અને શરીરપોષણવૃત્તિ જ્યાં હોય ત્યાં સાધકભાવ રહેતો નથી. એટલે અપ્રદુષ્ટનો અર્થ અહીં 'રાગદ્વેષરહિત સાધુ' એમ ટીકાકારે કર્યો છે તે સમુચિત છે.

**દારૂપમ**—પાંચમો દાખલો, દારુની પેઠે, લાકડાની પેઠે. લાકડાને કોઈ મઠારે, કોઈ છોલે, કોઈ તેના ટેબલ ખુરશી કે સુંદર ફરનીચર બનાવે અને કોઈ તેમાંથી જંગલ જવા માટે બેસવાની બેઠક બનાવે. તેમાં લાકડાનો એકસરખો સ્વભાવ હોય છે. મઠારીને સુધારનાર કે ટેબલખુરશી બનાવનાર પર તેને રાગ થતો નથી કે જંગલ જવાની બેઠક બનાવનાર પર દ્વેષ થતો નથી. લાકડું તો સર્વના ઉપર એકસરખો સ્વભાવ રાખે છે. એને કોઈ વહાલો નથી અને કોઈ દવલો નથી. આવા પ્રકારની સાધકની દશા હોય. એને કોઈ ખોરાક પર રાગ નથી, કોઈ ઉપર દ્વેષ નથી; કોઈ વહાલું નથી, કોઈ દવલું નથી. એને મન તો ખોરાક તે ખોરાક જ છે, સર્વ સમાન છે; અથવા સારાખરાબની તેની વૃત્તિ પણ નથી, તેનો વિચાર સારાખરાબપણાને અંગે હોતો નથી. એ તો સંયમમાર્ગ પર જ દૃષ્ટિ રાખે છે અને પોતાની આત્મિક પ્રગતિ વધાવવા જ ઇચ્છે છે. તેનું ધ્યાન ખોરાક સારો છે, વસ્ત્ર, પાત્ર, ઉપધિ સારા કે ખરાબ છે તે પર હોય જ નહિ. આ સાચા સારા સાધકનું લક્ષણ છે. જેમ લાકડાની પ્રતિમાની ચંદનથી પૂજા કરવામાં આવે અથવા વાંસલાથી છોડિયાં પાડવામાં આવે તો ત્યાં એ જાતે અચેતન હોવાથી એને પૂજા કરનાર પ્રતિ રાગ થતો નથી, છોડિયાં પાડનાર પર દ્વેષ થતો નથી, તેમ સાધુને ખોરાક સારો કે ખરાબ છે તેનો વિચાર કે ખ્યાલ પણ થતો નથી. સાધુને રાગદ્વેષ કેટલા ઓછા હોય તેનો આ પાંચમો દાખલો થયો.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

**ધૃતિ**—અત્યંત ધીરજવાળા સાધુ. અત્યંત ધીરજવાળા સાધુપુરુષને આ સારું કે આ ખરાબ, આને ત્યાં સારું રંધાય છે અને બીજો ગરીબ માણસ રસોઈ બરાબર કરતો નથી, આવી જાતનો રાગદ્વેષ કે એવી કોઈ જાતની વિચારણા થતી નથી.

**કલ્પ્યમ્**—એટલે વસ્તુ ખપે તેવી તો જરૂર જોઈએ. એમાં અકલ્પ્ય હોય તો પણ ચાલી જાય, એમ વાત નથી. ઉપરના આચારાંગસૂત્રમાં જે વસ્તુને કલ્પ્ય કહી છે તેના તરફ રાગ કે દ્વેષ ન કરવો. પણ વસ્તુ જ અકલ્પ્ય હોય તો વાત જુદી છે. અકલ્પ્ય વસ્તુ ન જ ખપે, તે અકલ્પ્ય છે માટે ખાવા કે ઉપયોગમાં ન લેવી. તેને ફેંકી દેવામાં કે જમીનમાં દાટી દેવામાં આવે છે તે વસ્તુ તરફ દ્વેષ નથી, પણ એને 'અકલ્પ્ય' વિભાગમાં તીર્થંકર મહારાજે મૂકી છે અને માટે તેનો તે ઉપયોગ કરતો નથી. એ સાધકને મન તો 'આણાએ' ધર્મ છે. તેથી ભગવાને જેને અકલ્પ્ય કહી છે તે વસ્તુને તે ઉપયોગમાં ન લે.

**આસ્વાદ્ય**—આ શ્લોકમાં આસ્વાદ્ય શબ્દ બેવાર આવે છે. એક તો ખાવાની વસ્તુના અર્થમાં તે શબ્દ છે, બીજી વખત આસ્વાદ્ય શબ્દ આવે છે તે 'ખાવાની ક્રિયા' (અભ્યવહરણ)ના અર્થમાં સમજવો, એમ ટીકાકાર શ્રી હરિભદ્ર કહે છે. (૧૩૬)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### સાધકને ઓસડની જરૂર ન પડે—

कालं क्षेत्रं मात्रां सात्म्यं द्रव्यगुरुलाघवं स्वबलम् ।
ज्ञात्वा योऽभ्यवहार्यं भुंक्ते किं भेषजैस्तस्य ? ॥१३७॥

**અર્થ**—જે માણસ વખત, ક્ષેત્ર, પોતાના ખોરાકનું માપ, પોતાને અનુકૂળ વસ્તુ હોય તે, વસ્તુ ભારે કે હળવી છે તે જોઈને તથા તે પચાવવાનું પોતાનું બળ કેટલું છે તે વિચારીને આહાર લે છે તેને દવાની શી જરૂર પડે? (૧૩૭)

**વિવેચન**—યાદ રાખવું કે આ સુખ ક્યાં છે અને શેમાં છે અને કોને મળે તેનું પ્રકરણ ચાલે છે. આ શ્લોકમાં શું ખાવું જોઈએ એનો નિયમ આપ્યો છે અને એ નિયમને જે બરાબર પાળે તેને ઓસડ લેવાની જરૂર કેમ રહે એવો પ્રશ્ન કરે છે. ધ્યાનમાં રહે કે આ શ્લોકમાં ઔષધ લેવાની મના નથી કરવામાં આવતી, પણ આ નિયમને અનુસરવાથી ઔષધની જરૂર જ રહેતી નથી એમ કહે છે. એટલે ખાવાપીવાની વસ્તુ મુખમાં મૂકતી વખતે કઈ બાબતો લક્ષમાં રાખવી કે જેથી ઓસડની જરૂર જ ન પડે એ આ શ્લોકમાં કહેલી છે. તે બાબતો પર ધ્યાન આપવું જોઈએ. સાધકની ફરજ છે કે તેણે ઓસડની જરૂર જ ન પડે તે રીતે રહેવું જોઈએ અને તે માટે કેટલાક એના નિયમો બતાવ્યા છે. ઔષધ લેવાની જરૂર ન પડે માટે સાધકે તે નિયમોને અનુસરવું ઘટે.

**કાલ**—ભોજન લેતી વખતે સાધકે, દવાની જરૂર ન પડે તે માટે પ્રથમ તો અત્યારે કઈ ઋતુ વર્તે છે તે લક્ષમાં લેવું. એટલે જો ઉનાળો હોય તો તે વખતે વધારે જળ લેવું અને અન્ન ઓછું લેવું અને ચોમાસું હોય તો પાંચ ભાગનું ખાવું અને છઠ્ઠો ભાગ પેટ ખાલી રાખવું. શિયાળામાં જઠરાગ્નિ તેજ હોય છે, ઉનાળામાં મંદ હોય છે, તે વિચારી અત્યારે ભોજન સમયે જે ઋતુ વર્તતી હોય તે અનુસાર ખાવું કે પીવું. પેટ છે એટલા માટે એને ઠાંસીને ભરવું નહિ, પણ વખત જોવો અને જે વખતે જે ઋતુ વર્તતી હોય તે ધ્યાનમાં રાખીને આહારનિહાર કરવો અને આખો દિવસ ખા ખા ન કરવું. દુકાળ હોય તો તે વખતે અન્ન ઓછું લેવું. દુકાળમાં પોતે વધારો ન કરવો. આ સર્વ રીતે કાળ કેવો વર્તે છે તે વિચારીને ભોજન લેવાની સાધકની ફરજ છે.

**ક્ષેત્ર**—આ ઉપરાંત પોતે કયા ક્ષેત્રમાં છે તે વિચારવું. જોધપુર કે કાઠિયાવાડ જેવા લૂખા પ્રદેશમાં ભોજન વધારે લેવું. કાશ્મીર જેવો પ્રદેશ હોય તો ત્યાં તે પ્રદેશને અનુરૂપ ખોરાક લેવો. કેવા પ્રદેશમાં જવું કે રહેવું તેનો સવાલ નથી, પણ ગમે તે પ્રદેશમાં પોતે ગયેલ હોય તેમાં સાધકે તે ક્ષેત્રને લક્ષમાં લઈ ખોરાક લેવો. ગોહિલવાડ કે ઝાલાવાડને જે નિયમો લાગે તે મુંબઈના પ્રદેશ માટે નકામા છે. એટલે, ક્ષેત્ર જોવાનો બીજો નિયમ સાધક માટે સૂચવ્યો.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**માત્રા**—પોતાની ભોજનની માત્રાનો આ ત્રીજો નિયમ છે. કોઈને બે રૂપિયાભાર ખોરાક પણ મુશ્કેલીથી પચે છે, કોઈને પોણો શેર તો ઘઉંનો લોટ જોઈએ. પોતાને જેટલા માપનું ભોજન પચતું હોય, તેટલું જ લેવું. આ માત્રા (Quantity)માં વ્યક્તિગત ફેરફાર હોય છે. તેથી પોતાની માત્રા જોઈ આહાર લેવો. આ ત્રીજો ઘણો ઉપયોગી અને વ્યવહારુ નિયમ છે. અતિ માત્રામા આહાર ન થઈ જાય એ માટે ખાસ ચીવટ રાખવી.

**સાત્મ્ય**—સાધકે વિચારવાનો ચોથો નિયમ એ છે કે વ્યક્તિગત અમુક આહાર પોતાને પચે છે કે નહિ તે વિચારી જવું. આમાં કોઈ બે શેર દૂધપાક લઈ શકે અને કોઈને પાશેર પણ ભારે પડે. વ્યક્તિગત જઠરાગ્નિ જુદા જુદા પ્રકારની હોય છે. પોતાને કઈ ચીજ માફક છે તે વિચારવાનો આ ચોથો નિયમ છે.

**દ્રવ્યગુરુલાઘવ**—ભોજનનો પાંચમો નિયમ એ છે કે ભેંસનું દૂધ ભારે પડે અને ગાયનું દૂધ હળવું છે, એમ પ્રત્યેક વસ્તુ ભારે હળવી છે, તેનું સહજ જ્ઞાન મેળવી લેવું, અને પોતાના શરીરને ભાર કરે તેવી વસ્તુ ન ખાવી, હળવી પડે તેવી જે વસ્તુ હોય તે લેવી. આ પ્રમાણે હળવા ભારેના અને પોતાની પ્રકૃતિની ખાસિયતના અભ્યાસથી સૂચિત આહાર લઈએ તો દવા લેવાની જરૂર જ નહિ પડે.

**સ્વબલ**—વસ્તુ પોતે સારી હોય, પણ પોતે તેના પચાવવાનું બળ ધરાવે છે કે નહિ કે પોતાને તે વસ્તુ માફક છે કે નહિ, તે પોતાના બળનો વિચાર કરવો. કેટલાકને શીરા જેવી નિર્દોષ વસ્તુ પચાવવાનું પણ બળ હોતું નથી, તો તેમણે એવી વસ્તુ ન વાપરવી. વસ્તુ નિર્દોષ હોય, ઉપરાંત તેને પચાવવાનું પોતાનું બળ હોય એ ઘણી અગત્યની બાબત છે. આ છઠ્ઠી બાબત વિચારીને જ ખોરાક લેવો. પચે તેવું લેવું, ન પચે તેવું સોનાનું હોય કે સસ્તું હોય તો પણ સાધક માટે તે નકામું છે. ન પચે એવી અથવા પોતામાં જેને પચાવવાનું બળ ન હોય તેવી વસ્તુ ન લેવી.

આ છ નિયમને ધ્યાનમાં રાખી જે ભોજન કરે છે તેને કદી દવાની જરૂર જ પડતી નથી.

દવાનો અને સાધકનો સંબંધ કેવો હોવો જોઈએ તે અત્ર બતાવ્યું છે અને જે આ છ નિયમો ધ્યાનમાં રાખી આહાર કરે છે તેને દવાની જરૂર પડતી નથી. કોઈ શોખથી દવા લેતું નથી, કે સ્વાદ ખાતર દવા લેતું નથી. દવાની જરૂર જ ન પડે તેવું કરવા માટે આ છ નિયમ સૂચવ્યા છે. દવા લેવાનો પ્રતિબંધ નથી પણ તે લેવાની જરૂર જ ન પડે તેટલા માટે આ જરૂરી નિયમો બતાવ્યા છે. (૧૩૭)

**પિંડ શય્યા લેવા છતાં નિષ્પરિગ્રહતા—**

**पिण्डः शय्या वस्त्रैषणादि पात्रैषणादि यच्चान्यत् ।**
**कल्प्याकल्प्यं सद्धर्मदेहरक्षानिमित्तोक्तम् ॥१३८॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અર્થ**—જમવાનો પિંડ (ભોજન), સૂવાની શય્યા (પાટાદિ), વસ્ત્ર (લૂગડાં), પાતરાં અને સર્વસામાન્ય વસ્તુ અને બીજી વસ્તુઓને વિશે ખપે અને ન ખપે એ સંબંધી જે હકીકત ઉપર અને અન્યત્ર બતાવવામાં આવી છે તે વિશુદ્ધ ધર્મની અને તેને પોષનાર દેહની રક્ષા માટે જણાવવામાં આવી છે. (૧૩૮)

**વિવરણ**—આચારાંગસૂત્રમાં તથા અન્યત્ર જે વિવેચન કરીને અનેક વસ્તુ ખપે અને ન ખપે તેવી કહી છે તેનું કારણ વિશુદ્ધ ધર્મપાલનને અને તે કરી આપનાર અને તેને પોષનાર દેહપાલનને માટે છે. કોઈ વસ્તુને કલ્પ્ય એટલે ખપે તેવી અને અકલ્પ્ય એટલે ન ખપે તેવી કહી છે તે શરીરને પોષવા કે શરીરને વધારવા માટે કે તેને સારું દેખાડવા માટે નથી કહી, પણ દેહ ધર્મસાધન હોવાથી વિશુદ્ધ ધર્મનું પાલન કરવાથી દુર્ગતિમાં જવું ન પડે અને વિશુદ્ધ ગતિ થાય અને છેવટે આત્મોન્નતિ થાય તથા દશ પ્રકારે યતિધર્મનું પાલન થાય માટે કલ્પ્ય અને અકલ્પ્ય બતાવવામાં આવી છે. વસ્તુ ઉપર રાગ થાય કે પ્રેમ થાય તે પરિગ્રહ છે. માટે, શાસ્ત્રકારે કહ્યું છે કે મુચ્છા પરિગ્ગહો વુત્તો એટલે પાંચમું વ્રત જે પરિગ્રહવ્રત નામનું છે તે મૂર્છાને અંગે છે, અથવા જેટલી મૂર્છા તેટલો પરિગ્રહ. આ વસ્તુ મારી છે અને બીજાનો તેના પર હક નથી એવા પ્રકારનો વસ્તુ પર રાગ થાય, પ્રેમ થાય, આકર્ષણ થાય ત્યારે તે વસ્તુ પરિગ્રહ થાય છે. બાકી જે આવી મળે તે વાપરવાથી તેના પર 'મૂર્છા' થતી નથી, અને તેથી પરિગ્રહનો દોષ એમાં ધારવો એ અણુસમજ છે, કારણ કે એમાં કોઈ જાતનું આકર્ષણ કે મારાપણું નથી. તેથી સાધક પુરુષો મૂર્છા વગર આહારપાણી કે વસ્ત્રપાત્ર વાપરે, પોતાપણું તે પર ધારણ ન કરે તો તે વસ્તુ ધર્મપાલનના શુભ હેતુએ વાપરેલી હોવાથી તેને 'પરિગ્રહ' કહેવાય નહિ. આ સૂત્રના સંબંધમાં દિગંબર જૈનો સાથે શ્વેતાંબર જૈનોનો મતભેદ છે. દિગંબર સાધુઓ કપડાં પણ રાખતા નથી, અને રાખવામાં પરિગ્રહ થાય છે એમ માને છે, પરંતુ જે સાધકો (શ્વેતાંબર સાધુઓ) વસ્ત્ર શય્યા વગેરેને મૂર્છા વગર માત્ર ધર્મનાં સાધન તરીકે વાપરે છે અને તેમના પર પોતાપણાનો ભાવ રાખતા નથી, અને તે વસ્તુને અંગે કોઈ જાતની પોતાની શેઠાઈ કે માલિકીપણું ધારણ કરતા નથી તે પરિગ્રહદોષે લેપાયલા છે એમ કહેવું તેમાં અણુસમજ છે.

**પિંડ**—ભોજન. સાધક કેવું ભોજન લે એ આચારાંગસૂત્ર પ્રમાણે આપણે ઉપર જોઈ ગયા. તે ગોચરીના ઉપર જણાવેલા બેતાળીસ દોષોને વર્જે. બેતાળીસ દોષમાં ઘણી વિચારણા કરી છે અને આપનાર તરફથી પ્રેમ ખાતર પણ દોષ થાય તો તે વસ્તુને અકલ્પ્ય ગણવામાં આવી છે. આવી રીતે લીધેલ પિંડને પરિગ્રહ કહેવો એ તો ઘણી વિચિત્ર વાત છે, ચોખ્ખો એકતરફી વિચાર છે અને સમજમાં ન ઊતરે તેવો પ્રકાર છે. પિંડ કેવો હોય અને કોણે તૈયાર કરેલો હોય અને કેવી રીતે આપેલો હોય તો સાધકને કલ્પ્ય ગણાય તેની વિગત શાસ્ત્રકારે આપી છે. અને તેનો સંક્ષિપ્ત સાર આપણે ઉપર જોઈ ગયા છીએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શય્યા**—અમુક ચાતુર્માસ સમયે સાધક પાટ વાપરી શકે, શેષકાળે જમીન પર સૂવે અને અમુક સંયોગોમાં શેષકાળે પણ શય્યા(પાટાદિ) કલ્પ્ય ગણાય. તેનો વિધિ શાસ્ત્રમાં બતાવવામાં આવ્યો છે.

**વસ્ત્ર**—કપડાં. સાધક કેવાં કપડાં પહેરે, કેવાં કપડાં સ્વીકારે તેની વિગત અગાઉ ઉપર બતાવી છે અને આચારાંગસૂત્રનું તે પર એક આખું અધ્યયન છે. એ કપડાં શરીર-શોભા માટે લેવાનાં નથી, પણ વિશુદ્ધ ધર્મપાલન માટે લેવાનાં છે અને દેહરક્ષા પણ અંતે આત્મિક પ્રગતિ માટે છે. એવી રીતે લીધેલાં વસ્ત્રને પરિગ્રહ ન કહેવાય. જેનાં પર મારાપણાનો મોહ હોય અને શોખથી સારાં દેખાવા માટે જે પહેરાય તે પરિગ્રહ કહી શકાય. જે જાતનાં કપડાં સાધક વાપરે એમ શાસ્ત્રકારે મૂળગ્રંથોમાં બતાવ્યું છે તેના ઉપર જો મૂર્છા થાય નહિ તો તેને પરિગ્રહ કહી ન શકાય, ન કહેવો જોઈએ.

**એષણા**—એનો સ્પષ્ટ અર્થ 'અન્વેષણા' થાય છે, શોધવું તે અર્થમાં એ શબ્દ વપરાય છે. સાધક તૃણ, વસ્ત્ર, અન્નપાણી જે કાંઈ લે તે દોષરહિત હોવું જોઈએ. એની શોધ કરવી તે ત્રીજી એષણાસમિતિ છે. પાંચ સમિતિમાં એ ત્રીજી છે. નિર્દોષ આહારની શોધ કરવી એ આ ત્રીજી સમિતિનો વિષય છે. નિર્દોષ ભિક્ષાને ગ્રહણ કરવી તે આ સમિતિપાલનનો આચાર છે. આચારાંગસૂત્રમાં જે વિગત બતાવાઈ ગઈ છે તે અનુસાર તેવી ચીજ બરાબર શોધવી, તેના માટે તપાસ કરવી અને પોતાને ખપે તેવી વસ્તુ કે આહાર લેવો તે આ એષણાસમિતિનો વિષય છે. પાંચ સમિતિને અને ત્રણ ગુપ્તિને અષ્ટ પ્રવચનમાતા કહેવામાં આવે છે. એનું વિવેચન વધારે જોવું હોય તો આગમોદય સમિતિએ ૧૯૨૦માં પ્રગટ કરેલા ઠાણાંગસૂત્રમાં હકીકત જોઈ લેવી. એ એષણાસમિતિના બતાવવા પ્રમાણે જે સાધક અનુસરે છે તે કોઈ વસ્તુનો પરિગ્રહ કરતો નથી અને પોતાના નિર્વાહ પૂરતી જ તે વસ્તુ ગ્રહણ કરે છે. તેના પર તે સ્વામીત્વ સ્થાપવા માગતો નથી. અને તે વસ્તુઓમાં તેને કોઈ પ્રકારની મૂર્છા-બંધન નથી. તેથી માંગી લાવેલ ચીજને અંગે પરિગ્રહ થતો નથી.

**અન્યત્**—આ સિવાયની સંયમનિર્વાહ માટે કે દેહ માટે લીધેલ કોઈપણ વસ્તુ, દાખલા તરીકે ખાવાની વસ્તુના ચાર વિભાગ છે : અશન, પાન, ખાદીમ અને સ્વાદીમ. તેમનો સમાવેશ પિંડમાં થઈ શકે, અથવા અન્યત્ કોઈ પણ વસ્તુથી શય્યા-સંથારો, ઝોળી, પલ્લાં, ચોળપટ્ટો, મુહપત્તી એ સર્વ સંયમના નિર્વાહ માટે રાખેલ વસ્તુઓ કે બીજાની પાસેથી માગી લીધેલ વસ્તુઓ સૂચવાય. એમાંની પોતાને ખપે તેવી સર્વ વસ્તુઓને પણ પરિગ્રહમાં ન ભેળવી દેવાય, કારણ કે પરિગ્રહનું મુખ્ય લક્ષણ મૂર્છા અર્થાત્ એમાં સ્વીય-પણાનો કે માલિકીનો ભાવ છે. એ વસ્તુ પોતાની નથી, પણ પોતે સંયમના નિર્વાહ માટે લીધેલ છે અને તેના ઉપગમે હર્ષ નથી. વસ્તુ ઉપર માલિકી રાખવાની નથી, તો પછી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ પરિગ્રહની કોટિમાં કેમ આવી શકે? આ વસ્તુ વિશુદ્ધ ધર્મના પાલન માટે જરૂરી છે અને તેથી તેને પરિગ્રહના વર્ગમાં ન જ મૂકવી ઘટે.

**કલ્પ્યાકલ્પ્ય**—અમુક વસ્તુ સાધકને ખપે કે નહિ; ખપે તે કલ્પ્ય અને ન ખપે તેવી વસ્તુને અકલ્પ્ય કહેવામાં આવી છે. શાસ્ત્રકારે આચારાંગાદિક સૂત્રોમાં બતાવ્યું છે કે અમુક સંયોગોમાં અકલ્પ્ય વસ્તુ પણ કલ્પ્ય થઈ જાય છે, ગાઢ આલંબનને કારણે અપવાદમાર્ગે અકલ્પ્ય વસ્તુ પણ કલ્પ્ય થઈ જાય છે. સાધકને તો માલિકીપણું, આસક્તિ હોય જ નહિ એટલે કલ્પ્યઅકલ્પ્યનો શાસ્ત્રમાં જે વિભાગ બતાવ્યો છે તે પણ સદ્ધર્મપાલન માટે જ છે.

**સદ્ધર્મદેહરક્ષાનિમિત્ત**—વિશુદ્ધ ધર્મ અને શરીરની રક્ષાનું નિમિત્તકારણ હોવાથી તેને પરિગ્રહ ન કહી શકાય. આ શ્લોકમાં વિશુદ્ધ ધર્મની રક્ષા અને શરીરની રક્ષા એવી બે વાત બતાવી અને વસ્તુ હોય છતાં તે પરિગ્રહ નથી એ મૂર્છાને અભાવે કહ્યું. (૧૩૮)

**કલ્પ્યાકલ્પ્યને જાણનાર**—

**कल्प्याकल्प्यविधिज्ञः संविग्नसहायको विनीतात्मा ।**
**दोषमलिनेऽपि लोके प्रविहरति मुनिर्निरुपलेपः ॥१३९॥**

**અર્થ**—આ વસ્તુ ખપે તેવી છે અને આ વસ્તુ ખપે તેવી નથી તે વિધિનો જે જાણકાર હોય, વિદ્વાન મુનિઓ જેની સહાયમાં હોય એવો નમ્ર સાધક સાધુપુરુષ હોઈને આ દોષોથી મેલા અને ગંદા થયેલા લોકમાં રહેવા છતાં રાગદ્વેષથી રહિત રહે છે. (૧૩૯)

**વિવેચન**—ચારે તરફ દવ લાગ્યો હોય પણ જે ખરો સાધક પુરુષ હોય તે તેનાથી દૂર રહી શકે છે, રાગદ્વેષથી રહિત રહી શકે છે અને પોતાનું કામ કરે જાય છે અને પ્રગતિમાં આગળ વધતો જાય છે. આત્મસાધક કેવા પ્રકારનો હોય તેની વિગત આ ગાથામાં બતાવે છે. પછી તેનો દાખલો આવતી ગાથામાં બતાવશે.

**કલ્પ્યઅકલ્પ્યવિધિજ્ઞ**—પ્રથમ તો એ સાધક આ વસ્તુ ખપે તેવી છે કે નહિ તેની વિધિનો જાણકાર હોવો જોઈએ. તે અમુક ચીજ ખપે તેવી છે કે નહિ, અમુક સ્થાન ઊતરવા યોગ્ય છે કે નહિ તેનો, કલ્પ્ય–અકલ્પ્યના તફાવતનો જાણકાર હોવો જોઈએ. એને ગોચરીના બેતાળીસ દોષો તથા વસ્તુના ગુણદોષની બરાબર જાણ હોવી જોઈએ. આવો તથા નીચે વર્ણવેલો પુરુષ દોષના વાતાવરણમાં રહે તો પણ તે રાગદ્વેષથી જરાયે લેપાતો નથી અને પોતાના આત્માને દરરોજ આગળ વધારતો જાય છે. આ સાધકની એક વ્યાખ્યા થઈ. તેમાં ખાસ જાણવા જેવું એ છે કે એ માણસ આપણી મલિન દુનિયામાં રહે તો પણ વાતાવરણની અસર વગરનો રહી શકે છે અને એમ સમજવાનું નથી કે એ વાતાવરણ વડે ખરડાઈ જાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સંવિજ્ઞસહાયક**—સંવિજ્ઞ–વિદ્વાન જાણકારો એની સહાયમાં હોય છે. સાધુધર્મ પાળતાં અનેકની સહાય લેવી પડે છે. એના સહાયકો તો વિદ્વાન હોય છે. એ સહાયકો એને સાચી સલાહ અને દોરવણી આપે છે. માણસ જે જાતની સોબત કરે તેવી તેના પર અસર થાય છે, આ વિદ્વાનોની સલાહ એ આનંદપૂર્વક સ્વીકારે છે. આ સાધકનું બીજું લક્ષણ છે.

**વિનીતાત્મા**—વિનીત એટલે સ્વાભાવિક રીતે નમ્ર આત્મા એ હોય છે. એ પોતે વિનયવાન હોય છે અને પરનો હુકમ માનવો કે તેને અનુસરવું તેમાં તેની સ્વાભાવિક રીતે વૃત્તિ જ હોય છે. ઉદ્ધત માણસ સાધક થઈ શકતો નથી. વિનીતઆત્મા હોવું એ સાધકનો ત્રીજો ગુણ છે.

**દોષમલિન**—દોષથી ગંદા થયેલા. આ 'લોક'નું વિશેષણ છે. સાધુ વસતીમાં રહે તેનો આમાં સ્વીકાર છે અને સાધક આપણા લોકમાં અને આપણી વચ્ચે જ રહે છે. એ કાંઈ જંગલમાં નાસી જતા નથી અને કોઈ પ્રકારે મનુષ્યભૂમિનો ત્યાગ કરતા નથી. આવા લોકોની વચ્ચે રહેનાર અને લોકવાતાવરણથી પરિચિત હોઈને તે લોકોને ધર્મ-માર્ગે દોરી શકે છે અને છતાં તે સાધક રાગદ્વેષથી રહિત રહી શકે છે. એ કેવી રીતે મલિનતાના વાતાવરણમાં રહેવા છતાં દોષથી અસ્પૃષ્ટ રહે છે તેના દાખલા હવે પછીની ગાથામાં આપશે. જે જંગલમાં નાસી જતા હોય કે લોકપરિચયથી દૂર રહેતા હોય તેમણે ખાસ સમજવા અને અનુસરવા યોગ્ય છે.

**નિરુપલેપ**—ખરડાયા વગર, રાગદ્વેષથી રહિત. સાધક નિર્લેપ રહી શકે છે. ઉપલેપ એટલે ખરડાવું. લોકો ગમે તેવા દોષથી ખરડાયેલા હોય તેમની વચ્ચે રહીને સાધક વગર ખરડાયેલો, નિર્લેપ રહી શકે છે. ચોતરફનું વાતાવરણ દોષોથી ભરેલું હોય તો પણ સારી સહાયવાળો અને ખપે ન ખપે તે જાણનારો અને જાતે વિનયી હોય તો સાધક તદ્દન નિર્લેપ રહી શકે છે અને વાતાવરણની કે દોષોની પોતા ઉપર જરા પણ અસર થવા દેતો નથી. આ શક્યતા ખૂબ વિચારણીય છે અને ખરાબ વાતાવરણની જરા પણ અસર ન થાય તેવી સંભાળ રાખવાની સાધક માટે જરૂર છે. ખરાબ વાતાવરણમાં નિર્લેપ રહેવું શક્ય છે એમ જ્ઞાનીનું વચન છે. (૧૩૯)

**કમળ જેવો સાધક હોય—**

**यद्वत् पङ्काधारमपि पङ्कजं नोपलिप्यते तेन ।**
**धर्मोपकरणधृतवपुरपि साधुरलेपकस्तद्वत् ॥१४०॥**

**અર્થ**—કાદવની વચ્ચે ઉત્પન્ન થયેલ કમળ તે કાદવથી લેપાતું નથી, તે પ્રમાણે ધર્મના ઉપકરણોથી પોતાના શરીરને ટકાવી રાખવા છતાં સાધક પુરુષ તે વસ્તુઓથી કમળની પેઠે નિર્લેપ રહી શકે છે. (૧૪૦)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિવરણ**—આ શ્લોકમાં ભોગવિલાસની મધ્યે રહેનાર સાધક પણ ભોગથી તદ્દન અણુલેપાયેલો રહે છે, તે બાબત પર દાખલો બતાવ્યો છે. કુદરતમાં પણ તેમ બને છે તે પરથી ફલિતાર્થ કાઢ્યો છે કે વિષયથી ઉત્પન્ન થયેલો અને વિષયના વાતાવરણમાં રહેતો માણસ વિષયથી અણુલેપાયેલો રહી શકે છે. આપણે આ દાખલા પર વિચાર કરીએ.

**પંકાધાર**—કાદવમાંથી ઉત્પન્ન થયેલ. કમળનું મૂળ તો કાદવ પર જ રચાયેલું હોય છે. એ કાદવમાંથી જન્મે છે, છતાં એને કાદવ લાગતો નથી. જેમ એ કાદવથી નિર્લેપ રહી શકે છે, તેમ વિષયથી ઉત્પન્ન થયેલો અને વિષયના વાતાવરણમાં રહેતો જીવ વિષયથી અણુલેપાયેલો રહેવાની વૃત્તિવાળો હોય તો નિર્લેપ રહી શકે છે. ધ્યાનમાં રહે કે કમળ કાદવમાંથી ઉત્પન્ન થાય છે, છતાં કાદવથી અણુલેપાયલું રહે છે, રહી શકે છે.

**નોપલિપ્યતે**—કાદવમાંથી ઉત્પન્ન થયેલું કમળ કાદવથી ખરડાતું નથી.

**ધર્મોપકરણ**—વસ્ત્ર, પાતરાં અને સાધુ વાપરે તેવાં જ્ઞાન-દર્શન-ચારિત્રનાં સર્વ ઉપકરણો—ગોચરી કે પલ્લાં, સ્થાપનાચાર્ય, દાંડો, દંડાસણ તથા ઓઘો. સાધુનું જીવન આ ઉપકરણોથી બન્યું રહે છે છતાં ધર્મોપકરણ પર જો મૂર્છા ન હોય તો સાધુ ધર્મોપકરણની હાજરી હોવા છતાં અણુલેપાયેલો રહે છે. સાધુએ ધર્મોપકરણ કેટલાં અને કેવાં રાખવાં તે વિધિ શાસ્ત્રના અન્ય ગ્રંથોમાં બતાવ્યો છે, તેને જે અનુસરતો હોય તેવો સાધક પોતે ધર્મનાં ઉપકરણ ધારણ કરતો હોય તો પણ જો તેને મૂર્છા ન હોય તો તે ઉપકરણથી ખરડાતો નથી. જેમ કાદવમાં ઉત્પન્ન થયેલું અને કાદવમાં વધેલું તથા કાદવના વાતાવરણમાં રહેતું કમળ કાદવથી જરા પણ લેપાતું નથી, જરા પણ કાદવમય થતું નથી તેમ સાધક વિષયથી ઉત્પન્ન થયેલ હોવા છતાં અને વિષયના વાતાવરણ વચ્ચે રહેવા છતાં તેનાથી અસ્પૃશ્ય અને અણુખરડાયેલો રહી શકે છે. સાધુ ઉપર વિષયો અસર કરી શકતા નથી, એ કમળના દાખલાથી સમજી જાણી શકાય તેવી વાત છે.

**અલેપ**—નિર્લેપ. સાધક જીવ ધારે અને તેની વૃત્તિ શાસ્ત્રવિધિ અનુસાર હોય તો તે અણુલેપાયેલો રહી શકે છે, એમ કમળના કુદરતમાંથી મળતા દાખલાથી જણાય છે.

આમાં સાધુ ધર્મોપકરણ રાખે છે તેનો ઉદ્દેશની નજરે બચાવ છે. ઉપકરણો તેમના પર સત્તા ભોગવવા માટે રાખવામાં આવતા નથી પણ એ ધર્મનાં ઉપકરણો છે અને વગર મૂર્છાએ ધર્મને નિમિત્તે રાખવામાં આવે છે, તેથી સાધુને દોષ લાગતો નથી અને તે કમળની પેઠે નિર્લેપ રહી શકે છે. માત્ર તેની વૃત્તિ મજબૂત જોઈએ અને તેનામાં નિર્લેપ રહેવાની વૃત્તિ જાગવી જોઈએ.

આ કમળનો દાખલો ખૂબ વિચારવા યોગ્ય છે અને વિષયકષાયમાંથી જન્મેલ માણસને અને વિષયકષાયના વાતાવરણ વચ્ચે રહેતા સાધકને બરાબર લાગુ પડે તેવો આ દાખલો છે. (૧૪૦)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**બીજો દાખલો વિચારણીય છે—**

यद्वत्तुरगः सत्स्वप्याभरणविभूषणेष्वनभिषक्तः ।
तद्वदुपग्रहवानपि न सङ्गमुपयाति निर्ग्रंथः ॥१४१॥

**અર્થ**—જેમ ઘોડો પોતાના ઘરેણાં–આભૂષણો ઉપર જરાએ રાગ કરતો નથી અને તેનાથી અલિપ્ત રહી શકે છે, તેવી રીતે અનેક ઉપકરણોયુક્ત સાધુ હોય તો પણ તે સોબતની અસર પામતો નથી, કારણ કે તે નિર્ગ્રંથ છે, પરિગ્રહની ગાંઠથી મુક્ત છે. (૧૪૧)

**વિવરણ**—હવે આ ૧૪૧મા શ્લોકમાં સાધુ સાધક જો ગ્રંથિ વગરના હોય તો નિર્લેપ રહી શકે છે તેનો બીજો વ્યવહારુ દાખલો આપે છે. આ દાખલાથી સાધક ધર્મ નિમિત્તે કાંઈ ઉપકરણ રાખે કે આહારપાણી લે તેમાં તેના નિર્ગ્રંથપણાને વાંધો આવતો નથી, કારણ કે ઉપકરણો ઉપર એને મૂર્છા નથી, રાગ નથી, આકર્ષણ નથી, તે તો માત્ર સંયમના નિર્વહનને અંગે રાખવામાં આવેલ હોય છે. એટલે, એને કોઈ પ્રકારનો દોષ લાગતો નથી.

**તુરગ**—ઘોડો, અશ્વ. ઘોડાનું આ દૃષ્ટાંત ખાસ વિચારવા જેવું છે. એના ઉપર સોનાનો કે રૂપાનો સામાન નાખવામાં આવે, એને ગળામાં હાંસડી પહેરાવવામાં આવે અથવા એની આજુબાજુ ચામર વીંજાય કે માથે છત્ર ધારણ કરાવવામાં આવે કે બીજાં આભૂષણો એને પહેરાવવામાં આવે તેનું ઘોડાને મનમાં કાંઈ થતું નથી. એ જાણે છે કે આ તો થોડા વખતનો અને પારકો મામલો છે, પાછો હતો તેવો થઈ જનાર છું. તે વખતે ઘરેણાં કે આભૂષણો પર પોતાપણું થોડા વખત માટે પણ એ ઘોડો ધારતો નથી અને તેમનામય થતો નથી. તે ઘરેણાં કે આભૂષણોને પોતાનાં ધારતો નથી, તેમના ઉપર પ્રેમ કરતો નથી, તેમને પોતાનાં માનતો નથી.

સારા વખતે ઘોડા ઉપર રૂપાનો કે સોનાનો સામાન તૈયાર કરી પીઠ પર તથા ગળા પર લગાડવાનો રિવાજ છે. ઘોડો એમાં આસક્તિ ધરતો નથી, એ સામાન કે આભૂષણોને પોતાનાં માનતો નથી, તે પર મૂર્છા કે પ્રેમ ધારણ કરતો નથી, અને તે પારકાં છે અને થોડા વખત માટેના અને પારકી શોભા સારું છે એમ માની તેમાં આસક્તિ કરતો નથી.

**અનભિષક્ત**—અમૂર્છિત. એ ઘરેણાં પોતાનાં છે એમ ધારી તેમના ઉપર આસક્તિ રાખતો નથી, તે પોતાનું મહત્ત્વ વધારનાર છે એમ ઘોડો માનતો નથી, અને હોય ત્યારે પોતે તેમનો ધણી છે એમ આભૂષણોને અંગે કદી ધારતો નથી અને તે ઉપર પોતાની સત્તા ચલાવવાનો વિચાર કરતો નથી. મૂર્છા ન હોવાને પરિણામે તે તન્મય થઈ જતો નથી.

**ઉપગ્રહવાન**—સાધક વસ્ત્ર, પાત્ર, શય્યાદિ રાખે ત્યારે પણ તન્મય થઈ જતો નથી, તેમની ઉપર મૂર્છા રાખતો નથી, તે પોતાનાં છે એમ માનતો નથી અને તેમના વિયોગે પોતાને કોઈ જાતની હાનિ થઈ શકે છે એમ તેના મન ઉપર આવતું નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**નિર્ગ્રન્થ**—સાધક, સાધુપુરુષ. સાધુપુરુષ શય્યા, વસ્ત્ર, પાત્રાદિ રાખે તો પણ તેના પર મૂર્છા કરતો નથી, તેના મય થઈ જતો નથી અને તે ન હોય તો પણ શું એમ તેના મનમાં થાય છે. ઘોડાની પેઠે અમુક વસ્ત્રપાત્રાદિ હોય ત્યારે પણ તેમના પર મૂર્છા થતી નથી. જેની મૂર્છાની ગાંઠ છૂટી જાય અથવા બંધાય જ નહિ તે જ નિર્ગ્રંથ કહેવાય છે. આ ગાંઠ જેની છૂટી ગઈ છે એવા નિર્ગ્રંથ મુનિસાધકને તો વસ્ત્ર, પાત્ર, પાટ કે શય્યા ઉપર ગાંઠ ન હોવાથી તે નિર્ગ્રંથ કહેવાય છે. તેથી એને કોઈ પ્રકારનો દોષ લાગતો નથી. તે મૂર્છા–આસક્તિથી પર રહે છે. આ ગાંઠ કેવા પ્રકારની હોય છે, તે ગાંઠ કેવી રીતે છૂટી જાય કે બંધાય જ નહિ તેનું વર્ણન આગલી ગાથા (૧૪૨)માં કરશે, તે વાંચી સાધક કેવો હોય તે ખાસ વિચારવા જેવું છે, ધ્યાનમાં લેવા જેવું છે, અનુકરણ યોગ્ય છે. આ ઘોડાનો દાખલો માનપૂર્વક સારી રીતે વિચારવો. (૧૪૧)

## નિર્ગ્રંથ કોણ હોય ?

ग्रन्थः कर्माष्टविधं मिथ्यात्वाविरतिदुष्टयोगाश्च ।
तज्जयहेतोरशठं संयतते यः स निर्ग्रन्थः ॥१४२॥

जैनम् जयति शासनम् JAINSITE .com

**અર્થ**—ગ્રંથ એટલે ગાંઠ. તે આઠ પ્રકારના કર્મની છે. તે કર્મબંધનના કારણરૂપ મિથ્યાત્વ, અવિરતિ અને ખરાબ (મન, વચન, કાયા)ના યોગો છે. તેમના પર વિજય મેળવવા માટે માયારહિતપણે જે પ્રયત્ન કરે તે નિર્ગ્રંથ છે. (૧૪૨)

**વિવેચન**—આ શ્લોકમાં નિર્ગ્રંથ સાધક કોણ કહેવાય તેની બરાબર વ્યાખ્યા આપી છે. તેને બરાબર સમજવા અહીં યત્ન કરીએ.

**નિર્ગ્રંથ**—સાધુ, સાધક, જેની ગાંઠ છૂટી ગઈ છે તે, અથવા જે ગાંઠ વગરના છે તે. કર્મની ગાંઠ વગરના હોય તે સાધુ અથવા સાધક કહેવાય. આ નિર્ગ્રંથ શબ્દનો અર્થ છે, અથવા આ શ્લોકમાં નિર્ગ્રંથ કોને કહેવાય તેની વ્યાખ્યા આપી છે.

**કર્મઅષ્ટવિધ**—આઠ પ્રકારના કર્મનું અને આત્માનું મળવું તે કર્મની ગાંઠ. આ ગાંઠ જે બાંધે નહિ, છોડી નાખે તે નિર્ગ્રંથ કહેવાય. (૧) જ્ઞાનનું આવરણ કરે, તેને આવતું રોકે તે જ્ઞાનાવરણીય કર્મ (૨) દર્શનને આવતું રોકે તે દર્શનાવરણીય કર્મ એટલે વસ્તુના સામાન્યજ્ઞાન આડું જે આવરણ કરે તે (૩) સુખ અથવા દુઃખનો જે અનુભવ કરાવે તે વેદનીય કર્મ (૪) કષાય કરાવે અને ચારિત્ર કે સમ્યક્ત્વ વિશે મોહમાં નાખી જે પ્રાણીને સંસારમાં રખડાવે તે મોહનીય કર્મ (૫) પ્રત્યેક જીવનમાં કેટલાં વર્ષ રહેવાનું થાય તેના કારણભૂત આયુષ્યકર્મ (૬) ત્યાં ઇંદ્રિયો મુકરર થાય, શરીરનો આકાર તથા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકાર, પ્રત્યેક અવયવ સ્વવ્યવસ્થાને મૂકાય અને ટૂંકામાં ચિત્રામણ થાય અને પ્રાણી સંસારમાં નામ કાઢે તેના કારણભૂત નામકર્મ (૭) ત્યાં ઊંચાનીચા ગોત્રમાં ઉત્પન્ન થાય તેમાં નિમિત્તભૂત ગોત્રકર્મ (૮) અને છતે પૈસે આપી ન શકે, છતી વસ્તુએ ઉપભોગ ન કરી શકે અને શક્તિ વાપરી ન શકે તેના કારણભૂત અંતરાયકર્મ. એનું વિસ્તારથી સ્વરૂપવર્ણન મારા કર્મના નિબંધમાં કર્યું છે અને સહજ ઉપર પણ આવ્યું છે, તે કર્મનો આત્મા સાથે ઉદયમાં આવતાં સુધી સંબંધ થવો તે કર્મની ગાંઠ – આઠ પ્રકારની – ઉપર પ્રમાણે પડે છે. તે ગાંઠ ન બાંધે અથવા બાંધેલી ગાંઠને છોડી મૂકે તે નિર્ગ્રંથ. એ સાધુ માટે રૂઢ થયેલો શબ્દ છે; ઘરનો ત્યાગ કરી જેમણે સાધુપણું સ્વીકાર્યું છે તે નિર્ગ્રંથ. નિર્ગ્રંથ એટલે સાધુ. કર્મની ગાંઠ છોડનાર અને કર્મની ગાંઠ ન બંધાવા દેનાર જે હોય તે સાધકને આ પ્રમાણે નિર્ગ્રંથ કહેવામાં આવે છે.

**મિથ્યાત્વાવિરતિયોગ**—આ કર્મબંધનનાં કારણો છે. અગાઉ તે પર વિવેચન થઈ ગયું છે. જૈન ધર્મથી વિપરીત વર્તન તે મિથ્યાત્વ. તેના પાંચ પ્રકાર પર પ્રકરણ ૧ લામાં વિસ્તારથી વિવેચન થઈ ગયું. શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મ ઉપર વિશુદ્ધ શ્રદ્ધાનો અભાવ તે મિથ્યાત્વ. એનાથી કર્મની ગાંઠ બંધાય છે. એ ગાંઠ બંધાવાનું અગત્યનું કારણ તે હોવાથી તેને કર્મગાંઠનાં બંધનનું કારણ ગણવામાં આવે છે. તે જેને ન હોય અથવા કાઢી નાંખવાનો પ્રામાણિક પ્રયત્ન કરે તે 'નિર્ગ્રંથ.' અને વિરતિભાવનો ત્યાગ તે અવિરતિ. બાર અણુવ્રત કે પાંચ મહાવ્રત ન લેવા તે અવિરતિ. તે પર પણ અગાઉ વિવેચન પ્રથમ પ્રકરણમાં થઈ ગયું છે. અને દુષ્ટ યોગ તે મન, વચન, કાયાના યોગો. એનો વિસ્તાર પણ અગાઉ થઈ ગયો છે. એના પંદર પ્રકાર છે. એ કર્મબંધન થવાના ગરનાળા છે. એ રીતે મિથ્યાત્વ, અવિરતિ અને યોગનો પ્રામાણિકપણે નિરોધ કરી આત્મા સાથે ગાંઠ ન વળવા દેવા અને પડી ગયેલી ગાંઠને દૂર કરવા, કાપી નાખવા માટે જે પ્રામાણિક પ્રયત્ન કરે તે નિર્ગ્રંથ. આમાં કષાય જે કર્મબંધનનું કારણ છે તે મૂકી દીધું છે; તે શબ્દો વધી જાય અને માત્રા વધી જાય તે કારણે છે. આપણે તે સમજી લેવું.

**અશઠં**—માયારહિતપણે, પ્રામાણિકપણે. ખોટો દેખાવ કરવા નહિ પણ સંસારમાં ખરા પરિભ્રમણ કરાવનાર આ કર્મો છે તેથી તે બાંધેલા હોય તેમને છોડી નાખવાનો અને નવા ન બાંધવાનો જે પ્રમાણિક પ્રયત્ન કરે તે નિર્ગ્રંથ. નિર્ગ્રંથ એ સાધુનો પર્યાય છે. જેને કર્મની ગાંઠ નથી, હોય તે કર્મની ગાંઠ જેને છોડી દેવી છે અથવા જે ગાંઠ પડવાનું કારણ હોય તેને પ્રમાણિકપણે દૂર કરવાનો જે પ્રયત્ન કરે છે તે નિર્ગ્રંથના નામને યોગ્ય છે. અને તેથી નિર્ગ્રંથનો અર્થ સાધુપુરુષ રાખવામાં આવ્યો છે. સુખના આ પ્રકરણમાં આ ગાંઠને અતલગનો સંબંધ છે. (૧૪૨).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ખપે ન ખપે તે વસ્તુનો વિવેક—**

**यद् ज्ञानशीलतपसामुपग्रहं निग्रहं च दोषाणाम् ।**
**कल्पयति निश्चये यत् तत् कल्प्यमकल्प्यमवशेषम् ॥१४३॥**

**અર્થ**—જે વસ્તુ જ્ઞાન, શીલ અને તપને સહાય કરે અને પોતાથી થતા દોષને અટકાવે તે વસ્તુ નિશ્ચયનયથી ખપે એવી (કલ્પ્ય) વસ્તુ છે અને બાકીની સર્વ ન ખપે એવી (અકલ્પ્ય) વસ્તુ છે. (૧૪૩)

**વિવેચન**—ખરેખરા સાચા સુખને આપનાર-અપાવનાર વસ્તુ વિવેકપૂર્વક ખપે તેવી છે એ વાતનો ટૂંક સાર આ શ્લોકમાં આપવામાં આવ્યો છે. ધ્યાન રહે કે આ સુખનું પ્રકરણ ચાલે છે. આત્મિક સુખ આ ખપજોગ ખપે તેવી વસ્તુ લેવામાં છે. તેથી ખપે તેવી અને ન ખપે તેવી વસ્તુની અહીં વ્યાખ્યા કરવામાં આવેલ છે. તે આત્મિક સુખને અંગે બહુ ઉપયોગી હોવાથી ખાસ લક્ષ આપી વિચારવા યોગ્ય છે. ખપે તેવી વસ્તુની એવી સાધારણ વ્યાખ્યા અત્ર આપવામાં આવી છે કે તે ધોરણે જીવન રચવામાં આવે તો સાધકનું જરૂર કામ થઈ જાય અને તેને ઇષ્ટ સાધ્યની પ્રાપ્તિ થાય. આપણે હવે કલ્પ્ય અને અકલ્પ્ય વસ્તુનું સામાન્ય વર્ણન વિચારી લઈએ.

**યદ્**—જે કોઈ વસ્તુ સામાન્ય રીતે જ્ઞાન, શીલ, અને તપને હિત કરનારી હોય તે કલ્પ્ય છે, તે વસ્તુ ખપે તેવી છે. આ વ્યાખ્યા કલ્પ્ય અને અકલ્પ્ય બન્ને પ્રકારની વસ્તુને લાગે છે અને જે અમુક દૃષ્ટિએ ખપે-તેવી ન હોય તે પણ કલ્પ્ય થઈ જાય છે, તેથી સામાન્ય ધોરણ એ જ રાખવું કે જે વસ્તુ જ્ઞાન, શીલ અને તપને વધારે તેવી, તેને લાભ કરાવનારી હોય તે કલ્પ્ય છે. સાધક કોઈપણ વસ્તુ વસ્તુની ખાતર લેતો નથી, પણ આત્મિક સુખ અંતે જતાં જેનાથી વધે તે વસ્તુ તે લે છે. તેથી કલ્પ્ય અને અકલ્પ્ય વસ્તુનું પણ એવું સાદું ધોરણ રાખેલ છે કે જ્ઞાન, શીલ ને તપને જે વસ્તુ લાભ કરનારી હોય તે એકંદરે કલ્પ્ય છે, કારણ કે કલ્પ્ય વસ્તુ લેવામાં પણ સાધકને મુદ્દો તો આત્મિક સુખ વધારવાનો અને હેતુ શ્રેય કરવાનો છે અને અંતે સાધ્ય પ્રાપ્ત કરવાનો તેનો ઇરાદો છે. એ ઇરાદો જેથી બર આવે અને આત્મિક સુખ વધે તે બધી વસ્તુઓ તેને ખપે. આ મુદ્દો ગળે ઊતરે તેવો અને તુરત સમજી શકાય તેવો છે.

**જ્ઞાન**—પાંચે પ્રકારના જ્ઞાનને જે લાભ કરી આપે, જે તેને વધારી આપે, તેના પર ઉપગ્રહ કરે તે કલ્પ્ય વસ્તુ છે. આ દૃષ્ટિએ સાધકનું વચન કેવું હોય, તેની નજર શું પ્રાપ્ત કરવા તરફ હોય, તે પણ જણાય છે. આમાં એક શ્રુતજ્ઞાન જ બોલકણું છે, બીજાં ચાર જ્ઞાનો અબોલ છે. પણ કોઈ પણ પ્રકારના જ્ઞાનને લાભ કરી આપે તેવી વસ્તુ કલ્પ્ય છે, ખપે તેવી છે, સ્વીકાર્ય છે. તત્ત્વાર્થાધિગમના પહેલા જ સૂત્રમાં આ ગ્રંથકર્તાએ 'સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગઃ' એમ બરાબર કહ્યું છે અને મોક્ષના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાધનભૂત સમ્યગ્જ્ઞાનને પ્રાપ્ત કરાવે અથવા તેમાં મદદ કરે તે સર્વ વસ્તુ કલ્પ્ય છે. આ જ્ઞાનનાં સાધનો કે પુસ્તક, ન્યુઝપેપર કે કથાવાર્તાનું નવલ, એ સર્વ જ્ઞાનને મદદ કરે તો તે કલ્પ્ય છે. એટલે જેનાથી કર્મબંધ ઓછો થાય અને સાધ્યપ્રાપ્તિમાં જે ઉપયોગી થાય તે સર્વ કલ્પ્ય છે. આ ધોરણ રાખવું.

**શીલ**—એટલે character – આ શીલમાં ચરણસિત્તરી, કરણસિત્તરી તથા સંયમના સત્તર ભેદોનો સમાવેશ થાય છે. એ શીલગુણને જે વસ્તુ પોષે, વધારે, ગતિમાન કરે તેવી હોય તે સર્વ વસ્તુ કલ્પ્ય છે, ખપે તેવી છે.

**તપ**—જ્ઞાન અને શીલ સાથે તપને પણ લેવામાં આવેલ છે. છ બાહ્ય અને છ આંતર તપ છે. એ બાર પ્રકારના તપમાંથી ગમે તે પ્રકારને બહલાવે, તેના પર ઉપગ્રહ કરે તે સર્વ કલ્પ્ય છે. એટલે જ્ઞાનને કે શીલને કે તપને મદદગાર થઈ પડે કે તેને બહલાવે તે સર્વ કલ્પ્ય છે એવી સામાન્ય વ્યાખ્યા સમજવી, કારણ કે વસ્તુ આપણે (સાધક) વસ્તુની ખાતર નથી લેતા પણ સાધ્યપ્રાપ્તિ તરફ લઈ જનાર હોઈ તેને લઈએ છીએ. એટલે જે કોઈ વસ્તુ જ્ઞાન, શીલ કે તપને મદદગાર થઈ પડે કે તેને બહલાવે તે સર્વ કલ્પ્ય છે.

**દોષાણાં**—દોષને અટકાવે, નિવારણ કરે તેવી વસ્તુ. એટલે જ્ઞાન કે શીલ કે તપને કે ત્રણેને મદદ કરનાર જે વસ્તુ નીવડે તે કલ્પ્ય છે અને બીજી સર્વ અકલ્પ્ય છે. દોષને અટકાવનાર અમુક વસ્તુ છે કે નહિ તે પણ ખૂબ વિચારવું, કારણ કે તે દોષને અટકાવનાર હોય તો જે આપણો માર્ગ છે તેને અંતે એ મદદગાર થઈ પડે છે. શરીરને નુકસાન કરનાર, પિત્ત અથવા કફ વધારનાર કોઈ પણ વસ્તુ તે દોષને અટકાવનાર ન હોવાથી અકલ્પ્ય છે એમ સમજવું. એટલે સાધકે દૂધ, છાશ વગેરે કામને વધારનાર હોવાથી અને કામનો નિગ્રહ કરનાર ન હોવાથી તે પૌષ્ટિક હોય તો પણ ન લેવાં. એવી રીતે વસ્ત્ર, પાત્ર, દોરા વગેરે સાધકના ઉપયોગમાં આવતી સર્વ વસ્તુ માટે સમજી લેવું.

પોતાની જાતને સાધકે સવાલ કરવો કે આ વસ્તુ જ્ઞાન, શીલ કે તપને વધારનાર છે કે નહિ અને દોષોનું નિવારણ કરનાર છે કે નહિ. જો જ્ઞાનાદિ ત્રણે કે ત્રણમાંના એકને પણ વધારનાર હોય તો તે વસ્તુ કલ્પ્ય છે, ખપે તેવી છે અને તેટલા માટે સ્વીકાર્ય છે. આ ધોરણે કામ લેવાથી બધી વખત ઉપયોગી ધોરણ પૂરું પડશે અને કોઈ પ્રકારની ગૂંચવણ વસ્તુનિર્ણયને અંગે નહિ રહે.

કોઈ વસ્તુને માટે કલ્પ્ય અકલ્પ્યની વિગત જે જાણતો ન હોય, ગોચરીના બેતાલીસ દોષ જેને આવડતા ન હોય, તેવો સીધોસાદો માણસ પણ આ સાદા ધોરણે વસ્તુ ખપે તેવી છે કે ન ખપે તેવી તેનો નિર્ણય લઈ શકે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અકલ્પ્ય**—બીજી સર્વ વસ્તુ, બાકીની સર્વ વસ્તુઓ ન ખપે તેવી હોય છે. તે સામાન્ય ધોરણ છે. જે જ્ઞાન, શીલ કે તપને મદદ કરે તે કલ્પ્ય વસ્તુ છે અને સોના કે હીરા જેવી બીજી વસ્તુ હોય તે ખપે નહિ તેવી સાધકને અંગે છે. આ સામાન્ય ધોરણે ચાલવાથી મોટી ગડમથલમાંથી બચી જવાય છે. એક જ ધોરણે ચાલ્યા જવું. આ લેવાની, વાપરવાની વસ્તુ જ્ઞાનને અંગે કે શીલને અંગે કે તપને અંગે લાભ કરનારી છે કે નહિ એ જોવું. તે તે બાબતમાં લાભ કરનારી હોય તો ખપે તેવી છે અને બાકીની સર્વ વસ્તુ અકલ્પ્ય છે. ગોચરીનો આહાર, અન્ય પાસેથી માગેલી વસતી, શય્યા કે પાત્ર કે ઔષધ આ નજરે જોઈ જવાં.

**નિશ્ચયે**—આ વસ્તુ નિશ્ચયનયથી ખપે તેવી છે. એટલે ઉપલક દૃષ્ટિએ જે વસ્તુ અકલ્પ્ય લાગતી હોય તે પણ આ નજરે ખપે તેવી હોય તો નિશ્ચયે – નિશ્ચયનયે તે વસ્તુ ખપે છે. વસ્તુ ખપે કે ન ખપે તેવી છે તેનો નિર્ણય આ ધોરણ ઉપર કરવો. એમાં કોઈ જાતનો વાંધો નથી. સાધુધર્મમાં ઘણા અપવાદ કરવા પડે છે, પણ આ ધોરણ રાખવાથી નિર્ણય બરાબર થશે અને કેટલીક વાર અકલ્પ્ય વસ્તુ પણ કલ્પ્ય બનશે. (૧૪૩)

**અકલ્પ્ય વસ્તુનું નિદર્શન—**

यत्पुनरुपघातकरं सम्यक्त्वज्ञानशीलयोगानाम् ।
तत्कल्प्यमप्यकल्प्यं प्रवचनकुत्साकरं यच्च ॥१४४॥

**અર્થ**—જે સમકિતને, જ્ઞાનને, શીલને કે યોગોને નુકસાન કરે તેવી વસ્તુ હોય અને જે પ્રવચનની હેલના (તિરસ્કાર) કરાવે તેવી વસ્તુ ખપે તેવી (કલ્પ્ય) હોય તો પણ તે ન ખપે તેવી વસ્તુ બની જાય છે. (૧૪૪)

**વિવેચન**—ઉપરના શ્લોકમાં જે વાત કરી છે તેની નકારાત્મક બીજી બાજુ કહે છે.

**સમ્યક્ત્વજ્ઞાનશીલયોગાનાં**—એ જે વસ્તુ ખપે તેવી હોય, પણ સમકિતને અથવા જ્ઞાનને, શીલને કે મન-વચન-કાયાના યોગોને હાનિ કરે તેવી હોય તો તે પણ સાધકને ન ખપે, અકલ્પ્ય ગણાય એમ જાણવું. ઉપરની ગાથામાં કહ્યું કે જે જ્ઞાન, શીલ અને યોગોને અનુકૂળ હોય તે વસ્તુ સામાન્ય રીતે કલ્પ્ય ગણવી. પણ જે વસ્તુ સમકિત, જ્ઞાન, શીલ કે યોગને નુકસાન કરે તેવી ખપે તેવી કલ્પ્ય વસ્તુ હોય તેને પણ ન ખપે તેવી ગણવી, અને તે વસ્તુ ગમે તેટલી જરૂરી હોય પણ તે કલ્પ્ય હોવા છતાં અકલ્પ્ય બની જાય છે. એટલે અહીં ઊલટી વાત બતાવી. જે લાભ કરનાર વસ્તુ છે તે કલ્પ્ય છે અને જે હાનિ કરનાર વસ્તુ છે તે ખપે તેવી હોય તો પણ ન ખપે. આ ધોરણમાં વસ્તુની મહત્તા નથી, પણ જ્ઞાન, શીલ, તપ તથા સમકિતની મહત્તા છે. આ ધોરણ સ્વીકારવા માટે સાધકને ઉપદેશ કર્યો.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રવચન**—શાસન. આમાં શાસન ઉપર કેટલો મોટો મુદ્દો છે તે ખાસ વિચારવા યોગ્ય છે. શાસનની જેનાથી અલ્પતા કે લઘુતા છે તે વસ્તુ કલ્પ્ય હોય તો પણ અકલ્પ્ય થઈ જાય છે તે બહુ વિચારીને સમજવા જેવું છે અને શાસનને કેટલું અગત્યનું ગણ્યું છે તે ખાસ રહસ્યથી સમજવા જેવું છે.

**કુત્સા**—આનો અર્થ કોશકાર 'નિંદા, ધિક્કાર, તિરસ્કાર' કરે છે. જે શાસનની નિંદા કરનાર વસ્તુ છે તે ખપે તેવી હોય તો પણ સાધકને ખપે નહિ. આ શાસનની લઘુતા કે શાસનનો તિરસ્કાર ન કરવો એ વસ્તુતઃ ઘણી મહત્ત્વની વસ્તુ છે અને શાસનનું મંતવ્ય વૈયક્તિક દૃષ્ટિબિંદુ કરતાં અત્યંત મહત્ત્વનું છે એ ધ્યાનમાં રાખવું. શાસનનો તિરસ્કાર કે શાસનની નિંદા થાય તેવી કોઈ પણ બાબતમાં સાચો સાધક ઊભો ન રહે તે ખાસ ધ્યાનમાં રાખવા જેવું લક્ષ્યબિંદુ છે. અત્યારે ખરું સુખ કોને અને ક્યાં મળે અને સુખ કોને કહેવાય તેની વ્યાખ્યા ચાલે છે.

**કલ્પ્યમપ્યકલ્પ્યમ્**—ખપે તેવી વસ્તુ હોય તે પણ ન ખપે તેવી થઈ જાય છે અને સાધકથી તે વસ્તુ લેવાય નહિ, સાધુ જે ધોરણે ચાલે છે તેમાં તે વસ્તુ અસ્વીકાર્ય છે. અને આ સામાન્ય નિયમ સાર્વત્રિક છે.

આ રીતે વસ્તુ ખપે તેવી છે કે ન ખપે તેવી છે તેને માટે સામાન્ય નિયમ કહ્યો. તે ગોચરીના બેતાલીસ દોષને લાગે છે અને સર્વત્ર લાગે છે એ બરાબર ધ્યાનમાં રહે અને આ સામાન્ય નિયમ સાધકે અનુસરવા પ્રામાણિક પ્રયત્ન કરવો એવો સામાન્ય ઉપદેશ છે.

એ રીતે સુખની નજરે કલ્પ્ય અને અકલ્પ્ય સર્વ વસ્તુને લાગે તેવો સામાન્ય નિયમ અત્ર રજૂ કરવામાં આવ્યો છે, તે મનન કરીને વિચારવા યોગ્ય અને અનુસરવા યોગ્ય છે. (૧૪૪)

**કલ્પ્ય વસ્તુ પણ અકલ્પ્ય બને—**

**किंचित् शुद्धं कल्प्यमकल्प्यं स्यात् स्यादकल्प्यमपि कल्प्यम् ।**
**पिण्डः शय्या वस्त्रं पात्रं वा भेषजाद्यं वा ॥१४५॥**

**અર્થ**—કોઈ વસ્તુ શુદ્ધ હોય, ખપે તેવી કલ્પ્ય હોય તે વસ્તુ પણ ન ખપે તેવી અકલ્પ્ય થઈ જાય. જ્યારે કોઈ વસ્તુ અકલ્પ્ય હોય તે પણ અમુક પરિસ્થિતિમાં કલ્પ્ય થઈ જાય. આ વસ્તુઓમાં આહાર, શય્યા, પાત્ર અને ઔષધ – એ સર્વનો સમાવેશ થાય છે. (૧૪૫)

**વિવરણ**—હવે એક બીજી વાત સદરહુ નિયમને અંગે કહે છે. જે આહારની વસ્તુ, વસ્ત્ર કે પાત્ર તેમ જ ઔષધ ખપે તેવા હોય તે કાળક્રમે ન ખપે તેવા થઈ જાય અને તે કેવી રીતે થાય છે તેનો નિયમ આવતી ગાથામાં ગ્રંથકાર પોતે જ કહેશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'સુખ' ક્યાં મળે છે અને કોને મળે છે તે આ પ્રકરણમાં ૧૨૧મા શ્લોકથી આપણે જોતા આવ્યા છીએ તે જ હજુ ચાલે છે.

**શુદ્ધ**—વસ્તુ શુદ્ધ હોય, ખપે તેવી હોય પણ અકલ્પ્ય—ન ખપે તેવી છે તેનો નિર્ણય કરવાને માટે આવતી ગાથા જુઓ. આજના દેશકાળાનુસાર જે ખપે તેવી વસ્તુ હોય તે ન ખપે તેવી થઈ જાય છે. આજના દેશકાળ સર્વદા બની રહેવાના નથી. દેશકાળાનુસાર અને આપનાર-લેનારની જરૂરિયાતને આધારે એ વસ્તુ ખપે તેવી છે કે નહિ તેનો નિશ્ચય કરી સાધકે કલ્પ્ય વસ્તુનો જ સ્વીકાર કરવો.

કોઈ પણ જીવનો વધ કર્યા સિવાય અને કોઈ જીવને પીડા ઉપજાવ્યા સિવાય તૈયાર થયેલું ઔષધ જે આજે કલ્પ્ય-ખપે તેવું હોય તે કાલે વસ્તુસ્થિતિ કે જરૂરિયાત ફરી જતાં કે તબિયતમાં ફેરફાર થતાં ન ખપે તેવું થઈ જાય છે. એટલે, આજે જે શુદ્ધ અને ખપે તેવી વસ્તુ હોય તે થોડા દિવસ પછી ન ખપે તેવી થઈ જાય એ બનવાજોગ છે.

**કલ્પ્યમકલ્પ્યમ્**—જે વસ્તુ ખપે તેવી હોય તે આવતી ગાથામાં બતાવેલા ધોરણ પ્રમાણે ન ખપે તેવી થઈ જાય છે. કઈ વસ્તુ કેમ અકલ્પ્ય થઈ જાય છે તેને માટે આવતી ગાથામાં બતાવેલ નિયમ વિચારવો. સાધકે સર્વદા જાગ્રત રહેવું અને ખપે તેવી વસ્તુ જ સ્વીકારવી અને તે જ માત્ર ઉપયોગમાં લેવી.

**પિંડ**—જે આહાર આજે ખપે તેવો વિશુદ્ધ હોય તે જતે કાળે અવિશુદ્ધ થઈ જાય. તેથી તે જ વસ્તુ જે અત્યાર સુધી કલ્પ્ય હતી તે હવે પછી દેશકાળ ફરતાં અકલ્પ્ય થઈ જાય છે. એટલે અમુક વસ્તુ હંમેશને માટે કલ્પ્ય છે કે હંમેશને માટે અકલ્પ્ય છે એમ કહેવું બનવાજોગ નથી.

**શય્યાવસ્ત્રપાત્ર**—જે શય્યા અમુક સમયે ખપે તેવી હોય, સ્વીકાર્ય હોય તે બીજે વખતે અકલ્પ્ય થઈ જાય છે. તે જ નિયમ વસ્ત્ર તથા પાત્રને લાગે છે. એટલે અમુક વસ્તુ ખપે તેવી આજે હોય તે આવતી કાલે કે કોઈ પણ વખતે અમુક દિવસ પછી કલ્પ્ય જ રહેશે એમ ધારવું નહિ. સાધકે તે વસ્તુ લેતી, સ્વીકારતી વખતે કલ્પ્ય છે કે નહિ તે જ જોવાનું છે. અને અકલ્પ્ય કોઈ પણ કારણે હોય તો તેને ન સ્વીકારવી. તે વસ્તુને અમુક દિવસ પહેલાં કલ્પ્ય ગણવામાં આવી હતી, માટે તે હંમેશ માટે ખપે તેવી વસ્તુ કે ભોજન છે તેમ ધારી લેવું નહિ. વસ્તુનું કલ્પ્યાકલ્પ્યપણું નિત્ય ફરતું રહે છે અને તે લેતી વખતે ખપે તેવી છે કે નહિ તે જ સાધકે વિચારવાનું રહે છે.

**ભેષજ**—ઔષધ. સ્થાન પ્રમાણે દેશકાળપ્રમાણે કલ્પ્યાકલ્પ્યની વ્યાખ્યા ફરતી રહે છે. તેનો એકાંત એકસરખો નિયમ નથી. એ વાત સાધકે સારી રીતે વિચારવી. અમુક ઓસડની સાધુને જરૂર છે કે નહિ તેનો નિર્ણય તેની જરૂરિયાત પર આધાર રાખે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ નિર્ણય દેશ, કાળ અને વ્યક્તિગત પ્રકૃતિ ઉપર આધાર રાખે છે. મોટા ધનપતિએ દીક્ષા લીધી હોય તેને માટે જુદા નિયમ હોય છે. એટલે કોઈ વસ્તુને એકાંતે ખપે તેવી કહેવી કે ન ખપે તેવી કહેવી તેવો કાંઈ એકસરખો નિયમ નથી અને જે વસ્તુ ખપે તેવી હોય તે અમુક દિવસ ગયા પછી ન ખપે તેવી પણ થઈ જાય. (૧૪૫)

**એકાંતે કોઈ વસ્તુ કલ્પ્ય નથી—**

> देशं कालं पुरुषमवस्थामुपयोगशुद्धिपरिणामान् ।
> प्रसमीक्ष्य भवति कल्प्यं नैकान्तात् कल्पते कल्प्यम् ॥१४६॥

**અર્થ**—દેશ, કાળ, માણસ (વ્યક્તિ) અને આજુબાજુના સંયોગો અને આંતરિક શુદ્ધિને સારી રીતે જોઈ વિચારીને અમુક વસ્તુ ખપે તેવી છે એવો નિર્ણય થાય છે. એકાંતે કોઈ વસ્તુ કલ્પ્ય (ખપે તેવી) હોતી નથી. (૧૪૬).

**વિવરણ**—કલ્પ્ય અને અકલ્પ્ય મતલબ કે અમુક વસ્તુ ખપે તેવી છે અને અમુક વસ્તુ ખપે તેવી નથી તેનો સ્ફોટ કરતાં પહેલાં ચાર બાબત સાધકે વિચારવી. નિશ્ચયથી એકાંતે કોઈ વસ્તુ કલ્પ્ય—ખપે તેવી નથી હોતી. એ ચાર બાબત કઈ તે આ ગાથામાં સૂત્રરૂપે આપણે સાધકને અંગે વિચારી જઈએ.

**પ્રથમ બાબત**—અમુક વસ્તુ ખપે તેવી અને સ્વીકાર્ય છે કે તેથી ઊલટું તે અસ્વીકાર્ય અને અકલ્પ્ય છે તેનો નિર્ણય કરવામાં પ્રથમ તો દેશ જોવો. આ મોટું શહેર છે કે ગામડું છે અથવા કાશ્મીર કે યુરોપનો ઠંડો પ્રદેશ છે કે કાઠિયાવાડ–ગુજરાતનો ગરમ પ્રદેશ છે તે જોવું. જે વસ્તુ ઠંડા પ્રદેશમાં કલ્પ્ય ગણાય તે ગરમ પ્રદેશમાં કદાચ અકલ્પ્ય પણ હોય. એટલે ખપે તેવી વસ્તુ છે તે દેશ પર પ્રથમ તો આધાર રાખે છે. ઘી, તેલ વગેરે વસ્તુઓ ઠંડા પ્રદેશ માટે ક્ષુધાતૃષાને અંગે કલ્પ્ય હોય છે તે સાર્વત્રિક કલ્પ્ય છે એવો નિયમ નથી. ઠંડા પ્રદેશ–ગરમ પ્રદેશ અથવા શહેર–ગામડાના જીવનને ધ્યાનમાં રાખી નિર્ણય કરવો એ પ્રથમ નિયમ છે. ઠંડા પ્રદેશમાં ભૂખ વધારે લાગે. ત્યાં બનવા જોગ છે કે દૂધ, છાશ, આહાર કાંઈક વધારે પ્રમાણમાં લેવાય. ત્યાં તે વસ્તુને સ્વીકાર્ય ગણતાં પહેલાં સ્થાનનો વિચાર કરવો અને પછી વસ્તુ કલ્પ્ય છે કે ન ખપે તેવી છે તેનો સુજ્ઞ સાધકે નિશ્ચય કરવો. આ પ્રથમ નિયમ થયો.

**બીજો નિયમ**—કાળ: વસ્તુ ખપે તેવી છે કે અકલ્પ્ય છે તેનો નિર્ણય કરવામાં તે વખતનો કાળ ધ્યાનમાં લેવો. દુકાળના વખતમાં વસ્તુ વધારે ન લેવી અને જરૂરી હોય તે પ્રમાણે વિચાર કરીને લેવી. આપનારે પણ તે દુકાળમાં પોતાની જરૂરિયાત ધ્યાનમાં રાખવી. એ ઉપરાંત અત્યારે અનાજનું રેશનીંગ તથા અનેક ચીજો પર કંટ્રોલ ચાલે છે. તો તેવા વખતમાં આપનાર અમુક મર્યાદા રાખીને વસ્તુ આપી શકે, તે વિચારી તેની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઇચ્છાને માન આપી જરૂરી જોઈતી વસ્તુ લેવી. સાંજને વખતે અતિમાત્રામાં આહાર લેવાથી રાત્રે અશુચિ ન થાય તે ધ્યાનમાં રાખવું અને કોઈપણ વસ્તુ પરઠવવી કે મૂકી દેવી પડે તેમ ન થાય તેનું બની શકતું ધ્યાન રાખવું. આ કલ્પ્ય-અકલ્પ્ય માટે બીજો સામાન્ય નિયમ બતાવ્યો. વખત વિચારીને તેને ધ્યાનમાં લઈને સાધકે વર્તવું.

**પુરુષ**—ત્રીજો નિયમ : અમુક વસ્તુ સાધક પુરુષને ખપે કે નહિ તે વિચારતાં પુરુષ કયા વર્ગનો છે તે ધ્યાનમાં લેવું. તે રાજા કે પ્રધાન, અમાત્ય કે મંત્રી હોય તો સારી વસ્તુ લઈ શકે છે. સામાન્ય માણસો માટેના નિયમ રાજાદિકને લાગુ પડતા નથી. પોતે રાજાદિક હોય તો સારી રીતે ઉછરેલ હોવાથી તેને માટે તે વસ્તુ કલ્પ્ય ગણાય, અને બીજા માટે અકલ્પ્ય ગણાય. અમુક પુરુષને અંગે જે વસ્તુ કલ્પ્ય હોય તે વસ્તુ સામાન્ય માણસ માટે અકલ્પ્ય પણ હોઈ શકે છે, માટે નિર્ણય કરતી વખતે પોતે એ વર્ગનો છે કે નહિ અથવા પોતાના સાથમાં અથવા મંડળીમાં એ વર્ગનો કોઈ પુરુષ છે કે નહિ તે ધ્યાનમાં રાખવું. કલ્પ્ય-અકલ્પ્યના નિર્ણયનો આ ત્રીજો નિયમ બતાવ્યો, તે સાધકે ધ્યાનમાં રાખવો.

**અવસ્થા**—ચોથો નિયમ : અમુક વસ્તુ કલ્પ્ય છે કે અકલ્પ્ય છે, ખપે તેવી છે કે ન ખપે તેવી છે તેનો નિર્ણય કરતી વખતે સાધકને સહિષ્ણુતા કેટલી છે, કેટલી તેની વય છે, તેનું આત્મબળ કેટલું વિકસેલ છે અને તેનું બાળપણ કે ઘડપણ છે તે સાધકે વિચારવું. અમુક વસ્તુ માટે વૈદ્યે ભલામણ કરી હોય તો કલ્પ્ય હોઈ શકે, અને વૈદ્યે ના પાડી હોય તે વસ્તુ અકલ્પ્ય હોઈ શકે.

**ઉપયોગશુદ્ધિ**—પાંચમો નિયમ : અમુક વસ્તુ સાધકને કલ્પ્ય છે કે નહિ તેનો નિર્ણય કરતી વખતે તે વસ્તુ મન-વચન-કાયાના યોગોને શુદ્ધ કરે તેવી છે કે નહિ તે પણ ધ્યાનમાં રાખવું. અકકલકરો જરૂર લઈ શકાય, અને ચિત્તની નિર્મળતા જે વસ્તુ કે ફળાદિ કરે તે કલ્પ્ય હોઈ શકે. નકામા શોખ ખાતર કોઈ વસ્તુ મુખમાં નાખવી નહિ અને આખો દિવસ ખા ખા કરી મુખ ચાલુ રાખવું નહિ. પરિણામને બગાડે તેવી વસ્તુ અકલ્પ્ય છે.

**એકાંત**—ખપે તેવી છે કે ન ખપે તેવી છે તેના સંબંધમાં એકાંત નથી. એ વસ્તુ ખપે તેવી છે અથવા ખપે તેવી નથી એમ નિર્ણય કરતાં પહેલાં ઉપરનાં પાંચે નિયમોને ધ્યાનમાં રાખવા અને તે પાંચે નિયમાનુસાર વસ્તુ કલ્પ્ય છે કે નહિ તેનો સાધકે નિર્ણય કરવો. એકાંતે કોઈ પણ વસ્તુ કલ્પ્ય છે અગર અકલ્પ્ય છે એમ કહી શકાય નહિ. કલ્પ્ય વસ્તુ આ પાંચે નિયમ અનુસાર લેવાથી તે અનંત સુખને આપનારી થાય છે.

ઉપયોગને સ્થાને કવચિત્ 'ઉપઘાત' એવો પાઠાંતર છે. જીવનો ઉપઘાત થાય તેવી



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વસ્તુ ન લેવી. કેટલીક વાર નાની ચીજોમાં જીવ હોય છે, તેની શુદ્ધિ રાખવી, તે તપાસી જવું. દેશાદિ અપેક્ષાએ કલ્પ્ય અકલ્પ્ય થાય છે અને અકલ્પ્ય કલ્પ્ય થઈ જાય છે, તેથી સામાન્ય નિયમ છે કે પાંચે બાબતો સાધકે લક્ષમાં રાખી અનંત સુખ પ્રાપ્ત થાય તે રીતે વર્તવું.

કલ્પ્ય વસ્તુ એકાંતે કલ્પ્ય નથી : કોઈપણ વસ્તુ એકાંતે કલ્પ્ય છે એમ ધારવું નહિ. જે અમુક દેશ, કાળ કે વ્યક્તિને આશ્રીને કલ્પ્ય હોય તે બીજા દેશ કાળ કે વ્યક્તિગત, સંયોગમાં અકલ્પ્ય બની જાય છે. એટલે, ઉપર જણાવેલા પાંચે સંયોગો ધ્યાનમાં રાખી નિયમ પ્રમાણે વસ્તુને કલ્પ્ય કે અકલ્પ્ય સમજવી. આમાં વિવેક કે ગુરુગમની જરૂર રહેશે જ. (૧૪૬)

**કલ્પ્ય–અકલ્પ્યને લાગે તેવો સામાન્ય નિયમ—**

**तच्चिन्त्यं तद्भाष्यं तत्कार्यं भवति सर्वथा यतिना ।**
**नात्मपरोभयबाधकमिह यत् परतश्च सर्वाद्धम् ॥१४७॥**

**અર્થ**—સાધુએ તેનું જ ચિંતવન કરવું, તે જ બોલવું અને શરીર વડે તે જ કાર્ય કરવું જે તેને પોતાને અને પારકાને તેમ જ બન્નેને (પોતાને અને પારકાને) સર્વ કાળે પીડા કરનાર ન હોય, બાધા કરનાર ન હોય. (૧૪૭)

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**વિવેચન**—જ્યારે ઉપરની ગાથામાં જણાવ્યું કે કલ્પ્ય વસ્તુ પણ અમુક દેશકાળમાં અકલ્પ્ય થઈ જાય છે અને અમુક વસ્તુ કલ્પ્ય જ છે એવો એકાંત નિશ્ચય નથી ત્યારે સાધુએ શું કરવું અને કઈ વસ્તુને કલ્પ્ય ગણવી એનો એક સર્વને લાગુ પડે તેવો નિયમ બતાવે છે. આ ગાથામાં સુખને અંગે આપણે તે નિયમ સાધકને માટે જોઈ જઈએ. એ કામ આપે તેવો અને ઉપયોગી નિયમ છે.

**ચિંત્ય**—ત્યાં પ્રથમ ચિંતવન એવું કરવું અને મનોયોગને એવી જ બાબતમાં પ્રવર્તાવવો કે પોતાને કે પારકાને તેથી કોઈ પણ પ્રકારની બાધા કે પીડા ન થાય, કારણ કે બાધા,પીડા, હેરાનગતિ કે ત્રાસ એ સર્વ એક જાતની હિંસા જ છે. સાધુએ મનમાં ચિંતવન એવું કરવું જોઈએ કે એ ચિંતવનને પરિણામે કોઈને પીડા ન થાય. આ પ્રથમ નિયમ જણાવ્યો.

**ભાષ્ય**—અને બીજો નિયમ એ જણાવ્યો કે ભાષણ, બોલી કે ઉચ્ચારને પરિણામે પોતાને, પારકાને કે બન્નેને બાધા ન થાય, દુઃખ ન થાય. ઘણી વખત વચન તો બીજાના પ્રાણ લઈ લે છે. એટલે સામાની લાગણી દુઃખવનાર વચન ન બોલાવું જોઈએ. વચન સામાને આકરું લાગે તો તે પણ સામાની હિંસા કરનાર છે અને અહીં તો મર્યાદા કરી છે કે સામાને કે પોતાને દુઃખ લાગે તેવું વચન પણ બોલવું નહિ. આ વચનયોગપ્રવૃત્તિનો બીજો નિયમ કહ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**કાર્ય**—હવે કલ્પ્યાકલ્પ્યને અંગે ત્રીજો મુદ્દો બતાવે છે. શારીરિક પ્રવૃત્તિ પણ એવી રીતે કરવી એટલે ખાવું, પીવું કે વસ્તુ વાપરવા માટે લેવી એ પણ એવી રીતે અને એટલી જ લેવી કે જેથી પોતાને કે પારકાને કે બન્નેને દુઃખકારક કોઈ રીતે ન થાય. એટલે સાધકની પ્રવૃત્તિ પરપીડા કે આત્મપીડા કરનારી ન હોય અને તે નિયમ સર્વ કાળને માટે છે, જરૂરી છે અને શાસ્ત્રસંમત છે. એટલે શારીરિક પ્રવૃત્તિ કરતી વખતે કે કોઈ વસ્તુ લેતાં મૂકતાં આત્માને દુઃખ ન થાય અને પારકાને દુઃખ ન થાય તે બન્ને વાત ધ્યાનમાં રાખી શારીરિક પ્રવૃત્તિ કરવી.

**સર્વથા**—એક જરા પણ પીડા કે બાધા, હેરાનગતિ કે ત્રાસ ન થાય એ નિયમ સર્વકાળને માટે છે અને સર્વ સાધક માટે છે. એમાં કોઈ જાતનો અપવાદ કરવાનો કે ધારી લેવાનો કે અન્તરંગીપણે ઊઠાડવાનો નથી. આ શરીરપ્રવૃત્તિનો ત્રીજો મુદ્દો જણાવ્યો.

**બાધક**—પોતાની (સાધકની) જાતને કે અન્ય કોઈ પણ પ્રાણીને દુઃખ કરે તેવું તે ચિંતવન, ભાષણ કે શારીરિક ચેષ્ટા ન હોવી જોઈએ. આ નિયમ સાર્વત્રિક છે અને અપવાદ વગરનો સર્વ કાળે લાગુ પડે તેવો છે અને તે ચિંતવન આદિ પોતાને, પરને અને બન્નેને આ ભવમાં કે પરભવમાં બાધક ન હોવા જોઈએ. આપણે સાધારણ રીતે તાત્કાલિક વિચારણા કરીએ છીએ. પણ આ સૂત્રમાં તો આ ભવ કે પરભવમાં બાધક–પીડા કરનાર ચીજ ચિંતવન, ભાષણ કે કાર્યમાં ન કરવી એવો આદેશ આપે છે. આ નિયમ ઘણો વિચારણાને યોગ્ય છે અને અનુકરણમાં સર્વ ગૂંચવણ દૂર કરે તેવો છે. આ સાર્વત્રિક નિયમ ધ્યાનમાં રાખવો.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**ઈહ અને પરતઃ**—આ જીવનમાં અને પરભવમાં બાધ કરનાર ન હોય તેવી જ વસ્તુ ચિંતવવી, તેવી જ બોલવી, તેવી જ ક્રિયા આચરવી. આમાં ઘણી લાંબી નજરની વાત કરી છે. અને પોતાની ઉપર તે આ ભવ અને પરભવમાં મહાન લાભ-સુખ કરનારી છે.

**સર્વાદ્ધમ્**—સકળ કાળે, સર્વ વખતે. આથી નિયમનું સાર્વત્રિકપણું અને સુખ માટે તેની કેટલી જરૂરિયાત છે એ સૂચવાયું છે. યતિએ એ નિયમને ખાસ અનુસરવાનું છે અને સર્વ સાધકે તેને આદર્શ તરીકે રાખવો જરૂરી છે. કલ્પ્ય અકલ્પ્યનો નિર્ણય કરતી વખતે આ નિયમનો ધ્યાન રાખીને ઉપયોગ કરવો અને કોઈને પણ દુઃખકારક ન થઈ જવાય તેની મોટી ચીવટ દરેક સાધકે રાખવી. (૧૪૭)

**ઇન્દ્રિયોના વિષયોમાં સંયમ કરવો જ જોઈએ—**

**सर्वार्थेष्विन्द्रियसंगतेषु वैराग्यमार्गविघ्नेषु ।**
**परिसंख्यानं कार्यं कार्ये परमिच्छुना नियतम् ॥१४८॥**

**અર્થ**—ઇંદ્રિયને લાગેલી સર્વ બાબતો કે જે વૈરાગ્યમાર્ગમાં અંતરાય કરનારી હોય તે સર્વનો પોતાનું શ્રેય ઇચ્છનારે ચોક્કસ ત્યાગ કરવો. (૧૪૮)

**વિવરણ**—આ ઇંદ્રિયના સર્વ વિષયોના સંબંધમાં નિગ્રહ કરવો એ આ પ્રકરણની અંતિમ ભલામણ છે. જે પ્રાણી પોતાનું ખરેખરું શાશ્વત સુખ મેળવવા ઇચ્છતો હોય તેણે ઇંદ્રિયના સર્વ વિષયો કે જે ખરેખરા સુખને અંતરાય કરનાર છે તેમનો નિગ્રહ, નિયમન અને તેમનાં પચ્ચખાણ કરવાં. જો પ્રાણી સુખ મેળવવા ઇચ્છતો હોય તો સાચા સુખની પ્રાપ્તિમાં વિઘ્ન કરનાર વિષયોનું તત્ત્વાલોચન કરવું, તે કેવા છે અને કેટલો વખત ટકનારા છે તે વિચારવું અને તેમના પર વિજય મેળવવા માટે તેમનું નિયમન કરવું. આ સાચા સુખની પ્રાપ્તિ માટેનો રામબાણ ઉપાય છે.

વિષયો કેવા છે અને તે કેટલા અસ્થિર છે તે આપણે અગાઉ વિષયોના પ્રકરણમાં જોઈ ગયા છીએ. પાંચે ઇંદ્રિયના વિષયો કેવા છે તેનું ચર્વિતચર્વણ કરી તેમને બરાબર ઓળખી તેમનો શોધી શોધીને નિગ્રહ કરવો જોઈએ અને ભવિષ્યમાં તે કોઈ પ્રકારનો અંતરાય ન કરે તે ખાતર તેમના પચ્ચખાણ કરવા જોઈએ. આ વિષયો કેવા છે તે આપણે ઉપર જોઈ ગયા છીએ, વિગતવાર તપાસી ગયા છીએ.

**સર્વાર્થ**—શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ પાંચે ઇંદ્રિયના સર્વ વિષયો જેમનું સ્વરૂપ ઉપરના 'કષાય અને વિષય' પ્રકરણમાં જોઈ ગયા છીએ. એ સર્વ વિષયોના સંબંધમાં આ ઉલ્લેખ છે.

जैन साइट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**ઇન્દ્રિયને લાગેલા**—જે ઇંદ્રિયની સાથે લાગેલા છે તે સર્વ વિષયો. સ્પર્શેન્દ્રિયનો વિષય સ્પર્શ, રસનેન્દ્રિયનો વિષય રસ-સ્વાદ, ઘ્રાણેન્દ્રિયનો વિષય ગંધ, ચક્ષુરિન્દ્રિયનો વિષય રૂપ અને શ્રવણેન્દ્રિયનો વિષય શબ્દ. એવી રીતે જે જે સર્વ બાબતો ઇંદ્રિય સાથે સંબંધ રાખતી હોય તે સર્વ.

**વૈરાગ્યમાર્ગમાં અંતરાય**—એ પાંચે ઇંદ્રિયને લગતા વિષયો વૈરાગ્યમાર્ગમાં વિઘ્ન–અંતરાય કરનાર છે. એટલે તે સમ્યગ્જ્ઞાન અને ક્રિયામાં અંતરાય પાડનારા છે. તમે પાંચે ઇંદ્રિયનો કોઈ પણ વિષય કલ્પો તો તમને જણાશે કે પૃથક્કરણ કરતાં તે સાચા પવિત્ર જ્ઞાનનો અંતરાય કરનારો છે. તે વિષય હોય ત્યારે તેમાં આનંદ જેવું શું છે? એ તો ક્ષણિક છે અને તે સ્થાયી સુખ આપનારો નથી, એટલું જ નહિ, પણ એ સત્યની, સમ્યગ્-જ્ઞાનની પ્રાપ્તિમાં અંતરાય કરનાર છે. હવે તમારો આદર્શ તો સાચું સ્થાયી સુખ પ્રાપ્ત કરવાનો છે. એ આદર્શમાં તો શું, પણ આદર્શે પહોંચવાનું સાધન સત્ય–સમ્યગ્જ્ઞાન–તેમાં પણ એ વિષયો અંતરાય કરનારા છે. જ્ઞાનની આડું એ મોટું આવરણ કરનારા છે અને એક પડદારૂપે કામ કરી તમને સત્ય જ્ઞાનથી દૂર રાખનાર છે. આ વિષયો જરા સુખ આપતા લાગે પણ તે ક્ષણિક છે, વાસ્તવિક સુખ તેમાં નથી, કારણ કે ક્ષણિક સુખ નિત્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુખ થઈ શકતું નથી. વળી જે સુખની પાછળ દુ:ખ આવે તેને ખરી રીતે સુખ કહેવાય જ નહિ. આવા ઇંદ્રિયના વિષયો છે. તેમને બરાબર સમજવા, તેમને બરાબર ઓળખવા.

**પરિસંખ્યાન**—પચ્ચખ્ખાણ. એ વિષયો મળી જાય તો પણ ભોગવવા નથી એવા પચ્ચખ્ખાણ કરવા. જે વૈરાગ્યમાર્ગમાં અંતરાય કરે છે, હોય ત્યારે પણ ક્ષણિક છે, તે વિષયોથી દૂર રહેવું, તેમની સંખ્યા ગણી રાખવી અને પ્રથમથી જ તેમના સંબંધમાં પચ્ચખ્ખાણ–ત્યાગ કરી નાખવો. ઇંદ્રિયના વિષયો મળી જાય તે વખતે મર્યાદાથી વધુના ત્યાગનું ધ્યાન રહે તે માટે તેમની સંખ્યાની પ્રથમથી વિચારણા કરવી અને તેમનો ઉપયોગ ન કરવા નિયમન કરવું એ અંતિમ સાચા સુખની પ્રાપ્તિનો ઉપાય છે અને ખૂબ વિચાર કરીને આ પ્રકરણમાં દાખલ કરવામાં આવ્યો છે.

**પરમ્**—મોક્ષપ્રાપ્તિરૂપ ઉત્કૃષ્ટ સાધ્યના જે ઇચ્છુક હોય, જે તે માટે પ્રામાણિક પ્રયત્ન કરતા હોય એ સર્વ સાધક જીવોને આ નિયમ–નિગ્રહ લાગુ પડે છે. અમુક વખતે જીવ નિર્ણય કરે છે, તે વખતે ભવિષ્યકાળ માટે પણ નિયમ કરે છે. એ રીતિમાં જ પચ્ચખાણની જરૂરિયાત–ઉપયુક્તતા નિર્માણ થઈ ચૂકેલી છે. સર્વ કાળે મન સરખું રહેતું નથી, તેથી સારે વખતે આગામી કાળમાં અમુક લેવાનો વિચાર કરવો કે ન લેવાનો નિર્ણય કરવો એ જ પચ્ચખ્ખાણની ઉપયુક્તતા છે. સુખના ખરા ખ્યાલને અને પરિસંખ્યાનને આ રીતે અતલગનો સંબંધ છે.

**નિયતમ્**—શાશ્વત, સ્થાયી, હંમેશનું. પર એટલે મોટામાં મોટું અને નિયત એટલે શાશ્વત સુખ એટલે મોક્ષ. જે પ્રાણી પોતાનો મોક્ષ માગતો હોય, તે સિદ્ધ કરવા ઉદ્યુક્ત થયો હોય તેણે પાંચે ઇંદ્રિયોમાંની કોઈપણ ઇંદ્રિયના વિષયના પચ્ચખ્ખાણ કરવા અને તે આવી પહોંચે ત્યારે તેને ન ભોગવવાનો, ન મહાલવાનો નિર્ણય પ્રથમથી જ–અગાઉથી જ કરી રાખવો. (૧૪૮)

* * *

આ રીતે એકસો એકવીશમા શ્લોકથી શરૂ થયેલ 'સુખનું' પ્રકરણ અત્ર પૂરું થયું. તેમાં કેવી વસ્તુ સાધકે વાપરવી અને ઇંદ્રિયના અર્થો તરફ કઈ નજરે જોવું અને તેમાં જરા પણ ન રાચતાં તેનો કેવી રીતે સર્વથા ત્યાગ કરવો તે ખાસ જણાવ્યું. પૌદ્ગલિક સુખમાં, ઇંદ્રિયના વિષયોમાં પ્રેમ ન રાખવો, પણ ખરેખરું સુખ કોને અને ક્યારે મળે તેમ છે તે સમજવાને અંગે પ્રશમસુખનો ખરેખરો અભ્યાસ કરવો. દુનિયાદારીમાં મોટા ચક્રવર્તી કે ઇંદ્રને સુખ ઘણું લાગે, પણ તે સર્વ ભ્રમ છે, ખરા સુખનો અનુભવ પ્રશમસુખવાળો આદમી–પ્રાણી કરે છે. ઇંદ્રને કે ચક્રવર્તીને જે સુખ મનાય છે તેના સુખ કરતાં પ્રશમસુખ હજારો કરોડો ગણું વધારે છે. ઇંદ્રિયના વિષયોનું સુખ કેવું છે તે આપણે જોઈ વિચારી ગયા છીએ. પ્રકરણ ત્રીજું એ સુખને બરાબર વર્ણવે છે અને જે સુખને અંતે કે સુખની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પછી દુઃખ આવવાનું હોય તેને સુખ કહેવું એ જ ખોટું છે. વાસ્તવિક રીતે વિષયજન્ય સુખમાં કોઈ પ્રકારનું સુખ નથી. દૂધપૂરી ખાધાં કે શીરોપૂરી જમ્યા કે આંખે સુખદાયક વિષયો જોયા, એમાં વસ્તુતઃ કાંઈ સુખ છે જ નહિ. ખાધું એટલે ખલાસ કર્યું અને જીભને જરા વખત મીઠું મીઠું કે સારું સારું લાગે એટલું જ, એમાં કાંઈ સુખ છે જ નહિ. આચારાંગસૂત્રમાં સુધર્માસ્વામીએ જે આચારો વર્ણવ્યાં છે તેમાંથી પ્રશમનું સુખ જે થાય છે તેની પાસે આ પૌદ્ગલિક સુખ તો કાંઈ નથી. પ્રશમનું–શાંતિનું–સમતાનું સુખ તો ઇંદ્રના સુખથી કરોડો ગણું છે અને અનુભવવા યોગ્ય છે.

સુખના પ્રકરણમાં આ રીતે આચારની વાત પ્રસ્તુત ગણવામાં આવી અને અનિત્ય સુખને અનિત્ય બતાવતા હવે પછી આવતા ‘ભાવના’ના પ્રકરણની કેટલી જરૂરિયાત છે તે પણ પ્રસંગાનુસાર જણાવી દીધું.

વાસ્તવિક રીતે પ્રાણી ખરા સુખને અનુભવ વગર જાણતો નથી. તેને એમ થાય છે કે સાધુને શું સુખ હશે અને જે મોક્ષમાં બટાટા ખાવા ન મળે ત્યાં શું સુખ હશે? વાસ્તવિક સુખ કેવું હોય છે તે આ પ્રાણી અનુભવની ગેરહાજરીમાં જાણતો નથી. પણ જેણે પૌદ્ગલિક સુખ અને આત્મિક સુખ યા પ્રશમસુખ બન્ને અનુભવ્યાં છે તે છાતી ઠોકીને કહે છે કે આ શાંતિનું સુખ અથવા પ્રશમસુખ તો પૌદ્ગલિક સુખ કરતાં કરોડો-ગણું છે અને અખંડ શાંતિનું સામ્રાજ્ય અનુભવવા જેવું છે.

સારું આચરણ કરવાના જે નિયમો છે તે જાણ્યા પછી આ જીવનમાં સુખ કોને કહેવું તે બરાબર જાણવું જરૂરી છે. નહિ તો, ઉપર ઉપરના સુખને સુખ માની ખરા પ્રશમસુખથી આ પ્રાણી વંચિત રહે. એટલા માટે જણાવ્યું છે કે એ પ્રશમસુખ ભોગવવા યોગ્ય છે અને તે સુખ માટે સુંદર આચારને સમજી અમલમાં મૂકવા યોગ્ય છે. અને બન્ને સુખની સરખામણી કરવામાં આવશે ત્યારે આ પ્રાણીને સમજાશે કે પૌદ્ગલિક સુખમાં કાંઈ સુખ નથી. પૌદ્ગલિક સુખ સુખની વ્યાખ્યામાં પણ આવે નહિ, પણ કદાચ એને સુખ માનવામાં આવે તો પ્રશમસુખ કે શાંતિનું સુખ તો એનાથી લાખો કરોડોગણું છે અને એ સુખનો સાધકો અનુભવ કરે છે. તેથી સુખને બરાબર ઓળખવું અને કાંઈ નહિ તો એ સુખ પ્રાપ્ત કરવાનો આદર્શ તો જરૂર રાખવો, કારણ કે આદર્શ હોય તો તેને અનુરૂપ ક્રિયા થાય છે અને પરિણામે એ સુખ મેળવાય છે. આદર્શ ખોટો હોય અથવા પ્રશમ સુખનો ન હોય તો પ્રાણી જે સુખ મેળવવા યોગ્ય છે તે માટે પ્રામાણિક પ્રયત્ન કરતો નથી. માટે એ સુખ પ્રાપ્ત કરવાનો, એને ઓળખવાનો આદર્શ તો જરૂર રાખવો.

આ રીતે પ્રશમસુખ ક્યાં છે અને કોને મળે છે તેની વિગત પણ આ પ્રકરણમાં પ્રસ્તુત ગણવામાં આવી છે અને પ્રશમસુખી માણસનું સુખ ચક્રવર્તી કે ઇન્દ્રના સુખથી

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ ચઢે છે તે સ્વાનુભવથી બતાવી આપ્યું છે અને સુખના વિષય સાથે આ વિષયને પ્રસ્તુત ગણવામાં આવ્યો છે.

રાગરહિત થયેલ પ્રાણી એનાથી (સરાગીથી) અનંતગણું સુખ વગર કિંમતે, વગર પૈસા ખરચ્યે, મફત મેળવે છે. આ ઘણી અગત્યની વાત છે. ઘણી વખત વીતરાગી કે વૈરાગીને, આપણો અનુભવ ન હોવાથી, સુખ શું હશે એવો સવાલ કરીએ, પણ અનુભવી પુરુષો કહે છે કે પૌદ્ગલિક સુખ પાછળ દુઃખ હોવાથી એને ભોગવતી વખતે પણ ખરી રીતનું સુખ નથી. પૌદ્ગલિક સુખને સુખ ગણીએ તો તેના કરતાં અનેકગણું શાંતિમાં–પ્રશમમાં સુખ છે. આ વાત અનુભવે સમજાય તેવી છે.

પૌદ્ગલિક સુખના પ્રમાણમાં ઇષ્ટવિયોગ વખતે અથવા પ્રિયના વિયોગ વખતે જે દુઃખ થાય છે તે તો બહુ મોટું છે. વીતરાગને, જે વીતદ્વેષ પણ છે, તેને એવા પ્રકારનું દુઃખ જરા પણ કદીએ થતું નથી. આવા દુઃખની ગેરહાજરી અને પ્રશમસુખનો ઘણો મોટો આનંદ એ પણ પ્રશમસુખને ઉપાદેય સમજવાનું બીજું કારણ છે.

જ્ઞાની જ્યારે તપ કરે છે, સમજીને ક્રિયા કરે છે, ત્યારે તેને જે આનંદ થાય છે તે સંસારી પ્રાણીના ખ્યાલમાં પણ આવે તેમ નથી. એ સુખ કાંઈક ઓર છે. માટે ખરા સુખને ઓળખી તેને પ્રાપ્ત કરવાની અને ન મળે તો તે પ્રાપ્ત કરવાનો આદર્શ રાખવાની જરૂર છે.

બાકી, વચ્ચે સાધક લોકવિરુદ્ધનો ત્યાગ કરે એવી જે વાત કરી છે તે લોકો વહોરાવતા અટકી જશે કે એવા તુચ્છ આશયથી નથી કહી, પણ બહુજન જે વાતમાં અસંમત હોય તે લોકવિરુદ્ધ કહેવાય અને તેનો ત્યાગ લોકોની ખાતર પણ કરવા યોગ્ય છે. જેમાં જનતાનો મોટો ભાગ અસંમત હોય તે લોકવિરુદ્ધ કહેવાય અને તેનો ત્યાગ સમજીને આત્મશુદ્ધિ માટે બતાવેલ છે. આપણે 'જયવીયરાય'માં પણ 'લોકવિરુદ્ધનો ત્યાગ' કરવાની ભગવાનની પાસે માગણી કરી છે તે સર્વ આત્મહિત માટે છે. સાધુઓને રોટલાની ચિંતા નથી, પણ કોઈ પણ નિમિત્તે પ્રાણીનું સુધરે તો સારું એ દૃષ્ટિએ લોકવિરુદ્ધનો ત્યાગ એ સૂચવે છે. એને સુખના પ્રકરણમાં આચાર્યશ્રી (કર્ત્તા) લઈ આવ્યા તે તેમની દીર્ઘદૃષ્ટિ બતાવે છે અને સુખના પ્રકરણમાં તેનો વાસ્તવિક રીતે સમાવેશ કરવામાં આવ્યો છે.

આ રીતે પ્રાણીએ જો સુખી થવું હોય તો ખરું સુખ શું છે અને ક્યારે મળે તે બરાબર જાણવું જોઈએ અને તે માટે આવા પરોપકાર નિમિત્તે જ માત્ર લખાયેલા ગ્રંથનો અભ્યાસ કરવો જોઈએ.

આ ગ્રંથમાં બે દાખલાઓ, એક અજીવનો અને એક જીવનો બહુ સુંદર આપ્યા છે તે ખાસ વિચાર કરવા યોગ્ય છે. એક ઘોડાનો દાખલો છે. ઘોડા ઉપર રૂપેરી સામાન કે સોનેરી નાખો, તેના ગળામાં હાંસડી પહેરાવો કે પગે ઘૂઘરા બાંધો, પણ ઘોડાનું તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તરફ ધ્યાન નથી. સામાનને કે કોઈ અલંકારને એ પોતાનાં માનવાનો નથી. એ તો તદ્દન એ તરફ નિઃસ્પૃહ છે. તેવી રીતે તમને ખાવાની કે પહેરવાની કોઈ પણ વસ્તુ મળે કે તમે શરીર માટે વાપરો પણ તેના ઉપર પોતાપણાની વૃત્તિ ન રાખો અને ઘોડા જેવા નિઃસ્પૃહ રહો. એટલે, તમને તે વસ્તુના ઉપયોગનો જરા પણ દોષ લાગશે નહિ. આ દાખલાથી બતાવેલ નિઃસ્પૃહતા ખૂબ વિચારવા લાયક છે. (જુઓ શ્લોક ૧૪૧.) બીજો દાખલો લાકડા(દારુ)નો આપવામાં આવ્યો છે. એ અજીવ વસ્તુ છે. ઘોડાનો જીવનો દાખલો છે. લાકડાને કોઈ છોલે, મઠારે કે તેમાં ખીલા નાંખે પણ તેના ઉપર લાકડાને દ્વેષ થતો નથી; કોઈ તેની મૂર્તિ બનાવી તેને નમે પણ તેના ઉપર લાકડાને રાગ થતો નથી. આવી રીતે જે ખોરાક મળે તે ભલે સારો કે ખરાબ હોય તેના ઉપર નિર્જીવ લાકડાની પેઠે રાગ કે દ્વેષ ન કરતાં સાધક તેને ખાઈ નાખે છે. (શ્લોક ૧૩૬).

આ બન્ને દાખલાઓ મનન કરવા જેવા છે અને સાધકવૃત્તિના દર્શક છે. તેવી વૃત્તિનો વિકાસ કરવો જોઈએ. એ વૃત્તિ પ્રથમ બીજ રૂપે આવે અને પછી તેનો વિકાસ કરવો.

સુખ શું છે અને કોને મળે તેને અંગે આખો આચારનો વિષય પ્રસ્તુત છે અને બહુ વિચારીને તેને આ સુખના પ્રકરણમાં સ્થાન આપીને પ્રસ્તુત બનાવેલ છે, તે ખૂબ વિચારવા યોગ્ય છે અને અનુકરણ, અનુપાલન યોગ્ય છે. છેવટે પરિસંખ્યાનની-પચ્ચખાણની વાત કરી છે, તે પણ બહુ મહત્ત્વની છે. માણસનું મન સર્વદા એક સરખું રહેતું નથી, તેથી સારા વખતમાં નિર્ણય કરવા અને સર્વકાળ તેને વળગી રહેવું એ જ પચ્ચખ્ખાણનું પ્રયોજન છે અને તેવે વખતે કરેલ નિયમ હંમેશા શુભ હોઈ આત્માને ખૂબ લાભ કરનાર નીવડે છે. એથી ચૌદ નિયમ ધારવા કે બાર વ્રત લેવાં તે બહુ ઉપયોગી બાબત છે. અને લોકવિરુદ્ધના ત્યાગની વાત પણ એટલા જ માટે પ્રશમસુખ મેળવવાને અંગે પ્રસ્તુત ગણવામાં આવી છે. આવી રીતે બીજો સુખ મેળવવાનો ઉપાય શું છે તે હવે પછીના પ્રકરણમાં બતાવવામાં આવશે, તે આપણે વિચારીશું.

દોષમલિન લોકની વચ્ચે રહીને પણ મુનિ નિરુપલેપ કેમ રહી શકે છે તે પણ સુખ-પ્રાપ્તિને અંગે બતાવવું જરૂરી હતું અને તે બતાવવામાં આવ્યું છે. અને લોકવિરુદ્ધનું જે કારણ સમજાવ્યું છે તે પણ વિચારવા યોગ્ય છે. (શ્લોક ૧૩૧) એકંદરે આ આખું પ્રકરણ જે શ્લોક ૧૨૧ થી શરૂ થાય છે તે, ખરા સુખને તમને બતાવે છે અને તે પ્રાપ્ત કરવા તમારી વૃત્તિ થાય તેવાં કારણો મૂળ ગ્રંથકારે તેમાં બતાવ્યાં છે; તે સર્વ સમજી સાચું સુખ ક્યાં અને કોને મળે તે સમજી, તે પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવાની અત્ર પ્રેરણા છે.

આ ખાવાપીવા અને વસ્તુ વાપરવાના નિયમોને જે અનુસરે તેને દવાની જરૂર રહેતી નથી. એ અનુભવે જ સમજાય તેવું છે. જેમણે એ જીવન અનુભવ્યું છે તે કહે છે કે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આચારાંગસૂત્ર પ્રમાણે જો વસ્તુ લેવાય, મૂકાય અને ઉપયોગમાં લેવાય તો તેને દવાની જરૂર રહેતી નથી. (શ્લોક ૧૩૭). આ પણ ખૂબ સમજવા જેવી વાત છે અને અનુભવે તે સાચી જ ઠરે તેવી ખાતરી આપવામાં આવે છે.

આ સુખ મેળવવાની જેમણે આશા કરી છે તેમને તે સુખ ખૂબ મળ્યા જ કરે તે માટે તેમણે હૃદયમાં ભાવના ભાવવી જોઈએ, ભાવનાને ઓળખવી જોઈએ. તેથી હવે 'ભાવનાનું' પ્રકરણ આવે છે. તે સુખ ભણી દોરનાર અને પ્રાણીને વિચારમાં નાખી દેનાર છે.

આ પ્રમાણે સાચા શાશ્વત સુખને સમજવું અને સમજીને તેને બરાબર આદરવું અને તે મેળવવા આદર્શ રાખવો.

॥ इति सुखप्रकरणम् ॥

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ ૬ ઠ્ઠું : ભાવના

હવે આપણે ભાવના પ્રકરણ વિચારીએ.

ઘણી વાર પ્રાણી અમલમાં ન મૂકી શકે, પણ વસ્તુસ્વરૂપ કેવું છે તે જાણી તો શકે. એને નિયમમાં મૂકવા વસ્તુસ્વરૂપદર્શક બાર ભાવનાઓ બતાવી છે, તે એટલા માટે છે કે એનાથી પ્રાણી પોતાની જાત અને અન્ય જીવન તરફ વિચાર કરતો થઈ જાય. વિચારને પરિણામે આચાર થાય. તેથી પ્રથમ વસ્તુ તરફ અને સગાં સંબંધીઓ તરફ કે આખા જીવન તરફ કઈ નજરે જોવું તે ભાવનાનો વિષય છે.

ભાવનાનો પ્રદેશ મન છે. પહેલાં મનમાં સત્યસ્વરૂપ સમજવું જોઈએ. તે સમજીને તે પ્રમાણે ધ્યાવવું જોઈએ અને ધ્યાવતાં ધ્યાવતાં મનમાં તેની એવી અસર થઈ જાય છે કે પછી તે વર્તનનો ભાગ બની જાય છે. મનુષ્યપણું પ્રાપ્ત કરી, સારા ક્ષેત્રને મેળવ્યા પછી, શુદ્ધ ધર્મ પર શ્રદ્ધા રહે અને રાગદ્વેષ જેમ બને તેમ ઓછા થાય અને કર્મમુક્ત સ્થિતિ અંતે પ્રાપ્ત કરી શકાય. તે પહેલાં આખા વિશ્વનું સ્વરૂપ કેવું છે તે આ ભાવના જણાવે છે અને અંતે 'રાગાદિન્ મૂલતો હન્તિ' એ આપણો મુદ્દો જે ૧૧૮મા શ્લોકમાં આપણે સમજી વિચારીને સિદ્ધ કર્યો છે તે તરફ આપણું પ્રયાણ થાય.

પણ, એ પ્રયાણ ખૂબ વિચારણા માગે છે. આપણે કોણ છીએ, ક્યાંથી આવ્યા છીએ, ક્યાં જવાના છીએ અને આપણા કહેવાતા સગાસંબંધીઓનો સંબંધ આખરે કેવો છે અને આ આખો સંસાર કેવો છે તે સમજ્યા-જાણ્યા વગર આપણાથી તેમનો ત્યાગ બને તેમ નથી અને તેમનો સર્વથા ત્યાગ શક્ય બને તેટલા માટે તે સંબંધને અને સંસારને બરાબર યથાસ્વરૂપે ઓળખવો જોઈએ. એ ઓળખાણ બરાબર થાય તેટલા માટે આખા જીવનનો વિચાર ભાવના પ્રકરણમાં આવે છે અને એવા વિસ્તૃત વિચારને એક નાના ચૌદ ગાથાના પ્રકરણમાં સમાવી દેવો તે ઘણું મુશ્કેલ છે. અહીં અનુભવી શાસ્ત્ર ઘડનારા આપણી મદદે આવે છે. તેમણે આખા સંસારને બરાબર સમજાવવા માટે બાર ભાવના અથવા સોળ ભાવનામાં ઘણા વિચારનો પ્રેરક થાય તેવી રીતે સમાવેશ કર્યો છે. સર્વ જીવ મારા મિત્ર છે, કોઈ પણ મારો શત્રુ નથી અને મારે કોઈની સાથે શત્રુતા રાખવી નથી અને સર્વ પ્રાણીઓ, પછી તે નાના કે મોટા ગમે તેવા હોય, તે સર્વ તરફ મારો સ્નેહ છે, એ પ્રથમ મૈત્રીભાવના કહેવાય છે.

અને, જ્યાં સારો સદ્ગુણ હોય ત્યાં એ રાજી રાજી થઈ જાય, તે ગુણવાનના ગુણ ઉપર વારી જાય અને તેને મુશ્કેલી પડતી હોય ત્યારે પોતે મરી પડે, પોતે તન-ધનથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બનતી મદદ કરે અને ગુણની પરીક્ષા થાય ત્યારે પોતે મનમાં હોંસ લાવે અને સાચાની સાચી કિંમત થાય તેમાં આનંદ પામે, તેની પ્રશંસા કરે તે બીજી પ્રમોદ ભાવના.

બીજા પ્રાણીને દુઃખી થતો દેખી પોતે તેના દુઃખને સહી ન શકે, તે પ્રાણી કર્મવશ છે એમ વિચારી તે પ્રાણી તરફ જરા પણ ઘૃણા ન કરે પણ તેને થતા દુઃખને અંગે તેની દયા કરે, પોતે પણ તેના દુઃખે દુઃખી થાય એ ત્રીજી કરુણા ભાવના.

અને જ્યારે પોતાનો ઉપાય ન ચાલે અને પ્રાણી ખરાબ રસ્તે જવામાં મોજ માને અને સમજાવટનો ઊંધો અર્થ કરે અને સમજાવે તે શિક્ષા સામાને ગળે ન ઊતરે ત્યારે હવે બીજો ઉપાય ન હોવાથી તેને તેના કર્મ પર છોડી દે અને પોતે તટસ્થભાવ ધારણ કરે, તે ચોથી માધ્યસ્થ્ય ભાવના.

આવી રીતે 'શાંતસુધારસ' ગ્રંથમાં પંડિત વિનયવિજયજીએ ચાર ભાવના કહી છે. ઉપરાંત ત્યાં સંસારસ્વરૂપને અંગે બાર ભાવના કહી છે. તે બાર અથવા સોળ ભાવના ખૂબ વિચારવી, ચર્ચવી અને તેમનો વારંવાર અભ્યાસ કરવો. આ સફળ અભ્યાસથી પ્રાણીના રાગદ્વેષ અંતે ઓછા થાય અને તેથી રાગદ્વેષ ઉપર કાબૂ આવે અને અંતે મનુષ્ય-ભવ સફળ થાય અને પ્રાણી જ્યાં જન્મ નથી એવું મોક્ષસ્થાન પ્રાપ્ત કરે તે આ આખા ગ્રંથનો ઉઘાડો ઉદ્દેશ છે. તે પાર પડે એ માટે સંસારસ્વરૂપને બાર ભાવનાથી બરાબર સમજવું, વિચારવું અને તેને પરિણામે જીવનધ્યેય મુકરર થઈ શકે તો કરવું.

આ બાર ભાવના ગ્રંથકારે પોતે ચર્ચી છે અને શાંતસુધારસ ગ્રંથની વિચારણામાં આવી ગઈ છે, એટલે અત્ર તે ગ્રંથનો હવાલો આપવામાં આવે છે. આ સર્વનો ઉદ્દેશ સંસારમાં રખડાવનાર રાગદ્વેષને ઓછા કરવાનો છે અને વસ્તુસ્વરૂપનું યથાસ્થિત જાણપણું કરાવવાનો છે. એ સમજી જીવનધ્યેય મુકરર કરતી વખતે આ ભાવનાને બરાબર હૃદયમાં સ્થાન આપવું અને જ્યારે ફુરસદ મળે ત્યારે તેનું ચિંતન કરવું. આ સંસારને ઓળખ્યા વગર તેને છોડવો ન ગમે માટે આપણા સંબંધો, આપણા કર્મબંધનો અને આપણું શરીર કેવું છે અને તે કઈ રીતે, કયા માર્ગે, કેવાં કેવાં કર્મો ગ્રહે છે, એ ગરનાળાને બંધ કર-વાના કયા કયા ઉપાય છે અને આત્મા સાથે લાગેલાં કર્મો કેમ દૂર કરી શકાય અને શુદ્ધ ધર્મની પ્રાપ્તિ કેટલી મુશ્કેલ છે અને આખા સંસારનું સ્વરૂપ કેવા આકારનું છે અને બોધિની પ્રાપ્તિ કેટલી મુશ્કેલ છે, તે સમજી વારંવાર વિચારવું અને વિચારીને પછી જીવન-ધ્યેય મુકરર કરવું. કાર્યની આગળ વિચારણાની સ્થિતિ સર્વ પ્રાણીઓના સંબંધમાં આવે છે. આ બારે ભાવના વિચારમાં નાખી દે તેવી છે અને પ્રયત્નપૂર્વક ખૂબ વિચારણા માગે છે. તે સમજી પછી શુદ્ધ વિચારણાને પરિણામે જીવનધ્યેય મુકરર કરવું. આ વિચારણા વગર માણસ પશુ જેવો બની જાય છે, અથવા પશુમાં અને તે માણસમાં આ વિચારણાનો જ ખરેખરો ભેદ છે તેમ જાણી ભાવનાને ખૂબ મહત્ત્વનું સ્થાન આપી તેના પરિણામે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વ્યવહારુ અમલ કરવો. એકલી ભાવના માત્ર વિચારપથમાં હોય તેને બદલે તે વ્યવહારુ આકારમાં હોય તો ભૂષણરૂપ છે અને વ્યવહારુ આકાર એટલે તેનો અમલ છે. તેથી આપણે પ્રથમ બાર ભાવના સમજીએ અને સમજ્યા પછી શું કરવું તે વિચારીએ.

આટલો સામાન્ય ઉપોદ્ઘાત કરી આપણે ગ્રંથકર્ત્તાના ઉચ્ચ પવિત્ર શબ્દો પર વિચારણા કરીએ અને તેને સમજવા યત્ન કરીએ.

### બાર ભાવનાના નામોની શરૂઆત-પ્રથમની આઠ ભાવના—

**भावयितव्यमनित्यत्वमशरणत्वं तथैकताऽन्यत्वे ।**
**अशुचित्वं संसारः कर्मास्रवसंवरविधिश्च ॥१४९॥**

**અર્થ**—આ ભાવનાઓ ભાવવી – વિચારવી : (૧) અનિત્યપણું, આ દુનિયામાં કોઈ વસ્તુ નિત્ય નથી તે પ્રથમ અનિત્યભાવના. (૨) જન્મમરણના ચક્રમાં પડેલા આ પ્રાણીને કોઈનું શરણ નથી, તે બીજી અશરણભાવના. (૩) બીજા સર્વ પારકાં પરાયાં છે, તે ત્રીજી અન્યત્વભાવના. (૪) આ જીવ એકલો આવ્યો છે અને એકલો જવાનો છે, તે એકત્વભાવના ચોથી. (૫) સાત ધાતુમાં રહેલો આ જીવ અને તેનું શરીર અશુચિમય છે, અપવિત્ર છે, તે પાંચમી અશુચિભાવના (૬) આ સંસાર રખડપાટો કરાવનાર છે, તે સંસારનું – ભવનું સ્વરૂપ વિચારવું તે છઠ્ઠી સંસારભાવના. (૭) કર્મનું આવવાનું ગરનાળું તે આસ્રવ, તેને બરાબર સમજવું તે સાતમી આસ્રવભાવના. (૮) નવાં કર્મને આવતાં અટકાવવાના માર્ગો વિચારવા તે આઠમી સંવરભાવના. (૧૪૯)

**વિવેચન**—આ ગાથામાં બાર પૈકી આઠ ભાવનાનાં નામ માત્ર બતાવ્યા છે. એ પ્રત્યેક ભાવના પર વિસ્તારથી એક એક શ્લોકમાં નીચે વિવેચન આવવાનું છે તેથી આપણે એ આઠ (બાર પૈકી) ભાવનાના અહીં નામ માત્ર જણાવીએ. એનું વિગતવાર સ્વરૂપ ૧૫૧મી ગાથાથી શરૂ થાય છે. બાર પૈકી પહેલી આઠ ભાવનાનાં નામો : અનિત્યત્વ, અશરણત્વ, એકત્વ, અન્યત્વ, અશુચિતા, સંસારભાવના, આશ્રવભાવના અને સંવરભાવના. એ રીતે બાર પૈકીની પ્રથમ આઠ ભાવનાના નામો આ ગાથામાં જણાવ્યાં. એ દરેક ભાવના શું છે, તે કેમ ભાવી શકાય તે પર વિસ્તારથી વિવેચન મૂળ ગ્રંથકાર જ ૧૫૧મી ગાથાથી કહે છે. (૧૪૯)

### છેવટની ચાર ભાવના (બાર ભાવના પૈકી)—

**निर्जरणलोकविस्तरधर्मस्वाख्याततत्त्वचिन्ताश्च ।**
**बोधेः सुदुर्लभत्वं च भावना द्वादश विशुद्धाः ॥१५०॥**

**અર્થ**—એકઠા થયેલાં કર્મને ખેરવી નાખવાના માર્ગો વિચારવા તે નવમી નિર્જરાભાવના, લોક—ચૌદ રાજલોક કેવા છે તેનું ચિંતન કરવું તે દશમી 'લોકસ્વભાવ' ભાવના,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધર્મસંબંધી તત્ત્વનો વિચાર કરવો તે અગિયારમી ધર્મભાવના અને જિનેશ્વર મહારાજે બતાવેલો ધર્મ મળવો–તેની પ્રાપ્તિ થવી મુશ્કેલ છે તે વિચારવું એ બારમી અને છેલ્લી બોધિદુર્લભત્વ ભાવના (૧૫૦).

**વિવેચન**—આ ગાથામાં નવમીથી બારમી સુધીની ભાવનાનાં નામો આપ્યાં છે. એ ચારનું સ્વરૂપ પણ આગળ આવવાનું છે. તેથી તેમનાં નામ માત્ર આપણે આ ગાથાથી જાણી લઈએ. તે આ પ્રમાણે છે. (૯) નિર્જરાભાવના. અગાઉના લાગેલાં કર્મો દૂર થવાના માર્ગો પર વિચારણા. (૧૦) આ ચૌદ રાજલોક કેવા આકારનો અને કેવો છે તે લોક-સ્વરૂપ ચિંતન (૧૧) ધર્મ કેવો હોય, કોને કહેવો તે સંબંધી વિચારણા કરવી તે અગિયારમી ધર્મ ભાવના. અને (૧૨) તેમાં શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મની પ્રાપ્તિ અત્યંત મુશ્કેલ છે તે વિચારવું તે બારમી અને છેલ્લી બોધિદુર્લભત્વ ભાવના. આ બારે ભાવનાનું સ્વરૂપ આપણે વિસ્તારથી તદ્યોગ્ય સ્થાને વિચારશું. (૧૫૦)

**અનિત્ય ભાવનાનું વિસ્તારથી સ્વરૂપ—**

**इष्टजनसंप्रयोगर्द्धिविषयसुखसंपदस्तथाऽऽरोग्यम् ।**
**देहश्च यौवनं जीवितं च सर्वाण्यनित्यानि ॥१५१॥**

**અર્થ**—વહાલાઓનાં સંબંધ, સંપત્તિ, વિષયસુખ, ઋદ્ધિ, પરિવાર તથા શરીર, જુવાની અને ટૂંકામાં આખું જીવતર – સર્વ અનિત્ય છે, અસ્થાયી છે. (૧૫૧)

**વિવેચન**—આ પ્રથમ અનિત્યભાવના પર હવે વિવેચન કરવાનું છે. તે આપણે વિસ્તારથી વિચારીએ. શાંતસુધારસ ગ્રંથમાં શ્રીમાન વિનયવિજયજીએ આ અનિત્ય ભાવના પર વિવેચન કર્યું છે અને તે ગ્રંથ પરનો મારો વિસ્તાર શ્રી જૈન ધર્મ પ્રસારક સભાએ (ભાવનગર) છપાવેલ છે, તેને ધ્યાનમાં લઈને આ નીચેનું વિવેચન કરવામાં આવ્યું છે. આપણી આસપાસની સર્વ વસ્તુઓ અને ખુદ આપણી જુવાની કે આપણું શરીર એ પણ અનિત્ય છે, આજે નહિ તો કોઈપણ કાળે નાશ પામવાનાં છે, હંમેશા ટકી રહેવાના નથી.

**ઇષ્ટજનસંપ્રયોગ**—વહાલા માણસો સાથે સંબંધ, તેઓની સોબત. આમાં ઇષ્ટ વસ્તુનું મળવું તે પણ સમજી લેવું. એ અનિત્ય છે. કાં તો સંયોગ કરનાર ચાલ્યો જાય, કાં તો વસ્તુ ભાંગી તૂટી ફૂટી જાય, કાં તો આપણે તેમને તે જ સ્થિતિમાં મૂકીને ચાલ્યા જઈએ; પણ સંયોગ આખરે તો તૂટે જ છે, વિયોગ થાય છે જ, સંયોગસંબંધ દીર્ઘકાળ–અનંતકાળ ચાલતો નથી. સંયોગની સાથે થોડા કાળમાં કે લાંબે અંતરે વિયોગ જરૂર થાય જ છે. એ ઇષ્ટ માણસ સાથે સંબંધ હોય કે ઇષ્ટ વસ્તુ સાથે સંબંધ હોય પણ આખરે તેનાથી જુદા પડવાનું થાય છે અથવા તે માણસ કે વસ્તુ નાશ પામે છે. સંયોગ લાંબો કાળ રહેતો નથી, ટકી શકતો નથી. અનંતકાળ સુધીનો સંબંધ તો એક મોક્ષ સાથે જ થઈ શકે. આવો વિચાર કરવો તે પ્રથમ અનિત્યભાવના.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ઋદ્ધિ**—ભરત ચક્રવર્તીની ઋદ્ધિ હોય કે રાજામહારાજાની ઋદ્ધિ હોય વખત જતાં તે હતી ન હતી થઈ જાય છે. તેમાં શ્રેણિક રાજાની કે ચંદ્રગુપ્ત મૌર્ય જેવાની રાજ્યઋદ્ધિ બહુ તો પચીસ કે પચાસ વર્ષ ચાલે, પણ તે ઋદ્ધિ બેસી રહેતી નથી. અથવા, એ ઋદ્ધિનો માલિક બેસી રહેતો નથી. અંતે એ ઋદ્ધિ, સંપત્તિ સાથેનો સંબંધ વિનાશમાં પરિણમે છે. પાંડવોની ઋદ્ધિ ગઈ, રાજામહારાજા અને શેઠિયાઓની ઋદ્ધિ પણ અંતે તેમને મૂકીને જાય છે અને કાં તો તેઓ તેની પહેલાં નાશ પામી જાય છે. આપણે અનેક શેઠિયાઓને ભોં ભેગા થતા અને ઋદ્ધિ વગરના થઈ જતા અને એક ભવમાં બે ભવ કરતા જોયા છે. કોઈની ઋદ્ધિ કે સંપત્તિ દીર્ઘકાળ રહી નથી, રહેવાની નથી. આવી જે વિચારણા કરવી તે અનિત્યભાવના છે. આવી રીતે અનિત્યતા ચિંતવવી. સંસાર આવો છે, વસ્તુ આવી છે, સંબંધ અલ્પકાલીન છે. આ પ્રથમ અનિત્ય ભાવનાનું ચિંતન કરવું થયું.

**વિષયસુખસંપદ**—પાંચે ઈંદ્રિયનો કોઈ પણ વિષય લઈએ તો તે થોડો વખત રહે છે, અંતે એ ભોગવાઈને કે ભોગવ્યા વગર નાશ પામે છે. તમે સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ કે શ્રોત્ર એ પાંચેમાંથી કોઈ પણ જ્ઞાનેંદ્રિયનો વિષય લો. એ લાંબો કાળ, અનંતકાળ બેસી રહેતો નથી. તે અંતે જાય છે. અને જતી વખતે કચવાટ મૂકે છે. અથવા, ભોગવાય તો તેમાં પણ દમ નથી. ખાધું એટલે ખોયું, સૂંઘ્યું એટલે ગયું, જોયું એટલે ખલાસ થયું. આ સર્વ સંબંધ અનિત્ય છે. આ વિષયસુખના અનિત્ય સંબંધને વિચારવો તે પ્રથમ અનિત્યભાવના.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

**દેહ**—આપણું પોતાનું શરીર પણ અનિત્ય છે. એ ગમે તેટલું જીવે પણ અંતે તેનો નાશ થવાનો છે. એ બળીને ખાખ થશે કે એ જમીનમાં દટાશે, પણ એનો નાશ તો ચોક્કસ છે. સો વર્ષ પહેલાંનો કોઈ પણ માણસ નથી તે જ બતાવે છે કે શરીર અંતે પૂરું સો વર્ષનું આયુષ્ય હોય તો પણ ટકવાનું નથી. આ પોતાના કે પારકા શરીરની અનિત્યતા ચિંતવવી એ પ્રથમ ભાવનાનો વિષય છે.

**યૌવન**—"જુવાનીનો લટકો દહાડા ચાર જો." જુવાની થોડો વખત ચાલે છે પણ એને અંતે કાં તો જુવાનીમાં મરણ અથવા જુવાની પછી ઘડપણ જરૂર આવે છે. જુવાનીમાં માણસ જે ઢબે કામ લેતો હતો, કરતો હતો, તે થોડો વખત ચાલે છે, પણ તેને અંતે પુખ્તતા અને ઘડપણ અથવા મરણ તો ઊભા જ છે. જુવાની અનંતકાળ બેસી રહેવાની નથી. અને પછી જે કચવાટ થાય છે તે અનેક માનસિક ગૂંચવણ ઊભી કરે છે. આ રીતે જુવાનીને ચિંતવવી અને તે અનંત કાળ બેસી રહેવાની નથી એમ ચિંતવવું એ પ્રથમની અનિત્ય ભાવનાનો વિષય છે.

**જીવિત**—જીવતર, જીવન, જિંદગી. જુવાની લાંબો વખત રહેવાની નથી. એ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપણે ઉપર જોયું. જુવાની શું, આખું જીવન જ અનિત્ય છે, તે પૂરું આયુષ્ય ભોગવે તો પણ અંતે તો આખરે તે પડવાનું જ છે. જિંદગીનો નાશ વિચારવો એ અનિત્ય ભાવનાનો વિષય છે. જિંદગી સર્વની જાય જ છે, નામ એનો નાશ થયા વગર રહેતો નથી. ધમધમાટ ચાલે, પૃથ્વીને પગ ન લગાડે કે છાતી કાઢીને ચાલે કે આંખો મચકાવ્યા કરે પણ અંતે ધૂળમાં રગદોળાવાનો છે કે સ્મશાનમાં ખાખ થવાનો છે. આ જાતની વિચારણા કરવી તે અનિત્ય ભાવનાનો વિષય છે.

**અનિત્ય**—સર્વ વસ્તુઓ અનિત્ય છે, નાશવંત છે, નાશને પાત્ર છે અને બેસી રહેવાની નથી. એ વિચારણા નિરંતર હૃદય સન્મુખ રાખી ચિંતવવી તે પ્રથમ અનિત્ય-ભાવના. આના સંબંધમાં જસસોમમુનિએ એક સ્વાધ્યાય બનાવી છે, તે ખૂબ મનન કરવા યોગ્ય હોઈ તે આખી અહીં ટાંકવા યોગ્ય ધારવામાં આવી છે. તે આ પ્રમાણે છે :

પહેલી ભાવના એણી પરે ભાવીએ જી, અનિત્યપણું સંસાર;
ડાભઅણી ઉપર જલબિંદુઓ જી, ઇંદ્રધનુષ અનુહાર. ૧

સહજ સંવેગી સુંદર આતમા જી, ધર જિનધર્મ શું રંગ;
ચંચળ ચપળાની પરે ચિંતવે જી, કૃત્રિમ સવિ હું સંગ. સહજ૦ ૨

ઇંદ્રજાળ સુહણા શુભઅશુભ શું જી, કૂડો તોષ ને રોષ;
તિમ ભ્રમ ભૂલા અથિર પદારથે જી, શ્યો કીજે મન શોષ. સહજ૦ ૩

હારત્રેહ પામરના નેહ જયું જી, એ યૌવન રંગરોળ;
ધન સંપદ પણ દીસે કારમી જી, જેહવા જળકલ્લોલ. સહજ૦ ૪

મુંજ સરીખે માગી ભીખડી જી, રામ રહ્યા વનવાસ;
ઈણ સંસારે એ સુખસંપદા જી, જિમ સંધ્યા રાગવિલાસ. સહજ૦ ૫

સુંદર એ તનુ શોભા કારમી જી, વિણસંતાં નહીં વાર;
દેવતણે વચને પ્રતિબૂઝિયો જી, ચક્રી સનતકુમાર. સહજ૦ ૬

સૂરજ રાહુગ્રહણે સમજીઓ જી, શ્રી કીર્તિધર રાય;
કરકંડૂ પ્રતિબૂઝ્યો દેખીને જી, વૃષભ જરાકુલ કાય. સહજ૦ ૭

કિંહા લગે ધુંઆ ધવલહરા રહે જી, જલપરપોટા જોય;
આઉખું અથિર તિમ મનુષ્યનું જી, ગર્વ મ કરશો કોય.
જે ક્ષણમાં ખેરુ હોય. સહજ૦ ૮

અતુલ બલ સુરવર જિનવર જિસ્યા જી, ચક્રી હરિબલ જોડી;
ન રહ્યો ઈણે જગે કોઈ થિર થઈ જી, સુરનર ભૂપતિ કોડી. સહજ૦ ૯

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રમાણે પ્રથમ અનિત્ય ભાવના ભાવવાની છે. એમાં શરૂઆતના બે દાખલા ખાસ વિચારવા યોગ્ય છે. ડાભ કે કોઈપણ પદાર્થ પર પાણીનું કે ઝાકળનું ટીપું પડેલું હોય તે જેમ અસ્થિર છે તેમ આ સંસારના પદાર્થો સર્વ અસ્થિર છે, અનિત્ય છે, થોડે કે લાંબે વખતે નાશ પામવાના છે. અથવા, આકાશમાં મેઘધનુષ્ય ખીલેલ હોય, તેના રંગ ચોમાસામાં આકર્ષક દેખાતા હોય પણ તે લાંબો વખત રહેતું નથી. આપણી ઇચ્છા હોય કે ન હોય, તે ગમતું હોય, આકાશને શોભાવતું હોય, આપણને મન થાય કે એ આકાશમાં રહે અને હંમેશ રહે, પણ તે તો પાંચસાત મિનિટમાં ખલાસ થઈ જાય છે. આવા સંસારના કોઈ પણ પદાર્થ ચિરકાળ ટકતા નથી અને તેથી થતું સુખ પણ લાંબો વખત ચાલતું નથી. આ બે સૂત્રો અનિત્યભાવના ભાવવાના મૂળ સિદ્ધાંત જેવા છે અને ખૂબ વિચાર કરીને ધ્યાવવા યોગ્ય છે. ત્યાર પછી વીજળી(ચપળા)નો દાખલો આપ્યો છે તે પણ ખૂબ મનન કરવા જેવો છે. બેપાંચ મિનિટ વીજળીનો ચમકારો લાગે, પણ અંતે ઘોર અંધારું થઈ જાય છે. તેમ અસ્થિર પદાર્થ સાથે સંબંધ વીજળીના ચમકારા જેટલા ક્ષણિક વખત સુધી ટકે છે અને પછી ખલાસ થઈ જાય છે. આ પદાર્થો, સગાં સંબંધીઓ, મિત્રો અને ચીજો સાથેનો સંબંધ કૃત્રિમ છે, અંતે નાશ પામનારો છે, જવાનો છે. મોક્ષસુખ જ કાયમ ટકી શકે તેવું અને સ્થિર છે. દાર પડવાથી થોડા વખત માટે પુષ્ટિ થાય છે, પણ તે પામર-(ગરીબ)ના સ્નેહની પેઠે લાંબો વખત ટકતી નથી. આ જુવાની પણ પાણીના કલ્લોલ પેઠે થઈને પાછી ખલાસ થઈ જાય છે અને પછી તે જાણે હતી કે નહિ તેવી શંકા ઉપજાવે છે, એટલે એનો વિશ્વાસ કરવો નહિ. સંધ્યાના રંગની પેઠે થોડો વખત અદ્ભુત સૌંદર્ય બતાવી એ અંતે ચાલી જાય છે અને જાય ત્યારે નકામો કચવાટ કરાવતી જાય છે. સનત્-કુમાર ચક્રી સુંદર હતા, પણ ઝેર જેવું શરીર થઈ ગયું અને સર્વ શોભા ઝેર બની ગઈ. દેવતાનું આ વચન સાંભળીને મહાન ચક્રવર્તી બોધ પામ્યા. મુંજ જેવા માળવાના રાજાને પણ ઘેર ઘેર ભીખ માગવી પડી. કીર્તિધર રાજા સૂર્યનું ગ્રહણ દેખવાથી બોધ પામ્યો અને કરકંડુ રાજા ઘરડા બળદને જોઈને બોધ પામ્યો, એ પ્રત્યેકબુદ્ધ થયો. એણે જુવાન બળદને એની જુવાનીની પૂરબહારમાં જોયો હતો તે જ બળદને ઘડપણથી જર્જરિત-હાલ બેહાલ દેખી તેને બોધ થયો. આવા વાસુદેવ અને બળદેવ થયા તેની જોડી પણ આ દુનિયામાં કાયમ રહી નહિ. કોઈ પણ દેવ કે મનુષ્ય આ દુનિયામાં સ્થિર થયો નથી. બધાને આ સર્વ મૂકી દોરાનો ધાગો લીધા સિવાય અંતે ચાલ્યા જવાનું છે અને તારા પણ તે જ હાલ છે. ધોળાં ધરો પણ અંતે તારી સાથે આવવાનાં નથી. અને પાણીના પરપોટા ઉપર કેટલો વિશ્વાસ રખાય? આવી રીતે પ્રથમ અનિત્યભાવના ભાવવી.

નવતત્ત્વનો ટબો લખનાર જણાવે છે કે, 'લક્ષ્મી, કુટુંબ, યૌવન, પરિવાર તથા આઉખા પ્રમુખને વિશે જે અનિત્યતાની ભાવના કરવી, એટલે સંસારના સર્વ પદાર્થ તે કુશાગ્રસ્થ જલબિંદુની પેરે અનિત્ય અસ્થિર જાણે તે પ્રથમ અનિત્ય ભાવના.' ટૂંકામાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પદાર્થો, ફરનીચર, સગાંસંબંધી, મિત્રો બધાં અસ્થિર છે, સર્વ અનિત્ય છે તે વિચારી સ્થૂળ સુખ ત્યાગી સર્વકાળને માટે સુખ મળે તે માટે મનુષ્યજન્મને સફળ કર અને આ જીવનપ્રાપ્તિનો કે મનુષ્યભવપ્રાપ્તિનો લાભ લે. (૧૫૧)

**બીજી અશરણભાવનાનું વિસ્તારથી સ્વરૂપ—**

जन्मजरामरणभयैरभिद्रुते व्याधिवेदनाग्रस्ते ।
जिनवरवचनादन्यत्र नास्ति शरणं क्वचिल्लोके ॥१५२॥

**અર્થ**—જન્મ, ઘડપણ અને મરણના ભયથી ભરેલા અને રોગ અને પીડાથી ભરેલા આ લોકમાં શ્રી જિનેશ્વર મહારાજના વચન સિવાય બીજી કોઈ પણ જગાએ શરણ નથી. (૧૫૨).

**વિવેચન**—હવે બીજી અશરણભાવના વિચારે છે. આ ચારે તરફની ઉપાધિમાં પ્રભુના વચન સિવાય અન્ય કોઈ પણ સ્થાને શરણ નથી. આવી વિચારણા કરવી તે બીજી અશરણભાવના છે. એનું રહસ્ય પ્રથમ આપણે ગ્રંથકર્તા સાથે વિચારીએ, પછી પ્રસ્તુત હકીકત બહારથી તપાસીશું.

**લોક**—આ લોક, જે નીચે વર્ણવવામાં આવશે, તેમાં જિનેશ્વર મહારાજના વચન સિવાય બીજે કોઈ પણ સ્થાને શરણું નથી. પ્રથમ તો આ લોક કેવો છે તે વિચારીએ. એવા આધિ વ્યાધિ અને ઉપાધિથી ભરેલા લોકમાં જિનેશ્વર મહારાજના વચન સિવાય અન્ય કોઈ પણ જગ્યાનું શરણું નથી. આપણે લોકને આધારે રહી શકીએ તેવું નથી. તો લોક કેવો છે તે પ્રથમ જોઈ જઈએ.

**જન્મ**—આજે જન્મ થાય છે, મંગળિક સંભળાય છે, વધામણી વહેંચાય છે. પછી મા જાણે દીકરો મોટો થયો પણ આયખામાંથી તે દરેક દિવસે ઓછો થતો જાય છે. જન્મવું એની સાથે જવાની વાત સમજી લેવાની છે અને દીકરા-દીકરીના જન્મથી આનંદ પામવાનો નથી. એવા તો અનેક જન્મો લીધા, અને મરણ પાછા આવ્યા, ચાલ્યા ગયા. આ લોક જન્મથી ભરેલો છે અને નામ તેનો નાશ તો જરૂર થવાનો છે, એક ખાડામાંથી બીજામાં પડવાનું છે. એવા જન્મથી રાચવાનું નથી, એમાં વધામણી ખાવા જેવું નથી. જન્મની સાથે જ નાશ નિર્માણ થઈ ગયો છે. દૈવી ભવિતવ્યતાએ આપેલ તે ગુટિકા છે. આવા જન્મથી લોક ભરેલો છે અને તેની પીડાથી તે ઘેરાયેલો છે. આ દૃષ્ટિએ જોતાં જન્મથી હર્ષ ખોટો છે, નકામો છે, અશોભન છે.

**જરા**—અને જન્મેલ પ્રાણી જ્યારે યુવાન મટી જાય છે ત્યારે આયુષ્ય હોય તો ઘરડો થઈ જાય છે અને ઘડપણમાં તો કાને પૂરું સંભળાય નહિ, આંખે દેખાય નહિ, દાંત પડી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જાય અને શરીર દોદળું થઈ જાય. એ ઘડપણનો ભય તો ભારે આકરો છે. જન્મેલ માણસ લાંબુ જીવે તો તેને માથે ઘડપણનો ભય તો જરૂર ઝઝૂમી રહેલ છે જ. વહેલો જાય તો મરણભય અને જીવી જાય તો ઘડપણનો ભય તો પ્રાણીને જરૂર ઊભો જ છે. એટલે બન્ને રીતે એ હેરાન થાય છે. જીવે તો પણ ઘડપણનો ભય, મરે તો મરણભય—આમાં બન્ને પ્રકારે એ ભયથી ભરેલ લોક છે.

**મરણ**—મરવાનો ભય તો ઊભો જ છે. કોઈ પ્રાણી ક્યારે જશે તે પોતે જાણતો નથી, પણ મરવું ચોક્કસ છે. એટલે નાનપણથી મરણનો ભય ઝઝૂમી રહેલ જ છે. કોઈ પણ વખતે જવું એ ચોક્કસ છે. આ લોકમાં મરણ પણ છે અને ક્યારે તે આવી પડશે તેની અચોક્કસતા તો છે જ. આ લોક આવી રીતે જન્મ, વૃદ્ધાવસ્થા અને મરણની બીકથી હેરાન હેરાન થઈ ગયેલો છે.

**વ્યાધિ**—આ લોકનું વિશેષ વર્ણન કરતાં કહે છે કે એમાં રોગનો પાર નથી. આજે દમ તો કાલે ખૂજલી અને તાવ, ઝાડા અને ત્રિદોષ, મરકી, મહામારી તથા અનેક જાતના તાવો તો અહીં અનેક ફેરા ખાઈ જાય છે અને ટાઈફોડ, કે શરીરને નીચોવનાર ટી.બી. અને તેવા અનેક વ્યાધિઓ ચારે બાજુ લાગી જ રહેલા છે. એટલે મરણભય સાથે આ રોગનો ભય છે જ, તેનાથી ગ્રસ્ત થયેલ દુનિયામાં શા સુખે માણસ રચી પચી રહેતો હશે કે સુખના ઘરડકા કાઢતો હશે તે સમજવું કે કલ્પવું પણ મુશ્કેલ છે. આ વસ્તુસ્થિતિ છે.

**વેદના**—કુટુંબી તરફથી થતી વેદના – પીડા, શરીરમાંથી ચસક, વ્યાધિ એટલે રોગની પીડા, સગાંઓના વાંધાવચકાની પીડા, ધનનાશની પીડા તથા ચામડીના રોગો જેવા કે ખસ, લુખસ તથા પત એ સર્વની પીડાથી આ લોક ભરેલો છે. આમાં કેવી પીડા ક્યારે થશે તે કાંઈ કહેવાય નહિ, પણ તે ઊભેલ છે અને તે કોઈ પણ વખતે આવી પડે તેમ છે. એ ભયમાં તો રહેવું જ પડે આવા લોકમાં.

**જિનવરવચન**—જો એક આધાર હોય, શરણું લેવા યોગ્ય સ્થાન હોય તો એક જ છે. જિનેશ્વર મહારાજના વચન ઉપર આધાર રહે. બાકી ગમે તેવા ઉપરી કે શેઠનું શરણું નકામું છે. તેઓ આ જીવનમાં અણીને વખતે કાંઈ કરી શકતા નથી અને તેના પર આધાર રાખવા જતાં ગાંઠનું ગુમાવવાનું કે આધારને અયોગ્ય હોય તેના પર આધાર રાખવા જેવું થાય તેમ છે. જ્યારે અનાથી મુનિએ જણાવ્યું કે 'હે શ્રેણિક! મારે કોઈ નાથ ન હોવાથી આ સાધુનો વેશ મેં પહેર્યો છે,' ત્યારે શ્રેણિક કહે કે 'હું નાથ છું અને નાથ થવા તૈયાર છું.' આ સાંભળી જવાબમાં અનાથી મુનિ કહે છે કે 'તું પોતે જ અનાથ છે, તો અનાથ હોય તે બીજાનો નાથ કેમ થઈ શકે?' તેની પાસે પછી પોતાની વાત કરે છે. પોતે મોટા લખપતિનો છોકરો છે. એક દિવસ પોતે માંદો પડ્યો, વૈદ્ય આવી ચઢ્યા, તેમણે વ્યાધિને એક ચલાણામાં લીધો અને પીવા માટે સગાંને બોલાવ્યા, તેમની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શરત એ હતી કે પીનારને એ સર્વ વ્યાધિ થાય. સ્ત્રીએ વિચાર્યું કે કાલે એ બીજી સ્ત્રી પરણશે અને માએ વિચાર્યું કે જાતે જીવતા હોઈએ તો અનેક છોકરાં મળશે. આમ કોઈએ ઝેરી ઉતાર પીધો નહિ અને અનાથી મુનિ કહે છે કે મને ખાતરી થઈ ગઈ કે આ દુનિયામાં કોઈ કોઈનું નથી, જીવ એકલો આવ્યો છે અને તે અંતે એકલો જવાનો છે, એને કોઈનું શરણુ નથી અને એને કોઈનો આધાર નથી.

**અન્યત્ર**—જિનેશ્વરના વચન અનુસારે એ ચાલે તો એને અંતે ભવના ફેરા અટકે, એ સિવાય અન્ય કોઈ પણ માણસ કે પ્રાણીનું શરણુ નથી. કોઈ તેને બચાવી શકે, કે તેનો વ્યાધિ લઈ શકે તેવું નથી. અનાથી મુનિના ઝેર – વ્યાધિનો વાટકો પીનાર કોઈ મળ્યું નહિ અને અનાથી મુનિને ખાતરી હતી કે શ્રેણિકરાજા પોતે પણ અનાથ છે.

**શરણુ**—આ દુનિયામાં તીર્થંકર મહારાજના વચન સિવાય અન્ય કોઈ પણ સ્થાન એને શરણુ આપે, એનું મરણુ અટકાવે એવું નથી.

**ક્વચિત્**—અન્ય કોઈ પણ સ્થાન કે શરણુ આપનાર ક્યાંય પણ કોઈ નથી. એટલી એણે વિચારણા કરવી જોઈએ. એ બીજી 'અશરણુ' ભાવના. એના સંબંધમાં યશસોમ નીચે પ્રમાણે જણાવે છે—

(રાગ રામગિરિ. રામ ભણે હરિ ઊઠીએ — એ દેશી)

બીજી અશરણુ ભાવના, ભાવો હૃદય મઝાર રે;
ધરમ વિના પરભવ જતાં, પાપે ન લહીશ પાર રે;
જાઈશ નરક દુવાર રે, તિહાં તુજ કવણુ આધાર રે. ૧

લાલ સુરંગા રે પ્રાણીઆ, મૂકને મોહજંજાળ રે;
મિથ્યા મતિ સવિ ટાળ રે, માયા આળપંપાળ રે. લાલ૦ ૨

માતા પિતા સુત કામિની, ભાઈ ભયણી સહાય રે;
મેં મેં કરતાં રે અજ પરે, કર્મે ગ્રહ્યો જીઉ જાય રે;
તિહાં આડો કો નવી થાય રે, દુઃખ ન લીયે વેહેંચાય રે. લાલ૦ ૩

નંદની સોવન ડુંગરી, આખર નાવી કો કાજ રે;
ચક્રી સુભૂમ તે જલધિમાં, હાર્યો ખટ ખંડ રાજ રે;
બૂડયો ચરમ જહાજ રે, દેવ ગયા સવિ ભાજ રે;
લોભે ગઈ તસ લાજ રે. લાલ૦ ૪

દ્વીપાયન દહી દ્વારિકા, બલવંત ગોવિંદ રામ રે;
રાખી ન શક્યા રે રાજવી, માતપિતા સુત ધામ રે;
તિહાં રાખ્યાં જિનનામ રે, શરણુ કીઓ નેમિસ્વામ રે;
વ્રત લેઈ અભિરામ રે, પોહોતા શિવપુર ઠામ રે. લાલ૦ ૫

જૈન સાઈટ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિત્યમિત્ર સમ દેહડી, સયણાં પર્વસહાય રે;
જિનવર ધર્મ ઉગારશે, જિમ તે વંદનીક થાય રે;
રાખે મંત્રી ઉપાય રે, સંતોષ્યો વળી રાય રે;
ટાળ્યા તેહના અપાય રે. લાલ૦ ૬

જનમ જરા મરણાદિકા, વયરી લાગ્યા છે કેડ રે;
અરિહંત શરણ તું આદરી, ભવભ્રમણદુઃખ ફેડ રે;
શિવસુંદરી ઘર તેડ રે, નેહ નવલ રસ રેડ રે;
સીંચ સુકૃત સુરપેડ રે. લાલ૦ ૭

"તમે બીજી અશરણભાવના હૃદયમાં ભાવો. તે કેવી રીતે ભાવવી? તેના ઉત્તરમાં કહે છે. પરભવમાં પ્રયાણ કરતાં ધર્મ વિના અન્ય કોઈ પણ શરણભૂત થશે નહિ. પાપ વડે તું સંસારનો પાર પામીશ નહિ; પરંતુ પાપથી તો નરકમાં જઈશ અને ત્યાં અનેક પ્રકારનાં અસહ્ય દુઃખ ભોગવીશ. ત્યાં તને આધારભૂત, તારું રક્ષણ કરનાર, તને દુઃખમાંથી છોડાવનાર કોણ થશે? કોઈ નહિ થાય. માટે હે લાલ સુરંગી પ્રાણી! હે ઉત્તમ અને ભવભીરુ જીવ! તું આ સંસારની મોહરૂપ જંજાળને મૂકી દે, મિથ્યામતિને તજી દે અને માયાની આળપંપાળ છોડી દે." (૧-૨)

"તું કદી આ સંસારના તારા સંબંધી માતા, પિતા, પુત્ર ને સ્ત્રી વગેરેને તારા શરણભૂત માનતો હોઈશ તો તેમાં તારી ભૂલ થાય છે. તે જણાવે છે કે હે મનુષ્ય! તે બધાં માતા, પિતા, પુત્ર, સ્ત્રી અને ભાઈબહેન વગેરે સંબંધીઓના દેખતાં જેમ કસાઈએ મારવા માટે ખેંચેલો બકરો 'મેં મેં' કરતો વધસ્થાનમાં જાય છે, તેમ કર્મરાજાએ–મૃત્યુએ પકડેલો આ જીવ તેને જ્યાં, જે ગતિમાં કર્મ લઈ જાય ત્યાં ચાલ્યો જાય છે. પૂર્વે કહેલા સંબંધીઓમાંથી કોઈ તે વખતે આવતું નથી, આવી શકતું નથી. તેઓ મૃત્યુને શું રોકી શકે? પણ તને વ્યાધિ વગેરેથી થતાં આ ભવનાં દુઃખો અને પરભવમાં પ્રાપ્ત થતાં દુર્ગતિજન્ય દુઃખો પણ કોઈ વહેંચી લેતું નથી; તારે એકલાએ જ સર્વ દુઃખો પૂરેપૂરાં સહેવાં પડે છે." (૩).

"પછી દાખલા વડે અશરણતા સિદ્ધ કરે છે. નવ નંદ રાજાઓએ સોનાની નવ ડુંગરીઓ કરી, પરંતુ આખરે મૃત્યુ સમયે તેમને તે બિલકુલ કામ ન આવી, શરણભૂત ન થઈ. વળી સુભૂમ ચક્રીએ છ ખંડની ઋદ્ધિથી ન ધરાતાં ધાતકીખંડના ભરતના બીજા છ ખંડ સાધવા માટે ચર્મરત્ન ઉપર ચતુરંગ સેના લઈને લવણસમુદ્ર ઉપર પ્રયાણ કર્યું, પરંતુ ચર્મરત્નને ઉપાડનારા હજારો દેવતાએ 'મારા એકલા વિના અટકશે નહિ' એવા વિચારથી સમકાળે ચર્મરત્ન છોડી દીધું, સઘળા ચાલ્યા ગયા અને ચર્મરત્ન લવણ-સમુદ્રમાં ડૂબી ગયું અને સુભૂમ ચક્રી સર્વ ઋદ્ધિ સમેત સમુદ્રમાં ડૂબી જઈ મરણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પામીને સાતમી નરકે ગયો. અતિ લોભ કરવાથી તેની લાજ રહી નહિ, છ ખંડની પ્રાપ્ત થયેલી ઋદ્ધિ પણ હારી ગયો. તેના અંગરક્ષક દેવો પણ સઘળા ભાગી ગયા, કોઈ શરણભૂત થયું નહિ." (૪)

"બીજા દાખલા આપે છે કે દ્વીપાયન ઋષિ કે જે યાદવકુમારોએ કરેલા અપમાનથી નિયાણું કરી મરણ પામીને અગ્નિકુમાર નિકાયમાં દેવ થયો હતો, તેણે દ્વારકાને સળગાવી; તે વખતે ત્રણ ખંડના ધણી હતા છતાં ગોવિંદ તે કૃષ્ણ અને રામ તે બળભદ્ર એ બન્ને પોતાના માતપિતાને તેમ જ પુત્રપરિવારને અને પોતાની હવેલીઓને રાખી ન શક્યા, માત્ર બે જણા જ જીવતા નીકળી શક્યા, અને સર્વ ભસ્મીભૂત થઈ ગયું. તે વખતે રક્ષણ માત્ર પ્રભુના નામે કર્યું, એટલે કે જેમણે નેમિનાથનું શરણ સ્વીકાર્યું, ચારિત્ર લેવા કબૂલ કર્યું, તેમને દેવતાએ ઉપાડી ઉપાડીને પ્રભુ પાસે મૂક્યા, તેઓ આ ભવનાં ને પરભવનાં દુ:ખથી મૂકાણા, ચારિત્ર અંગીકાર કરી મોક્ષે પહોંચ્યા, જન્મ, જરા અને મરણના દુ:ખથી રહિત થયા, શાશ્વત સુખના ભાગી થયા." (૫)

"પાંચમી ગાથામાં ત્રણ પ્રકારના મિત્રનું દૃષ્ટાંત આપે છે. તે ત્રણ મિત્રનાં નામ : નિત્યમિત્ર, પર્વમિત્ર અને પ્રણામમિત્ર છે. તેમાં નિત્યમિત્ર સમાન તો આ દેહ છે, પર્વમિત્ર સમાન સ્વજન પરિવાર છે, પરંતુ એ બન્ને પ્રકારના મિત્ર જ્યારે આ પ્રાણીની ઉપર કર્મપરિણામ રાજા કોપાયમાન થાય છે ત્યારે તેનું રક્ષણ કરી શકતા નથી, તે વખતે વંદનિકભાઈ એટલે પ્રણામમિત્ર તુલ્ય જે જૈન ધર્મ તે જ આ પ્રાણીને ઉગારી શકે છે. તે રાજાના કોપનું નિવારણ કરવાનો ઉપાય વિચારીને તદ્રૂપ ઉપાયો વડે રાજાને સંતોષ પમાડી, પ્રસન્ન કરી આ પ્રાણીનાં કષ્ટ દૂર કરે છે. અર્થાત્, ધર્મનું આરાધન કરવા વડે આ પ્રાણી પૂર્વકર્મનો ક્ષય કરી પુણ્ય ઉપાર્જન કરે છે અને તેની સહાય વડે સદ્ગતિનું ભાજન થાય છે કે જેથી તેનાં દુ:ખ માત્ર નાશ પામે છે અને પ્રાંતે સ્વર્ગનું સુખ તે મેળવે છે." (૬)

"પ્રાંતે કર્ત્તા ઉપદેશ આપે છે કે હે ભવ્યાત્મા! જન્મ, જરા, મરણ, વગેરે શત્રુઓ તારી પાછળ લાગ્યા છે. તેથી તેમનાથી બચવા માટે તું અરિહંતનું શરણ અંગીકાર કર અને ભવભ્રમણનાં દુ:ખનો નાશ કર, શિવસુંદરીને ઘરે તેડ, તેની સાથે અત્યંત સ્નેહ કર, સ્નેહરૂપ રસનું સિંચન કર અને સુકૃતરૂપ જે કલ્પવૃક્ષ તેને નવપલ્લવ કર. અર્થાત્, અરિહંતનું શરણ અંગીકાર કર્યું ક્યારે કહેવાય? કે જ્યારે તેમની આજ્ઞાને અનુસરવામાં આવે, તેમના પ્રરૂપેલા ધર્મનું આરાધન કરવામાં આવે; તે પ્રમાણે કરવાથી સુકૃતની—(પુણ્યની) વૃદ્ધિ થાય, મોક્ષ પ્રાપ્ત કરવા માટે સતત ઉદ્યમ થાય અને તેમ કરવાથી ભવભ્રમણનાં દુ:ખ નાશ પામે, એટલે મોક્ષ પ્રાપ્ત થાય. આ પ્રમાણે અરિહંતનું શરણ કરવાથી ઉત્તરોત્તર લાભની પ્રાપ્તિ થાય એમ સમજવું." (૭)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રમાણે યશસોમકૃત બીજી ભાવનાનો અર્થ કર્યો અને તે મુદ્રિત ગ્રંથાનુસાર જણાવ્યો. નવતત્ત્વના ટબામાં જણાવ્યું છે કે ‘મરણ આવ્યાના સમયે ચક્રવર્તી, ઇંદ્ર અથવા તીર્થંકર પ્રમુખ ગમે તેવો મોટો પુરુષ હોય તેને પણ ધનકુટુંબાદિક કોઈનું શરણ મળતું નથી. સંસારમાંહે જન્મ, જરા અને મરણના ભયથી બચવાને એક ધર્મ વિના બીજું કોઈ શરણ નથી. એવી ભાવના જે કરવી તે બીજી અશરણભાવના.

આ બીજી અશરણભાવનાનો વિસ્તાર ‘શાંતસુધારસ’ નામના વિનયવિજયજી ઉપાધ્યાયના ગ્રંથમાં આપ્યો છે. ત્યાં ઘણો વિસ્તાર કર્યો છે. સંસારમાં એક ચિંતા મટે ત્યાં બીજી ઊભી થાય છે. બાહ્ય સુખમાં વસ્તુતઃ કાંઈ દમ નથી. હીરાજડિત પાંજરામાં પોપટ હોય તો તેને હીરાનું મૂલ્ય નથી, એ પણ એને તો વાસ્તવિક કેદખાનું જ છે. આવા અપાર સંસારમાં તારું સ્થાન ક્યાં છે? તારી પોતાની શરમકથા વિચારવા યોગ્ય છે. મોહરાજાએ દારૂ પાયો છે, એના બંધનો વિચારવા યોગ્ય છે. તું તો કર્મ નચાવે તેમ નાચનારો છે. બાળપણ પરાધીનતાથી ભરપૂર છે. દીકરો બાપ થાય છે. દારૂડિયા જેવી તારી દશા થયેલ છે. આવા આવા અનેક મુદ્દા પર ત્યાં વિચાર કરેલ માલૂમ પડશે. તે માટે શ્રી જૈન ધર્મ પ્રસારક સભાએ શાંતસુધારસ બે ભાગે છપાવી પ્રસિદ્ધ કરેલ છે, તે જોવાની અત્ર ભલામણ કરવામાં આવે છે.

જ્યારે જીવ જાય છે, મરણ પામે છે તે વખતે ભાઈ કે મા કે બહેન કે પુત્ર-પરિવાર કે સગાંસંબંધી કોઈ આડો હાથ દેતા નથી અને કોઈ આધાર આપતું નથી, આપશે તેવી કલ્પના પણ અશક્ય છે. આ સંસાર જન્મમરણ અને રખડામણથી ભરેલો છે અને એક ખાડામાંથી બીજા ખાડામાં પડવું તે તારે માટે ઉચિત નથી. મરણ વખતે કોઈનું શરણ હોય તો તે જિનવરવચનનું કે ધર્મનું છે, એમ સમજી અત્યારથી જ એનું શરણ શોધી લે અને સ્નેહસંબંધી કે સગપણનો વિચાર કર, એ બીજી અશરણભાવના થઈ. (૧૫૨)

### ત્રીજી એકત્વભાવનાનું વિસ્તારથી સ્વરૂપ—

**एकस्य जन्ममरणे गतयश्च शुभाशुभा भवावर्ते ।**
**तस्मादाकालिकहितमेकेनैवात्मनः कार्यम् ॥१५३॥**

**અર્થ**—સંસારમાં ફરતાં એકલા જ જન્મ તેમ જ મરણ કરવાં પડે છે અને સારી અથવા માઠી ગતિમાં એકલા જ જવું પડે છે તેથી આત્માએ પોતે એકલા જ સર્વકાળ ચાલે તેવું આત્મહિત કરવું, શોધવું એ યોગ્ય છે. (૧૫૩)

**વિવેચન**—આ જીવ એકલો આવ્યો છે અને સંસારમાં એકલો જાય આવે છે અને સારી ખરાબ ગતિમાં પણ એકલો જ રખડે છે, તેની સાથે કોઈ જતું નથી અને જવાનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નથી. માટે, સર્વકાળ ચાલે તેવું આત્માને લાભકારી થાય તેવું હિત પોતે જ જાતે સાધી લેવું જોઈએ. આ એકત્વભાવના છે અને ત્રીજી ભાવના છે. આપણે અહીં તેનો ભાવ વિચારીએ. પ્રથમ ગ્રંથકર્ત્તા(શ્રી ઉમાસ્વાતિવાચક)ને સમજવા પ્રયત્ન કરીએ.

**જન્મ**—આ જીવ જન્મે છે એકલો, તે વખતે કોઈ સગાસંબંધી તેની સાથે હોતું નથી, આવતું નથી. તે વખતે તે નવ માસ ને લગભગ દશ દિવસ સુધી માતાના ઉદરમાં એકલો હોય છે અને ચારે બાજુએથી ભીંસાય છે અને જન્મતી વખતે તેની સાથે કોઈ આવતું નથી, આ જીવનમાં તે એકલો જ આવે છે.

**મરણ**—આ જીવ જ્યારે પરભવમાં જાય છે ત્યારે એકલો જ મરી જાય છે. તેની સાથે કોઈ જતું નથી. આગળ અનાથી મુનિની કથા આપણે વિચારી. દુઃખને કોઈ વહેંચી લેતું નથી અને મરવા વખતે કોઈ સોડમાં સૂતું નથી. આ જીવ એકલો આવેલ છે અને એકલો જાય છે. અસલ કોઈ સતી હતી, પણ તે તે જ ગતિમાં જાય એવું કાંઈ ચોક્કસ નથી. જીવ તો એકલો આવ્યો છે અને એકલો જવાનો છે. એનાં જન્મમરણ એકલાં જ થાય છે.

**ગતિ**—આ પ્રાણી સારી કે ખરાબ ગતિમાં પોતાનાં કર્મોનાં ફળ ભોગવવા એકલો જ જાય છે. સગાંઓ એ આંસુઓ પાડે છે, પણ પોતાનાં કર્મનું ફળ ભોગવવા જીવને સારી કે ખરાબ ગતિમાં એકલાં જ જવું પડે છે. ત્યાં તેને કોઈ સંગત-સોબત કરાવતું નથી અને જેમ પોતાનાં શરીરને શસ્ત્ર વાગે, છરી કે કોઈ વસ્તુ વાગી બેસે તેનું ફળ તો એકલા જીવને પોતાને જ ભોગવવું પડે છે, એ પીડા કોઈ અન્ય સહતું નથી, તેમ સારી માઠી ગતિમાં આ જીવ એકલો જ જાય છે અને ત્યાં એકલો જ સારાં કે ખરાબ કર્મોનાં ફળ તે ભોગવે છે. તેમાં પત્ની, દીકરી કે દીકરા, સગાં કે સંબંધી કોઈ ભાગ પડાવતું નથી. પોતાની કમાઈમાં ભાગ પડાવનાર પણ અહીં રહી જાય છે અને કરેલાં કર્મ તો કરનારને એકલાં જ ભોગવવા પડે છે.

**શુભ**—સામાન્ય રીતે દેવતા અને મનુષ્યની ગતિ સારી-શુભ ગણાય છે. તે ગતિમાં પરભવને અંગે એકલાં જ જવું પડે છે. અને ભાગીદાર કે પત્ની કે કોઈ પણ સાથ આપતા નથી, સાથ આપશે એમ માનવું એ વસ્તુસ્થિતિથી ઊલટું છે. આપણે દરરોજ અનેક પ્રાણીને પરભવ જતાં જોઈએ છીએ. કઈ ગતિમાં એ પ્રાણી ગયો તે આપણે જાણતા નથી, પણ એ એકલો ગયો અને વહાલામાં વહાલી એની પત્ની પણ સાથે જતી નથી અને ભાગ પડાવનાર ભાઈ પણ જતો નથી. આ શુભગતિમાં પ્રાણી પોતાનાં કરેલાં કર્મોનાં ફળ ભોગવવા એકલો જ જાય છે.

**અશુભ**—નરકગતિ ખરાબ-અશુભ ગતિ ગણાય છે. પાપી જીવો ત્યાં કર્મનું ફળ ભોગવવાં એકલાં જ જાય છે અને સગો ભાઈ પણ ત્યાં આવતો નથી. પ્રાણી કરેલ કર્મો

જૈન સાઈટ JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભોગવવાં અશુભ ગતિમાં પણ એકલો જ જાય છે અને કરેલાં કર્મ ત્યાં ભોગવે છે, તેમનાં ફળ અનુભવે છે.

**ભવાવર્ત**—સંસાર. કરેલાં કર્મોનાં ફળ ભોગવવાં પ્રાણી સંસારમાં એકલો જાય છે અને તે વખતે તેને કોઈ સાથ આપતું નથી, સાથ આપે તેમ માનવું તે પણ યોગ્ય નથી.

**આકાલિક**—સદાકાળ. સર્વદાને માટે આત્માનું હિત થાય તેવું કરો. અંતે પ્રેમ ગમે તેવો હોય તો પણ મરવું તો એકલા જ પડે છે અને મરણપથારી વખતે કોઈ સાથ આપતું નથી. ભાગ લેવા માટે તકરાર કરનારા પણ અંતે અહીં જ રહી જાય છે અને આ જીવને એકલાં જ જવું પડે છે. આત્માને હંમેશનો લાભ થાય એવું કાંઈ કરવું અને તાત્કાલિક લાભને ધ્યાનમાં ન લેવો.

**આત્મનઃ હિતમ્**—આત્મહિત સર્વદા માટે થાય તેવું કરવું અને તેમાં આપણે સ્વાર્થી (selfish) છીએ એમ કોઈ કહે તો તેની ગણના ન કરવી. આ બધો પ્રયાસ શાશ્વત શાંતિસુખ સર્વદા મળે તે માટે છે. તેમાં પરમાર્થ છે, તેને કોઈ સ્વાર્થ કહે તો તેથી લેવાઈ ન જવું.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

યશસોમમુનિ આ એકત્વભાવનાને અંગે જે કહે છે તે આપણે વિચારીએ—

(રાગ ગોડી. પૂત ન કીજે હો સાધુ વિસાસડો—એ દેશી)

ચોથી ભાવના ભવિજન મન ધરો, ચેતન તું એકાકી રે;
આવ્યો તિમ જાઈશ પરભવ વળી, ઈહાં મૂકી સવિ બાકી રે;
મમ કરો મમતા રે સમતા આદરો. ૧

આણો ચિત્ત વિવેકો રે, સ્વારથિયાં સ્વજન સહુએ મલ્યાં;
સુખ દુઃખ સહેશે એકો રે .... .... .... મમ૦ ૨

વિત્ત વહેંચણ આવી સહુયે મલે, વિપતિ સમય જાય નાસી રે
દવ બળતો દેખી દશ દિશે પુલે, જિમ પંખી તરુવાસી રે..... મમ૦ ૩

ખટ ખંડ નવ નિધિ ચૌદ રયણ ધણી, ચૌસઠ સહસ્સ સુનારી રે;
છેહડો છોડી તે ચાલ્યા એકલા, હાર્યા જેમ જૂઆરી રે.......... મમ૦ ૪

ત્રિભુવનકંટક બિરુદ ધરાવતો, કરતો ગર્વ ગુમાનો રે;
ત્રાગા વિણુ નાગા તેહું ચાલ્યા, રાવણ સરિખા રાજાનો રે મમ૦ ૫

માલ રહે ઘર સ્ત્રી વિશ્રામિતા, પ્રેતવના લગેં લોકો રે;
ચય લગેં કાયા રે આખર એકલો, પ્રાણી ચલે પરલોકો રે મમ૦ ૬

નિત્ય કલહો બિહું મેલીએ દેખીઓ, બિહુંપણે ખટપટ થાય રે;
વલયાની પરે વિહરિસ એકલો, એમ બૂઝ્યો નમિરાયો રે.... મમ૦ ૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આનો ભાવાર્થ વિચારીએ. હે જીવ! તું એકાકી છે. એકલો આવ્યો છે અને એકલો જ જવાનો છે. મરીશ ત્યારે સાથે કોઈ આવવાનું નથી. સ્ત્રી, પુત્ર, સ્વજનો, ઘરબાર, ધન-દોલત સઘળું અહીં મૂકી તારે એકલા જ જવાનું છે. માટે રાગ ન કરો. સમતા કેળવો. (૧)

સ્વ અને પરનો વિવેક કરો. પોતાના આત્મા સિવાય બાકી બધું પર છે. સ્વજનો પણ સ્વાર્થી છે. પોતાનાં કર્મનાં ફળરૂપ સુખ કે દુઃખ પોતે જ ભોગવવાનાં છે. પોતાનું દુઃખ બીજાં લઈ શકતાં નથી. (૨)

તમારી પાસે ધન હોય અને તમે ધન વહેંચતા હો તો તે લેવા ઘણા તમને વીંટળાઈ વળે છે. તમારી વાહ વાહ કરે છે. તમને સારું લગાડવા અનેક પ્રયત્નો કરે છે. પરંતુ તમારી પાસેથી લક્ષ્મી ચાલી જાય, તમે વિપત્તિમાં આવી પડો ત્યારે સૌ તમને છોડી જાય છે, જેમ દવ લાગતાં પંખીઓ પોતાના આશ્રયરૂપ વૃક્ષોને છોડી જાય છે તેમ. (૩)

છ ખંડ, નવ નિધિ અને ચૌદ રત્નોના ધણી અને ચોસઠ હજાર સ્ત્રીઓના નાથ પણ તે બધું છોડી એકલા મૃત્યુ વેળાએ ચાલી નીકળે છે, જેમ હારેલો જુગારી એકલો—કોઈ સાથી વિના—ચાલી નીકળે છે તેમ. (૪)

'ત્રણે ભુવનોને કંટક સમાન' અર્થાત્ 'ત્રણે ભુવનોમાં સૌથી બળિયો' એવું બિરુદ પામેલો પોતાના બળનું અભિમાન કરતો છેવટે તો એકેય તાંતણા વિનાનો નાગો થઈ દુનિયા છોડી જાય છે, જેમ રાવણ દુનિયા છોડી ગયો હતો તેમ. (૫)

તું મરી જઈશ ત્યારે તારી સ્ત્રી તો ઘેર જ રહેશે, લોકો સ્મશાન સુધી આવશે અને તારી કાયા ચિતા સુધી જ આવશે, પછી આખરે તો તારે એકલાએ જ પરલોક જવાનું છે. સ્ત્રી, સ્વજનો અને તારી કાયા પણ તારી સાથે આવવાનાં નથી. (૬)

છેલ્લે કર્તા નમિરાજાનું દૃષ્ટાંત આપે છે. નમિરાજાને ઉગ્ર દાહજ્વર થયેલો. તેમને પાંચસો સ્ત્રીઓ હતી. તે બધી તેમના માટે ચંદનનો લેપ તૈયાર કરતી હતી. પાંચસો સ્ત્રીઓ સુખડ ઘસતી હતી ત્યારે તેમના હાથે પહેરેલાં કંકણોનો મોટો અવાજ થતો હતો. આ અવાજ બિમાર નમિરાજા સહન ન કરી શકયા. તેમણે અવાજ બંધ કરવા કહ્યું, સ્ત્રીઓ ચતુર હતી. તેમણે વધારાના કંકણ ઉતારી માત્ર એક સૌભાગ્યકંકણ જ રાખ્યું. તેથી ચંદનને તેઓ ઘસતી હોવા છતાં અવાજ થતો ન હતો. અવાજ બંધ થવાથી રાજાએ વૈદ્યને પૂછ્યું કે શું સ્ત્રીઓએ ચંદન ઘસવું બંધ કરી દીધું? વૈદ્યરાજે કહ્યું, 'ના મહારાજ, તે ઘસે છે, પણ તેમણે કંકણો સર્વ કાઢી દૂર મૂકયાં છે. માત્ર એક સૌભાગ્યસૂચક કંકણ જ દરેકે રાખ્યું છે. તેથી અવાજ થતો નથી.' નમિરાજાને થયું, 'અહો! ત્યારે અનેકના કારણે જ કલહ છે, ઘોંઘાટ છે, ખટપટ છે. એકમાં જ ખરી શાંતિ છે. મજા, આનંદ તો 'એક'માં જ છે.' તેમને એકત્વનો સાક્ષાત્કાર થયો. એ પ્રત્યેકબુદ્ધ થયા અને 'રાજર્ષિ' કહેવાયા. (૭)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રમાણે ત્રીજી ભાવના એકત્વની ચિંતવવાની છે. તે સંબંધમાં 'નવતત્ત્વ'ના અર્થમાં લખે છે કે "આ જીવ સંસારમાં એકલો આવ્યો છે, એકલો જશે અને એકલો સુખ અને દુઃખ ભોગવશે, પરંતુ કોઈ સાથી થવાનો નથી એવી જે ભાવના કરવી તે એકત્વભાવના" કેટલેક સ્થાને આ ભાવનાને ચોથી ભાવના ગણી છે. નવતત્ત્વકાર એને ચોથી ગણી સંસારભાવનાને ત્રીજી ભાવના ગણે છે. વિનયવિજયજી આ એકત્વભાવનાને ખૂબ ઝળકાવે છે, તે શાંતસુધારસ નામના મારા પુસ્તકમાં વિસ્તારેલ છે. ત્યાં સ્પષ્ટ જણાવેલ છે કે પુનરાવર્તન ભાવમાં દોષ નથી. બાકી શુદ્ધ આત્મા અત્યારે પરસંગથી પરભાવમાં પડી ગયો છે. તને મળેલી અત્યારની આ ભવની સગવડો વિચાર, આ પરભાવના પડદા ફેંકી દે, આત્મલહરીની શીતળ લહેર ભોગવ અને સમતા વગરનાં કામોની લપ છોડી દે. તારું આ દુનિયામાં શું છે? એકલો જન્મે છે અને મરે છે, કરેલાં કર્મનાં ફળો તારે એકલાને જ ભોગવવાં પડે છે, ચરરાજા તું એકલો જ છે, બધા જવાબ તારે આપવા પડવાના છે. માટે, શુદ્ધ કાંચનરૂપ ભગવાનને ઓળખ, અનુભવમંદિરે એને સ્થાપ અને એની સાથે આનંદ કર, અથવા શમરસમાં મજા કર. તું એકલો જ હતો, એકલો જ છે, અને એકલો જ જવાનો-રહેવાનો છે તે વિચાર કરી, અવલોકન કરીને ચિંતવ. આ પ્રમાણે ત્રીજી એકત્વવિચારણાની ભાવના થઈ (૧૫૩).

### ચોથી અન્યત્વભાવનાનું વિસ્તારથી સ્વરૂપ—

**अन्योऽहं स्वजनात्परिजनाच्च विभवाच्छरीरकाच्चेति ।**
**यस्य नियता मतिरियं न बाधते तं हि शोककलिः ॥१५४॥**

**અર્થ**— હું પોતાનાં સગાંસંબંધીથી, નોકરચાકરોથી અને માતાપિતાદિથી તેમ જ વૈભવથી અને ખુદ શરીરથી પણ તદ્દન જુદો જ છું, એવો જેને બુદ્ધિપૂર્વક, સમજણપૂર્વક નિર્ણય છે તેને દિલગીરીરૂપ રાક્ષસ કોઈ પ્રકારની બાધા પીડા કરી શકતો નથી. (૧૫૪)

**વિવરણ**—આ પ્રાણી પોતાનાં સગાંસંબંધી કે દાસદાસીઓથી, કે કોઈ પ્રકારના વૈભવથી તદ્દન અન્ય છે, જુદો છે એવો જેને મનમાં વિચારણાપૂર્વક નિર્ણય થાય છે તેને કોઈ કારણ નિમિત્તે પણ શોકરૂપ રાક્ષસ પીડા ઉપજાવી શકતો નથી. આ નિર્ણય વિચારણાપૂર્વક થવો જોઈએ અને તે સંસારસ્વરૂપને અંગે જ કરવા યોગ્ય છે. એથી શોક કોઈ પ્રકારનો થતો નથી અને શોક કોઈ જાતની બાધા-પીડા કે કશી ઉપાધિ નીપજાવી શકતો નથી. આ અન્યત્વ નામની ચોથી ભાવનાને આપણે પ્રથમ તો ગ્રંથકાર અનુસાર વિસ્તારથી વિચારી જઈએ. ઉમાસ્વાતિના મતે આ ચોથી ભાવના છે. અન્યત્વ વિચારણાને અંગે તે ભાવના સ્થિત થયેલી છે, અને વસ્તુસ્થિતિ પણ તેવી જ છે.

**અન્ય**—આ સગાંસંબંધી કે નોકરચાકર કે વૈભવ કે ખુદ શરીરથી હું તદ્દન અલગ છું એવી વિચારણા કરવી તે અન્યત્વભાવના છે. મારું કોઈ નથી, મારી સાથે કોઈ

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

આવવાનું નથી, મારે કોઈનો ટેકો નથી અને હું તે સર્વથી ન્યારો છું, અલગ છું. મારી સાથે ધર્મ કે પાપપુણ્ય જ આવનાર છે અને તે સિવાય સર્વથી હું અલગ છું આવી વિચારણા વસ્તુગતે સાચી સ્થિતિમાં પ્રાણીએ કરવી તે ચોથી અન્યત્વભાવના છે.

**સ્વજન**—બૈરી કે માબાપ કે દીકરો એ સર્વથી હું અલગ છું, એઓ કોઈ મારાં નથી, અંતે સર્વ અહીં રહી જનારા છે. મારા હોય તો મારી સાથે આવે, પણ વસ્તુગતે તેમ નથી. આ જીવ તો અનેક ગતિમાં જઈ આવ્યો છે અને ત્યાં કેંકને માબાપ કે પત્ની તરીકે મૂકીને આવ્યો છે, તેઓ અહીં આવ્યા નથી અને પરભવમાં તે માબાપ કે ભાર્યા થવાનાં નથી. પરભવમાં હું પત્નીની કૂખે જઉં કે માતાનો પતિ બનું એ સર્વ બનવાજોગ છે. હું તેઓનો પતિ કે છોકરો કહેવાઉં છું તે તો માત્ર આ ભવને અંગે મર્યાદિત છે. પણ હું તેઓથી જુદો જ છું અને મારે મારું ફેંડી લેવાનું છે એવી આ ભાવનામાં અન્યપણે-પરપણે વિચારણા કરવી.

**પરિજન**—નોકરચાકર, રામા, ધાટી, કે દાસદાસી એ અહીં જ રહી જવાના છે, તેઓથી હું તદ્દન અલગ છું, અલગ હતો અને અલગ રહેવાનો છું. તેઓ ઇચ્છે કે ધારે તો પણ મારાં નથી, મારી સાથે આવવાનાં નથી અને મારે તો તેમને મૂકીને તદ્દન અલગ તરીકે જવાનું છે.

**વૈભવ**—એક નાની વાતને પણ મેં મોટું રૂપ આપ્યું, ઘરનું નાનું ફરનીચર જાણે તે હંમેશ મારું રહેવાનું હશે એમ ધારી એને વસાવ્યું, ઘરનાં ઘર કરાવ્યાં કે એક નાના સરખા બટનને કેમ લગાડવું તેની ચિંતા કરી, પણ અંતે આખરે તે મારાં નથી. તે સર્વ વસ્તુઓ અને વૈભવ તો અહીં રહી જવાનાં છે. જે મારાં થશે એમ હું માનતો હતો તેમનાથી હું તો તદ્દન જુદો જ છું. સર્વ અહીં રાખવાનું છે, રહેવાનું છે અને ઓઢાં નાળિયેર પણ સાથે આવવાનાં નથી. મારે મારું બધી રીતે સંભાળવું રહ્યું. એ વાત બીજા ઘણા દાખલાઓ જોઈને મને બેસે છે, 'આ મારું છે' 'આ મારું છે' એવી કરેલી હાય હાય પણ ખોટી હતી એમ ઘણા માણસો ને મિત્રોના દાખલાથી જણાય છે.

**શરીર**—આ શરીર જેને અનેક ભારે પદાર્થોથી પોષ્યું, જેને કોડલીવર ઓઈલ જેવી અખાદ્ય વસ્તુ પોષણ માટે ખવરાવી, જેને દૂધ દહીંથી નભાવ્યું અને પુષ્ટ કર્યું તે પણ અંતે રહી જવાનું છે. તે સાથે આવવાનું નથી. તેને લઈ જઈ શકાતું નથી. જે શરીરને સાબુ લગાવ્યા, અત્તર ચોપડયાં અને જેને ઠંડી કે તડકો ન લાગે તે માટે છત્ર નીચે ધર્યું અને જેની આળપંપાળ કરી તે પણ સાથે આવવાનું નથી. એ શરીરથી હું (આત્મા) તો તદ્દન જુદો છું, તે શરીર પણ મારું નથી, અને મારું થવાનું નથી. હું તેનાથી સાવ જુદો છું.

**શોકકલિ**—શોકરૂપ રાક્ષસ. આ રીતે જે વિચાર કરી વસ્તુસ્વરૂપ સમજે અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતાની જાતને તદ્દન અલગ અને જુદી માને તેને કોઈ પણ કારણે તે વસ્તુનો વિયોગ થાય તો પણ શોકરૂપ રાક્ષસ તેને ગ્રહણ કરતો નથી. માણસ સ્નેહ અને પ્રેમ ખાતર કાંઈક ધમપછાડા કરે છે, પણ એ સ્નેહ કે પ્રેમ જ ખોટો છે, એમ જાણે તો અને પોતાને એમનાથી જુદો જાણે તો પછી એને કોઈ પ્રસંગે શોક થતો નથી. શોક થવાનું કારણ પોતાનું છે કે પોતાના છે એવી ખોટી માન્યતા છે. એમનાથી પોતે અલગ છે એમ જાણ્યા પછી પ્રાણીને શોક થાય નહિ. શોક તો પોતાના છે એવી માન્યતા પર રચાય છે અને એ માન્યતા ગઈ એટલે પછી શોક થતો નથી, વસ્તુસ્થિતિ ઓળખાય છે અને તેથી દિલગીરીનું કારણ રહેતું નથી.

આ અન્યત્વ ભાવના જિંદગીના અભ્યાસને અંતે અનુભવસિદ્ધ થયેલી છે. જસસોમ-મુનિએ આ અન્યત્વ ભાવનાને પાંચમી ભાવના ગણી છે. તેઓ જે કહે છે તે ખાસ વિચારણીય છે. આપણે તે હવે જરા પ્રસ્તુત હોઈ જોઈ જઈએ.

(રાગ કેદારો ગોડી. કપૂર હોયે અતિ ઉજળો રે—એ દેશી)

પાંચમી ભાવના ભાવીએ રે, જીવ! અન્યત્વ વિચાર;
આપસવારથી એ સહુ રે, મળીયો તુજ પરિવાર. ૧

સંવેગી સુંદર બુઝ, મા મૂઝ ગમાર;
તારું કો નહિ ઈણિ સંસાર, તુ કેહનો નહીં નિરધાર. સંવેગી૦ ૨

પંથશિરે પંથી મળ્યા રે, કીજે કીણહી શું પ્રેમ;
રાતી વસે પ્રહ ઊઠી ચલે રે, નેહ નિવાહે કેમ? સંવેગી૦ ૩

જિમ મેળો તીરથ મળે રે, જન વણજની ચાહ;
કે તોટો કે ફાયદો રે, લેઈ લેઈ નિજ ઘર જાય. સંવેગી૦ ૪

જિહાં કારજ જેહનાં સરે રે, તિહાં તે દાખે નેહ;
સૂરિકાન્તાની પરે રે, છટકી દેખાડે છેહ. સંવેગી૦ ૫

ચૂલણી અંગજ મારવા રે, કૂડું કરી જતુગેહ;
ભરત બાહુબળ જુઝીઆ રે, જોજો નિજનાં નેહ. સંવેગી૦ ૬

શ્રેણિક પુત્રે બાંધિયો રે, લીધું વહેંચી રાજ્ય;
દુઃખ દીધું બહુ તાતને રે, દેખો સુતનાં કાજ. સંવેગી૦ ૭

ઈણ ભાવનાએ શિવપુર લહે રે, શ્રી મરુદેવા માય;
વીરશિષ્ય કેવળ લહ્યું રે, શ્રી ગૌતમ ગણરાય. સંવેગી૦ ૮

"આ જીવ સંસારના પદાર્થોથી અને સ્વજન પરિવારથી જુદો છે, તે પાંચમી અન્ય-ત્વભાવના છે. તે ભાવના હે જીવ! એવી રીતે ભાવીએ, વિચારીએ કે તારો પરિવાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપસ્વાર્થી' – પોતાનો સ્વાર્થ સાધનાર મળ્યો છે. હે સંવેગી! એટલે વૈરાગી અથવા મોક્ષાભિલાષવાળા આત્મા! તું તેમાં, તે કુટુંબપરિવારમાં અથવા આ સંસારમાં મૂંઝા નહિ, પણ બુઝ અર્થાત્ સમજ પામ, સમજ. શું સમજ? આ વાત સમજ કે 'આ સંસારમાં તારું કોઈ નથી અને તું કોઈનો નથી. આ વાત નિરધાર છે, નક્કી છે, સંદેહવાળી નથી.'. (૧–૨)

"ત્યારે આ સ્વજનપરિવાર કેવી રીતે મળ્યો છે? તેની ઉપર દૃષ્ટાંત આપે છે કે પંથને મસ્તકે અર્થાત્ પંથ કરતાં રાત્રિવાસો રહેવાને ઠેકાણે જુદાં જુદાં સ્થળોએથી આવેલા પંથીઓ એકઠા થાય છે, તેમાં સ્નેહ કોની સાથે કરીએ? તેનું કારણ કહે છે કે, પંથીઓ રાત્રિવાસો રહે છે અને સવાર થાય એટલે પોતાને માર્ગે ચાલ્યા જાય છે, એટલે પછી સ્નેહનો નિર્વાહ, તેનું ટકવું શી રીતે થાય? ન થાય. એ જ પ્રમાણે આ સ્વજન-પરિવાર સ્ત્રીપુત્રાદિક પણ જુદી જુદી ગતિમાંથી આવીને એકઠાં થયાં છે. તે પાછાં પોત-પોતાનું આયુષ્ય પૂર્ણ થયે પાછાં ચાલ્યા જવાનાં છે, તેમાં કોની સાથે સ્નેહ કરીએ? કોઈની સાથે સ્નેહ કરવો યોગ્ય નથી, કેમ કે તે સ્નેહનો નિર્વાહ થઈ શકે એમ નથી. એ તાત્પર્યાર્થ સમજવો." (૩)

"બીજું દૃષ્ટાંત આપે છે કે જેમ કોઈ તીર્થે મેળો મળે ત્યારે તેમાં અનેક વેપારીઓ વેપાર કરવા પોતાનો માલ વેચવા અને બીજો માલ ખરીદ કરવા આવે છે, તેમાં પરિણામે કોઈ ફાયદો મેળવીને પોતાનાં ઘરે પાછા જાય છે અને કોઈ ત્રોટો મેળવીને જાય છે. તેમ આ મનુષ્યભવમાં સર્વ જીવો પૂર્વકર્માનુસાર સુખદુઃખ ભોગવવા આવ્યા છીએ, તેને પરિણામે કોઈ જીવ સત્કાર્ય કરી પુણ્યનો સંચય કરે છે, તે ફાયદો મેળવીને પરભવમાં દેવાદિ ગતિમાં જાય છે અને કોઈ જીવ દુષ્કર્મ કરીને પાપનો સંચય કરે છે, તે ત્રોટો મેળવીને, નુકસાન મેળવીને, નરકતિર્યંચાદિ દુર્ગતિમાં જાય છે." (૪)

"આ સંસારમાં જીવો જ્યાં સુધી પોતાનું કાર્ય સરે છે ત્યાં સુધી સ્નેહ બતાવે છે; પરંતુ જ્યારે સ્વાર્થ સરવો બંધ થાય છે ત્યારે સૂરિકાન્તાની જેમ સ્નેહમાંથી છટકે છે અને છેહ દેખાડે છે. તેનું દૃષ્ટાંત ટૂંકામાં આ પ્રમાણે છે—'પરદેશી નામના રાજાને સૂરિકાન્તા નામની રાણી હતી. રાજા પ્રથમ મિથ્યાદૃષ્ટિ હતો એટલે રાણી ઉપર તેનો ઘણો રાગ હતો. રાજા પોતે વિષયાસક્ત હતો. તેના પ્રધાનમિત્ર સારથિની પ્રેરણાથી કેશી ગણધર (પાર્શ્વનાથના અનુયાયી આચાર્ય) પાસે જવું થયું અને તેમની સાથે પ્રશ્નોત્તર કરતાં પરિણામે બોધ થયો, એટલે સમકિત પામ્યો; તેથી રાણી પ્રત્યેની રાગદશા ઘટી ગઈ અને વિષયાસક્તપણું નાશ પામ્યું. રાણીની કામવાસના પૂર્ણ ન થવાથી તે અન્ય પુરુષ સાથે લંપટ થઈ. તે વાતની રાજાને ખબર પડતાં તે કોઈને કહેશે અથવા હેરાન કરશે એમ જાણી રાણીએ તેને ઝેર દીધું અને તેનો ઉપચાર થવો શરૂ થતાં રખે એ જીવી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જશે એમ જાણી રોતી રોતી આવી તેની ઉપર પડીને ગળે નખ દઈ દીધો, જેથી તે રાજા મરણ પામ્યો.' સ્ત્રીનો સ્નેહ આ પ્રમાણે પોતાના સ્વાર્થ સરતા સુધીનો છે, એમ સમજવું. આ ગાથાનો એ તાત્પર્યાર્થ છે." (૫)

"હવે માતાપુત્રના સંબંધના અંગે કહે છે. બ્રહ્મદત્ત ચક્રવર્તીની માતા ચૂલણી વિધવાવસ્થામાં અન્ય રાજા સાથે લંપટ થઈ, પછી તેના કહેવાથી પોતાના ચક્રવર્તી થવા યોગ્ય પુત્રને પણ મારવા તૈયાર થઈ અને તેને બાળી મૂકવા માટે મોટું નાશકારક જતુગેહ (લાખનું ઘર) બનાવ્યું અને તેની અંદર બ્રહ્મદત્તને સૂવા મોકલી પોતે જ તે ઘરને આગ લગાડી. જુઓ, માતાનો સ્નેહ પણ આ પ્રકારનો સ્વાર્થી છે. વળી, ભરતબાહુબલ જેવા બે ભાઈઓ ઋષભદેવના પુત્ર હોવા છતાં રાજ્યને માટે, આજ્ઞા મનાવવા માટે પરસ્પર લડયા અને અનેક મનુષ્યોનો ક્ષય કર્યો. જુઓ! ભાઈઓનો સ્નેહ પણ એવો સ્વાર્થી છે." (૬)

"હવે પુત્રના સ્નેહને અંગે દૃષ્ટાંત આપે છે. જુઓ! શ્રેણિક રાજાને તેમના કુણિક નામના પુત્રે કેદમાં નાખ્યા, પાંજરામાં પૂર્યા, રાજ્ય વહેંચી લીધું, પોતાને તાબે કર્યું, એટલું જ નહિ પણ કેદખાનાની અંદર જઈને પણ પોતાના સગા બાપને ઘણું દુઃખ દીધું, દરરોજ પુષ્કળ ચાબુકના પ્રહાર પોતાને હાથે તેમની ઉપર કર્યા. પુત્રનું પણ કામ જુઓ! પુત્રનો સ્નેહ પણ આવો સ્વાર્થી છે." (૭)

"આ ભાવના વડે જ, અન્યત્વભાવના ભાવતાં જ મરુદેવામાતાએ મોક્ષપદ પ્રાપ્ત કર્યું. અને વીરપરમાત્માના મુખ્ય શિષ્ય ગૌતમ ગણધરે પણ આ ભાવના વડે જ કેવળજ્ઞાન ઉપાર્જન કર્યું. આ બન્ને દૃષ્ટાંતો પ્રસિદ્ધ છે તેથી અહીં લખ્યાં નથી." (૮)

આ ભાવનાને નવતત્ત્વકારે પાંચમી ભાવના ગણી છે. તેનો ટબો કરનાર આ ભાવનાનું સ્વરૂપ બતાવતાં લખે છે કે: "આત્મા જ્ઞાનસ્વરૂપ છે અને શરીર જડ છે, માટે પરસ્પર ભિન્ન છે, આત્મા તે શરીર નથી ને શરીર તે આત્મા નથી. આત્માથી શરીર અન્ય છે, તેમ જ ધન અને સ્વજનાદિથી અન્ય છે, એવી જે ભાવના કરવી તે પાંચમી અન્યત્વભાવના." શાંતસુધારસના કર્તા ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી આ ભાવનાને બહુ ઝળકાવે છે. તેઓ જણાવે છે કે આ અન્યત્વભાવના બહારની વસ્તુ સાથેનો પોતાનો સંબંધ કેવો છે તે જણાવે છે. એકત્વભાવના જ્યારે અંદર પોતાને જોવરાવે છે ત્યારે આ અન્યત્વભાવના બહારના સર્વ સગાંસંબંધીઓ અને વસ્તુને જોવા અને તેમનો આત્મા સાથેનો સંબંધ વિચારવા પ્રેરણા કરે છે. ત્યાં મારા વિવેચનમાં ઘણાં દૃષ્ટિબિંદુથી આ આત્મા સર્વથી જુદો છે અને તેને કોઈ સાથે હંમેશની લેવાદેવા નથી તે વિગતવાર અભ્યાસ કરીને જણાવી દીધું છે આ ભાવના વિસ્તારથી જાણવાની ઇચ્છાવાળાએ શાંતસુધારસ ગ્રંથ જોવો (પ્રકરણ પાંચમું). ત્યાં જણાવ્યું છે કે પારકી, લેવાદેવા વગરની, કોઈ પ્રકારની પંચાતમાં આ જીવ બહુ મહત્ત્વનો સમય ગાળે છે, પરકીય શું છે તેની તેણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગણના કરવા યોગ્ય છે અને સર્વ પારકી ચીજમાં ચેતન ફસાઈ ગયો છે તે ત્યાં બતાવ્યું છે. આત્માની થયેલી અને થતી પાર વગરની પીડાઓની ત્યાં ગણતરી કરી છે અને એની પરભાવની મજાઓ કેવી છે તે પણ ત્યાં બતાવ્યું છે. આ વસાવેલ ઘર અંતે અહીં રહી જશે એ ત્યાં બતાવ્યું છે અને આત્માને થયેલા વ્યાધિનું ત્યાં નિદાન બતાવ્યું છે. એના ઉપાયમાં પથ્ય પાળવાનું જણાવ્યું છે અને અનુભવરસથી પુષ્ટિ કેવી થાય છે તે ખુલાસાવાર જણાવ્યું છે. બાકી, આ પંથીનો મેળો છે, મુસાફરખાનાનો એ ઘડીનો મેળો છે અને પ્રેમમાં નર્યો સંતાપ છે. લક્ષ્મી કોઈની થઈ નથી અને થવાની નથી. સ્વયં ત્યાગનો મહિમા બતાવ્યો છે. મરુદેવાનું અંબાડી પર કેવળજ્ઞાન ત્યાં વર્ણવ્યું છે અને સ્ત્રી તથા માતાનું અન્યત્વ વર્ણવ્યું છે. બધાં સગાંઓ અને સંબંધી પર છે તે વિગતે ત્યાં જણાવ્યું છે અને આ સર્વ પૌદ્ગલિક સંબંધ પર છે તે વાત પણ વિસ્તારથી જણાવી છે. એ અન્યત્વભાવનાનું શાંતસુધારસનું સદર વિવરણ જુઓ. કહેવાની વાત એ છે કે ધનદોલત, ઘરબાર કે સગાસંબંધી અને આપણું પોતાનું માનેલું અને પોષેલું શરીર પણ પારકું છે, પર છે અને તેને પોતાનું માનીને જે જે કાર્યો કરવામાં આવે છે તે નકામા જાય છે. આ દૃષ્ટિબિંદુથી સંસારને વિચારવો. (૧૫૪)

**પાંચમી અશુચિભાવનાનું વિસ્તારથી સ્વરૂપ—**

**अशुचिकरणसामर्थ्यादाद्युत्तरकारणाशुचित्वाच्च ।**
**देहस्याशुचिभावः स्थाने स्थाने भवति चिन्त्यः ॥१५५॥**

**અર્થ**—અપવિત્રતામાં એની શરૂઆત થયેલી હોવાથી અને ત્યાર પછી એ વધારે વધારે અપવિત્રતા(અશુચિ) કરનાર હોવાથી અને એના સામર્થ્ય(બળ)નો ઉપયોગ એ અશુચિમાં કરનાર હોવાથી શરીરની અપવિત્રતાનો ભાવ શરીરના પ્રત્યેક અવયવને અંગે થાય છે એવું વિચારવું. (૧૫૫)

**વિવરણ**—આ ગાથામાં અશુચિભાવનાની વધારે વિગતવાર સમજણ આપી છે. ગ્રંથકાર પોતે અપવિત્રતાને અંગે શું કહે છે તે આપણે પ્રથમ વિગતવાર સમજીએ.

**આદિકારણ**—શરીરની ઉત્પત્તિ પ્રથમ તો શુક્રશોણિતથી થાય છે. પિતાના વીર્ય અને માતાના શોણિતથી આ શરીર જન્મ પામે છે. પ્રથમ તો એ શરીરની ઉત્પત્તિ જ અપવિત્ર રીતે થયેલી છે. શુક્ર અને શોણિત એ બે, જેમાંથી આ જીવ ઉપજે છે તે બન્ને વસ્તુઓ અપવિત્ર છે. એની સામે જોવું કે એના પર થૂંકવું ન ગમે એવી એ ખરાબ ક્લિષ્ટ વસ્તુઓ છે. આ રીતે આ શરીરની ઉત્પત્તિ પણ અતિ અધમ છે.

**ઉત્તરકારણ**—અને ઉત્પત્તિ થયા પછી માતાના ઉદરમાં આ જીવ નવ માસ અને દશ દિવસ લગભગ રહે છે. એ ઉદર પણ અશુચિથી ભરપૂર છે. એમાં લોહી, માંસ,

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હાડકાં અને ચરબી એ જરા પણ ન ગમે તેવી વસ્તુની વચ્ચે આ શરીર રહી અપવિત્ર ઓછું હોય તો પૂરેપૂરું અપવિત્ર બને છે. એની ફરતી ઓર ફરી વળે છે. અને એની અશુચિતામાં કાંઈ ઓછું રહ્યું હોય તો તે પૂર્ણ થાય છે. આ રીતે આ જીવની ઉત્પત્તિ અપવિત્ર છે. અને એની આસપાસ પછી પણ અપવિત્ર (અશુચિ) ચીજો હોય છે. એટલે એ અપવિત્ર છે અને વધારે થાય છે. આવા શરીરને પાળવાનું કે પોષવાનું ન જ હોય, એને વાળ ઓળવાના હોય નહિ, એને સાબુ લગાડવો ઘટે નહિ અને ન ખાવા યોગ્ય વસ્તુથી એનું પોષણ ન ઘટે. એ તો ધર્મનું સાધન હોવાથી એનાથી કામ લેવાય, પણ એ અપવિત્ર છે એ વાત નિરંતર યાદ રહે, વિચારમાં લેવાય.

**સ્થાને સ્થાને**—આ શરીર મૂળથી અપવિત્ર છે અને એ અપવિત્ર વસ્તુઓની વચ્ચે બંધાયેલું અને ઉછરેલું છે. એનું શિર કે કપાળ કે એનો કોઈ પણ અવયવ આ અશુચિમય પદાર્થોથી ભરેલો છે. શરીરનો પ્રત્યેક વિભાગ માત્ર અશુચિમય છે, માત્ર ચામડીએ મઢેલ છે તેથી સારો દેખાય છે. બાકી એની ચામડી કાઢી લેવામાં આવે કે અંદરનો ભાગ બહાર પાડવામાં આવે, ઉથલાવવામાં આવે તો એની સામે થૂંકવું પણ ગમે નહિ એવું એ અશુચિમય છે. પુરુષનાં નવ દ્વારો તો નિરંતર ચાલ્યાં જ કરે છે અને સ્ત્રીઓનાં બાર દ્વાર ખુલ્લાં છે, એમાં ચાહવા યોગ્ય કે ગમે તેવી કોઈ પણ ચીજ નથી. એના હાથપગ, માથું કે મોઢું, એનાં હાડકાં કે માંસ કે કોઈ પણ અવયવ ગમે તેવો નથી.

જૈન સાઈટ JAINSITE .com

**સામર્થ્ય**—આ શરીર સારી વસ્તુને ખરાબ કરે, અશુચિમય બનાવે તેવી તેનામાં શક્તિ છે. સારી કપૂર વગેરે ચીજ પણ એની પાસે મૂકી હોય તો તે તેને દુર્ગંધમય બનાવી દે એવી એનામાં શક્તિ છે. એ શરીરને એવી શક્તિ કુદરતી મળેલી છે કે સારી વસ્તુને એ ખરાબ કરે. આવા અશુચિથી ઉત્પન્ન થયેલા અને વધેલા તથા વસ્તુને ખરાબ કરવાની શક્તિવાળા શરીરમાં અપવિત્ર ચીજો ભરેલી જ છે.

**દેહનો અશુચિભાવ**—આ શરીરનો અપવિત્ર ભાવ વારંવાર વિચારવો અને શરીરની ઉત્પત્તિ, તેનો ઉછેર અને વસ્તુ ખરાબ કરવાની તેની શક્તિ વિચારતાં આ શરીર માત્ર ધર્મસાધન હોવાથી તેનાથી કામ લેવું, પણ સાથે વિચારવું કે એ અપવિત્ર છે અને અપવિત્રતાથી ભરેલું છે અને સારી વસ્તુને પણ ખરાબ કરનાર છે. પોતે અપવિત્ર હોઈ એ એના સંબંધમાં આવનારી વસ્તુઓ ગમે તેવી સારી હોય તેને પણ પોતાની જેમ અપવિત્ર–અશુચિ કરનાર છે. શરીરના સંબંધમાં ચંદન જેવી નિર્મળ વસ્તુ આવે તો તે પણ ગંધાતી, દુર્ગંધ મારતી થઈ જાય છે અને સારાં ફળફળાદિ પણ વિષ્ટામય થઈ જાય છે. એ ખરાબ છે અને બીજાને ખરાબ કરનાર થઈ પડે છે. એટલે એને બરાબર ઓળખી એની પાસેથી કામ કાઢી લેવા જેવું છે, પણ એ કેવું અપવિત્ર છે તે આખો વખત નજર સન્મુખ રાખવા જેવું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ સંબંધમાં જસસોમ મુનિ શું કહે છે તે આપણે વિચારીએ :–

(રાગ સિંધુ સામેરી)

છઠ્ઠી ભાવના મન ધરો, જીઉ અશુચિભરી એ કાયા રે;
શી માયા રે, માંડે કાચા પિંડશું એ.... ૧

નગરખાળ પરે નિતુ વહે, કફમળમૂત્રભંડારો રે;
તિમ દ્વારો રે, નર નવ દ્વાદશ નારીનાં એ.... ૨

દેખી દુર્ગંધ દૂરથી, તું મુહ મચકોડે માણે રે;
નવિ જાણે રે, તિણુ પુદ્ગળ તુજ તનુ ભર્યું એ.... ૩

માંસ રુધિર મેદારસે, અસ્થિ મજ્જા નરબીજે રે;
શું રીઝે રે, રૂપ દેખી દેખી આપણું એ..... ૪

કૃમિવાળાદિક કોથળી, મોહરાયની ચેટી રે;
એ પેટી રે, ચર્મજડી ઘણા રોગની એ.... ૫

ગર્ભવાસ નવ માસમાં, કૃમિ પેરે મળમાં વસિયો રે;
તું રસિયો રે, ઊંધે માથે ઈમ રહ્યો એ.... ૬

કનકકુઅરી ભોજન ભરી, તિહાં દેખી દુર્ગંધ બુઝ્યા રે;
અતિ ઝૂઝ્યા રે, મલ્લિમિત્ર નિજ કર્મશું રે.... ૭

આ પ્રમાણે જસસોમનો સ્વાધ્યાય છે, આપણે તેનો આધારભૂત ભાવાર્થ પણ સમજી જીવવા પ્રયત્ન કરીએ.

“અહો! ભવ્યજનો! આ છઠ્ઠી ભાવના (ઉમાસ્વાતિએ એને પાંચમી ભાવના ગણી છે) તમે આ પ્રમાણે ભાવો. શી રીતે ભાવો? તમે વિચારો કે, આ કાયા અશુચિની ભરેલી, અપવિત્ર પદાર્થોથી ભરેલી છે; તો તેવા કાચા પિંડની સાથે, કાચી માટીના પાત્રના જેવા વિનાશી શરીરની સાથે શી માયા માંડે છે, શું પ્રીતિ કરે છે? એમાં પ્રીતિ કરવા-લાયક પદાર્થો જ શું છે?” ૧.

“જરા આંખો ઉઘાડીને જો કે જેમ નગરની ખાળ નિરંતર વહ્યા કરે તેમ આ શરીર કે જે કફ, મળ અને મૂત્રાદિનો ભંડાર છે, તેમની ખાણ છે તે પણ નિરંતર વહ્યા જ કરે છે, તેને માટે આ શરીરરૂપી નગરમાં પુરુષને માટે નવ દ્વાર છે અને સ્ત્રીને માટે બાર દ્વાર છે.” ૨.

“અરે મુગ્ધ પ્રાણી! તું દુર્ગંધને દૂરથી જ જોઈને મ્હોં વાંકું કરે છે, મચકોડે છે, પણ વિચારતો નથી કે તેવા દુર્ગંધી પદાર્થો વડે જ આ તારું શરીર ભરેલું છે; અને



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ માંસ, રુધિર, મેદ, રસ, હાડકાં અને મજ્જા તથા વીર્યાદિ વડે ભરેલું છે; તો તેને જોઈને અથવા તેવા અપવિત્ર પદાર્થોથી ભરેલા તારા પોતાના શરીરને જોઈને તેના ઉપરના રૂપથી શું રીઝે છે? કેમ આનંદ પામે છે? કેમ કે આ શરીરરૂપી કોથળી કરમિયા અને વાળા વગેરે અનેક ત્રસજંતુઓથી પણ ભરેલી છે; મોહરાજાની તો તે દાસી છે અને ઘણા રોગથી ભરેલી છતાં ઉપર ચામડાથી મઢી દીધેલી છે.” ૩-૪-૫.

“અરે સુજ્ઞ જીવ! જરા યાદ કર કે તું નવ મહિના પર્યંત ગર્ભવાસમાં મળમૂત્રની વચમાં, કૃમિની જેમ ઊંધે માથે વસ્યો હતો, રહ્યો હતો અને વળી તેમાં રસિક થયો હતો. આ હકીકતને પુષ્ટ કરવા માટે કર્તા દૃષ્ટાંત આપે છે કે, મલ્લિ કુંવરીએ બનાવેલી સોનાની પૂતળી કે જેમાં દરરોજ એકેક કોળિયો અનાજનો નાખવામાં આવતો હતો તેમાં ઉત્પન્ન થયેલ દુર્ગંધ જોઈને આ શરીર કે જેમાં દરરોજ બત્રીશ કોળિયા અનાજ નાખવામાં આવે છે તેની અંદર કેવી દુર્ગંધ હોવી જોઈએ, તે બતાવી તેની પોતાની ઉપર મોહીને આવેલા છ રાજાઓ કે જે પૂર્વભવે તેના મિત્રો હતા તેમને પ્રતિબોધ પમાડયો. તેઓ પ્રતિબોધ પામ્યા એટલે તેમણે ચારિત્ર ગ્રહણ કર્યું અને પછી પોતાનાં કર્મોની સંગાથે મહાન યુદ્ધ કરી તેમને પરાસ્ત કર્યાં, પરિણામે કર્મવિમુક્ત થઈ પરમાત્મપદને પામ્યા.”૬-૭.

આ પ્રમાણે આ શરીર અશુચિ ભરેલું છે એમ દાખલાદલીલ સાથે સમજી તેના ઉપર મોહ ન કરવો, પણ તેનાથી બને તેટલું કામ કાઢી લેવું. બાકી શરીરમાં તો અશુચિ જ ભરેલી છે, એના પ્રત્યેક સ્થાનમાં અપવિત્રતા છે અને એ ચામડીથી મઢેલી કોથળીથી છવાયેલ ન હોય તો તેની સામે જોવું પણ ગમે તેવું નથી, સૂગ આવે તેવા પદાર્થોથી શરીર ભરેલું છે. નવતત્ત્વ ગ્રંથના ટબાકાર આ અશુચિભાવનાનું સ્વરૂપ જણાવતાં લખે છે કે, “રસ, રુધિર, માંસ, મેદ, અસ્થિ, મજ્જા, વીર્ય, પરુ તથા આંતરડા ઇત્યાદિ અપવિત્ર (અમેધ્ય) વસ્તુઓથી શરીર ભરેલું છે, અને જેના નવ દ્વારો સદા ઘરની ખાળની પેઠે વહેતા રહે છે, એ શરીર કોઈ કાળે પણ પવિત્ર હોતું નથી, એવી જે ભાવના કરવી તે છઠ્ઠી (ઉમાસ્વાતિ મતે પાંચમી) અશુચિભાવના.” આ પ્રમાણે અશુચિભાવના શાસ્ત્રકારે વર્ણવી છે. શાંતસુધારસ ગ્રંથમાં આ અશુચિભાવનાને વિનયવિજય મહારાજે છઠ્ઠી ભાવના ગણી છે. આ લેખકે તેના પર પૃષ્ઠ ૩૧૯ થી ૩૫૭ પર વિવેચન વિસ્તારથી કરેલ છે. તે જણાવે છે કે શરીરમાં આ પ્રાણી ગુંથાઇ ગયો છે, પણ શરીરમાં શું ભરેલું છે? કોથળી (શરીર) ઉઘાડી મૂકે કેવી લાગે? એ તો દારૂ ભરેલ માટીનો ઘડો છે. એ ઘડો સાફ થાય ખરો? એવા શરીરની જતના કેટલી? અને તેને સ્નાન અને વિલેપન હોય? એને કાચમાં જોઈ માણસ ચેડાં કાઢે છે પણ ઉકરડા કદી સાફ થયા સાંભળ્યા છે? લસણને સુગંધીમાં રાખવામાં આવે કે નાદાન પર ઉપકાર કરવામાં આવે પણ એ પોતાનો સ્વભાવ છોડતું નથી. એનું ઉત્પત્તિસ્થાન જ અપવિત્ર છે. એની પવિત્રતાના દાવામાં મોહ છે. શૌચવાદ અયથાર્થ છે. આત્મશૌચ આત્મકર્તવ્ય. શરીરને મલિન ગણવાનાં કારણો છે. શરીરને પ્રેરનાર

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આંતરવિભૂતિ છે. એનામાં વિચાર અને વિવેક બન્ને છે. મળથી ભરેલા શરીરમાં સારા વાનાં જ ન હોય. એને ઢાંકવામાં આવે તો પણ એ ઝમ્યા જ કરે છે. આખરે એ કચરાનો કૂવો છે, એ સારી વસ્તુને પણ ખરાબ કરે છે. એક મુખનો જ દાખલો વિચારીએ તો તે કેટલું ગંધાતું અને અશુચિમય છે તે બરાબર સમજાય. એને સુંદર દેખાડવાના પ્રયત્નો અસ્થાને છે. પુરુષનાં નવ અને સ્ત્રીનાં બાર દ્વારો નિરંતર વહ્યા જ કરે છે. શરીર સુંદર ખોરાકને વિષ્ટા બનાવે છે. ગાયના સરસ દૂધને વિષ્ટા બનાવે છે. ભાંગ્યાના વટાવ કરીને એનાથી શિવસાધન કરવા જેવું છે, કારણ આ કાયા મોક્ષદ્વાર છે. એ જળાશયમાંથી શાંત-રસ પીવા યોગ્ય છે, એટલે ભાંગ્યાના વટાવ થશે. મલ્લિ કુંવરીનો ત્યાર પછી વિનયવિજય દાખલો આપે છે. પરણવા આવનાર દીક્ષિત થયા તે પોતાની પ્રૌઢ ભાષામાં જણાવે છે. શરીર વ્યાધિથી ભરેલું છે. કપડાં કેમ ધોવાં પડે છે? એ શરીરની અપવિત્રતાનું જ પ્રદર્શન છે. પણ આપણો પનારો એની સાથે છે, એથી એનો લાભ લેવાય તેટલો વસૂલ કરવો. અત્યારે ઊલટા રસ્તા લીધા છે. સરોવર મળ્યું છે, પી લેવાની આ તક છે.

ખાસ કરીને ધર્મસાધન હોવાથી શરીરનો બને તેટલો લાભ લેવા જેવું છે અને તેટલા પૂરતું ઉપેક્ષા કરવા લાયક નથી. બાકી એને પંપાળવામાં આવે કે આખો વખત તેની તબિયત વિચારવામાં અને જોવામાં આવે તો એનાથી નકામી ચિંતા થાય છે અને એનો ધારેલ લાભ લેવાતો નથી. આ દૃષ્ટિથી વિચારણા કરી શરીરને બહુ પંપાળવું નહિ અને ઉપેક્ષવું નહિ. એ રીતે શરીર સંબંધી વિચારણા કરવી યોગ્ય છે. એ આ અશુચિ-ભાવનાનો વિષય છે. ભાવના હંમેશા માનસિક જ હોય છે અને એ બારેબાર ભાવના ગોટા વાળ્યા વગર આ દુનિયાદારીના સંબંધમાં આપણામાં વિચારજાગૃતિ કરે છે. એ જ ભાવનાનું કામ છે અને વિચાર જગાડે એટલામાં એની પરિસમાપ્તિ થાય છે. આ બારે ભાવનાનું કાર્ય શું છે અને તે વિચારજાગૃતિમાં કેટલો મહત્ત્વનો ભાગ ભજવે છે તે શાંત-સુધારસ ગ્રંથમાં આપણે વિચારી ગયા. વિષય-કષાયનો નિગ્રહ કરી વૈરાગ્યમાર્ગે ચાલે અને વસ્તુસ્થિતિ બરાબર સમજવા માટે ભાવનાના પ્રદેશમાં ચિંતન કરે એટલે આ પ્રાણી આગળ વધે છે. એટલે, આ વિચારણાને ઘણું મહત્ત્વનું સ્થાન છે. આ દૃષ્ટિથી અશુચિ-ભાવના વિચારવી. (૧૫૫).

### છઠ્ઠી સંસારભાવનાનું વિસ્તારથી સ્વરૂપ—

माता भूत्वा दुहिता भगिनी भार्या च भवति संसारे ।
व्रजति सुतः पितृतां भ्रातृतां पुनः शत्रुतां चैव ॥१५६॥

**અર્થ**—માતા થઈને આ સંસારમાં તે જ બહેન અને પત્ની થાય છે, દીકરો હોય તે પિતાપણું પામે છે અને વળી ભાઈ થાય છે અને શત્રુ (દુશ્મન) થઈ જાય છે. આવું આવું આ સંસારમાં બને છે. (૧૫૬).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિવરણ**—આ ગાથા છઠ્ઠી સંસારભાવનાને માટે છે. તે જણાવે છે કે જે માતા થઈ હોય તે જ પાછી બીજા જન્મમાં બહેન અને પત્ની થાય છે. આવો મેળો કમેળો આ સંસારમાં બન્યા જ કરે છે. અને દીકરો બાપ થાય છે અને વળી તે ભાઈ થાય છે અને આવતે ભવે દુશ્મન થઈ જાય છે. આ સંસારની સ્થિતિ વિચારતાં એના પર પ્રેમ આવી જાય તેવું નથી, અને બને તેટલું તેનાથી દૂર ભગાય તો સારું એવું ચિંતવન થાય છે. આ પ્રમાણે પ્રથમ ગ્રંથકર્ત્તા સાથે ચિંતવન કરી સંસારનું સ્વરૂપ વિચારીએ.

**માતા થઈને તે જ બહેન થાય છે**—આ સંસાર બરાબર ઓળખવા જેવો છે અને ઓળખીને તેના પરનો પ્રેમ બરાબર સમજવા યોગ્ય છે. આ દુનિયામાં—સંસારમાં માતાનો પ્રેમ સર્વથી વધારે ગણાય છે. જે આ ભવમાં માતા થઈ તે આવતા ભવમાં બહેન કે પત્ની થાય છે, એવી વિશિષ્ટ દૃષ્ટિવાળાની સમજણ છે. જ્યારે આવતા ભવમાં માતા પત્ની થાય ત્યારે શું બાકી રહે? વળી તે આગલા ભવની મા હતી એવું પણ પ્રાણીને યાદ રહેતું નથી, યાદ આવતું નથી. ત્યાં તો પાછો વહાલ કરવા અને શૃંગાર તેની સાથે રમવા પ્રાણી મંડી જાય છે અને તેની સાથે હસ્તમિલન કરી તેને ખભે ચઢાવે છે અને સારા માણસનાં મુખમાં પણ ન શોભે તેવા ચાળાઓ કરે છે અથવા બહેનને કરિયાવર કરે છે, અને તેના વરના વાંધા કાઢી આપે છે કે બહેન સાથે લડે છે. આ પ્રાણીના અનેક થયેલા અને થવાના સંબંધ વિચારતાં, ઘોર સંસારને લાંબે ગાળે વિચારતાં, માતા આવતા ભવે બહેન કે પત્ની થાય એ તદ્દન બનવાજોગ છે. આવો વિચિત્ર સંસાર છે. અને સમજ્યા વિચાર્યા વગર પ્રાણી સંસારને ચાટતો જાય છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**દીકરો બાપ થઈને બેસે છે**—આ ભવમાં દીકરો હોય તે આવતે ભવે બાપ થઈને હુકમ ચલાવે છે. દીકરો બાપ થાય એટલે બાપ તરીકેના સર્વ હકો તેને મળે છે.

**ભાઈ હોય તે દુશ્મન થાય**—આ સંસાર એવો વિચિત્ર છે કે આ ભવના સગા ભાઈ હોય, એકબીજાને સારે ખરાબ અવસરે મદદ કરતા હોય તે આવતા ભવમાં વૈરી–દુશ્મન થઈ જાય છે. સંસારની તો બધી યોનિઓમાં અને સર્વ સ્થાનકમાં આ જીવ ઘણે ભાગે ગયો છે અને બધી જાતના સંબંધ કર્યા છે. તેવા સંસારને બરાબર વિચારવો, ચિંતવવો એ આ સંસારભાવનાનું કામ છે. અથવા દીકરો દુશ્મન થાય તે તો ઘણીવાર આ ભવમાં પણ બને છે. કોર્ટ–ન્યાયાસનમાં આવતા સગા ભાઈઓના કેસો વિચારીએ છીએ ત્યારે આ ભવમાં પણ ભાઈઓને દુશ્મન થતાં અને અયોગ્ય શબ્દો વાપરતાં જોઈએ છીએ, સાંભળીએ છીએ. પરભવમાં ભાઈઓને દુશ્મન થતાં જ્ઞાનદૃષ્ટિએ જ્ઞાનીએ જોયા છે. એટલે આજના ભાઈભાંડું હોય તે જ પરભવે દુશ્મન થઈને બેસે એવો આ સંસાર વિચારણા માગે છે. અથવા આપણા ભાઈ જેવા સગા હોય તે આ ભવે કે પરભવે આપણા દુશ્મન થઈ જાય છે. આ સર્વ વાત સંસારભાવનામાં વિચારવા યોગ્ય છે, પણ અતિશયોક્તિ કર્યા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વગરનું આ જેવું દીઠું તેવું તેનું સ્વરૂપ ઓળખ્યું છે અને તેને તે રીતે ચિંતવવાથી પ્રાણી પ્રગતિને પંથે ચઢે છે. આ રીતે આ સંસારભાવના ચિંતવવી, વિચારવી. એ બરાબર વિચારવામાં આવશે તો પછી સંસાર પર કે સાંસારિક કોઈ પદાર્થ પર તમને પ્રેમ નહિ આવે, તમે બળતા ઘરને જોઈને સળગી નહિ ઊઠો અને ચિતામાં પિતાના શબને કે ભાઈના શબને જોઈને પોક માંડીને રોશો નહિ. તમે સંસારને યથાસ્વરૂપે ઓળખો અને ઓળખીને તે તરીકે વિચારો.

જસસોમ મુનિએ આ સંસારભાવનાને પોતાની ગણતરી પ્રમાણે ત્રીજી ભાવના ગણી છે. આ સંસારભાવના પરત્વે જસસોમ મુનિ કેવી વાત કરે છે તે આપણે તેમની સજ્ઝાય (સ્વાધ્યાય) દ્વારા જરા જોઈ જઈએ અને નજર ઉઘાડી રાખી ચિંતવીએ.

(રાગ મારુણી.)

ત્રીજી ભાવના ઈણીપરે ભાવીએ રે, એહ સ્વરૂપ સંસાર;
કર્મવશે જીવ નાચે નવનવ રંગશું રે, એ એ વિવિધ પ્રકાર. ૧

ચેતન ચેતીએ રે, લહી માનવ અવતાર.
ભવનાટકથી જો હુઆ ઉભગા રે, તો છાંડો વિષયવિકાર. ચેતન૦ ૨

કબહી ભૂ જલ જલણાનિલ તરુમાં ભમ્યો રે, કબહી નરક નિગોદ;
બિતિચઉરિંદ્રિયમાંહે કેઈ દિન વસ્યો રે, કબહીક દેવવિનોદ. ચેતન૦ ૩

કીડીપતંગહરિમાતંગપણું ભજે રે, કબહી સર્પ શિયાળ;
બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય કહાવતો રે, હોવે શૂદ્ર ચંડાલ. ચેતન૦ ૪

લખ ચઉરાશી ચઉટે રમતો રંગશું રે, કરી કરી નવ નવ વેશ;
રૂપ કુરૂપ ધની નિર્દ્રવ્ય સોભાગીઓ રે, દુર્ભાગી દુરવેશ. ચેતન૦ ૫

દ્રવ્ય ક્ષેત્ર સૂક્ષમ ને બાદર ભેદ શું રે, કાળ ભાવ પણ તેમ;
અનંતાનંત પુદ્ગળપરાવર્તન કર્યા રે, કહ્યા પન્નવણા એમ. ચેતન૦ ૬

ભાઈબહિન નારીતાતપણું ભજે રે, માતપિતા હોયે પુત્ર;
તેહી જ નારી વૈરી ને વળી વાલહી રે, એહ સંસારહ સૂત્ર. ચેતન૦ ૭

ભુવનભાનુ જિન ભાખ્યાં ચરિત્ર સૂણી ઘણાં રે, સમજ્યા ચતુર સુજાણ;
કર્મવિવર વશ મૂકી મોહવિટંબના રે, મળ્યા મુગતિ જિનભાણ. ચેતન૦ ૮

એનો ભાવાર્થ લખતાં જણાવે છે કે "ત્રીજી ભાવનાની અંદર કર્તા કહે છે કે આ સંસારનું સ્વરૂપ વિચારીએ કે અહો! કર્મના વશે કરીને આ જીવ સંસારમાં નવા નવા વેશ લે છે અને વિવિધ પ્રકારે નાચી નવા નવા રંગ બતાવે છે. તેથી હે ચેતન!

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્ જૈન સાઈટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મનુષ્યનો ભવ પામીને ચેતવું યોગ્ય છે. જો આ ભવનાટકથી તું ઉભગે હો, અર્થાત્ આ સંસારમાં નવા નવા વેશ લઈને નાચ કરવાથી થાકયો હો, ઉદ્વિગ્ન થયો હો, અકળાણો હો, તો વિષયવિકારને તજી દે અને શુદ્ધ ચારિત્રનો સ્વીકાર કર.” (૧–૨)

“હવે આ સંસારમાં આ જીવે કેવાં કેવાં રૂપ લીધાં છે તે યાદ આપે છે. હે ચેતન! કોઈ વાર પૃથ્વીમાં, કોઈ વાર જળમાં, કોઈ વાર અગ્નિમાં, કોઈ વાર પવનમાં, કોઈ વાર વનસ્પતિમાં, કોઈ વાર નરકમાં, કોઈ વાર નિગોદમાં, કોઈ વાર બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચઉરિંદ્રિયમાં, એમ પૃથક્ પૃથક્ જાતિમાં કેટલીએ વખત અર્થાત્ ઘણો કાળ તું વસ્યો છે, તે તે રૂપ ઉત્પન્ન થયો છે. કોઈ વાર દેવતા થઈ ત્યાં વિનોદ કર્યો છે, કોઈ વાર કીડી, પતંગિયું, સિંહ અને હસ્તી થયો છે. કોઈ વખત સર્પ અને શિયાળ પણ થયો છે, વળી કોઈ વાર મનુષ્ય થઈને બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર તેમ જ ચંડાળ પણ કહેવાણો છે. આ પ્રમાણે ચોરાશી લાખ જીવયોનિમાં નવા નવા વેશ ધારણ કરીને રંગભર રમ્યો છે. તેમાં કોઈ વખત રૂપવંત થયો છે, કોઈ વખત કુરૂપ(કદરૂપો) થયો છે. કોઈ વાર ધની (તાલેવંત) થયો છે અને કોઈ વાર નિર્ધન(દરિદ્રી) થયો છે, કોઈ વાર સુભાગી થયો છે અને કોઈ વાર દુર્ભાગી થયો છે. કોઈ વાર ફકીર(દરવેશ) પણ થયો છે.” (૩–૪–૫)

“આ પ્રમાણે જુદાં જુદાં રૂપ લઈને સંસારમાં પરિભ્રમણ કરતાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી સૂક્ષ્મ અને બાદર એમ આઠ પ્રકારનાં પુદ્ગળપરાવર્તન થાય છે; તેવાં અનંત પુદ્ગળપરાવર્તનો તેં કર્યાં છે. આ પ્રમાણે પન્નવણાસૂત્રમાં સવિસ્તર કહેલ છે.” (૬)

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

“આ સંસારમાં દરેક જીવની સાથે મનુષ્યપણામાં પણ અનેક સંબંધો થાય છે. ભાઈબહેન થયાં હોય તે પાછાં સ્ત્રી અને પિતા થાય છે. માતાપિતા થયેલા તે પુત્ર થાય છે. તે જ સ્ત્રી વેરી થાય છે ને પાછી વલ્લભ થાય છે. આ પ્રમાણે આ સંસારનું સૂત્ર અત્યંત વિચિત્ર છે.” (૭)

“શ્રી ભુવનભાનુકેવળીએ કહેલું પોતાનું ચરિત્ર, પોતે આ સંસારમાં કરેલા અનેક ભવોનું વૃતાંત સાંભળીને ઘણા ચતુર સુજાણ પુરુષો—મનુષ્યો પ્રતિબોધ પામ્યા છે અને કર્મવશપ્રાપ્ત થયેલી મોહરાજાની વિડંબણાને તજી દઈને જિનભાણ (કેવળી) થઈ, મુક્તિમાં જઈ એક સાથે મળી ગયા છે.” (૮)

આવી રીતે આ સંસારનું સ્વરૂપ ચિંતવવું. નવતત્ત્વકાર આ સંસારભાવનાને કેવી રીતે ભાવવી તે સંબંધમાં જણાવે છે કે: “માતા તે સ્ત્રી થાય, સ્ત્રી તે માતા થાય, પિતા તે પુત્ર થાય, પુત્ર તે પિતા થાય ઇત્યાદિક આ જીવે સર્વ ભાવનો અનુભવ કર્યો છે, એવી જે ભાવના કરવી તે ત્રીજી સંસારભાવના.” આના સંબંધમાં વિનયવિજય ઉપાધ્યાય તેઓના શાંતસુધારસ ગ્રંથમાં, જેમાં તેઓ સંસારભાવનાને ત્રીજી ભાવના ગણે છે, જે કહે છે તેના ઉપર આ લેખકે વિસ્તારથી વિવેચન કરી પ્રકટ કર્યું છે, તે પૃષ્ઠ ૧૯૦–૨૧૭માં છે. ત્યાં તેઓ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જણાવે છે કે આ સંસારનાટકના પાત્રો ઓળખવા યોગ્ય છે. એમાં ખાસ કરીને મનોવિકારનું જોર હોય છે. અને એવા અંતરવિકાર અનેક છે. પછી એક લોભ નામનો વિકાર પ્રાણીને શું શું કરે છે તે સમજવાથી વિકારોની મહત્તા સમજાઈ જશે. તે જણાવે છે કે તૃષ્ણાબાઈ આ લોભથી પણ વધારે આકરો આંતર મનોવિકાર છે. એવા વિકારો કેવી કેવી વિડંબના કરે છે તે ત્યાં અનેક દાખલાઓ આપી બતાવી આપ્યું છે. તે જણાવે છે કે દુનિયામાં એક ચિંતા મટે છે ત્યાં બીજી ઉત્પન્ન થાય છે, અને સર્વ એને (જીવને) કર્મરજથી ભારે કરે છે. આ ચિંતાનો વિષય બરાબર વિચારવા યોગ્ય છે. વેપાર કરનારની ચિંતા નમૂનારૂપે બતાવી છે. ઘડપણની પરાધીનતા પણ ત્યાં વર્ણવી છે. આ સંસારનાટક તો નિરંતર ચાલ્યા કરે છે. આદરેલાં અધવચ રહી જાય છે. આ હીરાજડિત પાંજરામાં પડેલો પોપટ અંતે એને કેદખાનું જ સમજે છે, પણ એ કેદખાનું પછી એને સ્વાભાવિક લાગે છે. આ સંસારમાં પ્રાણીનું સ્થાન શું છે તે વિચારવા યોગ્ય છે. મોહરાજાએ દારૂ પાઈ આ દારુણ સંસાર જમાવ્યો છે અને અનેક ફસામણો તેણે કરી છે. એના શાસનમાં તમારાથી રહેવાય જ કેમ? તું તો ખાલી કર્મ નચાવે તેમ નાચનારો છે, પણ તારો પૂર્વ ઇતિહાસ તું જ યાદ રાખીશ તો ખરું સ્વરૂપ સમજીશ. આ ભવમાં બાળક પરાધીન છે, જુવાનીમાં મસ્તમદમત્ત છે અને ઘડપણમાં પરવશ છે. સંસારમાં દીકરો બાપ થાય છે અને બાપ દીકરો થાય છે. કુબેરદત્તાના સંબંધો ત્યાં વર્ણવ્યા છે. તારી દશા તો ખરેખર દારૂડિયા જેવી છે. સંસારને બરાબર ઓળખીશ તો તને તે ગમશે નહિ. તને લાગશે કે આ બધું શેની ખાતર? સાચો સુખી કોઈ નથી. છેવટે તો સર્વ મૂકી જવાનું છે. સમરાદિત્ય જેવાં ચરિત્રો વિચારવાં. અવસર ગયા પછીનો પસ્તાવો નકામો નીવડશે. આવા અનેક મુદ્દા એ સંસારભાવનાના વિવેચનમાં રજૂ કર્યા છે.

આ રીતે સંસારભાવના ભાવવી. સંસારમાં પ્રાણી કેવો આવે છે, કેવો ચાલ્યો જાય છે, કેવી રીતે છાતી કાઢીને ચાલે છે, કેવો નમ્ર બની બધા સંબંધ છોડી ચાલ્યો જાય છે, અને માતાને પત્ની તરીકે કેમ ભોગવે છે, પિતા ઉપર પુત્ર એ પિતા થાય ત્યારે કેવા હુકમો કરે છે, સ્ત્રીપુત્રાદિના સંબંધો કેવા સ્વાર્થ ઉપર રચાયેલા છે, એ સંબંધને ત્રુટતા વાર લાગતી નથી, અનાદિ કાળથી ચાલતા સંસારમાં અનેક જાતના સંબંધ થયા, આ જીવ બધે જઈ આવ્યો છે, એણે ઘણા સંબંધો બાંધ્યા છે અને અનંત સંબંધો એ છોડી-ત્રોડી આવ્યો છે. આ સર્વ સંસારનું સ્વરૂપ વિચારતાં દેખાઈ આવે છે. તે તેના સાચા સ્વરૂપમાં ચિંતવવું એ સંસારભાવના છે. સંસારનું આવું સ્વરૂપ વિચારી આ સંસાર કેમ જાય અને પોતે જન્મજરામરણ વગરનું અવિચળ સ્થાન કેમ પ્રાપ્ત કરી શકે એ ચિંતવવું. જીવ સંબંધની વિચિત્રતાઓ વિચારે તો જાણે કે આ સંબંધમાં પાંસરું પડે તો પણ કંઈ ઇષ્ટ નથી, એ દીવા જેવી વાત છે. આવી રીતે સંસારભાવના વિચારવી. (૧૫૯)

**સાતમી આસ્રવભાવનાનું વિસ્તારથી સ્વરૂપ—**

मिथ्यादृष्टिरविरतः प्रमादवान् यः कषायदण्डरुचिः ।
तस्य तथाऽऽस्रवकर्मणि यतेत तन्निग्रहे तस्मात् ॥१५७॥

**અર્થ**—મિથ્યાદૃષ્ટિવાળો પ્રાણી અને અવિરત પ્રાણી અને પ્રમાદી પ્રાણી તથા જેને કષાયોમાં અને મન, વચન, કાયાના દંડમાં હોંશ થાય છે તે પ્રાણીને જે આસ્રવકાર્ય થાય છે તેનો સમજીને પ્રયત્નપૂર્વક નિગ્રહ કરવામાં પ્રયત્ન કરવો. (૧૫૭)

**વિવેચન**—અત્યાર સુધી પોતાની જાતનો જીવન સાથે શો સંબંધ છે તે સમજ્યા, તેનું અવલોકન, ચિંતવન કર્યું. હવે આત્માને કર્મ આવવાના ગરનાળાનું નામ આસ્રવ કહેવાય છે. જેમ તળાવમાં પાણી ગરનાળામાંથી ભરાય છે તેમ આત્મારૂપ સરોવરમાં કર્મરૂપ પાણી આ આસ્રવોથી ભરાય છે. આ સંબંધમાં ગ્રંથકર્ત્તા શું કહે છે તે પ્રથમ આપણે સમજીએ. પછી એમ લાગશે કે કર્મનો અને આસ્રવનો આટલો મજબૂત સંબંધ છે અને એ ગરનાળા દ્વારા થતી કર્મરૂપ પાણીની ભરતીને અટકાવવી જોઈએ. તો ગરનાળાં ક્યાં છે અને કેવાં આકરાં છે તે પ્રથમ સમજી લઈએ. આ આસ્રવ પાંચમું તત્ત્વ છે અને જીવની સાથે કર્મનો મેળાપ થવામાં બહુ અગત્યનો ભાગ ભજવે છે.

**મિથ્યાદૃષ્ટિ**—કર્મ આત્માને જોડાવાનું પ્રથમ કારણ મિથ્યાદર્શન છે. એમાં વસ્તુનો યથાસ્થિત બોધ થતો નથી, શુદ્ધ સદ્દહણા થતી નથી અને વિશુદ્ધ ધર્મ પર સાચો પ્રેમ થતો નથી. આ મિથ્યાદર્શન અને મિથ્યાત્વના પ્રકારો પર આગળ વિવેચન થઈ ગયું છે એટલે એને ફરી વર્ણવવાની જરૂર રહેતી નથી. આ સર્વ પ્રકારના મિથ્યાત્વો આત્માને કર્મથી ભરી દે છે, તેથી તે કર્મઆપ્તિનું ખરેખરું દ્વાર છે. કર્મ અને આત્માને સંયોગ કરાવનાર આ મિથ્યાત્વ છે. તેને સમજી પ્રાણીએ તેને અટકાવવા પ્રયત્ન કરવો જોઈએ. જો સંસાર આકરો લાગતો હોય, આ રખડપટ્ટી અટકાવવી હોય તો તેણે વસ્તુના સમ્યગ્ બોધ ઉપર ધ્યાન આપવું અને મિથ્યાત્વપણાની સ્થિતિમાંથી બચવા પ્રયત્ન કરવો. કર્મ અને આત્માના મેળાપને અંગે અને પ્રાપ્તિને અંગે આ અગત્યનું કારણ છે.

**અવિરત**—પ્રમાદી પ્રાણી. તે આળસમાં, બેદરકારીમાં અનેક કર્મોને પોતાના આત્મા સાથે જોડી દે છે. તેથી અવિરત – પ્રમાદી પ્રાણીને પણ કર્મનું નાળું ગણવામાં આવ્યું છે. અથવા વિરતિભાવનો ત્યાગ એટલે બાર વ્રત ન લેવાં તે અવિરતિભાવ કહેવાય. કર્મ બંધનમાં આ અવિરતિભાવ ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. આપણે આટલાંટિક તથા પેસિફિકના પાણી વાપરતા નથી, પણ તેનો ત્યાગ ન હોવાથી આપણને તે પાણીના વપરાશનો પણ દોષ લાગે છે. કર્મ જે ચાર કારણે બંધાય છે તે ચાર કારણો છે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને યોગ; તેના પર અગાઉ વિવેચન થઈ ગયું છે. આ પ્રમાદી સ્થિતિનો ત્યાગ કરી અવિરતિભાવનો ત્યાગ કરવાથી ઘણાં કર્મો ઓછાં બંધાય છે. તેથી આ કર્મ આવવાનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નાળું પણ સાવધાનીથી વિચારપૂર્વક બંધ કરવું. અને કર્મ આવતાં બંધ કરવા તે ખાસ સમજણનો વિષય છે. એક વાર કર્મની આવક બંધ થઈ જાય, પછી સવાલ માત્ર એટલો જ હોય કે લાગી ગયેલાં હોય તે કર્મોનું શું કરવું? પ્રથમ તો નવી આવક, આયપત, વધારો થવા ન દેવાનો આ પ્રયત્ન છે. આ રીતે આશ્રવને ઓળખી તેનો ત્યાગ કરવા પ્રયત્ન કરવો.

**પ્રમાદવાન્**—આળસુ, પ્રમાદી. આને આસ્રવના કારણ તરીકે શા માટે ગણવામાં આવેલ છે તે સ્પષ્ટ થતું નથી. મદ્ય, વિષય, કષાય, વિકથા અને નિદ્રાને કોઈ કોઈ ગ્રંથકારોએ પ્રમાદ તરીકે વર્ણવ્યાં છે. તેઓમાંનું પ્રત્યેક, કર્મને આત્મા સાથે જોડી આપનાર છે તે ઉઘાડી વાત છે અને તેથી તે પાંચે પ્રકારના પ્રમાદનો નિગ્રહ કરવા ઉદ્યમ કરવો એવો એનો સંબંધ ઉપરથી અર્થ થઈ શકે.

**કષાય**—આગલા પ્રકરણમાં આપણે ક્રોધ, માન, માયા અને લોભના દરેકના ચાર ભેદ કરી સોળ પ્રકારના કષાયો સમજી ગયા. એ કષાય જ્યાં સુધી હોય છે ત્યાં સુધી પ્રાણી અનેક કર્મો બાંધે છે, તેથી મિથ્યાત્વ અને અવિરતિ સાથે તેની કર્મ એકઠાં કરવાનાં નાળાં તરીકે ગણતરી કરવામાં આવી છે. આ કષાય કેવી ખરાબ ચીજ છે તે આપણે જોઈ ગયા છીએ. (જુઓ આ જ ગ્રંથનું કષાય સંબંધી પ્રકરણ)

**દંડ**—મન, વચન, કાયાના યોગોની પ્રવૃત્તિ કર્મ બંધાવે છે. તે દ્વારા આત્મા સાથે કર્મો જોડાય છે. તેથી આ યોગને અર્થાત્ પ્રવૃત્તિને પણ કર્મનું એક નાળું ગણવામાં આવેલ છે. આ પ્રાણી જો યોગો ઉપર વિજય મેળવે તો નવાં આવતાં કર્મો રોકાય છે. અને નવાં આવતાં કર્મોને પ્રયત્નપૂર્વક અટકાવવાં એ આ જીવનનો ઉદ્દેશ હોવો જોઈએ.

**યતેત**—મને 'યત્નેન' પાઠ કરતાં 'યતેત' પાઠ વધારે સારો લાગે છે. એક તો એ અધૂરા રહેતા વાક્યને પૂરું કરે છે અને આખો અર્થ બરાબર થાય છે. તેથી મેં 'યતેત' પાઠ સ્વીકાર્યો છે.

**તન્નિગ્રહે**—આસ્રવનો નિગ્રહ કરવામાં. અહીં 'યતિઃ' એટલો શબ્દ અધ્યાહાર સમજવો એમ ટીકાકાર શ્રી હરિભદ્રસૂરિ જણાવે છે. આપણે શ્રાવક એવો શબ્દ પણ અધ્યાહાર ગણી શકીએ, કારણ કે આ આખો ગ્રંથ પ્રગતિશીલ શ્રાવકને પણ એકસરખી રીતે લાગુ પડે છે.

આવી રીતે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગોને વિચારી એવો નિર્ણય કરવો કે નવા આવતા કર્મસમૂહ તો દૂર જ અટકી જાય. આ સાતમી આશ્રવભાવના છે. એના સંબંધમાં અન્ય શું કહે છે તે વિચારતાં પ્રથમ આપણે જસસોમની આશ્રવભાવના વિચારીએ :



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(રાગ ધોરણી)

આશ્રવભાવના સાતમી રે, સમજો સુગુરુ સમીપ;
ક્રોધાદિક કાંઈ કરો રે, પામી શ્રી જિનદીપો રે.

સુણ સુણ પ્રાણીઆ! પરિહર આસવપ્રપંચો રે;
દશમે અંગે કહ્યા, જેહના દુષ્ટ પ્રપંચો રે. સુણ.... ૧

હોંશે જે હિંસા કરે રે, તે લહે કટુક વિપાક;
પરિ હોશે ગોત્રાસની રે, જો જો અંગ વિપાક રે. સુણ.... ૨

મિથ્યાવચણે વસુ નડચો રે, મંડિક પરધન લેઈ,
ઇણે અબ્રહ્મે રોળવ્યા રે, ઇંદ્રાદિક સુર કેઈ રે. સુણ.... ૩

મહા આરંભ પરિગ્રહે રે, બ્રહ્મદત્ત નરય પહુત્ત;
સેવ્યાં શત્રુપણું ભજે રે, પાંચે દૂરગતિદૂતો રે. સુણ.... ૪

છિદ્ર સહિત નાવા જળે રે, બૂડે નીર ભરાય;
તિમ હિંસાદિક આશ્રવે રે, પાપે પિંડ ભરાય રે. સુણ.... ૫

અવિરતિ લાગે એકેંદ્રિયા રે, પાપસ્થાન અઢાર;
લાગે પાંચેદ્રિ ક્રિયા રે, પંચમ અંગ વિચારો રે. સુણ.... ૬

કટુક ક્રિયા થાનક ફળ્યાં રે, બોલ્યા બીજે અંગ;
કહેતાં હીયડું કમકમે રે, વિરૂઓ તાસ પ્રસંગો રે. સુણ.... ૭

મૃગ પતંગ અલિ માછલું રે, કરી એક વિષય પ્રપંચ;
દુઃખિયા તે કેમ સુખ લહે રે, જસ પરવસ એહ પંચો રે. સુણ.... ૮

હાસ્ય નિંદ વિકથા વશે રે, નરક નિગોદે રે જાત;
પૂરવધર શ્રુત હારીયાં રે, અવરાંની શી વાતો રે. સુણ.... ૯

"સાતમી આશ્રવભાવના સદ્ગુરુની સમીપે સમજો અને હે ભવ્ય પ્રાણીઓ! તમે જિનેશ્વર રૂપ દીપકને અથવા જિનવાણીરૂપ દીપકને પામીને ક્રોધાદિ કષાયો—આશ્રવો શા માટે કરો છો? તે કરવા યોગ્ય નથી. હે ભવ્ય પ્રાણીઓ! તમે જિનવાણી સાંભળો અને આશ્રવના પ્રપંચને—તેનાં વિસ્તારને પરિહરો. તે આશ્રવોના દુષ્ટ પ્રપંચને શ્રી પ્રશ્નવ્યાકરણ નામના દશમ અંગમાં વિસ્તારથી વર્ણવેલ છે." ૧

"જે પ્રાણી હોંશે હિંસા કરે છે, તે તેના કડવા વિપાકને અનુભવે છે, પામે છે, ગોત્રાસની જેમ. તેની હકીકત શ્રી વિપાકસૂત્રમાં જોજો. પાંચ અવ્રતરૂપ પાંચ આશ્રવો પૈકી પહેલા હિંસા આસવ ઉપર આ દૃષ્ટાંત સમજવું. બીજા અસત્ય આશ્રવ ઉપર 'વસુરાજા'નું દૃષ્ટાંત છે. મિથ્યાવચન બોલવાથી તે દુર્ગતિએ ગયો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મંડિક પારકું ધન (અદત્ત) લેવાથી હેરાન થયો. અને અબ્રહ્મે ઇંદ્રાદિક અનેક દેવોને રોળવ્યા – હેરાન કર્યા છે. મહાઆરંભ અને મહાપરિગ્રહથી બ્રહ્મદત્ત ચક્રી નરકે પહોંચ્યો. આ પ્રમાણે પાંચ આસવોને સેવવાથી તે આસવો બરાબર શત્રુપણું ભજે છે. એ પાંચે દુર્ગતિના દૂત જેવા છે, દુર્ગતિમાં લઈ જનારા છે.” ૨–૩–૪

“છિદ્ર સહિત નાવ જેમ જળમાં (સમુદ્રમાં) અંદર પાણી ભરાઈ જવાથી બૂડે છે, તેમ હિંસાદિક આશ્રવો વડે પિંડ પાપે ભરાય છે એટલે પ્રાણી સંસારમાં બૂડે છે, સંસારમાં પરિભ્રમણ કરે છે.” ૫

“એકેંદ્રિય જીવોને પણ અવિરતિ ક્રિયા લાગે છે, અઢાર પાપસ્થાન લાગે છે અને પાંચે ક્રિયા (પાંચે આસવ) લાગે છે, એમ પાંચમા અંગ શ્રી ભગવતીસૂત્રમાં કહ્યું છે. કટુક ક્રિયાનાં સ્થાનકો જેને જેને ફળ્યાં છે તેમને બીજા અંગ શ્રી સૂત્રકૃતાંગસૂત્રમાં કહેલ છે, જેનું વર્ણન કરતાં હૃદય કમકમે છે, ધ્રુજે છે, તેનો પ્રસંગ મહાવિરૂઓ–માઠો છે, અર્થાત્ તેનો પ્રસંગ જ કરવા લાયક નથી.” ૬–૭.

“હરણ, પતંગિયું, ભ્રમર, માછલું અને હાથી એ પાંચે જાતિના પ્રાણીઓ ક્રમસર શ્રોત્ર ઇંદ્રિય, ચક્ષુ ઇંદ્રિય, ઘ્રાણ (ગંધ) ઇંદ્રિય, રસના ઇંદ્રિય અને સ્પર્શેન્દ્રિય પૈકી એકેક ઇંદ્રિયના પરવશપણાથી દુઃખી થયા છે, તે સૌને જાણીતી વાત છે. તો જે મનુષ્યની પાંચે ઇંદ્રિય પરવશ છે અર્થાત્ પોતાને વશ નથી, પોતે તેમને વશ છે તે મનુષ્ય સુખ શી રીતે પામે?” ૮

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

“એ સિવાય હાસ્ય, નિંદા (અથવા નિદ્રા) અને વિકથાના વશથી પણ પ્રાણી નરકને નિગોદમાં જાય છે. ચૌદ પૂર્વધર પણ નિદ્રાના વશવર્તીપણાથી શ્રુત હારી જઈને દુર્ગતિમાં ચાલ્યા જાય છે, તો બીજા પામરની શી વાત? બીજા પામર જીવો તો તેના વશવર્તીપણાથી દુર્ગતિમાં જાય જ એ નિઃસંદેહ વાત છે.” ૯.

આ આસવભાવના કેવી રીતે ભાવવી તે જસસોમ મુનિએ ઠીક રીતે બતાવ્યું છે. અજ્ઞાની એકેંદ્રિય પ્રાણીને પાંચે ક્રિયા લાગે છે, તેથી આ મનુષ્યભવ પામીને એ ક્રિયાઓ ન લાગે તેનો પ્રયત્ન કરવો. આપણે સ્વતંત્ર વિચાર બતાવવા અગાઉ નવતત્ત્વના ટબાકાર આ સાતમી આસવભાવનાને અંગે શું કહે છે તે સમજી લઈએ. તેઓશ્રી જણાવે છે કે “મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય તથા યોગ એ પાંચે પ્રકારના આસવે કરીને કર્મ બંધાય છે; અથવા દયાદાનાદિકે કરી શુભ કર્મ બંધાય છે અને વિષયાકષાયાદિકે કરી અશુભ કર્મ બંધાય છે, એવી જે ભાવના કરવી તે સાતમી આસવભાવના.”

આ રીતે આસવભાવના ભાવવાની છે. આ સાતમી ભાવનાથી આપણે તત્ત્વચિંતનમાં પડીએ છીએ. અત્યાર સુધી પોતાની જાત તરફ અથવા પોતાનાં સગાંસંબંધી તરફ જોતા હતા અને તેઓના પોતાની સાથેના સંબંધ પર વિચાર કરતા હતા, તે છોડી આત્મા અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કર્મનો સંબંધ કેમ થાય છે, કેમ અટકે અને થઈ ગયેલો સંબંધ કેમ છૂટે તે હવે વિચારવામાં આવે છે. કર્મ જે માર્ગે આવે છે તેને રોકી નવાં કર્મ બાંધતાં કેમ અટકીએ તે માટે હવે અહીં આસ્રવદ્વારોની વિચારણા કરીએ છીએ. કર્મ આત્મા સાથે લાગવાનાં બેતાલીસ (૪૨) પ્રકાર છે. તેનું સૂક્ષ્મ અવલોકન સંક્ષેપમાં કરી જઈએ. પાંચ ઇંદ્રિય, ચાર કષાય, પાંચ અવ્રત (પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ), મન–વચન–કાયાના ત્રણ યોગો અને પચીશ ક્રિયા : આ રીતે બેતાલીસ નાળાં દ્વારા આત્માને કર્મ લાગે છે.

પાંચ ઇંદ્રિયોથી, ક્રોધ, માન, માયા અને લોભ કષાયોથી, પ્રાણાતિપાતાદિ પાંચ અવ્રતથી, મન–વચન–કાયાના યોગોથી અને પચીશ ક્રિયાઓ દ્વારા કર્મ આત્મા સાથે લાગેલાં છે. એમાં પચીશ ક્રિયાઓ ખાસ સમજવા જેવી છે : (૧) શરીરને અજયણાએ પ્રવર્તાવતાં જે ક્રિયા લાગે તે કાયિકી ક્રિયા, (૨) ખડ્ગાદિક અધિકરણે કરી જીવને મારી નાંખવા, હનન કરવું તે આધિકરણિકી ક્રિયા, (૩) જીવ કે અજીવ ઉપર દ્વેષથી વિચારણા કરવી તે પ્રાદ્વેષિકી ક્રિયા, (૪) પોતાને કે પરને પરિતાપ (ખેદ) કંટાળો ઉપજાવવો તે પારિતાપનિકી ક્રિયા, (૫) એકેંદ્રિયાદિક જીવને હણવો કે હણાવવો તે પ્રાણાતિપાતિકી ક્રિયા, (૬) ખેતર ખેડવું વગેરે જેમાં છકાય જીવનો વધ થાય તેવી પ્રવૃત્તિ કરવી અથવા કરાવવી તે આરંભિકી ક્રિયા, (૭) ધન ધાન્યાદિ નવ પ્રકારનાં પરિગ્રહ મેળવતાં તથા તેની ઉપર મોહ કરતાં જે ક્રિયા લાગે તે પારિગ્રહિકી ક્રિયા, (૮) માયા કપટથી બીજાને ઠગવું તે માયાપ્રત્યયિકી ક્રિયા, (૯) જિનવચન અણસદ્દહતાં, વિપરિત પ્રરૂપણા કરતાં જે ક્રિયા લાગે તે મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા, (૧૦) અવિરતિને લીધે પચ્ચખ્ખાણ કર્યા વગર સર્વ વસ્તુની જે ક્રિયા લાગે તે અપ્રત્યાખ્યાનિકી ક્રિયા, (૧૧) કૌતુકે કરીને અશ્વ પ્રમુખને જોવાં તે દૃષ્ટિકી ક્રિયા, (૧૨) રાગને વશે કરીને પુરુષ, સ્ત્રી, ગાય, બળદ, વસ્ત્ર વગેરે સુકુમાર વસ્તુને સ્પર્શ કરવાથી જે ક્રિયા લાગે અથવા કોઈ સંદેહ ઉત્પન્ન થયાથી પૂછવાથી જે ક્રિયા લાગે તે સ્પૃષ્ટિકી અથવા પૃચ્છિકી ક્રિયા, (૧૩) જીવ તથા અજીવ આશ્રયી જે રાગ દ્વેષ થાય, એટલે બીજાને ઘરે હાથી, ઘોડા, વસ્ત્ર પ્રમુખ ઘરેણાં દેખી એ વસ્તુ એની પાસે કેમ એવું ચિંતવી કર્મબંધ કરે, તે પ્રાત્યયિકી ક્રિયા, (૧૪) પોતાના ઘોડા પ્રમુખને જોવા આવેલા લોકોને પ્રશંસા કરતા જોઈને કે સાંભળીને જે હર્ષ ધરવો અથવા દૂધ, દહિં, ઘી, તેલ વગેરેનું ભાજન-વાસણ ઉઘાડું મૂકવાથી તેમાં ત્રસ જીવ આવી પડે તે સામંતાનુપાતનિકી ક્રિયા, (૧૫) રાજાદિકના આદેશથી યંત્રશસ્ત્રાદિકનું જે આકર્ષણ કરવું અથવા શસ્ત્ર ઘડાવવું, વાવકૂવાને ખણાવવા તે નૈશસ્ત્રકી ક્રિયા, (૧૬) પોતાના હાથે અથવા શ્વાનાદિક જીવથી તથા શસ્ત્રાદિક અજીવથી શશકાદિક જીવને મારવા અથવા કોઈ અત્યંત અભિમાન કરીને, ક્રોધિત મનવાળો થઈને, જે કામ પોતાના નોકરો કરી શકે તે કામ પોતાના હાથથી કરે તે સ્વહસ્તકી ક્રિયા, (૧૭) જીવ તથા અજીવને કાંઈ આજ્ઞા કરવી અથવા તેઓ મારફત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાંઈ અણાવવું અને તેથી જે ક્રિયા લાગે તે આજ્ઞાપનિકા-આનયનિકી ક્રિયા, (૧૮) જીવ તથા અજીવનું વિદારણ કરવું, ભાંગવું તે વિદારણિકા ક્રિયા, (૧૯) ઉપયોગશૂન્યચિત્તે કોઈ વસ્તુ લેવી અથવા મૂકવી અથવા ઊઠવું, બેસવું, કામનાદિક કરવું તે અનાભોગિકી ક્રિયા, (૨૦) આ લોક-પરલોકથી વિરુદ્ધ કાર્યનું જે આચરણ કરવું તે અનવકાંક્ષાપ્રત્યયિકી ક્રિયા, (૨૧) મનવચનકાયાના યોગોનું દુષ્પ્રણિધાન, તેમાં પ્રવર્તન કરવું પણ નિવર્તન કરવું નહિ તે પ્રાયોગિકી ક્રિયા, (૨૨) કોઈ એવું મોટું પાપ કરવું કે જેથી આઠે કર્મોનું સમુદાયપણે ગ્રહણ થઈ જાય તે સામાદાનિકી ક્રિયા, (૨૩) માયા તથા લોભવડે જે કાંઈ કરવું એટલે પ્રેમનાં વચન એવાં બોલાય કે જેથી રાગની અધિક વૃદ્ધિ થાય તે પ્રેમિકી ક્રિયા, (૨૪) ક્રોધ તથા માન વડે એવાં ગર્વિત વચન બોલે કે જેથી આગલાને દ્વેષ ઉપજે તે દ્વેષિકી ક્રિયા, (૨૫) કેવળ કાયયોગને જ પ્રવર્તાવવાથી જે ક્રિયા લાગે તે ઈર્યાપથિકી ક્રિયા. અપ્રમત્ત સાધુને તથા કેવળીને પણ આ ક્રિયા હોય.

આ રીતે આસ્રવના બેતાલીસ પ્રકાર જૈન સૂત્રોમાં તથા પ્રકરણ આદિક ગ્રંથોમાં બતાવ્યા છે. પચીશ ક્રિયા જીવહિંસાને અંગે સીધી કે આડકતરી રીતે લાગે છે. એથી જૈન દર્શનાનુસાર જીવહિંસાનું કેટલું મહત્ત્વ છે તે સમજાયું હશે. આ સર્વ વાતો વિસ્તારથી લખવાનો હેતુ તેનું ચિંતવન કરવાનો છે. દોષને ટાળવા માટે પ્રથમ તેને ઓળખવો જોઈએ. ઓળખ્યા વગર તેનું ચિંતવન, તે સંબંધી ઉપયોગ અને તેનો ત્યાગ થઈ શકે નહિ અને ભાવનાનો હેતુ પ્રથમ તેનો ત્યાગ કરવા માટે તે સંબંધી વિચાર કરવાનો છે, તેને ઓળખવાનો છે. આ કર્મના આત્મા સાથે જોડાણનાં અને ભરાવાનાં કારણો જણાવવામાં આવે છે. તેમને બરાબર ઓળખી કર્મ આવતાં કેમ અટકે તે વિચાર કરવાનો છે. કર્મને આવતાં અટકાવવાના માર્ગો આપણે આવતી ભાવનામાં જોઈશું. આ આસ્રવ જે નવ તત્ત્વમાંથી એક તત્ત્વ છે તેમને બરાબર જાણી સમજી વિચારવા અને ટાળવા જોઈએ. તેથી આત્મા સંસારમાં પરિભ્રમણ કરતો અટકે છે અને જ્યાં અનંત સુખ થાય છે તેવા મોક્ષે પહોંચી જાય છે.

આશ્રવભાવનાને અંગે વિનયવિજયજી શાંતસુધારસ ગ્રંથમાં કહે છે કે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ કર્મબંધના હેતુઓ છે. પછી આશ્રવનો ભાવાર્થ સમજાવીને તેઓ ઇંદ્રિયો, કષાયો અને પચીશ ક્રિયાઓ વર્ણવી તે સર્વ કર્મપ્રાપ્તિનાં ગરનાળાં છે એમ બતાવે છે. કર્મ પ્રાણીને વ્યાકુળ કરે છે, ચંચળ બનાવે છે અને આસ્રવોથી આત્મા મેલો થાય છે. પ્રત્યેક સમયે કર્મ બંધાય છે એટલે સરવાળે આવક વધે છે. ત્યારે આ ગરનાળાં અટકાવવાનો ઉપાય શોધવો જોઈએ. એનો જવાબ આવતી આઠમી સંવરભાવનામાં મળશે. સત્તાવન બંધહેતુ પર વિવેચન કરી એ આસ્રવોને ઓળખી લેવાની જરૂરિયાત પર તેઓશ્રી ભાર મૂકે છે. એમના પરના વિજયની મહત્તા મોટી છે. સમજુ માણસ આ આસ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વોને તજી દે એ સમજાવે છે. મિથ્યાત્વ કેવી રીતે કામ કરે છે તે જણાવી પછી તેઓ અવિરતિને સમજાવે છે. સાથે વિરતિભાવ, ત્યાગભાવ અને પચ્ચખ્ખાણનું મહત્ત્વ રજૂ કરે છે; ત્યાર પછી ઇંદ્રિયના વિષયોને તેઓ વર્ણવે છે અને છેવટે મન, વચન, કાયાના યોગો તે વર્ણવે છે. સારા આશ્રવો સોનાની બેડીરૂપ છે. મેં તેના પર વિવેચન કર્યું છે, તે પૃ. ૩૫૮–૩૯૮ સુધી શાંતસુધારસ પ્રથમ ભાગમાં વર્ણવ્યું છે. તે જોઈ જવા અત્ર સૂચના કરવી પ્રાસંગિક છે.

વાત એમ છે કે આશ્રવભાવના ચિંતવતાં એ કર્મોનો અને આત્માનો સંબંધ કેવી રીતે થાય છે તે ચિંતવવું અને તે કર્મબંધ શાં શાં કારણોથી થાય છે તે સમજી તેમને અટકાવવાં. આ કારણો અટકશે એટલે કર્મની નવી આવક ઘટશે અને તે ઘટવાના રસ્તાઓ આવતી આઠમી સંવરભાવનામાં બતાવશે. આ રીતે સમજણપૂર્વક કર્મોને ઓળખવાં, તેમનો આત્મા સાથે સંબંધ વિચારવો તે આ આશ્રવભાવનામાં આપણે મુખ્યત્વે વિચાર્યું. વિચારપથમાં ચિંતવેલી બાબત પછી અમલમાં આવે છે, એટલા માટે પ્રથમ ભાવના કરવી જોઈએ. આ રીતે સાતમી આશ્રવભાવના ભાવવી. (૧૫૭)

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

### આઠમી સંવરભાવનાનું વિસ્તારથી સ્વરૂપ—

या पुण्यपापयोरग्रहणे वाक्कायमानसी वृत्तिः ।
सुसमाहितो हितः संवरो वरददेशितश्चिन्त्यः ॥१५८॥

**અર્થ**—પુણ્યને અને પાપને બન્નેને ન લેવાની મન, વચન અને કાયાની વૃત્તિ હોવી તે આધારભૂત પુરુષોએ કહેલો અને બતાવેલો રસ્તો હિત કરનાર – લાભ કરનાર છે. એ રીતે સંવર વિચારવા યોગ્ય છે, તેથી તેને વિચારવો, ભાવવો. (૧૫૮)

**વિવેચન**—હવે આપણે આઠમી સંવરભાવનાને ઓળખીએ, સમજીએ. જે ગરનાળાની ઉપર વાત કરી ગયા તેનાં દ્વારો – બારણાંઓ બંધ કરવાં એટલે સંવર. બીજા શબ્દોમાં, સંવર એટલે કર્મોને આત્મા સાથે મળતા અટકાવવા, બંધ કરવા. તે આ આઠમી ચિંતવવા યોગ્ય ભાવના છે. પ્રથમ સંવરભાવના કરવાની કેટલી બધી જરૂરિયાત છે તે ગ્રંથકર્તાની સાથે વિચારી જઈએ.

**પુણ્ય**—પુણ્યના બેતાલીસ પ્રકાર છે. એ સારા લાગે છે, પણ એ સોનાની બેડી જેવા છે. સોનાની બેડી સારી એમ લોઢાની બેડીની સરખામણીમાં લાગે, પણ સોનાની પણ આખરે બેડી જ છે અને તેને બેડી તરીકે સમજવી જોઈએ. શાતાવેદનીય, ઉચ્ચગોત્ર વગેરે એના બેતાલીસ પ્રકાર છે. એને નવ તત્ત્વમાં ત્રીજું તત્ત્વ કેટલાક આચાર્યો ગણે છે. આવું પુણ્યકર્મ પણ સોનાની બેડીરૂપ હોઈ ન જોઈએ એવી ચિંતવના કરવી તે સંવરભાવના છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પાપ**—એના બ્યાશી (૮૨) પ્રકાર છે, તે ચોથું તત્ત્વ છે. પુણ્ય તો હજુ કોઈ કોઈને ગમે, પણ પાપ તો જરા યે ગમે તેવું નથી. તેને તે સ્વરૂપે ઓળખી તેનું સર્વથા અગ્રહણ કરવું તે આ કર્મ આવવાનાં રસ્તા બંધ કરવા માટે જરૂરી છે. આવી જાતના વિચાર સંવરભાવનાવાળો જીવ કરે. એની નજરમાં તો પુણ્ય અને પાપ બંને સરખાં છે અને તે તેમનાથી દૂર રહે છે. ભાવિતાત્મા પ્રથમ તે કર્મને ઓળખે છે અને પછી તેની સામે બારણાં બંધ કરી તેની આય અટકાવે છે. આ સંવરભાવનાનું રહસ્ય છે. પુણ્યને પણ તે અડે નહિ અને પાપને પણ તે અડે નહિ, કોઈ પણ જાતનાં કર્મને એ ગ્રહણ કરે નહિ.

**અગ્રહણ**—અનુપાદાન, ન લેવું, ન સ્વીકારવું. એટલે એ પુણ્યકર્મ બંધાય એવું કામ પણ ન કરે અને પાપકર્મ બંધાય એવું કામ પણ ન કરે, કોઈ પણ પ્રકારનું કર્મ બંધાય તેની સામે તે બારણાં જ બંધ કરી દે. જે પાણીની આવક તળાવમાં આશ્રવ દ્વારા થતી હોય તેની અટકાયતના સર્વ ઉપાય તે લે. કર્મ નવાં ન આવે તે માટે આશ્રવદ્વારની સામે હડતાળ પાડવી અને સંવર દ્વારા તે કર્મને આવતાં અટકાવવા. તે સમજુ વિવેકી વિચારક જરૂર કરે.

**મન-વચન-કાયાની વૃત્તિ**—મનથી, વચનથી અને કાયાથી કર્મબંધ થાય છે. તેવા પ્રકારનો વ્યાપાર એ સંવરભાવનાને અંગે પ્રાણી ન કરે. કર્મ આવવાના આશ્રવોને અંગે આપણે જોયું છે કે મનયોગ, વચનયોગ અને કાયયોગ નવીન કર્મને આત્મા સાથે જોડે છે. એ કર્મગ્રહણના કારણભૂત આ વ્યાપારને અટકાવી દે એટલે નવાં કર્મો પ્રાણી ગ્રહણ ન કરે. આ રીતે તેનો વ્યવસાય જ એવા પ્રકારનો થઈ જાય કે એ નવાં કર્મોને ગ્રહણ ન કરે. આ સંવરભાવનાથી નવીન કર્મની અટકાયત કેમ થતી હશે તે આપણે આગળ ઉપર જોઈશું.

**સુસમાહિત**—આ સંવરનું વિશેષણ છે. સારી રીતે આત્મામાં આરોપણ કરેલો સંવર નવીન કર્મબંધને અટકાવે. એટલા માટે સંવરની ભાવના કરવી, સંવરને ઓળખવો અને એ રીતે કર્મની નવી આવક અટકાવવાની વિચારણા કરીને તેના અમલને અંગે વિચાર કરવો. આ સંવરભાવના નવી આવક કર્મની જે થાય છે તેને અટકાવવાને અંગે અને નવાં કર્મની આયનાં દ્વારો બંધ કરવા અંગે છે.

**હિત**—હિતકારી સંવર છે. ભવિષ્યને માટે તે ખરેખરો લાભ કરી આપનાર છે, એ પણ સંવરનું વિશેષણ છે. આપણે સંવર કેમ થાય તેનો જરા થોડો પરિચય આગળ ઉપર કરીશું, પણ તે અત્યંત આત્મિક લાભ કરનાર છે એટલું આપણે અત્યારે જાણી લઈએ, સમજી લઈએ.

**વરદ**—તીર્થંકર જેવા ઉત્તમ જનોએ તેને બતાવ્યો છે. જેને તીર્થંકરના વચનમાં શ્રદ્ધા છે તેણે જાણવું કે આ સંવરના સર્વ પ્રકારો ખુદ તીર્થંકર મહારાજે બતાવેલ છે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેથી જરૂર વિચારવા યોગ્ય છે.

**દેશિત**—દેખાડયો છે, કહ્યો છે, બતાવ્યો છે. આ આસ્રવના સર્વ માર્ગોનાં દ્વાર બંધ કરી આવક બંધ કરવાના રસ્તા તીર્થંકર મહારાજે બતાવ્યા છે, સૂચવ્યા છે એટલે એ રસ્તા જરૂર સારા જ હોય, અસરકારક જ હોય એમ વિચારવું. આ પ્રમાણે ભાવના કરવી. આ રસ્તા કયા કયા છે તે આપણે વિચારવું. તીર્થંકરને વચ્ચે લાવવાનું કારણ એ છે કે એમનું જ્ઞાન પરિપક્વ હોઈ તેઓ જે રસ્તાઓ બતાવે તે સારા જ હોય, આદરવા યોગ્ય હોય. તેથી સંવરભાવના તેમની પ્રણીત હોઈ આદરવા યોગ્ય છે, એવું પ્રમાણપત્ર છે. આવી રીતે સંવરભાવના ચિંતવવી, વિચારવી અને પોતાનો સંસાર ઘટાડવો. તેથી પ્રથમ આપણે સંવરતત્ત્વને ઓળખી લઈએ. સંવરના સત્તાવન ભેદ છે, એમ નવતત્ત્વની શરૂઆતમાં કહ્યું છે. એ પ્રત્યેક ભેદને અનુસરવાથી નવાં કર્મોને આવવાનાં બારણાં બંધ થાય છે. એ સત્તાવન પ્રકાર આ પ્રમાણે છે: પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, બાવીશ પરિસહ, દશ યતિધર્મો, બાર ભાવના અને પાંચ ચારિત્ર એમ સત્તાવન ભેદ થાય છે. તે પ્રથમ આપણે સમજી લઈએ. એ પણ સમજી લઈએ કે મન, વચન, કાયાના યોગોને એમાં પ્રવર્તાવવાથી નવાં કર્મો આવતાં રોકાય છે.

પ્રથમ ઈર્યાસમિતિ એટલે જયણા રાખી સાડાત્રણ હાથ ભૂમિ આગળથી જોઈને ચાલવાની પદ્ધતિ. સમ્યક્ પ્રકારે નિરવદ્ય ભાષા બોલવી તે બીજી ભાષાસમિતિ. નિર્દોષ આહાર, વસ્ત્ર, પાત્ર તથા વસતીની શોધખોળ કરવી તે ત્રીજી એષણાસમિતિ. સમ્યક્ પ્રકારે પુંજી પ્રમાર્જી આસન વગેરે ગ્રહણ કરવા અને તેને માટે જે ચેષ્ટા કરવી તેને ચોથી આદાનનિક્ષેપણા સમિતિ કહેવામાં આવે છે. પરઠવવા યોગ્ય મળમૂત્રાદિક વસ્તુઓને સ્થંડિલભૂમિમાં ઉપયોગપૂર્વક મૂકવાની જે ચેષ્ટા કરવી તેમ જ સદોષ ઉપકરણ વગેરેને પરઠવવાની જે ચેષ્ટા કરવી તે ઉત્સર્ગસમિતિ (પારિષ્ઠાપનિકા સમિતિ). આ રીતે પ્રવૃત્તિ અથવા ચેષ્ટા કરવાથી જીવહાનિ અટકે, તેથી તે પાંચે સમિતિ મુનિએ હંમેશા પાળવી જોઈએ. મનમાં કલ્પનાજાળનો વિયોગ કરવો અને ધર્મધ્યાનની વિચારણા કરવી અને સર્વથા મનોયોગને રોકવો તે મનોગુપ્તિ. સર્વથા વચનને રોધવું, અથવા મૌનનો અભિગ્રહ ધારણ કરી હાથપગની સંજ્ઞા વડે કામ કરવું અને જયણાપૂર્વક વહોરતી વખતે બોલવું તે વચનગુપ્તિ. કાયા–શરીરનું ગોપન કરી ઉપસર્ગ–પરિસહ આદિ સહન કરવાં અને કાયાની ચેષ્ટાનો સર્વથા ત્યાગ કરવો અને શયન, આસન પ્રમુખને વિશે ચેષ્ટાનો નિયમ કરવો તે કાયગુપ્તિના નામથી ઓળખાય છે. આ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ મળીને આઠ પ્રકાર થયા. એ આઠે મળીને પ્રવચનમાતા કહેવાય છે.

હવે આપણે બાવીશ પરિષહને (અથવા પરિસહોને) જોઈ જઈએ. પરિષહો સહન કરવાથી પાપને આવતું અટકાવી શકાય છે અને અનુકૂળ પરિષહો ખમવાથી પણ પાપને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવવાનાં દ્વાર બંધ કરી શકાય છે. આપણે આ સાધુએ સહેવાના બાવીશ પરિષહો વિચારીએ. ૧. ક્ષુધા એટલે ભૂખ. ગમે તેવી ભૂખ લાગે તો પણ અનેષણીય આહાર સાધુ ન જ લે. આર્તધ્યાન પણ ન કરે. ગમે તેવી ભૂખને પણ સહન કરે એ પ્રથમ પરિષહ. ૨. પિપાસા એટલે તરસ. ગમે તેવી તરસ લાગે, આહાર માટે ભમવામાં વધારે લાગે, તે વખતે એષણીય જળ જ સાધુ લે, અન્યથા તરસ સહન કરે. ૩. શીતપરિષહ. ઠંડીને સહન કરતી વખતે પણ ખપે તેટલાં જ વસ્ત્ર લે અને શીતની પીડા સહન કરે. ૪. ઉષ્ણપરિષહ. જ્યારે ઉનાળો તપે કે પોતે ઉષ્ણ શીલા પાસે આવી ચઢે તો ગરમી સહન કરે, છત્ર કે કપડાંનો છાંયડો ન કરે, વીંજણો વગેરેનો ઉપયોગ ન કરે. ૫. ડાંસ. ડાંસ કે મચ્છરના ડંખ લાગે, જૂ–માંકડ કરડે ત્યારે તેના નિવારણ માટે સ્થાનક તજે નહિ, અને જૂ, માંકડના ડંખ નિવારવાના ઉપાય પણ ન કરે. ૬. અચેલ. વસ્ત્રોને વાંછે નહિ. આગમમાં જેટલાં વસ્ત્ર રાખવાનું કહ્યું છે તેટલાં જ રાખે. અચેલ એટલે વસ્ત્ર નહિ એમ નહિ પણ અલ્પમૂલ્યવાળું કે ફાટેલું વસ્ત્ર સાધુ ખુશીથી લે. મૂર્છાને પરિગ્રહ બતાવ્યો છે. કપડાં તરફ પણ એને મૂર્છા ન થાય, ૭. અરતિપરિષહ. ગમે તેટલા વિહાર કરે તો પણ એને અજંપો ન થાય. અરતિ એટલે કંટાળો–અણગમો. શુભ ધ્યાન ધરવું તે અરતિને દૂર કરવાનું સાધન છે. ૮. સ્ત્રીપરિષહ. સ્ત્રીઓને જોઈ તેમનાં અંગ, પ્રત્યંગ, સંસ્થાન, સુરત, હાસ્ય, મનોહરપણું, લલિતવિભ્રમ, વિલાસ વગેરે ચેષ્ટાઓ ન ઇચ્છે અને સ્ત્રી સાથે દૃષ્ટિએ દૃષ્ટિનો મેળાપ ન કરે. ૯. ચર્યાપરિષહ. ચર્યા એટલે ચાલવું. ગ્રામ, નગર, કુળાદિને વિશે વિહાર કરે–ચાલે અને એક ને એક સ્થાનકે ન રહે. ૧૦. નૈષેધિકી પરિષહ. પાપકર્મ અને ગમનાગમનનો નિષેધ કરે. શૂન્ય ઘર, સ્મશાન, સર્પબિલ, સિંહગુફા વગેરેમાં કાયોત્સર્ગે રહ્યા થકા ત્યાં અનેક પ્રકારના ઉપસર્ગો થાય તો પણ અશિષ્ટ ચેષ્ટાનો નિષેધ કરવો. સ્ત્રી, પશુ, પંડક વર્જિત સ્થાનમાં રહેતાં જો અનિષ્ટ કે ઇષ્ટ ઉપસર્ગો થાય તો પણ તેથી ચિત્તમાં પણ ચલાયમાન ન થાય, પણ તે ઉપસર્ગોને સહન કરે. ૧૧. શય્યાપરિષહ. વસતીમાં ઘણી ધૂળ હોય, ઘણી ઠંડી હોય, જમીન ગરમ હોય, કાંકરાવાળી હોય તો પણ વસતીને (રહેવાનાં સ્થાનને) સારી માઠી કહે નહિ, ઉદ્વેગ કરે નહિ. ૧૨. આક્રોશપરિષહ. શય્યાનો આપનાર ક્રોધ કરે, આક્રોશ કરે અથવા કોઈ સાધુને દેખી તિરસ્કાર કરે, છતાં તેના તરફ ક્રોધ ન કરે, પણ ઊલટો તેવા પુરુષને ઉપકારી જાણે, હિતકારી માને અને તેના તરફ પણ શાંતિ રાખે. ૧૩. વધપરિષહ. શય્યા આપનાર, વસતી આપનાર ખૂન પણ કરે, કોઈ ઢીંકા, પાટુ, ચાબૂક વગેરેથી મારવાનો, પ્રહાર કરવાનો માર્ગ લે અથવા મારી નાખવા માટે પ્રહાર કરે છતાં તેના ઉપર પણ જરાયે રોષ ન લાવે. ૧૪. યાચનાપરિષહ. માંગતાં યતિ શરમાય નહિ, જરૂરી વસ્તુઓ માંગે, કારણ કે આપ્યા વગરની સળી પણ સાધુને ખપતી નથી. જેની પાસે યાચના કરવામાં આવે તે આપશે કે નહિ તેનો વિચાર



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ન કરે. ૧૫. અલાભપરિષહ. માગ્યા છતાં વસ્તુની પ્રાપ્તિ ન થાય તો તેનાથી મનમાં ખેદ પામે નહિ, વિષાદ ન લાવે, અને મુખરાગ પણ પલટે નહિ. ૧૬. રોગપરિષહ. ગમે તેવો વ્યાધિ થાય છતાં અતિસાર, ભગંદર વગેરે રોગોનો ઉપાય ન ચિંતવે, પણ વિધિ અનુસાર નિરવદ્ય ચિકિત્સા કરે, કરાવે. મનમાં કર્મનો વિપાક વિચારે, કોઈ જાતની હાયવોય ન કરે. ૧૭. તૃણસ્પર્શપરિષહ. શય્યાનાં તરણાં વાગે તો પીડા સહન કરી લે અને પીડાસહનને પીડા ન ગણે. ૧૮. મલપરિષહ. સાધુ સ્નાન ન કરે, તેથી શરીરે મેલ થાય, દુર્ગંધ થાય, પરસેવો થાય તેને દૂર કરવા સ્નાનાદિકની વાંછા ન કરે. ૧૯. સત્કારપરિષહ. સાધુને કોઈ નમે, કોઈ સ્તવે, ચરણસ્પર્શ કરે, સામૈયું કરે, ઊભો થઈ આદર કરે, પણ સાધુને એની વાંછા ન હોય. કરે તો ઠીક છે, ન કરે તો તેનો આત્મા જાણે. ૨૦. પ્રજ્ઞાપરિષહ: બુદ્ધિ-બાહુલ્યે તેનો ગર્વ ન કરવો અને ન હોય તો તેનો ખેદ પણ ન કરવો. ૨૧. અજ્ઞાનપરિષહ. જેમ બુદ્ધિને સહેવી તેમ અજ્ઞાનને પણ સહન કરવું. સાધુ જ્ઞાનવાન હોય, અને સર્વ પ્રકારે જાણકાર હોય એવું ન પણ બને, તેથી થતો પરાભવ પણ સાધુ શાંતિથી સહન કરે. ૨૨. સમ્યક્ત્વ પરિષહ : કોઈ ઇંદ્ર વગેરે ફળીભૂત ન થાય તેથી શ્રદ્ધામાં પાછો ન પડે અને અન્યદર્શનીની ઋદ્ધિ દેખી એના તરફ રાગ ન કરે. આ બાવીશ પરિષહો ખાસ ઇરાદાપૂર્વક અત્ર આળેખ્યા છે, સમજીને તેમને સહન કરવા. એથી આવતાં કર્મો અટકે છે.

આપણે હવે સંવરના ઉપાયો વિચારીએ. અત્યાર સુધીમાં આઠ પ્રવચનમાતા અને બાવીશ પરિષહ મળીને ત્રીશ સંવરોપાયો વિચાર્યા. ત્યાર પછી દશ યતિધર્મ આવે છે, તે આવતા પ્રકરણનો વિષય છે; તેથી અત્ર તેમનાં નામમાત્ર જ આપીશું. એ યતિધર્મના પાલનથી પણ નવાં આવતાં કર્મો સામે બારણાં બંધ થાય છે. તે યતિધર્મો આ રહ્યાં : ૧. ક્ષમાધર્મ, ૨. માર્દવધર્મ, ૩. આર્જવધર્મ, ૪. મુક્તિધર્મ, ૫. તપોધર્મ, ૬. સંયમધર્મ, ૭. સત્યધર્મ, ૮. શૌચધર્મ, ૯. અકિંચનધર્મ અને ૧૦. બ્રહ્મચર્યધર્મ. આમાં પાંચ મહાવ્રતનો પણ સમાવેશ થાય છે. આ યતિધર્મને મેળવતાં ૪૦ (ચાળીશ) પ્રકારનાં સંવર થયાં.

પછી બાર ભાવના આવે છે. તેની વિગતવાર વિવેચના આ પ્રકરણમાં જ ચાલે છે. તેમનાં પણ નામ માત્ર આપીએ. ૧. અનિત્યભાવના, ૨. અશરણભાવના, ૩. સંસારભાવના, ૪. એકત્વભાવના, ૫. અન્યત્વભાવના, ૬. અશુચિભાવના, ૭. આસ્રવભાવના, ૮. સંવરભાવના, (ચાલે છે), ૯. નિર્જરાભાવના, ૧૦. લોકસ્વભાવભાવના, ૧૧. બોધિદુર્લભભાવના અને ૧૨. અરિહંતસહાયભાવના. આ પ્રત્યેક ભાવના આવતાં કર્મોને રોકે છે. તેથી તેને સંવરભાવનાનો વિભાગ ગણવામાં આવે છે. એ રીતે ત્રીશમાં દશ અને બાર સંવરો વધતાં પર (બાવન) સંવરો થયાં.

હવે પાંચ પ્રકારના ચારિત્રનું વર્ણન કરીએ. ૧. સામાયિક ચારિત્ર–સમતાનો જેમાં લાભ થાય તે અથવા સમતાનો અર્થાત્ જ્ઞાન, દર્શન અને ચારિત્રનો જેમાં લાભ થાય તેને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ સામાયિક ચારિત્ર કહેવાય. ૨. છેદોપસ્થાપનીય ચારિત્ર–ચારિત્રના પર્યાયનો છેદ થાય. છેદ એટલે પૂર્વપર્યાયનો છેદ અને ઉપસ્થાપના એટલે ગણધિપે આપેલ નવા પર્યાયની સ્થાપના. આમાં પંચ મહાવ્રતનો ઉચ્ચાર થાય છે. ૩. પરિહારવિશુદ્ધિ ચારિત્ર–જેમાં કર્મની નિર્જરા થાય તે. આ ચારિત્રમાં વિશિષ્ટ પ્રકારના તપથી યુક્ત આચાર હોય છે. નવ મનુષ્યનો ગચ્છ જુદો નીકળે તે તીર્થંકર કે તેના દીક્ષિત શિષ્ય પાસે ચારિત્ર પડિવજ્જે. એમાં ચાર જણા પરિહારક એટલે તપના કરનારા થાય અને ચાર તેમની વૈયાવચ્ચ કરનારા થાય અને એકને ગુરુસ્થાનકે ઠરાવે. પછી તે ચાર પરિહારક છ માસ સુધી તપ કરે. તેમાં ઉષ્ણકાળે જઘન્યથી ચોથ, મધ્યમથી છઠ અને ઉત્કૃષ્ટથી અઠ્ઠમ એવાં તપ કરે અને શીતકાળે જઘન્યથી છઠ, મધ્યમથી અઠ્ઠમ અને ઉત્કૃષ્ટથી દશમ કરે તથા વર્ષાકાળે જઘન્યથી અઠ્ઠમ, મધ્યમથી દશમ અને ઉત્કૃષ્ટથી દુવાલસ (૫ ઉપવાસ) તપ કરે, પારણે આંબિલ કરે, એમ છ મહિના તપ કરે. પછી ચાર તપસ્યા કરનારા વૈયાવચ્ચ કરનાર થાય અને વૈયાવચ્ચ કરનારા તપસ્વી થાય. તે પણ છ માસ સુધી તપ કરે. તે પૂર્ણ થયા પછી જે ગુરુ થયા હોય તે છ મહિના તપ કરે, તે વખતે તે આઠમાંનો એક ગુરુ થાય, શેષ બીજા વૈયાવચ્ચ કરે. એમ અઢાર મહિના સુધી તપ સંપૂર્ણ કરી પછી જિનકલ્પ આદરે અથવા ગચ્છમાં પણ આવે. ૪. સૂક્ષ્મસંપરાય ચારિત્ર–સંપરાય એટલે કષાય. શ્રેણીએ કર્મ ખપાવતાં નવમે ગુણસ્થાનકે લોભના સંખ્યાત ખંડ કરી જ્યારે છેલ્લો ખંડ બાકી રહે ત્યારે તેના અસંખ્યાત સૂક્ષ્મ ખંડ કરીને દશમે ગુણઠાણે ઉપશમાવે, અથવા ક્ષપકશ્રેણી માંડી હોય તો ત્યાં ખપાવે, તે દશમ ગુણસ્થાનકનું નામ સૂક્ષ્મસંપરાય છે. અને ચારિત્રનું નામ પણ સૂક્ષ્મસંપરાય છે. ૫. યથાખ્યાત ચારિત્ર–યથાવિધિએ કરીને અકષાયપણું અર્થાત્ સંજ્વલન-કષાયે કરી સર્વથા કષાયરહિતપણું જેને કહીએ તે યથાખ્યાત ચારિત્ર જાણવું. છાદ્મસ્થિક અને કૈવલિક એવા એના બે પ્રકાર છે. અગિયારમે ગુણઠાણે એ છદ્મસ્થને થાય અને તેરમે ગુણસ્થાનકે તે કૈવલિકને જાણવું. આ ચારિત્રથી પ્રાણીનો મોક્ષ થાય છે.

આ પ્રમાણે સંવરના સત્તાવન પ્રકાર થયા. એમાંનો કોઈ એક કે વધારે પ્રકાર આદરવાથી આવતાં કર્મોનાં બારણાં દેવાઈ જાય છે. પ્રત્યેક સત્તાવન પ્રકૃતિ વિચારવા યોગ્ય છે, અને એ રીતે નવીન કર્મબંધની સામે બારણાં બંધ કરવા જેવું છે. આ નવીન આય બંધ થઈ જાય પછી હોય તેવાં કર્મોને દૂર કરવાને માટે આવતી નવમી નિર્જરાભાવના છે.

આઠમી સંવરભાવના જસસોમે નીચે પ્રમાણે વર્ણવી છે, તે હવે આપણે વિચારી લઈએ —

આઠમી સંવરભાવના જી, ધરી ચિત્તશું એકતાર;
સમિતિ ગુપ્તિ સુધી ધરો જી, આપોઆપ વિચાર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સલૂણા ! શાંતસુધારસ ચાખ—એ આંકણી.
વિરસ વિષય ફલફૂલડે જી, અટતો મનઅલિ રાખ. સલૂણા૦ ૧
લાભઅલાભે સુખદુઃખે જી, જીવિતમરણ સમાન;
શત્રુમિત્ર સમ ભાવતો જી, માન અને અપમાન. સલૂણા૦ ૨
કદીએ પરિગ્રહ છાંડશું જી, લેશું સંયમભાર;
શ્રાવક ચિંતે હું કદા જી, કરીશ સંથારો સાર. સલૂણા૦ ૩
સાધુ આશંસા એમ કરે જી, સૂત્ર ભણીશ ગુરુ પાસ;
એકલમલ્લ પ્રતિમા રહી જી, કરીશ સંલેખણ ખાસ, સલૂણા૦ ૪
સર્વજીવહિત ચિંતવો જી, વયર મ કર જગ મિત્ત;
સત્ય વચન મુખ ભાખીએ જી, પરિહર પરનું વિત્ત. સલૂણા૦ ૫
કામકટક ભેદણ ભણી જી, ધર તું શીલ સન્નાહ;
નવવિધ પરિગ્રહ મૂકતાં જી, લહીએ સુખ અથાહ. સલૂણા૦ ૬
દેવમણુઅ ઉપસર્ગશું જી, નિશ્ચલ હોય સધીર;
બાવીશ પરિષહ જીતીએ રે, જિમ જીત્યા શ્રીવીર. સલૂણા૦ ૭

"આઠમી સંવરભાવના ચિત્તમાં એકતાર કરી બરાબર ધારણ કરવી, ભાવવી. તેમાં આપોઆપ વિચાર કરીને પ્રથમ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ ધારણ કરવી અને શાંત સુધારસનું આસ્વાદન કરવું. કર્ત્તા કહે છે કે જ્યારે વિરસ એટલે માઠા રસવાળાં ફળફૂલમાં ભમતા મનરૂપ અલિને-ભમરાને રોકીશ, તેમાં ફરવા નહિ દે ત્યારે તે શાંતસુધારસનું, શાંતિરૂપ અમૃતનું, આસ્વાદન કરશે." (૧)

"સંવરભાવનાના પ્રારંભમાં સમાન ભાવની અત્યંત આવશ્યકતા હોવાથી કર્ત્તા કહે છે કે સંવરના અભિલાષી જીવો લાભ અને અલાભમાં, સુખમાં અને દુઃખમાં, જીવિત અને મરણમાં, શત્રુ અને મિત્રમાં અને માન અને અપમાનમાં સમભાવ રાખનારા હોય છે." (૨)

"શ્રાવક દરરોજ મનમાં ચિંતવે છે કે, 'હું આ પરિગ્રહ ક્યારે છાંડીશ, ક્યારે સંયમનો ભાર (ચારિત્ર) ગ્રહણ કરીશ અને ક્યારે અણશણ કરીને, સંથારો કરીને, શુભ ભાવના ભાવતો આ દેહને તજીશ?' શ્રાવકને કરવા યોગ્ય આ ત્રણ મનોરથ કહ્યા છે. સાધુ એવી આશંસા-ઇચ્છા કરે કે 'હું ગુરુ પાસે ક્યારે સર્વ સૂત્રોનો અભ્યાસ કરીશ? ક્યારે વિહારી થઈ, એકલમલ્લ પ્રતિમા ધારણ કરી કાયોત્સર્ગમાં રહીશ? અને ક્યારે શાસ્ત્રવિધિપૂર્વક સંલેખણા કરી આ શરીરને તજી દઈશ?' આ સાધુને કરવાના ત્રણ મનોરથ છે." (૩-૪)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"હવે સંવરના ભેદ વર્ણવે છે. ઉત્તમ જીવો સર્વ જીવનું હિત ચિંતવે. કર્ત્તા કહે છે કે, હે જગતના મિત્ર ! તું કોઈની સાથે વેર ન કરીશ, મુખે સત્યવચન બોલજે, પારકું દ્રવ્ય પરિહરજે, કિંચિત્ પણ અદત્ત ન ગ્રહણ કરીશ. કામદેવના સૈન્યને ભેદવા માટે, જીતી લેવા માટે શીલરૂપ સન્નાહને એટલે કે બખ્તરને ધારણ કરજે અને નવવિધ પરિગ્રહને સર્વથા તજી દેજે કે જેથી પારાવાર સુખની પ્રાપ્તિ થાય." (૫–૬)

"દેવસંબંધી અને મનુષ્યસંબંધી, ઉપલક્ષણથી તિર્યંચ સંબંધી પણ જે જે ઉપસર્ગો –ઉપદ્રવો થાય તેને ધૈર્યથી નિશ્ચળ થઈને સહન કરવા, અને જેમ મહાવીર પ્રભુએ સર્વ પરિષહને જીતી લીધા તેમ તારે પણ બાવીશે પરિષહને સહન કરવા, જીતી લેવા. આ અંતિમ ઉપદેશ છે." (૭)

આ પ્રકારની જસસોમની આઠમી ભાવના છે. એમાં સંવરનાં થોડાં થોડાં નામો આપ્યાં છે. નવતત્ત્વકાર પોતાના ટબામાં લખે છે કે 'જે જે સંવર થકી આશ્રવ રોકાય તે આશ્રવનું રોકવું, અને તે તે સંવરનું જે આદરવું, એટલે જેમ ક્ષમાદિક સંવર વડે ક્રોધાદિ આશ્રવ રોકાય છે, ઇત્યાદિક જે ભાવના કરવી તે આઠમી સંવરભાવના."

શ્રીમાન્ વિનયવિજયજીના શાંતસુધારસના વિવેચનમાં લખેલ છે કે પ્રથમ તો સંવરનો અર્થ સમજવો; પાંચ સમિતિ શું છે, ત્રણ ગુપ્તિ શું છે, દશ યતિધર્મો કયા કયા છે, બાર ભાવના કેમ ભાવવી, બાવીશ પરિષહ કેમ જીતવા અને પાંચ ચારિત્રનો પરિચય કેવી રીતે કરવો એ વિચારવું તે સંવરભાવના છે. આશ્રવોથી ગભરાવાનું જરા પણ કારણ નથી. એ આશ્રવોનો ઉપાય સંવરભાવ છે અને એ પ્રયાસસિદ્ધ છે અને એ પ્રયાસ જરૂર કર્તવ્ય છે. અવિરતિનો ઉપાય સંયમ છે. સંયમના સત્તર પ્રકાર છે. મિથ્યાત્વનો ઉપાય સમ્યક્ત્વ છે. અને આર્ત્તધ્યાનનો ઉપાય મનઃસ્થિરતા છે, જ્યારે ક્રોધનો ઉપાય ક્ષમા છે, માનનો ઉપાય નમ્રતા છે, માયાનો ઉપાય સરળતા છે અને લોભનો ઉપાય સંતોષ છે. રોધ હૃદયથી કરવાનો છે. આત્મવહાણની ત્રણ જરૂરિયાતો છે, તે હોય તો લક્ષ્યસ્થાને પહોંચવામાં વખત લાગતો નથી. આત્મવિકાસનો માર્ગ ત્યાં બતાવ્યો છે. પ્રથમ તો નવાં કર્મોને રોકવાં, સંવર આવતાં કર્મોને અટકાવે છે. અહીં જે માર્ગ બતાવવામાં આવ્યા છે તે સિદ્ધ માર્ગો છે. વિષયકષાયને દૂર કરવા અને શમરસનો વરસાદ વરસાવવો. તારી ફિકરો નકામી છે, એવો એક ધ્વનિ છે. મનોગુપ્તિની ચાવી પછી બતાવી છે. કાયાની માયા કરવા જેવી નથી. સંયમયોગમાં નિરંતર પ્રવૃત્તિ રાખવી, મતમતાંતરમાં ન મૂંઝાવું પણ સત્યની પરીક્ષા બરાબર કરવી. બ્રહ્મચર્ય એ આત્મવિકાસની બારાખડી છે. એમાં અનેક બાબતો સમાય છે. સર્વનો આધાર પરિણતિ પર છે. આત્મસ્વરૂપ ઓળખવા જેવું છે. તારો ઉદ્ધાર તારા હાથમાં છે. શાંતરસનું પાન કરવા જેવું છે. આવા અનેક ઉપયોગી વિષયો એ ગ્રંથમાં નિરૂપવામાં આવ્યા છે. તે તરફ સુજ્ઞ વાંચકનું લક્ષ ખેંચવામાં આવે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. આ સંવરભાવનામાં સમિતિ, ગુપ્તિ, પરિષહજય, ચારિત્રો, ભાવના વગેરે જે રજૂ કરવામાં આવ્યાં તે કર્મની આવક સામે બારણું બંધ કરનાર છે અને પછી જેમ તળાવમાં નવું પાણી ન આવે ને અટકી જાય તેમ સંવરનું કાર્ય છે. એ ભાવના વારંવાર ભાવવી. એ રીતે વિચારપથ સુધર્યા પછી તેનો અમલ થશે અને આત્મા આત્મિક ભાવમાં લાગી જશે. હવે તે વખતે જે કર્મો લાગેલાં હોય, આત્મા સાથે મળેલાં હોય તેને કેમ દૂર કરવાં તે આવતી નવમી ભાવનામાં વિચારાશે. એ રીતે નવાં કર્મોને રોકવા પૂરતી આ આઠમી ભાવના ચિંતવવી અને તે સારી લાગે, જચે તો તેનો અમલ કરવો. એ વિચારણાથી હંમેશ માટેનું સુખ મળે છે. (૧૫૮)

## નવમી નિર્જરાભાવનાનું વિસ્તારથી સ્વરૂપ—

यद्वद्विशोषणादुपचितोऽपि यत्नेन जीर्यते दोषः ।
तद्वत् कर्मोपचितं निर्जरयति संवृतस्तपसा ॥१५९॥

**અર્થ**—જેમ શરીરમાં થયેલો દોષ લાંઘણથી (ન ખાવાથી) પ્રયત્નપૂર્વક નાશ પામી જાય છે, તે પ્રકારે આત્મા સાથે મળી ગયેલ કર્મને પણ સંવરયુક્ત પ્રાણી તપ દ્વારા દૂર કરી દે છે, નાશ પમાડે છે. (૧૫૯).

**વિવરણ**—આ શ્લોકમાં નવમી નિર્જરાભાવનાનું સ્વરૂપ વિસ્તારથી બતાવ્યું છે. કર્તા પોતે જ એક દાખલો આપી નિર્જરાની મહત્તા સમજાવે છે. નિર્જરા અગાઉ લાગેલાં કર્મોને ઉવેખે છે. સંવર તો કર્મને આવતાં બંધ કરે, પણ તે વખતે જે કર્મો લાગેલાં હોય, આત્મા સાથે મળી ગયેલાં હોય તેનું શું ? નવીન આવક તો સંવર દ્વારા બંધ થાય છે, પણ અગાઉ આત્માએ કરેલાં કર્મોનું શું કરવું ? તેનો વિચાર આ ભાવનામાં કર્યો છે. તેથી પુરાણા કર્મોના ક્ષય માટેની એ ભાવના પણ વિચારણીય છે.

**વિશોષણ**—સુકાવવું તે. લાંઘણ કરવાથી, ન ખાવાથી. લોકોમાં કહેવત છે કે रोगाः पच्यन्ते लंघनात्—લાંઘણ રોગોને પચાવી દે છે. આપણે ગમે તેવા દોષો કર્યા હોય, વધારે પડતું ખાઈ નાંખ્યું હોય, અપચો કે અનેક પ્રકારના વ્યાધિઓ થયેલા હોય તો તે બધાનો ઉપાય લાંઘણ છે. લાંઘણના હજારો લાભ છે, તેમાં સર્વથી મોટો લાભ એ સર્વ દોષોનું શોષણ કરે છે તે છે. લાંઘણ જેમ સર્વ રોગોને દૂર કરે છે, તેના મૂળમાં જઈ તે રોગોને ઉખેડી નાખે છે, તે પ્રમાણે.

**ઉપચિત**—પુષ્ટ. જ્વરાદિ દોષ, અપચો વગેરે એકઠા કરેલા દોષો. આવા અનેક દોષોનો ઉપાય લાંઘણ છે. ગમે તેવો અપચો થયો હોય તેને લાંઘણ દૂર કરી દે છે. આ તો અનેક વર્ષોનો–યુગોનો અનુભવ છે કે ન ખાવાથી સર્વ દોષો દૂર થાય છે. ગામ-ગામનું પાણી પીધેલ હોય કે વધારે પડતું જમાઈ ગયું હોય, તેનો ઉપાય લાંઘણ છે. લાંઘણ કરવાથી–ન ખાવાથી કાંઈ મરી જવાતું નથી, પણ ખાધેલ વસ્તુને પચવાનો વખત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મળે છે, તે સ્વયં ઘણો લાભ કરે છે અને ન પચેલાને પચાવે છે.

**જીર્યંતે દોષઃ**—દોષ ઘટી જાય છે. જેવી રીતે લાંઘણ કરવાથી, ભૂખ્યા રહેવાથી અપચો, અજીર્ણ, તાવ વગેરે અનેક દોષો નાશ પામે છે તેમ.

**સંવૃત**—જેણે આશ્રવનાં બારણાં બંધ કર્યાં છે તેવો માણસ. આશ્રવના દ્વાર બંધ કરવા એટલે તે આવતાં કર્મોનો સંવર કરવો. એટલે આ નિર્જરા કરનાર સંવરવાળો હોવો જોઈએ એ જરૂરી છે અને સંવરપૂર્વક નિર્જરાની શકયતા અત્ર ઠસાવવામાં આવી છે.

**તપસા**—બાર પ્રકારના તપ કરીને, બાંધેલાં અને સાથે આણેલાં કર્મોનો પ્રાણી ક્ષય કરે છે. જેમ ગમે તેવું ખાધુ હોય, અપથ્યો કે તાવ આવેલ હોય, શરીર માંદ્દતું ન હોય, કાયા કૃશ થઈ ગઈ હોય, અનેક વ્યાધિઓ શરીરને લાગેલા હોય તેનો નાશ લાંઘણ કરે છે તેમ પૂર્વે એકઠાં કરેલાં કર્મોનો બારોબાર ક્ષય તપસ્યા કરે છે. એ તપસ્યા કેવી રીતે થાય અને કેવી છે તે આપણે હમણાં જોઈશું.

**નિર્જરયતિ**—નાશ કરે છે, ક્ષય કરે છે. લાંઘણ જેમ ગમે તેવા દોષને દૂર કરે છે, તેમ આત્માને લાગેલાં અનેક કર્મોનો ઉપાય તપ છે. માટે આ નિર્જરાની ભાવના કરી તેનો અમલ કરવો.

તપના બાર પ્રકાર છે. તે જ નિર્જરાભાવનાના બાર ભેદ છે. છ બાહ્ય તપ અને છ આભ્યંતર તપ એમ મળીને નિર્જરાના બાર પ્રકાર થાય છે. આપણે પ્રથમ છ બાહ્ય તપને સમજીએ ૧. અનશન–એના બે પ્રકાર છે, એક ઇત્વર અને બીજો યાવત્કથિક. ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ, વગેરે છ માસ સુધી ન ખાવું, અશનનો ત્યાગ કરવો તે ઇત્વર અનશન કહેવાય. યાવત્કથિક અણુસણ યાવજ્જિવિત માટેનું થાય છે. આ બન્ને પ્રકારનાં અણુસણને વિચારવાં. ૨. અશન પ્રમુખની ન્યૂનતા કરવી, પોતાની ભૂખ માગે તે કરતાં બે પાંચ કે વધારે કોળિયા ઓછું ખાવું. અત્યારે Austerityને નામે આ ઊણોદરિકા તપસ્યાનો પ્રચાર થાય છે. એકાદ ટંક ભોજન ન કરવું તે પણ આમાં સમાવેશ પામે છે. ઊણોદરિકા બાહ્ય તપમાં આવે છે. ૩. વૃત્તિસંક્ષેપ તપ – નિયમ ધારવા, આજીવિકા જેમ બને તેમ ઓછી કરવી, ઓછી વસ્તુથી ચલાવી લેવું અને અમુક વસ્તુનો ત્યાગ કરવો, તે ત્રીજો વૃત્તિસંક્ષેપ બાહ્ય તપ. ૪. રસત્યાગ તપ – તે નીવી આંબેલ પ્રમુખનું તપ છે, તે વિગયનો (ઘી, તેલ, ગોળ, સાકર વગેરે ચીજોનો) ત્યાગ છે. જેમ બને તેમ રસ ઓછા વાપરવા. ૫. કાયક્લેશ બાહ્ય તપ – માથાના વાળનો લોચ કરવો, કાયોત્સર્ગ કરવો અને ચોરાશી આસનમાંથી કોઈ શરીરને ક્લેશ નીપજાવે તેવું ગમે તે આસન કરવું. ૬. સંલીનતા બાહ્ય તપ – શરીરનાં અંગોપાંગને સંવરવું, ગોપન કરવું. આ છએ પ્રકારનાં બાહ્ય તપ છે. આ તપસ્યા દ્વારા કર્મોને ખપાવવાનો એક માર્ગ છે. હવે આપણે છ આભ્યંતર તપ વિચારીએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આભ્યંતર તપમાં પ્રથમ આવે છે પ્રાયશ્ચિત તપ. કપટરહિતપણે ગુરુ પાસે પોતાના દોષને પ્રકટ કરી તેની આલોયણા લેવી; તેના (પ્રાયશ્ચિત્તના) દશ પ્રકાર છે. ગુરુ પાસે ગોચરી પ્રમુખનું આલોચવું તે પ્રથમ આલોચન પ્રાયશ્ચિત્ત. માતરૂં પુંજ્યા વિના પરઠવવું અને તેનો મિચ્છામિ દુક્કડમ્ દેવો તે બીજું પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત. શબ્દાદિ વિષય ઉપર રાગ કર્યો હોય તેનું આલોચન પણ કરવું અને મિચ્છામિ દુક્કડં પણ દેવો તે ત્રીજું મિશ્ર પ્રાયશ્ચિત્ત. અશુદ્ધ આહારપાણીનો ત્યાગ કરવો તે ચોથું વિવેક પ્રાયશ્ચિત્ત. ખરાબ સ્વપ્નાદિકને અંગે કાયોત્સર્ગ કરવું તે પાંચમું કાયોત્સર્ગ પ્રાયશ્ચિત્ત. પૃથ્વીકાય વગેરેનો સંઘટ્ટ થઈ જવાથી તપ કરવો તે છઠ્ઠું તપ પ્રાયશ્ચિત્ત. પૃથ્વી આદિકનો સંઘટ્ટ થવાથી કાંઈક દીક્ષાપર્યાયની ન્યૂનતા થઈ હોય તે સાતમું છેદ પ્રાયશ્ચિત્ત. મૂળગુણભંગ થવાને કારણે સર્વથા વ્રતપર્યાયનું છેદન થવાથી દીક્ષાપર્યાયની ન્યૂનતા થઈ હોય તે આઠમું મૂલ પ્રાયશ્ચિત્ત. કોઈનો ઘાતપાત થઈ ગયો હોય તો વિધિપૂર્વક તપ કરવું અને ત્યારપછી મહાવ્રતનો આરોપ કરવો તે નવમું અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત. રાજાની રાણી અથવા સાધ્વી પ્રમુખ સાથે સંભોગ થઈ ગયાથી બારવર્ષ પર્યંત તીર્થપ્રભાવના કરી ગચ્છમાં આવવું તે દશમું પારાંચિત પ્રાયશ્ચિત્ત. આ એક પ્રકારનું આભ્યંતર તપ થયું.

બીજો વિનયતપ. એટલે ગુણવંત વગેરેની ભક્તિ કરવી, આશાતના ટાળવી. જ્ઞાનનો વિનય પાંચ પ્રકારે છે. મત્યાદિ પાંચ પ્રકારના જ્ઞાનની સેવા કરવી, તે પ્રથમ ભક્તિવિનય. પાંચ જ્ઞાનનું અંતરંગ પ્રીતિ સહિત બહુમાન કરવું તે બીજો બહુમાનવિનય. દીઠેલા જાણેલા પદાર્થોની સમ્યગ્ પ્રકારે ભાવના કરવી તે ત્રીજો ભાવનાવિનય. પાંચે જ્ઞાનનું વિધિપૂર્વક ગ્રહણ કરવું તે ચોથો વિધિગ્રહણવિનય અને એ પાંચે જ્ઞાનનો અભ્યાસ કરવો તે પાંચમો અભ્યાસવિનય. દર્શનનો વિનય બે પ્રકારે છે. ઉચિત ક્રિયાને સાચવવી તે શુશ્રૂષાવિનય અને બીજો અનાશાતનાવિનય એટલે અનુચિત ક્રિયાથી વિરમવું. અનાશાતનાવિનયના પિસ્તાળીશ પ્રકાર છે. તેમાં તીર્થંકર, ધર્મ, ધર્માચાર્ય, વ્યાખ્યાતા, સ્થવિર, કુળ, ગણ, સંઘ, મંડળી, સમાન ક્રિયા કરનાર એની સાથે પાંચ મેળવતાં પંદર થયા, તેમની આશાતના ન કરવી, ભક્તિ સહિત બહુમાન કરવું અને તેમના છતા ગુણ વર્ણવી યશ કીર્તિ કરવી. એટલે વિનયના પિસ્તાળીશ ભેદ થયા. આ બીજો અભ્યંતર તપ.

ચારિત્રનો વિનય પાંચ પ્રકારનો છે. પાંચ ચારિત્રોની સદ્દહણા કરવી. ચારિત્રવિનય ત્રણ પ્રકારના યોગનો વિષય છે. આચાર્ય વગેરેનો મન, વચન, કાયાથી વિનય કરવો.

લોકોપચાર વિનય સાત પ્રકારનો છે. ગુરુ વગેરે જે શ્રેષ્ઠ પુરુષ હોય તેઓની સમીપ બેસવું, આરાધવા યોગ્ય પુરુષની ઇચ્છાએ પ્રવર્તવું, ઉપકારનો પ્રત્યુપકાર કરવો, ગુરુ જ્ઞાન આપે તે માટે તેમને ભાતપાણી લાવી આપી તેમનો વિનય કરવો, ગ્લાનનો દવાદારૂ લાવી આપી વિચન કરવો, તેમ જ દેશ તથા કાળ જાણીને અવસરોચિત કરવું અને વડીલનાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સર્વ કાર્ય કરવામાં ઉજમાળપણું રાખવું. આવી રીતે સાત પ્રકારે વિનય કરવાનો છે. આ બીજો વિનયતપ આભ્યંતર તપમાં આવે છે.

ત્રીજો આભ્યંતર તપ તે વૈયાવચ્ચ તપના નામથી ઓળખાય છે. મુખ્યપાત્રોની (આચાર્ય, ઉપાધ્યાય વગેરે દસની) અશન, પાન, વસ્ત્ર, પાત્ર તથા ઔષધે કરીને યથા-યોગ્ય સેવા કરવી તે ત્રીજો વૈયાવચ્ચ આભ્યંતર તપ.

ચોથો સ્વાધ્યાય આભ્યંતર તપ પાંચ પ્રકારનો છે–વાચના, પૃચ્છના, પરિવર્તના, અનુ-પ્રેક્ષા અને ધર્મકથા. વાચના એટલે પોતે ભણવું, ભણાવવું અને સૂત્રને અંગે સંદેહ પડે તે પૂછવું તે પૃચ્છના. પૂર્વે શીખેલાને ફરીવાર સંભારવું તે પરિવર્તના. પૂર્વે ધારેલ અર્થનું ચિંતન કરવું તે અનુપ્રેક્ષા અને ધર્મસંબંધી કથા કહેવી કે ઉપદેશ દેવો તે પાંચમો વિભાગ ધર્મકથા. આ સ્વાધ્યાય આભ્યંતર તપ આ રીતે પાંચ પ્રકારનો થાય છે.

પાંચમો આભ્યંતર તપ તે ધ્યાનતપ છે. મનની એકાગ્રતા એ ધ્યાન છે. એના આર્ત્ત-ધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુકલધ્યાન એવા ચાર ભેદ છે. એનો વિસ્તાર અને એ પ્રત્યેકના પેટા ભેદ માટે જુઓ મારો ગ્રંથ 'જૈન દૃષ્ટિએ યોગ'.

છઠ્ઠો આભ્યંતર તપ એ કાયોત્સર્ગ છે. દ્રવ્યથી કાયાનો ઉત્સર્ગ કરવો તે કાયોત્સર્ગ છે.

આગળ જે કર્મો બાંધ્યાં હોય, આત્મા સાથે જે લાગેલાં હોય તે આ રીતે બાર પ્રકારના બાહ્ય અને આભ્યંતર તપથી દૂર થાય છે. એટલે સંવરથી નવાં આવતાં કર્મો અટકે અને નિર્જરાથી અગાઉ લાગેલાં કર્મોનો આત્મા સાથેનો સંબંધ દૂર થાય.

આવી રીતે નિર્જરાભાવના ભાવવી. તેના સંબંધમાં નવતત્ત્વના ટબાકાર લખે છે કે 'સંકીર્ણ સ્થાનકને યોગે જેમ આમ્રફળ (કેરી) પાકે છે તેમ જ બાર પ્રકારના તપે કરીને કર્મને પચાવવું, અર્થાત્ પૂર્વે સંચેલા કર્મનું પાકવું તે રૂપ નિર્જરા, સકામ અને અકામ એ બે ભેદે છે.' હવે જસસોમ મુનિ આ ભાવના કેવી રીતે ભાવવી તે સંબંધમાં નીચે પ્રમાણે જણાવે છે.

(રાગ ગોડી. મન ભમરા રે–એ દેશી)

નવમી નિર્જર ભાવના, ચિત્ત ચેતો રે,
આદરો વ્રત પચ્ચક્ખાણ, ચતુર ચિત્ત ચેતો રે;
પાપ આલોચો ગુરુ કને, ચિ૦ ધરિયે વિનય સુજાણ, ચતુર૦ ૧
વૈયાવચ્ચ બહુવિધ કરો, ચિ૦ દુર્બળ બાળ ગિલાન; ચતુર૦
આચારજ વાચક તણો, ચિ૦ શિષ્ય સાધર્મિક જાણ. ચતુર૦ ૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તપસી કુલ ગણ સંઘના, ચિ૦ થિવિર પ્રવર્તક વૃદ્ધ; ચતુર૦
ચૈત્યભક્તિ બહુ નિર્જરા, ચિ૦ દશમે અંગ પ્રસિદ્ધ. ચતુર૦ ૩

ઉભય ટંક આવશ્યક કરો, ચિ૦ સુંદર કરી સજ્ઝાય; ચતુર૦
પોસહ સામાયિક કરો, ચિ૦ નિત્ય પ્રત્યે નિયમ નભાય. ચતુર૦ ૪

કર્મસૂદન કનકાવળી, ચિ૦ સિંહનિક્રીડિત દોય; ચતુર૦
શ્રી ગુણરયણ સંવત્સરુ, ચિ૦ સાધુપડિમ દશ દોય. ચતુર૦ ૫

શ્રુતઆરાધના સાચવો, ચિ૦ યોગવહન ઉપધાન; ચતુર૦
શુકલધ્યાન સુધું ધરો, ચિ૦ શ્રી આંબિલવર્ધમાન. ચતુર૦ ૬

ચૌદ સહસ અણગારમાં, ચિ૦ ધન ધન્નો અણગાર; ચતુર૦
સ્વયંમુખ વીર પ્રશંસીઓ, ચિ૦ ખંધક મેઘકુમાર. ચતુર૦ ૭

તેના સર્વ અર્થ કરતાં કહે છે કે "નવમી નિર્જરા ભાવના માટે કર્તા ચતુર મનુષ્યને ચેતવણી આપે છે કે, તમે ચેતો અને ભાવના ભાવો. આ ભાવનાનું સ્વરૂપ શું છે તે બતાવે છે કે, તમે વ્રતપચ્ચખ્ખાણ કરો, ગુરુ પાસે પાપ આલોચો, વિનયગુણને ધારણ કરો, વૈયાવચ્ચ પણ બહુ પ્રકારે કરો. વૈયાવચ્ચ કોની કરવી ? તો કહે છે કે દુર્બળ, ગ્લાન (રોગી), આચાર્ય, ઉપાધ્યાય, શિષ્ય (લઘુમુનિ), સાધર્મિક, કુળ, ગણ અને સંઘસ્થવિર તથા પ્રવર્તક કે વૃદ્ધ હોય તેની. ચૈત્યની ભક્તિ કરવાથી બહુ નિર્જરા થાય છે. આ હકીકત શ્રી પ્રશ્નવ્યાકરણ નામના દશમા અંગમાં કહેલ છે." (૧–૨–૩)

"વળી બે ટંક આવશ્યક (પ્રતિક્રમણ) કરો, સુંદર સજ્ઝાય–ધ્યાન કરો, પોસહ કરો, સામાયિક કરો, નિયમ ધારો, અથવા નિત્ય નવા અભિગ્રહ કરો. હવે અનેક પ્રકારના તપ બતાવે છે. ચોસઠ દિવસનો કર્મસૂદન તપ, બે પ્રકારનો સિંહનિક્રીડિત તપ ને ગુણરત્નસંવત્સર નામે તપ કરો. સાધુની બાર પડિમાનું આરાધન કરો. શ્રુતની આરાધના કરો અને ઉપધાન તપ કરો. સૂધું–સારું શુકલ ધ્યાન ધ્યાઓ અને આંબેલનું વર્ધમાન નામે તપ કરો." (૪–૫–૬)

"ચૌદ હજાર મુનિમાં ધન્ના અણગારને ધન્ય છે કે જેની વીર પરમાત્માએ સ્વમુખે પ્રશંસા કરી છે. વળી મહા સહનશીલ ખંધકમુનિ અને મેઘકુમારને પણ ધન્ય છે." (૭)

આવી રીતે તપ કરવાથી પૂર્વનાં કરેલાં અને આત્મા સાથે જોડાયલાં કર્મો પણ નાશ પામે છે. આ સંબંધમાં શ્રી વિનયવિજય ઉપાધ્યાય શું કહી ગયા છે તે આપણે જોઈએ. એનું વિવેચન મારા વિવરેલ શાંતસુધારસ ગ્રંથના પ્રથમ ભાગ પૃ. ૪૪૭–૪૯૨ પર છે. ત્યાં જણાવ્યું છે કે વેદાંતમાં ત્રણ પ્રકારનાં કર્મો વર્ણવેલાં છે. સત્તામાં જે કર્મો ગ્રહણ કરી લીધેલાં હોય તેમનો અને નિર્જરાનો સંબંધ શો છે તે ત્યારપછી જણાવ્યું

JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. આ નિર્જરા સકામા અને અકામા એમ બે પ્રકારની છે. તેના પર ત્યાર પછી વિવેચન કર્યું છે. પછી તપના બાહ્ય અને આભ્યંતર એવા બે વિભાગ કર્યા છે. તેમાં બાહ્ય તપના છ પ્રકાર પ્રથમ બતાવ્યા છે. પછી આભ્યંતર તપના છ પ્રકાર વર્ણવ્યા છે. તેમાં વિનયના સાત પ્રકાર, વૈયાવચ્ચના દશ પ્રકાર, સ્વાધ્યાયના પાંચ પ્રકાર અને ધ્યાનના ચાર પ્રકાર વર્ણવી ઉત્સર્ગમાર્ગ બતાવ્યો છે. અને સંયમતપની ઉત્કૃષ્ટતા વર્ણવી છે. ચેતવનારના ભેદથી વહ્નિમાં ભેદ પડે છે. નિર્જરાના કારણને લઈને તે બાર પ્રકારની છે. કર્મબંધ વખતની બેદરકારી વિચારણીય છે. નિકાચિત કર્મો કેમ બંધાય છે તે ત્યાર પછી જણાવ્યું છે. હીરની ગાંઠ અને તેલના ટીપાનો દાખલો આપી એવાં કર્મ કાપનાર તપ છે એ દર્શાવ્યું છે. તપનો મહિમા મોટો છે. ચાર મહા હત્યા કરનારા પણ તપથી શુદ્ધ બને છે. ભરત ચક્રવર્તીની ભાવના આ સ્થાને વિચારણીય છે. તપથી લબ્ધિ અને સિદ્ધિ થાય છે. (લબ્ધિ–સિદ્ધિનો ઉપયોગ પ્રમાદ છે). તપ આંતરશત્રુ પર વિજય કરે છે. શ્રીમાન યશોવિજયજી કૃત તપાષ્ટકનો અહીં ઉલ્લેખ કરવા યોગ્ય છે. જેમ ખર વા વાદળીને વીંખી નાખે છે તેમ તપ કર્મોને દૂર કરે છે. તપથી શત્રુ મિત્ર બને છે. 'अहिंसाप्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः' એ સૂત્ર પર વિવેચન ત્યાર પછી કરવામાં આવ્યું છે. અપેક્ષા વગરના તપનું ફળ શું થાય છે તે પર વિવેચન ત્યારબાદ કરવામાં આવ્યું છે. તપ એ કર્મવ્યાધિનો ઉપાય છે. એ ઓસડનું અનુપાન પણ સાથે જ છે. આ શાંતરસ પીવાની પછી ભલામણ છે. વીર પરમાત્મા, ગજસુકુમાળ, મેતાર્યમુનિ, ખંધકમુનિ, ધન્ના શાળિભદ્ર વગેરે અનેકને ત્યાં યાદ કરી તેમને વર્ણવ્યા છે. તપનો કરવા યોગ્ય વિભાગ વર્ણવી યશસોમની છેવટે નિર્જરાભાવના ગાઈ બતાવી છે. આવા પ્રકારનું શાંતસુધારસમાં નવમી ભાવનાનું વર્ણન છે. એ પર વિચાર કરી તપને કરવો, કારણ કે એ કર્મોને સૂકવી નાંખે છે. જૂનાં કર્મોને ઓછાં કરવાનો કે દૂર કરવાનો માર્ગ આ એક જ પ્રકારનો છે. એવી રીતે આ નવમી નિર્જરાભાવનાને ચિંતવવી.

તપનો આટલો મોટો મહિમા છે. અગાઉ બાંધેલાં કર્મોને તે શોષવી નાખે છે અને અગાઉનાં કર્મોને દૂર કરવાનો માર્ગ આ તપસ્યા જ છે. તે સાથે યાદ રાખવું કે તપ એટલે એકલો બાહ્ય તપ નથી, પણ આભ્યંતર તપનો તેમાં સમાવેશ થાય છે અને આભ્યંતર તપમાં તો અભ્યાસ પણ આવે છે. પૂર્વે ગ્રહણ કરેલાં કર્મોને પણ શોષવી નાખે એવી તપમાં ખાસ શક્તિ છે. આવી રીતે નવમી નિર્જરાભાવના ભાવવી અને તે માટે નિર્જરા તત્ત્વને સમજવું (૧૫૯).

**દશમી લોકસ્વરૂપભાવનાનું વિસ્તારથી સ્વરૂપ—**

लोकस्याधस्तिर्यग् विचिन्तयेदूर्ध्वमपि च बाहल्यम् ।
सर्वत्र जन्ममरणे रूपिद्रव्योपयोगांश्च ॥१६०॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અર્થ**—લોકનો નીચેનો ભાગ, ઉપરનો ભાગ અને તિર્યગ્લોકને ચિંતવવો તથા તેના વિસ્તારને વિચારવો. એના સર્વ વિભાગમાં આ જીવે જન્મ અને મરણ કર્યાં છે અને તેમાં રહેલા રૂપી પદાર્થનો ઉપયોગ મન, વચન, કાયાના ઉપાદાન તરીકે આ જીવ કરી ચૂકયો છે. (૧૬૦)

**વિવેચન**—આ જીવ લોકમાં રહેલાં સર્વ સ્કંધોનો ઉપયોગ કરી ચૂકયો છે, લોકમાં સર્વ સ્થાનકે જન્મી અને મરી ચૂકયો છે, એણે સર્વ સ્થાનોમાં ગમનાગમન કર્યું છે, એ વિચારવા માટે લોકસ્વરૂપની આ દશમી ભાવના છે. લોકસ્વરૂપ જે રીતે શાસ્ત્રમાં કહ્યું છે તે સમજી, જાણી તેના પરથી બોધ લેવો કે આ જીવ આ લોકનાં સર્વ સ્થાનકે અનેક વાર જન્મી મરણ પામી ચૂકયો છે, પણ હજુ તેની રખડપટ્ટી પૂરી થઈ નથી. લોકસ્વરૂપ જિજ્ઞાસા ખાતર જાણવાનું નથી, પણ તે જાણીને પ્રાણી વિચાર કરે છે કે આવા વિશાળ મોટા લોકમાં બધે સ્થાનકે આ જીવ જઈ આવ્યો છે અને હજુ જો તે બરાબર વર્તાવ નહિ કરે તો તેની રખડપટ્ટી વધારે થવાની છે.

**અધઃ**—આપણે પૃથ્વીને ચૌદ રજ્જુપ્રમાણ ગણીએ છીએ. તેમાં આપણી આ તિર્યગ્ પૃથ્વીની નીચે સાત નારકી અને વચ્ચે ભુવનપતિ વ્યંતર અને વાણવ્યંતરનાં સ્થાનકો આવે છે. એની પહોળાઈ વધારેમાં વધારે સાત રજ્જુપ્રમાણ સાતમી નરકે થાય છે અને એ રીતે આ પૃથ્વી સાત રજ્જુ પ્રમાણ નીચી અને સાત રજ્જુ પ્રમાણ પહોળી છે અને એ પૃથ્વી ચૌદ રજ્જુને આથે ગણતાં પુરુષાકાર ધારણ કરે છે.

**તિર્યગ્લોક**—આપણો મનુષ્યલોક આ તિર્યગ્લોકમાં આવે અને તેના પ્રમાણમાં ઊર્ધ્વલોક અને અધોલોક ઉપર નીચે ગણાય.

**ઊર્ધ્વલોક**—ઉપરના ભાગમાં બીજા સાત રાજલોક આવ્યા છે. ત્યાં બ્રહ્મલોક નામના દેવલોક પાસે પાંચ રાજલોક પ્રમાણમાં વિસ્તારે છે અને તિર્યગ્ લોકની અપેક્ષાએ સાત રજ્જુ ઊંચો છે. ઊંચો અને નીચો શબ્દ સાપેક્ષ છે અને તે તિર્યગ્ (મનુષ્ય) લોકની અપેક્ષાએ છે. બધાં મળીને એ ચૌદ રજ્જુ પ્રમાણ છે. મનુષ્યલોક એ ચૌદ રાજલોકમાં આવી જાય છે. નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનનો પણ આમાં સમાવેશ થાય છે. આ ચૌદ રજ્જુપ્રમાણ જીવલોકમાં એવું એક પણ સ્થાન નથી, જ્યાં આ જીવ જન્મ્યો કે મર્યો ન હોય અને આવા અનંત ફેરા થયા ન હોય, પણ એ થાકયો નથી. હજુ પણ એને કેટલું ભટકવું પડશે તે ખબર નથી. સમજે તો જન્મમરણનો રખડપાટો અટકાવી શકે એટલી તેનામાં તાકાત છે.

**બાહલ્ય**—વિસ્તાર, પહોળાઈ. ઉપર જણાવ્યું તેમ બ્રહ્મ દેવલોક પાસે એ પાંચ રજ્જવાત્મક છે, અને નીચે સાતમી નારકી પાસે છ રજ્જવાત્મક પહોળાઈમાં છે. ઊંચાઈ ચૌદ રાજલોક પ્રમાણ છે. અને આ ચૌદ રાજલોકના પ્રત્યેક સ્થાને એ જઈ આવ્યો છે. એના ઉપરથી એણે બોધ લેવો ઘટે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**રૂપીદ્રવ્ય**—પરમાણુ, સ્કંધ. ઘણાં પરમાણુ મળે ત્યારે સ્કંધ થાય. આંખે દેખી શકાય તે સર્વ રૂપી દ્રવ્ય.

**ઉપયોગ**—પરિભોગ. એનો ભોગ અનેકવાર કર્યો અને આ ચૌદ રાજલોકમાં રહેલા રૂપી દ્રવ્યો તે અને પરમાણુઓને અનેકવાર આ જીવે ભોગવ્યા. આનો પરિભોગ મન, વચન, કાયાથી કર્યો, કંઈક વાર ખાધા, કંઈક વાર વમી નાંખ્યા અને કંઈક વાર તેમનો ઉપભોગ કર્યો.

આ સંબંધમાં આપણા પૂર્વપુરુષોએ શું વિચાર્યું છે તે આપણે જોઈ લઈ તે પર વિચાર કરીએ. શ્રી નવતત્ત્વના ટબાકાર લખે છે કે 'કેડ ઉપર બે હાથ દઈને તથા બન્ને પગ પસારી ઊભેલા પુરુષના જેવો જેનો સમ આકાર ષડ્દ્રવ્યાત્મક છે, પૂર્વપર્યાય વિણસે, નવા પર્યાય ઉત્પન્ન થાય અને દ્રવ્યપણે નિશ્ચલ હોય, એમ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય જેનું સ્વરૂપ છે તે ચૌદ રાજલોક છે. તેનું નીચેનું તળિયું ઊંધા વાળેલ મલ્લક સરખું છે, તથા મધ્યભાગ ઝાલર સરખો છે અને ઉપરનો ભાગ મૃદંગ સરખો શાશ્વત છે, ઇત્યાદિક જે લોકસ્વરૂપની ભાવના કરવી તે દશમી લોકસ્વભાવભાવના જાણવી.'

જસસોમ મુનિ આ દશમી લોકસ્વરૂપભાવનાને અંગે કહે છે:

(રાગ ગોડી)

દશમી લોકસરૂપ રે, ભાવના ભાવીએ;
નિસુણી ગુરુ ઉપદેશથી એ. ૧

ઊર્ધ્વ પુરુષ આકાર રે, પગ પહુળા કરી;
કર દોઉ કટીએ રાખીએ એ. ૨

એણે આકારે લોક રે, પુદ્ગળ પૂરીઓ;
જેમ કાજળની કૂપલીએ. ૩

ધર્મ અધર્મ આકાશ રે, દેશ પ્રદેશ એ;
જીવ અનંતે પૂરીઓ એ. ૪

સાત રાજ દેસૂણ રે, ઊર્ધ્વ તિરિય મળી;
અધોલોક સાતુ અધિકું એ. ૫

ચૌદ રાજ ત્રસ નાડી રે, ત્રસ જીવાલય;
એક રજ્જુ દીર્ઘ વિસ્તરું એ. ૬

ઊર્ધ્વ સુરાલય સાર રે, નિરય[1] ભુવન નીચે;
નાભિ નર તિરિ દો સુરા[2] એ. ૭

૧. નારકી ૨. વ્યંતર અને જ્યોતિષ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દ્વીપ સમુદ્ર અસંખ્ય રે, પ્રભુ મુખ સાંભળી;
રાય ઋષિ શિવ સમજીઓ એ. ૮

લાંબી પહોળી પણુયાલ રે, લખ જોયણુ લહી;
સિદ્ધ શિલા શિર ઊજળી એ. ૯

ઊંચો ધનુ સય તીન રે, તેત્રીશ સાધિકે;
સિદ્ધ યોજનને છેહડે એ. ૧૦

અજર અમર નિકલંક રે, નાણુ દંસણુ મય;
તે જોવા મન ગહગહે એ. ૧૧

એના અર્થ બતાવતાં કહે છે કે "ગુરુમહારાજના ઉપદેશપૂર્વક તેમના કહેવા પ્રમાણે લોકસ્વરૂપભાવના ભાવીએ અર્થાત્ લોકનું સ્વરૂપ વિચારીએ. લોકનું સ્વરૂપ કેવું છે તે કહે છે. આ લોક ઊભા રહેલા પુરુષને આકારે છે કે જેણે બે પગ પહોળા રાખેલા છે અને બે હાથ કેડ ઉપર રાખેલા છે. આવા આકારવાળો લોક કાજળની કૂપળીની જેમ પુદ્ગળો વડે પૂરેલો છે. તદુપરાંત ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય, તેમના દેશ અને પ્રદેશ તેમ જ અનંતા જીવો વડે એ પ્રપૂરિત છે. સાત રાજ દેશે ઊણો ઊર્ધ્વ લોક છે. તીર્છો લોક જે ૧૮૦૦ (અઢારસો) યોજન પ્રમાણુ ઊંચો ને ઊંડો મળીને ગણુવામાં આવે છે તેનો સમાવેશ ઊર્ધ્વલોકમાં કરેલો છે. અધોલોક સાત રાજ સાધિક છે. એ બે મળીને ચૌદ રાજ ઊંચો લોક છે. તે જ પ્રમાણે તેના મધ્યમાં ત્રસનાડી ચૌદ રાજ લોક ઊંચી અને એક જ રાજની પહોળી જાડી છે. તે ત્રસ જીવનું સ્થાન છે. ત્રસ જીવો તેટલા ભાગમાં જ રહેલા છે." (૧ થી ૬)

"ત્રસ નાડીની અંદર ઊર્ધ્વલોકમાં સુરાલય એટલે વૈમાનિક દેવોનાં સ્થાન એટલે બાર દેવલોક, નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાન છે. નીચે અધોલોકમાં નારકો છે અને નાભિએ મધ્યલોકમાં મનુષ્ય, તિર્યંચ અને બે જાતિના દેવતા (વ્યંતર અને જ્યોતિષ) તથા અસંખ્ય દ્વીપસમુદ્રો છે. શિવરાજ ઋષિ પ્રથમ સાત દ્વીપ અને સાત સમુદ્ર જ છે એમ વિભંગજ્ઞાન વડે જોવાથી કહેતા હતા, તેમણે પ્રભુના મુખે અસંખ્ય દ્વીપસમુદ્રની વાત સાંભળી, તેમનું વિભંગજ્ઞાન નાશ પામ્યું અને તેમણે અસંખ્ય દ્વીપસમુદ્રો દીઠા અને કબૂલ કર્યા." (૭–૮)

"ચૌદ રાજમાં સૌથી ઉપર પિસ્તાળીશ લાખ યોજન લાંબી પહોળી ઉજ્જવળ વર્ણની (સ્ફટિકની) સિદ્ધ શિલા છે. તેની ઉપર એક યોજન જઈએ ત્યારે લોકનો અંત આવે છે. તે યોજનના ઉપલા બારમા ભાગમાં એટલે સાધિક ૩૩૩ ધનુષ્યમાં અજર, અમર, નિષ્કલંક અને જ્ઞાનદર્શનમય સિદ્ધ ભગવાન રહે છે. તે જોવાને માટે મનમાં ઘણી હોંશ

જૈન સાઈટ JAINSITE .com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થાય છે. (પરંતુ તે તો જ્યારે લોકાવધિ, પરમાવધિ કે કેવળજ્ઞાન પ્રાપ્ત થાય ત્યારે જોઈ શકાય તેમ છે. અવધિ જ્ઞાનનો વિષય રૂપી દ્રવ્ય હોવાથી લોકાવધિ કે પરમાવધિ વડે પણ સિદ્ધશિલા જોવાય છે, સિદ્ધના જીવો જોઈ શકાતા નથી. સિદ્ધ તો અરૂપી છે. તે કેવળજ્ઞાનનો જ વિષય છે, એટલે તેની પ્રાપ્તિ કરવાની હોંશ નિરંતર ચિત્તમાં રહે છે એમ સમજવું.)" (૯–૧૦)

આ પ્રમાણે લોકભાવના કરવાની છે. હવે ઉપાધ્યાય શ્રી વિનયવિજય મહારાજ શાંતસુધારસ ગ્રંથમાં શું કહે છે તેનો સાર માત્ર જોઈ જઈએ. તેઓશ્રી જણાવે છે કે વિશ્વરચના અનાદિ છે. આ વિશ્વની ભૂગોળ ઉપર જૈનગ્રંથોનો ત્યાર પછી અભિપ્રાય જણાવવામાં આવ્યો છે; લોકસ્વરૂપનું ત્યાર પછી વર્ણન છે; રજ્જુનું માપ ત્યાર પછી બતાવ્યું છે. ત્રણ લોકની કુલ ઊંચાઈ ત્યાર પછી જણાવવામાં આવી છે; નીચે નરકભૂમિઓ છે તેનું વર્ણન કર્યું છે, પ્રત્યેક નારકીના ત્યાર પછી આયુષ્ય બતાવવામાં આવ્યા છે; પછી તેર પ્રતર અને બાર આંતરા વર્ણવ્યાં છે. અને ત્યાર પછી વ્યંતર અને વાણવ્યંતરનાં સ્થાનો વર્ણવ્યાં છે. પછી તિર્યંગ્ લોકની રચના સમજાવેલ છે. કર્મભૂમિના માણસો અને તેમાં વસનારાઓને વર્ણવી આખા જ્યોતિષ ચક્રને પછી બતાવ્યું છે. આ કર્મભૂમિ અને છપ્પન અંતરદ્વીપને અનુક્રમે વર્ણવ્યા છે. ઊર્ધ્વલોકમાં બાર દેવલોક આવે તે ત્યાર પછી વર્ણવ્યા. નવ ગ્રૈવયક અને અનુત્તર વિમાનને ત્યાર પછી બતાવ્યા છે. અને આખરે સિદ્ધશિલાને વર્ણવી છે. લોકમાં છ દ્રવ્યો છે તે બતાવી તેમાં રહેલા જીવ અને પુદ્ગળનું નાટક થાય છે તે બતાવેલ છે. આ વિચારણાનું પરિણામ ત્યાં વર્ણવેલ છે. અલોકથી વીંટાયેલ લોકને વર્ણવી સમુદ્ઘાતને પછી સ્પષ્ટ કરી છે. આખો વિવર્તવાદ ત્યાર પછી સમજાવ્યો છે. એ લોકમાં રહેલાં ભયસ્થાનોને તે પછી બતાવ્યાં છે. એમાં ઉત્સવો પણ થાય છે અને શોકચિહ્નો ઘણાં છે, તે જણાવી આવા ભ્રમણથી થાકયા છો ? એવો સાર્થક સવાલ કરે છે. ભાવનાની સર્વસંગ્રાહકતા રજૂ કરી તેનું મહત્ત્વ સ્પષ્ટ કર્યું છે. દેવલોકના સુખની લાલચ નકામી છે તે બતાવી તે પછી સંસ્થાનોને અંગે વિચારણા કરી છે. બારીક અવલોકન કરતાં સંસાર પર ઘૃણા આવે તેવું છે. લોકભાવનાની વિશાળતા સ્પષ્ટ કરી છેવટે આ લોકભાવનાનો વિષય પૂરો કર્યો છે. એનું વિસ્તારથી વિવેચન શાંતસુધારસ બીજા ભાગમાં પૃ. ૬૯–૧૦૫ સુધીમાં આ વિવેચનકારે કર્યું છે. આ ભાવના ત્યાંથી વાંચી લેવી. તેને ત્યાં અગિયારમી ભાવના તરીકે ગણી છે.

આ લોકસ્વરૂપ વિચારી ત્યાંનાં સર્વ સ્થાનકોએ આ જીવ ગયો છે અને અનેકવાર ગયો છે અને તેનો રખડપાટો થયા જ કરે છે. પણ હજુ સુધી તેની રખડપાટોનો અંત આવ્યો નથી. આ રીતે ઉમાસ્વાતિ મહારાજની દશમી ભાવના વિચારવી. (૧૬૦)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## અગિયારમી ધર્મભાવનાનું વિસ્તારથી સ્વરૂપ—

धर्मोऽयं स्वाख्यातो जगद्धितार्थं जिनैर्जितारिगणैः ।
येऽत्र रतास्ते संसारसागरं लीलयोत्तीर्णाः ॥१६१॥

**અર્થ**—તીર્થંકર મહારાજ જેમણે શત્રુના સમૂહ ઉપર વિજય પ્રાપ્ત કરેલો છે, તેમણે જગતના હિતને માટે આ ધર્મને વર્ણવી પ્રગટ કરેલો છે. એ ધર્મમાં જેઓ લાગી જાય છે તેઓ આ સંસારરૂપ સાગર(સમુદ્ર)ને મજામાં વગર પ્રયાસે તરીને સામે કાંઠે પહોંચી જાય છે. (૧૬૧)

**વિવેચન**—હવે અગિયારમી ધર્મભાવનાને ભાવવા પ્રેરણા કરે છે. તેના શ્લોકમાં એક જ વાત કરી છે કે જેમણે આ ધર્મ બતાવ્યો છે તેમને કોઈ જાતનો સ્વાર્થ ન હતો, તેઓએ શત્રુઓ ઉપર વિજય મેળવ્યો હતો અને જે એ ધર્મમાં લાગી ગયા છે તેવા પ્રાણીઓ આ મોટા સંસારસમુદ્રને ઘણી સહેલાઈથી અને વગર મહેનતે તરી ગયા છે. તમારે જો સંસારને તરવો હોય તો ધર્મને સમજો અને સમજીને તેનો અમલ કરો, કારણ કે તમે આ સંસારથી થાકયા છો અને તમારી રખડામણનો છેડો આ ધર્મમાં આસક્ત થવાથી આવે તેમ છે, તેના અનેક દાખલાઓ અત્યાર સુધીમાં બની ચૂકયા છે. પ્રથમ ગ્રંથકર્તાની આ પ્રેરણાત્મક વાતને આપણે વિચારીએ.

**ધર્મ**—આ ધર્મભાવનાના બતાવનાર કોણ છે તે બતાવી, એવા નિઃસ્વાર્થી માણસને અનુસરવા પ્રેરણા કરે છે. અને જે ભાવના ભાવવાથી અને ધર્મને અનુસરવાથી અનેક માણસો તરી ગયા છે તે ભાવના અને ધર્મની વાત કાંઈ જેવી તેવી ન હોય, એટલે તમને પણ સંસારના ફેરાઓનો કંટાળો આવ્યો હોય તો તમે આ ભાવના ભાવો અને પરિણામે તમે ધર્મભાવનાનો અમલ કરો. ભાવના ભાવવાથી તમારો આદર્શ સ્પષ્ટ થશે, પણ સંસારસાગરને તરી જવાની તમારી ઇચ્છા તો ધર્મને અમલમાં મૂકવાથી જ બર આવશે. પ્રથમ આ ધર્મ-ભાવના સમજો અને તે કેવા પુરુષે બતાવી છે તે ધ્યાનમાં લો.

**વ્યાખ્યાતો**—વર્ણવ્યો, પ્રરૂપ્યો, જણાવ્યો. પ્રથમ, પુરુષવિશ્વાસે વચનવિશ્વાસ થાય છે, તો આ ધર્મ કોણે બતાવ્યો છે? તેના આદિપુરુષનું મહત્ત્વ આપણે વિચારીએ.

**જગદ્ધિતાર્થ**—તીર્થંકરને એક પાઈ પણ લેવી ન હતી. અને પોતાના માલનો સોદો પણ કરવો ન હતો. તેઓ માત્ર લોકોનું હિત થાય તે ઇચ્છાએ જ આ ધર્મને ઉપદેશી જણાવી ગયા છે. જેમાં પૈસા લેવાનો સ્વાર્થ ન હોય તે કામ જરૂર આચરવા યોગ્ય હોય છે. તીર્થંકર મહારાજ નિઃસ્વાર્થભાવે આ જગતના લાભ માટે અને તેઓની પ્રગતિ માટે જ આ ધર્મ બતાવી ગયા છે. તેઓને દીકરાદીકરી વરાવવા ન હતા કે તેઓને શિષ્યપરિવાર જમાવવો ન હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**જિન**—જેમણે પોતાના રાગદ્વેષને જિત્યા છે તે જિન. જેમણે પોતાના કષાયો પર વિજય મેળવ્યો છે તે તીર્થંકર પ્રભુએ એકાંતપણે લોકોનું હિત કરવા આ ધર્મને બતાવ્યો છે, તેનું પાલન કરવાનો નિશ્ચય કરવા આ ભાવના કરવી.

**જિતારિગણુ**—જેમણે સંસારને વધારનાર વિષય કષાય રૂપ શત્રુઓ સાથે લડી જય મેળવ્યો છે એવા જિનો, તીર્થંકરો. તીર્થંકર મહારાજે પોતે શત્રુઓના ઉપર જય મેળવ્યો છે તેટલા માટે જ તેઓ જિન એટલે વિજય મેળવનાર કહેવાય છે. એવા તીર્થંકરોએ આ અગિયારમી ભાવના બતાવી છે. તેમાં તેમનો કોઈ સ્વાર્થ ન હતો. તેઓએ તો સંસારમાં રખડનાર જીવના હિતની દૃષ્ટિએ જ આ વાત કરી છે. અને નિઃસ્વાર્થ વૃત્તિએ અને બીજાનું ભલું કરવા માટે જે વાત કરી હોય તે બરાબર ધ્યાન દઈને સમજવી જોઈએ.

**રત**—એમાં જેઓ લાગી ગયા છે, તેમાં જેઓ લય પામી ગયા છે, તેમાં જેઓ એકમય થઈ ગયા છે તે અનેક પ્રાણીઓ.

**ઉત્તીર્ણા**—તેઓ આ સંસારને રમતમાત્રમાં તરી ગયા છે. આવા દાખલા શાસ્ત્રમાં અનેક છે. ધન્ના શાલિભદ્ર, ખંદક, મેઘકુમાર વગેરે અનેક સાધુઓ જરા પણ મુશ્કેલી વગર આ સંસારસમુદ્રને રમતમાત્રમાં તરી ગયા છે. તમને જો આ રખડપાટાનો કંટાળો આવ્યો હોય અને તમારે જો સંસારસમુદ્ર તરી જવો હોય તો આ ભાવનાને કે તમને ગમે તે ભાવનાને હૃદયથી સ્વીકારો, ચિંતવો અને આ સંસારસંબંધી ચિંતવન કરો. તમારો નિસ્તાર આવી જાતનું ભાવનાનું ચિંતવન સત્વર લાવશે અને રખડપાટો આળસશે, એટલે શિવપુરનગરે તમે સત્વર જશો, અથવા રખડપાટાનો અંત એ જ શિવપુરનગરનો નિવાસ છે એમ સમજજો.

**લીલયા**—આ સંસારસમુદ્ર તરવો અને તેને સામે પાર જવું તે ઘણું મુશ્કેલ છે, પણ પૂર્વકાળના સાધુપુરુષો આ સંસારસમુદ્રને રમતમાત્રમાં તરી ગયા છે. તેઓને કાંઈ ઘણો મોટો પ્રયત્ન તે સમુદ્ર તરવા માટે કરવો પડ્યો નથી. તમે પણ તે જ સાધુપુરુષોને અનુસરો અને વગર પ્રયાસે આ સંસારસમુદ્ર ઓળંગાય તો સામે પાર પહોંચી જાવ. તેમ કરવાનું સાધન આ ભાવનાનું ચિંતન છે. ચિંતન કરી પછી તેનો કાર્યક્ષેત્રમાં અમલ કરવો. લીલયા એટલે રમતમાત્રમાં.

ધર્મભાવના આવી રીતે ભાવવાની છે. આ ધર્મ મળવો અત્યંત મુશ્કેલ છે, તે મળી ગયો તો પૂરેપૂરો લાભ લઈ આ જન્મ સફળ કરવો અને સંસારસમુદ્રને તરી જવો. આ ધર્મ મહાપુણ્યયોગે મળે છે, તો તેને મેળવીને જે આળસમાં વખત કાઢે છે તે સંસારસમુદ્રમાં અટવાયા જ કરે છે, માટે આ પ્રાપ્ત થયેલ ધર્મનો સારી રીતે લાભ લેવો.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ભાવના કેવી રીતે ભાવવી તે સંબંધમાં પૂર્વકાળના મહાવિદ્વાનો જુદાં જુદાં દૃષ્ટિબિંદુથી ઉલ્લેખ કરી ગયા છે. આપણે વિનયવિજય ઉપાધ્યાયે રચેલ શાંતસુધારસની દશમી ધર્મ ભાવના જોઈએ. મેં તેના પર વિવેચન શાંતસુધારસના બીજા ભાગમાં પૃ. ૪ થી ૬૫ સુધી કર્યું છે. તેમાં સંક્ષેપથી દાન, શીલ, તપ અને ભાવના એમ ચાર પ્રકારના ધર્મ તેઓશ્રી પ્રથમ વર્ણવે છે. લોકોત્તર ધર્મ બે પ્રકારનો છે: શ્રુતધર્મ અને ચારિત્રધર્મ. ચારિત્રધર્મના દશ પ્રકાર છે, તે આવતા પ્રકરણમાં વિચારવાના છે. ધર્મભાવના કર્તવ્ય છે. સારી કૃતિનો પરિપાક એ જ ધર્મ છે. પ્રાણી દીન અસહાય હોય ત્યારે ધર્મ સહાય કરે છે. સર્વ ઊંઘે ત્યારે પુણ્ય જાગતું રહે છે. એ પુણ્યપ્રકૃતિનો લાભ લેવો. ધર્મથી સ્વર્ગાદિક સર્વ અને રાજ્ય દીકરા આ ભવમાં મળે છે. ધર્મ બંધુ વગરનાનો ભાઈ છે. એ ધર્મને ઓળખવાની જરૂર છે. ધર્મથી સર્વ પ્રકારના વૈભવો મળે છે અને પરભવે ઇંદ્રાદિકની પદવી મળે છે. ક્રિયા અને આત્મધર્મમાં વિવેક કરવો જરૂરી છે. તેમાં ઝઘડાને સ્થાન નથી. ધર્મથી ઐશ્વર્ય મળ્યું છે તેનો લાભ લેવો. ચારે પુરુષાર્થને પરસ્પર સંબંધ છે. આવી રીતે ધર્મને સમજી તેની ભાવના કરવા યોગ્ય છે.

નવતત્ત્વના ટબાકાર કહે છે કે, "જે દુસ્તર સંસારસમુદ્રમાંથી તારવાને પ્રવહણ સમાન છે તે જિનપ્રણીત દશવિધ ક્ષમાદિક શુદ્ધ ધર્મને તથા જ્ઞાન–દર્શન–ચારિત્ર એ રત્નત્રયાત્મક ધર્મને પામવો દુર્લભ છે, તથા તે ધર્મના સાધક અરિહંતાદિકને પણ આ સંસારને વિશે પામવા દુર્લભ છે, એવું જે ચિંતવવું તે ધર્મભાવના છે."

જસસોમમુનિએ બારે ભાવના પર બાર સજ્ઝાયો લખી છે. તેઓશ્રી આ ભાવનાને અંગે જણાવે છે કે —

ધન ધન ધર્મ જગહિતકરુ, ભાખીઓ ભલો જિનદેવ રે;
ઇહપરભવ સુખદાયકો, જીવડા જનમ લગે સેવો રે. ૧

ભાવના સરસ સુરવેલડી, રોપ તું હૃદયઆરામ રે;
સુકૃત તરુ લહિય બહુ પસરતી, સફળ ફળશે અભિરામ રે. ભાવના૦ ૨

ખેત્રશુદ્ધિ કરીય કરુણારસે, કાઢી મિથ્યાદિક સાલ રે,
ગુપ્તિ ત્રિહું ગુપ્તિ રૂડી કરે, નીક તું સુમતિની વાળ રે. ભાવના૦ ૩

સીંચજે સુગુરુવચનામૃતે, કુમતિ કંથેર તજી સંગ રે;
ક્રોધમાનાદિક સૂકરા, વાનરા વાર અનંગ રે. ભાવના૦ ૪

સેવતાં એહને કેવળી, પન્નર સય તીન અણુગાર રે;
ગૌતમ શિષ્ય શિવપુર ગયા, ભાવતાં દેવગુરુ સાર રે. ભાવના૦ ૫

શુક પરિવ્રાજક સીધલો, અર્જુનમાળી શિવવાસ રે;
રાય પરદેશી અપાવિઓ, કાપીઓ તસ દુઃખપાસ રે. ભાવના૦ ૬

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દુસમસમય દુપ્પસહ લગે, અવિચળ શાસન એહ રે;
ભાવશું ભવિયણ જે ભજે, તેહ શુભમતિ ગુણગેહ રે. ભાવના૦ ૭

એનો અર્થ કરતાં જણાવે છે કે "ધર્મ કે જે પ્રાણીને દુર્ગતિમાં જવા દેતો નથી, જે જગતનું હિત જ કરનાર છે, તેને કર્તા કહે છે કે ધન્ય છે, ધન્ય છે! એ ધર્મ જિનેશ્વર ભગવંતનો કહેલો હોવાથી શ્રેષ્ઠ છે, આ ભવ ને પરભવમાં સુખને આપનાર છે. તેથી હે જીવ! તું જન્મ પર્યંત તેની સેવા કર; અને આ ભાવનારૂપી સુરવેલડી–કલ્પવલ્લીને તું હૃદયરૂપી આરામમાં–બગીચામાં રોપ, એટલે તે વેલડી સુકૃતરૂપી વૃક્ષને પામીને બહુ પ્રસાર પામશે–વિસ્તરશે, તેના પર ચઢશે અને ઉત્તમ ફળો વડે ફળવતી થશે. તે વેલડીને પામવાને પ્રથમ ક્ષેત્રશુદ્ધિ કર, પછી તેને કરુણારસે સિંચ, તેમાંથી મિથ્યાત્વાદિક શલ્યને દૂર કર, ત્રણ ગુપ્તિરૂપ ફરતી ત્રણ વાડ કરીને તેનું રક્ષણ કર, તેમાં સુમતિરૂપ પાણીની નીક વાળ કે જેથી તે પલ્લવિત થાય. પછી તે નીક દ્વારા તેને સુગુરુના વચનામૃત વડે સિંચન કર, અને તેની આજુબાજુ કુમતિરૂપ કંથેર વિગેરેનાં કાંટાળાં ઝાડ હોય તેને દૂર કરી ક્રોધમાનાદિક સૂકરો (ભુંડો) અને કામદેવરૂપ વાનરને નસાડી મૂક. આ પ્રમાણેની શુભ ભાવનારૂપ કલ્પવલ્લીનું સેવન કરવાથી ૧૫૦૩ મુનિમહારાજ કે જે ગૌતમ ગણધરના શિષ્ય હતા તે કેવળજ્ઞાન પામ્યા અને મોક્ષપુરે પહોંચ્યા. આ બધો દેવગુરુધર્મનો જ પ્રતાપ છે, તેની આરાધનાનું ફળ છે." ૧–૫.

"આ ધર્મની આરાધનાથી શુક પરિવ્રાજક સિદ્ધિપદ પામ્યા, અર્જુન માળી મોક્ષ ગયા અને પરદેશી રાજા કે જે મહાપાપી હતો તે અપાપી થયો અને તેનાં દુઃખના પાશ (બંધન) તમામ કપાઈ ગયા." ૬.

"આ દુષમસમયમાં પણ દુપ્પસહ સુધી – પાંચમા આરાના છેડા સુધી પ્રભુનું શાસન અવિચળ રહેવાનું છે. તેને ભાવપૂર્વક જે પ્રાણી ભજે છે તે જ શુભ મતિવાળો અને ગુણના ઘરરૂપ ગણાય છે અથવા થાય છે." ૭.

બોધિરત્નની પેઠે ધર્મની પ્રાપ્તિ પણ અતિ મુશ્કેલ છે. ઘણા મનુષ્યો તો હિંસામય ધર્મને ધર્મ માને છે. સાચા ધર્મને પિછાની તદ્યોગ્ય ધર્મઆચરણ કરવાની મુશ્કેલી ઘણી છે. મહામુશીબતે મનુષ્યજન્મ પામી સાચો ધર્મ સ્વીકારવો એ પણ એટલું જ મુશ્કેલ છે. આપણા પર ઉપકાર કરવાની બુદ્ધિએ એવો ધર્મ ભગવાને આપણને બતાવ્યો છે તો તેને સમજીને તેનો સ્વીકાર કરવો અને તદનુસાર વર્તન કરવું એમાં આ મનુષ્યભવની પ્રાપ્તિની સફળતા છે, મનુષ્યજન્મ પામ્યાની સાર્થકતા છે, આંટાને સફળ કરવાની એમાં વાસ્તવિકતા છે. તે સમજી તદનુસાર વર્તન કરવા ભાવના રાખવી. (૧૬૧).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### બારમી બોધિદુર્લભભાવનાનું સ્વરૂપ—

**मानुष्यकर्मभूम्यार्यदेशकुलकल्पताऽऽयुरुपलब्धौ ।**
**श्रद्धाकथकश्रवणेषु सत्स्वपि सुदुर्लभा बोधिः ॥१६२॥**

**અર્થ**—મનુષ્યપણું, કર્મભૂમિ, આર્યદેશ, સારું કુળ, નિરોગતા, મોટું આયુષ્ય એ સર્વ પ્રાપ્ત થવા છતાં ધર્મ કહેનાર ઉપર શ્રદ્ધા રાખવી અને એને સાંભળવામાં પ્રીતિ રાખવી અને સમકિત પામવું તે ઘણું મુશ્કેલીવાળું કામ છે. (૧૬૨).

**વિવેચન**—આટલી સર્વ વસ્તુ મળી જાય, મનુષ્ય થવાય, કર્મભૂમિમાં અવાય, આર્યદેશ મળી જાય, અનુકૂળ કુળ મળી જાય, અને દીર્ઘ આયુષ્ય મળે તો પણ ધર્મ કહેનાર, તેને સાંભળનાર, સમજીને સ્વીકારનાર અને તેના પર શ્રદ્ધા રાખનાર બહુ ઓછા છે. આવી રીતની વિચારણા કરી બોધિ એટલે સમકિતને પ્રાપ્ત કરવાની કેટલી મુશ્કેલી છે, એવો વિચાર કરવો તે બારમી બોધિદુર્લભભાવના છે. અગિયારમી ભાવનામાં આપણે ધર્મ મુસીબતે મળે છે તેવો વિચાર કરી ગયા. અને ધર્મસદ્દહણા અને જ્ઞાન-દર્શન-ચારિત્ર મળવાં એથી પણ વધારે મુશ્કેલ છે એવો વિચાર કરવો તે બોધિદુર્લભ નામની બારમી અને છેલ્લી ભાવના છે. આ ભાવના કેમ ભાવવી તેની થોડીક વાત તો આપણે આગલી ગાથામાં કરી ગયા છીએ. એ દલીલને વધારે આગળ લંબાવતાં જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ બોધિરત્ન અથવા રત્નત્રયી મળવી ઘણી મુશ્કેલ છે અને મળે તો તે અનુસાર અને તેને અનુરૂપ પ્રવૃત્તિ કરવી મુશ્કેલ છે, તેમ વિચારણા કરવી તે બોધિદુર્લભભાવનાનો વિષય છે. આપણે પ્રથમ ગ્રંથકર્તા સાથે ચાલીએ.

**માનુષ્ય**—(૧) પ્રથમ તો મનુષ્યપણું પ્રાપ્ત થવું ઘણું મુશ્કેલ છે. શાસ્ત્રકારે એનાં દશ દૃષ્ટાંતો આપ્યા છે. એ દશે દૃષ્ટાંતે મનુષ્યપણું પ્રાપ્ત થવું મહાદુર્લભ છે. રાજાને ત્યાં એક બ્રાહ્મણ જમવા ગયો. તેને ભોજન ખૂબ સરસ લાગ્યું. રાજાએ વર માગવા રાજીપો બતાવ્યો. રાજ્યમાં દરેક ઘેર એને જમવા લોકો તેડે એવો વર માગ્યો. પણ તેને જે મજા રાજાને ત્યાં જમવામાં પડી હતી તેવી અન્યત્ર ન પડી. એ દરરોજ રાજાને ઘેર જમવા જવા ઇચ્છે. એ રાજાને ત્યાં જવાનો વારો આવે તે જેટલું મુશ્કેલ છે તેટલો મનુષ્યભવ મળવો મુશ્કેલ છે. એકેંદ્રિયના પૃથ્વી, અપ્, તેઉ, વાઉ અને વનસ્પતિમાં પ્રાણી જાય, પછી પ્રગતિ થાય તો બેઇંદ્રિય, તેઇંદ્રિય કે ચૌરિંદ્રિયમાં ઊપજે, પછી એ આગળ વધે તો અનેક જાતિના તિર્યંચોમાં જઈ આવે. એમ કરતાં મનુષ્યપણું મહામુસીબતે મળે. આવું મનુષ્યપણું તો તને મળ્યું તો તેનો પૂરતો લાભ લે. આવો અવસર ફરીફરીને નહિ આવે, માટે આ મનખા દેહનો લેવાય તેટલો લાભ લે. આ પ્રથમ મુસીબત તેં ઓળંગી છે. તો તે સમજી વિચારીને આ મળેલ મનુષ્યપણાનો તું લાભ ઉઠાવ. આ પહેલી મુસીબત થઈ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**કર્મભૂમિ** (૨) આવું મનુષ્યપણું મળે અને ત્રીશ અકર્મભૂમિમાંથી કોઈ જગાએ એ જાય તો ત્યાં કાંઈ મજા આવતી નથી. ત્યાં કાંઈ વધારે થઈ શકતું નથી. અસિ, મસિ અને કૃષિનો ત્યાં કોઈ પ્રચાર નથી અને કંઈ કામધંધો ત્યાં કરવાનો નથી. ત્યાં કાંઈ કરવાનું હોતું નથી. એનાથી ઊલટી કર્મભૂમિ છે. આ કર્મભૂમિ પણ તને પ્રાપ્ત થઈ છે. આ ભરતક્ષેત્રની ગણના કર્મભૂમિમાં છે. તો તેં મનુષ્યપણું પણ મેળવ્યું અને તારે ભાગે કર્મભૂમિ પણ આવી. આ બે મુશ્કેલીઓ તેં વટાવી દીધી છે. એનો તું વિચાર કર.

**આર્યદેશ**—(૩) કર્મભૂમિ મળે પણ જાપાન, ચીન કે ફ્રાન્સમાં તું જન્મ્યો હોત તો ત્યાં તને ધર્મપ્રાપ્તિ ન થાત. ધર્મના તો સાડી પચીશ દેશ છે. તે આ ભરતખંડમાં જ છે. માટે તું નસીબદાર કે તારો અહીં આ ધર્મભૂમિ ભારતક્ષેત્રમાં જન્મ થયો છે અને તેં ત્રીજી મુશ્કેલી પણ દૂર કરી નાખી છે.

**કુળ**—(૪) ઉત્તમ કુળ પણ તને મળી ગયું છે. આર્યદેશમાં પણ કાંઈ ક્રિશ્ચીયન કે મુસલમાન થયો હોત તો તને જૈન ધર્મ ન મળત. તું ખરેખર નશીબદાર છો કે બાપદાદાએ સેવિત જૈન કુળમાં તારો જન્મ થયો છે. તું ગમે તેવો વૈષ્ણવ થયો હોત કે શીખ કે જાટ થયો હોત તો તને આ ધર્મ જાણવાની જોગવાઈ ન મળત, પણ અત્યારે તને સારા કુળમાં સંસ્કારીને ઘેર આવવાનો જોગ બન્યો છે. તે ચોથી મુશ્કેલી તું ઓળંગી ગયો છે.

**કલ્યતા**—(૫) નીરોગતા. તને આર્યદેશ અને સારું કુળ મળ્યું હોત, પણ તારું શરીર જ રોગિષ્ઠ હોત તો આ બધું નકામું હતું. તને વાતવાતમાં માથું દુઃખી આવે કે ક્ષયરોગ અથવા કોઈપણ વ્યાધિને તું તાબે થયો હોત તો તારો જન્મારો શરીરના વ્યાધિઓનો ઉપચાર કરવામાં જાત. પછી શીતોપલાદિ કે કવીનાઈન લેવામાં તને ધર્મ જાણવાનો પ્રસંગ પણ ન આવત. આવા વ્યાધિગ્રસ્ત માણસો આખો દિવસ શરીરનો ઘસડ-બોરો કરી તેની સેવા ઉપાડે છે, તેને બદલે તું નીરોગી થયો છે, તારે શરીરમાં કોઈ જાતનો વ્યાધિ નથી અને માનસિક વ્યાધિ પણ નથી, એટલે શારીરિક કે માનસિક રોગથી તું મુક્ત છે અને તારે નખમાં પણ વ્યાધિ નથી. બાકી રોગી માણસ તો આખો વખત રોગની પંચાત કર્યા કરે અને અનેક વૈદ્ય દાક્તરને પૂછે અને વાત-વાતમાં શરદીથી ઝપટાય, ગરમીથી હેરાન થાય અને આખો વખત વ્યાધિના વાતાવરણમાં ફિકરચિંતા કર્યા કરે. તું તો નસીબદાર છો કે તું રોગની પીડાથી પણ મુક્ત છો. આ પાંચમી મુસીબત થઈ. એટલે મળેલ મનુષ્યપણું, આર્યદેશ, સારું કુળ એ સર્વનો ધર્મ જાણવામાં લાભ લે અને આ મનુષ્યભવ સફળ કર. આ રીતે પાંચમી મુશ્કેલી થઈ.

**આયુ**—(૬) આ છઠ્ઠી અનુકૂળતા છે. લગભગ અરધા માણસો તો નાની વયમાં જ ગુજરી જાય છે. નાના માણસને પ્રમાણમાં ધર્મ જાણવાનો અને સ્વીકારવાનો પ્રસંગ આવતો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નથી. એ તો બાળપણ કે ગદ્ધાપચીશીમાં ધર્મસંબંધી વિચાર પણ કરતો નથી અને અકાળે મરણ પામે છે. તને તો મોટું આયુષ્ય મળ્યું છે અને તેનો તારે લાભ લેવો છે. તે અલ્પ આયુષ્યની મુસીબત પણ તેં વટાવી દીધી છે. આ છઠ્ઠી આડશ છે. તેને તેં વટાવી દીધી છે. એટલો તું નસીબદાર છે.

**શ્રદ્ધા**—(૭) આવી રીતે મનુષ્યપણું, કર્મભૂમિ, આર્યદેશ, ઉત્તમ કુળ, શરીરે નીરોગીપણું તથા આયખું એ છએ વાનાં મળે પણ ધર્મ ઉપર શ્રદ્ધા જ ન થાય. આ નવા યુગની એ નિશાની છે. એ 'ધર્મ' શબ્દ સાંભળે તો એને તાવ ચઢવા લાગે. એ નકામા ગપાટા મારવામાં કે ફેશનની વાતો કરવામાં કલાકના કલાક કાઢી નાંખશે, પણ ધર્મની વાત સાંભળવાનો પ્રસંગ આવી ચઢશે તો આંખ આડા કાન ધરશે. એને ધર્મની કાંઈ પડેલી હોતી નથી. એને ધર્મની વાતો પણ ગમતી નથી. અને ધર્મસંબંધી ચર્ચા કરવાની પણ એ દરકાર કરતો નથી, આ સાતમી મેખલા તરવી વધારે મુશ્કેલ છે. તેથી સાતે વાતની અનુકૂળતા થવી એ પણ અતિ મુશ્કેલ બાબત છે અને આ કાળમાં તે વધારે મુસીબત-વાળી બાબત છે. આ સાતમી મુસીબતને ઓળંગો તો તમે ધર્મ સંબંધી કાંઈ જ્ઞાન મેળવો. શ્રદ્ધા એટલે આંખ મીંચીને કોઈ વાતનો સ્વીકાર કરવાનો નથી, પણ એમાં શ્રદ્ધા રાખી એને પરીક્ષાની એરણ પર ચઢાવી એ સર્વ કસોટીમાંથી પાર ઊતરી જાય તેવો તેને માટે ભાવ રાખવો એ અતિ મુશ્કેલ બાબત છે, પણ આ જન્મમરણની જાળમાંથી છૂટવાનો તે એક જ ઉપાય છે. એ સ્યાદ્વાદમાર્ગને સહાનુભૂતિપૂર્વક અનુસરવો તે ખાસ જરૂરી છે અને તેના તરફ પ્રેમ થવો તે અતિ મુશ્કેલ પણ બહુ જ હિતાવહ બાબત છે. આ પ્રમાણે સાતમી મુશ્કેલી થઈ.

**કથક**—(૮) ધર્મના કહેનારનો જોગ થવો ઘણો મુશ્કેલ છે. સાતે વસ્તુ મળી હોય, પણ ઊંડા ગામડામાં ધર્મને સમજાવનાર–કહેનારના યોગ જ ન થાય તો સર્વ સાતે બાબત નકામી થાય છે. કહેનાર કહેનારમાં ઘણો ફેર છે. એકવખત યશોવિજય ઉપાધ્યાય પણ તેમના સમકાલીન રામવિજયની વ્યાખ્યાન પદ્ધતિ જાણવા સમજવા જાતે ગયા હતા અને તેમની વહેવારુ રીત અને દાખલાદલીલ આપવાની વાતની પ્રશંસા કરી હતી. આવા ધર્મને કહેનાર—પોતાની ફરજને સમજાવનાર કાંઈ વારંવાર મળતા નથી. આ આઠમી મુસીબત છે. એટલે સાતે વાતની અનુકૂળતા હોય તો આ એક વાતની પ્રતિકૂળતા સાતેને નકામી બનાવી દે છે. આથી શુદ્ધ કથકનો જોગ થવો એ મુશ્કેલ બાબત છે.

**શ્રવણ**—(૯) આ સર્વ જોગવાઈ મળે પણ ધર્મ સાંભળવા સમજવાની પ્રતિકૂળતા હોય, પોતાને ફુરસદ ન હોય કે પોતે બીજા કોઈ કામમાં પડી ગયો હોય. કથક હોય તેને સાંભળવા-સમજવા અને તેમના ઉપદેશને હૃદયમાં ઉતારવા એ પણ ઘણી મુશ્કેલ બાબત છે. પોતાને ભાવ ન થાય, સાધુઓ ગપ્પાં મારે છે એમ માની જાણવાની જિજ્ઞાસા જ ન થાય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ નવમી મુસીબત છે. આ પ્રમાણે મનુષ્યપણું, કર્મભૂમિ, આર્યદેશ, સારું કુળ, શરીરે નીરોગીપણું અને દીર્ઘ આયુષ્ય તથા ધર્મ પર શ્રદ્ધા, કહેનારની જોગવાઈ અને સાંભળવાની રુચિ એ નવે ચીજો મળે ત્યારે આ નવમી અનુકૂળતાનો લાભ લઈ શકાય.

બોધિ—(૧૦) સમ્યક્ત્વલાભ એટલે શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મ પર અવિચળ શ્રદ્ધા થવી ઘણી મુશ્કેલ છે, આવો સમકિતનો લાભ થવો તે બહુ મુશ્કેલ બાબત છે. આ દશે વાતની તને અનુકૂળતા મળી હોય તો આ વખતે તેનો બની શકે તેટલો લાભ લઈ જીવન કૃતાર્થ કર. બાકી આ બોધિરત્ન મળવું અત્યંત મુશ્કેલ છે અને મળ્યા પછી તેને જાળવી રાખવું તે એટલું જ મુશ્કેલ છે.

આવી રીતે આ બોધિદુર્લભભાવના ભાવવી. તેમાં ઉત્તરોત્તર જે એક એક વસ્તુની પ્રાપ્તિની મુશ્કેલી બતાવી તે વસ્તુ તને મળી છે તો આ મનુષ્યભવમાં તેનો લાભ લઈ તારી પ્રગતિ સાધ. તે જીવન સફળ કરવાની ખરેખરી તારે જરૂર છે.

હવે આપણે આ બોધિદુર્લભભાવના સંબંધમાં અન્ય ગ્રંથકારો શું કહે છે તે જોઈ લઈએ. જરા પણ શંકા રાખ્યા વગર કે મનમાં શલ્ય રાખ્યા વગર શુદ્ધ દેવ, ગુરુ, ધર્મને પિછાનવા અને તેમના કહેલા માર્ગ પર ગમન કરવું એમાં જ આ જીવની મુક્તિ છે અને મુક્તિ વગર તો બધા આંટા છે, ખાલી ફેરા છે અને એક ખાડામાંથી બીજામાં પડી અંતે જીવન પૂરું કરવાનું છે. આમ ન થાય તેવી ભાવના કરવી અને આ બોધિરત્ન મળવું પણ મુશ્કેલ છે એમ વિચાર કરવો, ભાવના ભાવવી એ બહુ લાભદાયી અને અંતે મોક્ષ અપાવનારી બાબત છે.

વિનયવિજય ઉપાધ્યાય પોતાના શાંતસુધારસ ગ્રંથમાં બારમી ભાવનાને વગર શકે બોધિદુર્લભભાવના કહી તેને ગાઈ બતાવે છે. તેઓ પ્રથમ તો વિસ્તારથી 'બોધિ' શબ્દનો અર્થ સમજાવે છે. ધર્મભાવના એમની સંખ્યામાં દશમી ભાવનામાં આવે છે. આ બારમી ભાવનામાં તેઓ જ્ઞાનની મુખ્યતા બતાવે છે. ચાર વસ્તુ મળવી દુર્લભ છે એમ જણાવે છેઃ મનુષ્યપણું, શુદ્ધ શ્રદ્ધા, સંયમ અને વિરતિ. મનુષ્યત્વની દુર્લભતા બતાવતાં તેઓ દશ દૃષ્ટાંતનો ઉલ્લેખ કરે છે. બોધિથી દેવલોકનાં સુખ મળે છે એમ જણાવી બ્રહ્મપદવી પ્રાપક એ બોધિરત્ન છે એમ પ્રતિપાદન કરે છે. પ્રથમ અવ્યવહાર રાશિમાંથી નીકળવું જ મહામુશ્કેલ છે એમ તેઓ જણાવે છે. સૂક્ષ્મ બાદર નિગોદમાં અનંતકાળ ગયો એમ જણાવી વ્યવહારરાશિમાં સૂક્ષ્મપણે ઘણો કાળ ગયો એમ જણાવે છે. પછી નિગોદપણામાં બાદરપણે ઘણો કાળ ગયો અને ત્યારપછી વિકલેંદ્રિય તરીકે આ પ્રાણી બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચૌરિંદ્રિય થયો એમ જણાવી આ જીવના ત્રસપણાનો ઉલ્લેખ કરે છે. આયુષ્યની અલ્પતા અને મનુષ્યત્વની દુર્લભતા જણાવી મોહાસક્તિ કેવું કામ કરે છે તે વિસ્તારથી વર્ણવે છે. બોધિરત્નની દુર્લભતા છેવટે પ્રતિપાદન કરી આ સંસારનાટકને વર્ણવે છે અને એ નાટક

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અટકાવવાનો આડકતરી રીતે ઉપદેશ આપે છે. અત્યારે મતોનો પાર નથી, ત્યારે બોધિરત્ન વગરનું જીવન કેવું હોય તે જણાવે છે, અત્યારે વાદો કે દેવોનો પાર નથી, અત્યારની વર્તમાન સ્થિતિ સંકીર્ણ છે. તેથી ધર્મમાં ટકી શકે તે ખરો ભાગ્યશાળી છે એમ તેઓ પ્રતિપાદન કરે છે. ત્યાં સુધીમાં તું આત્મહિત કરી લે, પછી પાણી વહી ગયા પછી પાળ બાંધવાના ફાંફા મારવા નકામા છે એમ પ્રતિપાદન કરે છે. શારીરિક ઉપદ્રવો અનેક છે, આયુષ્ય અસ્થિર છે, પરપોટો ફૂટતાં વાર લાગતી નથી, માટે આત્મહિત કર. ગેયાષ્ટકમાં તેઓશ્રી જણાવે છે કે આ બોધિરત્ન તો ગરીબને જડેલ ચિંતામણિરત્નતુલ્ય છે, પણ હરખના ઉદ્રેકમાં તેણે તે ગુમાવ્યું એમ સમજી વિચાર કરવો. પછી જ્ઞાનપ્રકાશનો મહિમા વર્ણવ્યો છે અને આકર્ષક જીવનનો પ્રકાર રજૂ કર્યો છે. તારી નિગોદમાં શી સ્થિતિ હતી, તે યાદ કરવા યોગ્ય છે. આ મનુષ્યદેહ તને મહામુસીબતે મળ્યો છે, તેમાં પણ આ આર્યદેશમાં જન્મ તો દુર્લભ છે. પાશ્ચાત્ય જડવાદની ત્યાં નોટ કરી છે અને આર્યભૂમિને પુણ્યભૂમિ તરીકે બતાવી છે. ચાર સામાન્ય સંજ્ઞાઓ વિચારવા યોગ્ય છે. કુથળી ન કરવી, પૈસાનો મોહ ન કરવો, ધર્મશ્રવણની સગવડ ન મળે કે પોતાને ફુરસદ ન હોય તે દુર્લભતા છે અને આ ઉપરાંત અંદરના વૈરી ઘણા છે તેને ઓળખવાની જરૂર છે. આળસ અને કષાયો અંતરંગ વૈરી છે. ચોરાશી લાખ જીવયોનિમાં ત્રણે ગારવો હેરાન કર્યા કરે છે અને કોઈપણ સ્થાને ધર્મની વાત સાંભળવા દેતા નથી. બોધિરત્ન તને મળ્યું, હવે તારે શાંતસુધારસનું પાન કરવાનું છે. આવી અનેક વાતો વિનયવિજયજીએ જણાવી છે અને મેં તેના પર વિસ્તારથી વિવેચન કર્યું છે. તે વાંચીને આચરવા-અવધારવા યોગ્ય છે.

નવતત્ત્વના ટબામાં ટબાકાર લખે છે કે 'જીવને સંસારમાં ભ્રમણ કરતાં અનંત પુદ્ગળપરાવર્ત વ્યતીત થયાં, તેમાં અનંત વાર ચક્રવર્ત્યાદિક જેવી ઋદ્ધિ પ્રાપ્ત થઈ, તથા યથાપ્રવૃત્તિકરણને યોગે કરી અકામ નિર્જરા વડે પુણ્યના પ્રયોગથી મનુષ્યભવ, આર્યદેશ, નીરોગીપણું તથા ધર્મશ્રવણાદિકની પ્રાપ્તિ થઈ, તથાપિ સમ્યક્ત્વ પ્રાપ્ત થવું અતિ દુર્લભ છે. એવી જે ભાવના કરવી તે અગિયારમી બોધિદુર્લભભાવના.'

આ સંબંધમાં જસસોમ મુનિ પોતાની બાર ભાવનામાં જણાવે છે કે —

(રાગ ખંભાતી)

દશ દૃષ્ટાંતે દોહિલો રે, લાધો મણુઅ જમારો રે;<br>
દુલ્લહો અંબરફૂલ જ્યું રે, આરજ ઘર અવતારો રે,<br>
મોરા જીવન રે, બોધિભાવના અગિયારમી રે;<br>
ભાવો હૃદય મોઝારો રે........ મોરા....૧<br>
ઉત્તમકુળ તિહાં દોહિલો, સદ્ગુરુ ધર્મ સંયોગો રે;<br>
પાંચે ઇંદ્રિય પરવડાં, દુલ્લહો દેહ નિરોગો રે. મોરા....૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાંભળવું સિદ્ધાંતનું રે, દોહિલું તસ ચિત્ત ધરવું રે;
સુધી સદ્દહણા ધરી રે, દુક્કર અંગે કરવું રે. મોરા....૩

સામગ્રી સઘળી લહી રે, મૂઢ મુધા મ મ હારો રે;
ચિંતામણિ દેવી દીઓ રે, હાર્યો જેમ ગમારો રે. મોરા....૪

લોહકીલકને કારણે રે, યાન જલધિમાં ફોડે રે,
ગુણકારણ કોણ નવલખો રે, હાર હિયાનો ત્રોડે રે. મોરા....૫

બોધિરયણ ઉવેખીને રે, કોણ વિષયારથે દોડે રે?
કંકર મણિ સમોવડ કરે રે, ગજ વેચે ખર હોડે રે.... મોરા....૬

ગીત સુણી નટણી કને રે, ક્ષુલ્લક ચિત્ત વિચાર્યું રે;
કુમરાદિક પણ સમજીયા રે, બોધિરયણ સંભાર્યું રે. મોરા....૭

એનો અર્થ કરતાં કુંવરજી આણંદજી લખે છે કે "રે મારા જીવન! (આત્મા!) તમે અગિયારમી બોધિ(દુર્લભ)ભાવના હૃદયમાં આ પ્રમાણે ભાવો. દશ દૃષ્ટાંતે કરીને દુર્લભ એવો મનુષ્યજન્મ પુણ્યયોગે પ્રાપ્ત થયો છે, તેમાં પણ આકાશના ફૂલ જેવું આર્યદેશમાં ઉત્પન્ન થવું દુર્લભ છે, તેમાં પાછું ઉત્તમ કુળ દુર્લભ છે, તેમાં પાંચ સુંદર ઇંદ્રિયો પામવી દુર્લભ છે, નીરોગી દેહ દુર્લભ છે, તેમાં પણ સદ્ગુરુ ને ધર્મનો યોગ પામવો દુર્લભ છે, તેવો યોગ પ્રાપ્ત થયા છતાં પણ સિદ્ધાંતનું સાંભળવું દુર્લભ છે, સાંભળ્યા પછી તેને ચિત્તમાં ધારણ કરવું દુર્લભ છે અને ચિત્તમાં ધારણ કર્યા છતાં પણ તેની ઉપર પૂરતી શ્રદ્ધા બેસવી દુર્લભ છે, શ્રદ્ધા બેઠા પછી પણ તે પ્રમાણે વર્તન કરવું તે અત્યંત દુર્લભ છે." (૧-૨-૩)

"મનુષ્યજન્મ, આર્યક્ષેત્ર, ઉત્તમકુળ, પાંચ ઇંદ્રિયો પૂરી, નીરોગી શરીર, દેવગુરુ-ધર્મનો સંયોગ-ઇત્યાદિ સામગ્રી પામીને રે મૂઢ! તું તેને ફોગટ હારી ન જા. આ સ્થિતિમાં પણ જો તું હારી જઈશ તો દેવીએ આપેલા ચિંતામણિ રત્નને હારી જનાર ગમારની જેવો તું ગમાર કહેવાઈશ. (૪)

"અરે ભવ્ય પ્રાણી! તું વિચાર કર, કે લોઢાના ખીલાને માટે ભરસમુદ્રમાં પોતે જેમાં બેઠેલો હોય તે વહાણને કોણ ભગ્ન કરે અને દોરીના કકડાને માટે નવલખો હાર કોણ તોડે? તેમ ઇંદ્રિયના વિષયોને માટે બોધિરત્નને ઉવેખીને તે વિષયોને લેવા કોણ દોડે? આ મનુષ્યજન્મ ઇંદ્રિયના વિષયોમાં આસક્ત થવા માટે નથી, પણ બોધિરત્ન પ્રાપ્ત કરવા અને પ્રાપ્ત થયું હોય તો તેને સાચવવા માટે છે. તેમ છતાં વિષયમાં લુબ્ધ જે પ્રાણી મનુષ્યજન્માદિ પ્રાપ્ત સામગ્રીનો દુરુપયોગ કરે છે, તે કાંકરાને મણિ સમાન ગણે છે અને ગધેડાની હોડમાં (બદલામાં) હાથીને હારી જાય છે." (૫-૬).



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"નાયિકાએ કહેલી એક ગાથામાત્રના સાંભળવાથી ક્ષુલ્લકે ચિત્તમાં વિચાર કર્યો અને રાજપુત્રાદિ પણ સમજી ગયા અને પોતાના બોધિરત્નને સૌએ સંભાર્યું. તેમ હે ભવ્ય પ્રાણી! તમે પણ બોધિરત્નની અમૂલ્યતાને સમજીને તેને સંભારો, તેને મેળવવા પ્રયત્ન કરો." આ ગાથામાં નટણીની વાત કરી છે. તે ક્ષુલ્લકકુમારની કથા મેં બે ભાગમાં 'બહોત ગઈ થોડી રહી' એ અભિધાન નીચે જૈન સંસ્કૃતિમંડળ વડોદરા તરફથી બહાર પાડી છે. ત્યાં નટીની માએ કહેલ ગાથા પર અનેક માણસો પ્રતિબોધ પામે છે. તે વિચારણીય છે. (૭)

આ પ્રમાણે આ બોધિદુર્લભત્વની બારમી ભાવના ભાવવી. અનંત સંસારમાં રખડતાં કોઈવાર મનુષ્યભવ મળે છે, તેમાં સારું કુળ, મગજની સારી સ્થિતિ અને ધર્મને અનુકૂળ કરી આપે તેવો સદ્‌ગુરુનો યોગ પામવો ખરેખરો દુર્લભ છે. એટલું પામ્યા છતાં આ ધર્મરત્નને ઓળખવાની મુશ્કેલી તો ઊભી જ રહે છે. એ ધર્મને સમજી જવા જેટલી અનુકૂળતા મળે તો પણ તેની પ્રવૃત્તિ થવી મહામુશ્કેલ છે. આ ધર્મને ઓળખવો, આત્માની રત્નત્રયી-જ્ઞાન-દર્શન-ચારિત્રને જાણવા અને જાણીને તેમને સદ્દહવા અને તદનુસાર પ્રવૃત્તિ કરવી તે ભારે મુશ્કેલ કામ છે, એમ વિચારી આ રત્નત્રયીની પ્રાપ્તિની મુશ્કેલીને જાણવી. સાચો ધર્મ મળી જાય ત્યારે તદનુસાર પ્રવૃત્તિ કરવી એ ઘણી મુશ્કેલ બાબત છે. આવી વિચારણાને યોગ્ય મન અને તેને અનુકૂળ પ્રવૃત્તિ એ સર્વથી વધારે મુશ્કેલ છે. આવા પ્રકારની વિચારણા કરવી અને પોતાને રત્નત્રયી પ્રાપ્ત થઈ છે તેને અનુરૂપ પ્રવૃત્તિ હજુ થતી નથી એવી ભાવના આ બારમી ભાવનામાં ભાવવાની છે. ચાર ઇંદ્રિય સુધી તો મન પણ નથી, અસંજ્ઞી મનુષ્યને પણ મન નથી. તેથી તેઓને આ રત્નત્રયીની ઓળખાણ થવી પણ અશકય છે. પોતાને એ રત્નત્રયીની પિછાન થઈ છે, તદનુસાર પ્રવૃત્તિ કરવા ઇચ્છા થવી પણ તેટલી જ મુશ્કેલ છે. આ પ્રવૃત્તિ કરવાનો નિરધાર કરવો એ આ ભાવના ભાવવાનું ફળ છે. પ્રાણી એકેંદ્રિયાદિ ગતિમાં અનેકવાર જઈ આવ્યો છે, સર્વ-સ્થાનકે અને સર્વયોનિઓમાં જઈ આવ્યો છે પણ તેને આ જ્ઞાન, દર્શન અને ચારિત્રનો વિચાર સુદ્ધાં આવ્યો નથી. આવી મુસીબતે સાંપડેલ ચીજને ઓળખી તદનુસાર પ્રવૃત્તિ થાય તો એ વસ્તુ પામવાનો ખરેખરો લાભ લઈ લેવા લાયક છે. અને દુનિયાની અનેક ઉપાધિમાં પડી જવાને લાલચ થાય તે રોકી રાખવાની પોતાના પરમ હિતની નજરે જરૂર છે. આ પ્રમાણે ભાવના ભાવવાનો હેતુ પરમપદ પ્રાપ્ત કરવા માટે છે અને તે ન થાય તો જન્મારો નિષ્ફળ છે. આવી જાતની ભાવના ભાવવી તેને દુર્લભ બોધિરત્ન ભાવના નામની બારમી ભાવના કહેવામાં આવે છે. એ રીતે આ બારમી ભાવના ભાવવી.

આવી રીતે બીજા ગ્રંથકારોએ આ ભાવનાને વર્ણવી છે. કેટલીક વાર ધર્મભાવના અને આ ચાલુ બારમી ભાવના વચ્ચે તફાવત નહિ લાગે, પણ તેમની વચ્ચે તફાવત છે. ધર્મ પણ મળવો દુર્લભ છે અને ધર્મ મળ્યા પછી પણ શુદ્ધ દેવગુરુધર્મ પર એકતાનતા થવી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બોધિને પ્રાપ્ત કરવું વધારે મુશ્કેલ છે. આ દુર્લભતાની સમાનતા હોઈ કોઈ વાર એ બન્ને ભાવનામાં સામ્ય લાગશે, પણ તે જુદી જ વસ્તુ છે અને જુદી તરીકે ભાવવાની છે.

આ સંસારમાં ફરતાં રખડતાં આવી ભાવનાઓ ભાવવાથી વિચારમાર્ગ સુધરે. કાર્યક્રમમાં પ્રથમ વિચારણા જ થાય છે અને વિચારણા પરથી નિશ્ચય થાય છે, એટલે કાર્યના પુરોગામી તરીકે ભાવના બહુ અગત્યની વસ્તુ છે અને જે પોતાનો ઉત્કર્ષ ઇચ્છતા હોય તેમણે જરૂર વિચાર કરીને વિચારપથમાં લેવા યોગ્ય છે. આ માનવદેહ મળવો મુશ્કેલ છે, તેમાં પણ કર્મભૂમિ જ્યાં અસિ મસિ અને કૃષિનો વ્યાપાર ચાલે છે તેની પ્રાપ્તિ મુશ્કેલ છે. તેમાં આર્યદેશ–ભારતભૂમિ મળવી મુશ્કેલ છે. તેમાં ઉત્તમ જૈન કુળ મળવું વધારે મુશ્કેલ છે, તે કદાચ મળી જાય પણ શરીર રોગરહિત રહેવું મુશ્કેલ છે. શરીરે સુખાકારી રહે તો ધર્મના શ્રવણની અને તેને સંભળાવનારની જોગવાઈ થવી મુશ્કેલ છે. અને પછી પોતાની વૃત્તિ ધર્મ સન્મુખ થવી અને તેના ઉપર પ્રીતિ થવી એ વધારે મુશ્કેલ છે. આ સર્વ વસ્તુ તને મળી છે તો તેનો લાભ લે અને તારું સુધાર. તું પુત્ર સ્ત્રી આદિ ખાતર મરી પડે છે, પણ તેમાં કાંઈ નથી અને તને આવી પડતા વ્યાધિ તે લઈ લેનાર નથી, તેમજ તેઓ એક દિવસ પણ આયુષ્ય વધારી શકે કે તારી સાથે કોઈ નાળિયેર કે બીજી વસ્તુ મોકલી આપી શકે તેમ નથી. તારાં કર્મ તારે ભોગવવાં પડશે. માટે તારું પોતાનું સાધી લે અને બીજા—ભાઈ પુત્ર કે સ્ત્રી ખાતર નકામો ખેંચાઈ ન જા. તું સમજજે કે તું ન હોઈશ તે દિવસ પણ દુનિયા ચાલવાની જ છે, તું નકામો મરી પડે છે અને તું ધારી લે છે કે તારા વગર કેમ ચાલશે, પણ તારા વગર ચાલે તેવું છે, ઘણીવાર વધારે સારી રીતે ચાલે છે. એટલે તારી સર્વ દુન્યવી ધારણા ખોટી છે. તું તારું પોતાનું હિત સાધ અને તે જ તારી સાથે આવવાનું છે એટલું સમજી રાખ. આ સમજણ તને હમણાં નહિ આવે અને પછી ઘણી મોડી મોડી આવશે ત્યારે તું પરાધીન થઈ જઈશ અને મનમાં નકામો પસ્તાઈશ. ગરથ ગયા પછી અક્કલ આવે તે કાંઈ કામનું નથી. કોઈ આડો હાથ દઈ શકતું નથી, માટે તારું પોતાનું વાસ્તવિક હિત થાય તે રીતે તારું પોતાનું સંભાળ અને આ સર્વ મુશ્કેલીઓ વિચારી તારું હિતસાધન કરી આ ભવને સફળ કર. (૧૬૨).

**વિરતિપ્રાપ્તિ અતિ દુર્લભ છે—**

**तां दुर्लभां भवशतैर्लब्ध्वाऽप्यतिदुर्लभा पुनर्विरतिः ।**
**मोहाद्रागात् कापथविलोकनाद् गौरववशाच्च ॥१६३॥**

**અર્થ**—આવી મુશ્કેલીએ મળતી બોધિને સેંકડો ભવે મેળવી. ને વળી વિરતિ (ત્યાગભાવ) પ્રાપ્ત થવો મુશ્કેલ છે. માણસ મોહમાં પડી જવાને લીધે, રાગને વશ પડી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જવાને લીધે, પંથોના ઝઘડામાં પડી જવાને લીધે અને ગૌરવને વશ પડી જવાને લીધે ત્યાગભાવને વીસારે પાડી દે છે, ભૂલી જાય છે. (૧૬૩).

**વિવેચન—તાં**—બોધિને, શુદ્ધ દેવ, ગુરુ, ધર્મ ઉપર અવિચ્યુત શ્રદ્ધાને મેળવવી ઘણી મુશ્કેલ છે, તે મહામુસીબતે પ્રાપ્ત કરીને પણ. મનુષ્યપણું, કર્મભૂમિ, આર્ય દેશ, સારા કુળમાં ઉત્પન્ન થવું, લાંબુ આયુ, નીરોગીપણું પ્રાપ્ત કરવું, ધર્મ ઉપર શ્રદ્ધા થવી, સારા કથકગુરુના સદુપદેશનો યોગ થવો અને ધર્મ સાંભળવાની ઇચ્છા થવી અને એ ઉપરની ગાથામાં કહેલી દસ વસ્તુઓ મળવી તો ઘણી મુશ્કેલ બાબત છે. પ્રત્યેક ચીજ દુર્લભ છે, દુઃખે કરીને મળે છે.

**ભવશતૈઃ**—સેંકડો ભવો કરવા પછી એ દુર્લભ દસ વસ્તુ મળે છે. તેને માટે સેંકડો ભવમાં ફરવું પડે છે, તે મળી જાય પછી પણ.

**વિરતિ**—ત્યાગભાવ મળવો અથવા થવો ઘણો મુશ્કેલ છે. ત્યાગભાવ બે પ્રકારનો છે: એક દેશવિરતિ તે શ્રાવકયોગ્ય ત્યાગભાવ અને બીજો સર્વવિરતિ તે સાધુયોગ્ય. આમાંનો કોઈ પણ ત્યાગભાવ ઇચ્છા-સમજણપૂર્વક સ્વીકારવો યુક્ત છે. જ્યારે માણસમાં વયની નબળાઈ આવે અથવા શરીર નબળું પડી જાય, ત્યારે તો પછી પરાણે વિષયોને તજવા પડે છે, પણ જુવાન વયે ત્યાગભાવ ગમે તે પ્રકારનો આવવો મુશ્કેલ છે, દુર્લભ છે. મળેલી દસે પ્રકારની અનુકૂળતાને વાસ્તવિક બનાવે તેવો અગિયારમો વિરતિભાવ આવવો દુર્લભ છે. તેનાં ન આવવાનાં કારણો અહીં વિગતવાર હવે પછી વિચારવામાં આવે છે.

**મોહાત્**—અજ્ઞાનથી આવો ત્યાગભાવ આવતો અટકે છે અને મળવો મુશ્કેલ બને છે. માણસ કષાયને વશ પડી જાય છે અને ત્યાગભાવ જરૂરી ચીજ છે તેટલું સ્વીકારતો પણ નથી, અને અજ્ઞાનપણામાં રખડ્યા કરે છે. એ ત્યાગ કરનારની મશ્કરી કરે છે અને ત્યાગભાવ સ્વીકારનારને ભારભૂત અથવા વેવલા ધારે છે. એવા માણસની જિંદગી તે નકામી અને ફળ વગરની ધારે છે. અજ્ઞાનથી પ્રાણી ઘણું ગુમાવે છે. એ સાચી વસ્તુ સમજતો નથી અને સમજ્યા વગર એ ત્યાગભાવ સ્વીકારનારની હળવી ઠેકડી કરે છે. આ ત્યાગભાવ ન સ્વીકારવાનું પહેલું કારણ અજ્ઞપણું જણાવ્યું.

**રાગાત્**—રાગથી, સ્ત્રી વગેરે ઉપર પ્રેમ હોવાથી હું છોડી જઈશ તો એનું શું થશે અથવા પુત્રપુત્ર્યાદિ હાલ તો નાની વયના છે, છોકરાને ઠેકાણે પાડવો છે, તે જરા ઘર ઉપાડી લેશે ત્યારે હું સંસારનો ત્યાગ કરીશ એવા વિચાર આવે છે. એ છોકરાછોકરીના રાગથી અથવા બીજા કોઈના રાગ-આકર્ષણથી એ વિરતિભાવનો સ્વીકાર કરી શકતો નથી. આયુષ્ય અચોક્કસ હોવાથી કાલનો પણ ભરોસો નથી અને એક પ્રકારનો રાગ પૂરો થાય ત્યાં બીજા પ્રકારનો રાગ લાગુ પડી જાય છે. છોકરાને ઘેર છોકરાં થાય, તે નાનાં હોય તો દુર્લભ ત્યાગભાવનો અમલ અટકી પડે છે. એમ જ મામામાસીનો કે નોકરચાકરનો રાગ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ ત્યાગને મુલતવી રખાવે છે અને આમ રાગમાં ને રાગમાં તે તેનું કાર્ય કરી શકતો નથી અને દુર્લભ ત્યાગભાવ સ્વીકારવાની એની મરજી હોય તો પણ રાગને કારણે આવ્યો તેવો ચાલ્યો જાય છે અને ત્યાગભાવનો વિચાર હોય તો પણ પડચો રહે છે.

**કાપથવિલોકન**—ખોટા પંથોને દેખવાથી. તે અનેક ધર્મોને દુનિયામાં જોઈને વિચારમાં પડી જાય છે કે આ મત સાચો હશે કે તે મત ? એને કેટલાક પંથો તો ત્યાગભાવની હાંસી કરનારા અને છતાં ટકી રહેનારા દેખાય છે. મન જ્યારે ડહોળાઈ જાય છે ત્યારે એ એવી આકરી ગૂંચવણમાં પડી જાય છે કે આ ધર્મ સ્વીકારું કે પેલો ? કયો ધર્મ સાચો હશે તે તે નક્કી કરી શકતો નથી. સામાન્ય રીતે ધર્મપંથના તફાવતો જોઈ એ દ્વિધામાં પડી જાય છે અને કોનો સ્વીકાર કરવો તે નક્કી કરી શકતો નથી. આ ત્યાગભાવ ન સ્વીકારવાનું ત્રીજું કારણ જણાવ્યું.

**ગૌરવવશાત્**—ઋદ્ધિગૌરવ, રસગૌરવ અને શાતાગૌરવને વશ જવાથી પણ ત્યાગભાવ સ્વીકારાતો નથી. પ્રાણી પાસે ઋદ્ધિ હોય, પોતે પૈસાદાર હોય અથવા બાપદાદાની મિલકતનો માલીક થઈ ગયો હોય, પોતાને ગળપણ વગેરે બહુ ભાવતા હોય, ચટણી વગર ચાલતું ન હોય, અથાણાં દાળશાકનો શોખ હોય અને પોતે સુખ માણતો હોય ત્યારે ઋદ્ધિ, રસ કે શાતાને વશ પડીને તેને મનમાં થાય છે કે વળી ત્યાગભાવ લેશું તો એ વસ્તુનું શું થશે ? આ ઋદ્ધિ, રસ અને શાતા સર્વ ક્ષણિક છે, થોડા વખતના છે અને અંતે જનારા છે, પણ આ પ્રાણી ઋદ્ધિ, રસ કે શાતાને વશ પડી તેમાં જ આ જીવનનું સર્વસ્વ માને છે. આ ત્રણે પ્રકારના ગારવો પ્રાણીને પોતાના તાબામાં રાખે છે અને તે ગારવોને કારણે એ કદી ત્યાગભાવ સ્વીકારતો નથી. ત્યાગભાવ ન સ્વીકારવાનું આ ચોથું કારણ થયું.

આ ચારમાંના કોઈપણ એક અથવા વધારે કારણે દેશવિરતિ કે સર્વવિરતિ–સામાન્ય ત્યાગ કે સર્વથા ત્યાગની પળ જ તેની પાસે આવતી નથી. એ તો પોતાની ઋદ્ધિને કે પોતાના શરીરને પોષે છે અને પેટ પર હાથ ફેરવી આરામ કરે છે અને મોત આવે ત્યારે સર્વને મૂકી ઉઘાડે હાથે ચાલ્યો જાય છે. આ ઋદ્ધિ કે શરીરની સુખાકારી કે રસો તેને કાંઈ કામ આવતા નથી. એને વશ પડીને એ દુર્લભ વિરતિને વીસારી મૂકે છે અને અંતે હાથ ઘસતો ચાલ્યો જાય છે.

દસ વસ્તુ મળી હોય છતાં સેંકડો ભવે આ ત્યાગભાવ (વિરતિ) મળવી મુશ્કેલ છે. એ વગર આપણો નિસ્તાર નથી. (૧૬૩).

**એમાં પણ વિરાગ થવો મુશ્કેલ છે—**

**तत् प्राप्य विरतिरत्नं विरागमार्गविजयो दुरधिगम्यः ।**
**इन्द्रियकषायगौरवपरीषहसपत्नविधुराणाम् ॥१६४॥**

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અર્થ**—તે ત્યાગભાવને પામીને પણ ઇંદ્રિય, કષાય, ગારવો, પરીષહો જેવા શત્રુઓથી વિહ્વળ થયેલા પ્રાણીઓને વિરાગના માર્ગ ઉપર વિજય મેળવવો ઘણો મુશ્કેલ છે. (૧૬૪).

**વિવેચન**—આટલી બધી મુશ્કેલીઓ વટાવી ત્યાગધર્મનો સ્વીકાર કર્યા પછી પણ ઇંદ્રિય, કષાય અને ગારવ તથા પરીષહો એવા દુશ્મન છે કે તે ખરેખરા વિરાગ (રાગરહિતપણા)ના રસ્તાને જલદીથી પ્રાપ્ત થવા દેતા નથી. આ વાત વિચાર કરવા યોગ્ય છે.

**તત્પ્રાપ્ય**—તેને અર્થાત્ ત્યાગભાવને, વિરતિને પામીને.

**વિરતિરત્ન**—ત્યાગભાવ, ગૃહસ્થધર્મ કે સાધુધર્મ એ બેમાંથી કોઈપણ પ્રકારનો ત્યાગમાર્ગ મળે તો પણ હજુ એક મુશ્કેલી છે. આ વિરતિરત્ન – ખાસ કરીને સર્વવિરતિ ચારિત્ર મળે, સાધુનો વેશ મળે તો પણ સર્વ મુસીબતો પછી પણ એક મુસીબત બાકી રહે છે.

**વિરાગમાર્ગવિજય**—રાગ જવો અને અંતરમાંથી તેની સાથે દ્વેષ જવો અને એ માર્ગે વિજય પ્રાપ્ત કરવો તે પેલા દુશ્મનોની હાજરીમાં મુશ્કેલ છે. એટલે ચારિત્ર સ્વીકારનારે કે ગૃહસ્થે આ દુશ્મનોથી ડરવાની બહુ જરૂર છે. એ દુશ્મનો કોણ છે અને કેવા આકરા છે તે ગ્રંથકર્ત્તાએ પોતે જ જણાવ્યું છે. આપણે તે દુશ્મનોને પ્રથમ ઓળખી લઈએ.

**ઇંદ્રિય**—દુશ્મન, શત્રુ નં. ૧. સ્પર્શેંદ્રિય, રસનેંદ્રિય, ઘ્રાણેંદ્રિય, ચક્ષુરિંદ્રિય અને શ્રોત્રેંદ્રિય કેવી રીતે દુશ્મન તરીકે કામ કરે છે તે આપણે પ્રકરણ ત્રીજામાં જોઈ આવ્યા છીએ. એ ઇંદ્રિયોને જે ગમે તે આત્માને હિત કરનારું હોતું નથી. ઇંદ્રિયોને વિષયો સારા લાગે છે, જ્યારે આત્માને તે નુકસાન કરનાર છે. તેથી ઇંદ્રિયો દુશ્મનનું કામ કરે છે. વળી તેના વિષયો પણ સંસારમાં રખડાવનાર છે અને સંસાર વધારનાર છે. તેથી ઇંદ્રિય અને તેના સર્વ વિષયો દુશ્મનદાવે કામ કરે છે. ઇંદ્રિયોને જે ગમે છે તે સંસાર વધારનાર હોવાથી ખરી રીતે તે આપણા (આત્માના અને તેથી પોતાના) હિતને હાનિકર્ત્તા છે એટલે ઇંદ્રિયો આપણા શત્રુ તરીકે કામ કરે છે. પ્રાણી ઇંદ્રિયોથી એટલો બધો આકુળવ્યાકુળ થઈ જાય છે કે તે વિરતિને ધરી શકતો નથી અથવા ધરેલ હોય તો તેની તે વિરતિ નકામી થઈ પડે છે અને તે વિરાગમાર્ગનો વિજય મેળવી શકતો નથી.

**કષાય**—દુશ્મન નં. ૨. તેને એક નહિ, પણ એકથી વધારે દુશ્મન છે. આપણે ઇંદ્રિયો નામના પ્રથમ દુશ્મનને કાંઈક ઓળખ્યો. હવે આપણે તેને વિરાગમાર્ગમાં વિજયપ્રાપ્તિમાં કષાયો દુશ્મન નં. ૨ તરીકે કેવી રીતે કામ કરે છે તે જોઈએ. કાં તો કોઈ પર ક્રોધ થઈ જાય, અથવા તો અભિમાન થઈ જાય, કાં તો માયાકપટ થઈ જાય અને કાં તો લોભમાં પ્રાણી લેવાઈ જાય. આ ચારે કષાયો – મનોવિકારો દુશ્મનની પેઠે કામ કરે છે અને તેઓ એવી ગુપ્ત રીતે લપાઈછુપાઈને આવે છે કે તેઓ પ્રાણીના દુશ્મન થઈ ગયા છે તેની ખબર પણ પડતી નથી. આવા કષાયોથી પ્રાણી આકુળવ્યાકુળ થઈ જાય છે. કષાયો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપર વિજય મેળવવા માટે તેણે બરાબર નિરધાર કરવો જોઈએ અને એ શત્રુથી ચેતતા રહેવું જોઈએ.

**ગૌરવ**—દુશ્મન નં. ૩. અહીં દુશ્મનોની ગણના પૂરી થતી નથી. તેને તો હજુ ઘણા દુશ્મનો છે. તે સર્વ તેની વિરાગતાના માર્ગમાં આકુળવ્યાકુળતા કરાવનાર છે. પોતાની પાસે લક્ષ્મી હોય કે કાંઈ પ્રાપ્તિ થઈ ગઈ હોય તેમાં પોતાની મહત્તા માને તે ઋદ્ધિ-ગૌરવ, જો કે ભોગ કે ઉપભોગ અંતરાયકર્મના ક્ષયોપશમનું પરિણામ છે તે તે જાણે નહિ. સારા સારા પદાર્થ ખાવા મળે તેમાં આસક્તિ ધરે તે રસગૌરવ. સારું શરીર કે તંદુરસ્તી મળ્યાં હોય તેમાં પોતાની પરિપૂર્ણતા માને. આમાંનો કોઈ પણ ગૌરવ તેનામાં વિરાગતા આવવા દેતો નથી અને તેને વ્યાકુળ રાખે છે. વિરાગતા વગર મળેલ સર્વ સુખસગવડો નકામી નીવડે છે અને વિરાગ જ્યાં સુધી ન આવે ત્યાં સુધી એને આકુળવ્યાકુળ કરી નાખે છે.

**પરીષહ**—દુશ્મન નં. ૪. અનુકૂળ અને પ્રતિકૂળ પરીષહો તેને થાય તે શાંતિથી સહન કરતો નથી. તેમાં સ્ત્રી વગેરેના અનુકૂળ પરીષહો સહન કરવા વધારે મુશ્કેલ છે. પ્રજ્ઞાપરીષહ પણ અનુકૂળ પરીષહ છે, એવા અનુકૂળ અને પ્રતિકૂળ પરીષહો સહન કરવાં બહુ મુશ્કેલ છે. જ્યારે પરીષહને સહન ન કરાય ત્યારે તે દુશ્મનાવટ કરે છે અને વિરાગતાને દૂર કરે છે, અને વિરાગતા દૂર થાય ત્યારે વિરતિભાવ અર્થ વગરનો થઈ પડે છે. આ ચારે દુશ્મનોથી ચેતતા રહેવું.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**સપત્ન**—શત્રુ, દુશ્મન. ઉપર જે ચાર દુશ્મન ગણાવ્યા તે ચારે શત્રુનું કામ કરે છે અને પ્રાણીને મહામુસીબતે મળેલ વિરતિપણું અને મનુષ્યત્વ વગેરે દશે બાબતોને અર્થ વગરની બનાવી દે છે અને પ્રાણીનો સંસાર વધારી મૂકે છે.

**વિધુર**—આકુલીકૃત, આકુળવ્યાકુળ થયેલો. દુશ્મનો જ્યારે ખરી દુશ્મનાવટ કરે ત્યારે પ્રાણીનું ખરું જોર અસ્તવ્યસ્ત થઈ જાય છે અને તેથી માનવદેહ વગેરે મળેલ હોય તેનો જરા પણ તે લાભ લઈ શકતો નથી. તેથી આ ઇંદ્રિય, કષાય, ગૌરવ અને પરીષહોથી સારી રીતે ચેતતા રહીને વિરતિ મળેલ હોય તો વિરાગતા કેળવવી. આમાં વિધુરાણામના સ્થાને ક્વચિત્ વિધુરેણ એવો પાઠ છે. છઠ્ઠીને સ્થાને તે ત્રીજી વિભક્તિમાં વપરાયેલ છે, અર્થમાં ફેર પડતો નથી.

હવે આ દુશ્મનોને કેમ હટાવવા અને પોતાનો રસ્તો દુશ્મન વગરનો કેમ કરવો અને અત્યારની અનુકૂળતાનો લાભ કેમ સાધી લેવો તે બતાવે છે. (૧૬૪)

**દુશ્મન પર વિજય સાધવાના માર્ગો—**

**तस्मात् परीषहेन्द्रियगौरवगणनायकान् कषायरिपून् ।**
**क्षान्तिबलमार्दवार्जवसन्तोषैः साधयेद्धीरः ॥१६५॥**

**અર્થ**—તેટલા માટે પરીષહ, ઇંદ્રિયો અને ત્રણ ગારવો રૂપ ગણનાયકોને તથા કષાયશત્રુને ક્ષમા, મૃદુતા અને આર્જવ તથા સંતોષ વડે બહાદુર માણુસોએ સાધી લેવા. (૧૬૫)

**વિવેચન**—એટલા માટે જેઓ લડાઈ કરવામાં બાહોશ હોય તેવા બહાદુર માણુસે મોટા મોટા લશ્કરી અફસરોને જેવા કે પરીષહો, પાંચે ઇંદ્રિયો અને ઉપર વર્ણવેલા ગારવોને ક્ષમા, મૃદુતા, ઋજુતા અને સંતોષથી હઠાવવા. એક વખત દુશ્મનનું લશ્કર વગર નાયકનું – ઉપરી અફસર વગરનું થઈ જશે એટલે એને પીછેહઠ કરવી પડશે. આ તો શત્રુ – શત્રુના અફસરોને તમે બરાબર ઓળખો તે માટે તેમનાં નામો ગણાવવામાં આવ્યાં છે. તમને તેમના પર—એ નાયકો–અફસરો પર વિજય કોનાથી મેળવવો તેની અત્ર ચાવી બતાવી છે. એક વખત નાયકોને પાછા હઠાવવામાં આવશે તો પછી સામાના લશ્કરમાં ભંગાણ પડશે અને તે લશ્કર હતાશ થઈ નાસી જશે. માટે તમારે નાયકો જે કેપ્ટન, લેફ્ટનન્ટ કે કર્નલ હોય તેમને શોધીને મારી હઠાવવા. આપણે તે નાયકોને ઓળખીએ અને ત્યારપછી તેમને મારી હઠાવવાનાં સાધનો પણ જાણી લઈએ.

**તસ્માત્**—એટલે તમારા દુશ્મનના લશ્કરમાં કષાયરૂપ શત્રુઓ છે. તેના નાયકો કોણ કોણ છે તેને તમે જાણી લો. એ હેતુને માટે એમની ઓળખાણ આપવામાં આવે છે. આ નીચે નાયકોનાં નામ આવશે તેમને ધારી ધારીને ઓળખી લેવા. દુશ્મનના લશ્કરને નિર્નાયક કરવું એ બહુ જ જરૂરી છે. માટે દુશ્મનના લશ્કરીઓને પ્રથમ ઓળખી લો.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**પરીષહ**—નાયક નં. ૧. બાવીશ પ્રકારના પરીષહો ઉપર વર્ણવ્યા, તે દરેકને ઓળખી લો. તેમાં અનુકૂળ કે પ્રતિકૂળ ગમે તેવા પરીષહો હોય તે સર્વ સામા પક્ષના સેનાનાયકો છે. એમને વીણી વીણીને ખલાસ કરો.

**ઇંદ્રિય**—સેનાનાયક નં. ૨. એવો જ દુર્ધર્ષ બીજો સેનાનાયક ઇંદ્રિયના વિષયો છે. ઇંદ્રિયો પાંચ છે. તે સેનાનાયક તમને પીડા ન કરે માટે અંતે ખલાસ કરવા જેવો છે. આ વસ્તુ પણ તમે જાણી લેજો, સમજી લેજો, ધ્યાનમાં રાખશો.

**ગૌરવ**—સેનાનાયક નં. ૩. એ ઉપરાંત ઉપર જણાવેલા ઋદ્ધિગારવ, રસગારવ અને શાતાગારવરૂપ ત્રીજો ગારવ સેનાનાયક છે. એનો પણ નાશ કરવો જોઈએ. એના માર્ગો અને એને મારી હઠાવવાના રસ્તા તદ્દન જુદા જ છે અને તે તમને અનંતકાળ સુધી સુખ કરાવનાર છે. તમારા કષાય દુશ્મનને મારી હઠાવવા માટેના ત્રણ માર્ગો છે, તે હવે તમે જાણી લો અને તે રસ્તે તમે મનુષ્યભવ સફળ કરો અને તમને અત્યારે જે દશ પ્રકારની ઉપર ગણાવેલી અનુકૂળતાઓ મળી ગઈ છે તેને સફળ કરો. મુખ્ય દુશ્મનનું નામ કષાય છે અને ઉપર જણાવેલા ત્રણ તેના નાયકો છે, એ વાત મનમાં સમજી રાખજો. હવે એમને જીતવાના માર્ગો આપણે સમજી લઈએ. દુશ્મનને હઠાવવા માટે એક લશ્કરી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નીતિ છે કે જો ઉપરી અફસરોને ખલાસ કરવામાં આવે તો પછી સામેવાળાનું લશ્કર મર્યું પડ્યું છે અને જીવતું હોય તે લગભગ મરી ગયા જેવું છે એમ તમે સમજજો.

**કષાય**—આ તમારો ખરો દુશ્મન છે. અને તેના લશ્કરમાં ઉપરના ત્રણ સેનાનાયકો છે. આ કષાય પર વિજય કરવાનો છે, તે માટે નાયકોને મારી હઠાવવાની જરૂર છે અને તમે ભાવના દ્વારા વસ્તુસ્થિતિ જાણી તેમ કરશો એની લેખકને ખાત્રી છે. આપણે તે રસ્તો હવે વિચારીએ.

**ક્ષાન્તિ**—રસ્તો પહેલો. તમારા ઉપર જણાવેલ શત્રુના નાયકોને મારી હઠાવવા માટે પ્રથમ તો તમારે ક્ષમા રાખવી જોઈશે. ક્ષમા તો બહાદુરનું ભૂષણ છે. તમે બહાદુર છો એમ ધારીને જ આપણે ચાલ્યા છીએ. ગમે તેવા સંયોગોમાં તમારે પ્રથમ તો ક્ષમા રાખવી. કોઈપણ વખત ઉશ્કેરાઈ ન જવું. કોઈ ગમે તેટલો ઊંચોનીચો થાય પણ તમારા પેટનું પાણી પણ ચાલવું ન જોઈએ. આ શાંતિ – ક્ષમા એ ખરેખરું બળ છે, નબળાઈ નથી, બહાદુર માણસ જ ક્ષમા આદરી શકે છે.

**માર્દવ**—બીજો રસ્તો—નરમાશ, નમ્રતા. સામો માણસ ગમે તેવો મોટો કે ઉશ્કેરાયલો હોય, તમારે નમ્રતા બતાવવી. તમે પોતે કાંઈ નથી, તમે કોઈ એવા મોટા માણસ નથી અને તમને કોઈ જાતની હાનિ દુનિયાનો કોઈ માણસ કરનાર નથી. નરમાશ રાખનાર માણસ જીવનમાં કદી હારતો નથી, એને કોઈ જાતનું અભિમાન થતું નથી અને પોતે અસાધારણ માણસ છે એવું તેને કદી લાગતું નથી. એ તો પોતાની જાતને ગરીબ સેવક જ ગણે છે. દુશ્મનના નાયકને હઠાવવાની અને ખલાસ કરવાની આ બીજી રીત છે, બીજો માર્ગ છે.

**આર્જવ**—સરળતા, વાંકાપણાનો અભાવ. પ્રાણી મનમાં જેવું હોય તેવું જ બોલનાર હોય અને જેવું બોલે તેવું જ કરનાર હોય અર્થાત્ તેનાં મન, વચન અને કાર્ય વચ્ચે કોઈ પ્રકારની વિસંવાદિતા ન હોય. આ સરળ માણસ દુશ્મનના નાયકોને ખલાસ કરી નાખે છે, તેથી સર્વ બાબતમાં સરળ બનો. આ ત્રીજો માર્ગ છે.

**સંતોષ**—આ ચોથો માર્ગ છે. તમે અત્યારે જે સ્થિતિમાં હો તેમાં પરિપૂર્ણતા માનો,એની સાથે તમે જોડાઈ જાઓ અને એના અને તમારા સ્વાર્થો સામસામા છે એવું જરાપણ ન ધારો, મનમાં પણ ન લાવો. દુશ્મનના નાયકોને હઠાવવાનો આ ચોથો રાજમાર્ગ છે, તે તમે સમજી રાખજો.

આવી રીતે પરીષહ, ઇંદ્રિય અને ગારવો નામના સેનાનાયકોને હઠાવવા અને ખલાસ કરવા માટે ક્ષમા, આર્જવ, માર્દવ અને સંતોષનો રસ્તો લો, તેનાથી તમે દુશ્મનના નાયકોને



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હઠાવી દેશો અને આવી રીતે નબળો પડેલ દુશ્મન તમારી સામે થવાનું કામ આટોપી લેશે અને એ લડાઈમાં તમારો વિજય થશે. આ નાયકોને મારીને ખલાસ કરવાની યુક્તિ લશ્કરી નજરે ઉપયોગી છે અને તેના માર્ગો કારગત છે. (૧૬૫)

**છેવટે કષાય પર વિજય કેમ કરવો—**

**संचिन्त्य कषायाणामुदयनिमित्तमुपशान्तिहेतुं च ।**
**त्रिकरणशुद्धमपि तयोः परिहारासेवने कार्ये ॥१६६॥**

**અર્થ**—કષાયો કયાં કારણોથી ઉત્પન્ન થાય છે અને તેમને શાંત કરવાના ઉપાયો શા શા છે તેના સંબંધી વિચાર કરીને, મન, વચન, કાયાથી તેમને ઉત્પન્ન થવાના હેતુનો ત્યાગ કરવો અને તેમને ઉપશમાવવાના હેતુને સેવવા—જરૂર સેવવા. (૧૬૬)

**વિવેચન—કષાયઉદયનિમિત્ત**—ક્રોધ, માન, માયા અને લોભ જે-જે પ્રસંગોએ થતા હોય તેની પ્રથમ શોધ કરવી. કોઈના ઉપર ક્રોધ થઈ જતો હોય તો તેનું કારણ જાણી શોધી રાખવું. અભિમાનના જે પ્રસંગો બનતા હોય તેમને વિચારીને ગાંઠે બાંધવા. માયાકપટ, છેતરપિંડી કોઈની કરવાનું મન થઈ જતું હોય તો તે પ્રસંગો પણ ધારીને જાણી લેવા. અને લોભના પ્રસંગો બનતા હોય તેમને પણ જાણી લેવા અને તેમને જાણી લઈને શું કરવું તે નીચે આ જ શ્લોકમાં કહેવામાં આવશે.

**ઉપશાંતિહેતુ**—અને એ કષાય જે આપણા મોટામાં મોટા દુશ્મન છે તેમને ઉપશાંત કરવાનાં કારણો કયાં કયાં છે તે ધ્યાન રાખીને જોવું. જેમ કે, ક્ષમાથી ક્રોધ ઉપશાંત થાય છે. વસ્તુ પોતે જ અનિત્ય છે ત્યાં તેનું અભિમાન શું કરવું? માર્દવથી અભિમાન ઉતરી જાય છે, 'હું કાંઈ નથી, કોઈ નથી' એ અભિમાનને નરમ કરવાનો હેતુ છે. એવી જ રીતે સરળતા(ઉપર જણાવેલ આર્જવ)થી માયાગુણ ટળે છે. અને ઇચ્છાત્યાગથી કે સંતોષથી લોભનો ત્યાગ કરવો. આ સર્વ કષાયરિપુને શાંત કરવાના હેતુઓ છે. વિચારણાની અહીં બે વાત કરી. ક્રોધ, માન, માયા, લોભ ઉપજવાનાં કારણો–પ્રસંગો અને તેમને ઠંડા પાડવાનાં કારણો આ બન્નેનો સારી રીતે વિચાર કરવો. પછી શું કરવું તે હવે કહે છે.

**ત્રિકરણશુદ્ધિ**—મનથી, વચનથી અને કાયાથી શત્રુ પર વિજય મેળવવો. એમાં મનમાં એક હોય, વચનમાં જુદી વાત હોય અને ક્રિયા તદ્દન જુદા પ્રકારની હોય એવો વિસંવાદ ન ચાલે. ત્યાં તો મન, વચન, કાયાની એકતા જોઈએ, શુદ્ધિ જોઈએ અને દૃઢ નિશ્ચય જોઈએ. મનની એકાગ્રતા, વચનની સ્પષ્ટતા અને ક્રિયા તેને જ અનુસારે થાય તેવી એકતા પ્રથમ જોઈએ. એટલે મન, વચન, કાયાના યોગો ગમે ત્યાં ફરે તેમ ન જોઈએ, પણ તેમને સંચરણ કરાવનાર હુકમ કરે ત્યાં તે એકતા સાધી સંચરે તે પ્રમાણે તેમને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચલાવવા જોઈએ. મનમાં કાંઈક, બોલવાનું બીજું અને વર્તવાનું ત્રીજું એવું ગૂંચવાળું મન, વચન અને કાયાનું પ્રવર્તન ન જોઈએ. મન, વચન, કાયાની યોગપ્રવૃત્તિમાં જરા પણ વિસંવાદ ન જોઈએ. આ વ્યક્તિગત હકીકત છે તેથી જે જે કારણો વડે ક્રોધાદિ થતો હોય તે વિચારી તેના ઉપશાંતિ કરનાર કારણો શોધી કાઢવાં જોઈએ. અને મન, વચન, કાયાને શુદ્ધ રાખવાં જોઈએ.

**પરિહાર**—કષાયના ઉદયનો ત્યાગ પ્રથમ મન, વચન, કાયાની શુદ્ધિપૂર્વક કરવો. એટલે કષાયના ઉદયનું જે જે કારણ હોય તેને મનથી દાબી દેવું, વચનને પણ તેના કારણને દબાવવાના કામમાં જ પ્રવર્તાવવું અને શરીરની પ્રવૃત્તિ પણ તેવી જ કરવી.

**આસેવન**—અને જે ક્રોધાદિક શત્રુઓને દૂર કરવાનાં કારણો અગાઉ જણાવ્યા છે અને હવે પછી જણાવવામાં આવશે, તે સર્વ કારણો સેવવાં તેમાં ક્રોધાદિ કષાયોરૂપ શત્રુને મારી હઠાવવાનાં જે જે કારણો અગાઉ અને હવે પછી જણાવવામાં આવ્યાં છે અને આવશે તે પૈકીનાં ક્રોધાદિ શત્રુ પર વિજય કરવાનાં કારણો સેવવાં, તેમની ત્રિકરણશુદ્ધિપૂર્વક આસેવના કરવી. એમાં જરાપણ ગોટો ન વાળવો. ચોખ્ખી રીતે મન-વચન-કાયાના યોગોની એકતાપૂર્વક શુદ્ધ રીતે, સાચી દાનતથી તેમનું અવલંબન કરવું અને તેમનું અનુકરણ કરવું.

**કાર્ય**—એટલે ક્રોધ વગેરેના ઉદયનો પરિહાર કરવો અને તેમને શમાવવાનાં જે જે પ્રસંગો વ્યક્તિગત બાબતમાં પ્રતિકૂળ અને અનુકૂળ હોય તેમને અનુક્રમે દૂર કરવાં અને આસેવનમાં લેવા. આવતા પ્રકરણમાં દશ યતિધર્મો આવનાર છે તે અથવા વ્યક્તિગત આસેવનનાં બીજાં અનેક કારણો યોગ્ય જણાય તે સર્વ મન-વચન-કાયાની શુદ્ધિપૂર્વક કરવાં, સેવવાં અને તે રીતે પોતાની પ્રગતિ સાધવી. આ ગાથામાં ભાવનાની વાતને ખૂબ આગળ વધારી છે. એ ભાવના ભાવીને બેસી રહેવાનું જ કહેતા નથી પણ ક્રોધ આદિ શત્રુ ઉપર વિજય મેળવવા માટે ક્રોધ, માન, માયા અને લોભના જે જે પ્રસંગો આવે તેમને શોધી સમજી લઈ તેમને ત્રિકરણશુદ્ધિથી દૂર કરવાં અને તેમની ઉપર વિજય મેળવવા માટે ઉપર ક્ષમા, આર્જવ, માર્દવ અને સંતોષ બતાવ્યાં છે તેમને મન, વચન અને કાયાની શુદ્ધિપૂર્વક સેવવાં.

આ રીતે તમારો કષાય શત્રુ પર સાચેસાચો વિજય થશે અને તમારી જે અત્યારની રખડામણ છે તે પૂરી થઈ જશે. ભાવના ભાવવાનું આ અનિવાર્ય પરિણામ છે. અને ભાવના ભાવવાનો આ હેતુ છે. અહીં ક્રોધાદિ કષાયનાં ઉદયનાં કારણોની શોધ અને તેમને શાંત કરવાનાં હેતુઓની શોધ અને તેમનો અનુક્રમે ત્યાગ અને આસેવના એ વ્યવહારુ રીતે લાભકર્તા છે, એ વાત જણાવી. (૧૬૬)

*　*　*

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રમાણે ભાવના પ્રકરણ પૂરું થયું. એમાં ઘણી અગત્યની વાત કરી છે. કાર્યનો નિયમ એવો છે કે કાર્ય પહેલાં વસ્તુસ્થિતિનો વિચાર કરવો ઘટે. કોઈપણ કામ કરતાં પહેલાં વિચારક્ષેત્રમાં બરાબર તેને અંગેની વસ્તુસ્થિતિ જાણી લેવી ઘટે. કામ કરવા માટે પ્રથમ તેને માટેના વિચારો આવવા જોઈએ. કાર્યનું વિચારક્ષેત્ર એ પ્રથમ અંગ છે એટલે પ્રથમ વિચારસ્પષ્ટતા અને વિચારશુદ્ધિ કરીને અહીં વસ્તુસ્થિતિ સમજવી જોઈએ. કામ કરવું હોય તેને માટે વિચાર પ્રથમ અને પછી કાર્ય એ મુખ્ય જાહેરમાર્ગ છે.

આપણે જોયું કે આ જીવનની સર્વ ચીજો અનિત્ય છે, તે સારી કે ખરાબ ગમે તેવી હોય પણ અંતે તે જનારી છે, આપણો અને તેમનો અંતે વિરહ થવાનો જ છે. અંતે એ વસ્તુ ચાલી ન જાય તો આ શરીર તો પડવાનું જ છે. અને તે વખતે છેવટે બધીય વસ્તુ છોડી જવી પડે છે, એટલે એ વસ્તુને સમજીને આપણે છોડીએ નહિ તો અંતે તે જવાની જ છે, આપણે તેને છોડવી પડશે. એ વસ્તુ પૌદ્ગલિક હોઈ અંતે હંમેશને માટે આપણી થતી નથી. આ પ્રથમ વિચારણા થઈ.

અને ત્યારપછી આપણને દુન્યવી કોઈનું શરણ નથી. ભગવાન અંતે આપણી પડખે ઊભા રહી શરણ આપે છે, તો અત્યારથી જ તે શરણું શા માટે ન સ્વીકારવું ? એ અશરણ સ્થિતિનો બીજો વિચાર આવે છે.

આ જીવ તો એકલો આવ્યો છે અને એકલો જનાર છે, કોઈ તેનાં સગાં થતાં નથી અને કોઈ તેની સાથે જતાં નથી. આ ત્રીજી વિચારણા થઈ. ત્યારપછી ચોથી વિચારણા થઈ કે આ જીવ સિવાય સર્વ અન્ય છે. પોતાનાં તે પોતાનાં, પારકાં તે પારકાં. એટલું સમજી સર્વને પરાયાં જાણો અને તે પ્રમાણે વિચારણા કરો.

ત્યારપછી સંસારનો વિચાર કરતાં જે આ ભવમાં માતા થઈ હોય તે પરભવમાં સ્ત્રી કે પુત્રી થાય, ભાઈ આવતે ભવ પુત્ર થાય અને પુત્ર થયો હોય તે પિતા થાય અને એવું બખડજંતર આ સંસારમાં ચાલ્યા જ કરે છે. એટલા ગોટાળા થાય છે કે આપણે તેને બરાબર જાણતા હોઈએ તો આપણને આ સંસાર પર નિર્વેદ જ આવે અને એવા સંસારથી નાસવાનું મન થાય.

આ શરીર તો અશુચિ પદાર્થથી ભરેલું છે. એ કોથળીને ઊલટાવી નાખો તો તેની સામે મુખમાંથી થૂંક ઉરાડવું ઘટે એવું આ મળ અને દુર્ગંધથી ભરેલું શરીર છે. એના ઉપર પ્રેમ શેનો ? અને એને પંપાળવું શાને માટે ? આવી રીતે છઠ્ઠી અશુચિભાવના થઈ.

પછી કર્મને આવવાના માર્ગો વિચારવા. એ માર્ગે અનેક કર્મો આવ્યા જ કરે છે અને ચેતન સાથે જોડાયા કરે છે. પણ તેમને આત્મા સાથે જોડાતાં અટકાવી પણ શકાય છે અને પૂર્વકાળે લાગેલાં કર્મો હોય તેમની નિર્જરા પણ પ્રયત્ન દ્વારા થવી શકય છે. આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આશ્રવ, સંવર અને નિર્જરા ભાવના કર્મની આવક, જાવક અને આગલાને રદ કરવાને અંગે છે. તેની સાથે કર્મની વિચારણા જોડાઈ જાય છે. એ ફિલસૂફીનો-સમજણનો વિચાર છે.

લોક કેવા પ્રકારનો છે તેની વિચારણા કરી ચૌદે રાજલોક વિચારવા અને તે દ્વારા પોતાનો અને લોકનો સંબંધ સુનિશ્ચિત ધ્યાનમાં લેવો, તે દશમી લોકસ્વભાવ ભાવના છે.

ધર્મપ્રાપ્તિ પ્રાણીને થવી ઘણી મુશ્કેલ છે. ઘણા કાળથી એ ફરતો આવે છે, તેમાં તેને ધર્મ મળવાની મુસીબત ભારે છે. આવી વિચારણા કરવી તે અગિયારમી ધર્મભાવના. એને અંગે આત્માના મૂળ ગુણ જ્ઞાન, દર્શન, ચારિત્ર તથા વીર્ય વિચારાય છે.

બોધિબીજ સધાવનાર અરિહંતને પામવા ઘણા મુશ્કેલ છે. તેથી જ જ્ઞાન, દર્શન પર શુદ્ધ શ્રદ્ધા થવી તે ભારે મુશ્કેલ છે. આ બોધિદુર્લભભાવના છે.

આ બારે ભાવના અને કેટલાક વિચારકના કહેવા પ્રમાણે સર્વ જીવની સાથે મૈત્રી, ગુણ જોઈને ત્યાં આનંદ, પાપને જોઈને કરુણા અને સમજાવવા છતાં જીવ સમજે નહિ તેમાં મધ્યસ્થતા એમ મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્ય એ ચાર ભાવના ભાવવી. આવી રીતે સોળે ભાવના ભાવવા યોગ્ય છે.

બરાબર શુદ્ધ રીતિએ ભાવના ભાવવામાં આવશે તો ત્યારપછી યતિધર્મનો આદર થશે. યતિધર્મોમાં વ્યવહારુ કામ કરવાનું છે, પણ તે કરતાં પહેલાં વિચારભૂમિકાને ચોખ્ખી કરવાની જરૂર છે. જ્યાં સુધી વિચાર બરાબર ન થાય ત્યાં સુધી કામ કરવા તરફ મન જતું નથી અને કામ કરવા માટે વિચારની ભૂમિકાને સાફ કરી તે માટે તૈયાર કરવી જરૂરી છે. એ રીતે આપણે આ ભાવના પ્રકરણમાં સંસારનું ખરું સ્વરૂપ શું છે તે સમજ્યા.

વસ્તુતઃ આપણે અહીં કેટલો કાળ રહેવું છે? પૂરેપૂરું મનુષ્યભવનું આયુષ્ય હોય તો બહુ તો સો વરસ રહેવાય. તેટલા માટે ઘરનાં ઘર કરવાં, અનેક વેર વસાવવાં, અને આ ખારું છે, એ કડવું છે, એ ગળે પણ ઊતરે નહિ તેવું ગંધાય છે એમ કહેવું અને રોફ મારવા અને મજાક કરવી, તે કોને ઘટે? તમારાથી મોજમજા થાય જ નહિ. મોજ-મજાનો આ વખત નથી.

અનેક ભવોમાં રખડતાં આ મનુષ્યપણું મળ્યું છે તે ફેંકી દેવા જેવું નથી. એમાં તમે નરમાશ રાખો, પ્રામાણિક બનો, ફરજો બજાવો અને આત્મસન્મુખ થાઓ તો એમાં જ તમારું હિત છે. આ જેને તમે તમારા માનો છો તે સર્વ ખોટું છે. કોઈની સાથે તારો જન્મ થયો નથી અને તું મરીશ ત્યારે તારી સાથે કોઈ આવવાનું નથી. તારે શરીરે કાંઈ ઈજા થાય, તારી આંગળી વઢાઈ જાય કે તારો પગ લચકી જાય તે વખતે તારી પીડા કોઈ લેતું નથી. બધા સહાનુભૂતિ બતાવે છે પણ તારી પીડામાં કોઈ ભાગ પડાવતું

જૈન સાઈટ JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નથી અને શેકેલો પાપડ ભાંગવાની તારી પોતાની તાકાત નથી. ત્યારે આ સર્વ કોના માટે? અને કેટલા ટૂંકા વખત માટે?

આપણે આ દુનિયામાં કેવા મજબૂત થઈને, કેવા અક્કડ થઈને ચાલીએ છીએ. દુનિયાદારીની ખટપટ કરીએ, ખોટાં સાચાં બચાવ કરીએ, કોઈને છેતરવા છટકા માંડીએ ત્યારે જાણે આપણે અમરપટો લખાવી આવ્યા હોઈએ અને જાણે આપણે કદી જવાના જ નથી એ ધોરણે વર્તીએ છીએ. પણ ભાઈ! આ સર્વ ધાંધલ થોડા દિવસ ચાલશે. અંતે વહેલાં કે મોડાં જવું જ પડશે અને તેની પછવાડે તો ચાર નાળિયેર પણ સાથે આવવાનાં નથી અને સગાં વહાલાં બહુ તો સ્મશાન સુધી આવશે. પણ તારાં માનેલાં ઘરબાર સાથે પછી કાંઈ સંબંધ નહિ ટકે. જે ઘરની ખાતર તેં આટલું કર્યું અને કરે છે તેમાં તું પેસવા માટે ન આવે તે માટે લોઢાના ખીલા લગાવવામાં આવશે. એવી માન્યતા છે કે ભૂત લોઢાને ઓળંગી શકતું નથી. તું એ ઘર જેને પોતાનું માનતો તેમાં તારું ભૂત ન આવે તે માટે ઘરનાં આંગણામાં ખીલા લગાડાશે અને તું એ ઘરને તારું પોતાનું માને છે? અને તારી સ્ત્રી કે તારા ભાઈબહેન બેપાંચ દિવસે તેને ભૂલી જશે અને તારું નામ પણ નહિ સંભારે. આ સર્વ વાતનો વિચાર કર અને તારાં કરેલાં કર્મોનું ફળ તારે ભોગવવું પડશે, તેમાં કોઈ ભાગ પડાવવા કે તે ઉપાધિથી તને મુક્ત કરવા કોઈ આવશે નહિ. કોઈ કામ કરતાં પહેલાં, કોઈ જાતનો વેપાર કરતાં પહેલાં, કોઈ પ્રવૃત્તિ હાથ ધરતાં પહેલાં તું વિચાર કર કે એ સર્વ તું કોને માટે કરે છે? અને આ ઘર અને તેમાં રહેનાર જેને તું તારાં પોતાનાં માને છે તે કઈ હદ સુધી તારાં છે અને કેટલો કાળ તે તારાં રહેવાનાં છે. તેઓની ખાતર તું મરી પડે છે, અનેક પાપો કરે છે, અનેક સાચાં જૂઠાં કરે છે તે સર્વ નિરર્થક છે. તું તારું પોતાનું સાધી લે અને આ મનુષ્યભવનું દુર્લભપણું વિચાર. તારામાં સમજણ છે, ગણતરી છે તેનો ઉપયોગ કર અને જે તારું હોય તે જ સ્વીકાર, પણ બીજા ચાલે છે તે માર્ગે ગતાનુગતિક થઈ ચાલ્યો જા મા અને કયે રસ્તે કર્મો આવે છે અને કેવી રીતે તેનાં દ્વાર બંધ થઈ જાય છે અને અંદર રહેલાં કર્મોનો કેમ નાશ કરી શકાય છે તે વિચાર અને લોકસ્વભાવ કેવો છે તે જાણી લે અને આ ધર્મ અને આ બોધિરત્ન વારંવાર ન મળે તેવું છે તે વિચાર અને વિચારી તને બેસે ત્યાર પછી તારે શું કરવું તે આવતા પ્રકરણમાં કહેવામાં આવશે, પણ તું વિચાર કરતો થઈ જા એટલું જ આ ભાવનાનું ક્ષેત્ર છે. આટલી સમજણ, તંદુરસ્તી અને ગુરુમહારાજની જોગવાઈ મળી છે અને જૈન ધર્મ તારી પાસે આવ્યો છે તે મોટો પુણ્યોદય છે, તેને તું સમજ અને સમજીને તારી અક્કલનો ઉપયોગ કર. તને બેસી રહેવું ન જ પાલવે.

તારા શત્રુઓ તો વિષય, કષાય, વિકથા, વગેરે છે. તેમને નિર્મૂળ કરવાના માર્ગો લે અને આ દુનિયાદારી નીતિનો ત્યાગ કરી તારું પોતાનું કાંઈ સારું થાય તેવી પ્રગતિ

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

કરવાનો હવે પછી વિચાર આવશે તે આદર. અહીં ભાવનાનો અધિકાર પૂર્ણ થઈ જાય છે. એ પ્રાણીને વિચાર કરતાં શીખવે છે. પ્રાણી પોતાની વસ્તુસ્થિતિ સમજે ત્યાં ભાવનાનું ક્ષેત્ર પૂરું થાય છે. તારામાં વિચાર ઉપજાવે, તને વિચાર કરતો કરી દે એટલું જ ભાવનાનું ક્ષેત્ર છે. તું દુનિયાનાં અનેક કામો કરે છે, ઈસ્કીટાટ થઈને ચાલે છે અને ધમધમાટ કરે છે તે કોના ઉપર અને શેના ઉપર? અને જમકાકા જે દિવસે તને લેવા આવશે ત્યારે તારો બચાવ શો થવાનો છે? આ સર્વ વાતનો વિચાર કરતો પ્રાણીને કરી દેવો એ ભાવનાની ભૂમિકા છે.

॥ इति भावनाप्रकरणम् ॥

JAINSITE.com जैन साईट જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ ૭ મું : યતિધર્મ

પ્રાણી વિચાર અનેક કરે, પણ વિચાર કરીને અટકે નહિ. ગજના ગજ ભરે, પણ એક તસું વેતરે નહિ તો ગજ ભરવાની મહેનત પણ નકામી કરે છે. માત્ર વિચાર કરવાથી કાંઈ વળે તેવું નથી, વિચાર કરીને અટકી જાય તે અવ્યવહારુ માણસ છે, પણ જે પોતાના સામર્થ્યમાં માનનાર વ્યવહારુ માણસ હોય તે માન્યતા પ્રમાણે અમલ કરે, એના વિચારોને એ અમલમાં મૂકે અને ત્યારે જ તે વહેવારુ કહેવાય. તારે જો સાચા વહેવારુ થવું હોય તો આગળ જે અનેક વિચાર કરી ચૂકયો તે સર્વનું કાંઈ પરિણામ લાવ. અહીં તે માટે માર્ગો દેખાડયા છે. તે સિવાય તને માર્ગ સૂઝે તો તેનો અમલ કર, પણ તું વિચારમાં ને વિચારમાં બેસી ન રહે. ડહાપણવાળા માણસનો વ્યવહાર તદ્દન નિખાલસ હોય છે. તે જેવું મનમાં વિચારે તેવું જ કરે. એના મનના યોગો અને ક્રિયાના યોગો વચ્ચે વિસંવાદ ન હોય. એ તો વિચારોનો અમલ બરાબર કરે અને તે રીતે સર્વ ભાવનાનો અમલ કરી તે મનના યોગો અને ક્રિયાના યોગો વચ્ચે કોઈ પ્રકારનો વિસંવાદ નથી એમ બતાવી આપે.

અને તું શું જોઈને છાતી કાઢીને ચાલે છે? તારો ધમધમાટ એમ બતાવે છે, તારી રાજનીતિ એમ જણાવે છે કે તારે કદી મરવું જ નથી. તું દોડાદોડ કરે છે, વાંધાવચકા કરે છે અને સભાઓ ગજાવે છે અથવા છેતરપિંડી કરે છે ત્યારે બીજાની છેતરામણી કરતાં કે બીજા સાથે અસત્ય બોલતાં કે બીજા જીવની હિંસા કરતાં તને એમ જ લાગે છે કે તારે કોઈ દિવસ મરવું નથી; નહિ તો, આમ પહોળો પહોળો થઈને તું ચાલે નહિ, પણ આ સર્વ કોને માટે અને કેટલા વખત માટે? 'મરવાં પગલાંની હેઠ' એમ તું સાથેસાથ જાણતો હો તો પછી આ ચોરી કે આ ગુલામી તારે કરવાની હોય? તને જીવનની અસ્થિરતા અને અચોક્કસતા જણાઈ છે? જણાઈ હોય તો આ રાજરમત કેવી? અને એનો લાભ તો તારા સિવાય પારકા ખાશે, માટે તું તારા આત્માનું સાર્થક કર અને તારી પ્રગતિ થાય તેવા માર્ગોએ પ્રયાણ શરૂ કરી દે, આ વાંધાવચકા ને બીજા સર્વ ગોટાળા મૂકી દે અને આત્મસાધન કર.

જો, અગાઉ અનેક મહાઋષિઓ, મુનિઓ થઈ ગયા છે, તેમણે તારે માટે દાખલાઓ મૂકયા છે. તેઓએ જે પ્રકારનું જીવન જીવી સાધના કરી તે પ્રમાણેનું તારું જીવન ઘડ અને એમ કરીશ તો આ મનુષ્યભવ વગેરે મળેલ છે તે સર્વ તારા લાભ માટે થશે. તું જાણતો નહિ કે અંધારે કે ગુપ્તમાં કરેલ પાપથી કર્મ લાગતાં નથી. તે તો ઝાડે ચઢીને બોલે છે અને ફળ ચોક્કસ આપે છે અને ફળ આપતી વખતે તારી દયા ખાતા નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રકરણમાં સ્પષ્ટ કરેલ યતિધર્માદિ સમાચર અને તેમ કરીને તારું હિત સાધ. નહિ તો, કાળને સપાટે ચઢી જઈશ, તારી સર્વ ઇચ્છાઓ મનની મનમાં રહી જશે અને તું નકામો ફેરો ખાઈ લાભને બદલે હાનિ વહોરી લઈશ, તે વખતે આ સર્વ તારું રળેલું ખાવાપીવાવાળા કોઈ આડો હાથ નહિ ધરે. અને પછી તું વિમાસણ કરીશ તે પણ કામ નહિ લાગે.

તેટલા માટે ભાવનાના વિચારો પછી આ યતિધર્મોની વાત કરી છે. હવે તેં વિચાર તો ઘણા કર્યા, પણ વિચારમાં ને વિચારમાં પડી ન રહેતાં કાંઈ કર, કાંઈ વહેવારુ કામ કર અને તેમ કરીને તેં કરેલ વિચારણાને અનુરૂપ સફળતા પ્રાપ્ત કર અને તને હંમેશને માટે આત્મહિત થાય તેવા યતિધર્મોને તું આદર. તારી અશક્તિને સ્વીકારવાની અને અમલમાં મૂકવાની તારી મરજી ન હોય તો તને બીજા પણ રસ્તાઓ બતાવવામાં આવશે.

દરેક યતિધર્મ વિગતવાર આપ્યો છે, તેની વિગત તે તેને લગતી ગાથામાં વિચારાશે; તારે તો એ જોવાનું છે કે એ યતિધર્મો તું કરી શકે તેવા છે કે નહિ. આ યતિધર્મો વહેવારુ છે, આ કાળમાં અનેકથી થઈ શકે તેવા અને વહેવારુ છે અને દરેક પંક્તિનો માણસ તેનો અમલ કરી શકે તેવા છે; અનેકે તેનો અમલ કર્યો છે, તેથી તે થઈ શકે તેવા છે તેમાં શક નથી. તું યતિધર્મ સ્વીકારવાનો વિચાર કરીશ ત્યારે તને તારાં સગાં યાદ આવશે. આ મારાં દીકરાદીકરીનું કે બૈરી કે માતાપિતાનું શું થશે ? આ સર્વ ચિંતા ખોટી છે, નકામી છે, તને સંસારમાં રખડાવનારી છે અને તને ખાડામાં ધકેલનારી છે. તું મજબૂત મનવાળો થા અને બળવાળો થા, તો તેની પાસે કોઈ વિચારધારા ટકી શકે તેમ નથી. માટે યતિધર્મ વગેરે જે આ પ્રકરણમાં કહેવામાં આવે તે સર્વ સાધનોનો વિચાર તું કરી જો અને તારા પોતાના હિતને માટે તેનો અમલ કર. આ વાત તારી વિચારણા ઉપર મૂકવામાં આવે છે અને તું બરાબર વિચારણા કરીશ તે વાતની મનમાં ખાતરી છે.

આ દૃષ્ટિથી અને તું અમલ કરી શકે તે આકારમાં આ પ્રકરણમાં યતિધર્માદિનું વર્ણન આવશે. તે તારા હિતને માટે જ છે, કારણ કે તારાં કરેલાં તારે જ ભોગવવાનાં છે. એ ભોગવતી વખતે કોઈ સગાં કે સ્નેહી આડો હાથ દઈ શકે તેમ નથી. તે કર્મો ઉદયમાં આવશે તે વખતે તું ક્યાં હોઈશ અને તેઓ ક્યાં હશે તેની કોઈને ખબર નથી અને પોતાનાં કર્મ તો પોતાને જ ભોગવવાં પડે. જેમ તારી આંગળીએ ચપ્પુ લાગી જાય અથવા તારા શરીરે વ્યાધિ થાય, તેની પીડા તારે જ ખમવી પડે છે, તે વખતે તેં આડા ઘા લીધા હોય તો પણ તારે જ સહન કરવાનું છે, તેમ કરેલ કાર્યોનાં માઠાં કે મીઠાં ફળો તારે જ ભોગવવાનાં છે અને તે વખતે કોઈ હિસ્સો પડાવવા આવનાર નથી. ત્યારે અત્યારની બધી પંચાત કોને માટે ? સમજ, વિચાર કર અને અમલ કર. તું વિચારીશ તો તને જણાશે કે એ યતિધર્મો કરવા સહેલા છે, એમાં તું સલામત બાજુએ ભૂલ કરીશ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સૃષ્ટિકર્ત્તા ગમે તે હશે અને કોઈ ફેંસલો કરનાર હશે કે ન હશે, પણ આ યતિધર્મ કરવાથી તું તારું તો સુધારી શકીશ. માટે તું વિચાર કરીને યતિધર્મનો અમલ કરજે. યતિધર્મોમાં ન થઈ શકે તેવી કોઈ વાત નથી. એ વ્યવહારુ, સમજાય તેવાં અને આવડે તેવાં કર્તવ્યો છે. આપણે એ દરેકને વિગતવાર જોઈશું.

એ મોટો હાઉ નથી. તારાથી થઈ શકે તેવાં છે અને કેટલાએ માણુસોએ તેને કરેલાં છે. માટે, જો તને સંસારની અસારતા લાગી હોય અને તારી પ્રગતિનો વિચાર કર્યો હોય તો યતિધર્માદિ આત્મધર્મનો સ્વીકાર કરી તારું સુધારી લે અને તેમાં તું જરાપણુ સ્વાર્થી (selfish) નહિ ગણા. એક રીતે તો પરમાર્થ સાધવો તે પણુ સ્વઅર્થ છે અને તે અર્થમાં તું સ્વાર્થી ગણા તો પણુ વાંધો નથી, માટે જાગ્રત થા અને તારી પોતાની સુધારણા કર. હવે આટલી પ્રસ્તાવના સાથે આપણે એ યતિધર્મોને જોઈએ.

**દશ યતિધર્મનાં નામો—**

**सेव्यः क्षान्तिमार्दवमार्जवशौचे च संयमत्यागौ ।**
**सत्यतपोब्रह्माकिंचन्यानीत्येष धर्मविधिः ॥१६७॥**

**અર્થ**—૧. ક્ષમા, ૨. માર્દવ-માનવિજય. ૩. આર્જવ-સરળતા. ૪. શૌચ. ૫. સંયમ-નિર્લેપતા. સંયમ-સત્તર પ્રકારે. ૬. ત્યાગ-દ્રવ્યથી અને ભાવથી ગ્રંથીને તજવી. ૭. સત્ય. ૮. તપ-બાર પ્રકારના બાહ્ય અને આભ્યંતર તપોને આદરવા. ૯. બ્રહ્મ-સ્ત્રી-પુરુષસંગવર્જન અને ૧૦. અકિંચનતા-નિષ્પરિગ્રહત્વ. એ સર્વનો સ્વીકાર કરવો. (૧૬૭)

**વિવરણ**—આ શ્લોકમાં દશ યતિધર્મોનાં નામો જ આપ્યા છે. તે અતિ મહત્ત્વનાં હોવાથી હવે પછીની ગાથામાં તે દરેકનું એક પછી એક વર્ણન કરવામાં આવ્યું છે. તે વર્ણન વિગતવાર હવે પછી આ જ પ્રકરણમાં આવવાનું છે તેથી અત્ર ન રોકાતાં આપણે આગળ વધીએ. એ દશે યતિધર્મો પ્રત્યેક પ્રાણીએ ભાવના-વિચારને પરિણામે અમલમાં મૂકી આ જીવનને સાર્થક કરી લેવું યોગ્ય છે. આ મનુષ્યભવાદિ અનુકૂળ સામગ્રી મળી તેનો પૂરતો સાર કાઢી પોતાની આત્મિક પ્રગતિ કરી લેવાની આ તક ગુમાવવા જેવી નથી. આ પ્રાણી અનંતવાર સામગ્રીને અભાવે ચૂકયો છે તે એની ભૂલ થઈ છે. થયેલી ભૂલ સુધારવાનો આ અવસર ગુમાવવામાં ડહાપણુ નથી. (૧૬૭)

**પ્રથમ ક્ષમા ધર્મ—**

**धर्मस्य दया मूलं न चाक्षमावान् दयां समाधत्ते ।**
**तस्माद्यः क्षान्तिपरः स साधयत्युत्तमं धर्मम् ॥१६८॥**

**અર્થ**—ધર્મનું મૂળ દયા છે. અક્ષમાવાળો પ્રાણી દયાને ધારણુ કરતો નથી. તેટલા માટે જે માફી આપવામાં ઉદ્યુક્ત છે તે સર્વથી સારા પ્રધાન ધર્મને સાધે છે. (૧૬૮)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિવરણુ**—આ દશ યતિધર્મમાં પ્રથમ જે ક્ષમાધર્મ છે તેનું વર્ણન આ શ્લોકમાં કરે છે. **અહિંસા પરમો ધર્મઃ**—અહિંસા ઉત્કૃષ્ટ ધર્મ છે. એનાથી પણુ આગળ વધીને આ શ્લોકમાં કહે છે કે ધર્મનું મૂળ જ દયા છે, મૂળ જ સડી જાય, બગડે કે ખરાબ થઈ જાય તો તેના ઉપર વેલો થતો નથી. તમારે વેલો ચઢાવવો હોય તો ધર્મને પકડી લો અને એ ધર્મ હાથમાં આવશે એટલે તમારો ધર્મનો પાયો મજબૂત થશે અને મજબૂત પાયા ઉપર તમે ગમે તેવી બાંધણી કરી શકશો. પછી ઘર બનાવો કે મેડી-દુકાન બંધાવો તે તમારી મરજીની વાત છે, પણુ તમારે કાંઈપણુ બંધાવવું હશે તો પાયા તો બરાબર નાખવા જોઈશે. પાયા વગર કોઈ ઈમારત બંધાતી નથી. તેથી આ ધર્મના પાયાને જાળવી લો, સ્વીકારી લો અને પછી તમારી ઇચ્છા હશે તેવી કોઈ પણુ પ્રકારની ઈમારત તમે બાંધી શકશો. પાયા કાચા હશે તો તમારી કોઈ મુરાદ હાંસલ નહિ થાય. આ ક્ષમા-દયા એ ધર્મનો પાયો છે અને ધર્મિષ્ઠ માણુસે પ્રથમ પાયાની જ મજબૂતી કરવી.

**અક્ષમાવાન**—જે માણુસ અક્ષમા રાખે તે, એટલે જે માફી કરી શકતો ન હોય તે. આવા પ્રકારનો ક્ષમા નહિ કરનારો માણુસ ધર્મના પાયા જ સમજ્યો નથી, પિછાની શક્યો નથી, આદરી શક્યો નથી. જે પ્રાણી દયા નથી રાખી શકતો, જે ક્ષમા નથી આપી શકતો તે ધર્મના એકડા પણુ સમજ્યો નથી. દયા વગરનો માણુસ કોઈપણુ ધર્મ કરવાને નાલાયક થઈ જાય છે. પ્રાણીએ ધર્મ કરવો હોય તો દયા, ક્ષમા એ ખાસ જરૂરની વસ્તુ છે અને એ દયા રાખવામાં પૈસો બેસતો નથી. તમને કોઈ ઉશ્કેરવા ચાહે, કોઈ તમને નુકસાન કરે તેની તમે ક્ષમા કરો, તેના વેરનો બદલો વેરથી ન વાળો એટલે તમે સાચા ધર્મી છો.

જેને ક્ષમા હોતી નથી તે દયાને પણુ કરતો નથી. તમે એક ક્ષમારહિત પુરુષની કલ્પના કરો તો તેને પરિણામે એ દયા વગરનો પુરુષ જ લાગશે. ક્ષમા વગરનો માણુસ દયા ધારણુ કરે એ બનવાજોગ જ નથી. જેમ દયા ક્ષમાની સાથોસાથ જાય છે તેમ અદયા અક્ષમાની સાથે જ જાય છે. એટલા માટે જે બતાવેલ છે તે યોગ્ય જ છે. આપણે તે જોઈએ.

**ક્ષાંતિપર**—ક્ષમા કરવાને તૈયાર. પોતા પ્રતિ કરેલા ગુનાને માફ કરવા તૈયાર અને પોતે કોઈના પ્રતિ કરેલા ગુનાના બદલામાં માફી માગવા તૈયાર. તમે વિલાયતમાં કે યુરોપમાં કોઈપણુ સ્થાને ગયા હો તો I beg your pardon—'હું તમારી ક્ષમા માંગુ છું' એવી વાત વારંવાર સાંભળશો. એ કદાચ વચનવિલાસ હશે, પણુ એ વિવેક છે. તમારા પગને કોઈ અથડાઈ જાય કે તમને લાગી જાય તો પણુ માફી માગવાની જે માણુસ તત્પરતા બતાવે તે ક્ષમાપર – ક્ષાંતિપર કહેવાય છે.

ક્ષાંતિપર એટલે ક્ષમા કરવાની જેને લઢણુ પડી હોય એટલે જે ક્ષમા નામનો પ્રથમ યતિધર્મ ધારણુ કરતો હોય તે જ માણુસ ઉત્તમ ધર્મને આરાધી શકે છે. ક્ષમા વગરનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધર્મ નહિ, અને ધર્મ વગર આ આવવું અને જવું તે નિરર્થક થઈ જાય, પરિણામે આવ્યાં તેવાં ને તેવાં હાથ ઘસતાં ચાલ્યા જવાય અને એક ખાડામાંથી નીકળી બીજામાં પડાય એવી વર્તુળગતિ થાય.

**સાધયતિ**—જે માણસ ક્ષમાશીલ હોય, ક્ષમા આપવા તત્પર હોય તે ઉત્તમ ધર્મને સાધે છે. આખી દુનિયા ઊથલી જાય કે ચોતરફ વાવાઝોડું દેખાય પણ જેના પેટનું પાણી હલે નહિ તે ઉત્તમ ધર્મને સાધે છે અને તેનાં નામના આખરે ડંકા વાગે છે, તેની ખાડામાં પડવાની રીતિ દૂર થાય છે અને તે અનંત સુખમાં નિરંતરને માટે વાસ કરે છે.

**ધર્મ**—તે માણસ ઉત્તમ પ્રકારના સર્વોત્કૃષ્ટ ધર્મને સાધે છે. તે પોતાને વશ કરે છે અને તેના મનની સર્વ ઇચ્છાઓ ફળીભૂત થાય છે. ક્ષમા–દયા એ તો ધર્મનો અનિવાર્ય પાયો છે અને તેના તરફ વિચારણા ન કરવાથી પ્રાણી પાયો જ ખોટો માંડે છે. ખોટા પાયાથી અગર પાયા વગરની ઈમારત ચણાતી નથી અને ચણવાની ભૂલ કરવામાં આવે તો ટકતી નથી, તેથી આ પ્રથમ યતિધર્મ જે ધર્મનો પાયો છે તેની તરફ ટૂંકી નજરે ન જોવું.

ધર્મ સાધ્યા વગર અહીંથી આપણે જઈએ તો આ મનુષ્યભવાદિ સામગ્રી મળી તે અર્થ વગરની થઈ જાય અને બંધ મૂઠીએ આવેલ આપણે ઉઘાડી મૂઠીએ ચાલ્યા જઈએ. ધર્મના આશ્રય વગર ચાલ્યા જઈએ તો આપણામાં અને જનાવરમાં કાંઈ ફેર ન રહે. તો પછી આ મનુષ્યત્વ, આર્યદેશ, સારું કુળ, નીરોગિતા, સારું આયુષ્ય, શ્રદ્ધા અને બોધિરત્નની આપણને પ્રાપ્તિ થઈ તે એળે જાય, નકામી થઈ પડે અને આપણે તો લખચોરાશીના ફેરામાં ફર્યા જ કરીએ અને આપણી જે ઇચ્છા પાર પડવાની કંઈક આશા આ ભવમાં બંધાણી છે તે ફોકટ થાય. આવો અવસર ફરી–ફરીને મળે તેમ નથી. તેથી આ પ્રથમ યતિધર્મ આદરી જીવનને સફળ કરો. ઘણી મુસીબતે આ મનુષ્યદેહ વગેરે અનુકૂળતા મળી છે તેનો લેવાય તેટલો લાભ લો અને મળેલ સામગ્રીનો સદુપયોગ કરો. આ ધર્મ તો કોઈ અનેરી ચીજ છે, એ જે તે માણસને મળતો નથી.

**ઉત્તમ**—આ ધર્મ ઉત્તમ છે, સારો છે. તેની પ્રાપ્તિનો લેવાય તેટલો લાભ લો અને જીવનને સફળ કરો.

આ પ્રથમ યતિધર્મ છે. દયા ઉપર આખી જૈન ધર્મની રચના છે અને એ પાયાને વિસારાય નહિ. પાયો ભૂલ્યા તો મૂળથી ખોટું થાય. તેથી, આ પાયાને બરાબર ધ્યાન રાખી મજબૂત કરવો અને સર્વ પ્રકારે દયા ચિંતવવી અને તેનો અમલ કરવો. આ ધર્મ કરવામાં ધ્યાન જ રાખવાનું છે, એમાં પૈસો બેસતો નથી, એના ખરડામાં કાંઈ લખાવવું પડતું નથી. માટે દયા કરો. આઠ પ્રકારની દયા સમજો, પાળો અને ધર્મના પાયાને સાધો. એ વગર પ્રાણીનો આરો નથી, એમ જ્ઞાનીઓ કહે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**મૂલ**—ધર્મનું મૂળ દયા છે એમ ડાહ્યા માણસો કહે છે. સૂત્ર–સિદ્ધાંતમાં તો ત્યાં સુધી કહે છે કે અહિંસા–દયા એ સર્વ ધર્મનું કેન્દ્ર છે અને તેનાં રક્ષણ માટે બીજાં વ્રતો–પચ્ચખ્ખાણો યોજાયલાં છે. દયા ધર્મનું મૂળ છે, अहिंसा परमो धर्मः એ જૈનનો મુખ્ય સિદ્ધાંત છે, અને ગુજરાત–કાઠિયાવાડ (સૌરાષ્ટ્ર) પર તેની જીવતી અસર પડેલી છે. ત્યાં બ્રાહ્મણો કે શૈવો પણ માંસમચ્છી ખાતા નથી એ જૈનોની અસર છે, એમ હમણાં જ એક જૈનેતર પ્રમુખે પોતાના ભાષણમાં જણાવ્યું છે. આ દશ યતિધર્મમાં ક્ષમાને જે પ્રાધાન્ય આપવામાં આવ્યું તેને બરાબર સમજવું અને સમજીને તેને અનુસરી વ્યવહારમાં મૂકવું.

**દયા**—આ દયા એ અહિંસાનું ભાવાત્મક રૂપ જ છે. અહિંસા હિંસાનો અભાવ બતાવે છે, એટલે એ નકારાત્મક સ્વરૂપ છે. દયાના આઠ પ્રકાર જૈન શાસ્ત્રકારોએ બતાવ્યા છે. સ્વદયા અને પરદયા આ પ્રથમ બે તત્ત્વો છે. પોતાની દયા ચિંતવવા અને અનુસરવામાં આત્મિક પ્રગતિ આવે છે અને પોતા સિવાય પરદયામાં જીવો પ્રત્યેની દયા આવે છે. આમ સ્વદયા અને પરદયામાં સર્વ જીવોનો સમાવેશ થઈ જાય અને ત્યારપછી ત્રીજી સ્વરૂપદયા અને ચોથી અનુબંધદયા આવે છે. દેખાવમાત્ર દયા હોય તે સ્વરૂપદયા કહેવાય છે. જે દયા પરિણામે અત્યંત લાભકારક હોય, પણ દેખાવમાં કેટલીક વખત તે દયા દયા ન જણાય તે અનુબંધદયા છે, જેમકે નાના છોકરાને તેના હિત ખાતર મારવામાં આવે તે અનુબંધદયા કહેવાય છે. અનુબંધદયામાં અંતરમાં કોઈ પ્રકારનો તામસભાવ કે અપરાધ કરવાની વૃત્તિ હોતી નથી. આ સ્વરૂપદયા અને અનુબંધદયામાં પણ સર્વ જીવોનો સમાવેશ થઈ જાય છે. પાંચમી દ્રવ્યદયા અને છઠ્ઠી ભાવદયા. દ્રવ્યદયામાં વર્તમાન સ્થિતિ જોવાય છે, જ્યારે વસ્તુતઃ દયા તે ભાવદયા છે. આ બે દયામાં પણ આખા વિશ્વનો સમાવેશ થાય છે. સાતમી દયા તે વ્યવહારદયા છે અને આઠમી નિશ્ચયદયા છે. વ્યવહારથી જીવને બચાવવો, તેને મરતો અટકાવવો તે વ્યવહારદયા છે અને નિશ્ચયથી જો જીવહિંસા થતી હોય તો ઉપયોગ રાખવો એ નિશ્ચયદયા છે. આ બે દયામાં પણ સર્વ જીવનો સમાવેશ થાય છે. આ આઠે પ્રકારની દયા રાખીને પ્રાણી અહિંસાનો સિદ્ધાંત જમાવે છે, અને તેનો અમલ કરે છે.

આ પ્રથમ યતિધર્મના સંબંધમાં નવતત્ત્વની નોટ(ટબ્બો)માં કર્તા કહે છે કે 'ક્રોધનો જે અભાવ તે પહેલો ક્ષમાધર્મ.' શ્રીમદ્ યશોવિજયજી સંયમબત્રીશીમાં નીચે પ્રમાણે વર્ણન કરે છે.

દોહા

ભાવ યતિ તેહને કહો, જિહાં દશવિધ યતિધર્મ;
કપટક્રિયામાં મહાલતા, મહીયા બાંધે કર્મ. ૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લૌકિક લોકોત્તર ક્ષમા, દુવિધ કહી ભગવંત;
તેહમાં લોકોત્તર ક્ષમા, પ્રથમ ધર્મ એ તંત. ૨
વચન ધર્મ નામે કથ્યો, તેહના પણ બિહું ભેદ;
આગમવયણે જે ક્ષમા, પ્રથમ ભેદ અપખેદ. ૩
ધર્મ ક્ષમા નિજ સહેજથી, ચંદનગંધ પ્રકાર;
નિરતિચારપણે જાણીએ, પ્રથમ સૂક્ષ્મ અતિચાર. ૪
ઉપકારે અપકારથી, લૌકિક વળી વિભાગ;
બહુ અતિચાર ભરી ક્ષમા, નહિ સંજમને લાગ. ૫
બાર કષાય ક્ષય કરી, જે મુનિધર્મ લહાય;
વચન ધર્મ નામે ક્ષમા, તે બહુ તિહાં કહાય. ૬

આ ઉપરથી ક્રોધનો વિજય એ ક્ષમા છે. એટલે પહેલા કષાય ક્રોધનો વિજય કરવો એ ક્ષમા છે.

ઉપમિતિભવપ્રપંચાકથાના ત્રીજા પ્રસ્તાવમાં હિંસાદેવીનું વર્ણન છે અને તેની અસર ગણાવવામાં આવી છે. મોટા યુદ્ધ કરનાર નંદિવર્ધન ક્રોધના આવેશમાં ભારે ખરાબ કામો કરે છે એ આખી વિચારણા આ ત્રીજા પ્રસ્તાવમાં બહુ દાખલાઓ સાથે અને નંદિવર્ધનના માનસિક અને વ્યાવહારિક વિચારો સાથે રજૂ કરવામાં આવી છે. એ ક્રૂર ચિત્તવડું વારંવાર આનાર નંદિવર્ધનના કેવા હાલ થાય છે અને દયાદેવી કેવી અહિંસામય છે તે જોતાં અને નાની નજીવી બાબતમાં ક્રોધને વશ થઈ જનાર નંદિવર્ધનનું આખું ચરિત્ર વિચારતાં આ ક્ષમા ધર્મને કેમ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે તે બરાબર સમજાય છે.

પંન્યાસ ગંભીરવિજયજીએ દશયતિધર્મની પૂજા બતાવી છે, તેઓ પ્રથમ ક્ષમાધર્મની પૂજામાં વઢંસ રાગે ગાય છે :

(નાથ કૈસે જંબુકો મેરુ કંપાયો—એ દેશીમાં ગવાય છે.)
અહો જિન રીત અપૂર્વ તિહારી, એ તો જગજન અચરજકારી,
અહો જિન રીત અપૂર્વ તિહારી....એ આંકણી.
ક્ષમાગંગમેં હંસ જયું ઝીલ્યો, વંદક મલ અપહારી;
અંતરંગ રિપુ અંત કરીને, અનઘ રહ્યા શુભકારી. અહો જિન૦ ૧
આયાસને પ્રાયછીત્ત ન આવે, ધ્યાન ધરે એકતારી;
શ્રેય સમાધિ દરિશન ઉપજે, નિશ્ચળ રહો અવિકારી. અહો જિન૦ ૨
વિમલાતમ અઘસંચય વર્જિત, અર્જિત સામ[1] વિહારી;
પ્રશમરસ ભીની વિષય ન દીની, અખિયાં અમૃતકયારી. અહો જિન૦ ૩

૧. સમતા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઔર શસ્ત્રસહાય ન જોવે, ક્ષમા નિશિત અસિધારી;
ક્ષમારંગી અસંગી પ્રભુકી, બલૈયાં ક્રોડ હજારી. અહો જિન૦ ૪

કર્મકટક વિકટ કિમ ચૂરો, ઝુરો ક્રોધકી યારી;
નિરારંભ મુખકમલ પ્રસન્ન, ક્ષમા હૈ અજબ દુલારી. અહો જિન૦ ૫

ચિદ્‌ઘનરંગી શિવવધૂસંગી, અદ્‌ભુત અચરીજકારી;
રિદ્ધિ વૃદ્ધિ પૂરણ મહિમા, ગંભીરગુણી હિતકારી. અહો જિન૦ ૬

અર્થ સુગમ છે. આવો મહિમા પ્રથમ યતિધર્મ ક્ષમાનો છે. તેટલા માટે આ આખો ધર્મ દયામય છે, એમાં કેન્દ્રસ્થાને દયા છે અને બીજા સર્વ વ્રત પચ્ચખ્ખાણો દયાના રક્ષણમાં છે અને ચોતરફ ફેલાયલા છે. એ પ્રમાણે સમજી વિચારી આ પ્રથમ યતિધર્મનું અને ખાસ કરીને લોકોત્તર ક્ષમાનું બરાબર રક્ષણ કરવામાં આવે તો તેથી પોતાનું જીવન સફળ થાય છે અને અંતે વિજયડંકો કોઈપણ આકારમાં જરૂર વાગે છે. ક્રોધ કરનારથી, અક્ષમાવાળાથી તો કાંઈ ધર્મ થતો જ નથી, તેનું ભવિષ્ય સુધરતું નથી અને સંસારમાં તે આંટા ખાધા કરે છે. આથી જે આ પ્રથમ 'ક્ષમા' ધર્મને સ્પષ્ટ રીતે સ્વીકારે તે પોતાની જાતનો જરૂર ઉદ્ધાર કરે અને તેની માંગલિકમાળા વિસ્તરે. આ અતિ અગત્યનો પ્રથમ યતિધર્મ છે. એનો જેટલો વિસ્તાર કરવા ધારીએ તેટલો થઈ શકે છે. હવે આપણે ક્રમપ્રાપ્ત બીજા (દ્વિતીય) યતિધર્મનો વિચાર કરીએ. (૧૬૮)

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## બીજા યતિધર્મ માર્દવનો વિસ્તાર—

विनयायत्ताश्च गुणाः सर्वे विनयश्च मार्दवायत्तः ।
यस्मिन् मार्दवमखिलं स सर्वगुणभाक्त्वमाप्नोति ॥१६९॥

**અર્થ**—સર્વ ગુણો વિનયના ઉપર આધાર રાખે છે અને વિનય પોતે માર્દવ (નમ્રપણા) ઉપર આધાર રાખે છે, તેટલા માટે જેનામાં નરમાશ પૂરેપૂરી ભરેલી હોય છે તે સર્વગુણોનું ભાજન થાય છે. (૧૬૯)

**વિવેચન : વિનય**—મોટાનો વિનય સાચવવો, તેને તેના અનુભવને યોગ્ય અને વયને યોગ્ય માન આપવું, તે આવે ત્યારે ઊભા થવું અને તેનું કામકાજ પોતાની ફરજ તરીકે કરી આપવું, તેની રજા વગર કોઈ પણ કામ ન કરવું, એ સર્વનો વિનયગુણમાં સમાવેશ થાય છે. એની વિગત હવે આપવામાં આવશે. તે વિનયને માર્દવ(નમ્રતા)નો આધાર રહે છે. વિનય એ તો મહાન ગુણ છે. તેના ઉપર બીજા ગુણોની પ્રાપ્તિનો આધાર રહે છે. તેથી સર્વ પ્રકારે વડીલનો વિનય કરવો. યતિ થવું હોય તેણે નમ્ર થવું અને આગળ જે આઠ મદો આપણે સમજ્યા છીએ તેનાથી દૂર રહેવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગુણા**—Virtues, સદ્‌ગુણો વિનય પર આધાર રાખે છે. જ્યાં વિનય હોય, વડીલનું બહુમાન હોય, વડીલની આજ્ઞાને શિરસાવંદ્ય ગણવામાં આવતી હોય ત્યાંથી પછી આઠે પ્રકારના મદો ચાલ્યા જાય છે. માટે ગુણવાન થવાની જેને ઇચ્છા હોય તેણે પ્રથમ વિનયી થવું જોઈએ.

**માર્દવ**—નમ્રપણું. હું તે કોણમાત્ર પ્રાણી છું અને હું તો અનેક ગતિમાં જઈને ટકાનો ત્રણશેર વેચાણો છું અને ઉપર જતાં મફત પણ અપાયેલો છું, ત્યારે આજે મારે અભિમાન શેનું કરવું ? અને હું મોટો છું એમ કેમ માનવું ? દુનિયામાં કરોડો માણસો છે તેમાં હું એક છું, સમુદ્ર પાસે એક ટીપા સમાન છું, આજે છું અને કાલે ક્યાં જઈશ તે હું જાણતો નથી. માટે મોટપ શેની કરવી ? આવી મૃદુતા (નરમાશ) જે રાખે છે તે માણસ વિનયી હોય છે.

**સર્વગુણભાક્‌ત્વમ્**—તેનામાં સર્વ ગુણો હોય, તે સર્વ ગુણોનું ભાજન થાય છે. જેમ આપણે રાંધવાની વસ્તુને હાંડલામાં નાંખીએ અથવા દાણાને બરણીમાં ભરીએ તે તેનું ભાજન (ઠામ) થઈ જાય, તેમ આપણે જો પોતાની જાતને ગુણોની ભાજન કરવી હોય એટલે આપણી જાતને ગુણ સંઘરનાર બનાવવી હોય તો પ્રથમ વિનમ્ર થવું જોઈએ. વિનમ્ર માણસ પછી વિનયને ધારણ કરે છે અને તેનામાં અનેક ગુણો આવી વસે છે. અનેક ગુણનું ભાજન આ નરમાશ છે. માટે તેને બીજા યતિગુણ તરીકે સંઘરવી અને પોતે નમ્ર થવું. સર્વગુણભાકત્વ' એટલે સર્વ ગુણોની આશ્રયતા.

જૈન સાઈટ JAINSITE જયતિ શાસનમ્

વિનય સાત પ્રકારનો છે. ત્યાં ૧ લો વિભાગ પાંચે પ્રકારના જ્ઞાનની સેવા કરવી તે પ્રથમ જ્ઞાનનો વિનય. બીજો દર્શનનો વિનય બે પ્રકારે છે. શુશ્રૂષા વિનય એટલે ઉચિત ક્રિયાનું સાચવવું. બીજો અનાશાતના વિનય એટલે અનુચિત ક્રિયાથી નિવર્તવું. જે સાધુ અથવા સાધર્મી પોતાથી દર્શનગુણે અધિક હોય તેનો શુશ્રૂષા વિનય કરવો. તેનો સત્કાર, સ્તવન, વંદનાદિક કરવું, તે એક વાત થઈ. બીજું, અભ્યુત્થાન એટલે આસનેથી ઊઠવું. ત્રીજું સન્માન એટલે વસ્ત્રપાત્રાદિકે કરી તેમની પૂજા કરવી. ચોથો આસનપરિગ્રહણ વિનય એટલે અત્યંત આદરપૂર્વક આસન લાવીને તેમને માનપૂર્વક બેસાડવા અને આપ બિરાજો એમ મુખેથી કહેવું. પાંચમું, માત્ર મુખેથી કહેવું એમ નહિ પણ આસન બરાબર આપવું તે પાંચમો આસનપ્રદાન વિનય છે. વંદના કરવી તે છઠ્ઠો કૃતિકર્મ વિનય, હાથ જોડવા તે સાતમો અંજલિગ્રહણ વિનય. આવતાની સામે જવું તે આઠમો પ્રકાર છે અને બેઠેલાની સેવા કરવી તે નવમો પ્રકાર છે. જનારાને બોલાવવા જવું તે દશમો પ્રકાર છે. આ રીતે શુશ્રૂષા વિનયના દશ પ્રકાર છે. અનાશાતના વિનયના પિસ્તાળીશ ભેદ છે. ઋષભાદિક ચોવીશ તીર્થંકર. ૨. જિનપ્રરૂપિત ધર્મ. ૩. ધર્માચાર્ય તથા પ્રવ્રજ્યાચાર્ય. ૪. વ્યાખ્યાતા. ૫. વાચના દેનાર. ૬. વય, પર્યાય તથા શ્રુત એ ત્રણે પ્રકારના સ્થવિર. ૭. કુલ તે ચાંદ્ર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વગેરે. ૮. સંઘ તે જ્ઞાનાદિક ગુણ સહિત સાધુ સમુદાય અથવા ગણુ સમુદાય. ૯. મંડળીમાં જે સાથે વ્યવહાર કરે તે. ૧૦. ક્રિયા જે પોતાની સમાનક્રિયા કરતા હોય તે, એમની સાથે મતિજ્ઞાનાદિક પાંચ જ્ઞાન મેળવતાં ૧૫ થયા, તે પંદરને વિશે ૧. આશાતનાનો ત્યાગ કરવો. ૨. તેમનું ભક્તિસહિત બહુમાન કરવું. ૩. તેમનાં છતાં ગુણ હોય તે વર્ણવીને તેમને દીપાવવા. એ રીતે પંદરને ત્રણ ગુણા કરતાં પિસ્તાળીશ પ્રકાર થાય. તે અનાશાતનાના ૪૫ ભેદ છે. હવે ત્રીજો ચારિત્ર વિનય. તે પાંચે પ્રકારના ચારિત્રવાનને કાયાએ કરીને ફરસવા તે. ત્રણ પ્રકારના યોગનો વિનય તે આચાર્યાદિકનો સર્વકાળે મન, વચન, કાયાએ કરી વિનય કરવો. અને સાતમો લોકોપચારવિનય છે, વ્યવહારમાં ઉપચારે વડીલનો વિનય કરવો તે. આ રીતે સાત પ્રકારનો વિનય કરવાનો છે. સર્વે ગુણો આ વિનયગુણ ઉપર આધાર રાખે છે. નવતત્ત્વ ટબાકાર કહે છે કે 'માનનો ત્યાગ તે બીજો માર્દવધર્મ.' અને શ્રીમદ્ યશોવિજય ઉપાધ્યાય પોતે બનાવેલ યતિધર્મબત્રીશીમાં કહે છે કે —

મદ્દવ, અજ્જવ, મુત્તિ, તપ, પંચ ભેદ ઈમ જાણ;
તિહાં પણ ભાવનિયંઠને, ચરમ ભેદ પ્રમાણ. ૭

આ રીતે તેઓ માર્દવને નામ લઈ વખાણે છે.

મુનિમહારાજ પંન્યાસ ગંભીરવિજયજી બીજી પૂજામાં (દેશી ઝુલાની ઠુમરી, આજ દુગ્ધા મેરી મીટ ગઈ રે–એ દેશી) ગાય છે —

રાજ મજ્જવ મન વસ રહી રે, અમલ કમલ સમ જુગલનયન,
સમરસમેં વિકસ રહી રે ...એ આંકણી.
મજ્જવસંથર અખિયાં તોરી, ગર્વગુમાન વરીજિત મૃદુ ગોરી;
નમનદમન ગુણ રમણ નીપાઈ, મચ્છર મદ હરશાહી રે રાજ૦ ૧

મજ્જવ કરત વજાશું જોરી, અડમદ અચળ શિખર સો ફોરી;
કેવળ ભાસરૂકે કીન સેતી, સુજોત પસર રહી રે. રાજ૦ ૨

માને ધારો કૃત્ય ન કરીને, માને સંગથી મનસા હરીને;
પ્રભુપદ નમન દમન ચિત્ત લાઈ, જય પામે ભવિ સહી રે. રાજ૦ ૩

માન અભાવે વિનય સુહાવે, બોધ લક્ષ શું તન મન ભાવે;
મનન સેવન લય લાવો ભાઈ, ગુણગણ લહે ગહગહી રે. રાજ૦ ૪

નિરમદ સુગુણ પુરંદર તોરી, હરિ હર બ્રહ્મ કરે કેમ હોરી;
વાસવશ્રેણી રહી કર જોરી, તુજ પદમેં નમ રહી રે. રાજ૦ ૫

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હીન અધમ નર તુમને છોરી, ગુણયુત વચન મનસું ન જોરી;
કલ્પિત રચના પ્રીત લગાઈ, દુઃખ માન વસે લહી રે. રાજ૦ ૬
જેમ જેમ મૂર્તિ નિહાળું તોરી, તેમ તેમ વિપત કઠિન ગયે મોરી;
સુખ વૃદ્ધિ સંપત સવિ પાઈ, ગંભીર જિન રસ લહી રે. રાજ૦ ૭

આ રીતે આપણે બીજો યતિધર્મ વર્ણવ્યો. આવા પ્રકારની નમ્રતાથી સર્વ અભિમાન દૂર રહે છે અને પ્રાણી સર્વ ગુણનું ભાજન થાય છે. માટે મૃદુતા રાખવી. માર્દવ એટલે મૃદુતા. મૃદુતા એટલે સુંવાળાપણું, નરમાશ, મધુરતા. શ્રુતિનો એક પ્રકાર છે કર્ણપ્રિય. આ સર્વ ગુણો માર્દવતામાં હોય છે. (૧૬૯)

## ત્રીજો યતિધર્મ આર્જવનો વિસ્તાર—

**नानार्जवो विशुध्यति न धर्ममाराधयत्यशुद्धात्मा ।**
**धर्मादृते न मोक्षो मोक्षात् परमं सुखं नान्यत् ॥१७०॥**

**અર્થ**—સરળતા વગર કોઈ શુદ્ધતાને પામતો નથી, અપવિત્ર-અશુદ્ધ આત્મા ધર્મનું આરાધન કરી શકતો નથી, ધર્મ વગર મોક્ષ થઈ શકતો નથી અને મુક્તિ વગર બીજું કોઈપણ પરમ સુખ નથી. (૧૭૦)

**વિવેચન**—આર્જવ એ ત્રીજો યતિગુણ છે. આર્જવ એટલે સરળતા, નિખાલસતા, ઋજુતા, પ્રામાણિકતા. એ ત્રીજો મુખ્ય ગુણ છે. તે માયાકપટ-છેતરપિંડી-રહિતપણું છે. જ્યાં છેતરપિંડી કે ગોટાળો ન હોય ત્યાં આર્જવ હોય છે, ત્યાં સરળતા હોય છે. એટલે માયા નામના કષાયનો સર્વથા ત્યાગ કરવો અને તદ્દન સરળ-સીધા ગોટાળા વગરના થઈ જવું. જેવા ન હોઈએ એવા દેખાવાનો પ્રયત્ન કરવો તે માયાની નિશાની છે. જેવા હોઈએ તેવા દેખાવું તે સરળતા બતાવે છે.

**ન અનાર્જવો**—જેનામાં આર્જવ એટલે સરળતા નથી તેવો નહિ. બે નકારનો એક હકાર થાય. જેનામાં માયા, દેખાવ, દંભ નથી તેવો નથી એટલે જે માયાવાળો પ્રાણી છે તે. જેનામાં દેખાડો કરવાની વૃત્તિ હોય અને પોતે હોય તેનાથી જુદો હોવાનો ઠઠેરો કરે તેવો માણસ; એટલે ધાંધલિયો, ગોટાળો કરનારો માણસ. પોતે હોય લુચ્ચો અને ધર્મિષ્ટ દેખાવાનું ધાંધલ કરનારો માયાવી માનવી.

**વિશુધ્યતિ**—આવો માયાવી માનવી ધર્મની આરાધના કરી શકતો નથી. જે માણસ માયાવી-કપટી, દેખાવ કરનાર અથવા ધાંધલિયો હોય છે તે ધર્મનું આરાધન કરી શકતો નથી. જે જેવો ન હોય તેવો દેખાવાનો પ્રયત્ન કરે અથવા જેવો હોય તેથી કાંઈક જુદો જ હોવાનો દેખાવ કરે તેવો માયાવી માનવી ધર્મનું આરાધન કરી શકતો નથી. એનાથી તો ધર્મ દશ ગાઉ દૂર નાસે છે. જેના મનમાં સરળતા નથી, સીધાપણું નથી તેને અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધર્મને શું લાગે વળગે? માયાવી, દંભી, દેખાવ કરનારને ધર્મ હોવો તે અસંભવિત વાત છે. કાંઈપણ છુપાવવું નહિ, ઢાંકપિછોડો કરવો નહિ, ગોટા વાળવા નહિ એ સરળતા છે. માયાવી પ્રાણીમાં એમાંનું કાંઈ હોતું નથી. જે માણસ સીધો સરળ હોય છે તે આવા ગોટા વાળતો નથી.

**અશુદ્ધાત્મા**—આવા પાપથી ભરાયેલો સંક્લિષ્ટ આત્મા ધર્મનું આરાધન કરતો નથી. એ સંક્લિષ્ટ આત્મા ગોટા વાળી, છેતરપિંડી કરી ધર્મી હોવાનો દેખાવ કરે છે, પણ એ ખરો સંક્લિષ્ટ છે, દુનિયાદારીનો માણસ છે, પુદ્‌ગળમાં રસ ધરાવતો આત્મા છે. એવો પ્રાણી સંસારમાં રખડનાર છે. એ કદી ધર્મનું આરાધન કરી શકતો નથી. એ ધર્મ કરવા જાય પણ એની માયાવી નીતિ એને ધર્મારાધનથી દૂર રાખે છે.

**ન મોક્ષ**—ધર્મ વગર મોક્ષ થતો નથી. અને જ્યાં પ્રાણી ધર્મ આરાધન કરી શકતો નથી એવા પ્રાણીની મુક્તિ કેમ થાય?

**ન અન્યત્**—મોક્ષ સિવાય બીજું કોઈ ઊંચામાં ઊંચા પ્રકારનું સુખ નથી. જો તમારે હંમેશને માટે છૂટકારો મેળવવો હોય અને તમે તે બાબતમાં ગંભીર હો તો મોક્ષ–મુક્તિ સિવાય બીજું કોઈ ઉત્કૃષ્ટ સુખ નથી. જે સુખની પાછળ દુઃખ આવીને ઊભું હોય, જે સુખ સ્થાયી ન હોય તેને ખરેખરું સુખ જ ન કહી શકાય. મોક્ષ તો એકવાર મળે ત્યાર પછી જન્મ-જરા-મરણની સર્વ ઉપાધિઓ મટી જાય છે. તેથી મોક્ષ સિવાય અન્યત્ર અન્ય કોઈપણ સ્થાને સુખ સાચા અર્થમાં છે જ નહિ.

આ ગાથામાં ત્રીજા યતિગુણની આપણે વાત જાણી. સરળતા રાખવી, માયાનો, દેખાવનો, છેતરપિંડીનો, દંભનો ગોટાળો છોડી દેવો અને પરમસુખ જે મોક્ષ છે તે માટે પ્રયાસ કરવાનું પરંપરાથી કારણ માયાના દેખાવનો ત્યાગ છે. માયાના ત્યાગથી પરમસુખ જે મોક્ષ છે તે સરવાળે પ્રાપ્ત થાય છે. આવો માયાનો પ્રભાવ છે અને પ્રાણી જેવો ન હોય તેવો દેખાવા શા માટે અને કેટલા વર્ષ માટે પ્રયાસ કરતો હશે? અંતે તો એ પકડાઈ જાય છે, ઉઘાડો પડી જાય છે અને જાહેર થઈ વધારે બેઆબરૂ બને છે. આવા દેખાવ કે ગોટાળો કરવાના દંભનો ત્યાગ કરી સરળતા રાખવી. એ ત્રીજો આર્જવ ગુણ છે અને સર્વ યતિમાં તે હોવો જ જોઈએ, અને શ્રાવકમાં તે હોય તો બહુ શોભે અને મોક્ષના પરમસુખને એ નજીક આણે.

જેવા હોઈએ તેવા દેખાવું તેમાં આકરી શી વાત છે? દેખાવ કરવા માટે તો અનેક વાર ઘાટ ઘડવા પડે છે, જૂઠાં સાચાં બોલવાં પડે છે અને ધાંધલ કરેલ હોય તેને યાદ રાખી નાચ નાચવા પડે છે, જ્યારે સરળતા તો હોય તેવા દેખાવામાં છે, તે સીધો રસ્તો છે અને પ્રયત્ન વગર લભ્ય છે અને સાહજિક છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ સરળતાને અંગે શાસ્ત્રકાર શું કહી ગયા છે તે આપણે પ્રથમ જોઈએ. નવતત્ત્વ-ટબાકાર કહે છે કે 'માયાનો જે ત્યાગ એટલે કપટરહિતપણું તે ત્રીજો આર્જવધર્મ'. આટલી ટૂંકી પણ મજાની વ્યાખ્યા કરી છે. અને શ્રીમદ્ યશોવિજય ઉપાધ્યાયે તો તેને એક જ શબ્દમાં તેને માટે 'અજ્જવ' શબ્દ વાપરી યતિધર્મબત્રીશીમાં પતાવ્યો છે, તે આપણે આગલી (૧૬૯) ગાથામાં નોંધી ગયા. હવે આપણે પંન્યાસ શ્રી ગંભીરવિજયજીની તે સંબંધીની પૂજા જોઈ જઈએ. તે પૂજા તેમણે પરજ રાગમાં બતાવી છે અને તે 'નિશદિન જોઉં તારી વાટડી ઘેર આવો ઢોલ' એ આનંદઘનના પદની દેશીમાં પણ ગાઈ શકાય છે. તે પૂજા નીચે પ્રમાણે છે—

આર્જવસે જિન પૂજતાં, મીટે માયા અંધારા;
અનુભવજોત હી ઝગમગે, ટલે કર્મ પ્રચારા. આર્જવસે૦ ૧

માયા સંગ નીસી છારતા, નહિ તસ્કર ચારા;
માયા ઉરગી ના ડસે, તરે ભવનું પારા. આર્જવસે૦ ૨

માયા રિદ કંબુ આંટીમેં, રુકે જ્ઞાન ઉજારા;
આર્જવ સોધને સોધીએ, સવિ ક્રિયાડંબારા. આર્જવસે૦ ૩

શ્રદ્ધા નિર્મળ નીપજે, હોય જ્ઞાન સુધારા;
સહુજ સરળ છબિરૂપા, આપોઆપ નિહારા. આર્જવસે૦ ૪

આર્જવ અમૃત ધોઈને, નીજ આતમ પ્યારા;
કેવળદુગ પ્રભુ પામીને, હર્યો માયા પ્રસારા. આર્જવસે૦ ૫

ત્રીસલા ઉર સર હંસને, પૂજો ભાવ ઉદારા;
શિવરમણીકી સેજમેં, કરો સેલ અપારા. આર્જવસે૦ ૬

કરજોડી કરું વિનતી, દીજે દરિશન પ્યારા;
બુદ્ધિકરણ વર્ધમાનસે, સુખ ગંભીર હજારા. આર્જવસે૦ ૭

આ પ્રમાણે દશ યતિધર્મની પૂજામાં તેમણે ત્રીજી પૂજા ગાઈ છે. અર્થ સ્પષ્ટ છે. ઉરગી એટલે સાપણ અને કંબુ એટલે શંખ, બાકી અર્થ સુગમ છે.

આર્જવ એટલે કપટરહિતતા, સરળપણું, જેવા આપણે પોતે હોઈએ તેવા દેખાવા-પણું અને સરળ માણસ તો જણાયા વગર રહેતો નથી. એને ગોટાળા વાળવા પડતા નથી. એને મનમાં કાંઈક હોય અને દેખાવ કૃત્રિમ ધારણ કરવો પડતો નથી. સરળહૃદયી પ્રાણી સીધી જ વાત કરે છે. ઉપાધ્યાયજીએ અધ્યાત્મસારના દંભ પ્રકરણમાં જે જે દુર્ગુણો બતાવ્યા છે. તેમાંથી તે મુક્ત હોય છે. આવા સરળતાવાળા પ્રાણીઓ બહુ નિખાલસ મનના હોય છે. તેઓ તો જેવું મનમાં વસે તેવું બોલી નાંખે છે અને ગૂંચ, પેચ કે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દાવ તેઓની ભાષામાં હોતો જ નથી. આવા સરળ માણસોને ધર્મ થાય છે અને ધર્મ વગર મોક્ષ થતો નથી. એટલે પરમ આનંદનું કારણ જે આ મોક્ષ છે, તે તે વગર સાધ્ય થઈ શકતું નથી. આ મોક્ષ તો કોઈ પણ પ્રકારે મેળવવો જોઈએ. આપણો પ્રયત્ન એ શાશ્વત સુખ માટે જ છે. એટલે આ આર્જવનો ત્રીજો યતિધર્મ મોક્ષસુખ માટે જરૂરી છે. સરળતા વગર ધર્મ અને ધર્મ વગર અનંત સુખ મળતું નથી. (૧૭૦)

**ચોથા યતિધર્મ શૌચનું વર્ણન—**

> यद् द्रव्योपकरणभक्तपानदेहादिधारकं शौचम् ।
> तद् भवति भावशौचानुपरोधाद्यत्नतः कार्यम् ॥१७१॥

**અર્થ**—જે કાંઈ દ્રવ્ય ઉપકરણ, ભોજન અને પાન (પીવાનું) તેમ જ દેહ (શરીરને) ધારણ કરવાનું એ બધાને લઈને થતી જે ક્રિયા પવિત્રતા માટે કરવી પડે, તેમને પવિત્ર રાખવા પડે તે, ભાવશૌચને વાંધો ન આવે તેમ યત્નપૂર્વક થાય. (૧૭૧)

**વિવરણ—દ્રવ્યોપકરણ** : વસ્ત્ર, પાત્ર કે પાટપાટલાં જે લેવા પડે તે ઉપયોગપૂર્વક લેવાં અને તે એવી રીતે લેવાં કે એમ કરવા જતાં ભાવશૌચને વાંધો ન આવે. એટલે, હવે પછી ભાવશૌચની વિગત આપવામાં આવશે. તેને અડચણ અગવડ ન થાય, તેને વાંધો ન આવે તે રીતે લેવાં. સાધુઓને પાટપાટલાં, પુસ્તકાદિ અને દ્રવ્યોપકરણ રાખવાં પડે છે, પણ તેમાં કડી લેવા જતાં પાટણ પરવારી બેસાય તેમ થવું ન જોઈએ. શરીરની રક્ષા માટે તે લેવાં પડે તો તેને લેવા જતાં ભાવશૌચને વાંધો આવી જાય તેમ થવું ન જોઈએ. એટલે થોડા લાભ ખાતર ભાવશૌચને વાંધો તો આવવા દેવો જ નહિ. આ વાત પોતાના વસ્ત્ર, રજોહરણાદિ જરૂરી વસ્તુ માટે સમજવી. તે લેતી વખતે પણ ભાવશૌચને વાંધો ન જ આવવા દેવો ઘટે.

**ભક્ત**—ભોજન. શરીરને ટકાવી રાખવા માટે ભોજન તો લેવું પડે, પણ તે એવું ન લેવું અથવા એવી રીતે ન લેવું કે તેથી નિર્લોભતા, નિઃસ્પૃહતા, વગેરે કોઈપણ શૌચને અડચણ થાય.

**પાન**—જેમ આહાર તેમ પાણી પણ. શરીર ધારણ કરવા માટે જરૂરી છે તો પાન કરવું. પીણું લેવું તે પણ નિર્લોભતાપૂર્વક, ભાવશૌચના ગુણને વિરોધ ન આવે તેમ લેવું.

**દેહાદિધારકં**—શરીર ધારણ કરવાને અંગે, શરીર ધારણ કરવા માટે જે પખાળવું વગેરે દોષો થાય છે તે પણ ભાવશૌચને વાંધો આવે તેવા ન હોવા જોઈએ. મૂળ વાત એ કે શૌચમાં પ્રાધાન્ય ભાવશૌચને આપવું. શરીરાદિક કારણે એને પખાળવું, એને સાફ રાખવું, વગેરે કરવું પડે તે ભાવશૌચને વાંધો ન આવે એમ કરવું. આમાં પ્રધાન્ય ભાવ-

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શૌચને છે. વડીનીતિએ ગયા પછી પખાળવા વગેરેનું કામ થાય, પવિત્રતાને અંગે એને પખાળવું પડે, તે એવી રીતે પખાળવું કે ભાવશૌચને વાંધો ન આવે. મુખ્યતા ભાવશૌચની છે. શરીરાદિ કારણે દ્રવ્યશૌચનો આશ્રય લેવાય તો તે ભાવશૌચને વિરોધ ન આવે તેમ લેવો.

**ભાવશૌચ**—શૌચ અર્થાત્ પવિત્રતા બે પ્રકારની છે: દ્રવ્યશૌચ અને ભાવશૌચ. દ્રવ્યશૌચ કરતાં ભાવશૌચની મહત્તા વધારે છે. તેટલા માટે ભાવશૌચને વિરોધ ન આવે તે રીતે દ્રવ્યશૌચ કરવું. આ દ્રવ્યશૌચ એટલે પૌદ્‌ગલિક વસ્તુઓની પવિત્રતા અને ભાવશૌચ એટલે નિર્લોભતા, નિસ્પૃહતા વગેરે ગુણો. એટલે દ્રવ્યથી શરીરની પવિત્રતા લાવવા જતાં ભાવશૌચને હાનિ ન થાય તેની સંભાળ રાખવી.

**અનુપરોધ**—ભાવશૌચને વિરોધ ન આવે તે રીતે. એટલે દ્રવ્યશૌચ કરવું પડે તો તે પણ ભાવશૌચને વિરોધ ન આવે તેમ કરવું. લોહીથી ખરડાયેલ શરીરને પણ ભાવશૌચને અવિરોધપણે પવિત્ર કરવું, સમારવું, તેનો યોગ્ય ઉપચાર કરવો, પણ તે ઉપચાર કરવા જતાં ભાવશૌચ સાથે જરા પણ વિરોધ ન થાય તેની સંભાળ રાખવી. ઉપરોધ એટલે અટકાવ, રોકાણ. દ્રવ્યશૌચ કરવા જતાં ભાવશૌચનો અટકાવ ન થવો જોઈએ.

**યત્નતઃ**—ચીવટ રાખીને, ઉપયોગ રાખીને પ્રયત્ન કરવો તે. સમજણપૂર્વક આ યત્ન કરવા જતાં પોતાના મૂળ સદ્‌ગુણોને વધારે સંભાળવા. થોડા લાભ ખાતર મોટો લાભ ખોઈ ન બેસવો. એને માટે યતનાપૂર્વક કામ લેવું. જતના એ તો જૈનનો ખાસ ધર્મ છે. એ તો પુંજી, પ્રમાર્જી, સંભાળપૂર્વક હાલે, ચાલે, બોલે અને વર્તે. વાત એમ છે કે પ્રયત્ન કરીને સંયમની રક્ષા કરવી.

આ શૌચધર્મ ચોથો યતિધર્મ છે. દ્રવ્યથી એટલે પૌદ્‌ગલિક વસ્તુઓને અંગે પવિત્રતા રાખવી, પણ તેમાં ભાવશૌચને વાંધો આવવા ન દેવો. જે જે ગુણો યતિઓના કહ્યા છે તે નિઃસ્પૃહતા, નિર્લોભતા એ સર્વ ભાવશૌચ છે. તેને મૂકી દઈને દ્રવ્યપવિત્રતાને પ્રાધાન્ય ન અપાય.

આ અતિ મહત્ત્વની બાબત છે. આ સંબંધમાં બીજા ગ્રંથકારો શું કહે છે તે આપણે જોઈએ —

નવતત્ત્વ ટબાકાર એને આઠમો યતિધર્મ ગણે છે. તેઓ જણાવે છે કે "શરીરના હાથપગ પ્રમુખ પવિત્ર રાખવા અને ભાતપાણી પ્રમુખ આહાર બેંતાલીશ દોષરહિત લેવો તે સર્વ દ્રવ્યથી શૌચ; અને આત્માના જે શુદ્ધ અધ્યવસાય, કષાયાદિકે રહિત શુદ્ધ પરિણામની વૃદ્ધિ તે ભાવશૌચ. અથવા મન, વચન, કાયાને શુદ્ધ રાખવા, સંયમને વિશે નિરતિચારપણું તથા જીવઅદત્ત, સ્વામીઅદત્ત, ગુરુઅદત્ત, તીર્થંકરઅદત્ત એ ચારે પ્રકારની

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચોરીનો ત્યાગ કરવો તે આઠ શૌચધર્મ, એટલે સાધુ હોય તે જીવની પરવાનગી વગર ન લે, ધણી–માલિકની પરવાનગી વગર ન લે, ગુરુમહારાજની પરવાનગી વગર ન લે, અને તીર્થંકરે જે નિષેધ્યું હોય તે ન લે, આવો ભાવ છે. શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય યતિધર્મની બત્રીશીમાં દસમી ગાથામાં કહે છે કે :

'આલોયણ જલશુદ્ધતા, શૌચધર્મ અવિરુદ્ધ.'

પંન્યાસ ગંભીરવિજયજી આઠમી શૌચધર્મની (દશયતિધર્મ) પૂજામાં નીચે પ્રમાણે કહે છે—

(રાગ જંગલો, તાલ દાદરો. આનંદ કંદ પૂજતા, જિનંદ ચંદ હું......એ એની દેશી છે.)

દિનરાત આપ જાપ સે, વિભાવકો છલી;
દિલબાગ કે મેદાન જગે, વાસના કલી. દિન૦ ૧

સુરિંદ વૃંદ વંદકી, ઉપાસના મલી;
જલાદિ શૌચ એક લોન, મુક્તિ કંદલી. દિન૦ ૨

જિનીંદ વાક પાકતા, ઉદાર સાંભલી;
સ્પર્શ તજ અદત્તકો, વિભાવકી મલી. દિન૦ ૩

સંતાપ હાર તીરણી, સ્વભાવ ઉજલી;
ચારેં હી અદત્ત છોર, વિરતિ નીરમલી. દિન૦ ૪

જીવ કુંદ કેતકી, ગુલાબ વોલસરી;
ફૂલ સ્વામી માલીકી, ન લેના દ્રગ છલી. દિન૦ ૫

અરિહંત નિષિદ્ધ ફૂલ, છેદો ના કલી;
પ્રીયંગુ ચંપો મોગરો, ને માલતી ભલી. દિન૦ ૬

ગુરુ ઉક્ત રીત પદ્મ, જુઈવી ભલી;
પરિમલે સુવર્ણ કે, સુશોભિત વલી, દિન૦ ૭

ફૂલોંકી જાતિ ભાતી, અંગીઓ ભલીભલી;
પગર ભરો વર્ષો ભવી, ફૂલ દેવ જો મીલી. દિન૦ ૮

દુવિધ લેપ ક્ષેપ છેદ, વીર નહિ બલી;
વૃદ્ધિ ગંભીર શૌચ ધીર, કીર્તિ ઉજ્જલી. દિન૦ ૯

આનો અર્થ સમજાઈ જાય તેમ છે. આવો વિચાર કરવો. તમારે બાહ્ય પવિત્રતા રાખવી, પ્રક્ષાલન, ધોવણ કરવું પણ તે ભાવશૌચને વિરોધ આવે તે રીતે નહિ અને ભાવશૌચમાં નિઃસ્પૃહતા, નિર્લોભતા, અયાચકતા, આર્જવ, માર્દવાદિ અનેક ગુણો આવે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. તે ગુણને વાંધો આવે એમ બાહ્ય પવિત્રપણું રાખવાનું નથી. શૌચ એટલે પવિત્રપણું, પણ તે સાધુતાને ભોગે ન થવું જોઈએ. કારણ કે સાધુને સાધુતા રાખવી, ઉચ્ચ ચારિત્ર રાખવું એ મુખ્ય ધર્મ છે. બાહ્ય પવિત્રતા રાખવા જતાં અસલ સિદ્ધાંતો તણાઈ જાય એ રીતે એ કામ થવું ન જોઈએ. બાકી તેને અવિરોધપણે બાહ્ય શૌચ પણ બરાબર પાળવું. વાંધો આવે તો જુદો માર્ગ લેવો, પણ સાધુતાને વાંધો ન આવવા દેવો. યતિ પ્રથમ સાધુ છે, અને તેનો મુખ્ય ઉદ્દેશ સાધુધર્મ જાળવવાનો છે, તેને વાંધો ન આવે તે રીતે બાહ્ય શૌચ પાળવું. (૧૭૧)

### સંયમ નામના પાંચમા યતિધર્મનો વિસ્તાર—

**पञ्चास्रवाद्विरमणं पञ्चेन्द्रियनिर्जयः कषायजयः ।**
**दण्डत्रयविरतिश्चेति संयमः सप्तदशभेदः ॥१७२॥**

**અર્થ**—પાંચ આશ્રવોથી પાછા હઠવું, પાંચે ઇંદ્રિયોનો નિગ્રહ કરવો, ચારે કષાયો પર વિજય કરવો, મન, વચન, કાયાના દંડથી પાછા હઠવું – એમ સત્તર પ્રકારે સંયમ છે. (૧૭૨)

**વિવેચન—પંચાસ્રવ**—પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ એ પાંચ જે સાધુના પચ્ચખ્ખાણ છે તેનાથી વિરમવું એટલે એ પાંચેમાંથી કોઈ એકના પણ સપાટામાં ન આવવું અને પ્રસંગ આવી પડે તો તેમાં પડતાં પોતાની જાતને સંભાળપૂર્વક રોકવી. આ પાંચ આશ્રવ છે, કર્મગરનાળાં છે, તેમનો સંપૂર્ણ અટકાવ કરવા માટે પાંચ મહાવ્રત છે, જે સાધુધર્મનો પાયો છે. આ આશ્રવોથી વિરમવું તે સત્તર પૈકી પ્રથમ પાંચ પ્રકારના સંયમો છે. પાંચે વ્રત બરાબર પાળવા તે પ્રથમ પાંચ સંયમો છે. બીજા પ્રકારો હવે પછી વિચારશું. કોઈ જીવને ન મારવો, જૂઠું ન બોલવું, પારકી ચીજ નહિ દીધા છતાં ન લેવી, બ્રહ્મચર્ય પાળવું અને પોતાની માલિકી કોઈ પર ન રાખવી એ પાંચે મૂળ યતિધર્મો પણ પોતાની અનુકૂળતા પ્રમાણે પાળે. આ રીતે સંયમના સત્તર પ્રકારમાંથી પ્રથમ પાંચ પ્રકાર થયા.

**પંચેંદ્રિયનિર્જય**—સ્પર્શનેંદ્રિય, રસનેંદ્રિય, ઘ્રાણેંદ્રિય, ચક્ષુરિંદ્રિય અને શ્રોત્રેંદ્રિય એ પાંચે ઇંદ્રિયોનો નિગ્રહ કરવો એ સત્તર સંયમમાંના બીજા પાંચ પ્રકારના સંયમ થયા. 'નિર્જયઃ' એ સ્થાને એક છાપેલ કોપીમાં 'નિગ્રહઃ' પાઠ છે. અર્થમાં ફેર પડતો નથી. પાંચે ઇંદ્રિયો પર નિગ્રહ કરવો, સર્વને અને પ્રત્યેકને પોતાને કબજે રાખવી અને પોતે એના તાબામાં ન જવું. એ રીતે સંયમના દશ પ્રકાર થયા. સ્પર્શનેંદ્રિય માટે ઘણો વિસ્તાર ઉપમિતિભવપ્રપંચા કથાના ત્રીજા પ્રસ્તાવમાં કર્યો છે, તે સ્પર્શન કથાનકને જોવાની ભલામણ છે. રસનેંદ્રિય માટે ઉપમિતિભવપ્રપંચા કથાનો ચોથો પ્રસ્તાવ (બીજો ભાગ) જોવો. ત્યાં રસનાની કથા ખૂબ વિસ્તારથી આપવામાં આવી છે. ઘ્રાણકથા માટે

જૈન સાઈટ JAINSITE.com જનમ જયોત શાસનમ
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપમિતિભવપ્રપંચા કથાનો પાંચમો પ્રસ્તાવ (બીજો ભાગ) જોવો. ત્યાં ઘ્રાણકથા યોગ્ય સમજાવટ સાથે આપવામાં આવી છે. તેથી અત્ર તે પર વિસ્તાર કર્યો નથી. ચક્ષુરિંદ્રિય માટે ઉપમિતિભવપ્રપંચા કથાનો છઠ્ઠો પ્રસ્તાવ સવિસ્તર જોવો. અને છેલ્લી પાંચમી શ્રોત્રેંદ્રિય માટે ઉપમિતિભવપ્રપંચા કથાનો સાતમો પ્રસ્તાવ (ત્રીજો ભાગ) જોવો. ત્યાં એની કથા વિસ્તારથી આપવામાં આવી છે. આ રીતે આપણે સંયમના સત્તર પ્રકાર પૈકી દશ પ્રકાર જોયા. એ ઇંદ્રિયો મોકળી કરવા યોગ્ય નથી, પણ નિગ્રહવા યોગ્ય છે.

**કષાયજય**—કષાયોના ઉપર વિજય કરવો. એના ચાર પ્રકાર છે. તે આપણે ત્રીજા પ્રકરણમાં વિસ્તારથી જોઈ ગયા. એ ચારે—ક્રોધ, માન, માયા અને લોભ–મનના વિકારો છે. એમને જીતવાં, એમને વશ ન પડવું, એ ચારેનો સંયમ કરવો, એટલે, અત્યાર સુધીમાં ચૌદ સંયમ થયા. એ પ્રત્યેક મનોવિકારને ઉપમિતિભવપ્રપંચા કથામાં ચર્ચ્યો છે. અને તેનાં ફળ પણ બતાવ્યાં છે. ક્રોધને અંગે જુઓ ત્રીજો પ્રસ્તાવ અને માનને અંગે જુઓ ચોથો પ્રસ્તાવ. માયા માટે જુઓ પાંચમો પ્રસ્તાવ અને લોભને અંગે જુઓ છઠ્ઠો પ્રસ્તાવ. આ ચારે કષાયો શત્રુની ગરજ સારે છે. તેમના પર વિજય કરવા ચાર પ્રકારના સંયમનો વિસ્તાર છે.

**દંડત્રય**—મન, વચન, કાયાના યોગો – દંડોથી વિરમવું એ છેલ્લા ત્રણ સંયમો છે. અને મનને ખરાબ રસ્તે પ્રવર્તવા ન દેવું, વચનને સત્ય, પ્રિય, હિત, તથ્ય વચન બોલવામાં પ્રવર્તાવીને તે રીતે વચનદંડથી વિરમવું અને કાયાને અજયણાએ પ્રવર્તવા ન દેતાં તેના કાયદંડથી વિરમવું. આ પ્રમાણે પાંચ આશ્રવોથી વિરમવું, પાંચ ઇંદ્રિયોને મોકળી ન મૂકવી, ચારે કષાય પર વિજય મેળવવો અને ત્રણ દંડોથી વિરમવું એમ સત્તર પ્રકારે સંયમ થાય છે, તે પાંચમો યતિધર્મ છે. આમાંથી શ્રાવકે જે બને તે યતિધર્મ પાળવા. એમાં સાધુ થઈ જવાતું નથી, પણ આપણો સાધુતાનો આદર્શ સિદ્ધ થાય છે.

આ સંબંધમાં બીજા ગ્રંથકારો શું કહે છે તે પ્રથમ જોઈ જોઈએ. નવતત્ત્વટીકાકાર લખે છે કે "પ્રાણાતિપાતાદિક પાંચનું જે વિરમણ તથા પાંચ ઇંદ્રિયોનો નિગ્રહ, ચાર કષાયનો જય અને ત્રણ દંડની નિવૃત્તિ એ સત્તર ભેદે છઠ્ઠો સંયમધર્મ." શ્રીમાન્ યશોવિજયજી ઉપાધ્યાય યતિધર્મબત્રીશીમાં કહે છે કે—

> આશ્રવદ્વારને રુંધીએ, ઇંદ્રિય દંડ કષાય;
> સત્તર ભેદ સંજમ કથ્યો, એહ જ મોક્ષઉપાય. ૯

ત્યાં નીચે નોટમાં ગાથા આપેલી છે—

> पंचासवा विरमणं पंचिंदियनिग्गहो कसायजओ ।
> दंडत्तयस्स विरमो सत्तरसहा संजमो होइ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ સંબંધમાં પંન્યાસ ગંભીરવિજયજી મહારાજ છઠ્ઠી પૂજા (દશ યતિધર્મ પૂજામાં) લખે છે, તેનો રાગ 'સિદ્ધચક્ર ભવિ ભાવે રે' એ દેશીમાં ગાઈ શકાય છે. રાગ દાદરો છે.

સજી સંજમમેં, રમણુ કરે જ્ઞાની રે;
સજી સંજમમેં....એ આંકણી
કર્મ જનિત ભવ કર્મ છે બંધે, ધરે બંધહર જાણી રે. સજી૦ ૧
કરી કરી જતના મન વચ અપના, સંજમ રસ ઠાણી રે. સજી૦ ૨
ભુવિ જલ અનલા અનીલ વન વીગલા, પણીંદી જીવ જાણી રે. સજી૦ ૩
અજીવન ઉપધિ પુસ્તક પાઠાં, જતન કરો ગુણુ ખાણી રે. સજી૦ ૪
પેખ ઊંહેખ દેખ પમજ્જન, મનોવૃત્તિ વરતાની રે. સજી૦ ૫
વચન અદોષી વંદે ગુણુ પોષી, જતના દિલ માની રે. સજી૦ ૬
સંરંભ સમારંભ ને આરંભા, કલ્પ ન પિંડ પ્રાણુ હાનિ રે. સજી૦ ૭
ત્રિવિધ ત્રિજોગે બંધાદિ નિવૃત્તિ, સંજમવંત પ્રભુ નાણી રે. સજી૦ ૮
સંજમ વૃદ્ધિ વીર ગંભીરસે, પૂજી પાયો ભવિ પ્રાણી રે. સજી૦ ૯

આ ટાંચણો ઉપરથી જોવામાં આવ્યું હશે કે પ્રાણાતિપાતાદિ પાંચે મહાવ્રતો પાળવા, પાંચે ઇંદ્રિયો પર કાબૂ રાખવો, ચાર કષાયોને જીતવા તથા ત્રણ દંડને કબજામાં રાખવા બહુ જરૂરી છે. એમને મોકળા મૂકવાથી સંયમ થતો નથી, અને સાધુનો ધર્મ તો સંયમ પાળવાનો છે. શ્રાવકે પણ બની શકે તેટલો સંયમ પાળવાનો યત્ન કરવો. આ સંયમ પણ એક મહત્ત્વનો વિષય છે અને તે પર ધ્યાન આપવાથી આ સંસારસમુદ્રનો પાર પમાય છે. એને ધ્યાન રાખી સમજવો અને યતનાપૂર્વક તેને પાળવો. (૧૭૨)

**છઠ્ઠા મુક્તિધર્મ અર્થાત્ ત્યાગધર્મનો વિસ્તાર—**

**बान्धवधनेन्द्रियसुखत्यागात् त्यक्तभयविग्रहः साधुः ।**
**त्यक्तात्मा निर्ग्रन्थस्त्यक्ताहंकारममकारः ॥१७३॥**

**અર્થ**— સગાં-સંબંધીઓ, ધન અને ઇંદ્રિયસુખના ત્યાગથી જેમની બીક અને મારામારી ગયેલ છે એવા સાધુએ તો ખરેખર અહંકાર-મમકારનો પણ ત્યાગ કરેલો હોય છે. અને તેટલા માટે તે સાચા નિર્ગ્રંથ કહેવાય છે. (૧૭૩)

**વિવેચન**—હવે આપણે ત્યાગ-મુક્તિ નામના છઠ્ઠા યતિધર્મનો વિચાર કરવાનો છે. આવા સાધુ તે ખરેખરા સાધુ છે, કારણ કે તેઓ જાતે નિર્લોભી છે. લોભનો ત્યાગ એ સાચો ત્યાગધર્મ છે અને તેનો આ શ્લોકમાં વિસ્તાર બહુ સૂક્ષ્મ દૃષ્ટિએ કરવામાં આવ્યો છે. આપણે પ્રથમ ગ્રંથકારનું દૃષ્ટિબિંદુ સમજીએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**બાંધવ**—પોતાનાં સગાંઓને બાંધવો, સ્વજનો, બંધુઓ કહેવામાં આવે છે. સાત પેઢીનાં સગાંઓ તે સર્વ બંધુ શબ્દમાં સમાવેશ પામે છે. આ સર્વ સગાં-વહાલાંઓ જેણે તજ્યા છે, છોડી દીધાં છે તે ખરો નિર્ગ્રંથ સાધુ છે એમ જાણવું.

**ઇંદ્રિય**—સગાંઓને તજી દેવા સાથે એણે પોતાની ઇંદ્રિયોનું પોષણ કરવાનું નથી, એમને પણ જેણે તજી દીધી છે તે સાધુ છે.

**ધનસુખત્યાગ**—પૈસા બધા તજી દેવાથી જે સુખ થાય છે તે સુખના ધણી ખરા સાધુ છે. પૈસાનો ત્યાગ કરવો એ સર્વથી મુશ્કેલ વાત છે, પણ એકવાર છોડ્યા પછી તેની સામું પણ ન જોવાય તે ખરો ત્યાગ છે. ખરા ત્યાગમાં સાધુતા રહેલી છે. જેની પાસે પૈસા પણ ન હોય અને પોતાના અંગત સુખની જેને દરકાર ન હોય, તે માટે પ્રયત્ન ન હોય તે ખરો ત્યાગી, તે આ ત્યાગધર્મને બરાબર પાળી શકે છે. સગાંસંબંધીને છોડવાં, ધનને છોડવું અને સુખનો ત્યાગ કરવામાં ખરી સાધુતા છે. આ ત્રણે પ્રકાર દુનિયાના ફસાવનાર છે. તેમનો ત્યાગ કરવાથી તેને ભયનું કારણ જ રહેતું નથી. પોતાના ધનના નાશનો ભય કે જેને પોતાનાં સગાં માન્યાં તેમને કોઈ જાતની અગવડ કે કોઈ જાતનો તબિયતમાં બગાડો કે તેમના અહીંથી જવાનો મરણભય એ સર્વ જેના નાશ પામી ગયા છે, તેવા સાધુ ખરા સાધુ છે, નિર્ગ્રંથના નામને સાર્થક કરે છે અને સંસારને છોડી મુક્તિમાર્ગે ગમન કરે છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**ઇંદ્રિયસુખત્યાગ**—જેમ ધનનાં માની લીધેલ સુખનો ત્યાગ કરવાનો છે તેમ જ ઇંદ્રિયોનાં-પાંચે ઇંદ્રિયના સુખનો ત્યાગ કરવાનો છે. એ સુખમાં કાંઈ નથી, અને એ સુખ કલ્પનામાં લાગે છે. ભૂખ્યા પેટે ખાવું તેમાં સુખ શું? એ તો ભૂખ્યા હોઈએ ત્યારે ખાવામાં સુખ લાગે છે, બાકી એમાં ખરું સુખ નથી. માનો કે ઇંદ્રિયસુખ સુખ છે, તો પણ તે બહુ થોડો કાળ ટકે તેવું સુખ છે. જે સ્થાયી સુખ ન હોય, જે સુખમાં પોતામાં દમ ન હોય, જે સુખની પાછળ તો તેનો વિયોગ જરૂર હોય, જે સુખ પછી દુઃખ થવાનું જ છે તે સુખને સુખ કહેવું તે નરી ભ્રમણા છે. અને ઇંદ્રિયોનું સુખ તો પૌદ્ગલિક હોઈ જરા વખત માન્યતામાં ટકે છે પણ એમાં વાસ્તવિક સ્થાયી સુખ નથી. એ સુખનો ત્યાગ કરવો એ પણ એક યતિધર્મ છે. આવા સુખનો સાધુએ-યતિએ તો અવશ્ય ત્યાગ કરવાનો જ છે અને તેટલા માટે ત્યાગને છઠ્ઠો યતિધર્મ કહ્યો છે.

**ત્યક્તભયવિગ્રહ**—આવા ઉપર જણાવેલા સાધુએ આગળ જણાવી ગયા છીએ તે સાતે ભયોનો ત્યાગ કર્યો છે. તેમને આ લોકનો કે પરલોકનો કે અકસ્માતનો ભય નથી. અને તેઓએ ક્લેશનો પણ ત્યાગ કરેલ છે. એટલે આ ત્યાગને છઠ્ઠો યતિધર્મ કહેવામાં આવ્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ત્યક્તાત્મા**—જેણે પોતાના આત્માનો ત્યાગ કર્યો છે એવો સાધુ પુરુષ એટલે, જેનામાં પોતાની વાત નથી, જે કોઈ રીતે સ્વાર્થી નથી, તેવો સાધુ પુરુષ. ત્યાગધર્મને જે પોતાની ફરજ ગણે છે અને જેમને પોતાને માટેનો જરાપણ વિચાર નથી એવા, ત્યાગ-ધર્મને સર્વ પ્રકારે પાળનાર સાધુઓ–યતિઓ.

**ત્યક્તઅહંકારમમકાર**—જેમણે અહંકાર એટલે હું કાંઈક છું એવી વૃત્તિ અને કોઈ ચીજ મારી છે એવો વિચાર છોડેલ છે તેવા ત્યાગભાવની મૂર્તિ સમા સાધુઓ. આ અહંકાર જેને આપણે આઠ પ્રકારે જોઈ ગયા છીએ તે જેને ન હોય, જેને પોતાપણું કોઈ રીતે દેખાડવાનું ન હોય અને જેને કોઈ વસ્તુ પોતાની ન હોય તેવા સાધુ ત્યાગભાવને પરિણામે એ તો રહેવાના સ્થાનને કે કોઈ ફરનીચરને પોતાનું માનતા જ નથી. આવી રીતે જેણે અહંકાર કે મમકાર તજી દીધા છે તેવા યતિઓ આ ધર્મ બરાબર પાળે છે અને શ્રાવકો બની શકે તેટલો તે ધર્મ પાળે છે અને બીજા પ્રાણીઓ બને તેટલો ધર્મ પાળે તે ઇચ્છવા યોગ્ય છે.

આપણે હવે અન્ય લેખકો આ ત્યાગધર્મને અંગે શું કહે છે તે પણ સાથે સમજી લઈએ. નવતત્ત્વના ટબાકાર તો માત્ર લખે છે કે 'નિર્લોભતા તે ચોથો મુક્તિધર્મ.' એટલે, લોભનો ત્યાગ તે મુક્તિધર્મ. આપણે ક્રોધ, માન અને માયાને અંગે તો પહેલો, બીજો અને ત્રીજો યતિધર્મ જોઈ ગયા છીએ. આ ચોથા લોભકષાયને અંગે આ ત્યાગધર્મ–મુક્તિ-ધર્મ છે એમ આ ઉપરથી જણાય છે. ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી પણ આ લોભને ટૂંકામાં પતાવે છે. તેઓ યતિધર્મબત્રીશીની સાતમી ગાથામાં કહે છે કે—

મદ્દવ, અજ્જવ, મુત્તિ, તવ, પંચ ભેદ એમ જાણ;
તિંહા પણ ભાવનિયંઠને, ચરમ ભાવ પ્રમાણ. ૭

હવે ગંભીરવિજય પંન્યાસ પોતાની ચોથી પૂજામાં વિસ્તારથી વાત કરે છે, તે જરા અવગાહી લઈએ. તેઓ ચોથી પૂજા (દશયતિધર્મ પૂજા)માં જણાવે છે કે—

(રાગ ઠુમરી)

(ચાલો સખી સબ દેખનકું, રથ ચડ જદુનંદન આવત હૈ–એ દેશી)

સંતોષ અમૃત સુભાગી પ્રભુકો, પૂજો ભવિયણ શિવરસિયા;
સંતોષ વિન ન હુ આવે તૃપતિ, પુદ્ગળ રાશિ સવિ ગસીયા.
સંતોષ અમૃત સુભાગી પ્રભુ કો૦ ૧
ત્રિભુવન કેલી તૃષ્ણા વેલી, મૂલ ચુલ તસ રસ કસીયા. સંતોષ૦ ૨
મુક્તિ યાવન પાવન ભાવન, નિસ્પૃહ ભાવિત અહોનીસીયા. સંતોષ૦ ૩
લોભપયોધિ મનોરથપવને, ઊર્મિ ઉછાલત ધસમસીયા. સંતોષ૦ ૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મુક્તિતરી વીન કૈસે તરાએ, આત્મરસે પ્રભુ અનુસરીઆ. સંતોષ૦ ૫
ક્ષપકશ્રેણી અનુકૂળ પવનસેં, કેવળ લહી જઈ શિવ વસીયા. સંતોષ૦ ૬

મુક્તિ ભજી લહો મુક્તિ દુલારી, મમતા તજ સમતા સજીઆ. સંતોષ૦ ૭
હિત વૃદ્ધિ કર વીર સુનોજી, ગંભીર દીસી દીઓ દ્રગલસીઆ. સંતોષ૦ ૮

આવો નિર્લોભિતાનો મહિમા છે. ત્યાગ એ તો ખરેખરું જીવનનું હીર છે, એ વગર જે આપણો આશય સંસાર પરિભ્રમણનો છેડો લાવવાનો અને અનંતસુખ પ્રાપ્ત કરવાનો છે તે પાર પડતો નથી અને ત્યાગ એ જરા પણ મુશ્કેલ વસ્તુ નથી. વસ્તુના ત્યાગમાં તો નિરવધિ આનંદ છે, તમે થોડાક મિત્રો સાથે જમવા બેઠા હો અને તે વખતે આજ ચૌદશ છે એમ કહી લીલોતરી ન લો, ત્યારે તમારા મનમાં એમ નથી આવતું કે તમે રહી ગયા અને લીલોતરી વગર દૂબળા પડી જશો, પણ તમારા મનમાં લીલોતરી મૂકી દેવાનો આનંદ આવશે. એવી જ રીતે, ઘરબાર, વસ્તુ કે કપડાંનાં ત્યાગમાં મજા છે. તમને તે તરફ વૃત્તિ કે લાલચ ન હોવી જોઈએ. અને જે અનાયાસે મળી જાય તે તરફ સંતોષ હોવો જોઈએ. એ સંતોષ એ ખરેખરું સુખ છે અને એક વખત સંતોષ થઈ ગયો એટલે તમારામાં અને રાજામાં કોઈ તફાવત નથી. રાજા કદાચ રેશમી વસ્ત્ર પહેરે, પણ તમારા સુતરાઉ વસ્ત્રથી તમે સંતોષી હો તો તમારે આનંદ છે, નવનિધાન છે. લોભનો પાર નથી, હદ નથી, મર્યાદા નથી. એ તો આજે લાખ મળી જાય તો કરોડની ઇચ્છા થાય છે. અને કરોડ મળ્યે દશ કરોડની ઇચ્છા થાય છે અને એમ લોભ વધતો જ જાય છે. પણ સંતોષી માણસ સામાન્ય ચીજથી રાજી થઈ ધરાઈ જાય છે અને તેને વધારો કરવાની હોંશ થતી નથી. એ તો ઓછું કે વત્તું જે મળે તેમાં રાજી થઈ જાય છે અને પેટ પંપાળીને સંતોષના ઘુંટડા ગળે છે. એવા સંતોષી માણસને કોઈ પ્રકારની બીક રહેતી નથી, કારણ કે ભય હંમેશા વસ્તુને અંગે કબજા ઉપર આધાર રાખે છે. સંતોષી માણસ વિગ્રહ ન કરે. એને કાંઈ જોઈએ જ નહિ, પછી કલહ શેનો ? કલહનું મૂળ કારણ તો એનું નાશ પામેલું હોય છે. એ તો સદા સુખી છે. એને અહંકાર નથી અને કોઈ વસ્તુ પોતાની એ માનતો નથી. (૧૭૩)

### સાતમા સત્ય યતિધર્મનો વિસ્તાર—

अविसंवादनयोगः कायमनोवागजिह्मता चैव ।
सत्यं चतुर्विधं तच्च जिनवरमतेऽस्ति नान्यत्र ॥१७४॥

**અર્થ**—આગળ પાછળ વિરોધનો અભાવ અને કાયા, વચન અને મનની એકતા એમ ચાર પ્રકારનું સત્ય છે અને એ હકીકત જિનેશ્વરના મતમાં જ કહેલી છે અને બીજે ક્યાંય પણ એ હકીકત કહેવામાં આવેલ નથી. (૧૭૪)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિવેચન**—હવે આપણે સાતમા યતિધર્મ સત્યનું વિવેચન વિસ્તારપૂર્વક જોઈએ. આ સાતમા સત્યધર્મ એટલે મૃષાવાદવિરમણ વ્રતનું અત્ર વિસ્તારથી સ્વરૂપ કહે છે. 'મુસાવાયાઓ વેરમણં' એટલે બીજા વ્રતમાં સાચું બોલવા અને અસત્ય ન બોલવાનો નિયમ હોય છે. આ બીજું મહાવ્રત છે.

**અવિસંવાદનયોગ**—સત્યના ચાર ભેદ છે અને તેને તે પ્રકારે કહેનાર એક જૈન શાસન જ છે. વિસંવાદ એટલે અન્યથા, હોય તેથી ઊલટાં કહેવું તે. ઊભેલને બેઠેલ કહેવું તે, ચાલનારને બેઠેલ કહેવો તે વિસંવાદયોગ છે. એ જ્યાં ન હોય તે અવિસંવાદ. આગળ એક વાતની હા કહેલ હોય, તેની બીજી વખત ના કહેવી તે વિસંવાદયોગ. એવો અરસપરસ વિરોધ ન આવે તે અવિસંવાદન યોગ કહેવાય. જેવું હોય તેવું, આગળ કે પાછળ એક સરખું કહે તે સત્યનો પ્રથમ ભેદ છે. એક વાર છે એમ કહે અને આગળ જતાં ના કહે તેમાં અવિસંવાદન યોગ નથી. જૈન શાસ્ત્રકારોએ એકબીજાની વિરુદ્ધ થાય તેવી કોઈ વાતને કહી નથી. આ રીતે ચાલનારને બેઠેલ ન કહેવો, આગળ પાછળ વિરોધ ન આવવા દેવો, તેવી સત્ય વાત કરવી તે અવિસંવાદન યોગ નામનો પ્રથમ સત્યનો ભેદ થયો. જેમાં પૂર્વાપર વિરોધ ન હોય, એક વાર આત્માને સ્વીકારે અને એક વાર એને ક્ષણધ્વંસી કહે – આવા પરસ્પર વિરોધ જેની ભાષામાં ન હોય તે અવિસંવાદન યોગ. આ સત્યવચનોચ્ચારનો પ્રથમ ભેદ થયો.

**કાય-મનો-વાક્-અજિહ્મતા**—અજિહ્મતા એટલે અકુટિલતા. એટલે જેવો મનમાં વિચાર કરે તેવું બોલે અને બોલ્યા પ્રમાણે જ ક્રિયા કરે. એના મન વચન કાયામાં એકતા હોય. વિચારે કાંઈક, બોલે બીજું અને વર્તે જુદી રીતે એવી કુટિલતા એનામાં ન હોય. મન, વચન અને કાયામાં વાંકાપણું ન હોવું તે ત્રણ પ્રકારનું સત્ય થયું. આમ કુલ ચાર પ્રકાર સત્યના થયા.

**જિનવરમત**—આ સત્યના ચારે પ્રકાર બહુ સૂક્ષ્મ દૃષ્ટિથી સમજવા યોગ્ય છે, અને તે ચારેને સત્યના વિભાગ તરીકે માત્ર તીર્થંકર દેવે જ બતાવેલ છે, બીજા કોઈ શાસ્ત્રકારે બતાવ્યા નથી. આપણું સારું નસીબ છે કે આપણા વારસામાં સત્યને આ આકારમાં સમજાવાયું. અન્યત્ર બીજાં શાસ્ત્રોમાં એવી સ્પષ્ટ રીતે કોઈ પણ સ્થાને વાત કરી નથી. માત્ર સત્યને અનુસરવું. આ સત્યના ચાર પ્રકાર થયા : ૧. અવિસંવાદનયોગ. ૨. મનોયોગનો અવિરોધ. ૩. વચનયોગનો અવિરોધ. અને ૪. કાયયોગનો અવિરોધ. આ રીતે સાતમો સત્ય ધર્મ કહ્યો. જે શાસ્ત્ર એકવાર આત્મા છે એમ કહે, વળી ક્ષણિક આત્મા છે એમ કહે, તે શાસ્ત્ર સગવડિયું છે. તેના પર આધાર ન રાખવો પણ પરસ્પર અવિસંવાદિતા જ્યાં છે તેવા જૈન શાસન પર – વીતરાગની વાણી ઉપર – આધાર રાખવો અને પોતે પણ પરસ્પર આગળપાછળના વિરોધ વગરનું બોલવું. મનમાં જેવો હોય તેવો જ વચન અને ક્રિયામાં એ સત્યધર્મને અનુસરનાર હોય, આ સત્યવાદી માણસનું લક્ષણ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ સંબંધી બીજા ગ્રંથકર્ત્તાઓ શું કહે છે તે હવે આપણે જરા જોઈ લઈએ. નવતત્ત્વના ટબામાં લખે છે કે— 'સત્ય ભાષણ કરવું તે સાતમો સત્ય ધર્મ.' આ ગ્રંથકર્ત્તાના કહેવા પ્રમાણે સત્ય ભાષણને જ સત્યધર્મ કહ્યો. તે બહુ ઊંડા ઊતર્યા હોય તેવું લાગતું નથી. ઉપાધ્યાય યશોવિજય યતિધર્મબત્રીશીમાં માત્ર એટલું જ ટૂંકામાં જણાવે છે કે—

સત્ય સૂત્ર અવિરુદ્ધ જે, વચનવિવેક વિશુદ્ધ ।।૮।।

એટલે સૂત્રસિદ્ધાન્તની વિરુદ્ધ ન બોલવું અને વિવેકપૂર્વક વિશુદ્ધ વચન બોલવું તે સત્યધર્મ છે, એટલું જ કહે છે. પછી તેઓ બીજા ધર્મ પર જાય છે. હવે આપણે પંન્યાસ ગંભીરવિજય તેઓની સત્યની પૂજામાં (દશયતિધર્મ પૂજા) શું કહે છે તે સત્યધર્મને બરાબર સમજવા જોઈ લઈએ. તેઓ સાતમી પૂજામાં જણાવે છે કે—

(રાગ વસંત)

(ચંદા પ્રભુજીસે નીહાલ રે, મેરી લાગી લગનવા—એ દેશી)

સત્યભાષી સેં પ્રીત રે, મેરી ભાગી ભરમના. (એ આંકણી)
ભાગી ભરમના જૂઠે ન રાચું, જાચું અમૃતપાન રે. મોરી૦ ૧
કોપ કઠિન ન વચન પ્રભુકે, તજી મર્મની રીત રે. મોરી૦ ૨
હિતમિત અવિતથ અનુગ્રહકારી, તેમ જનક પ્રતીત રે. મોરી૦ ૩
જૂઠ મિશ્ર સંભ્રાંત તજીને, સંદિગ્ધ અનીત રે. મોરી૦ ૪
રાજ દેશ કાલ ભાવથી, ધર્મ વિરુદ્ધ રહિત રે. મોરી૦ ૫
રાગાકુલમેં દ્વેષ ન બોલે, નહીં વિકથ નહીં ભીત રે. મોરી૦ ૬
સ્ફુટ મધુર ઉદાર ચાતુરી, પ્રશ્નોત્તર શુભ રીત રે. મોરી૦ ૭
ચપલ વિન્યાસ ને નિંદાકારી, સત્ય જગતનો મિત રે. મોરી૦ ૮
આમ હાસ્ય પૈશુન્ય તજીને, સત્યસુધામેં ચિત્ત રે. મોરી૦ ૯
ધર્મ વૃદ્ધિ જિન વીર ગંભીર તે, અમિત હિયે પ્રીત રે. મોરી૦ ૧૦

આ ટાંચણમાં હિત, મિત, અવિતથ અને અનુગ્રહકારી વચન જ બોલવાનું કહ્યું છે. સામાને હિત કરનાર હોય તો જ બોલવું. મર્યાદિત જરૂરી બોલવું (તારના શબ્દોની પેઠે) અને જેવું હોય તેવું બોલવું અને સામાનો ઉપકાર કરે તેવું બોલવું. બાકી અર્થ સમજાય તેવો છે.

આ આપણી ચાલુ ગાથા સત્ય માટે ચાર વિશેષણો આપે છે. એકબીજાની વિરુદ્ધ જાય તેવી વાત ન કરવી અને મનમાં કાંઈક હોય, વચન બીજું હોય અને ક્રિયામાં ત્રીજું હોય એવી રીતે મન વચન ક્રિયાની એકતા ન સધાય તેવું વચન બોલવું નહિ. આવી રીતે મન, વચન, કાયાની એકતા હોય એવું, પરસ્પર આગળપાછળ વિરોધ ન થઈ જાય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેવું જ વચન બોલવું અને તે વચનને જ સત્ય કહેવાય. આ સત્ય નામનો સાતમો સાધુધર્મ છે. સાધુએ તે પાળવો જોઈએ અને ગૃહસ્થે તેનો આદર્શ રાખવો જોઈએ.

આ પ્રસંગે બીજા વ્રતના પાંચ અતિચાર જાણવા યોગ્ય છે. તે વંદિત્તા સૂત્રની બારમી ગાથામાં જણાવ્યા છે, તે આ પ્રસંગે આપણે જોઈ જઈએ. ૧. સહસાત્કારે—અણુવિચાર્યું કોઈને માથે આળ ચઢાવવું એટલે કોઈને ચોર કહેવો અને એ ચોર છે એવો આરોપ મૂકવો. ૨. રહસ્યાભ્યાખ્યાન—કોઈપણ માણસની છાની વાત ઉઘાડી પાડવી. એમાં વચન કે વાત સાચાં છે તે જોવાતું નથી, પણ ગુપ્ત વાત ઉઘાડી ન પાડવાની વાત છે. ૩. સ્વદારામંત્રભેદ—પોતાની સ્ત્રીએ ખાનગી રાખવાની શરતે વાત કરી હોય તે બીજાને જણાવવી. આમાં શરતભંગ થાય છે અને સ્ત્રીને કોઈ કોઈ વાર જીવ જવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. ૪. મૃષા ઉપદેશ—કોઈ સલાહ પૂછે ત્યારે તેને ખોટી સલાહ આપવી. ૫. કૂટલેખ—ખોટા કાગળ લખવા, ખોટા દસ્તાવેજ બનાવવા, કાગળના અક્ષરો ચોરી બીજા અક્ષર લખવા, બીજાઓની મહોરછાપ ભાંગવી. સર્વ પ્રકારના મષીભેદ આ પાંચમા અતિચારમાં આવે છે.

તે ઉપરાંત વ્યવહારનું એક સૂત્ર છે કે સત્ય, પ્રિય, હિત, મિત અને યથાર્થ બોલવું. સાચું જ બોલવું, પણ બધું બોલી નાખવાની જરૂર નથી. તે જે સામાને વહાલું લાગે તેવું હોય તો જ બોલવું. સામાને ઉશ્કેરે તેવું ન બોલવું. ત્યાર પછી સામાના હિતને વધારે તેવું હોય તો જ બોલવું અને તેમાં પણ મર્યાદિત—જરૂર હોય તેટલા અક્ષર જ બોલવા, જેમ તાર લખતી વખતે સંભાળ રાખીને ઓછા અક્ષરો લખીએ છીએ તેમ દશ શબ્દથી પતતું હોય તો પંદર શબ્દ ન કરવા અને સત્ય સિવાયનું કાંઈ પણ ન બોલવું. આ પાંચે બાબત પણ સત્યને અંગે ધર્મપાલન માટે વ્યવહારથી પાળવા યોગ્ય છે, લક્ષમાં રાખવા યોગ્ય છે. (૧૭૪)

### આઠમા તપધર્મ પૈકી બાહ્ય તપનો વિસ્તાર—

अनशनमूनोदरता वृत्तेः संक्षेपणं रसत्यागः ।
कायक्लेशः संलीनतेति बाह्यं तपः प्रोक्तम् ॥१७५॥

**અર્થ**—૧. અનશન, ૨. ઊનોદર તપ, ૩. વૃત્તિસંક્ષેપ, ૪. રસત્યાગ, ૫. કાયક્લેશ, અને ૬. સંલીનતા એ છને બાહ્ય તપ કહેવામાં આવે છે. (૧૭૫)

**વિવેચન**—આઠમો ક્રમપ્રાપ્ત યતિધર્મ તપ છે. એના બે વિભાગ છે: બાહ્ય તપ અને આભ્યંતર તપ. આ ગાથામાં પ્રથમ છ પ્રકારનાં બાહ્ય તપનો વિસ્તાર કરવામાં આવ્યો છે અને હવે પછીની ગાથામાં છ પ્રકારના આભ્યંતર તપ બતાવશે. પૂર્વે જે કર્મો બંધાઈ ચૂકયા હોય તેમને દૂર કરવાનો રસ્તો આ બાહ્ય અને આભ્યંતર તપો જ છે. એટલે આ આઠમા યતિધર્મને આપણે વિસ્તારથી સમજીએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અનશન**—ન ખાવું તે, ઉપવાસ. તે છમાસ સુધીના, વચ્ચે બેત્રણ આદિ ઉપવાસનો સમાવેશ થાય છે. આમાં આહારત્યાગ એ મુખ્ય બાબત છે. પાંચપચીશ ઉપવાસ કરવાથી કર્મો જે પૂર્વે બંધાઈ ગયેલાં હોય છે તે ખરી જાય છે. આ કાળમાં વધારેમાં વધારે છ માસના ઉપવાસની પરવાનગી છે. સમજીને બની શકે તેટલો આહારનો ત્યાગ કરવો. આ રેશનના જમાનામાં તો ઉપવાસ કરવાથી વધારે લાભ થાય છે. આ સંબંધમાં અન્ય ગ્રંથકારો શું કહે છે તે આપણે હવે પછી જોઈશું.

**ઊનોદરતા**—પોતે સામાન્ય રીતે ખાતો હોય તે કરતાં બેપાંચ કોળિયા ઓછું ખાવું, પેટ ઠાંસી ઠાંસીને ન ભરતાં જરા અધુરા રહી જવું. સામાન્ય રીતે આહાર બત્રીશ કોળિયાનો ગણાય છે, તેને બદલે બેપાંચ કોળિયા આહાર ઓછો લેવો અને ઊણા રહેવું તે પણ એક જાતનો બાહ્ય તપ છે. તેનું નામ ઊણોદરી તપ કહેવાય છે.

**વૃત્તિસંક્ષેપ**—આપણી જે વિવિધ વસ્તુઓ લેવાની વૃત્તિ (લાલચ) હોય તે ટૂંકાવવી. હમેશ લેતા હોઈએ તેમાં પણ ગણતરી કરી અમુક વસ્તુઓ જ લેવી, અમુક પ્રમાણ હોય કે પ્રસંગ હોય તો જ આહાર લેવો. એવી રીતે માંગીને ભીખીને લેવાનું હોય તેમાં પણ અમુક નિયમે જ ભિક્ષા લેવી, અમુક સંયોગોમાં જ ભિક્ષા લેવી, અમુક સંખ્યામાં દ્રવ્ય ખાવાં. આવી રીતે વૃત્તિનો સંક્ષેપ કરવો તે પણ ત્રીજો બાહ્ય તપ છે. દરરોજ આપણે ૩૦ દ્રવ્ય ખાતા હોઈએ તો તેનાથી થોડા ઓછા દ્રવ્ય ખાવાં તે વૃત્તિસંક્ષેપ તપમાં આવે છે. એ ત્રીજો બાહ્ય તપ થયો. અહીં સંક્ષેપનો અર્થ ટૂંકાણ થાય છે. દરરોજ ખાવાનાં અમુક દ્રવ્ય રાખ્યાં હોય તેમાં પણ ઓછાં કરવાં તે, એનું નામ વૃત્તિનું પણ ઓછા કરવાપણું છે.

**રસત્યાગ**—છ વિગઈ છે–ઘી, તેલ, છાશ, ગોળ, દૂધ અને સાખણ. તેમાંથી એક બે કે વધારે વિગઈ આજે મારે મૂળથી ખાવી નથી એવો એ ચોથા પ્રકારનો બાહ્ય તપ 'રસત્યાગ' નામનો છે.

**કાયકલેશ**—શરીરે તડકામાં ઉઘાડા બેસવું કે લોચાદિક કષ્ટ સહન કરવાં તે કાયકલેશ નામનો પાંચમો બાહ્ય તપ કહેવાય છે. કાઉસગ્ગ કરવાનો પણ આ કાયકલેશ નામના પાંચમા બાહ્ય તપમાં સમાવેશ થાય છે.

**સંલીનતા**—ઇંદ્રિય અને નોઇંદ્રિયને ગોપન કરી રાખવી તે છઠ્ઠો અને છેલ્લો બાહ્ય તપ ગણાય છે. શરીરનાં અંગોપાંગને સંકોચી રાખવાં તે પણ આ પ્રકારનો બાહ્ય તપ ગણાય છે.

ભૂખ્યા રહેવું કે પોતાની જરૂરિયાતો ઓછી કરવી, તેમાં પણ ટુંકાણ કરવું, ધારેલ વસ્તુનો પણ સંક્ષેપ કરવો અથવા અંગોપાંગને સંકોચી રાખવા, એક પગ પર ઊભા રહેવું,



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે સર્વનો બાહ્ય તપમાં સમાવેશ થાય છે. આ સંબંધમાં બીજા ગ્રંથકારો શું કહે છે તે આપણે જોઈએ. તે દ્વારા આપણે આ આઠમા યતિધર્મને બરાબર ઓળખીએ. નવતત્ત્વ ટબાકાર લખે છે કે 'પહેલું અનશન તપ તે આહારનો ત્યાગ કરવો. તેના બે ભેદ છે: એક ઈત્વર અને બીજો યાવત્કથિક. તિહાં છેલ્લા તીર્થંકરને વારે છટ્ઠ અઠ્ઠમાદિથી માંડીને છમાસી પર્યંત અનેક વિધિએ જે નિયમપૂર્વક અશન(ખાવા)નો ત્યાગ કરવો તે ઈત્વર અનશન કહીએ અને યાવત્કથિક તે યાવત્જીવન અનશન પ્રકૃણુ રૂપ. તેના બે ભેદ છે—એક પાદપોપગમન અને બીજું ભત્તપચ્ચખ્ખાણ. એ બંનેના વળી નિહારિમ અને અનિહારિમ એ બે ભેદ છે. અનશન કર્યા પછી શરીરને બહાર કાઢવું પડે તે નિહારિમ અને અનશન કર્યા પછી તે જ સ્થાનકે રહેવું, પરંતુ શરીરને બહાર કાઢવું ન પડે, ગુફાદિકમાંહે જ રાખવું પડે તે અનિહારિમ. બીજું ઊણોદરિકા તપ તે અશનપ્રમુખની ન્યૂનતા કરવી, તેના પણ બે ભેદ છે: એક દ્રવ્યથી અને બીજું ભાવથી. તેઓમાંના દ્રવ્યથી ઊણોદરીના બે ભેદ છે—એક ઉપકરણની ન્યૂનતા કરવી, બીજું ભાતપાણીની ન્યૂનતા કરવી. તથા ભાવથી ઊણોદરી તે રાગાદિક ક્રોધાદિક અલ્પ કરવા, એટલે ક્રોધાદિકની ન્યૂનતા કરવી. ત્રીજું વૃત્તિસંક્ષેપ તપ. તેના ચાર ભેદ છે. એક દ્રવ્યથી, બીજું ક્ષેત્રથી, ત્રીજું કાળથી અને ચોથું ભાવથી. એ ચાર પ્રકારે વૃત્તિ એટલે આજીવિકા, તેનો સંક્ષેપ કરવો એટલે અભિગ્રહ કરવા, નિયમાદિક ધારવા. ચોથું રસત્યાગ તપ. તે નીવી તથા આંબિલાદિકનું કરવું, વિગયાદિક રસનો ત્યાગ કરવો. પાંચમું કાયક્લેશ તપ. તે લોચાદિક કષ્ટનું સહન કરવું, કાયોત્સર્ગ કરવો તથા ઉત્કટાદિક આસનનું કરવું. છટ્ઠું સંલીનતા તપ એટલે અંગોપાંગાદિકનું સંવરવું, ગોપન કરવું. તેના ચાર ભેદ છે. પહેલું ઇંદ્રિયસંલીનતા, બીજું કષાયસંલીનતા, ત્રીજું યોગસંલીનતા અને ચોથું વિવિક્તચર્યાસંલીનતા એટલે એકાંત વસ્તીએ રહેવું.'

એ રીતે એ છ પ્રકારનું બાહ્ય તપ. તે સર્વથી અને દેશથી એવા બે ભેદે જાણવું. જે કષ્ટને મિથ્યાત્વીઓ પણ તપ કરી માને છે, જેને લોક પણ દેખી શકે છે, જેથી કષ્ટ ઘણું અને લાભ અલ્પ થાય અને બાહ્ય શરીરને તપાવે તેથી એ છ પ્રકારનું બાહ્ય તપ છે.

શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય યતિધર્મબત્રીશીમાં નીચે પ્રમાણે જણાવે છે:

મદ્દવ, અજ્જવ, મુત્તિ, તપ પંચ ભેદ ઈમ જાણ;
તિહાં પણ ભાવનિયંઠને, ચરમ ભેદ પ્રમાણ. ૭

ઈહલોકાદિક કામના, વિણ અણસણ સુખજોગ;
શુદ્ધ નિર્જરા ફલ કહ્યો, તપ શિવસુખ સંજોગ ૮

આ પ્રમાણે હકીકત તે વિદ્વાને કહી છે. હવે આપણે પંન્યાસ ગંભીરવિજયકૃત દશયતિધર્મ પૂજામાંથી તેઓ 'શ્યામ બ્રહ્મ સુકંકર લખ રી' એ દેશીમાં ગવાતી પાંચમી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૂજામાં નીચે પ્રમાણે જણાવે છે.

તન ને ધન કારમા, તપે કયું ન રુચિ સો રે;
તન ને ધન કારમા. (એ આંકણી)

તનધન સુંદર ધન મીલે તપથી, તપ વિના ભવ ભ્રમશો રે. તન૦ ૧
અરિહંતપદ પ્રભુ તપફલ જાણી, તપ કરત ઉકરીસો રે. તન૦ ૨
ઇચ્છારુંધન તપ કર નિશ્ચે, બહિ અંતર સરીસો રે. તન૦ ૩
બેઆસન તિવિહાર ન કરતા, કરો નહિ ઉપવાસો રે. તન૦ ૪
તપ લઘુ છઠ પ્રભુ ગુરુ છમાસી, વિચર્યા બાર વરસો રે. તન૦ ૫
ઘાતી ક્ષીણુ વરે કેવલ કમલા, કરે સમય વિલાસો રે. તન૦ ૬
ગઈ આગઈ રહ આવી કરણી, પર્યય દ્રવ્ય પસારો રે. તન૦ ૭
વિરતિ ધર્માદિ ઉપદેશી, સંશય હોય વિનાસો રે. તન૦ ૮
સમવસરણુ વાસવ મીલ પૂજે, જલ પુષ્પ પગરસો રે. તન૦ ૯
વિદ્ધિવિજય કર ત્રિસલાનંદન, ગંભીરને ઉધ્ધરસો રે. તન૦ ૧૦

जैन साईट JAINSITE .com ॥ जयति शासनम् ॥

આ ટાંચણો ઉપરથી આ તપ (બાહ્ય) યતિધર્મનો બરાબર ખ્યાલ થશે. બાહ્યતપ પણુ કર્મની નિર્જરા કરવાને અંગે ઉપયોગી છે, તેથી તેનું મૂલ્ય નિર્જરાને અંગે બરાબર છે અને તપ કરવો મુશ્કેલ નથી. જરા પોતાની જાત પર અંકુશ આવી જાય તો ભૂખ્યા રહેવું કે વૃત્તિની ઓછાશ કરવી કે વિગયનો ત્યાગ કરવો મુશ્કેલ બાબત નથી. પ્રમાણુમાં આભ્યંતર તપ મુશ્કેલ છે. તે આપણે આવતી ગાથામાં જોઈશું. પણુ આગળથી ગ્રહણુ કરેલાં કર્મને દૂર કરવાનું કારણુ એ બાહ્ય અને આભ્યંતર તપ છે, એ સિવાય અત્યાર અગાઉ કરેલાં કર્મોને દૂર કરવાનું બીજું સાધન નથી. માટે બાહ્ય તપને પણુ સમજીને કરવો અને તે કરવો ખૂબ જરૂરી છે એમ સમજવું. (૧૭૫)

**એ જ આઠમા તપ યતિધર્મનો આભ્યંતર વિભાગ—**

**प्रायश्चित्तध्याने वैयावृत्त्यविनयावथोत्सर्गः ।**
**स्वाध्याय इति तपः षट्प्रकारमाभ्यन्तरं भवति ॥१७६॥**

**અર્થ**—કરેલ પાપની માફી માગવી, આલોચના કરવી (પ્રાયશ્ચિત), ધ્યાન, વૈયાવચ્ચ, વિનય, કાયોત્સર્ગ અને અભ્યાસ એમ છ પ્રકારના તપને આભ્યંતર તપ કહેવાય છે. (૧૭૬)

**વિવેચન**—આ દશ પ્રકારના યતિધર્મમાં આઠમો તપ નામનો ધર્મ ચાલે છે. તે પૈકી આભ્યંતર અથવા આંતર તપના છ પ્રકાર હવે વર્ણવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રાયશ્ચિત્ત**—અગાઉ જે પાપો ભૂલથી કે અણસમજથી થઈ ગયાં હોય તેમને શોધવાં, તે માટે વિચારણા કરી ખેદ બતાવવો તે પ્રથમ 'આલોચના' નામનું આભ્યંતર તપ છે. પ્રાયશ્ચિત્તના દશ પ્રકાર અગાઉ વર્ણવાઈ ગયા છે.

**ધ્યાન**—ધ્યાન ચાર પ્રકારના છે. તેનું વિવરણ આપણે આગલા ભાવના પ્રકરણમાં કરી ગયા. એમાં આર્ત્ત અને રૌદ્ર ધ્યાન ખરાબ છે અને ધર્મ તથા શુકલ ધ્યાન આદરવા યોગ્ય છે.

**વૈયાવૃત્ત્ય**—ગુરુ વગેરે મોટા પુરુષોનું બહુમાન કરવું, તે આવે ત્યારે ઊભા થવું. આનું વિવેચન પૂર્વે વિગતવાર થઈ ગયું છે.

**વિનય**—આના સાતે પ્રકાર પર અગાઉ વિવેચન થઈ ગયું છે. મોટા માણસનો વિનય કરવો. એના ભેદો વગેરેનું વર્ણન અગાઉ થઈ ગયું છે.

**ઉત્સર્ગ**—કાયોત્સર્ગ, કાઉસગ્ગ. અવકાશે જ્યારે બને ત્યારે કાઉસગ્ગ કરવો. એનાથી સર્વ શક્તિ સ્વમાં કેંદ્રિત થાય છે. એ પાંચમો આભ્યંતર તપ છે.

**સ્વાધ્યાય**—અભ્યાસ કરવો, અભ્યાસ કરાવવો, પઠન-પાઠન કરવું. એ સર્વ છેલ્લું છઠ્ઠા પ્રકારનું આભ્યંતર તપ છે.

આ છ પ્રકારના તપનું વિશેષ વિવેચન ભાવના પ્રકરણમાં ૧૫૯મી ગાથામાં વિસ્તારથી થઈ ગયું છે, તેથી અત્ર તેનું પુનરાવર્તન કરવામાં આવ્યું નથી. પણ એ આભ્યંતર તપ પણ એટલો જ અગત્યનો યતિધર્મ છે. અને તપ કરવામાં શરીર પર જરૂર અસર થાય છે. બુદ્ધ તો ત્રણ વર્ષ તપ કરી થાકી ગયા, પણ મહાવીરસ્વામીએ એને ચાલુ રાખ્યો. તપથી તો દેવલોકમાં ડંકા વાગે છે અને ઘોર તપથી કેવળજ્ઞાન પણ થાય છે. આગલી ગાથામાં જે અન્ય વિદ્વાનોનાં ટાંચણ કર્યાં તે આ ગાથાને પણ લાગે છે. સાધુનો તો એ આઠમો યતિધર્મ છે. પણ શ્રાવકે કે અન્ય કોઈપણ માણસે એનો આદર્શ રાખવા યોગ્ય છે. વિશેષ વિસ્તાર આ વિષયનો આગળ થઈ ગયો છે. તેથી અત્ર તે ફરીવાર કરવામાં આવેલ નથી. (૧૭૬)

**નવમા યતિધર્મ બ્રહ્મનો વિસ્તાર**—

> **दिव्यात् कामरतिसुखात् त्रिविधं त्रिविधेन विरतिरिति नवकम् ।**
> **औदारिकादपि तथा तद् ब्रह्माष्टादशविकल्पम् ॥१७७॥**

**અર્થ**—દેવતાઓ સંબંધી કામભોગના આનંદથી દૂર રહેવું, એનો મન, વચન, કાયાથી અને કૃત-કારિત-અનુમતિથી ત્યાગ કરવો એ નવ પ્રકારનું બ્રહ્મચર્ય થયું અને ઔદારિક શરીરના કામનો એ રીતે નવ પ્રકારે ત્યાગ કરવો. તે બ્રહ્મચર્ય અઢાર પ્રકારનું હોય છે. (૧૭૭)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિવેચન :** **દિવ્ય**—દેવતા સંબંધી. અપ્સરા આવી અનેક જાતની લાલચ બતાવે કે ઉર્વશી કે મેનકા આવે તો પણ દેવતા સાથે-દેવીઓ સાથે કોઈ પણ પ્રકારના કામ-ભોગની ઇચ્છા ન કરવી. પણ દેવોનો-દેવ સંબંધી ભોગોનો સર્વથા ત્યાગ કરવો અને તેમને-દેવીઓને મા-બહેન સમાન ગણવી. તેમની સાથે કોઈ પ્રકારનું વિષયસુખ ભોગવવું નહિ. લલચાવવા આવે તો લલચાઈને તેને તાબે ન થવું અને કામભોગના સુખથી દૂર રહેવું તે બ્રહ્મચર્ય નામનો નવમો યતિધર્મ છે. આમાં બ્રહ્મચર્યના કુલ અઢાર પ્રકાર બતાવ્યા છે. તેમાં દેવતાની સ્ત્રી સાથે કોઈ જાતની કામચેષ્ટા ન કરવી તે વાત પ્રથમ આવે છે. કોઈ પણ અપ્સરા કે દેવી સાથે વિષયભોગ ભોગવવાથી વિરતિ રાખવી તે પ્રથમ પ્રકાર છે, એના નવ ભેદ થાય છે તે આગળ આ ગાથામાં જ બતાવ્યા છે. દેવતાના ચાર પ્રકાર છે: ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક. આ ચારે પ્રકારના દેવતાની સ્ત્રીઓ સાથે કામાસક્તિ ન કરવી, ન કરાવવી, કરનારને સારી ન ગણવી એ મન, વચન, કાયાથી નવ પ્રકારે દેવતા સંબંધી કામભોગ આસક્તિનો ત્યાગ કરવો. એમ બ્રહ્મચર્યના નવ પ્રકાર થયા,

**કામરતિ**—પ્રેમ, મદનાસક્તિ. તેમની સાથે કામક્રીડા કરવાની વાંછા, ઇચ્છા, આસક્તિ, આકર્ષણ, એ સર્વનો બ્રહ્મચારી ત્યાગ કરે.

**ત્રિવિધ**—મનથી, વચનથી અને કાયાથી એમ ત્રણ પ્રકારે કામરતિ-મદનાસક્તિનો ત્યાગ કરવો એ અર્થમાં અહીં એ શબ્દ વાપરેલ છે.

**ત્રિવિધેન**—મન, વચન, કાયાથી વિષયસુખ ન સેવે, ન અન્ય પાસે સેવરાવે કે ન એવી કામાસક્તિ કરનારને સારો ગણે એમ નવ પ્રકાર થયા.

**વિરતિ**—ત્યાગભાવ. એ મન, વચન, કાયાથી વિષયને સેવે નહિ, સેવરાવે નહિ અને વિષય સેવનારને સારો ગણે નહિ. એમ ત્રિવિધ બ્રહ્મચર્ય પાળે તે નવ પ્રકાર દેવતા સંબંધે કામાસક્તિના થયા.

**ઔદારિક**—મનુષ્ય અને તિર્યંચ. ઔદારિક શરીરવાળા સંબંધી એ જ પ્રકારના નવવિધ બ્રહ્મચર્યને પાળે. એટલે એ માનુષિક કામ ઇચ્છે નહિ, ઇચ્છાવે નહિ અને ઇચ્છનારને સારો ન ગણે. એ ત્રિવિધ ને મન, વચન, કાયાથી નવ પ્રકાર બીજા થયા. એ અઢારે પ્રકારે બ્રહ્મચર્ય પાળે તે નવમો બ્રહ્મચર્ય નામે યતિધર્મ થયો. આવી રીતે ગાય, ગધેડા કે ભેંસ, કૂતરાદિ સાથે સર્વદા બ્રહ્મચર્ય પાળવાનું ફરમાન છે. તે નવમો યતિધર્મ સાધુએ પાળવાનો છે. અને ગૃહસ્થે તેનો આદર્શ રાખવા યોગ્ય છે.

**બ્રહ્મ**—બ્રહ્મચર્ય નામનો નવમો યતિધર્મ એ રીતે સમજવાનો છે. આ ત્યાગ પણ સહેલો છે, કરી જવા યોગ્ય છે.

**અષ્ટાદશ**—અઢાર (૧૮). ઉપરની રીતે દેવતા સંબંધી કામભોગ ન કરવો અને મનુષ્ય કે તિર્યંચ સંબંધી વિષયો ન ભોગવવા, તેની ઇચ્છા પણ ન કરવી. એ રીતે અઢાર

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકારે બ્રહ્મચર્ય પાળવું એ નવમો યતિધર્મ થયો.

**વિકલ્પ**—ભેદ, પ્રકાર. એ અઢાર પ્રકારનું બ્રહ્મચર્ય પાલન કરવું તે નવમો યતિધર્મ છે.

આ સંબંધમાં ખૂબ કરવા યોગ્ય છે. બ્રહ્મચર્યને પાળવું, જાળવવું, તેની વાડો પાળવી એ રીતે બ્રહ્મચર્ય પાળવાનું યતિધર્મમાં ફરમાન છે. આ સંબંધમાં બીજા ગ્રંથકર્તાઓ શું કહે છે તે જોઈ આ અઢારે પ્રકારના સ્પર્શેન્દ્રિયના વિષયમાં આપણે વધારે માહિતી મેળવીએ.

નવતત્ત્વ ટબાકાર જણાવે છે કે 'નવપ્રકારે ઔદારિક અને નવ પ્રકારે વૈક્રિય સંબંધી મૈથુનનો જે ત્યાગ કરવો તે બ્રહ્મચર્ય ધર્મ.' મૈથુન એટલે સ્ત્રીસંબંધ, કામવિષયસેવન અને સ્ત્રી માટે પુરુષ સાથે વિષયસેવન. એ વૈક્રિય શરીરવાળા દેવો અને 'ઔદારિક શરીરવાળા મનુષ્ય-તિર્યંચ સાથે વિષયસેવનનો સર્વથા જે અટકાવ છે. એનું નામ બ્રહ્મચર્યવ્રત એ નામનો નવમો યતિધર્મ. આ સંબંધમાં શ્રીમદ્ યશોવિજય ઉપાધ્યાય સ્વરચિત યતિધર્મ-બત્રીશીમાં જણાવે છે કે—

શીલ વિષય મનવૃત્તિ જે, બંભ તેહ સુપવિત્ત;
હોય અનુત્તર દેવને, વિષયત્યાગનું ચિત્ત. ૧૨
એહ દશવિધ યતિધર્મ જે, આરાધે નિત્યમેવ;
મૂલ ઉત્તર ગુણ જતનથી, કીજે તેહની સેવ. ૧૩
અંતરજતના વિણુ કિસ્યો, વામક્રિયાનો લાગ?
કેવળ કંચુક પરિહરે, નિરવિષ ન હુવે નાગ. ૧૪

આખી યતિધર્મબત્રીશી વાંચવાયોગ્ય છે. તેમાં ઉપાધ્યાયજીએ ઘણી ઘણી વાત કહી છે. તે બરાબર મનન કરીને વિચારવા યોગ્ય છે.

પંન્યાસ ગંભીરવિજયજી પોતાની દશ યતિધર્મની પૂજામાં, નવમી પૂજામાં નીચે પ્રમાણે આ વિષય પર પ્રકાશ પાડે છે.

(રાગ ભેરવી)

(તજો મન રે, કુમત કુટિલ કો સંગ—એ દેશી)

યજો ભવિ રે, બ્રહ્મવૃત્તિ અવતંસ. (એ આંકણી)
પૂરણ બ્રહ્મ બ્રહ્મનિવાસી, સમર સમર અરિહંત. યજો૦ ૧
દિવ્ય ઉદારિક કરણ કરાવણ, અનુમતિ તાસ તજંત;
મન વચ કાયે નવદુગ કામ, દશહુ દશા વરજંત. યજો૦ ૨
સુર નર કિન્નર હરિ ધાતા હર, કામ કી આણ ધરંત;
ત્રિસલાનંદન દમીને છીનમેં, નીજ આદેશી કરંત. યજો૦ ૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કુલમલ કર્મકલંક પખાલન, જલધર બ્રહ્મ મહંત;
ખેદહરણ ભવતરણ તરી સમ, પાતીકર બોધ કરંત. યશો૦ ૪

અડભય ચૂરણ વંછિતપૂરણ, શિવપંથ વિઘ્ન હરંત;
સુરકરે સાંનિધ્ય કીંકરી લછી, આપદ હર ભજ સંત. યશો૦ ૫

પ્રભુપાલિત નવવિધસે ચાલો, દુરિતહર ભગવંત;
બુદ્ધિ સિદ્ધિ સવિ વૃદ્ધિ દાઈ, ગંભીર બોધ કરંત. યશો૦ ૬

આ ટાંચણો ઉપરથી બ્રહ્મચર્યની મહત્તા ધ્યાનમાં આવી ગઈ હશે. દેવતાનું, મનુષ્યનું અને તિર્યંચ સંબંધીનું બ્રહ્મચર્ય પાળવું એ નવમો યતિધર્મ છે. એ શિયળ પાળવા માટે, બ્રહ્મચર્યની રક્ષા માટે નવ વાડ કહેવામાં આવી છે. જેમ ખેતરની રક્ષા માટે વાડ કરવામાં આવે છે, તેમ બ્રહ્મચર્યની રક્ષા માટે નવ વાડો કહી છે, તે જાણીને પાળવી. આ બ્રહ્મચર્ય નામનો યતિધર્મ સાધુએ અવશ્ય પાળવાનો છે અને શ્રાવકોએ તેનો આદર્શ રાખવા યોગ્ય છે. આ ચોથા મહાવ્રતને સ્પર્શે છે અને બહુ વિચારણીય છે. (૧૭૭).

## દશમા યતિધર્મ આકિંચન્યનો વિસ્તાર—

जैन साईट JAINSITE .com

**अध्यात्मविदो मूर्च्छां परिग्रहं वर्णयन्ति निश्चयतः ।**
**तस्माद्वैराग्येप्सोराकिञ्चन्यं परो धर्मः ॥१७८॥**

**અર્થ**—અધ્યાત્મજ્ઞાનીઓ મૂર્છાને પરિગ્રહ તરીકે વર્ણવે છે અને તે તે જ છે એમ ચોક્કસ કહે છે, તેટલા માટે વૈરાગ્યને જે ઇચ્છતા હોય તેમનો અકિંચનતા એ ઉત્કૃષ્ટ ધર્મ છે. (૧૭૮).

**વિવેચન**—હવે આપણે છેલ્લો અને દશમો યતિધર્મ જોઈ લઈએ. એ અકિંચનતા ધર્મ છે. કોઈ પણ વસ્તુ ઉપર પોતાપણું, માલિકીપણું સ્થાપન કરવું, એ વસ્તુ કે જનાવર મારાં છે એમ કહેવું કે માનવું, તેના પર માલિક તરીકે હક્ક કરવો, તેના પોતે શેઠ છે એમ માનવું કે કહેવું કે કોઈ વસ્તુ મેળવવા, પોતાની કરવા મજબૂત ઇચ્છા કરવી તે સર્વ પરિગ્રહ છે, શેઠાઈ છે, માલિકીહક્ક છે. તે આકિંચન્ય ધર્મમાં ન જોઈએ. એ આપણે વિસ્તારથી આગળ પર જોઈશું. હવે ગ્રંથકાર આ સંબંધમાં શું કહે છે તે આપણે પ્રથમ જોઈ જઈએ.

**અધ્યાત્મવિદ**—અધ્યાત્મને જેઓ જાણે છે, આત્માસંબંધી શાસ્ત્રો જે ભણ્યા છે, અને આગમના જેઓ અભ્યાસી છે તેઓ. આ અધ્યાત્મશાસ્ત્રના અનેક ગ્રંથો છે. આગમ પીસ્તાળીશમાં તેની વાત કરી છે અને આ બાબત જે હવે કહેવાની છે તેમાં સર્વ એકમત છે. અધ્યાત્મને જાણનારા નિઃસ્પૃહી મહાત્માઓ જે કહે છે તે આપણા હિતનું જ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય. તેથી અત્ર તેઓની શહાદત આપેલ છે. અથવા આગમના જાણકાર તીર્થંકર, ગણધર વગેરે સર્વ એકમતે શું કહે છે તે આપણે નીચે જોઈશું.

**મૂર્છા**—એમાં ઊંડું ઊતરવું, રાચવું તે. તેની માયા મમતા કરવી અને તેની ખાતર પોતાનો જીવ બાળવો, વલોપાત કરવો તે. કોશકાર મૂર્છા એટલે બેભાન થવું એવો અર્થ કરે છે. બેભાન થવાના અર્થમાં પણ એ શબ્દ વપરાય છે. મોહ પામવાના અર્થમાં પણ તે વપરાય છે. ધન વગેરેમાં પ્રાણી એટલો પડી જાય છે કે તે માત્ર ધનનું જ ધ્યાન ધર્યા કરે છે. તેને ખાવું પીવું પણ સૂઝતું નથી, તેને ફરવું કે કસરત કરવી એ પણ જરૂરનું નથી લાગતું, પણ તે આખો વખત ધન કે વસ્તુની વાંછા કર્યા કરે છે અને એ જ તેના ધ્યાનનો વિષય બને છે. મૂર્છા એ એક જાતની બેભાન અવસ્થા છે, માણસ મૂર્છામાં પડે ત્યારે તે શેનું ધ્યાન ધરતો હશે તે આપણને માલૂમ પડતું નથી, પણ આખો વખત પૈસા કે શેઠાઈનું ધ્યાન ધરે તે મૂર્છાન્વિત કહેવાય છે.

**પરિગ્રહ**—આ પ્રકારની (વર્ણવેલા પ્રકારની) તીવ્ર ઇચ્છા રાખવી એ જ ખરેખરો પરિગ્રહ છે. જેનું આખો વખત ધ્યાન કરીએ તે મૂર્છા અને મૂર્છા એ જ પરિગ્રહ છે. અમુક વસ્તુ કે જનાવરનો પોતે સ્વામીહક્ક સ્થાપન કરવો અને તેની મૂર્છા વારંવાર કરવી તે પરિગ્રહ છે. અથવા પરિગ્રહ અને મૂર્છા એ એકાર્થવાચી શબ્દો છે, એકબીજા સાથે ભળી જાય તેવા શબ્દો છે. એટલે પરિગ્રહને મૂર્છા કહો કે મૂર્છાને પરિગ્રહ કહો તેમાં જરાયે ફેર નથી. એટલે એ અર્થમાં પરિગ્રહને સમજવામાં કાંઈ વાંધો નથી. શાસ્ત્રકાર અધ્યાત્મજ્ઞાનીઓના મત સાથે આ ગ્રંથકાર પણ મળતા જ છે

जैन शासन JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**વૈરાગ્યઈપ્સુ**—વીતરાગતાની જેને ઇચ્છા હોય તેવા માણસો, જેઓને આ સંસારનો ભય લાગ્યો હોય અને જેઓ વીતરાગતા ઇચ્છતા હોય અને જન્મમરણથી મૂકાવા ઇચ્છતા હોય તે સર્વ પ્રાણીઓ.

**આકિંચન્ય**—નિષ્પરિગ્રહતા. એને કોઈ પ્રકારની મૂર્છા ન જોઈએ, માલિકીહક્ક એ સ્થાપે નહિ, કોઈનો માલિક થવા ઇચ્છે નહિ એ આકિંચન્ય નામનો અથવા નિષ્પરિગ્રહતા નામનો દશમો યતિધર્મ. નિષ્પરિગ્રહતામાં કોઈના સ્વામી થવાનું મન ન રહે તે મુખ્યત્વે છે.

**ધર્મ**—આ તેનો ચરમ ધર્મ છે, નિષ્પરિગ્રહતા એનો ઉત્કૃષ્ટ ધર્મ છે. આ મારું છે અને આ મારું નથી એવી તારામારાપણાની બુદ્ધિ એ પરિગ્રહ છે. એનો ત્યાગ કરવો તે પરમ ધર્મ છે, કારણ કે પરિગ્રહ તે ખરેખર મૂર્છા છે, તે માણસને બેભાન, હાંફળો-ફાંફળો બનાવી મૂકે છે, અને પછી કર્તવ્યાકર્તવ્યનું તેને ભાન રહેતું નથી. આ આકિંચન્ય સંબંધમાં બીજા ગ્રંથકર્તાઓ શું કહે છે તે હવે આપણે વિચારીએ : 'સમસ્ત પરિગ્રહ-ત્યાગરૂપ મૂર્છારહિત થવું તે આકિંચન્યધર્મ.' આ પ્રમાણે નવતત્ત્વની વિસ્તાર નોટમાં લખવામાં આવેલ છે. શ્રીમદ્ યશોવિજય ઉપાધ્યાય યતિધર્મબત્રીશીમાં જણાવે છે કે :

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખગ ઉપાય મનમેં ધરે, ધર્મોપગરણ જેહ;
વરજીત ઉપધિ ન આદરે, ભાવ અકિંચન તેહ. ૧૧

દશ યતિધર્મની હકીકત રજૂ કર્યા પછી તેઓશ્રી જણાવે છે કે :

એહ દશવિધ યતિધર્મ જે, આરાધે નિત્યમેવ;
મૂલ ઉત્તર ગુણ જતનથી, કીજે તેહની સેવ. ૧૩

અંતરજતના વિણ કિસ્યો, વામ ક્રિયાનો લાગ?
કેવળ કંચુક પરિહરે, નિરવિષ ન હુવે નાગ. ૧૪

દોષરહિત આહાર લિયે, મનમાં ગારવ રાખ;
તે કેવલ આજીવિકા, સૂયગડાંગની સાખ. ૧૫

નામ ધરાવે ચરણનું, વગર ચરણ ગુણખાણ;
પાપશ્રમણ તે જાણીએ, ઉત્તરાધ્યયન પ્રમાણ. ૧૬

શુદ્ધ ક્રિયા ન કરી શકે, તો તું શુદ્ધ ભાખ;
શુદ્ધ પ્રરૂપક હુંએ કરી, જિનશાસનસ્થિતિ રાખ. ૧૭

ઉસન્નો પણ કર્મરજ, ટાલે પાલે બોધ;
ચરણ કરણ અનુમોદતાં, ગચ્છાચારે શોધ. ૧૮

હીણો પણ જ્ઞાને અધિક, સુંદર સુરુચિ વિશાલ;
અલ્પાગમ મુનિ નહિ ભલો, બોલે ઉપદેશમાલ. ૧૯

જ્ઞાનવંત ને કેવલી, દ્રવ્યાદિક અહિનાણ;
બૃહત્કલ્પ ભાષે વળી, સરખા ભાખ્યા જાણ. ૨૦

ત્યાર પછી અનેક વાતો કરી છે. આપણે તે જોઈએ :

જ્ઞાનાદિકગુણમત્સરી, કપટ કરે તે ફોક;
ગ્રંથિભેદ પણ તસ નહિ, ભૂલે ભોળા લોક ૨૧

જોડચો હાર જવેહરી, જ્ઞાને જ્ઞાની તેમ;
હીણાધિક જાણે ચતુર, મૂરખ જાણે કેમ? ૨૨

આદર કીધે તેહને, ઉન્મારગ થિર હોય;
બાહ્ય ક્રિયા મત રાચજો, પંચાશક અવલોય. ૨૩

જેહથી મારગ પામીયે, તેહની સામો થાય;
કૃતઘ્ની તે પાપીયો, નિશ્ચય નરકે જાય. ૨૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુંદરબુદ્ધિપણે કથ્યો, સુંદર શ્રવણ થાય;
જ્ઞાનાદિક વચને કરી, મારગ ચાલ્યો જાય. ૨૫
આતમસાખે ધર્મ જે, તિંહા જનનું શું કામ?
જનમનરંજનધર્મનું, મૂલ ન એક બદામ. ૨૮
સમતાસેં લય લાઈએ, ધરી અધ્યાતમ રંગ;
નિંદા તજીએ પરતણી, ભજીએ સંયમ ચંગ. ૩૧

આ ટાંચણ વધારે વિગતથી કર્યું છે, તે આધારભૂત ટંકશાળી વચન છે અને ખરા હૃદયના ઉદ્દગાર છે.

પંન્યાસ શ્રી ગંભીરવિજયજી યતિધર્મપૂજામાં દશમી પૂજામાં જણાવે છે કે—

(મુનિપદ એસે ધ્યાઉં. ઝીંઝોટી રાગ. ઠુમરી)

સજ્જન કિંચનકો છોરનકું, ભજો શ્રીજિન ગુણીખાણ રે. સજ્જન૦
કિંચન સંચિત ના કરો રે, નિર્ગ્રંથ થઈ વર્ધમાન રે;
ઇચ્છા મૂર્છા ત્યાગીને પ્રભુ, પામ્યા સવિ કલ્યાણ રે. સજ્જન૦ ૧
કિંચન સંચન જિન કહે રે, સર્વારંભ નિદાન રે;
જગજન પ્રિયન તિંહા લગે સવિ, ગામી ન દંસણ જ્ઞાન રે. સજ્જન૦ ૨
આપ તરે ને પરને તારે, ગુણુરસીયા એકતાન રે;
સચિત્ત અચિત્ત શબ્દાદિ વિષયે, લેપાએ ન મહાન રે. સજ્જન૦ ૩
દશાહી ધર્મે પૂરણ જિનજી, કલ્પસૂત્રની વાણ રે;
પૂરણ ફરસે તેહી જ તે ભવ, પામે પદ નિર્વાણ રે. સજ્જન૦ ૪
આપસરૂપી આતમરામી, કેવળરતનનિધાન રે;
જોગ નિરુંધી નિરભર સુખમય, એક સમયમેં વિધાન રે. સજ્જન૦ ૫
અનંત ચતુષ્ટય અક્ષય થિતિ જુગ, સમય વેદી ભગવાન રે;
ઉત્પાદ વ્યય ધ્રુવ સંગી અરૂપી, ચિદાનંદ મંડાણ રે. સજ્જન૦ ૬
સૂતા જાગતા નીત નીત સમરો, ધ્યાવો જ્યોતિ સમાન રે;
ઋદ્ધિ વૃદ્ધિ મંગળમાળા, ગંભીર મહોદય ઠાણ રે. સજ્જન૦ ૭

એ સર્વ દૃષ્ટિબિંદુથી જોતાં આ આકિંચન્ય ધર્મ ખૂબ ઉપયોગી ગુણ છે અને યતિ-સાધુઓને એ પાંચમા વ્રતમાં સામેલ થતું હોઈ અનિવાર્ય છે અને બીજા જનોએ પણ એને ધ્યાનમાં રાખવા યોગ્ય હોઈ એ આદર્શ સ્થાને છે. કોઈ ચીજની માલિકી ન કરવી, આ વસ્તુ મારી છે એમ ન ધારવું એ એ વ્રતનો ઉપદેશ છે. દુનિયામાં માલિકીહક્કની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ સર્વ ગડમથલો છે. એક વખત એ નીકળી ગઈ અને વિશ્વ આખું કુટુંબ થયું એટલે ઘણી ગૂંચવણો પતી જાય છે. તમે ન્યાયાસન પાસે પણ એના ઝગડા જોશો અને એને કારણે ભાઈભાઈમાં પણ વેર થાય છે અને મિત્ર તથા સગાંમાં એ વૈમનસ્ય કરાવે છે. આ સર્વ દૂર કરવા આકિંચન્ય ધર્મ ફરમાન કરે છે. અને એ સૂક્ષ્મદૃષ્ટિએ સમજવા યોગ્ય છે. દારૂ જેમ ઘેલછા કરાવે છે તેમ પરિગ્રહ એક જાતની મૂર્છા કરાવે છે અને પ્રાણીને તેનો કેફ ચઢે છે. (૧૭૮).

**યતિધર્મસેવનનું ફળ—**

> **दशविधधर्मानुष्ठायिनः सदा रागदोषमोहानाम् ।**
> **दृढरूढघनानामपि भवत्युपशमोऽल्पकालेन ॥१७९॥**

**અર્થ**—એ ઉપર કહેલા દશ પ્રકારના યતિધર્મોનું અનુષ્ઠાન જે કરે તેઓના રાગ, દ્વેષ અને મોહ ગમે તેટલા પાકા રૂઢ થયેલા હોય તો પણ થોડા વખતમાં વિનાશ પામે છે. (૧૭૯)

**વિવરણ**—આ ગાથામાં અને આવતી ગાથામાં એ દશ પ્રકારના યતિધર્મનું આચરણ કરવાનું ફળ સમજાવે છે. આ ફળ લક્ષમાં લેવાનું કારણ એ છે કે એનું ફળ આપણને કે કોઈપણ પ્રાણીને યોગ્ય લાગે તો આપણે તે પ્રમાણે આચરણ કરવાનો પ્રયત્ન કરવો. ફળ સમજાય તો તેટલા માટે તેને યોગ્ય પ્રવૃત્તિ કરવા મરજી થાય એમ સમજવું. હવે આપણે એ યતિધર્મની વ્યાવહારિકતા પ્રથમ વિચારી જઈએ.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

**દશવિધધર્મ**—ઉપરની ગાથાઓમાં જણાવેલા દશ પ્રકારના યતિધર્મ.

**અનુષ્ઠાયિનઃ**—આ ઉપર જણાવેલા દશ યતિધર્મો જે આચરે તેઓ, તેમને અમલમાં મૂકનાર, એ ધર્મોનો સ્વીકાર કરી જેઓ તે ધર્મની માત્ર વાત ન કરે, પણ એનું રહસ્ય જાણી એને આચરે તેવા પ્રાણીઓ.

**રાગદ્વેષમોહ**—આ પ્રાણી રાગ, દ્વેષ અને મોહમાં પડેલો છે. એને મારાતારા અને દવલાં મટતા નથી. આવા સખ્ત રાગદ્વેષ અને મોહમાં પડી ગયેલા જે પ્રાણીઓ હોય તેઓના રાગ દ્વેષ મોહ વગેરે.

**દઢરૂઢઘન**—એ ગમે તેવા પાકા હોય અને ગમે તેવા જામી ગયેલા હોય તો પણ.

**ઉપશમ**—શાંતિ, નિવૃત્તિ. આવા સખ્ત રાગદ્વેષ અને મોહનો વિનાશ કરનારા યતિધર્મો કેવા ઉપયોગી પ્રતિશાઓ હશે તે ખૂબ સમજવા જેવું છે અને સમજીને આચરવા યોગ્ય છે.

**અલ્પકાલેન**—બહુ થોડા વખતમાં. જો યતિધર્મોને આચર્યા હોય તો ઘણા જ થોડા વખતમાં રાગદ્વેષ અને મોહ જેવા મહાસુભટોનો તે વિનાશ કરી દે છે અને આપણને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મોક્ષમાં જવામાં આડે આવનારની સામા યતિધર્મો શસ્ત્ર તરીકે કામ કરે છે. આ રાગદ્વેષ અને મોહને બરાબર ઓળખવા જેવા છે. એ સાંસારિક-પૌદ્ગલિક ચીજો તરફ આકર્ષણ કરાવી અને કોઈ કોઈ વ્યક્તિ કે વસ્તુઓ તરફ દ્વેષ કરાવી પ્રાણીને મૂંઝવી નાખે છે અને તેને આ સંસારમાંથી ઊંચો આવવા દેતા નથી. સંસારના એ ખરેખરા પાયા છે અને એના ચક્કરમાં પ્રાણી પડે પછી તે એવો મોહમાં મૂંઝાઈ જાય છે કે એ કદી ઊંચો જ આવતો નથી. તેથી આ રાગ, દ્વેષ અને મોહને વશ કરનાર આ દશે યતિધર્મોને બરાબર સમજવા અને પછી આદરવા અને તેમનો અભ્યાસ કરવો અને તે જીવવાની પદ્ધતિ પાડવી. આ દશે યતિધર્મ અતિસુંદર પ્રતિશસ્ત્ર છે. (૧૭૯)

**યતિધર્મો બહુ સરસ ફળ આપે છે—**

**ममकाराहंकारत्यागादतिदुर्जयोद्धतप्रबलान् ।**
**हन्ति परीषहगौरवकषायदण्डेन्द्रियव्यूहान् ॥१८०॥**

**અર્થ**—મારાપણા અને અહંકારનો ત્યાગ કરીને, અતિ મુશ્કેલીએ જીતી શકાય તેવા, હુલેલફૂલેલ તેમ જ ઊંચે ચઢી ગયેલ અને જાતે ઘણા બહાદૂર એવા પરીષહ, ગારવ (ઋદ્ધિ, રસ ને શાતા), મન-વચન-કાયાના યોગ અને ઇન્દ્રિયો એ સર્વને સાધુપુરુષો કાપી નાખે છે, હણી નાંખે છે, દૂર ફેંકી દે છે. (૧૮૦)

**વિવેચન**—આ ગાથામાં યતિધર્મનું ખૂબ માન વધાર્યું છે અને તે જરૂર આચરવા-યોગ્ય છે એમ દલીલથી બતાવ્યું છે. આ ગાથામાં કહેલ વાત બહુ ધ્યાન રાખીને સમજવા અને આચરવા યોગ્ય છે. દશ યતિધર્મોને સમજવાની બાબત જેવી તેવી નથી. એ મનન-પૂર્વક સમજીને આચરવાયોગ્ય છે.

**મમકાર**—આ મારું છે. અંતે સર્વને છોડવાનાં છે છતાં તેમને પોતાનાં માને છે. આ મારાપણાનો ત્યાગ કરવાથી શું થાય છે તે નીચે જોઈશું.

**અહંકાર**—આ દુનિયામાં હું મોટો માણસ છું, અનેકને પૂછવા સલાહ લેવા યોગ્ય છું. અથવા મારું કુળ ઘણું ઊંચું છે અને મારી બુદ્ધિ ચાલે તેટલી કોઈની નજર પહોંચતી નથી, અથવા મારી પાસે પૈસા છે તેટલા કોઈ પાસે નથી એવો કોઈપણ બાબતનો ગર્વ કરવો, અભિમાન ધરવું. આ મારાપણું અને અભિમાન એ ખાસ તજવા યોગ્ય છે.

**દુર્જય**—આપણે જે શત્રુઓને જીતવાના છે તેમને જીતવા બહુ મુશ્કેલ છે. એવા દુશ્મનોને જીતવા માટે અને તેઓ પર વિજય મેળવવા માટે પ્રબળ યોદ્ધાઓ જોઈએ. દુશ્મનો કોણ કોણ છે તે હવે જણાવશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ઉદ્ધત**—હઠીલા, આકરા. લડવામાં જેવા તેવા નહિ પણ હઠાવે તેવા અને જક્કી થઈ લડે તેવા. આવા પ્રબળ શત્રુ જેને માથે ગાજતા હોય તેની પાસે મારી હઠાવવા માટે ખૂબ બહાદૂર અને વફાદર, લડે તેવા યોદ્ધાઓ પ્રતિશત્રુ તરીકે કામ કરે તેવા જોઈએ. એમાં કાચાપોચાનાં ગજાં નહિ.

**પ્રબલ**—અને એ યોદ્ધાઓ બળવાન છે, એ પોતાના કામમાં કુશળ છે અને બહાદુરીથી સામે થાય તેવા છે. આવા બળવાન યોદ્ધાઓ સામે તો ખૂબ મજબૂત યોદ્ધાઓ હોય તો જ લડાઈમાં ફતેહ મળે એ લક્ષમાં રહે.

**પરીષહ**—સામાપક્ષે ઘણું મોટું લશ્કર છે. તેમાં પ્રથમ તો બાવીશ પરીષહો છે. આપણે બાવીશ પરીષહોની ઓળખાણ આગલા પ્રકરણમાં કરી ગયા છીએ. અનુકૂળ અને પ્રતિકૂળ બન્ને પ્રકારના પરીષહોનો આપણે સામનો કરવાનો છે. તેની સામે આપણે બરાબર તૈયારી કરવી જોઈએ. અને પરીષહોને જીતવા માટે આપણે સન્નદ્ધ થવું જોઈએ.

**ગૌરવ**—એ બાવીશ પરીષહો સાથે ઋદ્ધિગારવ, રસગારવ અને શાતાગારવ પણ સામેલ હોઈ તેમનો પ્રતિકાર કરવાનો છે.

**કષાય**—સામી બાજુએ પરીષહો અને ગારવો જ માત્ર નથી પણ ક્રોધ, માન, માયા અને લોભ એ કષાયો પણ સામી બાજુએ છે. એ કષાયોને આપણે ત્રીજા પ્રકરણમાં ઓળખ્યા છે.

જૈન સાઈટ JAINSITE.com

**દંડ**—સામી બાજુએ ઉપર ગણાવ્યા તે ઉપરાંત મન, વચન અને કાયાના યોગો છે. એ મનદંડ, વચનદંડ અને કાયદંડને હઠાવવા માટે બહુ મજબૂત યોદ્ધાઓની જરૂર પડશે. માટે સાવધ રહી બરાબર તૈયારી કરી રાખવી. એમાં કાંઈ મુશ્કેલ કે અશક્ય વાત નથી, પણ શત્રુઓ મોટા છે, સહાયવાળા છે અને અનેક સાધનોથી સંપન્ન છે. તેથી તેમનો સામનો કરવા પૂરતી ગોઠવણ રાખવી.

**ઇંદ્રિય**—વળી આપણો પ્રતિસ્પર્ધી પાંચ ઇંદ્રિયના સમૂહરૂપ દુશ્મન છે. ઇંદ્રિયો પંપાળી ઘણી, પણ તે તો પાકી દુશ્મન થઈ બેઠી. આ પરીષહ, ગૌરવ, કષાય, દંડો અને ઇંદ્રિયો જેવા મજબૂત દુશ્મનો સામે લડવાનું છે. તેથી મમકારનો અને અહંકારનો ત્યાગ કરી એ સર્વ શત્રુ પર વિજય મેળવવો.

**વ્યૂહ**—આ શત્રુઓ પણ અનેક આકારના વ્યૂહ કરનારા છે, મહાતરકટી છે, અનેકને પોતાના પક્ષે લઈ આવનાર છે અને આપણને ખબર ન પડે તેવી વ્યૂહરચના કરનારા છે, માટે તેમના પર વિજય મેળવવા સાવધાનીથી કામ લેવું. અથવા વ્યૂહનો અર્થ 'તેઓનો સમુદાય' પણ થઈ શકે. બન્ને રીતે સાવધાનીથી કામ લેવા જેવું છે. શત્રુ બહાદુર હોય ત્યારે આકરું કામ કરવું પડે છે તે લક્ષમાં રાખવું. પણ ચીવટથી લડવામાં આવે, સત્ય આપણી બાજુએ હોય અને આપણે વિજય મેળવવા નિરધાર કર્યો હોય તો અંતે આપણો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિજય છે, એમાં જરાપણ શંકા નથી. જો દુશ્મનના કરેલા કાવાદાવામાં પડી ગયા તો આપણો વિજય ન થાય. માટે વિજય મેળવવાની પૂર્ણ ગંભીરતા સાથે આગળ વધો અને વિજય તમારો જરૂર થશે. (૧૮૦)

**આવા દુશ્મનો સાથે કામ લેવાની રીત—**

प्रवचनभक्तिः श्रुतसंपदुद्यमो व्यतिकरश्च संविग्नैः ।
वैराग्यमार्गसद्भावभावधीस्थैर्यजनकानि ॥१८१॥

**અર્થ**—પ્રભુએ કહેલા વચનની પ્રીતિ, વિશિષ્ટ આગમ સંપત્તિ મેળવવા માટે ઘટિત ઉદ્યમ તથા ભણેલા ખૂબ વિહાર કરનારાઓ સાથે પરિચય એ ત્રણે વસ્તુઓ વૈરાગ્ય-માર્ગ ઉપર બુદ્ધિને રાખે છે અને એમાં સ્થિરતા ઉત્પન્ન કરે છે. (૧૮૧)

**વિવેચન**—આ દશવિધ યતિધર્મમાં ચિત્ત કેવી રીતે ચોંટે અને એમાં કેમ આગળ વધાય તેની બીજી પણ અનેક રીતિઓ છે. આપણે તે પૈકી થોડીક રીતિઓ વિચારીએ. આપણો મુદ્દો યતિધર્મ આચરણાનો છે એ ધ્યાનમાં રાખી એ રીતિઓને અપનાવવી. આપણે તે રીતિઓ જોઈએ.

**પ્રવચનભક્તિ**—ચતુર્વિધસંઘપ્રીતિ. અર્થાનુસંધાનપૂર્વક કહેવું તે પ્રવચન કહેવાય છે અને ટીકાકારને મતે એનો અર્થ ચતુર્વિધ સંઘની ભક્તિ એમ થાય છે. પ્રવચન એટલે આપ્તવચન. એમાં બોલનારનો સમાવેશ થઈ જાય છે. આપણે તો તીર્થંકર મહારાજ અને તેમના મુખ્ય શિષ્યો ગણધરો જે બોલે તેને પ્રવચન કહીએ. એના તરફ આપણને ભક્તિભાવ હોવો જોઈએ. તેઓએ પ્રવચનો ચતુર્વિધ સંઘને સુણાવ્યા અને તેમને માટે જાળવ્યા એટલે પ્રવચન સાંભળનાર ચતુર્વિધ સંઘ ઉપર આપણને પ્રીતિ હોવી જોઈએ. આવા સુંદર પ્રવચન ઉપર જેમને રાગ હોય તેમની ભક્તિ કરવી, તેમની જરૂરિયાતો પૂરી પાડવી તે અસલ પ્રવચનનો રાગ કરવા જેવું જ છે. આપણે સાધુ–મુનિ, સાધ્વી–આર્યા, શ્રાવક અને શ્રાવિકા ઉપર ભક્તિભાવ રાખીએ તો આ પ્રવચન કરનાર કે તેનો સંગ્રહ કરનાર તરફ જ આપણે રાગ બતાવીએ છીએ. તેથી આ કાળમાં તો પ્રવચનરાગ એટલે ચતુર્વિધસંઘની ભક્તિ કરવી એ જ અર્થ સમીચિન છે.

**શ્રુતસંપદ્**—તીર્થંકરો લોકોને જે ઉપદેશી ગયા અને ગણધરોએ જે જ્ઞાનને સંગ્રહ્યું તેનો જે વૈભવ છે તે વધારવાની આપણને હોંશ થઈ આવે, તે જ્ઞાનનો સહાનુ-ભૂતિપૂર્વક સમજી અભ્યાસ કરવો એ શ્રુતસંપત્માં ઉદ્યમ છે. એટલા માટે આગમોનો અભ્યાસ કરવાની અને તે કાર્યમાં ઉદ્યુક્ત રહેવાની બહુ જરૂર છે. એનો અભ્યાસ કરવો અને તે માટે બની શકતો ઉદ્યમ કરવો એ બહુ ઉપયોગી છે. ભણવાથી વાત તુરત સમજણમાં આવે છે. અભણ માણસો તો આમતેમ ભમ્યા કરે છે અને વગર અભ્યાસે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગમે ત્યાં ચઢી જાય છે, પણ રીતસરનો અભ્યાસ હોય અને તેનો ઉદ્યમ હોય તો પછી વસ્તુ બરાબર સમજાય છે અને મનમાં થતા આહટ્ટદુહટ્ટો ટળી જાય છે.

**વ્યતિકર**—પરિચય. આ જીવનમાં એક મોટો પ્રશ્ન એ છે કે સોબત કોની રાખવી. દારૂડિયા, જૂઠું બોલનારા, મુખમાંથી જેમ આવે તેમ અસભ્ય બોલનારા સાથે પરિચય વધારવો નહિ, પણ જે સંવિગ્ન હોય, ઉદ્યતવિહારી હોય, સતત પોતાની યોગક્રિયાને લાગી રહેલા હોય તેવાઓની સાથે સંબંધ – પરિચય કરવો. માણસ પરિચય – સોબતથી કેવો છે તે જણાય છે. અને તેના જેવા થવાનો તે પણ એક માર્ગ છે. માટે સોબત તો પૈસા-વાળાને બદલે સારાની રાખવી. સોબત – પરિચયની અસર ઘણી થાય છે, તેથી ગમે તેવા કે શંકાસ્પદ ચાલચલગતવાળા સાથે પરિચય ન રાખવો. પ્રવચનભક્તિ, જ્ઞાન – ભણવામાં ઉદ્યમ અને ખૂબ ઉદ્યમી સંવિગ્ન સાથે સોબત એ ત્રણે ઘણું સારું પરિણામ લાવે છે. માટે તે ત્રણે તરફ લક્ષ રાખવું અને પોતાની સાથે તેને જોડી દેવા. તેનું પરિણામ શું થાય તે હવે કહેશે.

**વૈરાગ્ય**—વિરાગતા. પતંજલિએ જે વૈરાગ્યનું વર્ણન કરેલ છે તેને ઉત્પન્ન કરનાર ઉપરની ત્રણે બાબતો છે. વૈરાગ્ય કરવાની ઇચ્છા હોય તેણે ઉપર જણાવેલી ત્રણે બાબતો કરવી, વારંવાર કરવી અને એને માટે ઉદ્યમ રાખવો.

**સદ્‌ભાવ**—કોઈ વખત પ્રાણીને સુંદર ભાવ થઈ આવે છે, તેને જાળવી રાખનાર, તેને ચાલુ રાખનાર આ દશ યતિધર્મો છે. એટલા માટે એ બરાબર સમજવા યોગ્ય છે. અને સમજીને અનુસરવા યોગ્ય છે. સદ્‌ભાવ એટલે સુંદરભાવ.

**ભાવ**—સારા પરિણામ. અમુક વખતે સુંદર ભાવ થાય તેને હમેશ માટે બનાવી રાખવાના ત્રણ ઉપાયો ઉપર બતાવ્યા છે.

**ધીસ્થૈર્ય**—આ ત્રણે ચીજો બુદ્ધિની સ્થિરતાને ઘણી મજબૂત બનાવે છે, પ્રાણીને સ્થિર બુદ્ધિવાળો બનાવે છે; માટે એ ત્રણેની સારી રીતે આસેવના કરવી. બુદ્ધિની સ્થિરતા એકવાર થયેલ બુદ્ધિને અંગે છે. ઘણીવાર સારે વખતે શુભ બુદ્ધિ થાય છે, પણ તે હમેશા રહેતી નથી. સાધુ થતી વખતના ભાવ અલગ હોય છે અને સાધુ થયા પછી વાત જુદી છે. એકવાર સારી બુદ્ધિ થઈ હોય તે સ્થિર રીતે હમેશા જામેલી રહે તે માટે ઉપરની ત્રણે બાબતો આવશ્યક છે. આવા પ્રકારની બુદ્ધિની સ્થિરતા તથા વૈરાગ્ય અને સદ્‌ભાવને તેમ જ સુંદર ભાવને ઉત્પન્ન કરનાર એ યતિધર્મો છે માટે તેમની વારંવાર આસેવના કરવી. (૧૮૧)

* * *

આવી રીતે આ અતિ અગત્યનું યતિધર્મનું પ્રકરણ પૂરું થયું. તમારા જોવામાં આવ્યું હશે કે યતિધર્મ દશ છે: ક્ષમા, માર્દવ, આર્જવ, લોભથી મુક્તિ, તપ, સંયમ, સત્ય,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શૌચ, અકિંચનતા અને બ્રહ્મચર્ય. આ દશ યતિધર્મો આપણે એકવાર ગણાવી ગયા છીએ. એ યતિધર્મો બરાબર મધ્યમાં કેન્દ્રસ્થાને આવે છે અને તે યતિ–સાધુને તો જીવન સમાન છે, અને શ્રાવકો કે અન્ય પ્રાણીઓ વડે તે બની શકે તેટલા આરાધવા યોગ્ય છે. શ્રાવક તો એની ભાવના કરે, એ સ્થિર કરવાનો અને પ્રાપ્ત કરવાનો ઉદ્દેશ રાખે તો જ એનું શ્રાવકપણું બન્યું રહે, કારણ કે દશ પ્રકારના યતિધર્મો જૈન શાસ્ત્રનો સાર છે, અને ખૂબ શાંતિ આપનાર હોઈ ખાસ આરાધવા લાયક છે. એને વિસ્તીર્ણ શાસ્ત્ર મહાર્ણવમાંથી તારવી કાઢેલા છે અને તે પ્રત્યેક ખૂબ વિચારણા માગે છે અને શાસ્ત્રના સારરૂપ હોઈ વિશેષે કરીને આદરવા યોગ્ય છે. એની આરાધના સારી રીતે કરવાથી મનમાં અવનવી શાંતિ આવશે અને આનંદ થશે. તેટલા માટે આ યતિધર્મો પર ખૂબ વિચાર કરવો અને તેમને સ્વીકારવા અને તેમનો અમલ કરવા નિર્ણય કરવો. એ નિર્ણયમાં જેટલે અંશે પરિપાલના થશે તેટલું વ્યવહારપણું દીપી નીકળશે અને પરિણામે તો અપરંપાર લાભ થશે. સામાન્ય નિયમ એવો છે કે શ્રાવકપણું જો બનાવી રાખવું હોય તો આ દશે પ્રકારના યતિધર્મોને આદરવાની ભાવના રાખવી.

એકલા સમજવાથી કાંઈ વધારે લાભ થતો નથી, પણ તેનો અમલ કરવાથી આ ભવની ભાવઠ ભાંગે છે અને અત્યારની એક ખાડામાંથી બીજામાં પડવાની રીત દૂર થઈ ભારે આનંદ થાય છે.

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

એથી આ દશ યતિધર્મોને અમલમાં મૂકવા બની શકતો પ્રયત્ન કરવો અને તેમ બની શકે તેવું ન હોય તો તેનો આદર્શ તો કાયમ કરવો જ. આદર્શને યોગ્ય સ્થાને રાખવાથી પણ ઘણી કુશળતા પ્રાપ્ત થશે અને આ ભવે નહિ તો આગળ જતાં ભવાંતરે પણ તે ઉદયમાં આવશે. એ જ આદર્શનો મહિમા છે. જેને આપણે આદર્શ સ્થાને રાખીએ તે મેળવવા આપણે સદૈવ જાગૃત રહીએ અને અંતે તેને લીધે જ રહીએ. જેવો આદર્શ હોય તેવો કદાચ અત્યારે ન મળે તો પણ અંતે વહેલામોડા આપણે આદર્શને પ્રાપ્ત કરવાના. આ વાત ચોક્કસ છે, માટે શુદ્ધ આદર્શ રાખવો.

બાકી લોકોમાં અનેક છાતી કાઢી ખોટો દેખાવ કરવા કરવા પ્રયત્ન કરે છે, અનેક જાતના ધાંધલો ટૂંક જીવન માટે કરે છે, અનેક કુકર્મો કરે છે, કાળાબજાર કરે છે અથવા કરવાની સલાહ આપે છે. તેઓને કોઈ રીતે બચી જવાનો આરો આવે તેમ લાગતું નથી. જો સંસારથી ખરેખરો વિરાગ આવ્યો હોય તો આ યતિધર્મોને સમજવાનો અને સમજીને આદરવાનો એક જ રાજમાર્ગ છે. એમાં અનેક ભયસ્થાનો છે, પણ તેથી ગભરાવાનું નથી. ભયસ્થાન તો કોઈ પણ સારા માર્ગમાં હોય જ. એ ભયસ્થાન છે તેથી તેને છોડી દેવાનું કે તેના તરફ પરાઙ્મુખ થવાનું ન જ પાલવે. માટે ચીવટથી એ યતિધર્મ સ્વીકારવા, તે બને તો આદરવા અને ન બને તો તેને આદરવાની ભાવના તો જરૂર રાખવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ જીવનમાં ચીવટ જેવી કોઈ ચીજ નથી. એક વાતને જો ચીવટથી પકડી લેવામાં આવે તો અંતે ચીવટને પરિણામે તે જરૂર પ્રાપ્ત થાય છે, પછી એમાં દંભ ચાલતો નથી, દેખાવ માત્ર થતો નથી અને ચીવટને લઈને તેને ગમે તેટલી મુશ્કેલીએ પણ પ્રાપ્ત કરવા ઇચ્છા થાય છે. તેથી ચીવટ એ ઘણી સારી વાત છે.

ઉપરછલ્લો બોધ તો નકામો છે. એક વિષયમાં પારંગત થવા માટે તેના ઊંડા અભ્યાસની જરૂર છે. પાકા અભ્યાસે ઘણો સ્પષ્ટ રસ્તો થઈ જાય છે અને તેમાંથી પાછા ફરવાનું બનતું નથી. એ રીતે પ્રગતિ કરતાં આગળ આગળ વધતાં આપણું જે પ્રાપ્તવ્ય છે તેને મેળવાય છે અને પ્રાપ્ત કરવા યોગ્ય તો મોક્ષ જ છે, એમાં બેમત પડે તેમ નથી. આ પ્રાપ્તવ્ય મેળવાય ત્યાં સુધી આપણો પ્રયત્ન ચાલુ રહેવો જોઈએ.

એ મુક્તિપ્રાપ્તિ માટે આ દશ યતિધર્મનો અમલ અનિવાર્ય છે. તેથી મોક્ષ મેળવવાનું જેનું સાધ્ય હોય તેમને માટે આ યતિધર્મો બહુ ઉપયોગી વાત છે અને અનિવાર્ય હકીકત છે. જેને શાશ્વત સુખ પ્રાપ્ત કરવું હોય તેણે યતિધર્મોને આદરવા અને સમજવા. આટલી મોટી મહત્તા યતિધર્મોમાં જ છે તેમ જાણી તેમને અપાયલા આ કેંદ્ર સ્થાનને વાસ્તવિક કરવું અને બને તેટલો પ્રયત્ન કરી તેમને સમજીને સ્વીકારવા.

જે તેમને સ્વીકારશે તે અંતે અનંત સુખમય માંગલિક માળાને પ્રાપ્ત કરશે. આવા દશ યતિધર્મો છે.

॥ इति यतिधर्मप्रकरणम् ॥

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્ જૈન સાઈટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ ૮ મું : કથા

સારી કથાઓ ચાર પ્રકારની છે : આક્ષેપણી, વિક્ષેપણી, સંવેદિની અને નિર્વેદિની. આ ચારે કથા તો ગ્રંથકર્ત્તા ચિતરશે. તે ઉપરાંત દેશકથા, રાજકથા, ભોજનકથા અને સ્ત્રી-કથા એ ચારે અનર્થદંડ છે, નકામી કથાઓ છે. આજકાલ ન્યુસપેપર – છાપાં વાંચવામાં લોકો એટલો બધો સમય કાઢે છે કે એને દેશકથાના વિભાગમાં મૂકી શકાય. સવારે ઊઠીએ ત્યાં છાપું, તે સાંજ સુધી પૂરું કર્યું ન કર્યું ત્યાં તો સાંજનાં છાપાં આવે છે અને આપણી કાંઈ લેવાદેવા ન હોય તે છતાં આપણે છાપાં વાંચવામાં વખત કાઢીએ છીએ. એ અનર્થદંડની નકામી વાત છે. ખબર ખાતર છાપું અલપઝલપ વાંચી જવું એ જુદી વાત છે અને તે ખાતર અગત્યનો કે ઘણો સમય કાઢવો તે જુદી વાત છે. અમુક સમય તો સમાચાર જાણવા ખાતર કાઢવો જોઈએ, પણ તેને મર્યાદા છે. આખો વખત છાપાં કાઢીને પસાર કરવો તે ઉચિત નથી. અમુક સ્થળે અમુક મીનીસ્ટ્રી આવી, તેમાં અમુક માણસો આવ્યા, રાજ્યની અમુક નીતિ શી છે તેની વાતો કરવી તે પણ દેશકથામાં આવે છે. એ તો લોકો નવરા પડે એટલે રાજ્યની વાતો કરે અને રેશનીંગના આ યુગમાં સરકારની તે નીતિ પર પોતાનો અભિપ્રાય આપવા લાગી જાય. જે વાતનું પોતાને કાંઈ લાગે વળગે નહિ, જેની અસર કાંઈપણ થાય નહિ તે વાત કરી તેઓ જીભના ઊભરા કાઢે. આવી જાતની બન્ને પ્રકારની દેશકથા કરવા યોગ્ય નથી. એમાં સમય ગેરરીતે પસાર થાય છે અને કોઈ જાતનો લાભ થતો નથી. તેથી આવા પ્રકારની દેશકથા કરવી નહિ.

તેવી જ રીતે હૈદ્રાબાદ જોડાયું કે નહિ અને કાશ્મીરનો પ્રશ્ન કે બીજા કોઈ દેશી રાજનો અથવા બંધારણનો પ્રશ્ન એ સર્વ રાજકથામાં આવે છે. આપણે કોઈ જવાબદાર સ્થાને હોદ્દો ધરાવતા હોઈએ અને આપણી વાતોની કાંઈ અસર થાય તેવું હોય તો જુદી વાત છે. પણ નકામાં ગપ્પાં મારવા કે જીભને છૂટી મૂકવી એમાં ન તો રાજ્યનું સારું થાય, ન તો પોતે કાંઈ અસર કરી શકે. આ અર્થ વગરની કથાઓ કરીને વખત કાઢવા જેવું નથી. આપણો વખત ઘણો ઉપયોગી છે અને આપણે ઘણાં અગત્યનાં કામો કરવાનાં છે એ ધ્યાનમાં રાખી આવા પ્રકારની નકામી વાતો ન કરવી, ન ફેલાવવી. એ દેશકથા અથવા રાજકથાના વિભાગમાં આવે છે અને તે અનર્થદંડ છે.

દેશકથા જેવી જ નકામી ભોજનકથા છે. ફલાણાએ જમણ કર્યું, તેમાં મણે મણુમણ ઘી પાયું અને અમુકે અઢી શેર પાયું અને અમુક માણસે તો શાક સુરતથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મંગાવ્યાં અને ફેણી ખંભાતથી મંગાવી. હવે એમાં તારે શું? તેમ જ ફલાણાએ બાપનું ઉત્તરકાર્ય ન કર્યું અને આજે ભોજનમાં બે શાક હતાં અને કાલે ત્રણ હતાં એવી એવી વાતો કરવાથી કોઈ જાતનો લાભ થતો નથી. આ ભોજન સંબંધી કથાનો સમજુ માણસ ત્યાગ કરે.

સ્ત્રીઓ સંબંધી હલકી વાતો કરવી, અમુક સ્ત્રીની ચાલ વખોડવી અને અમુક સ્ત્રીની આંખ અવગણવી અને પોતે ડાહ્યાડમરા થઈ તે પર ફેંસલા આપવા મંડી જવું એ અયોગ્ય છે. માણસ સ્ત્રીઓ સંબંધી વાત કરતી વખતે એટલો પહોળો લાંબો થઈ જાય છે કે તે સંબંધી અભિપ્રાય આપવાની પણ ધૃષ્ટતા કરે છે અને સ્ત્રીઓની વાતમાં એટલો રસ લે છે કે એ વગર લેવેદેવે અનર્થદંડ કરી વખત પસાર કરે છે અને જે કરવાનું છે તે કરતો નથી. આ ચારે પ્રકારની કથાઓ : રાજકથા, દેશકથા અને સ્ત્રીકથા તથા ભોજનકથા વિકથા કહેવાય છે. ચારે પ્રકારની કથાનો ત્યાગ કરવો યોગ્ય છે, જીભ પર અંકુશ રાખવા યોગ્ય છે, જીભને તાળું લગાડવા યોગ્ય છે.

આવી ચારે કથાઓ અથવા તેમાંની એક પણ કરવા યોગ્ય નથી. હવે કેવી કથા કરવા યોગ્ય છે તે પણ આપણે વિચારી જઈએ. એટલે આપણી શક્તિનો દુર્વ્યય થતો અટકે અને આપણું સાધ્ય બરાબર રીતે જળવાય.

આ તો અનર્થદંડની, નકામી ત્યાગવા યોગ્ય કથાઓની વાત કરી. હવે કરવા જેવી કથાઓની વાત કહીએ. એ સુંદર કથા, કરવા યોગ્ય જાતિની, ચાર પ્રકારની છે.

પ્રથમની કથાને આક્ષેપણી કથા કહેવામાં આવી છે. લોકોને પોતાની તરફ આકર્ષિત કરે, અભિમુખ કે સન્મુખ કરે તે આક્ષેપણી કથા. આ કથાથી લોકો ધર્મસન્મુખ વળતા થઈ જાય છે અને ધર્મપાલન કરે છે. આવી ધર્મસન્મુખ કરનારી કથાઓ, પ્રસંગો કે વ્યાખ્યાનને આક્ષેપણી કથા કહેવામાં આવે છે. તમે સારું વ્યાખ્યાન કરનાર કે સારા જીવને કથા કરતાં સાંભળ્યો હોય તો તે માણસને ધર્મસન્મુખ બનાવી દે એવી કથા વાર્તાઓ કરે છે. તેઓની વાતથી લોકો ધર્મ પામે છે અને ચોમેર ધર્મનો ડંકો વાગે છે. એવી કથા કરવા યોગ્ય કથામાં પ્રથમ સ્થાને બિરાજે છે.

જે ભોગસન્મુખ થતા પ્રાણીઓને પાછા વાળે તે તેમ જ અન્ય ધર્મ તરફ જતા લોકોને પાછા લઈ આવે, પરધર્મમાં જતાં રોકે તે ધર્મરુચિને વધારનારી કથા વિક્ષેપણી કથા કહેવાય છે. સમ્યગ્‌દર્શનથી વિપરીત માર્ગ હોય તે માર્ગે ન જવાનું કહેવાવાળી સરસ સુંદર કથા તે વિક્ષેપણી કથા બીજા પ્રકારની કહેવાય. વાત કરે તો એવી સારી રીતે કરે કે લોકો ધર્મસન્મુખ થાય, સમ્યગ્ માર્ગ સિવાય કોઈ રસ્તે ચઢી ન જાય. એ એવા દાખલા, દૃષ્ટાંતો આપે કે અન્ય ધર્મનું સહેજ પણ ખેંચાણ હોય તો તે બંધ થઈ જાય અને બીજા કોઈ પણ ધર્મમાં તેમને મજા નથી એમ લાગે. આવી પરધર્મ તરફ જવામાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અટકાવનારી કથાને વિક્ષેપણી કથા કહેવામાં આવે છે. આ આક્ષેપણી અને વિક્ષેપણી કથા બન્ને કરવા યોગ્ય છે. આવી કથા છોકરાઓને પણ ગમે તેવી રીતે કહેવી અને તેમને ધર્મમાં મજબૂત કરવા અને પરધર્મમાં જતા અટકાવવા.

ત્રીજા કરવાયોગ્ય કથાના વિભાગને સંવેદની કથા કહે છે. નરકાદિકનાં દુઃખો એવી અદ્ભુત રીતે વર્ણવે કે પ્રાણી પાપકર્મો કરતો અટકે, એ આ ત્રીજી સંવેદની કથાનું લક્ષણ છે. નારકીમાં લોઢાની લાલ પૂતળીને બતાવીને એને ગરમ કરે અને પરસ્ત્રીલંપટ માણસોને એને ભેટવાનું કહે અને એને ભેટવું એટલું આકરું લાગે કે પ્રાણી પરસ્ત્રીલંપટ મટી જાય. આવી રીતે નારકીની ક્ષેત્રવેદના, પરમાધામીકૃત વેદના અને પ્રાણીઓની અન્યોન્યકૃત વેદનાને વર્ણવીને આ પ્રકારની કથા જીવને કુકૃત્યોથી નિવારે—અટકાવે છે, તેથી તે સંવેદની કથા કહેવાય. આ વિભાગ પણ સારી કથાનો છે. એમાં કથા કહેનારનું જ મહત્ત્વ છે અને એની રીતભાત પ્રશંસા કરવા યોગ્ય છે.

ચોથી સારા પ્રકારની કથાને નિર્વેદની કથા કહેવામાં આવે છે. આ સંસાર કેવા ત્રાસથી ભરેલો છે, બધા સંસારથી મૂકાવું કેવું સરસ છે, મોક્ષની અભિલાષા પણ સુંદર છે, એમ ભવત્રાસને બતાવનારી અને મોક્ષની અભિલાષા બતાવનારી અને તેના વખાણ કરનારી જે કથા હોય તે ચોથી નિર્વેદની કથા કહેવાય છે. આ કથા પણ સારી કથાના વિભાગમાં આવે છે.

નકામાં ગામગપાટાં મારવાં અને દેશપરદેશની વાતો કરવી કે સ્ત્રી સંબંધી વાતો કરીને સમય કાઢવા કરતાં આ ચારમાંથી કોઈપણ પ્રકારની કથા કરવી અને ફલાણાએ નાત કરી અને એમાં ફલાણું ખૂટ્યું અને એવી એવી અર્થ વગરની વાત કરવામાં વખત ન કાઢવો. સારી ચાર પ્રકારની કથા કરવી, એમાં સ્વ તથા પરને લાભ થાય છે અને વખત સારી રીતે પસાર થાય છે. આ કથાના પ્રકરણમાં આ સારી તથા ખરાબ કથાનું વર્ણન આવશે, તે વિચારવું.

**સુકથાના પ્રકાર : ધર્મકથા—**

**आक्षेपणी विक्षेपणी विमार्गबाधनसमर्थविन्यासा ।**
**श्रोतृजनश्रोत्रमनःप्रसादजननी यथा जननी ॥१८२॥**

**અર્થ**—આક્ષેપણી તથા વિક્ષેપણી એટલે વિમાર્ગમાં પડતાને બાધા કરવાને, રોકવાને સમર્થ તેમ જ સાંભળનારના કાન તથા મનને આનંદ ઉપજાવનાર માતાના જેવી, એ (બન્ને કથાઓ કરવી.) (૧૮૨).

**વિવરણ**—આ ગાથામાં સુકથાના, કરવા યોગ્ય કથાના, બે પ્રકાર પ્રથમ બતાવ્યા છે. આગળ જતાં એમાં બીજા બે પ્રકાર ઉમેરશે. સમજણપૂર્વક આ ગાથામાં કહેલ બે પ્રકારને પ્રથમ આપણે વિચારીએ.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આક્ષેપણી**—એ જાતની સુકથામાં આક્ષેપણી એ એનો પ્રથમ પ્રકાર છે. આક્ષેપ શબ્દના ઘણા અર્થ થાય છે. તારવું, લલચાવવું, પોતાના તરફ ખેંચવું. અહીં આ અર્થમાં એ શબ્દ વપરાયલો છે. એટલે જે કથા પ્રાણીને ધર્મ તરફ આકર્ષે, ખેંચે, ધર્મસન્મુખ કરે તે સારી કથા કહેવાય છે. આ કથા કરવાયોગ્ય છે. કથા એવી કહેવી કે જે સાંભળીને પ્રાણી ધર્મસન્મુખ થાય, પોતાનું નૈતિક તત્ત્વ ધર્મસન્મુખ કરે. કોઈપણ રીતે પ્રાણીને ધર્મસન્મુખ કરવાનો આ માર્ગ છે. જંબૂસ્વામીની કથા કે રોહણીઆ ચોરની કથા જેવી કથાઓ પ્રાણીને ધર્મમાં આવવા આકર્ષણ કરે છે. એ કથા સાંભળીને પ્રાણી ધર્મસન્મુખ થાય છે. આ આક્ષેપણી નામની પ્રથમ સુકથા જાણવી.

**વિક્ષેપણી**—આ સુકથાનો બીજો પ્રકાર છે. એ વિક્ષેપણી કથા સાંભળીને પ્રાણી બીજા અધર્મમાં પડતો બચી જાય છે. એ કથા એવી હોય કે પ્રાણી અધર્મને ઓળખી લે, જાણે સમજે અને અધર્મને અધર્મ તરીકે વિચારે. વિક્ષેપ એટલે ત્યાગ. અધર્મને અધર્મ તરીકે જણાવે; કોઈ ધર્મમાં પ્રાણીહિંસા કહી હોય, કોઈમાં ભોગ આપવાનું કહ્યું હોય, તેવા ધર્માભાસોને અધર્મ તરીકે જણાવી ત્યાગ કરાવે તેવી કથા તે આ બીજા પ્રકારની વિક્ષેપણી કથા સમજવી. આક્ષેપણી અને વિક્ષેપણી બન્ને મળીને સમાહાર દ્વંદ્વ છે એમ ટીકાકાર કહે છે. આ કથાઓ કેવી છે તે હવે આપણે જોઈએ.

**વિમાર્ગ**—મિથ્યામાર્ગ, ખોટો રસ્તો. પ્રાણી તો ભોળો છે. એ તો ગમે તેવી વાતને સ્વીકારી લે, પણ જે મિથ્યા માર્ગોએ, ખરાબ રસ્તે લઈ જાય તેવી કથા હોય તે ન કરવી. આ વિમાર્ગે જતાં અટકાવે તેવી સુકથા કરવી જોઈએ.

જૈન સાઈટ JAINSITE .com જૈનં જયતિ શાસનમ્

**બાધન**—દોષીલાપણું બતાવે તેવી. વિમાર્ગમાં, મિથ્યામાર્ગમાં અમુક અમુક બાધાપીડા છે એ બતાવનારી. પ્રાણીને મિથ્યામાર્ગમાં પડતો અટકાવી રાખે. વિમાર્ગમાં કેટલા દોષો છે તે વિક્ષેપણી કથા બતાવે છે.

**સમર્થ**—શક્ત, શક્તિશાળી. ખોટા માર્ગે જવામાં કેટલી પીડા છે, કેટલી આફતો છે તે બતાવવાને સમર્થ.

**વિન્યાસ**—રચના. એ આખી વિક્ષેપણી કથા એવી રીતે રચાયેલી હોવી જોઈએ કે પ્રાણીને વિમાર્ગે જતો અટકાવી શકે. અને હજુપણ એ કથા કેવા પ્રકારની હોવી જોઈએ તે બતાવે છે.

**શ્રોતૃ**—સાંભળનાર. સાંભળે તે શ્રોતા.

**શ્રોત્રમનપ્રસાદજનની**—સાંભળનારનાં મનને અને કાનને પ્રસાદ એટલે હર્ષ ઉત્પન્ન કરનારી કથા. સાંભળનારના કાનને અને મનને હરખમાં લાવી દે તેવી તે કથા હોવી જોઈએ. સાંભળનાર સાંભળીને રાજી થઈ જાય અને તેમનાં મનને પણ હોંશ આવે તે સુકથા કહેવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**યથા જનની**—માતાનો શબ્દ સાંભળે ત્યારે જેમ બાળકનાં કાન તથા મન આનંદિત થાય છે તેમ કથા સાંભળીને પ્રાણીનાં કાન અને મન હરખાય છે.

આપણને ઉન્નત માર્ગે લઈ જતી કથાના ચાર પ્રકારમાંથી બે પ્રકાર આપણે જોયા. હવે આપણે સુકથાના બીજા બે પ્રકારો વિચારીએ. (૧૮૨)

**બીજી બે સુકથાઓ અને ચાર તજવા યોગ્ય કથાઓ—**

**संवेदनीं च निर्वेदनीं च धर्म्यां कथां सदा कुर्यात् ।**
**स्त्रीभक्तचौरजनपदकथाश्च दूरात् परित्याज्याः ॥१८३॥**

**અર્થ**—ખેદ આવે, નરકાદિનાં દુઃખો સાંભળી પ્રાણી કામભોગાદિથી અટકે તેવી ત્રીજી સંવેદની સુકથા સમજવી. અને ચારે ગતિનાં દુઃખો સાંભળી સંસાર પર, ભવ પર કંટાળો આવે તેવી સુકથા તે ચોથી નિર્વેદની સુકથા જાણવી. આ ચારે કથાઓને નિરંતર કરવી અને સ્ત્રીસંબંધી (કામભોગની), ભોજનની, ચોરની અને લોકો સંબંધી કથાઓને દૂરથી તજી દેવી. (૧૮૩)

**વિવરણ**—હવે બીજી બે પ્રકારની સારી કથાઓને પ્રથમ જણાવે છે. એ બે સુકથાઓ અને આગલી ગાથામાં કહેલી બે મળીને ચાર કથાઓ કરવા યોગ્ય છે.

**સંવેદની**—નરકનાં દુઃખો એવી આબાદ રીતે એમાં વર્ણવાય કે પરસ્ત્રીલંપટ માણસો પરસ્ત્રીથી દૂર થઈ જાય અને સ્ત્રી સાથેના કામભોગોને પણ એવી રીતે વર્ણવવામાં આવે કે માણસ બ્રહ્મચર્ય ધારણ કરે. આવી રીતે કથા કહેવામાં કસબ છે, યુક્તિ છે અને શ્રોતાનાં મન પર તે સીધી અસર કરે છે. પરદારાગમન કરનારને લોઢાની લાલચોળ પૂતળી સાથેના આલિંગનની વાત કરે અને એવી પીડાઓ પરમાધાર્મિકો આપે છે તેનું સરસ રીતે અસરકારક વર્ણન કરવામાં આવે, તે સાંભળીને પ્રાણી પરસ્ત્રીગમન છોડી દે છે. વિધવા, વેશ્યા, કુમારી એ સર્વનો પરદારામાં સમાવેશ થાય છે. પોતાની પત્ની સાથેના કામભોગને પણ આ ત્રીજા પ્રકારની કથા કહેનાર એવી ભાષામાં અને એવા દાખલાઓથી વર્ણવે કે જે સાંભળી પ્રાણી બ્રહ્મચર્ય ધારણ કરે. આ સંવેદની નામની ત્રીજી સુકથા જાણવી.

**નિર્વેદની**—સંસારની ચારે ગતિમાં દુઃખ છે. નરકમાં તો ઉપર જણાવ્યું તેવું દુઃખ અને દુઃખ જ છે. તિર્યંચ ન બોલી શકે, ન વિચારો જણાવી શકે, ન પોતાની જરૂરિયાતો રજૂ કરી શકે, તથા ટાઢ, તડકા, વરસાદ સહન કરવાં પડે, મ્હોં બાંધીને માર ખાવા જેવી અનેક યાતનાઓ સહેવી પડે, મનુષ્ય ગતિમાં શેઠના હોંકારદુંકારા ખાવા, ખુશામત કરવી અને દાસદાસી તરીકે અનેક પ્રકારના કાંટાદાર હુકમો ઉઠાવવા, દેવગતિમાં બીજા વધારે સારા દેવતાનો ઉત્કર્ષ જોઈ અસૂયા કરવી અને મરવા પહેલાં છ માસમાં અશુચિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્થાને જવાના જ્ઞાનથી માથાં પછાડવાં. એમ ચારે ગતિમાં દુઃખ છે. એ સાંભળી પ્રાણી નિર્વેદ પામે છે. એને સંસાર પર ત્રાસ થઈ જાય છે. આ ચોથા પ્રકારની સુકથા થઈ. આ રીતે આક્ષેપણી, વિક્ષેપણી, સંવેદની અને નિર્વેદની એમ ચાર પ્રકારની કરવા યોગ્ય કથા થઈ.

હવે ચાર પ્રકારની અનર્થદંડની ન કરવાયોગ્ય કથાઓનો ત્યાગ કરવાનું જણાવે છે, તે વિચારીએ.

**સ્ત્રી**—સ્ત્રીઓ સંબંધી વાતો કરવી. તે ચાલવામાં આવી છે, અને તેની ગતિ મૃગલી જેવી છે, તે બોલે ત્યારે તેના મુખમાંથી ફૂલ ઝરે છે અને તે પાણીનું બેડું લઈને પગ આગળ ચલાવે ત્યારે તે હાથીની ગતિએ ચાલે છે, તે દુશ્ચરિતા છે, પતિનો દ્રોહ કરનારી છે, વેશ્યા છે, કુલટા છે—એવી એવી સ્ત્રીસંબંધી વાતો કરીને લેવાદેવા વગરની જીભની લબરકી પૂરી કરવી તે પ્રથમ સ્ત્રીસંબંધી અનર્થદંડની કથા.

**ભોજન**—આ બીજી અનર્થદંડની કથા છે. ફલાણા શેઠે નાત જમાડી, તેમાં બે પકવાન કર્યાં હતાં અને મણ ખાંડે સાડા ત્રણ શેર ઘી પાયું હતું અને ફલાણાએ તાંબડી ઘી પીરસ્યું - એવી એવી ભોજન સંબંધી નકામી વાતો કરવી તે ભોજનકથા નામની કુકથા બીજી જાણવી.

**ચોરકથા**—ફલાણાએ ચોરી કરી તે વૈજ્ઞાનિક પદ્ધતિએ કરી, રૂમાલ સુંઘાડીને ચોરી કરી, અને ચોર આ રસ્તે રાત્રે આવ્યા અને પેલે રસ્તે ગયા. એવા ચોરના પરાક્રમની વાતો ચગાવી ચગાવીને કરવી તે ત્રીજી ચૌરકથા. કોઈ સ્થાનકે એને રાજકથા પણ કહેવામાં આવે છે. જ્યારે દેશી રજવાડા હતાં ત્યારે રાજાઓ સંબંધી, તેઓએ કરેલ રાજ્યવ્યવસ્થા સંબંધી અને દિવાનોએ કરેલાં કાળાધોળાં, પ્રીવીલેજ લીવ, કપાત પગારે નોકરી, અને એવી એવી રાજ્યરસમની વાતો અને અત્યારના જનસત્તાક રાજ્યમાં અમુક પ્રધાન આમ બોલ્યા વગેરે વાતો કરવી તે ત્રીજી રાજકથા કહેવાય. એ અનર્થદંડની કથાઓ છે.

**જનકથા**—લોકો આમ વર્ત્યા અને તેમ વર્ત્યા અને પણે ગયા અને આવ્યા એવી લોકો સંબંધી વાતો કરવી.

સ્ત્રીકથા, ભોજનકથા, ચોરકથા અને જનકથા, આ ચારે કથાઓ તજવા યોગ્ય છે, એને તો દૂરથી નમસ્કાર કરવા જેવી એ કથાઓ છે. એ ચારે કથા તજવા યોગ્ય છે, છોડી દેવા જેવી છે, નકામી પોતાને ભાર કરનારી છે અને પ્રાણીને ભારે કરનાર છે.

આ રીતે કરવાયોગ્ય કથાના ચાર પ્રકારો બતાવ્યા અને અનર્થકારી ન કરવા યોગ્ય કથાના ચાર પ્રકારો બતાવ્યા. એના પર ઘણો વિચાર કરવો જોઈએ, તે હવે જણાવવામાં આવે છે. (૧૮૩).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પારકી કથા કરવા કરતાં ધ્યાનમગ્ન રહેવું સારું—

**यावत् परगुणदोषपरिकीर्तने व्यापृतं मनो भवति ।**
**तावद्वरं विशुद्धे ध्याने व्यग्रं मनः कर्तुम् ॥१८४॥**

**અર્થ**—જેટલો વખત પારકા ગુણ કે દોષ કહેવામાં મન વ્યગ્ર રહેતું હોય તેટલો વખત મનને વિશુદ્ધ ધ્યાનમાં લાગેલું રાખવું તે સારું છે. (૧૮૪)

**વિવેચન—યાવત્**—જેટલો વખત મન આત્મવ્યતિરિક્ત પારકાના ગુણ કે દોષો વર્ણવવામાં લાગેલું કે ઉદ્યમવંત રહે તેટલો વખત વગેરે. તેવા સમયે શું કરવું વધારે સારું છે તે વાત અહીં કહે છે. આ પ્રાણી પારકાની સારીખરાબ વાતો કરવામાં ઘણો ઘણો પહોળો થઈ જાય છે. તે વખતે તેને કાંઈ કામ હોય તેમ લાગતું નથી. ગ્રંથકાર કહે છે કે એટલો વખત ધ્યાનમાં કાઢવો સારો છે. આ ગાથામાં એક ઘણો અગત્યનો પ્રશ્ન ચર્ચવામાં આવ્યો છે તે આપણે નીચે વિચારીશું.

**પરગુણદોષપરિકીર્તન**—પારકાના ગુણ અને દોષ બહલાવી કહેવા નહિ. પારકાના ગુણનું પણ પરિકીર્તન ઇચ્છવા જોગ નથી. પારકા દોષ બોલવા નહિ, તેની વાતો બીજા પ્રાણીને કરવી નહિ તે તો સમજાય તેવી વાત છે, પણ પારકા ગુણનું પણ પરિકીર્તન સારું નથી. આ ઉપદેશ ઘણી ઊંચી હદનો છે. પારકાની સારી કે ખરાબ વાતોમાં સમય વ્યતીત ન કરવો તે અત્ર ઉપદેશ છે. એમાં જે વખત જાય તે જ વખત ધ્યાનમાં કાઢવો તે વધારે સારું છે. બાકી આખી પ્રમોદ ભાવના પરગુણ ઉપર રચાયલી છે, તે ભાવનાનો અત્ર નિષેધ નથી, પણ અર્થ વગરની નકામી પારકાની પંચાત ન કરવી. પર એટલે પોતા સિવાયના સર્વ, પારકા એ અર્થમાં સમજવું.

પરગુણપરિકીર્તનમાં બડાઈ, શેખી અભિપ્રેત છે. અમારા દેશની રાણી આવી છે ને તેનાં રૂપ ગુણ આવાં છે એવી બડાઈ મારી શેખી કરવાની સામે આ ઉપદેશ છે. બાકી પૂજ જાણવી, માન આપવું તેનો પ્રતિષેધ નથી.

**વ્યાપૃત**—રચેલુંપચેલું, મશગૂલ. મન પારકી વાતો કરવામાં ઉદ્યુક્ત રહે, પારકી વાતો કરવામાં હોંસ લે તેના બદલે તે જ વખત વધારે સારી રીતે ગાળવાનો માર્ગ આ ગાથામાં બતાવવામાં આવ્યો છે.

**મન**—મન એટલે અહીં અંતઃકરણ સમજવું, એમ ટીકાકાર કહે છે. પણ મનનો ધર્મ જ વિચારણા છે અને પારકી ગુણાવગુણની વાત મન જ કરે છે, એટલે આપણું સાધારણ મન સમજવામાં કાંઈ વાંધો જણાતો નથી.

**તાવત્**—આવી ગુણની બડાઈ હાંકવામાં કે પારકા દોષો જોવામાં જેટલો સમય જાય છે તેટલો કાળ આ રીતે પસાર કરવો. નકામી સારી કે માઠી વાતોમાં વખત બરબાદ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ન કરવો, પણ તેટલો વખત આત્મિક તત્ત્વનું ચિંતન કરવું અને મનને એકાગ્ર રાખવું, તે વખતનો વધારે સારો સદુપયોગ છે.

**વર**—વધારે સારું, સુંદર, ઠીક. આ રીતે અત્ર બતાવેલ રીતે પરગુણ કે પરદોષ-કથનની ટેવ ન રાખવી. બડાઈ હાંકવાનું કે પારકા દોષને વર્ણવવાનું કામ સારું નથી. એને બદલે આવી રીતે ગાળેલ વખત વધારે સારો છે. આપણને પરના ગુણદોષ વર્ણવવાનો કે કહેવાનો કાંઈ અધિકાર નથી. એ જાણે અને એનાં કર્મ જાણે. એ પરગુણ કે પરદોષનું વર્ણન કરવું તે લાભકારક નથી.

**વિશુદ્ધ ધ્યાન**—આત્મધ્યાન. એ જ સમય આત્મિક ધ્યાનમાં, મનની એકાગ્રતા સાધવામાં વપરાય તો તે વધારે સારી વાત છે.

**વ્યગ્ર**—લગાડેલું. મનને ધ્યાનમાં જોડાય અને વિશુદ્ધ ધ્યાન થાય તો તે વધારે સારું છે.

જેટલો વખત પારકાની, આત્મવ્યતિરિક્ત જનોની, સારી કે ખરાબ વાત કરવામાં ગાળવામાં આવે તેટલો વખત ધ્યાનની એકાગ્રતા થતી હોય અને મન તેમાં પરોવાયેલું રહેતું હોય તો તે વધારે સારું. કહેવાની વાત એ છે કે પારકાના ગુણદોષની હાંકાહાંક કરવી તે કરતાં તે જ સમયનો ઉપયોગ ધ્યાનની એકાગ્રતામાં કરવો તે વધારે સારું છે. અહીં વધારે સારું કહીને પારકા ગુણદોષને ન વર્ણવવાનો ઉપદેશ છે. બડાઈ હાંકવા ખાતર અહીં પરગુણને પણ ઉતારી નાખવા પડે છે, પારકા ગુણો બડાઈ રૂપે બોલાય તે ઇષ્ટ નથી, તે કરતાં ધ્યાન વધારે સારું છે.

પારકા ગુણ કે દોષને આપણે વર્ણવીએ ત્યારે નકામી પારકાની વાતો થાય છે, એના કરતાં આવતી ગાથામાં કહે છે તે રીતે સમય પસાર કરવાથી આપણી પોતાની એકાગ્રતા થાય અને એકાગ્રતા વગર સિદ્ધિ થતી નથી. માટે પારકાની સારી કે ખરાબ વાતો કરવાનું આપણને કાંઈ કામ નથી અને એમાં આપણને લાભ નથી. એ નકામી બડાશો કરવી એ આપણને પાલવે નહિ. (૧૮૪)

**ત્યારે વખત મળે તો શું કરવું ?—**

**शास्त्राध्ययने चाध्यापने च संचिन्तने तथाऽऽत्मनि च ।**
**धर्मकथने च सततं यत्नः सर्वात्मना कार्यः ॥१८५॥**

**અર્થ**—શાસ્ત્રનો અભ્યાસ કરવામાં તથા બીજાઓને શિક્ષણ આપવામાં તથા આત્મા સંબંધી વિચાર કરવામાં, ચિંતન કરવામાં તેમ જ ધર્મોપદેશ દેવામાં સર્વ પ્રાણીઓએ પ્રયત્ન હંમેશા કરવો. (૧૮૫)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિવેચન**—ત્યારે સવાલ એ થાય છે કે ફુરસદનો વખત પસાર કેવી રીતે કરવો. આ ગાથામાં તેના રસ્તાઓ બતાવવામાં આવ્યા છે. તે માર્ગે વખત પસાર કરવો, પણ નકામાં ટોળટપ્પાં કરવામાં કે કોઈની વાતો કરવામાં સમય ન કાઢવો. આપણે ઘણાં અગત્યનાં કામો કરવાનાં છે. એવી નકામી વાતોના ઠઠેરા કરવામાં આવે ત્યારે વિચારવું કે જીવન એને માટે ઘણું ટૂંકું છે. મળતી ફુરસદનો ઉપયોગ કરવો.

**શાસ્ત્રઅધ્યયન**—પ્રથમ તો જેટલો બને તેટલો શાસ્ત્રનો અભ્યાસ કરવો. શાસ્ત્રાભ્યાસ એટલો લાંબો છે કે એમાં તો આખી જિંદગી વહી જાય. તમે અભ્યાસ કરવા લાગશો ત્યારે તમને જણાશે કે શાસ્ત્રરૂપી અર્ણવ મોટો છે, વિશાળ છે. આ ભણવામાં અને તેનું પુનરાવર્તન કરવામાં પુષ્કળ સમય જાય. એટલે હું નવરો છું, મારે કામ નથી એવું બહાનું કાઢવું નહિ. જે સમય મળે તેમાં અભ્યાસ કરો. નવાં નવાં પુસ્તકો વાંચવા, તેનું મનન કરવું, બીજાને પૂછવું, ભણેલ હકીકતનું પુનરાવર્તન કરવું અને એમાં જ સમય ગાળવો. પારકી સારી કે ખોટી ખણખોદ ન જ કરવી.

**અધ્યાપન**—બીજાને ભણાવવું. આપણને સમય હોય તો બીજાઓને પાઠ આપવા. તેઓને જ્ઞાન લેવામાં ઘણી રીતે સહાય કરી શકાય. તેમને વસ્તુ સમજાવવામાં અને વસ્તુનું હાર્દ સમજાવવામાં જે વખત જાય તે ઘણો ઉપયોગી છે. પરોપકાર દ્વારા તેમાં સારી રીતે સમય પસાર થાય છે. એટલે સમય પસાર કરવાની કદાચ તમને મુશ્કેલી હોય તો આ રીતે તે મુશ્કેલી દૂર થઈ જાય તેમ છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**આત્મચિંતન**—એમ કરતાં પણ કોઈને વખત મળતો હોય તો આત્મચિંતન કરવું. પોતે ક્યાંથી આવ્યો છે, ક્યાં જશે, આત્માને પુદ્ગળ સાથે શો સંબંધ છે, તે કેટલો વખત ટકવાનો છે, સંબંધ સ્થાયી છે કે અસ્થાયી છે, તેનો વિચાર કરવો અને આત્માને અનેક પ્રકારે ઓળખવો.

**ધર્મકથન**—એમ કરતાં પણ વખત મળે તો તે વખત બીજાને ધર્મદેશના દેવામાં, ધર્મ સમજાવવામાં પસાર કરવો. ધર્મદેશના સચોટ દેવી, તે માટેની તૈયારી કરવી અને જાણે માથે વેઠ આવી પડેલ છે તેમ વ્યાખ્યાન ન કરવું, પણ ચાલુ જમાનાને અનુકૂળ અને દાખલા દલીલોથી ભરપૂર વ્યાખ્યાન કરવું. વખત મળે તો તેને માટે બધા લોકોએ હમેશા આ રીતે યત્ન કરવો, પણ પારકાની પંચાતમાં પડી તેના ગુણદોષ બોલવામાં અને તેની વાતો કરવામાં સમય પસાર ન કરવો. આપણી સાચી દાનત હોય તો ઘણાં અગત્યનાં કામ છે. એ કામો અથવા એમાંથી જેટલાં જરૂરી લાગે કે પોતાથી બની શકે તેમ હોય તેવાં, ઉપર જણાવેલાં ચાર કામ પૈકી એક કે વધારે કામોમાં સમય પસાર કરવો, પણ પારકા ગુણદોષ બોલવામાં અને એની બડાશો મારવામાં સમય ન ગાળવો. આ વાત ચીવટની છે, મહા ઉપયોગી છે, જરૂરી છે, માટે સર્વ કાળને માટે દરેક પ્રાણીએ એને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માટે પ્રયત્ન કરવો. નિશ્ચય હોય તો ધારીએ તેવું કામ થઈ શકે છે. એ વાતનો વિચાર કરી વખતનો સદુપયોગ કરવો અને નકામી વાતો તજવી.

શાસ્ત્રના અધ્યયન અને અધ્યાપનની વાતો કરવી. તે શાસ્ત્ર કેવાં હોય તે આવતી ગાથામાં જણાવે છે. આવતી ગાથા પણ આજ વિષયના સમર્થનને અંગે છે. (૧૮૫)

**શાસ્ત્રની વ્યુત્પત્તિ--**

**शास्त्विति वाग्विधिविद्भिर्धातुः पापठ्यतेऽनुशिष्टयर्थः ।**
**त्रैङिति च पालनार्थे विनिश्चितः सर्वशब्दविदाम् ॥१८६॥**

**અર્થ**--શાસ્ત્ર શબ્દમાં શાસ્ અને ત્રૈ એવા બે શબ્દ છે. વિધિને જાણનાર ચૌદ-પૂર્વધરોએ નિર્ણય કર્યો છે કે શાસ્ ધાતુ પરિચયના અર્થમાં વપરાય છે અને ત્રૈ ધાતુ પાલનના અર્થમાં વપરાય છે. આ નિર્ણય પંડિતોએ કરેલો છે. (૧૮૬)

**વિવેચન**--હવે અહીં શાસ્ત્ર શબ્દની વ્યુત્પત્તિ સ્પષ્ટ કરે છે. જ્યારે અમુક શબ્દનું મૂળ ન સમજાય ત્યારે તેનો નિઘંટુ-મૂળ શબ્દ શોધવો અને ચૌદપૂર્વધર જે અર્થ સ્વીકારતા આવ્યા છે તે સમજવો જરૂરી છે. શાસ્ત્રને ભણવા, ભણાવવાની જ્યારે આપણે ઉપર વાતો કરી ત્યારે મોટા પૂર્વધરોએ 'શાસ્ત્ર' શબ્દ કેવા અર્થમાં વાપર્યો છે તે જાણવું જોઈએ, કે જેથી શાસ્ત્ર શું છે તેની ખરી મહત્તા આપણને જણાય અને એને ભણવ ભણાવવામાં સમય ગાળવો તે વાજબી છે, ઉપયોગી છે, તેમ આપણને સ્પષ્ટ સમજાય. તેટલા માટે આપણે શાસ્ત્ર શબ્દના મૂળ તરફ જઈ તેની વ્યુત્પત્તિ સમજીએ. વેદને સમજવા એના છએ અંગો જાણવા પડે છે, તેમાં નિરુક્ત વ્યુત્પત્તિ તરફ ધ્યાન આપે છે. યાસ્કે આ નિરુક્ત ઉપર ટીકા લખી છે. એ નિરુક્ત કે નિઘંટુની રીતે આપણે શાસ્ત્ર શબ્દ વિચારીએ.

**શાસ્**--ચૌદપૂર્વધર જેઓ વાણી કેવી રીતે વાપરવી તેમાં પૂર્ણ અભ્યાસી હતા, મહાવૈયાકરણીય હતા, શબ્દશાસ્ત્રની સર્વ વિધિઓ જાણતા હતા, તેઓ જણાવી ગયા છે કે 'શાસ્' ધાતુ અનુશાસનના અર્થમાં વપરાય છે, એટલે કોઈને અનુશિષ્ટિ કરવી હોય, કાંઈ દોરવણી આપવી હોય, કાંઈ હુકમ કરવો હોય તે અર્થમાં એ શાસ્ ધાતુ વપરાય છે. આવા મોટા પૂર્વધરો અને અક્ષરનો પ્રયોગ જાણનારા જે કહે તે આપણે સ્વીકારવું જોઈએ. આ હુકમની પદ્ધતિ બરાબર અનુસરણને યોગ્ય છે.

**ત્રૈઙ્**--ત્રૈઙ્ ધાતુ પાલનના અર્થમાં વપરાય છે. 'ત્રાયતે' શબ્દ એ ધાતુ પરથી જ નીકળે છે, વ્યાકરણ સમજનારે એવો નિશ્ચય કર્યો છે. 'શાસ્' ધાતુ અનુશાસનના અર્થમાં અને 'ત્રૈ' ધાતુ પાલનના અર્થમાં વપરાય છે.

**અનુશિષ્ટિ**--હુકમ, દોરવણી, અનુશાસન.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શાસ્ અને ત્રૈ એ બે ધાતુનો શાસ્ત્ર શબ્દ બને છે. શાસ્ત્ર હુકમ કરીને પ્રાણીનું પાલન-રક્ષણ કરે છે. એનો હુકમ પ્રાણીને દુર્ગતિમાં પડવાથી બચાવી લે છે, પણ હુકમને માનવો જ જોઈએ, સત્ય તરીકે સ્વીકારવો જોઈએ.

**સર્વશબ્દવિદ્**--પ્રાકૃત સંસ્કૃત શબ્દના જાણકારો. આવા તો માત્ર પૂર્વધર મુનિ જ હોય, કારણ કે એના રાગદ્વેષ ઘણા ઘટી ગયા છે, તેઓ જાતે નિઃસ્પૃહી છે અને કયા શબ્દનો કઈ રીતે ઉપયોગ કરવો, તેના જાણનાર છે, તેમાં ઘણા આગળ વધેલા છે. તેઓ શબ્દશાસ્ત્ર અને વ્યાકરણનો પાર પામેલા છે, પારંગત છે, ખૂબ વિચારક છે. તેઓએ 'શાસ્ત્ર' શબ્દનો આ અર્થ કરેલો છે. (૧૮૬)

**'શાસ્ત્ર' શબ્દનો અર્થ**--

**यस्माद्रागद्वेषोद्धतचित्तान् समनुशास्ति सद्धर्मे ।**
**संत्रायते च दुःखाच्छास्त्रमिति निरुच्यते तस्मात् ॥१८७॥**

**અર્થ**—રાગદ્વેષથી જેમનાં મન ક્ષુબ્ધ થયેલાં છે એવા પ્રાણીઓને દબાવી ફોસલાવી સદ્ધર્મમાં લાવી મૂકે છે અને દુઃખમાંથી પ્રાણીઓનો બચાવ કરે છે, માટે તેને શાસ્ત્ર કહેવામાં આવે છે. (૧૮૭).

**વિવરણ**—હવે 'શાસ્ત્ર' શબ્દનું જે વ્યુત્પત્તિસ્થાન મુકરર કર્યું તેને કેવી રીતે લગાડવું અને તે કેમ લાગે છે તે આ ગાથામાં સ્ફુટ કરે છે. આ 'શાસ્ત્ર' શબ્દનો અર્થ વિચારીને તેને તે અર્થમાં અનુસરવો.

**રાગદ્વેષ**--આ પ્રાણીને રાગદ્વેષ કેવી રીતે હેરાન કરે છે, સંસારમાં રખડાવે છે તે આપણે પૂર્વે વિષયકષાયના પ્રકરણમાં જોઈ ગયા છીએ. રાગ એટલે સંસાર કે સગાઓ પ્રતિ પ્રેમ, આકર્ષણ અને તેમના તરફ પ્રીતિ અને તેનાથી ઊલટો તે દ્વેષ, અપ્રીતિ. આ રાગદ્વેષ પ્રાણીને સંસારમાં ખૂબ મૂંઝવે છે તે વાત અગાઉ વિચારાઈ ગઈ છે.

**ઉદ્ધત**—બેશરમ, બેઅદબ, હલાવેલ. આ રાગદ્વેષથી મન હાલે ચાલે છે, ઊંચું-નીચું થાય છે, લાજશરમ વગરનું થઈ જાય છે, એને નાનામોટાનો સંબંધ રહેતો નથી. રાગદ્વેષ પ્રાણીને બેશરમ બનાવી અનેક જાતના નાચ કરાવે છે. એ પ્રાણીની લાજમર્યાદા મૂકાવી દે છે. આ પ્રાણીઓને શાસ્ત્ર ફરમાવે છે કે તેમણે તેવા ન થવું જોઈએ. આટલું અનુશાસન કરીને તેમને વિશુદ્ધ ધર્મમાં સ્થાપન કરે છે, તેમને ઠેકાણે લઈ આવે છે અને તેમની સર્વ ઉદ્ધતાઈને સરખી કરે છે, આનું નામ જ અનુશાસન.

**સદ્ધર્મ**—સારા સાચા ધર્મમાર્ગે લઈ આવે છે, એનો અતિ બેશરમ રાગદ્વેષનો માર્ગ મૂકાવી પ્રાણીને સદ્ધર્મ તરફ દોરવણી આપે છે. આથી રાગદ્વેષથી ભરેલા ચિત્તને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જુદો માર્ગ જ મળી જાય છે અને એ રાગદ્વેષનો માર્ગ મૂકી વિશુદ્ધ ધર્મમાર્ગે આવે છે. તેની દિશા ફરી જાય છે.

**સંત્રાયતે**—શાસ્ત્રમાં એક 'શાસ્' ધાતુ આવ્યો તેનું ઉપર વર્ણન કર્યું, બીજું, એમાં 'ત્રૈ' ધાતુ આવે છે. તેનો અર્થ 'રક્ષણ કરવું' છે. સંત્રાયતે એટલે જે રક્ષણ કરે છે, દુઃખથી જે બચાવે છે તે શાસ્ત્ર. શાસ્ત્રનાં બે કામ થયાં, એક તો એ અનુશાસન કરે છે અને બીજું એ દુઃખમાંથી બચાવે છે, રક્ષણ કરે છે. તેની આ પ્રમાણે વ્યુત્પત્તિ થઈ. રાગદ્વેષથી ઉદ્ધત થયેલા ચિત્તને અનુશાસન કરી ઠેકાણે લાવે અને દુઃખમાંથી જે બચાવી લે તે શાસ્ત્ર.

**તસ્માત્**—તે કારણે. આ ઉપર જે વ્યુત્પત્તિ કરી તેમાંથી આપણને તે બે કારણો મળી ગયાં. તેટલા માટે એને શાસ્ત્ર કહેવામાં આવે છે. તે વાત આવતી ગાથામાં બહુ સ્પષ્ટ કરશે. (૧૮૭)

**માટે શાસ્ત્રને અનુસરવું**—

**शासनसामर्थ्येन तु संत्राणबलेन चानवद्येन ।**
**युक्तं यत्तच्छास्त्रं तच्चैतत् सर्वविद्वचनम् ॥१८८॥**

**અર્થ**—શાસન કરવાની શક્તિથી અને નિર્દોષ રક્ષણ આપવાની શક્તિથી જે યુક્ત હોય તેને શાસ્ત્ર કહેવાય એવું તીર્થંકર મહારાજનું વચન છે. (૧૮૮)

**વિવેચન—શાસનસામર્થ્ય**—ઉપર જણાવ્યું તેમ શાસન કરવાની તેનામાં સમર્થાઈ હોવાને કારણે એ શાસ્ત્ર કહેવાય છે. પોતે જે હુકમ કરે તેનો અમલ કરાવવાની તેનામાં શક્તિ છે. શાસ્ત્ર હુકમમય જ હોય છે. તમારે આમ કરવું કે તેમ ન કરવું એવા ફરમાન શાસ્ત્રમાંથી કાઢેલાં હોય છે.

**સંત્રાણ**—રક્ષણબળ શાસ્ત્રમાં ભરપૂર હોય છે. તે બતાવે છે કે તમે અમુક કામ નહિ કરો તો તમે નરકાદિક ગતિમાં નહિ પડો. આવી રીતે એ પ્રાણીને પોતાના જોરથી બચાવી લે છે.

**અનવદ્યેન**—નિર્દોષ. એ શાસ્ત્રમાં જે બળ છે તેમાં અને આ ચાલુ શારીરિક બળમાં ઘણો તફાવત છે. શારીરિક સ્થૂળ બળ તો પાપથી ભરપૂર હોય છે, પણ શાસ્ત્ર જે પદ્ધતિ બતાવે તે નિર્દોષ હોય છે. એમાં કોઈ જાતની દોષાપત્તિનો પ્રસંગ નથી.

**સર્વવિદ્**—આને શાસ્ત્ર કહે છે એમ તીર્થંકરો કહે છે. અથવા, આવા પ્રકારનું શાસ્ત્ર તો તીર્થંકરનું વચન જ હોઈ શકે એવો પણ અર્થ થઈ શકે. તીર્થંકરને કોઈ જાતની આશા અપેક્ષા ન હોવાથી તેઓ જે બોલે તે જ શાસ્ત્ર છે, તે અનુશાસન પણ કરે છે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને દુઃખમાંથી બચાવ પણ કરે છે. આવું નિરવદ્ય વચન તો શ્રી તીર્થંકરો જ બોલી શકે. તીર્થંકરનાં વચન તે જ જાતે શાસ્ત્ર છે એમ કહેવામાં કોઈ જાતનો વિરોધ-વાંધો નથી.

આ રીતે શાસ્ત્ર કોને કહેવાય અને તીર્થંકરનાં વચનો કેવી રીતે શાસ્ત્ર છે તે વાત સ્પષ્ટ કરવા સાથે આવા પ્રકારની તીર્થંકરના વચનની કથા કરવી એમ જણાવી આ અધિકાર પૂર્ણ કર્યો. (૧૮૮)

* * *

આ રીતે આ કથાનો નાનો અધિકાર પૂર્ણ થાય છે. એમાં ઘણી મહત્ત્વની વાતો કરી. અત્યાર સુધીની આપણી સમજણમાં આપણે ચાર પ્રકારની સુકથાની વાત જાણી ન હતી. એ ચારે પ્રકારો જણાવી આપણને કથા કહેવાનો રસ હોય તો તે પ્રકારની કથાઓ કરવી એમ જણાવે છે. એ ચાર પ્રકારો ઉપર જણાવવામાં આવ્યા છે, એ જાતની કથા કરવામાં કોઈ પ્રકારનો વાંધો નથી.

અને સાથે કહ્યું કે દુષ્કથા ન કરવી. નદીકાંઠે બેઠા છીએ અને એક હતો રાજા અને એક હતી રાણી–એવી એવી વાતો કરવી, એક કહેવા માંડેલ કથા દિવસો સુધી ચલાવવી અને તે રસ આવે તેવી રીતે મૂકવી, એ બધું નિરર્થક છે. તે રાજા હતો તેમાં આપણે શું? અને રાણી હતી તો હતી. આવા નકામાં ટાયલાં કરવાં અને મહામુસીબતે મળેલ સારો વખત વાપરી નાખવો અને બગાડવો તે આપણને ઘટતું નથી.

અને આ કાળમાં છાપા-ન્યુસપેપરોએ ભારે નુકસાન કર્યું છે. આપણને જરૂરી ન હોય તેવી અનેક વાતો અને દેશદેશના સમાચારો તેમાં આવે છે. તે સર્વ વાંચવામાં દરેક માણસનો સમય ઘણો જાય છે. તે કાં તો રાજકથામાં આવે છે અથવા દેશકથામાં આવે છે. એ રીતે સમયને વેડફી નાખવો એ આપણને પાલવે નહિ. સમાચાર જાણવા પૂરતાં છાપાંઓ બહુ ઝપાટાબંધ વાંચી જવા અને સમયનો દુર્વ્યય ન થવા દેવો. ઉપરાંત, કલ્પિત વાતમાં આપણો હલકો સ્વભાવ હોય તો પોસાય છે અને તેવી નજીવી વાતોમાં આપણો સમય પસાર થાય છે. રાજદ્વારી વાતોમાં પણ ઘણો સમય પસાર થઈ જાય છે. અમુક પ્રધાને રેશનની જાહેરાત કરી અને અમુક પ્રધાને પોતાના સગાને અમુક જગા આપી કે ફલાણા પ્રધાને જે પોલીસી જાહેર કરી તે તેના પોતાના હિતની હતી, પ્રધાનનો અમુક વેપારમાં ભાગ હતો અને ચોક્કસ વેપારીને તેણે ફ્રી જનરલ લાઈસેન્સ (પરવાનો) આપવામાં મહેરબાની બતાવી અને અમુક પ્રધાનમંડળ નગણું છે, આવી આવી વાતો કરવામાં માણસ પોતાનો સમય વેડફી નાખે છે. એમાં એનું જરા પણ ઉપજતું નથી, પણ વાતો કરવાની જ ટેવ પડી હોય છે. मुखमस्तीति वक्तव्यम् 'મોઢું છે, માટે બોલવું તો જોઈએ જ' એમ મુખની ચળ પ્રાણી ઘણી વખત ઉતારે છે અને તેના બોલવાનું કાંઈપણ પરિણામ આવતું નથી, પણ એ તો બોલીને નકામો સમય પસાર કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજકથા અને દેશકથાને અંગે આ જીવ પોતાના મુખ પર ચોકડું જ રાખતો નથી. એ તો સાંભળેલી વાત સાચી છે કે નહિ તેની તપાસ કર્યા વગર ચલાવ્યે જ રાખે છે, આમાં પોતાની શક્તિનો મોટો દુર્વ્યય થાય છે તે પ્રાણી વિચારતો નથી અને શક્તિની કિંમત શી છે તે જાણતો નથી અને પોતાનું ન ચાલે, ન ઉપજે તો પણ બોલબોલ કરે જ છે. આ સર્વ પદ્ધતિ તજવાયોગ્ય છે.

રાજકથા–દેશકથા પ્રાણી કર્યા જ કરે છે અને પોતાની નવરાશનો વખત જે આત્મચિંતન કે તત્ત્વચિંતનમાં ગાળવો જોઈએ તેને બદલે નકામી રાજકથામાં પસાર કરે છે. આ ખોટી રીતિ છે અને તેના પર જેટલો જલદી અંકુશ આવી જાય તેટલો પ્રાણીની શક્તિનો દુર્વ્યય થતો અટકે છે. આ રાજકથા અને દેશકથાની વાત થઈ પણ તે ઉપરાંત પ્રાણી સ્ત્રીકથા પણ નવરાશને વખતે ખૂબ કરે છે. અમુક સ્ત્રી શંખણી જેવી છે ને અમુક સ્ત્રી વઢવાડ કરનારી છે, અને અમુક સ્ત્રી હાથી જેવી ચાલે છે અને કુટડી છે, બહુ બટકબોલી છે અને અમુક સ્ત્રી ચાલવામાં છપ્પરપગી છે અને કપડાં પહેરવામાં આછકડી છે અને એવી એવી વાતો કરવામાં પ્રાણી પોતાનો સમય પસાર કરે છે. ગ્રંથકાર કહે છે કે એ જ સમય જો પ્રાણી તત્ત્વચિંતન કે આત્મિક જ્ઞાન મેળવવામાં પસાર કરે તો તેનું સારું થઈ જાય. આ ખૂબ ધ્યાન આપવા જેવી વાત છે.

અને પ્રાણી ભોજનસંબંધી પણ અનેક કથા કરે છે. અમુક નાતમાં સુરતથી શાક મંગાવ્યા, અમુકને ત્યાં તૈયાર કરેલ વસ્તુઓ ખૂટી, આજે અમારે ત્યાં શીરો, બીરંજ કર્યાં હતાં કે પાપડીનું શાક કર્યું હતું. એ શાક લઈને તેને સમારતાં અગિયાર વગાડશે અને દરમ્યાન પણ અનેક ગામગપાટા મારશે. આવી ભોજનકથામાં પણ કાંઈ સાર નથી. તે સમયનો દુર્વ્યય છે અને પ્રાણીને દુર્ગતિ કરાવી અંતે તેને ખરાબ ગતિમાં ભ્રમણ કરાવનાર છે.

માટે પ્રાણીએ રાજકથા, દેશકથા, ભોજનકથા કે સ્ત્રીકથા કરી નકામો વખતનો દુરુપયોગ ન કરવો ઘટે, પણ જ્યારે જ્યારે સમય મળે ત્યારે આત્મચિંતન કે તત્ત્વચિંતન કરવું જોઈએ. આ ચારે કથાઓ તો અનર્થદંડની છે, નકામી અને કાંઈ અર્થ ન સરે તેવી અને વખતનો દુર્વ્યય કરાવનારી છે. સમજુ માણસ એ ચારે કથા ન કરે. ત્યારે માણસે કરવું શું?

જો કે કથા કરવાની કે બોલવાની જરૂર નથી તો પણ બોલવું જ હોય તો આ પ્રકરણમાં આપેલ આક્ષેપણી, વિક્ષેપણી, સંવેદિની અને નિર્વેદિની એ ચાર કથાઓ કરવી. એ ચારે કથાનો આશય આત્માની ઓળખાણ અને સંસારની પિછાન આપવાનો છે. એ ચારે કથા કેવી હોય તેની વ્યાખ્યા આ પ્રકરણમાં કરવામાં આવી છે. તે ચારેમાં આશય સંસાર સ્વરૂપની વિચારણા કરવાનો છે અને સંસાર ખરેખર કેવો છે તેનો ખ્યાલ આપનાર તે

જૈન સાઈટ JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કથાઓ છે. તમારે બોલવું જ હોય તો તે ચારમાંથી કોઈ એક કે બે પ્રકારની કથા કરો, પણ પ્રથમ તો મૌનનો જ મહિમા સમજો. શા માટે તમારે કાંઈપણ બોલવું જ જોઈએ ? મૌનને લઈને તમારી શક્તિ જળવાઈ રહે છે, તેનો દુર્વ્યય થતો અટકે છે અને તમને જાત ઉપર વિશ્વાસ રહે છે. નકામું બોલવું તેના કરતાં ન બોલવામાં બહુ લાભ છે. કહેવત છે કે 'ન બોલે નવ ગુણ.' આ નવ ગુણો કયાં છે તે તો પ્રભુ જાણે, પણ મૌન રહેવાથી ઘણા લાભ છે અને તે દેખીતા છે. કાંઈ ન બોલવાથી નુકસાન તો નથી જ અને હોઠ બહાર તે કોટ બહાર તો ન જ થાય. સારામાં સારો રસ્તો તો એ જ છે કે બોલવાનો પ્રસંગ આવે ત્યારે પણ મૌન રહેવું. ન બોલનાર અંતે જીતે છે અને એ કદી હારતો તો નથી જ. તેથી આ ન બોલવાનો ગુણ કેળવવા જેવો છે. ન બોલનારો કદી દ્વિધામાં પડતો જ નથી. માટે બનતા સુધી બોલવું જ નહિ અને બોલવું જરૂરી હોય તો પણ ચાર વિકથામાંથી એકપણ કરવી નહિ. વિચારણા માટે હવે તત્ત્વજ્ઞાન કહેશે. તેનું ચિંતન કરવું અને બોલવા ઉપર નિગ્રહ રાખવો.

જવાબદારી ન સમજનાર બોલી બોલીને શું બોલે છે ? એને કાંઈ જવાબદારીનો સવાલ જ નથી. એટલે એ ઘણીવાર બોલવાને બદલે બરડે છે અને સરવાળે પસ્તાય છે. આને બદલે શક્તિનો વ્યય અટકાવનાર મૌન ધારણ કરે તો તેનું શું જવાનું છે ? તે બોલશે તો જ કાંઈ દુનિયા ચાલવાની છે એમ તેણે ધારી લેવું નહિ. દુનિયા તો ચાલે જ છે અને તે નહિ બોલે તો પણ ચાલવાની જ છે. આવા શક્તિવ્યય કરનાર બોલનો કાંઈ અર્થ નથી. પોતાની જવાબદારી ન હોય ત્યાં બોલવું તેનો અર્થ કે ઉપયોગ પણ નથી. ન બોલવાની ભલામણ કરી, મૌનનો લાભ વિચારવાનો આગ્રહ કરી હવે આ કથાનું પ્રકરણ બંધ કરીએ.

॥ इति कथाप्रकरणम् ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૯ મું : તત્ત્વ

તત્ત્વ એટલે જાણવાલાયક પદાર્થો. આ દુનિયામાં જેના નામ આપી શકાય તેવા સાત અથવા નવ પદાર્થો છે. સાત અથવા નવ કહેવાનું કારણ એ છે કે પુણ્ય અને પાપ એ તો સુખઅનુભવ કે ખરાબ અનુભવ જે કરાવે છે, તે કર્મો જ છે અને તેનો સમાવેશ બંધ તત્ત્વમાં થઈ જાય છે. જેમ નૈયાયિકોએ ૨૪ પદાર્થો બતાવ્યા છે તેમ જિનેશ્વર દેવે સાત અથવા નવ પદાર્થો બતાવ્યા છે.

પદાર્થો એનું નામ કહેવાય કે જેમાં સર્વ વસ્તુનો-જેનું નામ આપી શકાય તે સર્વનો, સમાવેશ થઈ જાય. એટલે, એ સાત કે નવ પદાર્થો ઉપરાંતની કોઈ પણ વસ્તુ આ દુનિયામાં કે મુક્તિમાં ન રહેવી જોઈએ કે જેનો એ સાત તત્ત્વોમાં સમાવેશ ન થતો હોય. આ સાત પદાર્થોમાં દુનિયાના સર્વ પદાર્થોનો અને મોક્ષના સર્વ પદાર્થોનો સમાવેશ થાય છે. આ સાત તત્ત્વોને આપણે ઘણાં દૃષ્ટિબિંદુથી ચર્ચીશું અને તેમને ઓળખવા પ્રયત્ન કરીશું. તેઓમાં જીવ અને અજીવ સર્વ વસ્તુનો સમાવેશ થઈ જાય છે અને તે સર્વ પદાર્થો જ માત્ર આ જીવનમાં કે મુક્તિમાં હોઈ શકે છે. એ સિવાય કોઈપણ પદાર્થ બાકી રહેતો નથી. વૈશેષિકે દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, સમવાય અને અભાવ એમ કુલ સાત પદાર્થ ગણાવ્યા છે. જૈનના સાત પદાર્થો પણ એવી યોજનાથી ગોઠવાયેલા છે કે એની બહાર આ દુનિયામાં કે મોક્ષમાં કોઈ પદાર્થ રહેતો નથી. એના સંબંધમાં ઘણી વસ્તુઓ કહેવાની છે તે તેના યોગ્ય સ્થાનકે કહેવામાં આવશે. આ દુનિયામાં આપણે નકામી વાર્તા કે કુથળી કરીએ છીએ અને નકામો સંસાર વધારીએ છીએ અને ઘણી વખત તો આપણે કાંઈ લેવાદેવા ન હોય તેવી સંબંધ વગરની વાતો કરવામાં અને વાર્તા કહેવા કે સાંભળવામાં સમય પસાર કરીએ છીએ. એને બદલે તત્ત્વનો વિચાર કરવો. આ દુનિયા કે મોક્ષમાં એટલા જ પદાર્થો છે એનો વિચાર કરી એ તત્ત્વચિંતનમાં સમય પસાર કરવો. એ વખતનો સદુપયોગ છે, તેથી કથાના પ્રકરણમાં આ તત્ત્વચિંતનનો પ્રશ્ન લઈ લેવો અને ખરેખર તત્ત્વો કયાં છે તે વિશે ચિંતન કરવામાં સમય પસાર કરવો એ ઘણું સારું છે. એથી કથાના પ્રકરણ પછી આ તત્ત્વનું પ્રકરણ આવે તે બરાબર છે. એ તત્ત્વોના ચિંતનમાં સમય પસાર કરવો અને નકામી કુથળી કે વાર્તામાં સમય પસાર ન કરવો અને અનર્થદંડના પરિણામથી બચવું એ આપણી આપણા આત્મા તરફની એક ફરજ છે અને તે ફરજને પાર પાડવામાં આપણો અર્થ વગરનો થતો શક્તિવ્યય બચે છે. જ્યારે શક્તિ-



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વ્યયનો વિચાર આવે છે ત્યારે આખા દિવસમાં નકામી પંચાતો આપણે કેટલી કરીએ છીએ અને આપણો કોઈ અર્થ ન સરે તેવી પારકી વાતો કેટલી કરીએ છીએ તે ખ્યાલમાં રાખવું ઘટે.

ખરી રીતે તો પોતે કોણ છે, ક્યાં જવાનો છે એવી આત્માને ઓળખવાની વાત કરવી જોઈએ. આત્માને લાગેલાં કર્મો, તેમનાથી થયેલો આઘાત અને અંતે મરીને એવી જ કોઈ ભળતી ગતિમાં જવાનું – એમ ઉત્તરોત્તર ખાડામાં પડવાનું જ થાય છે એવી અગત્યની વાતો આપણે કરવી જોઈએ પણ કરતા નથી.

ખરું તત્ત્વચિંતન ન કરતાં ભળતી વાત કરીને આપણો સમય પસાર કરીએ છીએ અને જરાપણ કર્તવ્ય કરતા નથી. નકામા આંટા માર્યા કરીએ છીએ, અને અંતે અનંતકાળ ભેગા આપણી જાતને પણ ઓરી દઈએ છીએ. આવી અવ્યવસ્થિત સ્થિતિમાં કોઈ જાતનો લાભ નથી. એથી સંસાર વધે છે અને આપણા હજારો કરોડો ભવ વધી જાય છે. એને બદલે જો આપણે તત્ત્વચિંતન કરીએ તો શક્તિનો દુર્વ્યય થતો મટી જાય છે અને અંતે એનાથી પોતાની જાતની પિછાણ થતાં આપણે આપણી જાતને બરાબર ઓળખી તેને સીધે રસ્તે ચઢાવી દઈ શકીએ છીએ.

जैन साईट JAINSITE .com जयतु शासनम्

આપણી જાતને પૂરેપૂરી જાણવા–પિછાનવાનો પ્રામાણિક પ્રયત્ન આપણે કર્યો હોય તેમ લાગતું નથી, નહિ તો આ રખડપટ્ટી અને લગામ વગરની આપણી ચાલ ન હોય. સમજુ માણુસે પોતાની જાતને બરાબર ઓળખવી જોઈએ અને આ પુદ્ગળ અને પોતાનો શો સંબંધ છે તે વિચારીને સમજવો જોઈએ, અને પોતે અહીં ક્યાંથી અને શા માટે આવેલ છે તે સમજી તેના આ ભવના ફેરા મટાડવા જોઈએ.

બાકી પોતાનાં સગાં કે છોકરાંઓ માટે તો દરેક ભવમાં ઘણું કરી આવ્યા પણ અંતે તો પોતાનાં કરેલાં પોતે જ ભોગવવાં પડે છે. એ રીતે તો અનેક અનુભવો કરેલા છે, પણ અનંતકાળથી આપણા ફેરા મટતા નથી, કારણ કે આપણે એ ફેરાનું કારણ જાણતા નથી અને જાણવાનો વખત મળે ત્યારે નકામી વાતોમાં સમય કાઢી નાખીએ છીએ. તેથી પ્રત્યેક સમજુ માણુસની ફરજ છે કે જ્યારે જ્યારે તેને તક મળે ત્યારે આવી તત્ત્વચિંતનની સુવિચારણામાં પોતાનો સમય વ્યતીત કરવો અને આવી મળેલ તકને, શુભ અવસરને ગુમાવવો નહિ. અનેકવાર ચૂકીને આપણે અહીં આવી પહોંચ્યા છીએ. આ અવસર વાતોમાં કાઢવો કે પોતાનો અભ્યાસ ન કરવો એ આપણને પાલવે નહિ. તત્ત્વચિંતન કરો, સ્વને ઓળખો અને નીચેનું આખું પ્રકરણ વિચારો. તમારી ઘણી ગૂંચો એનાથી દૂર થઈ જશે અને તમારા આ જીવનને, આ ફેરાને સફળ કરશો. આ તત્ત્વચિંતનની વાત જેવી તેવી ન ગણશો. તમારે માટે એ જીવનનો સવાલ છે, તમારા ભવિષ્યનો એ સવાલ છે અને તમારો અતલગનો એ ઉપયોગી સવાલ છે. એ સવાલનું મહત્ત્વ સમજી આ આખા પ્રકરણ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ની દરેક બાબત ઘણાં દષ્ટિબિંદુથી વિચારશો અને આ જીવનને સફળ બનાવશો. આમાં રસ ન પડે તોપણ સમજશો. રાજાની વાર્તા જેવો આમાં રસ ન પડે તો તમારું દુર્ભાગ્ય છે એમ માનશો, પણ આ મળેલી તકને ન ગુમાવશો.

આટલો ચાલુ ઉપોદ્‌ઘાત કરી આપણે ગ્રંથકર્ત્તાએ કરેલી અગત્યની વાતોને સમજવા પ્રયત્ન કરીએ અને આપણને મળતી તક એના ચિંતનમાં ગાળીએ. વધારે ટીકા પ્રાંત ભાગ ઉપર મુલતવી રાખી આપણે ગ્રંથને આગળ વિસ્તારીએ. અત્યારે આટલી પ્રેરણા જ જરૂરી છે. બાકી ચાખ્યા વગર વસ્તુ ન જણાય અને સમજ્યા વગર જ્ઞાન ન થાય. તેથી વધારે પ્રસ્તાવના ન કરતાં એનું ચિંતન કરવાની સૂચના કરી આપણે ગ્રંથચિંતનના અતિ મહત્ત્વના કામમાં પડી જઈએ.

**નવતત્ત્વનાં નામો—**

**जीवाजीवाः पुण्यं पापास्रवसंवराः सनिर्जरणाः ।**
**बन्धो मोक्षश्चैते सम्यक् चिन्त्या नव पदार्थाः ॥१८९॥**

**અર્થ**—જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ એ નવ પદાર્થોને સારી રીતે વિચારવા. (૧૮૯)

**વિવરણ**—આ શરૂઆતની ગાથામાં નવતત્ત્વનાં નામ માત્ર જણાવ્યાં. એની વિગતો હવે પછીની ગાથામાં આવવાની છે, ત્યાંથી તે વિચારવી. પુણ્ય અને પાપ અનુક્રમે સારા અનુભવ અને ખરાબ અનુભવના કારણ રૂપ શુભ અને અશુભ કર્મો છે. એટલે પુણ્ય અને પાપનો 'બંધ' તત્ત્વમાં સમાવેશ થઈ જાય છે. તેથી અનેક વિચારકોનો મત છે કે પદાર્થો તો માત્ર સાત જ ગણવાના છે. આ સાત કે નવ પદાર્થોનું ચિંતન કરવું. આ નવ તત્ત્વો પર ઘણી બાબતો અન્ય ગ્રંથોમાંથી કહેવાની હોવાથી અહીં તે પર વિવેચન કરતા નથી, ગ્રંથકાર પોતે જ વિવેચન કરે છે. જરૂર હશે ત્યાં અન્ય અભ્યાસીઓના વિચારો જણાવવામાં આવશે. અહીં તો માત્ર નવ તત્ત્વોનાં નામ જાણી તેનું સતત ચિંતન કરવા અભ્યાસ પાડવાની વાત જણાવી. આ તત્ત્વચિંતન જરૂર કરવું, કારણ કે અંતે ખરું સાથે આવનાર તો એ જ છે. (૧૮૯)

**પ્રથમ જીવતત્ત્વને સમજવું—**

**जीवा मुक्ताः संसारिणश्च संसारिणस्त्वनेकविधाः ।**
**लक्षणतो विज्ञेया द्वित्रिचतुष्पञ्चषड्भेदाः ॥१९०॥**

**અર્થ**—જીવો મોક્ષમાં ગયેલા અને સંસારી છે. સંસારી જીવો અનેક પ્રકારના છે. તેઓ લક્ષણથી બે, ત્રણ, ચાર, પાંચ અને છ પ્રકારના હોય છે. (૧૯૦)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિવરણ**—હવે આપણે પ્રથમ જીવતત્ત્વ અનેક રીતે વિચારીએ છીએ. એના વિવેચનમાં જીવને અજીવથી જુદો પાડવામાં આવશે. જુદા જુદા લક્ષણે જીવના એક, બે, ત્રણ, ચાર, પાંચ એમ એકથી માંડીને પાંચસો ત્રેસઠ ભેદ પડી શકે છે. અહીં બે થી છ સુધીના ભેદો વિચારવામાં આવશે. બીજા ત્યારપછીના ભેદો અહીં વિચારાયા નથી. સૂત્ર-ગ્રંથોમાં તેની વિચારણા આવે છે.

**જીવ**—પ્રથમ તો જીવનો એક પ્રકાર છે. જેને ચૈતન્ય હોય તે જીવ. આ પ્રકારમાં સર્વ જીવો આવી જાય છે. ચૈતન્યવંત સર્વ જીવોનો, પછી તે ગમે ત્યાં હોય તે સર્વનો, સંગ્રહ 'જીવ' શબ્દથી થાય છે. મુક્ત અને સંસારી – જીવના બે પ્રકાર છે. સર્વ કર્મથી મુક્ત થયેલા, મોક્ષમાં ગયેલા તે મુક્ત અને સંસારમાં રહી એક ભવમાંથી બીજા ભવમાં જાય તે સંસારી. આ રીતે જીવના બે પ્રકાર પડે છે. મોક્ષમાં ગયેલા સર્વ જીવો કર્મરહિત હોય છે. અને સંસારી સર્વ જીવો કર્મસહિત હોય છે. આ રીતે લક્ષણ પ્રમાણે જીવના બે પ્રકાર થયા.

**અનેકવિધ**—ઉપર જણાવ્યું તેમ જીવના એકથી માંડીને ૫૬૩ ભેદો થાય છે. અહીં સંસારી જીવોના બે થી છ પ્રકાર કહેવામાં આવશે.

**દ્વિ**—સર્વ સંસારી જીવો બે પ્રકારના છે. ત્રસ અને સ્થાવર એ રીતે પણ એના બે ભેદ પડી શકે છે એમ નવતત્ત્વના ટીકાકાર જણાવે છે. ચલ સ્વભાવવાળા જીવો ત્રસ કહેવાય છે અને સ્થિર રહેનાર તે સ્થાવર. સ્થાવરમાં પૃથ્વી, અપ્, તેજસ્, વાયુ અને વનસ્પતિકાયના સર્વ એકેંદ્રિય જીવો આવશે. આ રીતે ત્રસ અને સ્થાવર મળીને સર્વ સંસારી જીવો થાય છે, કોઈ બાકી રહેતો નથી.

**ત્રિ**—જીવોના વેદ પ્રમાણે ત્રણ પ્રકાર પડી શકે છે – પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદ. એ રીતે સર્વ સંસારી જીવોનો ત્રણ વેદમાં સમાવેશ થાય છે.

**ચતુઃ**—સર્વ જીવો ચાર પ્રકારમાં સમાઈ જાય છે. આ સંસારી જીવની વાત છે. ચાર ગતિ છે : દેવત્વ, મનુષ્ય, તિર્યંચ અને નારકી. એ ચારમાંથી કોઈ એક ગતિમાં સંસારી જીવ હોય છે. આ ચાર પ્રકારમાં સર્વ સંસારી જીવોનો સમાવેશ થાય છે.

**પંચ**—સર્વ સંસારી જીવો પાંચ પ્રકારના છે. સ્પર્શના, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એમ પાંચ ઇંદ્રિયો છે. એમાંની એક, બે, ત્રણ, ચાર કે પાંચ ઇંદ્રિયો જેને હોય તેને અનુક્રમે એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચતુરિંદ્રિય અને પંચેંદ્રિય જીવો ગણવામાં આવે છે.

**ષડ્**—સર્વ સંસારી જીવો છ પ્રકારના છે. એમાં છ કાયનો સમાવેશ થાય છે. જીવો કાં તો પૃથ્વીકાય હોય, કાં તો અપ્કાય હોય, યા તેજસ્કાય હોય, વાયુકાય હોય, વનસ્પતિકાય હોય કે ત્રસકાય હોય. આ રીતે સર્વ સંસારી જીવોનો આ છ વર્ગમાં સમાવેશ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ભેદ**--આવી રીતે જીવોના અનેક પ્રકાર પડે છે. તે તેનાં લક્ષણથી જાણવા. ઉપર જણાવ્યું તેમ સંસારી જીવના એકથી માંડીને ૫૬૩ સુધી પ્રકારો ગણવામાં આવ્યા છે. આ પ્રકારોમાંથી થોડા પ્રકારો નીચે ગણાવશે. આવી રીતે અનેક પ્રકારો ગણી શકાય છે. એમાં સર્વ સંસારી જીવોનો સમાવેશ થાય છે.

યાદ રાખવું કે આ પ્રથમ જીવતત્ત્વની વાત ચાલે છે અને નિંદા કુથળી કે લોકકથામાં વખત કાઢવાને બદલે આ તત્ત્વચિંતનમાં સમય પસાર કરવો તે હિતાવહ છે. તેથી આપણે તત્ત્વ એ શું ચીજ છે તેનો વિચાર કરવાને અંગે પ્રથમ તત્ત્વને એનાં અનેક દૃષ્ટિબિંદુઓએથી વિચારીએ છીએ. (૧૯૦)

**બે, ત્રણ, ચાર પ્રકારના જીવો--**

> द्विविधाश्चराचराख्यास्त्रिविधाः स्त्रीपुंनपुंसका ज्ञेयाः ।
> नारकतिर्यग्मानुषदेवाश्च चतुर्विधाः प्रोक्ताः ॥१९१॥

**અર્થ**--ચર (ત્રસ) અને અચર (સ્થાવર) એ નામના બે પ્રકારના જીવો જાણવા અને સ્ત્રી, પુરુષ અને નપુંસક એમ ત્રણ પ્રકારના જીવો જાણવા; તેમ જ નારકો, તિર્યંચો, મનુષ્યો અને દેવો એમ જીવોને ચાર પ્રકારના બતાવવામાં આવ્યા છે. (૧૯૧)

जैन साइट JAINSITE.com जैनम् जयति शासनम्

**વિવેચન**--હવે ઉપર જે બે, ત્રણ અને ચાર પ્રકારના સંસારી જીવો કહ્યા તે ભેદ કેવી રીતે પડે છે તેની વિગત સમજાવે છે.

**દ્વિવિધા**--સર્વ સંસારી જીવો બે પ્રકારના હોય છે. આ બે પ્રકારમાં સર્વ સંસારી જીવોનો સમાવેશ થઈ જાય છે. તે બે પ્રકારો નીચે પ્રમાણે છે.

**ચર**—ત્રસ, હાલે ચાલે તેવા, તડકેથી છાંયે જઈ શકે તેવા. આવા ત્રસ જીવોને બે, ત્રણ, ચાર કે પાંચ ઇંદ્રિયો હોય છે. એ ઉપરાંત તેઉકાય અને વાઉકાયના એકેંદ્રિય જીવો ગતિત્રસ કહેવાય છે. તેઓ હાલેચાલે તેવા હોય છે.

**અચર**—સ્થાવર. એક સ્થાનકે રહે તેવા સ્થાવરો. તે એકેંદ્રિયો જ છે. તેમાં પૃથ્વી, અપ્, તેજસ્, વાયુ અને વનસ્પતિમાં રહેનારા સર્વ સ્થાવર એકેંદ્રિયનો સમાવેશ થાય છે. એ ચર અને અચર અથવા ત્રસ અને સ્થાવર જીવોમાં સર્વ સંસારી જીવનો સમાવેશ થાય છે. એની વિશેષ વિગત જીવવિચારમાંથી મળે છે.

**ત્રિવિધ**—હવે સર્વ સંસારી જીવના ત્રણ પ્રકાર–ભેદો પડે છે, તેની વિગત જણાવે છે. આ ત્રણ પ્રકારના જીવોમાં પણ સર્વ સંસારી જીવોનો સમાવેશ થઈ જાય છે. તે પ્રકારો નીચે પ્રમાણે છે.

**સ્ત્રી**—જે વેદોદયથી પુરુષને ભોગવવાની વૃત્તિ થયા કરે તે સ્ત્રીવેદોદયવાળા પુરુષભોગી જીવો સમજવા. કેટલાક જીવને સ્ત્રીવેદનો ઉદય હોય છે. મોક્ષમાં ગયા પછી તો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વેદ નાશ જ પામી જાય છે. ત્યાં કોઈ જાતના વેદનો ઉદય હોતો નથી. છાણાના અગ્નિ જેવો, વેદનો ઉદય થયા પછી પંદર દિવસ સુધી પહોંચે તે સ્ત્રીવેદનો ઉદય સમજવો.

**પું**—પુરુષવેદના ઉદયવાળાને સ્ત્રી ભોગવવાની ઇચ્છા રહ્યા કરે છે. એ તૃણના અગ્નિ સમાન છે. તાત્કાલિક એનો ઉદય થાય છે. ભડકો થાય તેટલો વખત એ રહે છે. એ પુરુષવેદના ઉદયવાળા કેટલાક જીવો હોય છે. આ રીતે વેદના ઉદયવાળા બે પ્રકારના જીવો થયા.

**નપુંસક**—આ ત્રીજો પ્રકાર છે. નપુંસકવેદવાળાને સ્ત્રી અને પુરુષ બન્નેને ભોગવવાની ઇચ્છા થાય છે. એ વેદોદય નગરદાહ બરાબર છે. એ અગ્નિ લાગ્યા પછી આખા શહેરમાં ફેલાય છે. આ રીતે કેટલાક સ્ત્રીવેદોદયવાળા જીવો, કેટલાક પુરુષવેદોદયવાળા જીવો અને બીજા કેટલાક નપુંસકવેદવાળા જીવો હોય છે. આ ત્રણ પ્રકારમાં સર્વ સંસારી જીવોનો સમાવેશ થઈ જાય છે. મોક્ષમાં તો વેદ જ હોતો નથી.

**ચતુર્વિધા**—અને સર્વ સંસારી જીવો ગતિને આશ્રયીને ચાર પ્રકારના હોય છે એટલે ચારમાંથી એક ગતિમાં હોય છે. ચાર ગતિ જેને આપણે હમણાં જોઈશું તેમાં સર્વ સંસારી જીવોનો સમાવેશ થઈ જાય છે.

**નારક**—પ્રથમ નરકગતિ. નારકીમાં દુઃખ દુઃખ ને દુઃખ જ છે. તેમાં ક્ષેત્રવેદના તે અત્યંત ગરમ અને અત્યંત ઠંડા ક્ષેત્રથી થાય છે, અન્યોન્યકૃત વેદનામાં ત્યાંના પ્રાણીઓ એકબીજા પ્રત્યે વૈર લે છે અને કોઈ નરકમાં પરમાધામી નામના મહાઅધર્મી દેવતાઓ વેદના કરે છે. આ નારક નામની પ્રથમ ગતિ થઈ.

**તિર્યંચ**—આ તિર્યંચની બીજી ગતિ જાણવી. તેમાં એક, બે, ત્રણ અને ચાર ઇંદ્રિયોવાળા તથા પંચેદ્રિય આકાશચર, ભૂમિચર અને જળચર સર્વ જીવોનો સમાવેશ થાય છે. એવી રીતની તિર્યંચ ગતિને બીજી ગતિ કહેવામાં આવે છે.

**માનુષ**—મનુષ્યો. આ ભરતક્ષેત્ર જેવાં પંદર કર્મભૂમિનાં ક્ષેત્રો છે અને અકર્મભૂમિનાં ત્રીસ ક્ષેત્રો છે અને છપ્પન અંતર્દ્વીપો છે. આ ત્રીજી મનુષ્યગતિમાં ગર્ભજ કે સમ્મૂર્છિમ મનુષ્ય થવું, તે ત્રીજી ગતિ છે.

**દેવા**—આ દેવતાના મુખ્ય ચાર પ્રકાર છે. ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક. ભુવનપતિ અને વ્યંતરના સ્થાન નીચે પાતાળમાં છે અને જ્યોતિષી અને વૈમાનિકનાં સ્થાનો ઊપર–ઊંચે છે. એમાંથી કોઈપણ દેવ થવું તે ચોથી દેવ ગતિ બતાવે છે.

આ ચારમાંથી કોઈપણ એક ગતિ પ્રાણી પામે છે. તેથી સંસારી જીવોના ચાર પ્રકાર પડી શકે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ રીતે હજુ વધારે પ્રકારો આવશે. તે આપણે જોઈશું. સર્વ સંસારી જીવોના આ રીતે એકથી ૫૬૩ પ્રકાર પડી શકે છે. આ સર્વ વાત શાસ્ત્રમાં બતાવવામાં આવી છે, જણાવવામાં આવી છે. (૧૯૧).

### પાંચ અને છ પ્રકારના જીવો (સંસારી)—

पञ्चविधास्त्वेकद्वित्रिचतुष्पञ्चेन्द्रियास्तु निर्दिष्टाः ।
क्षित्यम्बुवह्निपवनतरवस्त्रसाश्चेति षड्भेदाः ॥१९२॥

**અર્થ**—સર્વ (સંસારી) જીવો પાંચ પ્રકારના છે. એકેંદ્રિય, દ્વીન્દ્રિયો, તેઇંદ્રિયો, ચૌરિંદ્રિયો અને પંચેન્દ્રિયો એમ બતાવવામાં આવ્યા છે; અને પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય, વૃક્ષો અને ત્રસજીવો એમ છ ભેદવાળા (સંસારી) જીવો હોય છે. (૧૯૨)

**વિવરણ**—(સંસારી) જીવોના પાંચ અને છ પ્રકાર કેવી રીતે પાડવામાં આવે છે તે ઉપર જણાવાઈ ગયું. ગ્રંથકાર પોતે જ તેનો ખુલાસો આ ગાથામાં કરે છે, તે ઉપરના ખુલાસા સાથે જોડવો. તેઓ ઉપર જણાવેલ અભિપ્રાય જેવો જ મત આપે છે. એટલે ઉપર નોંધેલા અભિપ્રાયને પુષ્ટિ મળે છે.

**એકેંદ્રિય**—જેમને માત્ર સ્પર્શન નામની એક જ ઇંદ્રિય હોય તે સર્વ એકેંદ્રિય કહેવાય છે. પૃથ્વી, પાણી, અગ્નિ, પવન અને વનસ્પતિના સર્વ જીવો એક સ્પર્શેન્દ્રિયવાળા હોય છે.

**દ્વીંદ્રિય**—બેઇંદ્રિયવાળા. શંખ, કોડાં, છીપલાં, જળો વગેરે જીવોને બે ઇંદ્રિય હોય છે. સ્પર્શન અને રસ લઈ શકે તે રસના (જીહ્વા) એ બે ઇંદ્રિયવાળા જીવો બેઇંદ્રિય હોય છે.

**ત્રિઇંદ્રિય**—તેઇંદ્રિય જીવોને ત્રણ ઇંદ્રિયો હોય છે. સ્પર્શન અને રસના ઉપર જણાવેલી તેમાં નાસિકા–વાસ લેવાની ઇંદ્રિય વધે છે. માંકડ, ધનેડાં, જૂ, મંકોડા, ચેલ (ઈયળ) વગેરે જીવોને ઉપર જણાવેલ ત્રણ ઇંદ્રિયો હોય છે.

**ચતુરિંદ્રિય**—ભમરો, માખી, વીંછી, તીડ વગેરે જીવોને ચાર ઇંદ્રિયો હોય છે. સ્પર્શન, રસના, ઘ્રાણ સાથે જોવાની ચક્ષુરિંદ્રિય ભળે છે. આ ઇંદ્રિયો જેને હોય તે ચઉરિંદ્રિય જીવો કહેવાય છે. અત્યાર સુધીના સર્વનો સમાવેશ તિર્યંચમાં થાય છે.

**પંચેંદ્રિય**—જેમને સ્પર્શન, રસન, નાસિકા, અને જોવાની ઇંદ્રિય ઉપરાંત કાન (શ્રોત્ર) હોય તે પંચેન્દ્રિય જીવો કહેવાય છે. આ પંચેન્દ્રિય જીવોમાં જે તિર્યંચો છે તે જળચર, સ્થળચર, અને ખેચર તેમ જ ભુજપરિસર્પ અને ઉરપરિસર્પ કહેવાય છે. જળમાં ચાલનારા તે જળચરો–મગરમચ્છ, માછલાં વગેરે. સ્થળચર જમીન પર ચાલે છે—ગાય, ભેંસ, બકરાં વગેરે. ખેચરો આકાશમાં ઊડે છે, જેવાં કે પોપટ, કબૂતર, કાગડા ઇત્યાદિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પેટે ચાલનારા ઉરપરિસર્પ અને હાથે ચાલનારા તે ભુજપરિસર્પ. અહીં સુધીના સર્વ તિર્યંચો છે. તે સિવાય પંચેન્દ્રિયમાં નરકના જીવો, દેવતાઓ અને મનુષ્યો આવે છે, તેમને સર્વને પાંચ ઇંદ્રિયો હોય છે.

આ રીતે સંસારી જીવોના પાંચ પ્રકાર થયા.

હવે આપણે સર્વ (સંસારી) જીવોના છ પ્રકાર વિચારીએ.

**ક્ષિતિ**—પૃથ્વીકાય, ક્ષિતિકાય. એમાં સર્વ ભૂમિજ પદાર્થો, સાત ધાતુઓ અને બધા 'મિનરલ'(ખાણમાંથી નીકળેલા પદાર્થો)નો સમાવેશ થાય છે.

**અંબુ**—પાણી, જળ, અપ્કાય. આકાશનું પાણી, ભૂમિનું પાણી, ઝાકળ એ સર્વનો, પાણીને લગતા જીવોનો, સમાવેશ આ બીજા અપ્કાયમાં થાય છે.

**વહ્નિ**—તેઉકાય અથવા અગ્નિકાય. એમાં સર્વ પ્રકારના ગરમ અગ્નિનો સમાવેશ થાય છે. આકાશમાં વીજળી થાય તે પણ તેજસ્કાય છે.

**પવન**—ચોથા વાઉકાયમાં સર્વ પ્રકારના પવનોનો સમાવેશ થાય છે. પવનોને આ વાઉકાય એકેંદ્રિય જીવો ગણ્યા છે. એ સર્વ એકેંદ્રિયો છે.

**તરવઃ**—વનસ્પતિકાય, સૂક્ષ્મ અને બાદર. દેખી ન શકાય તે સૂક્ષ્મ. એમાં સર્વ ફળ, શાક, કંદનો સમાવેશ થાય છે. એ જીવોને પણ એક સ્પર્શેન્દ્રિય જ હોય છે. પાણી અને વનસ્પતિકાયમાં જીવ બતાવનાર એક માત્ર જૈન સૂત્રગ્રંથો જ છે. આધુનિક વૈજ્ઞાનિકોએ તે સાબિત કર્યું છે. આ પાંચે પ્રકાર સ્થાવર એકેંદ્રિયના છે.

**ત્રસ**—ત્રસમાં બે, ત્રણ, ચાર અને પાંચ ઇંદ્રિયવાળા જીવોનો સમાવેશ થાય છે. આમ છ પ્રકારના (સર્વ) સંસારી જીવો છે. આ રીતે સૂત્રકાર ૫૬૩ની સંખ્યા સુધી વધે છે. અત્ર તો એકથી છ પ્રકાર બતાવ્યા.

આ રીતે (સંસારી) જીવના છ પ્રકાર કરી શકાય છે, તે જાણવા યોગ્ય છે, કારણ કે જીવને બરાબર ઓળખીએ ત્યારે જીવતત્ત્વનું જ્ઞાન થાય છે. (૧૯૨)

**જીવના અનેક પ્રકાર છે—**

एवमनेकविधानामेकैको विधिरनन्तपर्यायः ।
प्रोक्तः स्थित्यवगाहज्ञानदर्शनादिपर्यायैः ॥१९३॥

**અર્થ**—એ રીતે અનેક પ્રકારના પ્રત્યેક જીવના અનંત પર્યાયો છે. તે સ્થિતિ, અવગાહના, જ્ઞાન, દર્શન વગેરે પર્યાયોથી જાણવા. (૧૯૩)

**વિવેચન**—ઉપરના પ્રકારથી જોવામાં આવશે કે પર્યાયભેદે જીવના અનંત ભેદો થાય છે. આપણે તો ઉપર ૫૬૩ ભેદની વાત કરી, પણ જ્યારે જીવના અનંત પર્યાયોનો વિચાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરવામાં આવે છે ત્યારે તેના અનેક રીતે અનંત ભેદ થાય છે. એ રીતે જીવના જેટલા પ્રકાર કરવા હોય તેટલા એકથી અનંત સુધી પર્યાયભેદે થઈ શકે છે. એ પર્યાયભેદ કેવી રીતે થાય તે આપણે તરતમાં જોઈશું. આજે જે દેવચંદ નામનો જીવ હોય છે તે કાલે વીરચંદ નામના પર્યાયથી ઓળખાય, વળી તે જેમ અનેક ભવોમાં ગાય, ભેંસ, પાડો, બકરો થઈ આવ્યો છે તેમ અનેક સ્થાનકે જઈ આવ્યો છે. એની સ્થિતિ, અવગાહનાના અનંત પર્યાયો–રૂપો છે તે નીચે પ્રમાણે સમજવું.

**સ્થિતિ**––કોઈવાર આયુષ્ય મોટું થાય, કોઈવાર નાનું થાય એમ અનંત ભવમાં ફરતાં આ જીવે અનંત આયુષ્ય કર્યાં. એ પ્રત્યેકનો જુદો ભેદ ગણવામાં આવે તો આ એક જ પ્રાણીના અને સમુચ્ચયે સર્વ પ્રાણીના (સંસારી) અનંત પર્યાયો થાય. એ પ્રત્યેકનો એક એક ભેદ ગણતાં જીવના અનંત પ્રકારો થાય.

**અવગાહના**––દરેક જીવે અનંત ભવમાં કોઈવાર અસંખ્ય પ્રદેશ અવગાહ્યા, કોઈ વાર અનંત પ્રદેશ અવગાહ્યા અને કોઈવાર થોડા (સંખ્યાત) પ્રદેશો અવગાહ્યા. પ્રદેશોની એ અવગાહના જુદી જુદી કરી તે અપેક્ષાએ પણ જીવના અનંત પ્રકારો પડી શકે. અને સમસ્ત જીવના પણ એ રીતે ભેદ પાડતાં અનંત પ્રકારો પડી શકે. જેટલા પ્રદેશે તે પોતે અવગાહી રહ્યો હોય તે તેના દ્વારા આકાશપ્રદેશોની અવગાહના સમજવી. કોઈ ભવમાં સાત આઠ આકાશપ્રદેશને અવગાહ્યા, કોઈ વાર અસંખ્યાત પ્રદેશોને ઇત્યાદિ. એ રીતે અવગાહનાના દૃષ્ટિબિંદુથી જીવના અને જીવોના અનંત ભેદ પડી શકે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**જ્ઞાન**––સાકાર ઉપયોગ તે જ્ઞાન. કોઈ ભવમાં આ જીવે ઘણું જાણ્યું, કોઈ વખત તદ્દન બુઠ્ઠો રહ્યો, કોઈવાર સામાન્ય બોધ થયો, એમ સાકાર ઉપયોગની તરતમતાને લઈને જીવના અનંત ભેદો થાય.

**દર્શન**––સામાન્ય ઉપયોગ તે દર્શન. આ કાંઈક છે એવો બોધ તે સામાન્ય ઉપયોગ. તે નિરાકાર છે. એ દર્શન ઉપયોગ પ્રત્યેક ભવમાં તો અનેક થાય. એ પર્યાયની નજરે જીવના અનંત પ્રકારો પડી શકે.

આ રીતે જીવના એકથી માંડીને અનંત પ્રકારો છે—પ્રત્યેક જીવને માટે તથા સર્વ જીવોને માટે, તે સત્ય છે. તેથી જીવના અનંત ભેદો પડી શકે, કારણ કે આ પર્યાયો–રૂપાંતરોને અંગે એના એક, બે, ત્રણ એમ પ્રકાર વિચારતાં અનંત રૂપાંતરો થઈ શકે છે. આ પ્રત્યેક જીવ માટે પણ બરાબર છે અને સમસ્ત જીવોને માટે પણ બરાબર છે. પ્રત્યેક જીવ પર્યાયની નજરે અનંત ભેદે છે અને સર્વ જીવો પણ અનંત પર્યાયવાળા છે. અનંતની તરતમતાના અનેક ભેદો છે. તે માટે જુઓ કર્મગ્રંથ (દેવેંદ્રસૂરિકૃત).

**પર્યાય**––એટલે રૂપાંતર, જેમકે જે આજે દેવચંદ્ર નામે હોય તે આવતે ભવે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ્ઞાનચંદ્ર નામે પ્રસિદ્ધ થાય. એમાં વળી સ્થિતિ, અવગાહના અને જ્ઞાન તથા દર્શનના ઓછાવત્તા પર્યાયભેદે ભેદ પડે. એમ પ્રત્યેક જીવના તથા સમસ્ત જીવના અનંત પ્રકારો પર્યાયભેદે થાય તે બરાબર સમજાય તેવી વાત છે. (૧૯૩)

**જીવનું લક્ષણ—**

**सामान्यं खलु लक्षणमुपयोगो भवति सर्वजीवानाम् ।**
**साकारोऽनाकारश्च सोऽष्टभेदश्चतुर्धा च ॥१९४॥**

**અર્થ**—સર્વ જીવોનું સામાન્ય લક્ષણ ઉપયોગ છે. એ ઉપયોગ બે પ્રકારનો છે–સાકાર અને અનાકાર (આકાર વગરનો). સાકાર ઉપયોગ આઠ પ્રકારનો છે અને નિરાકાર ઉપયોગ ચાર પ્રકારનો છે. (૧૯૪)

**વિવેચન**—આ જીવતત્ત્વની વાત ચાલે છે. તો જીવનું લક્ષણ શું? એ સમજ્યા વગર જીવતત્ત્વનો ખરેખરો ખ્યાલ ન આવે. એ જીવને બરાબર ઓળખવા માટે તેની વ્યાખ્યા બરાબર કરવી જોઈએ. એ માટે જીવનું સર્વસામાન્ય લક્ષણ શું છે તે જાણવું જોઈએ. જ્યાં સુધી તે જાણવામાં ન આવે ત્યાં સુધી જીવતત્ત્વનું જ્ઞાન કાચું, અધૂરું રહે. માટે તેને આ શ્લોકમાં રજૂ કર્યું છે.

**ઉપયોગ**—આ લક્ષણ સિદ્ધ અને સંસારી સર્વ જીવોનું છે. ઉપયોગ એટલે બોધ. ઉપયોગ બે પ્રકારનો છે: નિરાકાર ઉપયોગ અને સાકાર ઉપયોગ. નિરાકાર ઉપયોગના ચાર પ્રકાર છે: ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળદર્શન. આ નિરાકાર ઉપયોગથી વસ્તુની જાતિનું દર્શન થાય, એટલે જીવ છે કે જનાવર છે એવું દર્શન એ નિરાકાર ઉપયોગ. અને અમુક વ્યક્તિ દેવચંદ છે એવું જ્ઞાન થાય તે સાકાર ઉપયોગ. તેના આઠ પ્રકાર છે: મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન તથા મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન. દર્શનોપયોગમાં સામાન્ય જ્ઞાન થાય છે, પણ વિશેષ વિગતો તો સાકાર ઉપયોગમાં જ સાંપડે છે. આવી રીતે ઉપયોગ બાર પ્રકારના છે.

ઘણી વખત સવાલ થાય છે કે મતિઅજ્ઞાનને ઉપયોગ કેમ કહ્યો હશે? તેનો જવાબ એ છે કે સમ્યગ્ મતિજ્ઞાન ન થાય, છતાં બુદ્ધિ ચાલ્યા તો કરે, તે વખતે મતિઅજ્ઞાન દ્વારા થતા જ્ઞાનને સાકારોપયોગ કહેવામાં આવે છે. ઉપયોગ લક્ષણ સર્વ જીવોને લાગે છે, એ બરાબર સમજવું. મોક્ષમાં રહેલ ચેતનોને પણ લાગે છે.

**અષ્ટભેદ ચતુર્ધા**—એટલે આ સાકાર ઉપયોગ આઠ પ્રકારનો છે અને નિરાકાર ઉપયોગ ચાર પ્રકારનો છે. બન્ને પ્રકારના ઉપયોગના બાર પ્રકાર થાય છે. આ પ્રકારની વિગતો આપણે ઉપર જોઈ ગયા. એ આવતી ગાથામાં આવશે. (૧૯૪)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપયોગના બાર પ્રકારો—

ज्ञानाज्ञाने पञ्चत्रिविकल्पे सोऽष्टधा तु साकारः ।
चक्षुरचक्षुरवधिकेवलदृग्विषयस्त्वनाकारः ॥१९५॥

**અર્થ**—જ્ઞાન અને અજ્ઞાન અનુક્રમે પાંચ અને ત્રણ પ્રકારવાળો સાકાર ઉપયોગ છે; અને ચક્ષુ, અચક્ષુ, અવધિ અને કેવળ દર્શનનો અનાકાર ઉપયોગ ચાર પ્રકારનો છે. (૧૯૫)

**વિવેચન**—ઉપરની ગાથાના વિવેચનમાં જણાવ્યું તેમ ઉપયોગ બાર પ્રકારના છે, અનાકાર ઉપયોગ તે ચાર પ્રકારના દર્શનો અને સાકાર ઉપયોગ એટલે પાંચ પ્રકારના જ્ઞાન અને ત્રણ પ્રકારના અજ્ઞાનો મળી આઠ પ્રકારનો ઉપયોગ. આ બધાના વિષયો શું શું હોય છે તે આપણે ઉપર જોઈ ગયા છીએ. એ ભેદ અત્ર સ્પષ્ટ કરવાથી એકની એક વાત બેવાર થાય છે. નિરાકારમાં કાંઈ સ્પષ્ટતા ન થાય, માત્ર જાતિ જ જણાય, સાકારમાં વિશેષ વિગતો જણાઈ આવે. દર્શનોપયોગના ચાર ભેદો પણ જણાવ્યા અને જ્ઞાનોપયોગના આઠ ભેદો પણ ઉપર રજૂ કર્યા. અહીં તેનું પુનરાવર્તન કરવાની જરૂર નથી.

પણ સાકાર અને નિરાકાર ઉપયોગનો તફાવત ધ્યાનમાં રાખવો. નિરાકાર ઉપયોગનું બીજું નામ દર્શન છે. અને સાકાર ઉપયોગનું બીજું નામ જ્ઞાન છે. કેવળજ્ઞાનીને એ બન્ને પ્રકારના ઉપયોગ સમય અંતરે હોય કે એક સાથે હોય તે સંબંધમાં સિદ્ધસેન દિવાકરનો ન્યાયનજરે જુદો મત પડ્યો. એ સમજવા યોગ્ય છે.

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

આ તત્ત્વવિજ્ઞાન ઘણું મહત્ત્વનું છે અને તેને અંગે સિદ્ધસેન દિવાકરનો મત જાણવા યોગ્ય છે. અને તે બંને મતનો ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજીએ સમન્વય કર્યો તે સમજવા યોગ્ય છે. આટલી વસ્તુ તત્ત્વદૃષ્ટિએ જાણવી, ચિંતવવી તે બહુ મહત્ત્વની વાત છે. આ સર્વ ઉપયોગો પણ ભાવો છે. ભાવો કેટલા અને કેવા છે તે તત્ત્વચિંતનને અંગે પ્રસ્તુત હોવાથી એ ભાવો અત્ર રજૂ કરે છે. (૧૯૫)

ભાવના પ્રકારો અને વિગતો—

भावा भवन्ति जीवस्यौदयिकः पारिणामिकश्चैव ।
औपशमिकः क्षयोत्थः क्षयोपशमजश्च पञ्चेति ॥१९६॥

**અર્થ**—જીવને અનેક પ્રકારના ભાવો થાય છે. તેના અનુક્રમે પાંચ પ્રકાર પડે છે. (૧) ઔદયિક ભાવ, (૨) પારિણામિક ભાવ, (૩) ઔપશમિક ભાવ, (૪) ક્ષાયિક ભાવ અને (૫) ક્ષયોપશમિક ભાવ. આમ પાંચ પ્રકારના ભાવ છે. (૧૯૬)

**વિવેચન**—આ ઘણો પારિભાષિક વિષય છે. આત્માના પર્યાયો વધારેમાં વધારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાંચ ભાવવાળા હોય છે, તે પાંચ ભાવોનાં નામ ઉપર મૂળ ગાથામાં જણાવ્યાં. એક સાન્નિપાતિક ભાવ છઠ્ઠો આવતી ગાથામાં કહેશે. જુદી જુદી સ્થિતિમાં વર્તવું તે ભાવ.

**પારિણામિક ભાવ**—દ્રવ્યનો જે એક પરિણામ દ્રવ્યના અસ્તિત્વથી જ પોતાની જાતે જ ઉત્પન્ન થયા કરે છે તે પારિણામિક ભાવ. અથવા કોઈપણ દ્રવ્યનું જે સ્વાભાવિક સ્વરૂપપરિણમન તે જ પારિણામિક ભાવ કહેવાય છે.

**ઔદયિક ભાવ**—ઉદયથી પેદા થાય તે ઔદયિક ભાવ. ઉદય એક પ્રકારની આત્માની કલુષિતતા છે. મેલ મળવાથી પાણીમાં આવતી મલિનતાની પેઠે તે કર્મના વિપાક-અનુભવથી ઉત્પન્ન થાય છે. ડોળાયેલાં મેલાં પાણી જેવી રીતે મલિન દેખાય છે તેવો જ આ ઔદયિકભાવ છે એમ જાણવું.

**ઔપશમિક**—કર્મના ઉપશમથી પેદા થાય તે ભાવ ઔપશમિક ભાવ કહેવાય છે. ઉપશમ એક પ્રકારની આત્મશુદ્ધિ છે. કચરો નીચે બેસી જવાથી પાણીમાં આવતી સ્વચ્છતાની પેઠે સત્તાગત કર્મનો ઉદય તદ્દન રોકાઈ જતાં તે ઉત્પન્ન થાય છે. આમાં કચરો કે મેલમાત્ર બેસી જાય છે, પણ મેલથી એ મલિન તો હોય છે.

**ક્ષાયિકભાવ**—કર્મના ક્ષયથી પેદા થાય તે ક્ષાયિકભાવ છે. ક્ષય એ આત્માની એક એવી પરમ વિશુદ્ધિ છે, જે સર્વથા કચરો કાઢી નાખવાથી જળમાં આવતી સ્વચ્છતાની જેમ કર્મનો સંબંધ અત્યંત છૂટી જતાં પ્રગટ થાય છે.

**ક્ષયોપશમજ**—ક્ષય અને ઉપશમથી પેદા થાય તે ક્ષાયોપશમિક ભાવ છે. ક્ષયોપશમ એક પ્રકારની આત્માની શુદ્ધિ છે કે જે કર્મના ઉદયમાં નહિ આવેલ અંશના ઉપશમથી અને ઉદયમાં આવેલ અંશના ક્ષયથી પ્રગટ થાય છે. ધોવાને લીધે માદક શક્તિ કાંઈક નાશ પામવાથી અને કાંઈક રહી જવાથી કોદરાઓની વિશુદ્ધિની જેમ એ વિશુદ્ધિ મિશ્રિત હોય છે.

આવી રીતે આ ગાથામાં પાંચ પ્રકારના ભાવોની વ્યાખ્યા કરી. એ સર્વ ભાવો સર્વ જીવોને લાગુ પડતા નથી. ઓછામાં ઓછા બે ભાવોમાં જીવ વર્તતો હોય છે. એકથી વધારે ભાવોમાં વર્તે છે એટલા માટે એકથી વધારે ભાવનો સન્નિપાત થાય, સાથે વર્તે તેને સાન્નિપાતિક ભાવ કહે છે. તે હવે પછીની ગાથામાં કહેશે.

સાંખ્યદર્શન આત્માને કૂટસ્થનિત્ય માને છે, અને એમાં કોઈ જાતનો પરિણામ માનતા નથી. જ્ઞાન, સુખ, દુઃખાદિ પરિણામોને તેઓ પ્રકૃતિના જ માને છે. વૈશેષિક અને નૈયાયિક દર્શનો જ્ઞાન આદિને આત્માનો ગુણ માને છે ખરા, પણ તેઓ આત્માને એકાંત નિત્ય – અપરિણામી માને છે. નવીન મીમાંસકોનો મત વૈશેષિક અને નૈયાયિક જેવો જ છે. બૌદ્ધદર્શન પ્રમાણે આત્મા એકાંતક્ષણિક અર્થાત્ નિરન્વય પરિણામોનો પ્રવાહમાત્ર છે. ભિન્ન ભિન્ન ક્ષણોમાં ઓછાવધતા થતા સુખદુઃખના અને ભિન્ન ભિન્ન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિષયના જ્ઞાન આદિ જે પરિણામો અનુભવાય છે, તે પરિણામો માત્ર માનવા અને તે બધા વચ્ચે અખંડ સૂત્રરૂપ કોઈ સ્થિર તત્ત્વનું ન હોવું તે જ બૌદ્ધ મતાનુસાર, નિરન્વય પરિણામોનો પ્રવાહ છે એમ સમજવું. જૈનદર્શનનું કહેવું છે કે પ્રાકૃતિક જડ પદાર્થોમાં કૂટસ્થનિત્યતા નથી, તેમ જ એકાંતક્ષણિકતા પણ નથી, પણ પરિણામિનિત્યતા છે, તે પ્રમાણે આત્મા પણ પરિણામિનિત્ય છે. એથી જ જ્ઞાન, સુખદુઃખ આદિ પર્યાયો આત્માના જ સમજવા જોઈએ. ગમે તેટલા હથોડાના ઘા પડે છતાં જેમ એરણ સ્થિર રહે છે તેમ દેશકાળ આદિના વિવિધ ફેરફાર થવા છતાં વસ્તુ જરાયે ફેરફાર નથી પામતી, એ કૂટસ્થ-નિત્યતા. મૂળ વસ્તુ ત્રણેય કાળમાં સ્થિર રહ્યા છતાં દેશકાળ આદિ નિમિત્ત પ્રમાણે ફેરફાર પામ્યા કરે એ પરિણામિનિત્યતા.

આત્માના બધા પર્યાયો એક જ અવસ્થાવાળા નથી હોતા. કેટલાક પર્યાયો કોઈ એક અવસ્થામાં તો બીજા કેટલાક બીજી કોઈ અવસ્થામાં મળી આવે છે. પર્યાયોની તે ભિન્ન ભિન્ન અવસ્થાઓ ભાવ કહેવાય છે. આત્માના પર્યાયો અધિકમાં અધિક પાંચ ભાવવાળા હોઈ શકે છે. (આ ગ્રંથકારના મતે ભાવ છ છે.) તે પાંચ ભાવો ઉપર જણાવ્યા છે.

એ જ પાંચ ભાવો આત્માનું સ્વરૂપ છે. અર્થાત્ સંસારી અથવા મુક્ત કોઈપણ આત્મા હોય એના સર્વ પર્યાયો ઉક્ત પાંચ ભાવોમાંથી કોઈ ને કોઈ ભાવવાળા અવશ્ય હોવાના. અજીવમાં ઉક્ત પાંચ ભાવવાળા પર્યાયોનો સંભવ નથી. તેથી એ પાંચે ભાવો અજીવનું સ્વરૂપ થઈ શકતા નથી. ઉપરના પાંચ ભાવ એકી સાથે બધા જીવોમાં હોય છે એવો નિયમ નથી. સર્વ મુક્ત જીવોમાં ફક્ત બે ભાવ હોય છે: ક્ષાયિક અને પારિણા-મિક. સંસારી જીવોમાં કોઈ ત્રણ ભાવવાળા, કોઈ ચાર ભાવવાળા અને કોઈ પાંચ ભાવો-વાળા હોય છે, પરંતુ બે ભાવવાળો કોઈ સંસારી જીવ હોતો નથી. અર્થાત્ મુક્ત આત્માના પર્યાયો ઉક્ત બે ભાવોમાં અને સંસારીના પર્યાયો ત્રણથી પાંચ ભાવોમાં પ્રાપ્ત થાય છે. એથી જ પાંચ ભાવોને જીવનું સ્વરૂપ કહ્યા છે. એ કથન જીવરાશિની અપેક્ષાએ કે કોઈ જીવવિશેષમાં સંભવની અપેક્ષાએ સમજવું.

જે પર્યાયો ઔદયિક ભાવવાળા છે તે 'વૈભાવિક' અને બાકીના ચારે ભાવવાળા પર્યાયો 'સ્વાભાવિક' છે.

ઉક્ત પાંચ ભાવોના ૫૩ ભેદ ઉમાસ્વાતિ વાચકે શ્રીતત્ત્વાર્થસૂત્રમાં ગણાવ્યા છે. કયા કયા ભાવવાળા કેટલા પર્યાયો છે અને તે કયા કયા, તે ત્યાં બતાવેલ છે અને આપણે તે આવતી ગાથામાં જોઈશું.

સર્વોપશમ માત્ર મોહનીય કર્મનો જ થાય છે. દર્શનમોહનીય કર્મના ઉપશમથી સમ્યક્ત્વ પ્રકટ થાય છે અને ચારિત્રમોહનીય કર્મના ઉપશમથી ચારિત્ર પ્રકટ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માટે જ સમ્યક્ત્વ અને ચારિત્ર એ બન્ને પર્યાયો ઔપશમિક ભાવવાળા સમજવા જોઈએ.

કેવળજ્ઞાનાવરણના ક્ષયથી કેવળજ્ઞાન, કેવળદર્શનાવરણના ક્ષયથી કેવલદર્શન, પંચવિધ અંતરાયના ક્ષયથી દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય એ પાંચ લબ્ધિઓ, દર્શન-મોહનીય કર્મના ક્ષયથી સમ્યક્ત્વ અને ચારિત્રમોહનીય કર્મના ક્ષયથી ચારિત્ર પ્રકટ થાય છે. માટે કેવળજ્ઞાનાદિ નવ પ્રકારના પર્યાયો ક્ષાયિક કહેવાય છે. આ સર્વ વિગત મૂળ ગ્રંથકાર જ આવતી ગાથામાં કહેશે. ઉમાસ્વાતિ મહારાજ છઠ્ઠો સાન્નિપાતિક ભાવ આ ગ્રંથમાં ઉમેરે છે. એકથી વધારે ભાવો એક સ્થાને એકી વખતે આવે તેને સાન્નિપાતિક ભાવ કહે છે. આપણે એ સર્વ આવતી ગાથામાં જોઈશું. (૧૯૬)

**ભાવોના પેટાભેદો—**

**ते त्वेकविंशतित्रिद्विनवाष्टादशविधास्तु विज्ञेयाः ।**
**षष्ठश्च सान्निपातिक इत्यन्यः पञ्चदशभेदः ॥१९७॥**

**અર્થ**—આ પાંચે ભાવોમાં ઔદયિક ભાવ એકવીસ પ્રકારનો છે, બીજા પારિણામિક ભાવના ત્રણ પ્રકાર છે, ત્રીજા ઔપશમિક ભાવના બે પ્રકાર છે, ચોથા ક્ષાયિક ભાવના નવ પ્રકાર છે અને પાંચમા ક્ષાયોપશમિક ભાવના અઢાર ભેદો છે. છઠ્ઠો સાન્નિપાતિક ભાવ છે, તે બીજા ભાવોનો વર્તમાન સમૂહ છે. આ છઠ્ઠા સાન્નિપાતિક ભાવના પંદર પ્રકાર છે. (૧૯૭)

**વિવરણ**—આ પાંચ ભાવોના અને તેના સમૂહ તરીકે વર્તતા છઠ્ઠા સાન્નિપાતિક ભાવના પેટાભેદો કેટલા છે તે આ ગાથામાં વિચારવામાં આવેલ છે. એ વિચારણા સમજ-પૂર્વકની અને યાદ રાખવા યોગ્ય છે, અક્કલમાં ઊતરે તેવી છે. આપણે તેની વિચારણા કરીએ.

**એકવિંશતિ**—પ્રથમના ઉપર વર્ણવેલા ઔદયિક ભાવના એકવીસ પેટાભેદો છે. આ ઔદયિક ભાવ કર્મના ઉદયથી નાના પ્રકારના પર્યાયો બનાવે છે. અમુક માણસ જનાવર (તિર્યંચ) થાય કે અમુક દેવ થાય કે માણસ થાય તે ઔદયિક ભાવ સમજવો. નરકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ અને દેવગતિ એમ ચાર ગતિના ચાર ભેદ. ચાર કષાયો છે—ક્રોધ, માન, માયા અને લોભ. આ ચાર કષાયોનો ઉદય થવા દેવો તે ઔદયિક ભાવ બતાવે છે. ત્રણ લિંગ છે—પુરુષચિહ્ન, સ્ત્રીચિહ્ન અને નપુંસકચિહ્ન. આ રીતે અગિયાર પ્રકાર ઔદયિક ભાવના થયા.

મિથ્યાત્વ—શુદ્ધ દેવગુરુધર્મની ઓળખાણ ન થવા દે અને વ્રતાદિથી વિરુદ્ધ રાખે, તે મિથ્યાત્વનો એક પ્રકાર. અજ્ઞાન—અજાણપણું, ન જાણવું તે. આનો પણ એક જ પ્રકાર લેવાનો છે. અસંયતત્વ—સાધુપણું, યતિપણું પ્રાણી પ્રાપ્ત ન કરી શકે. અસિદ્ધત્વ—પ્રાણી મોક્ષ ન મેળવી શકે, સંસારમાં રખડ્યા કરે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ચાર ગતિ, ચાર કષાય અને ત્રણ લિંગ મળીને અગિયાર પ્રકાર થયા, તેમાં મિથ્યાત્વ, અજ્ઞાન, અસંયતત્વ અને અસિદ્ધત્વ મેળવતાં પંદર ભેદ થયા.

છ લેશ્યા—કૃષ્ણ, નીલ, કાપોત, તેજ, પદ્મ અને શુક્લ. આ છ ઉમેરતાં એકવીશ પેટાભેદ થયા. આ ગતિ વગેરે સર્વ કર્મોદયથી થાય છે. આ ભાવમાં જે ઉપગ્રાહી કર્મો છે તે સર્વનો ગતિ શબ્દના સ્વીકારથી સમાવેશ ગણી લેવો. આખા ભવમાં અનેક કર્મો ભોગવાય તે ત્રસદશક, સ્થાવરદશક અને બીજાં સર્વ કર્મોનો આ ઔદયિક ભાવમાં સમાવેશ જાણી લેવો.

કષાયને લેવાથી ચારે ઘાતિકર્મોનો તેમાં સમાસ થઈ જાય છે એમ સમજવું. અગાઉ ગંધહસ્તી નામના આચાર્યે આ પ્રમાણે ગણતરી કરી છે.

અજ્ઞાન વગેરે કેવી રીતે ઔદયિક ભાવે આવે? એવા પ્રશ્નના જવાબમાં કહે છે કે એ પણ કાર્ય હોવાથી સમાવેશ થઈ જાય. આવી રીતે જીવને લાગેલાં સર્વ કર્મોનો આ ઔદયિક ભાવમાં સમાવેશ થઈ જાય છે.

**ત્રિ**—બીજા પારિણામિક ભાવના ત્રણ પ્રકાર છે. જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ એ ત્રણે પારિણામિક ભાવ છે. એ કર્મથી થતા નથી. જીવમાં ભવ્યપણું કે અભવ્યપણું હોવું તે પારિણામિક ભાવ છે. તેનું કોઈ કારણ નથી કે કોઈ કર્મના ઉદયને પરિણામે તે નથી, એમ સમજવું અને સ્વીકારવું. તે પારિણામિક ભાવ છે.

જૈન સાઈટ JAINSITE .com

આ જીવના અસાધારણ ભાવ હોવાથી એમને જીવના પારિણામિક ભાવના પેટા પ્રકારમાં ગણવામાં આવે છે. બાકી અસ્તિત્વ, અન્યત્વ, કર્તૃત્વ, ગુણવત્ત્વ, ભોક્તૃત્વ, પ્રદેશવત્ત્વ, અસંખ્યાત પ્રદેશવત્ત્વ, અસર્વગતત્વ, અરૂપવત્ત્વ એ સર્વ પારિણામિક ભાવો છે. પણ જીવને અસાધારણ તો ઉપરના ત્રણ પ્રકારો જ છે. વળી, આ અસ્તિત્વ વગેરે ભાવો અજીવમાં પણ હોય છે. અને આપણે જીવને અજીવથી જુદા પાડવા છે. આ રીતે અસ્તિત્વ વગેરે પારિણામિક ભાવો હોવા છતાં એ જીવને માટે અસાધારણ ન કહેવાય. આ ત્રણ જીવને અજીવથી જુદો પાડનાર પારિણામિક ભાવ છે અને આપણને આ જીવતત્ત્વ સમજવામાં પ્રસ્તુત છે, જરૂરી છે, ઉપયોગી છે.

**દ્વિ**—ઔપશમિક ભાવના બે પ્રકાર છે: સમ્યક્ત્વ અને ચારિત્ર એટલે દર્શનમોહનીય કર્મને ઉપશમાવવાથી સમ્યક્ત્વ અને ચારિત્રમોહનીય કર્મને ઉપશમાવવાથી ચારિત્ર થાય છે. આ ઉપશમ ભાવમાં કચરો માત્ર નીચે બેસે છે, પણ તે અંદર પડ્યો રહે છે, દબાયલો રહે છે, તેનો સર્વથા નાશ થતો નથી.

**નવ**—ક્ષાયિક ભાવ કર્મનો તદ્દન ક્ષય થવાથી થાય છે. એના નવ પ્રકાર છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, દાન, લાભ, ભોગ, ઉપભોગ, તથા વીર્યલબ્ધિ અને ક્ષાયિક સમ્યક્ત્વ અને ક્ષાયિક ચારિત્ર. આ નવ પ્રકારના ભાવ ક્ષાયિક ભાવે જ પ્રાપ્ત થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અષ્ટાદશ**—ક્ષયોપશમ ભાવના અઢાર (૧૮) પ્રકાર છે. ઉદયમાં આવે તે કર્મોનો ક્ષય કરવો અને બાકી અંદર પડી રહેલા કર્મોનો ઉપશમ કરવો. એની વિશુદ્ધિ મિશ્રિત હોય છે. કોદરાની પેઠે એ અર્ધમિશ્રિત આત્મશુદ્ધિ છે: તે તે જ્ઞાનાવરણના ક્ષયોપશમથી મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન પ્રગટે છે; તેમ જ મિથ્યાત્વયુક્ત તે તે જ્ઞાનાવરણના ક્ષયોપશમથી, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન પ્રગટે છે. આમ મતિજ્ઞાન આદિ એવા સાત પ્રકાર થયા. તે તે દર્શનાવરણના ક્ષયોપક્ષમથી ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિદર્શન તથા પાંચ પ્રકારના અંતરાયના ક્ષયોપશમથી દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય લબ્ધિ પ્રકટે છે. અનંતાનુબંધી ક્રોધ, માન, માયા તથા લોભનો ક્ષયોપશમ થવાથી તથા દર્શનમોહનીયના ક્ષયોપશમથી સમકિત પ્રગટ થાય છે. અપ્રત્યાખ્યાનાવરણીય કષાયના ક્ષયોપશમથી દેશવિરતિ પ્રકટ થાય છે અને પ્રત્યાખ્યાનાવરણીય કષાયના ક્ષયોપશમથી સર્વવિરતિ ચારિત્ર પ્રગટ થાય છે. આટલા સારું જ્ઞાન વગેરે ઉપરના અઢાર પ્રકારના પર્યાયો ક્ષાયોપશમિક ભાવે વર્તે છે.

**પંચદશ**—આ પાંચ ભાવનો જ્યાં સંયોગ થાય છે તે સાન્નિપાતિક ભાવના પંદર પ્રકાર છે. સંયોગ જેવું પ્રયોજન છે તેને સાન્નિપાતિક ભાવ કહેવામાં આવે છે. આ છઠ્ઠો ભાવ તેમણે (ઉમાસ્વાતિ વાચકે) તત્ત્વાર્થઅધિગમ સૂત્રમાં નથી બતાવ્યો, પણ અહીં તે વાત સ્પષ્ટ જણાવી છે. તે સાન્નિપાતિક ભાવના પંદર પ્રકાર છે.

પાંચ ભાવોમાં બેના, ત્રણના, ચારના અને પાંચના યોગો (જોડાણો) કુલ ૨૬ થાય. તેમાંથી નીચે પ્રમાણેના કુલ છ યોગો (જોડાણો) સંભવે છે. બાકીના વીસ યોગો સંભવતા નથી. (૧) દ્વિક સંયોગી ભંગ. આ પારિણામિક અને ક્ષાયિક ભાવ સિદ્ધના જીવોને લાગે છે. (૨) ત્રિકસંયોગી ભંગ. કેવળીને ઔદયિક, પારિણામિક અને ક્ષાયિક ભાવ લાધે. (૩) ત્રિકસંયોગી ભંગ. ઔદયિક, પારિણામિક અને ક્ષયોપશમિક ભાવ ચાર ગતિમાં રહેલ જીવોને લાગે. (૪) ચાર ભાવનો સંયોગ. ઔદયિક, પારિણામિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક ભાવ એ પણ ચારે ગતિના જીવોને લાગે. (૫) ચાર ભાવનો સંયોગ. ઔદયિક, પારિણામિક, ઔપશમિક અને ક્ષાયોપશમિક આ ચાર ભાવોનો સંયોગ એ ચારે ગતિના જીવમાં હોય છે. (૬) મનુષ્યોને પાંચે ભાવ લાગે—ઔદયિક, પારિણામિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક અને ઔપશમિક. આ પ્રમાણે છ જ ભાંગા લાભે, આ પ્રમાણે વાત ઘટે છે.

આ છ યોગો(જોડાણો)ને ગતિ સાથે સમજતાં આ જોડાણોના કુલ પંદર પ્રકાર થાય. પારિણામિક અને ક્ષાયિક એ બેનો યોગ એક સિદ્ધ ગતિમાં જ સંભવે છે. એટલે આ યોગનો એક જ પ્રકાર છે. ઔદયિક, ક્ષાયિક અને પારિણામિક આ ત્રણનો યોગ પણ કેવળીને જ સંભવે છે. એટલે આ યોગનો પણ એક જ પ્રકાર છે. પાંચે ભાવોનો યોગ પણ કેવળ મનુષ્યગતિમાં જ સંભવે છે એટલે આ યોગનો પણ એક જ પ્રકાર છે. પરંતુ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાકીના ત્રણ યોગો ચારેય ગતિમાં સંભવે છે એટલે દરેકના ચાર પ્રકાર થતા હોઈ આ ત્રણ યોગોના કુલ બાર પ્રકાર છે. આવી રીતે સાન્નિપાતિક ભાવના કુલ પંદર પ્રકાર થાય છે એમ સમજવું. તેનું યંત્ર નીચે પ્રમાણે હરિભદ્રસૂરિની ટીકામાં આપેલ છે.

ઔદયિક મિશ્ર પારિણામિક ૩, ગતિ ૪=૪ પ્રકાર
ઔદયિક મિશ્ર ક્ષાયિક પારિણામિક ૪, ગતિ ૪=૪ પ્રકાર
ઔદયિક મિશ્ર ઔપશમિક પારિણામિક ૪, ગતિ ૪=૪ પ્રકાર
ઔદયિક મિશ્ર ક્ષાયિક ઔપશમિક પારિણામિક ૫, ગતિ ૧=૧ પ્રકાર
ઔદયિક ક્ષાયિક પારિણામિક ૩, કેવળીને જ ૧=૧ પ્રકાર
ક્ષાયિક પારિણામિક ૨, સિદ્ધને જ ૧=૧ પ્રકાર

કુલ ૧૫ પ્રકાર

આવી રીતે ભેદવિભાગ પૂર્ણ થયો. (૧૯૭)

## એ ભાવોથી થતાં સુખદુ:ખ વગેરેના આઠ પ્રકાર

**एभिर्भावैः स्थानं गतिमिन्द्रियसंपदः सुखं दुःखम् ।**
**संप्राप्नोतीत्यात्मा सोऽष्टविकल्पः समासेन ॥१९८॥**

JAINSITE.com जैनम् जयति शासनम्

**અર્થ**—એ ભાવો વડે પ્રાણી સ્થાન પામે છે, ગતિ પામે છે, ઇંદ્રિયો મેળવે છે, સંપત્તિ અને સુખ તથા દુ:ખ પ્રાપ્ત કરે છે. ટૂંકમાં તેના આઠ દષ્ટિએ વિચાર થાય છે. (૧૯૮)

**વિવેચન**—આથી પ્રાણી સ્થાન, ગતિ, સંપત્તિ, સુખદુ:ખ પામે છે. ઔદયિક ભાવના ઉદયે પ્રાણીઓમાં ફેરફાર દેખાય છે. પ્રાણીઓમાં એ તફાવતો આઠ પ્રકારના છે. તેમને આ જીવતત્ત્વ પ્રકરણમાં દાખલ કરવા. આ ગતિ વગેરે નામો સાપેક્ષ કહેલ છે. આપણે એ સર્વ વિચારીએ. એ ઔદયિક ભાવના આઠ પ્રકારો હવે પછીની ગાથામાં કહેશે. એક પ્રાણી બીજાઓથી જુદો પડે છે, તેના આ પ્રસંગો ચિતરવામાં આવ્યા છે. દેવચંદ કરતાં ઋષભદાસ શા કારણે ઔદયિક ભાવે જુદો પડે છે, તે પર અત્ર વિચાર થાય છે.

**એ ભાવો વડે**—આ સર્વ ફેરફાર અને એક જીવથી બીજા જીવને જુદા પાડવાનું કારણ તો મુખ્યત્વે કરીને ઔદયિક ભાવ જ છે. પણ પાંચે ભાવે પણ જીવ જુદા પડે છે, તેથી પાંચે ભાવને અહીં કારણ તરીકે માનેલ છે.

**સ્થાન**—સ્થિતિ અથવા આયુષ્ય. આ અર્થમાં ટીકાકાર શ્રી હરિભદ્ર એ શબ્દને સ્પષ્ટ સમજે છે. સ્થાનને ગતિ સાથે મેળવવા જેવું નથી. નારકોમાં ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ સ્થાનો હોય છે. તે અર્થમાં સ્થાન શબ્દ કોઈક સમજે છે. સ્થાનને ગતિ સાથે કાંઈ સંબંધ નથી.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગતિ—ચાર છે : દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારક. તિર્યંચની અંદર એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિય અને પંચેન્દ્રિય તિર્યંચોનો સમાવેશ થાય છે. પંચેન્દ્રિય તિર્યંચમાં જળચર, સ્થળચર અને ખેચરો તેમ જ ઉરપરિસર્પ અને ભુજપરિસર્પનો સમાવેશ થાય છે. આ ચાર ગતિમાં સર્વ જીવનો સમાવેશ થાય છે. મોક્ષને પાંચમી ગતિ કહેવાય છે.

ઇંદ્રિય—કોઈ પ્રાણી એકેંદ્રિય થાય, કોઈ બેઇંદ્રિય થાય, કોઈ પ્રાણી તેઇંદ્રિય થાય, કોઈ ચઉરિંદ્રિય થાય, અને કોઈ પંચેંદ્રિયપણું પામે. આ વિવિધતા ઔદયિક ભાવનું પરિણામ છે.

સંપદ:—ઇંદ્રિયસંપત્તિ. કોઈ જીવ એકેંદ્રિયપણું મેળવે, એવો અર્થ ટીકાકાર કરે છે. ત્યાં તેમના મતે 'ઇંદ્રિયસંપદ્' ઇંદ્રિયરૂપ સંપદ્ના અર્થમાં છે. અથવા વધતી ઓછી સંપત્તિ પામે, કોઈ વાર કોઈ ધનવાન થાય, કોઈ ગરીબ થાય વગેરે. આવા અર્થમાં પણ સંપદ્ શબ્દ વાપરેલ હોઈ શકે.

સુખદુઃખ—પ્રાણીને સુખ અથવા દુઃખ થાય છે તે પણ ઔદયિક ભાવનું જ પરિણામ છે. કોઈ પ્રાણી માગે ત્યાં દૂધ મળે અને કેટલાક પ્રાણી રગરગીને મરી જાય પણ એક બટકું રોટલો પણ ન મળે; કેટલાક સારી શરીરતંદુરસ્તી ધરાવે અને પથ્થર ખાય તો પણ નડે નહિ અને કોઈ નિરંતર માંદા રહે અને મરવાને વાંકે જીવે. આવા આવા જે તફાવતો પ્રાણી પ્રાણી વચ્ચે પડે છે તે પાંચે ભાવની તરતમતાને કારણે છે.

અષ્ટવિધ—આ તફાવત ટૂંકામાં આઠ પ્રકારનો હોય છે. હવે પછીની ગાથામાં એ આઠે પ્રકારો મૂળ ગ્રંથકર્તા પોતે જ બતાવશે. ત્યારે પ્રાણી પ્રાણીમાં ફેર કેમ પડે છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવશે. એક પ્રાણી અને બીજા વચ્ચે જે તફાવત પડે છે તે આ પાંચ ભાવોની તરતમતાને કારણે છે, આકસ્મિક નથી. આ કેટલું બધું સમજણપૂર્વકનું છે તે સમજવું અને તેની સ્થાપના કરનાર કેટલા વિચક્ષણ હશે તે વિચારવું. આ પ્રાણી પ્રાણી વચ્ચેનો તફાવત ધ્યાનમાં રાખવો અને જીવતત્ત્વની વિચારણામાં તે અગત્યની બાબત છે એ ખ્યાલમાં રાખવું. (૧૯૮)

**જીવોને જુદા પાડનાર આઠ કારણો—**

> द्रव्यं कषाययोगावुपयोगो ज्ञानदर्शने चैव ।
> चारित्रं वीर्यं चेत्यष्टविधा मार्गणा तस्य ॥१९९॥

અર્થ—દ્રવ્ય, કષાય, યોગ, ઉપયોગ, જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય એ તેના આઠ પ્રકારના ભેદો જાણવા. (૧૯૯)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિવરણ**—ઉપરની ગાથામાં એક જીવ બીજા જીવથી જુદો પડે છે તેનાં આઠ કારણ કહ્યાં છે, તે આ ગાથામાં વિગતવાર જણાવે છે.

**દ્રવ્ય**—ગુણોનો આશ્રય દ્રવ્ય. ગુણોને જે પોતામાં આશ્રય આપે, એટલે જે ગુણને ટકાવે, પોતાના છે એમ કહેવરાવે તે દ્રવ્ય. અજીવ પણ ગુણવાન છે. દ્રવ્યની આ વ્યાખ્યા સમજવી.

**કષાય**—ક્રોધ, માન, માયા અને લોભ એ ચારના સમુચ્ચયનું નામ કષાય છે. કષ્ એટલે સંસાર. સંસારનો જેમાં લાભ થાય, તે વધી જાય તે કષાય. કષાય તે મનોવિકારો છે અને મહા સંસાર વધારી મૂકનારા છે.

**યોગ**—મન વચન કાયાના યોગ. દશ મનના, દશ વચનના અને કાયયોગના બાર ભેદો છે. તે હવે પછી આપણે જોઈશું.

**ઉપયોગ**—જ્ઞાન-દર્શન. આ સર્વ જીવોનું સ્થાયી લક્ષણ છે. મોક્ષમાં રહેલા જીવોને પણ ઉપયોગ હોય છે. એટલા માટે તત્ત્વાર્થાધિગમમાં ઉમાસ્વાતિ મહારાજ કહે છે કે સર્વ જીવોનું લક્ષણ ઉપયોગ છે. उपयोगो लक्षणम् (૨.૮)–ઉપયોગ એ જીવનું લક્ષણ છે. જીવ જેને આત્મા અને ચેતન પણ કહે છે તે અનાદિ સિદ્ધ સ્વતંત્ર દ્રવ્ય છે. તાત્ત્વિક દૃષ્ટિએ અરૂપી હોવાથી એનું જ્ઞાન ઇંદ્રિય દ્વારા થતું નથી. પરંતુ તેનું સ્વસંવેદન પ્રત્યક્ષ થાય છે તથા તેનું અનુમાન કરી શકાય છે. એમ હોવા છતાં પણ સાધારણ જિજ્ઞાસુ માટે એક એવું લક્ષણ બતાવવું જોઈએ કે જેનાથી આત્માની પિછાન કરી શકાય; એ અભિપ્રાયથી પ્રસ્તુત સૂત્રમાં તેનું લક્ષણ બતાવ્યું છે. આત્મા લક્ષ્ય–જ્ઞેય અને ઉપયોગ લક્ષણ–જાણવાનો ઉપાય છે. જગત અનેક જડ-ચેતન પદાર્થોનું મિશ્રણ છે. એમાંથી જડ અને ચેતનનો વિવેકપૂર્વક નિશ્ચય ઉપયોગ દ્વારા થઈ શકે છે; કારણ કે તરતમભાવથી ઉપયોગ બધા આત્માઓમાં અવશ્ય મળી આવે છે, જ્યારે જડમાં તે બિલકુલ હોતો નથી.

**જ્ઞાન**—જાણવું તે. વિશેષ વિગતથી જાણવું તેને જ્ઞાન કહેવાય છે.

**દર્શન**—સામાન્ય બોધ, જાતિ આદિનો બોધ, વિશેષતા વગરનો બોધ. તેને દર્શન કહેવામાં આવે છે.

**ચારિત્ર**—ચર્યા. પાંચ પ્રકારનાં ચારિત્ર. એનું વર્ણન આગળ આવશે.

**વીર્ય**—શક્તિ. દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય (શક્તિ) આ પાંચ પ્રકારના અંતરાયનો ત્યાગ કરવો તે આત્માના ગુણને રોકનાર આવરણના ત્યાગ બરાબર છે.

આ આઠ પ્રકારની માર્ગણા છે. જીવને સમજવા માટે જીવની એ આઠે પ્રકારની માર્ગણા જાણવી જોઈએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**માર્ગણા**—ધર્મના પર્યાલોચન દ્વારા અન્વેષણ. જીવદ્રવ્યની શોધખોળ કરતાં જે પરિણામ મળેલ તે અત્ર રજૂ કર્યું છે. તેના આઠ પ્રકાર છે.

આ આઠે પ્રકારની માર્ગણાને, અન્વેષણને હવે વિગતવાર બતાવશે. વિચારપૂર્વકની શોધને માર્ગણા કહે છે. (૧૯૯)

**આત્માના પ્રકારો. માર્ગણાનુસાર પ્રથમ ચાર પ્રકારો**

**जीवाजीवानां द्रव्यात्मा सकषायिणां कषायात्मा ।**
**योगः सयोगिनां पुनरुपयोगः सर्वजीवानाम् ॥२००॥**

**અર્થ**—જીવ તથા અજીવનો દ્રવ્યાત્મા, કષાયવાન પ્રાણીનો કષાયાત્મા, યોગસહિત (મન, વચન, કાયાની પ્રવૃત્તિ યુક્ત) હોય ત્યારે યોગાત્મા અને પ્રત્યેક—સર્વ જીવોનો ઉપયોગાત્મા. (૨૦૦)

**વિવરણ**—આ ગાથામાં જે ઉપર આઠ માર્ગણાઓ બતાવવામાં આવી તે અનુસાર જીવનું સ્વરૂપ બતાવવામાં આવે છે, તે સમજવું અને અવધારવું.

**દ્રવ્યાત્મા**—જે બહારનો દેખાવ ધારણ કરે તે દ્રવ્યાત્મા. જીવ અને સર્વ અજીવો આકારને ધારણ કરે છે. ધર્મ અધર્મ વગેરે સર્વ અજીવોને પણ આકાર હોય છે. નિરંજન નિરાકાર આત્મા પણ પુદ્ગળ સંગે આકાર ધારણ કરે છે. એટલે ભાવાત્મા તો આત્મા પોતે જ છે, પણ તે પુદ્ગળ સંગે આકાર ધારણ કરતો હોવાથી દ્રવ્યાત્મા કહી શકાય. યાદ રાખવું કે આપણે આત્માને જોઈ શકતા નથી. પણ પુદ્ગળ સંગે તે નવા નવા આકાર ધારણ કરે છે તે દ્રવ્યાત્મા છે. આવી રીતે અજીવો પણ આકાર ધારણ કરે છે, તેથી જીવ અને અજીવ દ્રવ્યની અપેક્ષાએ આત્મા છે.

**કષાયાત્મા**—જ્યારે માણસ ક્રોધ, માન, માયા કે લોભમાં પડી જાય છે ત્યારે તે કષાયમય થઈ જાય છે, તન્મય થઈ જાય છે, તે વખતે તે કષાયાત્મા કહેવાય છે. જેમ સામાયિક કરનાર શેઠ સામાયિકમાં હોવા છતાં ઢેઢવાડે જઈ આવ્યા તેમ ક્રોધી, માની, માયાવી અને લોભી તે વખતે કષાયાત્મા છે.

**યોગાત્મા**—જ્યારે પ્રાણી મન, વચન, કાયાના કોઈ પણ યોગમાં પ્રવર્તતો હોય તે વખતે યોગાત્મા કહેવાય છે. માત્ર ચૌદમે ગુણસ્થાને જ અયોગીપણું પ્રાપ્ત થાય છે. ત્યાં સુધી સર્વ યોગાત્માઓ છે એમ જાણવું.

**ઉપયોગાત્મા**—આપણે આગલી ગાથામાં જોયું કે સર્વ જીવોને લાગુ પડે તેવું લક્ષણ ઉપયોગ છે. ઉપયોગ સર્વજીવોને હોય છે (મોક્ષના જીવોને પણ). તેથી સર્વ આત્મા ઉપયોગાત્મા કહેવાય છે. તે જ પ્રમાણે જ્ઞાનમાં વર્તે ત્યારે જ્ઞાનાત્મા, દર્શનમાં વર્તે ત્યારે

जैन साईट JAINSITE.com जैनम जयति शासनम

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દર્શનાત્મા, ચારિત્રમાં વર્તે ત્યારે ચારિત્રાત્મા અને વીર્યમાં વર્તે ત્યારે વીર્યાત્મા. આ પ્રમાણે આઠે માર્ગણાએ આત્માને ઘટાવવો. તે આવતી ગાથામાં કહેશે.

પોતાનું તાદ્રૂપ્ય જેની સાથે થાય તે રૂપ આત્મા થઈ જાય, તે ભાવમાં વર્તતો આત્મા કહેવાય છે. ખરી રીતે આવી સ્થિતિ આત્માની સ્થિતિ છે. આ ભાવ બરાબર સમજવો. (૨૦૦)

**બાકીની ચાર માર્ગણાએ વર્તતો આત્મા--**

**ज्ञानं सम्यग्दृष्टेर्दर्शनमथ भवति सर्वजीवानाम् ।**
**चारित्रं विरतानां तु सर्वसंसारिणां वीर्यम् ॥२०१॥**

**અર્થ**—સમકિત દૃષ્ટિનો જ્ઞાનાત્મા અને સર્વ પ્રાણીઓનો દર્શનાત્મા અને ચારિત્રમાં આસક્ત થયેલા હોય તેમનો ચારિત્રાત્મા અને સંસારમાં રહેલા સર્વ જીવો જેમનામાં વીર્ય શક્તિ હોય તે વીર્યાત્મા. (૨૦૧)

**વિવેચન**—આ ગાથામાં માર્ગણાનુસાર બાકીના આત્માના ચાર પ્રકાર બતાવે છે, એટલે આઠે માર્ગણાનુસાર આત્માના પ્રકાર પૂરા થશે.

**જ્ઞાન**--સર્વ પ્રાણીઓમાં જ્ઞાનનો અનંતમો ભાગ સદા ખુલ્લો રહે છે. કાંઈપણ જાણવું, વસ્તુ છે એવી સવિશેષ ભાવના, તેના જાણપણાને જ્ઞાન કહે છે. આ દેવચંદ છે, રાયચંદ છે, મારી પોતાની ગાય છે એવું સવિશેષ જાણપણું તે જ્ઞાન.

**સમ્યગ્દૃષ્ટિ**--સમ્યગ્દૃષ્ટિવાળા જીવને જ્ઞાન થાય તે વખતે વર્તતો ચેતનાનો પ્રવાહ તે જ્ઞાનાત્મા જાણવો. ટીકાકારના કહેવા પ્રમાણે ક્ષાયિક, ક્ષાયોપશમિક અને ઔપશમિક એમ ત્રણ પ્રકારના જ્ઞાનનો આમાં સમાવેશ થાય છે. મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન નહિ.

**દર્શન**—વસ્તુનો સામાન્ય ઉપયોગ. 'અહીં કાંઈક છે' એવું વિશેષ જાણ્યા વગરનું જ્ઞાન થાય, માત્ર 'અહીં કાંઈક છે' એવો સામાન્ય બોધ થાય, તેને દર્શન કહેવામાં આવે છે.

**સર્વજીવો**--આ દર્શન, સામાન્ય બોધ, નિરાકાર ઉપયોગ જ્યારે પ્રાણીને થાય ત્યારે તે દર્શનાત્મા જાણવો. આવો બોધ એકેંદ્રિયથી માંડીને સર્વ જીવોને થઈ શકે છે.

**ચારિત્ર**--ચર્યા. એના પાંચ વિભાગ નવતત્ત્વમાં આપેલા છે. ચારિત્રની ક્રિયા કરનાર તે વખતે ચારિત્રાત્મા કહેવાય છે.

**વિરત**--ત્યાગીને હોય તે ખરું ચારિત્ર. ચારિત્રમાં પ્રાણી વર્તતો હોય તે વખતે તે ચારિત્રાત્મા કહેવાય છે. ચારિત્ર અહીં સંયતનું સમજવું, અસંયતનું નહિ. જેમણે ત્યાગ ન કર્યો હોય તે ચારિત્રાત્મા ન કહેવાય.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વીર્ય**—શક્તિ, બળ. આ શક્તિ આત્મામાં ભરેલી છે, તે પ્રકટ થાય ત્યારે તે વીર્યાત્મા કહેવાય છે. અંદર ભરેલી શક્તિનો ઉપયોગ થાય જ એમ સમજવું નહિ. પણ એ શક્તિ અંદર તો પડેલી છે જ.

**સર્વ સંસારીઓની**—સિદ્ધ અને સંસારી સર્વ પ્રાણીઓમાં અનંત શક્તિ ભરેલી છે. જીવને અજીવથી જુદા પાડનાર આ વીર્ય છે. એનો જ્યારે ઉપયોગ થાય ત્યારે તે વીર્યાત્મા થાય છે એમ સમજવું. શક્તિનો ઉપયોગ કરે ત્યારે આ પ્રાણી વીર્યાત્મા કહેવાય છે.

આ રીતે આઠે માર્ગણાએ આઠ પ્રકારના આત્માની વાત કરી. આ વાત લક્ષમાં રાખી સમજવી અને પ્રાણી જે ભાવે વર્તતો હોય તે ખ્યાલમાં રાખવું. આમાં ઉપયોગાત્મા અને વીર્યાત્મા મોક્ષના જીવને પણ લાગે છે. (૨૦૧)

**દ્રવ્યાત્મા**—

**द्रव्यात्मेत्युपचारः सर्वद्रव्येषु नयविशेषेण ।**
**आत्मादेशादात्मा भवत्यनात्मा परादेशात् ॥२०२॥**

**અર્થ**—'દ્રવ્યાત્મા' એ પ્રમાણે બધાં દ્રવ્યોને ઉપચાર નયની અપેક્ષાએ વિશેષે કરીને કહી શકાય. આત્માની (સ્વની) અપેક્ષાએ તે આત્મા છે અને પરને આદેશ કરવાથી પરની અપેક્ષાએ તે જ અનાત્મા થઈ જાય છે. (૨૦૨)

**વિવેચન**—આ ગાથામાં 'આત્મા' શબ્દનો અર્થ અપેક્ષા ધ્યાનમાં રાખીને સમજાવે છે. એ અપેક્ષાને સમજવી તે જૈન ધર્મ અને તેનાં તત્ત્વોને સમજવાની ચાવી છે, તેથી આ શ્લોકને ખૂબ વિચારી ધ્યાનમાં લેવો.

**દ્રવ્યાત્મા**—નયને લઈને અપેક્ષાએ સર્વ પદાર્થોને પણ દ્રવ્યાત્મા કહી શકાય. એ સામાન્યની અપેક્ષાએ સમજવું. તત્ત્વથી એવી વાત ન થાય, પણ ઉપચારથી એને અને અજીવના સર્વ પદાર્થોને દ્રવ્યાત્મા કહી શકાય. જીવ અને અજીવ સર્વ પદાર્થો પોત-પોતાનાં રૂપનાં વાચક હોવાથી ઉપચારની અપેક્ષાએ બન્નેને દ્રવ્યાત્મા કહી શકાય. અજીવમાં જે ગુણો છે તે આમાં પણ છે, તેથી તેને દ્રવ્યાત્મા સ્વદ્રવ્યની અપેક્ષાએ કહેવામાં કોઈ પ્રકારનો વાંધો નથી. अटति इति आत्मा—જે ફરે હરે, જાય આવે તે આત્મા. એ અપેક્ષાએ એ અજીવ પદાર્થોને પણ દ્રવ્યાત્મા કહી શકાય. એનું સ્વરૂપ બતાવવા એને દ્રવ્યાત્મા કહેવામાં કોઈ જાતનો વાંધો નથી. બાકી જીવ એ તો જીવ જ છે. તે ભાવાત્મામાં જશે. એટલે તત્ત્વથી અજીવ આત્મા ન હોવા છતાં તેનું અને આત્માનું જવા આવવાને અંગે સ્વરૂપ એક સરખું હોવાથી ઉપચારથી એને દ્રવ્યાત્મા કહી શકાય. આ ઔપચારિક વાત છે અને ન્યાયનિષ્ણાત તરત સમજી શકશે. જીવ અને અજીવ આવી રીતે એકસરખાં જાય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવે છે, તેથી તેમને દ્રવ્યાત્મા કહી શકાય. આ અપેક્ષા બરાબર સમજવી. દ્રવ્ય એટલે સામાન્યની અપેક્ષાએ આ વાત સમજવી.

**નય**--અપેક્ષા. એ અપેક્ષાએ અજીવ દ્રવ્યાત્મા છે, બાકી ભાવાત્મા એ નથી. આત્માનું અને અજીવનું સામાન્ય એક હોવાથી એ દ્રવ્યાત્મા કહેવાય.

**આત્મા**—ચેતનવાન. अटति इति आत्मा–જે પોતાના જોરથી–શક્તિથી જાયઆવે તેને જ ભાવાત્મા કહી શકાય. આ અપેક્ષાએ અજીવને ભાવાત્મા ન કહી શકાય. આત્માના જે ગુણો છે તે જેનામાં ઉપરછલ્લા હોય તે દ્રવ્યાત્મા ગણાય. આ સર્વ સામાન્યની અપેક્ષાએ છે.

**અનાત્મા**--આત્માના ગુણો ન હોય ત્યારે તેને અનાત્મા કહેવાય. પરની અપેક્ષાએ એ આત્મા પણ નથી અને અજીવ પણ નથી, આત્મા છે અને નથી, અજીવ છે અને નથી. આત્માના ગુણો જેનામાં ન હોય તે વ્યતિરેક અપેક્ષાએ અનાત્મા કહેવાય. આ અપેક્ષાવાદની વાત છે અને બહુ ઝીણવટથી સમજવા યોગ્ય છે. એ ગુરુગમની અપેક્ષા રાખે છે. ન સમજાય તેણે સમજણવાળા ગુરુની આ બાબતમાં મદદ લેવી.

**પરાદેશ**—જે આત્મિક વસ્તુ ન હોય, જેનામાં એ ગુણો ન હોય તેની અપેક્ષાએ એ દ્રવ્યાત્મા પણ નથી અને કાંઈ નથી.

મારા વિચાર પ્રમાણે દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં જે દ્રવ્ય શબ્દ વાપરવામાં આવેલ છે તે પદાર્થ માટેનો છે અને દ્રવ્યાત્મામાં જે દ્રવ્ય શબ્દ વપરાયો છે તે સ્થિતિની અપેક્ષાએ વપરાયેલ છે. આ તફાવત શબ્દના વપરાશને અંગે છે અને ધ્યાન રાખવા યોગ્ય છે. દ્રવ્યાત્મામાં વપરાતો દ્રવ્ય શબ્દ એ તદ્દન દેખાવમાત્ર ઉપચાર છે. ભાવાત્મા તો તદ્દન જુદો જ છે. બાકી જીવો અને અજીવો સ્વરૂપે ઉદ્દેશીએ તો દ્રવ્યાત્મા થઈ શકે છે, તેમાં જરા પણ વાંધો નથી. અજીવો કદી ભાવાત્મા ન જ થાય. આ અતિ સૂક્ષ્મ અપેક્ષા સમજવી, સમજવા પ્રયત્ન કરવો, એમાં મોટાનો આશ્રય લેવો પડે તેટલો લેવો. આત્મા જીવરૂપ છે અને અજીવો કદી ભાવાત્મા તો થતા જ નથી. સામાન્ય તત્ત્વને આશ્રીને આ દ્રવ્યાત્માનું સ્વરૂપ બતાવેલ છે. હજુ આ વિષયમાં વધારે કહેવામાં આવશે, તે સર્વ સમજવા સહાનુભૂતિથી યત્ન કરવો. (૨૦૨)

**જીવ તત્ત્વનું અનેકવિધ સ્વરૂપ**—

**एवं संयोगाल्पबहुत्वाद्यैर्नैकशः स परिमृग्यः ।**
**जीवस्यैतत्सर्वं सुतत्त्वमिह लक्षणैर्दृष्टम् ॥२०३॥**

**અર્થ**—એ પ્રમાણે આજુબાજુની પરિસ્થિતિને લઈને તેમ જ અલ્પબહુત્વને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લઈને જીવ(જીવતત્ત્વ)ને શોધી કાઢવું. આ જીવનું સર્વ સુંદર તત્ત્વ એનાં લક્ષણો વડે અહીં સમજવું. (૨૦૩).

**વિવેચન**—આ શ્લોકમાં બતાવે છે કે અનેક કારણે જીવના અનેક ભેદ થઈ શકે છે. અત્યારે જીવતત્ત્વનો વિચાર ચાલે છે. તેમાં તે અનેક પ્રકારો પ્રસ્તુત છે. આપણે આ શ્લોકનો ભાવ સમજવા પ્રયત્ન કરીએ.

**સંયોગ**—જેની સાથે જીવ જોડાયલો હોય તેના આધારે જીવના અનેક પ્રકાર પડી શકે. આપણે કષાયાત્મા, યોગાત્મા વગેરે, સંયોગજન્ય તેના પ્રકારો બસોમી ગાથામાં જોઈ ગયા. આ અનેક પ્રકારો જાણી લેવા, કારણ કે આત્માને બરાબર જાણવાનો એ માર્ગ છે. આત્મા તો ઘણી રીતે સંયોગમાં પડી ગયેલો છે, તેથી તેના સંબંધે તેના અનેક પ્રકાર થાય. સંયોગ છૂટી જાય ત્યારે તે બંધ થઈ જાય છે. જેમ કે એ નરકગતિના સંયોગે નારક કહેવાય છે, પણ તે વખતે તેને દેવગતિસંયોગ નથી તેથી તેને દેવ ન કહેવાય.

**અલ્પબહુત્વ**—વળી મનુષ્યો ગર્ભજ અને સંમૂર્છિમ ભેદે કરીને અસંખ્ય છે. તે બહુઓછા છે. તિર્યંચો એકેંદ્રિય વગેરે ભેદે કરીને અનંત છે, તેના પ્રમાણમાં મનુષ્યો અલ્પ છે, ને તિર્યંચો બહુ છે. સંખ્યાની બાબતમાં મનુષ્યો તિર્યંચને પહોંચે નહિ. વળી આદિ શબ્દ ઉપર વાપર્યો છે તે નામ માટે સમજવો. નામાદિ દરેકના જુદા હોય. પ્રાણી દેવચંદ તરીકે હસ્તિ ધરાવતો હોય પણ અમરચંદ તરીકે નહિ. આવી રીતે લક્ષણભેદે અને નામભેદે મનુષ્યો જુદા જુદા થાય. અસ્તિ–નાસ્તિ ભેદે તે જુદા પડે. આ અસ્તિ–નાસ્તિ ભાવ સમજવો. મનુષ્યોના આવા અનેક પ્રકાર પાડી શકાય છે.

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આવી રીતે જીવતત્ત્વના અનેક પ્રકાર થાય. તે બધાનાં કારણોમાં સંયોગ અને અલ્પબહુત્વ છે. તેને લઈને તેના અનેક ભેદો પડે છે. પ્રકારો પડવાનું કારણ આથી ખ્યાલમાં આવી જશે. જીવતત્ત્વની વાત ચાલે છે, તે ધ્યાનમાં રાખવું. (૨૦૩)

**સર્વજીવોનું એક લક્ષણ અપેક્ષાએ—**

उत्पादविगमनित्यत्वलक्षणं यत्तदस्ति सर्वमपि ।
सदसद्वा भवतीत्यन्यथाऽर्पितानर्पितविशेषात् ॥२०४॥

**અર્થ**—સર્વ વસ્તુઓ ઉત્પન્ન થાય છે, નાશ પામે છે અને તેની અંતર્ગત નિત્યત્વ રહેલું છે. તે સર્વ વસ્તુ સત્ અને અસત્ અપેક્ષાએ અને અપેક્ષાની ગેરહાજરીમાં થઈ શકે. (૨૦૪)

**વિવેચન**—આ ગાથામાં સર્વ વસ્તુની વ્યાખ્યા અને તેની અપેક્ષા આપવામાં આવી છે. આ વિભાગ બહુ ઝીણવટથી ગ્રાહ્યમાં લેવા યોગ્ય છે. એમાં નય અને અપેક્ષાવાદને બહુ યુક્તિથી વિચારવામાં આવેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ઉત્પાદવિગમનિત્યત્વ**—ઉત્પત્તિ, વિનાશ અને નિત્યત્વ (ધ્રુવતા) એ સત્‌ની વ્યાખ્યા છે. અમુક વસ્તુ–પદાર્થ છે, તેની ત્રણ સ્થિતિ હોય છે. તે ઉપજે છે, નાશ પામે છે અને તેમાં નિત્યત્વ હોય છે. ઉમાસ્વાતિ તત્ત્વાર્થાધિગમમાં કહે છે (૫–૨૯) કે ઉત્પાદ–વ્યયધ્રૌવ્યયુક્તં સત્. જે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણેથી યુક્ત અર્થાત્ તદાત્મક છે તે સત્ કહેવાય. "સત્‌ના સ્વરૂપ વિશે ભિન્ન ભિન્ન દર્શનોનાં ભિન્ન ભિન્ન મત છે. કોઈ દર્શન (વેદાન્ત, ઔપનિષદ, શાંકરમત) સંપૂર્ણ સત્ પદાર્થને (બ્રહ્મને) કેવળ ધ્રુવ (નિત્ય) જ માને છે. કોઈ દર્શન (બૌદ્ધ) સત્‌પદાર્થને નિરન્વય ક્ષણિક માને છે. કોઈ દર્શન (સાંખ્ય) ચેતનતત્ત્વરૂપ સત્‌ને તો કેવળ ધ્રુવ (કૂટસ્થનિત્ય) અને પ્રકૃતિતત્ત્વરૂપ સત્‌ને પરિણામિનિત્ય (નિત્યાનિત્ય) માને છે. કોઈ દર્શન (વૈશેષિક) અનેક સત્ પદાર્થોમાંથી પરમાણુ, કાળ, આત્મા આદિ કેટલાંક સત્‌તત્ત્વોને કૂટસ્થનિત્ય અને ઘર, વસ્ત્ર આદિ કેટલાંક સત્‌ને માત્ર ઉત્પાદવ્યયશીલ (અનિત્ય) માને છે. પરંતુ જૈનદર્શનનું સત્‌ના સ્વરૂપ સંબંધનું મંતવ્ય ઉક્ત બધા મતોથી ભિન્ન છે અને સદર સૂત્રમાં બતાવ્યું છે."

"જૈન દર્શનનું માનવું એ છે કે જે સત્–વસ્તુ છે તે ફક્ત પૂર્ણરૂપે કૂટસ્થનિત્ય અથવા ફક્ત નિરન્વય વિનાશી અથવા એનો અમુક ભાગ કૂટસ્થનિત્ય અને અમુક ભાગ પરિણામિનિત્ય અથવા એનો કોઈ ભાગ તો ફક્ત નિત્ય અને કોઈ ભાગ તો માત્ર અનિત્ય એમ હોઈ શકતું નથી. એના મત પ્રમાણે ચેતન અથવા જડ, મૂર્ત અથવા અમૂર્ત, સૂક્ષ્મ અથવા સ્થૂળ બધી સત્ કહેવાતી વસ્તુઓ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય રૂપે ત્રિરૂપ છે."

"પ્રત્યેક વસ્તુમાં બે અંશ છે. એક અંશ એવો છે કે જે ત્રણે કાળમાં શાશ્વત છે અને બીજો અંશ સદા અશાશ્વત છે. શાશ્વત અંશના કારણથી પ્રત્યેક વસ્તુ ધ્રૌવ્યાત્મક (સ્થિર) અને અશાશ્વત અંશના કારણથી ઉત્પાદવ્યયાત્મક (અસ્થિર) કહેવાય છે. આ બે અંશોમાંથી કોઈ એક બાજુએ દૃષ્ટિ જવાથી અને બીજી બાજુએ ન જવાથી વસ્તુ ફક્ત સ્થિરરૂપ અથવા ફક્ત અસ્થિરરૂપ માલૂમ પડે છે. પરંતુ બંને અંશોની બાજુએ દૃષ્ટિ આપવાથી વસ્તુનું પૂર્ણ અને યથાર્થ સ્વરૂપ માલૂમ પડે છે. એથી બંને દૃષ્ટિઓને અનુસારે જ આ સૂત્રમાં સત્–વસ્તુનું સ્વરૂપ પ્રતિપાદિત કર્યું છે." આ પ્રમાણે પંડિત સુખલાલ સદર સૂત્ર ઉપર સૂચક વ્યાખ્યા કરે છે, તે અત્ર દાખલ કરી છે.

તે જ પંડિત સુખલાલ જેઓ પ્રજ્ઞાચક્ષુ છે તે પછીના સૂત્ર(૫.૩૦)માં જણાવે છે કે (નિત્યની વ્યાખ્યા પર વિવેચન કરતાં) "બધાં તત્ત્વોમાં વ્યાપકરૂપે પરિણામિનિત્યત્વવાદનો સ્વીકાર કરવા માટે મુખ્ય સાધક પ્રમાણ અનુભવ છે. સૂક્ષ્મ દૃષ્ટિથી જોતાં કોઈ એવું તત્ત્વ અનુભવમાં નથી આવતું કે જે અપરિણામિ હોય, અથવા માત્ર પરિણામરૂપ હોય. બાહ્ય આભ્યંતર બધી વસ્તુઓ પરિણામિનિત્ય માલૂમ પડે છે; જો બધી વસ્તુઓ ક્ષણિક માત્ર હોય તો પ્રત્યેક ક્ષણમાં નવીનવી વસ્તુ ઉત્પન્ન થવા તથા નષ્ટ થવાને લીધે

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમ જ એનો કોઈ સ્થાયી આધાર ન હોવાને લીધે એ ક્ષણિક-પરિણામ-પરંપરામાં સજાતીયતાનો અનુભવ ક્યારે પણ ન થાય, અર્થાત્ પહેલાં કોઈવાર જોયેલી વસ્તુને ફરીથી જોતાં જ જે 'આ તે જ વસ્તુ છે' એવું પ્રત્યભિજ્ઞાન થાય છે તે કોઈ પણ રીતે ન થાય, કેમકે પ્રત્યભિજ્ઞાનને માટે જેમ એની વિષયભૂત વસ્તુનું સ્થિરત્વ આવશ્યક છે, તેમ જ દ્રષ્ટા આત્માનું પણ સ્થિરત્વ આવશ્યક છે. એ રીતે જડ અથવા ચેતનતત્ત્વ માત્ર જો નિર્વિકાર હોય તો એ બંને તત્ત્વોના મિશ્રણરૂપ જગતમાં ક્ષણક્ષણમાં દેખા દેતી વિવિધતા ક્યારે પણ ઉત્પન્ન ન થાય. એથી પરિણામિનિત્યત્વવાદને જૈનદર્શન યુક્તિસંગત માને છે."

નિત્યની બીજી વ્યાખ્યા—"સત્ પોતાના સ્વભાવથી ચ્યુત થતું નથી માટે નિત્ય છે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક રહેવું એ જ વસ્તુમાત્રનું સ્વરૂપ છે. આ સ્વરૂપ સત્ કહેવાય છે. સત્સ્વરૂપ નિત્ય છે, અર્થાત્ તે ત્રણે કાળમાં એકસરખું અવસ્થિત રહે છે. એવું નથી કે કોઈક વસ્તુમાં અથવા વસ્તુમાત્રમાં ઉત્પાદ, વ્યય તથા ધ્રૌવ્ય ક્યારેક હોય અને ક્યારેક ન હોય. પ્રત્યેક સમયમાં ઉત્પાદાદિ ત્રણે અંશ અવશ્ય થાય છે. એજ સત્નું નિત્યત્વ છે. પોતપોતાની જાતિને ન છોડવી એ જ બધાં દ્રવ્યોનું ધ્રૌવ્ય છે અને પ્રત્યેક સમયમાં ભિન્ન ભિન્ન પરિણામરૂપે ઉત્પન્ન અથવા નષ્ટ થવું એ એમનો ઉત્પાદ-વ્યય છે. ધ્રૌવ્ય તથા ઉત્પાદ-વ્યયનું ચક્ર દ્રવ્યમાત્રમાં સદા દેખાય છે.

આ ચક્રમાંથી ક્યારે પણ કોઈ અંશ મુક્ત-લુપ્ત થતો નથી, એ જ આ સૂત્ર દ્વારા બતાવ્યું છે. પૂર્વ સૂત્રમાં ધ્રૌવ્યનું કથન છે એ દ્રવ્યના અન્વયી સ્થાયી અંશમાત્રને લઈને છે; અને અહીં નિત્યત્વનું કથન છે તે ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણે અંશોના અવિચ્છિન્નત્વને લઈને છે. આ જ પૂર્વસૂત્રમાં કથિત ધ્રૌવ્ય અને આ સૂત્રમાં કથિત નિત્યત્વની વચ્ચે અંતર છે."

**સદસદ્ વા**—વસ્તુના સત્-અસત્ ભાવો માટે ઉપર વિવેચન થઈ ગયું, ત્યાંથી 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્' સમજી લેવું. દરેક વસ્તુમાં ઉત્પત્તિ, વિનાશ અને નિત્યપણું કાયમ છે. આ સમજવાથી જૈન ધર્મના જીવતત્ત્વને બરાબર સમજવામાં આવશે.

**અર્પિત-અનર્પિત**—અહીં અર્પિત એટલે અપેક્ષા સમજવી. આપણી જાતને અર્પણ કરી દેવી એ અર્પિતવાદ છે. પંડિત સુખલાલજી આ સૂત્ર સમજાવતાં જે વિવેચન કરે છે તે અત્ર પ્રસ્તુત છે. તેઓ આ આ 'અર્પિત-અનર્પિતસિદ્ધેઃ' (૫-૩૧) સૂત્રને અંગે લખે છે કે "પ્રત્યેક વસ્તુ અનેકધર્માત્મક છે; કેમકે અર્પિત એટલે અર્પણા અર્થાત્ અપેક્ષાથી, અને અનર્પિત એટલે અનર્પણા અર્થાત્ બીજી અપેક્ષાએ વિરુદ્ધ સ્વરૂપ સિદ્ધ થાય છે."

તેઓ સદર સૂત્ર પર વિવેચન કરતાં જણાવે છે કે "પરસ્પર વિરુદ્ધ કિંતુ પ્રમાણ-સિદ્ધ ધર્મોનો સમન્વય એક વસ્તુમાં કેવી રીતે થઈ શકે છે, એ બતાવવું, તથા વિદ્યમાન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનેક ધર્મોમાંથી ક્યારેક એકનું અને ક્યારેક બીજાનું પ્રતિપાદન કેમ થાય છે, એ બતાવવું એ આ સૂત્રનો ઉદ્દેશ છે. આત્મા સત્ છે એવી પ્રતીતિ અથવા ઉક્તિમાં જે સત્ત્વનું ભાન હોય છે, તે બધી રીતે ઘટિત થતું નથી. જો એમ હોય તો આત્મા, ચેતના આદિ સ્વરૂપની માફક ઘટાદિ પરરૂપથી પણ સત્ સિદ્ધ થાય, અર્થાત્ એમાં ચેતનાની માફક ઘટત્વ પણ ભાસમાન થાય, જેથી એનું વિશિષ્ટ સ્વરૂપ સિદ્ધ જ ન થાય. વિશિષ્ટ સ્વરૂપનો અર્થ એ છે કે તે સ્વરૂપથી સત્ અને પરરૂપથી સત્ નહિ અર્થાત્ અસત્ છે. આ રીતે અમુક અપેક્ષાએ સત્ત્વ અને બીજી અપેક્ષાએ અસત્ત્વ એ બંને ધર્મ આત્મામાં સિદ્ધ થાય છે. જેમ સત્ત્વ–અસત્ત્વનું છે તે જ પ્રમાણે નિત્યત્વ–અનિત્યત્વ ધર્મ પણ એમાં સિદ્ધ છે. દ્રવ્ય(સામાન્ય) દૃષ્ટિએ નિત્યત્વ અને પર્યાય(વિશેષ) દૃષ્ટિએ અનિત્યત્વ સિદ્ધ થાય છે. આ રીતે પરસ્પર વિરુદ્ધ દેખાતા, પરંતુ અપેક્ષાભેદથી સિદ્ધ એવા બીજા પણ એકત્વ, અનેકત્વ આદિ ધર્મોનો સમન્વય આત્મા આદિ બધી વસ્તુઓમાં અબાધિત છે. આથી બધાય પદાર્થો અનેકધર્માત્મક માનવામાં આવે છે."

પંડિત સુખલાલ બીજી વ્યાખ્યા આપતાં જણાવે છે કે "પ્રત્યેક વસ્તુ અનેક પ્રકારે વ્યવહાર્ય છે, કેમકે અર્પણા અને અનર્પણાથી અર્થાત્ વિવક્ષાને લીધે પ્રધાન–અપ્રધાન ભાવે વ્યવહારની સિદ્ધિ–ઉપપત્તિ થાય છે." આ વ્યાખ્યા ઉપર વિવેચન કરતાં પંડિતશ્રી જણાવે છે કે– "અપેક્ષાભેદથી સિદ્ધ એવા અનેક ધર્મોમાંથી પણ ક્યારેક કોઈ એક ધર્મ દ્વારા અને ક્યારેક એના વિરુદ્ધ બીજા ધર્મ દ્વારા વસ્તુનો વ્યવહાર થાય છે, તે અપ્રમાણિક અથવા બાધિત નથી; કેમકે વિદ્યમાન પણ બધા ધર્મો એકી સાથે વિવક્ષિત હોતા નથી. પ્રયોજન પ્રમાણે ક્યારેક એકની તો ક્યારેક બીજાની વિવક્ષા હોય છે. જ્યારે જેની વિવક્ષા ત્યારે તે પ્રધાન અને બીજા અપ્રધાન થાય છે. જે કર્મનો કર્તા છે તે જ એના ફળનો ભોક્તા થઈ શકે છે. આ કર્મ અને તજ્જન્ય ફળના સામાનાધિકરણ્યને બતાવવાને માટે આત્મામાં દ્રવ્યદૃષ્ટિએ સિદ્ધ એવા નિત્યત્વની અપેક્ષા કરાય છે. એ સમયે એનું પર્યાયદૃષ્ટિસિદ્ધ અનિત્યત્વ વિવક્ષિત ન હોવાને કારણે ગૌણ છે. પરંતુ કર્તૃત્વકાળની અપેક્ષાએ ભોક્તૃત્વકાળમાં આત્માની અવસ્થા બદલાઈ જાય છે; આવો કર્મ અને ફળના સમયનો અવસ્થાભેદ બતાવવાને માટે જ્યારે પર્યાયદૃષ્ટિસિદ્ધ અનિત્યત્વનું પ્રતિપાદન કરવામાં આવે છે, ત્યારે દ્રવ્યદૃષ્ટિસિદ્ધ નિત્યત્વ મુખ્ય હોતું નથી. આ રીતે વિવક્ષા અને અવિવક્ષાના કારણે ક્યારેક આત્મા નિત્ય અને ક્યારેક અનિત્ય કહેવાય છે. જ્યારે બંને ધર્મોની વિવક્ષા એકી સાથે થાય છે, ત્યારે બંને ધર્મોનું યુગપત્ પ્રતિપાદન કરે એવો વાચક શબ્દ ન હોવાથી આત્માને અવક્તવ્ય કહે છે. વિવક્ષા, અવિવક્ષા અને સહવિવક્ષાને લીધે ઉપરની ત્રણ વાક્યરચનાઓના પારસ્પરિક વિવિધ મિશ્રણથી બીજી પણ ચાર વાક્યરચનાઓ બને છે; જેમકે નિત્યાનિત્ય, નિત્ય–અવક્તવ્ય, અનિત્ય–અવક્તવ્ય અને નિત્ય-અનિત્ય–અવક્તવ્ય. આ સાત વાક્યરચનાઓને સપ્તભંગી કહે છે. આમાં પહેલાં ત્રણ વાક્યો અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમાં પણ બે વાક્યો મૂળ છે. જેમ ભિન્નભિન્ન દૃષ્ટિએ સિદ્ધ નિત્યત્વ અને અનિત્યત્વને લઈને વિવક્ષાના કારણે કોઈ એક વસ્તુમાં સપ્તભંગી ઘટાવી શકાય છે, તેમ બીજા પણ ભિન્ન ભિન્ન દૃષ્ટિએ સિદ્ધ કિંતુ પરસ્પર વિરુદ્ધ દેખાતાં સત્ત્વ–અસત્ત્વ, એકત્વ-અનેકત્વ, વાચ્યત્વ-અવાચ્યત્વ આદિ ધર્મયુગ્મોને લઈને સપ્તભંગી ઘટાવવી જોઈએ. આથી એક જ વસ્તુ અનેકધર્માત્મક અને અનેક પ્રકારના વ્યવહારનો વિષય મનાય છે."

આવી રીતે અનેક પ્રકારે આત્માને શોધવો-સમજવો જોઈએ.

**ઉત્પાદ**—એટલે ઉત્પત્તિ. વસ્તુ ઉત્પન્ન થાય અને નાશ પામે, દરમ્યાન એમાં નિત્યત્વ તે જ વખતે રહેલું છે. ત્રણ કાળમાં આ તેનું નિત્ય તત્ત્વ નાશ પામતું નથી અને એ નિત્ય તત્ત્વ તેનાથી ભિન્ન નથી. આ ત્રણે તત્ત્વો આત્મામાં સર્વદા રહે છે; જેમ કે પુરુષની પુરુષ તરીકે ઉત્પત્તિ થાય છે, તે જ વખતે તે આગળ જેવો હતો તે રૂપે વિનાશ પામે છે અને તે જ વખતે જીવ રૂપે એ ધ્રુવ છે. એની ઉત્પત્તિ ન થાય તો તેનો વિનાશ પણ થતો નથી. જેમકે માટીની ઘટ તરીકે ઉત્પત્તિ ન થાય તો તેનો કુશૂલ (કોઠી) વગેરે તરીકે વિનાશ થતો નથી અને કુશૂલ (કોઠી) વગેરે તરીકે તેનો નાશ ન થાય તો ઘટ વગેરે તરીકે તે ઉત્પન્ન થતી નથી, કારણ કે તેની તે જ માટી એકી સાથે ઘટ, કોઠી વગેરે રૂપે હોઈ શકતી નથી, તે ક્રમથી જ તે રૂપો ધારણ કરી શકે છે. માટી વગર ઘટ આદિ રૂપો થઈ શકતાં નથી, કારણ કે તે રૂપોનો આધાર–દ્રવ્ય–માટી છે. ઘટ આદિ રૂપોમાંથી કોઈ પણ એક રૂપ વિના માટી પણ હોતી નથી. કારણ કે તે માટીના પર્યાયો છે. આ રીતે ત્રણે એકબીજાની અપેક્ષા રાખતા હોઈ સાથે મળી સત્ત્વનું લક્ષણ પૂરું પાડે છે. જો એમ ન હોય તો ત્રણમાંથી એક અથવા બેને કારણે જણાતું જે સત્ તે અસત્ થઈ જાય, એટલે સત્ વસ્તુ અસત્ થઈ જાય, વિદ્યમાન વસ્તુ અવિદ્યમાન છે એવી પ્રાપ્તિ થાય. આવી સત્ વસ્તુની ગેરહાજરી અથવા અસત્ વસ્તુની હયાતી સ્વીકારવી એમાં તો અસત્યભાષણનું મહાપાપ લાગે અને તેનાથી મોટો કર્મબંધ થાય, માટે એવી વાતની ઉપેક્ષા કરવી જોઈએ. સિદ્ધાન્તી લોકો પણ કોઈ કોઈ વખત ઉત્પત્તિ, કોઈ વખત વિનાશ અને કોઈ વખત નિત્યત્વ કહે છે. તેઓનો આ દોષ નથી, એ વાત સ્પષ્ટ કરે છે. એને માટે ઉપરનો અપેક્ષાવાદ-અર્પિતાર્પિતની જે હકીકત રજૂ કરી છે તે કારણ છે. એમાં વિશેષતા એ અર્પિતનો અર્થ છે અને વિશેષતા વગરનું જે સામાન્ય જ્ઞાન હોય તે અનર્પિત જ્ઞાન છે. એટલે આ રીતે વિરોધનું શમન થાય છે. ઉપરની બાબતમાં અપેક્ષાએ જિન-પ્રવચનમાં ઉત્પત્તિ પણ બતાવી હોય તો તે અપેક્ષાવિશેષતાએ છે એમ સમજવું. ત્યાં અર્પિત એ વિશેષતાપૂર્વક વચન સમજવું અને અનર્પિત એટલે વિશેષતા વગરનું વચન સમજવું. પણ એ અર્થથી તો ધ્રુવ જ છે. ઘડાની ઉત્પત્તિની સાથે જ કોઠીપણાના નાશની પેઠે તે વાત સમજવી. માત્ર ઉત્પત્તિ જ છે એવો તેમનો આશય નથી, પણ વિનાશ અને નિત્યત્વ સાથે જ રહે છે. હવે ઉત્પત્તિ એકલી કહેવાથી વિગમ (નાશ) અને નિત્યતાનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સદ્ભાવ હાજર સમજવા, તે છે જ એમ જાણવું. જેમ એક પુરુષને ભાઈ હોય, તે કોઈનો પુત્ર હોય, કોઈનો પિતા હોય એમ એનામાં અનેક ભાવ—ભ્રાતૃત્વ, પુત્રત્વ, પિતૃત્વ, એકી સાથે હાજર હોવાથી કોઈ એને ભાઈ કહે એથી તે કોઈનો પુત્ર મટી જતો નથી. અહીં પણ એ પ્રકારની વિવક્ષા હોવાને લીધે બીજા વાદીઓની પેઠે જૈનમાં દોષ નથી. જેમ હાથની આંગળી મૂર્તિરૂપે રહે, ઋજુપણે તે નાશ પામે અને વાંકાઈથી તે ઉત્પન્ન થાય એવી રીતે વસ્તુઓ ઉત્પાદ વગેરે ત્રણથી યુક્ત હોય છે અને તેવા રૂપે તે સર્વ વસ્તુ સત્ રહે. જે વસ્તુ ન હોય તેનામાં ઉત્પત્તિ, વિનાશ કે ધ્રુવતા ન જ હોય, દાખલા તરીકે ખરવિષાણ (ગધેડાનું શિંગડું).

અહીં સુધી બે જાતના વિકલ્પોને કહ્યા. ૧. સ્યાદસ્તિ અને ૨. સ્યાન્નાસ્તિ.

વસ્તુ છે અને નથી એવો ત્રીજો વિકલ્પ પણ સંભવે છે એટલે 'સ્યાદસ્તિ ચ નાસ્તિ ચ' એવો ત્રીજો વિકલ્પ થાય છે.

વળી અપેક્ષાએ અને અપેક્ષા વગર ચાર બીજા વિકલ્પો સૂચિત થાય છે. તે આ પ્રમાણે—(૪) સ્યાદવક્તવ્ય એટલે કથંચિત્ અવક્તવ્ય છે. (૫) સ્યાત્ અસ્તિ ચ અવક્તવ્યશ્ચ એટલે એ છે છતાં વક્તવ્ય નથી. (૬) સ્યાન્નાસ્તિ ચ અવક્તવ્યશ્ચ, નથી અને વક્તવ્ય પણ નથી. (૭) સ્યાદસ્તિ ચ નાસ્તિ ચ અવક્તવ્યશ્ચ. આવી રીતે સપ્તભંગી થાય છે. વિશેષ વિગતો જાણવાના ઇચ્છુકે પ્રશમરતિની ટીકા જોવી. (૨૦૪)

જૈનમ્ જયતિ શાસનમ્

### ઉત્પત્તિ અને વિનાશની સમજણ—

> योऽर्थो यस्मिन्नाभूत् साम्प्रतकाले च दृश्यते तत्र ।
> तेनोत्पादस्तस्य विगमस्तु तस्माद्विपर्यासः ॥२०५॥

**અર્થ**—જે ચીજ એમાં પ્રથમ નહોતી અને તેમાં તે અત્યારે દેખાય છે તે વસ્તુની ઉત્પત્તિ થઈ કહેવાય, એથી ઊલટું જે થાય તેનું નામ વિગમ કહેવાય છે. (૨૦૫)

**વિવેચન**—એ પ્રમાણે સત્‌ની વ્યાખ્યા કર્યા પછી હવે આ ગાથામાં ઉત્પત્તિ (ઉત્પાદ) અને વિનાશને સમજાવે છે. વસ્તુસ્વરૂપની સમજણ માટે આ જરૂરી વ્યાખ્યા છે, તે ધ્યાનપૂર્વક વાંચવી.

**ઉત્પાદ**—માટીમાં ઘડો ન હતો પરંતુ અત્યારે માટીમાં ઘડો દેખાય છે. દંડ, ચક્ર અને કુંભારની પ્રવૃત્તિ તેને હયાતીમાં લાવે છે. આમ માટીમાંથી ઘડાનો ઉત્પાદ થાય છે. માટી જે અત્યાર સુધી ઘટાકારે પરિણમી ન હતી તે હવે ઘટાકારે પરિણમે છે, પરિણામે ઘડો દેખાય છે. માટીમાં ઘડો દેખાય ત્યારે માટીમાં ઘડો ઉત્પન્ન થાય છે. તે પહેલાં તે માટીમાં હોતો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિપર્યાસ**—તેનાથી ઊલટું અને ત્યારે ઘડાનો વિનાશ થાય છે. પ્રથમ જે માટીનો પિંડો દેખાતો હતો તે હવે દંડ, ચક્ર અને કુંભારની પ્રવૃત્તિના યોગે દેખાતો નથી. તે માટીનો પિંડાકાર વિનાશ પામી જાય છે અને તેનું નામ વિગમ કહેવાય. માટીના પિંડનો તે આકારે નાશ અથવા ત્યાર પછી ઘડો ફૂટીને કટકા થાય ત્યારે એ ઘડાનો નાશ કહેવાય છે. આવી રીતે પિંડને સ્થાને ઘડો આવે ત્યારે ઘડાની ઉત્પત્તિ કહેવાય અને તેનો અંત આવે, ભાંગી ફૂટી જાય ત્યારે તેનો વિનાશ કહેવાય.

**વિગમ**—એટલે નાશ. ઘડો ફૂટી જાય અને તેનાં ઠીકરાં થાય ત્યારે ઘડાના આકારે તેનો વિનાશ થયો એમ કહેવાય છે. (૨૦૫)

**સત્‌માં રહેલી નિત્યતા**—

**सांम्प्रतकाले चानागते च यो यस्य भवति संबंधी ।**
**तेनाविगमस्तस्येति स नित्यस्तेन भावेन ॥२०६॥**

**અર્થ**—વર્તમાનકાળે અને ભવિષ્યકાળમાં જે જેનો સંબંધી રહે અને તેનો વિનાશ ન થાય તે તે ભાવમાં નિત્ય છે એમ સમજવું (૨૦૬)

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

**વિવેચન**—આ ગાથામાં દ્રવ્યનું નિત્યસ્વરૂપ બતાવવામાં આવે છે. વસ્તુના ત્રણ સ્વરૂપો આગળ જણાવ્યા. ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય. આગળની ૨૦૫મી ગાથામાં પ્રથમના બે સ્વરૂપ બતાવ્યા. આ ગાથામાં નિત્યત્વ-ધ્રુવતાનું સ્વરૂપ જણાવે છે. તે સત્ વસ્તુને ઓળખવા માટે જરૂરી છે. જીવસ્વરૂપને, એ પ્રથમ તત્ત્વને સ્પષ્ટ કરનારી આ છેલ્લી ગાથા જ છે.

**સાંપ્રતકાળ**—વર્તમાનકાળ.

**અનાગત**—હજુ આવી પહોંચ્યો ન હોય તે કાળ. જેને આપણે સાંપ્રતકાળ-વર્તમાનકાળ કહીએ છીએ તે હજુ આવી પહોંચ્યો ન હોય, એટલે હજુ આવી પહોંચવાનો હોય, તેવે વખતે, અર્થાત્ ભવિષ્યકાળે.

**સંબંધી**—તેનું અથવા તેમાં. માટી જેની અન્વયી હોય તે, એટલે માટી વગર ઘટ થતો નથી. માટી તો સર્વકાળે જોઈએ. પછી એનો ઘડો બનાવાય કે કુશૂલ (કોઠી) બનાવાય કે ગમે કે પાત્ર, પણ માટી વગર તો ચાલે જ નહિ. આ તેનો નિત્યભાવ છે, તે સર્વ કાળ રહેવાનો છે. નાશ થયા પછી માટી તો રહેવાની જ છે. આ માટીનો ઘડો થાય છે તો તેમાં માટી નિત્ય તત્ત્વ છે, તે ઘડાના ટૂકડા થાય તો પણ માટી નિત્ય રહેવાની છે. આવી રીતે ઉત્પાદ, વ્યય અને ધ્રુવતા (નિત્યતા) જેમાં હોય તે સત્ કહેવાય છે. ઘડારૂપ આકાર ફરે, પણ તેમા રહેલ માટીપણું તો સર્વકાળે ફરતું નથી. એ એનો ધ્રુવભાવ છે. આ માટી ઘડો થયો ત્યારે પણ હતી અને ઘડાનો વિનાશ થતી વખતે પણ કાયમ રહે છે. આ

એનો નિત્યભાવ છે. તે ત્રિકાળે અબાધિત રહે છે. આ પ્રમાણે આત્મદ્રવ્ય પણ ત્રણે લક્ષણયુક્ત હોવાથી એ સત્ પદાર્થ છે. સત્ના આ ત્રણે લક્ષણ બરાબર સમજવા તે જરૂરી છે કારણ કે એના ઉપર જૈન ધર્મના મૂળ મુદ્દાઓ આધાર રાખે છે.

**અવિગમ**—અવિનાશ, નિત્યતત્ત્વ. ઘડારૂપ આકાર ફરે, ઘડાના ફૂટીને ઠીકરાં થાય, પણ માટીપણું તો આગળ પાછળ અને વર્તમાન અવસ્થામાં કાયમ છે, એ જ પ્રમાણે આત્મ દ્રવ્યનું સમજવું. એનાં રૂપો ફરે, એ જુદે જુદે નામે ઓળખાય, પણ આત્મદ્રવ્ય અથવા એની ચેતનતા કાયમ રહે. એટલે આત્માને સત્ પદાર્થ કહેવામાં આવે છે અને તે સત્ની વ્યાખ્યામાં બરાબર આવી જાય છે

**નિત્ય**—સ્થાયી, ધ્રુવ. ઘડામાં રહેલ માટીનું તત્ત્વ પહેલાં અને પછી જેમ કાયમ છે તે જ પ્રમાણે સર્વ સત્ પદાર્થમાં આ મૂળ દ્રવ્ય કાયમ છે. આ મૂળ દ્રવ્યને નિત્ય સમજવું, છતાં તેના આકાર તો ફરે અને તે અનેક નામે પ્રસિદ્ધ થાય, તેનું સ્થાન પણ ફરે, પણ તે કાયમ રહે. આ વાતને આત્મદ્રવ્ય સાથે બરાબર લાગુ કરવી. (૨૦૬)

### અજીવ સ્વરૂપ. પાંચ અજીવો. એમાં પુદ્‌ગલ જ રૂપી—

**धर्माधर्माकाशानि पुद्गलाः काल एव चाजीवाः ।**
**पुद्गलवर्जमरूपं तु रूपिणः पुद्गलाः प्रोक्ताः ॥२०७॥**

**અર્થ**—ધર્મ, અધર્મ, આકાશ, પુદ્‌ગળ અને કાળ એ અજીવના પાંચ પ્રકાર છે. પુદ્‌ગળ સિવાય બાકીના ચાર અરૂપી છે અને પુદ્‌ગળો જ રૂપી છે. (૨૦૭).

**વિવેચન**—આ ગાથાથી અજીવસ્વરૂપ શરૂ થાય છે. આપણે તેનો વિસ્તાર હવે જાણીશું. અત્યાર સુધીમાં છ દ્રવ્ય પૈકી જીવદ્રવ્યની વ્યાખ્યા થઈ. આ અજીવની વ્યાખ્યા સમજી તેનો વિસ્તાર પછીની ગાથામાં થશે અને તેના પર પ્રસંગાનુસાર વિસ્તાર કરવામાં આવશે. આપણે પ્રથમ અજીવોને સમજીએ.

**ધર્મ**—આ પ્રથમ ભેદ છે. આને ધર્મ એટલે religion(ધર્મ)ના અર્થમાં કોઈ ન સમજે. આ જીવો અને પુદ્‌ગલોના ચલણ સ્વભાવને મદદ કરનાર ધર્માસ્તિકાય છે. મત્સ્યના સંચારનું અપેક્ષાકારણ જલ છે, મનુષ્ય માટે પવન છે અને સ્ક્રૂ નાખવો હોય તો લાકડું છે. તેવી જ રીતે જીવો અને પુદ્‌ગલોના ચલણ સ્વભાવને મદદ કરનાર ધર્મ તે ધર્માસ્તિકાય. અસ્તિકાય કાળદ્રવ્યને ન કહેવાય, કારણ કે તે એકપ્રદેશાત્મક છે. બાકી જીવ, ધર્મ, અધર્મ, આકાશ અને પુદ્‌ગળ એ પાંચે અસ્તિકાય કહેવાય.

**અધર્મ**—એક જગાએ પડી રહેવું, હાલવુંચાલવું નહિ, તેમાં મદદ કરનારને અધર્માસ્તિકાય કહેવામાં આવે છે. જેમ મુસાફરને વિસામો લેવામાં વૃક્ષાદિકની છાયા અપેક્ષાકારણ છે તેમ જીવ તથા પુદ્‌ગળને સ્થિતિપણામાં પરિણમવા જે અપેક્ષાકારણ છે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેને અધર્માસ્તિકાય કહેવામાં આવે છે. આમાં અધર્મ એટલે ધર્મની વિરુદ્ધની વાત નથી. જેમ ધર્મ ગતિનું કારણ છે તેમ અધર્મ સ્થિરતાનું કારણ છે.

**આકાશ**—લોકાલોકવ્યાપી; શબ્દ, રૂપ, રસ, ગંધ તથા સ્પર્શરહિત; અરૂપી અને અનંતપ્રદેશી છે. જેમ દૂધનો સ્વભાવ સાકરને અવકાશ આપવાનો છે તેમ આકાશનો સ્વભાવ સૌ દ્રવ્યોને અવકાશ (જગા) આપવાનો છે. તેને આકાશાસ્તિકાય કહેવામાં આવે છે. જેમ ધર્મ અને અધર્મના સ્કંધ, દેશ અને પ્રદેશ એમ ત્રણ ત્રણ ભેદ છે, તેમ આ આકાશના પણ ત્રણ ત્રણ ભેદ છે. ખંધ એટલે બેથી માંડી ગમે તેટલાનો સંબંધ તે ખંધ અને એના એક વિભાગને દેશસંબંધ કહેવામાં આવે છે.

**પુદ્ગલ**—પુરણગલન સ્વભાવવાળા, પૂરાય અને ગળી જાય તેવા ધર્મવાળા પુદ્ગળો. એના ચાર પ્રકાર છે—પરમાણુ, ખંધ, દેશ અને પ્રદેશ. ખંધમાં ગમે તેટલા પ્રદેશો કે પરમાણુઓ હોય. તેના એક વિભાગને દેશ અને કેવળી ભગવાન પણ જેનો ખંધમાંથી વિભાગ ન કરી શકે એવો અંતિમ ભાગ તે પ્રદેશ કહેવાય છે અને ખંધમાંથી અલગ થઈ છૂટો છવાયો એકલો પડી ગયેલો હોય તે અંતિમ ભાગ પરમાણુ કહેવાય છે. પુદ્ગળ એટલે matter, ભૂતભૌતિક વસ્તુઓ જેમને આપણી આજુબાજુ જોઈએ છીએ તે.

**કાલ**—એ ઉપરાંત કાલને પણ દ્રવ્ય ગણવામાં આવે છે. આંખ મીંચીને ઉઘાડવામાં આવે તેમાં અસંખ્યાત સમય થાય છે, એ વર્તમાન સમય એ કાળ છે. સમયને સમજાવતા સુંદર દાખલા આપ્યા છે. વસ્ત્રને ફાડતાં એક દોરેથી બીજે દોરે તો ઘણા સમયે વસ્તુ (કાતર) પહોંચે છે. તેમ જ જુવાન હાથ કેળનાં અનેક પાંદડામાં છરી ભોંકે તો તેમાં એક પાંદડેથી બીજે પાંદડે છરીને જતાં તો અસંખ્ય સમય થાય, તે ઉપરથી સમય એ કેટલો સૂક્ષ્મ કાળ છે તેનો ખ્યાલ કરવો. કાલ—સમય, વર્તમાન સમયની જ વાત છે. ૧૬૭૭૭૨૧૬ સમયનો એક મુહૂર્ત થાય, ત્રીશ મુહૂર્તે દિવસ થાય, પંદર દિવસનું પખવાડિયું, બે પખવાડિયાનો એક મહિનો, બાર માસનું એક વર્ષ. આ બધો વ્યવહાર છે તેથી બતાવ્યું છે. સમય—કાળમાં તો વર્તમાન સમયની પ્રરૂપણા છે.

**અજીવાઃ**—આ રીતે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ અને પુદ્ગળો એ પાંચ અજીવ છે. જીવ એક અને પાંચે અજીવો મળીને છ દ્રવ્ય થાય છે.

**વર્જમ્**—પુદ્ગળને છોડીને. કોઈ મૂળમાં વર્ગમ્ પાઠ આપેલ છે તે અશુદ્ધ જણાય છે. ટીકાકારે વર્જમ્ પાઠ જ લીધેલો છે.

**અરૂપ**—બાકીના ચારે દ્રવ્યો અરૂપી છે, અમૂર્તિમાન છે, આપણી ચર્મચક્ષુથી ન દેખાય તેવા છે.

**રૂપિણઃ**—રૂપી, રૂપવાળા, આપણી આંખે દેખાય તેવા. એકલા પુદ્ગળો રૂપી છે. બાકીના ચારે દ્રવ્યો અરૂપી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ગાથાને અંગે કેટલીક અજીવોના સંબંધમાં વાતો જણાવવાની છે. તે આગળ જતાં ૨૦૯મી ગાથામાં કહેશું. અહીં તો કહેવાનો સાર એ છે કે સર્વ અજીવો પૈકી માત્ર એક પુદ્ગળ દ્રવ્ય રૂપી છે અને બાકીના ચારે અરૂપી છે. અરૂપીને આકાર ન હોવાથી ચર્મચક્ષુ વડે દેખાતા નથી. આપણે સાધારણ માણસો તે દ્રવ્ય અરૂપી હોવાથી તેમને જોઈ શકતા નથી. આ અજીવના મુખ્ય પ્રકાર અને તે રૂપી કે અરૂપી છે તેટલું સ્પષ્ટ કર્યું. (૨૦૭)

**એ અજીવો બેથી માંડી અનંત પ્રદેશી છે—**

**द्व्यादिप्रदेशवन्तो यावदनन्तप्रदेशिकाः स्कन्धाः ।**
**परमाणुरप्रदेशो वर्णादिगुणेषु भजनीयः ॥२०८॥**

**અર્થ—**બેથી માંડીને અનંત પ્રદેશવાળા પુદ્ગળના સ્કંધો હોય છે. પરમાણુમાં પ્રદેશ હોતા નથી. વર્ણ વગેરે ગુણોથી તેને સમજી લેવો. (૨૦૮)

**વિવેચન–બેથી માંડીને અનંત—**આ ગાથામાં પુદ્ગલ સંબંધી કેટલીક ખાસિયતો જણાવવામાં આવે છે. પુદ્ગળના સ્કંધ થાય છે. તે બે, ત્રણ, ચાર, પાંચથી માંડીને અનંત-પ્રદેશી હોય છે. પરમાણુના મિલનને સ્કંધ કહેવામાં આવે છે. પુદ્ગળ ઉપર જણાવ્યું તેમ સરૂપી છે. પ્રદેશના સમૂહને અસ્તિકાય કહેવામાં આવે છે. તેથી ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને પુદ્ગળાસ્તિકાય કહેવાય છે. કાળદ્રવ્યનો પ્રદેશ વર્તમાન સમયરૂપ હોવાથી તે એકપ્રદેશી છે. તેથી તેને અસ્તિકાય ન કહેવાય.

**પરમાણુ અપ્રદેશી—**જ્યારે સ્કંધ સાથે મળેલ ન હોય ત્યારે પરમાણુ પ્રદેશી ન કહેવાય. પરમાણુ સ્કંધ સાથે મળેલ હોય ત્યારે પ્રદેશી કહેવાય છે. જેની કેવળજ્ઞાનથી પણ વિભાગ દશા–બે ટૂકડા ન થઈ શકે તે નિર્વિભાજ્ય ભાગને પરમાણુ કહે છે. પરમાણુને પોતાને પ્રદેશો હોતા નથી. તે અપ્રદેશી છે.

**વર્ણાદિ—**દરેક પરમાણુમાં એક વર્ણ, એક ગંધ, એક રસ અને બે સ્પર્શ હોય છે. પરમાણુની વ્યાખ્યા જ એવી છે કે તેની સાથે એક વર્ણ, એક ગંધ, એક રસ અને બે સ્પર્શ રહે. વર્ણ ફરે તેમ પરમાણુ બદલાતો જાય. આવા પરમાણુઓ છૂટાછવાયા પણ રહી શકે છે. આ છૂટો પરમાણુ નિત્ય છે અને સૂક્ષ્મ છે, પણ એનામાં એક વર્ણ, એક રસ, એક ગંધ અને બે સ્પર્શ હોય છે. પરમાણુઓ અનંત છે. એ સર્વ અજીવ છે. આ વાત આવતી મૂળ ગાથામાં સ્પષ્ટ કરશે.

પરમાણુ અપ્રદેશી છે. છૂટો હોય ત્યારે એ પરમાણુ કહેવાય છે. આ પરમાણુના વધારે નાના વિભાગ કેવળી પણ ન કરી શકે. ટૂંકામાં કહેવાનું એ છે કે કેવળીની નજરે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નાનામાં નાનો 'પરમાણુ' છે. તેની નજરે તેના બે વિભાગ ન થઈ શકે. સ્કંધને મળેલ હોય ત્યારે તે 'પ્રદેશ' કહેવાય. અને છૂટોછવાયો હોય ત્યારે પરમાણુ કહેવાય. આ પરમાણુ કે પ્રદેશથી નાનો ભાગ થઈ શકે નહિ. ઉપર જે એક વર્ણ વગેરે જણાવ્યા તેનાથી પરમાણુ સપ્રદેશી કહેવાય છે, દ્રવ્યથી તો તે અપ્રદેશી છે. ટીકાકાર નીચેનો શાસ્ત્રીય શ્લોક ટાંકે છે.

कारणमेव तदन्त्यं सूक्ष्मो नित्यश्च भवति परमाणुः ।
एकरसवर्णगन्धो द्विस्पर्शः कार्यलिङ्गश्च ॥

આ કથન પ્રમાણે પરમાણુ તદ્દન નાનામાં નાનો, એક રસ, એક વર્ણ અને એક ગંધવાળો હોય છે અને તેમાં બે સ્પર્શ લાભે છે. આ વાત જરા સૂક્ષ્મ છે, તે ધ્યાન રાખીને સમજવી. પરમાણુને અહીં અપ્રદેશી કહ્યો છે ને એ જ કારણે એનાથી નાનો પુદ્ગળનો વિભાગ કેવળી પણ કલ્પી ન શકે. સ્કંધ હોય તે બેથી માંડીને અનંત પ્રદેશી હોય. છે. (૨૦૮)

**છ દ્રવ્યમાં ભાવ—**

**भावे धर्माधर्माम्बरकालाः पारिणामिका ज्ञेयाः ।**
**उदयपरिणामि रूपं तु सर्वभावानुगा जीवाः ॥२०९॥**

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

**અર્થ**—ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ એ ચાર દ્રવ્યો પારિણામિક ભાવે રહે. પુદ્ગળાસ્તિકાય ઔદયિક ભાવ અને પારિણામિક ભાવમાં હોય અને જીવદ્રવ્યમાં સર્વ ભાવો લાભે. (૨૦૯)

**વિવરણ**—ઉપર આપણે જે ભાવોને વર્ણવી ગયા તેમાંના કયે ભાવે છયે દ્રવ્યો હોય તે અહીં જણાવી કેટલીક પ્રાસ્તાવિક વાતો કરવામાં આવશે. આ વિષય બરાબર સમજવા યત્ન કરવો.

**પારિણામિક**—છ દ્રવ્યો પૈકી ચાર—ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ એ પારિણામિક ભાવમાં વર્તે છે. પ્રથમ આપણે ભાવનું સ્વરૂપ સમજીએ. તે સંબંધમાં તત્ત્વાર્થસૂત્રના બીજા અધ્યાય પર વિવેચનકર્ત્તા પંડિત સુખલાલજી જણાવે છે કે—

"૧. કર્મના ઉપશમથી પેદા થાય તે ભાવ 'ઔપશમિક' કહેવાય છે. ઉપશમ એક પ્રકારની આત્મશુદ્ધિ છે, જે કચરો નીચે બેસી જવાથી પાણીમાં આવતી સ્વચ્છતાની પેઠે સત્તાગત કર્મનો ઉદય તદ્દન રોકાઈ જતાં ઉત્પન્ન થાય છે. ૨. કર્મના ક્ષયથી પેદા થાય તે 'ક્ષાયિક' ભાવ છે. ક્ષય એ આત્માની એક એવી પરમ વિશુદ્ધિ છે, જે સર્વથા કચરો કાઢી નાંખવાથી જળમાં આવતી સ્વચ્છતાની જેમ કર્મનો સંબંધ અત્યંત છૂટી જતાં પ્રગટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થાય છે. ૩. ક્ષય અને ઉપશમથી પેદા થાય એ 'ક્ષાયોપશમિક' ભાવ છે. ક્ષયોપશમ એક પ્રકારની આત્માની શુદ્ધિ છે, જે કર્મના ઉદયમાં નહિ આવેલ અંશના ઉપશમથી અને ઉદયમાં આવેલ અંશના ક્ષયથી પ્રગટ થાય છે. એ વિશુદ્ધિ, ધોવાને લીધે માદક શક્તિ કાંઈક નાશ પામવાથી અને કાંઈક રહી જવાથી કોદરાઓની વિશુદ્ધિની જેમ મિશ્રિત હોય છે. ૪. ઉદયથી પેદા થાય તે 'ઔદયિક' ભાવ. ઉદય એક પ્રકારની આત્માની કલુષિતતા છે, જે મેલ મળવાથી પાણીમાં આવતી મલિનતાની પેઠે કર્મના વિપાકાનુભવથી ઉત્પન્ન થાય છે. ૫. 'પારિણામિક' ભાવ દ્રવ્યનો એક પરિણામ છે, જે ફક્ત દ્રવ્યના અસ્તિત્વથી જ પોતાની જાતે જ ઉત્પન્ન થયા કરે છે; અર્થાત્ કોઈ પણ દ્રવ્યનું સ્વાભાવિક સ્વરૂપપરિણમન જ પારિણામિક ભાવ કહેવાય."

"સાંખ્ય અને વેદાંત દર્શન આત્માને કૂટસ્થનિત્ય માની એમાં કોઈ જાતનો પરિણામ માનતા નથી. જ્ઞાન, સુખ, દુઃખ, આદિ પરિણામોને તેઓ પ્રકૃતિનાં જ માને છે. વૈશેષિક અને નૈયાયિક દર્શન જ્ઞાન આદિને આત્માનો ગુણ માને છે ખરાં, પણ તેઓ આત્માને એકાંતનિત્ય–અપરિણામી માને છે. નવીન મીમાંસકોનો મત વૈશેષિક અને નૈયાયિક જેવો જ છે. બૌદ્ધ દર્શન પ્રમાણે આત્મા એકાંતક્ષણિક અર્થાત્ નિરન્વય પરિણામોનો પ્રવાહમાત્ર છે.[૧] જૈન દર્શનનું કહેવું છે કે પ્રાકૃતિક–જડ પદાર્થોમાં કૂટસ્થનિત્યતા[૨] નથી તેમ જ એકાંત ક્ષણિકતા પણ નથી; કિંતુ પરિણામિનિત્યતા[૩] છે; તે પ્રમાણે આત્મા પણ પરિણામિનિત્ય છે. એથી જ જ્ઞાન, સુખ, દુઃખ આદિ પર્યાયો આત્માના જ સમજવા જોઈએ."

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

આ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ એ ચાર દ્રવ્યો પારિણામિક ભાવમાં વર્તે છે. કોઈપણ વખતે ધર્માદિથી રહિત આ લોક હતો નહિ અને ભવિષ્યકાળમાં કોઈ વખતે તેના વગરનો હશે નહિ.

**રૂપ**—એટલે પુદ્ગળાસ્તિકાય. એ બે ભાવમાં હંમેશા વર્તે છે. ઔદયિકભાવ અને પારિણામિક ભાવ.

**સર્વભાવ**—પાંચે ભાવ જીવના હોય છે, એ પાંચે ભાવમાં વર્તે છે. પોતાના સંયોગ પ્રમાણે એ બે અથવા વધારે ભાવમાં વર્તે છે. પાંચે ભાવમાં જીવ વર્તી શકે. આ રીતે

---

૧. ભિન્ન ભિન્ન ક્ષણોમાં સુખ, દુઃખ, ઓછુંવત્તું ભિન્ન વિષયનું જ્ઞાન આદિ જે પરિણામો અનુભવાય છે, તે પરિણામોનો પ્રવાહ માત્ર છે, અને એ બધા વચ્ચે અખંડ સૂત્ર રૂપ કોઈ સ્થિર તત્ત્વ નથી એવો મત.

૨. ગમે તેટલા હથોડાના ઘા પડે છતાં જેમ એરણ સ્થિર રહે છે, તેમ દેશ, કાળ આદિના વિવિધ ફેરફારો થવા છતાં વસ્તુમાં જરાયે ફેરફાર નથી થતો એ કૂટસ્થનિત્યતા.

૩. મૂળ વસ્તુ ત્રણેય કાળમાં સ્થિર રહ્યા છતાં દેશ, કાળ આદિ નિમિત્ત પ્રમાણે ફેરફાર પામ્યા કરે, એ પરિણામિનિત્યતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છએ દ્રવ્ય કયા કયા ભાવમાં વર્તે, તેની વાત કરી. હવે છએ દ્રવ્ય સંબંધી નવતત્ત્વના ટબામાં શું કહેલ છે તે પ્રસ્તુત હોવાથી વિચારી જઈએ.

છ દ્રવ્યમાં જીવ અને પુદ્ગળ એ બે દ્રવ્ય પરિણામી છે, બાકીના ચાર દ્રવ્ય અપરિણામી છે.[1] ઈહાં પરિણામનો ભાવ જાણવો; પરંતુ સ્વભાવે પરિણામી તો છ એ દ્રવ્ય છે.

છ દ્રવ્યમાં એક જીવ દ્રવ્ય જીવ છે, અને બાકીનાં પાંચ દ્રવ્ય અજીવ છે. છ દ્રવ્યમાં એક પુદ્ગળ દ્રવ્ય મૂર્તિમંત–રૂપી છે, બાકીનાં પાંચ દ્રવ્ય અમૂર્તિમંત–અરૂપી છે.

છ દ્રવ્યમાં પાંચ દ્રવ્ય સપ્રદેશી છે અને એક કાલદ્રવ્ય અપ્રદેશી છે. છ દ્રવ્યમાં ધર્મ, અધર્મ અને આકાશ એ ત્રણ દ્રવ્ય એક છે, બીજાં ત્રણ દ્રવ્ય અનેક છે.

છ દ્રવ્યમાં એક આકાશ ક્ષેત્ર છે, બીજા પાંચ ક્ષેત્રી છે.

છ દ્રવ્યમાં જીવ અને પુદ્ગળ એ બે દ્રવ્ય સક્રિય છે, બાકીનાં ચાર અક્રિય છે.

છ દ્રવ્યમાં ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ ચાર દ્રવ્ય નિત્ય છે, બાકીના બે અનિત્ય છે. યદ્યપિ ઉત્પાદ, વ્યય અને ધ્રુવપણે સર્વ પદાર્થ નિત્યાનિત્યપણે પરિણમે છે તથાપિ ધર્માદિક ચાર દ્રવ્ય સદા અવસ્થિત, માટે નિત્ય કહ્યાં.

છ દ્રવ્યમાં ધર્માદિક પાંચ દ્રવ્ય કારણ છે, એક જીવદ્રવ્ય અકારણ રૂપ છે.

છ દ્રવ્યમાં એક જીવદ્રવ્ય કર્ત્તા છે, બીજાં પાંચ અકર્તા છે.

છ દ્રવ્યમાં એક આકાશ સર્વગત છે, બીજાં પાંચ માત્ર લોકવ્યાપી છે, માટે અસર્વગત જાણવાં.

યદ્યપિ છ દ્રવ્ય ક્ષીરનીર પેરે પરસ્પર અવગાઢ છે તથાપિ પ્રવેશરહિત છે એટલે કોઈપણ દ્રવ્ય અન્ય દ્રવ્યમાં તદ્રૂપપણે થતું નથી, માટે પ્રવેશરહિત છે.

આ સર્વ હકીકત 'નવતત્ત્વ'ની ચૌદમી ગાથાના અર્થમાં લખેલ છે.

આ રીતે ષડ્દ્રવ્ય પ્રકરણ અહીં પૂરું થાય છે. લોકની વાત પણ અહીં કહેવામાં આવે છે. લોકમાં છએ દ્રવ્ય હોય પણ લોક કેવો હોય, શું એ કોઈ બીજું દ્રવ્ય છે કે આ છ દ્રવ્યમાં એનો સમાવેશ થઈ જાય છે, તેવા સવાલના જવાબમાં કહે છે. (૨૦૯)

## લોક શી વસ્તુ છે?

जीवाजीवा द्रव्यमिति षड्विधं भवति लोकपुरुषोऽयम् ।
वैशाखस्थानस्थः पुरुष इव कटिस्थकरयुग्मः ॥२१०॥

---

૧. આ વાત મૂળની વાતથી વિરુદ્ધ છે, કયા દૃષ્ટિબિંદુથી આ લખાયેલું છે તે તત્ત્વ કેવલીગમ્ય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અર્થ**—એ છ પ્રકારના જીવ અને અજીવ બન્ને મળીને દ્રવ્યોનો વિસ્તાર કર્યો. હવે જે એ લોક છે તે પુરુષના આકારે છે. તેનો આકાર પહોળા પગ કરીને ઊભા રહેલા અને પોતાની કેડે બન્ને હાથ લગાવેલા પુરુષ જેવો છે— (૨૧૦)

**વિવેચન**—હવે સવાલ એ થાય છે કે આ છ દ્રવ્યોનું વર્ણન કર્યું તે તેમના આધાર સંબંધે વર્તતો લોક કેવો છે? આ શ્લોકમાં વપરાયેલ દરેક શબ્દ ઉપયોગી છે. સર્વલોક જે આ છએ દ્રવ્યને ધારણ કરે છે તે જુદું દ્રવ્ય નથી.' તે કેવું છે તેનું આવતા ત્રણ શ્લોકમાં વર્ણન કરી તમને જે જિજ્ઞાસા થઈ હોય તે પૂરી કરવામાં આવશે.

**લોકપુરુષ**—આ લોક પુરુષને આકારે છે તેથી તે લોકપુરુષ કહેવાય છે. આ નર-ભાયડાનો જે આકાર તે લોકનો સમુચ્ચયે આકાર. તે આકાર કેવો હોય તે આ જ ગાથામાં કહેવામાં આવશે, તે અવધારવું. આ લોકપુરુષની કલ્પના ભવ્ય છે અને સમજીને મનમાં રાખી મૂકવા યોગ્ય છે. બાકી તો એની શોધખોળ માટે જે સાધનો અને તેમનાં વાપરનાર જોઈએ તે ન હોવાથી આપણે જ્ઞાની મહારાજનું વચન સ્વીકારવું જ રહ્યું. આખો ભૂગોળનો વિષય શોધખોળ માગે છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**વૈશાખસ્થાનસ્થ**—વૈશાખ એટલે પગ પહોળા કરીને ઊભા રહેવાની સ્થિતિ, તે સ્થિતિમાં રહેલા પુરુષના આકાર જેવો એ લોકપુરુષનો આકાર છે. એના મુખ્યત્વે ત્રણ વિભાગ છે: ઊર્ધ્વલોક, મૃત્યુલોક અને અધોલોક. આમાં ઊર્ધ્વલોક અને આ મનુષ્યભૂમિની ઉપર આવેલ લોક કુરવક નામના ઝાડના આકારનો છે. એક શરાવ ઉપર બીજું મૂક્યું હોય, એક ઊંધું હોય અને નીચેનું બીજું ચત્તું હોય અને તેનો આકાર થાય તેવો એનો આકાર છે. બીજો મૃત્યુલોક જેમાં માણસો પણ રહે છે તે રૂપાના થાળના આકારનો છે. તેની નીચે અધોલોક આવેલ છે તે આપણી નીચેનો પાતાળભાગ છે. તે ઊંધા રાખેલા શરાવના આકાર જેવો છે. એટલે તે મોટો મોટો થતો જાય છે. આ ત્રણ લોક મળીને લોકપુરુષ થાય છે. આપણે લોકસ્વભાવ ભાવનામાં આગળ તેનું સ્વરૂપ જાણી ચૂકયા છીએ. આવો લોકપુરુષ છે, એને ચિત્રમાં જોવાથી તેનો બરાબર ખ્યાલ આવી જશે. આ ત્રણે લોકની વાત આવતી ગાથામાં કહેશે.

**કટિસ્થકરયુગ્મ**—કેડે બન્ને હાથ રાખીને ઊભેલ હોય તેવો. આ કેડે હાથ દેવાની વાત અને ઊભા રહેવાની બન્ને વાત અહીં ઉપયોગી છે અને સમજી લેવા યોગ્ય છે.

આ પ્રમાણે લોકપુરુષને સમજાવવા માટે કલ્પના કરી છે. તે તે સ્વરૂપે સમજી લેવી અને લોકપુરુષનું છપાયેલ ચિત્ર જોવું. એ લોક એટલે છએ દ્રવ્યનો સમૂહ. એ જુદું દ્રવ્ય નથી. (૨૧૦)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લોકનું વિશેષ વર્ણન—

तत्राधोमुखमल्लकसंस्थानं वर्णयन्त्यधोलोकम् ।
स्थालमिव च तिर्यग्लोकमूर्ध्वमथ मल्लकसमुद्गम् ॥२११॥

**અર્થ**—ઊંધાં રાખેલ મલ્લકના(કોડિયાના) આકારનો અધોલોક છે અને થાળીના આકારનો તિર્યગ્ અથવા મર્ત્યલોક છે અને બે કોડિયાના સંપુટના આકારનો ઊર્ધ્વલોક છે. (૨૧૧)

**વિવરણ**—આ ત્રણ લોકનો આકાર કેવો હોય છે તે આ ગાથામાં વર્ણન કરીને જણાવવામાં આવે છે. આપણે આ વાત આગલા (૨૧૦) શ્લોકના વિવેચનમાં કરી ગયા, તે વાતનું અત્ર પુનરાવર્તન નહી કરીએ. ટૂંકામાં જણાવી દઈએ કે અધોલોક ઊંધા રાખેલ શરાવનો આકાર ધારણ કરે છે, તિર્યગ્ અથવા વચ્ચેનો મર્ત્યલોક થાળના આકારવાળો છે અને ઉપરનો ઊર્ધ્વલોક ચત્તા શરાવ અને તેના ઉપર ઊંધા રાખેલ શરાવના જેવો આકાર લે છે. આ ત્રણે આકાર લોકપુરુષનું ચિત્ર જોવાથી બરાબર જણાઈ આવશે. કોશમાં મલ્લકનો અર્થ કોડિયું આપવામાં આવ્યો છે, અને સમુદ્ગનો અર્થ સંપુટ અથવા બંધ પેટી એવો કરવામાં આવેલ છે. ચિત્ર ઉપરથી એનો ખ્યાલ આવી જશે. આ લોક એ જુદું દ્રવ્ય નથી. લોકમાં દ્રવ્ય રહે છે, પણ આ ત્રણે લોક મળીને થયેલ એક લોક જુદું દ્રવ્ય નથી. આ ગાથામાં ઊર્ધ્વ, મર્ત્ય અને અધોલોકના આકારનું વર્ણન કર્યું. (૨૧૧)

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

ત્રણે લોકના પેટા વિભાગો—

सप्तविधोऽधोलोकस्तिर्यग्लोको भवत्यनेकविधः ।
पञ्चदशविधानः पुनरूर्ध्वलोकः समासेन ॥२१२॥

**અર્થ**—ટૂંકામાં અધોલોક સાત પ્રકારનો છે, તિર્યગ્ અથવા મર્ત્યલોક જુદા જુદા અનેક પ્રકારનો છે અને ઊર્ધ્વલોક પંદર પેટાભેદવાળો છે. (૨૧૨)

**વિવેચન**—ઉપર લોકના ઊર્ધ્વ, મર્ત્ય અને અધોલોક એવા વિભાગ પાડ્યા, તેના પેટા વિભાગો આ ગાથામાં બતાવે છે.

**સપ્તવિધ**—અધોલોકના સાત વિભાગો અથવા પેટા ભાગો છે. અધોલોક સાતમી નારકીએ સાત રજ્જુ પ્રમાણ છે અને નાનો નાનો થતાં પહેલી નારકીએ એક રજ્જુ પ્રમાણ થઈ જાય છે. આ અધોલોકના સાત વિભાગો આવી રીતે પડે છે. અધોલોકના સાત નારકસ્થાનોરૂપ સાત પેટાવિભાગો પડે છે. એ રીતે અધોલોકના સાત પ્રકાર થાય છે.

**તિર્યગ્લોક**—મનુષ્ય ક્ષેત્ર, મર્ત્યલોક જેમાં આપણું ભરતક્ષેત્ર અને અઢીદ્વીપ આવેલાં છે તે; કેટલાક એને મૃત્યુલોક પણ કહે છે. તે વચ્ચે આવેલો છે. પુરુષલોકનું ચિત્ર જોવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અનેકવિધ**—એ ઉપરનો તિર્યંગ્લોક અનેક પ્રકારનો છે. તેમાં જંબૂદ્વીપ, અઢીદ્વીપ, લવણસમુદ્ર વગેરે આવેલા છે. એમાં* અસંખ્ય દ્વીપ અને અસંખ્ય સમુદ્ર આવેલા છે. એનામાં વિવિધતા એટલી બધી છે કે તે અનેક આકાર ઠેકાણે ઠેકાણે ધારણ કરે છે; બાકી એકંદરે એનો આકાર ઉપર જણાવ્યું તેમ થાળી આકારનો છે.

**પંચદશવિધાન**—ઉપરનો ઊર્ધ્વલોક પંદર પ્રકારનો છે. પ્રથમના બાર દેવલોકના દશ પ્રકાર છે, કારણ કે નવમા અને દશમા દેવલોકનો ઇંદ્ર એક હોય છે, તેમ જ અગિયારમા અને બારમા દેવલોકનો પણ એક જ ઇંદ્ર હોય છે. આવી રીતે દશ પ્રકાર થયા.

નવ ગ્રૈવેયક પૈકી ત્રણ ગ્રૈવેયકો અધો છે—નીચે આવેલા છે, ત્રણ ગ્રૈવેયક મધ્ય ભાગે આવેલા છે અને ત્રણ તેની ઉપર આવેલા હોવાથી ત્રણ આકાર ધારણ કરે છે. પાંચ અનુત્તર વિમાન લોકપુરુષના મુખ પર હોઈ એક વિભાગ બનાવે છે. એટલે ૧૦+૩+૧=૧૪ વિભાગ થયા.

તેના ઉપર સિદ્ધશિલાનો વિભાગ અને લોકાંતિક દેવોનો લોકાંત એ પંદરમો વિભાગ છે. આવી રીતે ઊર્ધ્વલોકના પંદર વિભાગ સમજવા. આ સર્વ વાત શોધખોળ માગે છે. આ ગાથામાં બહુ સંક્ષેપથી વાત કરી. વધારે માહિતી શ્રી બૃહત્સંગ્રહણી અને ક્ષેત્રસમાસમાંથી પ્રાપ્ત થઈ શકશે. એ બન્ને ગ્રંથો છપાઈ ગયેલા છે.

**સમાસેન**—સંક્ષેપથી, ટૂંકામાં. આ અધોલોક, મર્ત્યલોક અને ઊર્ધ્વલોકની હકીકત આથી ટૂંકામાં જણાવવામાં આવી. વિશેષ રુચિવંતે ઉપર જણાવેલા ગ્રંથો વાંચી લેવા. (૨૧૨)

**આકાશ, કાળ અને જીવનું કાર્ય—**

> **लोकालोकव्यापकमाकाशं मर्त्यलौकिकः कालः ।**
> **लोकव्यापि चतुष्टयमवशेषं त्वेकजीवो वा ॥२१३॥**

**અર્થ**—આકાશ લોકમાં અને અલોકમાં સર્વત્ર વ્યાપક છે અને કાળ નામનું દ્રવ્ય મર્ત્ય(તિર્યગ્)લોકમાં સર્વત્ર પ્રવર્તે છે અને બાકીના ચારે એટલે ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, પુદ્ગલદ્રવ્ય અને જીવદ્રવ્ય એ ચાર દ્રવ્યો લોકમાં સર્વ સ્થાનકે પ્રસરેલા છે. અને એક જીવ વ્યક્તિ આખા લોકમાં પ્રસરી શકે છે. (૨૧૩)

**વિવેચન**—લોકમાં અને અલોકમાં આકાશ વ્યાપક છે. અલોકનું આકાશ કોઈ જુદા પ્રકારનું નથી, એટલે લોકાકાશ કરતાં અલોકાકાશ જુદા પ્રકારનું નથી. અહીં જે બે પ્રકાર આકાશના પાડવામાં આવે છે તે અંદર રહેનાર દ્રવ્યોને આશ્રયીને છે. આવી રીતે કેટલીક અગત્યની વાત છ દ્રવ્યોને અંગે આ શ્લોકમાં કરેલ છે તે સમજવી.

**મર્ત્યલૌકિક**—દિવસ અને રાત્રિની ગણતરી કે વર્ષની ગણતરી કે આયુષ્યનો હિસાબ જે થાય છે તે આપણા મર્ત્યલોકને આધારે અને અનુસારે સમજવો. દેવલોક કે નારક-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભૂમિઓમાં કાંઈ ચાંદા સૂરજ ઊગતા નથી. તેઓનાં આયુષ્ય આ મર્ત્યલોકને હિસાબે ગણાય છે. જ્યોતિષ, તારા, ચંદ્ર કે સૂર્ય સર્વ પૃથ્વી ઉપર આઠસો જોજનની અંદર આવેલા છે અને દેવ તથા નારકોનાં આયુષ્યો પણ એને જ આધારે ગણાય છે. દિવસ-રાત્રિની ગણતરી મનુષ્યલોકને આધારે સર્વત્ર થાય છે.

**લોકવ્યાપિ**—ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, પુદ્ગલદ્રવ્ય અને જીવદ્રવ્ય એ ચાર લોકવ્યાપી છે, આ લોકની અંદર જ છે, તેની બહારના અલોકમાં તે વ્યાપતા નથી.

**એકજીવ**—છ દ્રવ્યમાં એક જીવદ્રવ્ય એવું છે કે એની વ્યક્તિઓમાંની પ્રત્યેક આખા લોકવ્યાપી થવાની શક્તિ ધરાવે છે. કેવળજ્ઞાની કેવલિસમુદ્ઘાત કરે ત્યારે પ્રત્યેક લોકાકાશના પ્રદેશે આત્માના પ્રદેશોને મૂકે છે, તે વખતે તે લોકવ્યાપી થતો હોવાથી પ્રત્યેક જીવને લોકવ્યાપી કહેવામાં આવેલ છે. આ એની શક્તિ છે પણ તે વાત તો કેવલિસમુદ્ઘાત જ્યારે કરે ત્યારે જ થાય છે. એ વખતે એ આખા લોકમાં વ્યાપી જાય છે. સર્વવ્યાપી કોણ ક્યારે થાય તે સમજવા જેવું છે. એક આત્મા પણ સર્વ–આખા લોકનો વ્યાપક થઈ શકે છે, આ તેની શક્તિ છે, તેને તે તરીકે સમજવી. (૨૧૩)

**છ દ્રવ્ય સબંધી વધારે માહિતી—**

**धर्माधर्माकाशान्येकैकमतः परं त्रिकमनन्तम् ।**
**कालं विनाऽस्तिकाया जीवमृते चाप्यकर्तृणि ॥२१४॥**

जैन साइट JAINSITE .com जैनम् जयति शासनम्

**અર્થ**—ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય અને આકાશદ્રવ્ય વ્યક્તિશઃ એક એક છે, પણ બાકીનાં ત્રણ વ્યક્તિશઃ અનંત છે. કાલ વગરના પાંચે (ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગળ અને જીવ એ પાંચે) અસ્તિકાય છે અને જીવ વગરના બાકીના પાંચે (ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલ અને કાળ) અકર્તા છે. (૨૧૪)

**વિવરણ—એકેક**—અહીં જીવ અને અજીવના છ દ્રવ્યોની કેટલીક ખાસિયતો બતાવે છે, તે સમજવા લાયક હોવાથી ધારી લેવી. છ દ્રવ્યો ઉપર ગણ્યા, તે પૈકી ધર્મદ્રવ્ય અધર્મદ્રવ્ય અને આકાશદ્રવ્ય એક એક છે. એક એટલે એક જ. આખી દુનિયાની અંદર ગતિમાં સહાય કરનાર ધર્મદ્રવ્ય અને સ્થિતિમાં સહાય કરનાર અધર્મદ્રવ્ય એક જ છે. તેવી જ રીતે જગ્યા આપનાર આકાશદ્રવ્ય પણ એક છે, એના સમજવા માટે લોકાકાશ અને અલોકાકાશ એવા ભેદ પાડવામાં આવ્યા છે, પણ લોકનું આકાશ અને અલોકનું આકાશ એક અને એકસરખું જ છે. એમાં કોઈ ભેદ કે પ્રકાર નથી. અને કાળદ્રવ્ય, પુદ્ગલદ્રવ્ય અને જીવદ્રવ્ય અનંત છે. એ ત્રણે દ્રવ્યો અનંત છે.

**અસ્તિકાય**—જ્યાં પ્રદેશનો સમૂહ થતો હોય ત્યાં અસ્તિકાય કહેવાય. એ રીતે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગળાસ્તિકાય અને જીવાસ્તિકાય કહેવાય,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ કાળમાં વર્તમાન સમયની ગણના હોવાથી તેને અસ્તિકાય ન કહેવાય. વર્તમાન સમય બીજે સમયે અતીત સમય થઈ જાય છે. કાળને અંગે વર્તમાન સમયનો જ હિસાબ છે.

**અકર્તૃ**—જીવાસ્તિકાય છે તે માત્ર એક કર્ત્તા છે, સુખદુઃખનું કારણ અને કરનારો તે એક જ છે અને બાકીનાં પાંચ દ્રવ્યો અકર્તા છે, પોતે કાંઈ કરી શકતા નથી. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગળ અને કાળ પોતે સુખ દુઃખ વગેરે કરી શકતા નથી. સારા કે ખરાબ અનુભવનો કર્ત્તા માત્ર એક જીવ જ છે. (૨૧૪)

**ધર્મ અધર્મ અને આકાશનું કાર્ય—**

**धर्मो गतिस्थितिमतां द्रव्याणां गत्युपग्रहविधाता ।**
**स्थित्युपकर्ताऽधर्मोऽवकाशदानोपकृद्गगनम् ॥२१५॥**

**અર્થ**—(એ છ દ્રવ્યો પૈકી) ધર્મદ્રવ્ય એક ઠેકાણે સ્થિતિ કરેલી વસ્તુઓને કે જીવદ્રવ્યને ગતિમાં ઉપગ્રહ (મદદ) કરે છે અને ગતિવાળા દ્રવ્યને એક સ્થાનકે રાખવાનું કામ અધર્મદ્રવ્ય કરે છે. અને અવકાશમાં જગા (space) આપવાનું કામ આકાશદ્રવ્ય કરે છે. (૨૧૫)

**વિવરણ**—આ ગાથા અજીવના પાંચ દ્રવ્યો પૈકી પ્રથમના ત્રણ દ્રવ્યો શું શું અને કેવા પ્રકારનું કામ કરે છે તે જણાવે છે. આથી વસ્તુનો ઉપયોગ નજરમાં, ખ્યાલમાં આવશે. બાકીના દ્રવ્યોની વાત આગળની ગાથામાં સ્પષ્ટ કરશે.

**ધર્મ**—ધર્મ નામનું પ્રથમ દ્રવ્ય જે પુદ્ગળ અથવા જીવ એક જગ્યાએ સ્થિતિ કરીને રહેલ હોય તેને ગતિમાં ઉપગ્રહ કરે છે, તેને ગતિ કરાવે છે. સ્થાને રહેલ વસ્તુ કે જીવને ગતિમાં સહાય કરનાર આ પ્રથમ ધર્મ નામનું અજીવ દ્રવ્ય છે.

**ઉપગ્રહ**—ઉપકાર. આ ગતિને સહાય કરવી તે ધર્મદ્રવ્યનું કાર્ય છે. જેમ પાણીમાં પડેલ માછલાના સંચારનું અપેક્ષા કારણ પાણી છે તેમ જીવ કે પુદ્ગળને સંચારનું અપેક્ષા કારણ ધર્મદ્રવ્ય છે. જેમ જળ વિના મત્સ્યનો સંચાર થઈ શકે નહિ, તેમ ધર્મદ્રવ્ય વિના જીવ અને પુદ્ગળ ચાલી શકે નહિ.

**સ્થિતિ**—એક સ્થાને રહેવામાં સ્થિતિમાં સહાય કરવા રૂપ કાર્ય અધર્મદ્રવ્ય નામનું બીજું અજીવ દ્રવ્ય કરે છે. જેમ મુસાફરને વિસામો લેવાને વૃક્ષાદિકની છાયા અપેક્ષા કારણ છે તેમ જીવ તથા પુદ્ગળને સ્થિતિપણે પરિણમવા જે અપેક્ષા કારણ છે તેને અધર્મદ્રવ્ય કહેવામાં આવે છે.

**અવકાશ**—Space જગા. માર્ગ આપવો, જગ્યા આપવી એ આકાશદ્રવ્યનું કામ છે. આપણે લાકડામાં ખીલી મારીએ તે ખીલીને અવકાશ-જગા આપનાર આકાશ છે. લોક



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને અલોકમાં વ્યાપી રહેલું, શબ્દ, રૂપ, રસ, ગંધ તથા સ્પર્શરહિત, અરૂપી, અનંત પ્રદેશોવાળું અને દૂધ જેમ સાકરને સ્થાન આપે છે તેમ બધા દ્રવ્યોને સ્થાન આપવાના સ્વભાવવાળું આકાશદ્રવ્ય છે.

**ઉપકાર**—સહાય. સ્થાન આપવારૂપ ઉપકાર આકાશદ્રવ્ય કરે છે.

**ગગનમ્**—કોઈ સ્થાને ગમન એવો પાઠ છે, તે અશુદ્ધ પાઠ છે.

આ પ્રમાણે ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય અને આકાશદ્રવ્યનું શું કાર્ય છે તે સમજણમાં આવ્યું હશે. આ પ્રત્યેક દ્રવ્ય એક બીજાથી સ્વતંત્ર છે અને એક બીજામાં દાખલ થતું નથી. એ એ પ્રત્યેક દ્રવ્યનું સ્વતંત્ર વ્યક્તિત્વ છે. (૨૧૫)

**ચોથા પુદ્ગળ દ્રવ્યનું કાર્ય—**

**स्पर्शरसवर्णगन्धाः शब्दो बन्धोऽथ सूक्ष्मता स्थौल्यम् ।**
**संस्थानं भेदतमश्छायोद्योतातपश्चेति ॥२१६॥**

**અર્થ**—સ્પર્શ (ફરસના), રસ, વર્ણ, ગંધ અને શબ્દ એ પાંચે તેમ જ કર્મનો આત્મા સાથે બંધ, નાનાપણું, સ્થૂળપણું, આકાર, વિભાગ, અંધારું, છાંયડો, પ્રકાશ અને સૂર્યનો ઝળઝળાટ (એ વગેરે પુદ્ગળ દ્રવ્યના અસાધારણ પર્યાય છે.) (૨૧૬)

**વિવેચન**—પુદ્ગળ નામના ચોથા અજીવ દ્રવ્યનો હેતુ, તેનાથી થતો ઓળખાણ-સંબંધ, તેને વર્તવાની રીતનું આ ગાથા વર્ણન કરે છે. પુદ્ગળનો સ્વભાવ શું છે તે આ ગાથામાં જરૂરી વિસ્તારથી બતાવ્યું છે.

**સ્પર્શ**—આઠ પ્રકારના સ્પર્શો છે અડવાથી ટાઢું કે ઊનું છે તે જણાય. આ સ્પર્શ બરછટ કે ચીકણો. વગેરે પુદ્ગળના પરિણામ ઉપર આધાર રાખે છે. સ્પર્શ જાતે જ પૌદ્ગલિક છે.

**રસ**—રસ પાંચ છે. કડવા કે મીઠા રસવાળા કે ખાટા રસવાળા થવું અને પૌદ્ગલિક વસ્તુમાં પાંચમાંથી કોઈ પ્રકારનો રસ થવો તે પુદ્ગળના પરિણામ પર આધાર રાખે છે. એ પુદ્ગળો આત્મા સાથે ક્ષીરનીર પેઠે લાગી જાય છે.

**ગંધ**—સુગંધ કે દુર્ગંધ, સારી કે ખરાબ ગંધ વસ્તુની કે પ્રાણીની હોય, એમાંથી એક ગંધ થવી તે પુદ્ગળ પર આધાર રાખે છે.

**વર્ણ**—રંગ પાંચ છે. પાંચમાંથી કોઈપણ રંગ હોવો તે પુદ્ગળમાં અનિવાર્ય છે. અને તે રીતે લાલપીળા વગેરે થવું તે પુદ્ગળનો સ્વભાવ છે. તેથી પુદ્ગળમાં જુદા જુદા પરિણામો થતાં રંગો પલટાઈ પણ જાય છે.

**શબ્દ**—કાને જે સાંભળવામાં આવે છે તે શબ્દ પણ પુદ્ગળ છે. શબ્દ-બોલેલા કે સાંભળેલા-એ પણ પુદ્ગળ છે એ વિચાર હજારો વર્ષ પહેલાં તત્ત્વજ્ઞાનીના લક્ષમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતો તે હકીકત આનંદ ઉત્પન્ન કરે છે. સચિત્ત, અચિત્ત અને મિશ્ર એવા ત્રણ વિભાગો શબ્દના થાય છે.

**બંધ**—આત્મા અને કર્મો જુદાં છે, છતાં ક્ષીરનીરની જેમ કર્મો આત્માને મળી જાય, એક થઈ જાય, મહામુશ્કેલીએ જુદા પડે તે પુદ્ગળનો સ્વભાવ છે. કર્મો પૌદ્ગલિક છે.

**સૂક્ષ્મતા**—સૂક્ષ્મપણું. જાતે અત્યંત નાના-સૂક્ષ્મ હોવું તે પણ પુદ્ગળનો જ સ્વભાવ છે.

**સ્થૂળતા**—જાડાઈ, સ્થૂળતા. ગ્રહણ ધારણ યોગ્ય સ્કંધોને તૈયાર કરવા એ પણ પુદ્ગળનો સ્વભાવ છે.

**સંસ્થાન**—આકાર, આકૃતિ. સમચતુરસ્ર, પ્રહોળું, વામનિયું, કુબડું વગેરે અનેક પ્રકારની આકૃતિઓ શરીરની થાય છે, તે સર્વ પુદ્ગળનો સ્વભાવ છે. શરીરનો આકાર સારો ખરાબ થવો તે પુદ્ગળની આકૃતિ પર આધાર રાખે છે.

**તમસ્**—અંધારું. અંધારું પોતે પણ પૌદ્ગલિક છે, પુદ્ગળનો પર્યાય છે, તે જાણવા જેવું છે.

**છાયા**—આપણી છાયા પડે, ઓળો પડે તે પણ પુદ્ગળનો જ પર્યાય છે. જેવું શરીર તેવી છાયા. ઝાડની છાયા શીતસ્વભાવી છે. આ છાયા પુદ્ગળનો ધર્મ છે, એ પુદ્ગળનું કામ છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**ઉદ્યોત**—ચંદ્રનો કે રત્નનો ઝળકાટ એ પુદ્ગળને લઈને છે. અને એ પુદ્ગળનો ધર્મ છે, ઉપકાર છે.

**આતપ**—તડકો, સૂર્ય ઊગે ત્યારે જે પ્રકાશ પડે છે તે પણ પુદ્ગળનો જ પર્યાય છે.

આ સિવાય પુદ્ગળના કાર્યના અનેક દાખલા આવતી ગાથા (૨૧૭)માં આપવામાં આવશે. આ સંબંધે નવતત્ત્વની ગાથા અગિયારમીનું વિવેચન પ્રસ્તુત હોવાથી અહીં આપવું ઉચિત ધાર્યું છે. તે ગાથાના ટબામાં કહે છે કે—

'સચિત્ત, અચિત્ત અને મિશ્ર એ ત્રણ પ્રકારમાંના ગમે તે પ્રકારનો શબ્દ, અંધકાર તથા રત્ન પ્રમુખનો પ્રકાશ તથા ચંદ્રમા પ્રમુખની જ્યોતિ તથા છાયા અને સૂર્ય પ્રમુખનો આતપ, વા એટલે બીજા નીચલા પદાર્થ પણ જાણવા. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ એવા ગુણવાળો હોય અને જે ચૌદ રાજલોકમાં વ્યાપક, સંખ્યાત પ્રદેશી, અસંખ્યાત પ્રદેશી તથા અનંત પ્રદેશીનો પૂરણગલન સ્વભાવવાન્ એવો અખંડ પુદ્ગળાસ્તિકાય રૂપ ખંધ, તે ખંધનો એક ભાગ અથવા કાંઈપણ ન્યૂનભાગ દેશ, તથા જે કેવળીની બુદ્ધિએ પણ એક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાગના બે ભાગ થઈ શકે નહિ એવો અતિસૂક્ષ્મ ખંધનો અભિન્ન ભાગ નિર્વિભાજ્યરૂપ તે પ્રદેશ, તેની જ્યારે ખંધથી ભિન્ન કલ્પના થાય ત્યારે તે પરમાણુ કહેવાય છે. એ પુદ્ગલનું નિશ્ચયપણે લક્ષણ છે.'

પુદ્ગળનું વિશેષ વર્ણન હજુ આવતી ગાથામાં ગ્રંથકાર પોતે જ રજૂ કરશે. (૨૧૬)

**પુદ્ગળના સ્વરૂપ વિશે વધારે—**

**कर्मशरीरमनोवाग्विचेष्टितोच्छ्वासदुःखसुखदाः स्युः ।**
**जीवितमरणोपग्रहकराश्च संसारिणः स्कन्धाः ॥२१७॥**

**અર્થ**—કર્મ, શરીર, મનના યોગો, વચનના યોગો, કાયાના યોગો, જુદી જુદી જાતના વ્યાપારો શ્વાસોચ્છ્વાસ, દુઃખ અને સુખ, જીવતર (આયુષ્ય) અને મરણ એ સંસારીના ઉપકારોને કરનારા સ્કન્ધ (પુદ્ગળો) છે. (૨૧૭)

**વિવેચન**—આ ગાથામાં પુદ્ગળના બીજા બાકી રહેલા ધર્મો સ્પષ્ટ કરે છે. આ તત્ત્વનું પ્રકરણ ચાલે છે અને પુદ્ગળો અજીવ તત્ત્વમાં આવે છે એ ધ્યાનમાં રાખવું.

**કર્મ**—કાર્મણ શરીર અથવા કાર્મિક શરીર આખું પુદ્ગળનું બનેલું હોય છે. કર્મો પૌદ્ગલિક છે. જ્ઞાનાવરણાદિક આઠ પ્રકારનાં કર્મો કે તેની એકસો સત્તાવન પ્રકૃતિ એ સર્વ પૌદ્ગળિક છે.

**શરીર**—ઔદારિક, વૈક્રિય, આહારક અને તેજસ એ સર્વ શરીરો પણ પુદ્ગળના જ બનેલાં છે. તેથી તે પૌદ્ગલિક છે. શરીરને બનાવવું તે પુદ્ગળનું કાર્ય છે.

**મન**—મનોવર્ગણા તે પૌદ્ગલિક છે. મનુષ્યનું મન આકારોને ધારણ કરે છે. તે આખું મન પૌદ્ગલિક છે એમ જાણવું.

**વાક્**—વાણી, ઉચ્ચાર. મનુષ્ય બીજાને બોલીને સંભળાવે છે, ભાષણ કરે છે, કે રાડ પાડે છે, તે વસ્તુતઃ પૌદ્ગલિક છે. આ વાત શોધખોળના યુગ પહેલાં પણ જૈનોને જાણીતી હતી તે સમજવા જેવું છે. વચન પણ પૌદ્ગલિક છે એવી વાત છે. વાણી એ પુદ્ગળની બનેલી છે.

**વિચેષ્ટિત**—શરીરથી થતા જુદા જુદા પ્રકારના વ્યાપારો, કાયિક યોગ. કોઈ વસ્તુ લેવી, ફેંકવી, સંકોચવી, જુદા જુદા પ્રકારના વ્યાપાર કરવા એ સર્વ કાયયોગથી થાય છે. એ પૌદ્ગલિક છે, પુદ્ગળનું કાર્ય છે.

**ઉચ્છ્વાસ**—શ્વાસોચ્છ્વાસ, શ્વાસ લેવો ને મૂકવો. આ, દશ પ્રાણ પૈકીનો એક પ્રાણ પણ પૌદ્ગલિક છે, પુદ્ગળનું કાર્ય છે.

**દુઃખ**—માણસને કે અન્ય કોઈપણ પ્રાણીને પીડા-બાધા થાય, તેનો અનુભવ જે કરાવે તે પણ કર્મજન્ય હોવાથી પૌદ્ગલિક છે. કડવા, ખરાબ અનુભવને દુઃખ કહેવાય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સુખ**--જેથી પ્રાણીને સારો સુખદ અનુભવ થાય તે પણ પુણ્યજન્ય હોઈ પૌદ્ગલિક છે, પુદ્ગળનો સ્વભાવ છે.

**જીવિત**--આયુષ્ય, જીવન. એ પણ આયુષ્કર્મ પર આધાર રાખે છે. અને ઉપર જણાવ્યું તેમ કર્મો પુદ્ગળ હોવાથી જીવન પણ પૌદ્ગલિક જ છે.

**મરણ**--આયુષ્કર્મ પૂરું થતાં પ્રાણી મરણ પામી ભવાંતરમાં જાય છે. તે પણ પુદ્ગળનો જ સ્વભાવ છે. શસ્ત્ર-હથિયારથી મરણ થાય, અગ્નિથી મરણ થાય, વિષ-ઝેરથી મરણ થાય એ સર્વ પૌદ્ગલિક છે.

**ઉપગ્રહ**—ઉપગ્રહ એટલે ઉપકાર.

ઉપકાર, પરિણામ કે સ્વભાવ એ ત્રણે શબ્દો એક જ અર્થ વ્યક્ત કરનાર છે, પર્યાય શબ્દો છે. પુદ્ગળનો ઉપકાર એટલે પુદ્ગળનું કાર્ય. એક રીતે પુદ્ગળ કાંઈ પાડ કરતું નથી, પણ એવું કાર્ય કરી પરિણામ નીપજાવવું એ એનો ધર્મ છે.

**સંસારી**—સંસારમાં વર્તતા જીવના.

**સ્કંધ**—અનેક અણુ મળીને મનુષ્ય અડી શકે, ઉપાડી શકે, ફેરવી શકે એવો સ્કંધ (પૌદ્ગલિક) થાય છે. ઉપર જણાવેલ સર્વ કે કોઈ કોઈ કાર્ય કરવા એ પુદ્ગળનો સ્વભાવ છે. બે અણુઓનો એક દ્વચણુક થાય અને ત્રણ અણુઓનો એક ત્ર્યણુક થાય, એવા અનેક ત્ર્યણુકનો એક પુદ્ગળ સ્કંધ થાય. આ સ્કંધનું આવા પ્રકારનું કાર્ય છે, એમ સમજવું. અત્ર પુદ્ગળ અજીવ તત્ત્વનું કાર્ય શું છે તે સ્પષ્ટ કર્યું. (૨૧૭)

**કાળ તથા જીવનું કાર્ય**--

**परिणामवर्तनाविधिपरापरत्वगुणलक्षणः कालः ।**
**सम्यक्त्वज्ञानचारित्रवीर्यशिक्षागुणा जीवाः ॥२१८॥**

**અર્થ**—પરિણામ અને વર્તના અને પરતા અને અપરતા જેનું લક્ષણ છે તે કાળ નામનું દ્રવ્ય કહેવાય અને સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર અને વીર્ય જેના ગુણો છે તે જીવ દ્રવ્ય છે. (૨૧૮).

**વિવરણ**—આ ગાથામાં બાકીના બે છેલ્લા દ્રવ્યો કાળ અને જીવની વ્યાખ્યા આપી જીવ અને અજીવ નામના પ્રથમના બે તત્ત્વોનો વિસ્તાર પૂરો કરવામાં આવશે, તે અવધારવું.

**પરિણામ**--પરિણમન થઈ જવું તે. ટીકાકાર ખુલાસામાં કહે છે કે અંકુરો-કોંટા વધે છે, ઘટે છે તે સર્વ કાળ કરે છે. હાનિ કે વૃદ્ધિ થવી તે પરિણમન પર આધાર રાખે છે અને તે પરિણમન કાળ નીપજાવે છે.

**વર્તના**—આ વસ્તુ વર્તે છે, પેલી વસ્તુ વર્તતી નથી એ પણ કાળથી થાય છે.

JAINSITE.com જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

આ કાળમાં આ વસ્તુ પ્રવર્તે છે, પેલી વસ્તુ પ્રવર્તતી નથી એ સર્વ કાળદ્રવ્ય મુકરર કરે છે.

**પરત્વ-અપરત્વ**—પચાશ વર્ષથી પચીશ વર્ષ અપર (ઓછા, કનિષ્ઠ) છે. પચાસ આગળ છે, વધારે છે. પચીશ વર્ષથી પચાશ વર્ષ પર (વધારે, જ્યેષ્ઠ) છે. વસ્તુમાં મોટાનાનાપણું થાય તે કાળથી થાય છે.

આ વ્યાખ્યા પ્રમાણે કાળદ્રવ્યનું કાર્ય હાનિ-વૃદ્ધિ રૂપ, હોવાપણું અને ગુરુલઘુપણું એ છે. વસ્તુ કાળક્રમે શીર્ણવિશીર્ણ થઈ જાય તે પણ કાળનું કાર્ય છે. યુવાન માણસ બુઢ્ઢો થાય તે પણ કાળનું કાર્ય છે અને વસ્તુ તરીકે વસ્તુ હોવી એ કાળથી જ સિદ્ધ થાય છે, તેમ જ વસ્તુમાં ગુરુલઘુપણું પણ કાળથી જ થાય છે.

એક સડી ગયેલા કપડાને ફાડી નાંખતી વખતે એક ધાગેથી બીજે ધાગે હાથ પહોંચે તેમાં તો અસંખ્યાત સમય થાય છે. આંખના એક પલકારામાં અસંખ્યાત સમય થાય છે. કમળના પાંદડાને ઉપર ઉપર ગોઠવેલાં હોય ને હાથમાં ભાલું લઈ તે પાંદડાંને વીંધીએ ત્યારે એક પાંદડેથી બીજે પાંદડે ભાલું જાય તેમાં પણ અસંખ્યાત સમય થાય છે. આવું કાળનું સ્વરૂપ છે.

હવે આપણે છઠ્ઠા અને છેલ્લા જીવદ્રવ્યની વ્યાખ્યા કરીએ. જીવને ઓળખવા માટે ચાર ચીજો બતાવી છે.

**સમ્યક્ત્વ**—શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મ પર શુદ્ધ શ્રદ્ધા, તેમાં કોઈ જાતની શંકા ન થાય તેવી વિશુદ્ધ શ્રદ્ધા તે સમ્યક્ત્વ.

**જ્ઞાન**—જાણવું તે, વસ્તુનું સ્વરૂપ વિશેષ પ્રકારે જાણવું તે જ્ઞાન. સમ્યક્ત્વ એટલે શુદ્ધ દર્શન અર્થાત્ શુદ્ધ શ્રદ્ધા. એ પ્રથમ દર્શનનો ગુણ છે અને એ પ્રાણીના-જીવના અનાદિ અસલ લક્ષણનો એક ભાગ છે.

**ચારિત્ર**—ચર્યા. એના સામાયિકાદિ પાંચ પ્રકાર છે. એ પણ જીવનો અનાદિ અસલ ગુણ છે. નિજ સ્વરૂપમાં રમણ કરવું તે ચારિત્ર છે. વ્યવહારથી ક્રિયાનિરોધરૂપ ગમે તે એક ચારિત્ર અને તેથી વધારે ચારિત્ર જીવમાં હોય છે. આ ત્રીજું જીવનું લક્ષણ છે.

**વીર્ય**—આ જીવનું અસલ ચોથું લક્ષણ છે. વીર્ય એટલે શક્તિ. એના કરણ અને લબ્ધિરૂપ બે પ્રકાર છે. કોઈપણ પ્રકારની શક્તિ હોય તે જીવ છે. જીવ તો ગમે તેવા શસ્ત્રની અંદર પણ પેસી નીકળી શકે છે. એ ઇંદ્રના વજ્રની પણ આરપાર જાય આવે. આ ચાર નૈસર્ગિક ગુણ જેને હોય તેને જીવ કહેવામાં આવે છે.

અહીં છ દ્રવ્ય સંબંધી હકીકત પૂર્ણ થતાં તત્ત્વવિભાગ પૈકી જીવ તત્ત્વ અને અજીવ તત્ત્વ પૂરા થાય છે. જેઓ સાત તત્ત્વ માને છે તેઓ કહે છે કે સુખ આપે તેવા અનુ-

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com જૈન સાઈટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભવને પુણ્ય કહેવાય અને દુઃખના અનુભવને પાપ કહેવાય, પણ તે બન્ને આશ્રવના પેટામાં આવી જાય છે, તેથી તેમને અલગ તત્ત્વ ગણવાની જરૂર નથી. તેમને મતે તત્ત્વો સાત છે. બીજા કેટલાક નવ તત્ત્વો કહે છે. આપણે પુણ્યપાપને પ્રથમ સમજી આ મુદ્દા પર ફરી આવીશું. (૨૧૮)

**ત્રીજા પુણ્ય અને ચોથા પાપ તત્ત્વનું સ્વરૂપ--**

**पुद्गलकर्म शुभं यत् तत्पुण्यमिति जिनशासने दृष्टम् ।**
**यदशुभमथ तत्पापमिति भवति सर्वज्ञनिर्दिष्टम् ॥२१९॥**

**અર્થ**--પૌદ્‌ગલિક કર્મો પૈકી જે સારાં કર્મો હોય, જે સુખનો અનુભવ કરાવે તેને પુણ્ય કહે છે એમ જૈન શાસનમાં દેખવામાં આવ્યું છે. અને જે અશુભ કર્મો હોય, જે દુઃખનો અનુભવ કરાવે તેને પાપ કહે છે એમ સર્વજ્ઞે જણાવેલું છે. (૨૧૯)

**વિવરણ**--આ ગાથામાં પુણ્યપાપનું વર્ણન આવશે. તે બન્નેને જુદાં તત્ત્વો ગણવાં કે નહિ તેની ચર્ચા, પ્રથમ ગ્રંથકાર શું કહે છે તે વિચારીને કરશું.

**શુભ**--જેના ઉદયથી પ્રાણી સુખનો અનુભવ કરે અથવા શાતાને પામે તે પુણ્ય. શાતા, સુખ, સમાધિ, આનંદ એ એનો પ્રથમ પ્રકાર છે. આપણે આગળ જતાં એના અનેક બીજા પ્રકારો જોઈશું.

**અશુભ**--જેના ઉદયથી પ્રાણી દુઃખને ભોગવે તે પાપ.

**જિનશાસને**--ગ્રંથકર્ત્તા કહે છે કે આ વ્યાખ્યા અમારી પોતાની બનાવેલી નથી, પણ એ તીર્થંકર મહારાજે કહેલા પ્રમાણે અત્ર રજૂ કરી છે. એથી એ જૈનશાસનસંમત હકીકત છે એમ જાણવું.

**સર્વજ્ઞ**--ખુદ તીર્થંકરોએ એ વાત કહેલ છે તે અત્ર જણાવી છે. તે ગ્રંથકર્ત્તા જેવા છદ્‌મસ્થ પ્રાણીએ કહેલ વાત નથી. પણ ખુદ તીર્થંકરની કહેલ છે.

પુણ્ય અથવા સુખનો અનુભવ બેંતાળીશ પ્રકારે થાય, તે નીચે પ્રમાણે--

(૧) જેના ઉદયે પ્રાણી સુખશાતાને પામે તે શાતાવેદનીય કર્મ. (ત્રીજું કર્મ).

(૨) જેના ઉદયે પ્રાણી ઉચ્ચ કુળમાં જન્મ પામે તે ઉચ્ચગોત્ર (સાતમું ગોત્રકર્મ)

(૩-૪) જેના ઉદયે મનુષ્યની ગતિ અને મનુષ્યની આનુપૂર્વી થાય તે નામકર્મ છઠ્ઠું.

(૫-૬) જેના ઉદયે દેવતાની ગતિ અને દેવતાની આનુપૂર્વી થાય તે નામકર્મ. (સદર)

(૭) જેના ઉદયે પ્રાણી પંચેંદ્રિયપણું પામે તે પંચેંદ્રિય જાતિ નામકર્મ. (સદર)

(૮) જેના ઉદયે ઔદારિક શરીર જીવ પ્રાપ્ત કરે તે ઔદારિક નામકર્મ. (સદર)

(૯) જેના ઉદયથી વૈક્રિય શરીર જીવ પ્રાપ્ત કરે તે વૈક્રિય નામકર્મ. વૈક્રિય શરીર બે પ્રકારનું--ઔપપાતિક (દેવતા, નારકનું) અને લબ્ધિપ્રત્યયીક (અન્યનું).

JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧૦) તીર્થંકરની ઋદ્ધિ જોવા એક હાથનું શરીર કરે તે આહારક શરીર. જેના ઉદયે આવું શરીર પ્રાપ્ત થાય તે આહારક શરીરનામકર્મ. (તિર્યંચ-મનુષ્ય)

(૧૧) જેના ઉદયે અન્નને પચાવનાર તૈજસ શરીર પ્રાપ્ત કરે તે તૈજસ શરીર નામકર્મ.

(૧૨) જેના ઉદયે કર્મના પરમાણુ આત્મપ્રદેશની સાથે મળે તે કાર્મણશરીર-નામકર્મ.

(૧૩) ઔદારિક શરીરના અંગોપાંગ છે બે હાથ, બે ઊરુ, એક પીઠ, એક મસ્તક, એક ઉદર તથા એક હૃદય. એ આઠ અંગોપાંગ જેના ઉદયે થાય તે અંગોપાંગ નામકર્મ.

(૧૪) જેના ઉદયે વૈક્રિય શરીરના અંગોપાંગ થાય તે વૈક્રિય અંગોપાંગ નામકર્મ.

(૧૫) જેના ઉદયે આહારક શરીરના સદરહુ અંગોપાંગ થાય તે આહારક અંગોપાંગ નામકર્મ.

(૧૬) જેના ઉદયે પ્રથમ સંઘયણ (છ સંઘયણ પૈકી) મળે તે વજ્રઋષભનારાચ સંઘયણ નામકર્મ.

(૧૭) જેના ઉદયે છ સંસ્થાન પૈકી પ્રથમ સમચતુરસ્ર સંસ્થાન પ્રાપ્ત થાય તે સમચતુરસ્ર સંસ્થાન નામકર્મ.

(૧૮-૨૧) જેના ઉદયે શુભ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શો મળે તે વર્ણચતુષ્ક નામકર્મ.

(૨૨) જેના ઉદયે મધ્યમ વજનદાર શરીરની પ્રાપ્તિ થાય તે અગુરુલઘુનામકર્મ.

(૨૩) જેના ઉદયે બીજા બળવાનને પોતે દુઃસહ થઈ પડે તે પરાઘાતનામકર્મ.

(૨૪) જેના ઉદયે સુખપૂર્વક શ્વાસ લેવાય મૂકાય તે શ્વાસોચ્છ્વાસ નામકર્મ.

(૨૫) જેના ઉદયે પરને તાપ ઉપજે તેવા શરીરની પ્રાપ્તિ થાય તે આતપનામકર્મ કહેવાય.

(૨૬) જેના ઉદયે ચંદ્ર જેવી શીતળતા ઉત્પન્ન કરવાના હેતુરૂપ તેજવાળું શરીર પ્રાપ્ત થાય તે ઉદ્યોતનામકર્મ.

(૨૭) જેના ઉદયે હંસના કે વૃષભના જેવી પોતાને ગતિ પ્રાપ્ત થાય તે શુભ વિહાયોગતિ નામકર્મ.

(૨૮) જેના ઉદયે શરીરને યોગ્ય સર્વ અવયવો યોગ્ય સ્થળે ગોઠવાઈ જાય તે શક્તિ-નિર્માણ નામકર્મ.

(૨૯) જેના ઉદયથી દેવતાના આયુષ્યની પ્રાપ્તિ થાય છે સુરાયુ. (છઠ્ઠું આયુકર્મ.)

(૩૦) તે જ પ્રમાણે જેના ઉદયથી મનુષ્ય આયુષ્યની પ્રાપ્તિ તે નરાયુષ્ય. (સદર)

(૩૧) જેના ઉદયે તિર્યંચનું આયુષ્ય (ગતિ નહિ) પ્રાપ્ત થાય તે તિર્યંચ આયુષ્ય. (સદર)

(૩૨) જેના ઉદયથી તીર્થંકર થવાય તે તીર્થંકર નામકર્મ.

(૩૩) જેના ઉદયથી ત્રસપણું મળે તે ત્રસ નામકર્મ.

(૩૪) જેના ઉદયથી બાદર શરીર મળે તે બાદર નામકર્મ.

(૩૫) જેના ઉદયથી જીવ પોતાની પર્યાપ્તિ પૂરી કરે તે પર્યાપ્ત નામકર્મ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩૬) જેના ઉદયથી ભિન્ન ભિન્ન શરીર પ્રાપ્ત થાય તે પ્રત્યેક નામકર્મ.

(૩૭) જેના ઉદયથી દાંત વગેરે અવયવોને સ્થિરતા પ્રાપ્ત થાય તે સ્થિર નામકર્મ.

(૩૮) જેના ઉદયથી શરીરના સર્વ અવયવ સારા હોય, ખાસ કરીને નાભિ ઉપરનો ભાગ સારો રહે, તે શુભ નામકર્મ.

(૩૯) જેના ઉદયથી લોકપ્રિયતા મળે તે સૌભાગ્યનામકર્મ.

(૪૦) જેના ઉદયથી વાણીમાં માધુર્ય પ્રાપ્ત થાય તે સુસ્વરનામકર્મ.

(૪૧) જેના ઉદયથી જીવનું વચન લોકોમાં માનનીય થઈ પડે તે આદેયનામકર્મ.

(૪૨) જેના ઉદયથી લોકોમાં યશ-કીર્તિ થાય તે યશોનામકર્મ.

આવા શુભ કર્મનો ઉદય તે પુણ્ય કહેવાય છે. એવી જ રીતે પાપ-દુઃખના બ્યાશી પ્રકાર છે. તે નીચે પ્રમાણે છે.

(૧) પાંચે ઇંદ્રિયો અને મન દ્વારા નિયત વસ્તુના થતા જ્ઞાનનું જેથી આચ્છાદન થાય તે મતિજ્ઞાનાવરણીય પાપકર્મ.

(૨) શાસ્ત્રાનુસારે થતાં જ્ઞાનનું જેથી આચ્છાદન થાય તે શ્રુતજ્ઞાનાવરણીય પાપકર્મ.

(૩) રૂપી દ્રવ્યને સીધું જણાવતું જે જ્ઞાન તેનું જેથી આચ્છાદન થાય તે અવધિ-જ્ઞાનાવરણીય પાપકર્મ.

(૪) સંજ્ઞીપંચેંદ્રિયના મનોગત ભાવ જાણવાના જ્ઞાનનું જેથી આચ્છાદન થાય તે મનઃપર્યવજ્ઞાનાવરણીય પાપકર્મ.

(૫) એકલું નિરાવરણ જ્ઞાનનું જે કર્મ આચ્છાદન કરે તે કર્મ-કેવળજ્ઞાનાવરણીય પાપકર્મ.

(૬) દેવા યોગ્ય વસ્તુ હાજર હોવા છતાં જે કર્મના લીધે ન દઈ શકાય તે દાનાંત-રાય પાપકર્મ.

(૭) દેનાર આપવા ઇચ્છતો હોય, વસ્તુ હોય, માગનાર હોય છતાં તે વસ્તુની પ્રાપ્તિ જે કર્મના કારણે ન થાય તે લાભાંતરાય પાપકર્મ.

(૮) ભોગવવા યોગ્ય વસ્તુ જે કર્મના કારણે ભોગવી ન શકાય તે ભોગાંતરાય પાપકર્મ.

(૯) વસ્ત્ર વગેરે અનેકવાર ભોગવી શકાય તેવી વસ્તુ હોવા છતાં જે કર્મના કારણે ભોગવી જ ન શકાય તે ઉપભોગાંતરાય પાપકર્મ.

(૧૦) પોતે યુવાન, રોગરહિત હોવા છતાં જે કર્મના કારણે જીવ પોતાની શક્તિ ફોરવી ન શકે તે વીર્યાંતરાય પાપકર્મ.

(૧૧) આંખે કરીને રૂપનું જે સામાન્યપણે ગ્રહણ થાય તેનું આચ્છાદન જે કર્મને કારણે થાય તે ચક્ષુદર્શનાવરણીય પાપકર્મ.

(૧૨) બાકીની (ચક્ષુ સિવાય) ઇંદ્રિયોથી દ્રવ્યગ્રહણ થતું જે કર્મને કારણે અટકે તે અચક્ષુદર્શનાવરણીય પાપકર્મ.

Jainsite.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧૩) અવધિદર્શનનું-મર્યાદા પ્રમાણે થતા દર્શનનું—જે આચ્છાદન કરે તે અવધિદર્શનાવરણીય પાપકર્મ.

(૧૪) સમસ્ત વસ્તુના સામાન્ય દર્શનનું જે આચ્છાદન કરે તે કેવળદર્શનાવરણીય પાપકર્મ.

(૧૫) નિદ્રાઃ જેના ઉદયથી સુખે જાગે તેવી નિદ્રા આવે તે નિદ્રાવેદનીય દર્શનાવરણ પાપકર્મ. તે દર્શનની આડે આવનાર છે.

(૧૬) નિદ્રાનિદ્રા : જેના ઉદયથી દુઃખે જાગે તેવી નિદ્રા આવે તે નિદ્રાનિદ્રાવેદનીય દર્શનાવરણ પાપકર્મ. તે પણ દર્શનને અટકાવે છે.

(૧૭) જેના ઉદયથી બેઠા બેઠા કે ઊભા ઊભા નિદ્રા આવે, તેથી દર્શન અટકે, તે પ્રચલા વેદનીય દર્શનાવરણ પાપકર્મ.

(૧૮) જેના ઉદયથી હરતાં ફરતાં પણ ઊંઘ આવે તે પ્રચલાપ્રચલા દર્શનાવરણ પાપકર્મ. તેનાથી દર્શન અટકે.

(૧૯) જેના ઉદયથી દિવસનું ચિંતવેલ કાર્ય રાત્રે ઊંઘમાં કરવાની શક્તિ પ્રગટે તે નિદ્રાનો પ્રકાર સ્ત્યાનગૃદ્ધિ.

(૨૦) જેના ઉદયથી પોતે ગમે તેવો રૂપાળો કે ધનવાન હોય પણ નીચ કુળમાં જન્મે તે નીચગોત્ર પાપકર્મ.

(૨૧) જેના ઉદયથી શરીર સારું ન રહે, વેદના ભોગવે, તે અસાતાવેદનીય પાપકર્મ.

(૨૨) જેના ઉદયથી શુદ્ધ દેવ ગુરુ ધર્મ પર શ્રદ્ધા ન થાય, તેથી વિપરીત સદ્દહણા થાય, તે મિથ્યાત્વ મોહનીય પાપકર્મ.

(૨૩) નરકની ગતિ અપાવનાર કર્મ નરકગતિ નામ પાપકર્મ.

(૨૪) જે કર્મના ઉદયથી નરકની આનુપૂર્વી ઉદયમાં આવે તે નરકાનુપૂર્વી પાપકર્મ.

(૨૫) જે કર્મના કારણે નરકગતિનું આયુષ્ય બંધાય તે નરકાયુ પાપકર્મ. (આયુષ્કર્મનો ઉદય).

(૨૬) જે કર્મને કારણે અનંતાનુબંધી ક્રોધ યાવત્જીવિત રહે તે અનંતાનુબંધી ક્રોધ પાપ કર્મ. એ પર્વતની શિલા પર કોરેલી લીટી જેવો છે.

(૨૭) જે કર્મને કારણે અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ થાય તે અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ પાપકર્મ. આ ક્રોધ એક વર્ષ સુધી રહે છે.

(૨૮) ચારમાસ સુધી રહેનાર સર્વવિરતિ ઘાતક ક્રોધ જે કર્મને કારણે થાય તે પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ પાપકર્મ.

(૨૯) પંદર દિવસ સુધી રહેતો ક્રોધ તે સંજ્વલન ક્રોધ છે. જે કર્મને કારણે તેનો અનુભવ થાય તે સંજ્વલન ક્રોધ પાપકર્મ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩૦) યાવત્ જીવિત અભિમાન કરાવનાર, સમકિત ન આવવા દેનાર માન જે કર્મને કારણે થાય તે અનંતાનુબંધી માન પાપકર્મ.

(૩૧) દેશવિરતિનું વિરોધી પાષાણના થાંભલા જેવું માન જે કર્મને કારણે થાય તે અપ્રત્યાખ્યાનાવરણ માન પાપકર્મ.

(૩૨) સર્વવિરતિને ન આવવા દેનાર ચાર માસ રહેનાર માન જે કર્મને કારણે થાય તે પ્રત્યાખ્યાનાવરણીય માન પાપકર્મ.

(૩૩) પંદર દિવસ રહેનાર યથાખ્યાત ચારિત્રને અટકાવનાર માન જે કર્મને કારણે થાય તે સંજ્વલન માન પાપકર્મ.

(૩૪) યાવત્ જીવિત રહેનાર વાંસના મૂળ જેવી માયા (કપટ) જે કર્મને કારણે થાય તે અનંતાનુબંધી માયા પાપકર્મ કહેવાય.

(૩૫) દેશવિરતિ ગુણનો ઘાત કરનાર અપ્રત્યાખ્યાનાવરણ માયા જે કર્મને કારણે થાય તે અપ્રત્યાખ્યાનાવરણ માયા પાપકર્મ.

(૩૬) સર્વવિરતિ ગુણ ન આવવા દેનાર માયા જે કર્મને કારણે થાય તે પ્રત્યાખ્યાનાવરણીય માયા પાપકર્મ કહેવાય.

(૩૭) યથાખ્યાત ચારિત્ર ન આવવા દેનાર પંદર દિવસ રહેતી માયા જે કર્મને કારણે થાય તે સંજ્વલન માયા પાપકર્મ.

(૩૮) યાવત્જીવિત રહેનાર પાકો કરમજી રંગનો લોભ જે કર્મને કારણે ઉદયમાં આવે તે અનંતાનુબંધી લોભ પાપકર્મ.

(૩૯) દેશવિરતિપણાનો ઘાત કરનાર લોભ જે કર્મને કારણે જાગે તે અપ્રત્યાખ્યાનાવરણ લોભ પાપકર્મ કહેવાય.

(૪૦) સર્વવિરતિપણાનો ઘાત કરનાર લોભ જે કર્મને કારણે અનુભવાય તે પ્રત્યાખ્યાનાવરણીય લોભ પાપકર્મ કહેવાય.

(૪૧) પંદર દિવસ રહેનાર, યથાખ્યાત ચારિત્રનો અટકાવનાર લોભ જે કર્મને કારણે અનુભવાય તે સંજ્વલન લોભ પાપકર્મ કહેવાય.

(૪૩) જેના ઉદયે રતિસુખ–પૌદ્ગલિક મગ્નતા– થાય તે રતિમોહનીય પાપકર્મ.

(૪૪) જેના ઉદયથી કાંઈ ગમે નહિ, ખેદ થાય, તે અરતિમોહનીય પાપકર્મ.

(૪૫) જેના ઉદયથી દિલગીરી થાય, તે શોકમોહનીય પાપકર્મ.

(૪૬) જેના ઉદયથી બીક લાગ્યા કરે તે ભયમોહનીય પાપકર્મ.

(૪૭) જેના ઉદયથી ઘૃણા થાય, દુગંછા થાય તે દુગંછા મોહનીય પાપકર્મ.

(૪૮) જેના ઉદયથી સ્ત્રી ભોગવવાની ઇચ્છા થાય તે પુરુષવેદ મોહનીય પાપકર્મ.

(૪૯) જેના ઉદયથી પુરુષને ભોગવવાની ઇચ્છા થાય તે સ્ત્રીવેદ નામનું મોહનીય પાપકર્મ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૫૦) જેના ઉદયથી સ્ત્રી તથા પુરુષ બન્નેને ભોગવવાની ઇચ્છા થાય તે નપુંસકવેદ નામનું મોહનીય પાપકમ.

(૫૧) જેના ઉદયથી તિર્યંચની ગતિ પ્રાપ્ત થાય તે તિર્યંચગતિ પાપકર્મ (નામ-કર્મનો ભેદ).

(૫૨) જેના ઉદયથી તિર્યંચની આનુપૂર્વી ઉત્પન્ન થાય તે તિર્યંચ આનુપૂર્વી પાપ-કર્મ. (નામકર્મનો ભેદ)

(૫૩) જેના ઉદયથી પૃથ્વીકાયાદિ એકેંદ્રિયત્વ મળે તે એકેંદ્રિય જાતિ નામકર્મ નામનું પાપકર્મ.

(૫૪) જેના ઉદયથી શંખ વગેરે જીવોની જાતિના શરીરની પ્રાપ્તિ થાય તે બેઇંદ્રિય જાતિનામકર્મ નામનું પાપકર્મ.

(૫૫) જેના ઉદયથી માંકડ, જૂ જાતિના શરીરની પ્રાપ્તિ થાય તે તેઇંદ્રિય જાતિ નામકર્મ નામનું પાપકર્મ.

(૫૬) જેના ઉદયથી વીંછી વગેરે જાતિના શરીરની પ્રાપ્તિ થાય તે ચઉરિંદ્રિય નામ-કર્મ નામનું પાપકર્મ.

(૫૭) જેના ઉદયથી હસવું આવ્યા કરે તે હાસ્ય મોહનીય કર્મ નામનું પાપકર્મ.

(૫૮) જેના ઉદયથી જીભ, દાંત, હરસ, રસોલી વગેરે અવયવે કરી પોતે જ હણાય તે ઉપઘાત નામકર્મ. આ પાપકર્મ છે.

(૫૯) જેના ઉદયથી અશુભ વર્ણ (કાળો, નીલો) થાય તે અશુભવર્ણ નામકર્મ.

(૬૦) જેના ઉદયથી અશુભ (દુરભિ) ગંધ પ્રાપ્ત થાય તે અશુભગંધ નામકર્મ.

(૬૧) જેના ઉદયથી ખરાબ રસ (તીખો, કડવો) મળે તે અશુભરસ નામકર્મ.

(૬૨) જેના ઉદયથી ખરાબ સ્પર્શો (ગુરુ, ખર, શીત, લુખો) મળે તે અશુભસ્પર્શ નામકર્મ.

(૬૩) જે કર્મના ઉદયથી ઋષભનારાચ સંઘયણ મળે તે ઋષભનારાચ સંઘયણ નામકર્મ.

(૬૪) જેના ઉદયથી નારાચ સંઘયણ મળે તે નારાચ સંઘયણ નામકર્મ.

(૬૫) જેના ઉદયથી અર્ધનારાચ સંઘયણ મળે તે અર્ધનારાચ સંઘયણ નામકર્મ.

(૬૬) જેના ઉદયથી માત્ર ખીલી જેવો હાડબંધ મળે તે કીલિકા સંઘયણ નામકર્મ.

(૬૭) જેના ઉદયથી હાડકાં માંહોમાંહે અડી રહે તે સેવાર્ત સંઘયણ નામકર્મ.

(૬૮) જેના ઉદયથી નાભિની ઉપરનો ભાગ સુલક્ષણવંત હોય તે ન્યગ્રોધ સંસ્થાન નામકર્મ.

(૬૯) જેના ઉદયથી નાભિની નીચેનો ભાગ સરસ મળે તે સાદિ સંસ્થાન નામકર્મ.

(૭૦) જેના ઉદયથી હાથ, પગ, માથું, કેડ પ્રમાણ રહિત મળે તે વામન સંઘયણ નામકર્મ.

(૭૧) જેના ઉદયથી ઉપરના ચારે પ્રમાણસર મળે પણ પેટ હીન મળે તે કુબ્જ સંસ્થાન નામકર્મ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૭૨) જેના ઉદયથી સર્વ અવયવો ઘાટ વગરના અશુભ મળે તેને હુંડક સંસ્થાન નામકર્મ કહેવાય.

(૭૩) એક સ્થાનકે રહેવાપણું પ્રાપ્ત કરાવનાર કર્મ તે સ્થાવર નામકર્મ

(૭૪) દૃષ્ટિગોચર ન થવાય એવું શરીર પ્રાપ્ત કરાવનાર કર્મ તે સૂક્ષ્મ નામકર્મ.

(૭૫) જેના ઉદયથી સ્વયોગ્ય પર્યાપ્તિ પૂરી કર્યા વિના જ પ્રાણી મરણ પામે તે અપર્યાપ્ત નામકર્મ.

(૭૬) જેના ઉદયથી અનંત જીવોને એક શરીર મળે તે સાધારણ નામકર્મ.

(૭૭) જેના ઉદયથી શરીરના દાંત વગેરે અસ્થિર મળે તે અસ્થિર નામકર્મ.

(૭૮) જેના ઉદયથી નાભિ નીચેનો ભાગ સારો ન મળે તે અશુભ નામકર્મ.

(૭૯) જેના ઉદયથી જીવ સર્વને અળખામણો થાય તે દુર્ભાગ્ય નામકર્મ.

*(૮૦) જેના ઉદયથી કાનને ખરાબ લાગે તેવો સ્વર મળે તે દુઃસ્વર નામકર્મ.*

(૮૧) જેના ઉદયથી જીવનું વચન લોકોમાં માન્ય ન થાય તે અનાદેય નામકર્મ.

(૮૨) જેના ઉદયથી લોકોમાં અપકીર્તિ થાય તે અયશનામકર્મ.

આ રીતે બ્યાશી પ્રકૃતિ પાપની છે. આશ્રવ સર્વ કર્મને લાવનાર ગરનાળું છે. તેમાં પુણ્યપાપનો સમાવેશ થઈ જાય છે. તેથી કેટલાક સાત તત્ત્વો માને છે. પરંતુ કેટલાક નવ તત્ત્વો માને છે. (૨૧૯)

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

**આશ્રવ તથા સંવર તત્ત્વોનું નિરૂપણ—**

> **योगः शुद्धः पुण्यास्रवस्तु पापस्य तद्विपर्यासः ।**
> **वाक्कायमनोगुप्तिर्निराश्रवः संवरस्तूक्तः ॥२२०॥**

**અર્થ**—મન, વચન, કાયાના વિશુદ્ધ યોગ તે પુણ્યાસ્રવ અને તેનાથી ઊલટો ધંધો તે પાપાસ્રવ; વાચાની, કાયાની અને મનની ગુપ્તિ કરવી (તેમને ગોપવવા) તેને સંવર કહેવામાં આવે છે. સંવર એ આસ્રવનો વિરોધી છે. (૨૨૦)

**વિવેચન**—આ ચાલુ ગાથામાં આશ્રવ અને સંવર તત્ત્વોનું નિરૂપણ કરી આ તત્ત્વના પ્રકરણને શોભાવશે. આ નવતત્ત્વ જે સર્વજ્ઞકથિત છે તેમને સમજવા અને સમજીને સ્વીકારવા તે પ્રત્યેકની ફરજ છે, કારણ કે એ સર્વજ્ઞકથિત છે, એ કાંઈ છદ્મસ્થે કહેલ નથી. સર્વજ્ઞે જેવાં જોયાં તેવાં આ સાત અથવા નવ તત્ત્વો પોતે ગણધરો મારફત બતાવ્યા છે.

**પુણ્ય**—શુભ કર્મ બાંધવાનો હેતુ યોગશુદ્ધિ છે. યોગ એટલે મન, વચન, કાયાના વ્યાપાર. કર્મબંધનના જે ચાર પ્રકાર અગાઉ કહ્યા છે તે પૈકી યોગો આશ્રવને અંગે ઘણો અગત્યનો ભાગ ભજવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આશ્રવ**—આપણે આશ્રવોને ગરનાળા તરીકે અગાઉ વર્ણવેલ છે. જેમ તળાવમાં ગરનાળા દ્વારા પાણીની આવક થાય છે તેમ આશ્રવો પણ ગરનાળાનું કામ કર્મતળાવને અંગે કરે છે. પુણ્ય પણ ભોગવવું પડતું હોવાથી તે સારું હોય, સુખ આપનાર હોય, પણ અંતે તે આશ્રવ જ છે. તેથી આશ્રવને હેય વિભાગમાં ગણવામાં આવેલ છે.

**વિપર્યાસ**—જે શુભ કર્મથી ઊલટું હોય તે અશુભ એટલે પાપ છે. એથી પુણ્ય અને પાપ બન્ને આશ્રવો જ છે અને એક રીતે જોતાં એ આશ્રવતત્ત્વમાં સમાઈ જાય છે.

આશ્રવ તત્ત્વના બેંતાળીશ વિભાગ પાડવામાં આવેલ છે, તે આ પ્રમાણે : પાંચ ઇંદ્રિય (ઘણી વખત આવી ગયેલ છે), ચાર કષાય (ક્રોધ, માન, માયા અને લોભ), પાંચ અવ્રત (પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ) અને યોગ (જોગ), મન, વચન અને કાયા એ ચારે મળીને સત્તર ભેદો અને ૨૫ (પચ્ચીશ) ક્રિયા. આપણે આ ક્રિયાઓ વિસ્તારથી સમજીએ.

૧. કાયા (શરીર) ને અજયણાએ પ્રવર્તાવતાં જે ક્રિયા લાગે તે કાયિકી ક્રિયા.

૨. તરવાર વગેરે અધિકરણે કરી જીવોને મારવાની જે ક્રિયા થાય તે આધિકરણિકી ક્રિયા.

૩. જીવ તથા અજીવ ઉપર દ્વેષની ચિંતવના કરવી તે પ્રાદ્વેષિકી ક્રિયા.

૪. પોતાને કે પરને પરિતાપ ઉપજાવે તેવી ક્રિયા તે પારિતાપનિકી ક્રિયા.

૫. એકેંદ્રિય વગેરે જીવને હણવો, હણાવવો તે પ્રાણાતિપાતિકી ક્રિયા.

૬. કર્ષણની ઉત્પત્તિ કરવી, કરાવવી તે આરંભિકી ક્રિયા. (કર્ષણ એટલે ખેડવું તે)

૭. ધનધાન્યાદિ નવવિધ પરિગ્રહ મેળવતાં જે ક્રિયા લાગે તે પારિગ્રહિકી ક્રિયા.

૮. માયાએ કરી બીજાને ઠગવું તે માયા પ્રત્યાયિકી ક્રિયા.

૯. જિનવચન અસ્વીકારતાં જે વિપરીત પ્રરૂપણા થાય તે મિથ્યાદર્શન પ્રત્યાયિકી ક્રિયા.

૧૦. પચ્ચખ્ખાણ લીધા વિના જે ક્રિયા લાગ્યા કરે તે અપ્રત્યાખ્યાનિકી ક્રિયા.

૧૧. કૌતુકથી અશ્વપ્રમુખને જોવા તે અગિયારમી દૃષ્ટિકી ક્રિયા.

૧૨. સ્ત્રી, ગાય વગેરેનો સ્પર્શ કરવો તેથી લાગતી ક્રિયા સ્પૃષ્ટિકી ક્રિયા કહેવાય. અથવા સંદેહ ઉત્પન્ન થવાથી પૂછતાં ક્રિયા લાગે તે પૃચ્છિકા ક્રિયા.

૧૩. જીવ તથા અજીવને આશ્રયી જે રાગદ્વેષ થાય અને બીજાના હસ્તી કે ઘોડા જોઈ તે પર દ્વેષ થાય તે પ્રાત્યાયિકી ક્રિયા.

૧૪. પોતાના અશ્વ વગેરેની પ્રશંસા સાંભળી હર્ષ પામવો અથવા ઘી-તેલનું ભાજન ઉઘાડું મૂકવાથી તેમાં જીવ આવી પડે તે સામંતોપનિપાતિકી ક્રિયા.

૧૫. કોઈના હુકમથી શસ્ત્ર ઘડાવવું કે વાવ-કૂવા ખણવા તે નૈશસ્ત્રિકી ક્રિયા.

૧૬. શ્વાન વગેરે જીવથી કે શસ્ત્રથી જીવને મારવા તે સ્વહસ્તિકી ક્રિયા.

૧૭. જીવ અજીવને આજ્ઞા કરવી અને તેની મારફત કાંઈ મંગાવવું તે આજ્ઞાપનિકી ક્રિયા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૮. જીવ, અજીવનું વિદારણ કરવું, ભાંગવું તે વિદારણિકા ક્રિયા.

૧૯. ઉપયોગ રાખ્યા વિના શૂન્યચિત્તે વસ્તુ લેવી, મૂકવી તે અનાભોગિકી ક્રિયા.

૨૦. આલોક પરલોક વિરુદ્ધ કાર્યનું આચરણ કરવું તે અનવકાંક્ષાપ્રત્યાયિકી ક્રિયા.

૨૧. મન વચન કાયાના યોગનું જે દુઃપ્રણિધાન, તેમાં પ્રવર્તન તે પ્રાયોગિકી ક્રિયા.

૨૨. મોટું પાપ જેથી આઠે કર્મોનું સમુદાયપણે ગ્રહણ થાય તે સમુદાન ક્રિયા.

૨૩. માયા તથા લોભ વડે પ્રેમનાં વચન એવાં બોલવાં કે જેથી રાગની વૃદ્ધિ થાય તે પ્રેમ ક્રિયા.

૨૪. ક્રોધ કે માનથી ગર્વિત વચન બોલી સામાને દ્વેષ ઉપજાવવો તે દ્વૈષિકી ક્રિયા.

૨૫. કેવળ શરીરને પ્રતાપવાથી લાગતી ક્રિયા તે ઈર્યાપથિકી ક્રિયા.

એ પચીશ ક્રિયાને પાંચ ઇંદ્રિય, ચાર કષાય, પાંચ અવ્રત અને ત્રણ જોગ સાથે મેળવતાં આશ્રવ તત્ત્વના બેંતાળીશ પ્રકાર થાય.

આમાં કર્મની આવક ગરનાળાના જળની માફક થાય છે. સારા અને ખરાબ બન્ને આવકનાં સાધનોનો એમાં સમાવેશ થાય છે.

**સંવર**—કર્મના ગરનાળાનાં બારણાં બંધ કરવાં તે સંવર, કર્મને આવવાના માર્ગ સામે બારણાં બંધ થાય તે સંવર. તેના સત્તાવન પ્રકાર છે. તેમાં મન વચન કાયાના યોગો મહત્ત્વનાં છે. આપણે નવતત્ત્વાનુસાર સત્તાવન પ્રકાર વિચારી જઈએ.

૧. ઈર્યાસમિતિ તે સાડા ત્રણ ડગલાં જમીન જોઈ જયણાપૂર્વક ચાલવું.

૨. સમ્યક્ પ્રકારે નિરવદ્ય ભાષા બોલવી તે ભાષાસમિતિ.

૩. દોષ વગરના આહાર, વસ્ત્ર, પાત્ર, વસતીની શોધ કરવી તે એષણા સમિતિ.

૪. સારી રીતે પુંજી પ્રમાર્જી આસનાદિ લેવું મૂકવું તે આદાનનિક્ષેપણ સમિતિ.

૫. મળમૂત્રાદિને જીવરહિત ભૂમિએ ઉપયોગપૂર્વક મૂકવા તે પારિષ્ઠાપનિકા સમિતિ.

૬. મનને ગોપવવું, વિકલ્પ સંકલ્પ રહિત કરવું, તે મનોગુપ્તિ.

૭. વચનને ગોપવવું, અથવા વચન યતનાપૂર્વક બોલવું તે વચનગુપ્તિ.

૮. કાયાને ગોપવવી અથવા કૂકડીની પેઠે પગ સંકોડી સૂવું તે કાયગુપ્તિ.

આ પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિ સાધુ સાધ્વીને સદૈવ અને શ્રાવક શ્રાવિકાને સામાયિક, પોસહ લેતી વખતે રાખવાની છે.

હવે આ આઠ પ્રવચન માતા ઉપરાંત બાવીશ પરિષહ પણ સંવર છે, તે વિચારીએ.

૧. ક્ષુધાપરિષહ. ગમે તેવી ભૂખ લાગે પણ સહન કરે, અનેષણીય આહાર ન જ લે.

૨. પિપાસાપરિષહ. તરસ ગમે તેવી લાગે પણ અનેષણીય જલ ન જ લે.

૩. શીતપરિષહ. ગમે તેવી ઠંડી હોય તે સહે.

૪. ઉષ્ણપરિષહ. ગમે તેટલો તડકો હોય પણ માથે છત્ર ધરવાની વાત ન કરે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫. દંશપરિષહ. ડાંસો ગમે તેટલા ડંખ દે, માંકડ મૂંઝવે કે જૂ હેરાન કરે તે સહે.

૬. અચેલ પરિષહ. વસ્ત્રને વાંછે નહિ. આગમમાં કહેલા વસ્ત્રો જ રાખે. વસ્ત્ર પર મૂર્છા ન રાખે.

૭. અરતિપરિષહ. અપ્રેમને તજે. ચિંતન કરી અરતિ દૂર કરે.

૮. સ્ત્રીપરિષહ. સ્ત્રી ગમે તેટલું લલચાવે, શૃંગાર કરે કે લલિતપણું બતાવે, તેનાથી ચલિત ન થાય.

૯. ચર્યાપરિષહ. ચર્યા એટલે ચાલવું. એક સ્થાનકે ન રહે, વિહાર કરે.

૧૦. નૈષેધિકી પરિષહ. સર્વ પાપકર્મનો નિષેધ કરે.

૧૧. શય્યાપરિષહ. ગમે તેવી ખરબચડી ભૂમિ પર શય્યા કરે. શય્યા એટલે સૂવાનું સ્થાન.

૧૨. આક્રોશ પરિષહ. અન્ય ક્રોધ કરે તે ખમે, કોપે નહિ.

૧૩. વધપરિષહ. કોઈ ખૂની હુમલો કરે અથવા પાટુ કે ઢીંકા મારે તે ખમે.

૧૪. યાચનાપરિષહ. ધર્મયાત્રાના નિર્વાહ અર્થે અત્યંત જરૂરી ચીજ અન્ય પાસેથી માંગતા શરમાય નહિ.

૧૫. અલાભપરિષહ. માગ્યા છતાં મળે નહિ તો મનમાં ઉદ્વેગ ન ધરે.

૧૬. રોગપરિષહ. ગમે તેવો આકરો વ્યાધિ પોતાને થાય તે શાંતિથી સહે. હાયવોય ન કરે.

૧૭. તૃણપરિષહ. શય્યામાં તરણાં હોય એની પીડા ખમે.

૧૮. મલપરિષહ. શરીરે મેલ થાય તેથી દુર્ગંધ થાય તે સહે.

૧૯. સત્કાર પરિષહ. આદરાતિથ્યને દેખી સારું ન લગાડે.

૨૦. પ્રજ્ઞાપરિષહ. બુદ્ધિબળ હોય તો તેનો ગર્વ ન કરે, ન હોય તેનો ઉદ્વેગ ન કરે.

૨૧. અજ્ઞાનપરિષહ. અજાણપણાની ચિંતા ન કરે.

૨૨. સમ્યક્ત્વપરિષહ. એને શુદ્ધ દેવ, ગુરુ, ધર્મમાં શંકા ન પડે.

આ રીતે આઠ સમિતિ-ગુપ્તિ સાથે આ બાવીશને મેળવતાં ત્રીસ થાય.

દશ યતિધર્મો ઉપર આવી ગયા તે મેળવતાં ચાળીશ સંવર થયા. અને બાર ભાવના જે ઉપર આવી ગઈ અને શાંતસુધારસમાં વર્ણવેલ છે, એ મેળવતાં સંવરના બાવન પ્રકાર થયા. અને ચારિત્રના પાંચ પ્રકાર છે.

૧. સામાયિકચારિત્ર. બે ઘડી સુધી સમતા અનુભવવી.

૨. છેદોપસ્થાપન ચારિત્ર. પૂર્વપર્યાયનો છેદ અને નવીન પર્યાયનું ઉપસ્થાપન.

૩. પરિહારવિશુદ્ધિ ચારિત્ર. પરિહાર એ તપવિશેષ છે, તેણે કરીને વિશુદ્ધિ. તે શાસ્ત્રની વાત છે.

૪. સૂક્ષ્મસંપરાયચારિત્ર. દશમે ગુણઠાણે કષાયને ઉપશમાવે તેવું ચારિત્ર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫. યથાખ્યાતચારિત્ર. સર્વથા અકષાયપણું.

આ રીતે સંવર સત્તાવન પ્રકારનો થાય. આ પ્રમાણે આશ્રવ અને સંવર તત્ત્વ સમજવાં. (૨૨૦)

## નિર્જરા, બંધ અને મોક્ષ તત્ત્વ—

> संवृततपउपधानात्तु निर्जरा कर्मसन्ततिर्बन्धः ।
> बन्धवियोगो मोक्षस्त्विति संक्षेपान्नव पदार्थाः ॥२२१॥

**અર્થ**—સંવરવાન પ્રાણીને તપસ્યા તથા ઉપધાનથી કર્મની નિર્જરા થાય છે. કર્મની અવિચ્છિન્ન ધારા તે બંધ કહેવાય છે. આ કર્મનો બંધ સંપૂર્ણ બંધ થાય તે કર્મનો મોક્ષ કહેવાય છે. ટૂંકમાં એ નવ પદાર્થો (તત્ત્વો) જણાવ્યા. (૨૨૧)

**વિવેચન**—આ ગાથામાં બાકીનાં ત્રણ તત્ત્વો બતાવી નવ તત્ત્વનું કે સાત તત્ત્વનું પ્રકરણ પૂરું કરશે. તેમાં પ્રથમ સંવરતત્ત્વ શું છે તે જણાવીએ. પાણીની ગરનાળા દ્વારા આય થતી હોય તેના સામે બારણાં બંધ કરી દેવા, કર્મની આવક જ બંધ કરવી તે સંવર છે એમ આપણે ઉપર જોઈ ગયા. સવાલ એ છે કે એ તો નવાં કર્મને અંગેની વાત થઈ, પણ અગાઉ બાંધેલાં હોય તેવાં કર્મને અંગે તેને ભોગવ્યા સિવાય કેમ ખપાવવા ? એ કર્મની નિર્જરા એટલે અગાઉના કર્મનો નિર્જરા દ્વારા હ્રાસ કરવો તે. એ સાતમા તત્ત્વને આપણે સમજવા યત્ન કરીએ.

**સંવૃત**—સંવરવાન્ પ્રાણીને પહેલાં કરેલાં કર્મોને દૂર કરવાનાં, કર્મને કાપી નાંખવાનાં, મુખ્ય બે સાધન છે. એ બન્ને સાધનો પર નીચે આ જ ગાથામાં વર્ણન છે.

**તપ**—તપ કરવાથી કર્મો છૂટે છે, કપાઈ જાય છે. એ તપના બે પ્રકાર છે : બાહ્ય તપ અને આભ્યંતર તપ. બાહ્યતપ બીજાના દેખવામાં આવે છે. એના છ પ્રકાર છે :

૧. આહારનો ત્યાગ તે પ્રથમ અનશનતપ.

૨. પોતાને ભૂખ હોય તેથી બેચાર કોળિયા પેટ ખાલી રાખવું અને અટકી જવું તે ઊણોદરિકાતપ.

૩. પોતાની આજીવિકાની ઓછાશ કરવી તે વૃત્તિસંક્ષેપ તપ.

૪. નીવી તપ તથા આયંબિલ કરવું, છ મહાવિગય (ઘી, તેલ, ગોળ, છાશ, દૂધ અને કઢા) ત્યાગ તે રસત્યાગ તપ.

૫. શરીરે લોચાદિક કષ્ટ સહન કરવું, કાઉસગ્ગ કરવો, આસન–મુદ્રા કરવા તે કાયક્લેશ તપ.

૬. શરીરનાં અંગોપાંગને સંકોચી રાખવા તે સંલીનતા તપ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આભ્યંતર–આંતરિક તપના છ પ્રકાર છે :

૧. અપરાધ માટે ગુરુ આપે તે શુદ્ધિ કરવી તે પ્રાયશ્ચિત્ત તપ.

૨. ગુણવંત તરફ વિનય કરવો, આશાતના ન કરવી તે વિનય તપ.

૩. તપસ્વીની, માંદાની માવજત કરવી તે વૈયાવૃત્ત્ય તપ.

૪. અભ્યાસ કરવો, તેનું પુનરાવર્તન કરવું, પૂછવું તે સ્વાધ્યાય તપ.

૫. મનની એકાગ્રતા કરવી તે ધ્યાન તપ.

૬. કાર્યોત્સર્ગ કરવો, કાઉસગ્ગ કરવો તે કાયોત્સર્ગ તપ.

આ બારમાંથી એક અથવા વધારે પ્રકારે તપ કરવાથી બાંધેલ જૂના કર્મનો ક્ષય થાય છે. એ સાતમું નિર્જરાતત્ત્વ કહ્યું. હવે આઠમા બંધતત્ત્વની વાત વિચારીએ.

કર્મની અવિચ્છિન્ન ધારાને બંધ કહેવામાં આવે છે. તે બંધ વખતે કર્મની ચાર બાબત મુકરર થાય છે.

૧. કર્મની પ્રકૃતિ કેવી છે, તે જ્ઞાનાવરણીય છે કે નામકર્મ, એ નિર્ણય જેના આધારે થાય તે પ્રથમ પ્રકૃતિબંધ.

૨. કર્મ કેટલે કાળે ઉદયમાં આવશે અને તે વખતે તે કેટલો વખત ટકશે તે નક્કી કરનાર સ્થિતિબંધ.

૩. કોઈ કર્મનું જોર વધારે હોય, કોઈનું ઓછું હોય, તે નક્કી કરનાર તે અનુભાગબંધ.

૪. કર્મના દળિયાં કેટલાં છે તેનો જેના પર આધાર છે તે પ્રદેશબંધ.

**મોક્ષ**—હવે છેલ્લા (સાતમા કે નવમા) તત્ત્વમાં કર્મથી સર્વથા મૂકાવું, હંમેશને માટે છૂટા થવું, તે મોક્ષ નામનું તત્ત્વ છે. આ રીતે નવ તત્ત્વ કે સાત તત્ત્વ સંબંધી હકીકત રજૂ કરવામાં આવી. હવે તેની ઉત્તરપીઠિકા કરીએ. (૨૨૧)

* * *

આ રીતે આ તત્ત્વનું પ્રકરણ પૂરું થાય છે. આ આખા વિષયમાં સાત તત્ત્વને સ્વીકારવા કે નવ તત્ત્વ સ્વીકારવા એમાં કોઈ પણ પ્રકારનો વિરોધ નથી. અમુક અપેક્ષાએ સાત તત્ત્વને માનવામાં પણ વાંધો નથી અને બીજી અપેક્ષાએ પ્રસિદ્ધ નવ તત્ત્વ સ્વીકારવા એમાં કોઈ જાતનો વિરોધ નથી. એ તો તત્ત્વાર્થસૂત્રમાં કહેલ अर्पितानर्पितसिद्धेः (૫. ૩૧) સૂત્રના નિયમ પ્રમાણે અપેક્ષાભેદ છે. બાકી ખરી રીતે તો એમનો સમાવેશ આશ્રવ તત્ત્વમાં થઈ જાય છે, એટલે પુણ્ય અને પાપ એ બન્ને એક પ્રકારના આશ્રવો હોવાથી તેમને જુદા ગણવાની જરૂર રહેતી નથી. એમ તો ઠાણાંગસૂત્રમાં માત્ર બે જ તત્ત્વો – જીવ અને અજીવ – કહ્યાં છે. આ રીતે દેખીતો વિરોધ દૂર થઈ જાય છે.

પ્રાણી બિનજવાબદારીએ હાંકે રાખે તેમાં અંતે તેને નુકસાન છે. તે પછી અહીં તહીં રખડ્યા કરે છે અને નકામો હેરાન થાય છે. એ ચાલે ત્યારે એનો ધમધમાટ જોયો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય, એ વેધ પાડે ત્યારે એની મુખમુદ્રા અવલોકી હોય અને એ ઘર બાંધે ત્યારે એણે માનેલું સ્થાયીપણું જાણ્યું હોય તો સુજ્ઞ માણસને વિચારમાં નાખી દે છે. એ તો જાણે કદી કરવાનો નથી અને અહીં બાંધેલ ઘર કે વસાવેલ ઉપસ્કર સાથે લઈ જવાનો હોય એવી માયાથી વર્તે છે. એ માથું ઓળે તો એનો ચહેરો જોવાલાયક થઈ પડે અને એ કાચમાં ચેનચાળા કરે ત્યારે એ ઘેલો છે એવું સુજ્ઞ માણસને લાગે. આ નવતત્ત્વો એને દુનિયાદારીનું ભાન કરાવે છે અને આખરે તર્કથી વિચાર કરતાં જણાય છે કે તે જ પદાર્થો છે અને તે જીવનના સારરૂપ પદાર્થો છે અને તેમાં સર્વનો સમાવેશ થાય છે. દુનિયામાં કે જીવનમાં એ સિવાય અન્ય કોઈ પદાર્થ નથી, એમ લાગ્યા વગર રહે તેમ નથી. એનું કારણ એ કે આ સર્વ પદાર્થો ઉપસ્કરો, ઠામવાસણો કે ફરનીચર, ગાડી, હાર, બંગલા એ સર્વ પૌદ્ગલિક છે અને પુદ્ગળના સર્વ ધર્મ એમાં છે, તે ઉપરાંત કોઈ પણ પદાર્થ જીવતો કે મરેલો અહીં નથી. આવી વિશાળ દૃષ્ટિએ જોતાં આ નવતત્ત્વમય આખું જીવન છે અને આખી દુનિયા છે.

આ નવ તત્ત્વોને એવી યુક્તિપૂર્વક ગોઠવવામાં આવ્યાં છે કે તે સિવાયની કોઈપણ વસ્તુ કે શક્તિ બાકાત રહે જ નહિ. આ નવ તત્ત્વમાં સર્વ વસ્તુઓનો સમાવેશ થઈ જાય છે. વૈશેષિકના પદાર્થોનો પણ સમાવેશ આ નવ કે સાત તત્ત્વમાં અંતે તમે જ કરી શકશો. એવી જ રીતે, અન્ય દર્શનોએ કહેલ પદાર્થોની કે નૈયાયિકોએ કહેલ પદાર્થોની હકીકત સમજવી. જે પદાર્થ હોય તેનો સમાવેશ અત્ર બતાવેલ તત્ત્વમાં થઈ જાય છે.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

તેટલા માટે આ તત્ત્વોને જૈન પદ્ધતિના કેન્દ્ર તરીકે સમજવાં અને તેમાં જરા પણ શંકા ન કરવી. જીવાદિક નવ પદાર્થને જે જાણે તેને સમ્યક્ત્વ હોય, નવ તત્ત્વને સદ્દહવામાં આવે તો જરૂર જીવના આ સંસારના ફેરા મટી જાય અને એ જરૂર મોક્ષ પ્રાપ્ત કરે. આ મોક્ષ એવું સ્થાન છે કે જ્યાંથી પાછું આવીને જન્મમરણની કડાકૂટમાં પડવાનું નથી. એના આંટાફેરા સર્વ મટી જાય છે અને એ પોતાના ઇચ્છિત સ્થાનકે ગમન કરી શકે છે. આવા મોક્ષને પ્રાપ્ત કરવાનો સર્વનો ઉદ્દેશ હોવો જોઈએ અને તે આ તત્ત્વજ્ઞાનનું અનિવાર્ય પરિણામ છે એટલું જાણી લઈ તત્ત્વશ્રદ્ધા મજબૂત કરવી, કારણ કે અંતે એ વસ્તુ જ સાથે આવનાર છે અને વાડી, વજીફા, બંગલા, ઘર, દુકાન – એ સર્વ અહીં વહેલામોડા મૂકી જવાના છે. પોતાનાં સારાં કે ખરાબ કામોની અસર સાથે આવશે અને પછી તે દિવસે વિચાર કે પશ્ચાત્તાપ થશે તે નકામો છે, માટે તંદુરસ્તી વખતે તેનું જ્ઞાન કરી લેવું સારું છે અને લાભદાયી છે. આ સમ્યક્ત્વનું પરિણામ પણ આપણે વિચારીએ.

સમ્યક્ત્વ એટલે શુદ્ધ દેવ, ગુરુ, ધર્મ પર શ્રદ્ધા. એના પરિણામે સંસાર પરિમિત થઈ જાય છે અને અર્ધપુદ્ગળપરાવર્તના વધારેમાં વધારે કાળમાં તો પ્રાણી અવશ્ય મુક્તિસ્થાને જાય છે. જાણીને સમજીને કોઈ પણ ક્રિયા કરવી તેની વાત જ જુદી છે. જૈન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શાસ્ત્રકાર તો અનેક સ્થાનકે કહે છે કે ज्ञानक्रियाभ्यां मोक्षः. એકલી ક્રિયા કે એકલું જ્ઞાન કાંઈ કામ આપતું નથી, કારણકે આંધળાને પાંગળાની ચોક્કસ જરૂર પડે છે. ક્રિયા જ્ઞાન વગર આંધળી છે અને જ્ઞાન ક્રિયા વગર પાંગળું છે. એ બન્ને એક બીજાની સહાય લઈ જરૂર મોક્ષ અપાવે છે અને સમકિત એના ઉપર શિખર ચઢાવે છે. તેથી તત્ત્વજ્ઞાનની સાથે ક્રિયાની પણ આવશ્યકતા છે.

એટલા માટે આ નવતત્ત્વના જ્ઞાનની અને જુદા જુદા દૃષ્ટિબિંદુઓ જાણી લેવાની અપેક્ષા છે અને તે અપેક્ષાએ નવે તત્ત્વને તત્ત્વ કહેવામાં આવેલ છે. બાકી તો જીવાદિ તત્ત્વ અંતે જીવને જ લાગે છે, છતાં એક તત્ત્વને બદલે નવ તત્ત્વ બતાવ્યાં એનો ખુલાસો કુંવરવિજયે નવતત્ત્વના પ્રશ્નોત્તરમાં શરૂઆતમાં જ વિસ્તારથી બતાવ્યો છે. આ નવે તત્ત્વને અનેક રીતે જાણવાં જરૂરી છે અને તે પ્રાણીને હિતકારી છે, એ જ્ઞાન યથાસ્થિત ન હોય ત્યાં સુધી પ્રાણી જ્યાં ત્યાં અટવાયા કરે છે અને ઓડનું ચોડ કરી બેસે છે. તેથી તત્ત્વને બરાબર સમજવા, સદ્દહવા અને તે અનુસાર પોતાનું વર્તન ગોઠવવું એ અંતે પોતાને જ લાભ કરનારું છે. એ દૃષ્ટિએ જોતાં નવ તત્ત્વો ઝળકાટ કરે છે અને જે દુનિયા પર અત્યાર સુધી અંધારપટ હતો તેનું રહસ્ય સમજાઈ જાય છે. તેટલા માટે સારી રીતે વિચારીને આ નવતત્ત્વનાં જ્ઞાન અને સદ્દહણાને સંગ્રહવાં જોઈએ.

આવી તક વારંવાર મળવી મુશ્કેલ છે. અત્યારે તમને નવ તત્ત્વ સમજાવનાર મળશે, તેની ગૂંચવણો દૂર કરનાર મળી રહેશે, અને તેનો પરસ્પર સમન્વય કરનારા પણ મળશે. તમને બુદ્ધિશક્તિ સારી મળી છે તો આવા સુંદર ક્ષેત્ર અને તમારી નવી સમજશક્તિનો પૂરો લાભ લો. અનંત ભવ જાય પછી આવી અનુકૂળતા મળે છે, તેને ફગાવી ન દેવી, આથી મળેલી તકનો પૂરો લાભ લેવો.

॥ इति तत्त्वप्रकरणम् ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ ૧૦મું : સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્ર

ઉમાસ્વાતિ મહારાજ તત્ત્વાર્થાધિગમસૂત્ર શરૂ કરતાં પ્રથમ સૂત્ર કહે છે કે 'સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્ર એ ત્રણે મળીને મોક્ષનું સાધન થાય છે.' આવી અગત્યની બાબતને આ ગ્રંથના લગભગ મધ્યમાં મૂકીને ગ્રંથકર્ત્તાએ ભારે ચતુરાઈ બતાવી છે.

આ સૂત્રમાં માત્ર મોક્ષનાં સાધનોનો નામનિર્દેશ કર્યો છે, અહીં તો તે સાધનોની વાત સંક્ષેપમાં કહેવામાં આવી છે. બંધના કારણોનો અભાવ થવાથી જે આત્મિક વિકાસ પરિપૂર્ણ થાય છે તે મોક્ષ છે. જ્ઞાન અને વીતરાગભાવની પરાકાષ્ઠા એ મોક્ષ છે. આવા મોક્ષનાં સાધનોને રજૂ કરનારી વાતની અગત્ય ઠસાવવાની જરૂર રહેતી નથી. એટલા માટે મોક્ષ અપાવી દેનાર કે તેની નજીક લઈ આવનાર સાધનોનો બની શકે તેટલી સૂક્ષ્મતાથી અભ્યાસ કરી આપણા વિચારો સ્થિર કરવા જોઈએ, કારણ કે જેને મોક્ષ પ્રાપ્ત થાય તેને બધું મળ્યું છે. આપણો પ્રયાસ તે લેવાનો છે. મોક્ષ એ ખરીદી શકાય તેવી વસ્તુ નથી, ત્યાં જવાનાં કાંઈ ગાડાં બંધાતાં નથી અને ઘોડાગાડી કે મોટર અથવા એરોપ્લેનથી તેને પહોંચી શકાતું નથી. તેથી આ વિચારક પુરુષોએ તેને પહોંચવાના જે સાધનો બતાવેલ છે તેનો રીતસર અભ્યાસ કરી તેનો સાર કાઢવો અને આપણી અનુકૂળતા પ્રમાણે તેનો સ્વીકાર અને આદર કરવો. આ સાધનો બરાબર મળશે ત્યારે આપણે ઈપ્સિત સ્થાનકે પહોંચી જઈશું. તેથી આ ત્રણે ચીજોને બરાબર સમજવા આપણે બનતો પ્રયત્ન કરીએ. એટલે આ પ્રકરણમાં આપણે ઇચ્છિત જગાએ પહોંચવાનાં સાધનોનો વિગતવાર પણ ટૂંકામાં અભ્યાસ કરીશું અને પછી આપણે તે સાધનોનો બનતો ઉપયોગ કરીશું. પ્રથમ તો આપણે એ ત્રણે ચીજો શું છે? કેવી છે? તે સમજવા પ્રયત્ન કરીએ.

આ એક સૂત્ર પર પાંચશે પાનાં એક વિદ્વાન પંડિતે લખેલાં તૈયાર છે. એટલો બધો અગત્યનો આ વિષય છે. એને સમજવા યત્ન કરવો તે આપણને મળતો એક સાચો લહાવો છે. એ દૃષ્ટિએ આપ નીચેનો અનુવાદ અને તે પરનું વિવેચન વાંચશો. એ ઉપરથી એની ઉપયોગિતાના સંબંધમાં આપને સ્પષ્ટ ખ્યાલ આવશે.

દર્શન એટલે વીતરાગ ભગવાને વીતરાગતાને પામવા જણાવેલ તત્ત્વોમાં શ્રદ્ધા. જીવ આદિ તત્ત્વોની વાત આપણે કરી ગયા છીએ.

આવી શ્રદ્ધા સાથેનું જે કંઈ જ્ઞાન તે સમ્યક્ જ્ઞાન. જ્ઞાન એ સાકાર અર્થાત્ નિશ્ચયાત્મક બોધ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વરૂપરમણુતા થવી તે ચારિત્ર છે. રાગદ્વેષની અને યોગની નિવૃત્તિ થવાથી એ સ્વરૂપરમણુતારૂપ ચારિત્ર થાય છે.

આ જ્ઞાન, દર્શન અને ચારિત્ર પરિપૂર્ણ દશામાં પ્રાપ્ત થાય ત્યારે સંપૂર્ણ મોક્ષનો સંભવ છે, અન્યથા નહિ. એક પણ સાધન જ્યાં સુધી અપૂર્ણ હોય છે ત્યાં સુધી પરિપૂર્ણ મોક્ષ થઈ શકતો નથી. દાખલા તરીકે સમ્યગ્ દર્શન અને સમ્યગ્ જ્ઞાન પરિપૂર્ણ રૂપમાં પ્રાપ્ત થઈ જાય છે, છતાં સંપૂર્ણ ચારિત્રની અપૂર્ણતાને લીધે તેરમા ગુણસ્થાનકમાં પૂર્ણ મોક્ષ અર્થાત્ અશરીર સિદ્ધિ અથવા વિદેહ મુક્તિ થતી નથી. અને ચૌદમા ગુણસ્થાનકમાં શૈલેશી અવસ્થારૂપ પરિપૂર્ણ ચારિત્ર પ્રાપ્ત થતાં જ ત્રણે સાધનોની પરિપૂર્ણતાના બળથી પૂર્ણ મોક્ષ થાય છે. શૈલેશી અવસ્થા એટલે આત્માની એ અવસ્થા કે જેમાં ધ્યાનની પરાકાષ્ઠાના કારણથી મેરુ સરખી નિષ્પ્રકંપતા કે નિશ્ચળતા આવે છે. અહીં આપણને આ ઉપાયોના સાહચર્ય સંબંધમાં કેટલાક વિચાર આવે છે.

ઉપરના ત્રણે સાધનોમાંથી પહેલાં બે એટલે કે સમ્યગ્ દર્શન અને સમ્યગ્ જ્ઞાન અવશ્ય સહચારી હોય છે. જેમ સૂર્યનો તાપ અને પ્રકાશ એકબીજાને છોડીને રહી શકતા નથી, તેમ સમ્યગ્ દર્શન અને સમ્યગ્ જ્ઞાન એકબીજા સિવાય રહેતાં નથી. પરંતુ સમ્યગ્ ચારિત્રની સાથે તેમનું સાહચર્ય અવશ્યંભાવી નથી, કારણ કે સમ્યગ્ ચારિત્ર સિવાય પણ કેટલાક સમય સુધી સમ્યગ્ દર્શન અને સમ્યગ્ જ્ઞાન જોવામાં આવે છે. આમ હોવા છતાં પણ ઉત્ક્રાંતિના ક્રમ પ્રમાણે સમ્યક્ ચારિત્ર માટે એવો નિયમ છે કે જ્યાં તે હોય ત્યાં એની પૂર્વેનાં સમ્યગ્ દર્શન અને સમ્યગ્ જ્ઞાન બન્ને સાધન અવશ્ય હોય છે. આ પ્રમાણે પંડિત સુખલાલજી તત્ત્વાર્થાધિગમના (૧.૧)ના વિવેચનમાં જણાવે છે. આ સાહચર્ય સંબંધમાં કોઈકોઈનો મતભેદ પણ છે એ પંડિત સુખલાલજીએ સદર સૂત્રની નોંધમાં બતાવેલ છે.

મોક્ષને માટેનાં તે સાધનો આપણા પૂરતાં છે, બાકી સાધ્ય અને સાધનમાં તફાવત નથી. આપણે સાધકો છીએ એની નજરે એ જ્ઞાન, દર્શન, ચારિત્ર જો સમ્યક્ પ્રકારના હોય તો તે સાધન તરીકે કામ કરે છે, સિદ્ધની અપેક્ષાએ નહિ જ. આ શાસ્ત્ર સાધકને માટે છે સિદ્ધને માટે નથી; આથી આમાં સાધકને માટે ઉપયોગી એવા સાધ્ય-સાધનના ભેદનું જ કથન છે. મોક્ષથી સાચું સુખ નિરંતર સદા માટે મળે છે. તેથી એ મોક્ષ સાધકને પ્રાપ્તવ્ય છે, અને તેટલા માટે સાધકની નજરે આ સર્વ સાધનો બતાવ્યાં છે.

સાંસારિક સુખો ઇચ્છાને તૃપ્ત કરવાથી થાય છે. ઇચ્છા તો એક પૂરી ન થાય ત્યાં અનેક ઊભી થાય છે. સંતોષ એ જ સાચું સુખ છે. મોક્ષમાં ઇચ્છાઓનો અભાવ થઈ જાય છે અને સ્વાભાવિક સંતોષ પ્રકટ થાય છે. આપણો–સાધકોનો પ્રયત્ન એ સાચા સુખને મેળવવાનો છે. તેટલા માટે સાધનોની સાહચર્યતા આપણે અંગે બતાવવામાં આવી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આમાં સમ્યગ્ દર્શનને પ્રથમ સ્થાન સાધન તરીકે આપવામાં આવ્યું છે. યથાર્થ રૂપથી પદાર્થોનો નિશ્ચય કરવાની જે રુચિ તે સમ્યગ્ દર્શન છે—तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम् । (૧.૨) સૂત્રનો એ અર્થ છે. આ ઘણી ઉપયોગી અને મૂલાંતગત હકીકત હોઈ એ સારી રીતે ચર્ચા-વિચારણા માગે છે. બાણ અને મયૂર ભટ્ટની વાર્તામાં ઓંકાર વૃત્તિના પાંચસો પોઠીઆ ભરેલા જણાવેલ છે. હવે ઓંકાર વૃત્તિના પાંચસો પાડા ઉપાડે તેટલા ગ્રંથો હોય તો પછી આ એક સૂત્ર પર જેટલો વિસ્તાર કરવો હોય તેટલો થઈ શકે. આ આત્માના મૂળ ગુણો હોવાથી તેમને બરાબર સમજી લેવા અને તેમની હૃદયમાં ધારણા કરવી, કારણ કે અંતે મોક્ષ અપાવનાર સાધન આ છે અને મોક્ષ છેવટનું સાધ્ય છે. આ વિષયની અગત્ય સમજી તે પર સારી રીતે ધ્યાન આપવાનું લક્ષ ખેંચવામાં આવે છે.

વ્યાવહારિક-સાંસારિક સુખ કરતાં મોક્ષનું સુખ ભારે મોટું છે, અનંતગણું છે, તે મેળવવા આપણો પ્રયાસ છે. તો જે મેળવવા આપણે મથતા હોઈએ તે કેવું છે ? શું છે ? તે બરાબર વિવેચનપૂર્વક સમજી લેવું જોઈએ, કારણ કે આપણે અંતે તે લેવું છે. તો લેવાની વસ્તુને બરાબર ઓળખી લેવી જોઈએ.

**સમ્યક્ત્વના બે પ્રકાર—**

**एतेष्वध्यवसायो योऽर्थेषु विनिश्चयेन तत्त्वमिति ।**
**सम्यग्दर्शनमेतत्तु तन्निसर्गादधिगमाद्वा ॥२२२॥**

**અર્થ**—એ નવ તત્ત્વો પરત્વે 'તે તત્ત્વ છે' એવો નિર્ણયપૂર્વકનો જે વિચાર તે સમ્યગ્ દર્શન. એ બે પ્રકારે થાય છે : એક કુદરતી રીતે અને બીજું અભ્યાસથી. (૨૨૨)

**વિવેચન**—પ્રથમ સમ્યગ્ દર્શન કોનું નામ કહેવાય તે વર્ણવે છે અને તે કેવી રીતે થાય તેના બે પ્રકારોને વર્ણવે છે.

**અધ્યવસાય**—વિચાર. એવી રીતે જે અને જેટલા પદાર્થો છે તે અને તેટલા જ પદાર્થો છે એવો નિશ્ચયપૂર્વકનો નિર્ણય હોય તેને સમ્યગ્ દર્શન કહેવામાં આવે છે. એટલે ભગવાને જે પ્રકારે તત્ત્વોને જણાવ્યાં છે અને ગણી બતાવ્યાં છે તે જ પ્રમાણે છે એવો નિશ્ચયપૂર્વક જે માનસિક નિર્ણય તેને સમ્યગ્ દર્શન કહેવામાં આવે છે. પ્રાણીને સમજવા માટે ચર્ચા કરવાની છૂટ છે, એ ચર્ચા કરે પણ ભગવંતના બતાવેલ માર્ગ ઉપર અશ્રદ્ધા ન લાવે. આ શ્રદ્ધાપૂર્વકના નિશ્ચયને સમ્યગ્ દર્શન કહેવામાં આવે છે. ભગવાનની એણે પરીક્ષા કરી જોઈ અને પરીક્ષાને પરિણામે ભગવંતનું આપ્તપણું સ્વીકાર્યું. એટલે ભગવાને જે કહ્યું તે સત્ય છે એવો નિશ્ચય તે સમ્યગ્ દર્શન. આ શ્રદ્ધાનો વિષય છે અને શ્રદ્ધામાં વિકલ્પસંકલ્પને કે શંકાને સ્થાન નથી.

**અર્થ**—એ જીવાદિક નવ પદાર્થ ઉપર જણાવ્યાં તે જ અને તેટલા જ પદાર્થો છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને તેની બહાર કોઈપણ વસ્તુ નથી, આવી અચળ શ્રદ્ધા રહે, તે વાતનો સત્ય તરીકે સ્વીકાર થાય તે સમ્યગ્ દર્શન. જીવ આદિ નવ તત્ત્વો એ શ્રદ્ધાનો વિષય છે, શંકાને કે સંશયને એમાં સ્થાન નથી.

**વિનિશ્ચય**—આવો મનમાં ખાસ નિર્ણય હોય, એ નિશ્ચય ગમે તેવા વિકટ પ્રસંગમાં પણ ફરે નહિ. 'વિનિશ્ચયેન'નો અર્થ 'પરમાર્થેન' એમ ટીકાકાર કરે છે. પરમાર્થથી પ્રાણી નવતત્ત્વનો સ્વીકાર કરે અને આ પાકો નિશ્ચય ગમે તેવા અટપટા પ્રસંગો આવે ત્યારે અફર રહે તે સાચું સમ્યગ્દર્શન. એના મનમાં પણ શંકા કે વહેમ ન આવે, કે સંશય ન થાય કે વખતે તત્ત્વો ઓછાવધારે હશે, એને પ્રભુના વચન પર ખૂબ ભરોસો હોય.

**નિસર્ગ**—કુદરતી. એ તો પ્રતિમા કે ગુરુના દર્શન વિના, કાંઈ શબ્દના ઉપયોગ વગર પૂર્વભવના સંસ્કારથી જ સમકિતી થઈ જાય. જેને કોઈ અન્ય જાતની અન્યની પ્રેરણા હોતી નથી, પણ કુદરતી રીતે જ સમ્યગ્ દર્શન પામી નિશ્ચયપૂર્વક હૃદયની સાચી શ્રદ્ધા રાખે છે તેનું એક પ્રકારનું સમકિત કહેવાય. આ નિસર્ગ સમકિતમાં બાહ્ય પ્રેરણા કે ઉપદેશ અથવા અભ્યાસની જરૂર રહેતી નથી.

**અધિગમ**—અભ્યાસ. આ અભ્યાસ દ્વારા પણ સમકિતની પ્રાપ્તિ થાય છે. ચર્ચા કરી સારભૂત જાણવું અને તેને સારું જાણીને આદરવું એ અભ્યાસની દ્વારા થતો સમ્યક્ત્વ-પ્રાપ્તિનો લાભ સમકિતનો બીજો પ્રકાર દર્શાવે છે. બીજા સર્વ અથવા બને તેટલાં શાસ્ત્રો જોયાં પછી અને તેની રીત જાણ્યા પછી પોતે જાતે અભ્યાસ કરી તત્ત્વને જાણવું અને અભ્યાસના પરિણામે તેને સારું જાણી સ્વીકારવું તે અધિગમ દ્વારા થયેલ સમકિતની પ્રાપ્તિનો બીજો પ્રકાર છે.

આ પ્રમાણે કુદરતી રીતે અને અભ્યાસ પછી સમ્યક્ત્વપ્રાપ્તિ થાય, તેના પ્રકારો અત્ર વિસ્તારથી બતાવ્યા. આ સમ્યગ્ દર્શનને બરાબર સમજવું. (૨૨૨)

**નિસર્ગ અને અધિગમ માટેના બીજા શબ્દો—**

**शिक्षाऽऽगमोपदेशश्रवणान्येकार्थिकान्यधिगमस्य ।**
**एकार्थः परिणामो भवति निसर्गः स्वभावश्च ॥२२३॥**

**અર્થ**—શિક્ષા, આગમમાં કહેલી બાબતનો બીજાને ઉપદેશ આપવો અને શાસ્ત્રનું સાંભળવું તે અધિગમના સમાન અર્થવાચી શબ્દો છે, અને પોતાના પરિણામ અને પોતાના સ્વભાવ તે નિસર્ગના એક જ અર્થ જણાવનાર શબ્દો છે. (૨૨૩)

**વિવેચન**—આ ગાથામાં સમ્યગ્ દર્શનના જે બે હેતુઓ બતાવ્યા તેના સરખા જ અર્થવાળા શબ્દો બતાવી તે દ્વારા વર્ણનથી દર્શનને વધારે સ્પષ્ટ કરવામાં આવે છે. આપણે એ સમાન અર્થવાળા શબ્દોને જોઈ તે દ્વારા દર્શનને સમજીએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શિક્ષા**—જિનધર્મનો અભ્યાસ કરવો એ એક પ્રકારનો અધિગમ છે. એ અભ્યાસ જૈન ધર્મ પર રુચિ થવાનું કારણ બને છે. ભણીને જ્યારે બધા ધર્મોની સરખામણી કરે ત્યારે પ્રાણીને જિનદર્શનની મહત્તા અને ન્યાયદર્શિતા સમજાય છે. આ રીતે અભ્યાસ કરવો એ અધિગમ સાથે સમાનાર્થી છે.

**આગમોપદેશ**—આગમ એટલે જૈનધર્મનાં જે મૂળ આગમો છે તેમનો ઉપદેશ બીજાને આપવાથી પોતાને અધિગમ સમ્યક્ત્વ થાય છે. ઉપદેશ આપે ત્યારે પ્રથમ પ્રાણી પોતાના મનમાં એની શ્રદ્ધા કરે છે. અને બીજાને તે વાત સમજાવતાં પોતાના મનમાં તે વાત જામી જાય છે.

**શ્રવણ**—સાંભળવું તે. ધ્યાન રાખીને શાસ્ત્રસંબંધી બીજા લોકો વાત કરે, ઉપદેશ આપે કે શાસ્ત્રનું રહસ્ય સમજાવે તે ધ્યાન દઈને સાંભળવું; તે પણ અધિગમનો એકાર્થવાચી શબ્દ છે. આ રીતે પ્રાણીને અધિગમ સમ્યક્ત્વ થાય છે.

આ એકાર્થવાચી અનેક શબ્દો છે. જિન ભગવાનની પ્રતિમા જોતાં કે મુનિદર્શન થતાં અધિગમ સમકિત થાય છે. વિદ્વાન ગુરુમહારાજ તત્ત્વોનો ઉપદેશ આપે છે અને પ્રાણીને તે દ્વારા પણ અધિગમ સમ્યક્ત્વ થાય છે. તેમના આપેલા ઉપદેશથી કે માર્ગ-દર્શનથી પણ સમ્યક્ત્વ થાય છે.

**પરિણામ**—પરિણતિવિશેષ. તે નિસર્ગ સમ્યક્ત્વનું કારણ છે. પોતાની પરિણતિ આત્મસ્વરૂપ પ્રાપ્ત કરવા તરફ હોય ત્યારે નિસર્ગ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે.

**સ્વભાવ**—પોતાનો એટલે આત્માનો સ્વભાવ. તે પણ નિસર્ગનો એકાર્થવાચી શબ્દ છે.

આ રીતે અધિગમ અને નિસર્ગના એકાર્થવાચી શબ્દો બતાવ્યા. તેથી દર્શનની સ્ફુટતા મનમાં થઈ હશે, વધારે સ્પષ્ટતા જણાઈ હશે. આ સમ્યક્ત્વથી ઊલટું મિથ્યાત્વ છે એ જણાવી આ દર્શનનો વિષય ગ્રંથકાર પૂરો કરે છે અને બીજા જ્ઞાનના વિષયને ત્યારપછી હાથ ધરે છે. ઘણી સંક્ષેપથી આ વાત કરી છે. તે ખાસ સમજી મનમાં ઊતારવા યોગ્ય છે. આ દર્શન, જ્ઞાન, અને ચારિત્ર એ આત્મિક ગુણો હોવાથી ઘણા મહત્ત્વના છે અને ખાસ ચર્ચીને સમજવા યોગ્ય છે. (૨૨૩)

**મિથ્યાત્વ અને જ્ઞાનના પાંચ પ્રકાર**—

**एतत्सम्यग्दर्शनमनधिगमविपर्ययौ तु मिथ्यात्वम् ।**
**ज्ञानमथ पञ्चभेदं तत् प्रत्यक्षं परोक्षं च ॥२२४॥**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અર્થ**—એ પ્રકારનું સમ્યગ્ દર્શન છે. શાસ્ત્રનો અભ્યાસ ન કરવો અને તેનાથી ઊલટા ચાલવું અથવા તે પર શંકા કરવી તે મિથ્યાત્વ છે. હવે જ્ઞાનના પાંચ પ્રકાર છે. તે પાંચ જ્ઞાનોના બે વિભાગ છે: પ્રત્યક્ષ જ્ઞાન અને પરોક્ષ જ્ઞાન. (૨૨૪)

**વિવેચન**—આ ગાથામાં દર્શનનો વિષય પૂરો કરે છે. દર્શનથી ઊલટું મિથ્યાત્વ છે એમ જણાવી જ્ઞાનના પાંચ ભેદ છે એમ જણાવે છે. એ પાંચ જ્ઞાનના પ્રત્યક્ષ અને પરોક્ષ એવા બે વિભાગ થાય છે. આ ખાસ મહત્ત્વનો વિષય હોવાથી ધ્યાન દઈ સમજવા યોગ્ય છે.

**સમ્યગ્દર્શન**—સંક્ષેપથી અત્યાર સુધી સમ્યગ્દર્શનનું વર્ણન કર્યું. સમ્યગ્દર્શન એટલે સાચી શ્રદ્ધા. આ શ્રદ્ધાને બરાબર ધારણ કરવી.

**મિથ્યાત્વ**—સમ્યગ્દર્શનથી ઊલટું મિથ્યાત્વ. તેના પાંચ પ્રકાર છે. પ્રથમ મૂળ ગાથાનો ભાવ સમજી આ પાંચે પ્રકારનો વિચાર કરીશું.

**અનધિગમ**—જાણવું નહિ તે, અધિગમથી ઊલટું, અભ્યાસ ન કરવો તે અનધિગમ. જાણપણા વગર સર્વ ઊલટું જ્ઞાન થાય છે. આવી રીતે ઉપર જણાવ્યા પ્રમાણે અભ્યાસ ન કરવો તે મિથ્યાત્વ છે. મિથ્યાદશામાં સમ્યગ્દર્શન હોતું નથી.

**વિપર્યય**—અર્થને તેના સ્વભાવથી વિપરીત સદ્દહવો, મિથ્યાને સાચું માનવું, ઊલટી વાતમાં શ્રદ્ધા કરવી તે.

**તુ**–સંશયાત્મક. એ સાચું હશે કે નહિ હોય, કે આ સાચું હશે કે તે સાચું હશે, તેવી આશંકા.

આપણે અગાઉ મિથ્યાત્વનું સ્વરૂપ જોઈ ગયા છીએ. એના પાંચ પ્રકાર પાડવામાં આવેલ છે. અનાભોગિક એક પ્રકાર છે. એકેંદ્રિયાદિ જીવોને હોય તે સમજણ વગરનું અનાભોગિક મિથ્યાત્વ. અનભિગ્રહિકમાં કોઈ પ્રકારનો અભિગ્રહ લેવામાં આવતો નથી, ત્યાગભાવનો અભાવ છે. ત્રીજા અભિગ્રહિક પ્રકારમાં ન લેવા યોગ્ય અભિગ્રહ પ્રાણી લે છે, ઊલટી ક્રિયા એમાં સમજણપૂર્વકની ચાલુ રહે છે.

અભિનિવેશ નામના મિથ્યાત્વના ચોથા પ્રકારમાં દેવ માન્યા તેને માન્યા, અભિનિવેશને કારણે પાછો ફરી શકતો નથી. પાંચમો મિથ્યાત્વનો પ્રકાર સાંશયિક મિથ્યાત્વ છે. શંકા સંશય પડે, અનેક જાતના તર્કવિતર્ક થાય.

આ સમ્યક્ત્વ અથવા સમકિત છેલ્લા અર્ધપુદ્ગળ પરાવર્તકાળમાં ઉદયમાં આવે છે. આ ઘણી મહત્ત્વની વસ્તુ છે.

**પ્રત્યક્ષ**—જ્ઞાનના આપણે પાંચ ભેદ પાડેલા છે. તેને અંગે પ્રથમ પ્રત્યક્ષ અને પરોક્ષ એવા બે ભેદ પડે છે. **અક્ષસ્ય પ્રતિ ઇતિ પ્રત્યક્ષમ્** એટલે અક્ષ તરફ. અક્ષ એટલે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આત્મા. કોઈની દરમ્યાનગીરી વગર સીધો આત્માને પ્રતિભાસ થાય-જ્ઞાન થાય-દેખાય તે પ્રત્યક્ષ. આ રીતે આંખે દેખાય તે પ્રત્યક્ષ નહિ, પણ આત્માને દેખાય તે પ્રત્યક્ષ. આંખની તો દરમિયાનગીરી થઈ. એટલે આંખે અથવા આંખ દ્વારા થતા જ્ઞાનને જૈન પરિભાષામાં પરોક્ષજ્ઞાન કહેવામાં આવે છે. આ તફાવત ખાસ સમજવા યોગ્ય છે. અન્યદર્શનમાં જેને પ્રત્યક્ષ કહે છે તેને જૈન દર્શનમાં પરોક્ષજ્ઞાન કહે છે.

**પરોક્ષ**—જે આત્માને પર હોય, તેમાં પરની દરમિયાનગીરી હોય. કોઈ જીવને આંખ કે દૂરબીન કે અન્ય કોઈની મારફત જ્ઞાન થાય તેને જૈન પરિભાષામાં પરોક્ષ જ્ઞાન કહે છે. સીધેસીધું અક્ષ એટલે આત્માને જ્ઞાન થાય તે પ્રત્યક્ષ અને કોઈની જ્યાં પણ દરમિયાનગીરી હોય તે જ્ઞાન પરોક્ષ. આ તફાવત બરાબર ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

આટલા ખુલાસાપૂર્વક આપણે જ્ઞાનના પાંચ ભેદો આવતી ગાથામાં જોઈશું. (૨૨૪)

**જ્ઞાનના પાંચ પ્રકારો-ભેદો—**

> **तत्र परोक्षं द्विविधं श्रुतमाभिनिबोधिकं च विज्ञेयम् ।**
> **प्रत्यक्षं त्ववधिमनःपर्यायौ केवलं चेति ॥२२५॥**

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**અર્થ**—તેમાં પરોક્ષ જ્ઞાન બે પ્રકારનું છે, શ્રુતજ્ઞાન અને મતિજ્ઞાન એનાં નામો જાણવા; અને જે પ્રત્યક્ષ જ્ઞાનો છે તેમનાં નામ અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાન છે. (૨૨૫)

**વિવેચન**—આ ગાથામાં આ પ્રકરણના બીજા વિષય જ્ઞાનની સાથે વધારે પરિચય કરાવતાં પરોક્ષ જ્ઞાનના બે પ્રકારો અને પ્રત્યક્ષ જ્ઞાનના ત્રણ પ્રકારો એટલે જ્ઞાનના પાંચ પ્રકારનાં નામ માત્ર જણાવશે. એ વિષય આત્માને લગતો હોવાથી સ્પષ્ટ રીતે સમજવો.

**શ્રુત**—એક બીજાને પોતાના ભાવ જણાવી-સંભળાવી શકે છે, તે સાંભળીને જે જ્ઞાન થાય તે શ્રુતજ્ઞાન. ગુરુ શિષ્યને પાઠ આપે, પોતાના મનના વિચારો ભાષા દ્વારા જણાવે તે શ્રુતજ્ઞાન. આપણે તેના ભેદો વિચારતી વખતે તેની વધારે વિગતો વિચારીશું.

**આભિનિબોધિક**—મતિજ્ઞાન. પોતાની બુદ્ધિનો ઉપયોગ કરવો તે. આ શ્રુતજ્ઞાન અને મતિજ્ઞાન પરોક્ષ જ્ઞાન છે, કારણકે આંખ અથવા મનને વચ્ચે રાખીને એ જ્ઞાન થાય છે. તેથી આપણી ઉપરની વ્યાખ્યા પ્રમાણે તે પરોક્ષ જ્ઞાન છે.

**અવધિ**—અવધિજ્ઞાન. અમુક પદાર્થ અમુક આંતરા સુધીના આત્માને પ્રત્યક્ષ થાય તે અવધિ જ્ઞાન. એનો અર્થ ઉપર જણાવાઈ ગયો છે. તે માઈલ, બે માઈલ, દશ માઈલનું પણ હોઈ શકે.

**મનઃપર્યાય**—પ્રાણીઓના મનોગત ભાવો આત્માને પ્રત્યક્ષ જણાય, કારણ કે વિચાર અમુક રૂપ ધારણ કરે છે અને જોઈ શકાય તેવા હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**કેવળજ્ઞાન**—ભૂત, ભવિષ્યત્ અને વર્તમાન સર્વ ભાવોને અને વસ્તુઓને જાણે અને દેખે અને કોઈની દરમિયાનગીરી વગર આત્મા પ્રત્યક્ષ દેખે તે કેવળજ્ઞાન. આ છેલ્લા ત્રણે જ્ઞાન અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાન પ્રત્યક્ષજ્ઞાન છે, આત્મા વસ્તુને દરમિયાનગીરી વગર જોઈ શકે છે.

આ જ્ઞાન સંબંધી ઘણો વિસ્તાર તો વિશેષાવશ્યકભાષ્યથી જાણી લેવો. અહીં કર્મગ્રંથ અનુસારે એના પેટાભેદો પર વિવેચન કર્યું છે. વિશેષ જાણવાની ઇચ્છા હોય તેણે અન્ય ગ્રંથથી એ વિષય જાણી લેવો. એ આપણને પોતાને લાગેવળગે તેવો અગત્યનો વિષય છે, તેથી આપણી ફરજ છે કે તે વિષયને બને તેટલો છણવો. થોડો પ્રયાસ કર્યો છે. તે નીચે જુઓ —

ઘટાદિકને દ્રવ્યેંદ્રિય દ્વારા જાણવા તે વ્યંજનાવગ્રહ. વ્યંજવું એટલે પ્રકાશવું. મન અને આંખને વસ્તુના સંપર્કની જરૂર નથી. તેથી વ્યંજનાવગ્રહ તે સિવાયની ચાર ઇંદ્રિયો વડે થાય. આ મતિજ્ઞાનના ચાર ભેદ થયા.

વસ્તુના ધર્મ જાણે તે અર્થાવગ્રહ. અવ્યક્ત જ્ઞાન તે અર્થાવગ્રહ. આ અર્થાવગ્રહ પાંચ ઇંદ્રિય અને મન વડે થાય એટલે તેના છ ભેદ–પ્રકાર થયા. એટલે કુલ મતિજ્ઞાનના દશ ભેદ થયા.

વસ્તુના વર્ણગંધાદિ જાણવા તે ઈહા. તે પણ પાંચ ઇંદ્રિય અને મનના ભેદે કરી છ પ્રકારનું થાય.

વસ્તુના ધર્મ જાણે પછી તે આંતર(ખાસ) ધર્મને પણ જાણે, તે અપાય. તેના છ પ્રકારો છે. વસ્તુને વાસનાપૂર્વક ધારણ કરવી અને સમાન વસ્તુ કાળાંતરે દેખે ત્યારે યાદ આવવી તે ધારણા. તે પણ પાંચ ઇંદ્રિય અને મનથી થાય.

એ રીતે વ્યંજનાવગ્રહના ચાર પ્રકાર, અને અર્થાવગ્રહ, ઈહા, અપાય અને ધારણાના છ છ પ્રકાર થતાં કુલ ૨૮ ભેદ થયા. તે પ્રમાણે મતિજ્ઞાનના ૨૮ (અઠ્ઠાવીસ) પ્રકાર છે.

હવે શ્રુતજ્ઞાનના ચૌદ (૧૪) પ્રકાર વિચારીએ. અક્ષર, સંજ્ઞા, સમ્યક્શ્રુત, આદિ સહિત (સાદિ), સપર્યવસિત (અંતવાળું), ગમિક (સરખા આલાવોવાળું), અંગશ્રુત એ સાત પ્રકાર શ્રુતજ્ઞાનના છે. અને સાત તેની સામેના (પ્રતિપક્ષી) છે જેમ કે, અનક્ષર, અસંજ્ઞા, મિથ્યાશ્રુત, અનાદિશ્રુત, અપર્યવસિત, અગમિકશ્રુત, અંગબાહ્યશ્રુત. એટલે શ્રુતજ્ઞાનના ચૌદ ભેદ થયા.

પર્યાયશ્રુત (એક સમય પછી નિગોદના જીવને જે જ્ઞાન વધે તે). અકારાદિ લબ્ધ્યક્ષર એકનું જ્ઞાન થાય તે અક્ષરશ્રુત. વ્યંજનપર્યાય(અક્ષરસમૂહ)નું જ્ઞાન થાય તે પદશ્રુત. એક ગતિના જીવભેદનું જ્ઞાન થાય તે સંઘાતશ્રુત. સર્વ સંસારી જીવનું જ્ઞાન તે પ્રતિપત્તિશ્રુત.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનુયોગશ્રુત (માર્ગણાઓનું જ્ઞાન), પ્રાભૃત પ્રાભૃત શ્રુત (આખા વિષયનું જ્ઞાન તે પાહુડ-પાહુડ), પાહુડશ્રુત (પ્રકરણ આખાનું જ્ઞાન), વસ્તુશ્રુત (આખો અધિકાર), પૂર્વશ્રુત (પૂર્વશ્રુતોનું જ્ઞાન) એ દશ પ્રકારમાં એકથી વધારે તે સમાસ. આ રીતે શ્રુતજ્ઞાનના વીશ ભેદ થાય. શ્રુતજ્ઞાનના ચૌદ અથવા વીશ પ્રકાર છે. આ બન્ને પરોક્ષ જ્ઞાન છે.

હવે આપણે પ્રત્યક્ષ અવધિજ્ઞાનના છ પ્રકાર વિચારીએ. અવધિજ્ઞાનના અસંખ્ય ભેદ છે. કાંઈક સમજવા સારું એના છ ભેદ પાડવામાં આવ્યા છે. તે પ્રત્યક્ષજ્ઞાન છે. જે ક્ષેત્રમાં અવધિજ્ઞાન થયું હોય તેના સિવાય બીજા કોઈ ક્ષેત્રમાં પ્રાણી જાય ત્યાં પણ એટલું જ ક્ષેત્ર દેખે તે સાથે જતું અનુગામી અવધિજ્ઞાન છે. અહીંથી અમેરિકા જાય ત્યાં તે ક્ષેત્રનો પણ તેટલો ભાગ જુએ. અને દીપકની પેઠે બીજે જ્ઞાન સાથે ન જાય, પણ ત્યાં રહ્યો રહ્યો તે જ્ઞાનધારી અમુક માઈલો સુધી દેખે તે અનનુગામી અવધિજ્ઞાન. તે બીજા પ્રકારનું જ્ઞાન પરદેશમાં સાથે આવતું નથી. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી થયેલ અવધિજ્ઞાન વધારે વધારે થતું જાય તે વર્ધમાન અવધિજ્ઞાન નામનો ત્રીજો પ્રકાર છે. જે સંક્લેશે કરીને મલિન થાય, આવ્યા પછી દહાડે દિવસે ઘટતું જાય તે હીયમાન નામનું ચોથું અવધિજ્ઞાન. ભવક્ષયે દેવતા-નારકીને થયેલું અવધિજ્ઞાન જાય અને ગુણક્ષયે ચેલાને થયેલ અવધિજ્ઞાન-ઇન્દ્રાણી રીસાયેલ તેને મનાવતા ઇંદ્રને જોઈ હસવું આવ્યું તે-જાય તે પાંચમું પ્રતિપાતી અવધિજ્ઞાન. અને કેવળજ્ઞાન થયા પહેલાં જે અવધિજ્ઞાન થાય તેને પરમાવધિજ્ઞાન કહેવાય, જે અપ્રતિપાતી છે. આ છ પ્રકાર અવધિજ્ઞાનના થયા.

જૈન સાઈટ JAINSITE જૈનમ જયતિ શાસનમ

મનઃપર્યવજ્ઞાનના બે ભેદ: ઋજુમતિ અને વિપુલમતિ. સ્થૂળપણે સામાન્ય ઘટને ચિંતવતું જ્ઞાન ઋજુમતિ મનઃપર્યવજ્ઞાન અને વિસ્તીર્ણપણે પર્યાય સહિત જાણવું તે વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન. આ મનઃપર્યવજ્ઞાનથી જીવ બીજાનાં મનમાં થતાં પર્યાયો જાણે, સમજે, વિચારે છે.

અને કેવળજ્ઞાનનો તો એક જ ભેદ છે. તે તો સર્વકાળની સર્વ જ્ઞેય વસ્તુ, તેના ભાવો અને તેની થતી સ્થિતિ જાણે અને દેખે છે. તેમાં (કેવળજ્ઞાનમાં) એકસરખી સ્થિતિ હોઈ ભેદ હોવાનું કારણ નથી. (૨૨૫)

**પાંચ જ્ઞાનના ઉત્તરભેદો—**

**एषामुत्तरभेदविषयादिभिर्भवति विस्तराधिगमः ।**
**एकादीन्येकस्मिन् भाज्यानि त्वाचतुर्भ्य इति ॥२२६॥**

**અર્થ**—એ(જ્ઞાન)ના, ઉત્તરભેદો વિષય વગેરેના ભેદથી થાય છે, તેથી આ જ્ઞાનોને વિશે વિશેષ જાણકારી થાય છે. એકથી માંડી ચાર સુધીના જ્ઞાનો એક જીવમાં એકસાથે થઈ શકે છે. એ પ્રમાણે હકીકત જાણવી. (૨૨૬).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિવેચન**—સામાન્ય સમજણુ માટે ઉત્તરભેદ થઈ શકે છે તેમ જણાવી એક જીવમાં એકથી લઈ વધારેમાં વધારે ચાર સુધીના જ્ઞાન એકીસાથે હોઈ શકે એ વાત આ ગાથામાં સ્પષ્ટ કરે છે.

**ઉત્તરભેદ**—જ્ઞાનના વિષય વગેરેને લઈને એના અનેક ભેદો થઈ શકે છે.

આપણે દાખલા તરીકે શ્રુતજ્ઞાનના ૩૪૦ ભેદ જોઈએ. એ પણુ વિષયને લઈને પાડેલા ભેદો છે. સભામાં બેઠેલ ઘણા શ્રોતાઓએ હારમોનિયમ, દીલરૂબા, વાયોલીનનો એક સાથે અવાજ સાંભળ્યો. આમાં ઓછાવત્તા અવાજો (સૂરો) સાંભળવામાં આવે છે. કોઈને તો દરેક વાજિંત્રનો ભિન્ન અવાજ સંભળાય છે અને દરેકના જુદા અવાજ તે જાણે છે, તેને બહુઅવગ્રહ કહેવાય. અને કોઈને અવ્યક્તપણે વાજિંત્ર વાગે છે એટલું જ સાંભળવામાં આવે તેને અબહુઅવગ્રહ કહેવામાં આવે છે.

કોઈ શંખ, હારમોનિયમ, દીલરૂબા દરેકના જુદા જુદા અવાજ સાંભળે છે અને જાણે છે તેને બહુવિધ અવગ્રહ કહેવાય અને કોઈને એક વાજિંત્રના એક જાતના જ સૂર સાંભળવા જાણુવામાં આવે તે અબહુવિધ અવગ્રહ કહેવાય.

કોઈને તે નાદ તુરત જાણુવામાં આવે તે ક્ષિપ્ર અવગ્રહ કહેવાય. કોઈને ઘણો વિચાર કરે ત્યારે જાણુવામાં આવે તે અક્ષિપ્ર અવગ્રહ કહેવાય.

જેમ ધ્વજારૂપ લિંગે (ચિહ્નને) કરીને દેવકુળ ઓળખાય છે, તેમ લિંગસહિત જાણે તેને નિશ્રિતાવગ્રહ કહેવાય, જે એવા લિંગ વગર જાણે તેને અનિશ્રિતાવગ્રહ કહેવાય.

કોઈને સંશય વગર સંભળાય તેને અસંદિગ્ધાવગ્રહ કહેવાય અને કોઈને સંશય સહિત સંભળાય તેને સંદિગ્ધાવગ્રહ કહેવાય.

કોઈ એકવાર સાંભળેલને યાદ કરી લે, તેને સ્મરણુમાં રાખે, ભૂલે નહિ, તેને ધ્રુવ-અવગ્રહ કહેવાય. અને કોઈને એકવાર ગ્રહણુ કરેલું સર્વદા યાદ રહે નહિ તેને અધ્રુવાવગ્રહ કહેવાય. બહુ આદિ બાર ભેદો ઈહા વગેરેના પણુ થાય છે.

આ બારભેદને પૂર્વના અઠ્ઠાવીશ મતિજ્ઞાનના ભેદે ગુણતાં ૩૩૬ ભેદ થાય. અને તેમાં નીચે જણાવેલ ચાર બુદ્ધિ ભેળવતાં વિષયભેદે મતિજ્ઞાનના ૩૪૦ ભેદ થાય. આ ઉત્તરભેદ થયા. આવી રીતે અન્ય ગ્રંથોમાં જ્ઞાનના અનેક ઉત્તરભેદ જણાવ્યા છે.

**વિષય**—આ જે બધા ઉત્તરભેદો પડે છે તે જાણુવાની વસ્તુને લઈને પડે છે.

**અધિગમ**—જ્ઞાન, પરિચ્છેદ. વધારે ઓછું જ્ઞાન આ વિષયાદિને લઈને થાય છે.

માણુસને વધારેમાં વધારે ચાર જ્ઞાન શક્ય છે—મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન. પાંચમા કેવળજ્ઞાનમાં સર્વજ્ઞાનનો અભાવ થઈ જાય છે. તેથી પ્રાણીને ચાર જ્ઞાન કહ્યા છે. આવી રીતે પ્રાણીને એક અથવા એકથી માંડીને ચાર જ્ઞાન હોઈ શકે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. બાકી કેવળજ્ઞાન થાય ત્યારે તો બાકીનાં ચારે જ્ઞાન તેમાં ભળી જાય છે અને તે જુદા રહેતા નથી, તેથી તેમનો અભાવ છે. કેવળજ્ઞાન લોકાલોકપ્રકાશક છે અને તેની બહાર કોઈ જ્ઞાન કે જ્ઞેય વસ્તુ રહેતી નથી. (૨૨૬)

**સમ્યગ્ જ્ઞાન અને મિથ્યાત્વ—**

सम्यग्दृष्टेर्ज्ञानं सम्यग्ज्ञानमिति नियमतः सिद्धम् ।
आद्यत्रयमज्ञानमपि भवति मिथ्यात्वसंयुक्तम् ॥२२७॥

**અર્થ**—સમકિતદૃષ્ટિ જીવનું જ્ઞાન નિયમથી સમ્યગ્જ્ઞાન હોય છે અને પ્રથમના ત્રણ જ્ઞાનો સાથે જ્યારે મિથ્યાત્વ જોડાયલું હોય ત્યારે તે ત્રણ અજ્ઞાનો બને છે. (૨૨૭)

**વિવેચન**—સમ્યગ્દૃષ્ટિવાળા પ્રાણીનું જ્ઞાન ચોક્કસ સમ્યગ્જ્ઞાન હોય છે. સમકિતદૃષ્ટિ પ્રાણી કોઈ મિથ્યાત્વીનું શાસ્ત્ર વાંચે તો પણ તેને સમ્યગ્જ્ઞાન તરીકે પરિણમે છે, તે તો તેમાંથી સમ્યક્ તત્ત્વને જ ગ્રહણ કરે છે. આ કારણથી સમકિતીનું જ્ઞાન નિયમપૂર્વક જરૂર સમ્યગ્જ્ઞાન હોય છે.

**આદ્યત્રયજ્ઞાન**—મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાનને આદ્યત્રયજ્ઞાન કહેવામાં આવે છે. એટલે જ્યાં સુધી જીવને સમ્યગ્દર્શન ન થાય ત્યાં સુધી તે ત્રણ મિથ્યાજ્ઞાન કહેવાય છે. તેમનાં નામો અનુક્રમે મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન (અવધિઅજ્ઞાન) છે. આ ત્રણ અજ્ઞાનને પણ સાથે આપે છે. દાખલા તરીકે, તે લાંબી નજરવાળો કે રાજદ્વારી કુનેહ બજાવનાર કે વ્યવહારમાં કુશળ હોય, પણ તેને અગાઉ જણાવ્યું તેવું સમકિત ન થયું હોય તો તેને મતિઅજ્ઞાન કે શ્રુતઅજ્ઞાન પણ હોઈ શકે છે.

**મિથ્યાત્વ**—મિથ્યાત્વનો અને અજ્ઞાનનો એટલો નજીકનો સંબંધ છે કે મિથ્યાત્વીને જાણપણું થાય તે મતિઅજ્ઞાનરૂપ જ હોય. એટલે એમ કહી શકાય કે મિથ્યાત્વીનું જ્ઞાન તે અજ્ઞાન જ છે. તત્ત્વાર્થશ્રદ્ધાનપૂર્વક જે જ્ઞાન થાય તે સમ્યગ્જ્ઞાન છે અને સમકિતી જીવને શંકા કે એવું કોઈ શલ્ય ન હોવાથી તેને સમ્યગ્જ્ઞાન થાય છે, બાકી અનેક મિથ્યાત્વીને મિથ્યાત્વ સાથે જોડાયલું જાણપણું એ અજ્ઞાન જ છે. આ જ્ઞાન અને અજ્ઞાન વચ્ચેનો તફાવત ધ્યાનમાં રાખવા જેવો છે.

મિથ્યાત્વી દેવોને વિભંગજ્ઞાન હોય છે. તે અવધિઅજ્ઞાન છે. આ રીતે આ જ્ઞાનનો વિભાગ પૂર્ણ થયો. હવે ત્રીજો સમ્યક્ચારિત્રનો વિભાગ કહેવામાં આવશે. તે માટે જુઓ આવતી ગાથા. (૨૨૭)

**ચારિત્રના પ્રકારો—**

सामायिकमित्याद्यं छेदोपस्थापनं द्वितीयं तु ।
परिहारविशुद्धिः सूक्ष्मसंपरायं च यथाख्यातम् ॥२२८॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અર્થ**—પ્રથમ ચારિત્રનું નામ સામાયિક ચારિત્ર, બીજું છેદોપસ્થાપન ચારિત્ર, ત્રીજું પરિહારવિશુદ્ધિ ચારિત્ર, ચોથું સૂક્ષ્મસંપરાય અને પાંચમા ચારિત્રના પ્રકારનું નામ યથાખ્યાત છે, એમ ચારિત્રના પાંચ પ્રકાર છે. (૨૨૮)

**વિવેચન**—આ ગાથામાં ચારિત્રનાં નામો માત્ર જણાવ્યાં છે. તે જાણવા સાથે સામાન્ય ખ્યાલ માટે તેનું વિવેચનમાં સંક્ષેપથી વર્ણન કરવામાં આવે છે. આ ચારિત્રનો વિષય પણ ખાસ અગત્યનો હોઈ સમજવા જેવો છે, આપણે તે સમજવા યત્ન કરીએ.

આ પાંચ પ્રકારના ચારિત્રનું સ્વરૂપ પાંચમા તત્ત્વનું સ્વરૂપ વિચારતાં પૃ. ૫૬૦માં વિચારવામાં આવ્યું છે. વિશેષ જણાવતાં નીચેની હકીકત નવ તત્ત્વના બાળાવબોધ પરથી [illegible]

**સામાયિક**—સમ એટલે સમતા. તેનો આય જેમાં થાય તે સામાયિક. સમ એટલે જ્ઞાન, દર્શન, ચારિત્ર પણ થાય. તેનો લાભ જ્યાં થાય તે સામાયિક. સાવદ્યયોગના ત્યાગરૂપ અને નિરવદ્યયોગના સેવનરૂપ સામાયિક કહેવાય. તે શ્રાવકને દેશવિરતિરૂપ અને સાધુને સર્વસાવદ્યવિરતિરૂપ. પ્રથમ અને છેલ્લા તીર્થંકરના સમયમાં, સર્વવિરતિ સામાયિક દંડકનો ઉચ્ચાર કર્યા પછી ઉઠામણ કર્યા સુધી જે રહે તે ઈત્વરિક એટલે સ્વલ્પકાલભાવી સામાયિક કહેવાય અને વચલા બાવીશ જિનોના સમયમાં તથા મહાવિદેહમાં યાવત્કથિક એટલે સામાયિક ઉચર્યા પછી નિરતિચાર જ પાળે છે, તેથી તેને ઉઠામણ નહિ હોવાને લીધે યાવજ્જીવ લગી રહે છે, માટે તેને યાવત્કથિક ચારિત્ર કહેવાય.

**છેદોપસ્થાપન**—પૂર્વોક્ત સર્વવિરતિ ચારિત્રને જ છેદાદિ વિશેષપણે વિશેષીએ ત્યારે શબ્દથી અને અર્થથી નાના પ્રકારપણું ભજે, તે વારે છેદોપસ્થાપન ચારિત્ર થાય. છેદ એટલે પૂર્વપર્યાયનો છેદ કરવો અને ઉપસ્થાપના એટલે ગણાધિપે આપેલ પંચમહાવ્રત-રૂપપણું, જે મહાવ્રતને વિશે હોય તેને છેદોપસ્થાપન કહેવાય, એટલે અહીં નવા પર્યાયનું સ્થાપન તથા પંચમહાવ્રતનો ઉચ્ચાર હોય છે.

**પરિહારવિશુદ્ધિ**—પરિહારતપોવિશેષ, તેણે કરી વિશુદ્ધિ એટલે કર્મની નિર્જરા જે ચારિત્રમાં હોય તે આ પ્રકાર છે. ગચ્છમાંથી ચાર વિશુદ્ધ ચારિત્રીઓ નીકળી પડે, ચાર જણા તેના અનુચારી બને, નવમો વાચનાચાર્ય થાય. આ નવ પરિહાર લઈ ગચ્છની બહાર નીકળે, ચાર તપ કરે, ચાર તેના અનુચારી થાય અને એક વાચનાચાર્ય થાય. ચાર પરિહારક છ માસ તપ કરે, બહુ આકરો તપ કરે, છ માસ પછી તપ કરનાર વૈયાવચ્ચીયા થાય અને વૈયાવચ્ચ કરનાર તપ કરે. પછી છ ને છ બાર માસ થયા પછી વાચનાચાર્ય તપ કરે, તે વખતે તે આઠમાંનો એક ગુરુ થાય. એ રીતે અઢાર માસ સુધી વારાફરતી તપસ્યા કરે પછી જિનકલ્પ આદરે અથવા ગચ્છમાં પણ આવે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સૂક્ષ્મસંપરાય**—ઉપશમશ્રેણીએ કર્મો ઉપશમાવતાં અથવા ક્ષપકશ્રેણીએ કર્મ ખપાવતાં ત્યાં નવમે ગુણઠાણે લોભના સંખ્યાતા ખંડ કરી તેને ઉપશમ શ્રેણીવાળો જે હોય તે ઉપશમાવે તથા ક્ષપક શ્રેણીવાળો જે હોય તે ખપાવે. તે સંખ્યાતા ખંડ પૈકી એક છેલ્લો ખંડ રહે, તેના અસંખ્યાતા સૂક્ષ્મ ખંડ કરીને દશમે ગુણસ્થાને ઉપશમાવે અથવા ક્ષપક હોય તે ખપાવે તે દશમા ગુણઠાણાનું નામ સૂક્ષ્મસંપરાય અને ચારિત્રનું નામ પણ તે જ છે.

**યથાખ્યાત**—યથાવિધિએ કરીને અકષાયપણું પ્રાપ્ત થાય, સંજ્વલન લોભ કષાય પણ ન રહે તે યથાખ્યાત ચારિત્ર કહેવાય. તેના બે ભેદ છે: છાદ્મસ્થિક અને કૈવલિક. ત્યાં છાદ્મસ્થિક તે છદ્મસ્થ ઔપશમિકને અગિયારમે ગુણસ્થાનકે હોય અને ક્ષપકને બારમે ગુણસ્થાનકે હોય. કેવળીને જે તેરમે અને ચૌદમે ગુણસ્થાનકે હોય તે કૈવલિક યથાખ્યાત ચારિત્ર છે. આ ઊંચામાં ઊંચા પ્રકારનું ચારિત્ર છે અને સુવિહિત સાધુ તેને આચરીને મોક્ષે જાય છે અને જન્મજરામરણરહિત થઈ જાય છે.

આ પ્રમાણે આ ગાથામાં જણાવેલા ચારિત્રો પાંચ પ્રકારના વર્ણવ્યા. ટીકાકારના જણાવવા પ્રમાણે એ પાંચે ચારિત્રને નીચે પ્રમાણે સમજીએ.

૧. સામાયિક: સમશત્રુમિત્રભાવ. પ્રથમ અને છેલ્લા તીર્થંકરના સમયમાં ઈત્વર હોય, મધ્યમ બાવીશ જિનના સમયમાં અને મહાવિદેહમાં યાવજ્જીવિત હોય.

૨. પૂર્વપર્યાયનો છેદ, ઉત્તર પર્યાયનું સ્થાપન તે છેદોપસ્થાપન. એ પ્રથમ અને છેલ્લા તીર્થંકરના વારામાં હોય.

૩. પરિહારવિશુદ્ધિ. આંબેલ સિવાય અનાહારી રહેવાથી થતી વિશુદ્ધિ એટલે કર્મક્ષય જેમાં થાય છે તે. નવપૂર્વ ભણેલા સાધુઓ એ કરે. તેઓ ગચ્છની બહાર જાય, પરિહાર-કલ્પમાં તેઓ રહે, ત્રણ પ્રકારે એ રહે, ગ્રીષ્મ અને શિશિર તથા વર્ષાઋતુમાં ચતુર્થ (બે ઉપવાસ)થી માંડી પાંચ ઉપવાસ કરનાર અને પારણે આંબેલ કરનારા અને તે દ્વારા પરિહાર કરનારા તથા કલ્પમાં રહેલા અને આહાર નહિ કરનારા, માત્ર દરરોજ આંબેલ કરવાવાળા દરેક વર્ગ છ માસ સુધી એમ કુલ અઢાર માસ સુધી તપ કરનારા. આ પારિહારિક અઢાર મહિને થાય છે. પછી તેઓની ઇચ્છા હોય તો પાછા ગચ્છમાં પ્રવેશે છે.

૪. જેમાં તદ્દન નજીવો કરી નાંખ્યો છે લોભ એ. એ ચારિત્ર સૂક્ષ્મસંપરાયગુણ-સ્થાનકે લાભે.

૫. યથાખ્યાત—અકષાયીપણું. ઉપશાંતગુણસ્થાનકે અને તેની સાથે ચાર ગુણસ્થાનકે લાભે. એટલે તે ચારિત્ર અગિયારમાંથી ચૌદમા ગુણસ્થાનકે હોય. (૨૨૮)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ચારિત્ર મોક્ષસાધક—**

इत्येतत्पञ्चविधं चारित्रं मोक्षसाधनं प्रवरम् ।
नैकैरनुयोगनयप्रमाणमार्गैः समनुगम्यम् ॥२२९॥

**અર્થ**—એ ઉપર જણાવ્યા તે પાંચે પ્રકારના ચારિત્રો મોક્ષનું ચોક્કસ સાધન છે અને તે પ્રત્યેક અનુયોગે કરી, નયે નિક્ષેપે કરી અને પ્રમાણમાર્ગે કરીને બરાબર યોગ્ય રીતે સમજવા અને અમલમાં મૂકવા લાયક છે. (૨૨૯)

**વિવેચન**—દરેક ચારિત્ર જાણવાલાયક છે અને અનુસરવા લાયક છે, તેનો ખુલાસો ગ્રંથકાર આ ગાથામાં કરે છે.

**પંચવિધ**—ઉપર આગલી ગાથામાં બતાવેલ પાંચ પ્રકારના ચારિત્ર. સામાયિક, છેદોપસ્થાપન, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત એ પાંચ પ્રકારનું ચારિત્ર છે.

**ચારિત્ર**—એ રિચ્ ધાતુ પરથી આવેલ શબ્દ છે. ખાલી કરવું એવો તે ધાતુનો અર્થ થાય છે. આત્મા કર્મના ભારથી હળવો થાય, કર્મોને ખાલી કરે તેનું નામ ચારિત્ર. એ ચર્ ધાતુ પરથી પણ થઈ શકે છે. ત્યાં ચારિત્ર એટલે ચર્યા અર્થ કરવો. વર્તવું, હાલવું, ચાલવું તે.

**પ્રવરં**—આ સ્થાને કોઈ કોઈ પ્રતોમાં 'પરમં' પાઠ છે, અર્થ લગભગ તેનો તે જ રહે છે. આ પાંચે પ્રકારના ચારિત્ર મોક્ષનું સુંદરમાં સુંદર સાધન પૂરું પાડે છે.

**ન એક**—અનેક. એકથી વધારે એવો એટલે અનેક એવો તેનો અર્થ થાય છે. આત્માને અનેક પ્રકારે સમજવો. જે એક આત્માને જાણે તેણે સર્વ જાણ્યું, એટલા માટે અનેક રીતે આત્મા સંબંધી માહિતી મેળવવી જરૂરી છે અને જરૂરી બાબત કરવી તે આપણી ફરજ છે.

**અનુયોગ**—અનુયોગસૂત્રમાં તેના-આત્માને સમજવા માટેના-અનેક દ્વાર એટલે પ્રકરણો આપેલાં છે. આ જેટલાં બને તેટલાં પ્રકરણો સાંભળવાં અને તે દ્વારા આત્માનું જ્ઞાન કરવાની-મેળવવાની પ્રથમ રીત છે.

**નય**—નૈગમ વગેરે સાત નયોથી આત્માને ઓળખવો. જુદાજુદા દૃષ્ટિબિંદુથી આત્માને ઓળખવો. નયજ્ઞાનમાં વાંધો નથી, પણ એક દૃષ્ટિબિંદુ ધ્યાનમાં લેતાં તે અંશ સત્ય છે, સર્વ સત્ય નથી એ ધ્યાનમાં રાખવું; પણ સાથે તે સત્ય છે, જો કે અંશ સત્ય છે, તે સમજવું. જુદા જુદા દૃષ્ટિબિંદુએ આત્મા કેવો છે તે સમજવું. એ સર્વ દૃષ્ટિબિંદુઓ સમજાય ત્યારે આખું સત્ય સમજવામાં આવે છે. તેટલા સારુ અંશસત્યને અંશ તરીકે સમજવું જરૂરી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રમાણ**—સર્વમાન્ય સત્ય. પ્રત્યક્ષ વગેરે અનેક પ્રમાણો છે. પ્રમાણથી આત્મા છે તેવી ખાતરી થાય છે અને તર્કપૂર્વક આત્માનું જ્ઞાન થાય છે. તેથી પ્રમાણ દ્વારા પણ આત્માને ઓળખવો. જૈન શાસ્ત્રકાર સર્વ દૃષ્ટિબિંદુઓ સ્વીકારે છે અને તેમનું જ્ઞાન કરવા આગ્રહ સેવે છે એ બહુ સુંદર વાત છે. જૈન ધર્મ અને તત્ત્વજ્ઞાનની આ વિશાળતા ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

**માર્ગૈ:**—આ સિવાય બીજા ગમે તે માર્ગે આત્માને ઓળખવો, સમજવો અને અવધારવો.

**અનુગમ્ય**—જાણવો, સમજવો. આત્મિક જ્ઞાન ગમે તે માર્ગે મેળવવું અને સત્ય જ્ઞાન હોય તેને હૃદયમાં ઊતારવું એ ખાસ જરૂરી વિષય છે. આવી રીતે આત્માનું જ્ઞાન કરવાની મહત્તા આ ગાથાથી બતાવી. (૨૨૯)

**રત્નત્રય મોક્ષસાધક છે—**

**सम्यक्त्वज्ञानचारित्रसंपदः साधनानि मोक्षस्य ।**
**तास्वेकतराभावेऽपि मोक्षमार्गोऽप्यसिद्धिकरः ॥२३०॥**

**અર્થ**—સમકિત, જ્ઞાન અને ચારિત્રની સંપત્તિ એ મોક્ષ મેળવવાનાં ત્રણ સાધન છે. તેમાંથી એકનો પણ અભાવ હોય તો મોક્ષમાર્ગ સિદ્ધ થઈ શકતો નથી. (૨૩૦)

**વિવેચન**—આ ગાથામાં કહે છે કે સમ્યક્ત્વ (શુદ્ધ શ્રદ્ધાન), જ્ઞાન અને ચારિત્ર એ મોક્ષ અપાવનાર સાધનો છે, પણ તે ત્રણમાંથી એકનો પણ અભાવ હોય તો મોક્ષ મળી શકતો નથી. ત્રણે મળીને મોક્ષ અપાવે છે. હાઈડ્રોજન, સલ્ફર અને ઓક્સીજન મળે ત્યારે સલ્ફ્યુરિક એસિડ ($H_2SO_4$) થાય છે. તેમાં હાઈડ્રોજન કે સલ્ફર કે ઓક્સીજન ન હોય તો સલ્ફ્યુરિક એસિડ ન થાય અથવા હરડાં, બેડાં ને આમળાં પૈકી એક પણ ન હોય તો ત્રિફલા ચુરણ ન થાય, તેમ ત્રણેની જરૂર છે. ત્રણ મળે ત્યારે મોક્ષસાધન પૂરું થાય છે.

**સમ્યક્ત્વ**—સમકિત. શુદ્ધ દેવ, ગુરુ, ધર્મ ઉપર શુદ્ધ શ્રદ્ધા.

**સાધનાનિ**—મોક્ષને ઉત્પન્ન કરનાર છે. તે ત્રણે હોય ત્યારે મોક્ષ પ્રાપ્ત થાય છે.

**અભાવ**—તે ત્રણમાંથી કોઈ એકની પણ ગેરહાજરી હોય કે તે ન હોય તો.

**અસિદ્ધિકર**—મોક્ષપ્રાપ્તિનો અકર્તા થાય છે. જેમ હરડા બેડાં આંબળા આ ત્રણે અમુક પ્રમાણમાં હોય તો વ્યાધિનો નાશ કરે છે, તેમ આ ત્રણે મળેલ હોય ત્યારે જ સંસારવ્યાધિનો નાશ થાય છે.

આ ત્રણ સાધનો પૈકી સમ્યગ્ દર્શન કે જ્ઞાન હોય, પણ ચારિત્ર પ્રાપ્તિ ન હોય તો મોક્ષ પ્રાપ્તિનું તે જનક થઈ શકતું નથી, કારણ કે નિયમ એવો છે કે ચારિત્ર હોય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યારે પૂર્વદ્વય અર્થાત્ સમ્યગ્ દર્શન અને સમ્યગ્ જ્ઞાન જરૂર હોય, પણ દર્શન અને જ્ઞાન હોય ત્યારે ચારિત્ર ન હોય તેવું પણ બને છે. ચારિત્રહીન તો નવપૂર્વ સુધી ભણી જાય, તો પણ તે જ્ઞાન એને મોક્ષ અપાવવામાં મદદ કરતું નથી.

આવી જ્ઞાન, દર્શન, ચારિત્ર પૈકી કોઈની પણ ગેરહાજરી હોય તો બાકીના બે મોક્ષના જનક બનતા નથી. આ નિયમ ધ્યાનમાં રાખવાનો છે. આવતી ગાથામાં આ વાત સ્પષ્ટ કરશે. (૨૩૦)

**દર્શન, જ્ઞાન, ચારિત્રનો પરસ્પર સંબંધ--**

**पूर्वद्वयसम्पद्यपि तेषां भजनीयमुत्तरं भवति ।**
**पूर्वद्वयलाभः पुनरुत्तरलाभे भवति सिद्धः ॥२३१॥**

**અર્થ**--દર્શન અને જ્ઞાન હોય ત્યારે ચારિત્ર હોય અથવા ન પણ હોય અને ચારિત્રનો લાભ થાય ત્યારે પૂર્વના બે (દર્શન અને જ્ઞાન) જરૂર હોય એવો નિયમ છે. (૨૩૧)

**વિવેચન**--ત્રણે સાધનોની જરૂર છે તે વિગતવાર આ ગાથામાં સ્પષ્ટ કરે છે.

**પૂર્વદ્વય**--દર્શન અને જ્ઞાન. કોઈ કારણે આ બન્ને પ્રાપ્ત થયાં હોય તે વખતે.

**ભજનીય**--ચારિત્ર હોય અથવા ન પણ હોય. ચારિત્રની તે વખતે ભજના સમજવી. એમ તો અભવ્ય જીવ પણ નવ પૂર્વ સુધી અભ્યાસ કરી શકે છે. માટે દર્શન અને જ્ઞાન હોય તેની સાથે ચારિત્રની ભજના જાણવી. તે હોય અને કદાચ ન પણ હોય. ભણેલ હોય માટે ચારિત્રવાન હોય એવો એક સરખો નિયમ નથી.

**ઉત્તરલાભ**--ચારિત્ર લાભ થાય ત્યારે, એટલે ચારિત્ર હોય તો તેની સાથે દર્શન અને જ્ઞાન જરૂર હોય છે. પણ પૂર્વદ્વય એટલે દર્શન અને જ્ઞાન એ બન્ને મળેલા હોય તો ચારિત્ર હોય પણ ખરું અને ન પણ હોય અર્થાત્ તેની ભજના છે, વિકલ્પ છે.

આગલી ગાથાના વિવેચનમાં જે વાત કરી તે અહીં ગ્રંથકાર પોતે જ બતાવે છે.

**સિદ્ધ**—ચોક્કસ. નિશ્ચયથી થાય એવો નિયમ છે. ચારિત્ર થાય ત્યારે તો જ્ઞાન અને દર્શન જરૂર હોય એવો નિયમ છે. વાત એ છે કે જ્ઞાન-દર્શન કરતાં પણ ચારિત્રનું સ્થાન ઘણું મોટું છે, તેના ઉપર આ સર્વ રમત મંડાયેલી છે. ચારિત્રીમાં સમ્યગ્દર્શન જરૂર છે અને તે સાચો જ્ઞાની છે એ નિયમ સમજવો. આ તો સાબિત થયેલી અને સ્વીકારાયેલી વાત છે એમ સમજવું. આ ગાથામાં જ્ઞાન, દર્શન, ચારિત્રનો પરસ્પર સંબંધ બતાવ્યો. (૨૩૧)

**સમ્યક્ જ્ઞાનાદિનો આરાધક**—

**धर्मावश्यकयोगेषु भावितात्मा प्रमादपरिवर्जी ।**
**सम्यक्त्वज्ञानचारित्राणामाराधको भवति ॥२३२॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અર્થ**—ધર્મના આવશ્યક યોગોમાં નિશ્રિત આત્મા આળસને છોડી દઈને સમ્યકત્વ તેમ જ જ્ઞાન અને ચારિત્રનો આરાધક (પૂજા-સેવા કરનાર) થાય છે. (૨૩૨)

**વિવરણ**—શુદ્ધ વિશુદ્ધ ધર્મ બતાવ્યો છે. તેમાં નિશ્રાવાળો થઈને વિકસિત આત્મા ઉપર જણાવેલાં સમ્યક્દર્શન, જ્ઞાન તેમજ ચારિત્રની સેવા કરનારો અને તેમાં તત્પર થાય છે. તે વાત આ ગાથામાં બતાવવામાં આવે છે.

**ધર્માવશ્યકયોગ**—આગળના સાતમા પ્રકરણમાં બતાવેલ દશવિધ યતિધર્મ તેમ જ પડિક્રમણું, આલોચના, સ્વાધ્યાય, પડિલેહણ, પ્રમાર્જન એ ધર્મના આવશ્યક કેટલાક યોગો છે. એમાં જે પ્રવૃત્ત થયેલો હોય તેવો સાચો પ્રયાસ કરનાર. આ ગાથામાં બતાવ્યો તે તેમ જ બીજા આવશ્યક યોગો છે, તેમાં મથી રહેલ, તેને માટે પોતાનું જીવિતવ્ય પસાર કરનાર અને તે યોગસાધનાને માટે સર્વ પ્રયાસ કરનાર જે પ્રાણી હોય તેને ધર્મના આવશ્યક યોગમાં ઉદ્યુક્ત પ્રાણી કહેવાય છે.

**ભાવિતાત્મા**—એવા યોગની નિશ્રાએ પડેલો અને તે માટે સર્વ પ્રયત્ન કરનારો જીવ. ભાવિતનો અર્થ કોશમાં સુગંધી દ્રવ્યોથી ખુશબોદાર કરેલું અથવા ચિંતિત અને નિશ્રિત આપેલ છે. જે પ્રાણીને ધર્મના આવશ્યક યોગમાં જ મજા આવે, જેની સુગંધી પણ ધર્મમય થઈ જાય અને જેને અસ્થિમજ્જાએ ધર્મ આવશ્યક લાગેલ હોય તેવો ભંગડભૂત અને દુનિયાની નજરે ગાંડો કે મૂર્ખ અથવા અવ્યવહારુ.

**પ્રમાદ**—આળસ કે ગફલતી. એમ તો શાસ્ત્રકાર મદ્ય, વિષય, કષાય, વિકથા, નિદ્રાને પણ સમુચ્ચયે પ્રમાદ કહે છે. અહીં સંબંધ પરથી આળસ અર્થ વધારે બેસતો લાગે છે.

**પરવર્જી**—ભાવિત આત્મા આળસને છોડી દઈને. એને ધર્મના આવશ્યક કાર્ય કરતાં આળસ ન થાય. એને આળસમાં નકામો વખત કાઢવો ન ગમે. એ આળસને છોડી દઈને ધર્મના આવશ્યક યોગોમાં ખૂબ ઉદ્યમી રહે. સંસારમાં તો લોકો એવા ઉદ્યોગી હોય છે કે એમને ખાવાની પણ ફુરસદ હોતી નથી, અને કેટલાક તો કહે છે કે તેમને મરવાની પણ ફુરસદ નથી. પણ આ આપણો ભંગડભૂત સાંસારિક કાર્યમાં નહિ, પણ ધર્મકાર્યમાં ખૂબ ઉદ્યમી રહે અને જરાપણ આળસ ન કરતાં તે સન્મુખ જ રહે.

**આરાધક**—દર્શન, જ્ઞાન, ચારિત્રને મેળવનાર, એની પૂજાસેવામાં અને એનો સંવ્યવહાર કરવામાં સદા તૈયાર રહે.

જેને મોક્ષે જવું છે તે કોઈ પ્રકારનું આળસ ન કરતાં જ્ઞાન-દર્શનની અને ચારિત્રને મેળવવાની જ વાત કરે. એનો સર્વ વ્યવસાય, એનું ધ્યાન આ સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્ર મેળવવા પૂરતું જ હોય અને તે વિષય આવે ત્યારે એ જાગતો રહે અને પોતાનો વીર્યોલ્લાસ તેમાં બતાવવામાં જરા પણ ગફલતી ન કરે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દશ યતિધર્મોની વિગતો અગાઉ સાતમા પ્રકરણમાં આવી ગયેલ છે. ત્યાંથી જોઈ લેવાની ભલામણ કરવામાં આવે છે. અત્ર પુનરાવર્તન કરી તેમનાં નામો લખ્યાં નથી. આરાધક, સેવા કરનાર અને ગુણપ્રાપ્તિમાં ઉદ્યુક્ત આવા પ્રકારના હોય. દુનિયા શું કહે છે તેની તેને કાંઈ પડેલી હોતી નથી. (૨૩૨)

**આરાધનાના પ્રકાર : ત્રણ—**

**आराधनास्तु तेषां तिस्रस्तु जघन्यमध्यमोत्कृष्टाः ।**
**जन्मभिरष्टत्र्येकैः सिद्ध्यन्त्याराधकास्तासाम् ॥२३३॥**

**અર્થ**—તે (જ્ઞાન, દર્શન અને ચારિત્રની) સેવના ત્રણ પ્રકારની છે : જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ. અને આરાધના કરવાવાળા આઠ જન્મે, ત્રણ જન્મે અથવા એ જ ભવમાં સિદ્ધ ગતિને પામે છે. (૨૩૩)

**વિવેચન**—આ ગાથામાં જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના કરનારા કેવા હોય, કોણ હોય તેના પ્રકારો બતાવે છે. તે ઉપરથી તેમના આરાધકને શોધી લેવા.

**આરાધના**—નિષ્પાદન, સમાપ્તિ, સિદ્ધિ. એ જ્ઞાન, દર્શન, ચારિત્રની પ્રાપ્તિ કરવી એ જ એની સિદ્ધિ છે. આત્મા નિશ્ચયથી એના મૂળ ગુણનું નિષ્પાદન કરે છે, એ જ એની આરાધના છે. દર્શન મળવું, જ્ઞાન પ્રાપ્ત કરવું અને સમકિત ધારણ કરવું એ જ એની આરાધના છે, એ જ એની સેવા છે.

जैन साईट JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

**તિસ્ર**—ત્રણ પ્રકારની એ આરાધના છે. એ ત્રણ પ્રકારની વિગત આ ગાથામાં જ ગ્રંથકર્તા આપે છે.

**જઘન્ય**—આરાધના કરનાર પ્રાણી આઠ ભવે સિદ્ધિ પામે તે એનો સર્વથી નીચી સંખ્યાનો હલકા પ્રકારનો આરાધક છે, એમ સમજવું. એવો પ્રાણી વચ્ચે દેવનો ભવ કરી મનુષ્યના સારા ભવ કરે, પણ એ તિર્યંચ નારકો જેવી દુર્ગતિએ તો ન જ જાય.

**મધ્યમ**—આરાધકમાં જે મધ્યમ પ્રકારનો હોય, તે ત્રણ ભવે સિદ્ધ ગતિને પામે. આવા મધ્યમ કક્ષાના પ્રાણીને એ ભવ ઉપરાંત એક દેવગતિનો ભવ કરી પાછો ત્રીજે ભવે સિદ્ધ થાય છે. આ મધ્યમ પ્રકારના જીવો જાણવા.

**ઉત્કૃષ્ટ**—ઊંચામાં ઊંચા આરાધકો તે જ ભવમાં સીધા મોક્ષનગરે પહોંચે છે. તેમને એક જ ભવ થાય છે. ગૌતમસ્વામી વગેરે ઘણા તે જ ભવમાં સિદ્ધપદને પામ્યા છે, તે ઉત્કૃષ્ટ આરાધકના વિભાગમાં આવે છે.

**તાસામ્**—એટલે જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના કરનારાના આ રીતે ત્રણ પ્રકાર છે. એ વાત બહોળતાએ સમજવી અને ઘણે ભાગે એવા જીવો હોય છે તેમ જાણવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ત્રણ પ્રકારમાંથી કોઈ પણ પ્રકારમાં પોતાનો આત્મા છે કે નહિ તે વિચારવું અને ન હોય તો આરાધક થઈ આ મનુષ્યભવપ્રાપ્તિને સફળ કરવાની જરૂર છે.

આરાધના કરવી તદ્દન સહેલી છે, અશક્ય-મુશ્કેલ વાત નથી. વાત એ છે કે એવી આરાધના કરવાની તીવ્ર ઇચ્છા થવી જોઈએ અને તે માટેની માર્ગસેવના આદરી દેવી જોઈએ. રસ્તો નહિ જડ્યો હોય તો તમારી પ્રબળ ભાવનાને અંતે અનુકૂળ માર્ગ જડી આવશે. માટે પ્રયત્ન કરો. આ વાત આવતી ગાથામાં કહેશે. ત્યાંથી તે સમજવી. (૨૩૩)

**આરાધના કરવાની પ્રેરણા—**

**तासामाराधनतत्परेण तेष्वेव भवति यतितव्यम् ।**
**यतिना तत्परजिनभक्त्युपग्रहसमाधिकरणेन ॥२३४॥**

**અર્થ**—તેઓની સેવા-આરાધના કરવા તત્પર થયેલ વ્યક્તિએ તેમનું આરાધન કરનારાઓની ભક્તિ કરવી, તેમને વસ્તુ દેવી, લાવી મૂકવી અને તેમની સમાધિ કરવી. તેમ કરવાથી તેઓ આરાધક થઈ શકે છે. (૨૩૪)

**વિવેચન**—આ ગાથામાં કોણ પ્રાણી આરાધનાતત્પર થઈ શકે તેનું લક્ષણ બતાવ્યું છે. આરાધના કરનારા પોતાના સ્વભાવથી આવા પ્રકારના હોય તે અત્ર વિગતવાર બતાવી પ્રકરણ પૂરું કરે છે.

जैन साहित्य JAINSITE .com जैनम् जयति शासनम्

**તાસાં**—તેઓના, એટલે જ્ઞાન દર્શન અને ચારિત્ર જે આત્માના નિશ્ચયથી મૂળ ગુણ છે તેઓને મેળવવા તત્પર માણસ કેવો હોય તેનું વર્ણન અત્ર કરી બતાવે છે. તમે તેવા થાઓ એવો એમાં ગર્ભિત ઉપદેશ છે, જે ઉપદેશ ઇચ્છુક માણસે લેવા યોગ્ય છે.

**આરાધના**—જેઓ એવા પ્રકારની સેવના ઉઠાવવા તૈયાર થઈ ગયા હોય તેમને નિષ્પાદન કરવા પ્રયત્ન કરી રહ્યા હોય. આરાધકનું અત્ર વર્ણન છે તે વિચારણીય છે.

**તેષુ**—સમકિત, જ્ઞાન અને ચારિત્ર વિશે ઉદ્યમ કરવો; એટલે જેઓ જ્ઞાન દર્શન ચારિત્ર મેળવવા તત્પર હોય, જેઓ તે મેળવવા ઇચ્છતા હોય, તેમણે દર્શન, જ્ઞાન અને ચારિત્ર માટે જ પ્રયાસ કરવો. જ્ઞાન દર્શન ચારિત્રની સેવા કરવી એટલે એમને બદલામાં દર્શન,જ્ઞાન, ચારિત્ર મળે છે. માટે દર્શન, જ્ઞાન કે ચારિત્ર પ્રાપ્ત કરવાનો રસ્તો તેમની સેવના કરવાનો જ છે. અને બીજા કેટલાક માર્ગો પણ આ ગાથામાં જ બતાવ્યા છે.

**તત્પર**—એ જ્ઞાન દર્શન ચારિત્ર પરાયણ જે અન્ય જન હોય તેમની, સંબંધ પરથી સાધુઓ-મુનિઓ એ અર્થ સમજવો.

**જિનભક્તિ**—તેવા સાધુની અને અરિહંત દેવની ભક્તિ કરવી. ~~ભક્તિ~~ કરવા માટે જિન અને સાધુપુરુષો અહીં જણાવ્યા. તેમની ભક્તિ એટલે સેવાપૂજા કરવી. આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ પ્રમાણે દેવાધિદેવ શ્રી તીર્થંકરની પ્રાર્થના વગેરે કરવાં. જનભક્તિ અને જિનભક્તિ બંને પાઠ લેવા.

**ઉપગ્રહ**—આનો અર્થ કોશકાર ઉપયોગ આપે છે; એટલે તેઓને જે કામ હોય તેમાં ઉપયોગી થવું, તેમને ભોજન લાવી આપવું, પાણી લાવી આપવું અને તેમને બીજી રીતે બને તેટલા ઉપયોગી થવું.

**સમાધિકરણ**—તેઓને સુખશાતા થાય, તેઓની તંદુરસ્તી જળવાય તેવી રીતે વર્તવાથી, તેમને સમાધિ, સુખશાંતિ અને મનઃશાંતિ થાય. આ ગાથામાં આરાધનતત્પર માણસે કરવાના ત્રણ કાર્ય બતાવ્યા. બીજા જે એવા કામમાં જોડાયલા હોય તેમની અથવા તીર્થપતિની ભક્તિ કરવી, બીજું તેમને ઉપયોગી થવું અને ત્રીજું તેઓને સમાધિ થાય તે રીતે પોતે વર્તવું. આ ઉપાયથી આરાધનાતત્પર વ્યક્તિ જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના કરી શકે છે. (૨૩૪)

* * *

આ રીતે ૫૬૫મા પૃષ્ઠથી શરૂ થતું પ્રકરણ અત્ર પૂરું થયું. આ દશમું પ્રકરણ પ્રમાણમાં નાનું છે, પણ એમાં મુદ્દાસરની હિત કરનારી વાતો કરી છે. પ્રથમ સ્થાન તેમાં દર્શનને છે, પછી જ્ઞાનને અને છેલ્લું સ્થાન છે ચારિત્રને. છતાં ક્રમ એમ જણાય છે કે ચારિત્ર હોય તો દર્શન અને જ્ઞાન હોવા જ જોઈએ, પણ દર્શન અને જ્ઞાન હોય તો ચારિત્ર ન પણ હોય. આ બહુ વિચારવા જેવી વાત છે. પણ વિચાર કરતાં ઘાટ બેસી જાય તેમ છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

નિશ્ચયનયની દૃષ્ટિએ જ્ઞાન દર્શન અને ચારિત્ર આત્માના મૂળ ગુણો છે પણ તે આવરાઈ ગયેલા છે, કર્મે એના ઉપર આચ્છાદન કરી દીધું છે અને અત્યારના વ્યવહારમાં એ પુદ્ગળમાં રાચીમાચી રહેલ છે. એ સગાંઓનાં વેધો જાળવે છે અને પૌદ્ગલિક વસ્તુઓમાં આનંદ માને છે અને વિયોગ થયે અને ખાસ કરીને ઇષ્ટ જનના વિયોગે એ શોક કરે છે, પણ એ લક્ષમાં લેતો નથી કે વહેલાંમોડાં એ જ રસ્તો પોતાને લેવાનો છે. આ તેનું વસ્તુસ્થિતિનું અજ્ઞાન બતાવે છે, અથવા વિચારની ગેરહાજરી સૂચવે છે. પણ એના મૂળ ગુણો પ્રયાસસિદ્ધ પ્રાપ્તવ્ય છે. જેમ સોનામાં રહેલું સુવર્ણત્વ અગ્નિથી ધમવા દ્વારા પ્રગટ કરવાનું છે, પણ તે પ્રયાસસિદ્ધ છે, તેમ જ આત્માના દર્શન જ્ઞાન અને ચારિત્ર ગુણો પ્રયાસથી સિદ્ધ થઈ શકે છે, તે માટે એણે પ્રયાસ કરવો જોઈએ.

વિષયકષાયની મંદતા, પરોપકાર અને સત્ક્રિયાથી એ પ્રયાસસાધ્ય ગુણો પુરુષાર્થ દ્વારા મેળવવા યોગ્ય છે, પ્રગટ કરવા યોગ્ય છે, પ્રાપ્ત કરવા યોગ્ય છે. એક દૃષ્ટિએ આ સર્વ પ્રયાસ—આપણે જે કરીએ છીએ તે—એ ગુણ પ્રકટ કરવા માટેના જ છે.

પૌદ્ગલિક વસ્તુમાં આનંદ કેટલો વખત ટકે છે? કદાચ વસ્તુ સડી પડી કે વિખરાઈ ન જાય તો વધારેમાં વધારે એ આજીવન ચાલે, પણ અંતે તો તે અહીંને અહીં જ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રહી જાય છે અને પરાણે છોડવી પડે છે, છોડ્યા સિવાય છૂટકો જ નથી અને છોડતી વખતે મનમાં કચવાટ થાય છે. કેટલાક માણસોને જીવ જતો નથી અને એ ડચકા ખાય છે પણ પૌદ્ગલિક વાંછાઓ યાદ કરી પોતાની ઇચ્છા જણાવે છે. અનેક માણસ વસિયતનામું કરી પોતાની મિલકતના અમુક ભાગ પાડે છે અને અમુક પ્રિયજનને વધારે મિલકત કે આખી મિલકત આપી જાય છે. ન્યાયમંદિરમાં ઘણા ઝઘડાઓ આવા પ્રકારના વારસાને અંગે આવે છે અને માણસ વકીલને ફી વગેરે આપવામાં એસ્ટેટનો મોટો ભાગ વેડફી નાંખતા જોવાય છે. આ જાતનો ખ્યાલ અણસમજમાંથી ઉત્પન્ન થાય છે.

એને બદલે મૂળ ગુણ પ્રાપ્ત કરવા જીવનમાં પ્રયાસ કર્યો હોય તો તે ફળ આપે છે. આ જીવનની કોઈ ચીજ સાથે આવતી નથી. ચાર કે એક નાળિયેર પણ અંતે અહીં જ રહી જાય છે, પણ આ મૂળગુણ પ્રાપ્ત કરવા પ્રયત્ન કર્યો હોય તો તે સાથે આવે છે અને વહેલો કે મોડો એ દિવસ તો જરૂર આવવાનો છે.

દરરોજ સવારે ઊઠીને તારિખીઆની તારીખ ફેરવતાં મનમાં વિચાર કરવાનો છે કે એક દિવસ અહીં રહેવાનો ઓછો થયો, તે દિવસનો લાભ પોતે શું લીધો અને આ મૂળ ગુણ પ્રકટ કરવા આગલા દિવસમાં શું કર્યું. આવી રીતે જે આત્મનિરીક્ષણ કરે છે તે પોતાના મૂળ ગુણો આખરે જરૂર મેળવે છે, માટે સીધા તે પ્રાપ્ત કરવાની આવી તક ગુમાવવા જેવી નથી.

અને તક વારંવાર મળતી નથી. એ જ્યારે ચાલી જાય, ત્યારે જ પ્રાણીને એની કિંમત થાય છે. પછી એને આટલાં વર્ષો નકામાં ગયાં અને પોતે મૂળ ગુણની પ્રાપ્તિને અંગે કાંઈ કર્યું નહિ એવો મોડો મોડો પસ્તાવો થાય છે; પણ શરીરની ઇંદ્રિયો અને બળ શિથિલ પડ્યા પછી ડહાપણ આવે કે ખાલી ખેદ થાય એ તો રાંડ્યા પછીનું ડહાપણ છે. મારા પતિ જીવતા હોત તો હું આમ કરત ને તેમ કરત એ તો ખાલી ભામાં છે અને અર્થ વગરનાં રોદણાં છે. એવું ડહાપણ તો પ્રાણીને અનેકવાર આવે છે, પણ તેનું મૂલ્ય નથી અને તેનાથી કોઈ અર્થ સરતો પણ નથી. ડહાપણ તો તક આવે તે પહેલાં તેને માટે તૈયાર થવામાં છે. ઘણા માણસોને આપણે ખાલી હાથે જતા જોઈએ છીએ, તેનું કારણ આવી પૂર્વતૈયારીની ગેરહાજરીમાં છે.

આપણા સદ્ભાગ્યે આપણને આ જીવનની નશ્વરતા બતાવનાર જ્ઞાનીઓ મળ્યા છે, તો તકને બરાબર સમજી લઈ તેનો સદુપયોગ કરવો. દરેક તક પ્રથમથી વિચારી લઈ તે આવે ત્યારે કેમ વર્તવું તેની ડહાપણથી લક્ષપૂર્વક તૈયારી કરી રાખવી ઘટે.

દર્શન, જ્ઞાન કે ચારિત્ર એ જેવીતેવી ચીજ નથી. અનંત સંસારમાં એ તો પ્રાપ્ત થયેલ કે પ્રાપ્ત થવાનાં રત્નો છે, મહામૂલ્યવાન છે અને ખૂબ અપનાવવા યોગ્ય છે. આવી



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મૂલ્યવાન ચીજો માટે કાંઈ રકમ ખરચવી પડતી નથી. તમે મોટા મહોત્સવો કરો કે અષ્ટોત્તરી સ્નાત્ર ભણાવો કે ઉજમણા કરો તો જ આ મૂળગુણો પ્રાપ્ત થાય એવી વાત નથી, એ તો પ્રયાસસિદ્ધ વસ્તુ છે અને વગર મૂલ્યે મળે તેવી ચીજ છે. માટે મોટા મહોત્સવો પણ કરો અને જે બને તે કરો, તે કરવાનો પ્રતિબંધ નથી, પણ ન થઈ શકે તો તેમાં ગભરાઈ ન જાઓ. આપણા આ જ્ઞાન, દર્શન, ચારિત્ર મૂલ્યથી ખરીદ કરી શકાતા નથી, બજારમાં મળતા નથી અને એના સોદા ચાલતા નથી. એ તો આત્મિક વસ્તુ છે, પ્રયાસને આધીન છે. પણ તે બજારમાં મળતી કે ખરીદાય તેવી ચીજ નથી. એને બરાબર ઓળખીને એને માટે યોગ્ય પ્રયાસ કરો અને એની ખાતર બીજી નકામી પંચાત કે કડાકૂટ મૂકી દો. અનંત કાળ ગયો, અનેકવાર તકો મળી, પણ અજાણપણે તેનો લાભ ન લેતાં તેને જવા દીધી છે. એવું આ વખતે ન થાય તેની સંભાળ રાખો. કપૂરચંદજી મહારાજે કહ્યું છે કે 'વાર અનંતી ચૂકિયા ચેતન, ઈણ અવસર મત ચૂકો.' એ પ્રમાણે અનેકવાર આપણે ભૂલ્યા છીએ અને આપણો રખડપાટો ઊભો રહ્યો છે, પણ આ અવસરે તો ચૂકવા જેવું નથી.

ફરી ફરીને આવી તક હાથમાં નહીં આવે, માટે મળેલ તકનો તમારું સાધ્ય સાધવામાં ઉપયોગ કરો અને જિંદગીને અપનાવો. જેઓ જિંદગીને ફેંકી દે છે, તેને પછી પસ્તાવાનો પાર રહેતો નથી, પણ તે વખતનું ડહાપણ નકામું છે, કારણ કે ગુમાવેલી તક ફરીવાર હાથમાં આવતી નથી અને હું ફલાણો હોત તો આવું કરત કે આવું ન કરત એ તો બધા નકામા ભામાં છે, અર્થ વગરના અપલાપ છે અને અક્કલની ગેરહાજરીનું પ્રદર્શન છે. માટે સમજી લો, ચેતી જાઓ અને મળેલ તકનો લાભ લઈ જ્ઞાન દર્શન ચારિત્રને અપનાવો. એટલું કરશો એમાં તમને અપરંપાર લાભ છે અને આવો ભવ મળ્યાની સાર્થકતા છે. નહિ તો પાછા રખડપટ્ટી માટે તૈયાર રહો અને આંટા માર્યા કરો.

॥ इति श्री दर्शन-ज्ञान-चारित्र प्रकरण ॥

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ ૧૧ મું : પ્રશમ

અહીં નવું પ્રકરણ શરૂ થાય છે, તેનું નામ છે પ્રશમ. એનો વિચાર જ એટલો સુંદર છે કે એ શબ્દ પર વિચાર કરતાં શાંતિ–ઠંડક થઈ જાય છે અને મનના અનેક તરંગો–ઉશ્કેરણીઓ દૂર થઈ જાય છે. પ્રશમ એટલે મનની આધિ-વ્યાધિનો નાશ અને ચોતરફ શીતળતા અને શાંતિ.

એવો પ્રશમવાળો શાંત પ્રાણી કેવો હોય, તેનાં લક્ષણો કેવાં હોય તે સર્વનો વિચાર આ પ્રકરણમાં થશે. આપણે આદર્શ તરીકે પ્રભુને રાખીએ. જિન અરિહંત તીર્થંકરને આદર્શ સ્થાને રાખીએ અને તેઓની મૂર્તિ જેવી પ્રશમરસમાં નિમગ્ન હોય તેવા થવા પ્રયત્ન કરીએ. તે પ્રકારનો પ્રશમરસ આપણે પ્રાપ્ત કરવા પ્રેરાયા છીએ અને તેનો વિકાસ ઇચ્છીએ છીએ. જેમ ક્રોધી માણસ પોતાના વાતાવરણમાં ક્રોધના પડઘા પાડે છે કે નિંદક નિંદાનો પડઘો પાડે છે તેમ જ પ્રશમરસમાં લદબદ થયેલો પ્રાણી પોતે તો શાંત રહે છે પણ પોતાના વાતાવરણમાં પણ શાંત રસ જમાવે છે, ફેલાવે છે અને આખા વાતાવરણને તેમય બનાવી દે છે. તીર્થંકર દેવનો જ્યાં વિહાર થાય ત્યાંથી કેટલાએ યોજન સુધીમાં દુર્ભિક્ષાદિનો પ્રચાર થતો નથી, એ પ્રશમરસનો મહિમા છે.

પ્રશમરસની પહેલી ખાસિયત એ છે કે એ હોય ત્યાં ક્રોધનો તો અભાવ જ હોય. પ્રશમ અને ક્રોધને સ્વાભાવિક રીતે વેર હોય છે. એટલે પ્રશમ હોય ત્યાં ક્રોધ કોઈપણ આકારમાં ટકી શકે નહિ. ક્રોધીની ધમાધમ અને પ્રશમરસમાં પડેલાની શાંતિ વિચારતાં પ્રશમ અને ક્રોધને બને તેવું નથી, એમ સહજ જ લાગે છે.

પ્રશમરસનો ઘણો સુંદર દાખલો સ્કંધકાચાર્યનો છે. એ પાંચસો શિષ્યને લઈને પોતાના જન્મસ્થાનમાં આવ્યા ત્યારે એને ખ્યાલ ન હતો કે ચાલુ રાજા પૂર્વનું મહા ભયંકર વૈર લેશે. તે રાજમહેલને રસ્તે નિઃસ્પૃહીપણે ગોચરી કરવા નીકળ્યા. ત્યાં મહેલમાં બેઠેલ રાજાને સ્કંધકનું દેખવાનું થયું અને તેને દેખતાં જ એ વિકરાળ ભયંકર માણસને પૂર્વનું વેર યાદ આવ્યું. એણે તો કોણ છે તેની તપાસ કર્યા વગર હુકમ કર્યો કે આચાર્ય અને તેના પાંચસો શિષ્યને ઘાણીએ પીલી નાખવા. એ જાણતો ન હતો કે સ્કંધક તો આ જ નગરનો એક વખતનો પૂર્વ રાજા છે. તુરત હુકમ છૂટયા અને ઘાણી તૈયાર કરી. સ્કંધકે પણ રાજા પાસે જવાની કે દલીલ કરવાની વાત ન કરી. એ તો એક પછી એક પાંચસો શિષ્યને નિર્યામણા કરવાના કામમાં લાગી ગયા. અને દરેકને કહે કે આત્માને આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખરો વખત મળ્યો છે અને શરીર તો અંતે પૌદ્ગલિક છે. આવાં તો અનેક શરીર મૂકયાં અને લીધાં. આ રાધાવેધ સાધવાનો તમને અવસર આવ્યો છે. આવો રાજા કે ઘાણીનો માલિક તો તમારા કર્મદળ કાપવાને અંગે સાધનભૂત થઈ તમારો મહા ઉપકારી થયેલ છે. આવો અવસર ઇચ્છવા છતાં જીવનમાં સાંપડતો નથી. આવી આવી અનેક નિઝામણા કરી સર્વને દેવલોકે મોકલ્યા. પણ અંતે એક નાનો સાધુ રહ્યો. બાળક ઉપર ગુરુનો રાગ હતો. ઘાણી પીલનારને વિજ્ઞપ્તિ કરી કે પોતાને પ્રથમ પીલે અને પછી તે નાના શિષ્યને પીલે. એટલી સગવડ કરી આપવા વિનંતી કરી. પણ તેની પ્રાર્થના સાંભળવામાં ન આવી. અંતે સ્કંધકાચાર્ય ક્રોધે ચઢી ગયા. પ્રશમરસને ઢોળી નાંખ્યો. પોતાના પાંચસો શિષ્યને ઘાણીમાં ઘાલ્યા ત્યારે ક્રોધ આવ્યો ન હતો પરંતુ અત્યારે ભારે ક્રોધાયમાન થઈ ગયા.

એની મુખમુદ્રામાં ક્રોધ ધમધમતો હતો. નાના શિષ્યને પણ દેવલોકમાં મોકલ્યા અને પોતે અસુરકુમાર દેવતા થઈ નગરને, વૈરને અનુલક્ષી, ધૂળથી હેરાન કરવા લાગ્યા. એવું જે પાંચસો શિષ્યને સારુ કરી શકયા તેની બાજી છેલ્લી ઘડીએ બગડી ગઈ.

પ્રશમરસમાં જે પ્રાણી લદબદ થઈને રહે તે આવો ન હોય. સામો માણસ વગર ગુને ગમે તે કામ કરે તેનો પોતે વિચાર જ ન કરે. એ તો જીવતા ચામડી ઊતરાવતી વખતે પણ સામાને પૂછે કે કેવી રીતે તે પોતે ઊભો રહે કે સામાને જરાયે તકલીફ ન પડે. આવી રીતે ભરબજારમાં ચામડી ઊતરાવનારની શાંતિ આજે પણ આપણને સાનંદાશ્ચર્ય જન્માવે છે. એ પ્રશમરસનો મહિમા છે.

ભગવાન મહાવીરને અનેક ઉપસર્ગો કરનાર સંગમ દેવ અંતે હારીને પાછો ચાલતો હતો, ત્યારે ભગવાનને બે આંસુ આંખમાં આવ્યા. તે હર્ષાશ્રુ ન હતા, પણ સંગમ જેવાને પોતાનો પરિચય થયો પણ કોઈ પ્રકારનો લાભ ન થયો એની દિલગીરીનાં આંસુ હતાં. આવી પ્રશમતા અને ભદ્રતા પ્રાણીમાં હોવી જોઈએ.

ખુદ પાર્શ્વનાથે દીક્ષા લીધા પછી તેમના પર કમઠે અનેક ઉપસર્ગો કર્યા અને છેવટે વરસાદ વરસાવવા માંડયો, ધરણેંદ્રે છત્ર ધર્યું, પણ પ્રભુને કમઠ પર ક્રોધ નથી કે ધરણેંદ્ર પર રાગ નથી. આવું પ્રશમનું સામ્રાજ્ય હોય અને આવો પ્રશમનો અમલ હોય.

આવા નીરાગી ભગવાન આપણા આદર્શ સ્થાને છે. આપણે એ ભગવાનના પુત્રો છીએ. તો પછી આપણા વડીલને અનુસરવાનું આપણે કેમ મૂકીએ ? આપણી ફરજ છે કે વડીલનું અનુકરણ કરી તેમને દીપાવવા. આપણે ત્યારે જ લાયક પિતાની લાયક સંતતિ ગણાઈએ.

અને એક રીતે ઉપશમ કે પ્રશમ એ જૈનશાસ્ત્રનો સાર (રહસ્ય) છે. ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી ક્રોધની છઠ્ઠી સજ્ઝાયમાં ગાઈ ગયા છે કે 'ઉપશમ સાર છે તે પ્રવચને,

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુજસ વચન એ પ્રમાણુ રે.' આવાં ટંકશાળી વચનોનો મર્મ આપણે દિલમાં ઉતારવો એ સર્વ રીતે આપણા ભવિષ્યના લાભને અંગે જરૂરી છે, આપણા આગામી હિતમાં છે અને આખા આગમનું રહસ્ય પૂરું પાડનાર મુદ્દામ બાબત છે. એમાં આગામી કાળે લાભ થાય છે. તે ઉપરાંત વર્તમાન કાળે પ્રશમનો અનુભવ થાય છે ત્યારે તેટલો વખત પણ મનઃપ્રસાદ થાય છે, અને તેટલો વખત શાંતિનું સામ્રાજ્ય અને વાતાવરણ પ્રસરી રહે છે અને ચિત્ત અવ્યાબાધ શાંતિનો અનુભવ કરે છે. આ કાંઈ વર્તમાનકાળનો જેવો તેવો લાભ નથી. મન શાંતિ અનુભવે એટલે આપણી દશા જ ફરી હોય એમ લાગે છે. આપણી આજુબાજુ શાંતિ અને આપણા મનને પણ નિરાંત.

તીર્થસ્થાનમાં કે અન્યત્ર એક પ્રભુપ્રતિમાના દર્શન કરે ત્યારે પ્રાણી જે અભિનવ આનંદ અનુભવે છે તે આ પ્રશમરસના આનંદની વાત છે. તમે કોઈપણ મહાન સત્ય જાણો કે ગણિતનો કોયડો સિદ્ધ કરો તે વખતે જે આનંદ અનુભવાય છે તેથી ઘણો વધારે આનંદ આ પ્રશમરસની પ્રાપ્તિમાં અંતર અનુભવે છે. તમે તે કહી બતાવો કે નહિ તે તો ભાષાવર્ગણાના પુદ્ગળ પર આધાર રાખે છે, પણ તમારો અનુભવ આ વખતે તમને ભારે સુખનો અને અનનુભૂત આનંદનો અનુભવ કરાવશે. એ પ્રશમસુખનો મસ્ત આનંદ છે અને એને અંદર જ મનમાં અનુભવાય છે. એ મૂંગાએ સાકર ખાધા જેવો રંગ છે. તે તેનું વર્ણન બીજાને આપી શકે નહિ, પણ તે અનુભવથી જ સમજાય છે.

जैन साइट JAINSITE.com जैनम् जयति शासनम्

આ પ્રશમસુખને અંગે ગ્રંથકર્ત્તાએ થોડા શ્લોક લખ્યા છે. તેનું મેં જુદું પ્રકરણ પાડ્યું છે. અને તે સમજવા યોગ્ય છે.

ગ્રંથકારને તે અંગે શું કહેવાનું છે તે હવે આપણે જોઈએ અને એમને સમજવા યત્ન કરીએ. સમજણપૂર્વકનું અનુસરણ એ અજબ વસ્તુ છે અને આ જીવનનો લહાવો છે. એને ઝીલવા પ્રયત્ન કરીએ.

**પ્રશમસુખના અભિલાષીઓ—**

**स्वगुणाभ्यासरतमतेः परवृत्तान्तान्धमूकबधिरस्य ।**
**मदमदनमोहमत्सररोषविषादैरधृष्यस्य ॥ २३५॥**

**प्रशमाव्याबाधसुखाभिकांक्षिणः सुस्थितस्य सद्धर्मे ।**
**तस्य किमौपम्यं स्यात् सदेवमनुजेऽपि लोकेऽस्मिन् ॥२३६॥**

**અર્થ**—જેની બુદ્ધિ પોતાના (આત્મિક) ગુણો પ્રાપ્ત કરવામાં લાગી ગઈ છે, જે પારકાના અહેવાલો અને વાતોને અંગે આંધળા, મૂંગા, અને બહેરા જેવો થઈ ગયેલ છે, જે અહંકાર, કામવાસના, મોહ, રોષ અને વિષાદથી લેવાઈ ગયો નથી, કોઈ પ્રકારની બાધા–પીડા ન કરનાર પ્રશમના સુખની અપેક્ષા–ઇચ્છા જે રાખે છે, અને જે સદાચારમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્થિત થયેલો છે તે પ્રાણીને આ લોકમાં-દેવલોકમાં અને મનુષ્યલોકમાં સરખાવી શકાય એવી —તેના સુખના સંબંધમાં કોઈ ઉપમા આપી શકાય તેવી કોઈ ચીજ નથી. (૨૩૫-૨૩૬)

**વિવરણ**—આ બે શ્લોકમાં પ્રશમસુખના અભિલાષી માણસો કેવા હોય તેનું વર્ણન કરવામાં આવ્યું છે. એ વર્ણન ઉપરથી પ્રશમ સુખ કેવું હોય તેનું લક્ષણ આપોઆપ સમજી જવું.

**સ્વગુણાભ્યાસરતમતિ**—પ્રશમસુખના અભિલાષી માણસો પોતાના જે આત્મિક ગુણો હોય તેનો જ આખો વખત વિચાર કરે. એનું સર્વાધિક ધ્યાન આત્મિક ગુણો કેવા હોય તેની વિચારણામાં લાગી ગયેલું હોય છે. એને ખાવાનું કે ન્હાવાનું કે બીજું કોઈ કામ ગમે નહિ, પણ પોતાના આત્મિક ગુણોને ઓળખી આખો વખત તેમાં પડયા ને પાથર્યા રહે. એને બીજી વાત સૂઝે નહિ, બીજામાં રસ પડે નહિ અને આખો વખત આત્મિક ગુણમાં જ અને તેને પ્રાપ્ત કરવાના કાર્યમાં ઉદ્યુક્ત રહે. એનું તો સર્વ વખતનું કામ આત્મિક ગુણની પ્રાપ્તિમાં જ હોય છે. આ પ્રશમરસમાં પડેલા માણસનું પ્રથમ અને ભારે મહત્ત્વવાળું અને રહસ્યથી ભરપૂર વર્ણન છે.

**પરવૃત્તાંત**—પારકાની વાતો સાંભળવાને અંગે અથવા વાતો કરવાને અંગે એને સમય જ ન મળે. એ તો આત્મિક ગુણમાં એટલો લાગી ગયો હોય કે પારકી પંચાત કરવાનો એને જરાયે વખત જ ન મળે અને તે માટે એને ફુરસદ જ ન મળે.

**બધિર**—બહેરા. આવા પ્રશમસુખનો રસિક માણસ બીજાની વાતો કરવાને અંગે આંધળા મૂંગા અને બહેરાના જેવું વર્તન કરે. બહેરા પાસે તમે અનેક યોગ્યાયોગ્ય વાતો કરો, એ તો કાંઈ સાંભળતો કે સમજતો નથી, સાથે તે મૂંગો હોય એટલે કાંઈ બોલતો પણ નથી, અને આંધળાની પેઠે એ કશું જોતો પણ નથી. એને આત્મિક વાતોની જ લય લાગે છે. એટલે બીજી વાતોમાં એ મૂંગા આંધળા કે બહેરા જેવો જ છે એમ સમજવું. પરવૃત્તાંતમાં ગુણની વાત પણ આવે. આ પ્રશમરસમાં જેને લગની લાગેલ હોય તેને તો પોતાના આત્મિક ગુણો તરફ એટલું બધું બકધ્યાન હોય છે કે એ પારકાની સારી કે ખરાબ વાતો અંધ, બહેરા કે મૂંગાની માફક સાંભળતો બોલતો અને જોતો જ નથી.

**અઘૃષ્ય**—ન ઘસાય તેવો. છ વસ્તુના નામો આ ગાથામાં લીધા છે, તેમાંની એક કે વધારે કોઈ વસ્તુ એને ઘસી શકે નહિ તેવો તે પ્રશમરસમાં તત્પર પ્રાણી હોય. એક હીરાને હીરો જ ઘસે છે, એને ઘસવાનું બીજું કોઈ યંત્ર મળ્યું નથી. આ પ્રશમરસમાં ડૂબી ગયેલો પ્રાણી તો એ વસ્તુઓથી પણ ઘસાતો નથી. એ તો પોતાનો રસિક પદાર્થ ભલો અને તેની વાત ભલી. એ જરાપણ ઘસાતો નથી, ઘસી શકાતો પણ નથી. પાઠભેદ 'અધૃષ્ય'.

**મદ**—અહંકારથી બીજા પ્રાણી ઘસાય છે, અભિમાન ઉપર ચઢી જાય છે. પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રશમરસમાં રત થયેલા પ્રાણીને અભિમાન પણ ગાળી કે ઘસી શકતું નથી. આ એક વાત થઈ.

**મદન**—કામદેવ, વિષયતૃષ્ણા. દેવાંગના પણ એને લલચાવી શકતી નથી અને તે દૂધપાક કે ફરસાણના રસમાં પણ પડતો નથી. કામદેવની કોઈપણ ક્રિયા એવા પ્રશમ-સુખમાં લદબદ થયેલા પ્રાણીને નબળો પાડી કે લલચાવી શકતી નથી. એ તો કામદેવથી પણ અજેય છે. આ બીજી વાત થઈ.

**મોહ**—સર્વ પૌદ્ગલિક વસ્તુનું આકર્ષણ. સર્વ કર્મોનો રાજા મોહ છે. મોહને રાગદ્વેષ જેવા તો છોકરા છે, પ્રશમરસના રસિયાને એ નબળો પાડવા પ્રયાસ કરે, પણ એ તો તેની સાથે પણ ટક્કર ઝીલી અજેય રહે છે.

**મત્સર**—અસૂયા. પ્રાણીને તો કોઈ સારો થયો તેનો મત્સર થાય છે. તેને પાડીને પોતાના જેવો કેમ કરવો તેનાં અનેક કારસ્તાનો તે કરે છે અને આગળ વધનારને આગળ જવા દેતો નથી. પણ આ પ્રશમરસનો રસિયો તો જરાપણ મત્સર કરતો નથી. મત્સર એને નરમ પાડી શકતો નથી. એ તો બીજાની પંચાત કરવાનો વખત પણ કાઢતો નથી. અને તેમાં સમય બરબાદ કરતો નથી. એ મત્સરથી પણ અજેય જ રહે છે.

**રોષ**—ક્રોધ. કોઈના ઉપર એ ચિડાતો પણ નથી. ક્રોધ ઘણો એની આગળ ધડાકા કરે, પણ એ ક્રોધ જ કરતો નથી. તેથી અંતે આક્રોશ કે ધમાલથી દૂર જ રહે છે. જેને પરવૃત્તાંત પર પણ પ્રેમ નથી તેને બીજાની સાથે શું લેવું દેવું? એમ પારકા ઉપર કદી રોષ કરતો જ નથી. તેથી રોષ એના ઉપર જીત મેળવી શકતો જ નથી.

**વિષાદ**—શોક. કોઈ એનું સગું મરણ પામે કે એની કોઈ ચીજ ખોવાઈ જાય કે એવી કોઈપણ સાંસારિક બાબત હોય તે તેના મન પર અસર કરતી નથી. આવા શોક-રહિત પ્રાણી પાસે વિષાદ પણ હારી જાય છે અને કાંઈ અસર નીપજાવી શકતો નથી.

**અધૃષ્ય**—ધૃષ્ ધાતુમાંથી આ શબ્દ નીકળે છે. ધૃષ્ય એટલે અભિભૂત થનાર, હારી જનાર. અધૃષ્ય એટલે અજેય. જેને મદ, મદન અને મોહ જેવા કે મત્સર, રોષ, વિષાદ જેવા પ્રબળ શત્રુ પણ મારી હઠાવતા નથી તેવો બહાદુર અજેય પ્રાણી. અધૃષ્ય એટલે અજેય, જે કોઈથી પણ જીતી શકાય નહિ તેવો અજેય લડવૈયો.

**અવ્યાબાધ**—પ્રશમ-શાંતિનાં બાધા-પીડા વગરનાં સુખ મેળવવાની જેને ઇચ્છા છે, જે ગમે તેવા સંયોગોમાં પણ શાંતિની ઝંખના કરે છે અને ખૂબ જોસથી ઇચ્છતાં આખરે તેને જે મેળવે છે તે પ્રાણીની આ વાત છે. જે અવ્યાબાધ સુખ મેળવવા પાછળ પડ્યા છે તે તેને માટે થતી કોઈ પ્રકારની પીડાને ગણકારતા નથી. આ પ્રશમસુખ મેળ-વવા મથનારની મુખમુદ્રા અને ભવ્યતા જુદા જ પ્રકારની હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સુસ્થિત**—જે એવા પ્રકારનો પ્રાણી હોય છે તે સદાચારમાં સારી રીતે જામી ગયેલો અને સ્થિત થઈ ગયેલો હોય છે. આવા ધર્મમય જીવનવાળા પ્રાણીની વાત કરે છે.

**ઔપમ્ય**—ઉપમા. આવા પ્રકારના પ્રાણીને કોની ઉપમા આપવી? આ દુનિયામાં કે દેવલોકમાં તેમની સાથે – તેમના સુખ સાથે સરખાવી શકાય એવું કોઈ પ્રાણી પણ નથી અને પદાર્થ પણ નથી. તે તો અકલ્પ્ય માણસો છે. એ તો ન બોલે તો પણ પોતાના જ્વલંત દૃષ્ટાંતથી ઉપદેશ આપે છે.

**દેવમનુજ**—તમે આવા મનુષ્યને સરખાવવા પદાર્થ શોધો તો દેવલોકમાં કે મનુષ્યલોકમાં શોધો, પણ જેની સાથે એની સરખામણી કરી શકાય તેવો કોઈ પ્રાણી કે કોઈ પદાર્થ જ નથી. 'જીસકે પટંતર કો નહિ ઉસકા ક્યા મોલા' એ વાક્યના વિવેચનમાં આ વિષય ઉપર પૂરતું વિવેચન થઈ ગયું છે, (જુઓ આ પદ. આનંદઘન ભાગ ૧ લો). પ્રશમરસની આકાંક્ષા રાખનાર પ્રાણી તદ્દન જુદી જ ભાત પાડે છે. (૨૩૫-૨૩૬)

**પ્રશમસુખની પ્રશંસા શા માટે—**

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

स्वर्गसुखानि परोक्षाण्यत्यन्तपरोक्षमेव मोक्षसुखम् ।
प्रत्यक्षं प्रशमसुखं न परवशं न व्ययप्राप्तम् ॥२३७॥

**અર્થ**—સ્વર્ગનાં સુખ તો પરોક્ષ છે અને મોક્ષનું સુખ તો તેનાથી પણ તદ્દન પરોક્ષ છે, પણ પ્રશમનું સુખ તો પ્રત્યક્ષ છે, તે પારકાને આધીન નથી, અને પૈસા આપીને ખરીદવાનું નથી. (૨૩૭).

**વિવેચન**—સમજુ માણસને ઉદ્દેશીને કહે છે કે પ્રશમસુખની પ્રાપ્તિ પ્રમાણમાં સહેલી છે. એ યુક્તિપુરઃસર બતાવે છે.

**પરોક્ષ**—સ્વર્ગના સુખો તો કોઈએ નજરે જોયાં નથી. એ તો બીજા પ્રાણીએ જોવાનાં છે. આપણી પોતાની નજરે તો આ આંખોએ અને શરીર વડે તે દેખી શકાવાનાં નથી. એને માટે પ્રયાસ કરવો તે ઉચિત નથી. જે વાત નજરે ન ચડે તે કલ્પનામાં માનવી પડે, તેનાં કરતાં જે સુખ પ્રત્યક્ષ હોય તે શા માટે ન લેવું?

**અત્યંતપરોક્ષ**—અને મોક્ષને માટે ઘણાં પ્રયાસ કરે છે, પણ એ સુખ તો સ્વર્ગના સુખથી પણ વધારે, અરે તદ્દન પરોક્ષ છે. મોક્ષ મળશે ત્યારે સુખ ભોગવશું એવી 'બાપ મરેંગે ઔર બૈલ બાટેંગે' જેવી વાત કરવાની પણ જરૂર નથી. એ તો કોણે જોયું છે? અને મળશે ત્યારની વાત ત્યારે, અત્યારે એની ખાતર પ્રયત્ન કરી તે પાછળ પડવું એમાં ડહાપણ કે અક્કલ શું છે? આવા પરોક્ષ અને ખૂબ પરોક્ષ સુખ પાછળ ધમપછાડા કરવા એ ડહાપણની વાત નથી. તેના કરતાં શું કરવું ડહાપણવાળું છે એ હવે કહી બતાવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રત્યક્ષ**—પ્રશમનું સુખ તો નજરે દેખાય તેવું છે. માણસ પ્રશમનો લાભ લે, તેનાથી અંદર અને વાતાવરણમાં જે સુખ થાય છે તે તો નજરે જોવાય તેવું છે. પ્રશમસુખ પાછળ પ્રયત્ન કરવાનું આ પ્રથમ કારણ થયું.

**પરવશ**—પારકાને વશ, આધીન એ સુખ નથી. આપણે શેઠીયા પાસે, સગાં પાસે કે મિત્ર પાસેથી સુખ માગીએ છીએ. પણ એ તો પારકાં છે. એમનું આપ્યું સુખ લેવાય, પણ એ કોઈ કારણે વિફર્યા હોય તો સુખ પડ્યું રહે છે. પણ આ પ્રશમસુખ તો પરવશ જરાયે નથી. એ તો પોતે પોતાનો ગોળ ખાવાનો છે. આ પ્રશમસુખને આદરવાનું બીજું કારણ કહ્યું.

**વ્યયપ્રાપ્ત**—પૈસાના વપરાશથી મળે તેવું. બીજાં સુખો તો પૈસા આપીને ખરીદવાં પડે છે. ઉનાળામાં પર્વતપ્રદેશે હવા ખાવા જવું હોય તો ટિકિટ લેવી પડે, રસોયાની ગોઠવણ કરવી પડે અને ઘરે કાંઈ ચીજ જોઈતી હોય તો બજારમાંથી ધન ખર્ચીને લાવવી પડે. આ પ્રશમસુખ એ તો પોતા પર જ આધાર રાખે છે. એ કોઈ પ્રકારની બજારુ ચીજ નથી. એ તો અંતરનો વિષય છે. પ્રશમસુખને અંગે આ ત્રીજી વાત કહી. પ્રશમસુખને માટે પ્રયત્ન કરવાનાં ત્રણ કારણ :

(૧) એ પ્રત્યક્ષ સુખ છે.

(૨) એ પરવશ સુખ નથી.

(૩) એ બજારુ ચીજ નથી. પૈસા ખરચવાથી મળે તેમ નથી.

આ ત્રણે કારણોને લઈને પ્રશમસુખ તમારાં પોતામાં જ જાગ્રત કરો. એ પ્રત્યક્ષ સ્વાશ્રયી સુખ છે. એ બજારુ ચીજ ન હોવાથી વેચાતું મળે તેવું તે સુખ નથી. પ્રશમસુખના આદરને અંગે મુખ્ય ત્રણ કારણો આ ગાથામાં બતાવ્યાં, તે પ્રત્યેક ઊંડી વિચારણા માગે છે. અને એ ત્રણે અનુભસિદ્ધ હોઈ આત્મપ્રયત્ન માગે છે. (૨૩૭).

**મોક્ષસુખ અહીં જ**—

**निर्जितमदमदनानां वाक्कायमनोविकाररहितानाम् ।**
**विनिवृत्तपराशानामिहैव मोक्षः सुविहितानाम् ॥२३८॥**

**અર્થ**—જેમણે અભિમાન અને કામદેવને જીત્યા છે, જેઓ મન વચન કાયાને અંગે કોઈપણ પ્રકારે વિકાર રહિત છે અને જેઓ પારકી આશાથી નિવૃત્ત થયેલા છે તેવા સારા માણુસોને અહીં જ મોક્ષ છે. (૨૩૮)

**વિવેચન**—પ્રશમસુખમાં રાચી રહેલા મનુષ્યો કેવા હોય છે તેનું વર્ણન આ ગાથામાં છે.



जैन साइट JAINSITE.com जिनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**મદ**—અહંકાર. હું તો ઘણો જબરો છું, મારી સાથે કોઈ ટક્કર ઝીલી શકે નહિ, અમે ઊંચા ખાનદાનના, અમારા બાપદાદાએ દેશતેડાં, નાતતેડાં કર્યાં હતાં, એવો કે એને મળતો કોઈ પણ પ્રકારનો અભિમાન-મોટાઈનો આવિર્ભાવ તે પ્રાણીને સંસારમાં રખડવાનું કારણ થાય છે. દુનિયામાં શેરને માથે સવાશેર જરૂર હોય છે, પણ અભિમાનમાં ઠાલો ઘડો જરૂર છલકાય છે અને તે અભિમાન પર વિજય મેળવવો તે ઘણું મુશ્કેલ કામ છે. નવરાશના વખતમાં પોતાનાં ભણુગાં ફૂંકવા અને પોતાની મોટાઈ કે મહત્તા બતાવવી એનું નામ સંસાર છે, કારણ કે અભિમાન સાચી કે ખોટી પૌદ્‌ગલિક બાબતનું થાય છે.

**મદન**—રૂપાળી સ્ત્રી તરફ આકર્ષાવું. તેનાં અંગોપાંગો નીરખવાં અને તેની સામે કામેચ્છાથી નજર કરવી. એ સર્વનો દેખીતો કે પ્રચ્છન્ન આશય કામભોગની ઇચ્છા જ છે. આ મદ અને મદન બન્નેને જેણે જીત્યા છે તે સારો માણસ છે, પ્રશમસુખનો ઇચ્છુક છે. પ્રશમરસનો ઇચ્છુક પ્રાણી આવો હોય છે. મનુષ્યસ્વભાવના અભ્યાસી મહાપુરુષનાં આ વચન છે.

**વિકાર**—મન, વચન અને કાયાના વિકાર વગરનો પ્રશમનો ઇચ્છુક કે પ્રશમસ્થિત પ્રાણી હોય છે. મનને ગમે ત્યાં રખડાવવું, કોઈનું અશુભ ચિંતવવું અને કોઈને ખાડામાં ઉતારવો તે મનયોગનાં વિકાર છે. કોઈને ગાળો દેવી, નકામી વાતો કરવી, કોઈની નિંદા કરવી (અવર્ણવાદ) તે સર્વનો વચનવિકારમાં સમાવેશ થાય છે. કાયા એટલે શરીરને અજયણાએ પ્રવર્તાવવું, તેનાથી અનેક પ્રાણીની હિંસા થાય; દોડાદોડ કરવી કે કોઈને ભેટવું તે સર્વ કાયાના વિકાર છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આવા પ્રકારના મન વચન કાયાના વિકારથી રહિત પ્રશમસ્થિત વ્યક્તિ હોય છે. એના ત્રણે યોગો વિકાર કે વિકૃતિ વગરના હોય છે. એને પોતાના શરીરને જરામાં ગરમીથી બચાવવાની, જરામાં ઠંડીથી બચાવવાની વૃત્તિ હોતી નથી.

**પરઆશા**—એવા માણસને પારકી કે પારકાની જરા પણ આશા હોતી નથી. એ શેઠ શું આપશે તેની કલ્પના પણ ન દોડાવે અને બીજો કાંઈ આપી દેશે કે ખરચશે એવો વિચાર પણ ન કરે. પારકો માણસ કોઈ પ્રકારનો પોતાનો લાભ કરી આપશે એવી આશા ન રાખે. પારકા ઉપર તાગડધિન્ના ન કરે. સસરા કાંઈ આપી જશે કે સાસુ તેડશે એવો વિચાર પણ એ ન કરે. આવો પ્રશમસુખમાં મગ્ન માણસ હોય. આ ગાથામાં ત્રણ વાત કરી.

(૧) પ્રશમવાળો પ્રાણી અભિમાન અને કામદેવ પર વિજય કરનારો હોય.

(૨) એના વચન, મન અને કાયાના યોગોમાં જરા સરખો વિકાર ન હોય.

(૩) એ કોઈ પણ પરમાણુસની જરા પણ આશા ન કરે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવા પ્રાણીને આ ભવમાં આ દુનિયામાં પણ મોક્ષનું સુખ જ છે, મોક્ષમાં જે મળવાનું છે તેની વાનગી અત્રે જ એ અનુભવી લે છે. પ્રશમસુખનો અર્થી આવો હોય, તે પરથી પ્રશમસુખ કેવું હોય તે સમજી લેજો. (૨૩૮)

સંસારમાં દુઃખો જ સર્વત્ર છે—

शब्दादिविषयपरिणाममनित्यं दुःखमेव च ज्ञात्वा ।
ज्ञात्वा च रागद्वेषात्मकानि दुःखानि संसारे ॥२३९॥

**અર્થ**—શબ્દ વગેરે વિષયોનું પરિણામ અનિત્ય છે અને તે હોય ત્યારે દુઃખ જ છે અને તે રાગદ્વેષમય દુઃખો આ સંસારમાં છે. એમ પ્રશમરસમાં મગ્ન પ્રાણી જાણે છે. (૨૩૯)

**વિવેચન**—આ ગાથામાં જેમને સાંસારિક પૌદ્ગલિક સુખો ગણવામાં આવે છે તે અનિત્ય, દુઃખમય છે, અને જાતે દુઃખ જ છે, એમ સમજી સરખામણીમાં પ્રશમસુખને જ આદરવા યોગ્ય તે જાણે છે.

**શબ્દ વગેરે**—વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, એ સર્વ ઇંદ્રિયજન્ય સુખો પરિણામે નકામાં છે, દુઃખ આપનાર છે, દુઃખમય છે, દુઃખ જ છે. એ તદ્દન નકામાં છે. એમાં જરાસરખું સુખ માનવું તે ખરું સુખ ક્યાં છે તે સમજવાનું આપણું અજ્ઞાન છે. વાસ્તવિક રીતે ઇંદ્રિયજન્ય સુખો પરિણામે તજવાના હોવાથી અને તે દુઃખમય હોવાથી તે સુખ કહેવાય જ નહિ. એ તો સ્મશાનના લાડુ છે, એમાં એલચીની સુવાસ કે સુખની ગંધ ક્યાંથી હોય? પરિણામે જાય ત્યારે એવી કટુતા મૂકતા જાય કે તેમને દુઃખ કહેવા જ ઉચિત છે.

**અનિત્ય**—એ સુખો (ઇંદ્રિયજન્ય) થોડા વખતમાં જનાર છે, તેથી હોય ત્યારે પણ સ્થાયી અને હમેશ માટે ન હોવાથી તે સુખના નામને લાયક નથી, પછવાડેથી કચકચાટ કરાવે એવા અનિત્ય સુખને સુખ કેમ કહેવાય? જવાના છે, કચવાટ અને ઉચાટ કરાવવાના છે. અને હોય ત્યારે એમાં શું સુખ છે? ભૂખ લાગે ત્યારે ખાઈએ એમાં શું સુખ? કામાગ્નિ વધી પડે ત્યારે વિષય સેવીએ એમાં શું સુખ? તરસ લાગે અને પાણી પીવાય એમાં શું સુખ?

**રાગદ્વેષ**—આવા માન્યતાના સુખો કાં તો કોઈ તરફના આકર્ષણ અથવા શત્રુના સામનાથી થયેલા છે. એમાં સુખ શું? એને સુખ કોણ કહે? રાગદ્વેષના ફરકડા ઉપર રાચી જવું અને તેનો કરેલો મારાં-તારાંનો વિભાગ સ્વીકારવો એ તો સરિયામ મૂર્ખતા છે, અંધતા છે, અજ્ઞાન છે.

JAINSITE.com जैन साइट
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવા પ્રકારના ઇંદ્રિયજન્ય સુખો છે, તેની સાથે પ્રશમસુખને સરખાવો, તે હોય ત્યારે આનંદ આપે છે અને નિરંતર લહેર કરાવે છે. જાતે નિત્ય છે અને સ્વાયત્ત છે એવા સુખને મૂકીને અનિત્ય, પરાધીન અને પરિણામે દુઃખ રૂપ સુખને કોણ ચાહે? હોય ત્યારે દુઃખ, ન હોય ત્યારે પણ દુઃખ એવાં અનિત્ય સુખ કયાં અને પ્રશમસુખ કયાં? આ સરખામણીમાં પ્રશમસુખ હજાર દરજ્જે સારું છે, પસંદ કરવા જેવું છે અને તેનો સ્વીકાર કરી માણવા જેવું છે.

'દ્વેષ' સ્થાને કોઈ પ્રતમાં 'દોષ' પાઠ છે. સંબંધ પરથી મને દ્વેષ પાઠ વધારે યોગ્ય હોય તેમ લાગ્યું છે. (૨૩૯)

### હમેશનો સુખી કોણ?—

**स्वशरीरेऽपि न रज्यति शत्रावपि न प्रदोषमुपयाति ।**
**रोगजरामरणभयैरबाधितो यः स नित्यसुखी ॥२४०॥**

**અર્થ**—(પ્રશમરસમાં નિમગ્ન પ્રાણી) પોતાના શરીર ઉપર પણ રાગ ધરતો નથી, શત્રુ ઉપર જરા પણ દ્વેષ લાવતો નથી; તેમ જ રોગ, ઘડપણ કે મરણના ભયથી જરા પણ પીડા પામતો નથી. આવો પ્રાણી હમેશને માટે સુખી હોય છે. (૨૪૦)

**વિવેચન**—પ્રશમરસમાં ડૂબી ગયેલ પ્રાણી કેવો હોય છે તેનું વધારે વર્ણન કરે છે.

**સ્વશરીર**—પોતાના શરીર ઉપર રાગ લાવતો નથી. એ જરા ગરમી પડતાં માથેરાન, મહાબલેશ્વર, નૈનિતાલ કે અલમોડા દોડયો જતો નથી અને શરીરસુખાકારી માટે એ બંદરના કોઈપણ ગામતરે ગમન કરતો નથી. એ શરીરને પારકું અને પૌદ્ગલિક જ ગણે છે. શરીર આ ભવ પર્યંતનો જ મિત્ર છે અને સ્મશાન સુધીનું જ સગું છે એમ તે માને છે અને તે પ્રમાણે તેની પાસેથી કામ લે છે. શરીરને એ પંપાળતો નથી, પણ તેનાથી કામ તો જરૂર લે છે. એ ખાટલે પડીને ખાતો નથી, પણ શરીરને તકલીફ આપવામાં અચકાતો નથી.

**પ્રદોષ**—પ્રદ્વેષ. એ શત્રુ તરફ પણ દ્વેષ લાવતો નથી. અથવા વાસ્તવિક રીતે એને કોઈ શત્રુ જ હોતો નથી. શત્રુની ખરાબી થાય તેમાં તે રાજી થતો નથી અને કોઈનું ખરાબ થાય તે તેને ગમતું નથી. તેના મતને મળતા ન થાય તેમના ઉપર દ્વેષ કરતો નથી. આવા અજાતશત્રુ માણસો કોઈ કોઈ હોય છે. એ તો એના નિજાનંદમાં જ મસ્ત હોય છે.

**ભય**—સાત પ્રકારના સાધારણતઃ હોય છે, તેના ઉપર અગાઉ વિવેચન થઈ ગયું છે. એવા આ ભવના ભય કે પરભવના ભય કે આજીવિકાભય કે અકસ્માતભય તેને જરાપણ બીક લગાડતા નથી. એ મસ્ત પ્રાણીને રોગ, જરા (ઘડપણ) કે મરણનો ભય જરાપણ

जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લાગતો નથી. એ તો પોતાના આંતરનાદમાં મસ્ત રહી આનંદ ભોગવે છે અને કાલે શું કે ઘડીકવાર પછી શું થશે તેની ચિંતા કરતો નથી.

**સુખી**—આવો ગુણસંપન્ન જે પ્રાણી હોય તે હંમેશનો સુખી છે. નિજાનંદમાં મસ્ત અને કાલની ફિકરચિંતા વગરના પ્રાણીને દુઃખ શું હોય? કાલની વાત કાલ કરે એવું આવા પ્રશમરસમાં મગ્ન પ્રાણીનું આનંદમય જીવન હોય છે. આવા પ્રશમરસમાં લહેર કરતા માણસને તો એકવાર દર્શનપથમાં લાવવો ઘટે. એના દર્શન પણ પવિત્ર છે, આપણને પણ પવિત્ર કરનાર નીવડે છે. આવા સુખી માણસને જોવા જોઈએ, તેમનું અનુકરણ કરવું જોઈએ. એવા સુંદર માણસનું જીવન ધન્ય છે. આ કેવો હોય તે આવતી બે ગાથામાં પણ વર્ણવશે. (૨૪૦)

## પ્રશમરસમાં નિમગ્ન પ્રાણીનું વર્ણન—

धर्मध्यानाभिरतस्त्रिदण्डविरतस्त्रिगुप्तिगुप्तात्मा ।
सुखमास्ते निर्द्वन्द्वो जितेन्द्रियपरीषहकषायः ॥२४१॥

**અર્થ**—ધર્મધ્યાનમાં લાગી ગયેલ, ત્રણ પ્રકારના દંડથી પાછો હઠેલ, ત્રણ ગુપ્તિથી રક્ષાયલો અને જેના સર્વ પ્રકારનાં દ્વન્દ્વો ગયેલાં છે એવો, જીતેલ ઇંદ્રિયવાળો, જીતેલ પરીષહવાળો અને જીતેલ કષાયવાળો આત્મા પ્રશમસુખમાં મગ્ન છે. (૨૪૧)

JAINSITE.com જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

**વિવેચન**—આ ગાથામાં પણ પ્રશમસુખમાં મગ્ન થયેલ પ્રાણીનું વર્ણન કરી તે દ્વારા પ્રશમસુખ કેવું હોય તે આગળની માફક પૂરક રીતે બતાવે છે.

**ધર્મધ્યાન**—આ ધર્મ સુધ્યાનના બે રીતે ચાર ભેદો થાય છે અને તે કેવા હોય તેની વિગત 'જૈન દૃષ્ટિએ યોગ' ભાગ ૧ લામાં આપવામાં આવી છે. સંક્ષેપમાં તેના આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય અને સંસ્થાનવિચય અથવા પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત એમ ચાર ચાર વિભાગો પડે છે. વિગત માટે સદર પુસ્તક જુઓ.

**ત્રિદંડ**—મનના, વચનના અને કાયાના દુષ્ટ દંડથી રહિત થયેલો, એટલે જે ખોટું કે માઠું ચિંતવે નહિ, બોલે નહિ અને વર્તે નહિ. એ ત્રણ રીતે એકસરખો વર્તે. એ વિચારે જુદું, બોલે બીજું અને વર્તે જુદી રીતે એમ પણ નહિ. એ મનથી વચનથી અને કાયાથી એકસરખો રહે અને એકસરખી ક્રિયા કરે.

**ત્રિગુપ્તિ**—એનો આત્મા મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિથી સારી રીતે રક્ષાયેલો હોય છે. એને મન, વચન અને કાયા સારી રીતે પોતાને વશ હોય છે.

**નિર્દ્વન્દ્વ**—એના કલહ અથવા વૈરવિરોધ કે એવા સામસામાં તત્ત્વો ગયેલાં હોય છે. એને કોઈની સાથે કલહ કે એને કોઈ સાથે મારામારી કે ચડભડપણું હોતું નથી. કલહ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તો વિરોધ હોય ત્યારે જ થાય. આ પ્રશમરસમાં નિમગ્ન પ્રાણીને કોઈની સાથે કલહ નથી, કોઈની સાથે વાંધો નથી, એ કોઈનું બૂરું ઇચ્છતો નથી.

**જિતેન્દ્રિય**—આ પ્રશમરસમાં મગ્ન થયેલ પ્રાણીએ પોતાની પાંચે ઇંદ્રિયો (સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર) પર ખૂબ વિજય મેળવ્યો હોય છે. એણે ઇંદ્રિય પર સામ્રાજ્ય મેળવેલ હોય છે. ઇંદ્રિય પર વિજય મેળવનાર જીતેંદ્રિય કહેવાય છે.

**પરિષહ**—આગલા પ્રકરણ નવમાં બાવીશ પરીષહનું વર્ણન થઈ ગયું છે. આ બાવીશ પરિષહો એણે જીતેલ છે. પરિષહ શબ્દ પરિષહ અને પરીષહ એમ બે રીતે લખાય છે. એમાં અનુકૂળ પરીષહો તે ખમે છે અને પ્રતિકૂળ પરિષહો ઉપર એણે વિજય મેળવેલ હોય છે. એ ગમે તેવા પરીષહો આવે તેથી ગભરાતો નથી, આવી જીત એણે પરિષહો પર મેળવેલ હોય છે.

**કષાય**—ક્રોધ, માન, માયા અને લોભ પર પણ એણે વિજય મેળવેલ હોય છે. એ કષાયથી થતો સંસારનો લાભ સમજે છે અને તે કષાય કરવાનો પ્રસંગ આવે ત્યારે પણ ચેતીને ચાલે છે, કદી કષાય કરતો નથી અને આ રીતે એણે કષાય પર વિજય–જીત પ્રાપ્ત કરેલ હોય છે.

આવો પ્રશમરસમાં મગ્ન પ્રાણી હોય છે. અને તેના ઉપરથી પ્રશમરસ કેવો હોય તેની વ્યાખ્યા શોધી કાઢવાની છે.

આવો પ્રાણી પોતે સુખી રહે છે, બીજાને સુખી કરે છે અને તે બન્ને નહિ તો અસુખી થતો નથી અને બીજાને કરતો નથી. (૨૪૧)

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

### પ્રશમીનું બાકીનું વર્ણન—

**विषयसुखनिरभिलाषः प्रशमगुणगणाभ्यलंकृतः साधुः ।**
**द्योतयति यथा न तथा सर्वाण्यादित्यतेजांसि ॥२४२॥**

**અર્થ**—વિષયસુખની અભિલાષા વગરના અને સમતા ગુણોથી અલંકારાયેલા સાધુપુરુષ સર્વ સૂર્યના તેજથી પણ એવા વધારે દીપે છે, શોભે છે કે સર્વ સૂર્યોનું તેજ પણ તેમની આગળ ઝળકાટ મારતું નથી. (૨૪૨)

**વિવેચન**—આ ગાથામાં પ્રશમીનું અદ્ભુત વર્ણન કરે છે. તે આગલી ગાથાનું પૂરક છે.

**વિષય**—પાંચ ઇંદ્રિયના તેવીશ વિષયો થાય છે. આમાંના કોઈ પણ ઇંદ્રિયના વિષયની સાધુપુરુષ અભિલાષા–ઇચ્છા કરતા નથી.

**ગુણ**—એમનામાં રહેલા અનેક સદ્ગુણો એમને એટલા બધા અલંકરી રહેલ હોય છે કે એ સત્ય, દયાળુતા, સમતા, પ્રશમ, પરકથાત્યાગ, આદિ અનેક ગુણોથી ખૂબ શોભતા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય છે. જેમ કોઈને ઘરેણાં પહેરાવ્યાં હોય ને શોભે તેમ અનેક ગુણગણ એટલે ગુણના સમૂહથી એ દીપી નીકળે છે. પ્રશમની વ્યાખ્યા ચાલે છે. તેના વર્ણનમાં પ્રશમગુણના વખાણ કર્યા છે. તે જરા વિચારવા યોગ્ય લાગે છે. પણ સાધુસંતને તે ઘરેણાતુલ્ય છે એટલો જ એનો ભાવ છે.

**સર્વઆદિત્ય**–અનેક સૂર્યો છે, આ જંબૂદ્વીપમાં પણ બે ચંદ્ર અને બે સૂર્ય છે. અઢીદ્વીપમાં ઘણા સૂર્યો છે. આવા અનેક સૂર્યના તેજથી પણ એનું તેજ વધી જાય છે. સાધુ પોતાના ગુણોથી સૂર્યના તેજથી પણ વધારે ઝળકે છે. એ એનો ભાવાર્થ છે.

આ ગાથાનો ભાવ એ છે કે તેજની બાબતમાં સર્વ સૂર્યના તેજ કરતાં આ પ્રશમરસમાં ડૂબેલ વ્યક્તિનું તેજ ઘણું વધારે હોય છે, મતલબ સર્વ તેજસ્વી સૂર્યો પણ એની પાસે નિર્માલ્ય લાગે છે. નિરભિલાષ હોય, શરીરની દરકાર વગરના હોય તેવા ગરીબ–બાપડા–ભિચારા લાગે એમ ધરાય, એ પ્રકારની શંકાને દૂર કરવા કહે છે કે પ્રશમરસમાં નિમગ્ન પ્રાણીનું તેજ સર્વ સૂર્યના તેજ કરતાં પણ વધારે થાય છે. (૨૪૨)

**પ્રશમગુણની મહત્તા—**

सम्यग्दृष्टिर्ज्ञानी विरतितपोबलयुतोऽप्यनुपशान्तः ।
तं न लभते गुणं यत् प्रशमगुणमुपाश्रितो लभते ॥२४३॥

जैन साईट JAINSITE .com

**અર્થ**—સાધુ સમ્યગ્દર્શી હોય, સમ્યગ્જ્ઞાની હોય, વિરતિ ધરાવતો હોય, તપના બળવાળો હોય પણ જો તેણે ક્રોધ વગેરે કષાયોને જીત્યા ન હોય તો પ્રશમગુણમાં મગ્ન રહેલાને આધ્યાત્મિક શાંતિનો જેટલો લાભ થાય છે તેટલો લાભ તેને થતો નથી. (૨૪૩)

**વિવેચન**—આ શ્લોકમાં પ્રશમગુણની મહત્તા દર્શાવી છે. સર્વ સાધના તેનાથી જ ખરી ફળવતી બને છે. તેના વિના સાધના ઝાંખી પડે છે અને ખરો લાભ કરતી નથી. માટે ક્રોધ વગેરે કષાયો જીતી પ્રશમગુણ કેળવવો જોઈએ. (૨૪૩)

* * *

આ રીતે આ પ્રશમનું નાનું પ્રકરણ આઠ શ્લોકમાં પૂરું થાય છે. આ આખા પ્રકરણમાં ગ્રંથકર્તાએ પ્રશમસુખમગ્ન જીવ કેવો હોય તેનું વર્ણન કરી પ્રશમની વ્યાખ્યા તે પરથી તારવવાનું વાંચનાર પર છોડ્યું છે. ટીકાકારે તો ચરણાધિકાર અહીં જ પૂર્ણ કર્યો છે. તેઓના મત મુજબ પ્રશમ નામનું પ્રકરણ જુદું પાડવાનું નથી. આપણે તો સગવડ જોઈએ છે. પ્રશમનું પ્રકરણ જુદું પાડવું સગવડ ભરેલું છે. અને પ્રશમની વાત શી કરવી ! અહીં બાળપણમાં વાંચેલ એક વાર્તા યાદ આવે છે.

ભોજરાજાએ ધનપાળ પંડિતને મોકલ્યા કે પૂજા કરી આવો. પૂજાનો સામાન રાજાએ આપ્યો. તે પ્રથમ રાધાકૃષ્ણના મંદિરમાં ગયા અને તુરત જ પડદો કરી પાછા ફર્યા. પછી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સૂર્યના મંદિરમાં ગયા, ત્યાંથી આંખો ચોળતાં ચોળતાં પૂજાનો સામાન લઈ બહાર નીકળ્યા. એમ ઘણા મંદિરે ગયા. છેવટે જિનેશ્વર દેવના મંદિરે ગયા. ત્યાં એના દિલને શાંતિ થઈ. કોઈ સ્ત્રીનો સહવાસ નહિ, ભવ્ય અને શાંત મુદ્રા જોઈ સ્તુતિ કરી. રાજાએ પૂછ્યું ત્યારે જવાબ આપ્યો કે ગૃહસ્થી પણ સ્ત્રી સાથે હોય ત્યારે પડદો રાખે છે. તેથી મેં કૃષ્ણને રાધા સાથે જોઈ શરમથી પડદો બાંધ્યો અને સૂર્યના મંદિરમાં હું જ તેજથી આંખો પડી ગયો અને વીતરાગના સર્વ ગુણ તો મેં જિનેશ્વરમાં જ જોયા તેથી તેની પૂજા કરી. ત્યાં એક શ્લોક બોલે છે.

प्रशमरसनिमग्नं दृष्टियुग्मप्रसन्नं,<br>
वदनकमलमङ्कः कामिनीसंगशून्यः ।<br>
करयुगमपि यत् ते शस्त्रसंबन्धवन्ध्यं,<br>
तदसि जगति देवो वीतरागस्त्वमेव ॥

ભગવાનની મૂર્તિ સમતારસમાં–પ્રશમમાં મગ્ન થયેલ છે. તારી બંને આંખો પ્રસન્ન છે, તારો ખોળો સ્ત્રીસંગ વગરનો છે, હાથમાં કોઈ જાતનું શસ્ત્ર નથી, માટે તું જ આ જગતમાં ખરો વીતરાગ છે. આમાં પ્રશમરસની મહત્તા બતાવી છે. આ આખો શ્લોક વિચારણાને જગાવે તેવો છે અને વીતરાગતા ક્યાં હોય તે બતાવનાર છે. અનેક દેવોની એમાં ટીકા છે, પણ તે સર્વ વાસ્તવિક છે અને ધનપાલે અંતે વીતરાગની પૂજા કરી તેની સમુચિતતાનો બચાવ છે. પ્રશમનું સાચું વાસ્તવિક દર્શન તે આ શ્લોકમાં કરાવે છે.

जैन साइट JAINSITE.com जैनम् जयति शासनम्

આ વર્ણનમાં બેએક બાબતો પર ખાસ ધ્યાન ખેંચવા જેવું લાગે છે. એક તો આ પૌદ્ગલિક લોકમાં કોઈ એવી વસ્તુ નથી કે તેને પ્રશમસુખની સાથે સરખાવી શકાય. જ્યાં ઉપમા આપવા યોગ્ય વસ્તુનો જ અભાવ હોય તે કેવી ઊંચી વસ્તુ હશે અને કેટલી મૂલ્યવાન હશે તે અનુભવવાથી જ જાણી શકાય. એ કાંઈ જેવી તેવી સાધારણ ચાલુ કે વહેવારુ વાત નથી. એની સરખામણીમાં મૂકી શકાય તેવી કોઈપણ વસ્તુ આ લોકમાં અને દેવલોકમાં છે જ નહિ. મતલબ તે મહામૂલ્યવાન ભારે વસ્તુ છે. આવું પ્રશમસુખ છે તે ખાસ લક્ષમાં રાખવાનું છે, બાકી તો જ્યારે એ સુખ મળશે ત્યારે જ તેનો અનુભવ થશે અને ત્યારે જ તેનું મૂલ્ય સમજાશે. બીજી મહત્ત્વની વાત કરી છે તે એ છે કે એ બજારુ પદાર્થ ન હોવાથી તે પૈસા આપીને – મૂલ્ય આપીને ખરીદી શકાય તેવી વસ્તુ નથી. વસ્તુના ભાવ ખપ અને છત ઉપર આધાર રાખે છે, એમ અર્થશાસ્ત્રને અંગે આપણને ભણાવવામાં આવ્યું છે. પણ આ પ્રશમ તો એવી ચીજ છે કે એ બજારમાંથી ખરીદી શકાતી નથી. એટલે આ પ્રશમ ખરીદવાની કે વેચવાની વસ્તુ નથી. એ તો અંતરાત્માનો સ્વાનુભવ છે. આ બે વાત ખાસ ધ્યાનમાં રાખી સમજવા યોગ્ય છે. બાકી માણસો અહીં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એવી રીતે જીવન ગાળતા હોય છે કે તેનો અભ્યાસ કરતાં તેઓની આ જિંદગીનું રહસ્ય જરાએ સમજાતું નથી. સવારથી મોડી રાત સુધી આંટા મારવા, નકામી વાતોમાં વખત પસાર કરવો, પોતાના જાણીતાની સાચીખોટી વાતો કરવી, કોઈ વાત જાણી હોય તેના સાચાપણા સંબંધી તપાસ કર્યા વિના તેને ફેલાવવી અને આખો દિવસ કે રાત કાંઈ ઉપયોગી ચીજ કર્યા વગર મરી જવું. આવો એમના જીવનનો ક્રમ હોય છે. તેઓ પોતાની વાત બનાવી બનાવીને એવી રીતે કરે છે કે જાણે દુનિયાનો અનુભવ તેમને જ છે અને બીજા બધા તો નકામા પથરા ભાંગે છે. આવા માણસોના જીવન જોઈ ખરેખર દયા આવે તેવું છે, પણ આપણે પોતે તેમાંના એક કેમ ન હોઈએ ? પોતાના જીવન ઉપર પારાશીશી મૂકવાથી આ વાત જણાશે. પ્રશમસુખને આટલું બધું વખાણ્યું છે તો આવી નકામી જિંદગીને ગાળવા કરતાં પ્રશમસુખનો જરા આસ્વાદ કરી લો. એ તમને સ્વાનુભવથી મળશે, બજારમાં એ ધન આપીને ખરીદાય તેવી વસ્તુ નથી અને જ્યારે અનુભવી માણસોએ એનાં આટલાં વખાણ કર્યા છે તો તે ખાસ મેળવી માણવા જેવું જરૂર હશે. તેથી આ નિરુપમ સુખનો અનુભવ આ ભવમાં કરવા વિચાર કરવો.

તે માટે અનુકૂળ દેશ, સમજણશક્તિ અને ફુરસદ છે તો તેનો લાભ લઈ પ્રશમસુખની વાનગી તો જરૂર ચાખવી અને સમજવું કે આવો અવસર ફરી ફરીને નહિ આવે. અત્યારનો વખત આપણે માટે ખોટો નથી. તેનો લાભ લેવો. યાદ રાખવું કે આ જ પ્રશમે આ પુસ્તકને પોતાના નામને આપ્યું છે અને ઉમાસ્વાતિ જેવા નિઃસ્વાર્થની તેને માટે સાક્ષી અને પ્રેરણા છે.

॥ इति प्रशमप्रकरणम् ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ ૧૨ મું : શીલાંગ

આ ઘણા નાના પ્રકરણનું નામ શીલાંગ રાખવામાં આવ્યું છે. આપણે 'અઢાર હજાર શીલાંગ રથના ધોરી' એવી રથની ઉપમા સાધુને અપાતી ઘણી વાર વાંચી હશે, પણ એ અઢાર હજાર શીલાંગ શું અને એ રથ કેવો હોય તે સંબંધી બહુ ઓછાએ વિચાર કર્યો હશે. આપણે એ બન્ને વાત સમજવા યત્ન કરીએ, કારણ કે સાધુજીવનમાં આ અઢાર હજાર શીલાંગો ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે.

પ્રથમ તો એક ગેરસમજૂતી દૂર કરી દઈએ—શીલાંગને બ્રહ્મચર્ય સાથે કાંઈ સંબંધ નથી.

આ પ્રકરણ લખનાર નાની વયનો હતો ત્યારે શીલાંગ અને શિયળ વચ્ચે ગોટાળો કરી ભારે મોટી ગૂંચવણ કરતો હતો. આ ગોટાળો આવી રીતે દૂર થાય. 'શિયળ' એટલે બ્રહ્મચર્ય અને શીલાંગ એટલે સાધુવર્તનનું ધોરણ. આ બન્ને શબ્દો કોષમાં આપેલ નથી. કોષમાં 'શીલાંગ' તો નથી જ, પણ સારા આચરણના અર્થમાં 'શીલ' શબ્દ મૂકવામાં આવેલ છે. આ શીલાંગને અંગે જૈન તત્ત્વજ્ઞાન બહુ સ્પષ્ટ છે, ભારે ચોક્કસ છે અને ખૂબ વિગતવાર તેનું વર્ણન કરે છે. આપણે ૨૪૪મી ગાથામાં જોઈશું કે શીલાંગના અઢાર હજાર પ્રકાર કરવામાં આવ્યા છે.

આ પ્રસંગે એક વાત કરવી જોઈએ કે જૈન તત્ત્વજ્ઞાનમાં ભેદ કે ઉપભેદ કરવામાં આવ્યા છે, ત્યાં division by dichotomy એટલે કોઈપણ વાત ન રહી જાય અને કોઈ પણ વાત બેવડાય નહિ એવી વૈજ્ઞાનિક પદ્ધતિએ આ વિભાગ પાડવામાં આવ્યા છે. વિભાગો બહુ સુંદર વિચારપૂર્વક વૈજ્ઞાનિક રીતે પાડેલ છે, તે સમજવા સહેલા છે અને તર્કપદ્ધતિએ સ્વીકારાયેલા હોઈ સંપૂર્ણ છે. આ દૃષ્ટિએ આપણે જોઈશું કે શીલાંગના અઢાર હજાર ભેદ પણ વૈજ્ઞાનિક પદ્ધતિએ પાડવામાં આવ્યા છે. આ હકીકત સદર ગાથાના વિવેચનમાં વધારે વિચારવામાં આવશે. આવા વૈજ્ઞાનિક પદ્ધતિએ વિભાગ પાડેલા શીલાંગો ખૂબ મહત્ત્વના છે અને જૈન ધર્મના તો પ્રાણ છે, આધારભૂત છે અને સાધુજીવનનું તો સર્વસ્વ છે.

સાધુ તો શીલ ઉપર જ સાધુતા નભાવે છે અને એણે તો જીવનને શીલને અનુરૂપ કરવું જ રહ્યું, એટલે સાધુજીવનના એ શીલાંગો પ્રાણ છે. એનો રથ કેવો થાય છે તે વગેરે આપણે યોગ્ય જગાએ જોઈશું, પણ આ પ્રકરણ નાનું છે, માટે ઉપેક્ષા કરવા જેવું નથી. ઘણો ખરો ઉપદેશ સઘન સંક્ષેપમાં કરવામાં આવેલ હોય છે. ગ્રંથકાર તો એક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અક્ષર ઓછો લખાય તેને પુત્રજન્મ સમ વધામણી ગણે છે, એટલે લખનારે કેટલાં પાનાં લખ્યાં તે પર તેનું મહત્ત્વ નથી, પણ શું લખ્યું અને કેવું હૃદય પર અસર કરનાર લખ્યું તે પર તેની ફતેહનો ઘણો આધાર છે. માટે આ નાના પ્રકરણની મહત્તા જોઈ તેના પર સવિશેષ ધ્યાન આપવું અને તેમાંથી સારતત્ત્વ તારવવું. આ પ્રકરણ સાધુને માટે તો જીવન સમાન છે, અને શ્રાવકને અને અન્યને માટે પણ અતિ ઉપયોગી વાચન પૂરું પાડે છે.

એટલા માટે આ શીલાંગોને અને તેના ઉત્તર પ્રકારોને સારી રીતે સમજવાં અને ન સમજાય તો અન્યને કે ગુરુને પૂછીને સમજવાં. આ શીલાંગોને ઉવેખી ન મૂકવા. આ શીલાંગો જીવનનું મજબૂત ઘડતર કરવા જરૂરી છે, વળી તે પોતાને જ હિતકર્ત્તા છે અને અવાંતરે અન્યનું પણ તેમાં હિત રહેલું છે. પોતાના લાભની દૃષ્ટિએ અને કાંઈક બીજાને લાભ એથી કરી શકાય છે તે દૃષ્ટિએ એ ઘણી ઉપયોગી બાબત છે. તેથી, જેમ પાણી સપાટી ઉપરથી ચાલ્યું જાય અને પોતે તો કોરો ધાકોર રહી જાય એ સ્થિતિ ન થવી જોઈએ. આ પ્રાણી ઘણા વખતથી રખડયા કરે છે તેનું કારણ આ જાતની ઉપેક્ષાવૃત્તિ છે. ઘણા ગંભીરપણે આ શીલાંગો સમજવા, ધારવા અને અનુસરવા યોગ્ય છે અને સ્વલાભ ખાતર એ જરૂરી છે. આપણે સર્વ ક્રિયા સ્વલાભ ખાતર જ કરવાની છે કારણ કે પારકાને કે પરને લાભ થાય કે નહિ એ સંદેહયુક્ત વાત છે. પરને લાભ થઈ જાય તે પણ અંતે સ્વલાભમાં પરિણમે છે. પરલાભ પણ તેટલા માટે સ્વલાભ છે. માટે આ શીલાંગોને વિગતવાર સમજીને આદરવા અને અમલમાં મૂકવા અને જ્યાં અમલ ન કરી શકાય ત્યાં પણ અમલમાં મૂકવાનો ભાવ તો જરૂર રાખવો. મહાન લાભ કરનાર શીલાંગો છે. તે કેવી રીતે થાય છે તે સમજી આપણે તેનું મહત્ત્વ ફરીવાર આ પ્રકરણના અંતભાગમાં વિચારીશું. દરમ્યાન આ દ્રવ્યાનુયોગનો ઘણો અગત્યનો વિષય છે એટલું જણાવ્યું. જે પુરુષે શીલાંગ જીવી જાણ્યા છે અને અમલમાં મૂક્યા છે તેના શબ્દો આપણે જોઈએ, વિચારીએ અને એનું મહત્ત્વ સમજીએ અને ન સમજાય તો અન્યને પૂછીએ, ગુરુગમે જાણીએ અને તેની વિચારણા કરીએ.

ગ્રંથકારના શબ્દો આ રહ્યા. ખૂબ વિચારવા યોગ્ય આ નાનું પ્રકરણ છે અને ખાસ વિચારણા માગે છે. સાધુનું તે જીવન છે અને શ્રાવક અથવા અન્યને તે ભાવનાનું સાધન પૂરું પાડે છે.

**શીલાંગને પ્રવેશાવે છે—**

**सम्यग्दृष्टिर्ज्ञानी विरतितपोध्यानभावनायोगैः ।**
**शीलाङ्गसहस्राष्टादशकमयत्नेन साधयति ॥२४४॥**

**અર્થ**—સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનવાન પ્રાણી ત્યાગભાવ, બાહ્ય અને આંતરિક તપ તથા શુભ વૃત્તિ અને ભાવના વડે અઢાર હજાર શીલાંગોને વગર પ્રયાસે સાધે છે. (૨૪૪)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિવેચન**—આ નવીન નાના પ્રકરણનો વિષય શીલાંગનો છે. આ પ્રકરણમાં ગ્રંથકાર શીલાંગોની સાથે પરિચય (introduction) કરાવે છે. એની વિગત આગલી આવતી ગાથામાં કહેવામાં આવશે. અહીં તો તે વાતને દાખલ કરવા પ્રાથમિક ઓળખાણ માત્ર કરાવે છે.

**સમ્યગ્દૃષ્ટિ**—જે સાચી શ્રદ્ધાવાળા હોય તે આ શીલાંગને પાળવાને લાયક થાય છે. આ કાંઈ જેના તેના ખેલ નથી. આ શીલાંગોના અધિકારી પણ કેવા પવિત્ર પ્રાણીઓ હોય છે તે સ્પષ્ટ થાય છે. એની શ્રદ્ધા સમ્યક્ પ્રકારની હોવી જોઈએ. એ સમ્યગ્દૃષ્ટિ પ્રાણી આ શીલાંગનો અધિકારી છે.

**જ્ઞાની**—એકલી શ્રદ્ધા નહિ, પણ તેમાં જ્ઞાન પણ હોવું જોઈએ. સારાને તારવી લેવાની તેમાં વાચનને લીધે આવડત હોવી ઘટે. આવા પ્રકારના જીવો આ શીલાંગો ધારી શકે, એ વાત હજી સ્પષ્ટ નીચે થશે અને ખાતરી થશે કે શીલાંગો આવા પ્રાણીથી જ સાધી શકાય છે. એ હામજી ભામજીના કે લેભાગુના ખેલ નથી. જેના દર્શન અને જ્ઞાન સમ્યક્ પ્રકારનાં હોય તે જ એને સાધી શકે છે. એ કેવાં સાધનોથી એને સાધે તે આપણે હવે આ જ ગાથામાં નીચે જોઈશું. સમ્યક્ પ્રકારનો તત્ત્વાવબોધ જ્ઞાનીને હોય. તેવો માણસ શું કરે તે કહેશે. વળી તે સાધનો કેવાં વાપરે છે તે આ ગાથામાં આડકતરી રીતે બતાવે છે.

**વિરતિ**—વિરામ પામવું તે, ત્યાગ, છોડવું તે. વિરતિ એટલે ત્યાગ. એનું જીવન ભોગ ભોગવવા માટે ન હોય, પણ તજવા, અને તેટલો ત્યાગ કરવાને અંગે હોય. આ ત્યાગને એ હથિયાર—સાધન તરીકે વાપરે છે. જે પચ્ચખ્ખાણ લેવામાં આવે છે તે સારા વખતનો લીધેલો લાભ છે અને તે વખતે કરેલ સારા ભવિષ્યના નિશ્ચય છે. આ વિરતિનો એ સદુપયોગ કરે છે.

**તપ**—બાહ્ય અને આભ્યંતર તપ અગાઉ આપણે નવમા સંવર તત્ત્વના પ્રકરણમાં વર્ણવી ગયા છીએ. એ તપ કર્યા કરે છે. એ બાહ્ય અને આભ્યંતર તપમાં રાચે છે. અને એ તપનો શીલાંગને અંગે સાધન તરીકે ઉપયોગ કરે છે.

**ધ્યાન**—એ જ નવમા સંવર તત્ત્વના પ્રકરણમાં ધર્મધ્યાન અને શુક્લધ્યાનના ભેદો આપણે વિચારી ગયા છીએ. એ બન્ને પ્રકારના સદ્ધ્યાનોને પણ આવા શીલાંગધારી પ્રાણી સાધન તરીકે વાપરી તેમનો લાભ લે છે.

**ભાવના**—અનિત્ય વગેરે બાર અથવા સોળ ભાવના. આપણે એ નવમા પ્રકરણમાં વિસ્તારથી જોઈ ગયા. એ અવકાશને વખતે સોળમાંથી કોઈપણ ભાવના ભાવે છે. અને એ રીતે ભાવનાને શીલાંગનું સાધન બનાવે છે.

**યોગ**—મન, વચન, કાયાના યોગને સાધન તરીકે વાપરવા આવશ્યક પડિલેહણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વગેરે અનેક વ્યવસાયે અથવા યોગો બતાવ્યા છે; તે સમજી જાણી, વિચારી, પ્રાણી એવા યોગમાં પ્રવૃત્ત રહી શીલાંગ સાધે છે.

**શીલાંગ**—અઢાર હજાર શીલાંગોને આ સાધનો વડે એ ધારણ કરે છે. એ શીલાંગો કેવા છે તે જાણ્યા પછી તેનું ઉપાદેયત્વ વિચારીશું. અહીં તો કેવાં સાધનો વાપરી પ્રાણી શીલાંગમાં તત્પર રહે છે તે બતાવે છે.

**યત્ન**—શીલાંગો પ્રયત્ન કર્યા સિવાય સાધી શકાતાં નથી. એને માટે યત્ન કરવો પડે, એ સર્વ પ્રકારના યત્નો કરે અને યત્નપૂર્વક શીલાંગને સાધે. શીલાંગને શિયળ સાથે ન ગૂંચવવા, એ તરફ ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે. (૨૪૪)

**અઢાર હજાર શીલાંગો—**

**धर्माद् भूम्यादीन्द्रियसंज्ञाभ्यः करणतश्च योगाच्च ।**
**शीलाङ्गसहस्राणामष्टादशकस्य निष्पत्तिः ॥२४५॥**

**અર્થ**—દશપ્રકારના યતિધર્મોને, ભૂમિ (પૃથ્વી) વગેરે દશપ્રકારની હિંસાથી અટકવું-વિરમણ તેને, પાંચ ઇંદ્રિયો સાથે અને તે પ્રત્યેકને ચાર સંજ્ઞા સાથે મેળવતાં અને તેને મન, વચન, કાયાથી કરણ કરાવણ અને અનુમોદન સાથે મેળવતાં અઢાર હજાર શીલાંગોની ઉત્પત્તિ થાય છે. (૨૪૫)

**વિવેચન**—અઢાર હજાર શીલાંગો કેવી રીતે કરવા તેની વિધિ વિગતવાર આ પ્રકરણમાં રજૂ કરે છે. પછી કેટલાંક ટાંચણોથી આપણે તેને વધારે મજબૂત કરીશું.

**ધર્મ**—દશ યતિધર્મો. આપણે આ દશ યતિધર્મનું વર્ણન પ્રકરણ સાતમાં જોઈ ગયા છીએ. તેઓનાં નામો આ પ્રમાણે છે. ૧. ક્ષમાધર્મ. ૨. માર્દવધર્મ. ૩. આર્જવ. ૪. લોભત્યાગ (મુક્તિધર્મ). ૫. તપધર્મ. ૬. સંયમધર્મ. ૭. સત્યધર્મ. ૮. શૌચધર્મ. ૯. અકિંચનતાધર્મ. ૧૦. બ્રહ્મચર્યધર્મ.

**ભૂમ્યાદિ**—પૃથ્વીકાયાદિ દશ પ્રકારના આરંભનો ત્યાગ, તે દશ આ પ્રમાણે ૧. પૃથ્વીકાય આરંભ, ૨. અપ્કાય આરંભ, ૩. તેજસ્કાય આરંભ, ૪. વાયુકાય આરંભ ૫. વનસ્પતિકાય આરંભ, ૬. બેઇંદ્રિય આરંભ, ૭. તેઇંદ્રિય આરંભ, ૮. ચઉરિંદ્રિય આરંભ, ૯. પંચેંદ્રિય આરંભ અને ૧૦મો અજીવ આરંભ.

**ઇંદ્રિય**—પાંચ ઇંદ્રિયો છે. ૧. સ્પર્શેંદ્રિય, ૨. રસેંદ્રિય, ૩. ઘ્રાણેંદ્રિય, ૪. ચક્ષુરિંદ્રિય અને ૫. શ્રોત્રેંદ્રિય.

**સંજ્ઞા**—ચાર છે. તે સર્વ જીવને સામાન્ય છે. તે આ પ્રમાણે: ૧. આહારસંજ્ઞા, ૨. ભયસંજ્ઞા, ૩. પરિગ્રહસંજ્ઞા, ૪. મૈથુનસંજ્ઞા.

Jain Education International · www.jainsite.com · For Private & Personal Use Only · info@jainsite.com

**કરણ**--ત્રણ છે. ૧. કરવું, ૨. કરાવવું અને ૩. અનુમોદવું.

**યોગ**--ત્રણ છે. ૧. મનયોગ, ૨. વચનયોગ, ૩. કાયયોગ.

**નિષ્પત્તિ**--તેને ગોઠવવાથી તેની પ્રાપ્તિ થાય છે. તે નીચે વર્ણવેલ છે. આ વાત જરા વિગતવાર સમજવા યોગ્ય છે.

**ટાંચણો**--પ્રવચનસારોદ્ધારના ૧૨૩મા દ્વારમાં (પ્રકરણરત્નાકર, ભાગ ત્રીજો પૃ. ૩૩૭ માં) લખે છે કે जोए करणे सन्ना इंदिय भोमाइ समणधम्मा य । सीलंगसहस्साणं अट्ठारसगस्स निप्पत्ती ॥ એટલે ત્રણ યોગ, ત્રણ કરણ, ચાર સંજ્ઞા, ઇંદ્રિય પાંચ, પૃથ્વીકાયાદિક દશ તથા દશ યતિધર્મ એ રીતે શીલાંગના જે અઢાર હજાર ભેદ, તેની નિષ્પત્તિ એટલે નીપજવું થાય. પ્રથમયોગ પછી તેનાં ત્રણ કરણ તથા આહારાદિક ચાર સંજ્ઞા કરવી. પ્રથમ करणाइ મૂકવું. भोमाइ એટલે પૃથ્વીકાય વગેરે નવ જીવ અને દસમો અજીવ. શ્રમણધર્મ તે ક્ષમા (ખાંતિ) વગેરે દશ ધર્મ જાણવા. એ રીતે યંત્ર પટાદિક ઉપર લખવો. તે હવે બતાવે છે.

> न करेइ मणेण, आहारसन्नविप्पजढगो उ निअमेण ।
> सोइंदियसंवरणे, पुढविजिए खंतिसंजुत्तो ॥

અહીં 'ન કરેઈ' ઇત્યાદિમાં 'કરોતિ' એ લક્ષણવાળું પ્રથમ કરણ સ્વીકાર્યું છે, 'મનસા' એ પ્રથમ યોગ છે. આહારસંજ્ઞા પ્રથમ સંજ્ઞા છે. તથા અવશ્યપણે નિરોધ કર્યો છે રાગાદિક ગુણ જેનો એવી શ્રોત્રેંદ્રિયની પ્રવૃત્તિ, તેથી પ્રથમેંદ્રિય કહેલી છે. એવી રીતે શું ન કરે? તે કહે છે. પૃથ્વીકાયજીવારંભ કરે નહિ, એવું તાત્પર્ય છે. પ્રથમ જીવસ્થાન ક્ષમાયુક્ત એટલે ક્ષાંતિસંપન્ન, એણે કરી પ્રથમ શ્રમણધર્મભેદ જાણવો. એ પ્રકારે કરી એક શીલાંગ આવિર્ભૂત છે. એટલે 'મને કરી આહારસંજ્ઞારહિત થકો શ્રોત્રેંદ્રિયનો સંવર કરી ક્ષમાયુક્ત પૃથ્વીકાય જીવારંભ કરે નહિ.' એ શીલનું પ્રથમ અંગ આવિર્ભાવ પામે છે, એટલે પ્રગટે છે. હવે શેષ છે તે પણ અતિદેશે કરી દેખાડે છે.

એ જ પ્રકારના પૂર્વ અભિલાષે કરી માર્દવાદિ યોગાત્ કહેતાં માર્દવ આર્જવાદિ દશપદ સંયોગે કરી, એટલે પૂર્વે જેમ ક્ષમાયુક્ત એક ભેદ થયો, તેમ માર્દવને સંયોગે બીજો ભેદ, તેમ જ આર્જવને સંયોગે ત્રીજો ભેદ. એ રીતે પૃથ્વીકાયનો આશ્રય કરી એટલે પૃથ્વીકાયારંભ એવા અભિલાષે કરી, દશ યતિધર્મ કરી દશ ભેદ તે દશ શીલવિકલ્પ થાય છે. તે વળી અપ્કાયાદિ નવસ્થાનકને વિશે પણ અપિ શબ્દ કરી દશમા સ્થાનની પેઠે આક્રમણ કરીએ, તે વારે સર્વ ભેદ પ્રકૃતપણે કરી એકત્ર કર્યાથી એકસો સંખ્યા થાય છે. તે માત્ર શ્રોત્રેંદ્રિયના સો ભેદ થાય છે, તેમ જ બાકીની ચક્ષુરાદિક ઇંદ્રિયના પણ પૂર્વોક્ત ગતિએ સો ભેદ થાય છે. એમ એ સર્વ સંખ્યા એકઠી કરીએ તે વારે પાંચસો થાય છે, કેમ કે ઇંદ્રિયોના પાંચ પ્રકાર છે, માટે પાંચસો થાય. તે માત્ર એક આહાર સંજ્ઞા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યોગે કરી આ ભેદ થયા છે. હવે શેષ ભય સંજ્ઞાદિક ત્રણેના પણ પાંચસો પાંચસો ભેદ એ પૂર્વોક્ત રીતે થાય. એમ સર્વના મળી બે હજાર ભેદ થાય છે. તે બે હજાર તે માત્ર મનોયોગને પ્રાપ્ત થયેલા છે. તેમ જ વચન અને કાય એના પણ બે બે હજાર ભેદ થાય છે. એમ એકંદર છ હજાર થાય છે. એ છ હજાર માત્ર 'ન કરોતિ' એ મર્યાદાએ પ્રાપ્ત થયા. તેમ જ શેષ 'ન કરાવે' તેના પણ છ હજાર અને 'અનુમતિ ન આપે' તેના પણ છ હજાર ભેદ છે. એ સર્વ મેળવીએ ત્યારે શીલના ભેદ અઢાર હજાર થાય છે.

એક યોગે કરી અઢાર હજાર જ થાય છે એમ કાંઈ નથી; પણ બે ઇત્યાદિ સંયોગજન્ય ભંગ જો આ સ્થળે લીધા હોય તો એના ઘણા જ ભેદ થાય છે. એટલે એક બે ઇત્યાદિક સંયોગે કરી સંયોગને વિશે સાત વિકલ્પ થાય છે. એવા જ કરણને વિશે, સંજ્ઞાને વિશે, ઇંદ્રિયોને વિશે, પૃથ્વીકાયાદિ વગેરેને વિશે એક હજાર ત્રેવીશ ભંગ થાય. એ પ્રમાણે ક્ષમાદિકને વિશે પણ આ રાશિનો પરસ્પર ગુણાકાર કર્યો હોય તો ત્રેવીશ અબજ ચોરાશી ક્રોડ એકાવન લાખ ત્રેસઠ હજાર બસો પાંસઠ (૨૩,૮૪,૫૧,૬૩,૨૬૫) ભેદ થાય છે. તો પછી અઢાર હજાર જ કેમ કહ્યા? એવું કોઈ પૂછે તેને ઉત્તર કે જો શ્રાવક ધર્મની પેઠે બીજા ભંગ કરી સર્વવિરતિની પ્રતિપત્તિ થાય તો તે ગણના યોગ્ય છે. એકપણ શીલાંગના ભંગના શેષ સદ્ભાવ છે, એટલે ભેદ થતા નથી એવું ન જાણવું, કારણ અન્યથા સર્વવિરતિ જ થનાર નહિ. એના યંત્રની સ્થાપના પૃ. ૬૦૮માં જણાવ્યા પ્રમાણે છે :

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| जे नो करंति ६००० | जे नो कारवंति ६००० | जे नाणुमयंति ६००० | | | | | | | |
| मनसा २००० | वचसा २००० | तणुणा २००० | | | | | | | |
| निज्जिअ आहार सन्ना ५०० | निज्जिअ भय सन्ना ५०० | निज्जिअ परिग्गह सन्ना ५०० | निज्जिअ मेहुण सन्ना ५०० | | | | | | |
| श्रोत्रेन्द्रिय १०० | चक्षुरिन्द्रिय १०० | घ्राणेन्द्रिय १०० | जिह्वेन्द्रिय १०० | स्पर्शेन्द्रिय १०० | | | | | |
| पुढवी-कायारंभ १० | अपकाया-रंभ १० | तेउकाया-रंभ १० | वायुकाया-रंभ १० | वनस्पति-कायारंभ १० | बेइन्दिया-रंभ १० | तेइन्दिया-रंभ १० | चउरिंदिया-रंभ १० | पंचेन्दिया-रंभ १० | अजीवा-रंभ १० |
| खंतिजुआ ते मुणी वंदे १ | समद्दवा ते मुणी वंदे २ | सज्जवा ते मुणी वंदे ३ | मुत्तिजुआ ते मुणी वंदे ४ | तवजुआ ते मुणी वंदे ५ | ससमा ते मुणी वंदे ६ | सच्चजुआ ते मुणी वंदे ७ | सोयजुआ ते मुणी वंदे ८ | आकंचणा ते मुणी वंदे ९ | बंभजुआ ते मुणी वंदे १० |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ યંત્રમાં ખૂબી એ છે કે એને પદ્મબંધ તરીકે ગણી શકાય છે અને રથની આકૃતિમાં છે. અઢાર હજાર શીલાંગરથના ધોરી એટલે એ રથને ઉપાડનાર મુનિ ગણાય છે. આ રથની આકૃતિ જ થાય છે.

અહીં અઢાર હજાર ભેદ સ્પષ્ટતાથી નથી બતાવ્યા.

મેં ઉપમિતિભવપ્રપંચા કથા પ્રથમભાગ ભાષાંતર પૃ. ૬૨ ઉપર નોંધ કરી છે તે પ્રવચનસારોદ્ધાર ઉપરથી જ કરી છે. તે ઉપયોગી લાગવાથી અહીં તે દાખલ કરી છે. નોટ નીચે પ્રમાણે છે.

**શીલાંગ**—શીલ એટલે શુદ્ધ વર્તન, અત્યુત્તર ચારિત્રનાં અંગો. એના અઢાર હજાર વિભાગ પાડવામાં આવ્યા છે. અને તેનો રથનો આકાર ચિતરવામાં આવ્યો છે. તે આકાર બરાબર સન્મુખ રાખવાથી અઢાર હજાર ભેદ રથના આકારમાં બતાવી શકાય. ત્રણ યોગ, ત્રણ કરણ, ચાર સંજ્ઞા, પાંચ ઇંદ્રિય, પૃથ્વીકાય વગેરે દશ અને દશ સાધુધર્મ-યતિધર્મ એના મેળાપથી (ગુણાકારથી) અઢારહજાર શીલાંગ થાય છે. તેનું વિવેચન શ્રી પ્રવચન-સારોદ્ધારગ્રંથ (પ્રકરણરત્નાકર ભાગ ૩જો પૃ. ૩૩૯) માં કર્યું છે અને ત્યાં એક યંત્ર આપ્યું છે. તે જોવાથી ૧૮ હજાર શીલાંગના ૧૮,૦૦૦ શ્લોક બનાવી શકાય તેવું છે. જિજ્ઞાસુએ આ ભાગ તે પુસ્તકમાંથી જરૂર વાંચી જવા યોગ્ય છે. એ લેખકની વિશિષ્ટ શક્તિનું ભાન કરાવે છે. પ્રસ્તુત અઢાર હજાર ભેદ કેવી રીતે પડે છે તે આપણે અહીં વિચારી જઈએ.

૧. યોગ ત્રણ છે—મનયોગ, વચનયોગ અને કાયયોગ.

૨. કરણ ત્રણ છે—કરવું, કરાવવું અને અનુમોદવું.

૩. સંજ્ઞા ચાર છે—આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, પરિગ્રહણસંજ્ઞા અને મૈથુન સંજ્ઞા.

૪. ઇંદ્રિય પાંચ છે—સ્પર્શેંદ્રિય, રસેંદ્રિય, ઘ્રાણેંદ્રિય, ચક્ષુરિંદ્રિય અને શ્રોત્રેંદ્રિય.

૫. પૃથ્વીકાયાદિ દશનો આરંભ થાય છે—પૃથ્વીકાય આરંભ, અપ્કાય આરંભ, તેઉકાય (અગ્નિ), આરંભ વાઉકાય આરંભ, વનસ્પતિકાય આરંભ, બેઇંદ્રિય આરંભ, તેઇંદ્રિય આરંભ, ચૌરિંદ્રિયારંભ, પંચેંદ્રિયારંભ અને અજીવઆરંભ.

૬. યતિધર્મ દશપ્રકારે છે—ક્ષમા (ક્રોધત્યાગ), માર્દવ (માનત્યાગ), આર્જવ (માયા-ત્યાગ), મુક્તિ (લોભત્યાગ), તપ, સંયમ, સત્ય, શૌચ (પવિત્રપણું), અકિંચનતા (ધન પર નિઃસ્પૃહતા) અને બ્રહ્મચર્ય.

'આ છમાંથી દરેકના એક એક વિભાગ લેવાથી એક શીલાંગ થાય છે. દાખલા તરીકે પ્રથમ ભેદ આવી રીતે થાય: "મને કરી આહારસંજ્ઞા રહિત થઈ શ્રોત્રેંદ્રિયનો સંવર કરી



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ક્ષમાયુક્ત રહી પૃથ્વીકાયનો આરંભ કરે નહિ." હવે આ વાક્યમાંથી બીજું બધું કાયમ રાખી 'ક્ષમાયુક્ત' શબ્દને બદલે 'માર્દવયુક્ત' એ શબ્દ મૂકવાથી બીજો ભેદ શીલાંગનો થાય. તેવી રીતે 'આર્જવયુક્ત' શબ્દો મૂકવાથી ત્રીજો શીલાંગનો ભેદ થાય. આવી રીતે દશ યતિધર્મના ભેદને બતાવવામાં આવ્યા છે, તેના દશ વાક્યો કરી દશ શીલાંગો કરવા. આ દશ વાક્યો લખી રાખવાં. એ સર્વ પૃથ્વીકાયના આરંભને અંગે થયા. એ દશ વાક્યોને પ્રથમથી વારાફરતાં લઈ 'પૃથ્વીકાયનો આરંભ કરે નહિ' એટલા વાક્યને સ્થાને અનુક્રમે 'અપ્કાયનો આરંભ કરે નહિ', 'તેઉકાયનો આરંભ કરે નહિ', એવા દશ પ્રકારના આરંભને બદલતાં સો શીલાંગ થાય. એવી રીતે સો વાક્યો લખાયાં. તે સર્વ શ્રોત્રેંદ્રિયના સંવરને અંગે થયા. એને સ્થાને અનુક્રમે ત્યારપછી સ્પર્શ, રસ, ઘ્રાણ અને ચક્ષુના સંવરની હકીકત લખવાથી પાંચસો શીલાંગો થાય. આ સર્વ 'આહાર સંજ્ઞા રહિત'ને અંગે ભેદો ગણ્યા છે. તે પાંચસો વાક્ય સાથે ત્યારપછી ભયસંજ્ઞા અને મૈથુનસંજ્ઞા રહિત હોવાની હકીકત લખવાથી બેહજાર ભેદ થાય. આ બે હજાર વાક્યો અનુક્રમે લખી જવાં. આ સર્વ ભેદ 'મને કરીને' થયા, તેને 'વચને કરી' અને 'કાયાએ કરી' એમ લખવાથી છ હજાર (૬૦૦૦) ભેદ થાય. એ છ હજાર ભેદમાં 'કરે નહિ' એમ જણાવેલ છે. તેની સાથે બીજા 'કરાવે નહિ' અને 'અનુમોદના કરે નહિ' એવા છ છ હજાર ભેદ લખવાથી અઢાર હજાર શીલાંગો થાય છે. આવી રીતે ૧૮૦૦૦ શીલાંગભેદ થાય છે. આ અઢાર હજાર ભેદ બીજી પણ બહુ રીતે ગણી શકાય છે.

કહેવાની મતલબ એ છે કે સદ્વર્તનના આ શીલાંગો વારંવાર વિચારવા, ધારવા, ગણવા અને તેની સામે નજર રાખી મુનિધર્મમાં વ્યાપૃત રહેવું. મુનિજીવન માટે તો એ પ્રાણરૂપ ભારે અગત્ય ધરાવે છે, અને જુદા જુદા આકારમાં વિચારણા માગે છે. આ રીતે વિચારીને તેનો અમલ કરવો, એકલા એના જાપથી કાંઈ વળે તેમ નથી. જે વસ્તુ પ્રાણીએ છેવટે હંમેશને માટે મેળવવાની છે તે આ શીલાંગના અમલ ઉપર આધાર રાખે છે. આ શીલાંગને અંગેના ટાંચણો જનતાના હિત માટે અહીં દાખલ કર્યાં છે. તેમને સમજીને જે આદરશે તે સુખી થઈ અંતે મોક્ષલક્ષ્મીને મેળવશે. (૨૪૫)

**શીલાંગસેવનનું ફળ—**

**शीलार्णवस्य पारं गत्वा संविग्नसुगममार्गस्य ।**
**धर्मध्यानमुपगतो वैराग्यं प्राप्नुयाद्योग्यम् ॥२४६॥**

**અર્થ**—સંવિગ્ન અને સુગમ માર્ગ છે જેનો એવા શીલરૂપ સમુદ્રનો પાર પામીને જે મુનિ ધર્મધ્યાનને પ્રાપ્ત થાય છે તે મુનિ ખરા (યોગ્ય) વૈરાગ્યને પામે. (૨૪૬)

**વિવેચન**—આ ગાથામાં શીલાંગની આરાધનાનું ફળ બતાવી આ નાનું પણ અતિ મહત્ત્વનું શીલાંગ પ્રકરણ પૂર્ણ કરશે. આપણે તેનાં ફળ-લાભને જોઈ જઈએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શીલાર્ણવ**—આ શીલાંગો તે તો મોટા સમુદ્ર સાથે સરખાવવા યોગ્ય છે. જેમ મોટા સમુદ્રનો બીજો કાંઠો બહુ દૂર લાગે અને ઘણો ખરો દેખાય જ નહિ અને તેને પ્રાપ્ત કરવો મુશ્કેલ છે તેમ આ શીલાંગોનો કાંઠો પ્રાપ્ત કરવો ઘણો મુશ્કેલ છે, પણ એ અશક્ય નથી. તેને માટે ચીવટ રાખવામાં આવે અને સાચી દોરવણી આપનાર યોગ્ય ગુરુ મળે તો તેનો પાર પણ પમાય તેમ છે. એથી એ શક્ય વસ્તુ માટે યોગ્ય ઉદ્યમ કરવો.

**સંવિગ્ન**—એટલે સુસાધુ. જેઓનો ત્યાગ ખરેખરો છે, જેઓ કોઈ જાતના વાહનનો ઉપયોગ કરતા નથી, જેઓ પગે જોડા પહેરતા નથી, જેઓને ઘરબાર કે કોઈ વસ્તુનો મોહ હોતો નથી, જેમનો વખત શુભ ધ્યાનમાં જ અથવા વિશુદ્ધ ક્રિયામાં જ જાય છે, તેઓ જ આ શીલાંગના અધિકારી છે, પણ શ્રાવકો અથવા અન્ય મોક્ષમાર્ગઇચ્છુકો તેની ભાવના કરે, તેને આદર્શ સ્થાને રાખે તેમાં કોઈ જાતનો વાંધો નથી.

**સુગમ**—સુપ્રાપ્ય. જલ્દી પ્રાપ્ત થઈ જાય તેવો આ શીલાંગોનો માર્ગ છે. સાધુઓને અને ખાસ કરીને જેમણે અંતઃકરણથી ત્યાગ કર્યો હોય તેમને આ શીલાંગો સહેલાઈથી સુપ્રાપ્ય છે. તેઓ જો સાચા હૃદયથી એની આસેવના કરે તો તેઓને રસ્તો તો અગાઉથી જ મળી ગયેલો છે. અને સાચો માર્ગ મેળવવાની જ ખરી મુસીબત છે. રસ્તો જો સાચો મળી જાય તો પછી ગાડું ચીલે ચઢી જાય છે. નહિ તો ફાંફા મારવા પડે છે. કેટલીક વાર ઊલટો માર્ગ મળે તો પ્રગતિને બદલે પશ્ચાદ્‌ગતિ થઈ જાય છે.

जैन साईट JAINSITE .com जयम् पयारे शासनम्

**ધર્મધ્યાન**—આ ધર્મધ્યાનના ઘણા પેટા વિભાગો છે. તે આવતા પ્રકરણનો વિષય હોવાથી તેની ત્યાં યોગ્ય સ્થળે ચર્ચા કરીશું. અહીં તો માત્ર એટલું જ કહેવાનું કે જેને સાચો માર્ગ સાંપડ્યો હોય તે ધર્મધ્યાનમાં ઓતપ્રોત થઈ જાય છે અને તેની નજરે તો આ સંસાર એક કારાગૃહ જેવો જ લાગે છે.

**વૈરાગ્ય**—વિરાગનો ભાવ. એને આ સંસાર આખો સાર વગરનો દેખાય; એને મનમાં આ સંસાર તરફ ઉદાસીનતા લાગે; એમાંથી ક્યારે નાસી છૂટું એવું હૃદયમાં રહ્યા કરે અને એ કોઈ સાંસારિક કામ તાદાત્મ્ય સંબંધે ન કરે. તેનું ચિત્ત તો એના તરફ ઉદાસીન હોય.

**માર્ગસ્થ**—એને બદલે કોઈક પ્રતમાં પારસ્ય પાઠ છે અને ટીકાકારે તે ચર્ચ્યો છે. પણ पारस्य पार' એવા પાઠ કરતાં मार्गस्य पार' મને વધારે ઠીક લાગે છે.

**યોગ્ય**—એ વૈરાગ્યનું વિશેષણ છે. ઉચિત એવો તેનો અર્થ ટીકાકારે બેસાડ્યો છે. મને તો તે પાદપૂરણાર્થે જ લાગે છે. માત્રા પૂરી કરવા તે શબ્દ લખ્યો હોય એમ મને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લાગેલ છે. એની બહુ આવશ્યકતા મને લાગી નથી. ઉચિત વૈરાગ્ય એવો અર્થ તો થઈ શકે, પણ તે ખાસ જરૂરી હોય એવું મને લાગતું નથી. (૨૪૬)

*     *     *

આવી રીતે આ ત્રણ શ્લોકવાળું નાનામાં નાનું પ્રકરણ અહીં પૂરું થાય છે. એ શીલાંગનું જ પ્રકરણ છે. એ શીલાંગ જેનું ગ્રંથકર્તાએ વિવરણ કર્યું છે અને આપણે જેનું કાંઈક વિવેચન ટીકાનુસાર કર્યું છે તે ખરેખર ચારિત્રનું અંગ જ છે. અને એ પર વધારે વિચાર કરવામાં આવશે તો જણાશે કે એ જ ખરેખર ચારિત્ર છે, કારણ કે એમાં યતિધર્મ આવે છે, મન વચન કાયાના યોગો આવે છે અને કરવું, કરાવવું અને અનુમોદવું એ કરણો પણ આવે છે અને એ જે બરાબર પાળે તેને પછી ચારિત્રને અંગે બીજું વિશેષ કરવાપણું રહેતું નથી. આપણે યતિધર્મના પ્રકરણમાં જોઈ ગયા છીએ (જુઓ પ્રકરણ ૭મું) કે દશ યતિધર્મોમાં આખા ચારિત્રનો સમાવેશ થાય છે, તેમાં જ્યારે મન; વચન, કાયા અને ત્રણ કરણો ભળે ત્યારે ચારિત્રના આખા ક્ષેત્રને તે સ્પર્શે છે અને ફરી વળે છે. તેમાં પૃથ્વીકાય આદિક દશનો આરંભ આવી જાય છે ત્યારે અહિંસાનું આખું ક્ષેત્ર તેમાં આવી જાય છે. એટલે શીલાંગો ચારિત્રનું આખું ક્ષેત્ર છે. આ રીતે શીલાંગ શબ્દને ચારિત્રના પર્યાય તરીકે વાપરવામાં આવેલ છે અને તેમાં પાંચ ઇંદ્રિય અને ચાર સંજ્ઞાને દાખલ કરી આખી જનતા અને વનસ્પતિ અથવા સર્વ જીવોનો સમાવેશ કરી નાખે તેવો તે વ્યાપક વિભાગ છે.

આવા અગત્યના શીલાંગોને ગ્રંથકર્ત્તાએ ત્રણ શ્લોકમાં કેમ પતાવી દીધાં હશે તેવો સવાલ ઊઠે એ સ્વાભાવિક છે. પણ આ ગ્રંથકર્ત્તા અનુભવી છે, એક અક્ષર કે એક શ્લોક ઓછો બોલાય તો તેમાં આનંદ માનનારા છે, અને ત્રણ શ્લોકમાં શીલાંગને સમજાવવા માટે પૂરતું બોલી ચૂકયા છે, એ ઊઠેલા સવાલનો જવાબ છે.

અને જૈનની દયા કેવી હોય તે વિચારવા માટે આ શીલાંગો અદ્ભુત સાધન છે. એની દયા અથવા અહિંસા સર્વ પ્રાણીઓ તરફ હોય, એમાં જીવને ભોગે કોઈ મોજ-શોખ કે વિલાસ ન હોય અને એમાં જીવદયા પાળવાથી થતા આનંદનો સાક્ષાત્કાર હોય.

આવા અગત્યના શીલાંગો શું હોય તે આ ત્રણ ગાથામાં બતાવવામાં આવેલ છે. મૂળ દશ યતિધર્મો જ ચારિત્રની મહત્તા બતાવવા માટે પૂરતા છે. અને તમે સાધુધર્મનો સામાન્ય ખ્યાલ કરો. કોઈ વાહનમાં બેસાય નહિ, એરોપ્લેન, મોટર કે ગાડીનો ઉપયોગ ન થાય, એક ગામથી બીજે ગામ સતત વિહાર કર્યા જ કરવાનો, ઘરનાં કહી શકાય તેવાં ઘર નહિ, જે વસતિ મળે તેમાં જેમ બને તેમ થોડું રહેવાય અને પોતાની કોઈ વસ્તુ નહિ, કોઈના પોતે માલિક કે ઉપરી નહિ, અસત્ય તો બોલાય જ નહિ અને સ્ત્રીની સાથે આંખ મિલાવી બોલાય કે વિચારાય જ નહિ. એમનાં પાત્રાં જોયાં હોય તો વેચવાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જતાં તેનું દોઢિયું પણ ઉપજે નહિ અને એને પુત્રપુત્રી હોય જ નહિ અને પોતાના સંબંધીમાં ગુરુકુળવાસ અને એક ગુરુનો માત્ર પરિવાર. એની ધીરજ કે સમતા જોઈ હોય તો આદર્શમય અને એનો ઉપદેશ કે પ્રેરણા જોયા હોય તો તે સીધા, આકર્ષક અને અસરકારક પણ તદ્દન જુદી જ ઘાટીના. આવો આકરો ચારિત્રમાર્ગ તો મહાન પવિત્ર પણ ભારે દુષ્કર છે. ચાર મહિના સર્પના બિલ ઉપર તપ કરનારને કે ચાર માસ સુધી કૂવા ઉપર ધ્યાનસ્થ મુનિને દુષ્કરકાર કહેવામાં આવે અને સ્થૂલિભદ્રને દુષ્કર દુષ્કરકાર કહેવામાં આવે તેમાં ગુરુમહારાજનો પક્ષપાત નથી, પણ અનુભવ છે અને જ્યારે કોઈ સાધુનું ચરિત્ર વિગતવાર સમજીએ છીએ કે વાંચીએ છીએ ત્યારે તેની દુષ્કરતા વિચાર કરવાથી મનમાં બેસી જાય છે. આવા ચારિત્રને આખા જીવન સુધી પાળવું એ કાંઈ જેવી તેવી વાત નથી. પોતાનાં કપડાં કોઈ પાસે ધોવરાવાય નહિ અને આખો વખત ન્હવાય નહિ અને ખાતાં વધી પડે તે બનતા સુધી ખાઈ જવું, નહિ તો નિરવદ્ય જગાએ શુદ્ધ જમીન ખોદી તેમાં સંભાળપૂર્વક મૂકવું, એ કાંઈ જેવી તેવી મુશ્કેલ બાબત નથી.

પણ જે નિરવધિ આનંદ તેઓને હંમેશને માટે મળવાનો છે અને જે અચ્યુત સ્થાન માટે તેઓ પ્રયત્ન કરી રહ્યા છે એનો વિચાર કરતાં આ ત્યાગ ઘણો સામાન્ય લાગે છે. સાધુ ખરેખરા કેવા હોય તે સમજવા માટે તેઓના સહવાસમાં આવવું જરૂરી છે. એ સંગ વધારવો અને અનુભવ લેવો.

જાણવું કે અંતે શીલાંગો સિવાય આપણો નિસ્તાર નથી. અને આપણે જે અનેકવિધ પ્રયત્ન કરીએ છીએ તે અનંત કાળને માટે આનંદ મેળવવા માટે જ છે અને જે મળવાનું છે તે નજરે તે પ્રયાસ યોગ્ય જ છે, કારણ કે આવું સુખ બીજે કયાં મળે? અને બીજા કયા પ્રયત્નથી મળે? તમે સાધુધર્મની આઠ પ્રવચનમાતા જ વિચારો. વસ્તુને લેવા મૂકવાની ઝીણવટથી ચર્ચા અન્યત્ર નહિ મળે અને સાધુને તે અનિવાર્ય છે. તે આઠ પ્રવચનમાતા જ સાધુધર્મની આકરાશ બતાવવા માટે પૂરતી છે.

આવા શીલાંગો પણ માત્ર દ્રવ્યથી ધારણ કરનારા હોય છે. માથું મુંડાવવાથી કે કપડાં પહેરવાથી સાધુ કે મુનિ થવાતું નથી. ત્યાગ ભાવપૂર્વકનો જોઈએ.

સાધુ અતિચાર સાંભળીને આપણે બોલીએ છીએ, 'ધન્ય મુનિરાજ.' આવા અતિચારો તો તેમના પતનરૂપ છે, મિથ્યાદુષ્કૃત છે, એ પણ આટલું આશ્ચર્ય ઉત્પન્ન કરી સદર ઉદ્‌ગાર સ્વતઃ બોલાવે છે તો સાધુધર્મ જે સાધુજીવનવ્યવહાર છે તે તો કેવી વિશિષ્ટતા માગે? એ જીવન વગર અંતે આરો નથી.

તમે સાધુઓને વિહાર કરતાં જુઓ, તેઓને ઉપાનહ્ પહેરાય નહિ, એક ગામથી બીજે ગામ ચાલીને જવાનું, તેમાં કોઈ કોઈવાર ધૂળ ઢેફાં, પથરાં કે કાંકરાનો સ્પર્શ થાય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક પણ ઉંહકારો કર્યા વગર આ કાળમાં આટલાં કષ્ટો સહન કરવાં અને ઉદ્દેશ સ્પષ્ટ સન્મુખ રાખવો એ તો ભારે મોટી વાત છે. પણ મન મજબૂત થાય તો અશક્ય વાત નથી. આપણે એ અઢાર હજાર શીલાંગો પાળી ચારિત્ર નિર્વહણ કરી અંતે ઇચ્છિત સ્થાનકે જવું જ છે તો રસ્તો ઉઘાડો છે, આદરણીય છે અને પ્રાણી કરી શકે તેવી વાત છે. માટે આ નાના પ્રકરણમાં બતાવેલ શીલાંગોને સમજી વિચારી આદરી નિરંતર આનંદ મળે તે માર્ગે આગળ ધપો.

॥ इति शीलांगप्रकरणम् ॥

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ ૧૩ મું : ધ્યાન

શીલાંગ સમજ્યા પછી હવે આગળ પ્રગતિ કરવા ધર્મધ્યાન અને તેના પેટાભેદો બતાવે છે.

ઉપમિતિભવપ્રપંચા કથામાં પુંડરીક પ્રસ્તાવ આઠમામાં ગુરુમહારાજને સવાલ કરે છે કે આખા જૈન દર્શનનો સાર શું છે? ત્યાં ગુરુમહારાજ જવાબ આપે છે, તેનો સાર ધ્યાનયોગ છે. હવે ધ્યાનના પ્રકારો પૈકી શુક્લધ્યાનનો આ કાળમાં યોગ થઈ શકતો નથી, કારણ કે તદ્યોગ્ય શરીર પ્રાણીને આ કાળમાં હોતું નથી, તેથી સારા ધ્યાનમાં તો ધર્મધ્યાન ઉપર જ આધાર રાખવાનો હોય છે. આ પ્રકરણમાં તે ધ્યાન અને તેના પેટા વિભાગની વિચારણા કરવાની હોઈ, આપણે તેની વિવેચના કરવા અત્ર ન રોકાતાં તેની સામાન્ય પ્રસ્તાવના કરીશું.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

અહીં પ્રાથમિક હકીકત તરીકે જણાવવું જોઈએ કે ધ્યાનના બે પ્રકાર છે: સારું ધ્યાન (સદ્ધ્યાન) અને ખરાબ ધ્યાન (દુર્ધ્યાન). આમાં ધર્મધ્યાન નામના ધ્યાનની આ પ્રકરણમાં વિચારણા કરેલ હોવાથી અત્ર દુર્ધ્યાનને વિચારી જઈએ.

આખા જૈન શાસનનો સાર હોવાથી આ ધ્યાન ઉપર જૈન ગ્રંથોમાં ખૂબ વિગતવાર લખવામાં આવેલ છે. અહીં તો તેનો ઘણો ઓછો ભાવ લખેલ છે, પણ તે અત્યંત પ્રૌઢ વિષય છે અને ખૂબ સમજવા જેવો છે. પ્રથમ દુર્ધ્યાન, અપધ્યાન કે ખરાબ ધ્યાનમાં આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન સમજવાનાં છે.

આ પ્રત્યેક દુર્ધ્યાનના ચાર ચાર પ્રકાર છે, તે પ્રસ્તુત હોઈ આપણે જોઈ જઈએ.

અનિષ્ટસંયોગ નામનો આર્ત્તધ્યાનનો પ્રથમ પ્રકાર છે. આપણને ન ગમે તેવી વસ્તુ કે વ્યક્તિઓ સાથે સંયોગ થઈ જાય, આપણને જેનું બોલવું કે વર્તન ન ગમે તેવા માણસો સાથે સંયોગ થઈ જાય, બૈરી વંઠેલ હોય કે પુત્ર ઉડાઉ કે આજ્ઞાલોપી હોય, પુત્રીને સારો વર મળતો ન હોય કે નોકરચાકર વઢવાડિયા કે શેઠના અવર્ણવાદ બોલનારા મળે, નાતજાત કે સગાંસંબંધીમાં આપણો વિચારમેળ જ ન લાગે, કે મિત્રોમાં આપણી અવગણના કે મશ્કરી થાય, આપણને ઘરમાં ફરનીચર કઢંગું કે મેળ વગરનું મળે અથવા આપણને ન ગમે તેવી વસ્તુ મળે, કાં તો તેનો ભેટો થાય કાં તો આપણે ખરીદી લાવીએ તે નકામી અથવા આપણને અનિષ્ટ કરનારી નીવડે, આપણો જેની સાથે મેળ ન ખાય તેવા માણસો મળે કે ઘેર આનંદ લેવા માટે માણસ આવે છે તેને બદલે તેને ત્યાં ઉકળાટ કે પરિતાપ

થાય, શત્રુ કે સામા વર્ગ જેને આપણે ન મળવા માગીએ તે જ સામે મળી જાય. આમ અનિષ્ટસંયોગના અનેક પ્રસંગો છે, તે બધા અહીં વર્ણવવા માટે સ્થાન નથી. એમાં પોતાની પસંદગીની વાત છે, પોતાને ન ગમે તે અનિષ્ટ, પછી તે માણસ હોય કે વસ્તુ હોય. જે અનિષ્ટ વાત સાંભળવાથી, જાણવાથી કે દેખવાથી ખેદ થાય તે અનિષ્ટસંયોગમાં આવે છે અને તે પ્રથમ પ્રકારનું આર્ત્તધ્યાન છે. આ અનિષ્ટસંયોગ ખરાબ નથી, પણ જે અનેક પ્રકારના વિચારોને એ સ્થાન આપે છે અથવા પ્રાણીને વિચાર કરતો—નકામાં પરિણામ વગરના આહટદોહટ કરતો કરી મૂકે છે તે પ્રથમ પ્રકારનું દુર્ધ્યાન છે.

બીજા પ્રકારના આર્ત્તધ્યાનમાં ઇષ્ટવિયોગ આવે છે. આપણી વહાલી પત્ની કે એકના એક પુત્રનો વિયોગ, તેને લઈને થતી દુર્ધ્યાનપરંપરા આ બીજા વિભાગના આર્ત્તધ્યાનમાં આવે છે. તે વ્યક્તિની પેઠે વસ્તુને પણ લાગે છે. અને પોતાને વહાલી ચીજ જતી વખતે કે તે કોઈ જગ્યા પર મૂકાઈ જાય ત્યારે જે અનેક વિચારપરંપરા ચલાવે છે તે આ બીજા પ્રકારના ઇષ્ટવિયોગ નામના આર્ત્તધ્યાનમાં બીજે સ્થાને આવે છે. આ અનિષ્ટતા કે ઇષ્ટતા મોહજન્ય છે, પણ જે વિચારપરંપરાને તે ઉત્પન્ન કરે છે તે વિચારને અંગે તેનો ખ્યાલ કરવા યોગ્ય છે. જનતાનો મોટો ભાગ આ બન્નેમાંથી એક પ્રકારના આર્ત્તધ્યાનમાં પોતાનો સમય ગાળતો જોવામાં આવશે. એમાં અંતે પોતાનું કાંઈ ચાલતું નથી, પણ અર્થ કે પરિણામ વગરના વિચાર કરવા તે જ દુર્ધ્યાન છે. તેથી આ આર્ત્તધ્યાનના પ્રકારને સમજી રાખવા અને તેને માટે આપણો પ્રયાસ ન હોવો જોઈએ, એવો ઉપદેશ સર્વ જગાએ આપવામાં આવ્યો છે. આવી રીતે અનિષ્ટસંયોગ અને ઇષ્ટવિયોગ એ પહેલા અને બીજા પ્રકારના આર્ત્તધ્યાન છે.

ત્રીજા પ્રકારના આર્ત્તધ્યાનમાં રોગચિંતા થાય છે. પોતાને ટી. બી. થશે કે કેન્સર થશે એની અગાઉથી ચિંતા કરવી અને તેને માટે દુર્ધ્યાન કરવું તે સર્વ આવા ત્રીજા પ્રકારના આર્ત્તધ્યાનમાં સમાય છે. અનેક રાજરોગની આગાહી કરવી, પ્લેગ–કોલેરાની આગાહી કરવી અને તેને માટે ચિંતા કરવી તે સર્વ રોગચિંતામાં આવે છે. ચેપીરોગ ચાલતા હોય ત્યારે રખેને તે પોતાને થઈ જશે અને થશે તો શું થશે તેવી ચિંતા કરવી તે સર્વનો આમાં સમાવેશ થાય છે. આ પ્રકારનું દુર્ધ્યાન પ્રાણીને થાય ત્યારે તેનું જોર ખૂબ હોય છે. પોતાનું ભવિષ્યમાં શું થશે તે વિચારણા તે અગ્રશૌચ નામનો આર્ત્તધ્યાનનો ચોથો પ્રકાર છે. એમાં માણસ કાં તો રાજ્ય મેળવવા વલખાં મારે છે, કાં તો કોઈ પ્રધાનવટું લેવા પ્રયત્ન કરે છે, અને છોકરો જુદો રહેશે તો તે મને કાંઈ આપશે કે નહિ, હું કેવી રીતે મારું ભરણપોષણ કરીશ, આવી ઘણી કલ્પિત મુશ્કેલીઓ ઊભી કરી મન સાથે અનેક દુર્ધ્યાન કરે છે. કોઈ પ્રેમ, રાગ, દ્વેષને અંગે અમુક વ્યક્તિને મેળવવા પાસાં ગોઠવે છે અને તે પાસામાં પોતે ફાવશે કે નહિ તેની વિચારણા કરે છે. તેવી જ રીતે વસ્તુપ્રાપ્તિ માટે આગળથી અનેક પલટાઓ ગોઠવી તે મળશે ત્યારે પોતે કેવો માણશે એવા વિચારો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરે છે. આ વ્યક્તિ કે વસ્તુઓ તો થોડા વખત માટેની છે, પણ પ્રાણી એની ખાતર વિચારનું ધમસાણુ કરે છે. ઘણા ટૂંકા પગારવાળો માણુસ કરોડો રૂપિયા મેળવવાની ઇચ્છા કરે છે અને એને અંગે અનેક તરંગો કરે છે. આમાં પોતાનું માન અને આબરૂ જાળવવાનું કામ બહુ અગત્યનો ભાગ ભજવી પ્રાણીને વિચારમાં નાંખે છે. તેનાથી તો તરણું પણ ભાંગતું નથી પણ મન અનેક સ્થાનકે આથડે છે.

આ રીતે રૌદ્રધ્યાન પણ ચાર પ્રકારનાં છે. અન્ય પ્રાણીને પીડા કરવા સંબંધી ગોઠવણો કરવી, તેવો ઉપદેશ દેવો, કોઈ પ્રાણીને દુઃખ થાય તેની ગોઠવણ કરવી કે પાટિયા ગોઠવવા તે હિંસાનુબંધી રૌદ્રધ્યાન કહેવાય. તેમ જ અન્યને વચનમાં ફસાવવાં, જુઠ્ઠી સાક્ષી આપવી અને આવાં વચનોને વિશે ખોટા પ્રયાસો કરવા, તેની વિચારણા કરવી, તેને બીજા પ્રકારનું મૃષાનંદી રૌદ્રધ્યાન કહેવામાં આવે છે. જે વસ્તુ આપણી નથી, આપણો જેના પર હક નથી તે તફડાવી લેવા, પડાવી લેવા, ધણીની રજા સિવાય લેવા ગોઠવણુ કરવા વિચારણા કરવી એ સર્વ ત્રીજા ચૌર્યાનંદી રૌદ્રધ્યાનમાં આવે છે. અને પોતાની વસ્તુ કોઈ લઈ ન જાય તેને જાળવવા, સંચ કરાવવા, તિજોરીઓ કરાવવા વગેરે સંરક્ષણુની ગોઠવણી કરવા માટે વિચાર કરવો તે સર્વ ચોથા સંરક્ષણાનંદી રૌદ્રધ્યાનમાં આવે છે.

આ ચાર પ્રકારનાં આર્ત્તધ્યાન અને ચાર પ્રકારનાં રૌદ્રધ્યાન જે દુર્ધ્યાન છે તેનો ત્યાગ કરવો. ધર્મધ્યાનની વિગત ગ્રંથકાર પોતે જ આપે છે, તેવા પ્રકારનું ધ્યાન કરવું. તે અતિ મહત્ત્વનો વિષય છે, જૈન તત્ત્વજ્ઞાન અથવા જૈન દર્શનનું નવનીત છે અને આખા દ્રવ્યાનુયોગનો સાર છે. તે ઘણો મહત્ત્વનો વિષય પ્રથમ આપણે કર્ત્તા સાથે જોઈએ અને તે પર અવારનવાર વિવેચન કરવામાં આવશે. તે ખૂબ અગત્યનો વિષય હોઈ ખાસ સમજવાની જરૂર છે. આપણે પ્રથમ ગ્રંથકર્ત્તા સાથે તે સમજીએ.

**ધર્મધ્યાનના ચાર પ્રકારનાં નામ—**

**आज्ञाविचयमपायविचयं च सद्ध्यानयोगमुपसृत्य ।**
**तस्माद्विपाकविचयमुपयाति संस्थानविचयं च ॥२४७॥**

**અર્થ:** (૧) આજ્ઞાવિચય, (૨) અપાયવિચય એ બે પ્રકારના ધ્યાનને પહોંચીને પ્રાણી પછી (૩) વિપાકવિચય અને છેવટે (૪) સંસ્થાનવિચયને પહોંચે છે. (૨૪૭)

**વિવરણ**—આ ગાથામાં ધર્મધ્યાનના ચાર ભેદો વર્ણવે છે. તેમનાં નામ માત્ર અહીં આપશે અને આગળ ઉપર તેમનું વર્ણન કરવામાં આવશે. આ ચાર ધર્મધ્યાનના વિભાગનું વિવેચન આવવાનું છે, તેથી ધર્મધ્યાનને અંગે હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રમાં બીજી રીતે પાડેલ અથવા બતાવેલ ધર્મધ્યાનના ચાર પ્રકાર જોઈ જઈએ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પિંડસ્થ**—પ્રથમ ધર્મધ્યાનનો પ્રકાર. પિંડનો અર્થ અહીં વસ્તુ સમજવો. ધ્યેય આત્માને કરવાનો છે, તે જુદી જુદી રીતે ધ્યાનનો વિષય થઈ શકે છે. એ ધ્યેયમાં ચેતનજીને કલ્પના પર આધાર રાખી સાલંબન રૂપે ચિંતવવાનો છે અને તેનાથી ચિત્તની સ્થિરતા એક વસ્તુ પર ધીમે ધીમે થતી જાય છે. યોગસિંહાસન પર આરૂઢ થયેલ ચેતનજીનું ચિંતન કરવાનું આનંદઘનજીએ છત્રીશમાં પદમાં બતાવ્યું છે, તે આ પિંડસ્થ ધ્યેયનું સ્વરૂપ સમજવું. આ ભાવનાનો હેતુ મનને વશ કરવાનો છે. આવો ધર્મધ્યાનનો પિંડસ્થ નામનો પ્રથમ પ્રકાર છે.

**પદસ્થ**—જુદાં જુદાં પદો લઈને આત્મારામનું ધ્યાન આ ધર્મધ્યાનના વિભાગમાં કરવામાં આવે છે. આલંબન અત્ર પદોનું રહે છે. વર્ણમાતૃકા નામના પ્રસિદ્ધ પદમાં નાભિકમળની સ્થાપના કરવી, તેની સોળ પાંખડી ચિંતવીને પ્રત્યેકમાં **અ** થી **અઃ** પર્યંત સ્વરોની સ્થાપના કરવી અને તે સર્વ ફરતા જાય છે એમ ચિંતવવું. તેના ઉપર હૃદયમાં ચોવીશ પાંખડી અને કર્ણિકાવાળા કમળની સ્થાપના કરવી અને તેની પ્રત્યેક પાંખડી પર **ક** થી માંડીને **મ** સુધીના વ્યંજનોની સ્થાપના કરવી. વદન ઉપર આઠ પાંખડીવાળા કમળની સ્થાપના કરવી અને તે પ્રત્યેક પાંખડી પર **ય** થી માંડીને **હ** સુધીના આઠ વ્યંજનોની સ્થાપના કરવી. આવી રીતે નાભિકમળ અષ્ટ(ષોડશ ?)દળનું, હૃદય પર ચોવીશ પાંખડીવાળું કર્ણિકાયુક્ત કમળ અને વદન પર અષ્ટદળ કમળની સ્થાપના કરી વર્ણમાતૃકાનું ધ્યાન કરવું. મંત્રરાજનું ધ્યાન આ વિભાગનો બીજો પ્રકાર છે. એમાં હૂઁ અક્ષરનું ચિંતવન કરવાનું છે. એને બીજાક્ષર કહેવામાં આવે છે. એ પદની સ્થાપના છે, જાપ છે. પંચ પરમેષ્ઠી પદનો ધ્યાનપ્રકાર બતાવતાં અષ્ટદળ કમળનું સ્થાપન કરવું અને તેની ઉપર વચ્ચે કર્ણિકા ઉપર 'નમો અરિહંતાણં' એ પદનું સ્થાપન કરવું. ચાર દિશાના ચાર પત્રો ઉપર મહામંત્રના ચાર પદોનું સ્થાપન કરવું અને ચાર વિદિશાઓમાં ચાર પત્રો ઉપર 'એસો પંચ નમુક્કારો' આદિ ચાર પદોનું અનુક્રમે સ્થાપન કરવું અથવા જ્ઞાનાર્ણવકારના મતે 'સમ્યગ્ દર્શનાય નમઃ', 'સમ્યગ્ જ્ઞાનાય નમઃ' 'સમ્યક્ ચારિત્રાય નમઃ', અને 'સમ્યક્ તપસે નમઃ' એ ચાર પદની અનુક્રમે સ્થાપના કરવી. બીજી અનેક જાપની રચના અને પ્રકારો બતાવ્યા છે તે માટે જુઓ મારો 'જૈન દૃષ્ટિએ યોગ' ભાગ ૧, પૃ. ૧૬૩–૪.

**રૂપસ્થ**—હવે આપણે ધર્મધ્યાનનો ત્રીજો પ્રકાર જોઈએ. મોક્ષલક્ષ્મીની નજીક ગયેલા, ઘાતી કર્મોનો ક્ષય કરનારા, ચતુર્મુખે દેશના દેનારા અને અશોકવૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ, દિવ્યધ્વનિ, ચામર, સિંહાસન, સૂર્યથી પણ વિશેષ પ્રભાવાળું ભામંડળ, આકાશમાં દુંદુભિ અને બાજુમાં આતપત્ર આ આઠ મહાપ્રાતિહાર્યયુક્ત શ્રી જિનેશ્વરદેવ સમવસરણમાં બેઠા બેઠા ભવ્ય પ્રાણીઓને દેશના આપે છે, તેવા તીર્થંકર મહારાજનું ધ્યાન કરવું તે આ રૂપસ્થ ધ્યાનનો વિષય છે, સાથે સાથે તે પ્રભુના અતિશયોને વિચારે છે. ચિત્તમાં પ્રભુની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મૂર્તિને સ્થિર કરવી તે પણ આ ધ્યાનનો વિષય છે. આ ધ્યાનમાં પ્રાણી પોતે સર્વજ્ઞ થયેલ છે એવો અનુભવ આગળ વધતાં કરે છે.

**રૂપાતીત**—ધર્મધ્યાનના ચોથા પ્રકારમાં પ્રાણી અમૂર્ત્તમાં ચિત્તને સ્થિર કરવાની ભાવના કરે છે. ચિદાનંદમય, શુદ્ધ, પરમાક્ષરરૂપ અમૂર્ત આત્માનું સ્મરણ તે રૂપાતીત ધ્યાન કહેવાય છે. સિદ્ધ સ્વરૂપના ગુણોને મૂર્તરૂપે કલ્પી પરમાત્મામાં તે ગુણો વ્યક્તરૂપે છે અને પોતાનામાં એ ગુણો શક્તિરૂપે છે એ વિચારી તે ગુણગ્રામમાં લીન થવું એ રૂપાતીત ધ્યાન કહેવાય. ધર્મધ્યાન સાલંબન ધ્યાન છે. અને રૂપસ્થ ધ્યાન પછી નિરાલંબન ધ્યાનમાં પ્રગતિ કરતાં પહેલાં આવી રીતે ગુણોને મૂર્ત્તસ્વરૂપે ધ્યાવવા તે તેનું (નિરાલંબન ધ્યાનનું) આગલું પગથિયું છે.

આવી અનેક રીતે પ્રાણી ધર્મધ્યાન કરે છે. જેનું ધ્યાન કરવાનું છે તે વીતરાગ છે, એના દ્વેષ, મોહ, મદ, મત્સર ગયેલા છે અને તે પોતાને માટે કાંઈ કરતા નથી, તેની તપાસ અને પરીક્ષા કરી સાચું આલંબન કરવું અને અંધકારમાં મોહથી મૂંઝાઈ ન જવું.

આ ધર્મધ્યાન પછી શુક્લધ્યાન – નિરાલંબન ધ્યાન આવે છે. તે આ પ્રકરણનો વિષય નથી. અહીં તો આ કાળમાં થઈ શકે તેવા ધ્યાનની વાત કરી છે. હવે આપણે ધર્મધ્યાનના ભેદોને વિચારીએ. (૨૪૭)

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

**ધર્મધ્યાનના પ્રથમના બે ભેદો—**

आप्तवचनं प्रवचनं चाज्ञा विचयस्तदर्थनिर्णयनम् ।
आस्रवविकथागौरवपरीषहाद्यैरपायस्तु ॥२४८॥

**અર્થ**—આધારભૂત મહાપુરુષોનાં વચનના અર્થનો નિર્ણય કરવો, જિનપ્રવચનના અર્થનો નિર્ણય કરવો અને વીતરાગ જિનેશ્વરની આજ્ઞા શું છે તેનો નિર્ણય કરવો તે આજ્ઞાવિચય નામનું પ્રથમ ધર્મધ્યાન છે. અને કર્મની આવક, સ્ત્રીભોજનાદિની કથા અને ત્રણ ગારવો તેમ જ પરીષહોની અંદર અપાયનું ચિંતવન કરવું તે બીજો અપાયવિચય ધર્મધ્યાનનો ભેદ છે. (૨૪૮)

**વિવેચન**—આપ્ત એટલે આધારભૂત. પ્રથમ તો વચન બોલનાર કેવા છે, તેના રાગ દ્વેષ મોહ કેટલા ઓછા થયા છે, તેમને કોઈ જાતનો સ્વાર્થ સાધવાનો છે કે નહિ, તેઓ માત્ર આપણા હિત માટે જ બોલે છે કે કાંઈ બીજો હેતુ છે તેની પરીક્ષા કરી જેનો નિર્ણય કરવામાં આવે તે આપ્તપુરુષ. આ ગાથામાં પ્રથમના બે પ્રકારો ધર્મધ્યાનને અંગે કહેવામાં આવશે. આપ્તતાની ખાત્રી માટે અનેક રીતે પરીક્ષા કરવી. પછી ખાતરી થાય તો તેમની આપ્તતા સ્વીકારી તેમણે શું કહ્યું છે તે વિચારવું, કારણ કે આપ્ત પુરુષોએ કેટલાક ભાવો એવા કહ્યા હોય છે કે જેમાં તર્ક – ચર્ચા ચાલી જ શકે નહિ. આપ્તતાના સ્વીકાર સાથે એ શ્રદ્ધાનો વિષય બની જાય છે. આસની આપ્તતા માટે ખાતરી કરવાનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જરાપણુ વાંધો નથી, બલકે તે માટે ખાસ જરૂરિયાતનો સ્વીકાર છે. ખાસ કરીને આપ્તમાં રાગદ્વેષ તો ન જ હોવા જોઈએ. એ હોય એટલે મારું તારું થાય છે. નિઃસ્પૃહતા હોય ત્યારપછી જ આપ્તપણું આવે છે. બાકી કીર્તિ, માન, પ્રતિષ્ઠા કે આબરૂનો સવાલ હોય ત્યાં આપ્તતા ટકતી નથી.

**નિર્ણયન**—એક વખત આપ્તતા સ્વીકારી એટલે દેવનારકીના ભાવો, પુદ્‌ગળના દ્રવ્યગુણપર્યાયો અને આત્માનો પરભવ વગેરે ભાવો જેમ તે આપ્તે બતાવેલા હોય તે રૂપે જ તેનો સ્વીકાર કરવાનો છે. આવા નિર્ણય ઉપર વિચાર કરવો, અભ્યાસ કરવો અને તે સિવાય બીજું કોઈ કામ ન કરતાં પોતાના ધ્યાનની એકાગ્રતા આ આજ્ઞા શું છે તેને સમજવામાં જ કરવી અને તે નિર્ણય શો છે તે મનમાં ધારી લેવું તે આજ્ઞાવિચય નામનો ધર્મધ્યાનનો પ્રથમ વિભાગ છે.

**આસ્રવ**—હવે ધર્મધ્યાનના ચાર પ્રકાર પૈકી બીજા અપાયવિચય નામના પેટા વિભાગનો વિચાર કરીએ છીએ. આસ્રવો એટલે કર્મને આવવાનું ગરનાળું. ઉપર નવમા પ્રકરણમાં એ આસ્રવો કેવા કેવા હોય અને તે કર્મને કેવી રીતે લઈ આવે છે તે આપણે જોઈ ગયા છીએ. એ આસ્રવો એટલે પ્રાણાતિપાતાદિક અને પચીશ ક્રિયાઓ કર્મને આવવાની પાણીની નીક છે. આ સંસારમાં પરિભ્રમણ કરાવનાર કર્મો છે, તે કેવી રીતે કામ કરે છે અને ભવાંતરમાં કેવું દુઃખ (અપાય) આપે છે તેનું જ એકાગ્રતાથી ધ્યાન કરવું તે અપાયવિચય ધર્મધ્યાનનો વિષય છે. આવા આસ્રવતત્ત્વના બેંતાળીશ ભેદો સમજવા અને સમજીને તેનું અપાયપણું વિચારવું તે ધર્મધ્યાનના આ અપાયવિચય વિભાગમાં આવે છે.

**વિકથા**—આઠમા પ્રકરણમાં ઉપર આપણે આક્ષેપણી, વિક્ષેપણી, સંવેદની અને નિર્વેદની એ ચાર પ્રકારની વિકથાને જોઈ ગયા. ત્યાં વિવેચનમાં આપણે રાજકથા, કામકથા, ભોજનકથા અને દેશકથા એ અનર્થદંડની કથાઓને પણ જોઈ ગયા. તે કથા અત્યંત ખરાબ અપાય (મુશ્કેલીઓ) કરે છે, તેનો બરાબર વિચાર કરવો અને સમકિતઢીલણીઆ કે ચારિત્રઢીલણિયા કથા કેટલી કેટલી મુસીબતો, આફતો ઉત્પન્ન કરે છે તેનો જ વિચાર કરવો એ પણ આ અપાયવિચય પ્રકારના ધર્મધ્યાનમાં આવે છે.

**ગૌરવ**—ત્રણ પ્રકારના ગારવો : ઋદ્ધિગારવ, રસગારવ અને શાતાગારવ પણ અનેક અપાયને લાવનાર થઈ પડે છે. એ કેવી અડચણો કરે છે તે આ જ ગ્રંથમાં કહેવામાં આવશે. (દા.ત. જુઓ ગાથા ૨૫૭ મી). ઋદ્ધિ પોતા પાસે ઘણી હોય તેની મોટાઈ કરવી તે ઋદ્ધિગારવ, પોતાને સારું સારું ખાવાનું મળે તેની મોટાઈ માનવી તે રસગારવ અને પોતાનું સ્વાસ્થ્ય સારું હોય તેની બડાઈ કરવી તે સાતાગારવ—આ ત્રણેય સર્વ અપાય કરનાર કેવી રીતે થાય છે તે આગળ જતાં બતાવવામાં આવશે. આખો વખત તેમના અપાયની વિચારણા કરવી તે આ બીજા પ્રકારના ધર્મધ્યાનનો વિષય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પરિષહ**—તત્ત્વના નવમા પ્રકરણમાં બાવીશ પરિષહોની આપણે વિચારણા કરી. એ અનુકૂળ અને ખાસ કરીને પ્રતિકૂળ પરિષહો પ્રાણીને અનેક મુશ્કેલીઓ ઊભી કરે છે. તે પર વિચાર કરવો તે પણ આ બીજા પ્રકારના ધર્મધ્યાનનો વિષય છે.

આવી રીતે ભવિષ્યમાં થવાની મુસીબતોનો વિચાર કરવો તે અપાયવિચય નામના બીજા ધર્મધ્યાનનો પ્રકાર છે.

આ ગાથામાં આપણે ધર્મધ્યાનના પ્રથમ બે પ્રકારો વિચાર્યા, આવતી ગાથામાં ધર્મધ્યાનના બાકીના બે પ્રકાર વિચારવામાં આવશે.

એની વિશેષ વિગત માટે જુઓ જૈન દૃષ્ટિએ યોગ. (ભાગ ૧ લો) પૃ. ૧૪૬. (૨૪૮)

**ધર્મધ્યાનના બાકીના બે પ્રકારો—**

**अशुभशुभकर्मपाकानुचिन्तनार्थो विपाकविचयः स्यात् ।**
**द्रव्यक्षेत्राकृत्यनुगमनं संस्थानविचयस्तु ॥२४९॥**

**અર્થ**—ખરાબ અને સારું કર્મનું પાકવું તેની વિચારણા તે વિપાકવિચય નામના પ્રકારમાં હોય અને દ્રવ્ય, ક્ષેત્ર તથા આકૃતિ સંબંધી વિચારણા કરવી તે છેલ્લા ચોથા સંસ્થાનવિચય નામના ધર્મધ્યાનના પ્રકારમાં આવે છે. (૨૪૯)

**વિવરણ**—આ ગાથામાં ધર્મધ્યાનના છેલ્લા ત્રીજા તથા ચોથા પ્રકારનું વર્ણન કરવામાં આવશે.

**અશુભ**—૮૨ પ્રકારનાં પાપકર્મો. જે અશુભનો–અસુખનો અનુભવ કરાવે તે પાપ. આપણે તત્ત્વના આઠમા પ્રકરણમાં કર્મની ૮૨ પાપ પ્રકૃતિઓ જોઈ ગયા.

**શુભ**—૪૨ પ્રકારનાં પુણ્યકર્મો. જે શુભનો–સુખનો અનુભવ કરાવે તે પુણ્ય-કર્મની ૪૨ પુણ્ય પ્રકૃતિઓ આપણે જોઈ ગયા છીએ. પુણ્યકર્મો પણ સોનાની બેડી જ છે. તેથી તેમનો વિપાક પણ ચિંતવવો અને તે કેવી રીતે બંધન છે તે ચિંતવવું.

શુભ અને અશુભ સર્વ કર્મો કેવાં ફળો આપે છે તેનો વિચાર–ચિંતવન આ ધર્મધ્યાનના ત્રીજા વિભાગમાં આવે છે. (જુઓ જૈન દૃષ્ટિએ યોગ, પૃ. ૧૪૭–૧૫૦)

**પાક**—વિપાક, અનુભવ, ફળ. જેવાં વાવે તેવાં કર્મો ઊગે છે. તે વિપાકનું ચિંતવન કરવું તે ધર્મધ્યાનનો ત્રીજો પ્રકાર છે.

**અનુચિંતન**—વારંવાર વિચાર કરવો તે. ધર્મધ્યાનના આ પ્રકારમાં ત્રીજા પુણ્ય અને ચોથા પાપતત્ત્વનું સવિગત અનુચિંતન થાય છે.

**દ્રવ્ય**—ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય વગેરે છએ દ્રવ્યની આકૃતિઓ કેવી હોય તેની વિચારણા–ચિંતવન કરવું તે દ્રવ્ય આકૃતિ ચિંતન–સંસ્થાનવિચય નામનો ધર્મધ્યાનનો ચોથો પ્રકાર છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ક્ષેત્ર**—જંબૂદ્વીપ, અઢીદ્વીપ, મર્ત્યલોક, ઊર્ધ્વલોક, પાતાળલોક એ વગેરે ક્ષેત્રની આકૃતિ વિચારવી તે આ ધર્મધ્યાનના ચોથા પ્રકારમાં આવે છે. ભૂગોળનો વિષય કેટલો મહત્ત્વનો છે તે આ ઉપરથી સમજાશે. અત્યારે એની બિલકુલ શોધખોળ થતી નથી એ ખેદનો વિષય છે. પણ એની ચોખવટ ઉપર આ ધર્મધ્યાનનો ચોથો પ્રકાર આધાર રાખે છે, તે સમજવા જેવું છે. અત્યારે ભૂગોળ સંબંધમાં આપણે ક્યાં છીએ તે જાણવું મુશ્કેલ છે, પણ ક્ષેત્ર આકૃતિનું ધ્યાન એ અતિ અગત્યનો વિષય છે.

આ ધર્મધ્યાનનો ચોથો પ્રકાર થયો. આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય અને સંસ્થાનવિચય એમ ચાર ધર્મધ્યાનના ભેદો આપણે વિચાર્યા. હવે આપણે આ ચારે ભેદના વ્યક્તિગત લાભો જોઈએ. (૨૪૯)

**ધર્મધ્યાનના ચારે પ્રકારનું નિરૂપણ—**

**जिनवरवचनगुणगणं संचिन्तयतो वधाद्यपायांश्च ।**
**कर्मविपाकान् विविधान् संस्थानविधीननेकांश्च ॥२५०॥**

**અર્થ**—તીર્થંકર મહારાજનાં કહેલાં વચનના ગુણસમૂહનો વિચાર કરવો, તેમ જ વધ વગેરે અપાયોનો વિચાર કરવો, અને જુદા જુદા પ્રકારના કર્મનાં ફળોને વિચારવા તથા અનેક પ્રકારની આકૃતિ રચનાને વિચારવી. (૨૫૦)

**વિવેચન**—આ શ્લોકમાં વૈયક્તિક રીતે ધર્મધ્યાનના ચાર પ્રકારો બતાવી તેનાથી શો લાભ થાય તે આગળ ઉપર કહેશે.

જૈનમ્ જયતિ શાસનમ્

**જિનવર**—તીર્થંકરદેવે વસ્તુતત્ત્વ ઓળખાવેલ છે, તેને તે પ્રકાર જાણવું, સ્વીકારવું અને સદ્દહવું એ પ્રથમ આજ્ઞાવિચય નામનો વિભાગ છે. આ આજ્ઞાના વિષયોને મનમાં વારંવાર એકાગ્રતાથી વિચારતાં પ્રથમ પ્રકારનું ધર્મધ્યાન થાય છે. એ એકધ્યાનથી એકાગ્રપણે વિચારણા કરવાથી ઘણો લાભ થાય તે આગળ બતાવશે. વૈયક્તિક રીતે આ ધર્મધ્યાનનો પ્રથમ પ્રકાર થયો.

**વધ**—જીવને મારે ત્યારે પ્રાણીને સારું લાગે, પણ તેના પરિણામે અન્ય ભવમાં જ્યારે કોઈ એનું માથું ઉડાવી ખૂન કરે ત્યારે કડવો અનુભવ થાય છે. જુદાં જુદાં કર્મો એવી રીતે વધ વગેરે અડચણો કરે છે તે બરાબર વિચારવી અને સદ્દહવી તે બીજો અપાયવિચય નામનો ધર્મધ્યાનનો વિભાગ છે.

**વિપાક**—કર્મની ૧૨૦, ૧૨૨, ૧૫૮ પ્રકૃતિ આપણે આગળ ઉપર જોઈ ગયા. એ કર્મો જ્યારે ઉદયમાં આવે ત્યારે સારાં માઠાં ફળો તે કેવાં આપે છે એ અને કર્મને જરાપણ શરમ નથી પણ રીતસર તે પોતાનું ફળ જુદાજુદા પ્રકારનું આપી રહેલ છે એ આખા વિશ્વની ઘટના વિચારવી. તે ધર્મધ્યાનનો કર્મવિપાક નામનો ત્રીજો વિભાગ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સંસ્થાન**—લોકની અને પ્રત્યેક દ્રવ્યની આકૃતિઓ કેવી હોય છે તે મનમાં ધારી લઈ તેને ચિંતવવી એ ધર્મધ્યાનનો ચોથો વિભાગ છે.

વૈયક્તિક રીતે આ પુનરાવર્તનને ભોગે ફરી વખત ધર્મધ્યાનના ચારે વિભાગો બતાવી ગયા. વિરાગવાર્તા ગમે તેટલીવાર કરવામાં આવે તેમાં પુનરુક્તિદોષ લાગતો નથી એમ કહી એવી વાતો પુનઃ પુનઃ કરવાની ટેવ પાડવાનો આગ્રહ ગ્રંથકારે જ શરૂઆતમાં કર્યો છે. (૨૫૦)

**ધર્મધ્યાનનો અધિકારી (ધ્યાતા)—**

> नित्योद्विग्नस्यैवं क्षमाप्रधानस्य निरभिमानस्य ।
> धुतमायाकलिमलनिर्मलस्य जितसर्वतृष्णस्य ॥२५१॥

**અર્થ**—હંમેશ (સંસારથી) ભય પામેલો હોય, ક્ષમા જેના મનમાં પ્રધાન સ્થાને હોય (નિષ્ક્રોધી હોય), અભિમાન વગરનો હોય તેમ જ માયા–કપટને જેણે જીત્યા હોય અને સર્વ પ્રકારની તૃષ્ણા ઉપર જેણે વિજય મેળવેલો હોય તે ધર્મધ્યાન કરનારો હોય. (૨૫૧)

**વિવેચન**—આ શ્લોકમાં ધ્યાતા કેવો હોય તેની થોડી વિગતો બતાવે છે. એ પાંચ ગાથા સુધી ચાલશે. ધ્યાતાનું અન્યત્ર યોગગ્રંથોમાં વર્ણન કર્યું છે તે નીચે વિચારવામાં આવશે. આપણે પ્રથમ ગ્રંથકર્તા સાથે વિચાર કરીએ.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**ઉદ્વિગ્ન**—આપણે અગાઉ સ્તવનમાં સમકિતીનાં પાંચ લક્ષણો જોઈ ગયાં. શમ, સંવેદ, નિર્વેદ, આસ્તિક્ય અને અનુકંપા એ પાંચ લક્ષણો પૈકી નિર્વેદ નામનું ત્રીજું લક્ષણ અહીં પ્રસ્તુત છે. એને સંસારમાં રાચેલા પ્રાણીઓના પૌદ્ગલિક ભાવો જોઈને અંતરથી સંસારનો ત્રાસ આવે, એ જોઈ શકે કે સંસારમાં તો નવ સાંધીએ ત્યાં તેર તૂટે એવી આ વાત છે. જરા ઊંઘીએ ત્યાં તેડું આવે કે કુટુંબમાં અમુકને ગોળો ચડ્યો છે, કોઈ વાથી, કોઈ મરકીથી, કોઈ તાવથી પીડાય, પૌદ્ગલિક ફરનીચર ન મળે ત્યાં સુધી તેના તરફ રાગ રહે, પણ મળ્યા પછી તે ક્યાં ક્યાં મૂક્યું છે તેનું પણ ભાન નહિ, અને હજુ ઠરીઠામ બેસે નહિ ત્યાં હુકમ આવે કે ઊપડો, ચાલો. આવા સંસારથી ખરેખર બીધેલો ધ્યાતા હોય, એને સંસારમાં કાંઈ પ્રેમ ઉપજે જ નહિ. આ સંસારમાંથી હંમેશને માટે હું છૂટું ક્યારે અને પરમાનંદ સ્થાન પ્રાપ્ત કરું ક્યારે એવી એની ઇચ્છા થયા કરે. સંસારમાં તો એક આવે, બીજો મરે અને રસિક પ્રેમી દેખાતી પ્રિયા પણ અન્યને ઇચ્છે. આમાં કોઈ આપણું નથી અને આપણને થયેલા કે થવાના વ્યાધિ કોઈ લેતું નથી. એ તો રાતનો પંખીનો મેળો છે. આ સંસારમાં એક પણ મેળ ખાતો નથી અને તેમાં રાચવા-માચવા જેવું કાંઈ નથી. આવી વૃત્તિવાળો ધ્યાતા હોય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ક્ષમા**—બીજું એ ધ્યાતા ક્ષમાને પ્રાધાન્ય આપનાર હોય. એ તો જાણે ક્ષમાને વરેલો હોય. સામો માણસ ગમે તેટલો ક્રોધ કે ધમધમાટ કરે પણ જેના પેટનું પાણી પણ હાલે નહિ અને જરા પણ ઉકળે નહિ એવો ક્ષમાપ્રધાન તે ધ્યાતા હોય. એટલે ધ્યાનમાં પ્રથમ કષાયની ગેરહાજરી હોય.

**નિરભિમાની**—ધર્મધ્યાન કરવાને યોગ્ય પ્રાણી જે હોય તેનામાં આઠ પ્રકારના મદ ન હોય. જાતિ, લાભ આદિ આઠ મદ આપણે જોઈ ગયા છીએ. તે આઠે મદ તેનામાં ન હોય. કોઈ જાતની જ્ઞાન, આવડત કે વ્યાપારની પોતાની વિશિષ્ટતા હોય તો તે વાતની મહત્તા કે તેનું અભિમાન તેને ન હોય. આ માન નામનો બીજો કષાય જેણે જીતી લીધેલ હોય તે ખરો ધ્યાતા થઈ શકે છે.

**ધુતમાયા**—ધર્મધ્યાન કરનારે માયાકપટ છોડી દેવાં–તજી દેવાં જોઈએ. અંદર કાંઈક અને દેખાવ બીજો એવું અશુદ્ધ વર્તન તે (ધ્યાતા) ન કરે. એને ગોટા વાળવાના ન હોય, એ માયાકપટ ન આચરે, એને દંભ ન હોય. ટૂંકામાં, એણે ત્રીજા માયા નામના કષાય ઉપર વિજય મેળવેલો હોય

**જિતતૃષ્ણ**—ધ્યાતાએ સર્વ ગુણનો નાશ કરનાર લોભ ઉપર વિજય મેળવ્યો હોવો જોઈએ. એને લાખો કે કરોડો રૂપિયા ન લલચાવે. એને રાજ્યસત્તા ગાંડો ન બનાવે અને નિશાળના માસ્તરની કે એવી કોઈપણ પદવી એને લોભમાં ન નાંખે. આ લોભ નામના ચોથા કષાયને ધ્યાતા જીતીને બેસી ગયેલો હોય.

હજુ તો બીજી ચાર ગાથા ધ્યાતા કેવો હોય તે બતાવવા આવવાની છે. પણ આટલા વિવેચન ઉપરથી પણ સમજાયું હશે કે ધર્મધ્યાન કરનાર કાંઈ જેવો તેવો કે બજારમાં રખડતો પ્રાણી ન હોય; એ તો કષાયરહિત અને સંસારથી ઉદ્વેગ પામેલો ઉત્તમ ચારિત્રવાન અને બધા લોકોની આગળ વધેલો મહાન માણસ હોય. ક્રોધ, માન, માયા, લોભ વગરનો પ્રાણી કલ્પો. ધ્યાતા કેવો હોય તેના સંબંધમાં આપણે બીજા લખનારાના વિચારો જાણીએ. એ સર્વ પ્રસ્તુત છે અને ચાલુ વિચારને ટેકો આપનારા છે. આપણે તે પણ જોઈએ. ધ્યાન કરનાર ધ્યાતા કેવો હોય તે સંબંધી હેમચંદ્રાચાર્ય કહે છે કે એનામાં અમુક ગુણો તો અવશ્ય હોવા જોઈએ. પ્રાણનો નાશ થાય તો પણ સંયમનો ત્યાગ ન કરનાર તે હોય છે. તે અન્યને પોતાના આત્મા જેવા દેખે છે. ઠંડીગરમીના સર્વ પ્રકારના ઉપસર્ગોને તે સહન કરનાર હોય છે. મોક્ષનો તીવ્ર ઇચ્છાથી રાગી તે હોય છે. રાગદ્વેષ ને કષાય ઉપર તેણે વિજય મેળવેલો હોય છે અને તેનાથી તે જરાપણ વિહ્વળ થતો હોતો નથી. કોઈ કાર્ય ઉપર આસક્તિ ન રાખતાં નિર્લેપ રહેનારો હોય છે. તે કામભોગથી વિરક્ત હોય છે. તે કોઈની સ્પૃહા કરતો નથી અને પોતાના શરીરની પણ એ સ્પૃહા કરતો નથી. તે વૈરાગ્યવાન અને સંવેગવાન હોય છે. તેના દરેક કાર્યમાં સમતા ઓતપ્રોત થઈ ગયેલી દેખાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવે। ધ્યાતા રાજા અને ભિખારીને સરખા જુએ છે અને સર્વનું કલ્યાણ ઇચ્છે છે. એને પાપી ઉપર કરુણા આવે છે, સાંસારિક સુખથી તે વિરક્ત હોય છે, મેરુની પેઠે તે નિષ્કંપ હોય છે. તે ચંદ્રની પેઠે આનંદદાયક હોય છે અને પવનની પેઠે નિઃસંગી હોય છે. તે બુદ્ધિને ધારણ કરનાર હોય છે. આ પ્રમાણે ધ્યાતાના તેર આવશ્યક લક્ષણો બતાવ્યાં છે, તે 'જૈન દૃષ્ટિએ યોગ'(પૃ. ૧૩૯)માં ચિત્રપટ પર રજૂ કર્યાં છે.

જ્ઞાનાર્ણવમાં ધ્યાન કરનારનાં લક્ષણ બતાવ્યાં છે, તેમાંની જરૂરી હકીકત 'જૈન દૃષ્ટિએ યોગ' પૃ. ૧૪૧માં સંગ્રહી છે. ત્યાં પણ તે જ સદર આકારની વાત રજૂ કરી છે. એ સ્વરૂપ વાંચતાં એમ લાગે છે કે એમાં આપણાં જેવાં સંસારીનો કાંઈ પત્તો ખાય તેમ નથી, પણ એવા આપણે થવાની ભાવના રાખવી અને વાતને છોડી ન દેવી. સંક્ષેપમાં, ધ્યાતા બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માનું સ્વરૂપ પોતામાં ગોઠવી અંતે પરમાત્મભાવ તરફ પ્રયાણ કરે છે. ધ્યાન કરનારનું આવું સ્વરૂપ યોગીઓ લખી ગયા છે, અને તે તો આપણા આદર્શમાં રાખવા જેવું છે.

બાકી ગમે તે માણસ ધ્યાતા થઈ શકે અને ગોટા ચલાવે એવી વાત જ નથી. એ તો બહુ ઊંચી હદની વાત છે. પણ તેવી સ્વરૂપવિચારણા વાંચી નાસીપાસ થવાની જરૂર નથી, આપણી ભાવના શુદ્ધ હશે, આદર્શ નિર્મળ હશે તો આપણા આદર્શો જરૂર સિદ્ધ થશે. માટે જે પ્રકારનો ધ્યાતા આ યોગગ્રંથોમાં બતાવ્યો છે તેવા થવા પ્રયત્ન કરવો અને દરમ્યાન સ્પષ્ટ આદર્શ રાખવો.

JAINSITE.com
जैनम् जयति शासनम्

આ ગ્રંથના મતે બીજાં ધ્યાતાનાં લક્ષણ કેવાં હોવાં જોઈએ તે વિચારીએ. એમણે પણ ધ્યાતાનો આદર્શ ઊંચો રાખવામાં કાંઈ કચાશ રાખી નથી તે આપણે આવતી અને તે પછીની ગાથામાં જોઈશું. જો સંસારનો ભય લાગ્યો હોય તો તેવા થવા સિવાય બીજો કોઈ માર્ગ જ નથી. (૨૫૧)

**ધ્યાતાનાં વધારે લક્ષણો—**

तुल्यारण्यकुलाकुलविविक्तबन्धुजनशत्रुवर्गस्य ।
समवासीचन्दनकल्पनप्रदेहादिदेहस्य ॥२५२॥

**અર્થ**—એને જંગલ પણ સરખું અને કોઈ કુળની આકુળતામાં રહેવું પણ સરખું, અને જુદા પડેલા ભાઈઓ (મિત્રો) પણ સરખા અને શત્રુ પણ તેટલા જ સરખા, અને કોઈ ચંદનનો લેપ કરી જાય અને કોઈ વાંસલા વડે દેહનો છેદ કરે તે એક સરખું લાગે તેવી તેનામાં ભવ્યતા હોય છે. (૨૫૨)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિવરણ**--ધ્યાતા કેવો હોય તેનું વર્ણન જે ૨૫૧મી ગાથામાં શરૂ કર્યું છે તે આગળ ચલાવે છે.

**તુલ્ય**—એને જંગલમાં–અરણ્યમાં રહેવાનું હોય કે કોઈના કુટુંબમાં એ બન્ને વાત એને સરખી લાગે છે. એને અરણ્યમાં રહેતાં ખેદ થતો નથી અને કુટુંબની વચ્ચે રહેવાનું થતાં હરખાતો નથી. એ જંગલમાં રહી ભયંકર પશુઓથી ગભરાતો નથી અને સારા કોઈ પ્રાણીના કુળમાં એને રહેવાનું થાય તો કુલાતો નથી. એને મન તો બંને એકસરખા જ છે.

અગાઉ મોટાં મોટાં સંયુક્ત કુળો-કુટુંબો હતાં, તેમની વચ્ચે રહેવાનું થાય કે જંગલમાં પશુ વચ્ચે રહેવાનું થાય તે તેને મન તો એકસરખું જ છે.

કુલ એટલે ઉગ્રકુળ, ગૌતમકુળ વગેરે. અનેક પ્રકારનાં મોટાં કુળો પૂર્વકાળમાં હતાં અને સો બસો માણસો સાથે જમતા. છોકરાંઓ કલબલાટ કરે કે ઘરનાં માણસો ગડબડાટ કરે, પણ ધ્યાતાના પેટનું પાણી હલે નહિ, એવો ધ્યાતા હોય.

**વિવિક્ત**—છૂટા પડેલા ભાઈઓ ઘણે વખતે મળે ત્યારે હેત ઊભરાઈ જાય છે. પણ ધ્યાતાને મન ભાઈ કે દુશ્મન, સગા કે શત્રુ સર્વ એકસરખા છે, અથવા એને કોઈ સગો પણ નથી અને કોઈ દુશ્મન પણ નથી. એની તો આખી દુનિયા સંબંધી છે, એમાં કોઈ વહાલો કે દવલો નથી. એ સર્વને એકસરખા ગણે છે. એની નજરે કોઈ મિત્ર કે શત્રુ ખાસ નથી, સર્વ સમાન છે. કમઠ એના ઉપર વરસાદ કરે કે ધરણેંદ્ર એના ઉપર છત્ર ધરે તે બન્ને ઉપર સમાન વૃત્તિ રહેવી ઘણી મુશ્કેલ છે, પણ તે આપણો ધ્યાતા રાખે.

**સમ**—તુલ્ય. કોઈ ચંદનનો લેપ કરે અને કોઈ કાપી નાખે તે બન્ને એને મન સરખા છે. એને ચંદનવિલેપન કરનાર તરફ રાગ થતો નથી અને કાપનાર કે પ્રાણાંત ઉપસર્ગ કરનાર પર દ્વેષ થતો નથી.

**વાસી**--વાસ કરનાર. સુગંધી લગાડનાર.

**કલ્પન**--છેદન, કાપી નાંખવું તે.

**પ્રદેહ**—ચંદન શરીરે ચોળવું, ચંદનનો શરીરે લેપ કરવો તે. દિહ્ ધાતુ ઉપચયના અર્થમાં વપરાય છે. આવા બન્ને પ્રકારના માણસો ઉપર—ચંદનનો લેપ કરનાર અને તરવારથી કાપનાર ઉપર એની મનોવૃત્તિ એકસરખી રહે છે. એને ચંદનનું વિલેપન કરનાર પર રાગ થતો નથી અને પોતાને કાપનાર ઉપર દ્વેષ થતો નથી. તેથી કોઈ જીવતા ચામડી ઊતારવા આવે ત્યારે પોતાને કષ્ટ થશે તેનો તે વિચાર ન કરે, પણ સામા માણસને પૂછે કે હું (પોતે) કેવી રીતે ઊભો રહું કે તમને જરાપણ તકલીફ ન થાય. આવું મનનું વલણ મુશ્કેલ છે, પણ અભ્યાસથી આવી જાય છે. તે જેને આવી ગયું હોય તે ખરો ધ્યાતા છે એમ જાણવું. (૨૫૨)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધ્યાતાનાં વિશેષ લક્ષણો—

आत्मारामस्य सतः समतृणमणिमुक्तलेष्टुकनकस्य ।
स्वाध्याय-ध्यानपरायणस्य दृढमप्रमत्तस्य ॥२५३॥

**અર્થ**—આત્મા–ચેતનમાં રમણુ કરનાર, સંત–સજ્જન, જેના મનમાં તણખલું અને રત્ન સમાન હોય અથવા જેણે માટીનો ઢગલો અને સોનું એક જ ગણીને મૂકી દીધેલા હોય અને જે સ્વાધ્યાય (અભ્યાસ) અને ધ્યાનને માટે સર્વદા તૈયાર હોય તથા પાકા અપ્રમાદી હોય તે ધ્યાતા હોય. (૨૫૩)

**વિવેચન**—ધ્યાન કરનાર ધ્યાયકનું જ આ ગાથામાં વર્ણન ચાલુ છે. તે પરથી ધ્યાયક કેવો હોય તેની વ્યાખ્યા બાંધી લેવી.

**આત્મારામ**—આત્મિક ગુણોની વિચારણા કરનાર યોગીંદ્ર. એ આત્માની વાતોમાં જ આરામ પામે, એમાં જ એને મજા આવે અને આત્માની કેવી રીતે પ્રગતિ થાય તેનું સતત ચિંતવન કરે. એ પ્રાણીને–ધ્યાયકને આત્માની કે આત્મા પર અસર કરનારની વાતમાં જ અભિરતિ (આનંદ) થાય, એવો ધ્યાતા હોય.

**સત્**—અને આપણે જે ધ્યાતાનું વર્ણન વિચારીએ છીએ તે સજ્જન પુરુષ હોય, જેને સંતપુરુષ કહેવામાં આવે છે તેવો તે હોય. સંતપુરુષો દુનિયામાં થોડા હોય છે. તેમાંનો તે એક પુરુષ હોય.

**સમતૃણમણિ**—એની નજરમાં તણખલું અને મહામૂલ્યવાન રત્ન એક સરખા જ હોય, એને રત્ન તરફ પક્ષપાત ન હોય અને તણખલાં તરફ અભાવ ન હોય. એ ધ્યાતાની નજરે બન્ને સરખા જ દેખાય. આવી રત્નમાં અને તણખલામાં સમભાવબુદ્ધિ ઘણી મુશ્કેલ છે.

**લેષ્ટુકનક**—એણે સોનાને અને ધૂળના ઢેફાને સરખાં ગણીને મૂકી દીધેલ હોય છે. સોનાનો ઢગલો કરેલ હોય કે ધૂળનો ઢગલો હોય તે બન્નેને સરખાં ગણીને એણે છોડી દીધેલાં હોય છે. એની નજરમાં સોનાનો ભાવ અત્યારે વધારે છે તેથી તે ઊંચું છે અને રેતીનો ઢગલો નકામો છે એમ લાગતું નથી. એ સોનાને અને રેતીને સરખાં ગણીને ત્યાગ કરે છે.

ટીકાકાર 'મુક્ત' એટલો અર્થ કરી વિશેષ વ્યાખ્યા આપતા નથી, મને ભાસ્યો તે અર્થ કર્યો છે.

**સ્વાધ્યાય**—અભ્યાસ. ટીકાકારનો કરેલો કોઈ અર્થ નથી. મને તેનો અર્થ અભ્યાસ લાગ્યો છે. તે અભ્યાસ કરે કે ધ્યાન કરે, તેમાં એકાગ્રચિત્ત લગાડી દે છે. એને અભ્યાસ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને બાકીના વખતમાં ધ્યાન સિવાય કાંઈ પણ સૂઝતું નથી. એ તો અભ્યાસ અને ધ્યાનમાં નિરંતર મશગૂલ રહે છે. એને ખાવુંપીવું કે બીજું કોઈ કામ સૂઝતું જ નથી.

**દૃઢમ્**—એ અહીં ક્રિયાવિશેષણ તરીકે વપરાયેલ છે. દૃઢતાપૂર્વક, અપ્રમાદીપણે એવો એનો અર્થ છે.

**અપ્રમત્ત**—અપ્રમાદી. પ્રમાદરહિત, નિરંતર ઉદ્યમી.

આવો આપણો ધ્યાતા હોય. હજુ ધ્યાતાનાં વિશેષ ઉપલક્ષણો બીજી બે આર્યાથી ગ્રંથકર્ત્તાએ બતાવ્યા છે. તે આપણે જોઈએ. (૨૫૩)

ધ્યાતાનાં વધુ લક્ષણો—

**अध्यवसायविशुद्धेः प्रशस्तयोगैर्विशुध्यमानस्य ।**
**चारित्रशुद्धिमग्र्यामवाप्य लेश्याविशुद्धिं च ॥२५४॥**

**અર્થ**—પોતાના આત્મિક વિશુદ્ધ અધ્યવસાયથી જેના ત્રણે યોગો સારી રીતે પ્રસરતા હોય છે અર્થાત્ જે દિન દિન પ્રત્યે વધારે વિશુદ્ધિને પામતા હોય છે અને જે ચારિત્રની પ્રધાનભૂત શુદ્ધિને અને પોતાની લેશ્યાની શુદ્ધિને પણ કરે છે, એવો ધ્યાતા હોય છે. (૨૫૪)

**વિવરણ**—ધ્યાતા કેવો હોય તે પર વર્ણન ગ્રંથકર્ત્તાએ ૨૫૧મા શ્લોકથી શરૂ કર્યું છે તે આ અને આવતા શ્લોકમાં પણ ચાલુ રાખે છે.

**અધ્યવસાય**—પૃથ્વી, એકેંદ્રિય વગેરે સર્વ જીવોને અધ્યવસાય તો જરૂર હોય છે. આ શુદ્ધ અધ્યવસાયવાળાને અધ્યવસાયની વિશુદ્ધિને પરિણામે, અધ્યવસાય સારા થાય તેને પરિણામે, યોગો શુદ્ધ થાય છે.

**યોગ**—એના–ધ્યાતાના મન, વચન, કાયાના યોગો પણ બરાબર વર્તે છે. એટલે સારા અધ્યવસાયને પરિણામે એની મન, વચન, કાયાની પ્રવૃત્તિ પણ બહુ સરસ હોય છે. આવો ધ્યાતા હોય.

**વિશુધ્યમાન**—આવી રીતે સુંદર અધ્યવસાયને પરિણામે એની યોગોની પ્રવૃત્તિ પણ દિવસાનુદિવસ વધારે શુદ્ધ શુદ્ધતર થતી જાય. આમ અધ્યવસાયો યોગ પર અસર કરે છે અને દિને દિને એ વધારે વિશુદ્ધ થતો જાય છે.

**ચારિત્રશુદ્ધિ**—આવી રીતે મન વચન કાયા વિશુદ્ધ વર્તે એટલે એના ચારિત્રમાં શુદ્ધિ ઉત્તરોત્તર થતી જાય. સારાને બધું સારું જ મળે. યોગની અસર ચારિત્ર પર થાય એમાં નવાઈ નથી. અષ્ટપ્રવચનમાતા પણ યોગશુદ્ધિ જ માગે છે અને તે તો ચારિત્રના પ્રાણ સમાન છે.

**લેશ્યા**—અને ચારિત્રશુદ્ધિ થતાં લેશ્યાશુદ્ધિ થાય એ તો ઉઘાડી સમજાય તેવી વાત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવો આપણો ધ્યાતા હોય. જે ધ્યાતા ન હોય તેણે આ વર્ણન વિચારી ધ્યાતા થવાનો આદર્શ રાખવો જોઈએ, કારણ કે આ સંસારના અનેક તાપનું નિવારણ અંતે એ માર્ગે જ થાય તેમ છે. (૨૫૪)

**ધ્યાતાનાં છેવટનાં લક્ષણો—**

तस्यापूर्वकरणमथ घातिकर्मक्षयैकदेशोत्थम् ।
ऋद्धिप्रवेकविभववदुपजातं जातभद्रस्य ॥२५५॥

**અર્થ**—તેને આ અપૂર્વકરણ હોય છે, એક દેશે ઘાતિકર્મના ક્ષયથી તે ઉદ્ભવેલું હોય છે, તેમ જ અનેક પ્રકારની ઋદ્ધિઓના વૈભવથી યુક્ત ઉત્પન્ન થયેલું હોય છે. અને એનું (ધ્યાતાનું) કલ્યાણ થયેલું હોય છે. (૨૫૫)

**વિવેચન**—ધ્યાતાનું વિવેચન જે ૨૫૧મી ગાથાથી શરૂ થયું છે તેનો બાકીનો અને છેવટનો ભાગ આ ગાથામાં પૂર્ણ થાય છે.

**અપૂર્વકરણ**—પૂર્વે કર્મક્ષય ન કર્યો હોય તેવું. ચોથા ગુણઠાણને અંતે જે અપૂર્વ-કરણ થાય છે તેને અને આ અપૂર્વકરણને સંબંધ નથી. બાકી, એ કર્મનો જે ક્ષય તે અહીં કરે છે તે અપૂર્વ છે. તેની સંખ્યા પણ ઘણી મોટી છે તે દૃષ્ટિએ તેને અપૂર્વકરણ કહી શકાય.

અથવા એને આઠમું અપૂર્વકરણ ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે એવો અર્થ કે ભાવ શક્ય છે. બાકી ત્રણ કરણમાંનું એક અપૂર્વકરણ તો એને ચોથા ગુણસ્થાનકને અંતે ક્યારનું થઈ ગયેલ છે. તે અર્થ અત્ર ઘટે નહિ.

**ઘાતીકર્મ**—ચાર ઘાતીકર્મો છે, તે આપણે જોઈ ગયા. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ઘાતીકર્મોનો તો ક્ષય થવાને હજુ વાર છે. પણ તેનો એક વિભાગ અત્ર શરૂ થઈ જાય છે. એટલે ઘાતીકર્મનો ક્ષય થવાની શરૂઆત અહીંથી જ થાય છે. ધ્યાતા એવું સરસ ધ્યાન કરે છે કે ચારે ઘાતી કર્મના ક્ષયની શરૂઆત તે કરી નાખે છે. ધ્યાતાનું ધ્યાન કર્મોને કાપવાની શરૂઆત કરે છે. ઘાતીકર્મનો ક્ષય કેમ થાય છે અને તેનો ઉદય કેમ અટકે છે? ધ્યાનઅગ્નિ એટલો આકરો છે કે ધ્યાતાનું ધ્યાન એને કરે એ તદ્દન સ્વાભાવિક વાત છે.

**ઋદ્ધિ**—અવધિજ્ઞાન, આઠ સિદ્ધિ વગેરે અનેક પ્રકારની સિદ્ધિઓ યોગીને–ધ્યાતાને એકાગ્રતાને પરિણામે પ્રાપ્ત થાય છે, પણ તેમાં તે રસ ન લે, ખાસ ધર્મશાસનને લાભ થતો હોય તો જુદી વાત છે, પણ પોતાના લાભની ખાતર પ્રાપ્ત થયેલ ઋદ્ધિનો ઉપયોગ કરે નહિ. તે જાણે છે કે અણિમા, લઘિમા વગેરે સિદ્ધિઓનો ઉપયોગ કરવો તે પ્રમાદ છે અને પ્રમાદ તે યોગનજરે મૃત્યુ છે. આથી પોતાના લાભ ખાતર એ સિદ્ધિનો ઉપયોગ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ન કરે, પણ તેને ઋદ્ધિ કે સિદ્ધિ તો જરૂર મળે. પ્રમાદથી એ પોતાનો અધઃપાત ન વોરે.

**પ્રવેક**—પ્રકાર, અનેક પ્રકારની સિદ્ધિઓ અને નિધિઓ તેને મળે છે. ઋદ્ધિનો ઉપયોગ તે યોગબળે વધારવા અંગે કરે. એ સાંસારિક કે અંગત કોઈ હેતુએ એ સિદ્ધિનો ઉપયોગ ન કરે. પણ એને સર્વ આઠે સિદ્ધિઓ મળેલી હોય છે. અને તેનામાં તેની શક્તિ હોવાને કારણે જ એ અપૂર્વકરણ કરી ચારે ઘાતીકર્મનો ક્ષય કરવાની શરૂઆત તો કરી દે છે.

**વિભવ**—વૈભવ. આઠે મહાસિદ્ધિઓ મોટી દોલત સમાન છે અને તેને વૈભવ કહેવામાં જરાપણ અતિશયોક્તિ નથી.

**જાતભદ્ર**—કલ્યાણવંત. ધ્યાતા જન્મથી ભદ્રપરિણામી હોય છે. ભદ્રિક જીવો સ્વભાવ વડે જ કલ્યાણને ઇચ્છનારા અને કલ્યાણ કરનારા હોય છે. આ ધ્યાતાનું કલ્યાણ તો થઈ જ રહ્યું છે, અને તે તેણે ધ્યાનના બળથી પ્રાપ્ત કર્યું છે. એ જન્મથી કલ્યાણવંત હોય કે ન પણ હોય, પણ અત્યારે તો તેનું કલ્યાણ થઈ રહ્યું છે અને તે તેણે પ્રયાસ કરી પ્રાપ્ત કર્યું છે.

૨૫૧–૨૫૫ ગાથામાં જેનું વર્ણન કરવામાં આવ્યું છે તેવો ધ્યાતા હોય. (૨૫૫)

**ધ્યાતા ગારવમાં પડે નહિ—**

> **सातर्द्धिरसेष्वगुरुः प्राप्यर्द्धिविभूतिमसुलभामन्यैः ।**
> **सक्तः प्रशमरतिसुखे न भजति तस्यां मुनिः सङ्गम् ॥२५६॥**

**અર્થ**—સાતા, ઋદ્ધિ અને રસના ગારવોથી રહિત, અને જેને બીજાઓ પ્રાપ્ત કરવી સહેલી વાત નથી તે ઋદ્ધિવૈભવને સારી રીતે મેળવીને, તે તો શાંતિના સુખમાં આનંદ પામે છે, અને તે ઋદ્ધિ વગેરેમાં આસક્ત પણ થતો નથી. (૨૫૬)

**વિવેચન**—ધ્યાન કરનાર કેવો હોય છે તેનું આ ગાથામાં વધારે વર્ણન કરે છે. પ્રાસંગિક તરીકે અત્ર ગારવ અથવા ગૌરવને પણ વર્ણવી દીધાં છે.

**ગારવ**—ગૌરવ, અભિમાન, અહંકાર. આ ત્રણ પ્રકારના ગારવો છે—ઋદ્ધિ, રસ અને સાતાગારવ. ઋદ્ધિગારવ તે મોટા ધનપતિ કે રાજામહારાજાને થાય. તે ધનપતિનું પદ પચાવવું બહુ મુશ્કેલ છે. પૈસાની સાથે અભિમાન તો જોડાયલું જ રહે છે. બીજું, રસવાળી ચીજ મોસંબી, સંતરા કે શેરડી પોતાને મળ્યાં હોય તેનું અભિમાન પ્રાણીને તરત આવી જાય છે અને મારી તંદુરસ્તી કે શરીરના અવયવો કે સ્નાયુઓ એવા મજબૂત છે કે હું પચાસ માણસની રસોઈ જમી લઉં અને ઊભો ઊભો એક મણ દૂધ પી જાઉં, પોતાની તબિયતને અંગે આવું અભિમાન પ્રાણી ઘણીવાર કરે છે.

जैन साईट JAINSITE.com

**અગુરુ**—ગૌરવરહિત. પોતાની પાસે મોટી ઋદ્ધિ હોય કે રસવાળી ચીજો હોય કે પોતે તંદુરસ્ત સેન્ડો જેવો હોય, આ વાતની મોટપ જે ન માને કે ન મનાવે તે ગૌરવ કે ગારવરહિત કહેવાય છે. આપણો ધ્યાતા આવા કોઈપણ પ્રકારના ગારવ વગરનો હોય છે.

**અસુલભા**—કેટલીક ચીજો બીજાને મળવી મુશ્કેલ છે. અસુલભ એટલે દુષ્પ્રાપ્ય. બીજા તો માથાં કૂટીને કે અનેક તપો કરી રહે ત્યારે તે ચીજ મળે છે એવી, અન્યને દુષ્પ્રાપ્ય ચીજ આવા ધ્યાતાને મળે ત્યારે પણ તે તેમાં રાચતો નથી.

**સક્તા**—એ તો પ્રશમસુખમાં આસક્ત થાય છે. એને અણિમા, લઘિમા આદિ મળે કે સરસ અન્યને ધરાવીને ખવરાવી શકે એવી અક્ષીણ મહાન લબ્ધિ મળે, પણ તે તો એવી લબ્ધિ સિદ્ધિમાં ફસાઈ જતો નથી કે તેના પર આસક્તિ કરતો નથી. તેને તો પ્રશમસુખમાં જ આસકિત હોય છે અને તેમાં જ તે રત થાય છે. કોઈ જાતની ઋદ્ધિ-સિદ્ધિ તેને મોહ ઉપજાવતી નથી. ઋદ્ધિ-સિદ્ધિમાં મોહ પામવો તેને તે પ્રમાદ ગણે છે અને પ્રમાદ તો મૃત્યુ છે એમ તે માને છે. એ તો શાંતિના-સમતાના સુખમાં આસક્ત થઈને તેમાં મસ્ત રહે છે.

**પ્રશમ**—શાંતિ, સમતા, ચિત્તની સ્થિરતા. એ પ્રશમસુખ કેવું હોય તેનું વર્ણન આપણે અગિયારમા પ્રશમપ્રકરણ (ગાથા ૨૩૫–૨૪૨)માં જોઈ ગયા છીએ. તેમાં આનંદ થાય, તેમાં મજા આવે, તે સુખ હોય ત્યારે સુખ લાગે, એવા સુખમાં એ મસ્ત રહે. એનું આકર્ષણ આ પ્રશમસુખમાં હોય અને તેવા સુખમાં તે આસક્ત રહે.

**તસ્યાં**—અને તે ઋદ્ધિ આદિમાં રસ ધરાવતો નથી. એ ઋદ્ધિ-સિદ્ધિને ઉપાધિ ગણે છે. એને પ્રશમસુખમાં જ મજા આવે છે. જે ઋદ્ધિને સંસારી જીવ બહુ માને છે, તેમાં તેની આસકિત હોતી નથી, એને તો પ્રશમસુખ મેળવવાની હોંશ હોય છે.

**સંગ**—રાગ. એને ઋદ્ધિ વગેરેમાં જરાએ આકર્ષણ લાગતું નથી, એનો પ્રેમ તો પ્રશમસુખ તરફ જ અને તેને પ્રાપ્ત કરવામાં અને મળ્યું હોય તો તેને રાખવામાં જ હોય છે. આવો ધ્યાતા-ધ્યાયક હોય.

એના વિશેષ વર્ણન માટે જ્ઞાનાર્ણવ અને હેમચંદ્રાચાર્યકૃત યોગશાસ્ત્ર ગ્રંથો જોવા. (૨૫૬)

**ધ્યાતા મુનિને સુખ—**

> या सर्वसुरवरर्द्धिर्विस्मयनीयाऽपि साऽनगारर्द्धेः ।
> नार्घति सहस्रभागं कोटिशतसहस्रगुणिताऽपि ॥२५७॥

**અર્થ**—મોટા દેવતા એટલે ઇંદ્રોની જે ઋદ્ધિ હોય તે તો આશ્ચર્ય ઉપજાવનાર હોય છે, તો પણ સાધુની ઋદ્ધિ પાસે એક હજારમા ભાગથી અડધી પણ ન થાય અને

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે ઋદ્ધિને કરોડે કે દશ હજારે ગુણવામાં આવે તો પણ ઘરબાર વગરના મુનિની ઋદ્ધિથી અડધી પણ ન થાય અને હજારમે ભાગે પણ ન થાય. (૨૫૭)

**વિવેચન**—આવા પ્રકારના ધ્યાતા મુનિની આંતરસંપત્તિની કિંમત અહીં લગભગ બતાવે છે. તેથી તે ઋદ્ધિ કેટલી પ્રાપ્ત કરવા યોગ્ય છે તેનો બરાબર ખ્યાલ થશે.

**સુરવર**—દેવતાની ઋદ્ધિ કરતાં ઇંદ્રની ઋદ્ધિ ઘણી વધારે હોય છે. તેને તો આખો વખત ભોગવિલાસમાં નૃત્ય અને નાટકો જોવામાં પસાર થાય છે. સુરવર એટલે ઇંદ્રની ઋદ્ધિ સાથે ઘરબાર વિનાના મુનિ ધ્યાતાની ઋદ્ધિને ગ્રંથકર્તા સરખાવે છે. ઇંદ્રની ઋદ્ધિ પલ્લામાં એકબાજુએ રાખી તોળવામાં આવે અને બીજી બાજુએ પલ્લામાં સાધુ–ધ્યાતાની ઋદ્ધિ તોળવામાં આવે તો, સાધુની ઋદ્ધિનું પલ્લું ઘણું નમે છે.

**વિસ્મયનીયા**—આશ્ચર્ય ઉપજાવે તેવી. સુરવરની ઋદ્ધિનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે આપણે તો ખરેખર આશ્ચર્યમાં પડી જઈએ છીએ. આપણા શેઠિયાઓ પાસે કરોડ રૂપિયા હોય તેથી વધારે સામાન્ય દેવતા પાસે હોય છે, અને મહર્દ્ધિક દેવતા પાસે તેથી પણ વધારે હોય છે, અને ઇંદ્ર પાસે તો તેથી પણ વધારે હોય છે. એટલી મોટી એ ઋદ્ધિ હોય કે આપણે તો તેનું વર્ણન વાંચીને આભા બની જઈએ અને મુખમાંથી અહોહો! એવું આશ્ચર્ય નીકળી પડે. આ ઇંદ્રોની ઋદ્ધિને અણગાર સાધુની ઋદ્ધિ સાથે સરખાવીએ તો ઇંદ્રની ઋદ્ધિ હજારમા ભાગની પણ નથી અને અડધી પણ થતી નથી. એટલી કિંમતી ઋદ્ધિ આત્મદૃષ્ટિવાળા સાધુની હોય છે.

આનંદની કિંમત રૂપિયા આના પાઈથી ન થાય, એ તો આનંદ માણનાર જ જાણે. સાધુ–મુનિ–ધ્યાતા આત્માનંદમાં મસ્ત રહે છે અને તેમની તે મોટી ઋદ્ધિ છે, તે મોટા ઇંદ્રની સ્થૂળ ઋદ્ધિ કરતાં હજારો ગણી છે. જે આનંદ મુનિને થાય છે તેની કિંમત ઇંદ્રના સુખથી પણ વધારે છે.

આ સર્વ સુખ અને તેનો પ્રકાર તે કોને મળે? ક્યારે મળે? એ જોતાં સુખને તોળવાનું સાધારણ ધોરણ મૂકી દેવું જોઈએ. એ તો ઘણી ઊંચી હદની વાત છે અને અનુભવથી જ જણાય તેવું છે. બાકી તો સમજાવવા માટે આ પ્રયાસ ગ્રંથકર્તાએ કર્યો છે અને આપણે તેને અનુસરીએ છીએ.

આ તુલનામાં કે તોલમાં જરાપણ અતિશયોક્તિ નથી કે પુસ્તકિયાવેડા નથી. જેમણે એ સુખ જાણ્યું છે, જોયું છે, અનુભવ્યું છે તેમનું આ વચન છે અને તેઓ ગમે તેવું જૂઠું બોલવા કે જૂઠું સમજાવવાનો મનથી પણ પ્રયાસ કે સંકલ્પ ન કરે.

**નાર્ધંતિ સહસ્રભાગં**—હજારમા ભાગથી અરધી જેટલી પણ ન થાય. એટલે દેવના ઇંદ્રના સર્વ સગવડોનો સરવાળો કરવામાં આવે તો તે સુખ મુનિના સુખના હજારમા ભાગથી અડધું પણ ન થાય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગુણિત**—અને ઇંદ્રના એ સુખને સેંકડાએ ગુણીએ કે હજારે ગુણીએ તો તે સુખ અણગારના સુખની પાસે અરધું પણ થતું નથી. હિસાબ એવો છે કે આમાં ગુણાકારની વાત છે. હવે ઇંદ્રના આનંદને હજારે ગુણવામાં આવે તો તે સુખ સરખામણીમાં અણગારના સુખની આગળ કાંઈ જ નથી. આ વાત અનુભવે સમજાય તેવી છે. જેમણે એવા સુખનો અનુભવ કર્યો છે તેમણે આ જણાવેલ છે. એટલે આપણે માટે તો પુરુષવિશ્વાસે વચન-વિશ્વાસ છે.

વ્યવહારમાં પણ જણાય છે કે સુંદર મનોયત્ન કરતાં કે ભૂમિતિના પ્રશ્નના નિરાકરણ વખતે જે આનંદ થાય છે તે અનિર્વચનીય છે.

**અનગારઋદ્ધિ**—સાધુપુરુષ, મુનિની ઋદ્ધિ. જેને ઘર નથી, પોતાનું કોઈ નથી તેની ઋદ્ધિ. આ માનસિક આનંદ અથવા ત્યાગનો સ્વાત્માનંદ જણાય છે. (૨૫૭)

### તે સર્વોત્કૃષ્ટ ચારિત્ર પણ મેળવે--

**तज्जयमवाप्य जितविघ्नरिपुर्भवशतसहस्रदुष्प्रापम् ।**
**चारित्रमथाख्यातं संप्राप्तस्तीर्थकृत्तुल्यम् ।।२५८।।**

**અર્થ**—એવી લઘિમા આદિ ઋદ્ધિનો જય કરીને જેણે અંતરાયરૂપ શત્રુઓ ઉપર વિજય મેળવ્યો છે તે ધ્યાતા સંસારના સેંકડો કે હજારો ભવે પણ મળવું દુર્લભ એવું ચારિત્ર પ્રાપ્ત કરે છે જે ચારિત્ર તીર્થંકરના ચારિત્ર જોડે સરખાવી શકાય તેવું છે. (૨૫૮)

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**વિવેચન**—આ ગાથામાં પણ ધ્યાયકનું જ વર્ણન ચાલુ છે.

**તજ્જય**—તેનો વિજય. તે ઋદ્ધિને પણ તુચ્છ ગણનાર છે. પોતાની ભદ્રિકતા, નિઃસ્પૃહતા આદિ ગુણોથી એ ઋદ્ધિને પણ તુચ્છ માનનાર છે. એને દુન્યવી કે દેવતાના વૈભવો પણ આકર્ષણ ન કરે. ઋદ્ધિવૈભવના વિજય દ્વારા અને નિઃસ્પૃહતા દ્વારા એ ઋદ્ધિથી પણ વધારે આનંદ મેળવે છે. ઋદ્ધિને લાત મારવી એમાં વિજય રહેલો છે.

**રિપુ**—આ દુનિયામાં રખડાવનાર દુશ્મનો રાગ અને દ્વેષ છે, એ બન્ને પર, અથવા કષાયશત્રુ પર જેમણે વિજય મેળવ્યો છે તેવો ધ્યાતા છે.

**ભવ**—સેંકડો ભવ અથવા હજારો ભવે પણ મળવું મુશ્કેલ એવું ચારિત્ર એ પામે છે. ભવનો અસલ અર્થ તો સંસાર છે. અહીં ભવનો અર્થ એક જન્મથી બીજા જન્મે જવું તે થાય છે.

**દુષ્પ્રાપ**—ઘણી મુસીબતે મળે તેવું. એ તો દશ દૃષ્ટાંતો, જેમનો ઉલ્લેખ અગાઉ કરવામાં આવ્યો છે તેમની પેઠે મળવું મુશ્કેલ છે. સેંકડો અને હજારો ભવ પછી પણ મળવું મુશ્કેલ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અથાખ્યાત**—એ નામનું પાંચમું ચારિત્ર.

આ ચારિત્ર બે પ્રકારનું છે : છાદ્મસ્થિક અને કૈવલિક. છાદ્મસ્થિક ચારિત્ર ઉપશમવાળાને અગિયારમે ગુણઠાણે હોય અને ક્ષપક શ્રેણી માંડનારને બારમે ગુણઠાણે હોય. કેવળીને તેરમે તથા ચૌદમે ગુણસ્થાનકે જે ચારિત્ર હોય તે કૈવલિક વિભાગનું યથાખ્યાત ચારિત્ર જાણવું. જે ઊંચામાં ઊંચું ચારિત્ર કહ્યું છે તેનું નામ યથાખ્યાત ચારિત્ર છે. આ તો મોક્ષની નજીકમાં થાય. તે બહુ ઊંચા પ્રકારના ચારિત્રની વાત છે.

**તીર્થંકૃત્તુલ્ય**--એને તો કેવળીને હોય તેના જેવું ચારિત્ર હોય. આ ઊંચી હદની વાત છે. પણ આપણો ધ્યાતા આવો હોય.

વળી એ ધ્યાતા કેવો હોય તેનું બાકીનું વિવેચન આવતી ગાથામાં પૂર્ણ કરે છે. (૨૫૮)

**ધ્યાયકનું બાકીનું છેલ્લું વર્ણન**--

**शुक्लध्यानाद्यद्वयमवाप्य कर्माष्टकप्रणेतारम् ।**
**संसारमूलबीजं मूलादुन्मूलयति मोहम् ॥२५९॥**

**અર્થ**--પ્રથમના બે શુક્લધ્યાનને પ્રાપ્ત કરીને, તે આઠે કર્મને પ્રેરનાર અને સંસારરૂપ વૃક્ષનું મૂળ બી થઈ પડેલા મોહને મૂળથી ઉખેડી નાખે છે. (૨૫૯)

**વિવરણ**--આ ગાથામાં ધ્યાતાનું વર્ણન બાકીનું પૂરું કરે છે અને તેની સાથે ધર્મધ્યાનનું પ્રકરણ પણ પૂરું થાય છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**શુક્લધ્યાન**--ચોથા પ્રકારના ધ્યાનનું નામ શુક્લધ્યાન કહેવાય. તે શુક્લધ્યાનના પણ ચાર ભેદ છે. આપણે તત્ત્વના નવમાં પ્રકરણમાં (ગાથા ૧૮૯–૨૨૧)તેને અંગે વિચારી ગયા છીએ.

**આદ્યદ્વયમ્**--એના પ્રથમ બે પ્રકારો છદ્મસ્થ અવસ્થામાં લાભે છે. એ બે પ્રકાર જરા વિસ્તારથી જોઈ જઈએ.

પ્રત્યેક દ્રવ્યને વિશે ઉત્પાદાદિ પર્યાયના ભેદપણાનું ચિંતન કરવું, શબ્દથી શબ્દાંતરે તથા અર્થથી અર્થાંતરે અને દ્રવ્યથી દ્રવ્યાંતરે સંક્રમણ કરવું તથા એક યોગથી બીજા યોગને વિશે એટલે મનયોગથી વચનયોગને વિશે, વચનયોગથી કાયયોગને વિશે સંક્રમણ કરવું ઇત્યાદિક તે પહેલું પૃથક્ત્વવિતર્કસવિચાર શુક્લધ્યાન. એ ધ્યાન ભાંગિક શ્રુતપાઠીને ત્રણે યોગ છતાં થાય છે. આ ધ્યાનના પ્રકારને સવિતર્ક અને સવિચાર કહેવાનું કારણ એ છે કે અહીં એક પછી એક વિતર્કો—શ્રુતોપદેશનાં અવલંબનો હોય અને એક પર્યાયથી બીજા પર્યાય પર વિચારણા ચાલ્યા કરે છે, પર્યાયભેદે શબ્દસંક્રમણ પણ થયા કરે છે. આવી રીતે વસ્તુતત્ત્વ પર વિચારણા સ્થિર કરવાથી અને એક પર્યાયથી બીજા પર્યાય પર અને એક યોગથી બીજા યોગ પર ગમન કરવાથી પ્રાણી પૃથક્ત્વવિચારણા સ્થિર કરે છે અને પછી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શુક્લધ્યાનના બીજા પાયા પર (એકત્વવિતર્કઅવિચાર) આરોહણ કરે છે. પ્રથમ પૃથક્ત્વપણા ઉપર વિચાર કરતાં કરતાં જ્યારે તેને સ્થિરતા થાય છે અને મનની શુદ્ધિ થાય છે ત્યારે આત્મવીર્યથી તે એકત્વપણાનો વિચાર કરવાને યોગ્ય થાય છે. અહીં એક યોગથી બીજા યોગમાં સંક્રમણ કરવાનું રહેતું નથી. અહીં એક દ્રવ્ય ઉપર, એક પર્યાય અને એક પુદ્ગલનું તે દર્શન કરે છે. દ્રવ્યમાં રહેલ પર્યાય ભિન્ન હોવા છતાં તેમની અંતિમ એકતા અનુભવે છે અને તેવા વિશિષ્ટ અનુભવને લીધે પ્રથમ જે પૃથક્ત્વનું ભાન તેને થયું હતું તેના કરતાં અતિ ઉદાત્ત સ્થિતિ અનુભવે છે. આ બીજા પ્રકારના શુક્લધ્યાનથી તેનામાં એટલો બધો વધારો થઈ જાય છે અને શુદ્ધિ એટલી સારી થઈ જાય છે કે અત્યાર સુધી સર્વ વસ્તુઓનો બોધ થઈ શકે એવું ભાન આવરણ પામ્યું હતું, તે આવરણ આના પ્રભાવથી ખસી જાય છે અને આવરણ દૂર થયે અંદર રહેલ અચિંત્ય પ્રભાતેજયુક્ત સૂર્યનો પ્રકાશ પ્રકટ થાય છે. આ બન્ને ભેદમાં અવલંબન નામનું રહે છે અને તે શ્રુતિવિચારનું હોય છે.

**કર્માષ્ટક**--આઠ કર્મો, આગળ વર્ણવેલ છે. આ આઠ કર્મો પૈકી મોહનીય કર્મ એક છે. એ સંસારમાં રખડાવનાર અને પ્રાણીને મૂંઝવનાર હોવાથી એને કર્મના રાજા તરીકે ગણવામાં આવ્યું છે.

**મૂલબીજ**--આ સંસારને જો ઝાડ ગણીએ તો કર્મો તેનાં મૂલબીજ છે. સંસાર કર્મોમાંથી ઊઠે છે, અને વધે છે.

**ઉન્મૂલન**—મૂળમાંથી ઉખેડીને ફેંકી દે છે. ધ્યાતા કર્મ બાંધતો નથી, પણ પૂર્વે એકઠાં કર્યાં હોય તેમને પણ મૂળમાંથી ઉખેડી ફેંકી દે છે. સંસારરૂપ ઝાડના મૂળિયાં ઉખેડી નાખે છે.

આગળ ઉપર પ્રસંગે શુક્લધ્યાનના બીજા બે પ્રકારને આપણે વિચારીશું. સંસારવૃક્ષનું મૂળ અને કર્મોને પ્રેરણા કરનાર મોહ છે. તેને આપણો ધ્યાતા મૂળમાંથી ઉખેડીને ફેંકી દે છે. એ મોહનો વિજય કરે છે અને એ દુશ્મનને હતપ્રહત કરી મૂકે છે.

**પ્રણેતારં**--નાયક, આઠે કર્મોને કે બાકીનાં સાત કર્મને લઈ આવવામાં નાયક તરીકે કામ કરનાર મોહ છે. તેનો એ મૂળથી નાશ કરે છે.

આ વર્ણન પરથી ધ્યાયક-ધ્યાતા કેવો હોય તેનો કાંઈક ખ્યાલ આવ્યો હશે. (૨૫૯)

* * *

આ પ્રમાણે ધર્મધ્યાનનું પ્રકરણ પૂરું થાય છે. આ પ્રકરણમાં આપણે ધર્મધ્યાનના ચાર ચાર પ્રકાર બે રીતે જોઈ ગયા અને શુક્લધ્યાનના પણ બે ભેદો જોયા. આવી રીતે ધર્મધ્યાનના પ્રકરણમાં શુક્લધ્યાનનું નિરૂપણ કરવું તે કોઈને અતિરેક લાગે તો જણાવવાનું કે આમાં કોઈ અન્ય પ્રદેશ પર આક્રમણ નથી. ચાલુ પ્રકરણમાં તેની પછી થવાની સ્થિતિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પર વિચાર કરવાનો રિવાજ ચાલુ છે અને તેને અનુસરતા એ શુક્લધ્યાનના ભેદો વિચાર્યા છે. તેમાં કોઈ જાતનો નિયમસર વાંધો નથી.

શુક્લધ્યાનના બાકીના બે ભેદો તદ્યોગ્ય સ્થળે હવે પછી વિચારવામાં આવશે.

મુદ્દાની વાત એ છે કે ધ્યાનનો વિષય જ ઘણો મહત્ત્વનો છે અને અભ્યાસ કરીને લખવા યોગ્ય છે. આખા જૈન શાસનનું રહસ્ય અગાઉ જણાવ્યું તેમ ધ્યાન છે. અને તે ખાતર યોગગ્રંથોનો અભ્યાસ અતિ આવશ્યક છે.

એક વિદ્વાનનું એવું માનવું હતું કે જૈનોમાં યોગ જેવી ચીજ નથી, પણ મને વાંચતાં જણાય છે કે જૈન યોગ તો માર્ગાનુસારીના ગુણોથી શરૂ થાય છે. આખો ગુણસ્થાનક્રમારોહ એમાં વર્ણવી શકાય અને બન્ને પ્રકારની શ્રેણિને એમાં સ્થાન મળે, તે ઉપરાંત ત્રણે કરણો અને યોગનિરોધ પણ એમાં સ્થાન મેળવે. આવી રીતે જૈન ગ્રંથોમાં કહેલ નીતિવિભાગ, દ્રવ્યશ્રાવકનાં લક્ષણ, ભાવશ્રાવકનાં લક્ષણ, દ્રવ્યસાધુનાં લક્ષણ અને ભાવસાધુનાં લક્ષણ, વગેરે અનેક બાબતો એમાં આવી શકે. જો બનશે તો હું "જૈન દૃષ્ટિએ યોગ"નો બીજો ભાગ લખવા ઇચ્છા રાખું છું, તો તેમાં આ યોગની અનેક બાબતો જરૂર આવશે. જૈન તત્ત્વજ્ઞાન તો યોગમય જ છે.

અને જૈન યોગના દાખલા જોઈએ તો પણ ઘણા છે. એમાં મેતાર્ય, સ્કંદક કે ખુદ તીર્થંકરોના દાખલાઓ જ યોગના નમૂના પૂરા પાડે છે. અને બીજાં અનેક કથાનકો અને જૈન સાહિત્ય જૈન યોગને સારામાં સારા આકારમાં બતાવી શકે તેમ છે. આ દિશાએ પ્રયત્ન કરવાની મારી લેખકો પ્રત્યે વિજ્ઞપ્તિ છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

ચૌદ ગુણસ્થાનકવાર્તા અને તેમાં પણ મિથ્યાત્વને ગુણસ્થાનક ગણવાની વિશાળતા અને પુદ્ગળપરાવર્તને અંગે તેના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી ભેદો વિચારતાં અને ગૌતમસ્વામીએ અષ્ટાપદ પર કરેલ કથા ખૂબ સાહિત્ય પૂરું પાડે તેમ છે. તેથી આ યોગના વિષયમાં પ્રયત્ન કરવા જેવું છે એમ મને લાગે છે.

જે ધર્મનું કથાસાહિત્ય આટલું વિશાળ હોય તેને યોગવિષય બહલાવવામાં જરાપણ મુશ્કેલી પડે તેમ નથી અને અનેક દૃષ્ટિબિંદુથી એ વિષય ઝળકાવવા જેવો છે.

પણ ખરેખરી વાત તો એ છે કે ધ્યાનના વિષયમાં અથવા યોગમાર્ગમાં લેખનપ્રવૃત્તિ કરતાં એ વાતની પોતા ઉપર કેટલી અસર થઈ છે તે જોવા જેવું છે. પ્રાણી બીજાને માટે લખે ત્યારે તે બહુ પહોળો થઈ જાય છે, પણ લખનાર જો તે વાત પોતાને લાગુ પાડવા પ્રયત્ન કરે તો જીવન ફરી જાય અને એ નમૂનેદાર સમતાનો દાખલો થઈ પડે.

લખવામાં લાભ તો છે જ, કારણ કાંઈ નહિ તો તેટલો સમય તો કાયા અને વચન-યોગની તેમ જ મનોયોગની શુભ પ્રવૃત્તિ થઈ તે લાભકારક છે, પણ લખવા પ્રમાણે વર્તન થાય તો ઘણું લાભકારક છે, સ્થાયી લાભકારક છે. તેથી લખવાનો નિર્ણય કરનારે સારી રીતે વિચારીને લખેલું જીવવા વિચાર કરવો અને આ જાતનો વિચાર તેને સ્થાયી લાભ કરશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાકી પરને ઉપદેશ આપતી વખતે આ જીવ પહોળો પહોળો થઈ જાય છે. એ ઘણી મોટી મોટી વાત કરે છે. અને આદર્શોને બને તેટલા ઉચ્ચ પ્રકારના બતાવે છે. એ જ માણસ લખે તેવું જીવતો હોય તો બહુ લાભ થાય છે, સ્વ અને પરને તે ખૂબ લાભ આપે છે. નહિ તો પોથીમાંનાં રીંગણાં પેઠે કોઈ વાર તો તે એમને રીઢા કરી મૂકે છે, એ તો એમ જ ચાલે, ને સાચો ઉપદેશ દેનાર પણ ગોટા વાળે છે અને સ્વપરને નુકસાન કરનાર કેટલીક વાર થાય છે. સાચો માર્ગ જાણ્યા, સમજ્યા પછી પણ ખરાબ માર્ગે ચાલવું તે તો બહુ ખરાબ છે. સારું જાણવા છતાં પણ હીનમાર્ગ પકડવો તે માણસની નીચતા, નૈસર્ગિક તુચ્છતા જ બતાવે છે. આ તો વાત લખતાં લેખક પર લખાઈ ગયું અને તે મને પસંદ નથી. હું પોતા માટે કાંઈ લખતો નથી, લખવા ઇચ્છતો નથી.

આપણે કોણ? કાળના સપાટામાં ક્યાંના ક્યાં ઘસડાઈ જઈશું અને આપણું નામ કે ધન કે આબરૂ કોઈ ચીજ સાથે આવનાર નથી. માટે, જનતા ઉપર બનતો ઉપકાર કરવો અને પોતાની જાતને વીસરી આવા યોગ્ય વૈરાગ્યના ગ્રંથો પરલાભ માટે બને તેટલા લખવા.

આવો જ અગત્યનો વિષય આવતા પ્રકરણમાં આવવાનો છે. યોગપ્રગતિમાં ક્ષપક-શ્રેણી સમજવા અને સ્વીકારવા જેવો વિષય છે અને યોગનો એક પ્રકાર છે, તેથી તે પ્રસ્તુત છે. એને સમજવામાં થોડી ઝીણવટ જોઈશે. તે માટે વાંચનારને તૈયાર કરી હવે આપણે યોગપ્રગતિના આ નવા પણ અગત્યના વિષય પર પ્રવેશ કરીએ.

॥ इति ध्यानप्रकरणम् ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ ૧૪ મું : ક્ષપકશ્રેણી

જૈનોના તત્ત્વજ્ઞાનમાં અનેક પારિભાષિક શબ્દો છે, તેમાંનો આ ક્ષપકશ્રેણી અથવા ક્ષપકશ્રેણિ શબ્દ એક પારિભાષિક શબ્દ છે. બે પ્રકારની શ્રેણિ પ્રાણી વડે મંડાય છે—ક્ષપકશ્રેણિ અને ઉપશમશ્રેણિ. કોશ તપાસતાં જણાય છે કે શ્રેણિ અને શ્રેણી એ બન્ને સાચા શબ્દપ્રયોગ છે.

બાકી સાતમા ગુણસ્થાનકથી લઈ આગળ જતા સર્વ ગુણસ્થાનોમાં આત્માનાં પરિણામ એટલાં સ્થિર અને શુદ્ધ થઈ જાય છે કે જેથી એ ગુણસ્થાનોમાં આયુષ્યનો બંધ તો થતો જ નથી, પણ આત્મિક તંત્ર ત્યાં બે રીતે ચાલે છે. કોઈ ક્ષપકશ્રેણી માંડે છે અને કેટલાક ઉપશમશ્રેણી માંડે છે. આ કાળ અને સામાન્ય કર્મસ્થિતિ પર આધાર રાખે છે. એક ભવમાં બે વખત અને આખા કાળચક્રમાં પ્રાણી વધારેમાં વધારે છ વખત ઉપશમ-શ્રેણી માંડે છે.

ઉપશમશ્રેણી શી છે, કેવા પ્રકારની છે તે અહીં આપણે જોઈ જવા પ્રયત્ન કરીએ. એ તો આત્મિક દશા છે. અગ્નિ થયેલ હોય, તેના ઉપર રાખોડી વાળવામાં આવે તો અગ્નિ દેખાતો નથી, પણ અંદર ભારોભાર અગ્નિ છે. ઉપશમશ્રેણી માંડનારની દશા એવી છે. જે કર્મ ઉદયમાં આવે તે સર્વને તે ખલાસ કરી દે અને ઉદયમાં આવતાં કર્મોને ભોગવી લે અને બાકીનાં કર્મોને અંદર ભારેલા અગ્નિની જેમ બેસાડી દે તે ઉપશમશ્રેણી છે. તે એક જાતની આત્મિક દશા છે. જેને સુખ ભોગવવાનું ખૂબ બાકી રહી જાય તેવાં કર્મો હોય તે ચોથે ગુણસ્થાનકે આવી અનુત્તર વિમાનમાં દેવતા થાય છે અને ત્યાં ખૂબ મોટું આયુષ્ય ભોગવી તે સમયમાં સારાં કર્મોને ભોગવી લે છે. આ ઉપશમશ્રેણી છે.

ક્ષપકશ્રેણી તો કર્મની કાપણી જ કરે છે અને પ્રાણી આગળ પ્રગતિ કરતો જાય છે. ક્ષપકશ્રેણી આદરનાર તો સીધો આગળ પ્રગતિ કર્યે જાય છે, તે જરાએ પણ અટકતો નથી અને તેનામાં આત્મિક બળ ખૂબ કામ કરે છે.

આપણી નજરે તો બન્ને શ્રેણીવાળા આત્માઓ મહાન છે, પૂજ્ય છે, પણ શાસ્ત્રકારની નજરે ક્ષપકશ્રેણિ વધારે સારી છે; ઉપશમશ્રેણી પણ ઉત્થાન બતાવે છે, પણ ક્ષપક-શ્રેણિના પ્રમાણમાં તે નીચી શ્રેણી ગણાય છે.

અગિયારમા ગુણસ્થાનકનું નામ 'ઉપશાંતકષાય વીતરાગ છદ્મસ્થ' ગુણસ્થાનક છે. જેનો કષાય ઉપશાંત થઈ ગયો છે, જેનામાં રાગ—માયા અને લોભ—સર્વથા ઉદયમાં ન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવે અને જેને છદ્મ (આવરણભૂત ઘાતિકર્મ) હજુ લાગેલ હોય તે જીવ ઉપશાંતકષાય વીતરાગ છદ્મસ્થ જીવ કહેવાય છે.

વિશેષણ બે પ્રકારનાં હોય છે—સ્વરૂપ વિશેષણ અને વ્યાવર્તક વિશેષણ. એ વિશેષણને સ્વરૂપ વિશેષણ કહેવાય જે વિશેષણ ન રહે છતાં પણ શેષભાગથી ઇષ્ટ અર્થનો બોધ થઈ જતો હોય, અર્થાત્ જે વિશેષણ પોતાના વિશેષ્યના સ્વરૂપમાત્રને જ જણાવે. વ્યાવર્તક વિશેષણ એવા વિશેષણને કહેવાય કે જે વિશેષણના રહેવાથી જ ઇષ્ટ અર્થનો બોધ થઈ શકે, અર્થાત્ જે વિશેષણનો અભાવ હોય તો ઇષ્ટ અર્થ સિવાય બીજા અર્થનો બોધ થઈ જાય.

ઉપશાંતકષાય વીતરાગ છદ્મસ્થ ગુણસ્થાન એ પ્રકારના અગિયારમા ગુણસ્થાનકના નામમાં ઉપશાંતકષાય, વીતરાગ અને છદ્મસ્થ એ ત્રણ વિશેષણ છે. તે પૈકી છદ્મસ્થ એ સ્વરૂપ વિશેષણ છે, કારણ કે એ વિશેષણ ન હોય તો પણ બાકીના ભાગથી એટલે ઉપશાંતકષાય અને વીતરાગત્વથી અગિયારમા ગુણસ્થાનકનો ભાવ સ્પષ્ટ થઈ જાય છે અને જે અર્થ લાવવાનો છે તેનાથી બીજા અર્થનો બોધ થતો નથી. તેટલા માટે 'છદ્મસ્થ' એ વિશેષણ પોતાના વિશેષ્યના સ્વરૂપમાત્રને જ જણાવે છે. 'ઉપશાંતકષાય' અને 'વીતરાગ' એ બન્ને વ્યાવર્તક વિશેષણ છે, કારણ કે એ બન્ને રહેવાથી જ ઇષ્ટ અર્થનો બોધ થાય છે. અને એ ન હોય તો ઇષ્ટ સિવાય અન્ય અર્થનો બોધ થાય છે, જેમ કે 'ઉપશાંતકષાય' એ વિશેષણ ન હોય અને 'વીતરાગ છદ્મસ્થ ગુણસ્થાનક' એટલું જ જો વિશેષણ હોય તો ઇષ્ટ અર્થ સિવાય બારમા ગુણસ્થાનકનો પણ બોધ થવા લાગે છે, કારણ કે બારમા ગુણસ્થાનમાં પણ જીવને છદ્મ (જ્ઞાનાવરણ આદિ ઘાતિકર્મ) તથા વીતરાગત્વ (રાગના ઉદયનો અભાવ) હોય છે, પણ 'ઉપશાંતકષાય' એ વિશેષણ ગ્રહણ કરવાથી બારમા ગુણસ્થાનકનો બોધ ન થઈ શકે, કારણ કે બારમે ગુણસ્થાનકે જીવનો કષાય ઉપશાંત થતો નથી, પણ તે ક્ષીણ થઈ જાય છે. એ રીતે 'વીતરાગ' એ વિશેષણના અભાવમાં 'ઉપશાંતકષાય છદ્મસ્થ ગુણસ્થાન' એટલું નામ હોય તો ચોથું કે પાંચમું વગેરે ગુણસ્થાનકનો પણ બોધ થવા લાગે છે, કારણ કે ચોથા, પાંચમા વગેરે ગુણસ્થાનોમાં જીવને અનંતાનુબંધી કષાય ઉપશાંત થઈ શકે છે, પણ 'વીતરાગ' વિશેષણ રહેવાથી ચોથા, પાંચમા વગેરે ગુણસ્થાનકોનો બોધ થઈ શકતો નથી, કારણ કે એ ગુણસ્થાનકે વર્તતા જીવના રાગના (માયા તથા લોભના) ઉદયનો સદ્ભાવ હોય છે અને વીતરાગત્વનો ત્યાં અસંભવ છે.

અગિયારમે ગુણસ્થાનકે તો ઉપશમશ્રેણી કરનાર જીવ જ જાય છે. એ અવશ્ય અગિયારમા ગુણસ્થાનકેથી પડે છે. ગુણસ્થાનકનો સમય પૂરો ન થાય તે પહેલાં એ આયુષ્ય પૂર્ણ કરે છે અને તે અનુત્તર વિમાને દેવ તરીકે ઉત્પન્ન થાય છે અને ચોથું ગુણસ્થાનક પ્રાપ્ત કરે છે, કારણ કે એ સ્થાનકે ચોથા સિવાયનું ઉપરનું ગુણસ્થાનક સંભવતું નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપશમશ્રેણિ કરનાર અગિયારમે ગુણસ્થાનકેથી અવશ્ય પડે છે. મોક્ષની પ્રાપ્તિ ક્ષપકશ્રેણિ વગર થઈ શકતી નથી. ઉપશમશ્રેણિ માંડે તે એ ને એ ભવમાં ક્ષપકશ્રેણિ માંડી શકતો નથી, એવો કર્મગ્રંથકારનો અભિપ્રાય છે. સિદ્ધાંતકારને મતે જીવ એક જન્મમાં એક જ વાર શ્રેણિ માંડી શકે છે, તેમના મતે ઉપશમશ્રેણિ માંડનાર એ જ ભવમાં ક્ષપકશ્રેણિ માંડી શકતો નથી.

હવે આપણે ઉપશમશ્રેણિ કે ક્ષપકશ્રેણિમાં થતા ફેરફારો જોઈ જઈએ. કર્મગ્રંથકાર કહે છે કે અપ્રમત્તગુણસ્થાનકે જીવ ૫૯ પ્રકૃતિનો બંધ કરે છે, તે જીવ દેવતાનું આયુષ્ય બાંધીને જો અપ્રમત્તે (સાતમા ગુણસ્થાનકે) આવે તો ૫૮ પ્રકૃતિ બાંધે, કારણ કે આહારકદ્વીકનો બંધ સંભવે છે, એટલે એ ૫૮ કે ૫૯ પ્રકૃતિ બાંધે. એટલે અપૂર્વકરણની શરૂઆતમાં ૫૮ પ્રકૃતિ બાંધે. એ અપૂર્વકરણના પ્રથમ ભાગમાં નિદ્રા અને પ્રચલા નિદ્રાદ્વિકનો અંત થાય એટલે એ અપૂર્વકરણના ૬/૭ ભાગ ૫૨ ૫૬ પ્રકૃતિ બાંધે. એના પણ તે સ્થિતિઘાત રસઘાત ગુણસેઢી ગુણસંક્રમ અને અપૂર્વબંધ કરે. ત્યાં છઠ્ઠે ભાગે સુરદ્વિક (દેવ ગતિ અને દેવાનુપૂર્વી), પંચેંદ્રિય જાતિ, શુભવિહાયોગતિ, ત્રસનવક, ઔદારિક વગર ચાર શરીર તથા વૈક્રિયઅંગોપાંગ તથા આહારક અંગોપાંગ એ ઓગણીશ પ્રકૃતિ તથા સમચતુરસ્રસંસ્થાન, નિર્માણ નામકર્મ અને તીર્થંકર નામકર્મ તથા વર્ણચતુષ્ક અને અગુરુલઘુચતુષ્ક (અગુરુલઘુ, ઉપઘાત, ઉચ્છ્વાસ, પરાઘાત) એ ગુણસ્થાનકે છઠ્ઠે ભાગને અંતે ક્ષય કરે. આવી રીતે બંધમાંથી ત્રીશ પ્રકૃતિ જતાં સાતમે ભાગે છવીશ પ્રકૃતિનો બંધ થાય. ત્યાં છેલ્લા સાતમા ભાગને અંતે હાસ્યમોહનીય, રતિમોહનીય અને જુગુપ્સામોહનીય તેમ જ ભયમોહનીય જતાં ૨૨ પ્રકૃતિ બંધમાં અપૂર્વકરણને અંતે, સાતમા છેલ્લા ભાગને અંતે રહે. એટલે ત્યાં જ્ઞાનાવરણીયની પાંચ, દર્શનાવરણીયની ચાર, શાતાવેદનીયની એક તથા સંજ્વલન કષાય ચાર, હાસ્ય, રતિ, ભય અને જુગુપ્સા અને પુરુષવેદ એમ મોહનીયની નવ તેમ જ યશકીર્તિ નામ, ઉચ્ચૈર્ગોત્ર અને પાંચ અંતરાય એ સાત મળી કર્મની કુલ પ્રકૃતિ ૨૬ બાંધે. જે પ્રકૃતિને જીવ ન બાંધે તે પ્રકૃતિનો બંધવિચ્છેદ કહેવામાં આવે છે.

આવી રીતે આઠમા અપૂર્વકરણ ગુણસ્થાનકને અંતે બંધમાં સાત કર્મ ને છવીશ પ્રકૃતિ રહે. અહીં અતિ વિશુદ્ધ અધ્યવસાય થાય અને છવીશમાંથી પણ બંધમાં પ્રકૃતિ ઓછી થાય. ત્યાં આઠમા ગુણસ્થાનકને અંતે હાસ્ય, રતિ, જુગુપ્સા અને ભય એમ ચાર મોહનીયની પ્રકૃતિઓ બંધમાંથી જવાથી બાવીશ કર્મપ્રકૃતિ બંધમાં બાકી રહે.

હવે નવમા અનિવૃત્તિકરણ ગુણસ્થાનકના પાંચ ભાગ (વિભાગ) કરવાના છે, તે દરેકમાં એકેક પ્રકૃતિ બંધમાંથી જાય છે. પ્રથમ ભાગે બાવીશ પ્રકૃતિનો બંધ, બીજે ભાગે પુરુષવેદ ઓછો થતાં એકવીશ પ્રકૃતિનો બંધ અને તેના ત્રીજા ભાગમાં સંજ્વલન ક્રોધનો બંધ ન થાય એટલે બંધમાં વીશ કર્મપ્રકૃતિ રહી. ચોથે ભાગે સંજ્વલન માન જતાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઓગણીશ પ્રકૃતિ રહી. પાંચમે ભાગે સંજ્વલન માયા જતાં અઢાર બંધપ્રકૃતિ રહી. સદર અનિવૃત્તિકરણ ગુણઠાણાને અંતે સંજ્વલન લોભ જતાં સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનમાં ૧૭ પ્રકૃતિ ઉદયમાં રહે. એ સૂક્ષ્મસંપરાયને અંતે ચારે પ્રકારના દર્શનનો બંધવિચ્છેદ થાય છે, તેમ જ ઉચ્ચગોત્ર, યશઃનામકર્મ, પાંચ જ્ઞાનાવરણીય અને પાંચ અંતરાય એ કર્મપ્રકૃતિઓનો બંધવિચ્છેદ થાય છે. માત્ર એક શાતાવેદનીયનો જ બંધ બાકી રહે છે. આ રીતે ક્ષપકશ્રેણિ બાંધનારને બંધ ઉપર સ્વામિત્વ આવી જાય છે અને તેરમાને અંતે એક શાતાવેદનીય કર્મપ્રકૃતિનો પણ બંધમાંથી નાશ થાય છે. આ રીતે ક્ષપકશ્રેણિ માંડનારને ઉદય તથા સત્તામાં કર્મપ્રકૃતિ ઉત્તરોત્તર ઓછી થતી જાય છે.

મુદ્દે વાત એ છે કે ક્ષપકશ્રેણિ એ આત્મિક ગુણ છે અને આત્મા એને એ માર્ગે પ્રવર્તાવે છે. આવી કેટલીક વાતો ગ્રંથકર્ત્તા પોતે જ કહેનાર છે. તે પછી કાંઈ જરૂરી ખુલાસા હશે તો પ્રકરણને અંતે કરવામાં આવશે. આવા સુંદર આત્મિક ગુણને પ્રથમ આપણે વિદ્વાન ગ્રંથકર્ત્તાના શબ્દોમાં સમજવા યત્ન કરીએ.

**મોહોન્મૂલનનો ક્રમ—**

**पूर्वं करोत्यनन्तानुबन्धिनाम्नां क्षयं कषायाणाम् ।**
**मिथ्यात्वमोहगहनं क्षपयति सम्यक्त्वमिथ्यात्वम् ॥२६०॥**

**અર્થ**—પહેલાં તો તે અનંતાનુબંધી નામના કષાયોનો ક્ષય કરે છે. ત્યાર પછી તે મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીયનો ક્ષય કરે છે. (૨૬૦)

**વિવેચન**—મોહને એ પ્રાણી જ્યારે ક્ષપક શ્રેણિ માંડે ત્યારે કેવી રીતે દૂર કરે છે તેનો ક્રમ પદ્ધતિસર બતાવે છે.

**અનંતાનુબંધિ**—પહેલાં તો એ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા તથા લોભનો ક્ષય કરે છે, તેનો આપણે ક્રમ જોઈએ. મિથ્યાત્વ ગુણસ્થાનકને છેડે બંધમાંથી અનંતાનુબંધી ચાર પ્રકારના કષાયો જાય છે, તે આપણે ઉપોદ્ઘાતમાં જોઈ આવ્યા. આ ચાર અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ જેનું સ્વરૂપ સચિત્ર પ્રથમ કર્મગ્રંથમાં આપવામાં આવ્યું છે તે બંધમાંથી પ્રથમ ગુણસ્થાનકને અંતે નાશ પામે છે, ત્યાર પછી એનો—એ ચારે પ્રકૃતિનો બંધ થતો નથી. આવી રીતે ક્ષપકશ્રેણિએ ચઢનારો ચારે અતિ અધમ કષાયોનો બંધ તો ક્યારનો બંધમાંથી મૂકી આવેલ છે. (જુઓ કર્મગ્રંથ બીજો, ગાથા પાંચમી.)

**મિથ્યાત્વમોહનીય**—દર્શનમોહનીયના ત્રણ પ્રકાર છે: મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય અને સમકિતમોહનીય. એનું વિસ્તારથી સ્વરૂપ પ્રથમ કર્મગ્રંથ ગાથા ચૌદમીમાં આપેલ છે. કોદ્રવાનો દાખલો ત્યાં આપ્યો છે. તે વિચારવા યોગ્ય છે. એનો (કોદ્રવાનો)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભૂસો કાઢી નાંખવામા આવે તો અને છાશ આદિથી તેને શોધવામાં આવે તો તે નશો કરતો નથી. હિતઅહિતની પરીક્ષામાં વિકળ કરવાવાળા મિથ્યાત્વમોહનીયના પુદ્ગળો છે. એમાં સર્વઘાતીરસ હોય છે. બેઠાણીઓ, ત્રણઠાણીઓ અને ચારઠાણીઓ રસ સર્વઘાતી રસ છે. આત્મા પોતાના વિશુદ્ધ પરિણામના બળથી એ પુદ્ગળોના સર્વઘાતીરસ અથવા શક્તિને ઘટાડી દે છે. પછી માત્ર એકઠાણીઓ રસ રહે છે. આ એકઠાણીઆ રસવાળા દર્શનમોહનીયના પુદ્ગળોને સમકિતમોહનીય કહે છે. એનાથી તત્ત્વરુચિરૂપ સમ્યક્ત્વમાં બાધા પહોંચતી નથી, પરંતુ એનો ઉદય આત્મસ્વરૂપ રૂપ ઔપશમિક સમ્યક્ત્વ તથા ક્ષાયિક સમ્યક્ત્વ થવા દેતો નથી અને સૂક્ષ્મ પદાર્થોના વિચારને અંગે શંકાઓ પેદા કરે છે, એને પરિણામે સમકિતમાં મલિનતા આવી જાય છે, એ દોષને કારણે આ કર્મને સમ્યક્ત્વમોહનીય કર્મ કહેવાય છે.

કોઈ ભાગ શુદ્ધ અને કોઈ ભાગ અશુદ્ધ એવા કોદ્રવા સરખુ મિશ્રમોહનીય કર્મ છે. આ કર્મના ઉદયથી જીવને તત્ત્વરૂચિ ન થાય. આ મિશ્રમોહનીયનું બીજું નામ સમ્યગ્-મિથ્યાત્વમોહનીય છે. એનાં કર્મપુદ્ગળોમાં બેઠાણીઓ રસ હોય છે.

સર્વથા અશુદ્ધ કોદ્રવાના જેવું મિથ્યાત્વમોહનીય કર્મ છે, એ કર્મના ઉદયથી જીવને હિતમાં અહિતની બુદ્ધિ થાય છે અને અહિતમાં હિતની બુદ્ધિ થાય છે. એટલે એ કર્મનો ઉદય થાય છે ત્યારે પ્રાણી હિતને અહિત સમજે છે અને અહિતને હિત સમજે છે. આ પ્રકારના કર્મપુદ્ગળોમાં ચઉઠાણીઓ, ત્રણઠાણીઓ અને બેઠાણીઓ રસ હોય છે. ૧/૪ રસને ચતુઃસ્થાનક, ૧/૩ને ત્રિસ્થાનક અને ૧/૨ને દ્વિસ્થાનક (બેઠાણીઓ) રસ કહેવાય છે. સ્વાભાવિક રસ છે તેને એકઠાણીઓ રસ કહેવામાં આવે છે. આ વિષય સમજવા માટે લીંબોળીનો કે શેરડીનો એક શેર રસ લઈએ. એને એકઠાણીઓ રસ કહેવો. લીંબોળીના એ સ્વાભાવિક રસને કડવો અથવા શેરડીના રસને મીઠો રસ કહેવો જોઈએ. એ એક શેર રસને આગમાંથી પસાર કરીને અરધાને બાળી નાંખવો, એ રીતે કરતાં વધેલ કે બચેલ અરધા રસને બેઠાણીઓ રસ કહેવાય છે. એ રસ સ્વાભાવિક કડવા રસ કે મધુર રસની અપેક્ષાએ વધારે કડવો કે વધારે મધુર કહેવાય. એક શેર રસના બે વિભાગ બાળી નાંખવામાં આવે તો વધેલા એક વિભાગના રસને ત્રણઠાણીઓ રસ કહેવાય. આ પ્રાપ્ત થયેલ લીમડાનો રસ વધારે કડવો અને શેરડીનો રસ વધારે મીઠો થાય છે. એક રસના ત્રણ ભાગ બાળી નાંખવામાં આવે તો વધેલા પાશેર રસને ચઉઠાણીઓ રસ કહેવામાં આવે છે. આ રસ જો લીમડાનો હોય તો વધારે કડવો અને શેરડીનો હોય તો વધારે મીઠો કહેવાય છે. આવી રીતે કર્મ શુભ અથવા અશુભ ફળ આપે છે. તે સર્વથી આકરો હોય તો તે ચારઠાણીઓ રસ કહેવાય છે, તેથી ઓછો કડવો યા મીઠો રસ હોય તો ત્રણઠાણીઓ રસ કહેવાય છે, તેથી ઓછા તીવ્ર રસને બેઠાણીઓ રસ કહેવાય છે અને મંદ શક્તિવાળા રસને એક-ઠાણીઓ રસ સમજવો જોઈએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનંતાનુબંધી કષાય–ક્રોધ, માન, માયા તથા લોભ એ ચારે પ્રકૃતિ બંધમાંથી પણ જાય છે. (બીજો કર્મગ્રંથ, ગાથા પાંચમી)

અને સમકિતમોહનીય તથા મિશ્રમોહનીયને તો બંધમાં ગણવામાં જ નથી આવતા. ૧૫૮ પ્રકૃતિ પૈકી સંઘાતનને (૫) અને બંધનને (૧૫) તે શરીર નામના ૫ ભેદોમાં અને વર્ણઆદિની ૨૦ પ્રકૃતિઓને વર્ણઆદિ ચારમાં સમાવતાં અને મોહનીય કર્મની ૨૮ પૈકી બે (મિશ્ર અને સમકિતમોહનીય)ને ન ગણતાં બાકીની ૧૨૦ કર્મપ્રકૃતિનો બંધ જ ગણવામાં આવેલ છે. એનું કારણ એ છે કે આ બે–સમકિતમોહનીય અને મિશ્રમોહનીયનો બંધ થતો નથી, મિથ્યાત્વમોહનીયનો કર્મબંધ થાય છે. એના પુદ્ગળોને જીવ પોતાના સમકિત ગુણથી અત્યંત શુદ્ધ અથવા અર્ધશુદ્ધ કરી દે છે, આ અત્યંત શુદ્ધ પુદ્ગળ તે સમકિતમોહનીય અને અર્ધશુદ્ધ પુદ્ગળ તે મિશ્રમોહનીય છે. આવી રીતે સમકિતમોહનીય અને મિશ્રમોહનીય કર્મપ્રકૃતિઓ અલગ બંધાતી ન હોવાથી બંધને અંગે ૧૨૦ કર્મપ્રકૃતિનો જ વિચાર કરવામાં આવ્યો છે. (એની વિસ્તૃત વિચારણા માટે જુઓ પ્રથમ કર્મગ્રંથ–ગાથા ૩૨ ઉપરનું વિવેચન).

આવી રીતે અનંતાનુબંધીનો બંધ બીજા ગુણઠાણે અને તેની આગળ વિચ્છિન્ન થઈ જાય છે અને સમકિતમોહનીય અને મિશ્રમોહનીયનો બંધ થતો જ નથી. મિથ્યાત્વમોહનીયમાં તે બે ફરી જાય છે.

આ રીતે સમકિતમોહનીય કે મિશ્રમોહનીયનાં બંધનનું કારણ જ ન હોવાથી તેને જીવ બાંધતો નથી. (૨૬૦)

**ક્ષપકશ્રેણીવાળો વધારે કર્મક્ષય કરે—**

**सम्यक्त्वमोहनीयं क्षपयत्यष्टावतः कषायांश्च ।**
**क्षपयति ततो नपुंसकवेदं स्त्रीवेदमथ तस्मात् ॥२६१॥**

**અર્થ**—સમ્યક્ત્વમોહનીયનો તે ક્ષય કરે છે અને આઠ કષાયોનો તે ક્ષય કરે છે. ત્યારપછી તે નપુંસકવેદનો ક્ષય કરે છે અને તે સ્ત્રીવેદનો પણ ક્ષય કરે છે. (૨૬૧).

**વિવેચન**—બે છેલ્લી ગાથામાં બતાવેલાં કર્મોને તે ખપાવે છે પણ બીજા કયાં કર્મોને ક્ષપકશ્રેણી બાંધનાર ખપાવે છે તેનું આ ગાથામાં વર્ણન કરે છે.

**સમ્યક્ત્વમોહનીય**—પ્રાણી દર્શનમોહનીય બાંધે છે. તેનો રસ તીવ્ર હોય તો તે મિથ્યાત્વમોહનીય કહેવાય છે. વચગાળાનો હોય તો તે મિશ્રપુંજ કહેવાય છે અને મંદ રસ હોય તો તે સમ્યક્ત્વમોહનીય કહેવાય છે. શાસ્ત્રની પરિભાષામાં કહીએ તો એકઠાણીઓ રસ સમકિતમોહનીયનો હોય છે. બે કે ત્રણ ઠાણીઓ રસ મિશ્રમોહનીયનો હોય છે. અને ચઉઠાણીઓ રસ મિથ્યાત્વમોહનીયનો હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રથમ ગુણસ્થાનકને અંતે મિથ્યાત્વમોહનીય ઉદયમાંથી વિચ્છેદ પામે છે. (બીજો કર્મગ્રંથ, ગાથા ચૌદમી) ત્રીજા ગુણસ્થાનકને અંતે મિશ્રમોહનીય ઉદયમાંથી વિચ્છેદ પામે છે (સદર, ગાથા પંદરમી) અને સાતમા ગુણસ્થાનકને અંતે સમકિતમોહનીય ઉદયમાંથી વિચ્છેદ પામે છે, બંધમાંથી એ જાય છે. (સદર, અઢારમી ગાથા).

**આઠ કષાય**—બીજા અપ્રત્યાખ્યાની ચાર કષાયો ત્રીજા ગુણસ્થાનકને અંતે બંધમાંથી વિચ્છેદ પામે છે અને ત્રીજા પ્રત્યાખ્યાની કષાયની ચોકડીનો બંધ પાંચમે ગુણઠાણે જીવ કરતો નથી (ગાથા ૧૯ મી, સદર).

**નપુંસકવેદ**—કર્મગ્રંથના કહેવા પ્રમાણે ત્રણે વેદો નવમા ગુણસ્થાનકને અંતે ઉદયમાંથી જાય છે. (ગાથા ૧૮મી, સદર ગ્રંથ).

**સ્ત્રીવેદ**—તેનો ઉદય પણ નવમા ગુણસ્થાનકને અંતે જાય. ત્રણે વેદ ઉદયમાંથી સાથે જ જાય છે.

આવી રીતે પ્રાણી ક્ષપકશ્રેણી માંડવાનો હોય છે તેની પહેલાં ઉદયમાંથી તે પ્રકૃતિઓ જાય છે. ઉદયમાંથી ત્રણે વેદનો અંત નવમા અનિવૃત્તિકરણ ગુણસ્થાનકને છેડે થાય છે. (દ્વિતીય કર્મગ્રંથ-ગાથા ૧૮ મી).

આમાં નપુંસકવેદ અને ત્યારપછી સ્ત્રીવેદનો ક્ષય થાય છે એમ વાત કરી છે. તે માટે આપણે સત્તાને તપાસી જઈએ.

સત્તા એટલે પૂર્વકાળે બાંધેલ કર્મ એનો સ્થિતિકાળ પાકે ત્યારે ઉદયમાં આવે, ત્યાં સુધી તે સત્તામાં પડ્યું રહે. સત્તામાં તો અપૂર્વકરણ વગેરે ૪ ગુણસ્થાનકે અનંતાનુબંધી કષાયોનો ઉદય સત્તામાંથી જાય. એ ચાર ગુણસ્થાનક તે આઠમું, નવમું, દશમું અને અગિયારમું છે. કમ્મપયઠિ મતે એ ચારે ગુણસ્થાનકે લાભે નહિ. (જુઓ કર્મગ્રંથ બીજો–ગાથા ૨૭ મી). અહીં તો એમના મત પ્રમાણે એ કર્મની વિસંયોજના કરે, તેથી બળ્યા બીજની પેઠે એ કર્મ ફરી પલ્લવે નહિ.

કર્મગ્રંથકારના મતે તે નવમા ગુણસ્થાનકના ત્રીજા ભાગમાં સ્ત્રીવેદ, નપુંસકવેદ સત્તામાંથી જાય. આ ક્ષપકશ્રેણી માંડનાર જીવની વાત છે. આપણે તો વસ્તુસ્થિતિ સમજવાની છે, બાકી એ ગુણકસ્થાનક સુધી આપણે આ ભવે તો પહોંચવાના નથી. બાકી સ્ત્રીવેદ અને નપુંસકવેદ ઉદય અને સત્તામાંથી જાય છે, એ ચોક્કસ વાત છે. (કર્મગ્રંથ બીજો, ગાથા ૨૯મી). "ત્યારપછી" એવો શબ્દ ગ્રંથકારે કેમ વાપર્યો હશે તે તત્ત્વજ્ઞાનીગમ્ય રાખી આપણે આગળ વધીએ. (૨૬૧)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ક્ષપકશ્રેણિ માંડનારના વધારે કર્મક્ષયો—

हास्यादि ततः षट्कं क्षपयति तस्माच्च पुरुषवेदमपि ।
संज्वलनानपि हत्वा प्राप्नोत्यथ वीतरागत्वम् ॥२६२॥

**અર્થ**—હાસ્ય વગેરે છ નોકષાયોને ખપાવે અને ત્યારપછી પુરુષવેદને પણ ખપાવે અને સંજ્વલનપ્રકારના ચારે કષાયોને હણી નાખીને તે વીતરાગપણું પ્રાપ્ત કરે. (૨૬૨).

**વિવેચન**—ક્ષપકશ્રેણી માંડનાર કેટલાં કર્મોને ખપાવે તેનું વર્ણન છેલ્લી બે ગાથાથી ચાલે છે. તે જ વાતમાં વધારો આ ગાથામાં ગ્રંથકાર કરે છે.

**હાસ્યાદિષટ્ક**—હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક અને દુગુંછાને હાસ્યાદિષટ્ક કહેવામાં આવે છે. તે ઉદયમાંથી તો જાય છે, પણ નવમા ગુણસ્થાનકના ત્રીજા ભાગે આ હાસ્યાદિ ષટ્ક સત્તામાંથી પણ જાય છે એમ બીજા કર્મગ્રંથની ત્રીશમી ગાથામાં જણાવવામાં આવ્યું છે.

**સંજ્વલન**—સંજ્વલન પ્રકારનો ક્રોધ, માન, માયા અને લોભ પૈકી પ્રથમના ત્રણ તો ઉદયમાંથી નવમે ગુણસ્થાનકે ક્ષય પામી જાય છે અને સંજ્વલન લોભ દશમે ગુણસ્થાનકે ઉદયમાંથી જાય છે. (બીજો કર્મગ્રંથ, ગાથા ૨૯)

ઉપરના ત્રણ સંજ્વલન ક્રોધ, માન અને માયા નવમા ગુણસ્થાનકને છેડે સત્તામાંથી પણ જાય છે અને સંજ્વલન લોભ દશમે ગુણસ્થાનકે જાય છે. (સદર, ગાથા ૩૧).

**વીતરાગત્વ**—જેના રાગ અને દ્વેષ ગયા છે, તે વીતરાગતા છે. એવી વીતરાગતા ક્ષપકશ્રેણી માંડનાર પ્રાપ્ત કરે છે.

સત્તામાંથી પણ દશમે ગુણસ્થાનકે કષાય જાય છે અને તે એટલે વીતરાગત્વ જરૂર આવે છે એવો મત ઉમાસ્વાતિજી પ્રકાશે છે.

નપુંસકવેદ અને સ્ત્રીવેદની સર્વપ્રકૃતિ નવમાના નવ ભાગ કરતાં ચોથેથી નવમા સુધી સત્તામાંથી જાય છે.

આ રીતે ઉદય અને સત્તામાંથી પ્રકૃતિ જતાં વીતરાગતા પ્રાપ્ત થાય છે. અને વીતરાગને તો મારાંતારાં કોઈ નથી. આ સર્વ ક્ષપકશ્રેણી માંડનારને થાય છે. ઉપશમશ્રેણીવાળો તો સંસારમાં ફરે છે. (૨૬૨)

ક્ષપકનો વધારે કર્મનાશ—

सर्वोद्घातितमोहो निहतक्लेशो यथा हि सर्वज्ञः ।
भात्यनुपलक्ष्यराह्वंशोन्मुक्तः पूर्णचन्द्र इव ॥२६३॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અર્થ**—મોહના સર્વ રીતે ચૂરેચૂરા કરીને સર્વ ક્લેશને મારી હઠાવીને જાણે એ પોતે જ સર્વજ્ઞ ન હોય તેવો થઈને, નહિ દેખાતા રાહુના અંશથી પણ મુક્ત થઈને પૂનમનો પૂરેપૂરો જાણે ચંદ્ર હોય તેવો તે થઈ જાય છે. (૨૬૩)

**વિવેચન**—આ ગાથામાં પણ ક્ષપકશ્રેણિ માંડનાર શું શું કરે છે તેનું વિગતવાર ચાલતું બાકીનું વર્ણન પૂરું કરે છે.

**સર્વોદ્ઘાતિતમોહ**—મોહનીય કર્મ દશમા ગુણસ્થાનકેથી ઉદયમાંથી વિચ્છેદ જાય છે, ક્ષપકશ્રેણિ માંડનારે આ મોહના ચૂરેચૂરા કરેલા હોય છે અને રહીસહી મોહનીયની એક પ્રકૃતિ–સંજ્વલન લોભનો પણ અહીં ઉદયમાં ક્ષય કરે છે. ક્ષીણમોહ નામના બારમા ગુણસ્થાનકે મોહનીય કર્મ સત્તામાંથી પણ જાય છે. એટલે ક્ષપકશ્રેણિ માંડનારનો ઉદય અને સત્તામાંથી મોહ નાશ પામી જાય છે. તેથી તેમ જ તેનો સર્વથા બંધમાંથી પણ ચૂરેચૂરો થયેલ હોવાથી તેનો અનેક ગુણોમાંનો આ, મોહને ચૂરેચૂરા કરવાનો ગુણ ખાસ ધ્યાન ખેંચે તેવો છે.

**ક્લેશ**—ક્ષપકશ્રેણિ માંડનાર મહાનુભાવના સર્વ ક્લેશો દૂર થયેલા હોય છે અથવા તેમને તેણે હઠાવી દીધેલ હોય છે. જેનામાં કષાય ન હોય એનામાં ક્લેશ ન જ હોય, કારણ કે ક્લેશનું મૂળ કષાયો જ છે.

**સર્વજ્ઞ**—એ ક્ષપકશ્રેણી માંડનાર સર્વજ્ઞ–કેવળજ્ઞાની જેવો જ લગભગ થઈ જાય છે અને બહુ જ થોડા વખતમાં તેને તેરમે ગુણસ્થાનકે કેવળજ્ઞાન થતું હોવાથી તે લગભગ સર્વજ્ઞ જેવો જ છે.

**રાહ્વંશો**—રાહુનો અંશ. રાહુ ચંદ્રને ગળી જાય છે એ પ્રાચીન માન્યતા ઉપર આ રૂપક છે.

**પૂર્ણચંદ્ર**—પૂનમનો ચંદ્ર. રાહુનો અંશ પણ જેને લાગેલો નથી એવો તે પૂર્ણિમાનો જાણે ચંદ્રમા જ ન હોય તેવો તે દેખાય છે.

આવી રીતે ક્ષપકશ્રેણી માંડનારની મહત્તા બતાવી. એ અનંતાનુબંધી કષાયો, અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાની કષાયો તથા સંજ્વલન કષાયો પર વિજય મેળવી, હાસ્યાદિ ષટ્કનો વિજય કરે છે અને વેદનો ત્યાગ કરી અંતે લગભગ સર્વજ્ઞ જેવો થઈ જાય છે. વિશેષ જાણવા ઇચ્છા હોય તેમણે બીજા કર્મગ્રંથ જોવો. આવી રીતે ક્ષપકશ્રેણી માંડનાર મોહ ઉપર પ્રથમ સામ્રાજ્ય મેળવે છે. કર્મોમાં મોહનીય કર્મ ભારે આકરું છે, તેના પર તે વિજય મેળવે છે, એટલે તેનો રસ્તો સીધો અને સપાટ થાય છે. આ દૃષ્ટિએ ક્ષપકશ્રેણીનું સ્વરૂપ ખાસ વિચારવા યોગ્ય છે. (૨૬૩)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ક્ષપકશ્રેણિ માંડનારનો ધ્યાનાનલ—

सर्वेन्धनैकराशीकृतसंदीप्तो ह्यनन्तगुणतेजाः ।
ध्यानानलस्तपःप्रशमसंवरहविर्विवृद्धबलः ॥२६४॥

**અર્થ**—સર્વ બાળવાનાં સાધનોને એકઠાં કરી ચેતાવેલો તેનો ધ્યાન રૂપ અગ્નિ તપ, શાંતિરસ અને સંવરરૂપ ઘીથી વધારે વૃદ્ધિ પામી અનંત તેજવાળો બને છે. (૨૬૪)

**વિવેચન**—ક્ષપકશ્રેણીએ આગળ ધપેલો માણસ કેવો હોય છે તેનું સવિશેષ વર્ણન ચાલુ જ છે અને તે આવતી ગાથા સુધી ચાલવાનું છે. હવે આપણે તે વર્ણન જોઈએ.

**ઈન્ધન**—બાળવાનાં છાણાં અથવા લાકડાં. બળી શકે તેવી સર્વ વસ્તુ. તે બધી વસ્તુઓને એકત્ર કરવામાં આવી હોય અને પછી તેમને સળગાવેલ હોય, ચેતાવેલ હોય, ત્યારે કેવો મોટો ભડકો થાય? બાળવાની બધી વસ્તુનો ઢગલો તો તમે હોળીમાં જોયો હશે, એમાં અનેક ઘરનાં બારણાં, છાણાં, લાકડાં, તમરિયાં વગેરે બળે તેવી અનેક વસ્તુઓ હોય છે. તે મોટા ઢગલાને અગ્નિ ચાંપ્યો હોય અને જેવડો ભડકો થાય તેવડો મોટો ભડકો કરનાર આ ઇંધણ છે. આવડા મોટા ભડકામાં તો નાંખ્યું હોય તે બળી જાય છે, કારણ કે ભડકો જ પોતે મોટો છે.

**તેજ**—એ ભડકો એટલો મોટો થાય કે તેનું તેજ પણ ઘણે દૂરથી દેખી શકાય. તમે ડુંગર પર થતી હોળી દૂરથી પણ જોઈ હોય તો તે માઈલો સુધી પ્રકાશ પાડે છે. આ ભડકાના મોટા તેજનો અનુભવ ગામડાંવાળાને વધારે હોય, મોટાં શહેરમાં તો દીવાનો પ્રકાશ ઘણું તેજ ખાઈ જાય છે.

**હવિ**—આના જેવો ધ્યાનનો અગ્નિ હોય અને તેમાં પાછું ઘી છાંટતા જવાનું હોય, પછી ભડકામાં શું બાકી રહે? જેમ બાળવાની ચીજ(ઇંધન)નો મોટો ભડકો થાય છે તેમ કર્મોના સમૂહને બાળી ભસ્મ કરવા ધ્યાનાગ્નિનો મોટો ભડકો થાય છે. અને તેમાં તપ, સમતારસ (પ્રશમ) અને સંવર ઘી પૂરે છે. પછી જેમ ચાલુ ભડકો ઘીથી વધી જાય છે તેમ ધ્યાનરૂપ અગ્નિમાં જ્યારે તપ, પ્રશમ અને સંવરરૂપ ઘી ઉમેરવામાં–નાંખવામાં આવે ત્યારે તેનો ખૂબ મોટો ભડકો થાય છે.

**બલ**—સામર્થ્ય. એવો સમર્થ ભડકો ખૂબ મોટો થાય અને તેમાં પાછું તપ, પ્રશમ અને સંવરનું ઘી છાંટવામાં આવે ત્યારે તેનું જોર વધી જાય. પારકાં કર્મોને પણ બાળવા ધ્યાનરૂપ અગ્નિ સમર્થ થાય છે એમ ટીકાકાર અહીં જણાવે છે. આવો અર્થ આપતો કોઈ શબ્દ આ મૂળ ગાથામાં નથી, આવતી ગાથામા તે શબ્દ ઉત્પ્રેક્ષારૂપે છે તેથી તે વાસ્તવિકતાનો પ્રતિપાદક નથી. પારકાનાં કરેલાં કર્મો ધ્યાનરૂપ અગ્નિથી બાળી શકાય એ વાત મને બેસતી નથી. એ તો કર્મનો એકસરખો નિયમ છે કે કરે તે ભોગવે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ध्यान कर्मोने बाळवा समर्थ छे. अने तप साथे प्रशम अने संवर भळे त्यारे पुष्ट थयेलो ध्यानाग्नि प्राणीनां कर्मो तो बाळी शके छे, पण ए परकृत कर्मो केम बाळे? ते वात मारी समजणमां आवी नथी.

कदाच आ अर्थ प्रशंसारूपे होय. ते पोतानां तो शुं, पण पारकानां करेलां कर्मोने बाळवा समर्थ थाय छे, एवो मोटो महिमा ध्यानाग्निनो छे. बाकी ज्यां सुधी हुं कर्मनो सिद्धांत समजु छुं त्यां सुधी पारकानां करेलां कर्मो आ प्राणी हठावी शके के बाळी शके एवो कोई पण मार्ग नथी. मूळमां एवो कोई पण शब्द नथी. मारे मते ध्यानाग्निथी परकृत कर्म बाळवां शक्य नथी. मने आ बाबत टीकाकारनी आलंकारिक लागे छे. तत्त्व केवळीगम्य छे. ध्यान अग्नि जेवुं काम केवी रीते करे छे ते एकवार तमे समजी लो अने पछी साथे ज्यारे समता–प्रशम होय अने नवां कर्मो आडे संवर होय, त्यारे ते बन्ने ध्यानाग्निमां घी रेडवानुं काम करे छे. एक तो बधां इंधनोने एकठां करी खडकवामां आव्यां होय अने तेनी उपर तप, प्रशम अने संवरनुं घी छांटवामां आवे पछी ए अग्नि केटलो वधे ते कल्पनामां आवे तेम छे. कल्पनाने जोर आपवुं. अहीं अग्नि तो ध्यानानल समजवो, आ रूपक समजवा जेवुं छे. (२६४)

**क्षपकश्रेणिए करेल ध्यानाग्निनुं जोर—**

**क्षपकश्रेणिमुपगतः स समर्थः सर्वकर्मिणां कर्म ।**
**क्षपयितुमेको यदि कर्मसंक्रमः स्यात् परकृतस्य ॥२६५॥**

**अर्थ**—ज्यारे प्राणी क्षपकश्रेणीने आदरे छे त्यारे बधां प्राणीओनां कर्म जो तेनामां संक्रम थई शकतां होय तो ते सर्वने खपाववाने शक्तिशाळी थाय छे. (२६५)

**विवरण**—क्षपकश्रेणी आदरनार केटलो मोटो ध्यानाग्नि सळगावे छे तेनुं विशेष वर्णन करे छे.

**क्षपकश्रेणि**—जे क्षपकश्रेणी बारमा गुणस्थानके प्राप्त थाय छे ते नसीबदार प्राणीने मळे छे. तेनो ध्यानाग्नि केवो बळवान होय छे तेनुं अत्र वर्णन करे छे.

अनेक प्राणीओ जे कर्मो करे छे, पछी भले ते पारकां करेलां होय, तेमनो जो तेनामां संक्रम थतो होय तो तेनो ध्यानाग्नि ए बधां कर्मोने बाळी नांखवा शक्तिमान थाय छे. ते पोतानां कर्मोने तो बाळी मूके, पण जो बीजानां कर्मो तेनामां संक्रमतां होय तो तेमने पण बाळी मूकवा तेनो ध्यानाग्नि समर्थ थाय छे. आ जैन शैली प्रमाणेनी वात छे. पण बीजानां करेलां कर्मोनो संक्रम पोतामां थई शकतो नथी, ए जाणीती वात छे. पोते करेलां कर्मने तो पोते ज भोगववां पडे छे.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સર્વ**—બીજા અનેક માણસોએ કરેલાં કર્મ જો કદી તેનામાં ફેરવી શકાતાં હોય તો તેને પણ બાળી મૂકે તેટલી શક્તિ તેને પ્રાપ્ત થાય છે.

**સંક્રમ**—ફેરફાર. પોતાનાં કર્મ એકબીજામાં ફરી શકે છે (જુઓ પાંચમો કર્મગ્રંથ), પણ બીજાનાં કર્મનું સંક્રમણ પોતાનામાં થઈ શકતું નથી; તે તો તેના કરનારને ભોગવવાં જ પડે.

**પરકૃત**—પારકામાં કરેલાં. એવાં સર્વકર્મીઓનાં કર્મને બાળી નાખે એવો એનો ધ્યાનાગ્નિ બળવાન થાય છે. પણ અન્યકૃત કર્મનું સંક્રમણ પોતાનામાં થતું નથી, એટલે આ તો ક્ષપકશ્રેણીનો મહિમા બતાવનારી વાત છે.

**ક્ષપયિતું**—ખપાવવા. ભોગવીને કે ખેરવીને તેનો નાશ–ક્ષય કરવા તે સમર્થ થાય છે.

પરકૃત કર્મનો પોતાનામાં સંક્રમ ન થાય તે બાબત ગ્રંથકર્તા પોતે જ આવતી ગાથામાં સ્પષ્ટ કરશે.

**કર્મસંક્રમ**—કર્મનો સંક્રમ થઈ શકતો હોય તો. એટલે એ પોતાના કર્મને જ બાળે એટલો પ્રબળ એનો ધ્યાનાગ્નિ હોય છે એમ નહિ, પણ બીજાનાં કર્મ તેમાં કર્મમાં ફરી જતાં હોય, જે થઈ શકે તેવું નથી, તો તે પરકૃત કર્મોને પણ બાળી નાખવા સમર્થ છે. આ તો એક જાતની ઉત્પ્રેક્ષા છે. તેવું બનતું નથી, થઈ શકતું નથી પણ ક્ષપકશ્રેણી માંડનારનો ધ્યાનરૂપ અગ્નિ કેટલો મોટો, પ્રબળ અને બળવાન હોય છે, તેનો આથી ખ્યાલ આવે છે.

ઉપશમશ્રેણી માંડનારનો પાત થાય છે, કાં તો તે દેવગતિમાં જઈ ચોથે ગુણસ્થાનકે સ્થિત થાય છે, અથવા સાસ્વાદન નામના બીજા ગુણસ્થાનકે જરા વખત ટકી સમકિતને વમી નાખી પ્રથમ ગુણસ્થાનકે જાય છે. આવી ઉપશમશ્રેણી એક ભવમાં પ્રાણી વધારેમાં વધારે બે વખત માંડે છે અને સંસારમાં—પરાવર્તમાં કુલ ચાર વખત માંડે છે. ક્ષપકશ્રેણી માંડનાર તો કષાયોને દૂર કરી વીતરાગ થઈ તે જ ભવમાં મોક્ષે જાય છે. (૨૬૫)

### પોતાનાં કર્મો પોતાને જ ભોગવવાનાં—

परकृतकर्मणि यस्मान्न क्रामति संक्रमो विभागो वा ।
तस्मात् सत्त्वानां कर्म यस्य यत्तेन तद्वेद्यम् ॥२६६॥

**અર્થ**—અન્યકૃત કર્મમાં સંક્રમણ થતું નથી અને તેનો વિભાગ પણ થતો નથી, તેટલા માટે જેણે કોઈ પણ કર્મ કર્યાં હોય તે તેણે જ ભોગવવાં જોઈએ. (૨૬૬)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિવેચન : સંક્રમ**—કર્મમાં અંદર અંદર સંક્રમ થાય છે. એક જાતનું કર્મ હોય તે બીજી જાતના કર્મ તરીકે ફરી જાય છે. તે કેમ ફરે છે તે જેવું જ્ઞાનીએ કહ્યું તેવું કમ્મપયડિ ગ્રંથમાં વિસ્તારથી બતાવ્યું છે.

**વિભાગ**—સમસ્ત કર્મો ન ફરે તો એમાં વિભાગ-ભેદ પાડીને તેને ફેરવીએ. પણ તેય શક્ય નથી, કારણ કે કર્મમાં એવી ખાસિયત છે કે એક દેશે પણ એ ફરી શકતું નથી.

**વેદ્ય**—જેણે કર્મ કર્યું હોય તે એને ભોગવે. એ તો દુનિયાનો ક્રમ જાણીતો છે કે પોતાને પગે વાગે કે વાંસામાં વાગે તો જેને વાગે તેને જ તે ભોગવવું પડે. બીજા સહાનુભૂતિ દર્શાવનારા અનેક આવે. પણ સારા કે ખરાબ કર્મનાં ફળો ભોગવવામાં કોઈ મદદ કરતું જ નથી. એ તો જેણે એ કર્મ કર્યું હોય તેણે જ તે ભોગવવાનું છે, એમાં કોઈ જાતનો સંબંધ કે દરમ્યાનગીરી ચાલતા નથી.

કર્મ કરનારે જ તેનું ફળ ભોગવવાનું એ જાણીતો સિદ્ધાંત છે, તેમાં કોઈ વાતનો અપવાદ ચાલતો નથી. એટલું જ નહિ, પણ કર્મોનો ૧/૪ કે ૧/૧૦૦ કે ૧/૧૦૦૦ વિભાગ પાડી બીજાને હવાલે કરવામાં આવે આવું પણ બની શકે તેમ નથી. કર્મનો એક નિયમ છે કે કરે તે ભોગવે. આ સાર્વજનિક સત્ય છે અને તેને કોઈ જાતનો અપવાદ થઈ શકે તેમ નથી. માટે બીજા ઉપર આધાર ન રાખો. બીજા તમને કર્મથી છોડાવી શકશે કે કર્મમાં ભાગ પડાવી થોડો ભાગ પોતે ભોગવી આપશે એવું બની શકે તેમ નથી. એક જ નિયમ છે કે કરે તે ભોગવે. ભોગવતી વખત પોતાની સ્ત્રી કે સગો ભાઈ કે બહેન કે માબાપ કોઈ જરાપણ કામ આવતાં નથી. (૨૬૬)

JAINSITE .com जैनम् जयति शासनम्

**મોહનીય કર્મની મહત્તા—**

**मस्तकसूचिविनाशात्तालस्य यथा ध्रुवो भवति नाशः ।**
**तद्वत् कर्मविनाशो हि मोहनीयक्षये नित्यम् ॥२६७॥**

**અર્થ**—માથા ઉપરની સોયના નાશથી તાડનો અવશ્ય નાશ થાય છે, તેની પેઠે મોહનીય કર્મનો ક્ષય થતાં સર્વ કર્મોનો નાશ જરૂર થાય છે. (૨૬૭)

**વિવેચન**—આ ગાથામાં એક ચાવી બતાવી છે. મોહનીય કર્મનો નાશ થવાથી બાકીનાં સર્વ કર્મનો નાશ થાય છે, માટે ક્ષપકશ્રેણીએ ચઢવા માટે મોહનીય કર્મનો નાશ જરૂર કરવો.

**મસ્તક**—માથું. તાડના ઝાડને માથે એક સોય હોય છે. જો એ સોયનો નાશ થાય તો તાડનો નાશ અવશ્ય થાય છે.

**સૂચિ**—સોય. તાડના ઝાડ ઉપર એક સોય હોય છે. તેને માટે એવી માન્યતા છે કે તાડનો નાશ કરવો હોય તો તે સોયનો પ્રથમ નાશ કરવો જોઈએ. અને સોયનો નાશ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થવાથી તાડનો અવશ્ય નાશ થાય છે. અત્યારે પણ બગીચાપાલકની આ માન્યતા છે. તાડના ઝાડ ઉપર રહેલ સોયનો નાશ કરવો એ આખા તાડનો નાશ લાવવા માટે ચોક્કસ ઉપાય છે.

**વિનાશ**—એને ઉડાવી દેવાથી, કાપી નાખવાથી. સૂચિનો નાશ કરવાનું શું પરિણામ આવે છે તે બગીચાના રક્ષકને પૂછવું. એકલી સોયને ઉડાવી દેવાથી તાડનો નાશ તો લખાયલો જ છે. પછી આખા તાડને જમીનદોસ્ત કરવા પ્રયાસ કે પ્રયત્ન કરવો પડતો નથી. આ તો વાત બેસે તે માટે લૌકિક દૃષ્ટાંત આપ્યું છે.

**મોહનીયક્ષયે**—મોહનીય કર્મનો ક્ષય કરવાથી. આપણે જોયું કે ઉદયમાંથી મોહનીય કર્મ દશમા ગુણસ્થાનકમાંથી સર્વથા જાય છે અને સત્તામાંથી બારમા ગુણસ્થાનકને અંતે જાય છે. આ સર્વ કર્મના રાજા જેવા મોહનીય કર્મનો ક્ષય થતાં બધાં કર્મો—બાકીનાં સાતે કર્મનો ક્ષય થાય છે. તેથી બધાં કર્મોમાં મોહનીય કર્મને રાજાનું સ્થાન આપવામાં આવ્યું છે. જો રાજાને શેહ લાગે, તો તે કોઈ પણ સ્થાનકે ન ચાલી શકે, ત્યારે શેત્રંજ પૂરી થાય છે. તે રીતે એક મોહનીય કર્મનો ક્ષય થતાં બીજાં સાતે કર્મનો અવશ્ય ક્ષય થઈ જાય છે.

માટે કહેવાની વાત એ છે કે આ કર્મોની રમત જાણનાર ફતેહ તો જ પામે જો એ મોહનીય કર્મને હઠાવી, પછાડી દઈ તેનો ક્ષય કરે. એક મોહનીય ઉપરના વિજયથી બાકીનાં સાતે કર્મો નાશ પામે છે. તો આ ચાવી જેવી ગાથાને યથાસ્વરૂપે સમજવી. એકસોને અઠ્ઠાવન પ્રકૃતિમાં–પેટાભેદમાં મોહનીય કર્મને અઠ્ઠાવીશ સ્થાન મળે છે. એ અઠ્ઠાવીશનો ક્ષય થતાં બાકીનાં ૧૩૦ કર્મો ચાલ્યાં જાય છે, માટે એ મોહનીયનો ક્ષય કરવા પ્રબળ પુરુષાર્થ વાપરવો. (૨૬૭)

**તે કેટલા વખતમાં થાય તે જણાવે છે—**

**छद्मस्थवीतरागः कालं सोऽन्तर्मुहूर्तमथ भूत्वा ।**
**युगपद्विविधावरणान्तरायकर्मक्षयमवाप्य ॥२६८॥**

**અર્થ**—અંતર્મુહૂર્ત (બે ઘડી) કાળમાં તે મોહ વગરનો થઈ એકી સાથે જ જુદા જુદા પ્રકારના આવરણો અને અંતરાયકર્મનો ક્ષય કરે છે. (૨૬૮)

**વિવરણ**—આ ગાથામાં ક્ષપકશ્રેણી માંડનાર પ્રાણી કેવી રીતે કર્મનો ક્ષય કરે છે તેની સ્થિતિ વર્ણવે છે.

**છદ્મસ્થ વીતરાગ**—છદ્મ એટલે આવરણ. છદ્મસ્થ એટલે સંસારમાં રહેલો, સાંસારિક. એ અંતે વીતરાગ થવાનો છે તેની પહેલાં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અંતર્મુહૂર્ત**—અડતાળીશ મિનિટને મુહૂર્ત કહેવામાં આવે છે, તેનાથી કાંઈ ઓછા કાળમાં.

**આવરણ**—બારમા ગુણસ્થાનને અંતે કેવળજ્ઞાન અને કેવળદર્શનના આવરણનો બંધ તથા ઉદયમાંથી ક્ષય થાય છે. તેરમા અને ચૌદમા ગુણસ્થાનકમાં આ બે આવરણો રહેતા નથી અને સત્તામાંથી પણ તેમનો ક્ષય થાય છે. કેવળજ્ઞાન અને કેવળદર્શન તેરમે ગુણસ્થાનકે થાય છે, એટલે તેમનું આવરણ તો કેમ જ રહી શકે? (દ્વિતીય કર્મગ્રંથ)

**અંતરાય**—અંતરાયની પાંચે પ્રકૃતિ બારમા ગુણસ્થાનકને અંતે ઉદયમાંથી જાય. ઘનઘાતી ચારે કર્મો કેવળીને તેરમા ગુણસ્થાનકે હોય જ નહિ તે ઉઘાડી સમજાય તેવી વાત છે.

આવી રીતે ચારે ઘાતીકર્મોનો ક્ષય થતાં છેવટે શું થાય તે આવતી ગાથામાં જણાવશે.

ચાર ઘાતી કર્મો તે જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય છે. તે જાય ત્યારે વીતરાગતા આવે છે. (૨૬૮)

**ક્ષપકશ્રેણિ કરનારને કેવળજ્ઞાન—**

**शाश्वतमनन्तमनतिशयमनुपममनुत्तरं निरवशेषम् ।**
**सम्पूर्णमप्रतिहतं संप्राप्तः स केवलं ज्ञानम् ॥२६९॥**

**અર્થ**—હંમેશનું, અંત વગરનું, સર્વથી ચઢિયાતા પ્રકારનું, જેને કોઈની ઉપમા ન આપી શકાય તેવું, જેનાથી વધારે સુખ નથી તેવું, પરિપૂર્ણ અને જેમાં સામો ફટકો પડતો નથી એવું કેવળજ્ઞાન તે પ્રાપ્ત કરે છે. (૨૬૯)

**વિવેચન**—આગલી ગાથામાં જે અધૂરી વાત કરી છે તેનો ઉત્તર વિભાગ આ ગાથામાં જણાવે છે.

આવો પ્રાણી કેવળજ્ઞાન પામે છે. જેમાં ભૂત, ભવિષ્ય અને વર્તમાનના સર્વ ભાવ જાણવામાં આવે તેને કેવળજ્ઞાન કહેવાય છે. એ કેવળજ્ઞાન અનેક વિશેષણો યુક્ત હોય છે. તે કેવળજ્ઞાનના વિશેષણો અત્ર દાખવે છે.

**શાશ્વત**—સર્વકાળ રહેનારું. કેવળજ્ઞાન થયા પછી તે ચાલ્યું જતું નથી. આ સર્વકાળના જ્ઞાનને તેટલા માટે ઉત્કૃષ્ટ જ્ઞાન કહેવામાં આવે છે. મનુષ્યગતિમાં થોડું સુખ મળે, પણ પછી તે ચાલ્યું જાય ત્યારે દુઃખ મૂકી જાય છે. કેવળજ્ઞાન માટે તેમ નથી. તે તો એક વાર થયું ત્યારપછી હંમેશને માટેનું થાય છે.

**અનંત**—એ જ ઉપરનો ભાવ બીજી રીતે બતાવે છે. એ જ્ઞાનનો અંત આવતો જ નથી, એ અનંતજ્ઞાન છે, એનું પર્યવસાન નથી. આવીને થોડો વખત રહી ચાલ્યું જાય તેવું તે જ્ઞાન નથી, પણ થયા પછી અંત વગરના કાળ સુધી ચાલુ રહ્યા જ કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અનતિશય**—એ સંપૂર્ણ જ્ઞાન એવું છે કે એનાથી ચઢે તેવું કોઈ જ્ઞાન નથી. જેનાથી કોઈ વધારે સારું ન હોય તે અનતિશય કે નિરતિશય કહેવાય છે. આનાથી વધારે સુંદર જ્ઞાન કલ્પી પણ ન શકાય તેવું તે ઊંચામાં ઊંચા પ્રકારનું જ્ઞાન છે. એની હરિફાઈમાં કોઈ ઊભું રહી શકે તેવું જ્ઞાન જ નથી.

**અનુપમ**—આ દુનિયામાં કોઈપણ પદાર્થ નથી જેની ઉપમા તેને આપી શકાય. સરખામણી કરવા માટે કોઈ પદાર્થની જ ગેરહાજરી છે. આ જ્ઞાન કોના જેવું છે એમ ઉપમાન કરવા માટે તેની સામે ધરી શકાય તેવો પદાર્થ જ નથી. એટલે, એ એટલું ઊંચા પ્રકારનું છે કે જેની સાથે સરખાવી શકાય તેવી ચીજ આ દુનિયામાં નથી. 'જિસકે પટંતર કોઈ નહિ, ઉસકા કયા મોલા' એ આનંદઘનના પદના વિવેચનમાં મેં આ બાબત વિસ્તારથી જણાવી છે.

**અનુત્તર**—ઉત્કૃષ્ટતમ. જેના પછી વધારે સારું જ્ઞાન આવવાનું છે એમ છે જ નહિ. એ પોતે જ સર્વોત્કૃષ્ટ છે.

**નિરવશેષ**—બાકી કાંઈ ન રહે તેવું, પરિપૂર્ણ, સંપૂર્ણ. જરા બાકી રહે તો પછી આવશે એવું આ કેવળજ્ઞાનમાં નથી.

**સંપૂર્ણ**—બધું, પૂરેપૂરું, જરાપણ બાકી ન રહે તેવું. જાણી શકાય તેટલા સર્વ પદાર્થને તે ગ્રહણ કરતું હોવાથી તે જાતે જ સંપૂર્ણ છે. કોઈ વાતે બાકી નથી.

**અપ્રતિહત**—એક ફટકો પડ્યા પછી સામો ફટકો પડે તે પ્રતિઘાત કહેવાય છે. અપ્રતિહત એટલે ન હણાય તેવું. આ કેવળજ્ઞાનમાં સામો ફટકો નથી, કારણ કે તેનાથી વધારે જ્ઞાન થવાનું જ નથી. આવું શુદ્ધ જ્ઞાન તે કેવળજ્ઞાન છે. ભૂત, ભાવિ અને વર્તમાન સર્વ પદાર્થ જાણે પછી બાકી શું રહે? આવું કેવળજ્ઞાન ક્ષપકશ્રેણીને અંતે થાય છે. એવી આ ક્ષપકશ્રેણી છે અને તે યોગની ઉત્કૃષ્ટ સ્થિતિ હોવાથી ખાસ સમજવા યોગ્ય છે. કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી તે શું જાણે એ કર્ત્તા પોતે જ આવતી ગાથામાં જણાવે છે. (૨૬૯)

### કેવળી શું શું જાણે તે બતાવે છે—

कृत्स्ने लोकालोके व्यतीतसाम्प्रतभविष्यतः कालान् ।
द्रव्यगुणपर्यायाणां ज्ञाता द्रष्टा च सर्वार्थैः ॥२७०॥

**અર્થ**—આખા (પરિપૂર્ણ) લોક અને અલોકને તથા ગયેલા (પસાર થયેલ), ચાલુ (વર્તમાન) અને ભવિષ્ય કાળોને તથા સર્વ દ્રવ્ય, ગુણ અને પર્યાયોને જાણનાર અને દેખનાર સર્વ પ્રકારે એ થાય છે. (૨૭૦)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિવેચન**—હવે એ કેવળજ્ઞાની શું જાણે અને નજરે દેખે છે, તેનું આ ગાથામાં વર્ણન કરે છે.

**લોક**—આ લોક જેમાં અઢી દ્વીપ, સાત નારકી, બાર દેવલોક અને અસંખ્ય દ્વીપ-સમુદ્રો તથા મુક્તિશિલા આવેલાં છે તેને આખાને એ કેવળજ્ઞાન જાણે અને દેખે છે.

**અલોક**—ચૌદ રાજલોકનો સમાવેશ થયા પછી અનંત ગણો મોટો લાંબો અલોક આવે છે. એમાં છ દ્રવ્ય પૈકી માત્ર આકાશ જ એક દ્રવ્ય હોય છે. તે ઘણો મોટો પ્રદેશ છે. આ બન્ને વાત ક્ષેત્રની અપેક્ષાએ કરી.

**વ્યતીત**—કાળના એક રીતે ત્રણ ભાગ પાડી શકાય-ગયેલો (past), વર્તમાન અને ભવિષ્યત્. આ પૈકી વ્યતીત એટલે ભૂતકાળ, ગયેલો કાળ, પસાર થઈ ગયેલો સમય.

**સાંપ્રત**—વર્તમાન, ચાલતો કાળ. અત્યારે જે વર્તે છે તે સમય એટલે વર્તમાનકાળ.

**ભવિષ્યત્**—આગળ ઉપર આવનારો કાળ એ ભવિષ્યકાળ. હવે પછી બનનારા બનાવો.

આ ત્રણે શબ્દો કાળને આશ્રયીને છે. ભૂત-ભવિષ્યને અને વર્તમાનને એ બરાબર જાણે છે અને દેખે છે એમ આ સૂત્રની મતલબ છે.

**દ્રવ્ય**—સર્વ ચીજોને, સર્વ વસ્તુને, સર્વ પ્રાણીઓને.

**ગુણ**—સહભાવી ધર્મો. ચીજો કે પ્રાણીને જે સાથે લાગ્યા હોય તે ધર્મો. કેટલાક ધર્મો પ્રાણીની સાથે જ લાગેલા હોય છે. વસ્તુના ધર્મો જે સાથે હોય અને રહે તે સ્થાયી ધર્મોને ગુણ કહેવામાં આવે છે.

**પર્યાય**—ક્રમભાવી ધર્મો. જાણવાની ચીજ અથવા પ્રાણીમાં એક પછી એક થાય તે ક્રમભાવી ધર્મોને પર્યાય કહેવાય છે.

જાણવાની સર્વ વસ્તુ જેમાં પ્રાણીનો પણ સમાવેશ થાય છે તેને એ કેવળજ્ઞાની જાણે અને દેખે. આ દ્રવ્ય-ગુણ-પર્યાયને સમજાવતો એક ગુજરાતી રાસ શ્રીમદ્ યશોવિજય ઉપાધ્યાયે રચ્યો છે અને તેના પરથી દ્રવ્યાનુયોગતર્કણા ગ્રંથ સંસ્કૃતમાં લખાયો છે. ગુજરાતીમાં પહેલો ગ્રંથ લખાય અને તે ગુજરાતીનું સંસ્કૃત થાય એવો આ રાસનો એક જ દાખલો છે.

**સર્વાર્થ**—સર્વ પ્રકારે, એટલે કેવળી દરેક વસ્તુને સર્વ પ્રકારે જાણે અને દેખે છે. સર્વ પ્રકારે એટલે જેટલું અંદરના વિષયને જાણે તેટલું જ બાહ્ય વિષયોને જાણે દેખે.

**જ્ઞાતા**—વિશેષ જ્ઞાન તે જ્ઞાન, વિગતવાર જાણપણું.

**દ્રષ્ટા**—સામાન્ય જ્ઞાન, આ કાંઈક છે એવું જ્ઞાન, વિગત વગરનું જ્ઞાન તે દર્શન.

આવી રીતે કેવળજ્ઞાની સર્વ ક્ષેત્રોને, સર્વ કાળને અને સર્વ વસ્તુના દ્રવ્ય, ગુણ અને પર્યાયને સર્વપ્રકારે દેખે છે અને વિગતવાર જાણે છે. આવું કેવળજ્ઞાન ક્ષપકશ્રેણી માંડનારને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાર પછી બહુ ઓછા કાળમાં થાય છે. ત્યારપછી કેવળજ્ઞાની શું કરે એ સ્વાભાવિક પ્રશ્નનો જવાબ આવતી ગાથામાં કર્ત્તા પોતે જ આપે છે.

આ તત્ત્વજ્ઞાનનો મોટો સવાલ છે અને બૌદ્ધો સાથે તે બાબતમાં વિવાદ છે. જૈન તત્ત્વજ્ઞાન પ્રમાણે ભૂત ભાવી અને વર્તમાનકાળે થયેલા, થતા અને થવાના સર્વ વિષયોને પ્રાણી જાણી દેખી શકે છે. આ તફાવત જાણવો-સમજવો. (૨૭૦)

**સંપૂર્ણ જ્ઞાનનુ વિશેષ સ્વરૂપ—**

**क्षीणचतुःकर्मांशो वेद्यायुर्नामगोत्रवेदयिता ।**
**विहरति मुहूर्तकालं देशोनां पूर्वकोटिं वा ॥२७१॥**

**અર્થ**—તેના ઉપર જણાવેલ ચાર ઘાતીકર્મો નાશ પામી ગયાં છે. વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચાર અઘાતી કર્મને ભોગવતાં તેઓ મુહૂર્તકાળ સુધી અથવા દેશ (કાંઈક) ઓછા પૂર્વ કોટિ વર્ષ સુધી વિચરે છે. (૨૭૧)

**વિવેચન**—કેવળજ્ઞાની કેટલો વખત વિહાર કરે છે? તેની ઉત્કૃષ્ટ તથા ઓછામાં ઓછી સ્થિતિ બતાવે છે.

**ક્ષીણચતુઃકર્માંશ**—ઉપર જણાવ્યા તે ચારે ઘાતીકર્મો : જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય જેના મૂળથી ગયેલાં છે એવા કેવળજ્ઞાનવાળા પુરુષો.

**વેદ્યાયુર્નામગોત્ર**—ભવોપગ્રાહી ચાર કર્મો તેમના બાકી રહે છે. તે ચાર કર્મો આ પ્રમાણે છે—વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર. આ ચાર કર્મો ભવોપગ્રાહી કહેવાય છે. એ તે ભવ-જીવન સાથે લાગેલાં છે. આ ચાર કર્મોને ભોગવનારા.

**મુહૂર્તકાલ**—બે ઘડી. સંસારમાં ઓછામાં ઓછો બે ઘડી વિહાર કરે છે, વિચરે છે. આ જઘન્યકાળ સમજવો. અંતકૃત્ કેવળી થઈ કેટલાક પ્રાણીઓ તુરત જ મોક્ષે જાય છે. મરૂદેવા માતાને હાથી ઉપર કેવળજ્ઞાન થયું હતું અને પછી તેઓ તરત જ મોક્ષે ગયા હતા. આ મુહૂર્તકાળ જઘન્ય સમજવો.

**દેશોના પૂર્વકોટિ**—ઉત્કૃષ્ટ કાળે કાંઈક ઓછી પૂર્વ કોટિ. ચોરાશી લાખને ચોરાશી લાખે ગુણીએ ત્યારે એક કોટિ થાય, એવી ચોરાશી લાખ કોટિમાં આઠ વર્ષ બાદ જતાં જે બાકી રહે તે. એટલે કોઈ પ્રાણીને કેવળજ્ઞાન થાય અને તેનું મનુષ્યાયુ ઉત્કૃષ્ટ હોય તો તેને લઈને આ ઉત્કૃષ્ટ કાળની ગણના કરી. તે આટલો કાળ દુનિયામાં વિચરે છે અને સ્વપરને ઉપકાર કરે છે.

આ ગાથામાં કેવળજ્ઞાની કેટલા વર્ષ રહે, જાણે અને દેખે તે સર્વ વાતો બતાવી છે. પૂર્વકાળમાં મનુષ્યનું આયુષ્ય ચોરાશી લાખ પૂર્વનું હતું. આઠ વર્ષે દીક્ષા લે, તુરત ક્ષપકશ્રેણી માંડી કેવળજ્ઞાન પ્રાપ્ત કરે તો ચોરાશી લાખ પૂર્વમાં તેટલો આઠ વર્ષ ઓછો સમય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેવળજ્ઞાન પામી તે ઉપદેશ આપે. કોઈ જીવો સ્કંદકના શિષ્યો જેમ અંતકૃત્ કેવળી થઈ તુરત જ મોક્ષ પામે તો તેઓ જઘન્યકાળ કેવળજ્ઞાનની દશા ભોગવે છે. (૨૭૧)

**કેવળી સંસારમાં રહે છે તેનું કારણ—**

**तेनाभिन्नं चरमभवायुर्दुर्भेदमनपवर्तित्वात् ।**
**तदुपग्रहं च वेद्यं तत्तुल्ये नामगोत्रे च ॥२७२॥**

**અર્થ**—છેલ્લા ભવનું આયુષ્ય નિરુપક્રમી હોવાથી તેનાથી જુદું નહિ તેવું તે આયુ હોય છે. તેને (આયુને) સહાય કરનાર વેદનીય કર્મ પણ હોય છે. તેમ જ તેમનાં સરખાં નામકર્મ અને ગોત્રકર્મ પણ હોય છે. (૨૭૨)

**વિવરણ**—કેવળી સંસારમાં રહે છે તેનાં કારણો આ ગાથામાં રજૂ કરે છે.

**અભિન્ન**—દૂધ અને પાણી પેઠે જુદું ન પડી શકે તેવું. એકમેક થઈ ગયેલું, જીવ સાથે મળી ગયેલ, એક થઈ ગયેલ, જામી ગયેલ.

**ચરમ**—જે ભવમાં કેવળજ્ઞાન થાય તે છેલ્લો ભવ છે. ત્યાંથી મરવાનું તો છે પણ પછી જન્મવાનું નથી. એવા ભવને છેલ્લો ભવ કહેવામાં આવે છે.

**અનપવર્તિત્વ**—નિરુપક્રમી. અમુક શલાકાપુરુષોના આયુષ્ય નિરુપક્રમી હોય છે. એને અકસ્માત ન થાય; પણ તે વધારી ઘટાડી પણ ન શકાય. ઇંદ્રે લાભ દેખી પ્રભુને થોડા વખત માટે આયુષ્ય વધારવા વિજ્ઞપ્તિ કરી ત્યારે ભગવાને જણાવ્યું કે તીર્થંકર પણ એમ કરવાને સમર્થ નથી. આવા મહાબળ શક્તિવાળા પણ આયુષ્યને વધારી ઘટાડી ન શકે તો આપણા જેવાનું તો શું ગજું ? આને માટે કર્મગ્રંથ વિચારવો.

**ઉપગ્રહ**—સહાય, મદદ. આયુષ્યના સહાયક તરીકે વેદનીય કર્મ કામ કરે છે. એને અંગે જેવાં બાંધ્યાં હોય તેવાં કર્મ ભોગવવાં પડે છે.

**નામગોત્ર**—નામકર્મ અને ગોત્રકર્મ.

કેવળીને આ ચાર કર્મો જ બાકી રહે છે—આયુષ્ય, વેદનીય, નામ અને ગોત્ર.

**તત્તુલ્ય**—એના જેટલા જ, તુલ્ય નામકર્મ અને ગોત્રકર્મ હોય છે. એ અસરખા હોય તો સરખા કેમ થાય તે આવતા પ્રકરણમાં વિગતવાર બતાવવામાં આવશે.

ક્ષપકશ્રેણી પછી કેવળજ્ઞાન થાય ત્યારે એ ચાર કર્મ બાકી રહે છે. અને તેમને સરખા કરવા સમુદ્ઘાત થાય છે. એ પદ્ધતિથી સર્વ કર્મ આયુષ્યની સરખાં થાય છે. તે પદ્ધતિ અને રીતિ આવતા પ્રકરણમાં ગ્રંથકાર પોતે જણાવશે. (૨૭૨)

* * *

બસો સાઠમી ગાથાથી શરૂ થયેલ ક્ષપકશ્રેણીનું પ્રકરણ અહીં પૂરું થાય છે. આ ક્ષપકશ્રેણી અને ઉપશમશ્રેણીનો તફાવત ખાસ સમજવા યોગ્ય છે. યોગની એ ઘણી ઊંચી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાત છે. અને તેને બરાબર સમજવા માટે ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણીમાં તફાવત શું છે તે ચોક્કસ સમજવો પડે. ક્ષપકશ્રેણી માંડનાર અગિયારમે ગુણસ્થાનકે આવતો જ નથી અને પાછો હઠતો નથી. દસમા ગુણસ્થાનકેથી સીધો બારમે ગુણસ્થાનકે આવે છે અને આગળ વધે છે. બારમે ગુણસ્થાનકે પણ એ અટકતો નથી. એનો યોગ એટલો વિશિષ્ટ પ્રકારનો હોય છે કે એ દશમાને અંતે જતી સર્વ પ્રકૃતિનો ક્ષય કરી યોગમાં આગળ વધે છે.

વાત એ છે કે આ પ્રાણીને અભ્યાસ કરવાની અને વસ્તુ સમજવાની તકલીફ લેવી નથી અને બને તો એમ. એ. જેટલા ધાર્મિક વિષયમાં નિષ્ણાત થવું છે, પણ તેર વર્ષે એમ. એ. થવાય છે તો ધાર્મિક વિષયમાં એ કક્ષાએ પહોંચતાં કેટલાં વર્ષ જાય? પણ આને તો સૂતાં સૂતાં મળી જાય તો જ્ઞાન મેળવવું છે. એને જ્ઞાન સાથે વિરોધ કરે તેને પ્રાપ્ત કરવામાં વાંધો નથી, પણ તેને જરાયે તકલીફ લેવી નથી અને તે માટે પ્રયાસ કરવો નથી. પણ પ્રયાસ વગર કોઈ વસ્તુ મળે નહિ અને વગર પ્રયાસે મળી જાય તો તેનું મૂલ્ય પણ ન રહે. માટે યોગમાં આ રીતે પ્રગટ થયેલી બાબત પોતે બરાબર સમજે તે માટે જ્ઞાન પ્રાપ્ત કરવાની બહુ જરૂર છે. જ્ઞાન વગર સર્વ અંધકાર છે, નકામું છે. એ વૃત્તિ વિચારક પ્રાણીની જરૂર થશે. એ સિવાય આપણો માર્ગ નથી. જો આ સંસારનો ખરો કંટાળો આવ્યો હોય તો તે દૂર કરવા માટે આ શ્રેણીઓને સમજવી જ પડશે. માટે જ્ઞાન એ જ તો બલિહારી છે.

આ બન્ને પ્રકારની શ્રેણીઓ સમજવા માટે અભ્યાસની બહુ જરૂર છે અને તે પ્રયાસે જ સુસાધ્ય છે. અને અભ્યાસ કરવાની અત્યારે વય અને અનુકૂળતા છે. તિર્યંચ ગતિમાં પ્રાણી બોલી શકતો નથી, વિચાર અધ્યવસાય રૂપે થતા હોય તો તે અન્યને બતાવવાનું સાધન નથી હોતું. તેથી સર્વ વિચાર કે અધ્યવસાય માર્યા જાય છે. માટે, આવી મળેલ તકનો અને સમજશક્તિનો પૂરતો લાભ લેવો. પછી શરીર કે મગજ નબળાં થાય ત્યારે પસ્તાવો થાય કે આને બદલે ભણ્યા હોત તો સારું હતું, પણ એ સમજણ ઘણી મોડી આવે છે અને તે એવે વખતે આવે છે કે પછી તે હોય તો નકામી થઈ જાય. અત્યારે પુસ્તકો વાંચવા મળે છે, તેને સમજાવનાર મળે છે, પોતામાં સમજવાની શક્તિ છે. એવા વખતનો અને ખાસ કરીને પોતાને મળેલી અનુકૂળતાનો લાભ લેવો.

આવો અવસર વારંવાર મળતો નથી. અન્ય ગતિમાં પરાધીનતા કે આનંદને કારણે ભણવા સમજવા માટે અનુકૂળતા રહેતી નથી અને આ તો આર્યક્ષેત્ર, દેવગુરુની જોગવાઈ અને પોતાની સ્વાધીનતા મળી છે તેનો અને તેટલો લાભ લેવો. અંતે પરાધીન અવસ્થા જરૂર આવવાની છે એ વિચારવું. પ્રાણી આવી પારિભાષિક બાબતોમાં બેદરકાર રહે છે, તે તેને જ નુકસાન કરનારી બાબત છે. અને આટલા અનંત રખડામણના ભવો એવા જ કોઈ કારણે થયા છે. પણ આ વખતનો તો જરૂર લાભ લેવો અને મળેલ તકને ગુમાવી ન



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવી. તેમાં પણ પ્રશમશ્રેણી કે સમુદ્ઘાત જેવા પારિભાષિક વિષયો તો અભ્યાસથી જ સ્પષ્ટ થાય. તેને સમજાવનાર અલ્પ જણાય તો તેની ચિંતા ન કરવી. પોતે તો જે થોડા સમજણયુક્ત પુરુષો કે બહેનો હોય તેમનો પૂરતો લાભ લેવો. આમાં સ્વાર્થ જેવું કાંઈ નથી અને પરમાર્થ પણ અંતે તો સ્વાર્થ જ છે. સ્વાર્થ સાધવો તે પરભવની નજરે યોગ્ય જ છે, માટે પોતાની પ્રગતિ થાય તેવો અભ્યાસ કરવો. અત્યારની મળેલ જોગવાઈનું મૂલ્ય સમજવું અને પરિણામે સ્થાયી લાભ થાય તેવી સ્થિતિ પ્રાપ્ત કરવી. જે અત્યારની તકનો પૂરતો લાભ લઈ પ્રશમશ્રેણી વગેરે સમજવા પ્રયત્ન નહિ કરે, તે અંતે પસ્તાશે.

આ ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણીનું વિવેચન છઠ્ઠા કર્મગ્રંથને છેડે કર્યું છે તે જોવું.

॥ इति क्षपकश्रेणीप्रकरणम् ॥

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૧૫મું : સમુદ્દ્ઘાત

હવે આ પ્રશમરતિ ગ્રંથમાં સમુદ્દ્ઘાતનું પ્રકરણ શરૂ થાય છે. એ શબ્દ પારિભાષિક છે તેથી તેને સમજવા પ્રયત્ન કરીએ. આ મનુષ્યજીવનની સફળતા જ આવા પારિભાષિક શબ્દો સમજવામાં છે. અત્યારે જે વાંચવા સમજવાની જોગવાઈ મળી છે તે બીજી ગતિમાં મળતી નથી. તેનો પૂરેપૂરો લાભ લેવા જેવું છે. પછી ગરથ ગયા પછીનું ડહાપણ નકામું છે. ડહાપણ તો આવે છે પણ ત્યારે સમજશક્તિ ઓછી, નજીવી થઈ જાય છે અને પછી એટલું મોડું થઈ જાય છે કે મળેલ લાભ નહિવત્ થઈ જાય છે અને પછી પસ્તાવો કે ખેદ થાય છે.

તેટલા માટે આવા પારિભાષિક શબ્દો આવે તે સમજવા યત્ન કરવો અને સમજાય નહિ તો તેના સંબંધમાં બીજાને પૂછવું; એમાં શરમાવું નહિ, કારણ કે શરમાળ પ્રાણી આગળ પ્રગતિ કરતો જ નથી. અને જ્ઞાન મેળવવા માટે પ્રચ્છના કરવી, પોતાના મિત્રો કે વડીલોને પૂછી સાચું જ્ઞાન મેળવવું તેમાં કોઈ પ્રકારની શરમ નથી. શરમ તો અજ્ઞાન રહેવામાં છે અને ખોટા જ્ઞાનમાં કે મિથ્યા ફસામણમાં ચાલુ રહેવું તે ભારે શરમની વાત છે. એટલે, તક મળે ત્યારે પોતાથી વધારે સમજણવાળા પાસેથી પારિભાષિક શબ્દો સમજી લેવા.

અને અત્યારની જે જોગવાઈ જેને મળી હોય તે માટે તેણે પરમાત્માનો આભાર માનવો. નાના ગામડામાં હોય તેના અને સારા શહેરમાં રહેનાર હોય તેના સંબંધમાં તફાવત જરૂર પડે છે. મોટા શહેરમાં પારિભાષિક જ્ઞાન મેળવવાની જોગવાઈ પ્રમાણમાં વધારે રહે છે. ત્યાં વિદ્વાન ભણેલા હોય છે અને સાધુઓનો પણ અવારનવાર જોગ થઈ શકે છે. મનમાં શંકા રાખવી અને તેનો નિકાલ કરી મનને સુંદર રાખવું એ એમાં બીજું જ સારું છે. તેથી શંકા દૂર કરવાનાં સાધનો મળે તેનો લાભ લેવો, તે સ્વહિતમાં વધારો કરનારું છે. અને તક તો તેવી મેળવી શકાય છે, પણ મનને અતિ પવિત્ર રાખવું, વિચારવું કે આ સમજુ જ્ઞાનીએ બતાવેલો માર્ગ છે અને સાધારણ રીતે મળવો મુશ્કેલ છે. પોતાને મળી ગયો છે તે લાભ કાંઈ જેવો તેવો નથી, તો પછી શંકા દૂર કરી મનને શાંત, ચોખ્ખું અને પવિત્ર રાખવું અને તેમાં થતી શંકાઓ દૂર કરવાના પ્રસંગો મળે તેનો લાભ જરૂર લેવો અને નિરંતર ચિંતવવું કે આવો વખત ફરી ફરીને મળવો મુશ્કેલ છે. સુંદર ક્ષેત્ર, દેવગુરુધર્મની જોગવાઈ, પોતાના મગજની સમજણ અને તે તૃપ્ત કરનાર વડીલોનો સંગ મળ્યો છે તો બને તેટલો તેમનો લાભ લેવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેઓ આળસમાં કે શરમમાં પડી આવો લાભ લેતા નથી તેઓ અંતે હેરાન થાય છે. હેરાનગતિ જેમ શારીરિક હોય છે તેમ માનસિક પણ હોય છે. માનસિક હેરાનગતિ શારીરિક હેરાનગતિ જેટલી જ રખડાવનારી હોય છે. માટે એવી માનસિક તકલીફ કે શંકા-કુશંકાને સ્થાન ન આપતાં સમજવું કે મહાઉપકારી પુરુષોએ આ ન્યાયસંમત ધર્મ પ્રરૂપ્યો છે, તેમાંની કોઈ વાત ન સમજાય તો વગર સંકોચે તેનો નિકાલ કરવો.

સમુદ્ઘાતને માટે દંડક પ્રકરણમાં નવમું દ્વાર છે, તેમાં જણાવે છે કે "એ પ્રકારના સમુદ્ઘાત છે. તેમાં એક તો આત્માને જે વેદનાદિકે પ્રાબલ્યે કરી ઘાત થાય તે જીવ સંબંધી સમુદ્ઘાત જાણવો. તે સાત પ્રકારનો છે. તેમાં એક વેદનાસમુદ્ઘાત, બીજો કષાય-સમુદ્ઘાત, ત્રીજો મરણસમુદ્ઘાત, ચોથો વૈક્રિયસમુદ્ઘાત, પાંચમો તૈજસ્‌સમુદ્ઘાત, છઠ્ઠો આહારસમુદ્ઘાત અને સાતમો કેવળીસમુદ્ઘાત. તે કેવળીસમુદ્ઘાત ચૌદ રાજલોક વ્યાપ્ત, આઠ સમયનો જાણવો. એ સાત પ્રકારે આત્માના પ્રદેશ શરીરમાંથી બહાર નીકળે છે, માટે એને જીવસમુદ્ઘાત કહીએ. બીજા અજીવસમુદ્ઘાતનું કાંઈ અહીં કારણ નથી, માટે તેનું લક્ષણ કહ્યું નથી. એ સાત સમુદ્ઘાત માંહેલા જે દંડકે જેટલા સમુદ્ઘાત હોય, તે તે દંડકે તેટલા કહેવા તે નવમું સમુદ્ઘાત દ્વાર જાણવું."

આ પ્રમાણે દંડકમાં પ્રાથમિક વિવેચન પૃ. ૧૭ ઉપર છે. હું સમુદ્ઘાત શબ્દને સ્રીલિંગમાં વાપરતો હતો, તેથી મને થયું કે એ ગ્રંથના પ્રકટ કરનાર કચ્છી હોઈ લિંગ-વ્યત્યય કર્યો હશે, પણ આશ્ચર્ય થશે કે પાઈઅસદ્દમહણ્ણવો જોતાં સમુદ્ઘાત શબ્દ પુંલ્લિગ છે એમ પૃ. ૧૦૯૨ ઉપરથી જણાયું. હવે આ પ્રકરણમાં હું સમુદ્ઘાતને પુલ્લિંગમાં–નરજાતિમાં વાપરીશ.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

આપણને સમજાવવામાં આવે છે કે જેનાથી આત્મા શરીરની બહાર નીકળે તે સમુદ્ઘાત કહેવાય અને અચિત્ત મહાસ્કંધની વાત બાજુએ રાખતાં સાત પ્રસંગે એ વાત બને છે. આ સાત પ્રસંગો ઉપર જણાવ્યા.

આપણે કેવળીસમુદ્ઘાતને યોગના ઉત્કૃષ્ટ અંગ તરીકે સમજવો છે. તે પહેલાં દંડક-પ્રકરણના કર્તા સમુદ્ઘાતને અંગે શું કહે છે તે જોઈ લઈએ. મનુષ્યને સાતે સમુદ્ઘાત હોય છે એમ પંદરમી ગાથાના ઉત્તરાર્ધમાં જણાવી દંડકપ્રકરણના કર્તા આગળ સોળમી ગાથામાં કહે છે કે "વેદના, કષાય, મરણ, વૈક્રિય, તેજસ્, આહારક અને કેવળી સમુદ્ઘાત એ સાતે સમુદ્ઘાતો મનુષ્યને હોય છે." સત્તરમી ગાથામાં ત્યાર પછી જણાવે છે કે "એકેન્દ્રિયને કેવળી, તેજસ્ અને આહારક વિના ચાર સમુદ્ઘાત હોય છે અને વાઉકાય સિવાયના એકેન્દ્રિય જીવોને વૈક્રિય સિવાય વેદના, કષાય અને મરણ એ ત્રણ સમુદ્ઘાત હોય છે અને તે જ ત્રણ સમુદ્ઘાતો વિકલેન્દ્રિયને હોય છે અને સંજ્ઞી પંચેન્દ્રિય ગર્ભજ મનુષ્યને સાતે સમુદ્ઘાત હોય. આ ઓઘે વાત કહી." અઢારમી ગાથામાં જણાવે છે કે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"ગર્ભતિર્યંચનો એક દંડક અને દેવોના તેર દંડક વિષે આહારક સમુદ્દઘાત અને કેવળી-સમુદ્દઘાત સિવાય બાકીના પાંચે સમુદ્દઘાતો લાગે. નારકો અને વાઉકાયો વિષે વેદના, કષાય, મરણ અને વૈક્રિય એ ચાર સમુદ્દઘાતો હોય અને વાઉકાય એકેંદ્રિય સ્થાવરમાં વેદના, કષાય, વૈક્રિય અને મરણ એ ચાર સમુદ્દઘાતો લાભે અને બાકીના સ્થાવર એકેંદ્રિયને વેદના, કષાય અને મરણ એ ત્રણ સમુદ્દઘાત લાગે."

આ પ્રકારે દંડકમાં સમુદ્દઘાતની વહેંચણી કરવામાં આવી છે. તે ચોવીશે દંડકે સમજી લેવી.

આત્માના પ્રદેશ શરીર બહાર નીકળે તેને સમુદ્દઘાત કહેવામાં આવે છે. કેવળી-સમુદ્દઘાત, જેની સાથે આપણને લાગેવળગે છે તે, આઠ સમયમાં થાય છે. પ્રથમ સમયે આત્મા પ્રદેશોને ઊંચે નીચે સીધી લીટીએ ગોઠવે, બીજે સમયે તેનો કપાટ કરે, ત્રીજે સમયે આંતરા પૂરે, ચોથે સમયે વધારાના કર્મોને ભોગવી લે, પાંચમે સમયે પાછો કપાટ કરે, છઠ્ઠે સમયે મન્થાન કરે, સાતમે સમયે દંડ કરે અને આઠમે સમયે તે દંડને સંવરે. આ આઠ સમયનું આત્મિક પ્રદેશોનું કાર્ય છે અને તે આંખ મીંચીને ઉઘાડીએ તેટલો સમય પણ ભાગ્યે જ લે છે અને તે કોઈ સામાન્ય જીવથી દેખાતું પણ નથી. આવો સમુદ્દઘાત કેવી રીતે થાય છે અને કર્મોને શું થાય છે અને ક્યાં કર્મોને તે અસર પહોંચાડે છે તેની કેટલીક વિગતો ગ્રંથકાર પોતે જ આપે છે. આપણે તેને સમજવા યત્ન કરીએ અને અભ્યાસની તકનો લાભ લેવાની હકીકત ઉપર જણાવી છે તે પર જરૂર લક્ષ આપીએ.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

## કેવળી સમુદ્દઘાત કેમ કરે ?

यस्य पुनः केवलिनः कर्म भवत्यायुषोऽतिरिक्ततरम् ।
स समुद्घातं भगवानथ गच्छति तत् समीकर्तुम् ॥२७३॥

**અર્થ**—જે કેવળજ્ઞાનીનાં કર્મ આયુષ્યથી વધારે હોય તે કેવળી ભગવાન તેમને સરખા કરવાને માટે સમુદ્દઘાત પ્રત્યે ગમન કરે છે. (૨૭૩)

**વિવેચન**—સમુદ્દઘાત કોણ ક્યારે કરે છે તે આ ગાથામાં નિર્દિષ્ટ કરવામાં આવ્યું.

**કેવલિનઃ**—કેવળજ્ઞાનીના આત્માએ તેના પ્રદેશો શરીરમાંથી બહાર કાઢવા તેનું નામ સમુદ્દઘાત છે. જેને કેવળદર્શન અને કેવળજ્ઞાન થયું છે તે કેવળી સમુદ્દઘાત કરે છે. તેનું અત્ર વર્ણન છે. બીજું વેદના, કષાય વગેરે કારણે પણ સમુદ્દઘાત થાય છે, તે વખતે આત્મપ્રદેશ શરીરમાંથી બહાર નીકળે છે.

**આયુષ્ય**—પોતાનું આયખું હોય તેથી બીજાં ત્રણ કર્મો વધારે હોય તેવા પ્રકારના કેવળજ્ઞાનવાળા જ આવતી ગાથામાં કહેલો આ આઠ સમયનો સમુદ્દઘાત કરે છે. અમુક કેવળીને હજુ એક વર્ષનું આયુષ્ય બાકી હોય અને નામ, ગોત્ર અને અંતરાય કર્મો વધારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વર્ષ, ધારીએ કે પાંચ વર્ષ, ભોગવાય તેટલાં હોય તો તે કેવળી સમુદ્ઘાત કરે છે. સર્વ કેવળીને આ સમુદ્ઘાત કરવો પડતો નથી, પણ જેનાં કર્મનો મેળ આયુષ્ય કર્મ સાથે ન મળતો હોય, કર્મ ભોગવવાનાં વધારે બાકી રહી ગયાં હોય અને આયખું ઓછા વર્ષનું હોય તો તે કર્મનો આયુષ્ય સાથે મેળ મેળવવા તેને સમુદ્ઘાત કરવો પડે છે.

**સમુદ્ઘાત**—જે વિપાકોદય ભોગવવા યોગ્ય કર્મો હોય તેમનો અરસપરસ મેળ ન મળતો હોય તો તે કર્મને આયુષ્ય સમ કરવા માટે કેવળી સમુદ્ઘાત કરે છે. અનેક કેવળીને એ કરવાની જરૂર ન પણ પડે. જેનાં બાકીનાં ત્રણ કર્મ વધારે હોય તે સરખાઈ કરવા માટે કરે છે.

**સમીકર્તુ**—સરખા કરવા માટે, બન્નેનો મેળ મેળવવા માટે. એટલે કર્મો વધારે બાકી રહેલાં હોય અને આયુષ્યકાળ થોડો હોય તો જ કેવળીએ પોતાના ત્રણ કર્મોને સરખાં કરવા અને તેમનો અને આયુષ્યનો મેળ મેળવવા માટે આ સમુદ્ઘાત કરવો પડે છે. એ સમુદ્ઘાત કેવી રીતે થાય અને કર્મોને કેમ ભોગવી લેવાય તે હવે આવતી ગાથામાં વિસ્તારથી કર્તા પોતે જ કહે છે. (૨૭૩)

**સમુદ્ઘાત કેમ બને ?**

> **दण्डं प्रथमे समये कपाटमथ चोत्तरे तथा समये ।**
> **मन्थानमथ तृतीये लोकव्यापी चतुर्थे तु ॥२७४॥**

**અર્થ**—પહેલે સમયે દંડ કરે અને બીજે સમયે કપાટ કરે, અને તે જ કપાટનો ત્રીજે સમયે મન્થાન કરે, અને ચોથે સમયે તે લોકવ્યાપી થાય એટલે આંતરા પૂરે. (૨૭૪)

**વિવેચન**—કેવળી સમુદ્ઘાત કેવી રીતે કરે ? પ્રથમના ચાર સમયના સમુદ્ઘાતની અપૂર્ણ વાત આ ગાથામાં કરી તે પછીની ગાથામાં આગળ ચલાવશે.

**દંડ**—પ્રથમ સમયે શું કરે ? પોતાના દેહપ્રમાણ દંડ કરે. પોતાના દેહ જેટલો જાડો એક ધોકો લોકને અંતે ઉપર નીચે પહોંચે તેવડો બનાવે, એટલે પોતાના આત્મપ્રદેશોને દંડની માફક ગોઠવે. આત્મપ્રદેશો શરીરના પ્રમાણમાં સીધા ઉપર અને નીચે જાય તેવી રીતે તેની લાકડી બનાવે. ઉપર અને નીચે દંડ કરે. અર્થાત્ એ રીતે આત્મપ્રદેશો લોકના અંત સુધી સીધા ઉપર અને નીચે જાય તેવો તે દંડ બનાવે.

**કપાટ**—બીજા સમયે દંડગત આત્મપ્રદેશોને લોકના અંત સુધી ઉત્તર-દક્ષિણ વિસ્તારી કપાટ (square) બનાવે છે.

**મન્થાન**—દહીં વલોવવાની મંથાન. આ વલોણાની આકૃતિ થાય તેવી રીતે આત્મપ્રદેશોને પૂર્વ-પશ્ચિમ ત્રીજે સમયે ગોઠવી દે છે.

**લોકવ્યાપી**—ચોથે સમયે કેવળી ભગવાન મન્થાનના આંતરા પૂરી એક એક આકાશ-

જૈન સાઈટ JAINSITE .com

પ્રદેશે એક એક આત્મપ્રદેશ મૂકી ચૌદ રાજલોકમાં પસરી જાય છે. આ રીતે દંડ, દંડનો કપાટ, કપાટનો મન્થાન અને છેવટે ચોથા સમયે મન્થાનના આંતરા પૂરી લોકવ્યાપી થઈ જે વેદનીય, નામ અને ગોત્રકર્મ વધારે હોય તે આયુષ્યની સાથે સરખાં કરી ભોગવી લે છે.

આંખ મીંચીને ઉઘાડીએ એમાં અસંખ્ય સમય થઈ જાય છે એટલે આ ઘણી સૂક્ષ્મ વાત છે, તે ન સમજાય તો ગુરુ પાસેથી સમજી લેવી. કેવળીસમુદ્ઘાતના ચાર સમયની આ અપૂર્ણ વાત કરી. બાકીની વાત હવે પછીની ગાથામાં કહેશે. (૨૭૪)

**સમુદ્ઘાતના બાકીના સમયો—**

**संहरति पञ्चमे त्वन्तराणि मन्थानमथ पुनः षष्ठे ।**
**सप्तमके तु कपाटं संहरति ततोऽष्टमे दण्डम् ॥२७५॥**

**અર્થ**—પાંચમે સમયે આંતરાના પ્રદેશો સંકોચી મન્થાન બનાવે છે, છઠ્ઠે સમયે મન્થાનના પ્રદેશોને સંવરે છે અને કપાટ બનાવે છે; સાતમે સમયે કપાટના પ્રદેશોને સંવરે છે અને દંડ બનાવે છે. આઠમે સમયે દંડના પ્રદેશોને સંવરી અસલ સ્થિતિએ આવી જાય છે. (૨૭૫)

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**વિવેચન**—સમુદ્ઘાતના બાકીના ચાર સમયમાં તે શું શું કરે છે તેનું આ ગાથામાં વિવેચન કરે છે. ઉપર આત્માને ચૌદ રાજલોકમાં ભરી દીધો હતો, તેટલે સુધી ચાર સમયમાં આવ્યા અને વધારાનાં કર્મોને ચોથે સમયે ભોગવી લીધાં.

**પંચમે**—પાંચમે સમયે પડેલાં આંતરાને સંવરી લે છે, એટલે ત્યાં પોતાના આત્મપ્રદેશ સ્થાપન કર્યા હોય છે તે પાછા ખેંચી લે છે.

**ષષ્ઠે**—છઠ્ઠે સમયે જે ઝેરણીમાં આત્મપ્રદેશ ત્રીજે સમયે નાખેલા-મૂકેલા-સ્થાપન કરેલા હોય છે તેને પાછા લઈ લે છે.

ઝેરણી કેવી હોય તે સ્પષ્ટ ખ્યાલ કરવા માટે નજરે જોવી જોઈએ. અને એ રીતે છઠ્ઠે સમયે ઝેરણીનો આકાર એ સામસામા કપાટ જેવા આકારનો થઈ જાય છે.

**સપ્તમકે**—સાતમે સમયે પોતાના આત્મપ્રદેશને કપાટના આકારમાં ગોઠવ્યા હોય તે સંવરી લે છે. એટલે બેવડા દંડને બદલે એકવડો દંડ રહે છે. બેવડા દંડથી કપાટ થાય છે, એ કપાટથી સંવરી લેતા માત્ર એક સીધા પ્રદેશે ઉપર નીચે જતો દંડ જ થઈ જાય છે.

**અષ્ટમે**—આઠમે સમયે પહેલા સમયે કરેલા દંડને પણ સંવરી લે છે અને આત્મા એના મૂળ સ્થાનક પર જેવો આઠ સમય પહેલાં હતો તેવો થઈ જાય છે. આ કેવળીસમુદ્ઘાત આઠ સમયમાં થાય છે. આંખ મીંચીને ઉઘાડતાં તો અસંખ્ય સમય થાય છે. એથી આ સમુદ્ઘાતને આંખ મીંચવા જેટલો કે ઉઘાડવા જેટલો પણ વખત લાગતો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ સમુદ્દ્ઘાત કરતી વખતે કેવળી કયા યોગમાં વર્તતા હોય છે તે જાણવું આ સમુદ્દ્ઘાતના વિષયને અંગે પ્રસ્તુત છે, તેથી હવે તે સમજાવે છે. ગ્રંથકર્તા પોતે જ તે કહે છે. (૨૭૫)

**કેવળીસમુદ્દ્ઘાત વખતે યોગ—**

**औदारिकप्रयोक्ता प्रथमाष्टमसमययोरसाविष्टः ।**
**मिश्रौदारिकयोक्ता सप्तमषष्ठद्वितीयेषु ॥२७६॥**

**અર્થ**—પ્રથમ અને આઠમા સમયમાં જે પ્રાણી પેઠો હોય તેને ઔદારિકયોગ હોય છે. અને સાતમા અને છઠ્ઠા તથા બીજા સમયે ઔદારિકમિશ્રકાયયોગવાળા જીવો (કેવળીઓ) હોય છે. (૨૭૬)

**વિવેચન**—એ સમુદ્દ્ઘાત વખતે યોગ કેવા પ્રકારના હોય તેની વિગત આ ગાથામાં બતાવે છે.

**ઔદારિક**—પહેલા અને છેલ્લા (આઠમા) સમયમાં જ્યારે કેવળીસમુદ્દ્ઘાત કરતાં કેવળજ્ઞાની આવે ત્યારે તે એ સમયે તેઓ ઔદારિક યોગમાં વર્તતા હોય છે.

**મિશ્ર**—સાતમા, છઠ્ઠા અને બીજા સમયમાં કેવળીઓ ઔદારિક મિશ્ર એટલે ઔદારિક કાર્મણ યોગમાં હોય છે. એટલે એ ત્રણે સમયમાં કાર્મણ યોગથી મિશ્ર ઔદારિક યોગમાં તેઓ વર્તતા હોય છે.

**ઉક્તા**—બીજા ગ્રંથોમાં કહેવામાં આવ્યું છે તે પ્રમાણે. ઉમાસ્વાતિજી કોઈ વાત પોતાથી કરતા નથી, પણ શાસ્ત્રાધારે કહે છે. આવા પ્રખર વિદ્વાનનું ભવભીરુપણું કેવું અનુકરણીય હતું તે આ વચન ઉપરથી સ્પષ્ટ થાય છે. તે સમજવા અને આદરવા યોગ્ય છે.

બાકીના સમયમાં કયા યોગમાં સમુદ્દ્ઘાત કરતી વખતે કેવળીઓ હોય છે, તે આવતી ગાથામાં બતાવશે. (૨૭૭)

**કેવળીના બાકીના સમયના યોગો—**

**कार्मणशरीरयोगी चतुर्थके पञ्चमे तृतीये च ।**
**समयत्रयेऽपि तस्मिन् भवत्यनाहारको नियमात् ॥२७७॥**

**અર્થ**—એ સમુદ્દ્ઘાતને ચોથે, પાંચમે અને ત્રીજે સમયે એમ એ ત્રણે સમયે કેવળી ભગવાનને માત્ર કાર્મણ શરીરનો યોગ જ હોય છે. અને નિયમસર જરૂર એ ત્રણે સમયે તે અનાહારી હોય છે. (૨૭૭)

**વિવરણ**—એ જ કેવળીસમુદ્દ્ઘાતને અંગે વધારે બાકીની છેવટની વાત આ ગાથામાં કરે છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તૃતીય—ત્રીજે, ચોથે અને પાંચમે સમયે કેવળજ્ઞાની સમુદ્ઘાત કરે ત્યારે તે કયા યોગમાં વર્તે છે તે અત્ર બતાવ્યું છે. તૃતીયે એટલે ત્રીજે સમયે, ઉપર ગાથામાં (૨૭૪) જણાવ્યું તે પ્રમાણે મન્થાન કરે છે ત્યારે.

ચતુર્થ-પંચમે—અને ચોથે સમયે એટલે એ જ સદર ગાથામાં જણાવ્યું છે તેમ આખા લોકને વ્યાપે છે ત્યારે. પાંચમે સમયે એટલે આંતરાઓ જે લોકવ્યાપી કર્યા હોય છે તેમને પાછા સંહરે છે ત્યારે.

અનાહારકો—અણાહારી. આ ત્રીજે, ચોથે અને પાંચમે સમયે જરૂર તે અનાહારી થાય છે, રહે છે, એટલે સમુદ્ઘાતના તે ત્રણે સમયમાં તે ઓજાહાર કે લોમાહાર પણ કરતો નથી.

આ કર્મોને આયુષ્ય સાથે સરખા કરવાની જે ક્રિયા થાય છે તેને સમુદ્ઘાત કહેવાય છે. અને તે કરવી જ પડે છે કારણ કે આયુષ્ય કર્મ તો અનપવર્તનીય છે, તે વધારી ઘટાડી શકાતું નથી. અને તે આયુષ્ય પૂરું થઈ જાય ત્યાં સુધીમાં ત્રણ અઘાતી કર્મને ભોગવી લેવા જ જોઈએ, નહિ તો એ કર્મો કોણ ભોગવે ? કારણ કે આયુષ્ય તો એક ઘડીભર પણ વધારી ઘટાડી શકાતું નથી. આ સમુદ્ઘાતથી આયુષ્યની મર્યાદામાં તે કર્મો ભોગવવામાં આવે છે.

કર્મ સરખાં કરવા માટે અને આયુષ્યની અવધિ સમ તેમને કરવા માટે કેવળીએ સમુદ્ઘાત કરવો તે કુદરતી છે. (૨૭૭)

* * *

આ પ્રમાણે સમુદ્ઘાતનું અતિ નાનું પ્રકરણ પૂરું થયું. એણે ઘણી થોડી જગા રોકી. આ સમુદ્ઘાતમાં માત્ર કેવળીસમુદ્ઘાતની જ વાત કરવામાં આવેલ છે. સમુદ્ઘાતના અગાઉ જણાવ્યું તેમ સાત પ્રકાર છે, અને આ ગ્રંથમાં તો એક પ્રકારના સમુદ્ઘાતની જ વાત કરી છે. સમુદ્ઘાત કરતી વખતે આત્મા–ચેતન શરીરમાંથી બહાર નીકળે છે અને તેના પ્રકારો અનેક વિગતોથી મૂળ સૂત્રોમાં બતાવવામાં આવ્યા છે.

બાકી ઘણી વાતનો આધાર બ્રહ્મચર્ય–ચતુર્થ વ્રત ઉપર રહે છે. જેણે યોગમાં પ્રગતિ કરવી હોય તેણે બદ્ધકચ્છ રહેવાની ખાસ જરૂર છે. જે કાછડીછૂટો હોય તે કદી યોગ-સાધનમાં આગળ પ્રગતિ કરી શકે નહિ. લોકોમાં એ બેઆબરૂ થાય છે, તે ઉપરાંત તેના મનમાં એટલી બધી વિહ્વળતા રહે છે કે સ્થિર ચિત્તે કોઈપણ વાતનો નિર્ધાર કરી શકતો નથી, પૃથક્કરણ કરી શકતો નથી, અને યોગમાં આગળ વધી શકતો નથી. યોગમાં આગળ વધવા માટે આ વિષયેન્દ્રિય અથવા સ્પર્શેન્દ્રિય પર સંયમ લાવવાની બહુ જરૂર છે. તે વિષયો તો સ્વતઃ ખરાબ જ છે, પણ મનની અસ્થિરતા ચાલુ રાખ્યા જ કરે છે. તેથી



જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કોઈ વાતમાં ચિત્તની એકાગ્રતા થતી નથી. એ વિષયોને અંગે બહુ મહત્ત્વની વાત છે. વિષયમાં રસ શેનો હોય અને કેવો હોય ? પ્રાણી જરા વિચારે તો એ રસ પર હડતાળ પડે તેમ છે. તેમાં મજા માણવી કે માનવી એ વિચારણાની શૂન્યતા છે. એમાં કાંઈ આનંદ નથી. વિષય સેવનાર વિષય સેવ્યા પછી પશ્ચાત્તાપ કરે છે, કારણ કે એની અસ્થિર મનોદશાને કારણે એને કોઈ સ્થાન પર મજા આવતી નથી. વિષય સેવવાની શરૂઆતમાં જે આનંદ જેવું લાગે છે તે પણ વિષયસેવન પછી તો ભૂલભરેલું લાગે છે.

એક પ્રાણી સ્ત્રી પર સ્નેહ કરે છે, તેમાં પણ વ્યવસ્થા રહેતી નથી. એક ડહાપણવાળા શેઠે પોતાના પુત્રને મરતી વખતે શિખામણ આપી કે પરસ્ત્રી સાથે વિષય સેવવાનું મન થાય તો તેણે સવારમાં જ પરસ્ત્રીગમન કરવું. વિખરાયેલા વાળ, ચીપડા ભરેલી આંખો અને એવું પરસ્ત્રીનું રૂપ જોતાં જ એ પુત્ર પિતાએ કહેલું વચન અનુસરવાને પરિણામે પરસ્ત્રીથી દૂર થઈ ગયો, તેને એવા ડાકણસ્વરૂપનો એવો ડંસ લાગ્યો કે એ પરસ્ત્રીનો દ્વેષી થઈ ગયો અને અંતે તેણે એ માર્ગે જવાનું બંધ કર્યું. પિતાની દીર્ઘદર્શિતાના પરિણામે પરસ્ત્રીના ફંદથી પુત્ર બચ્યો.

जैन साईट JAINSITE .com जयति शासनम्

બાકી પરસ્ત્રીમાં કાંઈ દમ નથી અને સ્વદારાસંતોષ સમાન શ્રાવકને માટે વ્રત નથી એવું જાણી પરસ્ત્રીનો ત્યાગ કરી જે પોતાની જાત ઉપર સંયમ રાખે છે તે યોગમાર્ગે પ્રગતિ કરે છે અને તે ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિને પામી અંતે કેવળીસમુદ્દ્ઘાત કરવાના સમય પાસે આવી જાય છે. બ્રહ્મચર્ય અને આવી સમુદ્દ્ઘાત સુધીની યોગપ્રગતિને આટલો બધો સંબંધ છે તે ખાસ ધ્યાનમાં રાખી બ્રહ્મચર્ય આચરવા યોગ્ય છે. જે બ્રહ્મચર્યનું પાલન કરે છે તે યોગમાર્ગે પ્રગતિ કરે છે અને પરિણામે આવા સમુદ્દ્ઘાત વગેરે યોગના શબ્દો સમજવાની તેનામાં લાયકાત આવે છે. માટે બીજાં પાપસ્થાનકોની વિરતિનો જેમ યમ નામના શરૂઆતના યોગસાધનમાં સમાવેશ થાય છે તેમ બ્રહ્મચર્યનો પણ તેમાં સમાવેશ થાય છે અને તે હોવો જ જોઈએ. આવા શબ્દો સમજવા માટે બ્રહ્મચર્યપાલન પ્રથમ ઉપયોગી છે. અને આગળ જતાં યોગમાર્ગે પ્રગતિ કરતાં પણ જરૂર ઉપયોગી છે. તેથી યોગમાર્ગ સમજવાનો યત્ન કરનારે બ્રહ્મચર્યપાલન અવશ્ય કરવું.

બાકી યોગમાર્ગની પ્રાપ્તિ સંયમને જ વરે છે, અને બ્રહ્મચર્ય એ એક પ્રકારનો સંયમ છે, તેથી તે માર્ગે આગળ વધવા ઇચ્છા કરનારે બ્રહ્મચર્યનું અવશ્ય પાલન કરવું. યોગમાર્ગે પ્રગતિ અને બ્રહ્મચર્ય સાથે સાથે જ ચાલે છે. એકડા તો ઘૂંટવા પડે જ અને આ બ્રહ્મચર્ય એ યોગમાર્ગની પ્રવૃત્તિનો એકડો છે. આ પ્રકરણ ઉપયોગી છે અને તેમાં બહુ જરૂરી હોય તેટલી જ હકીકત દાખલ કરવામાં આવી છે.

॥ इति समुद्घातप्रकरणम् ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ ૧૬ મું : યોગનિરોધ

યોગપ્રગતિમાં અતિ ઊંચી હદ બતાવનાર આ પ્રકરણનો વિષય પણ આગલા પ્રકરણના વિષય માફક અત્યંત પારિભાષિક છે અને જૈન તત્ત્વજ્ઞાન સમજનારને ખાસ રસ પડે તેવી બાબત છે. આમાં શૈલેશીકરણ નામના અદ્ભુત યોગની વાત આવવાની છે. તે ગ્રંથકર્ત્તા પોતે જ કહેવાના છે, એટલે પ્રથમથી આ અતિ અગત્યની યૌગિક સ્થિતિ પર વિચાર ન કરતાં તેને યોગ્ય સ્થાન પર મુલતવી રાખીએ.

આ પ્રાણીને બોલવાની અને વાતો કરવાની એવી ટેવ પડેલ હોય છે કે તે નકામો બોલ્યા જ કરે છે, કેટલીક વાર અર્થ વગરનું બોલે છે અને કેટલીક વાર ભાંગરો વાટે છે. કયે વખતે ચૂપ રહેવું અને એક અક્ષર પણ બોલવો નહિ તે આ જીવનમાં ખાસ શીખવા સમજવા જેવું છે. "બહુ બોલે તે બાંઠો" એવી ગુજરાતીમાં કહેવત છે અને ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે. ઘણી વખત મૌન રાખવાથી ફાયદો થાય છે. અને દુનિયામાં 'હોઠ બહાર તે કોટ બહાર' તે ખાસ સમજવા જેવું છે. બોલ્યા એટલે તો બોલાઈ જ જાય છે, પણ એ છૂટેલી બલ્લા પાછી હાથ કરવી ઘણી મુશ્કેલ છે. મારેલ તીર એકવાર છૂટ્યું અને બહાર ચાલ્યું ગયું પછી એ એનું કામ કરે છે, તે જ પ્રમાણે બોલ્યા પછી આપણો બોલાયેલા વચન પર કાબૂ ચાલ્યો જાય છે, એ તો એની પૂરતી કિંમત લે છે. બીજી જ પળે તમને વિચારણા થાય કે ન બોલ્યા હોત તો સારું હતું, પણ તમે કાંઈ ત્યાર પછી બોલેલ બોલને પાછો ખેંચી શકતા નથી, તમારી ઇચ્છા તેવી જ હોય તો પણ તમે તે બોલને તીરની માફક પાછો બોલાવી શકતા નથી.

મૌન રાખવાથી તમને તમારી જાત પર એક જાતનો સંયમ આવી જાય છે અને ઘણા માણસો આ કારણસર જમતી વખતે બોલતા નથી. તૈયાર કરેલ રસોઈને વખાણવી કે વખોડી ખાવી તે યુક્ત નથી. ત્યારપછી તમે રસોઈ કરનારનું તે પર ધ્યાન ખેંચી શકો છો, પણ રાગદ્વેષને દૂર કરવા ઇચ્છતા હો તો તમારે બોલવું નહિ. સામાન્ય રીતે, જમતી વખતે તો બોલવું જ નહિ. આ નિર્ણયથી તમને કેટલો ફાયદો થશે અને તમારી જાત ઉપર શિસ્ત શી અસર કરશે તે અનુભવવા જેવું છે, અને ત્યારે તમને ભાન થશે કે આપણે આખા દિવસમાં કેટલું નકામું બોલી પોતાની શક્તિનો દુર્વ્યય કરીએ છીએ.

શક્તિના દુર્વ્યયનો વિચાર કરીએ છીએ ત્યારે આપણને જણાય છે કે આખા દિવસમાં બોલીને, કામ કરીને, વિચારો સંકલ્પો કરીને આપણી શક્તિનો આપણે હ્રાસ કરીએ છીએ. એ શક્તિ જો બચાવી રાખતા હોઈએ તો જરૂરને વખતે તે ખરી કામમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવે, માટે સુજ્ઞ માણસોએ મન, વચન, કાયાની શક્તિ બચાવી તેનો બને તેટલો સંગ્રહ કરવો જોઈએ.

એ શક્તિ કેવળીઓ કેવી રીતે જાળવી રાખે છે અને તેનો લાભ લઈ પરિણામે તેનો કેવી રીતે સર્વથા ત્યાગ કરે છે તે આખી આત્મિકક્રિયા સમજવા જેવી છે. નકામા શક્તિના દુર્વ્યયને અને ખાસ કરીને વાણીના દુર્વ્યયને અટકાવી મૌન સેવી શક્તિનો સંગ્રહ કરવો. વાણીના સંયમથી અનેક વૈર થતાં જ નથી, અટકે છે અને આપણો થતો નકામો વિનાશ અટકે છે અને આપણે આપણાં કામમાં વધારે જોરવાન પ્રયત્ન કરી શકીએ છીએ.

આ પ્રકરણમાં, મન, વચન, કાયાના યોગો પર સંયમ લાવવાને પરિણામે આખરે તેનું રુંધન કેવું સુંદર રીતે થાય છે તે જ વિચારવાનું છે. આની શરૂઆત વાક્‌સંયમથી સારી રીતે કરીએ.

આ વાણીનો સંયમ કર્યા પછી કાયાનો અને મનનો સંયમ કરવો તેટલો જ જરૂરી છે. તે મન, વચન અને કાયાના યોગો પર સંયમ કેમ કરવો તે ગ્રંથકાર પોતે જ બતાવે છે. આપણે તે પર વિવેચન કરીશું, આપણે માટે તો તે આદર્શ છે. અનુભવ વગર તે પર વિવેચન કરવાની વાત કરવી એ એક પ્રકારની ધૃષ્ટતા છે, પણ તેને ભોગે પણ આવો મહત્ત્વનો વિષય આ ગ્રંથની પછવાડેના ભાગમાં આવે છે તેને કલ્પનાથી પણ ન્યાય આપવો જોઈએ.

આ મન, વચન અને કાયાના યોગોને કેવળી મોક્ષગમન કરતાં પહેલાં રુંધે છે. તેથી તે અતિ મહત્ત્વની બાબત છે અને તે દૃષ્ટિએ તે સમજવા યોગ્ય છે.

JAINSITE.com जैन साइट

**યોગનિરોધ કોણ કરે?—**

**स समुद्‌घातनिवृत्तोऽथ मनोवाक्काययोगवान् भगवान् ।**
**यतियोग्ययोगयोक्ता योगनिरोधं मुनिरुपैति ॥२७८॥**

**અર્થ**—ઉપર પ્રમાણે સમુદ્‌ઘાતથી પાછો આવેલો કેવળજ્ઞાની ભગવાન કે તીર્થંકર સાધુને યોગ્ય યોગથી જોડાયલો હોય છે, તે મુનિ–સાધુ યોગનિરોધ કરે છે. (૨૭૮)

**વિવરણ**—પ્રથમ તો યોગનિરોધ કયો પ્રાણી કરે તે આ ગાથામાં બતાવવામાં આવશે. તે પછીની ગાથામાં યોગનિરોધ કેમ થાય તેની વિધિ બતાવશે. આ અતિ અગત્યના વિષયને લક્ષપૂર્વક સમજવા પ્રયત્ન કરવો.

**સમુદ્‌ઘાતનિવૃત્તો**—સમુદ્‌ઘાત થઈ ગયા પછી કેવળી ભગવાન આ યોગનિરોધ કરે છે. સમુદ્‌ઘાત કર્યા પછીનો અને મોક્ષપ્રાપ્તિ પહેલાંનો વખત સૂચવનાર વાત છે. આ વખતે મોક્ષ જતાં પહેલાં અંતર્મુહૂર્ત કાળ બાકી રહે ત્યારે યોગનિરોધ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**મનોવાક્કાયયોગ**—મન, વચન, કાયાના યોગો. યોગ એ રીતે ત્રણ છે. અને યોગમાં પ્રગત થયેલ પ્રાણી મોક્ષ જવા પહેલાં તે ત્રણે યોગને રુંધે છે. કેવળીમાંના ઘણાઓ યોગરુંધન કર્યા પહેલાં ઉપદેશ આપે છે, દેશના દે છે અને જનતાનું આ રીતે હિત કરે છે.

**યોગયુક્ત**—પ્રથમ તો એ ત્રણે પ્રકારના યોગથી જોડાયલો હોય.

**યોગનિરોધ**—અંતે એ ત્રણે પ્રકારના યોગનો નિરોધ કરે.

બાદર કાયયોગે કરી બાદર મનોયોગને રુંધે, પછી સૂક્ષ્મ મનોયોગે કરી બાદર વચનયોગને રુંધે, પછી સૂક્ષ્મ કાયયોગે કરી બાદર કાયયોગને રુંધે, પછી તેણે કરીને સૂક્ષ્મ મનોયોગને રુંધે, તે પછી સૂક્ષ્મ વચનયોગને રુંધે, તે પછી સૂક્ષ્મ કાયયોગને રુંધે અને તે વખતે સૂક્ષ્મક્રિયાઅપ્રતિપાતી નામના શુક્લધ્યાનના ત્રીજા પ્રકારમાં પ્રવેશે. આ યોગરુંધનનો ક્રમ કર્મગ્રંથમાં બતાવેલ છે.

આવી રીતે યોગરુંધન મોક્ષમાં જવા અગાઉ એક અંતર્મુહૂર્તમાં જ કરે, આવો યોગ-રુંધનનો મહિમા અને ક્રમ છે. સૂક્ષ્મક્રિયાઅપ્રતિપાતીનું વિગતવાર સ્વરૂપ મારા 'જૈન દૃષ્ટિએ યોગ' પ્રથમ ભાગમાં વિસ્તારથી આપેલ હોવાથી અત્ર તેનું પુનરાવર્તન કરતો નથી. (૨૭૮)

**યોગરૂંધન પૈકી મનયોગરુંધન—**

**पञ्चेन्द्रियोऽथ संज्ञी यः पर्याप्तो जघन्ययोगी स्यात् ।**
**निरुणद्धि मनोयोगं ततोऽप्यसंख्येयगुणहीनम् ॥२७९॥**

**અર્થ**—પાંચ ઇંદ્રિયવાળો સંજ્ઞી પ્રાણી, પૂરી છએ પર્યાપ્તિવાન જે હોય તે પ્રથમ તો જઘન્ય (નીચા પ્રકારનો) યોગી હોય, તે પ્રથમ મનોયોગનો રોધ કરે અને ત્યારપછી અસંખ્યેય (ઘણા) ગુણથી હીન બાકીના યોગનો નિરોધ કરે. (૨૭૯)

**વિવરણ**—આ ગાથામાં યોગનિરોધ કરનાર કયો પ્રાણી હોય છે, તેનો અધિકારી કોણ થાય છે, તેના ઓળખાણ આપે છે.

**પંચેદ્રિય**—પ્રથમ તો એવો પ્રાણી જે યોગનિરોધ કરવા તૈયાર હોય તે પાંચે ઇંદ્રિયવાળો હોય છે. પાંચે ઇંદ્રિયો કઈ કઈ છે તે આપણે અગાઉ જોઈ ગયા છીએ.

**સંજ્ઞી**—પંચેંદ્રિય બે પ્રકારના છે — અસંજ્ઞી અને સંજ્ઞી. જેને સંજ્ઞા હોય તે સંજ્ઞી અને તે વગરના અસંજ્ઞી કહેવાય છે. આ બીજી શરત થઈ. પંચેંદ્રિય સંજ્ઞી યોગનિરોધ કરે છે, અસંજ્ઞી અને એકથી ચાર ઇંદ્રિયવાળા કરતા નથી, કરી શકતા નથી. એટલે સુધી આપણે આવ્યા.

**પર્યાપ્તો**—પર્યાપ્તિ છ છે — આહાર, શરીર, ઇંદ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન. પરભવથી આવે ત્યારે પ્રથમ આહાર લે છે, તેનાથી શરીર અને ઇંદ્રિયો બંધાય છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પછી તે શ્વાસ લે છે અને મૂકે છે, પછી ભાષા બોલે છે અને પછી મનમાં અથવા મન દ્વારા વિચાર કરે છે. સ્વસ્વયોગ્ય પર્યાપ્તિ ન બંધાય ત્યાં સુધી તે અપર્યાપ્તો કહેવાય છે અને તે પૂરી થયા પછી તે લબ્ધિપર્યાપ્તો કહેવાય છે. પર્યાપ્તિ બાંધવા માંડે ત્યારે કોઈ જીવ ઇંદ્રિયપર્યાપ્તિ બાંધે ત્યારે તે કરણપર્યાપ્તો કહેવાય છે અને ત્યાં સુધી તે કરણ અપર્યાપ્તો કહેવાય છે. એકેંદ્રિયને પ્રથમની ચાર પર્યાપ્તિ હોય છે. બે ત્રણ ચાર (વિકલ) ઇંદ્રિયવાળાને સ્વયોગ્ય પર્યાપ્તિ પાંચ હોય છે. અને અસંજ્ઞી પંચેંદ્રિયવાળા જીવોને પાંચ પ્રથમની પર્યાપ્તિ હોય છે. સંજ્ઞીને પર્યાપ્તિ છ હોય છે એટલે લબ્ધિઅપર્યાપ્તો હોય છતાં કરણપર્યાપ્તો હોય, કારણ કે ત્રણ પર્યાપ્તિની મર્યાદાએ કરણપર્યાપ્તો થાય છે.

પ્રથમ મનોયોગરુંધન કરે, ત્યારપછી અસંખ્યેય ગુણ હીન વચનયોગો અને કાયયોગો ઉપર બતાવેલા ક્રમે રુંધે. અહીં મારા ધારવા પ્રમાણે અસંખ્યેય ગુણ હીન વિશેષણ બાકીના વચનયોગ અને કાયાયોગને લાગે છે, કારણ કે આ યોગરુંધનનું પ્રકરણ છે. આ બાબતમાં ટીકાકાર અને અવચૂરિના કર્તાએ જુદા જુદા મત આપ્યા છે પણ મારો અર્થ ઉપર પ્રમાણે છે. આનાં કારણો નીચે જણાવીશ.

(૧) મનોયોગથી વચનયોગ અને કાયાયોગ અસંખ્યેયગુણહીન છે, કારણ કે મનયોગ પ્રથમ જાય છે અને ત્યાર પછી વચન અને કાયાના યોગો જાય છે. તે ક્રમ આપણે ઉપર જોઈ વિચારી ગયા.

(૨) મન કરતાં વચન અને કાયાથી પ્રાણી વધારે પાપકર્મો બાંધે છે, તેથી તે બન્ને યોગો અસંખ્યેયગુણહીન હોય છે.

(૩) મળે છે પણ પ્રથમ કાયયોગ, ત્યારપછી વચનયોગ અને છેવટે સંજ્ઞી પંચેદ્રિય થાય ત્યારે જ આ મનપર્યાપ્તિ નામની છઠ્ઠી પર્યાપ્તિ મળે છે.

(૪) ચાર ઇંદ્રિય અને પાંચમી ઇંદ્રિયના અમુક ભાગ સુધી તો મન હોતું નથી. સંસારમાં પરિભ્રમણ તો આ ચાર ઇંદ્રિયો જ કરાવે છે અને તેમાં કાયયોગની અને પછી વચનયોગની બહુલતા હોય છે.

(૫) અસંખ્યેયગુણહીન એ વિશેષણ ટીકાકારના મત પ્રમાણે મનોયોગને લાગે છે. મારું એથી તદ્દન જુદું માનવું છે.

આ પ્રમાણે યોગરુંધનમાં મનોયોગનું પ્રથમ રુંધન તે કરે છે. આવી રીતે મનોયોગ મોડો મોડો આવે છે અને રુંધન પણ તેનું પ્રથમ થાય છે. પછી બીજા યોગોનું રુંધન તે કરે છે. મોક્ષ જવા પહેલાં યોગરુંધન કરવા માંડે ત્યારે તેને શુક્લધ્યાનનો ત્રીજો પાયો પ્રાપ્ત થાય છે, તે આપણને ગ્રંથકર્તા જ પોતાની મધુર ભાષામાં કહેશે. બીજા યોગોનું રુંધન ત્યાર પછી તે કેવી રીતે કરે છે તે આવતી ગાથામાં ગ્રંથકર્તા બતાવશે. (૨૭૯)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યારપછી વચનયોગ-કાયયોગરુંધન—

द्वीन्द्रियसाधारणयोर्वागुच्छ्वासावधो जयति तद्वत् ।
पनकस्य काययोगं जघन्यपर्याप्तकस्याधः ॥२८०॥

**અર્થ**—બેઇન્દ્રિય જીવોની વાણી અને સાધારણ જીવોના (એકેંદ્રિય જીવોના) શ્વાસોના કરતાં નીચા વાણી અને શ્વાસ ઉપર એ વિજય મેળવે છે, તે જ પ્રમાણે એ પ્રાણીનો કાયયોગ સર્વથી ઓછી પર્યાપ્તિવાળાના કાયયોગથી પણ નીચો હોય છે જેના પર તે વિજય મેળવે છે. (૨૮૦)

**વિવેચન**—યોગરુંધન કેવી રીતે કરે છે તેનો વધારે વિધિ આ ગાથામાં બતાવે છે.

**દ્વીન્દ્રિય**—ભાષા નામની પર્યાપ્તિ બેઇંદ્રિયોને હોય છે. નવતત્ત્વપ્રકરણમાં બતાવ્યું છે કે સર્વ વિકલેન્દ્રિય જીવો(બે, ત્રણ, ચાર ઇંદ્રિયવાળા જીવો)ને પાંચ પર્યાપ્તિ હોય છે. (જુઓ નવતત્ત્વની છઠ્ઠી ગાથા). આ જે પ્રાપ્ત થયેલી ભાષાપર્યાપ્તિ તેને હવે તે યોગમાં આગળ વધીને રુંધે છે.

**સાધારણ**—એક શરીર પર અનંત જીવ હોય એ સાધારણ વનસ્પતિકાય એકેંદ્રિય જીવ, તેને નવ તત્ત્વની ગાથા પ્રમાણે ચાર પર્યાપ્તિ હોય છે. આ ચોથી શ્વાસોચ્છ્વાસ નામની પર્યાપ્તિ એકેન્દ્રિયોને પણ હોય છે. તેનો અહીં રોધ થાય છે. તેનો ક્રમ આ ગાથામાં નીચે બતાવીશું. આ પ્રાપ્ત થયેલી પર્યાપ્તિને પ્રાણી પ્રયત્ન વડે અહીં રુંધે છે. પુદ્ગળના ઉપચય કરનારો પુદ્ગળ પરિણમનનો હેતુવિશેષ તેને પર્યાપ્તિ કહેવામાં આવે છે. જે આ પર્યાપ્તિ (શક્તિ) પ્રાપ્ત થઈ ગઈ છે તે શક્તિનું અહીં રુંધન કરી પુદ્ગળના ઉપચયને રોકે છે, રુંધે છે, અટકાવે છે. એક વખત એને વચનયોગ શ્વાસોચ્છ્વાસ વગેરે પર્યાપ્તિ માટે માન હતું, પણ પુદ્ગળ સાથે તેનો સંબંધ હોઈ તે યોગીશ્વર તે પર્યાપ્તિનો હવે અનુક્રમે ત્યાગ કરે છે.

**ઉચ્છ્વાસ**—સાધારણ વનસ્પતિકાયને ચોથી શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ હોય છે. તે વખતે આહાર, શરીર અને ઇંદ્રિય સાથે ચોથી શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ હોય છે. અત્યારે તેને તે જીવ રુંધે છે, રોકે છે અને યોગીશ્વર થાય છે.

**પનક**—એનો અસલ અર્થ શેવાળ, તૃણવિશેષ, જળનો મેલ, કચરો એટલે સામાન્ય પ્રકારનો ગરીબ બાપડો બિચારો જીવ—એ મોક્ષમાં ગયેલા જીવની અપેક્ષાએ સમજવું, બાકી આપણે તો તે પૂજ્ય જ છે. કાયયોગને રુંધવા માંડે એટલા માટે એને અહીં પનક કહેલ છે. આપણે માટે એમાં પનકપણું—કચરો કે એવું કાંઈ નથી. એણે ચાર કર્મોનો તો ક્ષય કરેલ હોય છે અને બાકીના ચાર કર્મોનો ક્ષય કરવાની તૈયારીમાં હોય છે.

**જઘન્યપર્યાપ્ત**—એમની જે રહેલી પર્યાપ્તિઓ હોય છે તે પણ ઘણી સૂક્ષ્મ અને સામાન્ય પ્રકારની હોય છે. એટલે સાધારણત્વને અંગે મળેલ શ્વાસોચ્છ્વાસ નામની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચોથી પર્યાપ્તિ અને દ્વીંદ્રિય તરીકે મળેલ વચનપર્યાપ્તિ અને બાકી રહેલ પર્યાપ્તિઓ પણ તદ્દન ઓછામાં ઓછી તેની થઈ ગયેલ હોય છે.

આ રીતે પ્રથમ મનોયોગને રુંધે છે, પછી વચનયોગ અને છેવટે કાયયોગને રુંધે છે. એનો ક્રમ ઉપર બતાવ્યો છે. આ વખતે પ્રાણીને શુક્લધ્યાનનો ત્રીજો પાયો પ્રાપ્ત થાય છે. એનું નામ સૂક્ષ્મક્રિયાઅપ્રતિપાતી છે. આવા સિદ્ધના જીવની અપેક્ષાએ પનક અથવા કચરા જેવા જીવ, આપણે માટે પૂજ્ય–આદર્શયુક્ત જીવની આ વાત છે. તે સમજવા જેવી છે. એને જે કાયયોગ રહે છે તે પણ જઘન્ય–નીચા પ્રકારનો હોય છે. આવી રીતે યોગનિરોધ કરતાં એ છેવટે કાયયોગનો નિરોધ કરે છે. (૨૮૦)

**કાયયોગરુંધન એ શુક્લધ્યાનનો ચોથો પાયો—**

**सूक्ष्मक्रियमप्रतिपाति काययोगोपगस्ततो ध्यात्वा ।**
**विगतक्रियमनिवर्तित्वमुत्तरं ध्यायति परेण ॥२८१॥**

**અર્થ**—કાયયોગનો આશ્રય લઈને સૂક્ષ્મક્રિયાઅપ્રતિપાતિ ધ્યાન ધ્યાવીને પછી જેને ક્રિયાઓ ગઈ છે એવા અનિવર્તિત્વ નામના શુક્લધ્યાનના ચોથા પાયાને ધ્યાવે છે. (૨૮૧)

**વિવરણ**—આ ગાથામાં યોગનિરોધનો વધારે પ્રસ્તાવ બતાવે છે.

**સૂક્ષ્મક્રિય અપ્રતિપાતી**—આ નામનો શુક્લધ્યાનનો ત્રીજો પાયો છે, તે મરણ અગાઉ પાંચ હ્રસ્વાક્ષર કાળે થાય છે અને તેમાં પાંચ હ્રસ્વ અક્ષરો બોલતાં—अ इ उ ऋ ऌ બોલતાં—જેટલો વખત લાગે છે તેટલો વખત લાગે છે. આ પંચહ્રસ્વાક્ષરકાળમાં તે પોતાનું કામ સાધી લે છે.

અહીં સુધીમાં બાદર કાયયોગ તો ગયેલો હોય છે, પણ હજુ સૂક્ષ્મકાયયોગ બાકી હોય છે. સર્વ યોગના સૂક્ષ્મ અને બાદર એવા બબ્બે વિભાગ પડે છે. અહીં સૂક્ષ્મ ક્રિયા (શરીરયોગ) વડે બાદર મનયોગ ને બાદર વચનયોગને રુંધે છે.

**વિગતક્રિય**—અને તે અંતમુહૂર્ત કાળમાં અથવા પંચહ્રસ્વાક્ષરના કાળમાં શુક્લધ્યાનનો ચોથો પાયો પ્રાપ્ત કરે છે. એનું નામ સમુચ્છિન્નક્રિય છે. એ શુક્લધ્યાનનો ચોથો પ્રકાર છે. ક્રિયા માત્રનો તેમાં નાશ થાય છે. અહીં તેને સર્વ યોગનો નિરોધ થાય છે અને પછી એ ચારે કર્મનો ક્ષય કરી તદ્દન નિષ્કર્મા થઈ મોક્ષે જાય છે. મોક્ષમાં જતાં પહેલાં કર્મનો સર્વથા ક્ષય થવો જ જોઈએ, કરવો જ જોઈએ. સારાં કે માઠાં કોઈપણ કર્મ રહે ત્યાં સુધી મોક્ષ થઈ શકતો નથી.

આ ત્રીજા અને ચોથા પાયાની વચ્ચેના વખતમાં એની શારીરિક ક્રિયાનો પણ નિરોધ થઈ જાય છે અને એ વિગતક્રિય થઈ સમુચ્છિન્નક્રિયા દશામાં સર્વ કર્મ ખપાવી, સર્વ યોગોનો નિરોધ કરી મોક્ષે જાય છે અને પછી નિઃજન્મા બને છે. આ ચોથા શુક્લ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધ્યાનના પ્રકારમાં તેને કાંઈ પણ ક્રિયા રહી સહી હોય તેનો પણ નિરોધ થાય છે, અને નિવૃત્તક્રિય કે સમુચ્છિન્નક્રિય બની અંતે કયાં જાય છે તે ગ્રંથકાર હવે પછી બતાવશે.

આપણે અત્યાર સુધીમાં છેલ્લા પંચ હ્રસ્વાક્ષર કાળ સુધી સુધી આવ્યા. આ શુક્લ-ધ્યાનના ત્રીજા તથા ચોથા પાયાનું સ્વરૂપ યોગગ્રંથોથી સમજવું. આ વખતે તેનાં બાકી રહેલાં કર્મોનો ક્ષય થઈ જાય છે.

આ રીતે મન, વચન, કાયાના બાદર અને સૂક્ષ્મ સર્વ યોગોનો નિરોધ થાય છે. આ યોગની ઉત્કૃષ્ટ અવસ્થા છે. અને આ અવસ્થાએ પહોંચવાનો દરેક યોગીનો પોતાને માટે આદર્શ હોય છે. (૨૮૧)

**અવગાહના—**

**चरमभवे संस्थानं यादृग् यस्योच्छ्रयप्रमाणं च ।**
**तस्मात्त्रिभागहीनावगाहसंस्थानपरिणाहः ॥२८२॥**

**અર્થ**—છેલ્લા ભવમાં જેવું સંસ્થાન (શરીરાકૃતિ) હોય અને તેનું ઊંચાઈનું જેટલું પ્રમાણ હોય તેથી ત્રિભાગ–ત્રણ ભાગ–ઓછી, ૧/૩ ઓછી, અવગાહના રહે. (૨૮૨)

**વિવરણ**—યોગરુંધન કરી સિદ્ધ થનાર અને મોક્ષમાં જનાર જીવની શરીરઅવ-ગાહના કેટલી અને કેવી રહે તે આ ગાથામાં બતાવે છે.

**ચરમભવે**—છેલ્લા ભવમાં. અને ત્યારપછી તો જન્મજરા જેનાં ગયા છે એવો છેલ્લો ભવ. તેમાં વજ્રઋષભનારાચ સંઘયણ અને સમચતુરસ્ર સંસ્થાન હોય છે.

**ઉચ્છ્રય**—ઊંચાઈ. કોઈ પાંચસો ધનુષ્યની કાયાવાળો હોય, કોઈ વધતાઓછા ફૂટની કાયાનો ધણી હોય.

**ત્રિભાગહીન**—એટલે એનો ૧/૩ ભાગ ઓછો કરવો, એટલે ૫૦૦ ફૂટની કાયાવાળાને ૫૦૦/૩ ફૂટ એટલે ૧૬૬ ૨/૩ ફૂટ ઓછા એટલે ૩૩૩ ૧/૩ ફૂટ એ પ્રમાણે ઘન બાકી રહે. બાકી શ્વાસનળી વગેરે અનેક નળીઓનો માર્ગ પૂરતાં જે ઘન રહે તે અત્યારની આકૃતિ અને ઊંચાઈએ ૧/૩ ઓછી થાય. પ્રાણી અત્યારના ૫ ફૂટ ૭ ઇંચ હોય તો તેમાંથી એક ફૂટ દશ ઇંચ કપાઈ જાય. તેટલી તેની બાકી રહેલ શરીરની અવગાહના રહે. ૨/૩ બાકી રહે, તે નળી અને માર્ગો બંધ થતાં પોલો ભાગ પૂરાઈ જાય. મોક્ષમાં આવી અને આટલી ૨/૩ અવગાહના પડે.

**પરિણાહ**—ઊંચાઈમાં પણ ૧/૩ ભાગ નળીઓ અને માર્ગોનો જાય. એટલે બાકી રહે તેટલી એટલે ૫ ફૂટ ૭ ઇંચમાંથી ૨૨ ઇંચ જતાં બાકી ૨/૩ ઊંચાઈની ૪૪ ઇંચ અવગાહના ઘનીકૃત રહી. તેટલી સિદ્ધ દશામાં જીવની અવગાહના રહે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અગાઉના ભવમાં ગમે તેટલી મોટી અવગાહના હોય તે ચાલી જાય અને છેલ્લા ભવના શરીરની આકૃતિ અને ઊંચાઈ હોય તેમાંથી ૧/૩ કાઢી નાંખતા બાકીની ૨/૩ આકૃતિ અને ઊંચાઈ રહે. (૨૮૨)

**યોગરુંધનનું પરિણામ—**

सोऽथ मनोवागुच्छ्वासकाययोगक्रियार्थविनिवृत्तः ।
अपरिमितनिर्जरात्मा संसारमहार्णवोत्तीर्णः ॥२८३॥

**અર્થ**—તે પ્રાણી ત્યારપછી મન, વચન અને કાયાના યોગરૂપ ક્રિયા અને તેના પ્રયોજનથી નિવર્તી જઈને અત્યંત નિર્જરાને કરતો સંસાર રૂપ સમુદ્રને તરી પાર પામી જાય છે. (૨૮૩)

**વિવેચન**—આ રીતે જે યોગનિરોધ કરે છે તેનું પછી શું પરિણામ આવે છે તે આ ગાથામાં બતાવે છે.

**યોગક્રિયા**—ઉપર જણાવ્યું તે રીતે અને તે ક્રમે મન, વચન, કાયાના યોગોથી નિવૃત્તિ થઈ. આ રીતે આ યોગરુંધન કેટલું મહત્ત્વનું અને કેટલું જરૂરી છે તે ખ્યાલમાં આવશે. યોગરુંધન થયા પછી અંતર્મુહૂર્ત કાળમાં પ્રાણી સંસારનો ત્યાગ કરી દે છે. એટલે યોગરુંધન અતિ મહત્ત્વની વાત છે.

**નિર્જરાત્મા**—આની ટીકામાં લખવામાં આવ્યું છે કે તેવો પ્રાણી પંચાશી કર્મનો ક્ષય કરે છે. કર્મગ્રંથકારના મતે બંધ કેવળજ્ઞાન થયા પછી માત્ર એક વેદનીય કર્મનો જ રહે છે. તેથી તેરમે અને ચૌદમે ગુણસ્થાનકે એક જ પ્રકૃતિનો બંધ છે, ઉદય બેંતાળીશ પ્રકૃતિનો છે, ઉદીરણા ઓગણચાળીશ પ્રકૃતિની છે અને સત્તા ૮૫ પ્રકૃતિની છે. તેથી ટીકાકારે પંચાશી પ્રકૃતિનો ક્ષય કરે છે એમ જે કહ્યું તે સત્તાને આશ્રયી સમજવું. (જુઓ દ્વિતીય કર્મગ્રંથ) આ કર્મક્ષય બે સમયે મરણ પહેલાં થાય છે.

**સંસાર**—આ સંસાર મોટા સમુદ્ર જેવો છે. એમાં એક વાર માર્ગ ચૂકયા કે રસ્તો ભૂલ્યા તો પછી પત્તો લાગે તેમ નથી. દરિયામાં તો ઊંચે આભ અને નીચે પાણી હોય છે. તેમાં કોઈ નિશાની હોતી નથી, એમાં માર્ગ ભૂલ્યા એટલે દરિયામાં રખડ્યા જ કરવાનું થાય.

**ઉત્તીર્ણ**—આમ આવા સંસાર અર્ણવને એ તરી જાય છે, સામે પાર જાય છે અને તેના સર્વ ભયો નાશ પામે છે. એટલે એ શૈલેશી થઈ જાય છે. આ શૈલેશી કેવી રીતે થાય, આ શૈલેશીકરણ કરે ત્યારે શું કરે તે આવતા પ્રકરણમાં કહેવામાં આવશે. આ બધી યોગમાર્ગની અતિ પ્રગત દશાની વાત છે અને તે સમજવા જેવી છે. (૨૮૩)

* * *

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ રીતે આ યોગનિરોધનું નાનું પ્રકરણ પૂરું થયું. મન, વચન, કાયાના યોગોને પોતાના કાબૂમાં લેવા એ દેખીતી રીતે મુશ્કેલ કામ છે, પણ આપણે જે સ્થાને પહોંચવાનું છે અને જે માટે આપણો પ્રયાસ છે તે યોગનિરોધ કર્યા વગર થઈ શકે તેમ જ નથી. તેથી તે બરાબર સમજીને તરતમાં હાથ ધરવા યોગ્ય છે. ઘણી વખત યોગોને કાબૂમાં લેવાનો પ્રયાસ કરવા જતાં પ્રાણી છેતરાઈ પડે છે અને યોગ પર અંકુશ લાવવાને બદલે યોગને વશ થઈ જાય છે અને યોગને વશ કરવાના બહાના નીચે ઊલટો તેના કબજામાં જાય છે. તેને મન, વચન અને કાયાના યોગો કેવી રીતે કામ કરે છે તે જાણવાની તક મળતી નથી. અને તે ખોટા બહાના નીચે પોતાની જાતને છેતરે છે. નહિ તો હિમાચળમાં તપ કરનારનો ક્યારનો મોક્ષ થઈ જાય, પણ એ અજ્ઞાન તપથી ઊલટો સંસાર વધે છે અને ઘણા પ્રાણીઓ તો યોગોને અંકુશમાં લાવવાનું ધારતા એવા વિસંવાદમાં પડી જાય છે કે ઊલટો યોગોને વશ પડે છે. આ સ્વની છેતરપીંડી ઘણીવાર અજ્ઞાન કે અવિદ્યાને લઈને થાય છે. તેનાથી સાવધ રહેવું અને યોગદૃષ્ટિ વિચારી યોગમાર્ગમાં અનુકૂળ માર્ગે જ યોગ્ય અંકુશ નીચે જ પ્રવેશ અને પ્રગતિ કરવી.

બાકી આ યોગનિરોધ યોગની ઘણી ઉચ્ચ ભૂમિકાએ પ્રાણીને લઈ જાય છે અને આ યોગમાર્ગે પ્રગતિ કરવાનો માર્ગ પણ બતાવવામાં આવેલ છે. તેમાં સમાધિમાર્ગે કેટલી પ્રગતિ થઈ શકે છે તે જાતે અનુભવવા યોગ્ય વિષય છે. એ સમાધિ સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાતને બરાબર ઓળખી તે માર્ગે બની શકે તો પોતાની પ્રગતિ કરવી એ એક માર્ગ છે. જે રીતે મન, વચન અને કાયા પર અંકુશ આવે તે રીતે કરીને આ માર્ગ સાધવાયોગ્ય છે, કારણ કે તે વગર મુક્તિ પ્રાપ્ત થતી નથી. અને સુરગતિ મળે તે માટે આ પ્રયાસ કરવો તે તો ચકડોળની ગતિ જેવું હોઈ પરિણામે લાભકારી નથી, કારણ કે દેવગતિની સગવડને અંતે પાછો સંસાર વધે છે અને ઇષ્ટલાભ સદાકાળને માટે મળતો નથી.

યોગને અંગે હરિભદ્રસૂરિએ અનેક ગ્રંથો લખ્યા છે. તેઓના યોગદૃષ્ટિસમુચ્ચય, યોગબિંદુ, યોગબત્રીશી વગેરે અનેક ગ્રંથો પ્રસિદ્ધ છે અને મુદ્રિત થઈ ગયા છે. એવા ગ્રંથોનો અભ્યાસ કરીને પ્રથમ તો જૈન યોગ કેટલો સુંદર છે તે સમજવું. આખા શાસ્ત્રનો સાર યોગગ્રંથોમાંથી ધ્યાનયોગને અંગે જરૂર જડી આવશે. એ સર્વ શાસ્ત્રનું રહસ્ય છે અને આપણને સીધો લાભ કરનાર છે. તેટલા માટે જરૂર સમજવા યોગ્ય છે. વચ્ચેના અંધકારયુગમાં યોગ ભૂલાઈ ગયો, પણ લિખિત ગ્રંથો હજુ મોજુદ છે અને સંરક્ષણવૃત્તિએ તેમને જાળવી રાખ્યા છે. તે સમજવાની ખાસ જરૂર છે. જો કે ગુરુ પાસે સીધો તપ કરે, એક પગે ઊભો રહી ભૂખ્યો તપ કરે આ સર્વ ઐહિક વાત છે, ત્યાજ્ય છે, સંસાર વધારનારી વાત છે. જૈન યોગમાં તેને તેટલા માટે જરાપણ સ્થાન આપવામાં આવતું નથી.

॥ इति योगनिरोधप्रकरणम् ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ ૧૭ મું : શૈલેશીકરણ

આ પ્રકરણમાં ગ્રંથકાર શૈલેશીકરણની વાત કરે છે. શૈલ એટલે પર્વત, પર્વત ઊભો જ રહે છે, નિષ્કંપ રહે છે, પોતાના સ્થાનેથી જરાએ ચસકતો નથી, તે જ રીતે કેવળી જ્યારે મોક્ષ જવાને માટે બે સમયનો કાળ બાકી રહે અને જે વખતે તેઓના મન, વચન અને કાયાના યોગો ગયા હોય ત્યારે છેવટના બે સમયમાં તદ્દન હાલે ચાલે નહિ તેવા નિષ્કંપ થઈ જાય છે, જરા પણ હાલતા ચાલતા નથી. આ શૈલેશી એટલે પર્વત જેવું ત્રીજું અને છેલ્લું કરણ તે કરે છે ત્યારે તેમને સર્વ યોગ ગયેલા હોય છે. પંચેંદ્રિય તરીકે પ્રાપ્ત કરેલી શરીર અને મનપર્યાપ્તિ પણ તદ્દન ક્ષય પામી ગયેલ હોય છે. અને ધીર, વીર તદ્દન અડોલ થઈ આત્મજય કરે છે. એ વિશેની પરિસ્થિતિનો વિશેષ ખ્યાલ ગ્રંથકર્ત્તા જ આપે છે.

जैन साईट JAINSITE

યોગમાં આ રીતે જ્ઞાન અને ક્રિયાની ખાસ આવશ્યકતા રહે છે. અગાઉના લેખકો લખી ગયા છે કે યોગપ્રવૃત્તિમાં જ્ઞાન અને ક્રિયા બન્નેની આવશ્યકતા છે અને આ શૈલેશીકરણ નામનું છેલ્લું કરણ યોગનો સર્વથી મહત્ત્વનો વિભાગ હોઈ ઘણી અગત્યની પરિસ્થિતિ પૂરી પાડે છે. સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત સમાધિ થઈ ગયા પછી આ શૈલેશી દશા ઉત્પન્ન થાય છે. બાકી હઠયોગને તો જૈનયોગમાં સ્થાન જ નથી. હઠયોગથી તંદુરસ્તી પર અસર જરૂર થાય છે, પણ મુક્તિની પ્રાપ્તિમાં એ કોઈપણ રીતે મદદગાર ન હોવાથી અને જૈનની નજરે તો મોક્ષપ્રાપ્તિ એ જ ધ્યેય હોવાથી તેમણે વિચાર કરીને હઠયોગનો યોગ કરીકે સ્વીકાર કર્યો નથી. ચોરાશી આસન કરવાં કે અમુક રીતે બેસીને કે સૂઈને તપસ્યા કરવી અને સૂર્યની આતાપના લેવી તે બધી વાત મોક્ષપ્રાપ્તિને ઉપયોગી ન હોવાથી તેને રાજ-યોગથી બહાર ગણી છે અને તંદુરસ્તીની પ્રાપ્તિ એ તો પૌદ્ગલિક હોઈ આ ભવ પૂરતી જ છે, માટે એમાં પડી જવા જેવું નથી. હઠયોગી કેવી કેવી જાતના હઠો—કદાગ્રહો કરે છે તે વાંચીએ ત્યારે શરીરકષ્ટને અંગે આશ્ચર્ય થાય છે. ચાબખાના માર ખાય, ભૂખ્યા રહે વગેરે. અભ્યાસ અને સાંપ્રદાયિક જ્ઞાન સાથે અભ્યાસ થાય તો વધારે ઇચ્છવા-જોગ છે, પણ તેવું ન બને તો પુસ્તકથી પણ આ રહસ્યજ્ઞાન મેળવવા યોગ્ય છે. એમાં એકવાર સમજણ આવશે અને સમજણ સાથે ક્રિયા થશે ત્યારે જે મજા આવશે તે ઓર છે, ખરેખર ભવ્ય છે. માટે જ્ઞાનપૂર્વકની ક્રિયા કરવાની ભાવના રાખવી. સમજણપૂર્વક ક્રિયા થાય તે વધારે બળવતી અને પરિણામદર્શક થાય તેમાં જરા પણ આશ્ચર્ય નથી. માટે ગતાનુગતિકતા છોડી જ્ઞાનપૂર્વકની ક્રિયા કરવાનો વિચાર રાખવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ શૈલેશીકરણ ઉત્કૃષ્ટ યોગક્રિયા છે, અનેક કર્મોનો નાશ કરનાર છે અને સમાધિયોગ પછી પ્રાપ્તવ્ય છે. એની સમજણ માટે શૈલ જેવા થવાની અને પોતે શૈલેશીકરણ કરે તેવી ભાવના કરવાની જરૂર છે અને તે ભાવના અત્ર થશે તો પણ પરંપરાએ કલ્યાણ જ છે. હવે આપણે ગ્રંથકર્ત્તાના મતે શૈલેશીકરણ કેવું છે તે તેમના જ શબ્દોમાં જોઈએ અને જૈન યોગ સમજીને આપણા આદર્શે પહોંચવા ભાવના કરીએ.

**શૈલેશીકરણનો સમય—**

ईषद्ध्रस्वाक्षरपञ्चकोद्गिरणमात्रतुल्यकालीयाम् ।
संयमवीर्याप्तबलः शैलेशीमेति स गतलेश्यः ॥२८४॥

**અર્થ**—પાંચ હ્રસ્વાક્ષર બોલતાં જેટલો જરાક સમય લાગે તેટલા વખતમાં, સંયમથી પ્રાપ્ત કરેલ શક્તિને જોરે તે લેશ્યા વગરનો થઈ શૈલેશીકરણની દશાને પામે છે. (૨૮૪)

**વિવરણ**—આ ગાથામા શૈલેશીકરણ, જે ભવને અંતે મોક્ષ જતાં પહેલાં કેવળી કરે છે તે, કેવું હોય છે અને તેમાં કેટલો વખત લાગે છે તે વાત કરે છે.

**હ્રસ્વાક્ષર**—પાંચ હ્રસ્વ અક્ષરો બોલતાં જેટલો જરાક નામમાત્ર વખત લાગે તેટલો કાળ. અ, ઇ, ઉ, ઋ, ઌ એ પાંચે હ્રસ્વ સ્વરો છે. તે સૌથી ઓછા જરાક સમયમાં બોલાય છે. તે બોલતાં જેટલો સમય લાગે, જરાક વખત લાગે તે વખત આ શૈલેશીકરણમાં અને ત્યારપછી તુરત મોક્ષ જવામાં લાગે છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

સ્વરની મદદ વગર વ્યંજન તો બોલાતા જ નથી. તેમને બોલવા જતાં એ તો વધારવો જ પડે છે. હ્રસ્વાક્ષર ઘણો ઓછો વખત બોલતાં લે છે. દીર્ઘસ્વર તેથી ઘણો વધારે લગભગ બેવડો સમય લે છે. આ પાંચ હ્રસ્વાક્ષર બોલતાં જે નામનો વખત લાગે તેટલો વખત મોક્ષ જતાં પહેલાં આ પંચહ્રસ્વાક્ષરકાળમાં કેવળી શૈલેશીકરણ કરે છે.

**ઉદ્ગિરણ**—બોલવું, ભણવું. એટલે પાંચે હ્રસ્વસ્વરો બોલતાં જેટલો વખત લાગે તેટલો આ શૈલેશીકરણનો કાળ હોય છે.

**કાલીયામ્**—'કાલભવાં', કાળમાં થતી શૈલેશીદશાનું વિશેષણ છે.

**આપ્ત**—સંયમને લઈને શક્તિ જેણે વધારે મેળવેલ હોય છે તેવો થઈને. સામાન્ય લોકોને લાગે છે કે સંયમથી પ્રાણશક્તિ ગુમાવે છે, પણ વસ્તુતઃ તેમ નથી. સંયમ કે તપથી તો ઊલટું બળ વધે છે. અને એ બળના પ્રભાવે જ પ્રાણી આ શૈલેશીકરણ કરે છે. સામાન્ય જનતાનો ખ્યાલ છોડી આ અનુભવીની વાણી ધ્યાન પર લેવી, આદરવી, સ્વીકારવી.

**ગતલેશ્ય**—જેની છએ કૃષ્ણાદિ લેશ્યાઓ ગઈ છે તેવો તે પ્રાણી. મોક્ષ સન્મુખ થનારને લેશ્યા ક્ષય પામી જાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શૈલેશી**—પર્વત જેવી નિશ્ચળતા ધરાવનાર. આ શૈલેશીકરણ કેવું હોય તે બતાવશે. અહીં તો માત્ર તેનું નામ જ આપ્યું છે. આપણે આ પ્રકરણમાં તેનું વિસ્તૃત સ્વરૂપ જોઈશું.

અહીં સંસારનાં ચાર કર્મો તો ગયેલાં હોય છે. માત્ર આયુષ્ય, નામ, ગોત્ર અને વેદનીય એ ચાર કર્મો જ બાકી રહે છે. એ ચારેનો પણ બંધ, ઉદય અને સત્તામાંથી ક્ષય કરી તદ્દન નિષ્કર્મી થઈ પ્રાણી મોક્ષે કેવી રીતે જાય છે તે આપણે હવે જોઈશું. (૨૮૪)

**કેવી રીતનો કર્મક્ષય કરે તે બતાવે છે—**

> **पूर्वरचितं च तस्यां समयश्रेण्यामथ प्रकृतिशेषम् ।**
> **समये समये क्षपयन्नसंख्यगुणमुत्तरोत्तरतः ॥२८५॥**

**અર્થ**—તે સમયશ્રેણિમાં પૂર્વે રચેલ પોતાની સર્વ પ્રકૃતિને પ્રત્યેક સમયે ખપાવતો ખપાવતો ઉત્તરોત્તર અસંખ્ય ગુણો મેળવતો તે આગળ વધે છે. (૨૮૫)

**વિવરણ**—ક્ષપકશ્રેણિવાળો પ્રાણી આ શૈલેશીકરણમાં શું કરે છે તે આ ગાથામાં વિસ્તારે છે.

**સમયશ્રેણી**—આ શૈલેશીકરણ માત્ર અંતર્મુહૂર્ત કાળ રહે છે તેથી તેને સમયશ્રેણી કહેવામાં આવે છે. દરેક સમય અત્યારે કામ કરે છે અને પ્રત્યેક સમયે અનેક કર્મોને ખપાવે છે. આ કેવળી ભગવાનને હવે આ વખતે કાયયોગનો પણ ક્ષય થાય છે. તેવી અદ્ભુત સ્થિતિ એ પ્રાપ્ત કરે છે.

**પ્રકૃતિશેષ**—રહીસહી પોતાની પ્રકૃતિને પણ અહીં ખપાવી દે છે. આ અદ્ભુત યોગનો પ્રભાવ છે. આખા જીવનમાં કરેલ તપનું પારણું છે અથવા ઓડકાર છે.

**સમય**—એક આંખ મીંચીને ઉઘાડતાં તે અસંખ્ય સમય થઈ જાય છે.

**ઉત્તરોત્તર**— એ તો ઉત્તરોત્તર આગળ વધતો જ જાય છે અને પ્રત્યેક સમયે અનેક કર્મોને ખપાવી દે છે. ઘાતીકર્મ ગયેલાં હોય છે. અઘાતી ચાર કર્મો પૈકી જે રહ્યાં હોય તેમને પણ ઉત્તરોત્તર પ્રત્યેક સમયે ખપાવે છે. માણસ ઘાસને કાપે તેમ તે કર્મનો ક્ષય કરે છે. એ સંસારના છેડાની સ્થિતિ તો આમાં વર્ણવી છે તે જ જણાવી છે, બાકી ખરેખર એ કર્મનો ક્ષય કેવો કરે છે તે તો પ્રત્યક્ષ અનુભવ થાય ત્યારે સમજાય. બંધ, ઉદય અને સત્તામાંથી એ કર્મને ખપાવવા જ માંડે છે, અને હંમેશને માટે પ્રત્યેક સમયે ક્ષય કરે છે.

**ક્ષપયન્**—કર્મોને ઉપર જણાવ્યું તેમ મૂળમાંથી એવાં કાપી નાખે છે કે તેમનું નામનિશાન પણ ન રહે. (૨૮૫)

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**છેલ્લે સમયે એ કેવળી શું કરે છે?—**

**चरमे समये संख्यातीतान् विनिहत्य चरमकर्मांशान् ।**
**क्षपयति युगपत्कृत्स्नं वेद्यायुर्नामगोत्रगणम् ॥२८६॥**

**અર્થ**—છેલ્લે સમયે અસંખ્ય કર્મના અંશોને દૂર કરીને વેદનીય, આયુષ્ય, નામકર્મ અને ગોત્રકર્મોને એક સાથે સંપૂર્ણપણે ખપાવે છે. (૨૮૬)

**વિવેચન**—આ યોગનિરોધ કરનાર આ જીવનને છેલ્લે સમયે શું કરે તે આ ગાથામાં વિસ્તારથી જણાવે છે.

**સંખ્યાતીત**—અસંખ્ય કર્મો. છેલ્લે સત્તામાં રહેલ તેર કર્મો જે બ્યાશી કર્મોમાંથી બાકી રહેલાં હોય છે તેમને તે સંખ્યા વગરનાં હોય તો પણ ખપાવી નાંખે છે. એ તેર પ્રકારનાં કર્મોની સત્તાગત પ્રકૃતિ નીચે પ્રમાણે છે–

મનુષ્યત્રિક એટલે મનુષ્યગતિ, મનુષ્ય આયુષ્ય અને મનુષ્ય આનુપૂર્વી. આ મનુષ્યત્રિક એટલે ત્રણ થયાં. તેમ જ ત્રસનામકર્મ, બાદર નામકર્મ અને પર્યાપ્તનામકર્મ એ ત્રસત્રિક કહેવાય છે. મનુષ્યપણું, ત્રસપણું, બાદરપણું એ સર્વ દૂર થાય છે અને જે પર્યાપ્તિ પૂરી પામવી એ એક વખત પુણ્યયોગ કહેવાતો હતો તે પણ ક્ષય પામી જાય છે. આ ત્રસત્રિક મળીને છ પ્રકૃતિ થઈ. તથા યશકીર્તિ, આદેય અને સૌભાગ્ય નામકર્મ, તીર્થંકરનામકર્મ, ઉચ્ચગોત્ર, પંચેંદ્રિયજાતિ, અશાતા અથવા શાતાવેદનીય જે હોય તેમને પણ ખપાવી દે છે. આ તેર ઉત્તર પ્રકૃતિને અંગે જે અસંખ્ય કર્માંશ હોય તેમનો ક્ષય કરી નાખે છે. છેવટે એનું પંચેંદ્રિયપણું પણ જાય છે અને તેર ઉત્તર પ્રકૃતિને અંગે ચારે કર્મો જાય છે. આ ચારે અઘાતીકર્મો સમજવાં. (બીજો કર્મગ્રંથ, ગાથા ૩૪). આ કર્માંશો છેક છેલ્લા સમય સુધી સત્તામાં તો રહે છે અને તેમનો પ્રાણી નાશ કરે છે, પરિણામે તે સત્તામાંથી પણ જાય છે.

**યુગપત્**—એકી સાથે. આ કર્માંશો ગમે તેટલી મોટી સંખ્યામાં હોય તે છેલ્લી ઘડીએ છેલ્લે સમયે ખપાવે છે. જ્યારે તદ્દન કર્મ વગરનો પ્રાણી થાય, જ્યારે બંધ નવો ન થાય, અને સત્તામાં બાંધેલ કર્મો હોય તે પણ જાય ત્યાર પછી તે મુક્ત થઈ શકે છે.

**વેદ્ય-આયુ-નામ-ગોત્ર**—આ ચાર અઘાતી કર્મો-વેદનીય, આયુષ્ય, નામકર્મ અને ગોત્રકર્મ જ બાકી રહે છે. સત્તામાંથી તેમની તેર પ્રકૃતિ છેલ્લે સમયે જાય છે. આવી રીતે સર્વ કર્મોનો ક્ષય કરી પ્રાણી મુક્તિ પામે છે. તેનું સ્વરૂપ આવતા પ્રકરણમાં વધારે વિગતવાર આપણે જોઈશું. (૨૮૬)

**સર્વ ભાવનો અત્ર થતો ત્યાગ—**

**सर्वप्रतियोग्यसंसारमूलकारणानि सर्वभावानि ।**
**औदारिकतैजसकार्मणानि सर्वात्मना त्यक्त्वा ॥२८७॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અર્થ**—સર્વ પ્રકારની ચારે ગતિને લાયક અને સંસારને વધારનાર મૂળ કારણો જે અનેક પ્રકારના ભાવરૂપે છે તેમનો અર્થાત્ ઔદારિક તૈજસ્ અને કાર્મણ સર્વ ભાવોનો પોતાના આત્મા સાથેનો સંબંધ તે સર્વદા તજી દે છે. (૨૮૭)

**વિવેચન—સર્વગતિ**—આ ચારે ગતિઓ કારણ વગર અકસ્માત્ મળતી નથી. આ ચારે ગતિ નામકર્મના વિભાગો છે અને તે તે ગતિમાં જવા યોગ્ય કર્મનાં પરિણામ છે. એમનો સર્વથા ત્યાગ કરીને.

**સંસાર**—આખો ચાર ગતિરૂપ સંસાર છે. એ સંસારને વધારનાર કરણો-કારણો તે સર્વ કર્મો છે. તેમનો સર્વથા ત્યાગ કરીને એટલે આત્મા અને કર્મનો સંબંધ તોડી નાખીને.

**ભાવ**—સાંસારિક સારા કે ખરાબ ભાવો સંસારમાં રઝળાવે છે. તેમનો સર્વથા ત્યાગ કરી દઈને. એ ભાવો નીચે વર્ણવ્યા છે.

**ઔદારિક**—આપણું મનુષ્યનું શરીર જ મોક્ષ મેળવી શકે છે, તેથી અત્ર વૈક્રિયાદિ શરીરની વાત કરી નથી. દેવ કે નારકો સીધા તદ્ભવે મુક્તિગામી થતા નથી.

**તૈજસ્**—અન્નને પચાવનાર. પરભવે પણ સાથે જનાર આ તૈજસ્ શરીરનું વર્ણન ઉપર થઈ ગયું છે.

**કાર્મણ**—કર્મના શરીરને કાર્મણ શરીર કહે છે. આત્મા અને કર્મનો મેળ મેળવી આપનાર અને બન્નેને સંયોગ સંબંધ કરાવનાર 'કાર્મણ' શરીર છે.

**સર્વાત્મના**—સર્વથા, તદ્દન સર્વકર્મનો ત્યાગ એ જ મોક્ષપ્રાપ્તિ. (કર્મથી) મૂકાવું તે મોક્ષ. આ સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત યોગ અર્થાત્ સમાધિ પછીની સ્થિતિ છે. આ કાયયોગના ત્યાગની વાત છે.

એનો (સર્વ કર્મનો) સર્વથા ત્યાગ કરીને તે શું કરે છે? અથવા તેને (કેવળજ્ઞાનીને) શું થાય છે? તે આગલી ગાથામાં જણાવવામાં આવશે. (૨૮૭)

**મોક્ષને માર્ગે—**

**देहत्रयनिर्मुक्तः प्राप्यर्जुश्रेणिवीतिमस्पर्शाम् ।**
**समयेनैनाकेविग्रहेण गत्वोर्ध्वमप्रतिघः ॥२८८॥**

**અર્થ**—પછી ત્રણ શરીરથી મૂકાઈ જઈ ઋજુગતિએ અકુસમાણ રીતે એક સમયમાં જરાપણ વાંકી નહિ તેવી સીધી ગતિએ જરાપણ રોકાણ વગર તે ઊંચે જાય છે. (૨૮૮)

**વિવેચન**—આ યોગસંપન્ન કેવળી ત્યારપછી કેવી રીતે મોક્ષ તરફ પ્રયાણ કરે છે તે આ ગાથામાં બતાવે છે.

**દેહત્રય**—જ્યારે કોઈપણ કેવળી મોક્ષ પામે છે ત્યારે તેને ત્રણ શરીર હોય છે: ઔદારિક, તૈજસ્ અને કાર્મણ. આ ત્રણ દેહથી મૂકાઈ જઈને અશરીરી થઈને કાયયોગનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ ક્ષય કરીને. અહીં ટીકાકાર પંચાશી પ્રકૃતિના ક્ષયની વાત કરે છે. પણ મને ઉપર કરેલો મારો અર્થ વધારે બંધબેસતો લાગે છે.

**ઋજુશ્રેણી**—જ્યાં કાળ કરે છે, ત્રણ દેહથી મુક્ત થાય છે ત્યાંથી સમશ્રેણિએ ઊર્ધ્વગતિ કરે છે. જેમ કામઠામાંથી તીર છૂટે અથવા બંદૂકમાંથી ગોળી છૂટે તેમ બંધનમુક્ત થતાં નિઃકર્મા થઈ તે સીધી ગતિએ વગર અટકયે મોક્ષ તરફ લોકાંતમાં જાય છે.

**અસ્પર્શા**—પોતે જે આકાશપ્રદેશને સ્પર્શ કરીને રહેલ હોય તે જ આકાશ પ્રદેશને સ્પર્શી અકુસમાણ એટલે બીજા કોઈ આકાશ પ્રદેશને સ્પર્શ્યા વગર તે સીધી ઊર્ધ્વ ગતિએ બાણ છૂટે તેમ તે જ સમયે મોક્ષમાં ચાલ્યો જાય છે, વચ્ચે કોઈ વસ્તુ કે આત્મા હોય તે તેની અટકાયત કરી શકતો નથી.

**એક**—એક સમયમાં એટલે જે સમયે અહીંથી કાળ કરે તે જ સમયે મોક્ષ પામે છે (અર્થાત્ લોકાગ્રે સિદ્ધશિલાએ પહોંચે છે).

**અવિગ્રહ**—આડો અવળો ચડી જાય અને ઠેકાણે આવે તે. વળાંક વિનાની.

**વિગ્રહગતિ**—આવા વિગ્રહ વગર સીધે સીધો જીવ મોક્ષ તરફ ચાલ્યો જાય છે.

**અપ્રતિઘ**—કોઈ મોટું ઇંદ્રનું વજ્ર આડું હોય તે પણ મોક્ષ જતાં જીવને અડચણ કે પ્રતિબંધ કરવાને શક્તિમાન થતું નથી, કોઈ તેને રોકી શકતું નથી. તે તો તે જ સમયે આરપાર નીકળી જઈ મોક્ષે પહોંચી જાય છે. (૨૮૮)

JAINSITE.com जैनम् जयति शासनम्

**કેવળી સિદ્ધ થાય છે—**

> सिद्धिक्षेत्रे विमले जन्मजरामरणरोगनिर्मुक्तः ।
> लोकाग्रगतः सिद्धयति साकारेणोपयोगेन ॥२८९॥

**અર્થ**—પછી તદ્દન ચોખ્ખી સિદ્ધની ભૂમિમાં જન્મ, જરા, મરણ, રોગથી તદ્દન મુક્ત થઈને લોકને છેડે સિદ્ધ થાય છે, મોક્ષે જાય છે અને ત્યાં સાકાર ઉપયોગ(જ્ઞાન)માં રહે છે. (૨૮૯)

**વિવરણ**—છેવટે એ કેવળીનું શું થાય છે તે આ ગાથામાં બતાવે છે.

**સિદ્ધિક્ષેત્ર**—મોક્ષ નામનું ક્ષેત્ર જે ચૌદ રાજને અંતે ઉપરના ભાગમાં આવેલ છે, ત્યાં તે જાય છે.

**વિમલ**—નિર્મળ. એ ક્ષેત્રમાં કોઈ પ્રકારનો મેલ નથી, તદ્દન પવિત્ર છે. વિમળ એટલે નિર્મળ એવા ક્ષેત્ર(મોક્ષ)માં તેની સ્થિતિ થાય છે.

**જન્મ**—જન્મવું તે. પ્રાણીને માતાની કૂખમાંથી દુનિયામાં આવવું કે દેવતા-નરકના



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવોને શય્યા કે કુંભીપાકમાંથી બહાર આવવું તે બહુ કષ્ટકર છે. આ જન્મની પીડાથી મોક્ષના પ્રાણીઓ હંમેશને માટે મુક્ત થઈ ગયેલા છે.

**જરા**—ઘડપણ, વૃદ્ધાવસ્થા. ભોગ ભોગવેલ પ્રાણીને ઘડપણમાં સર્વ ઈંદ્રિયો શિથિલ થાય છે, આખું શરીર દમ વગરનું થાય છે અને ખોં ખોં કરીને જીવે છે. તે ઘડપણથી મોક્ષના જીવો દૂર છે.

**મરણ**—અનાદિ અધ્યાસને લઈને અહીં સંસારનો પ્રેમ એવો થઈ જાય છે કે પ્રાણી જ્યારે તેમાંથી જાય ત્યારે તેને બહુ ખેદ થાય છે. 'મર' શબ્દ પણ તેને સાંભળવો ગમતો નથી અને મરે ત્યારે સર્વ છોડવું પડે છે.

**રોગ**—અને સંસારમાં હોય ત્યાં સુધી ભગંદર, ટી.બી. કે બીજા રોગોની અનેક પીડા વારંવાર થયા કરે છે.

**લોકાગ્ર**—ઉપર જણાવ્યું તેમ ચૌદ રાજલોકના અગ્રભાગે તે જાય છે. તે ધનુષ્યમાંથી બાણ છૂટે તેમ પોતાની ગતિથી જ જાય છે.

**સાકાર**—જ્ઞાનમય, સાકારી. આ જ્ઞાનના ઉપયોગથી તે સર્વ જાણે છે અને દર્શન-ઉપયોગથી સર્વ દેખે છે. સમયાંતર ઉપયોગો થાય છે એમ આગમો કહે છે. સિદ્ધસેન દિવાકરનો મત જુદો પડે છે.

**ઉપયોગ**—વપરાશ. આ સંબંધમાં બે મત જાણવા જેવા છે, તે માટે ગુરુગમથી સ્પષ્ટતા કરવી. (૨૮૯)

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

* * *

આવી રીતે આ યોગનિરોધ પ્રકરણ પૂરું થાય છે. જ્યારે મન, વચન અને કાયાના સર્વ યોગો નિરોધાઈ જાય, ખલાસ થઈ જાય, નાશ પામે ત્યારે અંતે પ્રાણીનો સર્વથા મોક્ષ થાય છે અને મોક્ષમાં તો સાદિ અનંત સ્થિતિ છે. એટલે સર્વ યોગોનો નિરોધ કરવો એ ઉત્તમ યોગદશા છે.

અને સાથે સર્વથા યોગરુંધનનો કાળ માત્ર પાંચ હ્રસ્વાક્ષરો બોલતાં જેટલો સમય લાગે તેટલો જ છે, તે વિચારતાં આ વિષયની તીક્ષ્ણતા અને ભવ્યતાનો જરૂર ખ્યાલ આવે છે.

સિદ્ધશિલા ચૌદ રાજલોકને અંતે છેલ્લા ૩૩૩ ૧/૩ ધનુષ્યમાં આવી રહેલ છે. ત્યાં જનાર પ્રત્યેક જીવ એટલા નાના વિભાગમાં રહે છે, પણ અંદર અંદર ગૂંચવાઈ જતા નથી. લોકને અંતે જાય છે તે કોઈ કર્મના ઉદયે નહિ પણ જેમ ધનુષ્યમાંથી છૂટેલ બાણ સામી બાજુએ નિશાન તરફ જ જાય છે, તેમ તે સિદ્ધશિલા ભણી જાય છે. તે આકાશપ્રદેશોને સ્પર્શ્યા વગર ત્યાં સિદ્ધશિલાએ પહોંચે છે. એને જન્મ, જરા, મરણનું દુઃખ ન હોવાથી તે આત્મિક સુખમાં મગ્ન થઈ જાય છે. તે આત્મિક સુખ કેવું હોય છે તે આપણે આવતા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકરણમાં જોઈશું, પણ તે અવર્ણ્ય છે. ત્યાં રડવાકૂટવાની માથાકૂટ નથી, પારકી વાતો નથી, વેધવચકા નથી અને ફરીવાર જન્મમરણ નથી. આવા સાદિ પણ અનંત સુખમાં પ્રાણી આ ઉત્કૃષ્ટ યોગને પરિણામે મોક્ષમાં દાખલ થઈ નિત્યાનંદ કરે છે.

જો આ સંસારથી કંટાળો આવ્યો હોય, જો એક ખાડામાંથી બીજામાં પડવાની વાત હંમેશને માટે અટકાવવી હોય તો આ યોગરુંધન જેવી ઉત્કૃષ્ટ યોગપ્રક્રિયા જરૂર આદરવા યોગ્ય છે. એના પરિણામે મોક્ષ જરૂર સ્વતઃ થાય છે, કારણ કે મોક્ષમાં જનાર મોક્ષની ઇચ્છા જ માત્ર કરતા નથી, અને ઇચ્છા માત્ર કરવાથી મોક્ષ મળતો નથી. એ મોક્ષનાં કેટલાંક નામો આપણે આવતા પ્રકરણમાં જોઈશું.

'ज्ञानक्रियाभ्यां मोक्षः' જ્ઞાન અને ક્રિયા બંને સાથે મળી મોક્ષનાં કારણ છે એમ જાણવું અને આચરણ કરવું. એ બન્નેથી અને બન્ને હોય ત્યારે જ મોક્ષ મળે છે. એકલું જાણપણું તે પંગુ સમાન છે અને એકલી ક્રિયા તે આંધળા સમાન છે. આંધળા અને પાંગળાની જોડી—બેનો સંયોગ—થઈ જાય તો બંને ઇચ્છિત સ્થાને પહોંચે છે. આંધળાની કાંધ ઉપર પાંગળો ચઢી જાય છે, જેને પગ નથી તે પાંગળો આંધળાને રસ્તો બતાવે છે અને આંધળો ચાલવાની ક્રિયા કરે છે. પણ આ બન્ને છૂટા છૂટા હોય તો બેમાંથી એકેનું કામ સિદ્ધ થતું નથી. તેવી જ રીતે ક્રિયા વગરનું જ્ઞાન નિરર્થક છે અને જ્ઞાન વગરની ક્રિયા પણ નકામી છે. આ બન્નેનો સહયોગ મેળવવામાં ખરી ઝીણવટ અને સમજણ છે. તેથી સંક્ષેપમાં આ બન્નેનો સહયોગ મેળવવાની ખરી ઇચ્છા રાખવી અને ખરો યોગ કરવો. યોગ જાણ્યા વગર સર્વ નિરર્થક છે એમ સમજી આ યોગનિરોધને સમજવા પ્રયત્ન કરવો.

॥ इति शैलेशीकरणप्रकरणम् ॥

JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ૧૮મું : મોક્ષ

એક અપેક્ષાએ આ સર્વથી અગત્યનું પ્રકરણ છે. તે ઘણું નાનું પ્રકરણ છે પણ તેની અગત્ય ઘણી મોટી છે, કારણ કે અત્યારે જે કાંઈ કરવામાં કે ન કરવામાં આવે તેનું પરિણામ મોક્ષ છે. મોક્ષ એટલે હંમેશને માટે સર્વ કર્મથી મુક્તિ જ્યાંથી પાછા સંસારમાં આવવાનું નહિ. તે શાશ્વત સુખમાં હંમેશને માટે રહેવું તે મોક્ષ, કારણ કે થોડો વખત સુખ મળે પણ તેની પાછળ, પાછી જન્મમરણની ઉપાધિ ઊભી રહે તેને સુખ કહેવું તે ભૂલ છે, ભૂલ એટલા માટે છે કે સુખની સાચી સમજ તેમાં નથી. માટે હંમેશ માટે સુખ મળે અને તે એકવાર આવેલું જાય નહિ તે જ ખરું સુખ કહેવાય. આ સાચા સુખની વ્યાખ્યા નિરંતર સમજી બીજી આળપંપાળમાં ન પડતાં તેને માટે પ્રયત્ન કરવો એ દીર્ઘદ્રષ્ટાની ફરજ છે.

પ્રથમ તો મોક્ષને ઓળખવા માટેનાં અનેક નામો છે, તે મોક્ષની સાચી ઓળખાણ માટે આપણે વિચારી લઈએ. મેં નાનપણમાં કેટલીક વાર પૂજાઓ સાંભળી છે, એમાં દરેક પૂજામાં આવતા દૂહા અમુક રીતે ગવાતા પણ સાંભળ્યા છે, તેમાં 'સિદ્ધ જગતશિર શોભતા' એ રાગમાં ગવાતા અનેક દૂહાઓ મેં સાંભળ્યા, તેથી તે રાગનું સ્તવન સમજવા યત્ન કર્યો અને તે સ્તવન શોધી મુખપાઠ કર્યું. તે સ્તવન મને યાદ છે. તે નીચે પ્રમાણે છે:

સિદ્ધ જગતશિર શોભતા, રમતા આતમરામ;
લક્ષ્મીલીલાની લહેરમાં સુખીયા છે શિવઠામ.
સિદ્ધ જગતશિર શોભતા.

મહાનંદ અમૃતપદ નમો, સિદ્ધિ કૈવલ્ય નામ;
અપુનર્ભવ પદ વલી, અક્ષયસુખ વિશરામ. સિદ્ધ૦ ૨

સંશ્રેય નિઃશ્રેય અક્ષરા, દુઃખ સમસ્તની હાણ;
નિરવરતિ અપવર્ગતા, મોક્ષ મુગતિ નિરવાણ. સિદ્ધ૦ ૩

અચલ મહોદય પદ લહ્યું, જોતાં જગતના ઠાઠ;
નીજ નીજ રૂપે રે જુજુઆ, વીત્યા કર્મ તે આઠ. સિદ્ધ૦ ૪

અગુરુલઘુ અવગાહના, નામે વિકસે વદન;
શ્રી શુભવીરને વંદતા, રહીએ સુખમાં મગન. સિદ્ધ૦ ૫

આ શુભવિજયના શિષ્ય પંડિત વીરવિજયનું કરેલું સ્તવન અત્ર ઘણું પ્રાસંગિક છે. અનેક દૂહા એ રાગમાં લલકારાય છે અને આપણે તો મોક્ષનાં તેમાં અનેક નામો આપ્યાં છે તેથી મોક્ષને ઓળખવા પૂરતો તેનો ઉપયોગ છે. શિવ, મહાનંદ, અમૃતપદ, સિદ્ધ એવાં એવાં અનેક નામો છે અને તે બરાબર અવધારવાં અને એ સ્થાનને મેળવવા આપણો પ્રયત્ન છે. બાકી તો સ્થાનના નામ જાણ્યેથી કંઈ વળે નહિ, તે માટે પ્રયત્ન તો કરવો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ પડે. આપણે તેટલા માટે ઉપર જણાવી ગયા કે જ્ઞાન અને ક્રિયા બન્નેની જરૂર છે. એકલું જ્ઞાન ભારરૂપ છે અને એકલી ક્રિયા લંગડી છે.

હું એક સમજુ માણસને મળ્યો. તેની દુકાનમાં અનેક માણસો હતા. આ ભાઈસાહેબ પણ તકીયે માથું નાખી, હાથમાં રહેલી બીડી પીતાં પીતાં સવાલ કરે છે, 'ભાઈ, મોક્ષે કેમ જવાય?' જવાબ આપનાર પણ દુનિયાના ખાધેલ માણસ હતા. તેમણે કહ્યું, 'જેમ બેઠા છો તેમ બેસી રહો, જરાપણ હાલો ચાલો નહિ ને બીડીનાં ગૂંચળાં ફૂંકો — એટલે મોક્ષ મળી જશે? આ શું તમારો આચાર? અને શો ઢંગધડો? મોંમાંથી બીડીના ધૂમાડા કાઢવા છે અને આવો મોક્ષમાં જવાને વિશેનો અતિ ઉત્કૃષ્ટ સવાલ પૂછતાં તમે જરાએ શરમાતા નથી? તમારામાં મોક્ષમાં જવાનો એક પણ આચાર છે? આવો સવાલ પૂછ્યો એ પણ તમારી ધૃષ્ટતા છે.' પેલો સવાલ પૂછનાર બહારગામનો હતો. તેણે સવાલ તો માત્ર વિનોદમાં પૂછ્યો, પણ જવાબ સાંભળી ચાટ થઈ ગયો.

આ રીતે મોક્ષને ઓળખવાની અને તેના સંબંધમાં ગંભીર વિચારણા કરવાની જરૂર છે. સર્વથી અગત્યની બાબત એ છે કે મોક્ષમાંથી કદી પાછા આવવાનું થતું નથી. મોક્ષમાં જે આત્મિક આનંદ એક વાર થાય છે તે સ્થાયી રહે છે. અને પછી જન્મ, જરા કે મરણની ઘટમાળ ચાલતી નથી. મોક્ષનો પ્રાણી કદી પણ સંસારમાં આવતો નથી. જે સુખની પાછળ સુખનો અભાવ, અલ્પભાવ કે દુઃખ આવવાનો સંભવ રહે કે સુખ આવતું અટકી જાય તેને સુખ કહી શકાય જ નહિ. આ મોક્ષમાં તો સ્થાયી ને નિરંતર સુખ મળે છે અને તે આત્મિક સુખ હોઈ સંસારી તેને બરાબર વર્ણવી શકતો નથી, કારણ કે તે સુખને સરખાવી શકાય એવી એક પણ વસ્તુ અસ્તિત્વમાં નથી. તેથી સરખામણી પણ એ સુખની થઈ શકે તેવું નથી.

જૈન સાઈટ JAINSITE

આ અદ્ભુત, અવર્ણ્ય, અકલ્પ્ય સુખના વર્ણનને આપણે આ પ્રકરણના અંતમાં ફરીવાર જરૂર હશે તો વિચારીશું. હાલ એને કર્ત્તા તેવી રીતે વર્ણવે છે તે સમજીએ અને આ નાનું પ્રકરણ યોગની દૃષ્ટિએ અતિ મહત્ત્વનું છે તેમ સમજી તેના પર ધ્યાન આપીએ.

**મોક્ષનું સામાન્ય સ્વરૂપ—**

> सादिकमनन्तमनुपममव्याबाधसुखमुत्तमं प्राप्तः ।
> केवलसम्यक्त्वज्ञानदर्शनात्मा भवति मुक्तः ॥२९०॥

**અર્થ**—મોક્ષમાં ગયેલ પ્રાણી સાદિ, અનંત, અવર્ણ્ય અને બાધા પીડા વગરનું ઉત્તમ સુખ પ્રાપ્ત કરે છે અને માત્ર ક્ષાયિક સમકિત અને સમ્યગ્જ્ઞાન તથા સમ્યગ્ દર્શનને પામે છે. (૨૯૦)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિવેચન**—મોક્ષમાં સુખ કેવા પ્રકારનું થાય છે તેનો સામાન્ય ખ્યાલ આ ગાથામાં આપે છે.

**સાદિક**—આદિ-શરૂઆતવાળું. મોક્ષમાં પ્રત્યેક પ્રાણી ગયો તેનો આદિનો સમય-વખત કહી શકાય છે. માટે મોક્ષ આદિ સહિત છે. આ વાત પ્રત્યેક જીવને લઈને છે, બાકી મોક્ષ પોતે તો અનાદિ અનંત છે. એની શરૂઆત પણ નથી અને છેડો પણ નથી.

**અનંત**—જેમ મોક્ષની આદિ નથી, તેમ મોક્ષનો છેડો પણ નથી. દરેક જીવ, જે ત્યાં જાય છે તે ત્યાર પછીના અનંતકાળ સુધી ત્યાં રહે છે. મોક્ષ પોતે તો અનાદિ અનંત છે, પણ પ્રત્યેક જીવ જે ત્યાં ગયો છે તેની અપેક્ષાએ તે આદિ અનંત છે.

**અનુપમ**—એ સુખની સાથે સરખાવી શકાય તેવી આ દુનિયામાં કોઈ વસ્તુ છે નહિ. વસ્તુ પૌદ્ગલિક હોઈ નાશ પામે છે અને મોક્ષ તો કદી નાશ પામનાર નથી, તેથી તેની સાથે સરખાવી શકાય એવી આ દુનિયાની કોઈ વસ્તુ પ્રાણી કે ચીજ નથી. મોક્ષ સાથે સરખાવી શકાય તેવી ચીજ કે પ્રાણી ન હોવાથી મોક્ષ અવર્ણનીય છે.

**અવ્યાબાધ**—કોઈપણ પ્રકારની પીડા-બાધા વગરનું. મોક્ષમાં વ્યાધિ, વિયોગ, સેવા, વગેરે કોઈ પ્રકારનું દુઃખ હોતું નથી, ત્યાં તો નિરંતર આત્મિક સુખ સદાકાળ વર્તે છે.

**ઉત્તમ**—ઊંચામાં ઊંચા પ્રકારનું, સર્વોત્કૃષ્ટ. તમે એ સુખની સાથે સરખાવો અને તેને વધારે સારું કહો એવું કોઈ સુખ નથી.

**જ્ઞાનદર્શન**—સમ્યક્ પ્રકારના જ્ઞાન-દર્શન રૂપ જેનું સ્વરૂપ છે એવો તે આત્મા થઈ જાય છે, એટલે એનું અસલ રૂપ જે જ્ઞાનદર્શન છે તે મય તે થાય છે.

**મુક્ત**—સર્વ કર્મનો ક્ષય થવાથી એ મુક્ત એટલે મૂકાયેલો થઈ જાય છે. આવી રીતે મુક્ત થવું એ જ મોક્ષપ્રાપ્તિ છે. (૨૯૦)

**અભાવ અને મોક્ષનો સંબંધ—**

> मुक्तः सन्नाभावः स्वालक्षण्यात् स्वतोऽर्थसिद्धेश्च ।
> भावान्तरसंक्रान्तेः सर्वज्ञाज्ञोपदेशाच्च ॥२९१॥

**અર્થ**—મોક્ષમાં જવાથી જીવનો અભાવ થતો નથી, એ એનાં સ્વલક્ષણથી અને પોતે જાતે જ સિદ્ધ થવાથી બીજા પ્રકારના ભાવમાં દાખલ થઈ જાય છે અને સર્વ જાણનારનો ઉપદેશ-આજ્ઞા એ પ્રમાણે જ છે. (૨૯૧)

**વિવેચન**—મોક્ષ એ જીવનો અભાવ નથી, એ હકીકત આ ગાથામાં કારણસહિત સાબિત કરે છે.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સન્‌**—છે. એ ભાવાંતરમાં દાખલ થઈ જાય છે, પણ પ્રાણીનો અભાવ થતો નથી. કોઈક લોકો અથવા મતો એમ માને છે કે અભાવ થઈ જાય છે. તેનો નિરાસ કરતાં આ ગાથામાં તેનાં કારણો બતાવે છે.

**ન અભાવ**—એનો અભાવ થઈ જતો નથી. કેટલાક એમ માને છે કે તેનું વ્યક્તિત્વ જ રહેતું નથી. તે વાત કેમ ખોટી છે તે આ ગાથા બતાવે છે.

**સ્વાલક્ષણ્યાત્‌**—જીવનું એ લક્ષણ છે. નવતત્ત્વકાર કહે છે કે 'જે શુભાશુભ કર્મનો કર્તા, હર્તા તથા ભોક્તા છે અને નિશ્ચયનયે કરી જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ નિજગુણોનો કર્તા તથા ભોક્તા છે, અથવા સુખદુઃખ વેદન તથા જ્ઞાનોપયોગ લક્ષણવંત ચેતના સહિત જે હોય અને પ્રાણ ધારણ કરે તેને જીવતત્ત્વ નામનું પ્રથમ તત્ત્વ કહીએ.' જીવનું લક્ષણ ઉપયોગ છે તે આપણે આગળ જોઈ ગયા.

**અર્થસિદ્ધિ**—પોતાની મેળે ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ. મોક્ષ પણ ઇચ્છવાથી મળતો નથી. એ અર્થસિદ્ધિ કોઈ પ્રકારના હેતુ કે ઇચ્છા કર્યા વગર થાય છે.

**ભાવાંતર**—બીજો ભાવ આત્મા પામે છે, એટલે એની જે પૌદ્‌ગલિક રમણતા હતી તે આત્મિક રમણતામાં ફેરવાઈ જાય છે. તેથી એક ભાવમાંથી તે બીજા ભાવમાં જાય છે. ભાવ ફરવાથી અભાવ થતો નથી. આ બાબતમાં વેદાંત વગેરે જુદા જુદા તત્ત્વજ્ઞાન સાથે મતફેર છે. વેદાંતમતે બ્રહ્મમાં નિમગ્નતા અને આત્માનો વૈયક્તિક અભાવ મોક્ષ છે. જૈન તત્ત્વજ્ઞાન તેની ના પાડે છે. જૈન મતે મોક્ષમાં પણ પ્રત્યેક આત્માની વૈયક્તિકતા જરૂર રહે છે.

**સર્વજ્ઞાજ્ઞા**—આ પ્રમાણે સર્વજ્ઞે કહેલું છે. તેની આજ્ઞાના ઉપદેશને અનુસરવાને પરિણામે.

જેમ દીવો હોય અથવા થાય ત્યારે અંધકારનો અભાવ કરે છે, તામસ ભાવના સ્થાને ભાસ્વર ભાવ દેખાય છે, પણ પુદ્‌ગલોનો નાશ થઈ જતો નથી, પુદ્‌ગલો તામસ રૂપ છોડી ભાસ્વર રૂપ લે છે, તેમ આ આત્મા જે અત્યાર સુધી સંસારભાવમાં હતો, તે મોક્ષમાં જવાથી ભાવાંતરને પ્રાપ્ત થાય છે.

વેદાંતીઓ આત્માને વિસ્ફુલ્લિંગ જેવો માને છે, મોટા ભડકાનો એ તણખો છે અને મુક્તિમાં તણખો મોટા ભડકામાં–બ્રહ્મમાં ભળી જાય છે અને બ્રહ્મમાં ભળી જાય પછી તેનું વ્યક્તિત્વ રહેતું નથી. જૈનોનો એવો મત નથી. તે તો વ્યક્તિત્વ રહે છે એમ માને છે. આ અતીંદ્રિય વિષય હોઈ, જે સર્વજ્ઞ કહે તે તેની આપ્તતાને કારણે સ્વીકારવાનું જ રહે છે.

આમાં 'સર્વજ્ઞાનોપદેશાચ્ચ' એવો પાઠાંતર છે, તેના કરતાં સ્વીકારેલ પાઠ વધારે સારો અર્થ આપે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવા અતિ અગત્યના પણ અતીંદ્રિય વિષયમાં સર્વજ્ઞની જ ખાતરી અપાય, કારણ કે આ કાળમાં પ્રત્યક્ષ પૂરાવો અશક્ય છે. (૨૯૧)

**સિદ્ધની સ્થિતિ ક્યાં હોય ?—**

त्यक्त्वा शरीरबन्धनमिहैव कर्माष्टकक्षयं कृत्वा ।
न स तिष्ठत्यनिबन्धादनाश्रयादप्रयोगाच्च ॥२९२॥

**અર્થ**—શરીરનું બંધન અહીં છોડી દઈને (ત્યજીને), આઠે કર્મનો ક્ષય કરી કોઈ જાતનું બંધન ન હોવાથી અને પૂર્વપ્રયોગથી તે અહીં રહેતો નથી. (૨૯૨)

**વિવેચન**—સિદ્ધનો જીવ અહીં મનુષ્યભવમાં કેમ રહેતો નથી તેનું કારણ આ ગાથામાં બતાવે છે.

**બંધન**—શરીર એ એક પ્રકારનું બંધન છે. કાયયોગ હોય ત્યાં સુધી શરીરમાં આત્મા જકડાયલો રહે છે. એ કાયયોગ–શરીર જતાં તેનું બંધન છૂટી જાય છે. શરીર એ એક પ્રકારનું બંધન છે તે ખાસ સમજીને ધ્યાનમાં રાખવા જેવું છે અને આત્માને તે કેદ કરી રાખે છે, પકડી જકડી રાખે છે, તે લક્ષમાં રાખવું.

**ઈહ**—આ મનુષ્યભવમાં. અહીં આત્માને રહેવાનું કારણ તેનું બંધન છે. જેમ બંધન માણસ કે વસ્તુને બાંધી રાખે છે, તેમ શરીર આત્માને બાંધી રાખે છે.

**કર્માષ્ટક**—એકલું શરીરબંધન જાય છે એમ નહિ, પણ આઠ કર્મો પૈકી સર્વનો ક્ષય થાય ત્યારે જ મોક્ષ થાય છે અને એ સર્વ કર્મોનો ક્ષય એ જ મોક્ષ.

**ન તિષ્ઠતિ**—પછી તે આત્મા કર્મક્ષય કરીને એક ક્ષણ પણ અહીં ઊભો રહેતો નથી, તેનાં કારણો આગળ આ ગાથામાં જણાવશે તે ખાસ ધ્યાનમાં રાખવાં.

**અનિબંધન**—પ્રથમ કારણ : એને અહીં જકડી રાખનાર બંધન જે હતું, તેની ગેરહાજરી હોવાથી. જેમ પાણીમાં લાકડું ઉપર આવે તે તેનો સ્વભાવ છે, તેમ કર્મનો ભાર જતાં સ્વાભાવિક રીતે આત્મા ઉપર તરી આવે તે તેનો સ્વભાવ છે. કર્મના પૌદ્ગલિક ભારથી હલકો થતાં આત્મા લોકના અગ્રભાગે પોતાના સ્વભાવથી જ ચાલ્યો જાય છે.

**અનાશ્રય**—આ મનુષ્યગતિનો તેને ટેકો હતો, તે બંધ થવાથી એને હવે સિદ્ધિ એ જ આશ્રય છે. તે આશ્રયને મુક્ત આત્મા પકડી લે છે અને આ મનુષ્યગતિનો આશ્રય છોડી દે છે.

શાસ્ત્રકાર પૂર્વપ્રયોગનો દાખલો આપે છે. જેમ ધનુષ્યમાં બાણ ગોઠવવાનો પ્રયત્ન કર્યા પછી તે બાણ છટકતાં તે ત્યાંથી છૂટી જાય છે, તેમ અહીં પ્રયોગ કરી રાખેલ આત્મા (મુક્ત) જ્યારે કર્મથી મુક્ત થઈ જાય છે ત્યારે સ્વભાવથી જ લોકાગ્રે ચાલ્યો જાય

જૈન સાઈટ JAINSITE .com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. તે માટે એનો પૂર્વપ્રયોગ જ કામમાં આવે છે. તેને કોઈ પ્રકારનું કર્મ નથી, કારણ કે કર્મનો તો સમૂળો નાશ થયો છે. અહીં જો 'અપ્રયોગાત્' કહે છે, તો સંસારમાં રહેવાનો પ્રયોગ સમજવો.

પ્રાણી શા માટે લોકાગ્રે-સિદ્ધિ ગતિમાં ઊંચો ઉપર જાય છે તેનો ખુલાસો આ ગાથામાં કરે છે. (૨૯૨)

**નીચે કેમ જતો નથી તેનું કારણ—**

**नाधो गौरवविगमादशक्यभावाच्च गच्छति विमुक्तः ।**
**लोकान्तादपि न परं प्लवक इवोपग्रहाभावात् ॥२९३॥**

**અર્થ**—ગુરુત્વાકર્ષણનો નાશ થવાથી તે વિમુક્ત થઈને નીચો જતો નથી અને યાનપાત્ર(વહાણ)ની પેઠે ઉપગ્રહ કરનાર વસ્તુના અભાવથી લોકાન્તથી દૂર પણ જઈ શકતો નથી. (૨૯૩)

**વિવેચન**—મોક્ષમાં ઉપર જ જાય છે, નીચે જતો નથી અને લોકાંતની આગળ જતો નથી તેનાં કારણો આ ગાથામાં સ્પષ્ટ કરે છે.

**ગૌરવ**—ગુરુત્વ. આ વાત અઢારમી શતાબ્દીમાં ટીકાકારે લખી છે તે ખાસ ધ્યાન ખેંચે તેવી બીના છે. ગુરુત્વાકર્ષણથી વસ્તુ નીચી જાય છે એમ સર આઈઝેક ન્યૂટને શોધી કાઢ્યું, પણ ભારે વસ્તુને અભાવે વસ્તુ નીચી ન જાય, પણ ઉપર જાય તે નિયમ પૂર્વપુરુષોને પણ જાણવામાં હતો, એમ આ ગાથા પરથી જણાય છે. ગૌરવ–ગુરુતા, ભારેપણું ન હોય તો વસ્તુ ઊંચી જાય. ગૌરવ જાય એટલે વસ્તુ ઊંચી જાય.

**ઉપગ્રહ**—ધર્માસ્તિકાય લોકાંત પછી અલોકમાં નથી. એટલે ધર્માસ્તિકાયનો અભાવ હોવાથી લોકાંતથી આગળ મુક્ત પ્રાણી જઈ શકતો નથી.

પ્રાણી નીચે કેમ જતો નથી અને લોકાંતથી દૂર અલોકમાં કેમ જતો નથી, તેનાં કારણો આ ગાથામાં સમજાવ્યાં છે, તે ખૂબ સમજવા યોગ્ય અને વૈજ્ઞાનિક છે.

**વિમુક્ત**—કર્મથી મૂકાઈ ગયેલો પ્રાણી—જીવ નીચે જતો નથી અને લોકાંતથી આગળ પણ જતો નથી. (૨૯૩)

**જીવ આડો અવળો કેમ જતો નથી?—**

**योगप्रयोगयोश्चाभावात्तिर्यग् न तस्य गतिरस्ति ।**
**सिद्धस्योर्ध्वं मुक्तस्यालोकान्ताद्गतिर्भवति ॥ २९४॥**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અર્થ**—યોગ અને પ્રયોગનો અભાવ હોવાથી સિદ્ધ થયેલ આત્માની આડી અવળી પણ ગતિ નથી. મુકાયેલ આત્મા લોકને અંતે ઊંચે ગતિ કરે છે. (૨૯૪)

**વિવેચન**—નીચી ગતિ ન થાય, તો પડખેની કે આડીઅવળી ગતિ પણ થતી નથી. તે સિદ્ધના જીવો અંગેની વાત આ ગાથામાં સ્પષ્ટ કરે છે.

**યોગ**—મન, વચન, કાયાનો કોઈપણ યોગ હોય તો તેની ઇચ્છા કે તેનું વચન કે છેવટે તેની પ્રવૃત્તિ (કાયિક) કોઈ બાજુએ દોરાય. આ ત્રણે યોગ ન હોવાથી એવી પ્રવૃત્તિ થતી નથી. પ્રાણી આડો અવળો કે અડખેપડખે ન જતાં સીધો લોકાંતે ઉપર જ ચાલ્યો જાય છે. આ એક કારણ કહ્યું.

**પ્રયોગ**—કેટલાક પ્રાણી અમુક ગતિમાં જવાનો પ્રયોગ કરે છે. નિયાણું, ઇચ્છા વગેરે અનેક રીતે પ્રયોગ થાય છે. પણ મુક્ત પ્રાણી તો પ્રયોગ જ કરતો નથી. તેથી આ બીજે કારણે એ જેમ નીચે જતો નથી તેમ આડોઅવળો પણ જતો નથી, પણ સ્વાભાવિક રીતે ઊર્ધ્વ જાય છે.

**આલોકાંત**—લોકના અંત સુધી. ત્યાર પછી તો ધર્માસ્તિકાયની ગેરહાજરી હોવાથી એ લોકના અંતથી દૂર વધારે ઉપર ગતિ જ કરી શકતો નથી. ગતિસહાયક ધર્માસ્તિકાય ત્યાં ન હોવાથી એ લોકને અંતે જ સ્થિત થાય છે.

મુચ્યમાન આત્મા નીચો આડો કે પડખે જતો નથી, પણ સીધો ઊર્ધ્વ ગતિએ ઉપર પૂર્વપ્રયોગથી જાય છે. પૂર્વપ્રયોગની વાત આવતી ગાથામાં કરવામાં આવશે. (૨૯૪)

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

**સિદ્ધની ઊર્ધ્વગતિ જ થાય—**

**पूर्वप्रयोगसिद्धेर्बन्धच्छेदादसङ्गभावाच्च ।**
**गतिपरिणामाच्च तथा सिद्धस्योर्ध्वं गतिः सिद्धा ॥२९५॥**

**અર્થ**—અગાઉથી કરી રાખેલ પ્રયોગની સિદ્ધિ થવાથી અને બંધના છેદનથી અને અસંગ ભાવને પરિણામે તેમ જ ગતિને પરિણામે સિદ્ધની–મોક્ષમાં જનારની ઊંચે ગતિ થાય છે. (૨૯૫)

**વિવેચન**—ઉચ્ચ ગતિનું કારણ આ ગાથામાં વધારે સ્પષ્ટ કરે છે.

**પૂર્વપ્રયોગ**—જ્યારે પ્રાણી સંસારમાં હોય છે ત્યારે પ્રયોગ કરી રાખે છે. જેમ દડો ઉછળે એટલે ઉપર જાય, અથવા ધનુષ્યમાંથી બાણ છૂટે એટલે સામી જગાએ ટક્કર ઝીલે તેમ સંસારમાં પ્રાણી હોય ત્યારે જ પ્રયોગ કરી રાખે છે એટલે કર્મ જાય ત્યારે જીવનમાંથી હળવો થવાથી અને આત્માએ પૂર્વપ્રયોગ કરી રાખ્યો હોવાથી ધનુષ્યમાંથી છૂટેલા બાણની જેમ સીધો ઊંચે ચાલ્યો જાય છે. જેમ કુંભાર ચાકડો ચલાવતો બંધ પડે ત્યારપછી પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચાકડો થોડા વખત સુધી પૂર્વે મળેલા વેગના બળે ચાલે છે, ચાલ્યા જ કરે છે, તેમ કર્મમુક્ત જીવ પણ પૂર્વકર્મથી આવેલ આવેશને લીધે પોતાની સ્વાભાવિક ઊર્ધ્વગતિ કરે છે. આ ચાકડાનું દૃષ્ટાંત બરાબર બંધબેસતું છે. આ પહેલું કારણ થયું.

**બંધછેદ**—જીંડવામાં રહેલું એરંડબીજ કોશ તૂટતાં જ ઊડે છે, તેમ કર્મબંધન સર્વથા તૂટતાં જીવ ઊર્ધ્વગતિ કરે છે. આ બીજું કારણ થયું.

**અસંગભાવ**—સોબત ન હોવાથી. તુંબડાને લેપ કર્યો હોય પછી તેને પાણીમાં નાંખતાં તે પાણીમાં ડૂબી જાય છે. પણ લેપ દૂર થતાં ઊર્ધ્વગતિ કરી પાણી ઉપર આવી જાય છે. તેવી રીતે આત્માને લાગેલાં કર્મનો સર્વથા સંબંધ છૂટતાં તે અસંગી થઈ જાય છે અને અસંગભાવને પરિણામે તે ઊર્ધ્વ જ જાય. આ ત્રીજું કારણ થયું.

**ગતિપરિણામ**—ધુમાડા માફક એની ઊંચે જ ગતિ થાય છે. જેમ ધુમાડો ઉપર જાય છે તેમ કર્મમુક્તની ગતિ ઊર્ધ્વ જ થાય છે. આ ચોથું કારણ થયું.

આ સર્વ કર્મના ભારથી મુક્ત થવાનું પરિણામ છે અને હળવો થયેલ પ્રાણી ઊર્ધ્વ-ગમન કરે અને આડેઅવળે ન જાય કે નીચે ન જાય તે તેનો સ્વભાવ છે, નૈસર્ગિક વાત છે. (૨૯૫)

**સિદ્ધનું સુખ**—

**देहमनोवृत्तिभ्यां भवतः शारीरमानसे दुःखे ।**
**तदभावस्तदभावे सिद्धं सिद्धस्य सिद्धिसुखम् ॥२९६॥**

**અર્થ**—પોતાનું શરીર અને પોતાનાં મનથી શારીરિક અને માનસિક દુઃખ થાય છે. એ બન્ને ચીજનો અભાવ હોતાં સિદ્ધોને તે બે પ્રકારનાં દુઃખોનો અભાવ હોય છે એ સિદ્ધ થાય છે. દુઃખાભાવે સ્વાભાવિક મોક્ષનું સુખ થાય છે. (૨૯૬)

**વિવેચન**—મોક્ષમાં એકલું સુખ જ છે, તે આ ગાથામાં તેના કારણ સાથે બતાવે છે.

**દેહ**—શરીર, તન. દુઃખ ઘણે ભાગે શરીર અને મનથી થાય છે. દુઃખ થવાનું પ્રથમ કારણ શરીર છે. શરીરને લઈને દુઃખ થાય છે. શારીરિક દુઃખનું કારણ શરીર છે.

**મનોવૃત્તિ**—અને માનસિક દુઃખનું કારણ મનોવૃત્તિ છે. મનની વૃત્તિ અપ્તરંગી છે. એ જરામાં ગમે ત્યાં જઈ આવે છે અને ચોતરફ ભટકે છે.

**દુઃખ**—બે પ્રકારનાં છે—શારીરિક અને માનસિક. તેમનું કારણ જવાથી, તે યોગ પર અંકુશ આવી જવાથી એ દુઃખ નાશ પામે છે.

**તદભાવે**—દેહ અને મનોવૃત્તિનો અભાવ થતાં, મન પર અને શરીર પર અંકુશ આવી જાય છે અને છેવટે મનોયોગ અને શરીરયોગનો અભાવ થઈ જાય છે.

જૈન સાઇટ JAINSITE.com

**તદ્દભાવ**—દુઃખઅભાવ. જ્યારે મૂળનો નાશ થઈ જાય ત્યારે તેના સંતાન દુઃખનો પણ નાશ થાય છે. કારણનાશે કાર્યનાશ એ તો સ્વતઃસિદ્ધ સમજાઈ જાય તેવો નિયમ છે.

**સિદ્ધ**—પ્રતીત, સાબિત થઈ જાય છે.

આવી રીતે દુઃખનું કાંઈપણ કારણ ન હોવાથી સિદ્ધને એકાંતસુખ છે તે સાબિત થાય છે, સ્થાપિત થાય છે. દુઃખનું કારણ ન રહે એટલે સુખ જ થાય. ત્યાં નિજગુણ-રમણ એ સુખ છે અને શરીર કે મન ન હોવાથી દુઃખનું કાંઈ કારણ નથી. અને દુઃખા-ભાવ પણ એક રીતે સુખ જ છે. (૨૯૬)

* * *

એવું આ મોક્ષ નામનું નાનું પ્રકરણ પૂરું થયું. આપણા પ્રયત્નો અનંતકાળ સુધીના સુખ માટેના છે. એટલે મોક્ષમાં હંમેશને માટે સુખ અને સુખ છે અને એ સુખની આદિ પ્રત્યેક જીવની અપેક્ષાએ હોય છે પણ એનો અનંતકાળે પણ છેડો આવતો નથી. તેથી મોક્ષમાં સાચું સુખ મળે છે એમ જણાય છે. જે સુખની પાછળ દુઃખ આવે તેને ખરેખરું વાસ્તવિક સુખ કહેવાય જ નહિ અને મોક્ષનું જે આત્મિક સુખ મળે છે તે નિરવધિક છે અને એ સુખને જ ખરું સુખ કહી શકાય.

સાંસારિક સુખ વસ્તુતઃ સુખ જ નથી. સંસારના પૌદ્ગલિક સુખમાં રચેલપચેલને એ મોક્ષસુખનો ખરો ખ્યાલ આવવો મુશ્કેલ છે, કારણ કે આપણે આત્મિક સુખ શું છે? ક્યાં મળે? તેમાં રમણતા થાય ત્યારે કેવો આનંદ થાય? તે કલ્પી શકતા નથી. બાકી જેઓને મન વચન કાયા પર કાંઈક અંકુશ આવી ગયો હોય છે તે યોગીઓ એ સુખને સમજી શકે છે, અને તેમના કહેવા પ્રમાણે લખીએ છીએ કે આપણા સર્વ પ્રયત્નો તે સુખ પ્રાપ્ત કરવા માટેના છે. તેવા અનંતકાળના સુખ માટે તો પ્રયત્ન કરવા જેવો છે. અહીં એક બાબત કહી દેવા જેવી છે. કેટલાક પ્રાણીઓ માને છે કે "જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય અને અધર્મ ઊઠે ત્યારે ઈશ્વર પોતે સાધુના રક્ષણ અને મુશ્કેલીમાં પડેલાના બચાવ માટે દરેક યુગમાં અવતાર લે છે." આ વાત સારી લાગે છે, પણ જરૂર ખોટી છે. જે કર્મને પરિણામે દેહ, આકૃતિ, શરીર, સ્વર વગેરે થાય છે તે કર્મનો સર્વથા નાશ થયા પછી પ્રાણી આ સંસારમાં કેમ આવે? અને કારણ વગર તો કાર્ય બનતું નથી. કર્મ વગર તેટલા માટે અવતાર લઈ પ્રભુ નીચે ઊતરે અને સંસારી પ્રાણી થાય તે વાત કાગળ ઉપર શોભે તેવી લાગે, પણ અશક્ય હોઈ મનમાંથી દૂર કરવા યોગ્ય છે. પરિણામે વસ્તુતઃ અવતારનો આખો વિચાર જ તર્કના નિયમથી વિરુદ્ધ છે. અને ન્યાય-વિરુદ્ધ હોઈ કોઈપણ રીતે બેસે તેમ નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એટલે અવતારનો આખો સિદ્ધાંત ઢંગધડા વગરનો છે. આ સંસારમાં ભગવાન આવે કે કોઈપણ પ્રાણી આવે તો તે કર્મ વગર આવે નહિ અને નિઃકર્માને કર્મ લાગે નહિ. તેથી અવતારની આખી વાત કોઈ ફળદ્રુપ ભેજામાંથી નીકળેલ છે, પણ તે બેસે તેમ નથી.

અને સાધુનો બચાવ અને ખોટા પ્રકારના પ્રાણીનો નાશ કરવા બીજો કોઈ અવતાર શા માટે લે? એ અવતાર તો મોક્ષમાંથી પતન છે અને મોક્ષ તો નિત્ય છે, શાશ્વત છે, સ્થાયી છે. આ અવતારની આખી કલ્પના નિર્મૂળ હોઈ છોડી દેવા યોગ્ય છે, કારણ વગર કોઈ કાર્ય બનતું નથી અને અહીં કારણનો અભાવ હોવાથી કાર્ય સંભવતું પણ નથી.

મુચ્યમાન પ્રાણી લોકાંતે શા માટે જાય છે? તેમાં પણ દૂરંદેશી છે. એ આડો અવળો જતો નથી, નીચે જતો નથી, પણ હળવી થયેલ વસ્તુ સ્વાભાવિક રીતે ઉપર જાય તેમ તે લોકાંતે જાય છે. એને માટે શાસ્ત્રકાર તુંબડીનું દૃષ્ટાંત આપે છે. તુંબડી ઉપર માટી ચડેલ હોય તે દૂર થતાં જેમ તુંબડી જળ ઉપર આવે છે તેમ પ્રાણી કર્મરજથી મુક્ત થતાં સ્વભાવતઃ ઉપર તરી આવે છે. હળવી થયેલ વસ્તુ ઉપર તરી આવે તે સ્વાભાવિક છે. ભાર ખલાસ થયો એટલે વસ્તુ હળવી થઈ ગઈ એમાં શંકા જેવું નથી અને આવો ભાર વગરનો આત્મા ઉપર આવે, અને તેટલો ઉપર જ જાય તે સ્વાભાવિક છે. અને અલોકમાં તો ધર્માસ્તિકાય કે અધર્માસ્તિકાય ન હોવાથી ત્યાં આત્મા જતો જ નથી, જઈને હાલી ચાલી કે સ્થિર રહી ન શકે એટલે લોકના અંત ભાગ સુધી તે પૂર્વ-પ્રયોગને પરિણામે ચાલ્યો જાય છે.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

યાદ રાખવું કે લોકાંતે જવામાં કોઈ કર્મ કામ નથી કરતું, કારણ કે કર્મ તો ખલાસ થઈ ગયાં છે, હવે કોઈ એક પણ કર્મ રહ્યું નથી. એ તો સ્વાભાવિક રીતે પૂર્વપ્રયોગને જોરે જ લોકના અંત સુધી દોડી જાય છે. આવો મોક્ષ મેળવવા આપણે પ્રયત્ન કરી રહ્યા છીએ અને ત્યાંની નિરંતરની શાંતિ જોતાં તે જરૂર મેળવવા યોગ્ય છે, એ માટેનાં સાધનો મેળવવાં અને મન–વચન–કાયાના યોગોનો ત્યાગ કરી અંતે તે મેળવવા પ્રયત્ન કરવો.

કદાચ અત્યારે અનુકૂળતા હોય, ચામર વીંઝાતા હોય, બિરુદાવળી બોલાતી હોય, છડીદાર રસ્તો કરતા હોય, ખાધેપીધે સુખ હોય, સારી આવક હોય, જ્ઞાતિ કે સંઘ–સમાજમાં સ્થાન હોય, પોતાના મંડળમાં ઘટિત સ્થાન હોય, અનેક વેવિશાળો આવતા હોય, નાતજાતમાં પોતાનું માન હોય અને સંતતિ કહ્યાગરી હોય, તો તે કેટલા કાળ માટે? અને તેને છેડે શું? અંતે વૈભવ તો એક વખત જવાનો અને પાછા હતા ત્યાંના ત્યાં. જે વૈભવને છેડે દુઃખ આવે તેને વૈભવ જ કહી શકાય નહિ અને સંસારની અત્યારની અનુકૂળતા પ્રતિકૂળતામાં ફેરવાઈ જતાં વખત લાગતો નથી. માટે જ્યાં નિરંતરનું સુખ મળે તેવે સ્થાને જ જવાનો આપણો પ્રયત્ન છે અને તે સાધ્ય લક્ષમાં રાખતાં અનુકૂળ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તામાં રાચી જવું એ ટૂંકી દૃષ્ટિ છે. લાંબી નજરે આ મોક્ષ જ પ્રાપ્ત કરી ચિરસ્થાયી અનંત સુખ પ્રાપ્ત કરવા જેવું છે. તે માટે કાંઈ ત્યાગ, વૈરાગ્ય કે અંકુશ રાખવા પડે તો તે રાખવા યોગ્ય છે, કારણ કે અનંત સુખની દૃષ્ટિએ થોડો ભોગ આપવો પડે તો ગણતરીની નજરે પણ તે વેપાર ખેડવા યોગ્ય છે.

મોક્ષ નજીક આવશે ત્યારે તો કાંઈ કહેવું પડે તેમ નથી. ત્યારે તો તે સ્વતઃ અનુભવમાં આવે છે, પણ આ તો સ્વરૂપ સમજ્યા હોઈએ તો તે પ્રાપ્ત કરવા પ્રેરણા થાય એટલે તેનું વર્ણન કર્યું. તે વિચારી મોક્ષ મેળવવા માટે પ્રયાસ કરવો અને મોક્ષ કેવો છે તેનું સ્વરૂપ બરાબર સમજવું.

॥ इति मोक्षप्रकरणम् ॥

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ ૧૯ મું : મુનિને

હવે છ શ્લોક મુનિને ઉદ્દેશીને ગ્રંથકારે લખ્યા છે, તે વિચારીએ. આ ગ્રંથમાં જેવો ત્યાગ બતાવ્યો છે, જેવો યોગ સાધવાનો રસ્તો બતાવ્યો છે, જેવો કષાય-વિષયત્યાગ બતાવ્યો છે, જેવા યતિધર્મો બતાવ્યા છે તે ન બને, પણ પોતે મોક્ષની ઇચ્છા રાખે તો પણ લાભ છે, તે આ પ્રકરણમાં બતાવશે.

કેટલાક પ્રાણીને અત્ર બતાવેલી વાતનો અમલ કરવાનું ન સૂઝે, ન બને અથવા તેવા ત્યાગ માટે પોતે પૂરતો તૈયાર ન હોય, તેને માટે આ દૂરનું દૃષ્ટિબિંદુ હોય, તો પણ તે યોગ્ય છે, તે આ પ્રકરણમાં આવશે.

તેઓએ પણ નાસીપાસ કે નારાજ થઈ જવા જેવું નથી. તેઓને એમ થાય કે આવું મોટું કામ તો અમારાથી થઈ શકે નહિ, તેઓએ પણ નાસીપાસ થવું નહિ.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

જો તેઓનો રસ્તો સારો અને સાચો હોય તો તેઓનો આદર્શ બરાબર હોવાથી તેઓ વહેલામોડા એ આદર્શે પહોંચશે. તેઓએ આદર્શ છોડી દેવો નહિ. તેઓને માટે પણ ભવિષ્ય સારું છે. તેઓએ પોતાનો આદર્શ તો બરાબર રાખવો અને સંપૂર્ણ ન બને તો તે માર્ગે બને તેટલું પ્રયાણ તો કરવું.

ઘણીવાર એમ લાગે છે કે જેઓ સર્વથા ઉપદેશ પ્રમાણે વર્તન કરનારા હોય છે તેઓને માટે તો આ ઉપદેશ સારો છે, પણ જેઓ તે પ્રમાણે વર્તન ન કરી શકે તે મુનિઓ તો સંસારથી પણ દૂર જાય છે અને ત્યાગભાવથી પણ દૂર જાય છે અને તેમની સ્થિતિ તો ધોબીના કૂતરાની પેઠે 'ન ઘરનો અને ન ઘાટનો' એવી થઈ જાય છે. એટલે, તેઓ તો 'ન મળ્યા રામ અને ન મળી માયા' એમ બન્નેમાંથી જાય છે. ન એમને મોક્ષ મળે અને ન સંસારમાં તેઓ રાણી માણી શકે. આ વાતને અંગે જોવાનું કે તુરતમાં એવા મુનિને મોક્ષ તો ન મળે, પણ એ માટે એણે મૂંઝાવાનું નથી. એ સદ્ગતિ અને દેવાહિકની ઋદ્ધિ પામે છે અને થોડા વખતમાં એનો મોક્ષ જરૂર થાય છે. એટલે આદર્શ સુંદર રાખનારને તુરતમાં કદાચ મોક્ષ ન મળે, તો પણ તેણે ગભરાવાનું કારણ નથી. એ સાચે રસ્તે છે એટલે અંતે એ મોક્ષ જરૂર પામવાનો એમ બહોળતાથી કહી શકાય. સત્ક્રિયાના કોઈ ભાગને કરનારને માટે આ ઘણી આશ્વાસન લેવા જેવી હકીકત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એટલે આવો મુનિ રસ્તાસર છે અને જરૂર થોડા વખતમાં મોક્ષ પામનાર છે. જો કે કેટલાક એવા સંઘયણ, મનોબળ વગેરેને કારણે તે તુરત મોક્ષે ન જાય, તો પણ એ સીધે રસ્તે હોઈ, મોક્ષમાર્ગે હોઈ, થોડા વખતમાં મોક્ષમાં જનાર છે. વાત એ છે કે જે વિષયકષાયનો ત્યાગ કરે, યતિધર્મો સેવે અને યોગ્ય ક્રિયા કરે તે કદાચ અહીંથી સીધો મોક્ષે ન જાય, તો પણ બહુ થોડા કાળમાં અનંત સુખને પ્રાપ્ત કરવાનો છે, એવી એણે ખાતરી રાખવી. માટે જરાપણ નાસીપાસ ન થતાં આ ગ્રંથમાં બતાવેલી બાબતો વિચારી તેનો અમલ કરવો અને તે દ્વારા પોતાનું સારું થવાનું છે એની ખાતરી રાખવી.

કેટલાક બાહ્ય ક્રિયા કરનાર મુનિને વિચાર થાય કે આ સર્વનું ફળ શું ? એને સધિયારો આપતાં કહે છે કે એમને પણ નજીકના ભવિષ્યમાં સારું થવાનું છે અને દુઃખનો અને અટામણનો અંત આવનાર છે એમ તેમણે જરૂર માનવું.

આવો દિલાસો અને ખાતરી જ્યારે આધાર રાખવાલાયક સ્થાનેથી મળતી હોય ત્યારે ઘણી સૂચક અને પ્રેરક થઈ પડે છે અને મુનિ પોતાના કામમાં રાચે છે અને તે માટે ઉદ્યમ કરે છે. આ પ્રેરક હકીકત ધ્યાનમાં રાખી આદર્શને તે મુનિએ જરૂર વળગી રહેવું અને તેને પ્રાપ્ત કરવા જરૂર પ્રયત્ન કરવો અને નિરંતર આશા રાખવી કે પોતે સાચા રસ્તા પર છે.

આદર્શની વાત કરીએ છીએ ત્યારે કહેવું જોઈએ કે તુરતમાં લાભ મળે તેમ ન લાગતું હોય તેણે પણ આદર્શ તો સારો અને અત્ર બતાવવામાં આવ્યો છે તે રાખવો. તેનાથી તાત્કાલિક મોક્ષ ન મળે તો પણ તે રીતસરની વાત હોઈ તે મોક્ષની નજીક પ્રાણીને લઈ આવે છે. આ હકીકત બહુ સારી રીતે કર્ત્તા જ પોતાના શબ્દોમાં કહે છે. તેથી તેને સમજવા અને અનુસરવા પ્રયત્ન કરીએ. જ્ઞાન અને ધ્યાનમાં મોટો સમય—પૂર્વનો કાળ—પણ મુનિઓ ગાળતા હતા અને પસાર કરતા હતા. અત્યારે તો એવડા મોટા સમયનો સવાલ જ નથી. આ યુગમાં આ સંઘયણથી મનુષ્ય બહુ તો સો વરસ જીવે, તેમાં પણ અનેક વ્યાધિની, બાળપણની અને ઘડપણની ચિંતા. ઘણા તો બાલ્યકાળમાં જ ગુજરી જાય છે. સો વરસમાં બાલ્ય અને ઘડપણનો સમય નકામો જતાં બાકી ઘણાં ઓછાં વર્ષો રહે છે, તેટલા વર્ષ તો સપાટામાં ચાલ્યા જાય છે. ધ્યાન-તપ સાધવું હોય અને મોક્ષ પ્રાપ્ત કરવો હોય તો તેની જોગવાઈ અત્યારે થોડાં વર્ષમાં થઈ જાય છે.

તેથી અનેક મુનિને મોક્ષ ન મળી આવે, તો તેમણે ગભરાવાનું નથી. તેઓ આ પુસ્તકમાં બતાવેલ રસ્તે કામ લેશે તો, તત્કાળમાં નહિ તો આવતા બે ભવમાં મોક્ષ મેળવશે અને દરમ્યાન તેઓ સાચે રસ્તે ચડી ગયા છે એટલે સુખ ભોગવશે. આ સંતોષ કાંઈ જેવો તેવો નથી. બાકી તેઓ કેવો આનંદ ભોગવવાના છે અને કેવું સુખી જીવન વહન કરવાના છે તે આપણે ગ્રંથકર્ત્તાના પોતાના જ શબ્દોમાં જોઈએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેવા મુનિને શું લાભ મળે?—

> यस्तु यतिर्घटमानः सम्यक्त्वज्ञानशीलसम्पन्नः ।
> वीर्यमनिगूहमानः शक्त्यनुरूपं प्रयत्नेन ॥२९७॥
>
> संहननायुर्बलकालवीर्यसम्पत्समाधिवैकल्यात् ।
> कर्मातिगौरवाद्वा स्वार्थमकृत्वोपरममेति ॥२९८॥
>
> सौधर्मादिष्वन्यतमकेषु सर्वार्थसिद्धिचरमेषु ।
> स भवति देवो वैमानिको महर्द्धिद्युतिवपुष्कः ॥२९९॥

**અર્થ**—જે યતિ ક્રિયા કરતો હોય, જે પોતે જ્ઞાન અને શીલથી યુક્ત હોય, જે પોતાના વીર્યને શક્તિ અનુસાર યત્નપૂર્વક ઉપયોગમાં લેતો હોય, (એવો મુનિ-યતિ) શરીર-બંધારણ, આયુષ્ય, બળ અને કાળ (સમય) તેમ જ વીર્યની સંપત્તિ અને સમાધિની વિકળતાથી (નિર્બળતાથી) અને કર્મના જોરથી પોતાનો સ્વાર્થ સાધ્યા વગર કદાચ મરણ પામે તો પ્રથમ સુધર્મા દેવલોકથી માંડીને અંતિમ સર્વાર્થસિદ્ધિ દેવલોક સુધીના કોઈ પણ દેવલોકમાં તે વૈમાનિક દેવ થાય છે અને ત્યાં મોટી ઋદ્ધિ અને તેજમય શરીરને પામે છે. (૨૯૭–૨૯૯)

जैनम् जयति शासनम्

**વિવેચન**—આ પ્રકરણ જે મુનિવરોને ઉદ્દેશીને લખાયલું છે તે મુનિ કેવા કેવા હોય તેનું ૨૯૭–૨૯૯ ગાથામાં વર્ણન કરે છે.

**ઘટમાન**—તે તે ક્રિયા કરતો, ચેષ્ટમાન. કઈ ક્રિયા કરવાની છે તે અગાઉ બતાવાઈ ગયું છે. અત્ર જે બતાવવામાં આવી છે તે ક્રિયા કરનારો, અને ક્રિયા કરવામાં થાકનારો નહિ. ક્રિયાકુશળ, પડિલેહણ, પ્રતિક્રમણ, સાત વખત ચૈત્યવંદન એ સર્વ ક્રિયા રસપૂર્વક કરનાર હોય તેવો મુનિ. આ મુનિનું પ્રથમ વિશેષણ થયું.

**સંપન્ન**—જે મુનિ જ્ઞાન, શીલયુક્ત હોય એટલે ક્રિયા સમજણપૂર્વક કરનાર હોય. આ જ્ઞાન અને ક્રિયાની સહચરતાની જરૂરિયાત પર અગાઉ વિવેચન થઈ ગયું છે. શીલ એટલે ચિત્તનું સમાધાન. એ ક્રિયાને સમજીને એ યોગ્ય છે એમ ધારીને તે ક્રિયા કરે. શીલ શબ્દનો અર્થ પ્રકૃતિ પણ થઈ શકે.

**અનિગૂહમાન**—પોતાની જે શક્તિ હોય તે છૂપાવે નહિ તેવો. કેટલાક પ્રાણશક્તિ હોય તેને છૂપાવે છે, દાબી રાખે છે, ચોરી રાખે છે, તેમ ન કરનારો પોતાની શક્તિનો પૂરો ઉપયોગ કરનારો હોય, આવો મુનિ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શક્તિ**—પોતાની શક્તિને અનુરૂપ વીર્યને ફેરવનાર હોય, એટલે જે મુનિ પોતાની શક્તિને જરાપણ છૂપાવ્યા વગર પોતામાં જેટલી તાકાત હોય તે વાપરનાર હોય, આવા પ્રકારના મુનિને ઉદ્દેશીને કહે છે. તેને શું લાભ મળે તે કહેતાં પહેલાં હજુ મુનિ કેવો હોય તે વર્ણવશે.

આવા પ્રકારના મુનિએ કાંઈ ચિંતા ન કરવી કે હજુ તેનો મોક્ષ કેમ થતો નથી. તેને માટે સારું ભવિષ્ય છે અને તે આ સંસારમાં સુખ ભોગવી અંતે મોક્ષે જશે. આ વાતની આગળ જતાં ગ્રંથકર્ત્તા ખાત્રી આપે છે.

**સંહનન**—શરીરનું બંધારણ. વજ્રઋષભનારાચ સંહનનનો અભાવ હોવો તે. વજ્રઋષભનારાચ સંહનનનું વર્ણન કર્મના કોઈપણ ગ્રંથથી જાણવું. અત્યારે આપણને છઠ્ઠું અને છેલ્લું સંઘયણ મળેલ છે. અત્યારે સર્વ મુનિ અને મનુષ્યોને સંહનનની વિકલતા છે.

**આયુષ્ય**—જૈન ગ્રંથો પૂર્વકાળના ઘણાં મોટાં આયખાં બતાવે છે. અત્યારે વધારેમાં વધારે સો–સવાસો વર્ષનું આયુષ્ય થઈ શકે છે. તે આયુની વિકળતા છે.

**બળ**—સંઘયણ નબળું એટલે શારીરિક અને માનસિક બળ નબળું રહે તે સમજાય તેવું છે. આ ત્રીજી વિકળતા થઈ.

**કાળ**—અત્યારે અવસર્પિણીનો પાંચમો આરો વર્તે છે. એમાં પ્રત્યેક ભાવ દિવસાનુદિવસ નબળો જ આવતો જાય. આ ચોથી વિકળતા થઈ.

**વીર્યસંપત્**—ઉત્સાહસમૃદ્ધિ. વીર્ય તો કાળબળ ઉપર જ આધાર રાખે, તેથી વીર્યસંપત્તિ એટલે પોતાની વીર્યસંપત્તિ (ઉત્સાહસમૃદ્ધિ) અત્યારે વિકળતાને પામેલી છે. તે પાંચમી વિકળતા થઈ.

**સમાધિ**—ચિત્તની તંદુરસ્તી. એ તો શક્તિ અને સંઘયણ પર જ આધાર રાખે છે. સમાધિની વિકળતા એ છઠ્ઠી વિકળતા થઈ.

આ છ પ્રકારની વિકળતાને કારણે કદાચ મોક્ષ ન મળે, મળવાનો નથી જ. આ કાળમાં આ સંઘયણવાળા મુનિ કે શ્રાવકને મોક્ષ નથી જ મળવાનો એમ ભગવાન ભાખી ગયા છે.

**કર્મ**—આપણા કર્મ બાકી ઘણાં રહી ગયાં હોય તે કારણે, જ્ઞાનાવરણાદિ આઠે કર્મ ઘણાં બાકી રહી ગયાં હોય તો પણ કર્મથી મુક્તિ ન મળે એ ખાસ વિચારવા જેવું કારણ છે.

**સ્વાર્થ**—અહીં પરમાર્થ એ પણ મોટો સ્વાર્થ જ છે. મોક્ષ મેળવવા માટે મુનિ સર્વ યત્ન કરે છે, તે સિદ્ધ થાય તે પહેલાં.

**ઉપરમ**—છેડો, મરણ. કર્મો ઘણાં બાકી હોય અને તેવે વખતે પ્રાણી મરણ પામે તો? ઉપરનાં છ કારણે અથવા કર્મ બાકી રહી જાય તો અને તે વખતે પ્રાણી અધૂરા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યોગે મરણ પામે તો, અર્થાત્ કોઈ મુનિ આગલી ગાથામાં કહ્યો તેવો હોય, પણ છ વિકળતાને આધીન હોય અથવા સર્વ કર્મનો પૂરેપૂરો ક્ષય કરી શક્યો ન હોય અને મોક્ષ મેળવવા પહેલાં એ મૃત્યુ પામે તો એનું શું થાય તે આગલી ૨૯૯મી ગાથામાં કહે છે.

**સૌધર્મ**—સૌથી નીચલો દેવલોક સૌધર્મ છે. બીજા પચીસ દેવલોક એકબીજાની ઉપર ઉપર રહેલા છે. કોઈપણ દેવલોકમાં એ દેવ થાય છે. આ છવ્વીસ દેવલોકના અર્થાત્ બાર કલ્પ, નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તરના દેવતાઓ વૈમાનિક દેવ કહેવાય છે. પહેલા દેવલોકથી માંડીને કોઈપણ દેવલોકે એ વૈમાનિક દેવ થાય છે.

**સર્વાર્થસિદ્ધિ**—સૌથી ઉપર આવેલ દેવલોક સર્વાર્થસિદ્ધિ નામનું છે.

**મહર્દ્ધિ**—અને ત્યાં પણ સામાન્ય દેવ નહિ, પણ અનેક દેવોનો ઉપરી અને ઋદ્ધિ-સિદ્ધિવાળો વૈમાનિક દેવ થાય છે.

**દ્યુતિ**—અને તેજવાળો સુંદર રૂપવાળો વૈમાનિક તે થાય છે.

**વૈમાનિક**—દેવના ચાર પ્રકાર છે: ૧. ભુવનપતિ, ૨. જ્યોતિષ્ક, ૩. વ્યંતર અને ૪. વૈમાનિક. એ ચાર પૈકી સદર મુનિ યતિ વૈમાનિક દેવ થાય છે. કાંતિમાન દીપતો તેજસ્વી વૈમાનિક દેવ તે થાય છે. એટલે જે ઉપર વર્ણવ્યો તેવો મુનિ ઉપર વર્ણવેલાં કારણો અથવા તેમાંનાં કોઈ થોડાં કે વધારે કારણોને લઈને મોક્ષે ન જાય તો પણ ખૂબ સુખ પામે છે. મતલબ કે આયુષ્ય, સંહનન કે એવા કોઈ કારણે મોક્ષે ન જાય તો તે જરૂર વૈમાનિક દેવ થઈ સુખ ભોગવે છે. તે જ્યાં ત્યાં જેવા તેવા તરીકે રખડતો નથી. એને જે આત્મિક સુખ મળવાનું છે તેની પાસે તે આધિભૌતિક સુખ લવલેશ પણ નથી. પણ એ નારક કે તિર્યંચ ગતિમાં જઈ વધારે દુઃખ ભોગવતો નથી, પણ વ્યવહારના સુખમાં પોતાનો વખત પસાર કરે છે. (૨૯૭–૨૯૯)

**ત્યાંના સુખાનુભવ પછી મનુષ્ય થાય—**

> तत्र सुरलोकसौख्यं चिरमनुभूय स्थितिक्षयात्तस्मात् ।
> पुनरपि मनुष्यलोके गुणवत्सु मनुष्यसंघेषु ॥३००॥

**અર્થ**—ત્યાં દેવલોકનાં સુખને લાંબા વખત સુધી અનુભવી-ભોગવીને જ્યારે તેની ત્યાં રહેવાની સ્થિતિ પૂર્ણ થાય ત્યારે મનુષ્યલોકમાં ગુણવાન મનુષ્યના પરિવારમાં જન્મે છે. (૩૦૦)

**વિવેચન**—આ દેવલોકમાં વૈમાનિક થઈને પછી શું કરે તે એ ગાથામાં વિસ્તરે છે. આ ગાથાની વાત અધૂરી છે, તે પછીની બે ગાથામાં પૂરી થશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુરલોક—દેવલોક. વૈમાનિક દેવ તરીકે બાર કલ્પ દેવલોક, નવ ગ્રૈવેયક કે પાંચ અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થાય છે.

ચિરમ્—દેવનાં આયખાં મોટાં હોય છે, તેથી તે પ્રાણી દેવલોકનું સુખ વૈમાનિક દેવ તરીકે લાંબો વખત ભોગવે છે, ત્યાં કાંઈ સો-સવાસો કે તેથી પણ ઓછા વર્ષનું આયખું નથી. ત્યાં તો પ્રથમ સૌધર્મ દેવલોકનું જઘન્ય આયુષ્ય એક પલ્યોપમ વર્ષનું છે અને છેલ્લા સર્વાર્થસિદ્ધે જઘન્ય આયુષ્ય તેત્રીસ સાગરોપમનું છે. એટલા લાંબા કાળ સુધી તે સુખ ભોગવે છે. અહીં તો જન્મ્યા, મોટા થયા કે ચાલવાની વાત છે. દેવલોકનાં સુખ ઘણા દીર્ઘ કાળ સુધી ચાલે છે. અને દેવતાઓ નાટક જોવાનાં અને દેવીઓ સાથે ભોગનાં એવાં સુખ અનુભવે છે કે પોતે કયાંથી આવ્યા તે વાત પણ તે યાદ કરતા નથી.

સ્થિતિક્ષય—આયુષ્ય તો આગલા ભવમાં મુકરર થાય છે. તે જ્યારે પૂરું થવા આવે ત્યારે તેમનાં ગળાની માળા કરમાવા લાગે છે. પછી 'આવો ભવ હારી ગયા' એ ખ્યાલમાં આવે છે.

મનુષ્યલોક—વૈમાનિક દેવતા હોય તે પણ મનુષ્ય થઈને જ મોક્ષે જઈ શકે. એટલે, દેવગતિમાં સુખ છે, પણ ત્યાંથી મોક્ષ થઈ શકતો નથી.

સંઘ—જેનાં સગાંસંબંધી ઘણાં હોય તેવો મોટો જથ્થો. તેમાં તે આવે છે. તે એકલદોકલ હોતો નથી, પણ મનુષ્યસંઘમાં, મોટા જથ્થાવાળા મનુષ્યકુટુંબમાં જન્મે છે.

પણ તે મુનિ કે યતિ ઉપર જણાવ્યો તેવો હોવો જોઈએ. (૩૦૦)

**ગુણવાન જથ્થામાં જન્મી એ મુનિ શું કરે?—**

> जन्म समवाप्य कुलबन्धुविभवरूपबलबुद्धिसम्पन्नः ।
> श्रद्धासम्यक्त्वज्ञानसंवरतपोबलसमग्रः ॥३०१॥

અર્થ—ત્યાં જન્મ મેળવીને-પ્રાપ્ત કરીને, સારામાં સારું કુળ, સગાંઓનો સરસ મેળ, સંપત્તિ, સારું રૂપ, બળ-અને બુદ્ધિ પામે છે તથા ધર્મશ્રદ્ધા, સત્ય, જ્ઞાન, કર્મદ્વારની સામે સજ્જડ વાડ, બાહ્ય અને આભ્યંતર તપથી યુક્ત થાય છે. (૩૦૧)

વિવેચન—૩૦૦મી ગાથામાં જે વિચાર શરૂ કર્યો છે તેના અનુસંધાન રૂપે આ ગાથા છે. તેમાં પ્રાપ્તિની ચીજો ગણાવી છે.

જન્મ—અંતે મનુષ્યનો ભવ લેવો પડે છે, કારણ દેવતા તો સુખમાં એટલા મગ્ન રહે છે કે ત્યાંથી મોક્ષ મળી શકતો નથી.

કુલ—સારા કુટુંબમાં જન્મ થવો એ પણ શુભ નિશાની છે. એમાં અસ્પૃશ્ય કે બીજાં હલકાં વરણ તરફ તિરસ્કાર કે ઘૃણા નથી, પણ સારા કુળમાં-ઉગ્રાદિ કુળમાં જન્મ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થવાથી ઘણો લાભ થાય છે. કેટલીક ચીજો એવા કુળમાં સ્વાભાવિક જ પ્રાપ્ત હોય છે. અન્નજળ-આકાહાર એ ઉત્તમવર્ણના હિંદુને માટે લગભગ કુળધર્મ છે.

બંધુ—પોતાના સગાનો વર્ગ. કાકા, ભાઈ, બાંડુ કે ઘરના માણસ અનુકૂળ હોય તે ધર્મ શીખવે છે, પ્રેરે છે અને માણસ એક જાતના સુંદર વાતાવરણમાં જ રહે છે. આ સુંદર ભાઈભાંડુનો યોગ અનુકૂળતામાં કેટલો વધારો કરે છે તે અનુભવે જ સમજાય તેવી વાત છે.

વિભવ—પૈસા વગેરે. પૈસા કિંમત વગરની ચીજ છે, પણ સંસારના વહેવારમાં ધનભાવને અમુક લાભો મળે છે. એ જેને મળ્યા હોય તે સુંદર. બાકી ન મળે તેણે તેની અબળખા કે ઇચ્છા ન કરવી.

રૂપ—પોતાને સારું રૂપ મળવું અને પોતે લોકપ્રિય થવું, આકર્ષક થવું એ પુણ્યની નિશાની છે. રૂપવાન પ્રાણી અનેકને પોતાના રૂપથી જ આકર્ષી શકે છે.

બળ—જોર, શક્તિ, વીર્ય. એ પણ જરૂરી છે. માયકાંગલા જેવું શરીર હોય તે નકામું છે. તેને દરેક હવા અસર કરે છે, દરેક ઋતુ અસર કરે છે. બળવાન માણસ કર્મને હઠાવી શકે છે અને દુનિયામાં પણ કામ કાઢે છે.

બુદ્ધિ—સર્વ મળે, પણ જ્ઞાનશક્તિ ન મળે તો સર્વ નકામું છે. બુદ્ધિમાન માણસની બલિહારી છે.

ઉપર જણાવેલી છએ ચીજો અગત્યની છે અને સંસારના વહેવારમાં અમુક યોગ્ય સ્થાન પ્રાપ્ત કરાવનારી છે. એ પુણ્યની નિશાની છે અને હોય તો સારી લાગે છે. આ છએ ચીજવાળા મનુષ્ય તરીકે તે મુનિ જન્મ લે છે અને આ છ ચીજ ઉપરાંત બીજી ચીજો તેને કઈ મળે છે તે હવે વિચારીએ છીએ. આવો મુનિ હોય અને મરીને ભલે દેવ થઈ ત્યાર પછી મનુષ્યભવમાં આવે ત્યારે સુંદર કુળ, અનુકૂળ બંધુવર્ગ, ધનનો વૈભવ, સારું રૂપ, અહિંસક બળ અને આકર્ષક બુદ્ધિ એને મળી આવે છે. આની સાથે એને પાંચ સુંદર અપાર્થિવ ચીજો પણ મળે છે, તે નીચે પ્રમાણે છે —

શ્રદ્ધા—જે ભાવો તીર્થંકરે કહ્યા છે, ગણધરે ગૂંથ્યા છે, તે ભાવો સાચા છે એવી સદ્દહણા. આ ભાવોને એવા તરીકે સમજવાની બુદ્ધિ-ભાવના.

સમ્યક્ત્વ—શુદ્ધ દેવ, શુદ્ધ ગુરુ અને શુદ્ધ ધર્મને શુદ્ધ માનવા અને અશુદ્ધને અશુદ્ધ માનવા, એ સમ્યક્ત્વ છે.

જ્ઞાન—એ જાણકાર, ચર્ચા કરનાર હોય. માત્ર એકલી શ્રદ્ધાથી ચાલે તેવો ન હોય પણ સમજીને ચર્ચા કરીને જાણી લેવો તે સમર્થ જ્ઞાતા હોય.

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સંવર**—સંવરની વિગતવાર હકીકત આપણે નવમા 'તત્ત્વ' પ્રકરણમાં વિચારી ગયા. તે પ્રમાણે ભાવના ભાવે, પરીષહો સહન કરે અને કર્મનાં આવવાનાં બારણાં બંધ રાખે.

**તપ**—આભ્યંતર અને બાહ્ય બાર પ્રકારના તપને તે કરે અને તેનાથી કર્મની નિર્જરા થાય છે એમ અંતઃકરણથી માને. આવી રીતે કુલ, બંધુવર્ગ, વૈભવ, રૂપ, બળ અને બુદ્ધિથી યુક્ત તે મુનિ થાય અને શ્રદ્ધા, સમકિત, જ્ઞાન, સંવર અને તપ યુક્ત તે થાય. મતલબ એ દુનિયાનો માન્ય પુરુષ થાય અને જે સદ્‌ગુણો ઇચ્છનીય છે તેનાથી સંપન્ન થાય.

જે શરીરાદિ કારણે કે સમયની પ્રતિકૂળતા આદિ કે બીજા કોઈ કારણે મોક્ષે ન જઈ શકે તે મુનિ દેવ થઈ દેવગતિનાં સુખ ભોગવે અને પછી આવો સારો મનુષ્યનો ભવ કરી અંતે મોક્ષે જાય તે વાત હવે કહેશે. (૩૦૧)

**ત્રીજે ભવે મોક્ષ જાય**—

**पूर्वोक्तभावनाभावितान्तरात्मा विधूतसंसारः ।**
**सेत्स्यति ततः परं वा स्वर्गान्तरितस्त्रिभवभावात् ॥३०२॥**

**અર્થ**—ઉપર જણાવેલ ભાવનાયુક્ત અંતરાત્મા તેનો થયેલો હોઈ એ સંસારને છોડી દે છે અને પછી મોક્ષે જાય છે—માત્ર એને દેવલોકનો અને પછી મનુષ્યનો એમ ત્રણ ભવ કરવા પડે છે. (૩૦૨)

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**વિવેચન**—૩૦૦મી ગાથાથી શરૂ કરેલ હકીકત આ ગાથામાં પૂરી કરે છે. તે મુનિ મોક્ષ ન જાય તો તેનું શું થાય તે વાતનો શરૂ કરેલો બાકીનો ભાગ અત્ર જણાવે છે.

**ભાવના**—છઠ્ઠા પ્રકરણમાં આ ભાવનાઓ કઈ કઈ છે અને તે કેવી રીતે ભાવવી તેની હકીકત બતાવાઈ ગઈ છે.

**વિધૂતસંસાર**—આ સંસારનો ત્યાગ કરે છે, છોડી દે છે.

**સેત્સ્યતિ**—કાળાદિ કારણે અગાઉ મોક્ષ ન પામેલ મુનિ–યતિ અંતે મોક્ષે ત્રીજે ભવે જાય છે.

**ત્રિભવ**—પ્રથમ મોક્ષમાં ન ગયો તે ભવ, પછી દેવનો બીજો ભવ અને છેલ્લો મનુષ્યનો ભવ.

આ ત્રીજા ભવમાં ચારિત્ર પાળીને એ જરૂર ઘણે ભાગે મોક્ષ પામે છે.

**વા**—અહીં 'અથવા' શબ્દ એટલા માટે મૂકયો છે કે કોઈ જીવ મોક્ષે ન પણ જાય. મોટે ભાગે તો પ્રાણી મોક્ષ પામે જ છે. 'વા' શબ્દથી કદાચપણું બતાવ્યું છે.

આ પ્રમાણે મુનિને ઉદ્દેશીને વાત કહી. સાધુ જો તે ને તે ભવમાં મોક્ષે ન જાય તો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્રીજે ભવે ઘણે ભાગે મોક્ષે જાય જ છે. વાત એ છે કે મુનિનું જે સ્વરૂપ અત્ર બતાવ્યું છે તેવો તે મુનિ યતિ હોવો જોઈએ. (૩૦૨)

* * *

આ પ્રમાણે સાત શ્લોકનું આ નાનું પ્રકરણ અત્ર પૂરું થાય છે. આમાં સર્વથી અગત્યની વાત મુનિ કેવો હોવો જોઈએ તે છે. આમાં મુનિનાં ત્રણ વિશેષણો ખાસ જોવા જેવાં છે. આપણે તે વિચારીએ.

પ્રથમ તો તે શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને વર્તન એ ત્રણથી યુક્ત હોવો જોઈએ. આ અગત્યની વાત છે. માત્ર કપડાં બદલાવાથી મુનિ થવાની જુદી વાત છે, પણ ઘણે ભાગે તે જ ભવે અને બહુધા ત્રીજે ભવે મોક્ષે જનાર મુનિ સમકિતી એટલે શુદ્ધ દેવ, ગુરુ, ધર્મ ઉપર શુદ્ધ શ્રદ્ધા રાખનાર જરૂર હોવો જોઈએ. માત્ર વેશધારી યતિ નહિ, પણ શુદ્ધ શ્રદ્ધા રાખનાર અને જ્ઞાની એટલે સમજણપૂર્વક ક્રિયા કરનાર તે મુનિ હોવો જોઈએ. આવા સમજુ અને સમજીને ક્રિયા કરનાર મુનિ મોક્ષ પ્રાપ્ત કરે એમાં નવાઈ નથી, અને શીલથી એટલે વર્તનથી એ બરાબર મુનિપણાને શોભાવે છે. આવો મુનિ બને તો તે જ ભવે કે કોઈ વાર ત્રીજે ભવે મોક્ષ પામે એમાં આશ્ચર્ય નથી. આ રીતે ઉપયોગી પ્રથમ વિશેષણની વાત થઈ. હવે આપણે બીજાં એટલાં જ મહત્ત્વનાં વિશેષણો વિચારીએ. આ પ્રત્યેક વિશેષણ પર જરૂરી વિવેચન તો ઉપર થઈ ગયું છે, પણ વિષયની મહત્તા જોતાં એનું પુનરાવર્તન કરવું પણ યોગ્ય છે. તે રીતે અત્ર તેનું પૃથક્કરણ કરી તે વિચારવામાં આવે છે.

મુનિ પોતામાં શક્તિ હોય તેને ગોપવે નહિ, એટલે એ શક્તિ નથી એવો ઢોંગ ન કરે, એવું ધારે પણ નહિ. છતી શક્તિએ મુનિવર્ગમાં એને છૂપાવનારા ઘણા હોય છે. તેઓ એમ માને છે કે પોતાને આજે આળસ થાય છે અથવા પુખ્ત વય કે ઘડપણને લઈને પોતે અશક્ત થયેલ છે. આ એની માન્યતા સાચી હોય તો જુદી વાત છે, પણ ઘણીવાર પ્રાણી આળસથી શક્તિને છૂપાવે છે. આવું જે મુનિમાં ન હોય તે મુનિ. મુનિ માટેનું બીજું અગત્યનું આ વિશેષણ છે. એને શક્તિ હોય, છતાં શક્તિ નથી એમ લાગે જ નહિ. એ તો પડી પડીને પણ નિત્ય તથા પર્વ ક્રિયા કરે. અલબત્ત માંદગી કે વયને લીધે ખરેખર અશક્તિ આવી પહોંચી હોય તો જુદી જ વાત છે.

સંહનન (સંઘયણ) એવું હોય કે જેમાં દલીલ ન ચાલે. નબળા સંહનનને કારણે પ્રાણી એવી ઊંચી જાતની આતાપના કે આરાધના કરી શકે નહિ તો તે વાત જુદી જ છે. તેમ જ આયુષ્ય થોડું કે ટૂંકું હોય, હજુ ઊંચી હદની ક્રિયા કરે તે પહેલાં જ તે ખલાસ થઈ જાય તો તે વાત પણ જુદી છે. કેટલાક પ્રાણીને કાળ નડે છે. દાખલા તરીકે આ

JAINSITE
જૈન સાઈટ
નમો જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાંચમા આરામાં પ્રાણી મોક્ષે જાય એવી ક્રિયા જ કરી શકતો નથી, અથવા તેને એટલી શક્તિ હોતી નથી, તે પણ જુદી વાત છે.

ત્રીજું વિશેષણ કર્મગૌરવનું છે. કર્મો તો એણે ખપાવવા માંડયાં, પણ કર્મ ઘણાં હોય તો પણ મોક્ષ ન મેળવે.

આ પ્રત્યેક વિશેષણ વિચારવા યોગ્ય છે. એવા મુનિને એ ભવમાં મોક્ષ ન મળે તો ત્રીજે ભવે ઘણે ભાગે અથવા તરત નજીકમાં તે મોક્ષ પ્રાપ્ત કરી લે છે.

આવા મુનિએ મોક્ષ ન મળવા માટે ધોખો કરવો નહિ અને તેણે જાણવું કે તેનો થોડા વખતમાં મોક્ષ જરૂર થવાનો છે. એને આશા છે કે એનું જીવન સાચા રસ્તા પર છે અને એનો મોક્ષ દૂર નથી.

॥ इति मुनिवर्णनप्रकरणम् ॥

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ ૨૦ મું : ગૃહસ્થને

આપણામાંના ઘણા મુનિ – યતિ થઈ શકતા નથી, સંસારનો ત્યાગ કરી શકતા નથી, પણ અત્ર બતાવ્યો તેવો સારો માર્ગ ગ્રહણ કરે છે. તે રસ્તો જરા લાંબો છે, પણ રસ્તો તેમને માટે પણ છે. હેમચંદ્રાચાર્યે જ્યારે જાણ્યું કે તેઓનો ઘણા ભવ પછી પણ મોક્ષ થવાનો છે, ત્યારે તેઓ નારાજ ન થયા પણ હસ્યા, રાજી થયા. તેઓએ જાણ્યું કે કુમારપાળ તો અઢાર ભવે મોક્ષે જશે અને પોતાને જે આંબલીના ઝાડ નીચે પોતે ઊભા હતા, તેનાં પાંદડાંની સંખ્યા જેટલા ભવ કરવા પડશે, ત્યારે આંબલીના ઝાડના પાંદડાની મોટી સંખ્યાથી તેઓને ગ્લાનિ ન થઈ, પણ એટલા ભવની આખરે પણ પોતાનો મોક્ષ થશે એ વિચારથી તેમને આનંદ થયો. અનેક રીતે સુંદર વર્તન ચલાવવાના માર્ગો સમજુ જ્ઞાનીઓએ બતાવ્યા છે. પોતાને અનુકૂળ હોય તે માર્ગ પકડી લેવો, પ્રથમ તેની શોધ ચલાવવી અને પછી સારા માર્ગાનુસાર વર્તન કરવું.

'મન્હ જિણાણં'ની સજ્ઝાયમાં પર્વદિવસે કેવી કેવી ક્રિયા કરવી તે બતાવ્યું છે, આચારોપદેશમાં અનેક વિગતો આપી છે. આચારદિનકૃત્ય અને હેમચંદ્રાચાર્યના યોગશાસ્ત્રમાં પણ તેની વિગતો બતાવી છે. તમને તે ધર્મશાસ્ત્રમાં ઠામ ઠામ મળશે. વાત એ છે કે પોતાની ઇચ્છાનુસાર વર્તન ન રાખવું અને અન્ય મહાપુરુષોએ દોરવણી આપી હોય તે પ્રમાણે પોતાથી બને તેટલો પ્રયાસ કરવો. આ પ્રશમરતિ ગ્રંથમાં પણ અનેક માર્ગ બતાવ્યા છે. આ ચાલુ પ્રકરણમાં જરૂરી માર્ગો બતાવ્યા છે, તેવા ગૃહસ્થી – શ્રાવક થવું અને તેવા શ્રાવક થવામાં સંકોચ ન રાખવો. આ જીવનમાં પૌદ્ગલિક ગમે તેટલી સુખસગવડ મળે તેમાં રાચી ન જતાં તેમાં સ્થાયી સુખ કોને અને ક્યારે મળે તે વિચારવું અને પોતાને ફાવે તેવા માર્ગને પોતે ઉપાડી લેવો, પણ તે સ્વીકાર્યા પછી તેને ચીવટથી વળગી રહેવું.

બાકી, દુનિયા કર્મી કહે કે ન કહે – તે સામે નજર ન રાખવી. દુનિયાની નજરે કર્મી માણસ હોય છે તે કેટલીક વાર ધર્મદૃષ્ટિએ પતિત હોય છે. દુનિયા તો પૈસા પેદા કરનારને અને તેમાં વધારો કરનારને કરમી કહેશે, પણ ધર્મદૃષ્ટિ જુદી છે; ધર્મ એને ભારે કરમી માને છે. માટે સાચું સુખ મેળવવું હોય તો વ્યવહારુ – દુનિયાદારીની દૃષ્ટિથી લેવાઈ ન જવું અને અહીંનાં માન – પ્રતિષ્ઠા તો ઘણા અલ્પકાલીન છે. સ્થાયી સુખ જ્યાં મળે ત્યાં ચિત્તને ચોડવું, વર્તનને વાળવું. બાકી તો અનેક આવ્યા ને અનેક ગયા. બધું અંધારું છે, સર્વ નકામું છે. પોતાનું કલ્યાણ સાધવું તે કર્તવ્ય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ દૃષ્ટિએ ગૃહસ્થને ઉદ્દેશીને લખાયેલું આ પ્રકરણ ખૂબ વિચારવા જેવું છે.

અને એક વાત તો જરૂર વિચારવા જેવી છે. નવયુગના પ્રાણીએ લક્ષપૂર્વક પ્રાચીન મતને જરૂર અપનાવવો. એમાં કોઈ જાતની અલ્પતા કે નાનપ માનવી નહિ. વરસો સુધી આપણા વડીલો જે વાત કરી ગયા છે, તેમાં ઘણી સમજણનું તત્ત્વ છે. સૌહાર્દથી તે સમજવા અને તેને અનુસરવા ઇચ્છા રાખવી.

નવયુગ ધર્મને અનુસરવામાં નાનપ માને છે. તેને આ સર્વ ક્રિયા હંબગ લાગે છે. તેને સાધુઓ હંબગ લાગે છે, તેને અનુષ્ઠાન હંબગ લાગે છે, તેને પ્રાચીનો સર્વ અરધા મૂરખા લાગે છે. તેને જૂની કોઈપણ વાત રુચતી નથી, પણ જ્યારે કાળનો સપાટો લાગે છે ત્યારે સર્વ ફરી જાય છે અને પછી સાનસૂધ ઠેકાણે આવે છે. તેઓએ જાણવું જોઈએ કે અહીં તો ઘણા જૂના સમયના અનુભવો એકઠા થયા છે અને દુનિયા દોડી દોડીને થાકશે ત્યારે તેનો આધાર તો અહીં જ છે, તેનો આશ્રય પણ અહીં જ છે. એમના વગર કોઈનો નિસ્તાર થાય તેમ નથી અને અનેક વર્ષના અનુભવ પછી અત્ર જે વચન સંગ્રહ્યાં છે તેનો જ અંતે આધાર છે અને ત્યાં જ પ્રાણીનું નિર્વાપણ છે. એ અનુભવનો લાભ લેવા પ્રયત્ન કરવો અને તેને નિર્માલ્ય કે હંબગ માનવાની ઉતાવળ ન કરવી. આ જમાનામાં એક બીજી વાત પણ બને છે. આ યુગના માણસને ગમે તેટલું મળે તેમાં સંતોષ નથી. એ કદી હાશ કરીને બેસતો નથી અને કામમાંથી ફારેગ થવું તેને તે પ્રમાદ–આળસ માને છે. આ અતિ વિચિત્ર વ્યાધિ છે. એ તો યંત્ર માફક આખા જીવનમાં કામની પાછળ પડે છે અને એક કામ પૂરું ન થાય ત્યાં બીજાં દશ કામ ઊભાં થાય ત્યારે રાજી થાય છે. પ્રાયઃ એ કામથી ફારેગ થવાનો અવકાશ જ આવવા દેતો નથી, તક જ મળવા દેતો નથી અને પરિણામે નિવૃત્તિમાં શું સુખ છે તેનો તેને ક્યાસ થતો નથી.

આવા મનુષ્યોને આ ગ્રંથમાં દાખલ કરેલ વિષયો બહુ લાભકારક છે, કારણ કે તે એને વિચારવા પ્રેરે છે. નવયુગ ખૂબ વિચારક છે, ધર્મી તરફ પ્રેમ નજરથી જોનાર છે.

જેઓ ગૃહસ્થ હોય અને આ વર્ગમાં તેઓ જેવા હોવા જોઈએ એમ કહે છે તેવા હોય તો તેઓ નવ ભવે કે વહેલામોડા મુક્તિ જરૂર પામે. તેમણે ગભરાવાનું નથી, તેઓની ઇષ્ટ સંપત્તિ જરા મોડી મોડી તેઓને મળવાની છે અને હેમચંદ્રાચાર્ય આંબલીના ઝાડનાં પાંદડાંથી હર્યા નહિ, પણ મોડો મોડો પોતાનો નિસ્તાર થશે એમ વિચાર કર્યો તેમ તેમણે પણ પોતાને માટે ધારી આનંદ પામવો અને પોતાની ફરજ ચીવટ રાખીને બજાવ્યા કરવી. આપણે તેવા ગૃહસ્થ કેવા હોય તે અત્ર જોઈએ.

ચારિત્રની વાત ઉત્તમ છે. તેઓનો (ચારિત્રવાનનો) ઘણો સીધો રસ્તો છે, પણ આપણે ગૃહસ્થ, જેવા અત્ર વર્ણવ્યા છે તેવા, હોઈએ તો આપણો પણ રસ્તો છે એમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિચારી જ્ઞાન-ક્રિયામાં ઉદ્યુક્ત રહેવું અને સારા ભવિષ્યની આશા રાખવી. આપણે હવે ગ્રંથકર્ત્તા સાથે એ ગૃહસ્થ વર્ગ કેવો હોય તે જોઈ જઈએ.

**મોક્ષ સન્મુખ ગૃહસ્થી કેવો હોય ?—**

यश्चेह जिनवरमते गृहाश्रमी निश्चितः सुविदितार्थः ।
दर्शनशीलव्रतभावनाभिरभिरञ्जितमनस्कः ॥३०३॥

**અર્થ**—આ જિનવર મતમાં જે કોઈ ઘરમાં રહેલ ગૃહસ્થાશ્રમી હોય, તે પોતાના નિર્ણયમાં અફર હોય છે, સારો જાણકાર હોય છે, દર્શન શીલ અને વ્રત તથા ભાવનામાં રમણ કરી રહેલ હોય છે. (૩૦૩)

**વિવેચન**—આ પ્રકરણમાં ગૃહસ્થ-શ્રાવક કેવો હોય તે બતાવવાની શરૂઆત કરી છે.

**નિશ્ચિત**—આ તથા પછીના શ્લોકમાં જણાવેલ ગૃહસ્થીને પણ સારું ભવિષ્ય છે, પણ તે કેવો હોય ? 'નિશ્ચિત' એટલે પોતે કરેલા નિર્ણયને ચીવટથી વળગી રહેનાર, કૃતનિશ્ચય.

**ગૃહાશ્રમી**—ગૃહસ્થ, શ્રાવક, અથવા ગમે તે ધર્મના હોય, પણ પોતાના મતમાં અક્કમ, ગમે તેટલા ભોગે પણ પોતાના મતને ન છોડનાર, પણ કરેલ ધોરણને અનુસરનાર, દૃઢ સંકલ્પવાન આત્મા. આવો ગૃહસ્થાશ્રમમાં રહીને પણ થોડા કાળમાં મોક્ષ જાય છે, મોક્ષને પ્રાપ્ત કરે છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**સુવિદિતાર્થ**—જે કહેવાની વાત બરાબર સમજ્યો હોય તેવો જ્ઞાની, કહેવાનું કાંઈક હોય અને સમજે બીજું જ તેવો નહિ, પણ સાચી વાતને સાચી જાણનાર.

**દર્શન**—શુદ્ધ દેવ, ગુરૂ, ધર્મ પર વિશુદ્ધ શ્રદ્ધા જેને હોય તેવો. એટલે ઢોંગી નહિ પણ શુદ્ધ શ્રદ્ધા રાખનાર.

**શીલ**—સુંદર વર્તન. (અગાઉ તેનું વર્ણન થઈ ગયું છે.)

**વ્રત**—ગૃહસ્થીના બાર વ્રતનું પાલન કરનાર. એ બાર વ્રતમાં પ્રથમના પાંચ અણુવ્રત જાણીતા છે. છઠ્ઠું દિગ્વિરતિ, સાતમું દેશવિરતિ, આઠમું ખોટાખરાબ આરંભત્યાગ (અનર્થદંડ વિરતિ), નવમું સામાયિકવ્રત, દશમું પૌષધોપવાસ, અગિયારમું ભોગોપભોગપરિમાણ વ્રત અને બારમું અતિથિસંવિભાગવ્રત. આ બાર વ્રત લઈને તેને તે પાળનાર હોય. આ બાર વ્રતો આગલી ગાથામાં બતાવશે.

**ભાવના**—છઠ્ઠા પ્રકરણમાં ભાવનાની વિસ્તારથી હકીકત આવી ગઈ. એમાં બતાવેલ છે તે રીતે યોગ્ય ભાવના ભાવનાર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અભિરંજિતમનસ્ક**—એનાથી એટલે દર્શન, શીલ અને વ્રતની ભાવનાથી એનું મન વાસિત થઈ ગયું હોય, એ તન્મય હોય. જેમ શીશીમાં તેલ નાંખ્યું હોય, નાખ્યા પછી શીશીમાં વાસ રહી જાય છે તેમ આ દર્શન, શીલ અને વ્રતોની અસરની ગંધ તેનામાં રહ્યા જ કરે તેવો, તે દર્શન તેમ જ વ્રત અને શીલથી વાસિત થઈ જાય છે, તદાકાર થઈ જાય છે, તન્મય – તદ્રૂપ થઈ જાય છે.

આવો ૩૦૯મી ગાથામાં કહે છે તેમ આઠમે ભવે મોક્ષે જરૂર જાય એવો સંભવ છે, તે માટે તે ગાથા જુઓ.

વળી તે ગૃહસ્થી કેવો હોય તે આગળ કહે છે, તે આપણે જોઈએ. (૩૦૩)

**ગૃહસ્થી કેવો હોય (વધારે લક્ષણ)**—

**स्थूलवधानृतचौर्यपरस्त्रीरत्यरतिवर्जितः सततम् ।**
**दिग्व्रतमूर्ध्वं देशावकाशिकमनर्थविरतिं च ॥३०४॥**

**અર્થ**—મોટી મોટી હિંસા, અસત્ય, ચોરી, પરસ્ત્રીગમન, રતિ અને અરતિથી રહિત થયેલો તે ગૃહસ્થ દિક્(દિશા)વ્રત તથા તેનો સંક્ષેપ અને અનર્થવિરતિ કરે છે. (૩૦૪)

**વિવેચન**—ગૃહસ્થ બાર વ્રત લે છે. તેમાંથી આઠ વ્રતનાં નામો અને તેની હકીકત નીચે પ્રમાણે છે. વિશેષ વિગતો જાણવા માટે બાર વ્રતની ટીપ જોવી.

**સ્થૂલવધ**—શ્રાવકના અણુવ્રતમાં સ્થૂળ ત્યાગ હોય. એ કોઈ જીવ નિર્દોષ હોય તેને ઈરાદાપૂર્વક મારે નહિ. એ અન્યે મારેલ કે પોતે મારેલ જીવના માંસનું ભક્ષણ કરે નહિ. સાધુનાં મહાવ્રત અને ગૃહસ્થના અણુવ્રતમાં આ મોટો તફાવત છે. એ સદોષી પંચેંદ્રિય-ઘાતથી દૂર રહે.

**અનૃત**—ગૃહસ્થી ચાર મોટાં જૂઠ ન બોલે. એ ભૂમિ અને કન્યા સંબંધી જૂઠું ન બોલે, ખોટી સાક્ષી ન આપે. જેટલો જેટલો એ અસત્યનો ત્યાગ કરે તે બરાબર કરે અને તેને અક્ષરશઃ અનુસરે.

**ચોરી**—સ્થૂળ ચોરીનો ત્યાગ. રાજદંડ ઊપજે તે ચોરી, જેનાથી સરકારી કોર્ટમાં સજા થાય તેવી કોઈ પણ વસ્તુ ધણીની સંમતિ વગર લેવી તે ચોરી છે. આ માટે પીનલ કોડની ચોરીની વ્યાખ્યા જોવી અને મોટી ચોરી કે ધાડ તો ન જ મારવી.

**પરસ્ત્રી**—પારકી સ્ત્રી. વિધવા હોય, વેશ્યા હોય, કુલસ્ત્રી હોય, પોતે જેને ન પરણેલ હોય તે સર્વ પરસ્ત્રી કહેવાય છે. કુમારી સ્ત્રી પણ આ ચોથા અણુવ્રતની મર્યાદામાં આવી જાય છે. અહીં ઉપલક્ષણથી પાંચમા પરિગ્રહ અણુવ્રતને સમજી લેવું.

**રતિ-અરતિ**—આ પાંચે વ્રતની બાબતમાં કોઈપણ પ્રકારનું સુખ અથવા અસુખ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ન માને. એને પાંચે વ્રતના વિષયો સરખી રીતે ત્યાજ્ય લાગે. મળે તો એમાં મજા નહિ, ન મળે તો તેના તરફનો શોચ નહિ. આવું બેદરકારી જેવું વલણ અથવા રાજીનામું તેણે માનસિક દૃષ્ટિએ કેળવેલું હોય છે. પરિગ્રહ–ધનધાન્ય, રૂપું, સુવર્ણ, દ્વિપદ (બેપગાં જનાવર), ચતુષ્પદ (ચારપગાં જનાવર), કુપ્ય, ક્ષેત્ર (ખેતર) કે ગામની સ્થાવર મિલ્કત, વસ્તુ (ફર્નીચર અથવા ગૃહોપસ્કાર) એ બધી વસ્તુનો મોટો મોટો ત્યાગ હોવા ઉપરાંત તેને નીચેના સાત મળીને કુલ બાર વ્રત લેવાનાં હોય છે, તે નીચે પ્રમાણે. આ રતિ-અરતિ શબ્દથી પરિગ્રહ અધ્યાહાર છે એમ સમજવું. આ પાંચ અણુવ્રતો તે પ્રથમના પાંચ વ્રત. રતિઅરતિમાં સાતમું ભોગોપભોગ વ્રત અને આઠમું અનર્થદંડ પણ લઈ શકાય.

**છઠ્ઠું દિગ્વ્રત**—પોતાની ત્યાગવૃત્તિ પ્રમાણે પૂર્વ પશ્ચિમ આદિ બધી દિશાઓ તથા વિદિશાઓનું પરિમાણ નક્કી કરી તે બહાર દરેક પ્રકારના અધર્મકાર્યની નિવૃત્તિ લેવી તે દિગ્વિરતિવ્રત.

**સાતમું દેશાવકાશિકવ્રત**—છઠ્ઠા દિગ્વિરતિવ્રતમાં ઠરાવેલ મર્યાદાનો પણ વખતે વખતે પ્રસંગે સંકોચ કરી તે ક્ષેત્રમાં સર્વ અધર્મકાર્યમાંથી વિરમવાનું વ્રત.

**આઠમું અનર્થદંડવ્રત**—પોતાને લાભ ન કરે, નકામા પાપ બંધાય, રાજકથા, દેશકથા, ભોજનકથા કે સ્ત્રીકથા કરવામાં નકામો સમય જાય, દળવા, ખાંડવાનો નકામો ઉપદેશ અપાય, સલાહ દેવાય તેમ જ નાટકસિનેમામાં રાગદૃષ્ટિથી જવાય એ સર્વ નકામા પાપોમાંથી વિરમવું તે આઠમું વ્રત અનર્થદંડવિરમણ.

ગૃહસ્થનાં બાર વ્રતોમાંથી આઠ વ્રતની વાત આ ગાથામાં કરી છે. તે ખૂબ વિચારવા યોગ્ય છે. (૩૦૪)

**વળી તે ગૃહસ્થ કેવો હોય ?**

**सामायिकं च कृत्वा पौषधमुपभोगपारिमाण्यं च ।**
**न्यायागतं च कल्प्यं विधिवत्पात्रेषु विनियोज्यम् ॥३०५॥**

**અર્થ**—તે સામાયિક અને પૌષધ કરે છે, ઉપભોગની મર્યાદા બાંધે છે અને ન્યાયપૂર્વક પ્રાપ્ત કરેલી કલ્પ્ય ચીજનું સુપાત્રે દાન કરે છે. (૩૦૫)

**વિવેચન**—ગૃહસ્થનાં બાકીનાં ચાર વ્રતોની વાત આ ગાથામાં કરવામાં આવી છે.

**સામાયિક**—ગૃહસ્થનું નવમું વ્રત. અડતાળીશ મિનિટ કે વધારે વખત એક સ્થાને સ્થિર બેસી જ્ઞાનમાં કે ધ્યાનમાં વખત પસાર કરવો તે નવમું વ્રત છે. એટલો વખત શ્રાવક સાધુ જેવો આચાર કરે છે. આ સામાયિક કરતી વખતે કોઈ જાતનું દુર્ધ્યાન ન કરવું, સમતાની વાનકી લેવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પૌષધં**—સર્વથા ત્યાગ કરી ચોવીશ કલાક ચોવિહાર ઉપવાસ કરી સાધુપણાની સ્થિરતાથી ભાવના કરવી તે ઉપર જણાવેલ દશમું વ્રત છે. આ ચોવીશ કલાકનો પૌષધ ખરેખર સાધુજીવનનો સાર છે અને એક દિવસ સાધુતા આણે છે.

**ભોગોપભોગપારિમાણ્ય**—એક વાર ભોગવાય તે ભોગની વસ્તુ, એક ને એક વસ્તુ અનેક વાર ભોગવાય તે ઉપભોગ્ય ચીજ, તેમનો સંક્ષેપ કરવો. ચૌદ નિયમો ધારવા તથા પંદર કર્માદાનના વ્યાપારો ન કરવા. રાત્રિભોજન ન કરવું. આ ભોગોપભોગપરિમાણવ્રત અગિયારમું વ્રત છે.

**વિનિયોજ્ય**—બારમા અતિથિસંવિભાગ વ્રતમાં પાત્ર સાધુને અમુક વસ્તુનું શાસ્ત્રમાં બતાવેલી વિધિએ દાન કરવું. આ પાત્રદાન બહુ ઉત્તમ ચીજ છે. એમાં દેનારનું ચિત્ત, વસ્તુની શુદ્ધતા અને લેનારની યોગ્યતા, એમ ચિત્ત, વિત્ત ને પાત્ર એ ત્રણેનો જોગ થાય ત્યારે આ અતિથિસંવિભાગવ્રત બહુ દીપે છે. સાધુ, તપસ્વીને ઘેર બોલાવી તેમનું આહાર-દાનથી બહુમાન કરવું એ આ વ્રતમાં આવે છે.

આ ગાથામાં શ્રાવક કેવી કરણી કરે, ગૃહસ્થ કેવો હોય તે બતાવવા શરૂ કરેલ વાર્તા આગળ ચલાવેલી છે. એ વાત ૩૦૯મી ગાથા સુધી ચાલવાની છે. આ ગાથામાં તેનો અગત્યનો વિભાગ આવ્યો. (૩૦૫)

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

હજી ગૃહસ્થનાં વિશેષ કર્તવ્ય બતાવે છે—

> चैत्यायतनप्रस्थापनानि कृत्वा च शक्तितः प्रयतः ।
> पूजाश्च गन्धमाल्याधिवासधूपप्रदीपाद्याः ॥३०६॥

**અર્થ**—તે દેરાસરમાં પ્રતિષ્ઠા કરીને શક્તિપૂર્વક પ્રયત્ન કરે છે અને સુગંધ, માળા, વાસક્ષેપ, ધૂપ, દીપક વગેરે પૂજાઓ કરે છે. (૩૦૬)

**વિવેચન**—શ્રાવક અથવા ગૃહસ્થ કેવો હોય તે બતાવવા ૩૦૩મી ગાથાથી ચલાવેલ પ્રકરણ આગળ વધારે છે.

**ચૈત્ય**—દેરાસર, જિનદેવની પ્રતિમાને પણ ચૈત્ય કહેવાય. આ શબ્દનો અર્થ કરવામાં કેટલાક સ્થાનકવાસી ભાઈઓએ ભ્રમ ઊભો કર્યો છે, પણ કોશકાર તેનો અર્થ સ્પષ્ટ આપે છે.

**આયતન**—ઠેકાણું, વિશ્રામસ્થાન જ્યાં શ્રાવકો પૌષધ, સામાયિક, અભ્યાસ કરે તે ઉપાશ્રય. આ સર્વ દેવસ્થાનોને આયતન–ઠેકાણાં કહેવાય. પોતાની શક્તિ હોય તો પ્રતિષ્ઠા કરે, એટલે દેરાસર બનાવી તેમાં પ્રતિમાનો પ્રવેશ કરાવે, અને તો સાધુને રહેવાના અને ગૃહસ્થને ભાવના કરવાના સ્થાનો સ્થાપે, સ્થપાતાં હોય તેમાં મદદ કરે અને પોતાની શક્તિ અનુસાર તેમાં શક્તિ કે દ્રવ્યનો વ્યય કરે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રયત**—આદરપૂર્વક કરનાર, પ્રયત્ન કરનાર, પોતાની શક્તિ હોય તેટલો તેને માટે પ્રયત્ન કરનાર અને શક્તિને ગોપવ્યા વગર પ્રયત્ન કરનાર, તેને પોતાનું કર્તવ્ય ગણનાર.

**પૂજા**—પાંચ પ્રકારની, આઠ પ્રકારની, સત્તર પ્રકારની, વીશ પ્રકારની, એકવીશ પ્રકારની, એકસો આઠ પ્રકારની પૂજા કરનાર. આ પૂજાના પ્રકારો અત્ર થોડા બતાવ્યા છે. વિસ્તારની રુચિ હોય તેણે દેવવંદનભાષ્યથી અને બીજા વિધિગ્રંથોથી જાણવા.

**ગન્ધ**—સુગંધીવાળા પદાર્થોની એક પૂજા એકવીશપ્રકારી પૂજામાં આવે છે. એવી સારી ગંધવાળા પદાર્થોથી પૂજા તે ગંધપૂજા.

**માલ્ય**—માળા. ફૂલોની સરસ માળા બનાવવી. આ અષ્ટપ્રકારી, એકવીશપ્રકારી પૂજામાં આવે. નિરાંતે પુષ્પ વીણી તેની શોભતી માળા બનાવવી એ આ પૂજાનો વિષય છે.

**અધિવાસ**—આના બે અર્થ થાય છે. ખુશબોને અધિવાસ કહેવામાં આવે છે. એ અર્થ લેતાં ગંધપૂજાનું પુનરાવર્તન થાય છે. અધિવાસ એટલે નિવાસ, ઉપાશ્રય અથવા ધર્મક્રિયા કરવાનું સ્થાન. સંબંધ જોતાં આ અર્થ ઘટતો નથી. આ અર્થ લાગે છે, પણ સંબંધ જોતાં બરાબર નથી. ટીકાકારે તે અર્થ પસાર કરી દીધો છે. સુગંધી દ્રવ્ય એવો અર્થ કરેલ મેં જોયો છે, પણ આ અધિકારમાં તે મને બેઠો નથી.

**ધૂપ**—સારો દશાંગ ધૂપ કે અગરબાટનો ધૂપ કરવો તે પૂજા માટે બહુ સુંદર છે અને એ કરનારના ચિત્તને પણ પાવન કરે છે.

**પ્રદીપ**—દીવો. દેરાસરમાં ઘીનો દીવો કરી, ફાનસમાં રાખવાથી ખૂબ આહ્લાદ થાય છે અને તે કરવાયોગ્ય કરણી છે. આ વગેરે અનેક પ્રકારની પૂજા વિધિગ્રંથોમાં બતાવી છે, તે કરવા તરફ તેનું ચિત્ત લાગેલું હોય અને પૂજા કરે ત્યારે તદ્રૂપ બની પ્રભુના ગુણોનો રસાસ્વાદ કરે અને પોતામાં તે ગુણો પ્રચ્છન્ન છે તેને બહાર લાવવા પ્રયત્ન કરે. (૩૦૬)

जैन साईट JAINSITE जैनम् प्रकाशित ज्ञान मंदिर

ગૃહસ્થનો વિશેષ પરિચય—

**प्रशमरतिनित्यतृषितो जिनगुरुसाधुजनवन्दनाभिरतः ।**
**संलेखनां च काले योगेनाराध्य सुविशुद्धाम् ॥३०७॥**

**અર્થ**—સમતાના સુખનો દરરોજ તે (ગૃહસ્થ) તરસ્યો રહે છે, તીર્થંકર મહારાજ અને ગુરુ મહારાજ તથા સાધુ પુરુષને નમવાને હંમેશા તત્પર રહે છે, સંલેખના યોગ્ય કાળે કરે છે અને મન વચન કાયાના યોગથી કરે છે અને શાસ્ત્રોક્ત રીતિએ કરે છે. (૩૦૭)

**વિવરણ**—૩૦૩માં જે ગૃહસ્થનું વર્ણન શરૂ કર્યું છે તેમાં વધારે વર્ણન આ આર્યામાં કરે છે.

**પ્રશમ**—ઉપશમ, શાંતિ. તમે એ શ્રાવકને જુઓ ત્યારે તે શાંતરસમાં પડલામે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તરસ્યો અને ઉપશમ ફરતે આંટા મારતો દેખાય છે. એને સમતારસમાં પડવાની તૃષા લાગે છે અને એ તરસ જ્યારે એને એ પ્રશમરસ સાંપડે ત્યારે જ છીપાય છે. મતલબ કે એ શાંતિની ઝંખના કરે છે અને શાંતિ મળે ત્યારે જ રાજી થાય છે.

**નિત્ય**—દરરોજ. એના મનમાં એવી તો તરસ લાગે છે કે ક્યારે આ પ્રશમરસ હું પીઉં અને મારી તરસ છીપાવું. હંમેશ આવી એની શાંતિ મેળવવાની તલસના હોય છે.

**તૃષિતઃ**—તરસ્યો. એક માણસને પાણીની તૃષા લાગે ત્યારે તેને તે ઝંખ્યા કરે છે. પાણીની તરસ પાણી પીએ ત્યારે જ શાંત થાય છે. એટલે એને પ્રશમરસની તરસ પણ પ્રશમરસ મળ્યે જ શાંત થાય છે.

**જિન**—આવો ગૃહસ્થ તીર્થંકરદેવને નમવા હંમેશાં ઇચ્છા રાખે છે. સાચા દેવને દેવ તરીકે ઓળખી, જાણી, પીછાની તેની સેવા કેમ કરું તેના તરફ તે ગૃહસ્થ આસક્ત હોય છે. જેમ અફીણીઓ અફીણ વગર રહી શકતો નથી, તેમ તેને તીર્થપતિની સેવા કરવાની આસક્તિ લાગેલી હોય છે. પોતાને ઇષ્ટ વસ્તુ મળે ત્યારે તેને આનંદ થાય છે.

**ગુરુ**—જેવી એની તીર્થપતિની સેવા કરવામાં આસક્તિ હોય છે તેવી જ સાચા ગુરુની સેવા કરવાની એની આસક્તિ હોય છે.

**સાધુ**—સત્પુરુષ, સારા માણસની વંદના કરવાની એની તાલાવેલી પણ એટલી જ મજબૂત હોય છે. તે સાધુપુરુષને શોધવા તલપાપડ થઈ રહે છે અને મળે ત્યારે એને મહાઆનંદ થાય છે.

**સંલેખના**—ધર્મ કરવાની ઇચ્છા. અથવા સંલેખના એ શરીર–ઉપકરણ–કષાયના સંકોચરૂપ છે. એટલે, પોતાના શરીરનું અને ઉપકરણનું અને કષાયનું ઓછું કેમ કરવું એ ત્રણે બાબતમાં એની ખૂબ હોંશ હોય છે. આ લોકમાં ધર્મનાં ફળને ઇચ્છવાં તે ઇહલોકાશંસ, પરલોકે દેવદેવેંદ્રની પદવીને વાંછવી તે પરલોકાશંસ, સુખ મળ્યે જીવિતને ઇચ્છવું તે જીવિતાશંસ, દુઃખ પડયે મરણ ઇચ્છવું તે મરણાશંસ અને ચાલુ સામાન્ય વખતે કામભોગની આશંસા કરવી તે કામભોગાશંસ. આ પાંચે આકાંક્ષાનો ત્યાગ તે સંલેખના.

**કાલે**—પાંચે આશંસાનો ત્યાગ જુદે જુદે વખતે થાય છે. આપણો ગૃહસ્થ વખત જાળવીને કામ કરે છે.

**વંદન**—એ તીર્થંકરને, ગુરુમહારાજને અને સાધુઓને નમસ્કાર–વંદન કરવા માટે ખૂબ જ આસક્ત હોય છે.

**યોગ**—મન, વચન, કાયાના વ્યાપારથી. એટલે, 'એ સંલેખના કરવા હંમેશા તૈયાર હોય છે,' તેનાં વિશેષણો એ છે. કાલે–જે સમયે ઉચિત હોય તે સમયે સંલેખના કરે અને બીજું તે મન વચન કાયાના વ્યાપારથી કરે. આવો ગૃહસ્થ હોય. આ સંલેખના કેવી રીતે કરે તેની વાત બે વિશેષણથી કહી.

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**સુવિશુદ્ધ**—એ સંલેખના બરાબર કરે, શાસ્ત્રમાં જેવી કહી છે તેવી બરાબર વિચારીને કરે, સ્વકપોળકલ્પિત નહિ, પણ તેનું સ્વરૂપ શાસ્ત્રમાં જેવું બતાવ્યું છે તેવી તે કરે. એ વિશુદ્ધ શાસ્ત્રોક્ત સંલેખના કરનાર ઘરવાસી ગૃહસ્થ હોય.

૩૦૪મી ગાથામાં શરૂ કરેલ આપણા ગૃહસ્થનું વર્ણન હજુ ચાલુ છે. આવું જેનું વર્તન હોય તેવો ગૃહસ્થ થોડા ભવમાં જરૂર મોક્ષે જનાર છે, એમ સમજવું. એટલે ગૃહસ્થને માટે મોડો મોડો પણ 'ચાન્સ' છે એમ સમજી તેણે અત્ર વર્ણવેલા અને હવે પછી વર્ણવવાના ગૃહસ્થના વર્તને જીવવું. (૩૦૭)

**એવા ગૃહસ્થને શું થાય તે બતાવે છે—**

**प्राप्तः कल्पेष्विन्द्रत्वं वा सामानिकत्वमन्यद्वा ।**
**स्थानमुदारं तत्रानुभूय च सुखं तदनुरूपम् ॥३०८॥**

**नरलोकमेत्य सर्वगुणसम्पदं दुर्लभां पुनर्लब्ध्वा ।**
**शुद्धः स सिद्धिमेष्यति भवाष्टकाभ्यन्तरे नियमात् ॥३०९॥**

जैन साइट JAINSITE

**અર્થ**—કલ્પોપપન્ન દેવતાનાં સ્થાનકોમાં ઇન્દ્રપણું કે સામાનિકપણું કે એવું બીજું કાંઈ પણ ખૂબ સરસ સ્થાન પ્રાપ્ત કરીને, ત્યાં તે સ્થાનકને યોગ્ય સુખનો અનુભવ કરીને મનુષ્યલોકમાં આવીને સાધારણ રીતે મળવી મુશ્કેલ સર્વગુણની સંપત્તિ મેળવીને ઘણે ભાગે નિયમસર રીતે એ આઠ ભવમાં મોક્ષે જાય છે. (૩૦૮–૩૦૯)

જૈનમ્ જયતિ શાસનમ્

**વિવેચન**—આવો ગૃહસ્થ ક્યાં જાય અને કેવું સુખ ભોગવે તે આ ગાથામાં જણાવે છે.

**કલ્પ**—આવ્યા ગયાનો જેને વ્યાપાર હોય તે અવસરે જનાર આવનાર બાર દેવલોકના દેવો અને તેમના ઉપરી જે હોય તે ઇંદ્ર કહેવાય છે.

ભવનપતિના દશ પ્રકાર છે. દરેક પ્રકારના બબ્બે ઇંદ્ર હોય છે. આમ ભવનપતિના કુલ વીશ ઇંદ્ર થાય છે.

વ્યંતર દેવોના આઠ અને વાણવ્યંતર દેવોના આઠ એમ કુલ સોળ પ્રકારો છે, તે દરેક પ્રકારના બે બે ઇન્દ્રો ગણતાં તે બત્રીશ ઇંદ્ર થાય છે; એને ભવનપતિના ઉપરોક્ત વીશ ઇંદ્ર સાથે મેળવતાં બાવન ઇન્દ્ર થયા. જ્યોતિષ્કદેવો સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારા પૈકી સૂર્ય અને ચંદ્રને ઇંદ્ર પદવી છે.

વૈમાનિક દેવોના બાર પ્રકાર છે. તેમાં કલ્પોપપન્ન વૈમાનિક દેવોના પ્રથમ આઠ દેવલોકના આઠ ઇંદ્રો, નવમા તથા દશમા એ બે દેવલોકનો એક ઇંદ્ર અને અગિયારમા તથા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બારમા દેવલોકનો એક ઇંદ્ર છે. સર્વને સાથે ગણતાં ઉપરના બાવન, બે જ્યોતિષના અને દશ વૈમાનિકના મળી કુલ ચોસઠ ઇંદ્ર થાય છે.

**સામાનિક**—સામાનિક દેવતાની પણ અતુલ્ય ઋદ્ધિ હોય છે. આવો ગૃહસ્થ ઇંદ્રપણું કે સામાનિકદેવપણું પામે છે, એમ આ વાતનો વિસ્તાર છે.

આવું ઉદાર સ્થાન પ્રાપ્ત કરીને ત્યાંનાં સર્વ સુખો બીજે ભવે ભોગવે છે. આવો બીજો ભવ તેને મળે ત્યાર પછી તે આગળ શું કરે તે ૩૦૯મી ગાથામાં કહેશે.

આવી જાતનું સુખ તે સ્થાનને અનુરૂપ છે. ગૃહસ્થ તે સુખ મેળવવા પ્રયત્ન કરતો નથી, પણ સ્થાનના પ્રભાવે તે તેને જરૂર મળે છે.

**નરલોક**—મનુષ્યલોક. આ ખાસ દુર્લભ વસ્તુ છે. મનુષ્યભવ પ્રાપ્ત કરવો તે દશ દૃષ્ટાંતે દુર્લભ છે. આપણે અગાઉ દશ દૃષ્ટાંત પર વિવેચન કરી ગયા છીએ. એ દશ દાખલાએ દુર્લભ એવો મનુષ્યભવ આ ગૃહસ્થને મળે છે.

**સર્વગુણસંપદ્**—એ Superman થાય છે. એ દુનિયામાં મોટાપણું પ્રાપ્ત કરે છે અને ખાસ કરીને ઉચ્ચ જીવન જીવે છે. પ્રામાણિક વર્તન કરી એ જીવે છે અને વિશુદ્ધતર જીવનને એ પોતાના કેંદ્રસ્થાને રાખે છે. આવી હૃદયવિકાસની સંપત્તિ મળવી અને મનુષ્યભવ મળવો મહા મુશ્કેલ છે. ઘણા તો એવા સરસ મનુષ્યભવને એશઆરામમાં અને આળસમાં નિરર્થક બનાવે છે, પણ આપણો સદરહુ ગૃહસ્થ તેને સારી રીતે વહન કરી એ મનુષ્યભવનો પૂરતો લાભ લે છે.

જૈનમ્ જયતિ શાસનમ્

**દુર્લભ**—આ મનુષ્યભવ અને તેમાં હૃદયના ગુણની પ્રાપ્તિ ઘણી જ મુશ્કેલ છે, તે આપણે વર્ણવેલા ગૃહસ્થને જરૂર મળે છે અને તેનો તે પૂરતો લાભ ઉઠાવે છે.

**શુદ્ધ**—એને મનુષ્યભવ અને સારું જીવન મળે છે. એટલું જ નહિ પણ એ જાતે શુદ્ધ જીવન ગાળે છે.

**સિદ્ધિ**—મોક્ષ. એને મોક્ષપ્રાપ્તિ કરવી છે. તે આઠ ભવમાં મોક્ષ મેળવીને જ રહે છે. દરમ્યાન એ ગુણપ્રાપ્તિમાં વધતો જ જાય છે. એ દીક્ષા લે કે ન લે, સંસારનો ત્યાગ કરે વા ન કરે, એ સંબંધી કર્તા કાંઇ કહેતા નથી, પણ બન્નેમાંથી કોઈ પણ સ્થિતિમાં તે પોતાનું સાધ્ય ધ્યાનમાં રાખે છે.

**અષ્ટક**—આઠ ભવ કરીને એ ઘણે ભાગે ચોક્કસ મોક્ષે જાય છે. એ વાત બહોળતાએ ઘણાખરા જીવોના સંબંધમાં સમજવી. ઘણે ભાગે તો તે ક્રમે સાધ્ય મોક્ષમાં આઠ ભવમાં જરૂર જાય. સાધુ ત્રીજે ભવે અને ગૃહસ્થ જેવો અત્ર વર્ણવ્યો છે તેવો વર્તનમાં હોય તો આઠમે ભવે મોક્ષે ઘણે ભાગે ચોક્કસ જાય છે. (૩૦૮–૩૦૯)

* * *

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવી રીતે આ ગૃહસ્થને ઉદ્દેશીને લખાયેલું પ્રકરણ અત્ર પૂર્ણ થાય છે.

આ પ્રકરણ જેઓ સંસારનો ત્યાગ ન કરી શકયા હોય, સંસારમાં પડી રહ્યા હોય તેમને ઉદ્દેશીને લખાયેલું છે. તેઓ પણ ધારે તો આવું સુંદર પરિણામ ઉપજાવી શકે. તેઓ અત્ર વર્ણન કરવામાં આવ્યું છે તેવા શ્રાવક બને તો તેમને પણ આઠ ભવમાં જરૂર મોક્ષ મળે, પણ વાત એ છે કે તેઓએ આ પ્રકરણમાં બતાવેલ છે તેવા ગૃહસ્થ-શ્રાવક થવું જોઈએ. તેઓ બારવ્રતધારી જરૂર હોય, અને સંસાર સેવે તે 'ધાવ ખેલાવત બાળ' એ ન્યાયે જેમ ધાવ છોકરાને જાળવવા રાખી હોય તે બાળકને રમાડે, જમાડે, હીંચકો નાંખે પણ આખો વખત તેના મનમાં એક વાત ઠસેલી હોય છે કે આ છોકરું પારકી માતાનું છે; તે બાળકને રમાડે, જમાડે, નવરાવે પણ તેના મનમાંથી આ ભાવ જતો નથી; એ બાળકને પોતાનું માનતી નથી.

તેવી જ રીતે કદાચ કારણને વશ પડીને સંસારનાં સર્વ કાર્ય કરવાં પડે તો આ ગૃહસ્થ કરે છે, પણ તેને પોતાનાં માનતો નથી ને પોતાના ઘરને બળતું જોઈને બળી જતો નથી; તે જાણે છે કે આ સર્વ સંયોગ મળેલ છે તે થોડા વખત માટેનો જ છે અને અંતે સર્વ અહીં મૂકી જવાનું છે અને એક દોરાનો ધાગો પણ સાથે આવવાનો નથી. એ સંસારનાં સર્વ કાર્યો કરે છે, ખાય છે, પીએ છે, પહેરે છે, વ્યાપાર કરે છે, પણ કોઈપણ કાર્યની સાથે એનો તાદાત્મ્ય ભાવ થતો નથી. એ વ્યવહારમાં હોવા છતાં વ્યવહારનું સ્વરૂપ અને વિનશ્વરપણું બરાબર સમજી તેનાથી અળગો રહે છે; અને સર્વ કરે છે, છતાં કોઈમાં જીવ ઘાલતો નથી અને સર્વથી ન્યારો રહે છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આમાં કાર્યની પદ્ધતિ પર ઘણો આધાર રહે છે. સાધારણ ચાલુ વ્યવહારુ માણસ વ્યવહાર સાથે ઓતપ્રોત થઈ જાય છે, જ્યારે આ ગૃહસ્થ પોતાનું અલગપણું સમજે છે અને અંતઃકરણથી એ અલગપણું જાણીને પોતે પોતાનું કામ કરતાં છતાં, કામથી અલગ રહે છે.

એને ગૃહસ્થને યોગ્ય પ્રતિષ્ઠાદિક કાર્ય કરવામાં આનંદ આવે છે. એ દાન, શીલાદિ કરતી વખતે પોતાનું વીર્ય છૂપાવતો નથી, પણ તે વખતે પોતાનો વીર્યોલ્લાસ બતાવે છે. સાંસારિક સર્વ ફરજો બજાવે છે, પણ તે કામની સાથે ઓતપ્રોત થઈ જતો નથી કે એક થતો નથી. એ તો આવી પડેલ વેઠ છે એટલે કરવું જોઈએ તેમ ગણી બાહ્યભાવે કરે છે, પણ એની લગની ત્યાગ તરફ હોય છે અને એને હૃદયોલ્લાસ તો એવાં જ ત્યાગનાં કાર્યોમાં આવે છે. બાકી એવા ગૃહસ્થનું પ્રામાણિકપણું તો આદર્શભૂત હોય. તે કદાપિ કાળાબજાર કરે નહિ, લોકોના પરાધીનપણાનો કોઈ લાભ ન મેળવે, અને દાન, શીલ કે કોઈપણ ધર્મકાર્ય કરતી વખતે પોતાની સર્વ શક્તિનો ઉપયોગ કરે. અને બાર વ્રતો લે તે બરાબર સમજીને લે અને આગ્રહથી પાળે અને પાળવામાં ખૂબ ઉત્સાહ દાખવે.

બેન્ડ સ્ટેન્ડ પર બે મિત્રો બેઠા હતા. એક મિત્રે સવાલ કર્યો કે જૈનનું પ્રામાણિક-પણું કેવું હોય? જવાબમાં બીજા મિત્રે કહ્યું કે આ છેટે હાઈકોર્ટ દેખાય છે તેના જજના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રામાણિકપણાથી ઓછું તો ન જ હોય. કોઈ તમને કહે કે હાઈકોર્ટના જજે લાંચ લીધી તો માનશો નહિ. એથી ઓછું જૈનનું પ્રામાણિકપણું ન હોય, એટલું જ નહિ પણ એની પ્રતિષ્ઠા પણ એવી જ હોય. એ શ્રાવક છે તેથી જૂઠું બોલે નહિ, કોઈને છેતરે નહિ, ખોટાં તોલમાપ રાખે નહિ અને વિશુદ્ધ હોય અને તેની આબરૂ પણ એવી જ હોય. આ હાઈકોર્ટ જજના પ્રામાણિકપણા સાથે ગૃહસ્થનું પ્રામાણિકપણું સરખાવવું અને અત્યારના કાળા બજારમાં જૈનોએ જે નામના મેળવી છે તેની સાથે મેળ ખાય તેવું નથી એમ લાગે તો આ દુનિયામાં અનેક રત્નો પડેલાં છે એ બીજાં હશે, બીજે હશે; પણ અત્ર જે ગૃહસ્થનું વર્ણન કર્યું છે તે કાળા બજાર તો ન જ કરે અને એ કાળા બજાર કરે એવું એને માટે કલ્પાય એ પણ અત્યંત બેહુદી વાત છે.

છતાં જેઓ સંસારનો ત્યાગ કરી શક્યા ન હોય, પ્રપંચમાં ગૂંચવાઈ ગયા હોય, તેઓ પણ જો અત્ર કહેવામાં આવ્યું છે તે રીતે ચાલે તો તેમનો મોક્ષ અંતે થવાનો છે. અને ઘણે ભાગે એનો નિસ્તાર નિયમસર થાય છે. આ કાંઈ જેવી તેવી વાત નથી.

બને ત્યાં સુધી સંસાર અને પૌદ્‌ગલિક પ્રેમના ત્યાગનો વિચાર કરવા યોગ્ય છે, પણ જેનાથી તે ન બની શકે તેવું હોય તેને માટે પણ માર્ગ છે. એટલી દિલાસાની હકીકત છે. એટલે ગૃહસ્થ માટે પણ જો તે આ શ્લોકમાં વર્ણવ્યું છે તેવું જીવન જીવે અને વર્તન કરે તો તેને માટે પણ રસ્તો છે અને તે તેણે બનતા સુધી સ્વીકારી લઈ ઝડપી લેવો જોઈએ.

છતાં મુખ્ય માર્ગ તો સર્વત્યાગનો જ છે અને બને ત્યાં સુધી તે જ સ્વીકારવા યોગ્ય છે, પણ જેનાથી તે બને તેવું ન હોય તેને માટે પણ રસ્તો છે. આ રસ્તામાં વર્તન ઉપર ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે, તે ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. બાહ્ય ક્રિયા કરતાં પણ વધારે ભાર જીવનના વર્તન ઉપર અને ભાવ ઉપર મૂકવામાં આવેલ છે. તે તરફ ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે.

॥इति गृहस्थप्रकरणम् ॥

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ ૨૧ મું : ઉપસંહાર

હિંદના વિશિષ્ટ કવિઓ ગ્રંથને અંતે ઉપસંહાર આપે તે ચાલુ પ્રચલિત નિયમ છે. એને અંગ્રેજીમાં epilogue કહે છે.

આ ગ્રંથનો મુખ્ય વિષય શો છે તે અથવા તેમ શા માટે બન્યું છે તે બતાવવાનો ઉપસંહાર લખવાનો હેતુ હોય છે. કેટલાક ગ્રંથોમાં નાનોમોટો ઉપસંહાર આપણે આ પ્રકારનો જોઈએ છીએ.

છતાં ઉપસંહાર લેખકે લખવો જોઈએ એવો ખાસ નિયમ નથી. દાખલા તરીકે શ્રીમદ્ યશોવિજયજીએ અનેક વાર ઉપસંહાર લખ્યો નથી. આને માટે એક સાર્વત્રિક નિયમ નથી.

આ ગ્રંથને છેડે ઉપસંહાર ચોખ્ખેચોખ્ખો લખેલ છે, તેથી તેનું જુદું પ્રકરણ પાડી તેને બતાવવામાં આવ્યો છે. તેનો ઉદ્દેશ માત્ર એક જ છે કે એ આખા ગ્રંથથી અલગ છે અને આ ગ્રંથ જાણવાથી શો લાભ થાય છે, અભ્યાસ કરવાથી શો લાભ થાય છે અને એમાં કહેલ વાત જીવવાથી શો લાભ થાય છે તે આ ઉપસંહારમાં બતાવ્યું છે.

અધ્યાત્મકલ્પદ્રુમ, ત્રિષષ્ઠિશલાકાપુરુષચરિત્ર વગેરેમાં ઉપસંહાર દાખલ કરેલ છે. અને અનેક ગ્રંથો કદમાં નાનામોટા હોવા છતાં બિલકુલ ઉપસંહાર વગરના પણ છે. એટલા માટે આ ઉપસંહાર લખવો જ જોઈએ એવો સાર્વત્રિક નિયમ નથી. આપણા ગ્રંથકર્તાએ ઉપસંહાર કેવી રીતનો કર્યો છે તે વિચારવા લાયક હોવાથી આપણે તે જોઈ જઈએ.

**આ ગ્રંથનું ફળ—**

**इत्येवं प्रशमरतेः फलमिह स्वर्गापवर्गयोश्च शुभम् ।**
**संप्राप्यतेऽनगारैरगारिभिश्चोत्तरगुणाढ्यैः ॥३१०॥**

**અર્થ**—આ પ્રશમરતિ ગ્રંથના અભ્યાસ અને વર્તનનું ફળ આ દુનિયામાં શુભ-સારું મળે છે; અને અણગારો અને ઘરબારી (ગૃહસ્થો) પરભવે સ્વર્ગ અથવા મોક્ષ પ્રાપ્ત કરે છે. (૩૧૦)

**વિવરણ**—આ ગાથામાં જેઓ આ પ્રશમરતિમાં જણાવ્યા પ્રમાણે જીવે છે તેમને કેવું ફળ થાય છે તે બતાવે છે.

**ઈહ**—અહીં, આ જીવનમાં. ફળ બે પ્રકારનાં છે : આ જીવનમાં થનારાં ફળ અને આવતા ભવમાં થનારાં ફળ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શુભ**—આ ભવમાં થનાર ફળની સાથે આ વિશેષણ જાય છે. જો પ્રશમરતિ ગ્રંથમાં બતાવ્યા પ્રમાણે જીવાય તો આ ભવમાં સારું ફળ થાય છે; અને આ ભવમાં અનેક રીતે સુખ, સૌભાગ્ય અને ઉદરપૂરણ થાય છે, સારાં ઘરબાર અને સ્ત્રી મળે છે અને બધી રીતે આબરૂ વધે છે, કીર્તિ સર્વત્ર પ્રસરે છે.

**સ્વર્ગ**—પરભવના ફળની વાત આ વિભાગમાં છે. બાર દેવલોકે જવું કે જ્યોતિષ્ક દેવ થવું તે પરભવમાં થાય છે. આનું નામ સ્વર્ગપ્રાપ્તિ કહેવામાં આવે છે.

**અપવર્ગ**—મોક્ષ. કેટલાક પ્રાણીઓ જે પ્રશમરતિમાં જણાવ્યા પ્રમાણે જીવે તે દેવલોકમાં જાય છે અને કેટલાક મોક્ષમાં જાય છે. એ કોણ કોણ ક્યાં ક્યાં જાય છે તે આગલા પ્રકરણમાં બતાવવામાં આવેલ છે.

**અણગાર**—સાધુઓને એ ફળ કેવું થાય છે તે ઓગણીશમા પ્રકરણમાં બતાવ્યું છે ત્યાંથી જોવું.

**અગારી**—શ્રાવકને કે ગૃહસ્થને એ કેવું ફળ આપે તે વીશમા પ્રકરણમાં બતાવ્યું છે.

**ઉત્તરગુણાઢ્ય**—અહીં અણગાર (સાધુ) કેવા હોય, કેવા ગુણને પ્રાપ્ત થયેલા હોય અને બાર વ્રતધારી ગૃહસ્થ કેવા હોય તે ઉપર્યુક્ત બે પ્રકરણમાં બતાવ્યું છે.

એટલે નામધારી સાધુ કે ગૃહસ્થને સર્વને એ ફળ મળે છે એમ ન સમજવું, પણ એમાં જે જે પ્રકારના અણગાર કે ગૃહસ્થ બતાવ્યા છે તે જરૂર દેવલોક પામે છે કે મોક્ષે જાય છે. ગુણની વ્યવહારુતા આ ગાથામાં સારી રીતે બતાવવામાં આવી છે, તે બહુ વિચારવા યોગ્ય છે. સર્વ અણગારને કે સર્વ ગૃહસ્થને સ્વર્ગ કે અપવર્ગ મળે છે એમ નથી, પણ અહીં જેવા વર્ણવ્યા છે તેવા અણગાર કે ગૃહસ્થ હોય કે વ્રતધારી અર્થાત્ ઉત્તરગુણધારણ કરનાર હોય તેને દેવલોક કે મોક્ષ મળે છે. (૩૧૦)

**આ ગ્રંથ સમુદ્રમાંથી શોધેલ કોડી જેવો છે—**

**जिनशासनार्णवादाकृष्टां धर्मकथिकामिमां श्रुत्वा ।**
**रत्नाकरादिव जरत्कपर्दिकामुद्धृतां भक्त्या ॥३११॥**

**અર્થ**—જૈન શાસનરૂપ સમુદ્રમાંથી ખેંચીને બહાર કાઢેલી આ ધર્મકથા તે સમુદ્રમાંથી ભક્તિપૂર્વક ખેંચી કાઢેલ જૂની છીપ જેવી છે એમ સમજવું અને તે ભાવે તેને સાંભળવી (૩૧૧).

**વિવેચન**—આ પ્રશમરતિ ગ્રંથ કેવો છે તે આ ગાથમાં ઉપસંહારરૂપે વર્ણવે છે.

**અર્ણવ**—જૈન શાસન તો મોટા દરિયા જેવું છે, દરિયા જેટલું તે વિશાળ છે, તેનો પાર પામવો અતિ મુશ્કેલ છે. તેવા મોટા વિશાળ દરિયામાંથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ધર્મકથા**--આ ગ્રંથ ધર્મકથા જેવો છે. આપણે તે સાંભળવા યોગ્ય છે. તે સાંભળતા કે વાંચતા હોઈએ ત્યારે ધર્મકથા જેવો રસ આપે છે તેવો મધુર રસ આપે છે. તેને ધર્મકથા શા માટે કહી તેનાં કારણો જણાવે છે. જો કે એનો ધર્મકથા સાહિત્યમાં સમાવેશ ન થાય, પણ ધર્મકથા જેવો રસ ઉત્પન્ન કરે તેવો રસ ઉત્પન્ન કરે છે અને વળી તે ધર્મની કથા એટલે વાર્તા તો છે જ, એટલે તેને ધર્મકથા ગણ્યો છે.

**કપર્દિકા**--કોડી. બાળકોને રમવાની કોડી હોય છે, તેના જેવો એ છે, અર્થાત્ તે કોડીની જેમ સરસ રસ ઉત્પન્ન કરે છે.

કોડી સાથે આ પ્રશમરતિ ગ્રંથને સરખાવવામાં કર્ત્તાએ ભારે વિચક્ષણપણું બતાવ્યું છે, તે ગ્રંથનો અભ્યાસ કર્યે ખબર પડે તેમ છે.

**જરત્**--જેમ દરિયામાં માછલાં તથા મગર, વ્હેલ વગેરે અનેક પદાર્થો હોય, તેમાંથી જૂની કોડી આ ખેંચી લીધી છે.

**ઉદ્ધૃતા**--ખેંચી આણેલ છે. મોટા દરિયામાં તો અનેક ચીજો છે તેમાંથી આ કોડી ખેંચી આણી છે. તેથી તેની સાથે રમવું, સારી રીતે રમવું અને તેનો સારો ઉપયોગ કરવો.

**ભક્ત્યા**--સમતારસની પ્રીતિથી આટલું શાસ્ત્રનું રહસ્ય ખેંચી કાઢયું છે. આમાં કર્ત્તાનો સ્વાર્થ કોઈ પ્રકારનો નથી, માત્ર તેણે તે ભક્તિપૂર્વક અથવા ભક્તિ ખાતર જ આ કામ કર્યું છે. વિશાળ શાસ્ત્રસમુદ્ર પાસે તો પ્રશમરતિ ગ્રંથ એક કોડી માત્ર છે. પણ તેને ભક્તિથી ખેંચેલ છે, પ્રેમપૂર્વક ઉપકારક બુદ્ધિએ ભક્તિથી શોધીને કાઢેલ ખરો માલ છે, અર્ક છે, સત્ત્વ છે, સાર છે. તે અર્થમાં તેને સાંભળવો કે વાંચવો.

**શ્રુત્વા**--વાંચવો કે સાંભળવો. આ બન્ને ભાવ આ શબ્દના નીકળે છે.

આનો સમાવેશ તો દ્રવ્યાનુયોગના ગ્રંથોમાં થાય, પણ જેમ ધર્મકથાને માણસો તેમાં રસ લઈ વાંચે છે, તેમ આ સારભૂત રહસ્યભૂત ગ્રંથને માણસોએ વાંચવો કે સાંભળવો. (૩૧૧)

**દોષ તજવા અને ગુણ ગ્રહણ કરવા**--

**सद्भिर्गुणदोषज्ञैर्दोषानुत्सृज्य गुणलवा ग्राह्याः ।**
**सर्वात्मना च सततं प्रशमसुखायैव यतितव्यम् ॥३१२॥**

**અર્થ**--ગુણ અને દોષને જાણનારા સજ્જન પુરુષોએ દોષને છોડી દઈને જરા માત્ર પણ ગુણ હોય તે પકડી લેવો અને સર્વ પ્રાણીઓએ હંમેશા સમતા(પ્રશમ)નાં સુખ મેળવવા માટે જ પ્રયત્ન કરવો. (૩૧૨)

**વિવેચન**--ગ્રંથકાર અત્યારે જેવી રીતે સામાન્ય ક્ષમાયાચના ઉપોદ્ઘાતમાં કરે છે તેવું આ સામાન્ય વચન છે.

जैन साईट JAINSITE.com जनम् ज्योति शासनम्

**ગુણ**--સારા મુદ્દા, સારી વાત. આને સજ્જન માણસો જાણે છે. તેઓની ઘણી સૂક્ષ્મ નજર હોય છે. તેઓ ગ્રંથમાંથી સારા મુદ્દાઓને પણ જાણે છે એવું સજ્જન પુરુષનું લક્ષણ છે.

**દોષ**--તેમ જ એમાં ખરાબ મુદ્દા, દોષો, ભૂલો ક્યાં ક્યાં થયેલ છે તે પણ જાણે છે. આવા સજ્જન પુરુષો તો નિર્લેપ હોય છે. તેઓના અપાર જ્ઞાનથી તેઓ ગ્રંથમાંથી સારા અને ખરાબ મુદ્દાઓને બરાબર પકડી પાડે છે. તેઓની સામ્યદૃષ્ટિએ સારા મુદ્દા અને ખરાબ મુદ્દા બન્ને આવે છે. તેવા સજ્જન પુરુષોએ શું કરવું તે વિજ્ઞપ્તિ રૂપે કહે છે.

**ઉત્સૃજ્ય**--છોડી દઈને. સજ્જન પુરુષોને વિનતિ છે કે તેઓએ ખરાબ મુદ્દાઓ આ ગ્રંથમાં આવી ગયા હોય તેમને છોડી દેવા ને ગ્રંથના તે વિભાગ પર દુર્લક્ષ બતાવવું. આ એક જાતની ક્ષમાયાચના છે. આવા પ્રશમના ગ્રંથમાં તો ખરાબ મુદ્દો શું હોય, પણ કદાચ હોય, આવી ગયો હોય, તો સજ્જન પુરુષોએ ખરાબ મુદ્દાની દરકાર ન કરતાં તેને તજી દેવો. માફી માગવાની અને પોતાની નમ્રતા બતાવવાની આ એક રીત છે.

**ગુણલવ**--સારા મુદ્દાનો એક લેશ ભાગ પણ. ગાય કે બળદના પૂંછડામાં બાલ થાય છે, તે નકામા છે, તેને પણ લવ કહેવામાં આવે છે. આ આખા ગ્રંથમાં એક લેશ માત્ર પણ સારો મુદ્દો હોય તેને પકડી લેવો. સજ્જનને સારા કે ખરાબ કોઈ પણ મુદ્દા સૂઝે, પણ આ ગ્રંથકર્ત્તાની વિનંતી છે કે તેમણે ખરાબ મુદ્દાનો ત્યાગ કરી સાધારણ લેશમાત્ર પણ સારો મુદ્દો હોય તે પકડી લેવો. આટલી વિનંતી સારા માણસોને, સજ્જનોને કરી. સર્વ પ્રાણીઓને જે વિનંતી કરે છે તેને હવે આપણે વિચારીએ.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**સર્વ**--સાધુ અને ગૃહસ્થ. સર્વ શબ્દ ઇરાદાપૂર્વક સમજીને ગ્રંથકર્ત્તાએ વાપર્યો છે. સંસારનો ત્યાગ જે કરી શક્યા ન હોય, તેમણે પણ ત્યાગીની પેઠે પ્રશમસુખ પ્રાપ્ત કરવા યત્ન કરવો.

**યતિતવ્ય**--પ્રયત્ન કરવો. એ સુખ મળી જ જશે એમ માનવું નહિ, પણ પ્રયાસ કરીને તેને મેળવવું. આપણે જેમ પૈસા કે વસ્તુ મેળવવા પ્રયાસ કરીએ છીએ તેમ પ્રશમસુખ મેળવવા પૂરતી ચીવટ રાખી પ્રયાસ કરવો.

**એવ**--જો તમારે અનંત સુખ મેળવવું હોય તો તે માટે જ પ્રશમસુખ મેળવવા પ્રયત્ન કરવા જેવું છે. પ્રયત્ન કરવાથી તે મળશે જ એમ ન સમજવું, પણ તમે યોગ્ય માર્ગે છો એટલું તો સદૈવ ધ્યાનમાં રાખવું.

અને આ સલાહ લેખકે સાધુ – યતિ તેમ જ સંસારી ગૃહસ્થ સર્વને એકસરખી રીતે આપેલ છે, એ લક્ષમાં રાખી સર્વ પ્રાણીઓએ આ પ્રશમસુખ પ્રાપ્ત કરવા યત્ન કરવો. (૩૧૨)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સામાન્ય માફી—**

**यच्चासमंजसमिह छन्दःशब्दसमयार्थतो मयाऽभिहितम् ।**
**पुत्रापराधवत्तन्मर्षयितव्यं बुधैः सर्वम् ॥३१३॥**

**અર્થ**—છંદશાસ્ત્ર, વ્યાકરણશાસ્ત્ર અને જૈનશાસ્ત્રથી ઊલટું મારાથી બોલાઈ ગયું હોય તો બાળકના – પોતાના છોકરાના અપરાધની જેમ સમજુ વિદ્વાનોએ તેને માફ કરવું, એવી મારી વિજ્ઞપ્તિ છે. (૩૧૩)

**વિવેચન**—આ ગાથામાં સામાન્ય માફી (apology) ગ્રંથકર્ત્તાએ માગી છે, તે તેમની નમ્રતા બતાવે છે. ભૂલ ત્રણ પ્રકારની થવાનો સંભવ છે તે આપણે જોઈએ.

**છંદ**—આ પ્રથમ પ્રકારની ભૂલની સંભાવના છે. છંદશાસ્ત્ર પ્રમાણે જેટલી માત્રા આ પ્રત્યેક છંદમાં એટલે ગાથામાં હોવી જોઈએ તેનાથી વધારે કે ઓછી થઈ હોય, કોઈ જગાએ છંદશાસ્ત્રનો નિયમ જળવાયો ન હોય તો તે માટે પ્રથમ માફી આપવી, એવી ગ્રંથકર્ત્તાની માગણી છે. આવી ભૂલ જડી તો નથી, તેમ જ કોઈએ બતાવી પણ નથી; પણ આવી રીતે ક્ષમા માગવી એ ગ્રંથકર્ત્તાની ઉદારતા બતાવે છે. આવી રીતે ભાવાર્થ સાથે માત્રામેળ રાખવો મુશ્કેલ છે. પણ હું જ્યાં સુધી જાણું છું ત્યાં સુધી છંદશાસ્ત્રનો કોઈ પણ ભંગ ગ્રંથકર્ત્તાએ કર્યો નથી અને કર્યો છે એવું કોઈએ બતાવ્યું નથી. મારી નજરે છંદશાસ્ત્રનો કોઈ ભંગ જોવામાં આવ્યો નથી. એ ગ્રંથકર્ત્તાનું સિદ્ધ કવિત્વ–કવિપણું બતાવે છે. આ પ્રથમ થતી ક્ષતિને અંગે વાત થઈ.

**શબ્દ**—વ્યાકરણ. વ્યાકરણના અનેક નિયમો છે. વ્યંજનસંધિ, સ્વરસંધિ, વિસર્ગસંધિ, કારક કે સમાસનો કોઈ ભંગ થઈ ગયો હોય કે વ્યાકરણના નિયમ પ્રમાણે બીજો જ કાળ વાપર્યો હોય તો તેને માટે બીજી ક્ષમા માગી છે. સમાસનો કે કાળનો કોઈ નિયમ ગ્રંથકર્ત્તાએ રચનાને અંગે ભગ્ન કર્યો હોય તેવું લાગતું નથી, છતાં અતિ નમ્રતાએ લેખક માફી માગે છે કે શબ્દશાસ્ત્રના કોઈ પણ નિયમનો ભંગ થઈ ગયો હોય તો તે બદલ ક્ષમા કરજો.

**સમય**—મૂળ આગમ, સિદ્ધાંત. આ ત્રીજી બાબત ઘણી અગત્યની છે. અંદર ઘણું ઘણું લખાણ થયું. તેમાંથી બધી વાત ગ્રંથકર્ત્તાએ શાસ્ત્ર – આગમ અને સિદ્ધાંતને અનુસારે લખેલી છે, પણ સમજફેરને કારણે કે ગફલતીથી શાસ્ત્ર – આગમ વિરુદ્ધ કાંઈ આડું અવળું લખાયું હોય તો સમજુએ તે સુધારી લેવું.

**અસમંજસ**—અસંગત, મેળ ન ખાય તેવું, અવ્યવસ્થિત, ઢંગધડા વગરનું. આવું કાંઈ લેખકે લખ્યું હોય તેમ લાગતું નથી, પણ સભ્યતાની ખાતર લેખક–ગ્રંથકર્ત્તા કહે છે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે એવું ઠેકાણા કે મેળ વગરનું કાંઈ કોઈ પણ જગાએ આ ગ્રંથમાં લખાઈ ગયું હોય તો સમજુ વિદ્વાને તે સુધારી લેવું. આ જાતની ક્ષમાયાચના એ લેખકની મહત્તા બતાવે છે.

**પુત્ર**—દીકરાના અપરાધ તરફ પિતા હંમેશા લાગણીથી જુએ છે અને બાપ માફી બક્ષે છે, તેમ મારા તરફ કૃપા કરી તે સર્વ દરગુજર કરશો, મોટું મન અને પ્રેમ રાખી તેને માફ કરશો. આ વધારે નમ્રતા બતાવે છે અને લેખક પોતાને પુત્ર જેવો ગણવા વાચકોને કહે ત્યારે તો નમ્રતાની હદ થઈ જાય છે. જે લેખકનું પ્રત્યેક વાક્ય દોરવણી આપનાર છે, તેને દીકરા થઈ જવું પડે એ અકલ્પ્ય છે; પણ લેખકની શોભામાં તે વધારો કરે છે. અપરાધનો અર્થ ટીકાકારે વિનાશ કર્યો છે. તે મને બેસતો નથી. અપરાધનો અર્થ હું ગુનો કરું છું.

**મર્ષયિતવ્ય**—માફ કરવું. સહન કરવું. જો છંદ, વ્યાકરણ કે આગમને યોગ્ય ન લાગે તેવી ભૂલ મારા ઉલ્લેખમાં થઈ ગઈ હોય, અજાણતાં પણ થઈ હોય તો ડાહ્યા માણસે તે સહન કરી લેવી અને સુધારીને વાંચવું. જો કે આવી ભૂલ જડતી નથી, કોઈએ બતાવી નથી, પણ લેખક ગ્રંથકર્તા આવી અજાણી ભૂલ માટે પણ માફી માગે છે. આ લેખકની નમ્રતા અને વિશાળતા બતાવે છે. લેખક પોતે આગમ વિરુદ્ધ કાંઈ લખાઈ જાય નહિ તેને માટે ખૂબ ચીવટ રાખનાર છે, છતાં કોઈ ભૂલ થઈ હોય કે ધારણામાં આવે તો તે માટે માફી માગે છે. (૩૧૩)

**જૈન શાસન પ્રત્યે કર્ત્તાનો પ્રેમ—**

**सर्वसुखमूलबीजं सर्वार्थविनिश्चयप्रकाशकरम् ।**
**सर्वगुणसिद्धिसाधनधनमर्हच्छासनं जयति ॥३१४॥**

**અર્થ**—સર્વ સુખોનું મૂળ બીજ (કારણ), સર્વ પ્રકારના નિશ્ચય(નિર્ણયો)નો પ્રકાશ કરનાર અને સર્વ પ્રકારના ગુણોની સિદ્ધિના ધન જેવું સાધન અર્હંતનું શાસન જયવંતુ વર્તે છે. (૩૧૪)

**વિવરણ**—આ છેલ્લી ગાથામાં જૈનશાસન શા કારણે કેવું વર્તે છે તે બતાવી તેનો વિજય કર્તા ઇચ્છે છે.

**બીજ**—બી. સર્વ સુખોનું મૂળ કારણ – બીજ જૈન શાસનમાં છે. એ બીને વાવવાથી એનાં ફળમાં સુખ સુખ અને સુખ જ ઊગે છે. આવા જૈન શાસનને અનુસરવાની આડકતરી પ્રેરણા છે.

**વિનિશ્ચય**—કોઈ પ્રકારનો નિર્ણય કરવો હોય તો તે માટેનો તે પ્રકાશ આપે છે. પરસ્પર વિરોધી ભાવ વગરનું, એકસરખું, બુદ્ધિને ગમ્ય અને ન્યાયના નિયમે નિર્ણય આપનાર અથવા તે પર નિર્ણય પર આવી શકાય તેવો પ્રકાશ પાડનાર આ તાર્કિક સિદ્ધાંત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જૈનશાસન છે. તમે કોઈ પણ સવાલ કરો તેનો સુસંગત અને ન્યાયના નિયમને અનુસરનારો નિર્ણય આપનાર આ શાસન છે. તમે બીજે ગમે ત્યાં જોશો તો અનેક ગોટાળા દેખાશે, પણ અહીં તો એક સરખી વાત પરસ્પર વિરોધ કર્યા વગર તમને મળશે, અથવા તમે નિર્ણય પર આવો તેવો પ્રકાશ પડશે. આ જૈન શાસનની મહત્તા બતાવનારું બીજું વિશેષણ થયું.

**ગુણસિદ્ધિ**—ક્ષમા, આર્જવ, માર્દવ, બ્રહ્મચર્ય વગેરે ગુણની પ્રાપ્તિ કરાવનાર બધાં સાધનો તમને અહીં મળે તેમ છે. તેનો યોગમાર્ગ જુઓ કે તેની ક્રિયાઓ તપાસો, તમને તેનાં સર્વ સાધનો અહીં મળી આવશે. માટે તમારે ગુણનિષ્પત્તિ કરવી હોય તો તેને અનુસરો. આ જૈન શાસનનું ત્રીજું વિશેષણ થયું.

**ધન**—પૈસા જેવું. જેમ પૈસા પોતે ખવાતા નથી, પણ તે બીજી વસ્તુને ખરીદી લાવે છે, તેમ ગુણપ્રાપ્તિની સિદ્ધિને ખરીદે તેવું આ જૈનશાસન ખરું ધન છે.

**અર્હત્શાસન**—તીર્થંકર મહારાજે પ્રતિપાદન કરેલું આ જૈનશાસન. તે કેવું છે તે ઉપર ત્રણ વિશેષણે વર્ણવ્યું છે.

**જયતિ**—વિજયવંત વર્તે છે, જય પામે છે. કારણો તેનાં વિશેષણમાં જણાવાઈ ગયાં છે.

આના ઉપર વધારે વિવેચનની આવશ્યકતા નથી. જૈનશાસન શા માટે જયવંતુ વર્તે છે તે છેલ્લા શ્લોકમાં બતાવવામાં આવ્યું છે. આવી રીતે એકવીશ પ્રકરણે આ પ્રશમરતિ ગ્રંથ પૂરો થાય છે.

કોઈ પણ કારણ વગર મેં પ્રકરણો સગવડતા ખાતર પાડયા છે. પણ ગ્રંથ અપૂર્વ છે તે માટે જુઓ ઉપોદ્ઘાત. એનો શબ્દે શબ્દ ગળે ઉતારી પચાવવા યોગ્ય છે. અને તેનો એક અક્ષર પણ લખવા ખાતર લખાયો નથી, અનુસરવા ખાતર લખાયેલો છે અને તેને આપણે જીવી શકીએ એવી યોજનાથી કર્ત્તાએ એ મહત્ત્વના વિચારો ભવિષ્યની પ્રજાના લાભ માટે લખ્યા છે. ઈતિ. (૩૧૪)

॥ इत्युपसंहारप्रकरणम् ॥

॥ समाप्तोऽयं प्रशमरतिग्रन्थः ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૩૧ | साधु-माध्यस्थ० | साधु माध्यस्थ्य० |
| ૩૭ | પ્રાણાતિવાદ | પ્રાણાતિપાત |
| ૧૧૮ | घनप्यु० | घनमप्यु० |

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com